8817

સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય
અને અપરિગ્રહ એ પાંચ યમ
પાળવાનું બધા મુમુક્ષુને સહેલાં છે?
મુમુક્ષુ બધાએ રહેવું જ જોઈએ. એ
મનુષ્યના આત્માનો પાયો છે. તેના
યમ પાળવા [illegible] રહ્યો છે. એ યમ
સંસારી બધા જીવને પાળવાના છે
એ વિષે શંકા નથી. [illegible] છતાં
બહુ જન બાળકો આપણે પરણેલ હોય
છતાં બ્રહ્મચર્ય પાળે. ખાતાં છતાં મનુષ્ય
અહિંસા પાળી શકે છે. ચોરી ન કરવી
(અસ્તેય પાળવું) ને ધન કે વસ્તુનો
પરિગ્રહ સંસારમાં રહી ન કરવો એ
મુશ્કેલ છે છતાં તે આદર્શ ધ્યાનમાં
રાખી રહે તો બાંધછોડ ઓછી જોઈએ ને
જ્યારે વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે
મહાત્યાગ પણ કરી શકાય.
ઉપરનાં વ્રતો જેટલે પાળીએ તેટલે ભાગે
ઉપાધિઓમાંથી નીકળવાના રસ્તા
મળી આવે છે.

REFERENCE BOOK
NOT TO BE ISSUED

૧૭

# ગાંધીજીનો અક્ષરદેહ

ગાંધીજી ભારતમાં આવ્યા તે સમય પછીનો આ પાંચમો ગ્રંથ છે, અને તે ફેબ્રુઆરીથી જૂન ૧૯૨૦ સુધીનો ગાળો આવરી લે છે. આ ગાળા દરમિયાન રાષ્ટ્રીય અસંતોષનો પ્રવાહ સતત વહેતો રહ્યો છે. ખિલાફત, પંજાબના અન્યાયો અને મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાની ત્રણ બાબતોએ અસંતોષમાં ઉમેરો કર્યો છે. આ ગાળા દરમ્યાન ગાંધીજી હિંદુ અને મુસલમાન બંનેના વિશ્વાસપાત્ર આગેવાન બન્યા અને તેમણે રાષ્ટ્રનું સાચું સુકાનીપદ ધારણ કર્યું. એપ્રિલ ૧૯૨૦માં તેઓ ઑલ ઇન્ડિયા હોમરૂલ લીગમાં જોડાયા અને તેનું અધ્યક્ષપદ સ્વીકાર્યું. આવા ભારે અશાંતિભર્યા વાતાવરણમાં, ગાંધીજીએ ઘડેલો પંજાબનાં રમખાણોનો કૉંગ્રેસ રિપોર્ટ, ૨૫ માર્ચ ૧૯૨૦ના રોજ પ્રસિદ્ધ થયો. અનેક પ્રશ્નોમાં વ્યસ્ત હોવા છતાં જૂન ૧૯૨૦માં ગાંધીજીએ કૉંગ્રેસના નવા બંધારણનો ખરડો તૈયાર કર્યો, કેમ કે તેઓ કૉંગ્રેસના નવનિર્માણના કાર્યની શરૂઆત કરવા આતુર હતા.

રચનાત્મક કાર્યક્રમ ઉપર ગાંધીજીએ જે સતત ભાર મૂક્યો એથી પણ આ ગાળો નોંધપાત્ર બન્યો છે. ગાંધીજીને આપણે દર અઠવાડિયે સુધારેલા રેંટિયા માટે, ખાદી અને સ્વદેશી માટે, હિંદુમુસ્લિમ એકતા માટે, હિંદુસ્તાનીનો રાષ્ટ્રભાષા તરીકે ઉપયોગ કરવા માટે તથા બધી જ દેશી ભાષાઓને શિક્ષણનું માધ્યમ બનાવવા માટે ખાસ હિમાયત કરતા જોઈએ છીએ.

આ ગ્રંથમાં આવતા એસ્થર ફૅરિંગ અને મહાદેવ દેસાઈ ઉપરના પત્રો આપણને ગાંધીજીની સામાના ઘાને જાદુઈ સ્પર્શથી રૂઝવવાની શક્તિનાં દર્શન કરાવે છે.

Gandhi Heritage Portal

8817

## તિથિપત્ર

REFERENCE BOOK
NOT TO BE ISSUED

REFERENCE BOOK
NOT TO BE ISSUED

ગાંધી સ્મારક સંગ્રહાલય

કા. સં. -x-158

પરિ. સં. 8817 વાંચવા માટે મુક્ત કર્યાં તારીખ 12 AUG 1970

આ પુસ્તક છેલ્લે દર્શાવેલી તારીખ પહેલાં અથવા તે જ દિવસે પાછું આપી દેવું જોઈએ. તે તારીખ પછી જો પુસ્તક પાછું આપવામાં આવશે તો દરરોજના ૦૦.૦૩ ન. પૈ. લેખે અતિદેય આપવું પડશે.

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

૧૭

[ફેબ્રુઆરી – જૂન ૧૯૨૦]

૪૪૧૭

REFERENCE BOOK

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

[મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ]

## ૧૭

[ફેબ્રુઆરી – જૂન ૧૯૨૦]

REFERENCE BOOK

28 JUL 1970

પ્રકાશક તરફથી ભેટ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ–૧૪

Gandhi Heritage Portal

156

8817

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૭૦

પહેલી આવૃત્તિ, મે ૧૯૭૦ : પ્રત ૩,૦૦૦

રૂ. ૧૬.૫૦

8 JAN 198

મુદ્રક અને પ્રકાશક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

Gandhi Heritage Portal

# પ્રસ્તાવના

આ ગ્રંથમાં ફેબ્રુઆરી ૧૯૨૦થી જૂન ૧૯૨૦ સુધીના પાંચ માસના ગાળાને આવરી લેવામાં આવ્યો છે. આ ગાળા દરમ્યાન હિંદુસ્તાનમાં અસહકારની ચળવળ ઊભી થઈ હતી. મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા પ્રત્યે દેશમાં અસંતોષ તો વ્યાપેલો જ હતો, તેમાં ખિલાફતના પ્રશ્નને કારણે હિંદુસ્તાનના મુસલમાનોમાં ઉદ્‌ભવેલી ચિંતા પ્રત્યે મિત્રરાજ્યોએ ધ્યાન ન આપ્યું એટલે વધારો થયો. હંટર કમિટીનો રિપોર્ટ ૧૯૨૦ના મે માસમાં પ્રસિદ્ધ થયો. તે સાથે હિંદ સરકારનો તે વિષેનો ખરીતો તથા તેમાં દર્શાવેલા નિર્ણયોને હિંદી વજીરે આપેલા સમર્થનની નોંધ પણ પ્રસિદ્ધ થઈ. પરિણામે અસંતોષ અતિશય વધી ગયો અને બળતામાં ઘી હોમાયું. આ પહેલાં ગાંધીજીએ દેશને પ્રસ્તુત સુધારાનો રચનાત્મક ભાવનાથી અમલ કરવાની સલાહ આપી હતી, પરંતુ હવે એમને ફરજિયાત કહેવું પડ્યું કે જે સરકારે ન્યાય માટે કશી પરવા દેખાડી નથી તેને સહકાર આપવાનું બંધ કરી દેવું જોઈએ. આ કેવળ રાજકીય વ્યૂહપલટો નહોતો, સામ્રાજ્ય પ્રત્યેની ગાંધીજીની મનોવૃત્તિમાં આવેલું એ ગંભીર પરિવર્તન હતું. બ્રિટિશોનો એવો દાવો હતો કે એમનું સામ્રાજ્ય નૈતિક અને રાજકીય સિદ્ધાંતો ઉપર મંડાયેલું હતું અને હિંદુસ્તાને એમાં જોડાઈને ઘણો લાભ ઉઠાવ્યો હતો. આ દાવાને ગાંધીજીએ આજ સુધી વત્તેઓછે અંશે માન્ય પણ રાખ્યો હતો. પરંતુ હવે એમની આ માન્યતા ડગી ગઈ. એમણે દેશ પાસે એવી માગણી રજૂ કરી કે હવે આપણે આપણા પોતાનામાં એટલું નૈતિક બળ પેદા કરીએ કે પરિણામે આ સામ્રાજ્ય કાં તો સુધરી જાય અગર એનો અંત આવી જાય. આ વસ્તુ એમના હવે પછીના નેતૃત્વનો માર્ગદર્શક સિદ્ધાંત બનવાની હતી.

દેશની તે વખતની મનોદશામાં "સીધાં પગલાં"નો વિચાર લોકોને ગમી ગયો અને ગાંધીજી દેશનું સંપૂર્ણ નેતૃત્વ પોતાના હાથમાં લઈ લે એ માટે સંજોગો અનુકૂળ જણાયા. ગાંધીજી પોતાના કાર્યક્રમના નૈતિક પાયા ઉપર ભાર મૂકતા હતા. ખિલાફત આંદોલનને મોખરે બેઠેલા મુસલમાન નેતાઓ જોકે એમની આ વાત સ્વીકારતા નહોતા, છતાં તેઓ એમની સલાહ અને મદદ આવકારતા હતા. આ પહેલાં જાન્યુઆરી માસમાં જે ખિલાફત પ્રતિનિધિમંડળ વાઇસરૉયને મળવા ગયું હતું તેમાં તેઓ પણ સામેલ હતા. એ જ વખતે એમણે અસહકારની યોજના વિષેની ચર્ચા ઉપાડી. તે પછી ૧૯૨૦ની ૨૯મી ફેબ્રુઆરીએ કલકત્તામાં ભરાયેલી બીજી ખિલાફત પરિષદ સમક્ષ મૌલાના અબુલ કલામ આઝાદે પોતાના પ્રમુખપદેથી આપેલા ભાષણમાં મુસલમાનોને અસહકાર અપનાવી લેવા ભલામણ કરી. ૭મી માર્ચે એક અખબારી નિવેદન દ્વારા ગાંધીજીએ પોતાના આ કાર્યક્રમની જાહેરાત કરી. આ જ વર્ષના એપ્રિલ અને મે માસમાં ગાંધીજીના નેતૃત્વ હેઠળ એક પ્રતિનિધિમંડળ ઇંગ્લંડ મોકલવાની વાત નીકળી, અને જો મુસલમાન નેતાઓ આ દરખાસ્ત વિષે ઉમળકો ધરાવતા હોય તો પોતે એ માટે તૈયારી બતાવી. આમ આ ગ્રંથના ગાળા દરમ્યાન ખિલાફત આંદોલન એ જ રાજકીય ક્ષેત્રમાં ગાંધીજીનો મહત્ત્વનો વિષય હતો.

ખિલાફત આંદોલન સાથે ગાંધીજી આમ એકરૂપ બની ગયા તેથી એમના હેતુઓ વિષે અને એમના પગલાના ઔચિત્ય વિષે અનેક શંકાઓ અને પ્રશ્નો ઊભા થયા. જે ટીકાકારો એમના

Gandhi Heritage Portal

વિચારો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા નહોતા તેમણે એવો આરોપ મૂકયો કે ગાંધીજી હિંદુઓ અને મુસલમાનોને બ્રિટિશો સામે સંગઠિત કરી રહ્યા હતા અને એક અયોગ્ય ધાર્મિક ભાવનાનો લાભ લઈ બ્રિટિશ સરકારને મૂંઝવી રહ્યા હતા. આ આક્ષેપોનો જવાબ ગાંધીજીએ અત્યંત ધીરજ અને ખામોશીથી આપ્યો. એમણે કહ્યું, "સરકારોને અથવા બીજા કોઈને પણ મૂંઝવવાનું મારા સિદ્ધાંતની વિરુદ્ધ છે" (પા. ૩૩૬). "આ પ્રશ્નમાં મેં મારી પૂરી તાકાતથી એટલા માટે ઝંપલાવ્યું છે કે બ્રિટિશોએ આપેલાં વચનો, તાર્કિક ન્યાય અને ધાર્મિક લાગણી એ ત્રણ બાબતોનો એમાં સંયોગ થયેલો છે. હું એવી શકયતાની કલ્પના કરી શકું છું જેમાં શુદ્ધ ન્યાય વિરુદ્ધ અંધ ને ઝનૂની ધાર્મિક લાગણી ઊભી હોય. જો એવી સ્થિતિ આવી પડે તો મારે ખોટી ધાર્મિક લાગણીનો વિરોધ કરવો પડે અને ન્યાયને માટે લડવું પડે" (પા. ૩૯૫). એમને ખાતરી થઈ ગઈ હતી કે ખિલાફતના મામલામાં મુસલમાનોનું કહેવું સાચું હતું. તુર્કસ્તાનના સુલતાનના સર્વોપરીપણાની મુસલમાનોની ધાર્મિક ભાવના સાથે આર્મિનિયા અને આરબ દેશોના આત્મનિર્ણયની દલીલનો મેળ બેસાડી શકાય તેમ હતું. બ્રિટિશોએ આપેલાં વચનોનો ગાંધીજી એવો અર્થ ઘટાવતા હતા કે મુસલમાનોની ઉક્ત ધાર્મિક ભાવનાને માન આપવામાં આવશે. ગમે તેમ પણ આ દલીલમાં દિલચોરી હતી, કેમ કે એનો એકમાત્ર હેતુ મધ્યપૂર્વમાં મિત્રરાજ્યોની મુરાદો ઉપર ઢાંકપિછોડો કરવાનો હતો. એટલે ગાંધીજીને લાગ્યું કે બ્રિટિશ સરકાર અને હિંદના મુસલમાનો વચ્ચે, રાજકીય તેમ જ નૈતિક બંને દૃષ્ટિએ જોઈએ તો ન્યાય મુસલમાનોને પક્ષે હતો.

બીજો આક્ષેપ એ હતો કે જે ધાર્મિક પ્રશ્નમાં દેશ બહારની રાજ્યસત્તાનું ભાગ્ય સંડોવાયેલું હતું તેમાં મુસલમાનોને સાથ આપીને ગાંધીજી આખા દેશને, અને ખાસ કરીને હિંદુઓને ગેરમાર્ગે દોરી રહ્યા હતા. ગાંધીજીનો જવાબ એ હતો કે જો મુસલમાનોની માગણી સાચી રીતે અન્યાયી ન હોય, તો પડોશી તરીકે તેમના પ્રત્યે સમભાવ દાખવવાની અને એમની માગણીને ટેકો આપવાની હિંદુઓની ફરજ છે. ખિલાફત પ્રશ્ન સાથેના પોતાના સંબંધની સમજૂતી આપતાં જૂન ૧૯૨૦માં ગાંધીજીએ વાઈસરૉયને આ પ્રમાણે લખ્યું હતું : "મને લાગે છે કે મારા મુસલમાન દેશબંધુઓની જોડે પૂરેપૂરા ભાઈચારાના નાતાથી રહેવા ઇચ્છનાર હિંદુ તરીકે, તેમના સંકટને સમયે જો હું તેમની પડખે ન ઊભો રહું તો મેં હિંદમાતાની કૂખ લજવી કહેવાય. મારી નમ્ર સમજણ મુજબ તેમનો પક્ષ સાચો છે" (પા. ૪૮૩). આ રીતે ગાંધીજીની દૃષ્ટિએ ખિલાફતનો પ્રશ્ન હિંદુમુસલમાન ઐકયના પ્રશ્ન સાથે સંકળાયેલો હતો. ૧૯૨૦ના ફેબ્રુઆરીમાં યંગ ઇન્ડિયામાં લખતાં એમણે કહ્યું હતું : "તો પછી હિંદુમુસલમાન ઐકય શેમાં રહેલું છે અને તે વધારવાનો શ્રેષ્ઠ માર્ગ કયો છે? જવાબ સાવ સહેલો છે. આપણો ઉદ્દેશ સમાન હોય, આપણું ધ્યેય સમાન હોય અને આપણાં દુ:ખો સમાન હોય એમાં એ ઐકય સમાયેલું છે. અને આ ઐકય સમાન ધ્યેય માટે સહકાર સાધીને એકબીજાના દુ:ખમાં ભાગીદાર બનીને, તથા પરસ્પર સહિષ્ણુતા કેળવીને સૌથી સારી રીતે સાધી શકાશે" (પા. ૪૮). મુસલમાનોની માગણીને હિંદુઓનો ભલે બિનશરતી, પણ સબળ ટેકો મળે તો એનાથી મુસલમાનોનાં દિલમાં અવશ્ય સદ્ભાવના ઉત્પન્ન થવાની અને ઐકયનાં બંધનો જરૂર મજબૂત થવાનાં. ગાંધીજીના આ પ્રયાસોને પરિણામે ૧૯૨૦ની અધવચ તો એવું દેખાવા લાગ્યું કે જાણે હિંદુ અને મુસલમાન વચ્ચે મજબૂત એકતાનો પાયો નંખાઈ ગયો હતો.

Gandhi Heritage Portal

અસહકાર બાબતમાં બીજા લોકો સાથે મિસિસ બેસંટે એવો ભય વ્યક્ત કર્યો કે તેમાંથી હિંસા ફાટી નીકળશે. ગાંધીજી આ વાત સ્વીકારતા નહોતા. ૧૯૨૦ની ૨૮મી એપ્રિલે, યંગ ઇન્ડિયામાં લખતાં એમણે જણાવ્યું હતું: "પરંતુ મને પોતાને આમાં કોઈ ખરાબ પરિણામોનો ડર નથી એનું કારણ એટલું જ છે કે દરેક જવાબદાર મુસલમાન સમજે છે કે અસહકારને જો સફળ બનાવવો હશે તો એમાં સહેજ પણ હિંસા ચાલશે નહીં" (પા. ૩૩૮). બીજી વાર એમણે લખ્યું હતું : "ખુનામરકી કોઈ કાળે નહીં જ થાય એવું તો આપણે નથી કહી શકતા, પણ ખુનામરકી ન થાય એવા બધા ઉપાયો લીધા પછી આપણે આપણા કાર્યમાં પ્રવૃત્ત રહેવું જોઈએ એમ તો મને લાગે છે" (પા. ૩૫૬). આમ કરવા માટે એક બીજું વધારે વ્યવહારુ કારણ પણ એમણે આપ્યું કે, "મારી દૃઢ માન્યતા છે કે જો અસહકારની વાત ન ચાલી હોત તો આજે ક્યારની ખુનામરકી થઈ હોત. . . . મુસલમાન ભાઈઓનું લોહી ઊકળી રહ્યું છે. પણ હિંદુ તેમના સાથી છે એ માન્યતાથી તેમણે ધીરજ રાખી છે" (પા. ૪૦૨). આમ છતાં કાર્યક્રમનો અમલ તો ક્રમે ક્રમે જ થવાનો હતો અને દરેક ડગલે લોકો કેવો જવાબ આપે છે તે કાળજીપૂર્વક તપાસ્યા પછી જ બીજું પગલું ભરાવાનું હતું.

મે, ૧૯૨૦માં હંટર કમિટીનો રિપોર્ટ પ્રસિદ્ધ થતાં જ બ્રિટિશ શાસન નૈતિક પાયા પર રચાયું હોવાનો ભ્રમ પૂરેપૂરો ભાંગી ગયો. પંજાબના લેફ્ટનન્ટ ગવર્નરે આ કમિટી સમક્ષ લોકોના પક્ષનો પુરાવો રજૂ કરવા માટે ન્યાયપુરઃસરની સગવડ આપવાનો ઇનકાર કર્યો હોવાથી, તેના વિરોધરૂપે કૉંગ્રેસે એ કમિટીની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો હતો. પરંતુ પુરાવા અધૂરા હોવા છતાં કમિટી સાચા નિર્ણયો બાંધી શકશે એ વિષે ગાંધીજી આશા ગુમાવી બેઠા નહોતા. તેમ છતાં કૉંગ્રેસે પોતે એક સમિતિ નીમી હતી અને ગાંધીજી એના સભ્ય હતા. આ સમિતિ વતી એમણે પોતે લખેલો રિપોર્ટ ૧૯૨૦ના માર્ચ માસમાં પ્રસિદ્ધ થયો હતો. પંજાબના સખત પરિશ્રમવાળા પ્રવાસમાંથી પાછા આવ્યા પછી આ રિપોર્ટ તૈયાર કરવા પાછળ ગાંધીજીએ એક પખવાડિયા સુધી રાતદિવસ મહેનત કરી હતી. આ બધો વખત તેઓ અમદાવાદના પોતાના આશ્રમમાં રહ્યા હતા. આ રિપોર્ટ કેવળ કાનૂની કે પત્રકારત્વનો દસ્તાવેજ નથી. એ તો એક વ્યાપક કલ્પનાશક્તિમાંથી નીપજેલું વૃત્તાંત છે. એમાં પંજાબની કરુણ ઘટનાને લેફ્ટનન્ટ ગવર્નર સર માઈકલ ઓડવાયરની રાષ્ટ્રવિરોધી નીતિના પરિપાકરૂપે એની સાચી ભૂમિકામાં રજૂ કરવામાં આવી છે. તેમાં જે નિર્ણયો તારવવામાં આવ્યા છે અને જે પગલાં લેવાની માગણી કરવામાં આવી છે તેનું નિરૂપણ સંયમ અને ગૌરવપૂર્વક કરવામાં આવ્યું છે. આથી ઊલટું, સરકારી કમિટીના બહુમતી રિપોર્ટમાં આ કમનસીબ ઘટનાઓનો કેવળ કાયદો અને વ્યવસ્થા જાળવવાના પ્રશ્ન તરીકે જ વિચાર થયો હતો. થોડીક ગણતરીની ભૂલોનો સ્વીકાર તથા તેને માટે ગુનેગાર અમલદારોને નામની જ શિક્ષા કરવાની ભલામણ સિવાય તેમાં વિશેષ કશું પણ લખવામાં આવ્યું નહોતું. સરકારી કમિટીના સભ્યો જાણે કે અમલદારોના દુરાચાર ઉપર પીંછી મારવા જ મુખ્યત્વે એકઠા થયા હોય એવું લાગતું હતું. ગાંધીજીએ એને "પોલિટિકલ ફ્રીમેસન્રી" (રાજકીય ગુપ્તમંડળ)નું નામ આપ્યું (પા. ૪૬૩), અને એમાં તેમણે બ્રિટિશ સરકાર સાથેનો સહકાર બંધ કરી દેવા માટેનું એક વધારાનું કારણ જોયું.

ગાંધીજી એ વાત પર ભાર મૂકવાની તક કદી ગુમાવતા નહીં કે રાજદ્વારી ક્ષેત્રનું કાર્ય રાષ્ટ્રીય જીવનના સર્વતોમુખી પુનરુદ્ધારનું એક પાસું માત્ર છે, જેના પ્રત્યે લોકોએ પોતાના

Gandhi Heritage Portal

બધા પ્રયત્નો વાળવા જોઈએ. એપ્રિલ, ૧૯૨૦માં મિત્રોના દબાણને વશ થઈને તેઓ અખિલ હિંદ હોમરૂલ લીગમાં જોડાયા અને તેનું પ્રમુખપદ સ્વીકાર્યું. આ તકનો લાભ લઈને તેમણે પોતાના કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશોની જાહેરાત કરી. એ ઉદ્દેશો હતા : સ્વદેશી, હિંદુમુસલમાન ઐકય, રાષ્ટ્રભાષા તરીકે હિંદુસ્તાનીનો પ્રચાર અને તમામ સાર્વજનિક કામો માટે જે તે પ્રદેશમાં તે તે પ્રદેશની ભાષાનો ઉપયોગ (પા. ૯૯). અન્યત્ર એમણે અસ્પૃશ્યતાનિવારણ માટે કામ કરવાની તાત્કાલિક જરૂરિયાત ઉપર ભાર મૂક્યો.

એમણે કહ્યું કે સાહિત્યે પણ રાષ્ટ્રની અભિલાષાઓનું પ્રતિબિંબ પાડવું જોઈએ અને તેના પ્રયાસોને આગળ ધપાવવા જોઈએ. ૧૯૨૦ની ૨જી એપ્રિલે અમદાવાદમાં મળેલી છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદમાં હાજર રહેલા સાક્ષરોને એમણે કહ્યું કે, તમારે આમજનતા માટે લખવું જોઈએ અને જે સંસ્કારકાર્યની તમે સેવા કરી રહ્યા છો તેના પરિણામે સંત અને ખેડૂતનો સમાગમ થવો જોઈએ (પા. ૨૮૭–૯૦). સાહિત્યને કેવળ કલ્પનાના આવિષ્કાર તરીકે ગણવાનું ગાંધીજી સહી શકતા નહોતા. સાહિત્ય પરિષદમાં એકઠા થયેલા વિદ્વાનો સમક્ષ આ વાત સ્પષ્ટ કરતાં તેઓ સહેજ પણ અચકાયા નહોતા. સૌંદર્યોપાસક જીવનમાં સંપૂર્ણ સ્વાતંત્ર્યની ઉગ્ર હિમાયત કરનાર રવીન્દ્રનાથ ટાગોર પણ આ વિદ્વાનમંડળીમાં હાજર હતા. આ બે મહાપુરુષોના સ્વભાવગત મતભેદોએ પાછળથી જાહેર વિવાદનું રૂપ લીધું હતું.

પોતાના જીવનનો મધ્યવર્તી હેતુ મોક્ષ માટેની ઝંખના છે એ વાત ગાંધીજી કદી છુપાવતા નહીં. બીજા શબ્દોમાં તેઓ એક ધર્મનિષ્ઠ પુરુષ હતા. વળી "ધર્મ" શબ્દનો અર્થ સ્પષ્ટ કરતાં તેઓ કહે છે કે, હિંદુ ધર્મને હું બધા ધર્મો કરતાં જરૂર વધારે ચાહું છું, છતાં અહીં હું એની વાત કરતો નથી. હું તો એવા ધર્મની વાત કરું છું જે હિંદુ સંપ્રદાયથી પર છે, જે વ્યક્તિની ખુદ પ્રકૃતિને બદલી નાખે છે, જે અંતરમાં રહેલા સત્ય સાથે માનવીનું અતૂટ રીતે સંધાન કરી આપે છે, તથા જે તેને નિરંતર શુદ્ધ કરતો રહે છે" (પા. ૩૮૯). પોતાની મનોવૃત્તિ ધાર્મિક છે અને રાજકારણમાં પોતાને કશો રસ નથી, એમ કહેવા છતાં મહિનાઓથી પોતે કેવળ રાજકારણમાં જ રચ્યાપચ્યા કેમ રહ્યા છે, એ વાતનો ખુલાસો કરતાં એમણે જાહેર કર્યું હતું : "આનું કારણ એટલું જ છે કે રાજપ્રકરણી બાબતમાં આવો ભાગ લીધા વગર આજે હું મારો ધર્મ સાચવી શકું કે કેમ એ વિષે મને શંકા થઈ છે" (પા. ૫૦). તેઓ કેવળ કર્મયોગની ભાવનાથી પ્રેરાઈને નિષ્કામ સેવા કરવાના હેતુથી રાજકીય અને સામાજિક કામોમાં જોડાયા હતા એવું પણ નહોતું. એમનો સિદ્ધાંત તો એવો હતો કે જે વ્યક્તિને અંગત જીવનમાં પૂર્ણતા લાવવી છે તેને પોતાની આસપાસ પ્રવર્તતી પરિસ્થિતિ પ્રત્યે ઉદાસીન રહેવું પાલવે નહીં, અથવા જગતના વ્યવહારમાં નૈતિક અને આધ્યાત્મિક પરિવર્તન આણ્યા સિવાય તે જગતની સેવા કરવાનો પ્રયત્ન કરી શકે નહીં. એટલા જ માટે તેઓ "રાજકારણને ધાર્મિક સ્વરૂપ આપવા" માગતા હતા. આ વાકય મૂળ ગોખલેનું હતું અને ગાંધીજી એનો વારંવાર ઉપયોગ કરતા હતા. અખિલ હિંદ હોમરૂલ લીગના સભ્યોને એમણે કહ્યું હતું : "લીગ મારી સવિનય કાનૂનભંગની કાર્યપદ્ધતિ અપનાવે એવી હું તેની પાસેથી અપેક્ષા રાખીશ નહીં; પરંતુ આપણી તમામ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં સત્ય અને અહિંસાનો સ્વીકાર થાય તે માટે હું તનતોડ પ્રયત્ન કરીશ" (પા. ૩૩૪).

પોતાનું અને બીજાઓનું જીવન શુદ્ધ અને સંપૂર્ણ બને એ અંગે ગાંધીજીનો તીવ્ર આગ્રહ રહેતો. તેમ છતાં એમાં બીજાઓ માટે પિતાતુલ્ય વાત્સલ્યભાવ હોવાથી એ તીવ્રતામાં મીઠાશ

Gandhi Heritage Portal

આવતી. જેઓ તેમના સહકાર્યકરો હતા અને જેઓ અંગત સંબંધે તેમની સાથે બંધાયેલા હતા તે બધા માટે તેમણે નક્કી કરેલા આચારોમાં તેઓ કશી બાંધછોડ કરતા નહીં. આ ધોરણો પ્રમાણે આચરણ કરવા જતાં તે તે વ્યક્તિઓનાં જીવનમાં કઠણાઈઓ અને સંઘર્ષો ઊભા થતા અને એથી એ વ્યક્તિઓને ભારે મનોવ્યથા પણ રહ્યા કરતી. આ વ્યથા નાબૂદ કરવામાં ગાંધીજીના પત્રો કેવી જાદુઈ અસર કરતા તેનો આ ગ્રંથમાં લેવાયેલા એસ્થર ફેરિંગ અને મહાદેવ દેસાઈ ઉપરના પત્રો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

Gandhi Heritage Portal

## વાચકોને સૂચના

ગુજરાતી લખાણ ફરીથી પ્રગટ કરતી વખતે, મૂળને વધુમાં વધુ વફાદાર રહેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મુદ્રણના દેખીતા દોષો દૂર કરવામાં આવ્યા છે. અને મૂળ લખાણમાં સંક્ષિપ્ત હોય તેવા શબ્દો આખા લખવામાં આવ્યા છે. નામો કે શબ્દોની જુદી જુદી જોડણી સુધારવામાં આવી છે.

મોટા કૌંસમાં આપેલી પ્રાસ્તાવિક નોંધો તથા લેખોની અંદર આપેલી તેવા જ કૌંસમાં મૂકેલી સામગ્રી સંપાદકોએ લખેલી છે. મૂળમાં આવતા ગોળ કૌંસો કાયમ રાખવામાં આવ્યા છે. ગાંધીજીએ ટાંકેલાં ભાષણો, અવતરણો વગેરેનાં મૂળ લખાણો હાંસિયો છોડી ચાલુ ટાઇપમાં જ છાપવામાં આવ્યાં છે. ગાંધીજીના શબ્દોમાં ન હોય તેવાં લખાણો, ભાષણો તથા અદાલતના કામકાજ વગેરેના પરોક્ષ હેવાલો ચાલુ ટાઇપ અને ચાલુ માપમાં પણ પાતળા લેડમાં, એટલે કે લીટીઓ વચ્ચે ચાલુ અંતર કરતાં ઓછું અંતર રાખીને છાપ્યાં છે.

અંગ્રેજી અને હિંદી લખાણનો તરજુમો, અસલ લખાણને વફાદાર રહીને, સરળતાથી સમજી શકાય તે રીતે કરવામાં આવ્યો છે.

લખાણની તારીખ, ઉપલબ્ધ હોય અથવા અનુમાનથી નક્કી કરેલી હોય ત્યાં પાનાને મથાળે જમણા હાથ પરના ખૂણામાં દર્શાવવામાં આવી છે. જો મૂળ લખાણ તારીખ વિનાનું મળ્યું હોય તો અનુમાનથી નક્કી કરેલી તારીખ, જરૂર મુજબ કારણો સાથે, મોટા કૌંસમાં આપવામાં આવી છે. કેટલાક અંગત પત્રોમાં, વિક્રમ પંચાંગ અનુસાર તિથિઓ લખેલી છે. એ જ દિવસની અંગ્રેજી પંચાંગ મુજબની તારીખ શોધી કાઢીને એની પાસે જ મોટા કૌંસમાં તે આપી છે અને જરૂર પડતાં આંતરિક અને બાહ્ય પુરાવાને આધારે વર્ષ નિશ્ચિત કરવામાં આવ્યું છે. લખાણને અંતે લખાણનાં મૂળ તથા તારીખ આપવામાં આવ્યાં છે. એ તારીખ, લખાણની પ્રસિદ્ધિની તારીખ છે. ગાંધીજીનાં જે લખાણો તારીખ વિનાનાં હોય અથવા જેની તારીખ ખાસ સંજોગો પ્રમાણે નક્કી થઈ શકી ન હોય તે પ્રગટ થયાની તારીખો પ્રમાણે ગોઠવવામાં આવ્યાં છે.

સત્યના પ્રયોગો અથવા આત્મકથાનો ઉલ્લેખ એ ગ્રંથની જુદી જુદી આવૃત્તિનાં જુદાં જુદાં પાનાંને લક્ષમાં લેતાં તે ગ્રંથના ભાગ અને પ્રકરણ પૂરતો મર્યાદિત છે.

મૂળ લખાણના ટૂંકાક્ષરી ઉલ્લેખોમાં એસ. એન. એટલે સાબરમતી સંગ્રહાલય, અમદાવાદના ઉપલબ્ધ દસ્તાવેજો; જી. એન. એટલે ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હીના દસ્તાવેજો; સી. ડબ્લ્યુ. એટલે "કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી"એ છૂટક વ્યક્તિઓ પાસેથી મેળવેલા પત્રો, અને એન. એ. આઈ. એટલે નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા.

અંગ્રેજી આવૃત્તિમાં પુસ્તકને છેડે આપેલી પુરવણીના લે. નં. ૨૩૭, ૨૩૮, ૨૩૯, ૨૪૦, ૨૪૧, ૨૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૪૬, ૨૪૭, ૨૪૮, ૨૪૯, ૨૫૦, ૨૫૧ અને ૨૫૨ અહીં કાળાનુક્રમે લે. નં. ૪(૧), ૧૮(૧), ૨૨(૧), ૨૩(૧), ૪૪(૧), ૫૮(૧), ૬૦(૧), ૬૩(૧),

Gandhi Heritage Portal

૧૧૦(૧), ૧૧૦(૨), ૧૬૩(૧), ૧૬૯(૧), ૧૬૯(૨), ૧૬૯(૩), ૧૯૫(૧), અને ૨૩૬(૧) તરીકે સામેલ કર્યા છે. પાછળથી મળેલો એક લેખ કાળાનુક્રમે લે. નં. ૧૨૨(૧) તરીકે ઉમેર્યો છે.

આ ગ્રંથને પ્રસ્તુત હોય તેવી સામગ્રી પરિશિષ્ટમાં આપવામાં આવી છે. લખાણોના આધારરૂપ સાહિત્યની યાદી તથા આ ગ્રંથ જે સમયને આવરે છે તેની તારીખવાર નોંધ ગ્રંથના અંત ભાગમાં આપવામાં આવી છે.

*અક્ષરદેહ* પુસ્તક ૧૬ની માફક આ પુસ્તકમાં પણ મૂળ અંગ્રેજી લખાણની જગ્યાએ, ગાંધીજીએ જાતે લખ્યા હોય અથવા ભાષાંતર કર્યું હોય, એવા લેખો મૂળ ગુજરાતી તરીકે સામેલ કર્યા છે. એ લેખોની ક્રમસંખ્યા નીચે આપી છે:

૫૪, ૫૬, ૯૦, ૧૧૦, ૧૮૧, ૨૨૫.

Gandhi Heritage Portal

# ઋણસ્વીકાર

આ પુસ્તકની સામગ્રી માટે અમે સાબરમતી આશ્રમ સંરક્ષક તથા સ્મારક ટ્રસ્ટ અને સંગ્રહાલય, નવજીવન ટ્રસ્ટ અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; ગાંધી સ્મારક નિધિ તથા સંગ્રહાલય, અને અખિલ ભારતીય કૉંગ્રેસ કમિટીનું કાર્યાલય, નવી દિલ્હી; નેશનલ લાઈબ્રેરી, કલકત્તા; ભારત સેવક સમાજ, પૂના; સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસનું કાર્યાલય, મુંબઈ; મહારાષ્ટ્ર સરકારનું ગૃહખાતું; શ્રી નારાયણ દેસાઈ, શ્રી છગનલાલ ગાંધી, અમદાવાદ; શ્રીમતી રાધાબહેન ચોધરી, કલકત્તા; શ્રી નાનજીભાઈ મણિલાલ દેસાઈ, અમદાવાદ; મિ. એ. એચ. વેસ્ટ; તથા નીચેનાં પુસ્તકોના પ્રકાશકોના આભારી છીએ: ऑल एबाउट ध खिलाफत, बापुनी प्रसादी, इन्डिया इन १९२०, लेटर्स ऑफ श्रीनिवास शास्त्री, महादेवभाईनी डायरी, महात्मा: लाइफ ऑफ मोहनदास करमचंद गांधी, माय डियर चाइल्ड, स्टोरी ऑफ माय लाइफ, स्वदेशी धर्म.

નીચેનાં વર્તમાનપત્રો તથા સામયિકોના પણ અમે આભારી છીએ: अमृतबझार पत्रिका, बॉम्बे क्रॉनिकल, बुद्धिप्रकाश, गुजराती, हिन्दु, इन्डियन रिव्यू, लीडर, मधपूडो, नवजीवन, टाइम्स ऑफ इन्डिया, ट्रिब्यून અને यंग इन्डिया.

સંશોધન અને સંદર્ભગ્રંથોની સગવડો માટે ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી પુસ્તકાલય, ગાંધી સ્મારક સંગ્રહાલય, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ ઍફેર્સ પુસ્તકાલય, જામિયામિલિયા લાઈબ્રેરી, નવી દિલ્હી; માહિતી અને પ્રસારણ મંત્રાલયનો સંશોધન અને સંદર્ભ વિભાગ, નવી દિલ્હી; સાબરમતી સંગ્રહાલય અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; અને શ્રી પ્યારેલાલ નય્યર; તેમ જ દસ્તાવેજો તૈયાર કરવામાં સહાય કરવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયનો ફોટો-વિભાગ અમારા આભારને પાત્ર છે.

Gandhi Heritage Portal

# અનુક્રમણિકા


પ્રસ્તાવના ૫
વાચકોને સૂચના ૧૦
ઋણસ્વીકાર ૧૨
ચિત્રસૂચિ ૨૧
૧. ખિલાફત (૧–૨–'૨૦) ૧
૨. એસ્થર ફેરિંગને પત્ર (૧–૨–'૨૦) ૨
૩. એસ્થર ફેરિંગને પત્ર (૧–૨–'૨૦) ૩
૪. મગનલાલ ગાંધીને પત્ર (૧–૨–'૨૦) ૪
૪(૧). નરહરિ પરીખને પત્ર (૧–૨–'૨૦ની આસપાસ) ૫
૫. પંજાબનો પત્ર (૨–૨–'૨૦) ૬
૬. એલ. ફ્રેંચને પત્ર (૩–૨–'૨૦) ૮
૭. બ્રિટિશ ગિયાના અને ફીજીનાં પ્રતિનિધિમંડળો (૪–૨–'૨૦ પહેલાં) ૮
૮. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૪–૨–'૨૦ પહેલાં) ૧૨
૯. એસ્થર ફેરિંગને પત્ર (૪–૨–'૨૦) ૧૩
૧૦. વ્રજસુંદરદાસને પત્ર (૫–૨–'૨૦) ૧૪
૧૧. એસ્થર ફેરિંગને પત્ર (૫–૨–'૨૦) ૧૪
૧૨. ડૉ. જોસફ ન્યૂનનને પત્ર (૫–૨–'૨૦) ૧૫
૧૩. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૫–૨–'૨૦) ૧૬
૧૪. સી. આર. દાસને તાર (૫–૨–'૨૦ કે તે પછી) ૧૬
૧૫. ખાદીની કિંમત (૮–૨–'૨૦) ૧૭
૧૬. મજૂરોની સ્થિતિ (૮–૨–'૨૦) ૧૮
૧૭. એસ્થર ફેરિંગને પત્ર (૮–૨–'૨૦) ૨૦
૧૮. એલ. ફ્રેંચને પત્ર (૯–૨–'૨૦) ૨૧
૧૮(૧). નરહરિ પરીખને પત્ર (૯–૨–'૨૦) ૨૨
૧૯. દક્ષિણ આફ્રિકાના કમિશન અંગે નિવેદન (૯–૨–'૨૦) ૨૨
૨૦. એસ્થર ફેરિંગને પત્ર (૧૦–૨–'૨૦) ૨૩
૨૧. પંજાબનો પત્ર (૧૧–૨–'૨૦ પહેલાં) ૨૪
૨૨. એસ્થર ફેરિંગને પત્ર (૧૨–૨–'૨૦) ૨૭
૨૨(૧). નરહરિ પરીખને પત્ર (૧૨–૨–'૨૦) ૨૮
૨૩. સરગોધામાં ભાષણ (૧૩–૨–'૨૦) ૨૮
૨૩(૧). નરહરિ પરીખને પત્ર (૧૩–૨–'૨૦) ૨૯
૨૪. જલિયાંવાલા બાગ સ્મારક નિધિ માટે અપીલ (૧૪–૨–'૨૦) ૩૦
૨૫. પંજાબનો પત્ર (૧૫–૨–'૨૦) ૩૨


Gandhi Heritage Portal

૨૬. એલ. ફ્રેંચને પત્ર (૧૫–૨–'૨૦) ૩૫
૨૭. એસ્થર ફેરિંગને પત્ર (૧૫–૨–'૨૦) ૩૭
૨૮. ઉત્કલથી પોકાર (૧૮–૨–'૨૦) ૩૮
૨૯. જલિયાંવાલા બાગ (૧૮–૨–'૨૦) ૩૯
૩૦. મોતીલાલ નેહરુને પત્ર (૨૦–૨–'૨૦) ૪૧
૩૧. બનારસમાં ખિલાફતની સભામાં ભાષણ (૨૦–૨–'૨૦) ૪૪
૩૨. બનારસમાં વિદ્યાર્થીઓની સભા સમક્ષ ભાષણ (૨૧–૨–'૨૦) ૪૫
૩૩. એસ્થર ફેરિંગને પત્ર (૨૨–૨–'૨૦) ૪૫
૩૪. નવરોજી ખંભાતાને પત્ર (૨૩–૨–'૨૦) ૪૬
૩૫. હિંદુમુસલમાન એકતા (૨૫–૨–'૨૦) ૪૭
૩૬. અમદાવાદના મિલમજૂરોની સભામાં ભાષણ (૨૫–૨–'૨૦) ૪૯
૩૭. મુંબઈ હાઈકોર્ટના રજિસ્ટ્રારને પત્ર (૨૭–૨–'૨૦) ૫૩
૩૮. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૨૭–૨–'૨૦) ૫૪
૩૯. અમદાવાદમાં ભાષણ (૨૭–૨–'૨૦) ૫૫
૪૦. એક પત્ર (૨૭–૨–'૨૦ પછી) ૫૬
૪૧. પંજાબનો પત્ર (૨૯–૨–'૨૦) ૫૬
૪૨. હિંદુમુસ્લિમ એકતા (૨૯–૨–'૨૦) ૫૯
૪૩. નોંધ (૨૯–૨–'૨૦) ૬૨
૪૪. એલ. ફ્રેંચને પત્ર (૨૯–૨–'૨૦) ૬૪
૪૪(૧). મહાદેવ દેસાઈને પત્ર (૨૯–૨–'૨૦ની આસપાસ) ૬૪
૪૫. અમૃતસરની અપીલો (૩–૩–'૨૦) ૬૫
૪૬. એસ્થર ફેરિંગને પત્ર (૩–૩–'૨૦) ૬૭
૪૭. મુંબઈની ખિલાફત સભામાં ભાષણ (૩–૩–'૨૦) ૬૮
૪૮. મુંબઈમાં ભાષણ (૪–૩–'૨૦) ૬૯
૪૯. મુંબઈમાં છાપખાનાના કાયદા વિષે ભાષણ (૫–૩–'૨૦) ૬૯
૫૦. શૌકતઅલીને તાર (૬–૩–'૨૦) ૭૦
૫૧. કે. સંતાનમ્‌ને તાર (૬–૩–'૨૦) ૭૧
૫૨. નવજીવનની સ્થિતિ (૭–૩–'૨૦) ૭૧
૫૩. નોંધ (૭–૩–'૨૦) ૭૩
૫૪. ખિલાફત વિષે અખબારો જોગ પત્ર (૭–૩–'૨૦) ૭૪
૫૫. બંગાળ ખિલાફત સમિતિને તાર (૭–૩–'૨૦ કે તે પછી) ૭૭
૫૬. છઠ્ઠી એપ્રિલ અને ૧૩મી એપ્રિલ (૧૦–૩–'૨૦) ૭૭
૫૭. શું એ અદાલતનો તિરસ્કાર હતો? (૧૦–૩–'૨૦) ૭૯
૫૮. એમ. આર. જયકરને પત્ર (૧૦–૩–'૨૦) ૮૪
૫૮(૧). મહાદેવ દેસાઈને પત્ર (૧૦–૩–'૨૦) ૮૫
૫૯. એમ. આર. જયકરને પત્રો (૧૧–૩–'૨૦) ૮૫
૬૦. રવીન્દ્રનાથ ટાગોરને પત્ર (૧૧–૩–'૨૦) ૮૭


Gandhi Heritage Portal

૬૦(૧). ગોકરણનાથને તાર (૧૨–૩–'૨૦) ૮૮
૬૧. એમ. આર. જયકરને પત્રો (૧૩–૩–'૨૦) ૮૮
૬૨. પ્રેસ ઍક્ટ અને મિ. હૉર્નિમૅન (૧૪–૩–'૨૦) ૮૯
૬૩. એસ્થર ફેરિંગને પત્ર (૧૪–૩–'૨૦) ૯૦
૬૩(૧). ગોકરણનાથને તાર (૧૫–૩–'૨૦) ૯૧
૬૪. ગિરધારીલાલને તાર (૧૬–૩–'૨૦) ૯૧
૬૫. એસ્થર ફેરિંગને પત્ર (૧૬–૩–'૨૦) ૯૨
૬૬. ખિલાફત (૧૭–૩–'૨૦) ૯૩
૬૭. એસ્થર ફેરિંગને પત્ર (૧૭–૩–'૨૦) ૯૫
૬૮. મગનલાલ ગાંધીને પત્ર (૧૭–૩–'૨૦) ૯૬
૬૯. એસ્થર ફેરિંગને પત્ર (૧૮–૩–'૨૦) ૯૭
૭૦. મૅનલીને પત્ર (૧૮–૩–'૨૦) ૯૮
૭૧. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૧૮–૩–'૨૦) ૯૮
૭૨. એસ્થર ફેરિંગને પત્ર (૧૯–૩–'૨૦) ૧૦૦
૭૩. મુંબઈમાં ખિલાફત વિષે ભાષણ (૧૯–૩–'૨૦) ૧૦૧
૭૪. એલ. ફ્રેંચને પત્ર (૨૦–૩–'૨૦) ૧૦૫
૭૫. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર (૨૦–૩–'૨૦) ૧૦૬
૭૬. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૨૦–૩–'૨૦) ૧૦૭
૭૭. ખિલાફત (૨૧–૩–'૨૦) ૧૦૭
૭૮. એસ્થર ફેરિંગને પત્ર (૨૧–૩–'૨૦) ૧૦૯
૭૯. એસ્થર ફેરિંગને પત્ર (૨૨–૩–'૨૦) ૧૧૦
૮૦. સત્યાગ્રહનું અઠવાડિયું — થોડા વિચારો (૨૪–૩–'૨૦) ૧૧૧
૮૧. હિંસા અને અહિંસા (૨૪–૩–'૨૦) ૧૧૩
૮૨. કોરટનો તિરસ્કાર (૨૪–૩–'૨૦) ૧૧૫
૮૩. પંજાબનાં રમખાણોની તપાસનો કૉંગ્રેસ રિપોર્ટ (૨૫–૩–'૨૦) ૧૧૬
૮૪. એસ્થર ફેરિંગને પત્ર (૨૫–૩–'૨૦) ૨૭૯
૮૫. રાજમિયાંને પત્ર (૨૭–૩–'૨૦) ૨૮૦
૮૬. નોંધ (૨૮–૩–'૨૦) ૨૮૧
૮૭. એમ. આર. જયકરને પત્ર (૨૮–૩–'૨૦) ૨૮૨
૮૮. "બંધુ"નો અર્થ (૩૦–૩–'૨૦ પહેલાં) ૨૮૩
૮૯. એસ્થર ફેરિંગને પત્ર (૩૦–૩–'૨૦) ૨૮૫
૯૦. સત્યાગ્રહનું અઠવાડિયું (૩૧–૩–'૨૦) ૨૮૫
૯૧. ગુજરાતી સાહિત્ય પરિષદમાં ભાષણ (૨–૪–'૨૦) ૨૮૭
૯૨. ટાઇમ્સ ઑફ ઇન્ડિયાને પત્ર (૩–૪–'૨૦) ૨૯૦
૯૩. જલિયાંવાલા બાગ સ્મારકનિધિ માટે અપીલ (૬–૪–'૨૦) ૨૯૧
૯૪. મુંબઈમાં રાષ્ટ્રીય સપ્તાહની સભામાં ભાષણ (૬–૪–'૨૦) ૨૯૧
૯૫. પંજાબની સજાઓ (૭–૪–'૨૦) ૨૯૩

Gandhi Heritage Portal

૯૬. સર રવીન્દ્રનાથ ટાગોર (૭-૪-'૨૦) ૨૯૪
૯૭. દેવદાસ ગાંધીને પત્ર (૮-૪-'૨૦) ૨૯૫
૯૮. મુંબઈમાં રાષ્ટ્રીય સપ્તાહની સભામાં ભાષણ (૯-૪-'૨૦) ૨૯૬
૯૯. બે પત્રો (૧૧-૪-'૨૦) ૨૯૭
૧૦૦. बॉम्बे क्रॉनिकलને પત્ર (૧૧-૪-'૨૦) ૨૯૯
૧૦૧. વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને તાર (૧૩-૪-'૨૦) ૩૦૦
૧૦૨. મુંબઈમાં રાષ્ટ્રીય સપ્તાહની સભામાં ભાષણ (૧૩-૪-'૨૦) ૩૦૧
૧૦૩. એસ્થર ફેરિંગને પત્ર (૧૫-૪-'૨૦) ૩૦૨
૧૦૪. દેવદાસ ગાંધીને પત્ર (૧૫-૪-'૨૦) ૩૦૩
૧૦૫. હિંદી વજીરને તાર (૧૫-૪-'૨૦ પછી) ૩૦૪
૧૦૬. અબ્બાસ તૈયબજીને પત્ર (૧૭-૪-'૨૦) ૩૦૪
૧૦૭. ખિલાફત (૧૮-૪-'૨૦) ૩૦૬
૧૦૮. નોંધ (૧૮-૪-'૨૦) ૩૦૮
૧૦૯. છોટાણીને તાર (૧૮-૪-'૨૦) ૩૦૯
૧૧૦. અમદાવાદના મિલમજૂરોની વાર્ષિક સભામાં ભાષણ (૧૮-૪-'૨૦) ૩૦૯
૧૧૦(૧). મહાદેવ દેસાઈને પત્ર (૧૯-૪-'૨૦) ૩૧૩
૧૧૦(૨). મહાદેવ દેસાઈને પત્ર (૨૦-૪-'૨૦ પહેલાં) ૩૧૪
૧૧૧. લગ્નની આમંત્રણ પત્રિકા (૨૦-૪-'૨૦) ૩૧૪
૧૧૨. દેવદાસ ગાંધીને પત્ર (૨૦-૪-'૨૦) ૩૧૫
૧૧૩. નોંધ (૨૧-૪-'૨૦) ૩૧૬
૧૧૪. સ્વદેશી (૨૧-૪-'૨૦) ૩૧૭
૧૧૫. પરદેશમાં વસતા હિંદીઓ (૨૧-૪-'૨૦) ૩૧૯
૧૧૬. દેશી ભાષાઓનો પ્રશ્ન (૨૧-૪-'૨૦) ૩૨૦
૧૧૭. દેવદાસ ગાંધીને પત્ર (૨૧-૪-'૨૦) ૩૨૪
૧૧૮. ખાદીના ઉપયોગ (૨૫-૪-'૨૦) ૩૨૫
૧૧૯. કાઠિયાવાડી વિવેક (૨૫-૪-'૨૦) ૩૨૮
૧૨૦. એક વર્ષ પૂરું થયું (૨૫-૪-'૨૦) ૩૨૯
૧૨૧. હું વિલાયત કેમ જાઉં? (૨૫-૪-'૨૦) ૩૩૦
૧૨૨. વાંચનારને (૨૫-૪-'૨૦) ૩૩૧
૧૨૨(૧). अंत्यज स्तोत्रની પ્રસ્તાવના (૨૬-૪-'૨૦) ૩૩૨
૧૨૩. અખિલ હિંદ હોમરૂલ લીગના સભ્યોને (૨૮-૪-'૨૦) ૩૩૩
૧૨૪. હું ખિલાફત આંદોલનમાં શા માટે જોડાયો છું? (૨૮-૪-'૨૦) ૩૩૫
૧૨૫. અસહકાર (૨૮-૪-'૨૦) ૩૩૭
૧૨૬. ખાદીના ઉપયોગ (૨૮-૪-'૨૦) ૩૩૮
૧૨૭. મગનલાલ ગાંધીને પત્ર (૨૮-૪-'૨૦) ૩૪૧
૧૨૮. તુર્કસ્તાનની સંધિ વિષે અખબારી નિવેદન (૨૯-૪-'૨૦) ૩૪૧
૧૨૯. સરલાદેવી ચોધરાણીને પત્ર (૨૯-૪-'૨૦) ૩૪૨

Gandhi Heritage Portal

૧૩૦. મગનલાલ ગાંધીને પત્ર (૨૯–૪–'૨૦) ૩૪૩
૧૩૧. અબદુલ બારીને પત્ર (૩૦–૪–'૨૦) ૩૪૪
૧૩૨. સરલાદેવી ચોધરાણીને પત્ર (૩૦–૪–'૨૦) ૩૪૫
૧૩૩. ગિલેસ્પીને પત્ર (૩૦–૪–'૨૦) ૩૪૬
૧૩૪. મિસિસ ઝીણાને પત્ર (૩૦–૪–'૨૦) ૩૪૭
૧૩૫. લૅઝરસ ગેબ્રિયલને પત્ર (૩૦–૪–'૨૦) ૩૪૭
૧૩૬. નિર્મળાને પત્ર (૩૦–૪–'૨૦) ૩૪૮
૧૩૭. મંગળદાસ પારેખને પત્ર (૩૦–૪–'૨૦) ૩૪૮
૧૩૮. એડા વેસ્ટને પત્ર (૩૦–૪–'૨૦) ૩૫૦
૧૩૯. સરલાદેવી ચોધરાણીને પત્ર (૧–૫–'૨૦) ૩૫૧
૧૪૦. સરલાદેવી ચોધરાણીને પત્ર (૧–૫–'૨૦) ૩૫૨
૧૪૧. જમશેદજી નસરવાનજી મહેતાને પત્ર (૧–૫–'૨૦) ૩૫૩
૧૪૨. હું હોમરૂલ લીગમાં કેમ જોડાયો? (૨–૫–'૨૦) ૩૫૪
૧૪૩. નૉન-કોઑપરેશન (૨–૫–'૨૦) ૩૫૬
૧૪૪. નોંધ (૨–૫–'૨૦) ૩૫૭
૧૪૫. સરલાદેવી ચોધરાણીને પત્ર (૨–૫–'૨૦) ૩૫૮
૧૪૬. એસ્થર ફેરિંગને પત્ર (૨–૫–'૨૦) ૩૬૦
૧૪૭. બી. કૃપાલાનીને પત્ર (૨–૫–'૨૦) ૩૬૧
૧૪૮. લાલચંદને પત્ર (૨–૫–'૨૦) ૩૬૧
૧૪૯. સૈયદ ફઝલુર રહેમાનને પત્ર (૨–૫–'૨૦) ૩૬૪
૧૫૦. મગનલાલ ગાંધીને પત્ર (૨–૫–'૨૦) ૩૬૪
૧૫૧. સ્વામી શ્રદ્ધાનંદને પત્ર (૨–૫–'૨૦) ૩૬૫
૧૫૨. સરલાદેવી ચોધરાણીને પત્ર (૩–૫–'૨૦) ૩૬૬
૧૫૩. મગનલાલ ગાંધીને પત્ર (૪–૫–'૨૦) ૩૬૯
૧૫૪. દિલ્હીનું સરકારી જાહેરનામું અને વર્તમાનપત્રોને મળેલા હુકમો (૫–૫–'૨૦) ૩૭૨
૧૫૫. અસહકારનો અમલ કેવી રીતે કરવો (૫–૫–'૨૦) ૩૭૩
૧૫૬. દિલ્હીમાં દબાણ (૯–૫–'૨૦) ૩૭૬
૧૫૭. સરહદ પર સ્ત્રીપુરુષનાં હરણ (૯–૫–'૨૦) ૩૭૭
૧૫૮. એક નમ્ર સૂચના (૯–૫–'૨૦) ૩૭૯
૧૫૯. ઓરિસ્સામાં દુષ્કાળ (૯–૫–'૨૦) ૩૮૦
૧૬૦. વિધવાનો શાપ (૯–૫–'૨૦) ૩૮૧
૧૬૧. ત્રણ પ્રસંગો (૯–૫–'૨૦) ૩૮૨
૧૬૨. એસ્થર ફેરિંગને પત્ર (૯–૫–'૨૦) ૩૮૪
૧૬૩. ગણેશ વાસુદેવ માવળંકરને પત્ર (૧૧–૫–'૨૦) ૩૮૫
૧૬૩(૧). સૈયદ ફઝલુર રહમાનને પત્ર (૧૧–૫–'૨૦) ૩૮૫
૧૬૪. ઓરિસ્સાનું સંકટ (૧૨–૫–'૨૦) ૩૮૬
૧૬૫. નહીં સંત, નહીં રાજકારણી (૧૨–૫–'૨૦) ૩૮૮

Gandhi Heritage Portal

૧૬૬. ખિલાફત (૧૨–૫–'૨૦) ૩૯૨
૧૬૭. વચનપાલનની તૈયારીમાં (૧૨–૫–'૨૦) ૩૯૫
૧૬૮. મુંબઈમાં અસહકાર વિષે ભાષણ (૧૨–૫–'૨૦) ૩૯૭
૧૬૯. અબ્બાસ તૈયબજીને પત્ર (૧૩–૫–'૨૦) ૩૯૮
૧૬૯(૧). મહાદેવ દેસાઈને પત્ર (૧૩–૫–'૨૦) ૩૯૯
૧૬૯(૨). મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૧૩–૫–'૨૦) ૪૦૦
૧૬૯(૩). મહાદેવ દેસાઈને પત્ર (૧૫–૫–'૨૦) ૪૦૦
૧૭૦. ખિલાફત (૧૬–૫–'૨૦) ૪૦૨
૧૭૧. મત આપનારાઓએ શું કરવું? (૧૬–૫–'૨૦) ૪૦૩
૧૭૨. ખાદીનો ઉપયોગ કરનારાઓને સારુ (૧૬–૫–'૨૦) ૪૦૫
૧૭૩. ઓરિસ્સામાં દુષ્કાળ (૧૬–૫–'૨૦) ૪૦૬
૧૭૪. અમદાવાદના મિલમાલેકો અને કામદારો (૧૬–૫–'૨૦) ૪૦૭
૧૭૫. વિધવા વિષે વધારે વિચાર (૧૬–૫–'૨૦) ૪૦૯
૧૭૬. એસ્થર ફેરિંગને પત્ર (૧૬–૫–'૨૦) ૪૧૧
૧૭૭. દેવદાસ ગાંધીને પત્ર (૧૭–૫–'૨૦) ૪૧૨
૧૭૮. તુર્કસ્તાન અંગેની સંધિની શરતો વિષે અખબારી નિવેદન (૧૮–૫–'૨૦) ૪૧૨
૧૭૯. દેવદાસ ગાંધીને પત્ર (૧૮–૫–'૨૦) ૪૧૩
૧૮૦. સ્વદેશી આગળ વધે છે (૧૯–૫–'૨૦) ૪૧૪
૧૮૧. કેટલીક ગૂંચવણોનો ઉકેલ (૧૯–૫–'૨૦) ૪૧૬
૧૮૨. વચનોનો ભંગ (૧૯–૫–'૨૦) ૪૧૯
૧૮૩. દેવદાસ ગાંધીને પત્ર (૨૦–૫–'૨૦) ૪૨૧
૧૮૪. મગનલાલ ગાંધીને પત્ર (૨૦–૫–'૨૦) ૪૨૨
૧૮૫. શાહ હાફિજ આલમને પત્ર (૨૧–૫–'૨૦) ૪૨૩
૧૮૬. એસ્થર ફેરિંગને પત્ર (૨૧–૫–'૨૦) ૪૨૩
૧૮૭. શૌકતઅલીને તાર (૨૨–૫–'૨૦) ૪૨૪
૧૮૮. ગણેશ વાસુદેવ માવળંકરને પત્ર (૨૨–૫–'૨૦) ૪૨૪
૧૮૯. હવે શું કરીશું? (૨૩–૫–'૨૦) ૪૨૫
૧૯૦. ખાદીનો મહિમા (૨૩–૫–'૨૦) ૪૨૭
૧૯૧. અમદાવાદમાં મિલમાલેકો અને કામદારો (૨૩–૫–'૨૦) ૪૨૮
૧૯૨. લગ્નના વરઘોડા (૨૩–૫–'૨૦) ૪૩૦
૧૯૩. અખબારો જોગ નિવેદન (૨૩–૫–'૨૦) ૪૩૧
૧૯૪. અમદાવાદની મિલ હડતાળના સમાધાન વિષે ભાષણ (૨૩–૫–'૨૦) ૪૩૧
૧૯૫. દેવદાસ ગાંધીને પત્ર (૨૫–૫–'૨૦) ૪૩૬
૧૯૫(૧). સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૫–૫–'૨૦) ૪૩૬
૧૯૬. ગાંડપણ (૨૬–૫–'૨૦) ૪૩૮
૧૯૭. ખિલાફત: મિ. કૅન્ડલરનો ખુલ્લો પત્ર (૨૬–૫–'૨૦) ૪૪૧
૧૯૮. સાવરકર ભાઈઓ (૨૬–૫–'૨૦) ૪૪૫

Gandhi Heritage Portal

૧૯૯. એક કઠણ કેસ (૨૬–૫–'૨૦) ૪૪૮
૨૦૦. મંગળદાસ ગિરધરદાસ પારેખને પત્ર (૨૬–૫–'૨૦) ૪૪૯
૨૦૧. સ્વદેશી ધર્મની પ્રસ્તાવના (૨૮–૫–'૨૦) ૪૫૦
૨૦૨. ગાંડપણ (૩૦–૫–'૨૦) ૪૫૦
૨૦૩. અસહકારમાં કેમ ઢીલ થાય છે? (૩૦–૫–'૨૦) ૪૫૨
૨૦૪. વિવિધ ચર્ચા (૩૦–૫–'૨૦) ૪૫૪
૨૦૫. નોંધ (૩૦–૫–'૨૦) ૪૫૬
૨૦૬. ખિલાફત (૨–૬–'૨૦) ૪૫૭
૨૦૭. અલ્લાહાબાદમાં મળેલી ખિલાફત સમિતિની સભામાં ભાષણ (૩–૬–'૨૦) ૪૬૦
૨૦૮. મુંબઈમાં સ્વદેશી વિષે ભાષણ (૪–૬–'૨૦) ૪૬૧
૨૦૯. નડિયાદમાં સ્વદેશી વિષે ભાષણ (૫–૬–'૨૦) ૪૬૨
૨૧૦. રાજકીય ગુપ્ત મંડળ (૯–૬–'૨૦) ૪૬૩
૨૧૧. મુસલમાનોનો નિર્ણય (૯–૬–'૨૦) ૪૬૫
૨૧૨. હિંદીઓને દક્ષિણ આફ્રિકામાંથી સ્વદેશ પાછા મોકલવાની
યોજના વિષે અખબારી નિવેદન (૧૩–૬–'૨૦) ૪૬૭
૨૧૩. એન. સી. કેળકર વગેરેને પત્ર (૧૫–૬–'૨૦ની આસપાસ) ૪૬૮
૨૧૪. કષ્ટસહનનો કાયદો (૧૬–૬–'૨૦) ૪૬૯
૨૧૫. મદ્રાસમાં હિંદી (૧૬–૬–'૨૦) ૪૭૧
૨૧૬. ખંભાતાને પત્ર (૧૮–૬–'૨૦) ૪૭૨
૨૧૭. સાકરલાલને પત્ર (૧૮–૬–'૨૦) ૪૭૩
૨૧૮. છગનલાલ ગાંધીને પત્ર (૧૮–૬–'૨૦) ૪૭૩
૨૧૯. આપભોગનો ધર્મ (૨૦–૬–'૨૦) ૪૭૪
૨૨૦. હું શું કરું? (૨૦–૬–'૨૦) ૪૭૬
૨૨૧. જૂની મૂડી (૨૦–૬–'૨૦) ૪૭૭
૨૨૨. નોંધ (૨૦–૬–'૨૦) ૪૭૮
૨૨૩. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૦–૬–'૨૦) ૪૭૯
૨૨૪. વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને પત્ર (૨૨–૬–'૨૦) ૪૮૨
૨૨૫. વાઇસરૉયને પત્ર (૨૨–૬–'૨૦) ૪૮૨
૨૨૬. અસહકાર સમિતિ (૨૩–૬–'૨૦) ૪૮૫
૨૨૭. પંજાબીઓનું કર્તવ્ય (૨૩–૬–'૨૦) ૪૮૯
૨૨૮. મુંબઈમાં બનારસ હિંદુ યુનિવર્સિટી વિષે ભાષણ (૨૩–૬–'૨૦) ૪૯૨
૨૨૯. એસ્થર ફેરિંગને પત્ર (૨૫–૬–'૨૦) ૪૯૩
૨૩૦. વ્રજલાલના મૃત્યુ પર સ્મરણાંજલિ (૨૬–૬–'૨૦) ૪૯૪
૨૩૧. હંટર કમિટીના રિપોર્ટ વિષે ભાષણ (૨૬–૬–'૨૦) ૪૯૫
૨૩૨. ખિલાફત (૨૭–૬–'૨૦) ૪૯૬
૨૩૩. જૂની મૂડી (૨૭–૬–'૨૦) ૪૯૭
૨૩૪. નોંધ (૨૭–૬–'૨૦) ૫૦૦


Gandhi Heritage Portal

૨૩૫. મુસલમાનોનું નિવેદનપત્ર (૩૦–૬–'૨૦) ૫૦૦
૨૩૬. નવી ધારાસભાઓના બહિષ્કાર વિષે અખબારો જોગ નિવેદન (૩૦–૬–'૨૦) ૫૦૩
૨૩૬(૧). અમદાવાદના સત્યાગ્રહ આશ્રમના વિદ્યાર્થીઓ સમક્ષ
આપેલું ભાષણ (જુલાઈ ૧૯૨૦ પહેલાં) ૫૦૪

**પરિશિષ્ટો**

૧. તુર્કી સાથેની સુલેહની શરતો ૫૦૮
૨. નામદાર વાઇસરૉયનો હિંદના મુસ્લિમોને સંદેશો ૫૧૦
૩. ખિલાફત કમિટીમાં પસાર થયેલા ઠરાવો (૩–૬–'૨૦) ૫૧૧
૪. હંટર કમિટીના રિપોર્ટ વિષે હિંદ સરકારનો ખરીતો (૩–૫–'૨૦) ૫૧૧
૫. હિંદ સરકારના ખરીતાનો મૉન્ટેગ્યુએ આપેલો જવાબ (૨૬–૫–'૨૦) ૫૩૯
૬. વાઇસરૉય જોગ મુસ્લિમ નેતાઓનું નિવેદનપત્ર (૨૨–૬–'૨૦) ૫૪૭
આધારરૂપ સાહિત્ય ૫૪૯
તારીખવાર વૃત્તાંત ૫૫૧
સૂચિ ૫૫૬

Gandhi Heritage Portal

# ચિત્રસૂચિ

પંજાબની અશાંતિ વિષેના કૉંગ્રેસ રિપોર્ટનું મુખપૃષ્ઠ — પૃષ્ઠ ૧૨૦ સામે
પંજાબની અશાંતિ વિષેના કૉંગ્રેસ રિપોર્ટનું 'કૉપીરાઈટ' પાન — પૃષ્ઠ ૧૨૧ સામે
જલિયાંવાલા બાગનો નકશો — પૃષ્ઠ ૧૬૮ સામે
અમદાવાદમાં ટાગોર સાથે ગાંધીજી, એપ્રિલ ૧૯૨૦ — પૃષ્ઠ ૧૬૯ સામે

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટકયો છે અથવા દેહ પડયા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિષે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦–૪–'૩૩ —ગાંધીજી

Gandhi Heritage Portal

# ૧. ખિલાફત

ખિલાફતનો[1] સવાલ એટલે તુર્કીની સાથેની સુલેહનો સવાલ એટલો અગત્યનો છે કે તેની પાસે બીજા બધા સવાલો ઘણા ઓછા અગત્યના લાગે છે, કેમ કે એ સવાલના સંતોષકારક ફડચા ઉપર હિંદુસ્તાનની શાંતિનો આધાર છે. અત્યારે પોતાના શસ્ત્રબળથી સરકાર કૃત્રિમ શાંતિ ભલે જાળવી શકે, પણ જો આ સવાલનો નિર્ણય સંતોષકારક ન નીવડે તો શસ્ત્રબળથી જળવાયેલી શાંતિ લાંબા કાળ સુધી નથી નભવાની. કેટલાક સવાલો એવા હોય છે કે જેનો ફડચો સંતોષકારક ન હોય તોપણ કાળે કરી અસંતોષ ભૂલી જવાય છે. પણ ખિલાફતના સવાલનો ફડચો અસંતોષકારક નીવડે તો તે અસંતોષ કાળે કરી ભુલાય એવો નથી, પણ તેની અસર દિવસે દિવસે વધારે મજબૂત થવાની અને તેથી અશાંતિ વધુ ફેલાવાની.

આમ હોવાથી દરેક હિંદીની ફરજ છે કે આ સવાલ શું છે ને તેનો ફેંસલો કેવો આવવો જોઈએ તે જાણી લેવું ને તેનો ફડચો સંતોષકારક લાવવા સારુ ઉપાયો યોજવા. જેથી સાત કરોડ મુસલમાનોનાં દિલ દુખાય તેથી હિંદુનાં પણ દુખાવાં જોઈએ. એટલે અમે આ સવાલને પ્રજા સમક્ષ વખતોવખત મૂકતાં અચકાતા નથી. જેટલી ફરજ પ્રજાની છે તેટલી જ ભારે ફરજ આ વિષયમાં સરકારની છે.

ના. વાઇસરૉય પાસે જે ડેપ્યુટેશન ગયું[2] તેમાં હિંદુ અને મુસલમાન બન્ને હતા. ના. વાઇસરૉયનો જવાબ વિવેકી હતો. તેમણે ડેપ્યુટેશન તરફ સભ્યતા પૂરી જાળવી અને ઘણા કામમાંથી પોતાનો વખત બચાવ્યો. આ બધાને સારુ તેઓ નામદારનો ઉપકાર માનવો જોઈએ. પણ કેવળ વિવેક અને વિનયથી જ કંઈ મુસલમાન ભાઈઓને અથવા આખી પ્રજાને આ વેળા સંતોષ થાય તેમ નથી. વિવેક વિના એક ડગલું ન ચાલે, પણ કોઈક સમયે વિવેક છતાં કાર્યસિદ્ધિ નથી થઈ શકતી. મીઠા શબ્દોથી કંઈ ગાજરમાં ઘી આવી જતું નથી એવી ઇંગ્રેજી કહેવત છે. તે આ વેળા બરોબર લાગુ પડે છે.

વાઇસરૉય સાહેબે જણાવ્યું કે તુર્કીએ મિત્રરાજ્યો સામે તલવાર ખેંચવાની ભૂલ કરી તેની સજા તુર્કીએ ખમવી પડે એ નવાઈનું નથી. આ ન્યાય કોઈ મુસલમાન કબૂલ કરી શકે તેમ નથી. જ્યારે તુર્કી જર્મનીની સાથે ભળ્યું ત્યારે તે વખતના વડા પ્રધાન મિ. ઍસ્કિવથે કહેલું કે જર્મનીની સાથે જોડાવામાં સુલતાનનો હાથ ન હતો. તે ભૂલ થોડા તુર્કની હતી તેથી તુર્કીને તેને સારુ સોસવું નહીં પડે. આમ કહેવાની તેઓ સાહેબને શી જરૂર હતી? એ કંઈ વિવેક કે ન્યાયને ખાતર નહોતું. પણ તે વચનો કહેવાનું કારણ એ હતું કે મુસલમાન સિપાહીઓમાં અશાંતિ ન ફેલાય. પરિણામ ધારેલું આવ્યું, મુસલમાન સિપાહીની વફાદારી ચુસ્ત નીવડી. આમ દિલાસો દેવા અર્થે બદલો દેવા સારુ વપરાયેલાં વચનો હવે ધૂળધાણી નથી થઈ શકતાં. તેમ થાય તો તેનું દરદ મુસલમાનોને થાય તેમાં નવાઈ નથી. તેથી ના. વાઇસરૉયે આપેલી ધમકી અથવા

૧. ખિલાફત ચળવળનો ઉદ્દેશ તુર્કસ્તાનના સુલતાનને, તેઓ પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં જે દરજ્જો ભોગવતા હતા તે પાછો અપાવવાનો હતો.

૨. ૧૯મી જાન્યુઆરી, ૧૯૨૦ને રોજ; આ પ્રતિનિધિમંડળમાં આટલા સભ્યો હતા: ગાંધીજી, હકીમ અજમલખાન, અને મૌલાનાઓ અબુલ કલામ આઝાદ, અબ્દુલ બારી, મહમદઅલી અને શૌકતઅલી.



Gandhi Heritage Portal

કાઢેલો વરતારો અસંતોષકારક જ ગણાય અને જે કંઈ તેના જવાબમાં ઉક્ત ડેપ્યુટેશન તરફથી છપાયું[1] છે એ બરોબર છે. અને આપણે ઉમેદ રાખીએ કે તેની ઉપર સરકાર પૂરું ધ્યાન આપશે.

મુસલમાનોની માગણી શી છે? ખિલાફત એટલે તુર્કીનું રાજ્ય. તે સત્તા જેવી લડાઈ વેળા હતી તેવી લગભગ કાયમ રહેવી જોઈએ. તે રાજ્યમાં મુસલમાન સિવાયની રૈયતના જે લોકો છે તેઓના હકો જાળવવા સારુ ભલે જે ખોળાધરી લેવી હોય તે મિત્રરાજ્યો લે પણ તુર્કીની સત્તા નાબૂદ ન થવી જોઈએ. તેમ જ અરબસ્તાન જેને જઝીરત-ઉલ-અરબ[2] કહે છે તેની ઉપર અને મુસલમાનોનાં બીજાં પવિત્ર સ્થળો ઉપર ખલીફાની હકૂમત કાયમ રહેવી જોઈએ. અહીં એવી તકરાર ઊઠેલી છે કે આરબો પણ મુસલમાન છે. તેઓને અરબસ્તાનમાં સ્વરાજ કાં ન મળે? તેના જવાબમાં મુસલમાન ભાઈઓ કહે છે કે ભલે અરબસ્તાનને સ્વરાજ મળે તેવી યોજના ઘડાય. તેની ઉપર મુસલમાન સિવાય બીજી હકૂમત ન હોઈ શકે એ દાવો છે. આમ મુસલમાન ભાઈઓની માગણી તદ્દન વાજબી જ ગણાય; ને તેઓની માગણીનો અસ્વીકાર થાય ને ભલે અશાંતિ ફેલાય, તો દોષ મુસલમાનોનો નહીં પણ સરકારનો ગણાશે.

સરકારે મુસલમાનોના હક બરોબર સુલેહ મંડળ પાસે મૂક્યા છે. એટલું કરવું બસ નથી. સરકાર આ સવાલને અપનાવવા બંધાયેલી છે. સરકાર જેટલે દરજ્જે ખ્રિસ્તી રાજ્ય છે તેટલે જ અંશે મુસલમાન અને હિંદુ છે. અને જેમ ખ્રિસ્તી હકો તેનાથી જતા કરાય નહીં તેમ જ મુસલમાન હકો તે જતા કરી શકતી નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧–૨–૧૯૨૦

## ૨. એસ્થર ફેરિંગને[3] પત્ર

લાહોર,

રવિવાર [સવારને સમયે, ફેબ્રુઆરી ૧,][4] ૧૯૨૦

મારી વહાલી દીકરી,

તારા તરફથી કેટલાયે દિવસથી એક લીટી સરખી આવી નથી. એટલે તું કુપુત્રી જ ઠરે. તેમ છતાં બીજા લોકો મારફતે તારા સમાચાર મળતા રહે છે. તું એક લગ્ન સમારંભમાં ગઈ છે તે જાણી હું થોડો અસ્વસ્થ થયો છું. આ બધું શું છે? અજાણ્યા લોકો વચ્ચે તને કેવુંક ગોઠ્યું હશે? ફરજ સમજીને જો તું ગઈ હોય તો તે ખોટું હતું, કેમ કે આવા સમારંભોમાં

૧. ૨૦મી જાન્યુઆરી, ૧૯૨૦ને રોજ.

૨. જઝીરત-ઉલ-અરબ આ શબ્દનો અર્થ થાય છે "અરબસ્તાનનો દ્વીપ"; મુસલમાન શાસ્ત્રકારોના કહેવા મુજબ એમાં આટલા પ્રદેશનો સમાવેશ થાય છે: સીરિયા, પૅલેસ્ટાઈન અને મૅસોપોટેમિયા તેમ જ આરબ દ્વીપકલ્પ.

૩. ડેન્માર્કની વતની એક ખ્રિસ્તી મિશનરી કન્યા. તે ૧૯૧૬માં હિંદુસ્તાન આવી હતી અને પાછળથી સાબરમતી આશ્રમમાં જોડાઈ હતી, જ્યાં ગાંધીજી તેને દીકરીની જેમ રાખતા હતા.

૪ આ અને એ પછીનો પત્ર એક જ દિવસે લખાયા હતા; જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

હાજર રહેવાની ફરજ તારે માથે નહોતી. જો તું નવીનતાના ખ્યાલથી ત્યાં ગઈ હોય તો એ રીતે નવીનતા અનુભવવાનું તારે માટે વાજબી હતું કે કેમ તેની મને શંકા છે. સમારંભ કયે સ્થળે હતો? એ લોકો કોણ હતા? તેઓ અંગ્રેજી જાણતા હતા? ત્યાં તને ભોજનમાં શું મળ્યું હતું? તારી સૂવાની શી વ્યવસ્થા હતી? તું કોની સલાહથી ત્યાં ગઈ હતી? આ બધું મને ખૂબ જ અચરજભર્યું લાગે છે. તું વગર સમજ્યે આવા અખતરા કરે એ મને જરા પણ ગમતું નથી. અત્યારે રવિવારની વહેલી સવારનો સમય છે અને મારું મન તારે વિષે ચિંતાતુર બની ગયું છે. હું જાણું છું કે ચિંતા કરવામાં મૂર્ખતા છે. આપણા સૌનો ઈશ્વર ઉપર બેઠો છે અને તે તેના ભક્તોની રક્ષા કરે છે તથા તેમને માર્ગદર્શન આપે છે. પરંતુ તેં મને દીકરી કહીને બોલાવવાનો અધિકાર આપ્યો છે એટલે હું પ્રાર્થના કરું છું કે: "હે પ્રભુ, તેં તારું હૃદય મારા પ્રત્યે ખુલ્લું મૂકયું છે, તો મને તેમાં સમાઈ જવા દે."

ખૂબ ખૂબ પ્યાર સહિત,

તારો
**બાપુ**

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઈન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૫૪-૫

## ૩. એસ્થર ફૅરિંગને પત્ર

લાહોર,
રવિવાર [ફેબ્રુઆરી ૧, ૧૯૨૦][1]

પ્યારી દીકરી,

આ સાથે બીડેલો પત્ર[2] સવારમાં લખાયો હતો. તારો પેન્સિલથી લખેલો પત્ર હમણાં જ મળ્યો. હું સ્પષ્ટ જોઈ શકું છું કે આમંત્રણ સ્વીકારવામાં તેં ભૂલ કરી હતી. તું ઉંમરમાં નાની છે, બિનઅનુભવી છે. તારું હૃદય કુંદન જેવું શુદ્ધ છે, છતાં તેને સ્થિર કરવાની જરૂર છે. જહાજ મોટું હોય, પણ જો તેને સુકાન ન હોય તો તે શા કામનું? તે ક્યાં જાય? શું તે ગમે ત્યાં ઘસડાઈ ન જાય? આજે મારું હૃદય તારે માટે રડી રહ્યું છે. તેં એક એવું વાતાવરણ[3] છોડયું છે જ્યાં તારું ઘડતર અમુક રીતે થઈ શકયું હોત. ત્યાંથી તું એવા વાતાવરણમાં[4] આવી છે કે જો તું એ વાતાવરણને પચાવે તો તારો ખૂબ જ વિકાસ થઈ શકે. એટલું ધ્યાનમાં રાખજે

૧. આ પત્રમાં લખેલી બાબતો ઉપરથી જણાય છે કે આ પત્ર એસ્થર ફેરિંગનો ૩૦મી જાન્યુઆરી, ૧૯૨૦નો પત્ર (એસ. એન. ૭૦૬૬) મળ્યા પછી તરત જ લખાયો હતો. ૧૯૨૦ના વર્ષમાં એ તારીખ પછીનો પહેલો રવિવાર ફેબ્રુઆરીની ૧લી તારીખે હતો.

૨. જુઓ આ પહેલાંનો લેખ.

૩. ડૅનિશ મિશન, જ્યાં એસ્થર ફૅરિંગ પહેલાં રહેતી હતી.

૪. સાબરમતીનો સત્યાગ્રહ આશ્રમ.

Gandhi Heritage Portal

કે તારી બાલિશ ચંચળતામાં તારે તારી જાતને નુકસાન ન કરવું જોઈએ. શિસ્તબદ્ધ અંતરાત્મા એને કહેવાય જે આજ્ઞાનું પાલન કરે છે. એ ઈશ્વરનો અવાજ છે. શિસ્ત-વિહીન અંતરાત્મા વિનાશ તરફ દોરી જાય છે, કેમ કે એની મારફતે સેતાન બોલતો હોય છે. હું તારી સાથે હોત તો મને ઘણું ગમત. "પ્રભુ, પ્રભુ, કહીને મને પોકારનાર પ્રત્યેક વ્યક્તિ પ્રભુના દરબારમાં પ્રવેશી શકતી નથી. પરંતુ જે વ્યક્તિ સ્વર્ગમાં બિરાજતા મારા પિતાની ઇચ્છાને અનુસરે છે તે જ વ્યક્તિ એના દરબારમાં દાખલ થશે." આ હું મારી યાદદાસ્ત ઉપરથી લખું છું, પરંતુ એનાથી મારો હેતુ સરશે.

તું તારી જાતને શિસ્તબદ્ધ જરૂર રાખજે. મગનલાલને[1] પૂછયા વિના તારે કદી પણ કોઈ કામ કરવું નહીં. એમને તારે તારા મોટા ભાઈ ગણવા. એમની સાથે નિકટનો સંપર્ક રાખવો. તારે જે ખોરાકની જરૂર હોય તે માગી લેવો, જેટલો આરામ જોઈતો હોય તેટલો આરામ લેવો, અને તારું મન તથા શરીર સ્વસ્થ રાખવાં.

દરરોજ મને એક લાંબો પત્ર લખવો.

હું તારે માટે પ્રાર્થના કરતો રહીશ અને ખાસ તો તારી ચંચળતાને કારણે તારા પ્રત્યે વધારે વહાલ રાખીશ.

તારો
**બાપુ**

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૫૫-૬

## ૪. મગનલાલ ગાંધીને પત્ર

લાહોર,
રવિવાર [ફેબ્રુઆરી ૧, ૧૯૨૦][2]

ચિ. મગનલાલ,

એસ્થરનો કાગળ છે. એથી આ બીજો તમને લખું છું. તેને પણ લખ્યો છે. તેણે જવામાં મોટી ભૂલ કરી છે.[3] તેની નબળાઈ હું જોઈ શકયો છું. પવિત્ર આત્મા આમ પડે છે. તે સ્વતંત્રતાનો ભારે દાવો કરે છે. કોઈને પૂછવું એ શરમ માને છે. સુકાન વિનાનું વહાણ છે. તેનું હૃદય વિશાળ છે. પણ તેનો ઉપયોગ આપવા તે અસમર્થ છે.

તેને મેં લખ્યું છે કે તેણે તમને મોટા ભાઈ ગણી તમારી આજ્ઞા પાળવી. તમારી સાથે મસલત કરવી. તમે તેને મળજો. તેની હાજતો જાણજો. જરૂર જણાય તો ભલે તમારી સાથે જ

૧. મગનલાલ ગાંધી (૧૮૮૩-૧૯૨૮); ગાંધીજીના કાકાના દીકરા ખુશાલચંદના બીજા પુત્ર; તેઓ કેટલોક સમય ફીનિક્સ આશ્રમના વ્યવસ્થાપક હતા. અને ૧૯૧૫થી ૧૯૨૮ સુધી સાબરમતી તટે આવેલા સત્યાગ્રહ આશ્રમના વ્યવસ્થાપક હતા.

૨. આ પહેલાંનો પત્ર જે દિવસે લખાયો તે જ દિવસે આ પત્ર લખાયો હતો, એ દેખીતું છે.

૩. તે એક લગ્ન સમારંભમાં ગઈ હતી.

Gandhi Heritage Portal

રહે. બા એકલી એને નહીં સાચવી શકે એમ બને. મને આશ્રમમાં રહેવાની અત્યારે ભારે અભિલાષા થઈ આવે છે. મારું હૃદય આજે ખૂબ રડે છે. એસ્થરે કંઈ પાપ તો કર્યું નથી જણાતું. પણ પાપ કરતાં જરાયે વાર ન લાગે એમ પણ માનું છું. એ મારી ભીતિનો પ્રતિઘોષ હોઈ શકે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૭૮૨
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

## ૪(૧). નરહરિ પરીખને પત્ર[1]

[ફેબ્રુઆરી ૧, ૧૯૨૦ની આસપાસ][2]

ભાઈશ્રી ૫ નરહરિ,[3]

એસ્થરના જવામાં ભારે ભૂલ થઈ છે. તેને અને મગનલાલને મેં ખૂબ લખ્યું છે. એસ્થર પોતે વંચાવે તો તેની ઉપરના મારા બધા કાગળો વાંચવા જેવા છે. અહીં બેઠો હું તમારો બધાનો ભારે અભ્યાસ કરી હું પોતે શીખી રહ્યો છું.

કાકા[4] વિષે બરોબર લખો છો. કાકાનું શરીર વધારે સારું થશે તો તે હજુ વધારે ચડશે. કાકાને જ્યારથી મળ્યો છું ત્યારથી મારી નજર તેની ઉપરથી ખસી જ નથી. પણ કાકાને અનુકૂળ વાયુની જરૂર છે. પ્રતિકૂળ વાયુમાં તે ચીમળાઈ પણ જાય. તે હમણાં કેટલાક વખત થયાં પોતાનો ભારે ઉપયોગ આપી રહ્યા છે. 'ફોર્સફુલ' એટલે જબરજસ્ત ચાલે પણ બરોબર ભાવ નથી આવતો. હું બીજો શબ્દ શોધીશ. અત્યારે તો માણસો આવી પડ્યા છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૧૧૮૮૯

૧. આવા વધારાના લેખો અંગ્રેજી પુસ્તકની પુરવણીમાંથી કાલાનુક્રમે સમાવી લીધા છે.

૨. એસ્થર ફેરિંગ અને મગનલાલ ગાંધીને લખાયેલા પત્રોનો ઉલ્લેખ આમાં છે. આ પત્રો ૧લી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ લખાયા હતા. તે ઉપરથી લાગે છે કે આ પત્ર પણ તે અરસામાં લખાયો હોવો જોઈએ.

૩. નરહરિ દ્વારકાદાસ પરીખ.

૪. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર.

Gandhi Heritage Portal

# ૫. પંજાબનો પત્ર[1]

લાહોર,

માઘ સુદ ૧૩, [ફેબ્રુઆરી ૨, ૧૯૨૦]

### બે ડેપ્યુટેશનો

ફીજીનાં અને બ્રિટિશ ગિયાનાનાં ડેપ્યુટેશનો હાલ કેટલોક વખત થયાં હિંદુસ્તાનમાં આવ્યાં છે.[2] ફીજીના ટાપુ ઑસ્ટ્રેલિયાની પાસે છે. ત્યાં પચાસ વર્ષ થયાં હિંદી ગિરમીટિયાની મદદથી જથાબંધ શેરડી વાવવામાં આવે છે. અને તેની મારફતે ઑસ્ટ્રેલિયાની સેન્ટ્રલ શુગર કંપની કરોડો કમાઈ શકી છે. ગિરમીટની પ્રથા એ કેવી બૂરી છે એ આપણને ભાઈ ઍન્ડ્રૂઝે[3] આબેહૂબ બતાવી આપ્યું છે. પણ હવે તો જે ગિરમીટ ચાલુ હતી એ પણ વાઇસરૉય સાહેબના મક્કમપણાથી બંધ થઈ છે.[4]

બ્રિટિશ ગિયાના એ દક્ષિણ અમેરિકાનો એક ભાગ છે. તે ભૂમધ્ય રેખાની નીચે આવેલો મુલક છે. ત્યાં પણ જથાબંધ શેરડી પાકે છે ને એક એકરમાંથી ત્રણ ટન સુધી ખાંડ નીકળી શકે છે. હિંદુસ્તાનમાં એક એકરમાંથી એક ટન ખાંડ નીકળે છે. આ પ્રશ્નને હાલ શુગર કમિટી ઉકેલી રહી છે. તેમાં પ્રખ્યાત મિ. બરજોરજી પાદશાહ પણ એક સભાસદ છે. એટલે તેનું પરિણામ કંઈક સારું આવશે એમ માની શકાય. તેઓના કહેવા પ્રમાણે હાલ તો શેરડીના પાકથી આપણને ગેરફાયદો થતો હોય એવો સંભવ છે. બહારથી આવતી ખાંડ આપણને સસ્તી પડે છે અને હિંદુસ્તાનમાં ખાંડ પેદા ન કરવાથી કોઈની રોજી પડી ભાંગતી નથી. આ વાત જેવી મારે કાને આવી છે તેવી હું આપું છું. આ કંઈ મિ. પાદશાહના છેવટના વિચારો છે એમ પણ હું નથી કહી શકતો. તેમ આ વિષય અત્યારે હું ચર્ચવા માગતો પણ નથી. બ્રિટિશ ગિયાનાનો વિચાર કરતાં માત્ર આટલી ખબર અનાયાસે આપી દઉં છું.

ખાંડના વેપારની આપણી સ્થિતિ ગમે તેવી હો, પણ બ્રિટિશ ગિયાના અને ફીજી માત્ર ખાંડના વેપાર ઉપર આબાદ થયાં છે.

બ્રિટિશ ગિયાનામાં પણ ગિરમીટિયા જતા હતા. ત્યાં કોઈ બાહોશ માણસ ગયેલ નથી, તેથી ત્યાંના ગિરમીટિયાની સ્થિતિ આપણે જાણતા નથી. ત્યાંયે હવે ગિરમીટિયા મોકલવાનું બંધ થયું છે.

એટલે બન્ને મુલકોને પોતાની આબાદી કેમ કાયમ રાખવી એ મોટો સવાલ થઈ પડયો છે. જો તેઓને બીજા હિંદીઓ ન મળે તો ચિંતા કરવાનો સમય આવે.

ઈંગ્રેજી મજૂરો પાસેથી કામ ન લેવાય. એ મુલકોમાં ઈંગ્રેજો ઘર ન કરી શકે. ત્યાંની હવા તેમને માફક ન આવે. એટલે જો હિંદી મજૂરો ન મળે તો તેઓએ ચીન કે એવા બીજા

૧. ગાંધીજી નવેમ્બર તથા ડિસેમ્બર ૧૯૧૯માં, અને ફરીથી ફેબ્રુઆરી ૧૯૨૦માં પંજાબમાં ફર્યા હતા. ત્યાંથી તેઓ નવજીવન માટે આ સમાચારપત્રો દર અઠવાડિયે મોકલતા. આ પત્રમાળાનો પહેલો પત્ર નવજીવનના નવેમ્બર, ૨ ૧૯૧૯ના અંકમાં પ્રસિદ્ધ થયો હતો. જુઓ પુસ્તક ૧૬.

૨. બંને પ્રતિનિધિમંડળો બિનસરકારી હતાં.

૩. સી. એફ. ઍન્ડ્રૂઝ (૧૮૭૧–૧૯૪૦); અંગ્રેજ મિશનરી, લેખક, કેળવણીકાર અને ગાંધીજીના નિકટના સાથી.

૪. જાન્યુઆરી ૨, ૧૯૨૦થી ફીજી સરકારે તમામ ગિરમીટો રદ કરી હતી.

Gandhi Heritage Portal

મુલકો ઉપર દૃષ્ટિ નાખવી પડે. હિંદીના જેટલી સરળતા અને નમ્રતા ચીનના મજૂરોમાં નથી એવો તેઓનો અનુભવ છે એમ જણાય છે. આ બન્ને ડેપ્યુટેશન હિંદી સરકાર અને પ્રજા વર્ગની સાથે મસલત કરવા આવ્યાં છે. સ્વતંત્ર હિંદી કઈ રીતે આ બન્ને જગ્યાએ જઈ શકે એ જાણવા અને તેવો બંદોબસ્ત કરવા તેઓ આવ્યા છે. આ બન્ને ડેપ્યુટેશનની મને અહીં મુલાકાત થઈ છે. બ્રિટિશ ગિયાનાથી ત્યાંના ઍટર્ની જનરલ[1] અને કેટલાક ત્યાંના જૂના થઈ ગયેલા હિંદી ગૃહસ્થો ડેપ્યુટેશનમાં આવ્યા છે. ફીજીથી ત્યાંના બિશપ અને એક બીજા ઇંગ્રેજી ગૃહસ્થ આવ્યા છે. બ્રિટિશ ગિયાનાની માગણી એવી છે કે આપણા ખેડૂત વર્ગના માણસો ત્યાં સ્વતંત્ર રીતે જાય ને ત્યાં ખેતી કરે. તેઓએ કોઈએ ત્યાં મજૂરી કરવાની જરૂર નથી. બ્રિટિશ ગિયાનામાં હિંદી ગોરા વચ્ચે એકસરખી સ્થિતિ છે. આ ત્યાંના ગોરાનો ગુણ નથી પણ ત્યાંની પરિસ્થિતિનું પરિણામ છે. ગોરા ઘણે ભાગે અમલદાર વર્ગના રહ્યા ને ખેતી વગેરે પણ તેઓથી થઈ ન શકે. ત્યાંના ગોરાએ આપણી છીટ છોડી દીધી છે એમ માનવાનું કારણ નથી. છતાં આટલું ખરું છે કે બ્રિટિશ ગિયાનામાં અત્યારે તો બે ભાગ જેમ બીજે છે તેમ નથી, ને ત્યાં હિંદી લોકો જઈને વસે તો જેમ પૂર્વ આફ્રિકામાં થઈ રહ્યું છે તેમ હલાકી થાય તેવું નથી.

ફીજીમાં જુદી સ્થિતિ છે. ફીજીનું ડેપ્યુટેશન સ્વતંત્ર હિંદી નથી માગતું પણ સ્વતંત્રપણે મજૂરી કરનારા હિંદી માગે છે. ગિરમીટમાં નહીં પણ સ્વતંત્રપણે તેઓ મજૂરી કરવા જાય — જેમ હિંદી મજૂર સિંગાપોર વગેરે જગ્યાએ જાય છે તેમ.

આ બંને દરખાસ્ત વિષે મારો અભિપ્રાય માગવામાં આવ્યો છે. મેં હજુ જાહેરમાં કશો અભિપ્રાય નથી આપ્યો. કેટલાક મારા વિચારો મેં બતાવેલા તેમાં બ્રિટિશ ગિયાનાના વડા વકીલ મારી સહી લઈ ગયા છે.[2]

મને ભાસે છે કે આપણે હજુ કૉલોનિસ્ટ મોકલવા તૈયાર નથી થયા. લોકોમાં એટલી સ્વતંત્રતા, એટલું સ્વાશ્રયપણું નથી આવ્યાં. એટલે સ્વતંત્રપણે મજૂરો જાય એ હકીકતમાં બનવું મુશ્કેલ જોઉં છું. સ્વતંત્રપણે ખેડૂતો જાય ને સ્વતંત્ર રહી શકે એ પણ હું હજુ સંભવિત નથી જોતો.

આપણામાં તેટલી કળા નથી, આપણામાં બહાર જવાનો તેટલો શોખ નથી, બહાર જવાની તેટલી જરૂર નથી. જો અજ્ઞાની પણ સાહસિક વર્ગ જાય તો તેની પાછળ વિદ્વાન પારમાર્થિક વર્ગ જવો જોઈએ. તેવા માણસો જાય ને લોકસેવા કરે તો ઘણું સારું કામ થાય એમ મારું માનવું છે. તેવો વર્ગ હિંદુસ્તાનમાંયે થોડો છે. તેમાંથી બહાર જનાર ક્યાંથી મળે? એટલે જોકે હું ખેડૂત વર્ગના લોકોને મજૂર તરીકે કે બીજી રીતે બહાર જતા કાયદેથી અટકાવું નહીં તોપણ હું તેવા માણસોને બહાર જવાનું સીધી કે આડકતરી રીતે ઉત્તેજન પણ ન આપું. હાલ તો આટલે સુધી વાંચનારની પાસે મારો નમ્ર અભિપ્રાય હું મૂકી શકું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૮–૨–૧૯૨૦

૧. ડૉ. જોસફ ન્યૂનન.

૨. ગાંધીજી ડૉ. ન્યૂનનને ૧લી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ મળ્યા હતા.

Gandhi Heritage Portal

## ૬. એલ. ફ્રેંચને[1] પત્ર

લાહોર,

ફેબ્રુઆરી ૩, ૧૯૨૦

માર્શલ લૉ હેઠળના તથા બીજા હજી નહીં છૂટેલા રાજકીય કે અર્ધરાજકીય કેદીઓ સંબંધમાં રોજ પૂછપરછ થતી રહે છે. આ સંબંધમાં મેં તમને પૂછીને પણ તસ્દી આપી નથી, કેમ કે હું જાણું છું કે છોડવા યોગ્ય તમામ કેદીઓની યાદીઓ તૈયાર થતાં સમય લાગે છે.

પરંતુ જો તમે અત્યારે એટલું જણાવી શકો તો સારું કે ભાઈ પરમાનંદ[2] સહિત બીજા કેદીઓને, તથા જેમને લાહોર કાવતરા અંગેના મુકદ્દમાઓમાં સજા થયેલી છે તેવા કેદીઓને છોડવાના છે કે નહીં.

તાજેતરમાં છોડી મૂકવામાં આવેલા માણસો પાસેથી કબૂલાતો લખાવી લેવામાં આવી છે તેની સામે વાંધો ઉઠાવાયો છે.[3] આવો ભેદભાવ શા માટે કરવામાં આવ્યો છે તેનું કોઈ કારણ બતાવી શકાય તેમ છે?

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી: એસ. એન. ૭૧૦૨

## ૭. બ્રિટિશ ગિયાના અને ફીજીનાં પ્રતિનિધિમંડળો[4]

[ફેબ્રુઆરી ૪, ૧૯૨૦ પહેલાં][5]

હાલમાં હિંદુસ્તાનમાં દરિયાપારથી બે પ્રતિનિધિમંડળો આવ્યાં છે. એક બ્રિટિશ ગિયાનાથી આવ્યું છે, તેના અગ્રણી એ દેશના ઍટર્ની જનરલ ડૉ. ન્યૂનન છે; અને બીજું ફીજીથી આવ્યું છે, તેના અગ્રણી પોલિનેશિયાના બિશપ છે. આ બંને પ્રતિનિધિમંડળો પોતપોતાના સંસ્થાન માટે હિંદુસ્તાનમાંથી મજૂરો મેળવવા માટે અહીં આવ્યાં છે. અત્યાર સુધી બંને સંસ્થાનોને ગિરમીટિયા મજૂરો મળતા હતા. બંને સંસ્થાનોમાં ચાલુ ગિરમીટો હજી હમણાં જ રદ કરવામાં આવી છે.

૧. પંજાબ સરકારના તે વખતના મુખ્ય સચિવ.

૨. પંજાબના એક ક્રાન્તિકારી નેતા, તેમને કાળાપાણીની સજા થઈ હતી, પરંતુ પાછળથી છોડી મૂકવામાં આવ્યા હતા. આગળ જતાં તેઓ અખિલ હિંદ હિંદુ મહાસભાના પ્રમુખ બન્યા હતા.

૩. મુખ્ય સચિવે ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૨૦ના પોતાના જવાબમાં જણાવ્યું હતું કે નામદાર સમ્રાટના ઢંઢેરાને આધારે ૭૩૪ કેદીઓમાંથી ૬૩૮ને છોડી મૂકવામાં આવ્યા છે; જે લોકોને લાહોર કાવતરા કેસ અંગે સજા થયેલી છે (આમાં ભાઈ પરમાનંદ પણ આવી જાય છે) તેમનો પ્રશ્ન હજી વિચારણા હેઠળ છે; અને જેમના ઉપર વધારે ગંભીર બિનરાજકીય ગુનાઓનો આરોપ છે તેમની પાસેથી કબૂલાતો લખાવી લેવામાં આવી છે.

૪. નીચેના લેખો પણ જુઓ: "પંજાબનો પત્ર", ૨-૨-૧૯૨૦; "વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર", ૪-૨-૧૯૨૦ પહેલાં; તથા "ડૉ. જોસફ ન્યૂનનને પત્ર", ૫-૨-૧૯૨૦.

૫. આ લેખ દેખીતી રીતે જ ૪-૨-૧૯૨૦ પહેલાં લખાયો હતો; જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

જુદાં જુદાં સંસ્થાનોમાં વસતા બ્રિટિશ હિંદીઓના દરજ્જા બાબતમાં નામદાર વાઈસરૉયનું વલણ સામાન્ય રીતે સાચું રહેલું છે, એટલે આ બાબતમાં એમણે લોકોનો કેસ બહુ સ્પષ્ટ રીતે રજૂ કર્યો છે. એમણે કહ્યું છે કે હિંદુસ્તાન પોતાને ભોગે સંસ્થાનોની સગવડનો વિચાર કરે એવી અપેક્ષા એની પાસેથી રાખી ન શકાય. તે જ રીતે જો હિંદીઓ પોતાની સ્થિતિ સુધારવાના હેતુથી કોઈ સંસ્થાનોમાં વગર બંધને જવા માગતા હોય, તો હિંદી સરકાર તેમને દેશ બહાર જતા રોકી ન શકે. નામદાર સાહેબે એમ પણ કહ્યું છે કે આ પ્રતિનિધિમંડળો સાથે ચર્ચા કરવા તથા પ્રસ્તુત પ્રશ્નનો વિચાર કરવા ઘણુંખરું બિનસરકારી સભ્યોની એક સમિતિ નીમવામાં આવશે અને સરકાર એ સમિતિની સલાહ પ્રમાણે વર્તશે.[૧]

હવે આ બાબતમાં શી પરિસ્થિતિ છે તેનો આપણે વિચાર કરીએ. બ્રિટિશ ગિયાનાનું પ્રતિનિધિમંડળ પોતાના બગીચાઓ માટે ખેડૂતવર્ગના સ્વતંત્ર હિંદીઓને ત્યાં લઈ જઈને વસાવવા માગે છે. ફીજીનું પ્રતિનિધિમંડળ ગિરમીટિયા મજૂરોને બદલે સ્વતંત્ર મજૂરો લઈ જવા માગે છે. બંને દેશો ઉષ્ણ કટિબંધમાં આવેલા છે અને મુખ્યત્વે શેરડી પકવે છે. આ દેશો દક્ષિણ આફ્રિકા અને પૂર્વ આફ્રિકાના ઉચ્ચ પ્રદેશો જેવા નથી, એટલે કે ત્યાં યુરોપિયન વસાહતીઓ રહી શકે તેમ નથી. આ પ્રદેશો યુરોપિયન વસાહતો સ્થાપવા માટે લાયક નથી, તોપણ યુરોપિયનોની મૂડી વડે હિંદી મજૂરોની મદદથી એ દેશોનો વિકાસ સધાઈ રહ્યો છે. એટલે જો એમને નોકરો તરીકે અથવા મુકાદમો તરીકે હિંદના મજૂરો ન મળી શકે, તો એમણે બીજા કોઈ દેશમાં, બની શકે તો ચીનમાં એને માટે તપાસ કરવી પડે.

આ બંને પ્રતિનિધિમંડળોને મળવાનો લહાવો મને મળ્યો હતો. બ્રિટિશ ગિયાનાના પ્રતિનિધિમંડળને તો હું એક કરતાં વધારે વખત મળ્યો છું. બ્રિટિશ ગિયાનામાંના હિંદી ગિરમીટિયા મજૂરો પ્રત્યે ગેરવર્તાવ થયાની કોઈ ફરિયાદો મળી નથી. અને એ વિષે કોઈ શંકા નથી કે એ દેશમાં કોઈ પણ કાનૂની અસમાનતાઓ નથી. ફીજીના કાયદામાં પણ આંખે ચઢે એવી કોઈ અસમાનતાઓ ઘણુંખરું અસ્તિત્વમાં નથી. હું એમ પણ માનું છું કે ફીજીની સરકાર અને ત્યાંના બગીચામાલિકો હિંદી મજૂરો સાથે અગાઉના કરતાં સારો વર્તાવ રાખવા અને તેમને વધારે સારી શરતોની ઑફર કરવા તૈયાર છે.[૨]

પરંતુ આપણે માટે વિચારવાનો પ્રશ્ન આ છે: આપણા મજૂરો એ દેશોમાં જાય એમ આપણે ઇચ્છીએ છીએ ખરા? અને જો ઇચ્છતા હોઈએ, તો એમને માટેની શરતો એવી છે ખરી જેને પરિણામે હિંદી મજૂરોની નૈતિક અને આર્થિક સ્થિતિમાં સુધારો થાય?

મારો અભિપ્રાય એવો છે કે હિંદુસ્તાનમાં જેટલા મજૂરો છે તે બધાની આપણને જરૂર છે. જે મજૂર કામ કરવા તૈયાર છે તેને માટે આ દેશમાં સારી એવી આજીવિકા મેળવવાનો પૂરતો અવકાશ છે. આપણાં કારખાનાંઓ માટે મજૂરોની જરૂર છે. હિંદુસ્તાનમાં વધારેપડતી વસ્તી નથી. જેઓ અસલ ખેડૂતો છે તેમને રોટલો રળવા માટે હિંદુસ્તાનની બહાર જવાની

૧. ફેબ્રુઆરી ૧૯૨૦માં આ સમિતિ નીમવાનો ઠરાવ હિંદની ધારાસભામાં સ્વીકારાયો હતો.

૨. ૧૯૨૦ના પ્રારંભમાં ફીજીના હિંદી મજૂરોએ હડતાળ પાડી હતી. એ તો દેખીતું જ હતું કે એનો હેતુ વધારે પગાર મેળવવાનો અને મજૂરીની શરતો સુધરાવવાનો હતો. પરંતુ પાછળથી એને લીધે ગંભીર અવ્યવસ્થા ફેલાઈ હતી અને બળ વાપરીને એ દાબી દેવામાં આવી હતી.

Gandhi Heritage Portal

જરૂર નથી. લોકોને દેશ બહાર મોકલવાથી હિંદુસ્તાનની ગરીબાઈનો પ્રશ્ન ઉકેલી શકાય એમ નથી. એનાં કારણો એટલાં ઊંડાં અને વ્યાપક છે કે લોકોને દેશ બહાર મોકલવાની યોજના ગમે તેટલી મહત્ત્વાકાંક્ષી હશે તોપણ એનાથી તેનો ઉકેલ આવી શકે તેમ નથી. થોડાક હજાર માણસો દર વર્ષે પરદેશ જાય તેનાથી હિંદુસ્તાનની વિરાટ આમજનતાની જડ ઘાલી બેઠેલી અને સદા વધતી જતી ગરીબાઈ ઉપર કશી અસર પડી શકે એમ નથી. મારી એવી ખાતરી થઈ છે કે પરદેશ રહી પાછા આવેલા મોટા ભાગના લોકો કૌટુંબિક જીવનને છિન્નભિન્ન કરી નાખે છે અને તેના બદલામાં એકંદર સમાજને કે એ વિખૂટા પડેલા કુટુંબના સભ્યોને કશો લાભ આપતા નથી. એટલે જોકે કોઈ ખેડૂતને પરદેશ જવું હોય તો હું તેને રોકીશ નહીં, તેમ છતાં પરદેશ જવાથી જો ચોખ્ખો નૈતિક લાભ થવાનો ન હોય તો હું તેને દેશ છોડવાનું ઉત્તેજન પણ આપીશ નહીં.

આધુનિક અર્થમાં આપણે સંસ્થાન વસાવનારી પ્રજા નથી. મજૂરોની પાછળ દેશના ઉપલા વર્ગના એવા લોકો પરદેશોમાં જતા નથી, જેઓ ત્યાં આજીવિકા તો રળવા માગતા હોય, પરંતુ એ આજીવિકા માટે પોતાના દેશબંધુઓની સેવા ઉપર જ આધાર રાખવાનો ઈરાદો ધરાવતા હોય. પરદેશમાં રહેવાથી ધાર્મિક અને સામાજિક બંધનો ઢીલાં થઈ જાય છે. હિંદના વાતાવરણ-માંના અંકુશો પરદેશમાં સાથે જતા નથી. એટલે નવો પ્રવાસી એક એવા વાતાવરણમાં જાય છે જે અગાઉ ગયેલા લોકોની ગુલામી વૃત્તિથી કલુષિત થયેલું હોય છે અને એ વૃત્તિની જીવન-પ્રણાલીમાં રહેલી અનિવાર્ય અનીતિમત્તાથી હીન બનેલું હોય છે. આથી નવો પ્રવાસી પોતે પણ એ હીન વાતાવરણને તાબે થતો હોય છે. માટે ભાવિ પ્રવાસીઓને આવાં ગંભીર નૈતિક જોખમો વચ્ચે મુકાવા દેવાનું વાજબી નથી.

બંને પ્રતિનિધિમંડળોએ આગ્રહ રાખ્યો છે કે અહીંથી વધારે કુટુંબોને પરદેશ મોકલવાનું આપણું કર્તવ્ય છે, કેમ કે એમ કરવાથી ત્યાંની હિંદી વસ્તીમાં સ્ત્રીઓની સંખ્યાની જે ઊણપ છે તે પુરાઈ જાય. બીજા શબ્દોમાં કહીએ તો આપણે એ દેશોમાં વધારે સ્ત્રીઓને મોકલવી જોઈએ. આ વિચાર મને બિલકુલ પસંદ નથી. ત્યાં જઈને અનીતિના ધંધામાં એક પણ સ્ત્રી ફસાય એ સ્થિતિ સર્જવામાં હું ભાગીદાર થવા માગતો નથી. વ્યભિચારની આ બદી ઊભી કરવામાં સંસ્થાનોનો તેમ જ હિંદ સરકારનો બંનેનો હાથ છે. એનો એકમાત્ર ઉપાય એ છે કે ત્યાં જે વધારાના જુવાનો હોય તેમણે ઇચ્છા હોય તો હિંદુસ્તાન આવી રીતસર લગ્ન કરવાં અને પછી પોતાની પત્નીઓને સાથે લઈને પાછા જવું. આવી ઉન્નતિકર હિલચાલ કેવળ સંસ્થાનોમાંથી જ આરંભી શકાય. એટલે બંને પ્રતિનિધિમંડળોને જો પોતાના દેશમાં રહેતા હિંદી વસાહતીઓના નૈતિક ઉત્કર્ષની કંઈ પડી હોય, તો તેમને મારી સલાહ છે કે તેમણે પોતપોતાના સંસ્થાનમાં એવી સંસ્થાઓ ખોલવી જે નવયુવાનોને પોતાની જીવનસંગિની શોધવાના હેતુથી થોડા સમય માટે હિંદુસ્તાન પાછા આવવાનું પ્રોત્સાહન આપે. આ મોટી મુશ્કેલીનો પ્રશ્ન અહીં છેડવામાં આવ્યો છે ત્યારે મને એમ કહેવાનું મન થઈ જાય છે કે જો આ બંને પ્રતિનિધિ-મંડળો પોતાની આસપાસના નૈતિક વાતાવરણને સાફ કરવામાં પોતાની શક્તિ વાપરવાનાં હોય તો અહીંના લોકો એમના કામમાં વધારે સારી રીતે સહકાર આપી શકશે.

બીજું, જ્યાં સુધી દરેક જગ્યાએ અંગ્રેજો અને આપણી વચ્ચેના સંબંધો સારી પેઠે સુધરે નહી ત્યાં સુધી અનિયંત્રિત પરદેશગમનની કોઈ પણ યોજના હકીકતમાં સફળ થઈ શકે નહીં. દક્ષિણ

Gandhi Heritage Portal

આફ્રિકામાં જે અંગ્રેજ છે તે હિંદુસ્તાનમાં, ફીજીમાં કે બ્રિટિશ ગિયાનામાં વસતા અંગ્રેજ કરતાં કંઈ વધારે ખરાબ નથી. દક્ષિણ આફ્રિકામાં પોતાના હિત વિષેની ટૂંકી દૃષ્ટિને પરિણામે ત્યાંનો અંગ્રેજ હિંદીઓને એ દેશમાંથી કાઢી મૂકવા માગે છે અને ત્યાં એના અંતરાત્મા અને એના સ્વાર્થ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. બ્રિટિશ ગિયાનામાં એનો સ્વાર્થ અને એનો અંતરાત્મા એક જ અવાજે બોલે છે. એટલે તે હિંદીઓને ત્યાં વસાવવા માગે છે. પરંતુ જેમ દક્ષિણ આફ્રિકાનો અંગ્રેજ સામાન્ય હિંદીને પોતાની કક્ષાનો ગણતો નથી તેવી જ રીતે તે પણ હિંદીને પોતાના સરખા દરજ્જાનો ગણતો નથી. એથીયે બૂરી ચીજ તો એ છે કે સામાન્ય હિંદી પોતે પણ પોતાને અંગ્રેજનો સમોવડિયો માનતો નથી. આને લીધે પરસ્પર અવિશ્વાસ, એક પક્ષે ઘૃણા અને બીજે પક્ષે ડર છે. એટલે જ્યાં સુધી આ સંબંધો સમધારણ અને સ્વાભાવિક નહીં બને ત્યાં સુધી આ સંસ્થાનોમાં મુક્ત પ્રવાસને પણ ઉત્તેજન આપવું કે ટેકો આપવો ઉચિત નથી.

હું માનું છું કે આ પ્રતિનિધિમંડળો, એમને જરૂર છે એવા પ્રકારના મજૂરો મેળવવા માટે એક પ્રકારની એજન્સી અથવા બ્યૂરો ખોલવા માગે છે. હિંદીઓ મુક્ત મજૂરો તરીકે ફીજી જાય એ વિચાર માત્ર મને અકળાવી મૂકે છે. એમની અત્યારની સમજશક્તિનો વિચાર કરતાં, ફીજી પહોંચ્યા પછી તેઓ મુક્ત અને ગિરમીટિયા મજૂર વચ્ચેનો ભેદ સમજી શકશે નહીં. બ્રિટિશ ગિયાનામાં ખેડૂતને પોતાનો ઉપયોગ સમજાશે નહીં. પરિણામે તે બગીચાઓમાં મજૂરિયો બની જશે. આ સ્વતંત્ર એજન્સીની સાથેસાથે આપણા તરફથી એવા જ પ્રકારની એક સલાહકાર એજન્સી સ્થપાવી જોઈએ, જે લોકોને નિર્ણય કરવામાં મદદ કરી શકે. આ દૃષ્ટિએ મેં ડૉ. ન્યૂનનને સૂચવ્યું છે કે અખતરા તરીકે મજૂરોનો એક કાફલો બ્રિટિશ ગિયાના મોકલી આપો અને તેની સાથેસાથે મિ. સી. એફ. ઍન્ડ્રૂઝ અથવા ત્યાંની મજૂરીની સ્થિતિનું જેને જ્ઞાન હોય એવા કોઈ આગળપડતા હિંદીને મોકલી આપો. એ ગૃહસ્થ ત્યાં જઈને હકીકતોનો અભ્યાસ કર્યા પછી રિપોર્ટ મોકલે. હાલ તુરત વધારેમાં વધારે જે કંઈ કરી શકાય તે વિષે આટલી વાત છે. અને હું આશા રાખું છું કે સરકારે નીમવા ધારેલી બિનસરકારી સમિતિ કે જાહેર જનતા પણ આનાથી કશું વિશેષ કરવા હા પાડશે નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ११-२-१९२०

Gandhi Heritage Portal

# ૮. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

[ફેબ્રુઆરી ૪, ૧૯૨૦ પહેલાં][1]

વહાલા શ્રી શાસ્ત્રી[2],

હું જાણું છું કે ફીજી અને બ્રિટિશ ગિયાનાનાં પ્રતિનિધિમંડળો આપને મળી ચૂક્યાં છે અથવા થોડા વખતમાં મળશે. મેં યંગ ઇન્ડિયા માટે હમણાં જ એક લેખ[3] મોકલી આપ્યો છે જે આવતા અઠવાડિયાના બુધવાર પહેલાં છાપી શકાશે નહીં. આપને તે રાબેતા મુજબ મોકલી આપવામાં આવશે. પરંતુ દરમ્યાનમાં હું આપને જણાવી દેવા માગું છું કે આ પ્રતિનિધિમંડળોના હેતુઓ વિષે મને ભરોસો પડતો નથી. સભ્યો ભલા છે એની ના નથી, પરંતુ તેઓ આપણી મુસીબત સમજી શકે તેમ નથી. મને લાગે છે કે હાલને તબક્કે આપણે કોઈ પણ હિંદીને એ દેશોમાં મોકલી શકીએ નહીં. એ તો કાળિયા સાથે ધોળિયો બાંધો, વાન ન આવે પણ સાન આવે, એના જેવી વાત થાય. ફીજી અને બ્રિટિશ ગિયાનામાં ગિરમીટિયા મજૂર પ્રથાની દુર્ગંધથી વાતાવરણ ગંધાઈ રહ્યું છે. આ પ્રાણઘાતક દુર્ગંધ શમી જાય, તે પછી જ આપણે નવા મજૂરો મોકલી શકીએ. એ સાચું છે કે હવે જે મજૂરો ત્યાં જશે તે પોતાની રાજીખુશીથી જશે અને ત્યાં સ્વતંત્ર મજૂરો તરીકે રહેશે. તેમ છતાં આપણે આપણા દેશબંધુઓને સલાહ તો આપવી જ જોઈએ. એટલે મેં ડૉ. ન્યૂનનને સૂચવ્યું છે કે જો તેઓ એક સંસ્કારી હિંદીને બ્રિટિશ ગિયાના મોકલવાની વ્યવસ્થા કરે અને એ ભાઈ ત્યાં જઈ બધી બાજુનો અભ્યાસ કરી નિવેદન મોકલી આપે તો સારું થાય. મેં એમ પણ કહ્યું છે કે એક અખતરા તરીકે ખેડૂતોનો એક કાફલો ત્યાં જાય તોપણ મને વાંધો નથી. તો આપ અમૃતલાલ ઠક્કરને[4] કે તિવારીને આ દેશોની મુલાકાતે જવા છૂટા કરી શકશો? ડૉ. ન્યૂનને ખર્ચ આપવાની તૈયારી બતાવી છે.

આશા છે કે આપની તબિયત સારી રહેતી હશે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી : એસ. એન. ૭૩૯૩

૧. આ પત્રમાં જે લેખના પ્રકાશનનો ઉલ્લેખ છે તે બુધવાર, ફેબ્રુઆરી ૧૧, ૧૯૨૦ના યંગ ઇન્ડિયામાં છપાયો હતો. એટલે એ લેખ અને આ પત્ર બંને બુધવાર, ફેબ્રુઆરી ૪, ૧૯૨૦ પહેલાં લખાયા હોવા જોઈએ.

૨. પરમ માનનીય વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી (૧૮૬૯–૧૯૪૬); કેળવણીકાર અને વક્તા; હિંદ સેવક સમાજના પ્રમુખ, ૧૯૧૫–૨૭; વાઇસરૉયની લેજિસ્લેટિવ કાઉન્સિલ અને કાઉન્સિલ ઑફ સ્ટેટના સભ્ય; દક્ષિણ આફ્રિકામાં હિંદી સરકારના એજન્ટ જનરલ.

૩. જુઓ આ પહેલાંનો લેખ.

૪. અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર (૧૮૬૯–૧૯૫૧); ગુજરાતી ઇજનેર, જેમણે હિંદ સેવક સમાજના આજીવન સભ્ય તરીકે આખા સમય માટે સમાજસેવાનું કાર્ય ઉપાડયું હતું અને પાછળથી હરિજનો અને આદિવાસીઓના ઉદ્ધારમાં જીવન વિતાવ્યું હતું.

Gandhi Heritage Portal

## ૯. એસ્થર ફેરિંગને પત્ર

બુધવાર [ફેબ્રુઆરી ૪, ૧૯૨૦][1]

મારી વહાલી દીકરી,

તારા પત્રો મળ્યા છે. જે બની ગયું છે તેના ઉપર આંસુ સારવાં નકામાં છે. હવે પરિસ્થિતિ કેવી રીતે સુધારી લેવી એ પ્રશ્ન છે. ઈસ્ટરના તહેવારો દરમ્યાન અથવા બીજા કોઈ સમયે તારે જ્યાં જવું હોય ત્યાં અવશ્ય જઈ શકે છે. આમાં મુખ્ય વાત તારા માનસિક અને આધ્યાત્મિક સુખની છે. જે અનિયમિતતાની વાત તેં લખી છે તે માટેનો એલ. કે.એ અજમાવેલો એક ઉત્તમ ઉપાય છે. કટિસ્નાન અને ઘર્ષણસ્નાન લેવાનું રાખવું અને મીઠામસાલા વગરનો ખોરાક લેવો. આ વિષય ઉપર આશ્રમમાં એક પુસ્તક છે. તે તું વાંચી જજે. એસ. કે. અને બીજા ભાઈઓને આ પુસ્તકની ખબર છે. બાએ પણ આ ઉપાયો વર્ષો સુધી અજમાવેલા છે અને તેનાં સારાં પરિણામો અનુભવ્યાં છે. માટે તું ત્યાં છે ત્યાં સુધી એ ઉપાયો જરૂર અજમાવજે. પાંઉરોટી મંગાવતાં જરા પણ સંકોચ રાખીશ નહીં. એ મેળવવાનું બહુ સહેલું છે.

તને શાંતિ મળવી જોઈએ અને પ્રભુચિંતન કરવા માટે સમય મળવો જોઈએ એ તારી વાત સાથે હું સંમત થાઉં છું. તું અમદાવાદના ચર્ચમાં શા માટે ન જાય? આનો અર્થ એમ ન સમજીશ કે હું તને કૉનવેન્ટને બદલે આ સૂચવું છું. ઈશ્વર તને માર્ગ બતાવશે અને બળ તથા પ્રકાશ આપશે.

પ્યાર અને પ્રાર્થના સહિત,

તારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઈન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૫૨–૩

૧. પત્રમાં લખેલી બાબતો ઉપરથી જણાય છે કે એસ્થરને ૧લી ફેબ્રુઆરીએ પત્રો લખાયા પછી તરત જ આ પત્ર લખાયો હતો; અને ૧૯૨૦માં ૧લી ફેબ્રુઆરી પછીનો પહેલો બુધવાર ૪થી ફેબ્રુઆરીએ હતો.

Gandhi Heritage Portal

## ૧૦. વ્રજસુંદરદાસને પત્ર

૨, મોઝંગ રોડ,
લાહોર,
ફેબ્રુઆરી ૫, ૧૯૨૦

પ્રિય બાબુ વ્રજસુંદરદાસ,

ઊડિયા ચળવળ વિષેનો તમારો છાપેલો પરિપત્ર મળ્યો.[૧] કાગળો હજી મળ્યા નથી, કદાચ તે હવે પછી આવશે. પરંતુ હું ઇચ્છું છું કે આ ચળવળ જે પ્રગતિ કરે તેનાથી તમે મને વારંવાર લખીને વાકેફ રાખશો. આ વિષે હું યંગ ઇન્ડિયામાં થોડું[૨] લખું છું. યંગ ઇન્ડિયા તમને મળતું જ હશે.

તમારો સહૃદયી

પ્રમુખ
ઊડિયા પીપલ્સ ઍસોસિયેશન
કટક

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૭૧૦૫

## ૧૧. એસ્થર ફેરિંગને પત્ર

લાહોર,
ગુરુવાર [ફેબ્રુઆરી ૫, ૧૯૨૦][૩]

પ્યારી દીકરી,

હું જોઉં છું કે મેં તારું દિલ દૂભવ્યું છે. મને ક્ષમા કરજે. મેં જે લખ્યું હતું તે એટલા માટે લખ્યું હતું કે મને તારા પ્રત્યે અતિશય પ્રેમ છે. મને લાગે છે કે તું અહીં આવે તેથી કશો અર્થ સરશે નહીં, કેમ કે ૧૧મી તારીખથી હું પ્રવાસે જનાર છું.[૪] એટલે તું આવશે તોપણ હું તારી સાથે રહી શકીશ નહીં. મોડામાં મોડો ૨૩મી તારીખે હું તારી પાસે આવી પહોંચવાની આશા રાખું છું.[૫] એટલે કંઈ નહીં તો થોડા સમય માટે આપણે ભેગાં રહી શકીશું. દરમ્યાન, કૃપા કરીને તું કટિસ્નાન અને ઘર્ષણસ્નાન લેવાનું શરૂ કરી દેજે. અને ત્યાં ડૉક્ટર

૧ અને ૨. જુઓ "ઉત્કલનો પોકાર", ૧૮-૨-૧૯૨૦.
૩. આ પત્ર ૪-૨-૧૯૨૦ને રોજ એસ્થર ફેરિંગને લખાયેલા પત્ર પછી તરત જ લખાયો જણાય છે.
૪. ફેબ્રુઆરી ૧૧થી ૧૫ સુધી ગાંધીજી પંજાબની મુસાફરીમાં હતા.
૫. ગાંધીજી ૨૨મી ફેબ્રુઆરીએ સાબરમતી આશ્રમ પહોંચ્યા હતા.

Gandhi Heritage Portal

પણ છે. તો તેની પાસે તું તારું શરીર શા માટે તપાસાવી ન લે? જો હું તારી જગાએ હોઉં તો હું તારા જેવો સંકોચ નહીં રાખું. પરંતુ હું તને દબાણ કરવા માગતો નથી.

પ્યાર અને પ્રાર્થના સહિત,

તારો
બાપુ

[મૂળ અંગ્રેજી]
નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઈન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૫૭

## ૧૨. ડૉ. જોસફ ન્યૂનનને પત્ર

ફેબ્રુઆરી ૫, ૧૯૨૦

વહાલા ડૉ. ન્યૂનન,

મિ. પોલાકે[1] મને ડેલી આરગોસીમાંથી એક ઉતારો મોકલી આપ્યો છે, તે હું આ સાથે બીડું છું. એ ઉપરથી આપ જોશો કે બ્રિટિશ ગિયાનામાં એક પક્ષ આપની યોજનાનો વિરોધી હોવાનું દેખાય છે. દેખીતી રીતે જ તેઓ આપની યોજનાને વસાહતી યોજના નહીં, પરંતુ મજૂરો મેળવવાના ઉદ્દેશવાળી યોજના ગણે છે. તો આ પક્ષ કોણ છે અને આખરે આપ ચોકસ કઈ સ્થિતિએ પહોંચવા માગો છો તે મને કૃપા કરીને જણાવશો? આ વિષયમાં મારા વિચારોની રજૂઆત કરતો એક લેખ મેં યંગ ઇન્ડિયા માટે લખ્યો છે. એ પ્રસિદ્ધ થશે કે તરત એની એક નકલ આપને મોકલવામાં આવશે. આરગોસીમાંના આ ઉતારાએ અવશ્ય મને જરા ગભરાવી મૂક્યો છે અને યંગ ઇન્ડિયામાં મેં જે કંઈ લખ્યું છે તેને ફરી તપાસી જવાની તે મને ફરજ પાડે છે. મને સહેજ પણ અવકાશ મળશે એટલે, કંઈક સંતોષ આપે તેવી અને આપના પૈકી અહીંથી મજૂરો લઈ જવામાં માનનારા લોકોનો ટેકો મળે એવી વસાહતની યોજના કેવી હોવી જોઈએ તે વિષેના મારા પોતાના વિચારો હું લખી કાઢવા માગું છું.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]
નકલ પરથી : એસ. એન. ૭૩૯૩

1. એચ. એસ. એલ. પોલાક; દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના એક નિકટના સાથી હતા.

Gandhi Heritage Portal

## ૧૩. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

૨, મોઝંગ રોડ,
લાહોર,
ફેબ્રુઆરી ૫, ૧૯૨૦

પ્રિય શ્રી શાસ્ત્રી,

આપનો પત્ર મળ્યો છે. એનો જવાબ એકબે દિવસમાં આપવા ધારું છું. દરમ્યાન મિ. પોલાક તરફથી મળેલો એક ઉતારો આ સાથે મોકલું છું. એ ઉતારો તો મજૂરોને પરદેશ મોકલવાની યોજના કાગળ ઉપર ગમે તેવી સારી લાગતી હોય તોપણ તેના ઉપર વિચાર કરવાની મુશ્કેલીમાં વધારો કરે છે. પરંતુ તેમ છતાં હું કોઈક પ્રકારની એવી યોજના લખી કાઢવા પ્રયાસ કરી રહ્યો છું, જે મજૂરોને દેશપાર મોકલવાની યોજનાનો વિચાર કરવા તૈયાર હોય એવા લોકો માટે નાનામાં નાની યોજનાની ગરજ સારે.

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી :- એસ. એન. ૭૩૯૩

## ૧૪. સી. આર. દાસને[1] તાર[2]

લાહોર,
[ફેબ્રુઆરી ૫, ૧૯૨૦ કે તે પછી]

નીકળવું અશક્ય છે. ૨૦મી પહેલાં કામ[3] પૂરું થવું જ જોઈએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૧૦૪

૧. ચિત્તરંજન દાસ (૧૮૭૦-૧૯૨૫); પ્રસિદ્ધ વકીલ અને કૉંગ્રેસી નેતા; વક્તા અને લેખક; ૧૯૨૧માં કૉંગ્રેસના પ્રમુખ ચૂંટાયા હતા.

૨. આ તાર ૫મી ફેબ્રુઆરી, ૧૯૨૦ના એક તારના જવાબમાં મોકલવામાં આવ્યો હતો. ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં મૌલાના આઝાદને પ્રમુખપદે બંગાળ પ્રાંતિક ખિલાફત પરિષદ ભરાઈ હતી. તેમાં હાજર રહેવા ગાંધીજીને કલકત્તા બોલાવવામાં આવ્યા હતા, એમ એ તાર ઉપરથી જણાય છે. આ જવાબ ગાંધીજીએ સી. આર. દાસ તરફથી આવેલા તારની પાછલી બાજુએ લખી નાખ્યો હતો. એ ફેબ્રુઆરીની ૫મીએ કે તે પછી લખાયો હતો, એટલું સ્પષ્ટ છે.

૩. આ કામ એટલે પંજાબનાં રમખાણોની તપાસ અંગેનું કામ; કેમ કે એ તપાસના રિપોર્ટના ખરડાને આખરી સ્વરૂપ આપવા માટે, કૉંગ્રેસની પંજાબ સબકમિટીએ નીમેલા તપાસપંચના સભ્યોની સભા બનારસમાં ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ ભરાવાની હતી.

Gandhi Heritage Portal

8817

REFERENCE BOOK

## ૧૫. ખાદીની કિંમત

મુંબઈથી રા. વિઠ્ઠલદાસ જેરાજાણી ખબર આપે છે કે ખાદીની ખપત હવે મુંબઈમાં ઓછી થઈ ગઈ છે, અથવા તો પડી ભાંગી છે. આ ખબર વાંચી મને દુ:ખ થયું, આશ્ચર્ય નથી થયું. દુ:ખ થયું કેમ કે એ ઓછી ખપત સૂચવે છે કે આપણો ઉત્સાહ ક્ષણિક છે અને ઉત્સાહની પાછળ ધાર્મિક વૃત્તિ અથવા ભાવના નથી હોતી. જે પ્રજા ધર્મ માનીને મેલું પાણી પીવા તૈયાર થાય, જે હિંદુ પ્રજા ધર્મ માની આગગાડીમાં ખાતાં અભડાઈ જવાના દોષથી ભૂખી રહી શકે, જે મુસલમાન પ્રજા અમુક રીતે તૈયાર થયેલું માંસ ન હોય તો તેનો ત્યાગ કરે એ પ્રજાના માણસો જો ખાદી વાપરવી એ દયાધર્મ છે, એ પવિત્ર છે એમ માને તો તેનો ત્યાગ ન જ કરે.

ખાદી બધી એકસરખી સારી નથી હોતી, તે ચૂંથા થઈ જાય છે, તેનાં કોટપાટલૂન સરખાં નથી રહેતાં, તે એટલી ચડી જાય છે કે બાંય હાથેથી કોણીએ પહોંચી જાય છે, તે ચાળણી જેવી ગળી જાય છે તે એટલે સુધી કે તેમાંથી મગના દાણા પણ ચળાઈ આવે. આ બધું કોઈ કોઈના અનુભવમાં આવેલું હશે. મારો અનુભવ એવો છે કે મારાં ખાદીનાં પહેરણ જેમ પહેરું છું તેમ સુંવાળાં લાગે છે. તેનાં ધોતિયાં પણ મને તો ભારે નથી પડતાં ને હવે સંચાનાં ધોતિયાં પહેરવાં મને વસમાં લાગે છે. આ બધી મારી ભ્રમણા હોય તો ભલે. મને તો તેમાં ધર્મ જણાય છે.

આ બધી ખાદી કેમ બને છે? તેનું સૂતર ઘણે ભાગે ગરીબ બહેનોએ કાંતેલું હોય છે. તેમાં તો કેટલીકની જિંદગી ખરાબ હતી તે મટી હવે સારી થઈ છે, અથવા તો તે બહેનો કંઈ ધંધો નહોતી કરતી તેને બદલે હવે કંઈ નહીં તો દિવસનો એક આનો કમાતી થઈ ગઈ છે. તેટલામાં પોતાના ઘરનું શાક લઈ શકે છે, પોતાના છોકરાને સારું દૂધ પાઈ શકે છે. જે એક આનો આપણે મુંબઈમાં ફેંકી દઈએ છીએ તે એક આનો ગામડામાં ચાર આનાની ગરજ તો સારે છે જ.

એ ખાદીના વણનારા પોતાનો વણાટનો ધંધો છાડી બેઠા હતા અથવા તો છોડવાની તૈયારીમાં હતા તે છે.

ખાદીની વપરાશ એ સ્વદેશીનો પાયો છે, કેમ કે જાડા સૂતરમાંથી ને સહેલાઈથી વણાય એવી તો ખાદી જ છે. ખાદીને સંચાની સાથે હજુ તો હરીફાઈ પણ કરવી પડતી નથી. ખાદીની ખપતમાં જ લાખો ગરીબ માણસો પોતાને ઘેર બેઠાં પ્રામાણિકપણે આજીવિકા મેળવવાની શક્તિ ધરાવી શકે.

આ ખાદી દિવસે દિવસે સુધરશે, સુધરતી જાય છે. તેના અનેક ઉપયોગ છે. જો તેનાં ખમીસ વગેરે ન ચાલે તો પહેરણ, ગંજીફરાક તો થાય જ, તેના નાના મોટા રૂમાલ કે રૂમાલિયા થાય જ. તકિયા, ગાદલાંની ખોળ થાય. તેનું ખોળિયું બની શકે. આવા અનેક ઉપયોગો થઈ શકે છે. હું એમ પણ નથી કહેવા માગતો કે જેને જરૂર નથી તેવા માણસો ખાદી વાપરવાને ખાતર નકામા પૈસા ફેંકી દે. એથી પણ પ્રજાને પૂરો લાભ નહીં મળે. પણ હું જરૂર એમ કહીશ કે જે જે ઉપયોગમાં આપણે ખાદી લઈ શકીએ તે તે ઉપયોગમાં ખાદી જ લેવી. મનમાં ખાદી વાપરવાની ખંત રાખવાથી તેના સદુપયોગ મળી રહેશે.

8817



Gandhi Heritage Portal

ખાદી વધારે પેદા કરવાની હિલચાલ જારી જ છે, વધારે ખાદી પેદા થઈ જ રહી છે. તે ખપાવવાની તજવીજ પણ થવી જ જોઈએ. તેમાં મુંબઈના વેપારીઓની સહાય ઇચ્છું છું. ખાદીમાં જે સુધારા કરવા ઘટે તે માટે સૂચનાઓ પણ ઉપયોગી થઈ પડશે. જ્યાં જ્યાં સ્વદેશી ભંડારો ખૂલ્યા છે ત્યાં તેમણે મંગાવી લેવાની જરૂર છે. જેમ ખાદી તેમ બીજો માલ પણ દિવસે દિવસે વધારે તૈયાર થતો જશે. હાથવણાટના સ્વદેશી માલનો શોખ પ્રજામાં પેદા થશે ત્યારે જ હાથે કાંતવાનું ને હાથે વણવાનું કામ ઝપાટાબંધ ચાલશે.

પંજાબમાં મને આ બાબતમાં જે અનુભવ થઈ રહ્યો છે તે ઉપરથી હું જોઉં છું કે લોકોમાં સ્વદેશીની શુદ્ધ ભાવના ઉત્પન્ન થાય તો પંજાબની ઓરતો જથાબંધ પોતાનું અસલી કાંતણ-કામ કરતી થઈ જાય. પંજાબ સ્વદેશીનું ધામ થઈ શકે એવો મુલક છે. પંજાબમાં રૂ પેદા થાય છે, પંજાબમાં લગભગ દરેક ઓરતને કાંતતાં આવડે છે, પંજાબમાં વણકરો છે. જે સામગ્રી જોઈએ તે પંજાબમાં છે. પણ અત્યારે વેપારનું મુખ્ય મથક મુંબઈ છે એટલે ત્યાંના વેપારીઓની પણ મદદ જોઈએ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૮–૨–૧૯૨૦

## ૧૬. મજૂરોની સ્થિતિ

હિંદુસ્તાનની આગળ અત્યારે બે માર્ગ છે: (૧) કાં તો પશ્ચિમનું ધોરણ દાખલ કરવું, એટલે કે બળિયાના બે ભાગ એ સૂત્રને સ્વીકારવું. એટલે હથિયારબળ એ સાચું; સાચું એ જ હથિયારબળ એમ નહીં; (૨) અને કાં તો પૂર્વનું ધોરણ માન્ય રાખવું. તે એ છે કે ધર્મ ત્યાં જ જય, સાચને આંચ જ નથી. નબળા સબળા બધાને ન્યાય મેળવવાનો એકસરખો હક છે.

મજૂર વર્ગથી આ પસંદગીની શરૂઆત થવાની છે: મજૂરો મારફોડ કરીને વધારો મેળવી શકે તો તે મેળવે? ગમે તેવો તેમનો હક હોય તેમ છતાં તેઓનાથી મારફોડ તો થાય જ નહીં. મારફોડ કરીને હકો મેળવવાનો રસ્તો સહેલો તો જણાય છે, પણ આખરે તે અઘરો થઈ પડે છે. જેઓ તલવાર વાપરે છે તેઓ તલવારથી જ મરે છે. તારાનું મરણ પાણીમાં જ ઘણે ભાગે થાય છે.

યુરોપની દશા તપાસો. ત્યાં કોઈ સુખી જ નથી જોવામાં આવતું, કેમ કે કોઈને સંતોષ જ નથી. મજૂરોને માલિકનો વિશ્વાસ નથી, માલિકને નથી મજૂરનો. બન્નેમાં એક પ્રકારની પ્રવૃત્તિ છે, જોર છે. પણ તે તો પાડામાંયે છે. તેઓ મરે ત્યાં સુધી વઢ્યા જ કરે છે. બધી ગતિ તે પ્રગતિ નથી. યુરોપની પ્રજા ઊંચે ચડતી જાય છે એમ માનવાનું આપણને કંઈ જ કારણ નથી. તેમની પાસે દ્રવ્ય છે એટલે નીતિ છે, ધર્મ છે એવું નથી. દુર્યોધનની પાસે ઘણું દ્રવ્ય હતું. પણ તે વિદુર-સુદામા કરતાં રંક હતો. વિદુર-સુદામાને આજે જગત પૂજે છે. દુર્યોધનનું નામ તેના દુર્ગુણોનો ત્યાગ કરવાને ખાતર જ આપણે લઈએ છીએ.

ત્યારે આપણે શું કરવું? મુંબઈમાં મજૂરોએ ભારે જોર વાપર્યું. મને તેઓની બધી હકીકત જાણવાની તક નથી મળી. પણ મેં એમ તો જોયું કે તેઓ વધારે સારી રીતે લડી શક્યા હોત.

Gandhi Heritage Portal

માલિકોનો વાંક પૂરો હશે. સામાન્ય રીતે કહી શકાય કે માલિક-મજૂરના ઝઘડામાં ઘણે ભાગે માલિકોમાં વધારે અન્યાય હશે. પણ જ્યારે મજૂરોને પોતાના બળનું પૂરું ભાન આવે ત્યારે મજૂરો માલિક કરતાં વધારે અન્યાય કરે એ હું સમજી શકું છું—જોઈ શકું છું. મજૂરોમાં જો માલિક જેટલું જ્ઞાન આવી જાય તો મજૂરની શરતે જ માલિકે કામ કરવું પડે. એવું જ્ઞાન મજૂરમાં કોઈ દહાડો ન આવે એ તો સ્પષ્ટ છે. તેવે સમયે મજૂર મજૂર મટી શેઠ જ થાય. માલિકો કેવળ પૈસાના બળ ઉપર ઝૂઝતા નથી. તેમનામાં અક્કલ, કળા વગેરે રહ્યાં જ છે.

એટલે સવાલ આપણી પાસે એ જ રહ્યો છે કે મજૂરો જેવા છે તેવા જ રહેતાં છતાં, તેઓમાં કંઈક વિશેષ ભાન આવવા છતાં તેઓએ કઈ રીતે વર્તવું. મજૂરો પોતાની સંખ્યા અથવા તો પોતાના બાહુબળ ઉપર એટલે મારફોડ ઉપર આધાર રાખે તો તેઓ આપઘાત કરશે, ને તેઓ દેશના ઉદ્યોગોને નુકસાન પહોંચાડશે. જો તેઓ કેવળ ન્યાય ઉપર ઊભી ન્યાય મેળવવા દુ:ખ જ સહન કરશે તો તેઓ હમેશાં જય મેળવશે એટલું જ નહીં, પણ માલિકોને સુધારશે, ઉદ્યોગો વધારશે અને માલિક-મજૂર બંને એક કુટુંબના થઈ રહેશે.

મજૂરોની સ્થિતિ વિચારતાં આટલાં તત્ત્વોનો સમાવેશ થવો જ જોઈએ :

(૧) મજૂરોને નિરાંતનો વખત બચે એટલા જ કલાક કામ હોવું જોઈએ.

(૨) તેઓને પોતાને કેળવણી મળે એવું સાધન હોવું જોઈએ.

(૩) તેઓનાં બાળકોને પૂરતું દૂધ, પૂરતાં કપડાં ને પૂરતી કેળવણી મળવાનું સાધન હોવું જોઈએ.

(૪) મજૂરોને રહેવાનાં ઘર સ્વચ્છ હોવાં જોઈએ.

(૫) મજૂરો ઘરડા થાય ત્યારે તેઓ નભી શકે એટલું તેઓ બચાવી શકે એવી સ્થિતિ હોવી જોઈએ.

આમાંની એકે શરત આજે પળાતી નથી. તેમાં બંનેનો દોષ છે. માલિકો માત્ર મજૂરીની સાથે જ સંબંધ રાખે છે. મજૂરનું શું થાય છે તેની તેમને દરકાર નથી. ઓછામાં ઓછો પગાર આપી વધારેમાં વધારે મજૂરી લેવામાં જ તેના પ્રયોગો સામાન્ય રીતે સમાયેલા હોય છે. મજૂર વધારેમાં વધારે પગાર મેળવી ઓછામાં ઓછું કામ કેમ કરે એવી યુક્તિઓ રચે છે.

તેથી મજૂરોને વધારા મળે છે છતાં કામમાં સુધારો નથી થતો, બંને વચ્ચે સંબંધ નિર્મળ નથી થતો, ને વધારાનો સદુપયોગ મજૂરો નથી કરતા.

આ બંને પક્ષ વચ્ચે એક ત્રીજો પક્ષ ઉત્પન્ન થયો છે. તેઓ મજૂરના મિત્રો બન્યા છે. એ પક્ષની જરૂર છે. તેઓમાં જેટલે અંશે કેવળ મિત્રભાવ છે, કેવળ પરમાર્થદૃષ્ટિ છે તેટલે અંશે જ તેઓ મજૂરના મિત્ર બની શકે.

હવે સમય એવો આવે છે કે જ્યારે મજૂરોને અનેક રીતે સોગઠીની જેમ વાપરવાના પ્રયત્નો થશે. આ સમય રાજ્યપ્રકરણી વિષયમાં પડનારાને વિચારવા જેવો છે. તેઓ શું કરશે? પોતાનો સ્વાર્થ જોશે કે મજૂરની ને કોમની સેવા કરશે? મજૂરને મિત્રોની જરૂર છે. મજૂરો આધાર વિના આગળ નહીં જઈ શકે. તેથી આધાર આપનાર માણસો કેવા છે તે ઉપરથી મજૂરોની સ્થિતિ આંકી શકાશે.

Gandhi Heritage Portal

"સ્ટ્રાઇક" પાડવી, કામ બંધ કરવું, હડતાલ પાડવી,-એ ચમત્કારી વસ્તુ છે; પણ તેનો દુરુપયોગ કરવો એ કઠિન નથી.[1] મજૂરોએ મજબૂત યુનિયનો—સંઘ—બાંધવા જોઈએ ને સંઘની પરવાનગી વિના હડતાળ ન જ પડાય. હડતાળ પાડ્યા પહેલાં માલિકોની સાથે મસલત પણ કરવી જોઈએ. જો માલિકો પંચ નીમે તો પંચનું તત્ત્વ દાખલ કરવું જોઈએ, ને પંચ નિમાય તો તેનો ઠરાવ માલિક-મજૂર બંનેએ ગમે તેવો લાગે છતાં કબૂલ કરવો જોઈએ.

નવજીવનના વાંચનાર! તમે જો મજૂરની સ્થિતિ કેળવવામાં રસ લેતા હો, તમે મજૂરના મિત્ર બનવા માગતા હો, તમે જો મજૂરોની સેવા કરવા ચાહતા હો તો તમે ઉપલા વિચારોમાંથી જોઈ શકશો કે તમારી પાસે એક જ ધોરી માર્ગ છે. બંને પક્ષ વચ્ચે કૌટુંબિક ભાવના પેદા કરી મજૂરોને ચઢાવવા. તેમ કરવા સારુ સત્યાચરણ જેવો બીજો ચોખ્ખો રસ્તો નથી. મજૂરને વધારે પગાર મળે તેથી તમે સંતોષ નહીં પામો. મજૂર તે કયે સાધને મેળવે છે, તે મળેલા વધારાનો શો ઉપયોગ કરે છે એ પણ તમે તપાસશો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૮–૨–૧૯૨૦

## ૧૭. એસ્થર ફેરિંગને પત્ર

રવિવાર [ફેબ્રુઆરી ૮, ૧૯૨૦][2]

પ્યારી દીકરી,

સને ઉદ્દેશીને લખાયેલો તારો દર્દભર્યો પત્ર મારા જોવામાં આવ્યો છે. એમાં તેં તારું હૃદય રેડયું છે એ જોઈને હું ખુશી થયો છું. મેં તને આજે તાર[3] કર્યો છે કે જો તારાથી રહી જ શકાય તેમ હોય તો મારા આવતાં પહેલાં તું ત્યાંથી[4] નીકળીશ નહીં. હું તારી સાથે વહેલી સવારે થોડી લાંબી ચર્ચાઓ કરવા માગું છું, કેમ કે એવો સમય મને કેવળ આશ્રમમાં જ મળી શકે છે. હું તને એવો પણ આગ્રહ કરવા માગું છું કે જે સ્નાનવિધિ મેં સૂચવ્યા છે તે તારે અવશ્ય કરવા. તે માટે જે પાણી જોઈએ તે તને લાવી આપવામાં આવે એમ તારે વ્યવસ્થાપકને કહી દેવું.

કોણે કહ્યું કે તું મારી દીકરી થવાને લાયક નથી? તારા અદ્‌ભુત પ્રેમ અને દિલની સચ્ચાઈને લીધે તું મારી સૌથી વહાલી સ્વજન બની ચૂકી છે. તારે એક ક્ષણ માટે પણ એમ ન માનવું કે તારી યોગ્યતા વિષે મારો જે ખ્યાલ છે તેમાં તારા સ્વભાવની ચંચળતાને કારણે લેશ પણ ફરક

૧. ૧૯૨૦ના વર્ષ દરમ્યાન હિંદુસ્તાનમાં ૨૦૦ હડતાળો પડી હતી. इन्डिया इन ૧૯૨૦, પ્રકરણ ૫.

૨. પત્રમાં લખેલી બાબતો ઉપરથી જણાય છે કે આ પત્ર રવિવાર, ૧લી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ એસ્થર ફેરિંગને લખાયેલા પત્રો પછી અને રવિવાર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૨૦ના પત્ર પહેલાં લખાયો હતો. ગાંધીજી ૧૫મી ફેબ્રુઆરીએ જ લાહોરથી નીકળ્યા હતા. એટલે આ પત્ર એ બે તારીખો વચ્ચેના રવિવારે, એટલે કે ૮ ફેબ્રુઆરીએ, લખાયો હોવો જોઈએ.

૩. આ તાર મળતો નથી.

૪. સાબરમતી આશ્રમથી.

Gandhi Heritage Portal

થાય. તારે કઈ બાબતમાં દૃઢતા કેળવવાની જરૂર છે, એ બતાવવાનો મારો અધિકાર છે. જો શરીર પ્રભુનું મંદિર હોય, તો તેની પૂરેપૂરી સંભાળ રાખવાનું જરૂરી છે. એને લાડ ભલે ન લડાવીએ, પરંતુ એના પ્રત્યે બેદરકાર કે ઉદાસીન પણ ન રહીએ.

પ્રાર્થના સાથે હમેશ ભળેલા ઊંડા પ્યાર સહિત,

તારો
**બાપુ**

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઈન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી **માય ડિયર ચાઇલ્ડ**, પા. ૫૬–૭

## ૧૮. એલ. ફ્રૅંચને પત્ર

**લાહોર,**
**ફેબ્રુઆરી ૯, ૧૯૨૦**

મારા આ માસની ૩જી તારીખના પત્રનો તમે વળતી ટપાલે વિગતવાર અને નિખાલસપણે જવાબ આપ્યો, તે બદલ તમારો આભાર માનું છું. મને ખાતરી છે કે શહેનશાહના ઢંઢેરાનો[1] જે રીતે અમલ થઈ રહ્યો છે એની સૌ કોઈ કદર કરે છે. અને હું આશા રાખું છું કે બાકીના જે કેદીઓ માર્શલ લૉ હેઠળ અગર બીજા ખાસ કાયદાઓ હેઠળ સજા પામ્યા હોય તેમને પણ વહેલી તકે છોડી મૂકવામાં આવશે.

તાજેતરમાં છોડી મૂકવામાં આવેલા લોકો પાસેથી લખાવી લેવાયેલા કબૂલાતનામા સંબંધમાં તમે કરેલી દલીલમાં ઘણું તથ્ય છે, એ હું કબૂલ કરું છું, છતાં મારાથી આટલું કહ્યા સિવાય રહેવાતું નથી કે ખાસ કરીને લોકોની માન્યતા એવી છે કે મોટા ભાગના કેસોમાં સજા વિના કારણ ફટકારવામાં આવી હતી એટલે જો આ માણસોને વગર શરતે છોડવામાં આવ્યા હોત તો તે વધારે સારું દેખાત.

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્રની નકલ પરથી: એસ. એન. ૭૧૧૪; નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઈન્ડિયા: હોમ પોલિટિકલ (એ), માર્ચ, ૧૯૨૦, નં. ૩૨૭

૧. આ ઢંઢેરો ૨૩મી ડિસેમ્બર, ૧૯૧૯ને રોજ પ્રસિદ્ધ થયો હતો. એમાં શહેનશાહે રાજદ્વારી કેદીઓને માફી જાહેર કરી હતી.

Gandhi Heritage Portal

## ૧૮(૧). નરહરિ પરીખને પત્ર

રવિવાર [ફેબ્રુઆરી ૯, ૧૯૨૦][1]

ભાઈશ્રી નરહરિ,

તમારો આજનો કાગળ તો ગભરાવી મૂકે છે. પણ તમારો તાર જે પરમ દિવસે મળ્યો તે ત્યાર પછીનો હોવો જોઈએ એવું ભાઈ જીવરાજ મહેતાનું અનુમાન છે. અને એ તેમ જ બીજા કંઈ પણ તારની ગેરહાજરી શાંતિ આપે છે. પંજાબનું કામ ન હોય તો અહીં એક ક્ષણ પણ અત્યારે ન રહું, પણ ત્યાં આવીને મહાદેવને ભેટું. પણ તમ બધાની મારફતે જ મારે ભેટવું રહ્યું છે. એવાં અનેક વાદળો માથેથી ઊતર્યાં છે. આ પણ ઊતરશે એવો વિશ્વાસ રાખતો બેઠો છું.

બાપુના અશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૧૧૮૮૪

## ૧૯. દક્ષિણ આફ્રિકાના કમિશન અંગે નિવેદન[2]

લાહોર,
ફેબ્રુઆરી ૯, ૧૯૨૦

આ કમિશન એક શક્તિશાળી કમિશન છે એમ હું માનતો નથી.[3] નક્કી એ કમિશન તટસ્થ તો નથી જ. એને સોંપવામાં આવેલા મુદ્દાઓ બાબતમાં હું કંઈ પણ ઝઘડો કરવા માગતો નથી. જો મારું ચાલ્યું હોત તો ખરેખર મેં કમિશન નિમાવા જ દીધું ન હોત, અને જમીન તથા વેપાર સંબંધી રાહત બીજે જ માર્ગે મેળવી હોત. પરંતુ અત્યારે જમીનની માલિકીના તથા વેપાર કરવાના જે અધિકારો તાત્કાલિક ખતરામાં છે, તે અધિકારો સર બેન્જામિન રૉબર્ટ્સન મેળવી આપી શકશે એમ માનવા હું લલચાઉં છું. હિંદ સરકાર સર બેન્જામિન રૉબર્ટ્સન

૧. આ માસમાં ડૉ. જીવરાજ મહેતા કેટલોક સમય ગાંધીજી સાથે હતા. (જુઓ "પંજાબનો પત્ર", ૨૯–૨–૧૯૨૦). બંને જણા ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ બનારસ પહોંચ્યા હતા. તે દિવસે રવિવાર હતો. સંભવ છે કે ગાંધીજીએ આ પત્ર ૩૧મી જાન્યુઆરી, ૧૯૨૦ આસપાસ (જુઓ પુસ્તક ૧૬) નરહરિ પરીખને પત્ર લખ્યા પછી લાહોરથી લખ્યો હોય, કેમ કે ૨૩મી જાન્યુઆરી, ૧૯૨૦થી ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૨૦ના ગાળામાં ઘણોખરો સમય એમણે લાહોરમાં ગાળ્યો હતો. નરહરિ પરીખને લખેલા પત્રમાં મહાદેવ દેસાઈની બીમારીની વાત લખી છે. ૩૧મી જાન્યુઆરી, ૧૯૨૦ પછીના રવિવારે ૨જી ફેબ્રુઆરી હતી. એ તારીખ આ પત્ર માટે ઘણી વહેલી ગણાય.

૨. આ નિવેદન ટ્રિબ્યૂનના પ્રતિનિધિને આપવામાં આવ્યું હતું.

૩. આ કમિશન દક્ષિણ આફ્રિકાની સરકારે નીમ્યું હતું. તેનો ઉદ્દેશ દક્ષિણ આફ્રિકામાં એશિયાવાસીઓના વેપાર કરવાના તથા જમીન ધારણ કરવાના અધિકારોનો પ્રશ્ન તપાસવાનો હતો. હિંદ સરકાર તરફથી સર બેન્જામિન રૉબર્ટ્સને આ કમિશનને મદદ કરી હતી અને એનું કામકાજ માર્ચથી જુલાઈ, ૧૯૨૦ સુધી ચાલ્યું હતું.

Gandhi Heritage Portal

મારફતે કેટલું જોર કરે છે એના ઉપર બધો આધાર છે. દક્ષિણ આફ્રિકાથી આપણા લોકોનો જે તાર આવવાની હું પ્રતિક્ષણે રાહ જોઈ રહ્યો છું, તે મળે નહીં ત્યાં સુધી મારે માટે આ બાબતમાં વધારે કહેવાનું મુશ્કેલ છે. મિ. ઍન્ડ્રૂઝ[1] ત્યાં સ્થળ પર હાજર છે એ એક મોટા આશ્વાસનની વાત છે. તેઓ ત્યાંના લોકોને ઓળખે છે. હાલના દક્ષિણ આફ્રિકાના પ્રધાન-મંડળના સભ્યોને તથા બીજા જાહેર સેવકોને પણ તેઓ ઓળખે છે.

[મૂળ અંગ્રેજી]

ટ્રિબ્યૂન, ૧૦–૨–૧૯૨૦

## ૨૦. એસ્થર ફેરિંગને પત્ર

લાહોર,

મંગળવાર [ફેબ્રુઆરી ૧૦][2], ૧૯૨૦

મારી વહાલી દીકરી,

તારો પ્રેમભર્યો તાર અને બે પત્રો એક જ દિવસે મળ્યા. તારા પિતા વિષેનો તારો પત્ર મળ્યો તે પહેલાં જ મેં તાર કરી દીધો હતો. જો તને બોલાવી છે તો તેના જવાબમાં તારે વહેલામાં વહેલી તકે ત્યાં[3] જવું જોઈએ એવો મારો નિશ્ચિત મત છે. માત્ર તું જાય તે પહેલાં મારે તારી સાથે અનેક વાતો કરી લેવાની છે. આજે શરીર અશક્ત છે. તારે એની ચિંતા કરવી નહીં. તું આશ્રમને હજી પણ તારું ઘર જ સમજે એવી મારી ઇચ્છા છે. એટલે તને જ્યારે પણ ઇચ્છા થાય ત્યારે ત્યાં પાછી આવી જજે. જો તને એમ લાગતું હોય કે અત્યારે મદ્રાસ જવું છે અને ડેન્માર્ક જતી વખતે આશ્રમમાં પાછા આવી જવું છે, તો તે પ્રમાણે તું ખુશીથી કરજે. છતાં તું મદ્રાસ જાય તે પહેલાં હું તને મળું એ મને વધારે ગમે. પરંતુ તને ઉત્તમ લાગે તે પ્રમાણે જ તું કરજે. ગરમ પાણીએ નાહીશ એટલે તારી અળાઈઓ મટી જશે. કટિસ્નાનથી તને અવશ્ય લાભ થશે.

હું ઇચ્છું છું કે દેવદાસ[4] તારી સાથે આવે. આપણે મળીશું ત્યારે આ બાબતમાં હું તેની સાથે તથા તારી સાથે ચર્ચા કરીશ. પરંતુ મહાદેવ તારી સાથે આવે એ વિચાર મને વધારે ગમે છે.

દેવદાસ પાસે એક પાદરીએ આપેલી એક નાનકડી પુસ્તિકા છે. એનું નામ છે: ધિ इनर श्राइन. એમાંના એક ભજનમાં આ લીટીઓ મારા વાંચવામાં આવી: "સુખદ શોક અને શોકમય

૧. સી. એફ. ઍન્ડ્રૂઝ ડિસેમ્બર ૧૯૧૯થી માર્ચ ૧૯૨૦ સુધી આફ્રિકામાં હતા.

૨. ગાંધીજી રવિવાર, તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ લાહોરથી નીકળ્યા હતા, એટલે આ પત્ર તેમના નીકળતાં પહેલાં થોડા દિવસ ઉપર લખાયો જણાય છે.

૩. ડેન્માર્ક.

૪. દેવદાસ ગાંધી (૧૯૦૦–૧૯૫૭); ગાંધીજીના સૌથી નાના પુત્ર; એમણે ૧૯૧૭માં ચંપારણનાં ગામોમાં કામ કર્યું હતું અને ૧૯૩૦ના મીઠા સત્યાગ્રહ વખતે જેલ વેઠી હતી. તેઓ हिन्दुस्तान टाइम्सના વ્યવસ્થાપક તંત્રી હતા; અને इन्डियन एन्ड ईस्टर्न न्यूसपेपर्स सोसायटीના બે વાર પ્રમુખ બન્યા હતા.

Gandhi Heritage Portal

આનંદ વડે મારો આત્મા અત્યારે ભરાઈ ગયો છે." આ વાંચતાં જ મને તારું સ્મરણ થયું. "સુખદ શોક" અને "શોકમય આનંદ" એ અદ્ભુત શબ્દપ્રયોગો છે. પણ આજે વધારે નહીં લખું.

પ્યાર અને પ્રાર્થના સહિત,

તારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઈન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૫૦-૧

## ૨૧. પંજાબનો પત્ર

[ફેબ્રુઆરી ૧૧, ૧૯૨૦ પહેલાં][1]

### જલિયાંવાલા બાગ

જલિયાંવાલા બાગ[2] પ્રજાની મિલકત થઈ ગઈ છે એવું માનનીય પંડિત માલવિયાજીએ કૉંગ્રેસ-માં[3] જણાવ્યું હતું. પણ પાછળથી તેમાં મોટાં વિઘ્નો આવી પડયાં હતાં. તે વિષે લખાણ નહોતું થયું અને તેના કેટલાક હિસ્સેદારોએ પોતાનો અભિપ્રાય બદલ્યો હતો. બાગનો થોડો ભાગ પ્રજાને આપી બાકીનાનો વેપાર કરવો એમ તેમને લાગ્યું. તેઓને ઘણુંયે સમજાવ્યું કે સ્મશાનભૂમિના કકડા ન જ કરાય. બાગનો એક ખૂણો પણ એવો નથી કે જે નિર્દોષ માણસોના લોહીથી ખરડાયેલો ન હોય. તેથી તેનો વ્યાપારી ઉપયોગ કરવો એ બરાબર ન ગણાય. વળી આખો બાગ પ્રજાની મિલકત થયો છે એમ પણ હિંદના બહુ જૂના અડગ સેવક મારફતે કહેવામાં આવ્યું છે. એટલે એ બાગના ભાગલા ન થવા જોઈએ. છતાં જે ભાગીદારોએ પોતાના મત ફેરવ્યા હતા તે તો તેવા જ રહ્યા. છેવટે પંડિતજીને અને સ્વામી શ્રદ્ધાનંદજીને[4] અમૃતસર જવું પડયું. હવે તેનો નિકાલ થઈ ગયો છે ને કાચું લખત પણ થઈ ગયું છે.

### પાંચ લાખ

તેની કિંમત રૂ. પાંચ લાખથી ઉપર અંકાઈ છે, અને તે રૂપિયા ત્રણ માસની અંદર ભરી દેવાનો કરાર છે. જો તેટલી મુદતમાં પૂરી રકમ ન ભરાય તો જમીન પ્રજાને હાથેથી જતી રહેવાનો પૂરો ભય રહે છે.

૧. તા. ૧૫-૨-૧૯૨૦ના "પંજાબનો પત્ર"માં આ તારીખે (૧૧-૨-૧૯૨૦) ગાંધીજી ગુજરાત (પંજાબનો જિલ્લો) ગયાનો ઉલ્લેખ છે. એટલે આ પત્ર તે પહેલાં લખાયો જણાય છે.

૨. એપ્રિલ ૧૩, ૧૯૧૯ને રોજ બનેલી દુર્ઘટનાનું સ્થળ.

૩. આ કૉંગ્રેસનું અધિવેશન અમૃતસરમાં ૧૯૧૯ના ડિસેમ્બરમાં ભરાયું હતું.

૪. મુનશીરામ નાનકચંદ (૧૮૫૬-૧૯૨૬); પાછળથી શ્રદ્ધાનંદ કહેવાયા. આર્યસમાજના રાષ્ટ્રવાદી નેતા. તેઓ દિલ્હી અને પંજાબનાં સાર્વજનિક કામોમાં આગળપડતો ભાગ લેતા હતા.

Gandhi Heritage Portal

એટલે હવે પૈસા ઝપાટાબંધ એકઠા કરવા એ બીજું પગલું રહ્યું. આ કાર્યમાં બધા પોતાનાથી બનતું આપે એ સારામાં સારું ગણાય ને પ્રજાને શોભાવે તેમ જ ચઢાવે. આ બાગ અસાધારણ વસ્તુ છે. એ પવિત્ર સ્થાન છે. તેને આપણે યાત્રાના સ્થાન તરીકે ઓળખવા માગીએ છીએ. કૉંગ્રેસને વખતે હજારો માણસો બાગ જોવા ગયેલા. હજારો તો એ જ કામને સારુ આવેલા. હરિદ્વાર હિંદુનું યાત્રાસ્થાન છે. પણ તેમાં જૈન, શીખ ને બીજા જેઓ પોતાને હિંદુ નથી ગણાવતા, તે નથી આવી જતા. મુસલમાન, ખ્રિસ્તી, પારસી, યહૂદીને સારુ તો તે યાત્રાસ્થાન નથી જ, પણ જલિયાંવાલા બાગ હિંદુસ્તાનમાં જન્મેલા અને હિંદુસ્તાનમાં રહેનારા બધાને સારુ પવિત્ર સ્થાન છે, અથવા આપણે બનાવવા માગીએ છીએ. એની ઉત્પત્તિ દ્વેષભાવમાં નથી પણ નિર્દોષ મૂએલા તરફના પ્રેમભાવમાં છે. બાગનાં દર્શન કરીને આપણે જનરલ ડાયરની[1] કઠોરતાને યાદ કરવા નથી માગતા. માણસો ભૂલ કરતા આવ્યા છે. તેની ભૂલ યાદ રાખી આપણે દ્વેષભાવ વધારતા નથી. પણ નિર્દોષ જીવોનું સ્મરણ ભૂલી જવાય તો પ્રજા નાશ પામે. જે પ્રજામાં નિર્દોષ માણસો પોતાના વાંક વિના માર્યા જાય તે પ્રજાને ચડવાનો ભારે પ્રસંગ પ્રાપ્ત થયો કહેવાય. તેવા કાર્યને યાદ રાખી જો પ્રજા તેને ન સંઘરે તો જેમ ઉડાઉ પોતાના ધનની સંભાળ ન રાખી ભિખારી બની જાય છે તેમ તે પ્રજા પણ ભિખારી બને અને જો તે ધનનો સંગ્રહ કરે તો જરૂર આગળ વધે. પાંચસેં કે એક હજાર નિર્દોષ માણસો જો જ્ઞાનપૂર્વક મૃત્યુની ભેટ કરે તો તેવાઓની પ્રજાની ઉન્નતિ એકાએક થાય ને તેનું પરિણામ એટલું મહાન આવે કે તે એક ચમત્કાર તરીકે અંકાય. જલિયાંવાલા બાગમાં જે રીતે નિર્દોષ માણસોનું મૃત્યુ થયું તેમાંથી આપણે ચમત્કારી પરિણામ ભલે ન નિપજાવી શકીએ, પણ તે બનાવ હિંદુમુસલમાનને એક કરવામાં, સમસ્ત હિંદુસ્તાનની જાગૃતિ કરવામાં આ જમાનામાં મોટામાં મોટો ગણાશે. એટલે તેને આપણે ચિરસ્મરણીય બનાવવો એ આપણી ફરજ છે.

આ વિચાર જો ઠીક હોય તો પાંચ લાખ રૂપિયા એકઠા કરવામાં નાના, મોટા, ગરીબ, તવંગર બધા ભાગ લઈ શકે. એક જ માણસ પાંચ લાખ રૂપિયા આપી દે તો આપણી મંદતા, આપણા આળસને લીધે આપણે રાજી થઈએ, પણ બાગની પવિત્રતાની કિંમત ઓછી થાય. જો ત્રણ કરોડ વીસ લાખ માણસ એક એક પૈસો આપે તોયે પાંચ લાખ રૂપિયા મળે અને તે પ્રમાણે એકઠાં થયેલાં નાણાંથી લેવાયેલી ભૂમિની પવિત્રતા અતિવિશેષ હોય એ સહુ કોઈ કબૂલ કરશે. જો એક જ દિવસ ચિંતવન કરી એટલા માણસો પોતાનો પૈસો આપે તો પવિત્રતા હજુ વધે.

આજથી જ પ્રશ્નો ઉત્પન્ન થયા છે કે આટલાં નાણાં એકઠાં કરવાને સારુ કેવી ગોઠવણ કરવી કે જેથી એકઠું કરવાનું ખર્ચ ઓછું થાય ને ચોરી ન થાય. બાગના ઉઘરાણાને બહાને લુચ્ચા માણસો પૈસા ઉઘરાવી તેનો દુરુપયોગ કરશે એ ભય પેદા થયો છે.

### વ્યાવહારિક ઉપાય

આનો વ્યાવહારિક ઉપાય એ છે કે દરેક ગામડામાં પ્રામાણિક માણસે ઉઘરાવવાનું કામ માથે લઈ લેવું. તેણે તુરત તે પૈસા મુખ્ય કમિટીને મોકલી આપવા. ઓળખીતા સિવાય

૧. રેજિનાલ્ડ એડવર્ડ હૅરી ડાયર (૧૮૬૪–૧૯૨૭); અમૃતસર વિસ્તારના કમાન્ડિંગ ઑફિસર, જેમણે જલિયાંવાલા બાગમાં એકઠા થયેલા લોકોના શાંત સમુદાય ઉપર ગોળી છોડવાનો હુકમ આપ્યો હતો. જુઓ "પંજાબનાં રમખાણોની તપાસનો કૉંગ્રેસ રિપોર્ટ", ૨૫–૩–૧૯૨૦.

Gandhi Heritage Portal

બીજાને પૈસા ન જ આપવા. ઓળખીતા એટલે જેની ઉપર આપણો વિશ્વાસ હોય તે. ઓળખીતાએ પોતાના ગામના માણસોને તુરત હિસાબ આપી દેવો.

### ઉઘરાવવાની રીત

ઉઘરાવનારે કોઈની પર દબાણ નહીં કરવું. માત્ર તેને પૂરી સમજૂતી આપવી. જોકે આપણો હેતુ પૈસો પૈસો ઉઘરાવીને નાણાં એકઠાં કરવાનો હોવો જોઈએ; તોપણ સહુએ યથાશક્તિ આપવું એ જ યોગ્ય છે. તવંગર અને ગરીબ એકસરખું આપે એવું જગતમાં બન્યું નથી ને બનવું ન જોઈએ. આવી રીતે ઉઘરાણું થાય તો આપણે તુરત અને જરાયે ધાંધલ કર્યા વિના નાણાં એકઠાં કરી શકીએ. દરેક પ્રાંતે પોતાની વસ્તી પ્રમાણે ભાગ આપવો જોઈએ એ તો દેખીતું જ છે. પણ તેટલું જ કરીને બેસી જવું એ યોગ્ય નથી. अधिकस्याधिकं फलं ને ન્યાયે આપણે તો જેટલું કરીએ તેટલું ઓછું સમજી આપણી શક્તિ મુજબ આપવું એ આપણું કર્તવ્ય છે. એમ કરવાથી બીજાની ઉપર બોજો ઓછો પડે છે ને કાર્ય વહેલું પતે છે. આપણો ભાગ આપીને સંતોષ માની લેવો એ કંજૂસાઈનું લક્ષણ છે. પ્રેમપૂર્વક થયેલાં કૃત્યોમાં મહાઉદારતા રહેલી હોય છે. પ્રેમ પોતાના કાર્યને ત્રાજવામાં મૂકવા ન જ દે. જે જોખે છે તે પ્રેમ નથી. તે તો વ્યાપારી વૃત્તિ છે. અહીં વ્યાપારી વૃત્તિ અસ્થાને હશે. આ ઉઘરાણું હિંદુ, મુસલમાન, ઈસાઈ, પારસી બધામાંથી કરવાનું છે. મારી ઉમેદ છે કે નવજીવનના વાંચનાર પોતાનો પૂરો હિસ્સો આ પવિત્ર કાર્યમાં આપશે. હાલ તુરત છ લાખનું ઉઘરાણું કરવાનું છે, એ હિસાબ ધ્યાનમાં રાખવો.

### કમિટીનો રિપોર્ટ

હંટર કમિટીનો[1] રિપોર્ટ માર્ચના પહેલા હફતામાં વાઈસરૉય સાહેબને મળશે એ આપણે વર્તમાનપત્રોમાં જોયું. આપણી કમિટીનો રિપોર્ટ[2] તુરત જ બહાર પડવો જોઈએ.[3] જુબાનીઓ છપાઈ રહેવા આવી છે. તે કાર્ય રા. જયકરે[4] માથે લઈ લીધું છે. રિપોર્ટ ઘડાઈ રહેવા આવ્યો છે. રિપોર્ટ તપાસવા ને પાસ કરવા કમિટીના સભાસદો[5] કાશીજીમાં સોળમી તારીખે ભેળા થવાના છે ને એવી આશા રાખવામાં આવે છે કે ૨૦મી ફેબ્રુઆરીએ રિપોર્ટ પાસ થઈ છપાવા જશે. રિપોર્ટની છપામણીનું ખર્ચ બહુ મોટું આવશે, ને રિપોર્ટ અને પુરાવો મળીને આઠ રૂપિયાની કિંમત થવાનો સંભવ છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૧૫–૨–૧૯૨૦

૧. આ કમિટી હિંદ સરકારે, મુંબઈ, દિલ્હી અને પંજાબ પ્રાંતોમાં એપ્રિલ માસમાં થયેલાં રમખાણોની તપાસ કરવા, ૧૪મી ઑક્ટોબર, ૧૯૧૯ને રોજ નીમી હતી. કમિટીએ પોતાનો રિપોર્ટ ૮મી માર્ચે સરકારને મોકલી આપ્યો હતો, અને તે ૨૮મી માર્ચ, ૧૯૨૦ને રોજ પ્રસિદ્ધ થયો હતો.

૨. પંજાબનાં રમખાણોની તપાસ કરવા હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની પંજાબ સબકમિટીએ નીમેલા કમિશનરોનો રિપોર્ટ.

૩. આ રિપોર્ટ ૨૫મી માર્ચ, ૧૯૨૦ને રોજ પ્રસિદ્ધ થયો હતો. એના મૂળ લખાણ માટે જુઓ "પંજાબનાં રમખાણોની તપાસનો કૉંગ્રેસ રિપોર્ટ", ૨૫–૩–૧૯૨૦.

૪. એમ આર. જયકર (૧૮૭૩–૧૯૫૯); મુંબઈના વકીલ અને ઉદારમતવાદી પક્ષના નેતા; કેળવણીકાર, રાજકીય વિષ્ટિકાર અને સુલેહકાર.

૫. ગાંધીજી, સી. આર. દાસ, અબ્બાસ એસ. તૈયબજી અને એમ. આર. જયકર.

Gandhi Heritage Portal

## ૨૨. એસ્થર ફેરિંગને પત્ર

ગુરુવાર [ફેબ્રુઆરી ૧૨],[૧] ૧૯૨૦

મારી વહાલી એસ્થર,

સવારમાં દાતણ કરી રહ્યા પછી મને સૌથી પહેલું સ્મરણ તારું અને મહાદેવનું થયું. મેં તને અમદાવાદમાં રોકી રાખી છે.[૨] પરંતુ મને વિચાર આવે છે કે મેં એ બરાબર કર્યું છે? જો તારી તબિયત વધારે બગડી, તો તો હું નહીં રહું ઘરનો કે નહીં રહું ઘાટનો. એટલે હું ઇચ્છું છું કે જો તારી તબિયત થોડી પણ સારી હોય તો જ તું મારા આવતા સુધી રોકાજે. નહીં તો પછી તારા મદ્રાસથી પાછા આવ્યા પછી જ આપણે મળવાનું રાખવું પડશે. તારે રોકાવું એવી ઇચ્છા મેં દર્શાવી છે માટે તારે રોકાવું જ જોઈએ, એવું મહેરબાની કરીને માનીશ નહીં. નિર્ભેળ સ્નેહ વ્યક્ત કરવો એ ખાંડાની ધાર પર ચાલવા જેવું છે. "મારું કશું નથી, બધુ તારું જ છે", એમ ગાવું સહેલું છે, પરંતુ એ પ્રમાણે વર્તવું મુશ્કેલ છે. જ્યારે આપણને એમ લાગે કે આપણે પૂરેપૂરા પ્રેમમય છીએ, ત્યારે પણ આપણામાં સ્વાર્થ ભર્યો છે કે નહીં તેની આપણને કદી ખબર પડતી નથી. હું જેમ જેમ આનો વિચાર કરું છું તેમ તેમ મેં અનેક વાર કહેલા આ વિધાનનું સત્ય મને વધારે ને વધારે સમજાતું જાય છે. પ્રેમ અને સત્ય એક જ સિક્કાની બે બાજુઓ છે. બંનેને આચારમાં મૂકવાં અત્યંત કઠણ છે અને આ બે ચીજો જ એવી છે જેને માટે જીવવામાં સાર્થકતા છે. જો કોઈ વ્યક્તિ ઈશ્વરે સર્જેલાં સઘળાં પ્રાણીઓ પ્રત્યે પ્રેમ ન રાખે, તો તે સત્યપરાયણ નહીં બની શકે. માટે જ સત્ય અને પ્રેમમાં સંપૂર્ણ ત્યાગ છે. તેથી હું ઈશ્વરને પ્રાર્થના કરીશ કે આપણે બંને આ સત્યનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરી શકીએ એવી તે આપણને શક્તિ આપે.

તારો

બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૫૩–૪

૧. અને ૨. જુઓ "એસ્થર ફેરિંગને પત્ર", ફેબ્રુઆરી ૧૦, ૧૯૨૦.

Gandhi Heritage Portal

## ૨૨(૧). નરહરિ પરીખને પત્ર

લાહોર,
ગુરુવાર [ફેબ્રુઆરી ૧૨, ૧૯૨૦][1]

ભાઈશ્રી ૫ નરહરિ,

તમારા કાગળો નિયમસર આવે છે. એ મને ખૂબ શાંતિ આપે છે. મારો કાગળ તમારી ઈચ્છા થાય ત્યારે જ મહાદેવને વંચાવજો. ફાડી નાખવો હોય તો ફાડી નાખજો.

હું ત્યાં ૨૩મીએ પહોંચવાની ઉમેદ રાખીશ. ૨૨મીએ પણ પહોંચું. દાક્તરનો કાગળ ઠીક મોકલ્યો.[2]

દીપક[3] રોટલી ગોળ સિવાય શાક દાળ વ. ખાય છે કે? તે તેના મામાને ત્યાં પાછો ગયો હતો? દર રવિવારે જવાનું તેને નોતરું છે. આ રવિવારે તમે જ તેને ચાલતો લઈ જાઓ તો ઠીક છે.

એસ્થરની દશા શોચનીય છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૧૧૮૮૭

## ૨૩. સરગોધામાં ભાષણ

ફેબ્રુઆરી ૧૩, ૧૯૨૦

મહાત્માજી અઢી વાગ્યે બહાર નીકળ્યા. આ વખતે એમણે આર્યસમાજમાં શહેરની મહિલાઓ સમક્ષ નાનુંસરખું ભાષણ આપ્યું. એમણે કહ્યું કે સભામાં આવ્યા પછી તમારે હમેશાં શાંતિ રાખવી જોઈએ અને જે કંઈ કહેવામાં આવે તે ધ્યાન દઈને સાંભળવું જોઈએ અને કાંતતાં શીખવું જોઈએ. ત્યાર પછી તેઓ મ્યુનિસિપાલિટીના બગીચા તરફ ચાલ્યા ગયા.

મહાત્માજી થોડો જ સમય બોલ્યા એમાં એમણે યુદ્ધના દિવસો દરમ્યાન આ જિલ્લામાં કેટલાક અધિકારીઓ ઉત્સાહના અતિરેકમાં આવીને લશ્કરની ભરતી કરવામાં વાંધાજનક રીતરસમો અખત્યાર કરતા હતા એ વાતનો ટૂંકો ઉલ્લેખ કર્યો. એમણે કહ્યું કે કેટલાક લોકો ભૂલથી જે એમ માની બેઠા છે કે જુદી જુદી કોમો સાથે બેસીને ભોજન કરે તો તેમની વચ્ચે પ્રેમ ઉત્પન્ન થાય એ માન્યતા ખોટી છે. સહભોજન એ સ્નેહનો મુખ્ય પાયો બની શકે નહીં. પ્રેમ તો હૃદયનો ગુણ છે. એટલે જો આપણે એકબીજાનાં દુ:ખસુખમાં ભાગ લઈએ, તો પોતાના ધર્મનો

૧. ત્રણ અઠવાડિયાં પંજાબમાં ફર્યા પછી ગાંધીજી ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ અમદાવાદ પહોંચ્યા હતા. લાહોરમાં એમણે વિતાવેલા છેલ્લા ગુરુવારે આ તારીખ હતી.

૨. આ ઉલ્લેખ ડૉ. જીવરાજ મહેતાનો લાગે છે.

૩. સરલાદેવી ચૌધરાણીનો પુત્ર, તે જાન્યુઆરી, ૧૯૨૦માં આશ્રમની શાળામાં દાખલ થયો હતો.

Gandhi Heritage Portal

ત્યાગ કર્યા વિના પણ એ ગુણ કેળવી શકાય અને વધારી શકાય. સભામાં આવ્યા પછી લોકોએ કડક શિસ્તનું પાલન કરવું જોઈએ. આપણો દેશ પૃથ્વીના પટ પર સૌથી વધારે ગરીબ દેશ છે. એની માથાદીઠ સરેરાશ વાર્ષિક આવક રૂ. ૨૪ કે ૨૫ કરતાં વધારે નથી. માટે આપણે સ્વદેશી માલને ઉત્તેજન આપવું જોઈએ. દર વર્ષે આપણા દેશમાં પરદેશથી એકલું કાપડ જ ૬૦ કરોડ રૂપિયાનું આવે છે. માટે આપણે દરેકે કાંતતાં અને વણતાં શીખવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

ટ્રિબ્યૂન, ૨૨-૨-૧૯૨૦

## ૨૩(૧). નરહરિ પરીખને પત્ર

[ફેબ્રુઆરી ૧૩, ૧૯૨૦][૧]

ભાઈશ્રી ૫ નરહરિ,

તમારા કાગળમાં બે જવાબ રહી જાય છે.

દીપકને લાવી તમારું કામ વધાર્યું એ સારી વાત છે. તમારા કાર્યમાં પણ વિઘ્ન આવે એ પણ સાચું. છતાં ગુજરાતી સિવાયના કોઈને ન લેવાનો નિયમ જાળવવામાં મુશ્કેલી જોઉં છું. દીપકની શરતે કોઈ આવે તેને આપણે કેમ ના પાડીએ એ મને સમજાતું નથી. છતાં હું તો તમે જે માગશો તેનો અમલ કરીશ. છેવટે કાર્ય લેવાનું તમારે રહ્યું છે. એટલે તમારું વચન તે મારો કાયદો ગણીશ. મારે કહેવાનું હશે તે કહીશ. જે છોકરાને લઈએ તેણે છેવટે ગુજરાતીની મારફતે જ કેળવણી લેવી પડશે. એ સૂત્ર તો મને તદ્દન માન્ય છે. દીપકના બંગાળીને વિષે મેં એવું કહેવા નથી માગ્યું કે તેને તાલીમ બંગાળી મારફતે અપાય. મેં એમ માગ્યું છે કે તેનું બંગાળી આપણે સંભાળી શકીએ તો ઠીક. આ તો હું દીપકને જ લાગુ પાડું છું. દીપકની સ્થિતિનો બીજો છોકરો જ હિંદુસ્તાનમાં નથી કે જેને આપણી પાસે આવવાનું બને. સરલાદેવી એક જ બંગાળણ છે કે જે પંજાબીને વરી છે ને પોતાના છોકરાની માતૃભાષા સાચવી રાખવાનો આગ્રહ રાખે છે. એ તત્ત્વ પોષવા લાયક છે. તમે બધા એટલે તમે કાકા વ. બંગાળી જાણો છો ને હાલ તો મણીંદ્ર છે તેથી મેં ઇચ્છયું છે કે દીપક પોતાના બંગાળીનો મહાવરો રાખે.

બીજું, દીપકને કાગળ લખવાના અમુક વખતને વિષે. આમાં તો મારી ખાતરી છે કે તમે ઉતાવળે વિચાર દર્શાવ્યો છે. નિયમરૂપે કાગળ લખવાનું કામ યાંત્રિક જ હોવું જોઈએ. જે સ્વાભાવિક, હાર્દિક થઈ જાય છે તે યાંત્રિક જ છે. મહાદેવને તમે બે વાગ્યે ફળનો રસ આપો તે ક્રિયામાં તમે એવા પરોવાઈ જાઓ કે તે યાંત્રિક થઈ પડે. યાંત્રિકના બે અર્થ છે. યાંત્રિક એટલે મૂઢ દશામાં યંત્રની જેમ કરેલું કે થયેલું. યાંત્રિક એટલે યંત્રની જેમ નિયમપૂર્વક કરેલું કે થયેલું. પહેલું ત્યાજ્ય છે. બીજું ગ્રાહ્ય છે. દીપકનો માતા પ્રત્યેનો પ્રેમ ઉજ્જવળ હોય તો કાગળ લખવો એ સારું છે એમ જાણ્યા પછી તેને સારુ અમુક વખત નીમી તેને પવિત્ર સમજી સાચવે જ. હમેશાં એક જ સમયે હૃદયપૂર્વક કરેલો ગાયત્રીનો પાઠ જેટલો ફળે છે તેટલો નિયમ વિના હમેશાં કે

૧. પત્રમાં લખ્યા પ્રમાણે આ પત્ર ગાંધીજીએ સરગોધાથી લખ્યો હતો, જ્યાં પંજાબના પ્રવાસ દરમ્યાન તેઓ આ તારીખે ગયા હતા.

Gandhi Heritage Portal

કોઈ કોઈ વેળા કરેલો પાઠ ન જ ફળે. નિયમમાં જ જિંદગીનું ચઢવું રહ્યું છે. મને લાગે છે કે હવે તમારે આ બાબત કંઈ કહેવા જેવું નહીં જ રહે. પણ રહેતું હોય તો મળીએ ત્યારે સમજાવજો. અથવા કાશીજી લખજો.[1]

આજે સરગોધા છીએ. કાલે લાહોર ને પરમ દિવસે રવિવારે કાશીની ટ્રેનમાં. મહાદેવની માફી કાલે માગી છે. મારો હેતુ તો અતિશય શુદ્ધ હતો. જે વેળા એ કાગળ મેં લખ્યો ત્યારે कामये दुःखतप्तानां प्राणिनाम् आर्तिनाशनम्[2] શ્લોકનું સ્મરણ કરેલું હતું. બધાંનાં દુઃખ સરખાં એક જાતનાં નહોતાં કલ્પ્યાં પણ એ ત્રણેનાં દુઃખોથી હું દુઃખી થઈ રહ્યો હતો. ને તેની દવા કર્યા કરતો હતો. પણ આપણા ભાવો કેટલા મિશ્રિત હોય છે, આપણી તપશ્ચર્યા કેટલી ઓછી હોય છે તેનો ખ્યાલ મને મહાદેવને થયેલા દુઃખે આપ્યો. મહાદેવે તો તેનું દુઃખ હસીને ધોઈ નાખ્યું એ તેની સરસાઈ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૧૧૮૮૯

## ૨૪. જલિયાંવાલા બાગ સ્મારક નિધિ માટે અપીલ

અમૃતસર,
ફેબ્રુઆરી ૧૪, ૧૯૨૦

જાહેર જનતાને જણાવતાં અમને આનંદ થાય છે કે છેલ્લી કૉંગ્રેસમાં પસાર થયેલા ઠરાવ અનુસાર જલિયાંવાલા બાગ હવે દેશને માટે ખરીદી લેવામાં આવ્યો છે. કૉંગ્રેસની ઇચ્છાઓનો અમલ કરવા માટે નીચે સહી કરનારાઓની એક સમિતિ નીમવામાં આવી હતી. બાગની ખરીદ કિંમત રૂ. ૫,૪૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ અને ચાળીસ હજાર) આખરે નક્કી થઈ છે. એમાં ખર્ચ પણ આવી જાય છે. આ રકમ આ માસની પાંચમી તારીખથી ત્રણ માસની અંદર સદર મિલકત વેચનારાઓને આપી દેવાની છે. અમૃતસરની મેસર્સ રાધાકિશન રામકૃષ્ણની પેઢીના માલિક લાલા દીવાનચંદને આ નિધિના ખજાનચી નીમવામાં આવ્યા છે અને અમૃતસરના લાલા ગિરધારીલાલને[3] એના મંત્રી નીમવામાં આવ્યા છે. અમૃતસરની સેન્ટ્રલ બૅંક ઑફ ઇન્ડિયા, પંજાબ નેશનલ બૅંક, પંજાબ ઍન્ડ સિંધ બૅંક તથા અલ્લાહાબાદ બૅંકમાં ખાતાં ખોલવામાં આવ્યાં છે. ફાળાની રકમો આ બૅંકો અથવા તેમની શાખાઓ ઉપર બારોબાર મોકલી આપવી અને તે મોકલ્યાનું ખજાનચી અથવા મંત્રીને લખી જણાવવું. ખજાનચી અને મંત્રીની સહીઓવાળી

૧. ૧૬મી ફેબ્રુઆરીથી ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૨૦ સુધી ગાંધીજી બનારસમાં હતા.

૨. જે શ્લોકમાંથી આ પંક્તિ ટાંકી છે તે આ પ્રમાણે છે:

न त्वहं कामये राज्यं न स्वर्गं नापुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ॥

૩. પંજાબ ચેમ્બર ઑફ કૉમર્સના ઉપાધ્યક્ષ; અને અમૃતસર ફ્લોર ઍન્ડ જનરલ મિલ્સના મૅનેજિંગ ડિરેક્ટર.

Gandhi Heritage Portal

એક વિધિસરની પહોંચ દરેક દાતાને મોકલવામાં આવશે. આ બાબતમાં દાખવવામાં આવેલા ઉત્સાહને અમે રાષ્ટ્રની ઇચ્છાનું પ્રતીક સમજીએ છીએ. અમને ખાતરી છે કે વ્યક્તિગત માગણીની રાહ જોયા વિના જ દાતાઓ પોતપોતાનો ફાળો મોકલી આપશે. ઓછામાં ઓછા છ લાખ રૂપિયાની જરૂર છે, તેમ છતાં અમે દસ લાખ રૂપિયા એકઠા કરવા માગીએ છીએ, એથી વધારે નહીં પરંતુ થોડા ઓછા હશે તોપણ ચાલશે. આ સ્મારક કેવી રીતે કરવું એ બાબતનો આખરી નિર્ણય અમે કર્યો નથી, પરંતુ અમારી દરખાસ્ત એવી છે કે બાગને એક પાર્ક (મોટું ઉદ્યાન)ના રૂપમાં ફેરવી નાંખવો, ત્યાં એક સાદું સ્મારક ઊભું કરવું અને એના ઉપર મરનાર શહીદોની યાદ કાયમ ટકે અને હિંદુમુસલમાન ઐક્યનું સ્મરણ જળવાઈ રહે એવો લેખ કોતરવો. આ સ્મારક ઉપર એક પણ શબ્દ એવો નહીં હોય જેનાથી કોઈના પ્રત્યે કડવાશ કે દુષ્ટ ભાવના પેદા થાય અથવા તેને ઉત્તેજન મળે. આ લેખ સંબંધમાં સૂચનો કરવા તથા જમીનના ઉપયોગ સંબંધમાં કામચલાઉ દરખાસ્તો મોકલી આપવા સૌને અમારું આમંત્રણ છે. અમે વિચારીએ છીએ કે એનો ઉપયોગ એક રાષ્ટ્રીય તીર્થસ્થાન તરીકે થવો જોઈએ. કેટલાક લોકો કહે છે કે આ સ્મારક અંગ્રેજો અને આપણી વચ્ચેની કડવાશને કાયમ કરવા માટે યોજવામાં આવ્યું છે. આ વિચારને અમે ભારપૂર્વક નકારી કાઢવા માગીએ છીએ. આવા વિચારને અને અમારી ઇચ્છાને જોજનોનું છેટું છે. પરંતુ અમે માનીએ છીએ કે ૧૩મી એપ્રિલના ગોઝારા દિવસે જે સેંકડો નિર્દોષ માનવીઓ ગોળીથી ઠાર થયા હતા તેમની સ્મૃતિ કોઈ પણ પ્રકારે તાજી રાખવી અને કાયમ કરવી એ આપણું પરમ કર્તવ્ય છે. એ દુર્ઘટના રાષ્ટ્રીય મહત્ત્વની હતી. એને ભૂલવા દઈ શકાય નહીં. એટલે અમે એવા નિર્ણય પર આવ્યા કે આ ઉદ્દેશ પાર પાડવા માટે નિર્દોષ લોકોના રક્તથી પવિત્ર થયેલી આ ભૂમિને ખરીદી લઈ અમે ઉપર સૂચવ્યું છે તેવી કોઈ રીતનો એનો ઉપયોગ કરવા સિવાય બીજો કોઈ સારો રસ્તો નથી. અમને શ્રદ્ધા છે કે પક્ષના ભેદભાવ વિના સૌ કોઈ, અંગ્રેજો પણ, આ સ્મારક માટે ફાળો આપશે અને એના ઉપર કોતરવાના લેખ વિષે તથા બાગના ઉપયોગ વિષે સૂચનો મોકલી આપવાના સમિતિના આમંત્રણનો જવાબ વાળશે.

મો. ક. ગાંધી
મદનમોહન માલવિયા
મોતીલાલ નેહરુ
શ્રદ્ધાનંદ
હરિકિશનલાલ
કિચલુ
ગિરધારીલાલ

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १६–२–१९२०

Gandhi Heritage Portal

## ૨૫. પંજાબનો પત્ર

લાહોરથી પાછા ફરતાં રસ્તામાં,
માઘ વદ ૧૧ [ફેબ્રુઆરી ૧૫, ૧૯૨૦]

### ગુજરાત

પંજાબમાં ગુજરાત એ એક જિલ્લો છે. તેમાં ગુજરાત મુખ્ય શહેર છે. સન ૧૮૪૯માં શીખ યુદ્ધ ચાલ્યું તેમાં ગુજરાતની લડાઈ પ્રખ્યાત છે. જે મેદાનમાં લડાઈ થઈ હતી તે મેદાન પણ જોયું. આ જિલ્લામાં પણ માર્શલ લૉ હતો તેથી ત્યાં હું ગયેલો.[1] મુસાફરીમાં શ્રી સરલાદેવી ચોધરાણી[2] સાથે હતાં.

ગુજરાતની પાસે જલાલપુર જટાં કરીને નાનું ગામડું છે. ત્યાં પણ જવાનું હતું. તે ગામડું કેવળ વણકરોનું છે એમ કહીએ તો ચાલે. ત્યાંનાં બૈરાંઓ કાંતે છે, મરદો વણે છે. ત્યાંની નાની શેરી આખી હાથવણાટનાં કપડાંથી લોકોએ શણગારી મૂકી હતી. આ કપડાં માત્ર સફેદ ખાદીનાં ન હતાં, પણ ખાદીને લાલ રંગી તેમાં હીરથી ગૂંથણી કરી હતી. આવાં કપડાંને અહીં લોકો ફૂલકારી[3] કહે છે. એમાં સુંદર ભાતો પાડેલી હોય છે તેથી તે આંખને પ્રિય લાગે છે. વિવાહ વખતે એવી ફૂલકારી વરવહુને ભેટ કરવામાં આવે છે, અને તે ઘણાં કુટુંબોમાં સંઘરી રાખવામાં આવે છે. આ ફૂલકારીના બેસ [દુપટ્ટો] ઘણાં બૈરાં ઉપર જોવામાં આવે છે. તેના હવે લોકો પડદા પણ કરે છે. મારે સારુ જે બેઠક કરી હોય તેમાં ઘણે ભાગે તો આવી ફૂલકારી જ હું જોઉં છું. તેની પાછળ રહેલો પ્રેમ મને આનંદ આપે છે.

ફૂલકારીઓથી ભરેલી બજાર જોઈ મને બણ દિલગીરી પણ થઈ. મારું હૃદય ભરાઈ આવ્યું. આ સુંદર કળા અને હિંદુસ્તાનની આબાદીનું મોટામાં મોટું સાધન લગભગ નાબૂદ થવાની દશામાં આવી પડ્યું છે એ વિચારે મને ગમગીન કરી મૂક્યો. એવી ફૂલકારીમાં જે શોભા, જે પવિત્રતા, પૈસાની જે રક્ષા હું જોઉં છું તે વિલાયતની સાડીઓમાં હું નથી જોઈ શકતો. કાંતવામાં હિંદુસ્તાનનાં ઘરોની બરકત છે. ધંધો જતાં બરકત ઊડી ગઈ છે.

આ ગુજરાતમાં જોકે કમિશનરે માર્શલ લૉ નહોતો માગ્યો, તોપણ આવ્યો ત્યારે રખેને મુંબઈ ઇલાકાના ગુજરાતમાં હોય નહીં એમ માની તેણે તારથી પુછાવેલું. આટલું નિર્દોષ પંજાબનું ગુજરાત હતું. ત્યાં શું થયું એ તો હું લખવા નથી માગતો. પણ ઉપરની વાત હંટર કમિટી પાસે આવી ગઈ છે તેથી તેની યાદ અહીં આપી દઉં છું.

### સરગોધા

ગુજરાત એક રાત રહી અમે સરગોધા ગયા. સરગોધા એ નવું વસેલું ગામ છે. નહેરોની નજીક એવાં કેટલાંક ગામો વસેલાં છે. આ ગામ શાહપુર જિલ્લામાં આવેલું છે. ત્યાં જવાનો

૧. એપ્રિલથી જૂન, ૧૯૧૯.

૨. પંડિત રામભજદત્ત ચૌધરીનાં પત્ની અને રવીન્દ્રનાથ ટાગોરનાં ભાણી. તેઓ પોતાના પતિ સાથે ૧૯૧૯માં ગાંધીજીનાં અનુયાયી બન્યાં હતાં અને પોતાનાં પુત્ર દીપકને તેમણે સાબરમતી આશ્રમમાં ભણવા મૂકયો હતો.

૩. મૂળમાં ફુલવારી છે. ખરો શબ્દ ફૂલકારી છે.

Gandhi Heritage Portal

હેતુ રિક્રૂટોની ભરતી વખતે થયેલી ઈજાની તપાસ કરવાનો હતો. સરગોધામાં અમે રાતે પહોંચેલા. પણ લોકોનો ઉત્સાહ રાતના દસ વાગ્યે પણ મંદ કરી શકાય એમ ન હતો. ગામડાંઓથી હજારો માણસો આવ્યાં હતાં, ને આખી બજારમાં અસંખ્ય બત્તીઓ જ જોવામાં આવતી હતી.

શાહપુર જિલ્લાના માણસો બીજા જિલ્લાઓ કરતાં જુદા જ પ્રકારના જોવામાં આવ્યા. તેઓ શરીરે કદાવર છે, છતાં ઘણા મંદ ભોળા ને નઝરૂ [ડરપોક] છે. સિપાઈથી બહુ ડરે છે અને પોતાની રક્ષા કરવા તદ્દન અસમર્થ છે. ઘણે ભાગે આ લોકો મુસલમાન છે, પણ ભૂખમરાને લીધે તેઓ ચીમળાઈ ગયેલા હોવા જોઈએ. નહેરો ખોદાવાથી તેઓમાં ભૂખમરો તો ઘણો ઓછો થયો છે. પણ લોકોને જાહેર જીવનની કંઈ જ તાલીમ નથી તેથી તેઓ નિરાધાર રહેલા છે.

### મલકવાલ

સરગોધાથી અમે મલકવાલ ગયા. મલકવાલ ગુજરાત જિલ્લામાં શહેર છે. મોટું જંકશન સ્ટેશન હોવાથી તે જાણીતું થયું છે. ત્યાં માર્શલ લૉ હતો જ. મલકવાલના માણસો એટલા બધા દબાયેલા છે કે આગેવાનોની અમને નોતરવાની હિંમત ન હતી. પણ આમ અને આગેવાન વચ્ચે અત્યારે પૂરો મેળ નથી. તેથી લોકોને ખબર પડી એટલે તેઓએ તો સ્ટેશન જ ભરી મૂક્યું, ને આસપાસનાં ગામડાંઓમાંથી એટલા બધા માણસો આવી પડ્યા કે બિલકુલ શાંતિ મળી જ ન શકે. આગેવાનો ડરના માર્યા દૂર જ રહ્યા. મલકવાલમાં રાત રહેવાનું હતું. સવારે આસપાસનાં ગામમાંથી વાજાં વગાડતાં સ્ત્રીપુરુષોએ આવીને અમને બધાને જગાડી મૂક્યા. અને માણસો એટલા બધા ભરાઈ ગયા કે નિરાંત વાળીને બેસી શકાય કે કંઈ હકીકત લઈ શકાય એવું રહ્યું જ નહીં. છેવટે નજદીકના મેદાનમાં લોકોને હું લઈ ગયો અને ત્યાં સભા ભરી ત્યારે જ કંઈક શાંતિ મળી શકી. આ બધી સભાઓમાં જોકે હજારો માણસો હોય છે છતાં પ્રમુખ અને ભાષણ કરનારો હું જ હોઉં છું, અથવા પ્રમુખ નથી જ હોતા એમ કહીએ તોપણ ચાલે. દિવસે દિવસે આ સભાઓમાં સ્ત્રીઓની હાજરી વધતી જોવામાં આવે છે. મલકવાલથી ૧૧ વાગ્યે અમે લાલામુસા જવા ઊપડ્યા.

### રસ્તાનો દેખાવ

આ મેઇન લાઇન ઉપર જંકશન સ્ટેશન છે, અને મલકવાલથી અઢી કલાકનો રસ્તો છે. વચમાં ચારપાંચ સ્ટેશન આવે છે. આ સ્ટેશનો ઉપરનો દેખાવ વર્ણવ્યા જાય એમ નથી. લગભગ દરેક સ્ટેશને થોડી મિનિટને સારુ ટ્રેન રોકાય. છતાં સેંકડો માણસો — પુરુષો અને સ્ત્રીઓ — આવી ચઢતાં હતાં. વચમાં બાહુદીન કરીને એક સ્ટેશન છે. એ ગામ પ્રમાણમાં મોટું ગણાય. સ્ટેશનની આસપાસ મારી નજર પહોંચી શકે ત્યાં સુધી પુરુષો અને સ્ત્રીઓ ભરાઈ ગયાં હતાં, અને સ્ત્રીઓ પુરુષોની સાથે મને મળવાને હરીફાઈ કરી રહી હતી. દરેક જગ્યાએ સ્ત્રીઓએ પોતે હાથે કાંતેલા સૂતરની પ્રસાદી મને મળ્યા કરતી હતી. પણ ધીંગા કરીને સ્ટેશન છે ત્યાં ટ્રેન પાંચસાત મિનિટ રોકાતી હશે. ત્યાંનો દેખાવ તો મને અદ્‌ભુત જણાયો. પુરુષોની પાછળ સ્ત્રીઓ ઊભી હતી ત્યાંથી સ્ત્રીઓએ સૂતરના ગોળા અથવા આંટીઓ એક પછી એક ફેંકવા જ માંડી, અને અમે ટ્રેનમાં રહેલા તેમ જ વચમાં રહેલા પુરુષો તે ઝીલી લેતા હતા. સ્ત્રીઓનો



Gandhi Heritage Portal

ભાવ હું સમજી શક્યો હતો, અને મારું હૃદય હર્ષથી ઊભરાઈ જતું હતું. આટલી બધી સ્ત્રીઓ આવો અદ્‌ભુત ભાવ કેમ બતાવે છે એ સવાલનો જવાબ મને વિશેષે ધીંગા સ્ટેશન ઉપરના ચમત્કારથી મળ્યો. મારી દૃઢ માન્યતા છે કે પંજાબની સ્ત્રીઓ મારો સંદેશો સમજી ગઈ છે. તેઓને ભાસી આવ્યું છે કે સ્વદેશી એ કેવળ હિંદુસ્તાનનો પૈસો બચાવવાનો જ ધંધો નથી પણ સ્વદેશીમાં સ્ત્રીઓના શિયળની રક્ષા છે, સ્વદેશીમાં ઈશ્વરભક્તિ છે અને સ્વદેશીમાં હિંદુસ્તાન-નો શુદ્ધ છુટકારો છે. વળી સ્ત્રીઓ સત્યાગ્રહનો નિર્દોષ સંદેશો અનાયાસે પોતાની પ્રેરણાશક્તિથી વગર સમજાવ્યે સમજી ગઈ છે. અને તેથી તેઓને ભારે શાંતિ અને આશ્વાસન મળ્યાં છે. તેઓ એમ માને છે કે જો મારા સંદેશાનો હિંદુસ્તાન અમલ કરે તો હિંદુસ્તાનમાં અને હિંદુસ્તાનની મારફતે જગતમાં શાંતિ ફેલાય અને સત્યયુગ દાખલ થાય. એ બધું આ જમાનામાં થાઓ યા ન થાઓ; એમ છતાં શ્રદ્ધાપૂર્વક પ્રયત્ન કરવા જેવી આ બંને વસ્તુ છે એમ સ્ત્રીઓ સમજી ગઈ છે, અને તેથી સ્ત્રીઓ નિર્ભયપણે વધારે જથામાં મારી પાસે આવતી થઈ ગઈ છે. પ્રેમપૂર્વક, દ્વેષ વિના આપણી સામેનાની સાથે બરોબરી કરી લડી શકાય, અમલદારોને તેમના દોષ નિર્ભયપણે સંભળાવી શકાય અને અમલદારોએ તે સાંભળવા પડે. એ બધું જોઈને સ્ત્રીઓ હર્ષઘેલી થઈ ગઈ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી થતી. એવી ખાતરી મને મારી આ મુસાફરી દરમ્યાન થઈ છે.

આમાં ક્યાંયે આત્મશ્લાઘા આવી જાય છે એવો ભાવ વાંચનારને ન થાઓ એમ હું ઇચ્છું છું. હંટર કમિટીને[1] મારી અપૂર્ણતા વિષે મેં જે જવાબ આપ્યો એ કંઈ માત્ર વિનયનો સૂચક જ ન હતો. એ જવાબ અક્ષરશઃ બરોબર હતો. મેં કહ્યું કે હું સંપૂર્ણ સત્યાગ્રહી હોવાનો દાવો નથી કરી શકતો. સંપૂર્ણ સત્યાગ્રહી હોઉં તો આ વાક્ય લખવાપણું પણ મને ન રહે. આત્મ-શ્લાઘાનો આરોપ મારી ઉપર રખેને આવી જાય એવો ભય પણ મને હોય નહીં. મારાથી મારી પોતાની પ્રશંસા કોઈ પણ વખતે નહીં જ થતી હોય એવો દાવો કરવાની હિંમત હું નથી કરી શકતો. પણ વાંચનારને સત્ય ઉપર, સ્વદેશી ઉપર સંપૂર્ણ રસ ઉપજાવવાને ખાતર હું જ્ઞાનપૂર્વક અને સાવધાનીથી આટલું કહેવાની રજા લઉં છું કે પંજાબની સ્ત્રીઓનો અલૌકિક ભાવ મારી જાત પ્રત્યે છે એમ હું નથી માનતો. પણ જે સત્ય એમણે મારામાં જોયું છે, અને સ્વદેશીની જે સરલતા એમણે મારી મારફતે અનુભવી લીધી છે તેથી તેઓ અત્યારે મારી ઉપર મોહાઈ પડી છે. પુરુષોનો પ્રેમ કંઈ ઓછો નથી. પણ એ પ્રેમની નિર્મળતાને વિષે મને વહેમ છે. હું સરકારની સામે લડવાવાળો છું એમ સમજીને કેટલાક મારી ઉપર ભાવ રાખે છે. કેટલાક એમ માને છે કે હું કહેતો નથી છતાં ખૂબ વેરભાવથી ભરેલો છું; માત્ર એ ભાવને હું કાર્યકુશળ હોવાથી છુપાવી રાખું છું. કેટલાક એમ માને છે કે મારામાં લડવાની શક્તિ તો સરસ છે, પણ બુદ્ધિની ખામીને લીધે હું મૂર્ખ છું. તોપણ મારી લડવાની શક્તિનો ઉપયોગ કરવો અને તેટલા પૂરતો મારી ઉપર ભાવ બતાવવો એ અનુચિત નહીં ગણાય. અને બાકી રહેલાં પોતે સત્ય અને સ્વદેશીનાં પ્રેમી હોવાથી હું તેઓના કરતાં આ બન્ને બાબતોમાં વધારે અનુભવી છું તેથી નિર્મળ ભાવ રાખે છે. આમ પુરુષોનો ભાવ મિશ્રિત છે એમ મારી શંકા હોવાને લીધે અનેક પુરુષો મારી આસપાસ વીંટળાઈ જાય છે ત્યારે હું મૂંઝાઈ જાઉં છું, ગભરાઈ જાઉં છું, અને તેઓ અને હું બંને અનર્થના કરનારા થઈ પડીએ એવો મને ભય રહ્યા કરે છે. પણ સ્ત્રીઓને વિષે તો

૧. ૯મી જાન્યુઆરી, ૧૯૨૦ને રોજ અમદાવાદમાં એ સમિતિ સમક્ષ જુબાની આપી ત્યારે.

Gandhi Heritage Portal

એવું મને સ્વપ્નામાંયે નથી થતું. તેઓ એક જ ભાવથી મને મળવા ઇચ્છે છે તેથી હજારોની મેદનીમાં તેઓની હાજરી મને શાંતિ આપે છે, અને સત્યાગ્રહ તેમ જ સ્વદેશીની ઉપર મારી શ્રદ્ધાને વધારી, મારી દૃઢતાને વધારે દૃઢ કરી મને વધારે જુસ્સ આપે છે, અને મારા એ કાર્યને વિષે મને વધારે પ્રવૃત્ત કરે છે. સ્ત્રીઓના જેટલો જ નિર્મળ ભાવ જો હું પુરુષોમાં પેદા કરી શકું તો એક વર્ષની અંદર હિંદુસ્તાન કેટલે ઊંચે જઈ શકે તેનો આંક મેલી નહીં શકાય; અને સ્વરાજ્ય એ તો હું હસ્તામલકવત્ સમજું છું.

શ્રી સરલાદેવીની પાસે તેના એક મુસલમાન નોકરે વાત કરી, અને એ બહેને મારી પાસે વાત કરી એ હું રજૂ કરી તેનું મનન કરવા વાંચનારને વીનવી આ પત્ર બંધ કરીશ. સરલાદેવીને ઘણાં સ્ત્રીપુરુષો માતાજી કહીને આવકારે છે. આ નોકરે કહ્યું : "માતાજી, મહાત્માજી ચરખો કાંતવાની વાત બધી સ્ત્રીઓની પાસે કરે છે એ કંઈ વગર સમજે કરતા નથી. એ તો ખુદાને જાણનાર પુરુષ છે, અને તેમાં હિંદુસ્તાનની સ્ત્રીઓનો ધર્મ રહી શકે એવું માને છે, અને એ ખરું છે તેથી એમ કરે છે." આ નોકર નિમાજી અને ભલો છે એમ મને શ્રીમતી સરલાદેવીએ વાત કરતાં જણાવ્યું, અને સ્વદેશી વિષેના તેના વિચારો મારી પાસે મૂકયા. આ કહેવાતા અજ્ઞાની માણસની પાસે આટલું ડહાપણ છે એમ જોઈ સરલાદેવી ચકિત થયાં. હું રાજી થયો પણ મને આશ્ચર્ય નહીં થયું. અજ્ઞાની કહેવાતાઓની પાસે મેં જેટલું જ્ઞાન જોયું છે, અને તેમની પાસેથી હું જેટલું જ્ઞાન મેળવી શકયો છું તેટલું મને બીજેથી નથી મળ્યું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૨-૨-૧૯૨૦

## ૨૬. એલ. ફ્રૅંચને પત્ર

૨, મોઝંગ રોડ,
લાહોર,
ફેબ્રુઆરી ૧૫, ૧૯૨૦

પ્રિય મિ. ફ્રૅંચ,

હું હમણાં જ સરગોધાથી આવ્યો. ત્યાં મેં અનેક સાક્ષીઓને મોંએ અત્યાચારની વાતો સાંભળી છે. એમનું કહેવું એવું હતું કે લશ્કરની ભરતી ચાલતી હતી ત્યારે ત્યાંના તહસીલદાર નાદિર હુસેન શાહ, જેનું ૧૯૧૮માં કરપીણ ખૂન થયું હતું તેણે તથા બીજા અધિકારીઓએ તેમના ઉપર ભારે જુલમ ગુજાર્યો હતો.[૧] હું માનું છું કે ગયા યુદ્ધ દરમ્યાન લશ્કરમાં ભરતી કરવા માટે કડકાઈની જરૂર હતી અને કોઈક પ્રકારનું નૈતિક દબાણ પણ અનિવાર્ય હતું. હું એમ પણ માનું છું કે નાના અધિકારીઓ કેટલેક અંશે વધારેપડતો ઉત્સાહ દાખવે, એવી અપેક્ષા પણ તે વખતે હતી અને તે અત્યારે પણ. . . [અહીં શબ્દો ખૂટે છે, તેથી અર્થ અસ્પષ્ટ છે.]

૧. જુઓ "પંજાબનાં રમખાણોની તપાસનો કૉંગ્રેસ રિપોર્ટ", ૨૫-૩-૧૯૨૦.

Gandhi Heritage Portal

પરંતુ જે વાર્તાઓ અનેક સાક્ષીઓએ પુરુષો અને સ્ત્રીઓ બંનેએ મને વારંવાર કહી સંભળાવી છે તેની ઉપેક્ષા થઈ શકે નહીં અને જે જુલમ ગુજર્યાનું કહેવાયું છે તેને માફ કરવાનું નામદાર સાહેબ[1] નહીં જ ઇચ્છે એની મને ખાતરી છે.

મારી સમક્ષ જે નિવેદનો રજૂ થયાં છે તે ઉપરથી જણાય છે કે ગામડાંના લોકોને મોટી સંખ્યામાં બોલાવવામાં આવતા અને એમને અમાનુષી અત્યાચારો તથા અપમાનોની ધમકી આપીને એમ કહેવામાં આવતું કે જો તમારા છોકરાઓ પુખ્ત ઉંમરના હોય તો તેમને ભરતીમાં મોકલી આપો. કહે છે કે આ રીતે ભરતી કરાવવા માટે પુરુષોને નાગા કરીને તેમના ધગડા ઉપર ફટકા મારવામાં આવતા અને તે વખતે તેમને કાંટાઓ ઉપર નીચા નમવાની ફરજ પાડવામાં આવતી. આ રીતે બેઇજ્જત કરવામાં આવેલા પુરુષોને ઘસડી લઈ જવાનું કામ સ્ત્રીઓ પાસે કરાવવામાં આવતું. કેટલીક સ્ત્રીઓના પતિ અને પુત્રો સંતાતા ફરતા હતા. એટલા કારણસર એ સ્ત્રીઓનાં વસ્ત્ર ઉતારી તેમની સાથે બેશરમ વર્તાવ કરવામાં આવતો હતો. એમ પણ કહેવાયું છે કે મરદો ઉપર જૂઠા આરોપો મૂકવામાં આવ્યા હતા તથા બીજી રીતે તેમના ઉપર કાયદેસર કારવાઈઓ કરવામાં આવી હતી. એ ઉપરાંત મરનાર તહસીલદારના ખૂન સંબંધમાં અનેક ગામો ઉપર શિક્ષાત્મક પોલીસ મૂકવામાં આવી છે અને આ પોલીસના માણસો ગરીબ ગામડિયાઓ પાસેથી ગેરકાયદે પૈસા પડાવે છે.

મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે આ એક એવી ગંભીર બાબત છે જેની ઝીણવટથી તપાસ થવાની જરૂર છે. અને જે અધિકારીઓએ ગામડાના લોકો ઉપર જુલમ ગુજાર્યાનું સાબિત થાય તેમને ફરી એવી તક ન મળે તેવો બંદોબસ્ત થવાની જરૂર છે. હું એમ પણ હિંમતપૂર્વક માનું છું કે ગામડાંમાંથી દંડ માટેની પોલીસ વિના વિલંબે ખસેડી લેવી જોઈએ અને લોકો પાસેથી જે પૈસા પડાવાય છે તે જુલમમાંથી તેમને છોડાવવા જોઈએ.

જે નિવેદનો રજૂ થયાં છે તે એવાં ગંભીર છે કે નામદાર સાહેબનું એ તરફ ધ્યાન ખેંચ્યા વિના તો તે પ્રસિદ્ધ નહીં જ કરવાં એ મારું કર્તવ્ય લાગે છે. એટલે જો નામદાર સાહેબ એ નિવેદનો જોવા માગતા હશે તો તે હું તેમને જોવા માટે ખુશીથી મોકલી આપીશ. આ બાબતમાં નામદાર સાહેબને મળવા અને સાચી પરિસ્થિતિ પ્રકાશમાં લાવવા મારાથી જે કંઈ મદદ આપી શકાય તે આપવા પણ હું તૈયાર છું.

આજે હું કલકત્તા મેલમાં બનારસ જાઉં છું. ત્યાં ૨૦મી તારીખ સુધી પંડિત મદનમોહન માલવિયાને ઘેર રહેવાનો છું. તે પછી મારું સરનામું સાબરમતી, બી. બી. ઍન્ડ સી. આઈ. રેલવે એ પ્રમાણે રહેશે. તારીખ છઠ્ઠી માર્ચ પછી કોઈક દિવસે નામદાર સાહેબને હું મળી શકીશ. તાકીદના કામને કારણે કંઈ નહીં તો તે તારીખ સુધી મારે પંજાબ બહાર રહેવું પડશે.

આ મહત્ત્વની બાબતમાં નામદાર સાહેબની ઇચ્છા શી છે તે જો તમે મને જણાવશો તો હું તેને કૃપા સમજીશ.

આપનો સહૃદયી

એલ. ફ્રેંચ
પંજાબ ગવર્નમેન્ટ કૅમ્પ

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી : એસ. એન. ૭૧૨૫

૧. પંજાબના લેફ્ટનન્ટ ગવર્નર.

Gandhi Heritage Portal

## ૨૭. એસ્થર ફેરિંગને પત્ર

બનારસ જતાં ટ્રેનમાં,
રવિવાર [ફેબ્રુઆરી ૧૫, ૧૯૨૦][1]

મારી વહાલી દીકરી,

અત્યારે હું બનારસ જઈ રહ્યો છું[2] અને થોડા જ વખતમાં આપણે મળીશું. તું મારી સાથે હોત અને દેવદાસની પેઠે મારી સેવા કરતી હોત તો મને ખૂબ સારું લાગત. હું જાણું છું કે એ તને ગમત અને મને પણ ગમત. આમ તો કોઈ પણ વ્યક્તિ પિતાનું સ્થાન લઈ શકતી નથી, છતાં આ દેશને જ્યારે તેં તારો પોતાનો દેશ ગણ્યો છે ત્યારે અહીં મારી શક્તિ પ્રમાણે હું તારા પિતાનું સ્થાન લેવા ઇચ્છું છું. તબિયત સુધારવા માટે તારે ડેન્માર્ક જવું પડે છે, એ વિચારથી મને શરમ આવે છે. તને સંપૂર્ણ રીતે તંદુરસ્ત બનાવીને, વધારે સાચી ખ્રિસ્તી તથા વધારે સાચી દીકરી બનાવીને જો હું ડેન્માર્ક મોકલી શક્યો હોત તો તેનાથી બીજી કોઈ વસ્તુ મને વધારે સુખદ લાગત નહીં. વળી આ જ જીવન દરમ્યાન પૂરેપૂરો વિકાસ સાધવા તારામાં બધી શક્યતાઓ રહેલી છે. મારા તને આશીર્વાદ છે કે ભગવાન તારી પ્રિયમાં પ્રિય બધી ઇચ્છાઓ પાર પાડે અને માનવજાતિની મહાન સેવા કરવાનું તને સાધન બનાવે. હિંદુસ્તાન માટેનો તારો પ્રેમ માનવજાતિ પ્રત્યેના તારા પ્રેમના આવિષ્કાર રૂપે જ સ્વીકાર્ય હોઈ શકે. "મારું કશું જ નથી, બધું તારું જ છે", એ એક મહાન પ્રાર્થના છે. આ પ્રકારની પ્રાર્થનાઓમાં એ શ્રેષ્ઠ છે.

તું અને હું એ પ્રાર્થનાને ચરિતાર્થ કરી બતાવીએ એવું હું ઈશ્વર પાસે માગું છું.

સંપૂર્ણ પ્યાર સહિત,

તારો
બાપુ

તા. ક. 'એ'ને તારા દિલની બધી વાત જરૂર કહેજે.[3]

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૫૮

૧. એસ્થર ફેરિંગ હિંદુસ્તાનથી ડેન્માર્ક જવા ૧૯૨૦માં નીકળી હતી. અને તે વર્ષે ફેબ્રુઆરીની ૧૫મી તારીખે ગાંધીજી લાહોરથી બનારસ જવા નીકળ્યા હતા.

૨. તેઓ એક સભા માટે જઈ રહ્યા હતા. એ સભામાં કૉંગ્રેસની પંજાબ પેટાસમિતિએ નીમેલા તપાસપંચના સભ્યોએ તૈયાર કરેલા રિપોર્ટના ખરડાને આખરી સ્વરૂપ આપવાનું હતું.

૩. નેશનલ આર્કાઇવ્ઝમાં જે છબી મળે છે તેમાં આ વાક્ય નથી.

Gandhi Heritage Portal

## ૨૮. ઉત્કલથી પોકાર

"ઊડિયા" કરતાં "ઉત્કલ"[1] શબ્દ વધારે સારો છે. ઉત્કલ યુનિયન કૉન્ફરન્સના માજી મંત્રી અને ઉત્કલ પીપલ્સ ઍસોસિયેશન, કટકના[2] પ્રમુખ, માનનીય બાબુ વ્રજસુંદરદાસે એક છાપેલો પત્ર પ્રચારમાં મૂકયો છે. તેમાં તેઓ લખે છે:

> ઊડિયા પ્રદેશને ચાર ઈલાકા કહેતાં બિહાર, મદ્રાસ, બંગાળ અને મધ્ય પ્રાંતના શાસન તળે મૂકવામાં આવ્યો છે. એના લોકો દરેક જગાએ લઘુમતીમાં છે. આને લીધે આ પ્રદેશનો એક સ્વતંત્ર એકમ તરીકે વિકાસ અશકય બની ગયો છે. છેલ્લાં પંદર વર્ષથી ત્યાંના લોકો વહીવટના એકીકરણ માટે મથામણ કરી રહ્યા છે. તેઓ સ્વભાવે નમ્ર અને બિનઉપદ્રવી હોવાથી, વારંવાર તેમણે કરેલી અરજીઓ ઉપર સત્તાવાળાઓએ ધ્યાન આપ્યું નથી. સમગ્ર હિન્દુસ્તાનની પ્રગતિમાંથી એનો એક ભાગ બાદ રહી જાય એવું નહીં બનવું જોઈએ. હિંદુસ્તાનના નવા રાષ્ટ્રનું નિર્માણ એક પ્રાચીન જાતિની ભસ્મ ઉપર નહીં કરી શકાય.

માનનીય બાબુ વ્રજસુંદરદાસે વાપરેલી ભાષા સામે વાંધો લેવાની જરૂર નથી. એમની ફરિયાદ સાચી છે અને એમાંથી ઈલાકાઓની ભાષાના ધોરણે ફરી વહેંચણી કરવાનો વિશાળ પ્રશ્ન ઊભો થાય છે. આ સંસ્કારી જાતિ કોઈ સંગીન કારણ વિના ચાર વિભાગમાં વહેંચાયેલી હોવાથી, હકદાર હોવા છતાં તે પોતાનો વિકાસ સાધી શકતી નથી. એટલે અમે આશા રાખીએ છીએ કે લોકો આ ઊડિયા હિલચાલને સમભાવથી જોશે અને સહાનુભૂતિપૂર્વકની કાળજી રાખીને તથા ધ્યાનથી તેનો અભ્યાસ કરશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १८–२–१९२०

૧. આરસ્સાનું આ નામ રવીન્દ્રનાથ ટાગોરે પ્રચલિત બનાવ્યું હતું.
૨. કટક, ઓરિસ્સાની જૂની રાજધાની.

Gandhi Heritage Portal

## ૨૯. જલિયાંવાલા બાગ

આ બાગ દેશને માટે ખરીદી લેવામાં એક કમનસીબ વિઘ્ન આવી પડ્યું હતું.[1] પરંતુ માનનીય પંડિત મદનમોહન માલવિયા, સંન્યાસી સ્વામીશ્રી શ્રદ્ધાનંદ અને સ્થાનિક નેતાઓના પ્રયાસોને પરિણામે હવે એ બાગ દેશની મિલકત બન્યો છે. એ બદલ એમને સૌને ધન્યવાદ ઘટે છે. બાગ અંગે શરત એટલી છે કે એની ખરીદીની પૂરેપૂરી કિંમત આ માસની છઠ્ઠી તારીખથી ત્રણ માસ પહેલાં ચૂકવાઈ જવી જોઈએ. આ ખરીદ કિંમતનો આંકડો રૂ. ૫,૩૬,૦૦૦ છે. આ રકમ ઠરેલા સમયમાં એકઠી કરવાની છે.

એટલે આ બાગને દેશ તરફથી ખરીદી લેવાના ઔચિત્ય વિષે, ખાસ કરીને કેટલાક સુશિક્ષિત અને સમજુ લોકોએ પણ આની સામે વાંધો ઉઠાવ્યો હોવાથી, વિચાર કરવાની જરૂર છે. વળી આપણી સમક્ષ કાનપુરના સ્મારકનું[2] જે ઉદાહરણ છે તે જોતાં આ વલણથી આપણને આશ્ચર્ય ન થવું જોઈએ. પરંતુ વાંધો ઉઠાવનારાઓને હું પૂરા માન સાથે કહ્યા વિના રહી શકતો નથી કે જો આ બાગ આપણે ખરીદ્યો ન હોત, તો દેશને માટે એ એક શરમની ઘટના બનત. પાંચસો કે તેથી પણ વધારે મનુષ્યોને, નીતિ કે કાયદો બેમાંથી એકેય દૃષ્ટિએ એમણે કશું પાપ નહીં કર્યું હોવા છતાં મારી નાખવામાં આવ્યા હતા. એ લોકોને ભૂલી જવાનું આપણને પાલવે ખરું? જો તેઓ સમજીને અને રાજીખુશીથી મર્યા હોત, જો પોતાની નિર્દોષતાનો ખ્યાલ રાખીને તેઓ પોતાની જગાએ અડગ રહ્યા હોત અને પચાસે પચાસ[3] બંદૂકોમાંથી છૂટેલી ગોળીઓ એમણે સામે મોંએ ઝીલી હોત, તો ઇતિહાસમાં તેઓ સંતો, શૂરવીરો અને દેશભક્તો તરીકે અમર થઈ ગયા હોત. પરંતુ આજની પરિસ્થિતિમાં પણ એનું રાષ્ટ્રીય મહત્ત્વ ઘણું મોટું છે. રાષ્ટ્રોનો જન્મ તો વેદના અને દુ:ખમાંથી જ થાય છે. રાજકીય મુક્તિના આપણા સંગ્રામમાં જે લોકો વગર વાંકે અથવા બીજાઓની કસૂરને કારણે પોતાના પ્રાણ ગુમાવી બેસે અથવા બીજી રીતે કષ્ટ સહન કરે, તેમની સ્મૃતિ જો આપણે સુરક્ષિત ન રાખીએ તો એક રાષ્ટ્ર કહેવડાવવાનો સર્વ અધિકાર આપણે જતો કરવો જોઈએ. જ્યારે આપણા નિ:સહાય દેશબંધુઓની નિર્દય રીતે કતલ થઈ હતી ત્યારે આપણે એમનું રક્ષણ કરવા અસમર્થ હતા. જો આપણે ઇચ્છીએ તો આ અન્યાયનું વેર લેવાનો આપણે ઇનકાર કરી શકીએ. આપણા આવા ઇનકારથી દેશને કશું નુકસાન થવાનું નથી. પરંતુ મૃત્યુ પામેલાઓની સ્મૃતિ કાયમ કરવાનો અને એમની પાછળ જીવતા રહેલા એમના કુટુંબીજનોને એમ દેખાડી આપવાનો પણ શું આપણે ઇનકાર કરીશું કે અમે પણ તમારા દુ:ખમાં ભાગીદાર છીએ? એવો ઇનકાર કરવાનું આપણને પાલવશે ખરું? આને માટે આપણે રાષ્ટ્ર તરફથી એક ખાંભી ઊભી કરવી છે અને તે દ્વારા દુનિયાને જાહેર કરવું છે કે આ માણસોનાં મૃત્યુથી અમે દરેક જણે અમારાં પ્યારાં સ્વજનો ગુમાવ્યાં છે. જો રાષ્ટ્રીય ભાવના પાછળ બંધુત્વની ઓછામાં ઓછી આટલી પણ ઊર્મિ

૧. જુઓ "પંજાબનો પત્ર", ૧૧-૨-૧૯૧૯ પહેલાં.

૨. આ સ્મારક ૧૮૫૭ના બળવાનું છે.

૩. જલિયાંવાલા બાગમાં જનરલ ડાયરના હાથ નીચેના પચાસે સોલ્જરોએ ગોળીઓ છોડી હતી; જુઓ "પંજાબનાં રમખાણોની તપાસનો કૉંગ્રેસ રિપોર્ટ", ૨૫-૩-૧૯૨૦.

Gandhi Heritage Portal

ન હોય તો એ ભાવનાનો મારે મન કશો અર્થ નથી. હું માનું છું કે ભાવિ સંતતિને આ વાત બતાવી આપવાનું આપણું કર્તવ્ય છે કે સાચી સ્વતંત્રતા તરફની આપણી કૂચમાં જલિયાંવાલા બાગમાં થયેલી કતલ જેવા અન્યાયોની પુનરાવૃત્તિ સહન કરી લેવા આપણે તૈયાર રહેવું જોઈએ. આપણે એના સામનાની જોગવાઈ કરી રાખવી જોઈએ. આપણે એ બનાવોને શોધતા તો ન જ જઈએ, પરંતુ જો તેમનું પુનરાવર્તન થાય તો તેમનો સામનો કરવા આપણે તૈયાર રહેવું જોઈએ. રાષ્ટ્રીય જીવનના સંગ્રામમાંથી આપણે ડગી જઈએ એવું તો હું કદી ઇચ્છું જ નહીં. અમૃતસર કૉંગ્રેસનો[1] સૌથી મોટો બોધપાઠ એ હતો કે પંજાબની યાતનાઓથી દેશ નિરુત્સાહ બન્યો નહોતો, પણ રાષ્ટ્રે એને સ્વાભાવિક ઘટના માની લીધી હતી. આપણામાંના કેટલાક લોકોએ મૂર્ખાઈભરી ભૂલો કરી અને એને લીધે નિર્દોષ લોકોને સહન કરવું પડયું. ભવિષ્યમાં આવી ભૂલો ન થાય તે માટે આપણે પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ આપણા શ્રેષ્ઠ પ્રયાસ છતાં આપણે દરેકની સાન ઠેકાણે ન પણ લાવી શકીએ. એટલે નિર્દોષ લોકોની આવી યાતનાઓના પુનરાવર્તન માટે આપણે તૈયાર રહેવું જોઈએ. એ તૈયારી માટે આપણે હવે દેશને કહી રાખવું જોઈએ કે અમે તેમને અને તેમનાં સ્વજનોને ભૂલવાના નથી, એટલું જ નહીં પરંતુ માર્યા ગયેલા નિર્દોષ લોકોની સ્મૃતિ એક પવિત્ર થાપણ તરીકે સચવાઈ રહેશે. અને એમની પાછળ જીવતા રહેલા એમના કુટુંબીઓને જરૂરિયાત હોય તો દેશ પાસે જીવનનિર્વાહના સાધનની માગણી કરવાનો હક પણ રહેશે. સ્મારકનો મૂળ અર્થ આ છે. વળી આ કતલમાં હિંદુઓના લોહી ભેગું શું મુસલમાનોનું લોહી ભળ્યું નથી? એ જ રીતે સનાતનીઓ અને આર્યસમાજીઓના લોહી ભેગું શું શીખ લોકોનું લોહી વહ્યું નથી? એટલે આ સ્મારક હિંદુમુસલમાન ઐક્ય સિદ્ધ કરવાના એક પ્રામાણિક અને અવિરત પ્રયાસનું રાષ્ટ્રીય પ્રતીક બનવું જોઈએ.

પરંતુ વાંધો ઉઠાવનારના વાંધાનો જવાબ આપવાનો તો હજી બાકી રહે છે. આ સ્મારક શું કડવાશ અને વેરબુદ્ધિને પણ કાયમનાં નહીં બનાવે? આનો આધાર ટ્રસ્ટીઓ ઉપર રહેવાનો. અને જો હું એમને બરાબર ઓળખતો હોઉં તો હું કહું છું કે એમનો ઇરાદો એવો બિલકુલ નથી. હું એ જાણું છું કે એ વિરાટ સભાનો પણ ઇરાદો એવો નહોતો. હું એમ કહેવા નથી માગતો કે એ લોકોમાં કડવાશ બિલકુલ નહોતી. કડવાશ તો હતી જ, અને તે કોઈ રીતે છૂપી પણ રહી નહોતી. પરંતુ સ્મારક રચવાના વિચાર પાછળ સહેજ પણ કડવાશ નહોતી. જેણે આ કૃત્ય કર્યું તેને અને તેના ગાંડપણને લોકો ભૂલી જવા માગે છે, અને એ ભૂલવાના કાર્યમાં લોકોને પ્રોત્સાહન આપવું જોઈએ. જનરલ ડાયરે જે કર્યું તે, આપણે સૌ પણ જો એના જેવી બેજવાબદારી અને એના જેવી પરિસ્થિતિના ભોગ બન્યા હોઈએ તો કરી બેસીએ એવો પૂરેપૂરો સંભવ છે. ભૂલ કરવી એ માનવ સહજ છે, અને જો આપણે પોતે ભૂલને પાત્ર હોવા છતાં તે ભૂલની સજા પામવા કરતાં તેમ જ તે વારંવાર યાદ દેવડાવવામાં આવે તેના કરતાં એની ક્ષમા મેળવવાનું વધારે પસંદ કરતા હોઈએ, તો બીજાની ભૂલને પણ માફ કરી દેવાનું એટલું જ માનવ સહજ ગણાવું જોઈએ. આનો અર્થ એવો નથી કે આપણે જનરલ ડાયરને બરતરફ કરવાની માગણી ન કરવી. એક પાગલ માણસને એવી જગ્યાએ ન રાખી શકાય, જ્યાંથી તે પોતાના પડોશીઓને નુકસાન પહોંચાડી શકે. પરંતુ જેમ આપણે ગાંડા માણસ પ્રત્યે વેરબુદ્ધિ રાખતા નથી તેવી જ રીતે જનરલ ડાયર પ્રત્યે પણ આપણે વેરબુદ્ધિ નહીં રાખવી જોઈએ.

૧. આ અધિવેશન ૧૯૧૯ના ડિસેમ્બરમાં ભરાયું હતું.

Gandhi Heritage Portal

એટલે આ સ્મારકમાંથી કડવાશ અને વેરબુદ્ધિના તમામ ખ્યાલો દૂર કરવા જોઈએ અને બાગને એક પવિત્ર સ્મૃતિ સમજીને, વર્ગ, ધર્મ કે વર્ણના ભેદભાવ સિવાય તમામ લોકો જ્યાં દર્શનાર્થે આવી શકે એવું એક તીર્થસ્થાન માનવું જોઈએ. હું અંગ્રેજોને આ બાબતની આપણી લાગણીની કદર કરવા આમંત્રણ આપું છું અને રાજાના ઢંઢેરાની[1] ભાવનાને અનુસરીને આ સ્મારક માટે ફાળો આપીને અમારા ફરીથી જાગ્રત બનવાના, સમાન બંધારણ નીચે તેઓ જે સ્વતંત્રતા ભોગવે છે તે હાંસલ કરવાના અને જેના વિના હિંદુસ્તાન માટે સાચી ઉન્નતિ હોઈ ન શકે એવી હિંદુમુસ્લિમ એકતા સિદ્ધ કરવાના પ્રયાસમાં સહકાર આપવા વિનંતી કરું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १८–२–१९२०

## ૩૦. મોતીલાલ નેહરુને પત્ર[2]

બનારસ,
ફેબ્રુઆરી ૨૦, ૧૯૨૦

માનનીય પંડિત મોતીલાલ નેહરુ,
ઑલ-ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીની
સબકમિટીના પ્રમુખ સાહેબ,
લાહોર

સાહેબ,

ગયા એપ્રિલ માસમાં પંજાબમાં બનેલા બનાવો વિષે ઑલ-ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીએ નીમેલી પંજાબ સબકમિટીના સભ્યો તરફથી તથા તેમણે નીમેલા ગૃહસ્થો તરફથી જે પુરાવો એકઠો કરવામાં આવ્યો હતો તે તપાસવા માટે, તેને ચાળીને ચોખ્ખો કરવા માટે, તેને સમગ્ર રીતે લઈ તેનો સાર કાઢવા માટે, તથા જરૂર જણાય ત્યાં વધુ પુરાવો એકઠો કરવા માટે, અને તેની ઉપર નિર્ણય આપવા માટે તે સબકમિટીએ તા. ૧૪મી નવેમ્બર, ૧૯૧૯ને દિને આપને, માન. ફઝલૂલ હકને[3], અને શ્રીયુત ચિત્તરંજન દાસ, મિ. અબ્બાસ તૈયબજી[4] તથા શ્રીયુત મોહનદાસ ગાંધીને કમિશનરો, અને શ્રીયુત કે. સન્તાનમ્‌ને તેમના સેક્રેટરી નીમ્યા હતા.

ગઈ રાષ્ટ્રીય મહાસભાના આપ પ્રમુખ નિમાયા એટલે કમિશનર તરીકે આપના પદનું આપને રાજીનામું આપવાનું યોગ્ય લાગ્યું હતું; અને પુરાવો લેવાનું કામ, આપે રાજીનામું આપ્યું

૧. ડિસેમ્બર ૧૯૧૯નો ઢંઢેરો.

૨. હિંદી રાષ્ટ્રીય મહાસભાની પંજાબ સબકમિટીએ નીમેલા તપાસપંચના સભ્યોએ તૈયાર કરેલા રિપોર્ટના ખરડા સાથે આ પત્ર સહપત્ર તરીકે જોડવામાં આવ્યો હતો. ગાંધીજીએ તૈયાર કરેલો મૂળ ખરડો મળતો નથી. રિપોર્ટની છાપવા માટેની છેવટની હસ્તપ્રત ગાંધીજીએ એમ. આર. જયકરની મદદથી તૈયાર કરી હતી. રિપોર્ટ માટે જુઓ "પંજાબનાં રમખાણોની તપાસનો કૉંગ્રેસ રિપોર્ટ", ૨૫–૩–૧૯૨૦.

૩. રાષ્ટ્રવાદી મુસ્લિમ નેતા; બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન બંગાળના મુખ્ય પ્રધાન.

૪. ૧૮૫૩–૧૯૩૬; ગુજરાતના રાષ્ટ્રવાદી મુસ્લિમ નેતા.

Gandhi Heritage Portal

તે વેળાએ, લગભગ સમાપ્ત થયેલું હોવાથી આપની જગ્યાએ બીજા કોઈ કમિશનર નીમવામાં આવ્યા ન હતા.

માન. ફઝલૂલ હક પોતાના કામ ઉપર જોડાયા કે તુરત જ કાંઈ અગત્યના કામસર તેમને પોતાનું કામ છોડવું પડ્યું, એટલે તેમની જગ્યાએ મુંબઈની હાઈકોર્ટના બૅરિસ્ટર શ્રીયુત મુ. રા. જયકરને નીમવામાં આવ્યા.

અમે તા. ૧૭મી નવેમ્બરે અમારા કામ ઉપર ચઢ્યા. અમે ૧,૭૦૦થી વધુ સાક્ષીઓની જુબાની તપાસી, અને તેમાંથી ૬૫૦ વીણી કાઢી અમે પ્રસિદ્ધ કરી છે. કેટલીક જુબાની નથી પ્રસિદ્ધ કરી તે એટલા જ કારણથી કે બીજી જુબાનીથી સાબિત થતાં કૃત્યો જ આમાંની ઘણીથી સાબિત થાય છે.

જે જે જુબાની દાખલ કરવામાં આવી છે, તે દરેક ખરી છે, એટલે કે તે લખી આપનાર અથવા લખાવનાર શખસોએ જ તૈયાર કરી છે, એવી અમારામાંના એક જણે ખાતરી કરી છે. અને રજૂ કરનાર સાક્ષીના શુદ્ધ હેતુ બાબત પણ ખાતરી કરીને જ અમે તે સ્વીકારી છે. છતાં થોડી જુબાની એવી છે ખરી કે જેમાં કહેલી ખાતરી કરવામાં આવી નથી. આમાંની ઘણીખરી રા. લાભસિંહ, એમ. એ., બૅરિસ્ટર-ઍટ-લૉએ, અમારી વિનંતીથી ભેગી કરેલી છે. આ દરેક જુબાનીને તળિયે રા. લાભસિંહનું નામ લખેલું છે. રજૂ કરનારની સંપૂર્ણ ઊલટતપાસ કર્યા વિના કોઈ પણ જુબાની સ્વીકારવામાં આવી નથી.

અહીં એટલું નોંધવું જરૂરનું છે કે ઘણા સાક્ષીઓ પોતપોતાના જિલ્લા અને ગામડામાં પ્રતિષ્ઠિત અને અગ્રગણ્ય મનાતા પુરુષો છે.

એ પણ જોવા જેવું છે કે કેટલાક સાક્ષીઓએ સરકારી નોકરો સામે ગંભીર આક્ષેપો કરેલા છે. જેણે જેણે આવા આક્ષેપ કરેલા છે, તે દરેક જણને અમે તેવા તેવા આક્ષેપોથી આવનારાં પરિણામો વિષે ચેતવણી આપી છે; અને પોતે જે જોખમ વહોરે છે તેના તથા કાંઈ પણ વધારા-પડતી અથવા જૂઠી હકીકત રજૂ કરવાથી લોકપક્ષને કેટલું નુકસાન થશે તેના સંપૂર્ણ જ્ઞાન છતાં જ્યારે તેઓ પોતે રજૂ કરેલી હકીકતને વળગી રહ્યા ત્યારે જ તેમની જુબાની દાખલ કરવામાં આવી છે. કેટલાક સાક્ષીઓ સાચું કહે છે એમ અમે માની શકતા હતા છતાં, તેમની હકી-કતને ટેકો આપનારો પુરાવો ન હોવાથી અમે તેમની જુબાની નથી દાખલ કરી. આવી કેટલીક જુબાનીમાં સ્ત્રીઓ પ્રત્યે ગેરવર્તણૂકના આક્ષેપો થયેલા હતા.

જણાવવાની જરૂર નથી કે અમારી તપાસ જે ભાગ અને જિલ્લામાં[1] માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો હતો તે ભાગ અને જિલ્લા પૂરતી જ છે. મુખ્ય મુખ્ય જગ્યાઓએ અમે જઈ આવ્યા છીએ. લાહોર, અમૃતસર, તારણતરણ, કસુર, ગુજરાનવાલા, વઝીરાબાદ, નિઝામા-બાદ, અકાલગઢ, રામનગર, હાફિઝાબાદ, સાંગલાહિલ, શેખુપુરા, ચુહારખાના, લાયલપુર, ગુજરાત, મલકવાલ અને સરગોધા—આ જગ્યાઓએ અમારામાંના કોઈ નહીં તો કોઈ જઈ આવ્યા છીએ. એ જગ્યાઓએ ભરવામાં આવેલી સભાઓમાં અગાઉથી ભેગો કરી રાખેલો પુરાવો રજૂ કરવામાં આવતો હતો, અને જેમને કોઈ હકીકતની વિરુદ્ધ કાંઈ કહેવાની ઇચ્છા હોય તેવાઓને પોતાની જુબાની, તેમની ઇચ્છા હોય તો, બિલકુલ ખાનગી રાખવાની શરતે,

૧. અમૃતસર, લાહોર, ગુજરાનવાલા, ગુજરાત અને લાયલપુર.

Gandhi Heritage Portal

અમારા ઉપર મોકલી આપવાની વિનંતી કરવામાં આવી હતી. આવી એકે જુબાની અમને મળી નથી.

અમારા નિર્ણયની પુષ્ટિ માટે અથવા તેમાં ફેરફાર કરવો ઘટે તો તે માટે, અમે હંટર કમિટીની આગળ આપવામાં આવેલા પુરાવાનો છૂટથી ઉપયોગ કર્યો છે. અહીં એટલું કહી દેવાની જરૂર છે, કે જુબાનીનો ઘણો મોટો ભાગ લૉર્ડ હંટરની કમિટીએ પોતાનું કામ આરંભ્યું તે પહેલાં અમારી પાસે આવી ગયો હતો.

ઘણી જુબાનીઓ પ્રાંતીય ભાષામાં જ અપાયેલી છે. આનાં બની શકે તેટલાં શુદ્ધ ભાષાંતર મેળવવાનો અમે પ્રયત્ન કર્યો છે. પણ અમે જે જુબાની આ રિપોર્ટ સાથે જોડી છે તેને મૂળ જ ગણી લેવાને કાંઈ હરકત નથી; કારણ અમે દરેક સાક્ષીને તેના ભાષાંતર મારફતે જ તપાસ્યો છે, અને જ્યાં જ્યાં સુધારો કરવાની જરૂર લાગી છે, ત્યાં ત્યાં તે પ્રમાણે ફેરફાર કર્યા છે.

માર્શલ લૉ કમિશનરોએ અને સમરી કોર્ટોએ ચલાવેલા કેસોના કાગળો, અમને જેટલા મળી શક્યા તેટલા, અમે ધ્યાનપૂર્વક તપાસી ગયા છીએ, અને લશ્કરની મુદત દરમ્યાન લશ્કર ભરતીનું કામ જે રીતે લેવામાં આવ્યું હતું, તે રીતમાંથી ઊભા થયેલા કેટલાક મુકદ્દમાઓના કાગળો પણ અમે તપાસી ગયા છીએ.

અંતે જે જે જગ્યાએ અમે આવ્યા છીએ ત્યાંના આગેવાન લોકોનો અને લાહોર અને બીજી જગ્યાના અનેક સ્વયંસેવકોનો અમારા ઉપર જે મોટો આભાર થયો છે તે દર્શાવીએ છીએ. આ ગૃહસ્થોની કીમતી મદદ વિના જે ટૂંકા સમયમાં અમારે અમારું કામ આટોપવાનું હતું તે આટોપી શકાત નહીં.

અમે છીએ, આપના વિશ્વાસુ

**મો. ક. ગાંધી**

**ચિ. રં. દાસ**

**અબ્બાસ તૈયબજી**

**મુ. રા. જયકર**

[મૂળ અંગ્રેજી]

હિંદી રાષ્ટ્રીય મહાસભાની પંજાબ સબકમિટીએ નીમેલા તપાસપંચના સભ્યોનો રિપોર્ટ

ભાષાંતર : મહાદેવ દેસાઈ

Gandhi Heritage Portal

## ૩૧. બનારસમાં ખિલાફતની સભામાં ભાષણ

ફેબ્રુઆરી ૨૦, ૧૯૨૦

બપોર પછી ૩–૩૦ વાગ્યે ખિલાફતની એક જાહેર સભા ટાઉન હૉલના મેદાનમાં ભરવામાં આવી હતી. . . . સભાના પ્રતિષ્ઠિત શ્રોતાઓમાં મૌલાના શૌકતઅલી[1] અને મૌલાના અબુલ કલામ આઝાદ ઉપરાંત, શ્રી ગાંધી, પંડિત મદનમોહન માલવિયા, પંડિત મોતીલાલ નેહરુ, લાલા હરકિશનલાલ અને પંજાબના બીજા નેતાઓ હતા. . . હકીમ મહમદ હુસેનખાનને અધ્યક્ષપદે ચૂંટવામાં આવ્યા હતા. . .

હિંદુસ્તાનના લાડીલા અને લોકોના માનીતા શ્રી ગાંધી ગગનભેદી હર્ષનાદો વચ્ચે બોલવા ઊભા થયા. તેમણે ખિલાફત વિષે તથા હિંદુમુસ્લિમ એકતા વિષે ભાષણ કર્યું. એમણે ભારપૂર્વક કહ્યું કે આ બંને ભગિની કોમો પોતપોતાના ધર્મોના આદેશોનું પાલન કરવા છતાં પણ એક-બીજા પ્રત્યે શુદ્ધ અને સાચો પૂર્વનો પ્રેમભાવ રાખી શકે છે. એમણે મિ. કેન્ડલર[2] સાથેની પોતાની મુલાકાતનું પણ વર્ણન કર્યું. આ મુલાકાત દરમ્યાન મિ. કેન્ડલરે એમને પૂછયું હતું કે શું હિંદુઓ મુસલમાનો સાથે એક ટેબલ ઉપર ખાવાપીવા અને તેમની સાથે અંદર અંદર લગ્નો કરવા તૈયાર છે? મહાત્માજીએ કહ્યું, આનો મેં મિ. કેન્ડલરને એવો જવાબ આપ્યો હતો કે હિંદુમુસ્લિમ એકતા માટે એવું બિલકુલ આવશ્યક નથી કે બંને કોમો પરસ્પર લગ્નો કરે અને એક પંગતે બેસીને જમે. તેમણે કહ્યું:

જો એકતા માટે આ બે વાત જરૂરી હોય તો જર્મનો અને અંગ્રેજો એક જ જાતિના છે, એક જ ધર્મને માને છે અને લગ્નસંબંધો પણ બાંધે છે, તેમ છતાં તેઓ એકબીજા સામે યુદ્ધે ચડયા હતા, એ કેમ બન્યું?

શ્રી ગાંધીએ જોરદાર શબ્દોમાં હિંદુઓને અપીલ કરી કે તમે ખિલાફતના પ્રશ્નમાં મુસલમાનોને મદદ કરજો, કેમ કે એનો ઉદ્દેશ ઘણો પવિત્ર છે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, २३–२–१९२०

૧. ૧૮૭૩–૧૯૩૮; રાષ્ટ્રવાદી મુસલમાન રાજપુરુષ. તેમણે તેમના ભાઈ મૌલાના મહમદઅલી સાથે ખિલાફત આંદોલનમાં આગળપડતો ભાગ લીધો હતો.

૨. ઍડમંડ કેન્ડલર; પ્રસિદ્ધ અંગ્રેજ પત્રકાર; તે વખતના પંજાબ સરકારના પ્રકાશન અધિકારી; એમણે ગાંધીજી ઉપર કેટલાક ખુલ્લા પત્રો લખ્યા હતા. તેમાં ખિલાફતના પ્રશ્ન વિષેના ગાંધીજીના વલણ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

## ૩૨. બનારસમાં વિદ્યાર્થીઓની સભા સમક્ષ ભાષણ

ફેબ્રુઆરી ૨૧, ૧૯૨૦

આજે સવારે શ્રી ગાંધીએ હિંદુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ, ઉપકુલપતિના અધ્યક્ષપણા નીચે ભાષણ આપ્યું હતું. આ ભાષણ ઉચ્ચ આદર્શોથી ભરેલું હતું અને એમાંથી ઉચ્ચ નીતિ-મત્તાનો ધ્વનિ નીકળતો હતો. શ્રોતાઓમાં વિદ્યાર્થીઓ હતા, બીજી સંસ્થાઓના અધ્યાપકો હતા અને સ્ત્રીઓ પણ હતી. શ્રી ગાંધી હિંદીમાં બોલ્યા હતા અને એમણે તુલસીદાસનો[1] વારંવાર ઉલ્લેખ કર્યો હતો. એમણે વિદ્યાર્થીઓને સંપૂર્ણ રીતે પ્રામાણિક બનવાનો આગ્રહ કર્યો હતો, તથા કેવળ વહેવારુ નીતિ સમજીને જ એ ગુણ ગ્રહણ નહીં કરવાની સલાહ આપી હતી. એમણે કહ્યું કે પંજાબમાં વિદ્યાર્થીઓએ માર્શલ લૉને કારણે ઘણી મુસીબતો વેઠી હતી, પરંતુ તેઓ દરેક રીતે નિર્દોષ હતા એમ નહીં કહી શકાય. વિદ્યાર્થીઓએ રાજકારણનો અભ્યાસ તો કરવો જોઈએ, પરંતુ તેમાં સક્રિય ભાગ નહીં લેવો જોઈએ. એમણે કહ્યું કે વિદ્યાર્થીઓએ સ્વેચ્છાચારને નહીં પરંતુ સંયમને પોતાનો આદર્શ બનાવવો જોઈએ. તે પછી ભરતના જીવનમાંથી દૃષ્ટાંતો આપી તેમણે સંયમનો અર્થ સમજાવ્યો અને કહ્યું કે જો આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સંયમના પ્રાચીન આદર્શ પ્રમાણે જીવવામાં નિષ્ફળ જશે તો હિંદુ યુનિવર્સિટીનું અસ્તિત્વ સાર્થક થશે નહીં, તથા એના સ્થાપકોને પ્રોત્સાહન મળશે નહીં. હું ગુજરાત કૉલેજના લગભગ દરેક વિદ્યાર્થીને ઓળખું છું. એમાંના કેટલાક પોતાના અધ્યાપકોની જ ખામીઓ જોતા હોય છે. હું કબૂલ કરું છું કે આ અધ્યાપકો ભૌતિકવાદની પ્રણાલીમાં શિક્ષણ પામેલા છે, પરંતુ વિદ્યાર્થીઓએ પોતાના અધ્યાપકોને ગુરુ તરીકે પૂજ્ય ગણતાં શીખવું જોઈએ, તેમની ભૂલો નહીં કાઢવી જોઈએ. એમણે પંડિત માલવિયાએ કરેલી દેશની સેવાની પ્રશંસા કરી અને કહ્યું કે પંડિતજીનું જીવન શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે દૃષ્ટાંતરૂપ છે.

[મૂળ અંગ્રેજી]

લીડર, ૨૩-૨-૧૯૨૦

## ૩૩. એસ્થર ફેરિંગને પત્ર

આશ્રમ,

રવિવાર [ફેબ્રુઆરી ૨૨, ૧૯૨૦][2]

મારી વહાલી દીકરી,

આજે અહીં આવતાં મારી રાહ જોતા તારા ત્રણ વહાલભર્યા પત્રો મેં જોયા. તારા પત્રોમાં મનની પ્રસન્નતા, શાંત સમર્પણભાવ અને પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાનો ધ્વનિ જોઈને મને ઘણો જ આનંદ થયો. પ્રભુમાં શ્રદ્ધા તો તારા દિલમાં હમેશાં હોય છે. પરંતુ તારા આ પત્રોમાં એ શ્રદ્ધા ઊંડી ગયેલી જણાય છે. મારી એવી પ્રાર્થના છે કે તારી આ શ્રદ્ધા હજી પણ વધુ ને વધુ ઊંડી બને અને આખરે તું બધી શંકાઓમાંથી મુક્ત થાય એટલે ગમે તે થાય છતાં પ્રફુલ્લિત રહેતાં શીખે. કેમ કે જીવનની યાત્રામાં આપણે જેમ જેમ આગળ વધતાં

૧. ૧૭મી સદીના હિંદી કવિ અને સંત; रामचरितमानसના કર્તા.

૨. પત્રના લખાણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આ પત્ર ગાંધીજી જે દિવસે આશ્રમમાં પહોંચ્યા તે દિવસે, એટલે કે ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ લખાયો હતો.

Gandhi Heritage Portal

જઈએ તેમ તેમ નિર્ણય માટે પ્રશ્નો તો રોજ ઊભા થવાના જ. અને જ્યારે સેતાનનો અવાજ લગભગ ઈશ્વરના અવાજ જેવો બની જાય છે ત્યારે આવા પ્રશ્નોનો નિર્ણય કરવાનું સૌથી વધુ વિકટ બને છે. પૂરેપૂરી શ્રદ્ધા, સંપૂર્ણ પવિત્રતા અને અત્યંત નમ્રતા જ આપણને સાચો નિર્ણય કરવા તરફ લઈ જઈ શકે.

ઓછામાં ઓછું એક અઠવાડિયું હું આશ્રમમાં રોકાવા ધારું છું. તે પછી પંદરેક દિવસ એકાંત અને આરામ સેવવાની આશા રાખું છું.

આજે રાત્રે સૂતી વખતે તારી ગેરહાજરી મને જરૂર સાલશે.

પ્યાર સાથે,

તારો

બાપુ

[તા. ક.]

તને જાણીને આનંદ થશે કે સના પિતાએ તારી ઘડિયાળ પાછી મોકલી છે. એનું મહત્ત્વ ઘડિયાળ પાછી મોકલવામાં નથી, પરંતુ એની પાછળના ભાવમાં રહેલું છે. ડેન્માર્ક જતાં તું અહીં આવે ત્યારે એ ઘડિયાળ લઈ જજે.

બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૫૯

## ૩૪. નવરોજી ખંભાતાને પત્ર

આશ્રમ,

સાબરમતી,

મંગળવાર [ફેબ્રુઆરી ૨૩, ૧૯૨૦][1]

ભાઈ નવરોજી ખંભાતા,

તમારો કાગળ મળ્યો છે. મિ. જાલની નવજોત[2] ક્રિયા વખતે તેને અમો બન્ને વતી આશીર્વાદ આપજો.

મોહનદાસના વં. મા.

સરનામું:
શ્રી બેરામ નવરોજી ખંભાતા,
ઇબ્રાહીમ નવરોજી ખંભાતા,
નં. ૮ નેપિયર રોડ,
કૅમ્પ, પૂના

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૮૦૦
શ્રીમતી તેહમીના ખંભાતાના સૌજન્યથી

૧. આ તારીખ પરબીડિયા ઉપર પાડેલી ટપાલની છાપ ઉપરથી લેવામાં આવી છે.
૨. પારસી લોકોનો નવજોત સંસ્કાર. આ પ્રસંગે તેઓ કમરે કસ્તી બાંધે છે.

Gandhi Heritage Portal

## ૩૫. હિંદુમુસલમાન એકતા

થોડો સમય પહેલાં મિ. કૅન્ડલરે મારી સાથેની એક કાલ્પનિક મુલાકાતમાં મને એવો પ્રશ્ન પૂછયો હતો કે જો તમે હિંદુમુસલમાન એકતાની સાચા દિલથી હિમાયત કરતા હો, તો શું તમે મુસલમાન સાથે બેસીને ખાનપાન કરશો? તમારી દીકરી મુસલમાનને પરણાવશો? કેટલાક મિત્રોએ ફરીથી આ પ્રશ્ન બીજા રૂપમાં પૂછયો છે. બંને કોમો સાથે બેસીને જમે અને અંદરોઅંદર લગ્નો કરે એ હિંદુમુસલમાન એકતા માટે જરૂરી છે? પ્રશ્ન પૂછનારા કહે છે કે જો આ બે બાબતો જરૂરી હોય તો સાચી એકતા કદી લાવી શકાશે નહીં, કેમ કે કરોડો સનાતનીઓ હિંદુમુસલમાનો વચ્ચે સહભોજનની વાત કદી માન્ય રાખશે નહીં, તો પછી લગ્નોની વાત તો ક્યાંથી જ માન્ય રાખશે?

જ્ઞાતિને હાનિકારક સંસ્થા નહીં માનનાર લોકોમાંનો હું એક છું. મૂળ તો જ્ઞાતિપ્રથા એક લાભદાયી અને તંદુરસ્ત પ્રથા હતી અને તેનાથી રાષ્ટ્રનું હિત સધાતું હતું. રાષ્ટ્રીય વિકાસ માટે સહભોજન અથવા આંતરકોમી લગ્નો આવશ્યક છે, એ વિચાર મારા ખ્યાલ પ્રમાણે એક વહેમ છે અને તે આપણે પશ્ચિમના દેશો પાસેથી લીધો છે. ખાવું એ જીવનની સ્વચ્છતા સંબંધી બીજી આવશ્યક ક્રિયાના જેવી જ એક મહત્ત્વની ક્રિયા છે. અને જો માનવજાતિએ ખાવાની ક્રિયાને એક ધાર્મિક વહેમ તથા સુખોપભોગની બાબત બનાવી દઈને પોતાની જાતને નુકસાન ન કર્યું હોત, તો આ ક્રિયા પણ આપણે જીવનની બીજી આવશ્યક ક્રિયાઓ એકાંતમાં કરીએ છીએ તેમ જ આજે એકાંતમાં જ કરતા હોત. હિંદુ ધર્મના ઉચ્ચતમ સંસ્કારો ખરેખર ભોજનને આ રીતે જુએ છે અને હજી પણ એવા હજારો હિંદુઓ જીવી રહ્યા છે જેઓ બીજા કોઈની હાજરીમાં ભોજન લેતા નથી. હું એવાં અનેક સંસ્કારી પુરુષો અને સ્ત્રીઓનાં નામ ગણાવી શકું જેઓ બિલકુલ એકાંતમાં ભોજન લેતાં હોય છતાં કોઈના પ્રત્યે કદી દ્વેષ રાખતાં ન હોય તથા બધા પ્રત્યે અત્યંત મૈત્રીભાવ રાખતાં હોય.

આંતરકોમી લગ્નો તો એથી પણ કઠણ પ્રશ્ન છે. જો ભાઈઓ અને બહેનો એકબીજાને પરણવાનો વિચાર સરખો કર્યા વિના અત્યંત પ્રેમપૂર્વક રહી શકે છે, તો પછી મારી દીકરી દરેક મુસલમાનને ભાઈ સમજે અને દરેક મુસલમાન મારી દીકરીને બહેન સમજે, એમાં મને કશું અજુગતું દેખાતું નથી. ધર્મ બાબતમાં અને લગ્ન બાબતમાં મારા વિચારો બહુ ઉદ્દામ છે. ખાવાની ભૂખ કે લગ્નની ભૂખ બંને બાબતમાં આપણે જેમ વધારે સંયમ રાખીશું તેમ ધાર્મિક દૃષ્ટિએ આપણે વધારે ઊંચા ચઢીશું. ગમે તે યુવક મારી દીકરીને પરણવા તૈયાર થાય તેનો એ અધિકાર અથવા એ વાતનું ઔચિત્ય જો મારે માન્ય રાખવું પડે, અથવા કોઈની પણ સાથે અને સૌની સાથે ભોજન લેવું આવશ્યક છે એમ જો મારે સ્વીકારવું પડે, તો તો મારાથી જગત સાથે કદી સારા સંબંધો કેળવી જ નહીં શકાય. મારો દાવો એવો છે કે સમસ્ત દુનિયા સાથે હું મૈત્રીભાવે જીવી રહ્યો છું. મારે એક પણ મુસલમાન કે ખ્રિસ્તી સાથે કદી ઝઘડો થયો નથી, છતાં આજે વર્ષો થયાં મુસલમાન કે ખ્રિસ્તીઓનાં ઘરોમાં મેં ફળ સિવાય કશું ખાધું નથી. એટલું નક્કી છે કે ખુદ મારા દીકરા સાથે પણ રાંધેલું અનાજ એક જ થાળીમાંથી હું ખાઈશ નહીં.

Gandhi Heritage Portal

એ જ રીતે જે પ્યાલો એ છોકરાએ બોટેલો હશે તેને ધોયા વિના હું એમાંથી પાણી પીશ નહીં. પરંતુ આ બાબતોમાં મેં જે સંયમ કે અલગતાનું પાલન કર્યું છે તેને લીધે મારા મુસલમાન કે ખ્રિસ્તી મિત્રો સાથેના અથવા મારા પુત્રો સાથેના મારા નિકટના સંબંધ પર કશી અસર થઈ નથી.

પરંતુ સહભોજન અને અંદરઅંદર લગ્નો કરવાથી કુસંપ, ઝઘડા અને એનાથીયે ખરાબ બનાવો બનતા કદી અટકયા નથી. પાંડવો અને કૌરવો સાથે બેસીને જમતા હતા અને એક-બીજા સાથે લગ્નસંબંધ પણ બાંધતા હતા, છતાં સહેજ પણ અચકાયા વિના તેઓ એક-બીજાનાં ગળાં કાપવા દોડી ગયા હતા. એ જ રીતે અંગ્રેજો અને જર્મનો વચ્ચેની કડવાશ હજી પણ નાશ પામી નથી.

ખરી વાત એ છે કે સાથે બેસીને જમવું અને લગ્નસંબંધ બાંધવો એ મિત્રતા અને એકતા સ્થાપવા માટેનાં આવશ્યક તત્ત્વો નથી. જોકે એ બંને બાબતો ઘણી વાર મૈત્રી અને એકતાની પ્રતીક હોય છે ખરી. પરંતુ એક કે બીજી બાબત માટેનો આગ્રહ હિંદુ-મુસલમાન એકતામાં સહેલાઈથી અવરોધરૂપ થઈ શકે છે અને આજે પણ છે. જો આપણે એમ માની બેસીશું કે હિંદુઓ અને મુસલમાનો સાથે બેસીને જમશે નહીં અથવા લગ્ન-સંબંધથી જોડાશે નહીં ત્યાં સુધી તેઓ એક થઈ શકશે નહીં, તો આપણી વચ્ચે એક કૃત્રિમ અવરોધ ઊભો થશે, જેને ખસેડવાનું લગભગ અશક્ય બની જશે. દાખલા તરીકે, જો મુસલમાન છોકરાઓ એમ માનતા થશે કે હિંદુ છોકરીઓ સાથે પ્રેમ કરવાનું કાયદેસર છે, તો હિંદુઓ અને મુસલમાનો વચ્ચે આજે જે એકતા વધી રહી છે તેમાં ગંભીર વિક્ષેપ પડશે. જો હિંદુ માબાપોને આવી કોઈ બાબતની [કેવળ] ગંધસરખી આવશે, તો અત્યારે તેઓ મુસલમાનોને પોતાનાં ઘરોમાં છૂટથી આવવા દેવા લાગ્યા છે તે બિલકુલ બંધ કરી દેશે. એટલે મારો અભિપ્રાય એવો છે કે હિંદુ અને મુસલમાન યુવકો આ મર્યાદા સ્વીકારી લે એ જરૂરનું છે.

હિંદુઓ અને મુસલમાનો એકબીજા સાથે પરણે અને છતાં એમનો ધર્મ અકબંધ રહે, એ વાત મને તો બિલકુલ અશક્ય લાગે છે. હિંદુમુસલમાન એકતાની ખરી ખૂબી તો એ વાતમાં રહેલી છે કે દરેક કોમ પોતપોતાના ધર્મને વફાદાર રહે અને છતાં એકબીજા પ્રત્યે વફાદારી દાખવે. કારણ કે આપણે એવો વિચાર ધરાવીએ છીએ કે જુનવાણીમાં જુનવાણી હિંદુઓ અને મુસલમાનો પણ, આજ સુધી થતું આવ્યું છે તેમ એકબીજાને સ્વાભાવિક શત્રુઓ માનવાને બદલે સ્વાભાવિક મિત્રો માનતા થઈ જાય.

તો પછી હિંદુમુસલમાન ઐક્ય શેમાં રહેલું છે અને તે વધારવાનો શ્રેષ્ઠ માર્ગ કયો છે? જવાબ સાવ સહેલો છે. આપણો ઉદ્દેશ સમાન હોય, આપણું ધ્યેય સમાન હોય અને આપણાં દુ:ખો સમાન હોય એમાં એ ઐક્ય સમાયેલું છે. અને આ ઐક્ય, સમાન ધ્યેય માટે સહકાર સાધીને એકબીજાના દુ:ખમાં ભાગીદાર બનીને, તથા પરસ્પર સહિષ્ણુતા કેળવીને સૌથી સારી રીતે સાધી શકાશે. સમાન ધ્યેય તો આપણી પાસે છે જ. આપણો આ મહાન દેશ વધારે મહાન બને અને તેને સ્વશાસન મળે એવી આપણી ઇચ્છા છે. આપણે અંદરોઅંદર વહેંચી લઈ શકીએ એવાં આપણાં દુ:ખોનો તોટો નથી. આજે ખિલાફતના પ્રશ્નથી મુસલમાનોની લાગણી ઘવાઈ છે. અને એમનો દાવો ન્યાયી છે એ જોતાં, જો હિંદુઓ મુસલમાનોની માગણીને સંપૂર્ણ ટેકો આપે તો

Gandhi Heritage Portal

એના જેવું મુસલમાનોનાં દિલ જીતવા માટેનું શક્તિશાળી સાધન બીજું એક પણ નહીં હોય. ખિલાફતના પ્રશ્નમાં આ રીતે મદદ કરવાથી બે કોમો વચ્ચે જે ઐક્ય સધાશે તે ગમે તેટલા પ્રમાણમાં એક પ્યાલે પાણી પીવાથી અથવા એક થાળીમાં ભોજન લેવાથી સધાશે નહીં.

વળી પરસ્પર સહિષ્ણુતા તો હમેશને માટે અને સર્વ જાતિઓ માટે એક આવશ્યકતા જ છે. જો હિંદુઓ મુસલમાનોની ઈશ્વરપૂજાની રીતને તથા તેમના રીતરિવાજોને સહન નહીં કરશે અગર મુસલમાનો હિંદુઓની મૂર્તિપૂજા અથવા ગાયોની પૂજા તરફ અસહિષ્ણુતા દાખવશે, તો આપણાથી શાંતિપૂર્વક જીવી શકાશે નહીં. સહિષ્ણુતા માટે એ જરૂરનું નથી કે હું જે ચીજને સહન કરી લઉં તે મારે પસંદ પણ કરવી જ જોઈએ. દારૂ પીવો, માંસ ખાવું અને તમાકુ પીવી, એને માટે મને સખત અણગમો છે. પરંતુ હિંદુઓ, મુસલમાનો અને ખ્રિસ્તીઓ આ બધું કરે છે છતાં તેને હું નિભાવી લઉં છું, કારણ કે તેમની પાસેથી હું એવી અપેક્ષા રાખું છું કે આ બધું હું ન કરું તે તેમને ન ગમતું હોય તોપણ તેમણે તે સહી લેવું જોઈએ. દરેક જણ પોતાના વિચારો બીજા ઉપર લાદવા માગે, એ એક જ વાતમાંથી હિંદુઓ અને મુસલમાનો વચ્ચેના બધા ઝઘડા ઊભા થયા છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५–२–१९२०

## ૩૬. અમદાવાદના મિલમજૂરોની સભામાં ભાષણ[1]

ફેબ્રુઆરી ૨૫, ૧૯૨૦

આજે આપણે અહીં ભેગા થયા છીએ તેનો હેતુ એ છે કે મજૂરોએ પોતાનું મહાજન સ્થાપવું અને તેના નિયમો તથા ઠરાવો પસાર કરવા.

આ કામ કરવા જતાં પહેલાં મારે તમને કહી દેવું જોઈએ કે આ જે બંધારણ આપણે બાંધવા તૈયાર થયા છીએ તેના હેતુ શું છે તે બરાબર સમજી લેવાની જરૂર છે. બે કે ત્રણ વરસ પહેલાં પૂજ્ય અનસૂયાબહેને[2] વણકરોનું મહાજન સ્થાપવાનો વિચાર કરેલો અને એ દિશાએ કંઈક કામ પણ શરૂ કરેલું. પણ તે વેળાએ મારી સલાહ એવી હતી કે આ ભારે જોખમદારીવાળું કામ છે અને મજૂરોની સેવા કરવાના હેતુથી તેમાં આપણે ભળીએ તોપણ એ જોખમદારી પાછળથી બરોબર ઉપાડી ન શકાય તો એમાં મજૂરોની સેવાને બદલે તેમનું પાર વગરનું નુકસાન થઈ બેસવાનો વખત આવે. હું એમ પણ નથી કહેતો કે આજે મને એ ભય નથી. પણ હું જોઈ રહ્યો છું કે હિંદુસ્તાનની દશા આજ કેટલાક દરજ્જે એવી બદલાતી જાય છે કે પોતાની દશા સૂક્ષ્મ રીતે જોઈ સમજી તેને સંભાળનારાં આવાં જ કંઈક બંધારણો જરૂરનાં છે. હું તમને સમજાવવા માગું છું તે એટલું જ કે આપણાં બંધારણોનો વહીવટ કરવા શુદ્ધ

૧. જુદી જુદી મિલોના કાંતણ ખાતાના મજૂરો મજૂર મહાજન સ્થાપવાનો વિચાર કરવા એકઠા થયા હતા.

૨. અનસૂયાબહેન સારાભાઈ; સામાજિક કાર્યકર અને અમદાવાદના મજૂરોના આગેવાન.

Gandhi Heritage Portal

માણસો, શુદ્ધ હેતુવાળા ને કાર્યની પૂરી સમજણવાળા આપણી પાસે ન હોય તો તેઓ આપણા જ પગ ઉપર કુહાડા રૂપ થઈ પડે. આવા માણસો આપણી પાસે ન હોય તો આપણે મહાજનની જંજાળમાં ન પડીએ. બે વરસ ઉપર મેં આમ જ કહેલું અને આજે પણ હું એ જ કહું છું.

અત્યારે આ દેશમાં મજૂર વર્ગમાં અનેક જાતની હિલચાલો ચાલુ છે. લડાઈ પછી અંગ્રેજી અને યુરોપી રાજ્યોની પ્રજાવાળા બધા દેશોમાં એવો ખળભળાટ ચાલુ છે કે મજૂરો જો પોતાનું હિત ન જુએ, ન સાચવે તો કચડાઈ જાય. અત્યારે જે લોકો પ્રજા તરીકે ઊભા ન રહી શકે, બીજી પ્રજાઓ જોડે પોતાનો મેળ ન મેળવી લે તે ટકી ન શકે એવું છે. આજનું રાજતંત્ર જ એવું થઈ ગયું છે કે દરેકે દરેક માણસ તેમાં પોતાનો હિસ્સો ન આપે, પોતાનું હિત ન જાણે તો કચડાઈ જ જાય. આગળના વખતમાં એવું હતું કે રાજા શું કરે છે એ જોવાની, એનું નામ દેવાની પણ આપણને જરૂર નહોતી. વિઘોટી આપી દીધી, વખત આવ્યે હિંમતભર્યો જવાબ આપી દીધો, અગર લાંચ આપી વખત વટાવી લીધો એટલે બસ, એવું હતું. અત્યારે એમ નીકળી જવાય એવું નથી રહ્યું. ઇચ્છાપૂર્વક કે આપણી ઇચ્છા વગર પણ રાજબંધારણ જોડે આજે આપણે સંબંધ જ એવા પ્રકારનો બંધાઈ ગયો છે કે જો આપણે તેમાં ઊંડા ઊતરીને આપણું જોતાં ન શીખીએ તો કચડાઈ જ જઈએ. આથી જ હું ધાર્મિક વૃત્તિનો અને રાજ-પ્રકરણી બાબતમાં જેને બિલકુલ રસ રહ્યો નથી એવો માણસ છતાં છેલ્લા કેટલાક મહિનાથી એમાં જ ગૂંથાઈ ગયો છું. આનું કારણ એટલું જ છે કે રાજપ્રકરણી બાબતમાં આવો ભાગ લીધા વગર આજે હું મારો ધર્મ સાચવી શકું કે કેમ એ વિષે મને શંકા થઈ છે. અને આ વાત જ તમને હું સાદા શબ્દોમાં સમજાવવા માગું છું કે મજૂર વર્ગે પણ હવે પછી આ બાબતોમાં થોડો કે વધારે પણ જાતે ભાગ લીધા વિના ચાલી શકશે નહીં.

પહેલાં આપણે આપણાં ખેતરો જાણતા, મિલો જ નહોતી, મિલમાલિકો નહોતા, એના કાયદાઓ નહોતા. આજે એ બધું આવ્યું છે તો એ શું છે તે જાણી લેવું જોઈએ. ધર્મના અને કુટુંબના પણ કાયદાઓ છે, પણ આપણે તેને કાયદા નથી કહેતા. કારણ તેમાં સજા કે દંડ નથી થતાં. હવે એવો વખત આવ્યો છે કે એક જ માણસ આપણું ભલું નહીં કરી શકે; નુકસાન પણ નહીં કરી શકે. આપણે જ આપણાં કામો ચલાવવાં પડશે. આમાં એવું પણ બને કે સર-કારમાં, ધારાસભાઓમાં આપણા તરફથી પ્રતિનિધિઓ જાય તે આપણે નામે આપણું ગળું કાપે. માટે આ કારણસર પણ આપણે આ બાબતો સમજતાં શીખવું પડશે. આપણાં છોકરાં આપણે કેમ ઉછેરવાં, તેમને શિક્ષણ આપવાની સગવડ કેમ ઓછી છે, અનાજના ભાવ કેમ વધે છે એ આપણે જાણવું પડશે. માતાઓ અહીંયાં બેઠી છે તેમણે પણ છોકરાં કેમ ઉછેરવાં એ શીખવું પડશે. નિશાળો થશે તેમાં ફરજિયાત છોકરાં મોકલવાનો પણ વખત આવશે. માટે આ બધું કેવી રીતે આપણા ફાયદા-ગેરફાયદાનું છે એ આપણે જાતમહેનતથી સમજી લેતાં અને સ્વતંત્ર થતાં નહીં શીખીએ તો આપણે મૂઆ પડયા છીએ. વાણિયાબ્રાહ્મણનાં મહાજનો તો આપણે ત્યાં છે જ. ક્ષત્રિયોનાં પણ જરા જુદી જાતનાં છે. હવે મજૂરોનાં પણ મહાજન — જેમાં વણકર, લુહાર, ત્રાંસલ વગેરે ભેળા થઈ પોતાનો સંપ જમાવી શકે, પોતાના ગુણ-અવગુણ જાણી શકે, તેના ઉપાય કરી શકે એવાં બનાવવાનો વખત આવી લાગ્યો છે. હું ફરી તમને ચેતવું છું કે બંધારણ તમે ભલે બાંધો, મહાજનો ભલે સ્થાપો પણ જે નિયમો કરો, જે માણસો ચૂંટો, જે માણસોના હાથમાં તમે તમારું હિત મૂકો તે તેમાં રહેલી જવાબદારી પૂરેપૂરી સમજીને જ કરજો. એ

Gandhi Heritage Portal

માણસોની પાસે તમે કેવળ પૈસાની અને કારભારની જ તપાસ નહીં રાખો પણ એમણે તમારે નામે શું શું કર્યું, તમારે નામે કયાં સહીઓ કરી આવ્યા એ બધું તમારે તપાસવું પડશે.

બીજી એક વાત મારે તમને કરવી છે. તમારામાં જેઓ એમ માનતા હોય કે મિલમાલિકોની સામે લડવા, તેમને દબાવવાની ખાતર આ બંધારણો આપણે બાંધીએ છીએ અથવા આપણે આ મહાજનોનો એવો ઉપયોગ કરી શકીશું, તેમને હું ચેતવી દેવા માગું છું કે એવા ભાઈઓએ આ મહાજનમાં ભળવાનો વિચાર જ છોડી દેવો. મિલમાલિકોને દબાવવા કે તેમનું નુકસાન કરવા આ જિંદગીમાં કોઈ કામ મેં નથી કર્યું અને મારે હાથે થવાનું નથી. માત્ર તેઓ મજૂરોને દબાવે તો તેમાંથી મજૂરોને છોડાવવા હું આ ગળું આપવા તૈયાર છું. પૂજ્ય અનસૂયાબહેનને કે ભાઈ શંકરલાલને[1] મિલમાલિકોનો રજ પણ દ્વેષ નથી. તેઓ માત્ર મજૂરોની સેવાને ચાહનારાં છે એ હું બરાબર જાણું છું. તેથી જ હું તેમની જોડે જ્યારે જ્યારે મને તક મળે છે ત્યારે એ સેવામાં ભળું છું, અને તેથી હું તેમને પણ આ વખતે ફરી ફરી કહું છું કે જો તમે મજૂરોની ખરેખરી સેવા કરવા ચાહતાં હો તો તમારે મજૂરો અને મિલમાલિકો બંનેનું હિત ચાહવું જોઈશે. મિલમાલિકોને સેવાની જરૂર નથી. મજૂરો ગરીબ, ગભરુ, ભોળા છે. તેમને સેવાની જરૂર છે. મહાજનો કરીને મિલમાલિકોને દબાવવાના નથી, મજૂરોનું જ માત્ર રક્ષણ કરી લેવાનું છે અને એટલું કરવાનો આપણને જરૂર હક છે.

આજે મજૂરોને પોતાનાં બચ્ચાં તથા ઓરતોને કારખાનાંઓમાં કામ કરવા મોકલવાં પડતાં હોય તો એ બંધ કરવું એ આપણી ફરજ રહી. મજૂરોનાં બચ્ચાંઓને રૂ. ૩–૪ની વધુ આવક ખાતર કેળવણીને ભોગે મજૂરી કરવા જવું પડે એ ન જ થવું જોઈએ. બાળકોને માટે મજૂરી નથી. ઓરતને માટે પણ કારખાનાની મજૂરી નથી. તેને માટે ઘરમાં પુષ્કળ કામ છે. તેમણે છોકરાં ઉછેરવા તરફ ધ્યાન આપવું જોઈએ. ધણી થાકીને આવે ત્યારે તેને શાંતિ આપવી, તેની ચાકરી કરવી, ગુસ્સામાં હોય તો તેનો ગુસ્સો શાંત કરવો અને ઘરમાં બેઠે બીજું કામ થાય તે કરવું. આપણો સંસાર રૂડો થાય, મીઠો થાય એમ આપણે ઇચ્છતા હોઈએ તો આપણે આ કરવું જ જોઈએ. પુરુષોની પેઠે બહાર કામ કરવા જવું એ સ્ત્રીઓને માટે નથી. આપણી ઓરતોને કારખાનાંઓમાં મોકલીશું તો આપણો સંસાર કોણ ચલાવશે? સ્ત્રીઓ ઘર છોડી બહાર કામ કરવા જાય તો આપણો સંસાર બગડે અને વર્ણસંકર થાય. જેઓ યુરોપનું ઉદાહરણ આગળ ધરે છે, ત્યાં કેમ હજારો સ્ત્રીઓ પુરુષનાં કામ કરે છે અને સ્ત્રીપુરુષો સાથે કામ કરે છે એમ પૂછે છે તેમને મારો એ જવાબ છે કે યુરોપની મને પરવા નથી. સંસારના કાયદાઓનું મને જે કંઈ સૂક્ષ્મ જ્ઞાન થયું છે તે ઉપરથી મારી તો ખાતરી છે કે સ્ત્રીપુરુષો સાથે મજૂરી કરવા જાય તેમાં બંનેનું પડવાપણું છે. માટે તમારી સ્ત્રીઓને તમે બહાર કામે ન મોકલો. તેમનું શિયળ સાચવો. તમારામાં મર્દાનગી હોય તો તમારી સ્ત્રીઓ પર કોઈ કટાક્ષ ન કરી શકે એવું કરવું એ તમારું કામ છે. આજે લાચાર થઈને, તણાઈને મજૂરોને પોતાની ઇચ્છા વિરુદ્ધ પોતાની ઓરતો અને બાળકોની પાસે કામ કરાવવું પડે છે. તેમાંથી છૂટવાને તમને વધારે પગાર મળવા જોઈએ એ પણ ખરું છે. આ બધું મહાજન બાંધ્યું હોય તો તેની મારફત સરળતાથી થઈ શકે. ત્યારે તેવું મહાજન બાંધવામાં ત્રણ વાતોનો તમારે વિચારપૂર્વક નિશ્ચય કરવાનો છે.

૧. શંકરલાલ બેંકર, અમદાવાદના એક રાજકારણી કાર્યકર અને મજૂર નેતા. તેઓ યંગ ઇન્ડિયા અને નવજીવન તથા મુંબઈની હોમરૂલ લીગ અને સત્યાગ્રહ સભા સાથે પણ સંકળાયેલા હતા.

Gandhi Heritage Portal

૧. મહાજનના કાયદાઓ તપાસી લેવા;

૨. મિલમાલિકો મજૂરો પર ન છાજે એવી સત્તા ન ભોગવી શકે;

૩. તમારે મહાજનમાં ભળવા માટે દાખલ થવાની, અને પછી દર મહિને, ફી આપવી પડશે.

વળી તમને વધારે પૈસા મળતા થાય તેનું તમારે શું કરવું એનો વિચાર કરવો જોઈએ. એ પૈસા જો હું પીઠામાં નાખું, ચા પીઉં, ભજિયાં ખાઉં તો તેના કરતાં એ ન મળે એ જ બહેતર. પણ એ વધુ પૈસા મળે તો હું મારી ઓરતને રાહત આપું, તેને કેળવું. વધુ પૈસા હોય તો તેને માટે મહેતી રાખું, છોકરાંને કેળવણી આપું, મારાં કપડાં સ્વચ્છ કરું, ભેજ અને ગંદકીવાળા ઘરમાંથી સારા ઘરમાં રહેવા જાઉં. તો તો એ પૈસા ભલે મળ્યા. આ બધું આપણે મહાજન બનાવીને કરી શકીએ તો તો મહાજન બનાવવું ઠીક છે. પણ હજુ મને ભય છે અને હું તમને ફરી ફરીને કહું છું કે જો આપણે આ બધું ભૂલી જઈશું તો તમારી સેવા કરવા ઇચ્છનારા અમે અને તમે બંને પાપ યોનિમાં પડીશું.

એક વખત એવો હતો કે સૌ લોકોમાં ધર્મવૃત્તિ હતી. હું આ બધી બાબતોમાં ભળીને, ભાગ લઈને એમ કહી જોવા મથી રહ્યો છું કે આ રસ્તે પણ કંઈ કરતાં દેશના લોકોમાં એ ધર્મવૃત્તિની ફરી જાગૃતિ થાય તેમ છે? જો એ ધર્મજાગૃતિ આપણામાં થાય તો જ આ કઠણ કાળમાં આપણે બચ્યા છીએ, નહીં તો મૂઆ છીએ એવી મારી દૃઢ માન્યતા છે. આ ધર્મવૃત્તિ કંઈ ભારે અઘરી વસ્તુ નથી. એ તદ્દન સાદી અને સૌથી કેળવી શકાય એવી વસ્તુ છે. હું તમને કાનમાં કહી દઉં કે જે સ્વેચ્છાચારી છે, સ્વચ્છંદી છે, જે સંયમ જાણતો નથી તે ધર્મથી છેટે છે. જે કોઈનું ખોટું કરતો નથી, કોઈનો ખોટો દોકડો નથી લેતો-દેતો એ ધર્મને સમજે છે. આપણે દારૂડિયા, લુચ્ચા, લફંગા થઈ જઈએ તો આપણું જીવ્યું, કમાયું બધું ફોકટ છે. આપણે સાચા, સારા, સરળ, વિવેકી, ધર્મવૃત્તિવાળા બનીએ તો આપણું જીવ્યું સાર્થક છે. આપણાં મહાજન ભલે બંધાય; તેથી આપણામાં મેળ થશે, સંપ થશે, આપણે રીતસર કામો કરી શકીશું. મને ખબર છે કે મિલમાલિકો પણ એવું જ ઇચ્છે છે કે મહાજન થાય તો ઠીક, આજકાલ કોઈને કંઈ, કોઈને કંઈ, એમ સૌને જુદું જુદું પોતાની અડચણો — ફરિયાદો — નું સમાધાન કરી લેવું પડે છે. મહાજનો હોય તો તેમના અધિકારીઓની જોડે મળીને બધું રીતસર થઈ શકે. આમ આમાં બંને પક્ષનું હિત છે માટે પૂરેપૂરો વિચાર કરી, સમજીને આ કામ તમે કરજો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯–૨–૧૯૨૦

Gandhi Heritage Portal

## ૩૭. મુંબઈ હાઈકોર્ટના રજિસ્ટ્રારને પત્ર[1]

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ફેબ્રુઆરી ૨૭, ૧૯૨૦

રજિસ્ટ્રાર સાહેબ,
હાઈકોર્ટ,
મુંબઈ

મહેરબાન સાહેબ,

મારી સામે જે "પ્રારંભિક આદેશ"[2] કાઢવામાં આવ્યો છે તેની સુનાવણી માટે આવતા માસની ૩જી તારીખ નક્કી થઈ છે. તે દિવસે જે નિવેદન હું અદાલત સમક્ષ વાંચવા કે રજૂ કરવા માગું છું તે આ સાથે બીડું છું. સાથે શ્રી મહાદેવ દેસાઈનું નિવેદન પણ છે.

આપનો વિશ્વાસુ

[બિડાણ]

[ગાંધીજીનું નિવેદન]

મારી સામે કાઢવામાં આવેલા "પ્રારંભિક આદેશ" સંબંધમાં મારું નિવેદન નીચે પ્રમાણે છે:

આ આદેશ નીકળ્યો તે પહેલાં નામદાર કોર્ટના રજિસ્ટ્રાર અને મારી વચ્ચે કેટલોક પત્રવ્યવહાર થયો હતો. ૧૧મી ડિસેમ્બરે મેં રજિસ્ટ્રારને એક પત્ર[3] લખ્યો હતો, જેમાં મારા વર્તાવનો પૂરતો ખુલાસો આવી જાય છે. એટલા માટે એ પત્રની નકલ હું આ સાથે બીડું છું. હું દિલગીર છું કે વડા ન્યાયાધીશ સાહેબે આપેલી સલાહ[4] હું સ્વીકારી શક્યો નથી. જે કૃત્યને મેં એક પત્રકારનો અધિકાર અને કર્તવ્ય માન્યું છે તેને માટે ખરા દિલની અને ખેદ વ્યક્ત કરનારી ક્ષમા યાચવાનું નામદાર કોર્ટ મને નહીં કહે એની મને ખાતરી છે. એટલે કાયદાની સર્વોપરિતા સ્થાપિત કરવા માટે આ માનવંતી અદાલત મને જે કંઈ સજા ફરમાવશે તે હું સહર્ષ અને સાદર સ્વીકારી લઈશ.

૧. આ પત્ર અને તેની સાથે બીડેલાં બંને નિવેદનોનું લખાણ ગાંધીજીના હસ્તાક્ષરમાં છે.

૨. અમદાવાદના જિલ્લા ન્યાયાધીશ બી. સી. કૅનેડીનો મુંબઈ હાઈકોર્ટના રજિસ્ટ્રાર ઉપર લખાયેલો એક પત્ર તંત્રીનોંધ સાથે મુંબઈથી નીકળતા યંગ ઇન્ડિયામાં ૬ઠ્ઠી ઑગસ્ટ, ૧૯૧૯ને રોજ પ્રસિદ્ધ થયો હતો. ગાંધીજી એ પત્રના તંત્રી હતા અને મહાદેવ દેસાઈ પ્રકાશક હતા. તેથી તેમના ઉપર આ પત્ર પ્રસિદ્ધ કરવા બદલ કોર્ટના તિરસ્કારનો આરોપ મૂકી કાર્યવાહી ઊભી કરવામાં આવી હતી. એ કાર્યવાહી અંગે આ આદેશ કરવામાં આવ્યો હતો. જુઓ "શું એ અદાલતનો તિરસ્કાર હતો?", ૧૦-૩-૧૯૨૦, એ લેખ પણ.

૩. આ પત્રનાં મૂળ લખાણ માટે જુઓ પુસ્તક ૧૬, પા. ૩૨૧-૨.

૪. એમણે સૂચવેલા નમૂના પ્રમાણે ક્ષમા માગવાની સલાહ.

Gandhi Heritage Portal

પ્રકાશક શ્રી મહાદેવ દેસાઈ ઉપર બજાવાયેલી નોટિસ સંબંધમાં હું એટલું કહેવા માગું છું કે સંબંધ ધરાવતો પત્ર તથા તે ઉપરની તંત્રીનોંધ એમણે કેવળ મારા કહેવાથી અને મારી સલાહથી છાપી હતી.[૧]

[મહાદેવ દેસાઈનું નિવેદન]

મારા ઉપર બજાવવામાં આવેલા "પ્રારંભિક આદેશ" સંબંધમાં મારું નમ્ર નિવેદન છે કે યંગ ઇન્ડિયાના તંત્રીશ્રીએ રજૂ કરેલું નિવેદન મેં વાંચ્યું છે અને એમાં એમણે પોતાના કૃત્યના બચાવમાં જે દલીલ અપનાવી છે તેની સાથે હું સંમત છું. એટલે નામદાર કોર્ટ મને જે કંઈ સજા ફરમાવશે તેને હું સહર્ષ અને સાદર માથે ચઢાવીશ. બીજું [નામદાર વડા ન્યાયાધીશે આપેલી ક્ષમા માગવાની] આ સલાહ હું સ્વીકારી શક્યો નથી, તેનું કારણ એ છે કે મિ. કૅનેડીનો પત્ર છાપીને કે તેના ઉપર નોંધ લખીને મેં કોઈ કાનૂની કે નૈતિક ગુનો કર્યો હોય એમ હું માનતો નથી.

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી : એસ. એન. ૭૧૨૮

## ૩૮. મથુરાદાસ ત્રિકમજીને પત્ર[૨]

ફાગણ સુદ ૮ [ફેબ્રુઆરી ૨૭, ૧૯૨૦][૩]

તમારો કાગળ કાલે મળ્યો. હું ત્યાં સોમવારે પહોંચવાની આશા રાખું છું[૪], એટલે હું પોતે જવાબ લખતો નથી ને ટૂંકો જ લખાવીશ. આજે મારું શરીર બરાબર લથડયું છે એટલે હું સૂતો છું. પણ જરા આરામ લઈ લઈશ એટલે થોડુંઘણું ઠેકાણે આવી જશે. તમે જ્યાં એક સુપુત્રની માફક સેવા કરી છે ત્યાં મને અસંતોષ આવ્યો હોય એવું બને જ કેમ? હું તો તમે હોવાથી મારા પત્રવ્યવહારમાં[૫] તદ્દન નિશ્ચિંત થઈ ફરતો હતો. તમે ન હોત તો દેવદાસ માંદો પડત અથવા મારું ઘણું કામ તો રેડવી લેવું પડત. વિશેષ સોમવારે.

[મૂળ ગુજરાતી]

બાપુની પ્રસાદી

૧. તા. ૧૦–૩–૧૯૨૦ના યંગ ઇન્ડિયામાં જે નિવેદન છપાયું છે તે અહીં પૂરું થાય છે.

૨. મથુરાદાસ ત્રિકમજી (૧૮૯૪–૧૯૫૧); ગાંધીજીના ઓરમાન બહેનના પૌત્ર; લેખક અને ગાંધીજીના અનુયાયી; મુંબઈ કૉંગ્રેસ સમિતિના મંત્રી, ૧૯૨૨–૩; ૧૯૨૩થી ૧૯૨૫ સુધી મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના સભ્ય અને પાછળથી મેયર.

૩. મથુરાદાસકૃત આત્મનિરીક્ષણના પાન ૫૪ ઉપરની પાદટીપ ૨ ઉપરથી જણાય છે કે આ પત્રમાં ગાંધીજીએ જે સભાનો ઉલ્લેખ કર્યો છે તે સભા ૩જી માર્ચ, ૧૯૨૦ને રોજ ભરવામાં આવી હતી.

૪. ગાંધીજી બુધવાર, તા. ૩જી માર્ચ ૧૯૨૦ને રોજ મુંબઈ પહોંચ્યા હતા.

૫. ૧૯૧૯માં મથુરાદાસ મુંબઈમાં ગાંધીજીના મંત્રી તરીકે કામ કરતા હતા અને ૧૯૨૦ના જાન્યુઆરી ફેબ્રુઆરીમાં ગાંધીજી જ્યારે પંજાબના પ્રવાસે ગયા ત્યારે તેમની સાથે હતા.

Gandhi Heritage Portal

# ૩૯. અમદાવાદમાં ભાષણ

ફેબ્રુઆરી ૨૭, ૧૯૨૦

તમો સૌ કદાચ જાણતા હશો કે હાલ કેટલાક વખત થયાં હું કેટલેક દરજ્જે અપંગ બની ગયો છું, એટલે અત્યારે તમારી આગળ હું બેઠે બેઠે બોલીશ. મને ઉમેદ છે કે તમે સૌ મને તે માટે માફ કરશો.

હું જોઉં છું કે આજની સભાના કાર્યક્રમમાં બોલનાર તરીકે મારું નામ પણ મૂકવામાં આવ્યું છે. મારે સરલાદેવીબહેનનો અને પ્રમુખ સાહેબનો[1] ઉપકાર માનવાનું કાર્ય કરવાનું છે. આજનું ભાષણ કરનાર બહેનને તેમ જ પ્રમુખ સાહેબને હું સારી રીતે ઓળખું છું એટલે મારે કરવાનું કામ કરતાં મને હરખ થાય છે.

હું પોતે તો ભિખારી રહ્યો. મારી ભિક્ષામાં હું વિશેષ કરીને બહેનોને શોધું છું. મને પુરુષો તો સર્વ સ્થળે મળી રહ્યા છે, પરંતુ હું વિશેષ પ્રયત્ન બહેનોને મેળવવા માટે કરી રહ્યો છું કારણ કે હું માનું છું કે હિંદની બહેનો ભાઈઓને આશિષ ન આપે તો હિંદની ઉન્નતિ અસંભવિત છે. મને ખાસ કરીને અમદાવાદમાં એવાં એક બહેન મળી ગયાં છે. મુંબઈ, મદ્રાસ વગેરે સ્થળોએ પણ કોઈ ને કોઈ બહેન તો મળી ગઈ છે. પંજાબમાં મને સરલાદેવીજી મળી ગયાં છે. એમનો પ્રથમ પરિચય મને ૧૯૧૦ની સાલમાં થયો હતો અને ત્યાર પછી હરિદ્વારમાં મને એ દંપતીનાં દર્શન થયાં હતાં. સરલાદેવીજીએ મને પંજાબ આવવાનું આમંત્રણ કર્યું. મેં તે સ્વીકાર્યું તો ખરું, પરંતુ હું ગભરાયો. મને જ્યારે સરલાદેવીજીએ આમંત્રણ કર્યું ત્યારે તે વિયોગિની હતાં. મને એટલા માટે વિચાર થઈ પડયો કે વિયોગિનીના ઘરમાં મારે સ્વાગત કેમ સ્વીકારવું? પરંતુ દુ:ખમાં ભાગ લેવો એ હું સદ્‌ભાગ્ય સમજું છું અને તેથી પંજાબમાં હું એમને ત્યાં રહ્યો. મારી સગી બહેન મારી જેટલી ચાકરી કરે તેટલી જ ચાકરી મેં તેની પાસેથી ભોગવી. આમ, હું એ બહેનનો ઋણી બન્યો.

જે બહેન મારો સંદેશો દેશને પહોંચાડે તેના તો હું ચરણસ્પર્શ કરું. પરંતુ હું તો અત્યારે એ કહેવા ઇચ્છું છું કે આ બાઈએ મારો સંદેશો તમને નથી પહોંચાડયો પણ પંડિત રામભજદત્ત ચોધરીનો સંદેશો પહોંચાડયો છે. આ અવસરે આ પતિઘેલી બાઈને બીજું કાંઈ ન સૂઝયું અને તેના ધણીનો સંદેશો આપણને પહોંચાડયો છે. આમ કરીને પોતાના પતિને છાપરે ચડાવ્યા છે. ચોધરીજીનો સંદેશો એ આખા પંજાબનો સંદેશો છે. એ સંદેશો કહે છે કે તમે કદી ન ડરજો, ગમે તેમ થાય પણ તમે કદી ન હારજો. પ્રભુ પ્રત્યે પ્રેમ રાખી શાંતિથી અને સબૂરીથી તમે કામ કરજો. આ પેગામ આપણે આપણા હૃદયમાં ગૂંથી લેવો જોઈએ.

જેમ સુશીલ સ્ત્રીઓ તેમ સારા પુરુષોનો પણ મને મોહ છે. આજની સભાના પ્રમુખ સાહેબ પોતાની સાદાઈ, મળતાવડો સ્વભાવ વગેરે ગુણોથી જાણીતા છે. તેમના પિતાશ્રીએ કરેલાં કાર્યોમાં

૧. સર રમણભાઈ મહીપતરામ નીલકંઠ.

Gandhi Heritage Portal

મેળવેલા યશમાં તેમણે ઉમેરો કર્યો છે. સુધારક તરીકે અને બીજી રીતે પણ રા. રમણભાઈએ ઘણું કર્યું છે. એમના સદ્‌ગુણો લઈ આપણે પણ કાંઈ કાર્ય કરી શકીએ તો ઘણું કર્યું કહેવાય.

ફરી એક વાર હું સરલાદેવીજીનો અને પ્રમુખ સાહેબનો તમારા સર્વની વતી આભાર માનું છું.

[મૂળ ગુજરાતી]

*નવજીવન*, ૭–૩–૧૯૨૦

## ૪૦. એક પત્ર[1]

[ફેબ્રુઆરી ૨૭, ૧૯૨૦ પછી][2]

વહાલા સાહેબ,

હાઈકોર્ટના રજિસ્ટ્રાર ઉપર મેં મોકલેલાં નિવેદનોની[3] એક નકલ હું આ સાથે મોકલું છું. આ નિવેદન આવતી ત્રીજી તારીખે, જ્યારે મારા ઉપર નીકળેલા "પ્રારંભિક આદેશ"ની સુનાવણી થનાર છે ત્યારે, નામદાર કોર્ટ સમક્ષ હું વાંચવા માગું છું. શ્રી મ. હ. દેસાઈના નિવેદનની નકલ પણ આ સાથે સામેલ છે.

આપનો વિશ્વાસુ

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી : એસ. એન. ૭૧૨૮

## ૪૧. પંજાબનો પત્ર

### પંજાબ છોડયું

આ પત્ર તો હું આશ્રમમાં પ્રાર્થનાના સમય પછી લખવા બેઠો છું. આશ્રમમાં લખાયેલો પત્ર પંજાબનો પત્ર કેમ કહેવાય? આને પંજાબનો પત્ર કહેવાની ધૃષ્ટતા કરું છું. કારણ કે મારો આત્મા તો હજુ પંજાબમાં જ વસે છે. પંજાબીઓની સરળતા, સાદાઈ, ભોળાઈ, ઉદારતા અને તેઓનાં દુ:ખ મારાથી વીસરી જ શકાતાં નથી. તે દુ:ખમાં થોડોયે ભાગ લઈ હું પવિત્ર બન્યો છું. તુલસીદાસે ગાયેલા દયાધર્મનો—પ્રેમધર્મનો મહિમા હું વધારે સમજી શકું છું અને મને અવકાશ મળશે તો કોઈ વેળાએ ધર્મપાલનનાં પ્રત્યક્ષ પ્રમાણો હું વાંચનારની આગળ રજૂ કરીશ.

પણ મારો આત્મા પંજાબમાં વસે છે એથી જ આને પંજાબનો પત્ર હું નહીં કહી શકું. આ પત્રમાં મુખ્યત્વે પંજાબની જ વાત હશે તેથી પંજાબ બહાર લખાયા છતાં પંજાબનો પત્ર કહી શકાય.

૧. આ પત્ર કોને ઉદ્દેશીને લખાયો છે તે જાણી શકાયું નથી.

૨. પત્રમાં લખેલી બાબતો ઉપરથી જણાય છે કે આ પત્ર ૨૭–૨–૧૯૨૦ને રોજ "મુંબઈ હાઈકોર્ટના રજિસ્ટ્રારને પત્ર", લખાયા પછી લખાયો હતો.

૩. જુઓ ૨૭–૨–૧૯૨૦ના "મુંબઈ હાઈકોર્ટના રજિસ્ટ્રારને પત્ર" સાથેનું બિડાણ.

Gandhi Heritage Portal

## કાશીની યાત્રા

ગયે અઠવાડિયે પંજાબના ગુજરાત જિલ્લાની મુસાફરી હું વર્ણવી ગયો. એ મુસાફરી પછી કમિટીના રિપોર્ટને ખાતર મુસાફરી કરવાનું નહોતું રહ્યું. વળી કમિટીનો રિપોર્ટ પૂરો કરવાનો વખત પણ આવેલો. તેથી બધા કમિશનરે[1] મળી ક્યાં વાંચવો એ સવાલ થઈ પડ્યો. મા. મોતીલાલજી નેહરુ, રા. ચિત્તરંજન દાસ અને મા. પંડિત માલવિયાજીને અનુકૂળ સ્થાન કાશીનું થઈ પડે એમ હતું તેથી બધાએ કાશી જવું એમ ઠરાવ થયો. રા. જયકર લાહોર આવી પહોંચ્યા હતા. તેથી તેઓ, રા. સંતનમ અને દા. પરસરામ તથા લાલા હરકિશનલાલ, એટલાએ તા. ૧૫મીએ કાશીજી જવા લાહોર છોડયું. રસ્તામાં લાલા ગિરધરલાલ અમૃતસર સ્ટેશને મળ્યા. મારી સંભાળ રાખવા દા. જીવરાજ મહેતા[2] પણ સાથે નીકળી પડયા હતા. અમે તા. ૧૬મીએ કાશીજી પહોંચી ગયા. સ્ટેશન પર મા. પંડિત માલવિયાજીનાં અને આપણા ધર્મપરાયણ સાક્ષર ભાઈ આનંદશંકર ધ્રુવનાં[3] દર્શન કરી કૃતાર્થ થયો.

રિપોર્ટ લખવાની ફરજ મારી ઉપર નાખવામાં આવી હતી. તે હું લાહોરમાં પૂરો નહોતો કરી શક્યો. એટલે હું તો આખો વખત તે પૂરો કરવામાં ગાળતો હતો અને બીજા કમિશનરો લખાઈ ગયેલો રિપોર્ટ વાંચવામાં ગાળતા હતા. કમિશનરોએ મારી રક્ષા કરી. મારી ઉપર અનન્ય પ્રેમ બતાવી મને ઉગારી લીધો. એ સ્મરણ મને હમેશાંને સારુ રહી જશે. માલવિયાજીના પ્રેમનું વર્ણન તો કર્યું જાય જ નહીં. તેમણે મારી ચોકી જ કરી. અમે એક ઘડી પણ સેવાધર્મની વાર્તા કરતા ન રહીએ એવો અમારો સંબંધ હોવા છતાં અમે બંનેએ વાતો નહીં કરવાનો સંયમ પાળ્યો. આનંદશંકરજીની સાથે ઘણીયે વાતો કરવાનું, તેમનો કાશીજીનો અનુભવ સાંભળવાનું મન થાય ને રોકવું પડે. આમ પવિત્ર અને પ્રેમમય વાતાવરણમાં રિપોર્ટનું કાર્ય પૂરું થયું ગણાય. રિપોર્ટ માર્ચ માસની શરૂઆતમાં બહાર પડશે એવી ઉમેદ રાખી શકાય.

## અરુણોદય

અમારું રહેવાનું ગંગાજીના તટ ઉપર પંડિતજીની સાથે જ હતું. અરુણોદય અને સૂર્યોદયના દેખાવ બધી જગ્યાએ ભવ્ય હોય છે, પણ ગંગાજીના તટ ઉપર તો તે દેખાવ મને અદ્‌ભુત જ જણાયા. વાદળમાં જેમ જેમ પ્રકાશ વધતો જાય તેમ તેમ ગંગાના પાણી ઉપર સુવર્ણમય તેજ વધે અને છેવટે જ્યારે સૂર્ય બરોબર દૃષ્ટિમર્યાદા પર આવે ત્યારે તો પાણીમાં એક મોટો જાડો સુવર્ણ સ્તંભ જ હોય નહીં એવું લાગે. એ જોતાં આંખ ધરાય જ નહીં ને ભક્તજનોના કંઠમાં તો ગાયત્રી-નો મંત્ર તેની મેળે જ આવી ચઢે. સૂર્યની ઉપાસના, નદીઓનો મહિમા, ગાયત્રી મંત્રનો અર્થ આ ભવ્ય દેખાવ પછી કંઈક વધારે સમજાયા.

આ જ જગ્યાએ ચાલતાં જેમ મને આપણા દેશને વિષે, આપણા વડવાઓને વિષે અભિમાન આવ્યું તેમ જ મને આજની સ્થિતિ વિચારતાં દુ:ખ થયું. નદીને કિનારે જ લોકોને શૌચાદિ કરતાં મેં જોયા. "જંગલ" જવું છોડી આપણે નદીએ જતા થયા. આ પવિત્ર સ્થળ

૧. આ કમિશનરોની નિમણૂક કૉંગ્રેસની પંજાબ સબકમિટીએ કરી હતી. જુઓ "મોતીલાલ નેહરુને પત્ર", ૨૦-૨-૧૯૨૦.

૨. એક પ્રસિદ્ધ દાક્તર; પાછળથી તેઓ ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્ય પ્રધાન બન્યા હતા.

૩. બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિ.

Gandhi Heritage Portal

પાસે આપણે આંખો મીંચીને ઉઘાડે પગે ફરી શકીએ એવી સ્થિતિ હોવી જોઈએ તેને બદલે આપણે ઘણી સંભાળપૂર્વક જ ચાલવું રહ્યું. અને એ જ સ્થળેથી ગંગાજળ પીતાં પણ સૂગ આવે. વળી આ ગંદકીનો ખ્યાલ પૂરો નથી થયો ત્યાં કાશીવિશ્વનાથનું મંદિર પણ મને યાદ આવ્યું. મંદિરની પાસેની સાંકડી શેરી, ત્યાંની ગંદકી, ત્યાં જોયેલો સડેલાં ફૂલોનો ઢગલો, ત્યાંના પૂજારી બ્રાહ્મણોની કઠોરતા ને મલિનતા—આ વિચારથી મેં નિ:શ્વાસ મૂક્યો ને હિંદુની પડતીનું કારણ યાદ આવ્યું, ને તે પરથી વિચાર પંડિતજી ને તેમના કૃત્ય ઉપર આવ્યા. કાશી વિશ્વવિદ્યાલયની સફળતા પરથી તેમની પરીક્ષા ભવિષ્યમાં થશે. તેમાં તેઓ ઉત્તીર્ણ થશે કે? તેમના ધર્માચરણનો, તેમના ત્યાગનો, તેમની ભારતવર્ષની ભવ્ય સેવાનો ખ્યાલ આવ્યો. તેમનો જમણો હાથ ધ્રુવજી[1] છે. અને એમ બે મોટા ધર્માચરણી પુરુષોના હાથમાં વિશ્વવિદ્યાલયનો કારભાર છે એ યાદ કરી મેં આશ્વાસન લીધું. જો વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી ધાર્મિક, વિદ્વાન નીવડે તો મંદિર તેમ જ ગંગાના કિનારાની સ્વચ્છતાની આશા રાખી શકાય એમ મને લાગ્યું. વિશ્વવિદ્યાલયમાં તે શક્તિ હો યા ન હો—હિંદુ ધર્મમાં આવી ગયેલી બાહ્ય તેમ આંતરિક મલિનતા કાઢવાના ઉપાયો રચવા એ દરેક હિંદુનું કાર્ય છે, ને દરેક હિંદુ પોતાને ઘેર બેઠા તેનો ઉપાય આજથી જ રચવો શરૂ કરી શકે છે. પોતે પોતાની સ્વચ્છતા પૂરી સંભાળે તો કાશીવિશ્વનાથમાં એની મેળે જોઈતી સ્વચ્છતા આવી જશે.

## વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ

વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓને બે બોલ કહેવાની પંડિતજીની આજ્ઞા થતાં મેં કાશી છોડયું તેના પહેલાં, તે જ દહાડે સવારના ૭–૩૦ વાગ્યે મેં તેઓ પાસે વિદ્યાર્થી જીવન વિષે મારા વિચારો રજૂ કર્યા.[2] વિદ્યાર્થીની અવસ્થા એ સંન્યાસની અવસ્થા સમાન છે તેથી તે દશા પવિત્ર અને બ્રહ્મચારીની હોવી જોઈએ. અત્યારે વિદ્યાર્થીઓની આગળ બે સભ્યતા તેમને વરવા હરીફાઈ કરી રહી છે—પ્રાચીન અને અર્વાચીન. પ્રાચીન સભ્યતામાં સંયમ પ્રધાનપદ ભોગવે છે. પ્રાચીન સભ્યતા આપણને કહે છે કે માણસ જેમ જ્ઞાનપૂર્વક પોતાની હાજતો ઓછી કરે તેમ આગળ વધે છે, આધુનિક એમ શીખવે છે કે પોતાની હાજતો વધારી મનુષ્ય પોતાની પ્રગતિ કરી શકે છે. સંયમ અને સ્વચ્છંદ વચ્ચેનો ભેદ જેટલો ધર્મ અધર્મ વચ્ચે છે તેટલો છે. સંયમમાં બાહ્ય પ્રવૃત્તિને આંતરિક પ્રવૃત્તિના કરતાં ગૌણ પદ આપ્યું છે. સંયમમય પ્રાચીન અવસ્થાને બદલે સ્વચ્છંદમય આધુનિક સભ્યતાનો સ્વીકાર થવાનો ભય રહે છે. એ ભય દૂર થવામાં વિદ્યાર્થીઓ બહુ સહાય કરી શકે છે. વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓની પરીક્ષા તેઓના જ્ઞાનથી નહીં થાય પણ તેઓના ધર્માચરણથી જ થશે. આ વિદ્યાલયમાં ધર્મશિક્ષણ અને ધર્માચરણને પ્રધાનપદ આપાવું જોઈએ. એમ થવામાં વિદ્યાર્થીઓની પૂરી મદદ જોઈએ. પંડિતજી પોતે ધર્માચરણી છે. તેમણે એક ધર્માચરણી પુરુષને એટલે આનંદશંકરભાઈને વિદ્યાલયમાં લાવી વિદ્યાર્થીઓને તક આપી છે તેનો લાભ લઈ વિદ્યાર્થીઓ પોતાની વિદ્યાને ધર્મથી શોભાવે એમ હું ઇચ્છું છું. આવા પ્રકારના વિચારો પ્રાત:કાળમાં વિદ્યાર્થીઓની પાસે મૂક્યા. આ વિચારો ઘણી વેળા એક કે બીજા સ્વરૂપમાં હું અનેક સ્થળોમાં મૂકતો આવ્યો છું ને ફરી શુભ તક મળવાથી કાશીજીના વિદ્યાર્થીઓની પાસે

૧. આનંદશંકર ધ્રુવ.

૨. જુઓ "બનારસમાં વિદ્યાર્થીઓની સભા સમક્ષ ભાષણ", ૨૧–૨–૧૯૨૦.

Gandhi Heritage Portal

મૂકેલા તે જ વિચારોનો સાર નવજીવનના વાંચનારાઓ આગળ મનન કરવા મૂકું છું. મારી ખાતરી છે કે રાજ્યપ્રકરણી સુધારાનો લાભ આપણે ધર્મનો વિચાર કર્યા વિના કદી નથી લઈ શકવાના. ધર્મનું સંસ્થાપન એ સુધારાથી નહીં થાય પણ ધર્મથી જ એ સુધારાની ખામીઓને દૂર કરી શકાશે.

### કાશીમાં ગુજરાતીઓ

કાશીમાં ગુજરાતીઓની મોટી વસ્તી છે એ મને આજ લગી ખબર ન હતી. તેઓને મળવાનો પ્રસંગ આનંદશંકરભાઈએ મને મેળવી આપ્યો હતો. પંડિતજી પણ હાજર હતા. ગુજરાતી ભાઈઓએ તે જ અવસર પંડિતજીને માનપત્ર આપવાનો શોધીને વિવેકી કાર્ય કર્યું. તેઓનો ઉપકાર માનતાં મેં તેમને બે વાતો કહી. ગુજરાતીઓના દોષ જે ગણાતા હોય તે ગુજરાત પાછા મોકલી દેવા ને તેના ગુણ હોય એ જ વટાવવા. આમ કરવાથી ગુજરાતીઓ ગુજરાત અને હિંદુસ્તાન બંનેને શોભાવશે. પોતાના વ્યવહારમાં માણસને અનેક ધર્મસંકટો આવે જ છે. તે વેળા સાચા મિત્રની સહાયની જરૂર હોય છે. તેવા મિત્ર રૂપે આનંદશંકરભાઈ મળ્યા છે. તેમની હાજરીનો તેઓ સંપૂર્ણ લાભ લે એમ ઇચ્છયું. કાશીથી દિલ્હી થઈ ત્યાં માનનીય શ્રીનિવાસ શાસ્ત્રીની મુલાકાત કરી શ્રીમતી સરલાદેવીજીને[1] લઈ આશ્રમમાં ત્રેવીસમી તારીખે આવી પહોંચ્યો છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯–૨–૧૯૨૦

## ૪૨. હિંદુમુસ્લિમ એકતા

હિંદુમુસલમાન વચ્ચે જેવી એકતા અત્યારે ફેલાયેલી છે તેવી આ જમાનામાં નથી ફેલાયેલી એમ કહેવું વધારેપડતું નહીં ગણાય. એ એકતા અવિચળ રહે એવું આપણે બધા ઇચ્છીએ. પણ જ્યાં સુધી એ ઇચ્છા મુજબ આપણો પ્રયત્ન નહીં હોય, ત્યાં સુધી એ એકતા નભે નહીં, તેમાં વધારો ન થાય.

એ એકતા કેવળ સ્વાર્થથી જ મેળવાયેલી હશે તો સ્વાર્થ સર્યા પછી નહીં નભે એમાં કંઈ શંકા નથી. તેથી એકતા વધવાનાં કારણો તપાસવાં એ જરૂરનું છે.

મને કેટલાક મિત્રોએ આ વિષય બાબત સવાલો કરેલા છે તેનો જે જવાબ મેં આપ્યો છે તે અહીં હું આપી જાઉં તો કેટલીક ગેરસમજ દૂર થવાનો સંભવ છે.

ખિલાફતના સવાલમાં હું આગળપડતો ભાગ લઉં છું તે ઠીક નથી એમ કેટલાકનું માનવું છે. તેમાંનો એક પક્ષ એમ કહે છે કે હિંદુમુસલમાન વચ્ચે હાડવેર છે એ તો કેમ જાય? આ પ્રશ્નનો જવાબ હું આ સ્થળે આપવા નથી ઇચ્છતો. માત્ર એટલું જ કહીશ કે એવો સવાલ કરીએ તો અનેક ગૂંચવાડા ઉકેલવા અશક્ય જ થઈ પડે. પુરુષ પ્રયત્નથી બધું થઈ શકે એમ કહેવાય છે, ને બને છે એમ પણ આપણે જોઈએ છીએ. તો આ કામમાં એવી અશક્યતા માની લેવાનું જરાયે કારણ નથી.

૧. સરલાદેવી ચૌધરાણી.

Gandhi Heritage Portal

બીજો પક્ષ કહે છે કે ખિલાફતનો સવાલ ભલે મુસલમાનોના દીનનો હોય પણ તેઓ ઈન્સાફ પર નથી. તુર્કીની સાથે આપણને શો સંબંધ? તુર્કીના અન્યાયનો પાર નથી. તેઓનું જુલમી રાજ્ય પાછું સ્થપાય તેમાં દુનિયાને શો લાભ? આવા અનેક પેટા સવાલો થયા છે. બધાનો જવાબ આપવા બીજી વેળા પ્રયત્ન કરીશ. મુખ્ય મુદ્દા આ પ્રસંગે તપાસીશ. ખિલાફતના મામલામાં મુસલમાનો તદ્દન ન્યાયના રસ્તા પર છે એમ હું માનું છું. ધર્મની લાગણીની જ વાત હોય પણ આપણી બુદ્ધિ તેવી લાગણી કબૂલ ન કરે તો આપણે આવા સવાલમાં મદદ કરવા બંધાયેલા નથી એમ પણ હું કબૂલ કરું છું. પણ ખિલાફતના સવાલમાં ધર્મનો સવાલ કોરે મૂકતાં પણ તેઓ ન્યાયના રસ્તા પર જ છે. લડાઈ વેળા દેશોની જે સરહદ હતી તે જાળવવી, ને કોઈને સજા કરવાના ઈરાદાથી જરાયે નુકસાન ન કરવું એ ધોરણ મિત્ર રાજ્યોએ સ્વીકારેલું, પ્રેસિડન્ટ વિલ્સને કબૂલેલું. મુસલમાન આ સિદ્ધાંતનો સ્વીકાર કરાવવા ઈચ્છે છે. તેઓ કહે છે કે તુર્કીની જે સત્તા ૧૯૧૪ના ઑગસ્ટમાં હતી તે કાયમ રહેવી જોઈએ. અરેબિયા અને મુસલમાનો-નાં પવિત્ર સ્થળોનો કબજો ખલીફાના હાથમાં રહેવો જોઈએ. સુલતાનની ખ્રિસ્તી યહૂદી રૈયતના હકોનું રક્ષણ થાય એવી ખોળાધરી જે વાજબી ગણાય તે સુલતાનના મરતબાને ઈજા ન પહોંચે તેવી રીતે ભલે લેવાય. આરબોની સ્વતંત્રતા ભલે જળવાય. આમાં ક્યાંયે ગેરવાજબી માગણી હું જોતો નથી. અને તુર્કીના કહેવાતા જુલમનો જવાબ આવી જાય છે. આવા પ્રકારનાં વચનો બ્રિટિશ પ્રધાને[1] આપ્યાં છે. હવે જો આટલું ન મળે તો મુસલમાનોને ભારે ગેરઈન્સાફ થાય ને તેમની ધર્મની લાગણી દુખાય. એટલે હું માનું છું કે પડોશી પ્રત્યેની આપણી ફરજ જો આપણે અદા કરવા માગતા હોઈએ તો મુસલમાન ભાઈઓને મદદ કરવાની આપણી પૂરી ફરજ છે.

પણ સનાતની હિંદુ મને કહે છે કે ભલે અમે મદદ કરીએ, પણ હિંદુ હવે તો એક પ્યાલે પાણી પીએ છે, જોડે જમણ જમે છે ને દીકરા-દીકરીની લેવડદેવડ કરવાની વાતો ચાલે છે. સનાતની-નો આ ભય ખરો છે. પણ તેને સારુ સબળ કારણ નથી. ખિલાફતના મામલામાં મદદ કરવાને સારુ એક પ્યાલે પાણી પીવાની, સાથે ખાવાપીવાની કે દીકરાદીકરી લેવાદેવાની જરૂર જરાયે નથી. હિંદુ પોતાનો ધર્મ ચુસ્તપણે પાળતાં છતાં જ્યારે મુસલમાનને પોતાના ભાઈ સમાન ગણે ત્યારે જ એકતા થાય. હું મારા દીકરાએ પીધેલો પ્યાલો સાફ કર્યા વિના ન વાપરું, ને મેં એંઠો કરેલો પ્યાલો તેને ન વાપરવા દઉં. છતાં મારા દીકરા ઉપરનો મારો પ્રેમ ઓછો થતો નથી. ભાઈબહેન નથી પરણતાં પણ ભાઈબહેનની વચ્ચેનો નિર્મળ સ્નેહ આપણે ક્યાં ગોતવા જઈશું? એક ગોત્રમાં ઘણા હિંદુ નથી પરણતા છતાં તેથી તેઓની એકતામાં હાનિ નથી પહોંચતી. ખરું તો એ છે કે જો આપણે પાણી, ભાણા અને બેટીવહેવાર એ એકતાને સારુ જરૂરનાં છે એવું માનીએ તો હિંદુમુસલમાન વચ્ચે એકતા થાય જ નહીં. તેથી જ્યારે જ્યારે હું સાંભળું છું કે હિંદુમુસલમાનોએ એક પ્યાલે પાણી પીધું, તેઓ એક થાળીએ જમ્યા ત્યારે ત્યારે હું દિલગીર થાઉં છું, કેમ કે એવી વાતો સાંભળીને પણ ચુસ્ત હિંદુનું મન દુભાય. દૂભવવાનું કારણ હોય તો દૂભવવું એ જુદી વાત છે. પણ જ્યાં એક પ્યાલે પાણી પીવામાં એકતા નથી રહેલી ત્યાં તે ક્રિયાને આગળ મૂકી તેને એકતાની નિશાની ગણવી એ એકતામાં વિઘ્ન નાખ્યા સમાન છે. હું તો એમ માનું છું કે આપણે ખાવાની ક્રિયાને ખોટું મહત્ત્વ આપી મંદવાડ ને ભૂખમરો વહોરી લીધા છે, ને સંયમને અઘરો કરી મૂક્યો છે. જેવી શૌચક્રિયા તેવી જ ખાવાની ક્રિયા છે. બંને મેલી ક્રિયા છે.

૧. ઍસ્ક્વિથ અને લૉઇડ જ્યૉર્જ.

Gandhi Heritage Portal

તે એકાંતે જ કરવા લાયક છે. આપણને ખાવામાં ઘણો રસ આવે છે તેથી એ વિષયને ઉઘાડી રીતે ભોગવી એ પણ શરમ છોડી બેઠા છીએ. ઘણા મર્યાદિત હિંદુ ખાવાની ક્રિયા પ્રભુનું નામ લઈ શરીરયાત્રાને અર્થે એકાંતમાં કરે છે એ અનુકરણ કરવા જેવું છે એમ હું તો માનું છું. પણ મારી માન્યતા ભલે ભૂલભરેલી ગણાઓ. મારે તો એટલું જ સિદ્ધ કરવું છે કે હિંદુમુસલમાનમાં સંપ વધારવા સારુ સાથે ખાવાપીવાની જરૂર નથી. ખાવાપીવાનો સવાલ ઉઠાવવો એ સંપમાં વિઘ્ન કરવા જેવું છે.

હવે બેટીવહેવાર તપાસીએ. ઘણા હિંદુમુસલમાન પોતાની સ્વેચ્છાએ સાથે ખાય છે. તે હિંદુ સંસાર સહન કરે છે. પણ બેટીવહેવાર તો ક્યાંયે નથી; અને તેને ઉત્તેજન અપાય તો હિંદુ ધર્મનો લોપ થાય. હિંદુમુસલમાન પરણીને એકબીજાનો ધર્મ પૂરો જાળવી શકે એ હું અશક્ય માનું છું. ધાર્મિક ભાવના વિનાના મનુષ્ય નિરર્થક જીવે છે. એ ભાવના શુદ્ધ રાખવી હોય તો એકબીજા વચ્ચે બેટીવહેવારનો સવાલ ઊઠી શકે જ નહીં. હિંદુ કે મુસલમાન પોતાના ધર્મ વિષે મંદ રહી એકતા રાખે એ એકતા ખરી નથી — એ હિંદુમુસલમાનની નથી. આપણે તો હિંદુમુસલમાનની એકતા ઇચ્છીએ છીએ. તે મેળવવી હોય ને તેને નિરંતર નિભાવવી હોય તો આપણે બેટીવ્યવહારનો છેદ ઉડાવવો જ જોઈએ. મારી માન્યતા છે કે ચુસ્ત મુસલમાનોની પણ એ જ લાગણી છે. મુસલમાન હિંદુને હિંદુ તરીકે ન જ પરણી શકે. એવાં જોડાંની પ્રજા કયો ધર્મ પાળે? એકે બીજાનો ધર્મ અંગીકાર કરવો જ જોઈએ, અથવા બંનેએ ધર્મહીન થઈ રહેવું જોઈએ, અથવા નવો પંથ સ્થાપવો જોઈએ. એકે દશામાં હિંદુમુસલમાનની એકતાનો સમાવેશ નથી. મારું સ્વપ્ન તો એ છે કે તિલકધારી કંઠીબંધ વૈષ્ણવ, અથવા વિભૂતિ અને રુદ્રાક્ષની માળાથી વિભૂષિત સંધ્યાસ્નાનાદિ નિયમસર કરનાર હિંદુ અને નિમાઝી પરહેજગીર મુસલમાન સહોદર થઈ રહી શકે. પ્રભુની ઇચ્છા હશે તો એ સ્વપ્ન ખરું જ પડશે.

શંકાથી ઘેરાયેલ કોઈ ભાઈ કહેશે કે ખિલાફતના મામલામાં મદદ કર્યાથી એકતા વધતી હોય તો વકીલ અને અસીલ વચ્ચે પણ એકતા હોય. આ શંકામાં બે ભૂલો જોઉં છું. હિંદુસ્તાનના અસીલ તો એવા ગરીબ છે કે પોતે પૂરું ભાડું આપ્યું છે એવા ભાડૂતી વકીલને પણ પૂજે છે. પણ જ્યાં વકીલાત બદલો ઇચ્છતી નથી ત્યાં તો તે વકીલાત અસીલને ગુલામ તરીકે ખરીદી લે છે. દાદાભાઈને[1] જેણે દીઠા પણ નથી, જેની સાથે દાદાભાઈ ન જ જમે એવા રક્તપિત્તથી પીડાતા હિંદી પણ એ વકીલને પૂજે છે. ગોખલેની[2] ભાડા વિનાની વકીલાતે તેને અમરપદ આપ્યું છે. જો બાવીસ કરોડ હિંદુ જ્ઞાનપૂર્વક ખિલાફતના સવાલમાં મુસલમાનોની વકીલાત કરે તો હું માનું છું કે તેઓ આઠ કરોડ મુસલમાનોના મતને સદાને સારુ હરી લે. મૌલાના અબદુલ બારી[3] સાહેબને ત્યાં હું પ્રેમભાવથી રહ્યો. તેમણે મારે સારુ બ્રાહ્મણ રસોઇયાને બોલાવ્યો, ને મારું દૂધ

૧. દાદાભાઈ નવરોજી (૧૮૨૫–૧૯૧૭); હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસના ત્રણ વાર પ્રમુખ ચૂંટાયા હતા; કોંગ્રેસનું ધ્યેય સ્વરાજ્ય છે એવું એમણે પહેલી વાર જાહેર કર્યું હતું.

૨. ગોપાળ કૃષ્ણ ગોખલે (૧૮૬૬–૧૯૧૫); કેળવણીકાર અને રાજનીતિજ્ઞ; ૧૯૦૫માં કોંગ્રેસના પ્રમુખ; હિંદ સેવક સમાજના સ્થાપક; એમણે ગિરમીટિયા હિંદી મજૂરોનો કેસ સફળતાપૂર્વક રજૂ કર્યો હતો.

૩. અબદુલ બારી (૧૮૩૮–૧૯૨૬); રાષ્ટ્રવાદી મુસ્લિમ ધર્મગુરુ. એમણે ખિલાફત આંદોલનમાં સક્રિય ભાગ લીધો હતો; તથા ગોવધ બંધ કરવા પોતાના અનુયાયીઓને આગ્રહ કર્યો હતો.

Gandhi Heritage Portal

પણ તેને હાથે ગરમ કરાવ્યું. પોતે માંસાહારી છે, પણ મને તેમના ઘરમાં માંસ જોવા પણ ન દીધું. આવી મર્યાદા જાળવી તેથી અમારી વચ્ચેની મિત્રતા ઘટી નહીં પણ વધી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯–૨–૧૯૨૦

## ૪૩. નોંધ

### મિસિસ બેસંટનું અપમાન

મુંબઈમાં[1] જ્યારે લાલાજીને[2] આવકાર આપવાને સભા ભરાઈ તે વેળાએ મિસિસ બેસંટનું[3] શ્રોતાજનમાંથી કેટલાકોએ અપમાન કરેલું જોવામાં આવે છે. આ સાંભળી અમને ઘણો ખેદ થયો છે અને ભારતવર્ષમાં જ્યારે આપણે નવીન અને સુંદર જીવન ગાળવાની આશા રાખી બેઠા છીએ તે વેળાએ અવિવેક અને આપણા વિચારોથી ઊલટા વિચાર ધરાવનારાના પ્રત્યે તિરસ્કાર એ આપણી ઉન્નતિને અટકાવનારાં શસ્ત્રો છે. જાહેર જીવનમાં પ્રતિસ્પર્ધી પ્રત્યે વિવેક, માન અને સહિષ્ણુતા અતિ આવશ્યક છે. મિસિસ બેસંટનું અપમાન થાય એ આપણને નામોશી લગાડનારી વસ્તુ છે. આ ભલી બાઈએ જે અનન્ય સેવા હિંદુસ્તાનની થોડાં વર્ષમાં કરી છે તેવી સેવા થોડા જ હિંદુઓને હાથે થઈ છે. ભલે તેમના વિચારો આપણને અત્યારે નાપસંદ પડે, ભલે આપણે તેમની ભૂલો જોયા કરીએ. તોપણ જેણે હિંદુસ્તાનની ભારે સેવા કરી છે અને જે બાઈ પોતાની ઉત્તર અવસ્થામાં એક જુવાનિયા જેટલો ઉત્સાહ બતાવી હજુ પણ હિંદુસ્તાનને આગળ લઈ જવામાં પોતાનો હિસ્સો આપ્યા કરે છે તેમની અવગણના કરી આપણે આપણું પોતાનું અપમાન કરીએ છીએ. આ પ્રકારના અવિવેકના ઝેરી વાયુને આપણે તુરત દૂર કરવો એ આપણી ફરજ છે.

### અ. સૌ. સરલાદેવી ચોધરાણી

આજકાલ સરલાદેવીજી અમદાવાદમાં આવેલાં છે એટલે તેમની ઓળખ નવજીવનના વાંચનારને થોડી વિશેષ કરાવવી તે અનુચિત નહીં ગણાય. સરલાદેવીજીનું નામ સામાન્ય રીતે તો સૌ કોઈ જાણે છે, પણ તે તો જાહેરમાં કામ કરનારી એક વિદ્વાન બાઈ છે એટલા જ પૂરતું. એમની વિશેષ ઓળખ તો એ છે કે તેઓ સર રવીન્દ્રનાથ ટાગોરનાં ભાણેજ છે, કૉંગ્રેસના મરહૂમ જાણીતા મંત્રી રા. ઘોષળનાં દીકરી છે અને પંજાબના જાણીતા પંડિત રામભજદત્ત ચોધરીનાં ધર્મપત્ની છે. એમણે ૧૯ વર્ષની ઉંમરે બી. એ.નો અભ્યાસ પૂરો કર્યો અને ત્યારથી જ કંઈ ને કંઈ જાહેર કામમાં પોતે ગૂંથાયેલાં રહે છે. ભારતી નામનું બંગાળી માસિક પત્ર

૧. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ.

૨. લાલા લજપતરાય (૧૮૬૫–૧૯૨૮); પંજાબના રાજકીય નેતા; છ વર્ષ સુધી હિંદુસ્તાનની બહાર રહ્યા પછી તેઓ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ મુંબઈ પાછા આવ્યા હોવાથી તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

૩. એની બેસંટ (૧૮૪૭–૧૯૩૩); તત્ત્વવેત્તા અને રાજકીય નેતા. ૧૯૦૭થી ૧૯૩૩ સુધી થિયૉસૉફિકલ સોસાયટીનાં પ્રમુખ હતાં; ૧૯૧૬માં એમણે ઇન્ડિયન હોમરૂલ લીગની સ્થાપના કરી હતી, તેમાંથી ૧૯૧૯માં તેઓ નીકળી ગયાં હતાં.

Gandhi Heritage Portal

તેમણે જ શરૂ કરેલું; અને એમ કહેવાય છે કે તેમાં પોતાની કલમનું જોર ખૂબ બતાવ્યું હતું. એમની કવિત્વશક્તિ ઊંચા પ્રકારની છે, અને બનારસમાં ગવાયેલું તેમનું "નમો હિંદુસ્તાન" નામનું મધુર ગીત સર્વત્ર વિખ્યાત છે. બંગાળમાં સમિતિઓની સ્થાપના કરવામાં શ્રી સરલાદેવીએ અગ્રેસર ભાગ લીધો હતો, અને જ્યારે લડાઈ થઈ ત્યારે કેળવાયેલા બંગાળીઓએ ભરતીમાં દાખલ થઈ પોતાની ફરજ બજાવી· તે પણ જેટલે દરજ્જે આ બાઈએ અસરકારક રીતે બતાવ્યું હતું તેટલે દરજ્જે થોડા જ બંગાળીઓએ બતાવ્યું હશે. પંજાબમાં પણ જાહેર હિલચાલમાં આ બાઈનો હાથ જોવામાં આવે છે. તેમની કાવ્ય રચવાની શક્તિ છે તેના કરતાં સંગીતશક્તિ કદાચ ઘણી વધારે હશે. તેથી દરેક કૉંગ્રેસ વખતે એમની માગણી તો હોય જ. પંડિત રામભજદત્ત ચોધરી પણ કેટલેક દરજ્જે કાવ્યશક્તિ ધરાવે છે. તેમનું એક કાવ્ય ઘણું અસરકારક અને લોકપ્રિય છે. તે ગુરુમુખી[1] ભાષામાં રચાયેલું છે અને હજારો પુરુષો ગાય છે. તે કાવ્ય કૉંગ્રેસમાં ગવાયું હતું.[2] તે ગાવાનું કારણ એ કે સરલાદેવીએ કેટલાંક બાળકોને અને બાળકીઓને તૈયાર કર્યાં હતાં. એ લગભગ સત્યાગ્રહીઓના ગીત તરીકે ચાલી શકે. તેથી અમો એ આ અંકના અગ્રભાગે છાપીએ છીએ તેની સાથે કઠણ શબ્દોના અર્થ પણ આપીએ છીએ.

### નડિયાદમાં સ્વદેશીનો પ્રચાર

સ્વદેશીનો પ્રચાર કરવાને સારુ નડિયાદમાં સ્વદેશી ભંડાર લિમિટેડ કંપની કાઢવામાં આવી છે. તેમાં કુલ દસ લાખના શૅર છે, અને દસ હજાર શૅરો દસ દસ રૂપિયાના કાઢવામાં આવેલા છે. આ સાહસ નડિયાદ વગેરે ગામોમાં શુદ્ધ અને મિશ્ર વ્રત પાળનારને જોઈતું કાપડ મળી શકે અને હાથે કાંતેલા અને હાથે વણેલા કાપડનો પ્રચાર કરી શકાય એ ઉદ્દેશથી કરવામાં આવ્યું છે. વધારેમાં વધારે સવા છ ટકા સુધી નફો લેવા કંપની બંધાયેલી છે, અને એજન્ટ્સનું કમિશન ચોખ્ખા નફા ઉપર સેંકડે ૨૫ ટકા રાખવામાં આવેલું છે. આ સાહસ નફો કરવાના હેતુથી નહીં પણ કેવળ સ્વદેશીનો પ્રચાર કરવાના હેતુથી થયેલ છે અને તેમાં વ્યવસ્થા કરનારા ભાઈઓ કેવળ સેવા કરવાના ઇરાદાથી જ રોકાયેલા છે એવું અમે માનીએ છીએ તેથી તેને અમે વધાવી લીધું છે. બેચાર માણસો શૅરો લે તેના કરતાં ઘણા માણસો થોડા થોડા શૅરો લે એવી ઉમેદ વ્યવસ્થાપકોએ રાખેલી છે. આ કંપનીને નામે જરા પણ સટ્ટો ન થઈ શકે અને શૅરોની લેવડદેવડ કેવળ સટ્ટો કરવાના ઇરાદાથી ન થાય એ પણ વ્યવસ્થાપકોનો ઉદ્દેશ છે. શૅર ભરાવનારા પણ ઘણું વ્યાજ મેળવવાનો ઇરાદો રાખી શૅર ન ભરાવે પણ માત્ર સ્વદેશીને ઉત્તેજન આપવાના જ ઇરાદાથી શૅર ભરાવે એવી ઉમેદ રાખવામાં આવી છે. આવી શરતોથી થતી કંપની આવકારલાયક જ ગણાય. તેથી અમે ઉમેદ રાખીએ છીએ કે સામાન્ય વર્ગના માણસો આ કંપનીના શૅર લઈ આ સાહસને ઉત્તેજન આપશે અને વ્યવસ્થાપકો પણ ગમે તેવી મુશ્કેલીઓ આવે તોપણ જે ઉદ્દેશ પોતાની આગળ રાખ્યા છે તેમાંથી કદી પડશે નહીં.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯–૨–૧૯૨૦

૧. પંજાબી લિપિનું નામ છે; અહીં એનો અર્થ પંજાબી ભાષા થાય છે.
૨. ૧૯૧૯ના ડિસેમ્બરમાં ભરાયેલા એના અમૃતસર અધિવેશનમાં.

Gandhi Heritage Portal

## ૪૪. એલ. ફ્રેંચને પત્ર

[કલકત્તા][1]
ફેબ્રુઆરી ૨૯, ૧૯૨૦

પ્રિય મિ. ફ્રેંચ,

શાહપુરમાં લશ્કરની ભરતી માટે વપરાયેલી રીતરસમો સંબંધમાં મારા પત્રના[2] જવાબ-રૂપે આપનો ૧૯મી તારીખનો પત્ર મળ્યો. તે બદલ આભારી છું. આ બાબતમાં તપાસ કરવાની નામદાર સાહેબે[3] ખાતરી આપી તે બદલ તેમનો આભાર માનું છું. મારી સમક્ષ લેવાયેલાં નિવેદનો મોકલવામાં કેટલીક અનિવાર્ય ઢીલ થઈ છે તે માટે દિલગીર છું. આ નિવેદનો અનુવાદ કરવા માટે હું લાહોર મૂકતો આવ્યો હતો અને અનુવાદ તૈયાર થાય કે તરત મને તે મોકલી આપવા મેં સૂચના આપી હતી. હું રોજ એની રાહ જોઉં છું. એટલે તે મને મળશે કે તરત નામદાર સાહેબને જોવા માટે હું મોકલી આપીશ.

આપને જણાવવાનું કે શિક્ષારૂપ પોલીસ હજી પણ લાક તહસીલ સરગોધામાં, ભક લુઢ-કાંમાં, કોટ ઈનોમાનમાં અને ભલવલ તહસીલમાં આવેલા કોટ રાંઝામાં મોજૂદ છે. નિવેદનો અંગે આખરી અભિપ્રાય ગમે તે આવે, પરંતુ હું આશા રાખું છું કે શિક્ષારૂપ પોલીસને વહેલી તકે ઉઠાવી લેવામાં આવશે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી : એસ. એન. ૭૧૨૫

## ૪૪(૧). મહાદેવ દેસાઈને પત્ર

[ફેબ્રુઆરી ૨૯, ૧૯૨૦ની આસપાસ][4]

ભાઈ મહાદેવ,

તમને લાંબો કાગળ લખવાનો વખત બચાવી જ નથી શકતો. તમારી તબિયતના ખબર દાક્તર મહેતાએ[5] અનાયાસે આપ્યા. હું ખિલાફત સારુ આવ્યો હતો. પાછો અમદાવાદ જાઉં

૧. આ પત્ર ગાંધીજીના અંગત લેટર-પેપર ઉપર લખેલો છે અને એના ઉપર એમનું સાબરમતીનું સરનામું છાપેલું છે, તેમ છતાં હકીકતમાં એ કલકત્તાથી લખાયો હોવો જોઈએ, કેમ કે ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ ગાંધીજી કલકત્તામાં હતા.

૨. જુઓ "એલ. ફ્રેંચને પત્ર", ૧૫-૨-૧૯૨૦.

૩. પંજાબના લેફ્ટનન્ટ ગવર્નર.

૪. આ પત્ર કલકત્તાથી લખાયો જણાય છે. કેમ કે ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ ગાંધીજીએ કલકત્તામાં ખિલાફત પરિષદમાં હાજરી આપી હતી. તેઓ ૨જી માર્ચે અમદાવાદ પાછા આવી ગયા હતા.

૫. જીવરાજ મહેતા.

Gandhi Heritage Portal

છું. ક્યારે સિંહગઢ[1] આવીશ એ તો ઈશ્વર જાણે. આનંદાનંદ[2] તમને પુષ્કળ લખે છે એમ માનું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

છબી પરથી: એસ. એન. ૧૧૪૧૦

## ૪૫. અમૃતસરની અપીલો[3]

આમ આખરે આ અપીલો, મળી શકેલા સારામાં સારા વકીલોએ કરેલી દલીલો છતાં કાઢી નાખવામાં આવી છે. પ્રિવી કાઉન્સિલે પણ ગેરકાનૂની કાર્યવાહીને મંજૂરીની મહોર મારી છે. અપીલ કરનારાઓ તરફથી સર સાઈમન જ્યારે દલીલો કરી રહ્યા હતા ત્યારે ન્યાયાધીશો જે કાંઈ બોલેલા તે ઉપરથી તો ચુકાદો તરફેણમાં આવવાની આશા હતી, છતાં મારે કબૂલ કરવું જોઈએ કે આ ચુકાદો મારે માટે છેક અણધાર્યો નથી. રાજકીય મુકદ્દમાઓના અભ્યાસને આધારે હું એવા અભિપ્રાય ઉપર આવ્યો છું કે ઊંચામાં ઊંચી અદાલતોના ફેંસલા પણ અટપટા રાજકીય રંગે રંગાયા વિના રહેતા નથી. ન્યાયાધીશનું મન કેવળ શુદ્ધ ન્યાયની ભાવનાથી જ પ્રેરાયેલું રહે તે માટે ગમે તેટલી તકેદારી રાખવામાં આવી હોય તોપણ છેક છેલ્લી ઘડીએ એ તકેદારી તૂટી પડે છે. બધી માનવી સંસ્થાઓ માત્ર સામાન્ય સંજોગોમાં જ સારું કામ આપે છે. એ માનવી સંસ્થાઓની મર્યાદામાંથી પ્રિવી કાઉન્સિલ પણ મુક્ત રહી શકે નહીં. જો ફેંસલો લોકોની તરફેણમાં આવ્યો હોત તો તેને પરિણામે હિંદ સરકાર એવી અવર્ણનીય અપકીર્તિને પાત્ર બની જાત કે એમાંથી બહાર નીકળવું એક પેઢી સુધી એને માટે મુશ્કેલ બની ગયું હોત.

આ ફેંસલાના રાજકીય મહત્ત્વનું માપ એ હકીકતમાંથી નીકળી શકે છે કે જે ક્ષણે આ સમાચાર લાહોર પહોંચ્યા તે જ ક્ષણે લાલા લજપતરાયનું પ્રસંગોચિત સ્વાગત કરવા માટે કરવામાં આવેલી બધી તૈયારીઓ રદ કરી દેવામાં આવી અને કહેવાય છે કે પંજાબના પાટનગરમાં ઊંડો શોક છવાઈ ગયો. એટલે હવે આ ફેંસલાને કારણે સરકારની અપકીર્તિમાં ઘણો વધારો થયો છે, કેમ કે ખરી કે ખોટી રીતે લોકો તો એમ જ અભિપ્રાય બાંધવાના કે જ્યારે કોઈ મોટો રાજકીય કે જાતિગત પ્રશ્ન ઊભો થાય છે ત્યારે બ્રિટિશ બંધારણ નીચે ન્યાય મળતો નથી.

આ મહાન આફતમાંથી બચવાનો એક જ માર્ગ છે. માનવ મન ઉપર અને ખાસ કરીને હિંદી પ્રજાના મન ઉપર, ઉદાર વર્તનની અસર તરત થાય છે. હું આશા રાખું છું કે કોઈ

૧. ગાંધીજી ૨૯મી માર્ચ, ૧૯૨૦ને રોજ સિંહગઢ પહોંચ્યા હતા.

૨. સ્વામી આનંદાનંદ; ૧૯૧૯ના સપ્ટેમ્બરમાં નવજીવન અમદાવાદથી નીકળવા માંડ્યું તે પછીના એક દશકા સુધી તેઓ નવજીવન પ્રેસના મૅનેજર હતા.

૩. ૧૯૧૯ના એપ્રિલ માસમાં અમૃતસરમાં થયેલાં રમખાણો સંબંધમાં લાહોર મુકામે કોર્ટ માર્શલ દ્વારા સજા પામેલા અમૃતસરના ૨૧ નાગરિકોને પ્રિવી કાઉન્સિલે ૨૪મી જુલાઈ, ૧૯૧૯ને રોજ અપીલ કરવાની પરવાનગી આપી હતી. અપીલનું કારણ એ બતાવવામાં આવ્યું હતું કે માર્શલ લૉ હેઠળ વટહુકમ કાઢવાનો વાઇસરૉયને અધિકાર નહોતો અને સમરી અદાલતોએ અપનાવેલી કાર્યવાહી અનિયમિત હતી.



Gandhi Heritage Portal

આંદોલનનો માર્ગ અપનાવવો પડે અથવા અરજીઓ આપવી પડે તે પહેલાં જ પંજાબ સરકાર અથવા કેન્દ્રની સરકાર મોતની સજાઓ એકદમ રદ કરી દેશે અને શકય હોય તો અપીલ કરનારાઓને પણ તે જ વખતે છોડી મૂકશે.

બે કારણોને લીધે આમ કરવાનું આવશ્યક છે, અને એ બંને કારણો એકસરખાં મહત્ત્વનાં છે. પહેલું તો એ કે સરકારે લોકોમાં વિશ્વાસ પેદા કરવો જોઈએ. આ વાત હું ઉપર કહી ગયો છું. બીજું એ છે કે રાજાના ઢંઢેરામાં[1] જણાવવામાં આવેલી એકેએક બાબતનો અમલ થવો જોઈએ. એ મહાન રાજદ્વારી દસ્તાવેજમાં એવો આદેશ આપ્યો છે કે છોડી મૂકવાથી જેઓ સમાજને જોખમરૂપ નીવડે એમ ન હોય તેવા બધા રાજદ્વારી ગુનેગારોને છોડી મૂકવા. અપીલ કરનારા એ એકવીસ જણાને છોડી મૂકવામાં આવશે તો તેઓ કોઈ પણ પ્રકારે સમાજને ભયરૂપ થઈ પડશે એવું તો કોઈ પણ નહીં કહી શકે. તેમણે અગાઉ કદી કોઈ ગુના કર્યા નથી. એમાંના ઘણાખરા તો પ્રતિષ્ઠિત અને કાયદાપાલક નાગરિકો મનાતા હતા. તેઓ કોઈ ક્રાંતિકારી મંડળના સભ્ય હોવાનું પણ જાણવામાં આવ્યું નથી. જો એમણે કોઈ ગુના કર્યા જ હોય, તો તે કેવળ ક્ષણિક આવેશમાં આવી જઈને કર્યા હતા અને તેમ કરવા માટે તેમને તે વખતે ગંભીર ઉત્તેજન મળ્યું હતું એમ તેઓ માનતા હતા. આ ઉપરાંત, લોકો માને છે કે માર્શલ લૉની અદાલતોએ ફટકારેલી ઘણીખરી સજાઓ માટે કોઈ સધ્ધર પુરાવાનો આધાર નહોતો. એટલે હું આશા રાખું છું કે ગુનો કરતાં પકડાયેલા રાજદ્વારી ગુનેગારોને પણ છોડી મૂકવાનું પુણ્ય જે સરકાર અત્યાર સુધી કરતી આવી છે તે, આ અપીલ કરનારાઓને છોડતાં અચકાશે નહીં, અને એમ કરીને આખા હિંદુસ્તાનના આશીર્વાદ મેળવી લેશે. જે ઉદારતા વિજયની ઘડીએ દાખવવામાં આવે છે તે સૌથી વધુ અસરકારક નીવડે છે. અને લોકો તો માને જ છે કે અપીલો નીકળી જાય એમાં સરકારનો વિજય જ છે.

પંજાબના મિત્રો પાસે હું વિનયપૂર્વક એટલી રજૂઆત કરીશ કે તમે નિરાશ થશો નહીં. ખરાબમાં ખરાબ સ્થિતિ માટે આપણે આપણી જાતને શાંત ચિત્તે તૈયાર કરી રાખવી જોઈએ. જો આ સજાઓ કાયદેસર હોય, જેમને સજા થઈ છે તે માણસોએ જો ખૂનનો કે ખૂન કરવા બીજાને ઉશ્કેર્યાનો અપરાધ કર્યો હોય તો તેઓ સજામાંથી બચી જાય એવું આપણે શા માટે ઇચ્છવું? આપણે માનીએ છીએ તેમ એમાંના મોટા ભાગના લોકોએ આ ગુના કર્યા ન હોય, તો જે બધા એક પગથિયું ઊંચે ચઢવા મથે છે તેમના ભાગ્યમાં જે કાંઈ લખાયું હોય છે તેમાંથી છટકવાની ચેષ્ટા આપણે શા માટે કરવી જોઈએ? જો આપણે ઊંચે ચઢવું છે તો એને માટે આપવા જોઈતા બલિદાનથી આપણે શા માટે ડરવું જોઈએ? બલિદાન આપ્યા વિના કોઈ પ્રજા કદી ઊંચે ચઢી નથી, અને સાચા બલિદાનનો ઉલ્લેખ તો નિર્દોષતા સંબંધમાં જ હોય, ગુના સંબંધમાં નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩–૩–૧૯૨૦

૧. ડિસેમ્બર, ૧૯૧૯નો ઢંઢેરો.

Gandhi Heritage Portal

# ૪૬. એસ્થર ફેરિંગને પત્ર

મુંબઈ,
બુધવાર [માર્ચ ૩],[૧] ૧૯૨૦

મારી વહાલી દીકરી,

અત્યારે કેસ ચાલી રહ્યો છે. મને થોડી મિનિટનો ગાળો મળ્યો છે એટલે તને થોડી લીટીઓ લખી મોકલવા ઇચ્છું છું.

મને નિરંતર તારું સ્મરણ રહ્યા કરે છે. જ્યારે આપણી વચ્ચેની વાતચીતનો હું વિચાર કરું છું અને જ્યારે કેટલીક બાબતોમાં હું તારા પ્રત્યે નરમ થવા ઇચ્છતો હોવા છતાં કડક દેખાયો હોઈશ, એવો વિચાર મને આવે છે ત્યારે કેટલીક વાર મને બેચેની પણ થાય છે. માણસની વાણી એના ઇરાદા ઉપરથી પરખાતી નથી. સાંભળનાર ઉપર એની શી અસર થાય છે એ જ એની કસોટી છે. કેમ મઝામાં છે ને? મન પ્રફુલ્લિત છે ને? તબિયત કેમ છે?

હું ઇચ્છું છું કે શ્રી બૅંકરની ટ્રંક તું એમને પાછી આપી દે. જો તારે બીજી ટ્રંક જોઈતી હોય તો મદ્રાસથી લઈ લેજે. અલબત્ત, તારો કાર્યક્રમ તો મને જણાવજે જ.

કેસ પૂરો થયો છે પણ ફેંસલો મુલતવી રહ્યો છે. મેં તને એક તાર[૨] કર્યો છે.

પ્યાર સહિત,

તારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૬૬–૭

૧. પત્રમાં જેનો ઉલ્લેખ છે તે અદાલતના તિરસ્કારના કેસની સુનાવણી મુંબઈમાં ૩જી માર્ચે થઈ હતી; જુઓ "શું એ અદાલતનો તિરસ્કાર હતો?", ૧૦–૩–૧૯૨૦.

૨. આ તાર મળતો નથી.

Gandhi Heritage Portal

## ૪૭. મુંબઈની ખિલાફત સભામાં ભાષણ[1]

માર્ચ ૩, ૧૯૨૦

મારાથી ઊભા રહી બોલાતું નથી. આ પ્રશ્ન માટે હું કેટલીક વખત બોલ્યો છું. મારું એમ માનવું છે કે પોતાની મરજી વિરુદ્ધ એક પણ બાબત થવી અશક્ય છે. આપણી ઇચ્છાઓ પૂર્ણ થવી જોઈએ. કલકત્તાની ખિલાફત પરિષદમાં[2] થયેલો ઠરાવ આજે મારા જોવામાં આવ્યો. તે વાંચીને આનંદ થયો. અહીં મૌલાના સાહેબે[3] આપણને કર્તવ્યરેખા આંકી બતાવી છે. તેમણે બાદશાહને જે કંઈ કહેવાનું છે તે બજાવીને કહ્યું છે. આજે જે આપણા પર પ્રસંગ છે તે જ કાલે મારા હિંદુ ભાઈઓ પર શા પરથી નહીં આવી પડે? આ મારી બોચી ખુદાના નામથી મેં દુનિયા સામે અને આપની સામે કરેલી છે. (વાહ! વાહ!). આ કરતાં હું આપને વધારે શું આપું? આ પ્રશ્નનો સમાધાનકારક નિકાલ ન આવે તો અમારા મુસલમાન ભાઈઓ કાઉન્સિલમાંથી રાજીનામાં આપે તો હું આપને કહી શકું છું કે, તેમનું અનુકરણ આપણા બંધુ હિંદુ પ્રતિનિધિઓ પણ કર્યા વિના રહેશે નહીં (તાળીઓ પર તાળીઓ). બૉયકોટનો[4] ઠરાવ કલકત્તામાં પાસ થયો, પરંતુ આ ઠરાવને મારી બિલકુલ સહાનુભૂતિ નથી. આપણે બૉયકોટના તત્ત્વને હાથ ધરવું ન જોઈએ. "જાન" આપવાની આપણી તૈયારી હોય તો પછી બૉયકોટની શી વિસાત? આ એક અત્યંત પવિત્ર કાર્ય છે. જે માટે કિંમત ખરચ કરવી જોઈએ તે માટે જ તે ખરચ કરીશું. આપણા સામર્થ્ય માટે કૅન્ટરબરી અને યૉર્કના ઉપાધ્યાયો શું કરશે? હિંદુ ભાઈઓની આપણને પૂર્ણ સહાનુભૂતિ છે. સાંપ્રતમાં હું કુરાન થોડું થોડું વાંચવા લાગ્યો છું. (વાહ! વાહ!). તેથી હું વધારે ને વધારે તમારી સમીપ આવું છું. આપણે દ્વેષથી કોઈને પણ જીતવો નથી. પારકાનું માથું તલવારથી ન ઉડાવતાં પોતાનું માથું આપવાને તૈયાર થાઓ. (બેશક! બેશક!). આ પ્રશ્નનો યોગ્ય નિકાલ ન લાવી શકાય તો અમારી સહાય આપને દેશના રાજ્યકારભારમાં બિલકુલ મળવાની નથી એમ આપણા સર્વ પ્રતિનિધિઓએ જણાવવાને તૈયાર રહેવું જોઈએ.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૭–૩–૧૯૨૦

૧. આ સભા ખિલાફત સમિતિએ બોલાવી હતી; મિયાં મહમદ હાજી જાન મહમદ છોટાણી અધ્યક્ષ હતા.

૨. આ પરિષદ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ ભરાઈ હતી.

૩. મૌલાના અબુલ કલામ આઝાદ, જેઓ પરિષદના પ્રમુખ હતા.

૪. બ્રિટિશ માલનો બહિષ્કાર.

Gandhi Heritage Portal

## ૪૮. મુંબઈમાં ભાષણ[1]

માર્ચ ૪, ૧૯૨૦

આંદોલનના યોજકોએ આ સભાની સ્થાપના કરી તે બદલ શ્રી ગાંધીએ તેમને અભિનંદન આપ્યાં અને આશા વ્યક્ત કરી કે સભાએ ઉપાડેલા કામમાં તેને સફળતા મળશે. એમણે કહ્યું કે સભાના ઉદ્દેશો સ્પષ્ટ અને સરળ જણાય છે. અને આમ હોવાથી, આ ઉદ્દેશો સિદ્ધ કરવા માટે જો તમે મહેનત લઈને કામ કરશો તો તમને સફળતા મળશે જ, એ બાબતમાં મને શંકા નથી. જે ઉદ્દેશ તમે તમારી સમક્ષ રાખ્યો છે તેવા પ્રકારના ઉદ્દેશની સફળતા માટે સત્ય અને નિર્ભયતા એ બે શરતો આવશ્યક છે અને પૂરતી છે. એટલે મને ખાતરી છે કે જો તમે સચ્ચાઈ, નિર્ભયતા અને પ્રામાણિકપણાની ભાવનાથી કામ કરશો તો તમારા પ્રયત્નને સફળતા જરૂર વરશે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ५-३-१९२०

## ૪૯. મુંબઈમાં છાપખાનાના કાયદા વિષે ભાષણ[2]

માર્ચ ૫, ૧૯૨૦

જે માણસે[3] આ કાયદાને રદ કરાવવાને સૌથી વધારે મંથન કર્યું છે એ અહીંયાં આજ હાજર નથી, એ પ્રજાને તેમ જ સરકારને શરમાવે એવી બીના છે. ભાઈ હૉર્નિમૅનને હિંદમાં[4] પાછા આવવા દેવાની વાત કોરાણે મૂકી આ કાયદાને રદ કરવાને કદાપિ સરકાર તૈયાર થઈ જાય તોપણ મને ખાતરી છે કે હિંદની પ્રજા તો તે ન સ્વીકારે. પ્રજામતને જાહેર કરનાર છાપાંઓ ન હોય તો પ્રજામતની સરકારને શી રીતે ખબર પડે એ જ મને સવાલ થયા કરે છે. સ્વતંત્ર છાપાંઓની ગેરહાજરીને લીધે સરકારને સી. આઈ. ડી.[5] પર વિશ્વાસ રાખવો પડે છે. પ્રજા તેથી સરકારને

૧. કાઠિયાવાડ હિતવર્ધક સભાની સ્થાપનાને આવકાર આપવા એક સભા મોરારજી ગોકળદાસ હૉલમાં જી. કે. પારેખના પ્રમુખપદે મળી હતી. ત્યાં આ ભાષણ અપાયું હતું.

૨. આ ભાષણ ઇન્ડિયન પ્રેસ ઍસોસિયેશનના આશ્રયે ભરાયેલી એક સભામાં અપાયું હતું. સર નારાયણ ચંદાવરકર અધ્યક્ષ હતા. આ પ્રસંગે ૧૯૧૦ના પ્રેસ ઍક્ટને રદ કરવાની માગણી કરતો એક ઠરાવ ગાંધીજીએ મૂક્યો હતો. એમ. આર. જયકરે તેને અનુમોદન આપ્યું હતું. આ સભામાં રાષ્ટ્રવાદીઓ, ઉદારમતવાદીઓ અને હોમરૂલ લીગના સભ્યો એક જ મંચ પર એકઠા થયા હતા. આવા પ્રસંગો વિરલ બનતા.

૩. બી. જી. હૉર્નિમૅન (૧૮૭૩-૧૯૪૮); પત્રકાર અને રાજકીય આંદોલનકાર; बॉम्बे क्रॉनिकल પત્રના તંત્રી; તેમને ૧૯૧૯ના એપ્રિલમાં દેશપાર કરવામાં આવ્યા હતા. અને છેક ૧૯૨૬માં તેઓ દેશમાં પાછા આવી શક્યા હતા.

૪. મુંબઈની સરકાર હૉર્નિમૅનને દેશમાં પાછા આવવા દે, એવી વિનંતી કરતો એક ઠરાવ, કે. નટરાજને આ સભામાં મૂક્યો હતો.

૫. ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (ગુનાશોધક ખાતું).

Gandhi Heritage Portal

વિનંતી કરે છે કે સી. આઈ. ડી. પરનો આ બોજો જો સરકારને હલકો કરવો હોય, સ્વતંત્ર છાપાં હિંદમાં જોવાની સરકારની ખ્વાહેશ હોય અને પ્રજાના સહકારની જો સરકારને જરૂર હોય તો પ્રજામતના પ્રતિનિધિરૂપ છાપાંઓને મોઢે ડૂચો નહીં દેવાવો જોઈએ. હવાનું દબાણ માપવાનું યંત્ર તોડી નાખી હવાના દબાણનું માપ લેનાર વાયુશાસ્ત્રીના જેવી હાલ સરકારની સ્થિતિ થઈ પડી છે.

આ કાયદો રદ કરાવવાને ફક્ત પત્રકારોએ જ નહીં પણ સમસ્ત પ્રજાજને પુરજોસથી આંદોલન કરવું જોઈએ. પત્રકારની ચિંતાઓનું અને વિટંબણાઓનું જો હું બયાન કરવા બેસું તો મોટું મહાભારત ભરાઈ જાય. કેટલીક વાર લોકો મારાં વખાણ કરે છે, કેટલીક વાર મને ગાળો પણ ભાંડે છે. કેટલીક વાર અધિકારીઓનો બચાવ કરે છે, કેટલીક વાર અમની ઝાટકણી પણ કાઢે છે. આ બધામાંથી ચોખા-કુશકી જુદાં કરવાનું કામ પત્રકારોનું છે. પ્રજાને ઉપયોગી સર્વ બાબતોનો પ્રકાશ કરવો એ હરેક પત્રકારની ફરજ છે. પણ પ્રજાને નિરુપયોગી એક પણ વિશેષણ પોતાના પત્રમાં દાખલ ન થવા દેવું એ છાપખાનાના કાયદાને રદ કરવાનો અકસીરમાં અકસીર ઉપાય છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૪–૩–૧૯૨૦

## ૫૦. શૌકતઅલીને તાર[1]

માર્ચ ૬, ૧૯૨૦

૧૯મી તારીખ[2] માટે અપીલ તૈયાર કરી રહ્યો છું. એમાં શરતી ટેકાની વાત લખવાનો છું. મારી તમને સલાહ છે કે મક્કમતા જરૂર રાખજો, પણ નરમાશથી વર્તજો. બીજું, સત્ય જરૂર કહેજો, પરંતુ ભાષા પ્રેમની વાપરજો, ધિક્કારની નહીં. તો જ આપણી જીત થશે.

[મૂળ અંગ્રેજી]

બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રૅક્ટ્સ, ૧૯૨૦, પા. ૩૩

૧. શૌકતઅલી ફેબ્રુઆરીની ૨૮–૨૯ તારીખે બંગાળ પ્રાંતિક ખિલાફત પરિષદ માટે કલકત્તા ગયા હતા.

૨. માર્ચ ૧૯, ખિલાફત દિન.

Gandhi Heritage Portal

## ૫૧. કે. સંતનમ્‌ને તાર

માર્ચ ૬, ૧૯૨૦

મેં લીધેલાં નિવેદનોના[1] અનુવાદ તરત જ અમદાવાદ મોકલો. બાકી રહે તેના અનુવાદ કરીને મોકલો.

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી: એસ. એન. ૭૧૪૫

## ૫૨. નવજીવનની સ્થિતિ

*નવજીવન* પત્ર સાપ્તાહિક બનાવતી વખતે અને તેનું તંત્રીપણું[2] મેં માથે લીધું તે વખતે કેટલીક શરતો મેં મારા મન સાથે કરી રાખી હતી ને તેમાંની કેટલીક વાંચનાર જાણે છે, તેનું સ્મરણ કરાવું છું.

(૧) *નવજીવન*માં પૈસા લઈ જાહેરખબર ન લેવી.

(૨) *નવજીવન* ખોટ ખાઈને ન કાઢવું.

આજકાલ *નવજીવન*ની નવ હજાર નકલો ખપે છે. વીસ હજાર ન ખપે ત્યાં લગી મને સંતોષ ન થાય. પચાસ હજાર સુધી જાય તો મને નવાઈ ન લાગે. પણ તેટલી નકલો કાઢવા જેવી સગવડ હજુ તો થઈ શકી નથી. તેવું પત્ર નથી, તેટલા માણસો નથી. તેટલી નકલો સુખેથી કાઢી શકાય એવી સગવડવાળું મકાન નથી. અને પચાસ હજાર ઘરાકોને લલચાવી શકું એવું અને એટલું લખાણ મારા સાથીઓ અને હું હજુ આપી શકતા નથી. પ્રભુકૃપા હશે તો એવો સમય આવશે. ગત અંક કંઈક એવો ગણું ખરો. આગળ પણ એવા અંકો કોઈ કોઈ નીકળી ગયા. પણ ઈંગ્રેજીમાં કહેવત છે કે એક ચકલીએ ઉનાળો આવ્યો કહેવાય નહીં. તેમ *નવજીવન*ના એક ઉમદા અંકે બધાની પરીક્ષા થાય નહીં. ગયો અંક ઉમદા છે તેનું કારણ એ છે કે તેમાં સરલાદેવીજીનો "બંધુ" નામનો લેખ છે. એ લેખ બે કકડે લખાયો છે. તેનો પૂર્વાર્ધ કેટલાંક વર્ષો પહેલાં જ્યારે તે બહેન અરણ્યવાળા પ્રદેશમાં રહેતાં ત્યારે લખાયેલો. પણ તે પ્રગટ નહીં થયેલો. હવે જ્યારે મેં ભિક્ષા માગી ત્યારે તેને ખોળી તેમાં પૂરણી ભરી તેને એક સંપૂર્ણ કાવ્ય બનાવ્યો ને તેનું દાન કર્યું. અસલ લેખ બંગાળીમાં છે. તેનો તરજુમો કરતાં મુશ્કેલી આવી તેથી *નવજીવન*માં છપાતાં વિલંબ થયો. એ લેખમાંથી બેત્રણ અર્થ કાઢી શકાય છે. પણ વાંચનારને મારી ભલામણ છે કે તે એ લેખને બેચાર વેળા વાંચી જાય ને જે રસ તેમાં રહેલો છે તે ચૂસી લે. છતાં તે જોશે કે એમાંનો રસ ખૂટશે નહીં.

૧. આ નિવેદનો ૧૯૧૯માં પંજાબમાં થયેલા અત્યાચારો સંબંધમાં હતાં. આ અનુવાદો મંગાવવાનું કારણ એ હતું કે ગાંધીજી એ અત્યાચારો વિષેના કૉંગ્રેસ રિપોર્ટની છાપવા માટેની હસ્તપ્રત તૈયાર કરી રહ્યા હતા; બીજું, એ નિવેદનો પંજાબના લેફ્ટનન્ટ ગવર્નરને પણ મોકલવાનાં હતાં. જુઓ "એલ. ફ્રેન્ચને પત્ર", ૨૯-૨-૧૯૨૦.

૨. ૭મી સપ્ટેમ્બર, ૧૯૧૯થી.

Gandhi Heritage Portal

પણ હું રસ્તે રોકાઈ ગયો. હાલ નવજીવન ખોટથી અપાય છે. એક નકલની કિંમત સોળ પાઈ પડે છે તેમાં આઠ પાઈના કાગળ જોઈએ છે. કાગળ સારા વાપરવાનું શરૂ કર્યું છે તેને બદલે હલકા વાપરવાની હવે ઇચ્છા નથી થતી. એટલે કદ ઘટાડી કાંઈક બચાવ કરવાનો નિશ્ચય થયો છે. સોળ પાનાંને બદલે આ વખતે બાર પાનાં આપ્યાં છે. આમ કરતાં ચાર પાઈ નથી બચતી. તેથી મુંબઈ અને અમદાવાદમાં છૂટક નકલ વેચવાના ચારને બદલે પાંચ પૈસા રાખવાનો ઠરાવ કર્યો છે. આથી ખોટ જતી અટકશે. વાંચનાર સમજશે કે જ્યાં સુધી મૂળમાં ખોટ જાય ત્યાં સુધી નવજીવનની ઘરાકી વધારવી એટલે વધારે ખોટમાં પડયા બરાબર છે. તેથી ઘરાકી વધારવાની વાત પણ હાલ ચાલતી ખોટમાં ન કરી શકાય.

નવજીવન કાઢતી વેળા પ્રતિજ્ઞા આઠ પાનાંની હતી પણ સોળ પાનાં આપવાના સંજોગો બની શકયા તેથી સોળ આપ્યાં. હજુ પણ વાંચનારને પ્રતિજ્ઞાનાં આઠ પાનાં કરતાં તો વધારે જ મળશે. અને તેની સાથે એટલું પણ કહેવા ઇચ્છું કે જગ્યાના સંકોચથી વિષયોનો ત્યાગ નહીં થાય પણ વિશેષ મહેનતે વધારે ટૂંકા લેખો આપી તેટલા જ વિષયો સમાવવાનો પ્રયત્ન થશે. ઘણી વેળા વર્તમાનપત્રોમાં અમુક પાનાં ભરવાની દૃષ્ટિએ લાંબાં લખાણો લખવામાં આવે છે. કેટલીક વેળા લેખક ઉતાવળે લખી પોતાના વિચારોને પૂરા ઘડી રીતસર ગોઠવી મૂકી શકતો નથી. તે સમજવામાં મુશ્કેલી આવે છે અથવા જે વિચાર એક ક્ષણમાં સમજાય તેવો હોય તે આડો-અવળો મુકાવાથી મહેનતે સમજાય એમ મુકાયેલો હોય છે. એટલે જેઓ નવજીવનમાં લખી રહ્યા છે તેઓ વધારે ટૂંકા લેખો લખી પોતે એક માલિક છે એમ સમજી તેની ઉન્નતિમાં ભાગ લેશે એવી આશા રાખું છું. નવજીવન કાઢવાનો હેતુ ધંધો કરવાનો નથી પણ તે મારફતે પ્રજાની થોડીઘણી સેવા કરવી અને જ્યારે પ્રજામાં નવજીવન આવતું શરૂ થયું છે તે કાળે પ્રજાને યથાશક્તિ સરળ અને સીધા માર્ગો બતાવવા ને ગૂંચવાડાભરેલા પ્રશ્નોના ઉકેલમાં મદદ કરવી એ છે.

એટલે જેઓ નવજીવનમાં લખી રહ્યા છે તેઓ વધારે ટૂંકા લેખો લખતાં છતાં વસ્તુમાં ઘટાડો ન થાય એવી મહેનત કરશે.

કાગળોનો ભાવ ઘટશે અથવા નવજીવન મુદ્રણાલયમાં કે કાર્યાલયમાં અમારી બધાની અનુકૂળતાને લીધે ખોટ જતી હશે ને તેમાં કંઈ ફેરફાર થઈ શકશે તો તેમ કરીને ફરી સોળ પાનાં આપવામાં આવશે. નવજીવનમાં જેમ ખોટ ખાવી નથી તેમ નફો પણ કરવો નથી. એટલે જે કંઈ બચાવ થશે તે વાંચનારને જ મળશે. તેમ સમજી વાંચનાર હમેશાં નવજીવનના પોતે એક માલિક છે એમ સમજી તેની ઉન્નતિમાં ભાગ લેશે એવી આશા રાખું છું.[૧]

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૭–૩–૧૯૨૦

૧. છેલ્લા બે પેરેગ્રાફ તા. ૨૧–૩–૧૯૨૦ના અંકમાં છપાયા હતા.

Gandhi Heritage Portal

# ૫૩. નોંધ

## સર રવીન્દ્રનાથ ટાગોરનું આગમન

સાહિત્ય પરિષદ[1] એપ્રિલ માસમાં ભરાવાની છે તે વેળા સર રવીન્દ્રનાથ ટાગોર પોતાની હાજરીથી પરિષદને દીપાવશે એવા ખબર મળી ગયા છે. એમનું આગમન નાની વાત નહીં ગણાય. એ રાજ્યપ્રકરણી પુરુષ નથી. એ મહાકવિ છે. તેમની જોડી હિંદમાં તો નથી જ. ભાઈ ઍન્ડ્રૂઝ પોતે એક કવિ છે ને તે માને છે કે તેમની જોડી આજે યુરોપમાં પણ નથી.

તેઓ જેમ કવિ છે તેમ તત્ત્વજ્ઞાની છે અને આસ્તિક પુરુષ છે. ભાઈ ઍન્ડ્રૂઝ તેમને ધર્મધુરંધરની પણ ઉપમા આપે છે. આ મહાકવિ હિંદુસ્તાનનું એક અણમોલું રત્ન છે. તેમની કવિતામાં ધર્મજ્ઞાન, નીતિ અને બીજાં શુદ્ધ સત્ત્વો ભર્યાં છે તેમાં શંકા કોઈ લાવી શકે તેમ નથી. તેમની ગીતાંજલિ, તેમની સાધના એ અપૂર્વ ગ્રંથો છે. તેમની વાર્તાઓમાં બાળકોનો વિનોદ ભર્યો છે ને તેટલું જ જ્ઞાન, તેટલી જ કળા છે.

એમને લાયકનું માન ગુજરાતની રાજધાની આપો એમ હું ઇચ્છું છું. તેમને સારુ કાન ફોડી નાખે એવા પોકારો ન શોભે, માણસોની ભીડ હોવા છતાં ધકાધકી વિના આપણને જે પ્રિય છે તેને સારુ આપણે રસ્તો આપી દઈએ. આપણે રસ્તા શણગારીએ તો તેમાંયે પશ્ચિમતા નહીં પણ પૂર્વતા હોવી જોઈએ. એ પોતે જેવા કવિ છે તેવા જ ચિત્રકળા ને સંગીતના પારખનાર છે. એટલે આપણે જે ભાવ બતાવવા માગીએ તે શાંતિમય, કળામય, ને સર્વ પ્રકારે આડંબરથી — ઘેલછાથી રહિત એવો શુદ્ધ હોવો જોઈએ. કાર્યવાહકોને હું વિનંતી કરું છું કે તેઓ આજથી જ વિચાર કરી સુવ્યવસ્થા ઘડી કાઢે કે જેથી આપણા પરોણાને શ્રમ ન પહોંચે અને ગુજરાત ધાર્મિક વૃત્તિથી ગુજરાતને અને કવિશ્રીને શોભે એવો આવકાર આપે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૭–૩–૧૯૨૦

૧. ગુજરાતી સાહિત્ય પરિષદનું છઠ્ઠું અધિવેશન અમદાવાદમાં ભરાવાનું હતું.

Gandhi Heritage Portal

# ૫૪. ખિલાફત વિષે અખબારો જોગ પત્ર

[માર્ચ ૭, ૧૯૨૦][૧]

ખિલાફતનો સવાલ અત્યારે સર્વોપરી થઈ પડયો છે. સામ્રાજ્યમાં સર્વથી વધારે મહત્ત્વ એ સવાલ ભોગવે છે. ઇંગ્લંડના મોટા પાદરીઓ અને ઇસ્લામી આગેવાનોએ એ સવાલને મોખરા પર મૂકી દીધો છે. પાદરીઓએ દાવ નાખ્યો, મુસલમાનોએ તે ઝીલી લીધો છે.

હું ઉમેદ રાખું છું કે હિંદુઓ સમજી જશે કે સુધારા[૨] શું કે બીજું કંઈ પણ શું, બધું ખિલાફતની આગળ નીચેનો દરજ્જો ભોગવે છે. જો મુસલમાનોનો દાવો એ ઇસ્લામની દૃષ્ટિ વિના ગેરઇન્સાફી હોત તો કેવળ ઇસ્લામી પુસ્તકોને જ આધારે તેને ટેકો આપતાં કોઈ અચકાત. પણ જ્યારે ન્યાયી દાવાને દીન તરફથી ટેકો મળે છે ત્યારે એ દાવાની સામે થઈ શકાય નહીં.

## મુસલમાનોની માગણી

ટૂંકામાં મુસલમાનોનો દાવો નીચે પ્રમાણે છે:

(૧) યુરોપ માંહેનું તુર્કી તુર્કોના હાથમાં રહેવું જોઈએ. તે રાજ્યમાં ઇસ્લામી સિવાયની બીજી જે કોમો રહેતી હોય તેઓના રક્ષણને સારુ ભલે પૂરી ખાતરી લેવામાં આવે.

(૨) ઇસ્લામની પવિત્ર જગ્યાઓનો કબજો સુલતાનના હાથમાં રહેવો જોઈએ અને જઝિરત-ઉલ-અરબ એટલે મુસલમાની લેખકોએ હદ બાંધી છે તે અરબસ્તાન ઉપર સુલતાનનો બાદશાહી હક રહેવો જોઈએ, અને તેની સાથે આરબોને જોઈતા હોય તો ભલે તેઓને સ્વરાજ્યના હક મળે. આવું વચન મિ. લૉઇડ જૉર્જનું હતું[૩] અને એ જ ધારણા લૉર્ડ હાર્ડિંગની હતી.[૪] મુસલમાની સિપાહીઓ તુર્કીની રાજસત્તા છીનવી લેવાને સારુ કદી લડત નહીં. ખલીફાના હાથમાંથી અરબસ્તાન ઉપરની હકૂમત છીનવી લેવી એ ખિલાફતનું મીંડું વાળવા બરાબર છે.

લડાઈના પહેલાં જે તુર્કીનું હતું તે જરૂર પડતી ખાતરીઓ લઈને તુર્કીને પાછું આપવું એ ખ્રિસ્તીને શોભે એવો ચુકાદો ગણાય. તુર્કીને સજા કરવાના ઇરાદાથી તેની પાસેથી કંઈ પણ લઈ લેવું એ દારૂગોળાનો ચુકાદો ગણાય. મિત્ર રાજ્ય અથવા તો ઇંગ્લંડે પોતાની જીતને વખતે તદ્દન ન્યાય ઉપર જ રહેવું જોઈએ. તુર્કોને કમજોર બનાવી દેવા એ ગેરઇન્સાફ કહેવાશે એટલું જ નહીં પણ ઇરાદાપૂર્વક અપાયેલાં વચનોનો ભંગ ગણાશે. તેથી હું આશા રાખું છું કે લૉર્ડ હાર્ડિંગની જેમ વાઇસરૉય હિંમત ધરશે અને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહને વખતે જેમ

૧. ખિલાફત પ્રશ્ન વિષેનો આ "મૅનિફેસ્ટો" (જાહેરનામું) ૭મી માર્ચ, ૧૯૨૦ને રોજ સાબરમતી આશ્રમ, અમદાવાદથી પ્રસિદ્ધ થયો હતો.

૨. ૧૯૧૯ના મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા.

૩. જાન્યુઆરી ૫, ૧૯૧૮ના પોતાના ભાષણમાં લૉઇડ જૉર્જે વચન આપ્યું હતું. એમાં એમણે જાહેર કર્યું હતું કે "મિત્ર રાજ્યો એટલા માટે નથી લડતાં કે તુર્કસ્તાન પાસેથી એનું પાટનગર અથવા એશિયા માઇનોર અને ગ્રેસના સમૃદ્ધ અને પ્રસિદ્ધ પ્રદેશો છીનવી લેવામાં આવે."

૪. અહીં હિંદ સરકારે ૨૭ નવેમ્બર, ૧૯૧૪ને રોજ બહાર પાડેલા ઢંઢેરાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. એમાં એમ કહેવાયું હતું કે "આ યુદ્ધમાં ધાર્મિક પ્રકારનો કોઈ પ્રશ્ન સંડોવાયો નથી."

Gandhi Heritage Portal

લૉર્ડ હાર્ડિંગે આગેવાની લીધી હતી તેમ ના. વાઇસરૉય ખિલાફતના સવાલમાં આગેવાની[૧] લઈને એ સવાલને સ્પષ્ટ અને જોરદાર વલણ આપશે, કે જેથી કરીને ઉતાવળિયા કે કમહોશિયાર માણસોની આગેવાની નીચે ભયંકર પરિણામો આવતાં અટકે. પણ ખરું જોતાં સવાલનો ફડચો વાઇસરૉયના કરતાં આપણી હિંદુ અને મુસલમાન ઉપર વધારે આધાર રાખે છે. અને હિંદુ અથવા તો વાઇસરૉયના કરતાં મુસલમાન ઉપર તેથી પણ વધારે આધાર રાખે છે. મુસલમાન ભાઈઓ અધીરા થયા છે એવી નિશાનીઓ હું જોઈ રહ્યો છું. અધીરાઈમાંથી દીવાનાપણું આવવાનો સંભવ છે, અને દીવાનાપણાનો નતીજો ખુનામરકી જ હોય. હું ઇચ્છું છું કે ખુનામરકી એ આપઘાત છે એવું હું બધાને સમજાવી શકું.

જો . . .

ધારો કે મુસલમાનોની માગણી મિત્ર રાજ્યો અથવા કહો કે ઇંગ્લંડ કબૂલ ન કરે તો? મિ. મૉન્ટેગ્યુના બળવાન બચાવમાં અને મિ. લૉઇડ જૉર્જના પોતાના જ વચનના અર્થમાં હું તો બહુ આશા જોઉં છું. હું કબૂલ કરું છું કે મિ. લૉઇડ જૉર્જનાં વચન લૂલાં છે, પણ તેની મારફતે એ સંપૂર્ણ ન્યાય મેળવી શકે છે. પણ આપણે ખરાબમાં ખરાબ પરિણામ ધારી લેવું જોઈએ અને શુભ પરિણામની આશા રાખી તેને સારુ મથવું જોઈએ. કેમ મથવું એ સવાલ છે.

આપણે શું ન કરવું જોઈએ એ તો સ્પષ્ટ છે. વિચારમાં, વચનમાં કે ધર્મમાં ખુનામરકી ન જ હોવી જોઈએ. તેથી વેરભાવ કે સજા કરવાના ઇરાદાથી બ્રિટિશ માલનો બૉયકોટ ન સંભવે.

૧. મારા વિચાર પ્રમાણે તો બૉયકોટ પણ એક જાતની ખુનામરકી છે.

૨. વળી કદાચ બૉયકોટ ઇચ્છવા જોગ હોય તોપણ એ તદ્દન અવ્યવહારુ છે.

૩. જ્યાં સુધી આપણી માગણી મુજબ નથી મળ્યું ત્યાં સુધી આપણે શાંતિ વાળીને બેસી શકતા જ નથી.

૪. ખિલાફતની સાથે બીજા સવાલોને મેળવવા જ ન જોઈએ — જેમ કે ઇજિપ્તનો સવાલ.

ત્યારે હવે આપણે શું કરવું ઘટે એ જોઈએ.

૧૯મી તારીખે ધંધો બંધ કરવો[૨] અને એક જ ઠરાવ પસાર કરીને આપણી ઓછામાં ઓછી માગણી છે તે જાહેર કરવી એ પ્રથમ પગથિયું છે. હડતાળ કેવળ મરજિયાત હોવી જોઈએ, અને નોકરિયાત વર્ગને તેઓના ધણીની પરવાનગી સિવાય કામ બંધ કરવાની રજા ન જ મળવી જોઈએ. મિલના મજૂરોને બિલકુલ હડતાળમાં ભેળવવા જ નહીં. વળી બીજી એક શરત એ છે કે હડતાળની સાથે ખુનામરકી કે મારપીટ જરાય ન હોવાં જોઈએ. મને ઘણી વખત કહેવામાં આવ્યું છે કે છૂપી પોલીસ ઘણી વેળા ખુનામરકી કરાવે છે. સામાન્ય આરોપ તરીકે હું એ વાત માનતો જ નથી. છતાં માનો કે એ આરોપ બરાબર હોય, તોપણ આપણામાં એટલી તાલીમ હોવી જોઈએ કે એ ખુનામરકી અશક્ય થઈ પડે. જનસમાજને તાલીમ આપવાની, તેઓને દોરવાની અને તેઓની ઉપર અસર મેળવવાની આપણી શક્તિ ઉપર આપણી જીતનો આધાર રહે છે.

જો આપણી માગણી કબૂલ ન થાય તો શું કરવું જોઈએ એ વિચારીએ.

૧. ૧૯૧૩ અને ૧૯૧૪માં.

૨. ખિલાફત દિન; આ દિવસે ઉપવાસ કરીને તથા હડતાળ પાડીને રાષ્ટ્રીય શોક પાળવાનો હતો.

Gandhi Heritage Portal

છૂપી કે જાહેર લડાઈ કરવી એ જંગલી ઉપાય છે. આવી લડાઈ કરવાની વાત આપણી ગણતરીમાંથી આપણે કાઢી નાખવી જોઈએ. લડાઈ કરીને જીતવું અશક્ય છે, એટલું જ કારણ લડાઈની વિરુદ્ધ બસ છે. લડાઈ કરવી એ હમેશાં ખરાબ છે એવું જો હું બધાને સમજાવી શકું તો આપણી બધી ન્યાયી ધારણાઓ આપણે વહેલા બર લાવી શકીએ. ખુનામરકી નહીં કરવાની પ્રતિજ્ઞા લઈને એક વ્યક્તિ અથવા પ્રજા જે શક્તિ મેળવી શકે છે એ શક્તિને કોઈ હઠાવી શકતું જ નથી. પણ ખુનામરકી નહીં કરવાની સામે હાલ તો હું જે દલીલ કરું છું તે કેવળ તેની અયોગ્યતા જ છે. અને ખુનામરકી અયોગ્ય છે, કેમ કે તેથી ધારેલું પરિણામ લાવવું અશક્ય છે.

## સરકારને મદદ ન કરવી

તેથી સરકારને મદદ ન કરવી એ જ હથિયાર આપણા હાથમાં રહેલું છે. અને જ્યારે તેની સાથે ખુનામરકી ન હોય ત્યારે તેના જેવું બીજું ચોખ્ખું હથિયાર કંઈ જ નથી. અને તે જેટલું શુદ્ધ છે એટલું જ અસરકારક છે. મદદ કરીને જ્યારે આપણે જ આપણું પોતાનું અપમાન, આપણી હલકાઈ કે આપણા ધર્મની નામોશી વહોરી લેતા હોઈએ ત્યારે મદદ ન કરવી એ ફરજ થઈ પડે છે. જે હકો મુસલમાનોને સારુ જન્મમરણ જેવા થઈ પડે તે અયોગ્ય રીતે છીનવી લેવામાં આવે છતાં આપણે મૂંગા બેઠા રહીએ એવી આશા ઇંગ્લંડ ન જ રાખી શકે. તેથી આપણે મથાળેથી અને પાયેથી શરૂઆત કરવી જોઈએ. જેઓ મોટા દરજ્જા ધરાવતા હોય તેઓએ તે છોડી દેવા જોઈએ. જેઓ નાની નોકરીમાં હોય તેઓએ તે નોકરી છોડી દેવી જોઈએ. ખાનગી ગૃહસ્થોના નોકરોને આ નિયમ લાગુ પડતો નથી. જેઓ મદદ નહીં કરવાની સલાહ માન્ય ન રાખે તેઓનો બહિષ્કાર કરવાની ધમકી હું પસંદ કરી શકતો નથી. જેઓ કંઈ પણ દાબ વિના પોતાની નોકરી છોડી દે તેની જ અસર થવાની છે કેમ કે આપણો અસંતોષ અને લોકલાગણીની કસોટી તો મરજિયાત રાજીનામામાં જ હોઈ શકે. સિપાહીઓને તેઓનાં હથિયાર છોડવાની સલાહનો હજુ સમય નથી આવ્યો. એ આપણું છેલ્લું પગલું હોય, પહેલું ન હોવું જોઈએ. જ્યારે વાઇસરૉય, હિંદી વજીર અને મુખ્ય પ્રધાન આપણો ત્યાગ કરશે ત્યારે તે પગલું ભરવાનો પણ આપણને હક મળશે. વળી મદદ આપવાનું બંધ કરવાનું કામ અતિ વિચારપૂર્વક લેવાવું જોઈએ. આપણે ધીમાશથી વધવું જોઈએ કે જેથી સખત તાપને સમયે પણ આપણે આપણી પોતાની ઉપરનો કાબૂ છોડી ન દઈએ.

## મારું કર્તવ્ય

કલકત્તાના ઠરાવોથી[1] ઘણા ચમકી ગયા છે. તેઓને તેમાં ખુનામરકીની ગંધ આવે છે. હું એવો અર્થ નથી કાઢતો, જોકે તેમાંના કેટલાકની ભાષા હું પસંદ નથી કરતો. જે ઠરાવોનું વસ્તુ મને મુદ્લ પસંદ નથી તે હું ગણાવી ગયો છું.

તેઓના બધા ઠરાવો હિંદુઓ કબૂલ કરી શકે? આ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. હું તો મારે પોતાને વિષે કહી શકું. ઇસ્લામી ભાઈઓ જ્યાં સુધી મર્યાદામાં રહેશે અને ખુનામરકી નહીં કરે અથવા ખુનામરકીને ઉત્તેજન નહીં આપે ત્યાં સુધી તેઓની વાજબી માગણી પ્રમાણે મેળવવામાં હું તેઓની સાથે બરાબર ઊભો રહીશ. પણ ખુનામરકી થાય અથવા ખુનામરકીની સલાહ આપવામાં આવે અથવા ખુનામરકીને ઉત્તેજન આપવામાં આવે તે વખતે હું તેઓની સાથે

૧. આ ઠરાવો ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ ભરાયેલી ખિલાફત પરિષદમાં પસાર થયા હતા.

Gandhi Heritage Portal

નહીં ઊભો·રહું અને દરેક હિંદુ અથવા તો દરેક જણને સાથે નહીં ઊભવાની સલાહ આપીશ. તેથી ગમે તેવું ગુસ્સો ચડવાનું કારણ મળે તે છતાં પોતાની જીભ ઉપર સંપૂર્ણ અંકુશ રાખવાની હું દરેક બોલનારને પ્રાર્થના કરું છું. જો દૃઢતાની સાથે નમ્રતાનું મેળવણ હશે તો જીતની મને ખાતરી છે. જો ગુસ્સો, દ્વેષ, તિરસ્કાર, અવિચાર અને છેવટે ખુનામરકીનું સામ્રાજ્ય થાય તો પરિણામે હાર જ મળે. તેથી હું એકલો હોઉં છતાં ખુનામરકી આદિ શત્રુઓની સામે મારો જીવ જતાં સુધી લડીશ. આખી દુનિયાની સાથે મિત્રભાવે રહેવું એ મારો ઉદ્દેશ છે. અન્યાયની સામે પુરજોરથી લડતાં છતાં સંપૂર્ણ પ્રેમભાવ રાખી શકાય એ મારો દૃઢ નિશ્ચય છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૧૪–૩–૧૯૨૦

## ૫૫. બંગાળ ખિલાફત સમિતિને તાર

[માર્ચ ૭, ૧૯૨૦ કે તે પછી][1]

મેં એક મૅનિફેસ્ટો બહાર પાડ્યો છે. તેમાં ૧૯મી તારીખના[2] કાર્યક્રમને મંજૂર કરતા વિચારો વ્યક્ત કર્યા છે. જો આંદોલન હિંસામાં નહીં ઘસડાય તો હું એને મરતાં સુધી સાથ આપીશ.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल ૧૧–૩–૧૯૨૦

## ૫૬. ૬ઠ્ઠી ઍપ્રિલ અને ૧૩મી ઍપ્રિલ[3]

આ બન્ને દિવસ થોડા વખતમાં આવી રહેશે. તે ન ભુલાય એવા છે. ૬ઠ્ઠી એપ્રિલને[4] દિવસે હિંદુસ્તાનમાં અલૌકિક જાગૃતિ પેદા થઈ. ૧૩મી એપ્રિલે[5] નિરપરાધી મનુષ્યોનું લોહી વહેવાથી પંજાબ આખા હિંદુસ્તાનને સારુ યાત્રાનું ધામ બન્યું. ૬ઠ્ઠી એપ્રિલે સત્યાગ્રહનો પ્રવેશ થયો. કાયદાનો ભંગ કરવા રૂપી વિભાગ ભલે કોઈને પસંદ ન હો, પણ મરણાન્ત લગી સત્ય જાળવવું અને સત્યને જાળવતાં આપણે કોઈને ઈજા નહીં કરવી પણ દુશ્મન પ્રત્યે પ્રેમભાવથી વર્તવું એ ઉત્તમ છે એ વિષે તો મતભેદ ન જ હોઈ શકે. સત્ય અને અહિંસાનો જ્યાં સંગમ થાય છે ત્યાં આખી દુનિયાને વશ કરી શકાય છે, અને સત્યાગ્રહ એ મૂળમાં પ્રજાજીવનમાં સત્ય

૧. આ તારમાં જે "મૅનિફેસ્ટો"નો ઉલ્લેખ છે તે ૭મી માર્ચ, ૧૯૨૦ને રોજ વર્તમાનપત્રો ઉપર મોકલેલો પત્ર છે; જુઓ આ પહેલાંનો લેખ. એટલે આ તાર તે દિવસે અથવા તે પછીના દિવસે મોકલાયો હોવો જોઈએ.

૨. ખિલાફત દિન.

૩. આ લેખ માર્ચ ૧૦, ૧૯૨૦ના यंग इन्डिया માં પણ છપાયો છે.

૪. એપ્રિલ ૬, ૧૯૧૯; સાર્વત્રિક હડતાળનો દિવસ.

૫. એપ્રિલ ૧૩, ૧૯૧૯; જલિયાંવાલા બાગની કતલનો દિવસ.

Gandhi Heritage Portal

અને અહિંસાનો પ્રવેશ કરાવવાનો પ્રયત્ન છે. સત્યાગ્રહની પ્રતિજ્ઞા વિના સત્યાગ્રહનો ભાવ પ્રજામાં પેદા થયો છે એ વિષે શંકા રખાય તેમ નથી. પંજાબમાં હજારો માણસોને મળતાં મારો તો એ જ અનુભવ થયો.

વળી ૬ઠ્ઠી એપ્રિલે હિંદુમુસલમાનની એકતાની અને સ્વદેશીની નિશ્ચયપૂર્વક પ્રવૃત્તિ ચાલી. વળી ૬ઠ્ઠી એપ્રિલે રૉલેટ ઍક્ટનો આત્મા નાશ પામ્યો અને તે કાયદો એક મૃત શરીર રૂપે રહ્યો. ૧૩મી એપ્રિલે નિરપરાધીઓની કતલ થઈ એટલું જ નહીં પણ એ કતલમાં હિંદુ અને મુસલમાનનું લોહી મળીને એક નદી ચાલી અને એમ એકતા વધારે દૃઢ થઈ.

આવી બે બિનાઓને આપણે કઈ રીતે ઊજવવી એ વિચારવાની જરૂર છે. મારી સૂચના નીચે પ્રમાણે છે. જેનાથી થઈ શકે તેમણે સ્ત્રી પુરુષ બાળકો બધાંયે ૬ઠ્ઠી એપ્રિલનો દિવસ અપવાસમાં અને ભજનકીર્તનમાં ગાળવો. અપવાસ ૨૪ કલાકનો કરવો અને આખા હિંદુસ્તાનમાં સાંજે સાત વાગ્યે ઠેકઠેકાણે જાહેર સભાઓ કરવી અને તેમાં રૉલેટ ઍક્ટ રદ કરવાની માગણી કરવાનો અને તે રદ ન થાય ત્યાં સુધી હિંદુસ્તાનમાં શુદ્ધ શાંતિ નહીં ફેલાય એવો ઠરાવ પાસ કરવો. કાયદો મુડદા સમાન છે એટલું બસ નથી. કાં તો એ કાયદો પ્રજાનું અપમાન કરે છે અથવા તો નથી કરતો. જો અપમાન કરતો હોય તો તે રદ થવો જ જોઈએ. અને સુધારા[1] દાખલ થાય તેના પહેલાં જો કાયદો રદ થાય તો સરકારના શુભ ઇરાદાની નિશાની તરીકે એ ગણાશે.

વળી ૬ઠ્ઠીથી માંડીને ૧૩મી એપ્રિલ સુધીનું અઠવાડિયું જલિયાંવાલા બાગની કતલને અર્થે ગાળવું એવો મારો અભિપ્રાય છે. તેથી એ અઠવાડિયાનો સારામાં સારો ઉપયોગ એ છે કે જલિયાંવાલા બાગમાં જે સ્મારક સ્તંભ કરવાનો છે તેને અર્થે જે ખર્ચ થશે તે ખર્ચ આપણે ઉઘરાવી લેવો. દશ લાખ રૂપિયાની તે કાર્યને સારુ જરૂર છે એ હું જણાવી ચૂકયો છું. પૈસા કેવી રીતે એકઠા કરવા તે વિષે દરેક ગામ પોતાની યોજના રચી શકે છે. પૈસાની ચોરી ન થાય એટલું જાળવવું આવશ્યક છે. પૈસાનું ઉઘરાણું ૧૨મી એપ્રિલની સાંજ સુધીમાં પૂરું થઈ જવું જોઈએ.

૧૩મી તારીખે ફરી અપવાસ કરવો અને પ્રાર્થના કરવી. તે દિવસે આપણે ઇંગ્રેજો પ્રત્યે દ્વેષ નહીં કરવો તે આપણો ધર્મ સમજું છું. નિર્દોષ માણસો માર્યા ગયા તેઓનું સ્મરણ કરવું એ આપણી ફરજ છે. કૃત્યનું ખૂનીપણું યાદ રાખવાની આપણી ફરજ નથી. બલિદાન આપવાની તૈયારી કરીને પ્રજા ચડી શકશે; વેર વાળવાની તૈયારીઓ કરીને નહીં ચડાય. તે દિવસે આપણે આપણી ભૂલોનું[2] પણ સ્મરણ કરવાની અને પશ્ચાત્તાપ કરવાની હું આવશ્યકતા સમજું છું. તે દહાડે સાંજે સાત વાગ્યે બધે ઠેકાણે સભાઓ ભરીને આપણે એવા ઠરાવો પસાર કરવા જોઈએ કે અમલદારોએ જે ગંભીર ભૂલ ૧૩મી તારીખે કરી અને જે ઘાતકીપણું વાપર્યું તેવો બનાવ ફરી પાછો ન બને એવાં પગલાં યોજવાં જોઈએ.

વળી મારી એ વિનંતી છે કે એ અઠવાડિયામાં દરેક સ્ત્રીપુરુષે પોતપોતાના જીવનમાં સત્યાગ્રહના તત્ત્વનું સિંચન કરવું, હિંદુમુસલમાનની એકતા વધે તેવાં કૃત્ય કરવાં અને સ્વદેશીનો પ્રચાર કરવો. હિંદુમુસલમાનની એકતા વધે તેને સારુ તે અઠવાડિયામાં આવતા શુક્રવારને દહાડે

૧. ૧૯૧૯ના મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા, જેના અમલની તે વખતે રાહ જોવાતી હતી.
૨. એપ્રિલ, ૧૯૧૯નાં તોફાનો.

Gandhi Heritage Portal

એટલે ૧૨મી તારીખે મુસલમાનોની વાજબી માગણી પ્રમાણે ખિલાફતના સવાલનો ફેંસલો થાય એવી માગણી કરનારા ઠરાવો પસાર કરવા. આમ આ અઠવાડિયું પ્રજાને વધારે પવિત્ર બનાવવામાં, આંતર પરીક્ષામાં, આપભોગમાં જોઈતી તાલીમ લેવામાં અને પ્રજાની ઊંડી લાગણીઓ જાહેર કરવામાં ગાળવું જોઈએ. આપણી ભાષામાં કડવાશ ન હોવી જોઈએ, તેમ છતાં સંપૂર્ણ નિર્ભયતા અને દૃઢતા હોવાં જોઈએ. ૬ઠ્ઠી અને ૧૩મી તારીખે હડતાળ ન પાડવી, એવો પ્રશ્ન જરૂર ઘણાઓનાં મનમાં ઊઠશે. હું તો દૃઢતાપૂર્વક હડતાળ ન પાડવા તરફ મારો અભિપ્રાય બતાવું છું. જેઓની શ્રદ્ધા સત્ય અને પ્રેમ પ્રત્યે છે તેઓને સારુ તો આ અઠવાડિયું સત્યાગ્રહનું છે. ૬ઠ્ઠીની હડતાળ એ સત્યાગ્રહી હડતાળ હતી, કેમ કે તે દિવસે સત્યાગ્રહનો સમારંભ થયો. વળી જોકે ૬ઠ્ઠીની હડતાળ લોકોએ પોતાની મરજીથી જ પાળી હતી તે છતાં એટલું કબૂલ તો કરવું જ જોઈએ કે લોકોએ વાહન વગેરે નહીં વાપરવાં જોઈએ એવા પ્રકારનું દબાણ તે દહાડે ચલાવવામાં આવ્યું હતું. તેથી આ પ્રાયશ્ચિત્ત કરવાના અને તાલીમ લેવાના સમયે હડતાળ પાડવાની સલાહ હું નથી આપી શકતો. એ તો માત્ર ક્વચિત જ અને સબળ કારણસર વાપરવાનું હથિયાર છે.

પ્રાર્થના અને અપવાસથી પ્રજાનું શું દારિદ્ર્ય ફીટવાનું છે એવો સવાલ જરૂર ઊઠશે. એ વિષે વધારે વિચાર હવે પછી કરીશું. દરમ્યાન મારી ઉમેદ છે કે બધા પક્ષ અને બધા વર્ણ અને વર્ગ પ્રજાજાગૃતિમાં ચોકસ રીતે વધારો કરાવનારા આ અઠવાડિયાના પવિત્ર કાર્યમાં પૂરેપૂરો હિસ્સો લેશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૪–૩–૧૯૨૦

## ૫૭. શું એ અદાલતનો તિરસ્કાર હતો?[૧]

આ "પ્રારંભિક આદેશ"ની[૨] સુનાવણી ચાલુ માસની ત્રીજી તારીખે માનનીય ન્યાયમૂર્તિઓ માર્ટિન, હેવર્ડ અને કાજીજી સમક્ષ થઈ હતી. અમદાવાદના જિલ્લા ન્યાયાધીશ મિ. કૅનેડીએ અમદાવાદના કેટલાક સત્યાગ્રહી વકીલોની વર્તણૂક અંગે ફરિયાદ કરતો હાઈકોર્ટના રજિસ્ટ્રારને લખ્યો હતો તે પત્ર પોતાના છાપાના ૬ઠ્ઠી ઑગસ્ટ, ૧૯૧૯ના અંકમાં ટીકા સહિત પ્રસિદ્ધ કરીને અદાલતના તિરસ્કારનો ગુનો કરવા બદલ તેમની સામે કામ કેમ ન ચલાવવું, એનું કારણ **યંગ ઇન્ડિયા**ના તંત્રી શ્રી ગાંધી અને પ્રકાશક શ્રી દેસાઈએ બતાવવાનું હતું

અરજદાર તરફથી ઍડ્વોકેટ જનરલ માનનીય સર ટૉમસ સ્ટ્રૅંગમૅન તથા શ્રી બહાદુરજી અને મિ. પોકોક હાજર રહ્યા હતા. શ્રી ગાંધી અને શ્રી દેસાઈ જાતે હાજર રહ્યા હતા.

મુકદ્દમાનો આરંભ કરતાં ઍડ્વોકેટ જનરલે કહ્યું કે આ કાર્યવાહી શ્રી ગાંધી અને શ્રી દેસાઈ સામે તેમણે કરેલા અદાલતના તિરસ્કાર સંબંધમાં ચલાવાઈ રહી છે. તેઓ બંને અનુક્રમે તંત્રી અને પ્રકાશક છે એ બાબતમાં કશો વિવાદ નથી. એમ જણાય છે કે ગયા એપ્રિલ માસમાં મિ. કૅનેડીના

૧. એસ. બી. ખેરે સંપાદિત કરેલા અને નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદે પ્રસિદ્ધ કરેલા *ધ લૉ ઍન્ડ ધ લૉયર્સ* નામના પુસ્તકમાં આ લેખ ગાંધીજીએ લખેલો બતાવ્યો છે.

૨. ગાંધીજી અને મહાદેવ દેસાઈ વિરુદ્ધ નીકળેલો "પ્રારંભિક આદેશ" (રૂલ નિસી); જુઓ, "મુંબઈ હાઈકોર્ટના રજિસ્ટ્રારને પત્ર", ૨૭–૨–૧૯૨૦.

Gandhi Heritage Portal

જાણવામાં આવ્યું કે અમદાવાદમાં કેટલાક વકીલોએ સત્યાગ્રહની પ્રતિજ્ઞા[1] પર સહીઓ કરી હતી. એ ઉપરથી એમણે એ વકીલો પાસે એવો જવાબ માગ્યો કે તમે આ પ્રતિજ્ઞા પર સહીઓ કરી છે તો તમારી સનદો કેમ રદ ન કરવી? વકીલોનો જવાબ એમને સંતોષકારક લાગ્યો નહીં, એટલે એમણે ૨૨મી એપ્રિલ, ૧૯૧૯ને રોજ હાઈકોર્ટના રજિસ્ટ્રારને એક પત્ર લખ્યો. એને પરિણામે હાઈકોર્ટે આ વકીલો ઉપર બે નોટિસો કાઢી. મિ. કૅનેડીના પત્રની નકલ રજિસ્ટ્રારે ઉપર જણાવેલા વકીલોમાંના એક વકીલ શ્રી દિવેટિયાને આપી. શ્રી દિવેટિયાએ એ નકલ સત્યાગ્રહી વકીલોમાંના એક શ્રી કાલિદાસ જે. ઝવેરીને આપી, અને એ વકીલે એ નકલ શ્રી ગાંધીને આપી. છઠ્ઠી ઑગસ્ટને રોજ આ પત્ર શ્રી ગાંધીના છાપામાં "અમદાવાદમાં ઑડવાયરશાહી" એવા મથાળાથી પ્રસિદ્ધ થયો અને તેની સાથે "સત્યાગ્રહીઓને ડગાવવાનો પ્રયાસ"[2] એ મથાળાથી પત્રની ટીકા કરતો એક લેખ છપાયો. (અહીં ઍડવોકેટ જનરલે એ પત્ર તથા લેખ વાંચી સંભળાવ્યા). પછી એમણે કહ્યું કે આ લેખ ઉપરથી જણાય છે કે "ઑડવાયરનો" અર્થ શાંતિનો ભંગ કરનાર વ્યક્તિ એવો થાય છે. લેખમાં લખ્યું છે કે પુરાવો સાંભળ્યા વિના જ જિલ્લા ન્યાયાધીશ ફેંસલો આપી રહ્યા છે. એમની આ વર્તણૂકને અસભ્ય જ નહીં, પણ એથીયે વધારે ખરાબ, એટલે અક્ષમ્ય તરીકે વર્ણવવામાં આવી છે. એમ કહેવામાં આવ્યું છે કે આ જિલ્લા ન્યાયાધીશ બૉલ્શેવિઝમની આગ સળગાવી રહ્યા છે. ટૂંકમાં, મિ. કૅનેડી ઉપર આવા આરોપો મૂકવામાં આવ્યા છે. પછી હાઈકોર્ટમાં સુનાવણી થઈ. સુનાવણી થયા પછી રજિસ્ટ્રારે શ્રી ગાંધીને એક પત્ર લખીને જણાવ્યું કે સદર પત્રની પ્રસિદ્ધિ બાબતમાં ખુલાસો આપવા તમારે મુખ્ય ન્યાયાધીશની ચેમ્બરમાં હાજર થવું. શ્રી ગાંધીએ તારથી[3] જવાબ આપ્યો કે હું પંજાબ જઈ રહ્યો હોવાથી નિયત તારીખે મારાથી હાજર થઈ શકાશે નહીં, માટે જો હું લેખિત ખુલાસો મોકલી આપું તો ચાલશે કે નહીં. રજિસ્ટ્રારે જવાબ આપ્યો કે મુખ્ય ન્યાયાધીશ શ્રી ગાંધીના કાર્યક્રમમાં દખલ કરવા માગતા નથી, એટલે ખુલાસો લખી મોકલશો તો ચાલશે. ૨૨મી ઑક્ટોબરે શ્રી ગાંધીએ એક લેખી ખુલાસો[4] મોકલી આપ્યો. એમાં એમણે જણાવ્યું કે એ પત્ર મને રાબેતા મુજબ મળ્યો હતો. મને લાગ્યું કે જાહેર જનતાના હિતની દૃષ્ટિએ એ ઘણો મહત્ત્વનો છે એટલે મેં એ પ્રસિદ્ધ કર્યો, અને એના ઉપર ટીકા લખતી વખતે મેં માન્યું હતું કે હું જનતાની સેવા કરી રહ્યો છું. એટલે મારો દાવો એવો છે કે એ પત્ર પ્રસિદ્ધ કરવામાં અને એના ઉપર ટીકા લખવામાં હું એક પત્રકારના અધિકારની મર્યાદામાં જ વર્ત્યો છું. આના જવાબમાં રજિસ્ટ્રારે લખ્યું[5] કે મુખ્ય ન્યાયાધીશને આ ખુલાસાથી સંતોષ થયો નથી, પરંતુ જો યંગ ઇન્ડિયાના હવે પછીના અંકમાં નીચેના નમૂના પ્રમાણેનો એક માફીપત્ર પ્રસિદ્ધ કરવામાં આવશે તો તે પૂરતું ગણાશે.

૧. રૉલેટ બિલો સામે વિરોધ જાહેર કરવા ગાંધીજીએ આ પ્રતિજ્ઞા તૈયાર કરી હતી અને ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૧૯ને રોજ ગાંધીજીએ પોતે, વલ્લભભાઈ પટેલે, સરોજિની નાયડુએ, હૉર્નિમૅને તથા બીજા લોકોએ એના પર સહીઓ કરી હતી; જુઓ પુસ્તક ૧૫, પા. ૯૮.

૨. જુઓ પુસ્તક ૧૬, પા. ૧૦–૨.

૩. જુઓ પુસ્તક ૧૬, પા. ૨૪૦ પાદટીપ ૧.

૪. જુઓ પુસ્તક ૧૬, પા. ૨૪૦–૧.

૫. ઑક્ટોબર ૩૧, ૧૯૧૯નો પત્ર, જે ગાંધીજીને ૭મી નવેમ્બર, ૧૯૧૯ને રોજ લાહોરમાં મળ્યો હતો.

Gandhi Heritage Portal

## માફીપત્રનો નમૂનો

અમદાવાદના જિલ્લા ન્યાયાધીશ મિ. કૅનેડીએ મુંબઈ હાઈકોર્ટના રજિસ્ટ્રાર ઉપર લખેલો એક ખાનગી પત્ર અમે છઠ્ઠી ઑગસ્ટ, ૧૯૧૯ના રોજ યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ કર્યો હતો, અને એ જ દિવસે એ પત્ર ઉપર કેટલીક ટીકાઓ પણ પ્રસિદ્ધ કરી હતી. અમને કહેવામાં આવ્યું છે કે તે વખતે એ પત્ર સંબંધમાં એ હાઈકોર્ટમાં અમુક કામ ચાલી રહ્યું હોવાથી, એ પત્ર પ્રસિદ્ધ કરવો કે તેના ઉપર ટીકા લખવી એ અમારે માટે વાજબી નહોતું. માટે એ પત્ર પ્રસિદ્ધ કરવા બદલ તથા તેના પર ટીકા લખવા બદલ અમે આથી દિલગીરી જાહેર કરીએ છીએ અને એ હાઈકોર્ટના માનનીય વડા ન્યાયાધીશની તથા અન્ય ન્યાયમૂર્તિઓની માફી માગીએ છીએ.

ઍડ્વોકેટ જનરલે કહ્યું કે હું કંઈક આત્મવિશ્વાસથી જણાવું છું કે આ માફીપત્ર સામા પક્ષવાળાએ પ્રસિદ્ધ કરવા જેવો હતો. મને લાગે છે કે એના કરતાં વધારે નરમાશભર્યો માફીપત્ર કલ્પવાનું મુશ્કેલ છે. છતાં શ્રી ગાંધીએ એ પ્રસિદ્ધ કર્યો નહીં અને વકીલની સલાહ લઈ રજિસ્ટ્રારને પત્ર લખીને જણાવ્યું કે મારાથી માફી માગી શકાય એમ નથી. આ પત્ર મળતાં પહેલાં જ હાઈકોર્ટે અદાલતનો તિરસ્કાર કર્યા બદલની નોટિસ કાઢવાનો હુકમ ૧૧મી ડિસેમ્બરે કરી દીધો હતો. એને આધારે આ કાર્યવાહી ઊભી કરવામાં આવી છે. ૧૧મી ડિસેમ્બર, ૧૯૧૯ને રોજ શ્રી ગાંધીએ લખેલા પત્રનું મૂળ લખાણ આ પ્રમાણે છે:[1]

આ હુકમની સુનાવણી થવાના થોડા દિવસ પહેલાં ૨૭મી ફેબ્રુઆરીએ શ્રી ગાંધીએ એક પત્ર રજિસ્ટ્રારને લખ્યો હતો. તેમાં તેઓ તથા શ્રી દેસાઈ કોર્ટ સમક્ષ જે નિવેદનો રજૂ કરવા માગતા હતા તેની નકલો બીડવામાં આવી હતી. એ બંને નિવેદનોનું મૂળ લખાણ અત્રે આપવામાં આવે છે.[2]

આગળ ચાલતાં અદાલતનો તિરસ્કાર કોને કહેવાય એ બતાવવા ઍડ્વોકેટ જનરલે કેટલાક ફેંસલા ટાંકી બતાવ્યા. ૨ ક્વીન્સ બૅન્ચ પાન ૩૬ ઉપર જણાવવામાં આવ્યું છે કે તિરસ્કાર બે પ્રકારના હોય છે: (૧) જેનાથી અદાલતની બદનામી થતી હોય એવું કોઈ પણ કાર્ય કે લખાણ; (૨) ન્યાયના સામાન્ય અને વાજબી સંચાલનમાં અથવા અદાલતની કાયદેસરની કામગીરીમાં રુકાવટ અથવા દખલ કરવાનો જેનો હેતુ હોય એવું કોઈ પણ કાર્ય અથવા લખાણ. ઍડ્વોકેટ જનરલે કહ્યું કે એ પત્ર અને તેના ઉપરની ટીકા પ્રસિદ્ધ થવાથી અદાલતનો બે પ્રકારે તિરસ્કાર થયો છે: (૧) લૉર્ડ હાર્ડવિકના શબ્દોમાં મિ. કૅનેડીની બદનામી થઈ છે; અને (૨) એની મારફતે ન્યાયની કામગીરીમાં દખલ કરવાનો પ્રયત્ન થયો છે. બીજું એમણે એ કહ્યું કે નીચલી કોર્ટના તિરસ્કાર બદલ હાઈકોર્ટ શિક્ષા કરી શકે છે. અમદાવાદની જિલ્લા અદાલત હાઈકોર્ટના તાબામાં છે, અને એ અદાલતને પોતાની સમક્ષ જે કંઈ બન્યું હોય તે સિવાય બીજા કોઈ પ્રકારના અદાલતના તિરસ્કાર માટે કામ ચલાવવાનો અધિકાર નથી.

ન્યાયમૂર્તિ મિ. માર્ટિને પૂછ્યું કે કોઈ દીવાની મુકદ્દમામાં ફરિયાદપત્ર અથવા લેખી નિવેદન પ્રસિદ્ધ કર્યું હોય તો શું અદાલતનો તિરસ્કાર કર્યો કહેવાય?

૧. આ પત્ર અહીં ઉતાર્યો નથી. એના મૂળ લખાણ માટે જુઓ પુસ્તક ૧૬, પા. ૩૨૧-૨.

૨. આ પત્ર અને નિવેદનોના મૂળ લખાણ માટે જુઓ "મુંબઈ હાઈકોર્ટના રજિસ્ટ્રારને પત્ર", ૨૭-૨-૧૯૨૦.



Gandhi Heritage Portal

ઍડ્વોકેટ જનરલે જવાબ આપ્યો કે હા, તિરસ્કાર કર્યો કહેવાય. જ્યાં સુધી મુકદ્દમાની સુનાવણી થાય નહીં ત્યાં સુધી અદાલતમાં રજૂ થયેલી દલીલોનું લખાણ જાહેર મિલકત બની શકે નહીં. ઍડ્વોકેટ જનરલે (૧૯૦૬) ૧ કિંગ્ઝ બેંચ, પા ૧૩૨ અને (૧૯૦૩) ૨ કિંગ્ઝ બેંચનો પણ હવાલો આપ્યો અને કહ્યું કે કાગળો મુકદ્દમા પછી પ્રસિદ્ધ થાય અને તે પહેલાં પ્રસિદ્ધ થાય એમાં ફરક છે. અંતમાં ઍડ્વોકેટ જનરલે એવું અનુમાન તારવ્યું કે શ્રી ગાંધીના લેખનો સાર એ હતો કે મિ. કૅનેડી બૉલ્શેવિઝમની આગ સળગાવી રહ્યા હતા, અને જો હાઈકોર્ટ એમના પત્રને આધારે પગલું ભરશે તો એ પણ એ જ રીતે શાંતિનો ભંગ કરશે અને બૉલ્શેવિઝમની આગમાં ઘી હોમશે.

શ્રી ગાંધીએ અદાલતને સંબોધીને કહ્યું કે મારા નિવેદનમાં કહ્યું છે તેથી વિશેષ મારે કંઈ કહેવાનું નથી. મારા સન્માનનીય મિત્રોએ મને એ વિચારી જોવા કહ્યું છે કે અદાલત મારી પાસે માગણી કરે છે તે માફીપત્ર નહીં આપવામાં હું જીદ તો નથી કરતો ને? આ વિષે મેં ફરી ફરીને વિચાર કર્યો છે. અને અદાલતનો અભિપ્રાય ભલે ગમે તે હોય, છતાં હું મારા મિત્રોને કહું છું કે તમે ખાતરીથી માનજો કે મારા મનમાં જીદ બિલકુલ નથી. હું નામદાર કોર્ટનું પૂરેપૂરું માન સાચવવા માગું છું. બીજી તરફથી હું જરૂર એવી આશા રાખું છું કે જો હું સ્વમાનની મારી ભાવનાનું તથા પત્રકારત્વના ગૌરવનું પણ એવું જ માન સાચવું તો નામદાર કોર્ટ એમાં વાંધો લેશે નહીં. મેં ઍડ્વોકેટ જનરલનું કહેવું ધ્યાન દઈને સાંભળ્યું છે તે એ જોવા ખાતર કે એમની કાંઈ પણ વાત મેં ભૂલ કરી હતી એવી મારી ખાતરી કરાવી શકે. પરંતુ મને એવી કોઈ ખાતરી થઈ નથી. જો મને એવી ખાતરી થઈ હોત તો મેં મારાં નિવેદનો તરત જ પાછાં ખેંચી લીધાં હોત અને ક્ષમા માગી હોત. હું આથી વિશેષ કશું પણ કહેવા માગતો નથી.

ન્યાયમૂર્તિ મિ. માર્ટિને કહ્યું કે કાયદાનો મુદ્દો શ્રી ગાંધીની વિરુદ્ધ જાય છે. તેઓ કહી ગયા કે એમણે જે કંઈ કર્યું હતું તે કરવાનો તેમને એક પત્રકાર તરીકે અધિકાર હતો, પરંતુ ઍડ્વોકેટ જનરલે તો એમની સામે પ્રમાણો ટાંક્યાં છે: પોતાની દલીલના સમર્થનમાં તેઓ કોઈ પ્રમાણો ટાંકી શકે છે?

શ્રી ગાંધીએ કહ્યું કે કાયદાના મુદ્દા સંબંધમાં હું ઍડ્વોકેટ જનરલના મતથી જુદો પડું છું. પરંતુ મારો કેસ એવો છે કે એને માટે હું કાયદાના મુદ્દાનો આધાર લેવા માગતો નથી. કાયદાના મુદ્દા પર દલીલ કરીને મેં મારે માટે આંકેલી મર્યાદાઓ હું ઓળંગવા ઇચ્છતો નથી. અદાલતે આ પહેલાં અનેક કેસોમાં બચાવ વિના પણ ન્યાય ચૂકવ્યા છે, એટલે હું ઇચ્છું છું કે મારી બાબતમાં પણ મેં કશો બચાવ રજૂ કર્યો નથી એમ ગણવું. કાયદાના મુદ્દાને આધારે નામદાર ન્યાયમૂર્તિઓ જે કોઈ નિર્ણય આપશે તે હું વધાવી લઈશ.

ન્યાયમૂર્તિ મિ. માર્ટિને યાદ દેવડાવ્યું કે મિ. ગાંધી, તમે પોતે પણ એક વકીલ છો, એટલે કાયદાના દૃષ્ટિબિંદુથી તમે આ કેસમાં દલીલો કરી શકો તેમ છો.

શ્રી ગાંધીએ કહ્યું કે એમ કરવાની મારી તૈયારી નથી, એટલે હું ફરીથી કહુ છું કે કાયદાની દૃષ્ટિએ આ અદાલત જે ફેંસલો આપશે તે હું માથે ચઢાવીશ. પરંતુ જ્યારે અદાલત મને ખૂબ જ આગ્રહ કરે છે કે મારે દલીલ કરવી, ત્યારે હું આટલું જ કહીશ કે મને લાગે છે કે, મેં મારા કૃત્યથી કોઈને માટે પણ ખોટો ખ્યાલ ઊભો કર્યો નથી. માનનીય ઍડ્વોકેટ જનરલે

Gandhi Heritage Portal

કહ્યું છે કે જિલ્લા ન્યાયાધીશ વિષે ટીકા લખીને મેં એક ન્યાયાધીશનો તિરસ્કાર કર્યો છે. મારો જવાબ એ છે કે જિલ્લા ન્યાયાધીશ વિષે મેં ટીકા કરેલી તે તેમને ન્યાયાધીશ નહીં પણ એક વ્યક્તિ માનીને કરી હતી.

ન્યાયમૂર્તિ માર્ટિન: ધારો કે એક સનસનાટીભર્યો ખૂનનો કેસ ચાલે છે. હવે આ કેસ ચાલુ હોય તે દરમ્યાન જો છાપાંવાળા એ અંગેના બનાવો ઉપર વિવેચન કરે તો શું પરિણામ આવે?

શ્રી ગાંધી: એક સામાન્ય માનવી તરીકે હું આદરપૂર્વક કહું છું કે મારો કેસ અને આ કેસ વચ્ચે ફરક છે. જિલ્લા ન્યાયાધીશે આ પત્ર એક ફરિયાદી તરીકે લખ્યો છે, ન્યાયાધીશ તરીકે નહીં.

ન્યાયમૂર્તિ માર્ટિન: અમુક વકીલો ઉપર અધિકાર ભોગવતા એક ન્યાયાધીશ તરીકે જ એમણે એ લખ્યો છે.

શ્રી ગાંધી: એ વાત સાચી. પરંતુ તે વખતે તેઓ કોઈ મુકદ્દમાનો નિર્ણય કરવા માટે અદાલતમાં બેઠા નહોતા. મને ફરીથી લાગે છે કે હું મારે માટે મેં બાંધેલી મર્યાદાઓની બહાર જઈ રહ્યો છું. અદાલતના તિરસ્કારના કાયદાની એકંદર મતલબ એવી છે કે માણસે એવું કંઈ ન કરવું જોઈએ જેને લીધે અદાલત સમક્ષ ચાલી રહેલા મુકદ્દમા ઉપર સારી કે માઠી અસર થાય. પરંતુ અહીં તો ન્યાયાધીશે જે કર્યું છે તે એક વ્યક્તિ તરીકે કર્યું છે. કોઈ પણ રીતે ન્યાયાધીશોના નિર્ણયને અસર પહોંચાડવા મેં કશું જ કર્યું નથી.

ન્યાયમૂર્તિ માર્ટિન: મુકદ્દમાનું કામ ચાલુ હોય, તે દરમ્યાન જો અખબારો એના ઉપર ટીકા કરે તો તે ભયંકર ન ગણાય? અદાલત ન્યાય આપનારી સંસ્થા મટી જાય, અને એની જગાએ વર્તમાનપત્ર જ એવી સંસ્થા બની બેસે.

શ્રી ગાંધી: આ બે વચ્ચેનો ફરક હું ફરીથી સાદર સ્પષ્ટ કરીશ. જો એક છોકરો પોતાના પિતા ઉપર ગેરવાજબી દાવો માંડે, તો તેના એ આચરણ વિષે હું ટીકા કરું તે વાજબી ગણાશે, અને અદાલતના નિર્ણય ઉપર એની કશી અસર પડશે નહીં. અને જ્યારે જાહેર પુરુષો મુકદ્દમા લડનારા લોકોને અદાલતની બહાર જઈ પોતાના દાવા પતાવવા સમજાવે છે, ત્યારે શું આપણી અદાલતો તેમને અટકાવે છે? એટલે મારું કહેવું એવું છે કે મેં તિરસ્કાર બતાવ્યો નથી. મેં કોઈ પણ પક્ષે સારી કે નબળી અસર પહોંચાડી નથી અને મિ. કૅનેડીના ન્યાયાધીશ તરીકેના કાર્ય ઉપર કોઈ ટીકા કરી નથી. હું આ અદાલતને એવી ખાતરી કરાવવા ઇંતેજાર છું કે મિ. કૅનેડીના પત્ર ઉપર ટીકા કરવામાં અદાલત પ્રત્યે સહેજ પણ અનાદર બતાવાયો નથી. મારી ભૂલ થઈ હશે, અને અદાલતની નજરમાં એ ભૂલ ગંભીર હશે, પરંતુ મેં બદઇરાદાથી અથવા અનાદરના ભાવથી એવું કર્યું નથી. એ કહેવાની જરૂર નથી કે મેં કહ્યું છે તે બધું પ્રકાશક શ્રી દેસાઈના કેસને પણ લાગુ પડે છે.

એ પછી ન્યાયમૂર્તિ માર્ટિને શ્રી ગાંધીનું ધ્યાન ઇંગ્લંડમાં અપાયેલા એક ચુકાદા તરફ દોર્યું. લંડન ટાઇમ્સના એક તાજા જ અંકમાં એના સમાચાર પ્રસિદ્ધ થયા હતા. એ ચુકાદામાં એક વર્તમાનપત્રના તંત્રી, પ્રકાશક અને મુદ્રકને કોર્ટનો તિરસ્કાર કરવા બદલ દંડ કરવામાં આવ્યો હતો.

શ્રી ગાંધી: અહીં પણ હું સાદર જણાવીશ કે હું બે કેસો વચ્ચેનો ફરક બતાવી શકું એમ છું. હું ઇંગ્લંડમાં હતો ત્યારે ત્યાં મિસિસ મેબ્રિકનો પ્રસિદ્ધ મુકદ્દમો ચાલી રહ્યો હતો. એ સવાલ પર બધાં વર્તમાનપત્રો બે પક્ષમાં વહેંચાઈ ગયાં હતાં. એક પક્ષ મિસિસ મેબ્રિકને

Gandhi Heritage Portal

ઉતારી પાડતો હતો અને બીજો પક્ષ ન્યાયમૂર્તિ સ્ટિફનની એટલે સુધી નિંદા કરતો હતો અને સૂચવતો પણ હતો કે તેનામાં એ કેસ ચલાવવાની લાયકાત જ નથી.

ન્યાયમૂર્તિ માર્ટિન: પરંતુ એ બધું તો મુકદ્દમો પૂરો થયા પછીની વાત છે ને?

શ્રી ગાંધી: ના જી, મુકદ્દમો ચાલુ હતો ત્યારની એ વાત છે. આ મુકદ્દમો મહિનાઓ સુધી ચાલ્યો હતો, અને એ ચાલ્યો ત્યાં સુધી રોજેરોજ હું એની કાર્યવાહી વાંચતો રહ્યો હતો.

ન્યાયમૂર્તિ માર્ટિન: મિ. ગાંધી, એ મુકદ્દમો મહિનાઓ સુધી નહીં, પરંતુ થોડાક દિવસો જ ચાલ્યો હતો.

શ્રી ગાંધી: કબૂલ છે. મારા કહેવામાં સુધારાને અવકાશ હશે. પરંતુ મને બરાબર યાદ છે કે એ કેસ ચાલતો હતો ત્યારે વર્તમાનપત્રો તમામ પ્રકારની વ્યંગોક્તિઓ, દોષારોપણ અને નિંદાથી એટલાં બધાં ભરેલાં રહેતાં કે મને ખાતરી છે કે તેઓ જેટલી હદે ગયા હતા તેટલી હદે એક પત્રકાર તરીકે મારાથી આજે પણ જઈ શકાય તેમ નથી.

શ્રી દેસાઈએ કહ્યું કે શ્રી ગાંધીના અભિપ્રાય સાથે હું પૂરેપૂરો સંમત છું. આ કેસમાં દલીલ કરવાની મારી યોગ્યતા શ્રી ગાંધી કરતાં ઘણી ઓછી છે એની મને ખાતરી છે, એટલે હું દલીલ કરવાની ધૃષ્ટતા કરીશ નહીં. નામદાર ન્યાયમૂર્તિઓ જે કંઈ ન્યાય આપશે તે હસતે મોઢે અને અદબપૂર્વક માથે ચઢાવવા હું તૈયાર છું.

ફેંસલો મુલતવી રાખવામાં આવ્યો હતો.[1]

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया १०–३–१९२०

## ૫૮. એમ. આર. જયકરને પત્ર

સાબરમતી આશ્રમ,
માર્ચ ૧૦, ૧૯૨૦

રિપોર્ટનો મોટો ભાગ[2] મેં આપને લાહોરથી મોકલ્યો છે અને બાકીનો અમૃતસરથી મોકલ્યો છે. દરેક બાબત બને તેટલી કાળજીથી તપાસવાનો મેં પ્રયત્ન કર્યો છે. આપે હાંસિયામાં લખેલી બધી સૂચનાઓ મેં વિચારી જોઈ છે અને એમાંથી મને સ્વીકારવા જેવી લાગી તે મેં સામેલ કરી દીધી છે. પ્રગતિ કેવી થઈ કહી છે તે કૃપા કરીને મને જણાવતા રહેશો. ૧૬મી એપ્રિલ માટે આપણે તૈયાર હોઈશું ખરા?[3]

[મૂળ અંગ્રેજી]

ध स्टोरी ऑफ माय लाइफ ભાગ ૧, પા. ૩૩૨

૧. આ ફેંસલો ૧૨મી માર્ચે અપાયો હતો. ઉપસંહાર કરતાં ન્યાયમૂર્તિ માર્ટિને નીચે પ્રમાણે કહ્યું હતું: "આક્ષેપો સાબિત થયા છે એમ અદાલત માને છે. અદાલત બંને પ્રતિવાદીઓને સખત ઠપકો આપે છે અને ભવિષ્યમાં એવું નહીં કરવા ચેતવણી આપે છે."

૨. ૧૯૧૯નાં પંજાબનાં રમખાણો વિષેના રિપોર્ટની પ્રેસ નકલની આ વાત છે. એ રિપોર્ટ મુંબઈમાં જયકરની દેખરેખ નીચે છપાયો હતો.

૩. કોંગ્રેસે નીમેલા પંજાબ તપાસ પંચના મંત્રી કે. સંતાનમે વર્તમાનપત્રોને જણાવ્યું હતું કે રિપોર્ટ ૧૬મી એપ્રિલે પ્રસિદ્ધ થશે. પરંતુ હકીકતમાં તે ૨૫મી માર્ચે પ્રસિદ્ધ થયો હતો.

Gandhi Heritage Portal

## ૫૮(૧). મહાદેવ દેસાઈને પત્ર

બુધવાર [માર્ચ ૧૦, ૧૯૨૦][1]

ભાઈ મહાદેવ,

હું ન લખું એટલે તમારાથી પણ ન લખાય એવો કાયદો માથેરાનમાં ઘડાયો લાગે છે. આજે તો મેં હદ વાળી છે. સવારના બે વાગ્યે કામ શરૂ કરી દીધું તેથી થાક ચડયો. પણ શાંતિ ભારે રહી. રિપોર્ટનું[2] ફરી વાચન તૈયાર થશે ત્યારે બાળક જેમ નિશાળની રજા પડે ને કૂદે તેમ હું પણ જો મારું હૈયું ફૂટયું ન હોય તો કૂદું.

તમારી તબિયત ત્યાં સરસ રહેવી જ જોઈએ. દુર્ગા કાલે નવસારી ગયેલ છે. મારો મૅનિફેસ્ટો વાંચ્યો?[3] ન વાંચ્યો હોય તો કાલના ટાઇમ્સમાં વાંચજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૧૧૪૧૧

## ૫૯. એમ. આર. જયકરને પત્રો[4]

(૧)

માર્ચ ૧૧, ૧૯૨૦

ટપાલ ખાતાના અધિકારીઓના સૌજન્યથી હવે હું આખી થોકડી,[5] એટલે કે રિપોર્ટના ૨૪મી સુધીના કાગળો આપને મોકલી શકું છું. બીજી થોકડીમાં મેં કંઈક ઉમેર્યું છે તે કયે સ્થળે છે તે આપ કૃપા કરીને જોઈ લેજો. હવે પછી ઠીક ઠીક મોટી થોકડી મોકલવા ધારું છું.

(૨)

આજે થોડી વધારે સામગ્રી મોકલું છું. મને સંતોષ આપવા એ પૂરતી છે. હકીકત એ છે કે હવે હું થાકી ગયો છું અને હું જોઉં છું કે લખેલું ફરીથી તપાસવાનું કામ ઘણું જ થકવનારું છે. આજે રાત્રે મને બિલકુલ આરામ મળ્યો નથી.

કામ મારાથી બની શકે તેટલું ચોકસ કરવા મારી ઉત્કટ ઇચ્છા છે.

૧. આ પત્રમાં "રિપોર્ટ" અને "મૅનિફેસ્ટો"ના ઉલ્લેખો છે. તે ઉપરથી આ તારીખ નક્કી કરવામાં આવી છે.

૨. પંજાબનાં રમખાણો વિષેના કૉંગ્રેસના રિપોર્ટનો ઉલ્લેખ જણાય છે. આ રિપોર્ટ ૨૫મી માર્ચ, ૧૯૨૦ને રોજ પ્રસિદ્ધ થયો હતો.

૩. ખિલાફત વિષે અખબારોને મોકલેલા નિવેદનનો ઉલ્લેખ જણાય છે; જુઓ "ખિલાફત વિષે અખબારો જોગ પત્ર", ૭–૩–૧૯૨૦.

૪. આ લેખમાં ગાંધીજીના ત્રણ જુદા જુદા પત્રોનો સમાવેશ થયો છે. આ પત્રો ગાંધીજીએ એક જ દિવસે અને એક જ વિષય ઉપર જયકરને લખ્યા હતા.

૫. પંજાબનાં રમખાણો વિષેના રિપોર્ટની પ્રેસ-નકલની થોકડી.

Gandhi Heritage Portal

(૩)

શ્રી દાસે[૧] પુરાવાનો જે સારાંશ તૈયાર કર્યો છે તે અને સૂચવવામાં આવેલી પુરવણી હું કાળજીપૂર્વક વાંચી ગયો છું. મેં તો માનેલું કે તેઓ ચોકસ સાક્ષીઓનાં બયાનો એકઠાં કરશે અને તેમના એકરારનો અભ્યાસ હું કરી શકીશ. એ તો જે હોય તે ખરું. પરંતુ જે સારાંશ મને મળ્યો છે તેનાથી મને જરા પણ સંતોષ થયો નથી. એટલું જ નહીં, પણ તેમણે સૂચવ્યું છે તે ઢબની ચર્ચાથી તો રિપોર્ટની બધી ખૂબી મરી જશે. મારા અભિપ્રાય પ્રમાણે આ રિપોર્ટ બીજી રીતે ખૂબ જ ખાતરીલાયક છે. શ્રી દાસે રજૂ કરેલા મુદ્દા તો મને વેરવિખેર પડેલા અનેક તંતુઓ જેવા લાગે છે. એમાંથી દોરડું નહીં વણી શકાય. મારે તો એ મુદ્દા એકમેક સાથે ગોઠવાઈને તમારે માટે રસ્તો બનાવતી ઈંટો જેવા જોઈએ છે. એ રસ્તે ચાલીને તમે તમારા ધ્યેય પર પહોંચી જઈ શકો. એમણે પુરવણીમાં સૂચવેલી કલ્પનાની રિપોર્ટમાં ચર્ચા કરવાનું જરૂર મને ખૂબ જ ગમે. પરંતુ જ્યાં સુધી એને માટે પ્રથમદર્શની પુરાવો ન મળે ત્યાં સુધી એમ થઈ ન શકે.[૨]

આ બાબતની ચર્ચા ગોઠવવા માટે કૃપા કરીને આપ પોતે એનો અભ્યાસ કરી લો અને જો આપનો અભિપ્રાય મારાથી વિરુદ્ધ જતો હોય તો હું ઇચ્છું કે આ મુદ્દા ઉપર આપ પોતે પુરાવા એકઠા કરો અને પછી આ વિચારની ચર્ચા કરો. આપ જે કંઈ લખશો તેના ઉપર હું સહી કરીશ, પરંતુ એ શરતે કે શ્રી દાસે જે લખ્યું છે તેનાથી આપે આગળ જવાનું નથી. એમણે એ વાત આપણા બે ઉપર છોડેલી છે. મારી દલીલ આપ સ્વીકારી લો એવો મારો આગ્રહ નથી. જે વસ્તુ મને અસંબદ્ધ લાગે છે તે આપને સુસંબદ્ધ લાગવા સંભવ છે. જો આપ જુદો અભિપ્રાય બાંધશો તો હું તે સહર્ષ સ્વીકારી લઈશ. જો શ્રી દાસ એમની વાત આપણા પૈકી એકને ગળે ઉતારી શકશે તો એમની સાથે પણ હું સમાધાન કરી લઈશ. જો આપને એમ લાગતું હોય કે આ બાબત મસલત કરવા જેટલી મહત્ત્વની છે તો કૃપા કરીને તે માટે અહીં આવી જશો. આપની ટીકા સાથે આ પત્ર શ્રી દાસને મોકલવા તસ્દી લેશો?

[મૂળ અંગ્રેજી]

ધ સ્ટોરી ઑફ માય લાઇફ, ભાગ ૧, પા. ૩૩૨–૩

૧. સી. આર. દાસ; કૉંગ્રેસની પંજાબ સબકમિટીએ નીમેલા તપાસપંચના સભ્ય.

૨. આ પત્ર સંબંધમાં જયકર કહે છે: "શિક્ષા કરવાના ઇરાદાથી ડાયરે તેમને જલિયાંવાલા બાગ તરફ ધકેલવા જાળ બિછાવી રાખી હતી કે કેમ, એ વિચારના સમર્થનમાં પૂરતો પુરાવો છે કે નહીં એ પ્રશ્ન સંબંધમાં આ મુદ્દો હતો. મોતીલાલ, દાસ અને મારો અભિપ્રાય એવો હતો કે આ આરોપનો ઉલ્લેખ રિપોર્ટમાં થાય એ વાતને ઉચિત ગણવા માટે પૂરતો પુરાવો છે. પરંતુ ગાંધી અમારા વિચારથી સખત રીતે જુદા પડતા હતા." જુઓ જયકરની આત્મકથા ધ સ્ટોરી ઑફ માય લાઇફ, ભાગ ૧, પા. ૩૩૨.

Gandhi Heritage Portal

# ૯૦. રવીન્દ્રનાથ ટાગોરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૧૧, ૧૯૨૦

પ્રિય ગુરુદેવ,

આપના બે તારોની પહોંચ હજી સુધી મારાથી લખી શકાઈ નથી. આ બે તારો પૈકી એક બનારસને સરનામે હતો જે ત્યાંથી અહીં મોકલવામાં આવ્યો હતો અને બીજો અહીંને સરનામે હતો. આપે આમંત્રણનો[1] સ્વીકાર કર્યો તે બદલ અમે સૌ આપના ઘણા આભારી છીએ. કાર્યક્રમો કે તમાશાથી આપને લાદી દેવામાં ન આવે તે માટે બનતો પ્રયત્ન થઈ રહ્યો છે. આપ ગુજરાતને કેટલો સમય આપી શકશો અને એકબે અગત્યનાં સ્થળોની મુલાકાત લઈ શકશો કે કેમ તેનો જવાબ, જરૂર લાગે તો તારથી આપવા કૃપા કરશો? બીજો પ્રશ્ન આપના ઉતારા સંબંધમાં છે. આપ આશ્રમમાં ઊતરશો? આપ આશ્રમમાં મુકામ કરશો તો મને જે આનંદ થશે તે બીજા કશાથી નહીં થાય. મારી ઉત્કટ ઇચ્છા છે કે આપ અહીં રહો તે દરમ્યાન આશ્રમ શી વસ્તુ છે અને તેના આદર્શો કેવા છે તે સમજી લો. આશ્રમમાં એવા ઘણા લોકો છે જેઓ આપના શિષ્યો બની ચૂક્યાનો દાવો કરે છે. એ બધાને આપની હાજરીનો લાભ મળે એવી પણ મારી ખાસ ઇચ્છા છે. ગુજરાતી છોકરાઓ અને છોકરીઓ તો છે જ. તે સાથે પેલો સિંધી છોકરો ગિરધારી[2] છે, એને તો આપ ઓળખશો જ. મણીન્દ્ર હજી અહીં જ છે અને સરલાદેવીનો દીકરો દીપક પણ આશ્રમમાં જ છે. આ આશ્રમ અમદાવાદ શહેરના મધ્ય ભાગથી ચાર માઈલ દૂર આવેલો છે અને સાબરમતી નદીને કિનારે એક ટેકરા ઉપર વસેલો છે.

એટલે હવે આપ કાં તો આશ્રમમાં રહી શકશો અથવા અમદાવાદ શહેરમાં તમામ આધુનિક સગવડોથી સજ્જ એવા ખાનગી બંગલામાં રહી શકશો. આપની તબિયત અને આપની સગવડ સાચવવી એ અમારું પ્રથમ કર્તવ્ય છે એ કહેવાની જરૂર ન હોય, એટલે આપની ઇચ્છા પ્રમાણેની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવશે. જો આપને કોઈ ખાસ સગવડની કે વસ્તુઓની જરૂર હોય તો તે પણ કૃપા કરીને મને લખી જણાવશો.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[તા. ક.]

પરિષદ ૨જી એપ્રિલથી ૪થી એપ્રિલ સુધી ૩ દિવસ ચાલશે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૪૬૨૭

૧. અમદાવાદમાં ૨જી એપ્રિલથી ૪થી એપ્રિલ, ૧૯૨૦ સુધી ગુજરાતી સાહિત્ય પરિષદનું છઠ્ઠું અધિવેશન ભરાવાનું હતું તેમાં વ્યાખ્યાન આપવાનું આમંત્રણ.

૨. જે. બી. કૃપાલાનીના ભત્રીજા.

Gandhi Heritage Portal

## ૬૦(૧). ગોકરણનાથને તાર[1]

અમદાવાદ,
માર્ચ ૧૨, ૧૯૨૦

એપ્રિલના પહેલા અઠવાડિયામાં અહીં રોકાયેલો છું.[2]

ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટપાલમાં પહોંચેલા મૂળ તાર પરથી: સી. ડબ્લ્યુ. ૫૯૯૦

## ૬૧. એમ. આર. જયકરને પત્રો[3]

માર્ચ ૧૩, ૧૯૨૦

(૧)

મેં આજે [રિપોર્ટ] પૂરો કરવા પ્રયત્ન કર્યો, પણ કરી શકયો નહીં. તેમ છતાં આશા રાખું છું કે કંપોઝીટરોને[4] બેસી રહેવું નહીં પડયું હોય.

કસુર વિષે એક નોંધ હાંસિયામાં લખેલી મારા જોવામાં આવી. પરંતુ ટોળાના વર્તન વિષે જે લખવામાં આવ્યું છે તેને મારે હળવું કરી નાખવું જોઈએ. તે હું કરી શકયો નથી. મેં લખેલા એકેએક શબ્દનો બચાવ થઈ શકે તેમ છે. પરંતુ જ્યાં હું સ્પષ્ટ નિર્ણય કરી શકયો નથી, ત્યાં ફેરફાર કરવાની જવાબદારી લેવાનું કદાચ આપને ગમશે. કસુરનું ટોળું બહુ જ તોફાની બન્યું હતું, એટલે એ વાત આપણે સ્પષ્ટ રીતે કબૂલ કરવી જ જોઈએ.

(૨)

આજે હું બહુ જ થોડી સામગ્રી મોકલી રહ્યો છું. પરંતુ અગાઉ મેં એટલું મોકલ્યું છે કે કંપોઝીટરોને પૂરતું કામ મળી રહેશે. આખી રાત જાગવું પડે તોપણ આ કામ મારે આવતી કાલે તો પૂરું કરવું જ જોઈએ.

(૩)

ઈશ્વરનો આભાર કે છેલ્લો હપતો મોકલી રહ્યો છું. કૃપા કરીને બધું બહુ જ ધ્યાન દઈને વાંચી જજો.

ડૉ. પરશુરામ પાસેથી આપ બીમાર થયાની વાત જાણીને દુઃખ થયું.

[મૂળ અંગ્રેજી]

ધ સ્ટોરી ઑફ માય લાઇફ, ભાગ ૧, પા. ૩૩૩–૪

૧. આ તાર એમને લખનૌ મોકલવામાં આવ્યો હતો. તેઓ તે વખતે હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી હતા.

૨. કારણ એ જણાય છે કે એપ્રિલના પહેલા અઠવાડિયામાં અમદાવાદમાં ભરાનારી ગુજરાતી સાહિત્ય પરિષદ અંગે રવીન્દ્રનાથ ટાગોર અમદાવાદ આવનાર હતા.

૩. આ લેખમાં એક જ દિવસે લખાયેલા ત્રણ જુદા જુદા પત્રો છે. તે પંજાબનાં રમખાણો વિષે કોંગ્રેસના રિપોર્ટની પ્રેસ-નકલ સંબંધમાં લખાયા હતા.

૪. મુંબઈના જે છાપખાનામાં રિપોર્ટ છપાતો હતો તે કર્ણાટક પ્રિન્ટિંગ પ્રેસના કંપોઝીટરો.

Gandhi Heritage Portal

# ૬૨. પ્રેસ ઍક્ટ અને મિ. હૉર્નિમૅન

પ્રેસ ઍક્ટ રદ કરવા વિષે જે સભા[1] મુંબઈમાં ભરાઈ હતી એ અગત્યની સભા હતી. પ્રેસ ઍક્ટ રદ થવાથી જેટલો લોકોને લાભ છે તેટલો જ સરકારને છે એમ સર નારાયણ ચંદાવરકર[2] બતાવી શક્યા. ઑસ્ટ્રીચ પક્ષીને વિષે એમ કહેવાય છે કે એ જ્યારે ભય જુએ છે ત્યારે પોતાનું મોં રેતીમાં સંતાડે છે અને પછી ભય નથી એમ માની લે છે, અને છેવટે ઘેરાઈ જાય છે. પ્રેસ ઍક્ટ કરીને સરકારે પોતાની દશા ઑસ્ટ્રીચ પક્ષીના જેવી કરી મૂકી છે. જો લોકોની વૃત્તિ સરકાર પ્રત્યે ખરાબ હોય તો તે વૃત્તિ બતાવવાનું વાહન વર્તમાનપત્ર છે. તેને દાબવાથી કંઈ વૃત્તિ સુધરવાની નથી. વળી પ્રેસ ઍક્ટને રાખી મૂકવો એ વાયુશાસ્ત્રી હવાનું દબાણ માપવાના યંત્રને ભાંગીને હવાની સ્થિતિ જાણવાનો પ્રયત્ન કરે તેના જેવું થયું. પ્રેસ ઍક્ટ દાખલ કરીને પ્રજાનો વાયુ કઈ દિશામાં વહે છે, કેવો છે એ જાણવાનું યંત્ર સરકારે ખોખરું કરી મેલેલું છે અને તેથી પ્રજાવૃત્તિ બરોબર જાણવા સરકાર અશક્ત થઈ ગયેલ છે. તેથી પ્રેસ ઍક્ટને રદ કરવો એ જ સરકારનું કર્તવ્ય છે, અને તે રદ કરાવવા પ્રયત્ન કરવો એ પ્રજાની ફરજ છે.

પણ સરકારની જે વૃત્તિ પ્રેસ ઍક્ટ રાખવામાં રહેલી છે તે જ વૃત્તિનો ભોગ મિ. હૉર્નિમૅન થઈ પડેલા છે. પ્રજામત ચોખ્ખો જાહેર થાય એ સરકાર સહન કરી શકતી નથી, તેથી પ્રજામતને ઘણી દૃઢતાથી જાહેર કરનાર મિ. હૉર્નિમૅનને પણ સહન કરી શકી નથી. મિ. હૉર્નિમૅને પ્રજામતને કેળવવામાં જે શક્તિ બતાવી છે તે થોડા જ બતાવી શક્યા છે. તેમણે પ્રજામાં જે જુસ્સો રેડ્યો છે તેવો જુસ્સો થોડા જ રેડી શક્યા છે. પણ મિ. હૉર્નિમૅનની શક્તિ ભલે તેમ ન હો, તોપણ કેવળ ન્યાય પક્ષનો જ વિચાર કરતાં મિ. હૉર્નિમૅનની ઉપર કાંઈ ગુનો સિદ્ધ થયો નથી. તોયે કેવળ સ્વેચ્છાએ સરકાર તેમને હિંદુસ્તાન બહાર રાખી શકે એ પ્રજા કદી સહન ન કરી શકે. મિ. હૉર્નિમૅનની પદ્ધતિ અને મતોની સાથે મળનાર જ તેમને છોડવવાનો પ્રયત્ન કરી શકે એવું કશું જ નથી. તેમની સાથે અમને મતભેદનાં ઘણાંયે કારણો હોય છે. તેમની ભાષા ઘણી વેળા જોઈએ તેના કરતાં વધારે આકરી હોય છે. તેમ છતાં તેમને હિંદુસ્તાનમાં દાખલ થવાનો હક બીજાઓના જેટલો જ હોવો જોઈએ એ વિષે અમારા મનમાં જરાયે શંકા નથી. તેથી મજકૂર સભાએ મિ. હૉર્નિમૅનને વિષે જે ઠરાવ કર્યો છે તેને અમે વધાવી લઈએ છીએ એટલું જ નહીં પણ તેમને પાછા લાવવાનું આ આંદોલન જારી રહે અને તેઓની સામેના હુકમો મુંબઈની સરકાર ખેંચી લે તેમ કરવાને સારુ પ્રજાએ ચાંપતા ઉપાયો લેવા જોઈએ એમ અમે માનીએ છીએ.[3] એ જ સભામાં ત્રીજો ઠરાવ એવો પસાર થયો કે જે જે પ્રેસની પાસે જામીનગીરી

૧. ૫મી માર્ચ, ૧૯૨૦ને રોજ ભરાયેલી સભા.

૨. નારાયણ ગણેશ ચંદાવરકર (૧૮૫૫–૧૯૨૩); મુંબઈના લિબરલ પક્ષના નેતા. તેઓ આ સભાના પ્રમુખ હતા.

૩. ઠરાવ રજૂ કરતી વખતે કે. નટરાજને હાઉસ ઑફ કૉમન્સમાંના કામકાજનો ઉલ્લેખ કર્યો હતો. ત્યાં હિંદી વજીર બોલ્યા હતા કે હૉર્નિમૅન હિંદુસ્તાન પાછા ન ફરે એનો બધો આધાર સંપૂર્ણ રીતે મુંબઈની સરકાર ઉપર છે.

Gandhi Heritage Portal

વગેરે લેવામાં આવ્યાં છે તે પાછાં આપી દેવાં જોઈએ.[1] આ ત્રણે બાબત ઉપર સરકાર ધ્યાન આપશે એવી અમારી ઉમેદ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૪-૩-૧૯૨૦

## ૯૩. એસ્થર ફેરિંગને પત્ર[2]

આશ્રમ,
માર્ચ ૧૪, ૧૯૨૦

મારી વહાલી દીકરી,

તારે માટે હું જરૂર પ્રાર્થના કરીશ; અને હું જાણું છું કે એથી વિશેષ મારાથી કંઈ થઈ શકે તેમ પણ નથી. જે કટોકટીમાંથી તું પસાર થઈ રહી છે તેમાં મિત્રો તને કશી મદદ કરી શકશે નહીં. મારા આશીર્વાદ છે કે ઈશ્વર તારું રક્ષણ કરે.

સાચ ને જૂઠ કેરા એ સંઘર્ષે કોક આવતી,
સઘળાં રાષ્ટ્ર ને વ્યક્તિ સન્મુખે ક્ષણ એકદા,
શુભે કે અશુભે પક્ષે કરવા એક નિશ્ચય.

નવો જ કોઈ પ્રભુનો ફિરસ્તો,
ઉદ્દેશ કોઈ સુમહાન આ તો!
આપે બધાં આ જગનાં જનોને
પ્રફુલ્લતા વા વિનિપાત ઘોર.

વામે અવામે[3] ઉભયે સુપક્ષે,
વિભાજતો મેષ અજા[4] તણાં ધણો.
પ્રકાશ ને અંધતમિસ્ર[5] મધ્યે,
ને આમ ચાલે વરણી સદાયે.

બનશે તો દરરોજ આવું કંઈક શોધી કાઢીશ અને તેને મારી પ્રાર્થનાનો પટ આપીને મોકલતો રહીશ. આજે જે અવતરણ મોકલ્યું છે તે કવિ લોવેલની કૃતિઓમાંથી છે.

પ્યાર સહિત,

તારો
બાપુ

૧. પ્રેસ ઍક્ટ મુજબ કેટલાંક છાપખાનાંઓ તથા વર્તમાનપત્રોએ સરકારમાં જામીનગીરીઓ ભરી હતી. મુંબઈની સરકારે તે પાછી આપી હતી. એ બદલ આ ઠરાવમાં બીજી બાબતો સાથે એ સરકારનો આભાર માનવામાં આવ્યો હતો ને બાકીના કેસોમાં એવું જ પગલું લેવા તેને વિનંતી કરવામાં આવી હતી.

૨. એસ્થર ફેરિંગના વિવાહ ડૉ. ઈ. કે. મેનન સાથે જાહેર થયા ત્યારે એના ઉપર ટીકાની ઝડીઓ વરસી હતી. એમાંની કેટલીક કઠોર અને અનુદાર હતી. આ અને એ પછીના દસ પત્રો આ દિવસોમાં એસ્થરને સાંત્વન અને હિંમત આપવા લખાયા હતા.

૩. ડાબા-જમણી

૪. મેષ અજા – ઘેટાં બકરાં.

૫. અંધતમિસ્ર – ઘોર અંધકાર.

Gandhi Heritage Portal

[તા. ક.]

મારા કેસનો[1] ચુકાદો જાહેર થઈ ગયો છે. સાંભળ્યું છે કે અમને બંનેને[2] અદાલતે ઠપકો આપ્યો છે પણ સજા કરી નથી.

બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૬૦

## ૬૩(૧). ગોકરણનાથને તાર

અમદાવાદ,
માર્ચ ૧૫, ૧૯૨૦

ગોકરણનાથ
લખનૌ

સર રવીન્દ્રનાથ અમદાવાદ આવનાર છે તે વખતે[3] સભા અમદાવાદમાં ભરી શકાય? ન બને તો મુંબઈમાં ભરો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટપાલમાં મળેલા મૂળ તાર પરથી: સી. ડબ્લ્યુ. ૫૯૮૯

## ૬૪. ગિરધારીલાલને તાર[4]

માર્ચ ૧૬, ૧૯૨૦

મારા 'મૅનિફેસ્ટો'[5]માં સૂચવ્યા પ્રમાણે તમારે હડતાળ[6] પાડવી જોઈએ અને જાહેર સભામાં ભાગ લેવો જોઈએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૧૩૮

૧. મુંબઈની હાઈકોર્ટમાં ચાલેલા કેસ સમક્ષ; જુઓ "શું એ અદાલતનો તિરસ્કાર હતો?" ૧૦–૩–૧૯૨૦.

૨. ગાંધીજી અને મહાદેવ દેસાઈ.

૩. ટાગોર ૧લી એપ્રિલે આવનાર હતા અને ૫મી એપ્રિલ સુધી રહેવાના હતા. એપ્રિલના બીજા અઠવાડિયામાં ગાંધીજી અને ટાગોર બંનેને મુંબઈ પહોંચવાનું હતું.

૪. આ તાર ગિરધારીલાલના નીચેના તારના જવાબ રૂપે હતો: "અમૃતસરમાં હડતાળ પાડવી કે નહીં અને ઠરાવમાં હિંદુઓએ કેટલી હદ સુધી ભાગ લેવો, તેનો કૃપા કરીને તારથી જવાબ આપો."

૫. જુઓ, "ખિલાફત વિષે અખબારો જોગ પત્ર", ૭–૩–૧૯૨૦.

૬. ૧૯મી માર્ચે, ખિલાફત દિને.

Gandhi Heritage Portal

# ૬૫. એસ્થર ફેરિંગને પત્ર

મુંબઈ,
માર્ચ ૧૬, ૧૯૨૦

ચીજો સ્વપ્ને ન ધારી બહુવિધ, જગમાં, સાંપડે પ્રાર્થનાથી.
ધારાયંત્રે[1] અહીં આ, જલકણ ઝરતા, એમ મારી સમીપે,
રાત્રી ને દી તમારું સ્વરઝરણ વહો, એટલું નાથ માગું.

પ્રભુને જાણતા તોયે, પ્રાર્થના ટાંકણે જનો
મિત્રકાર્યે સ્વકાર્યે વા, કર રૂડા ન જોડતા.
ડૂબ્યાં છે અંધકારે જે, એવાં આ પશુઓ અને
બુદ્ધિયુક્ત મનુષ્યોમાં, રહ્યો ફરક શો પછી?

પ્રભુનાં ચરણો સાથે, ભૂમંડળ સમસ્ત આ,
સુવર્ણશૃંખલાઓથી, સંકળાયું જણાય છે.

**ટેનિસન**

વહાલી દીકરી,

તારી દિલગીરીમાં મારા આજના હિસ્સા તરીકે ઉપરનું કાવ્ય છે. એથી તારો ભાર હળવો થાઓ.

પ્યાર સહિત,

તારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૬૧.

૧. ધારાયંત્ર – ફુવારો.

Gandhi Heritage Portal

# ૬૬. ખિલાફત

અલ્લાહાબાદના લીડર અને યંગ ઇન્ડિયા વચ્ચે મતભેદ પડયો છે. લીડર માટે મને એવો ગૂઢ આદર છે કે તે જે અભિપ્રાય દર્શાવે છે તે સ્વીકારી લેવા હું સખત પ્રયાસ કરું છું. પરંતુ મારા પ્રયત્નો છતાં હમણાં હમણાં હું એ પત્રના વિચારો સ્વીકારી શકતો નથી. એનો સૌથી તાજો દાખલો લીડર બહિષ્કાર અને અસહકાર વિષે જે વિચારના વમળમાં ફસાયું છે તે છે. મેં તો માન્યું હતું કે મારા કહેવાનો અર્થ સ્પષ્ટ છે અને એમાં કશી અસંગતિ નથી. બૉયકોટ એટલે બહિષ્કાર એક પ્રકારની શિક્ષા છે અને તેનો ઉદ્‌ભવ વેરભાવમાંથી થયો હોય છે. બ્રિટિશ માલનો બહિષ્કાર કરવા પાછળ એવો વિચાર રહેલો છે કે બ્રિટિશ માલ બીજા માલ કરતાં, દા. ત. જાપાની માલ કરતાં સારો હોય તોપણ આપણે તે ખરીદવો નહીં, કારણ કે બ્રિટિશ પ્રધાનોએ આપણને કરેલા અન્યાય બદલ અથવા કેટલાક અંગ્રેજોએ ખિલાફત વિષે વાપરેલી તદ્દન બિનજવાબદાર અને તુમાખીભરી ભાષા બદલ આપણે અંગ્રેજ પ્રજા ઉપર વેર લેવું છે. હું માનું છું કે આ સંજોગોમાં બહિષ્કાર એ એક પ્રકારની હિંસા છે.

અસહકારનો પાયો એનાથી તદ્દન જુદો છે. જો સરકાર અન્યાય કરતી હોય તો તેની સાથે સહકાર કરવાનો અર્થ એ થાય કે આપણે એ અન્યાય કરવામાં ભાગ લઈએ છીએ અને એ રીતે એને માટે એ અન્યાય કરવાનું શકય બનાવીએ છીએ. એટલે કોઈ શિક્ષા કરવાના હેતુથી નહીં તેમ વેરભાવથી પણ નહીં, પરંતુ એ અન્યાયની જવાબદારી આપણે માથે ન આવે એ દૃષ્ટિથી સરકાર સાથેનો સહકાર બંધ કરી દેવો એ આપણું કર્તવ્ય થઈ પડે છે. તે એટલે સુધી કે જો સરકારને આપણે બિલકુલ થંભાવી દઈએ, તોપણ તે વાજબી ગણાશે. એટલે આ બાબતમાં હું સ્પષ્ટ જોઈ શકું છું કે જેમ હાથી કરતાં ગધેડો જુદો છે તેવી જ રીતે અસહકાર એ બહિષ્કાર કરતાં તદ્દન જુદી જ બાબત છે.

હું હિંસાને નામંજૂર કરું છું અને હડતાળને મંજૂર રાખું છું એમાં પણ લીડરને અસંગતિ દેખાય છે. આમાં મને કશું અસંગત લાગતું નથી, કેમ કે હું માનું છું કે હડતાળને પરિણામે હિંસા થાય જ એવું હમેશાં બનતું નથી. સાચી વસ્તુ કરવામાં જોખમ રહેલું હોય તે કારણે જ એ કરવાનું કાયમને માટે રોકી શકાય નહીં. લીડરની મુશ્કેલી એ કારણે ઉદ્‌ભવી હશે કે કદાચ એ માનતું હોય કે કડક અને નિશ્ચિત પગલું ભરવાની જરૂર નથી અને મિત્રરાજ્યો મુસલમાનો વિરુદ્ધ ફેંસલો[1] આપે પછી પણ હિંદુસ્તાનના મુસલમાનો માટે શાંતિ જાળવવાનું શકય છે. મારો અભિપ્રાય એવો છે કે આ પ્રશ્નનો ન્યાયી ઉકેલ લાવે એવી કોઈ અહિંસક કાર્યપદ્ધતિ નહીં શોધી કાઢવામાં આવે તો આ આંદોલન[2] જરૂર હિંસાને રવાડે ચઢી જશે. એવું બને કે બધાં કડક પગલાંમાંથી હિંસા પેદા થાય, પરંતુ આપણા કાર્યથી ગેરસમજ ઊભી થશે અથવા તેનું બૂરું પરિણામ આવશે એવી શંકા રાખીને આપણે સાચી વસ્તુ કરતાં ડરવું નહીં જોઈએ. માનવી દૃષ્ટિથી કહેતાં એટલું જ શકય છે કે ભૂલો અને ગેરસમજ ન થાય તે અંગે સાવચેતી રાખવી અને ઈશ્વરમાં

૧. તુર્કસ્તાનના સુલતાનની રાજકીય અને ધાર્મિક સત્તા સંબંધમાં.
૨. ખિલાફતનું આંદોલન.

Gandhi Heritage Portal

શ્રદ્ધા રાખીને આગળ વધવું. હું જાણું છું કે જો હિંસાથી બચવું હોય તો ખિલાફતના પ્રશ્નનો યોગ્ય ઉકેલ લાવવો જોઈએ. એના અભાવે એ પ્રશ્નને જો કોઈ પગલું હિંસાથી બચાવી શકે તેમ હોય તો તે માત્ર ઉપર કહ્યો તે માર્ગ જ છે. એટલે મને વિશ્વાસ છે કે બધા વિચારના હિંદીઓ આ આંદોલનમાં જોડાશે. જો હિંદુઓ એકમત થઈને મક્કમ વલણ અપનાવશે તો તેનાથી મુસલમાનોનાં હૃદયમાં જરૂર હિંમત અને આશા પ્રગટશે. એને બદલે જો ઢીલાપણું કે લાપરવાહી બતાવવામાં આવશે તો નિરાશા અને ઝનૂન પેદા થશે.

સત્યાગ્રહ સામેના વાંધા સંબંધમાં પણ આ જ વાત કહેવાની છે. હું હજી પણ માનું છું કે આજે તો મારા અભિપ્રાય પ્રમાણે શુદ્ધ સત્યાગ્રહ કરવાની લાયકાત મારા એકલામાં જ છે. પરંતુ જો એ માન્યતાને કારણે હું સત્યાગ્રહના પ્રયોગો કરતો અટકું, તો તો સત્યાગ્રહ કદી આગળ જ નહીં વધે, પરંતુ અહીં વચલો અર્થ નીકળે એવો એક વધુ તર્કદોષ છે. સત્યાગ્રહ જો સવિનયભંગના રૂપમાં કરવામાં આવે તો તેનાં અનિષ્ટ પરિણામો આવવા સંભવ છે. પરંતુ હડતાળ એ કોઈ નવું શસ્ત્ર નથી અને હડતાળ સત્યાગ્રહ હોય અથવા ન પણ હોય. એ જ રીતે અસહકાર અનિવાર્યપણે સત્યાગ્રહ હોવો જોઈએ એવું નથી. જ્યારે માનનીય પંડિત મદનમોહન માલવિયાએ ઈમ્પીરિયલ કાઉન્સિલના સભ્યપદેથી રાજીનામું આપ્યું[1] અથવા જ્યારે સર રવીન્દ્રનાથ ટાગોરે ખિતાબ[2] લઈ લેવાની વિનંતી કરી ત્યારે તેઓએ સત્યાગ્રહીઓ તરીકે એમ નહોતું કર્યું. બેશક, મોટા પાયા પર સત્યાગ્રહ કરવામાં જોખમ રહેલું છે. પરંતુ એ તો કેવળ એક દેખીતું સત્ય ઉચ્ચારવાનું થયું. એક ખાસ વાત યાદ રાખવાની એ છે કે મુસલમાનો માટે ખિલાફત એ જીવનમરણનો પ્રશ્ન છે. એનો યોગ્ય ઉકેલ મેળવવાનું એમને માટે અત્યંત આવશ્યક છે. જ્યાં સુધી મુસલમાન ભાઈઓ અહિંસાને માર્ગે કામ કરતા રહે ત્યાં સુધી તેમને ખાતર સર્વસ્વ અર્પણ કરવાનું હિંદુઓનું પવિત્ર કર્તવ્ય છે. અને તેઓ એ માર્ગને વળગી રહે તે માટે તમામ હિંદુઓ, ખ્રિસ્તીઓ, પારસીઓ અને યહૂદીઓ, જેમણે આ દેશને પોતાનો બનાવ્યો છે તેઓ સહુ પૂરા દિલથી એમને ટેકો આપે અને હિંસાનો આશ્રય લીધા વિના એમની ફરિયાદો દૂર કરાવવાના અસરકારક તરીકા સૂચવે, એ સિવાય બીજો વધારે સારો માર્ગ મને દેખાતો નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७–३–१९२०

૧. ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૧૯ને રોજ.

૨. એમણે પોતાનો નાઈટહુડનો ખિતાબ ૧લી જૂન, ૧૯૧૯ને રોજ છોડી દીધો હતો.

Gandhi Heritage Portal

## ૬૭. એસ્થર ફેરિંગને પત્ર

મુંબઈ,
માર્ચ ૧૭, ૧૯૨૦

હે નાથ હે શાસક દૃષ્ટિ દેજે,
નિહાળવા ચીજમહીં બધી તને;
હું જે કરું એ સઘળુંય નિત્યે
હજો તવાર્થે, પ્રભુ, એમ શીખ દે.

તારો જ અંશ બનજો સઘળું, અને શું
એવું જ હોય અતિતુચ્છ, ન થાય જેહ,
'તારે જ કાજ' ઇતિ અર્કથી શુદ્ધદીપ્ત ?

પ્રભુના નામથી જે કો, સંમાર્જે નિજ આંગણું,
કર્મ ને આંગણુંયે તે, દિવ્ય બન્ને કરી રહે.
મણિ પારસ તે આ છે, ફેરવે કાંચને બધું,
પ્રભુ સ્પર્શ કરે જેને, પોતાનો જેહને કરે,
કહેવો કમ શું એને, કાંઈ કાંચનથી કદી ?

જૉર્જ હર્બટ

મારી વહાલી દીકરી,

આ કાવ્યની કોઈ એકાદ પંક્તિ, કોઈ એકાદ શબ્દ, કોઈ એકાદ વિચાર તારું દુઃખ હળવું કરવામાં મદદરૂપ થાઓ.

પ્યાર સહિત,

તારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૬૨

Gandhi Heritage Portal

# ૯૮. મગનલાલ ગાંધીને પત્ર

[માર્ચ ૧૭, ૧૯૨૦][1]

ચિ. મગનલાલ,

રેંટિયાની મુદત વધારવી હોય તો તમે વધારી શકો છો[2] પણ તમે જે જવાબ લખ્યો છે એ બરોબર જોઉં છું. તે માણસનો રેંટિયો સારો હશે તો તેને કંઈ આપશું. આશ્રમમાં આપણે ખાદીનો ઉપયોગ જોઈએ તેટલો નથી કરતા એમ માનું છું. સરલાદેવીએ પણ ટીકા કરી. સ્ત્રીઓના અંગ ઉપર ખાદી મુદ્દલ ન જ હોય એમ હોવાનું કારણ હું તો નથી જોતો. ખાદીને રંગવી હોય તો રંગાય. પણ બાલિકાઓ ખાદીની ચોળી પખતી પહેરે તેમાં કંઈ દોષ નથી જણાતો. બૈરાંને તો ખાદીની ચોળી પહેરવામાં અડચણ ન જ આવવી જોઈએ. સંતોક,[3] રાધા,[4] રૂખીને સમજાવી શકો તો સમજાવજો.

મારે ૨૦મીએ દિલ્હી જવું પડશે. ૨૨મીએ દિલ્હી હોઈશ. ૨૩મીએ દિલ્હી છોડી મુંબઈ આવીશ. પછી ઘણે ભાગે એક અઠવાડિયું સિંહગઢ જઈ આવીશ. ટપાલ તો હમણાં ત્યાં જ રાખવી અને તેમાં અગત્યના કાગળો હોય તેનો તમે અથવા નરહરિ[5] જવાબ આપો. મુંબઈ બધી ટપાલ એકઠી મને ૨૪મીએ મળે એમ કરજો. દરમિયાનમાં સાચવવી કે જેથી બીજી સૂચના કરવી હોય તો હું કરી શકું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૭૮૩

શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

૧. ૧૯૨૦ના વર્ષમાં માર્ચની ૨૧મીથી માર્ચની ૨૪મી સુધી ગાંધીજી દિલ્હીમાં હતા, અને માર્ચની ૨૬મીથી માર્ચની ૩૦મી સુધી સિંહગઢમાં હતા. માર્ચની ૧૭મીએ અને માર્ચની ૧૯મીએ તેઓ મુંબઈમાં હતા, એટલે દેખીતી રીતે જ આ પત્ર મુંબઈથી લખાયો હતો.

૨. દેશી રેંટિયાનો સુધારેલો નમૂનો મેળવવા માટે તા. ૫-૧૦-૧૯૧૯ના નવજીવનમાં એક ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું તેનો આ ઉલ્લેખ છે, એ દેખીતું છે. જુઓ પુસ્તક ૧૬, પા. ૨૦૭-૮. રેંટિયાની ઇનામ માટેની હરીફાઈ અમદાવાદમાં ૩૧મી માર્ચ, ૧૯૨૦ને રોજ યોજવામાં આવી હતી.

૩. મગનલાલનાં પત્ની.

૪. મગનલાલની દીકરી.

૫. નરહરિ દ્વારકાદાસ પરીખ, ૧૯૧૭થી સાબરમતી આશ્રમમાં વસતા ગાંધીજીના રચનાત્મક કાર્યકરોમાંના એક.

Gandhi Heritage Portal

## ૬૯. એસ્થર ફેરિંગને પત્ર

મુંબઈ,
ગુરુવાર [માર્ચ ૧૮, ૧૯૨૦][1]

જીવવું મરવું ઈશ, રહ્યું ના મમ હસ્તક.
તને સેવું અને ચાહું, પ્રાપ્તવ્યાર્થ જ એ રહે.
તમારા કરુણાહસ્તે આપવું એ મને ઘટે.
દીર્ઘાયુ જો મળે તો હું, હર્ષથી રાચતો રહું,
તારા શાસનની નીચે ચિરકાલ રહી શકું.
ગણ્યાગાંઠ્યા દિનો હોયે જીવને, ખિન્ન કાં બનું?
અનંતકાલ પર્યન્ત, ઊડવા શીદ હું ચહું?
પૂર્વે ઈસુ ગયા જે જે, અંધકારભર્યા પથે,
દોરે ના મુજને તેથી ગાઢા અંધારમાં કદી.
પ્રભુ રાજ્યે જશે તેને, એ પંથે જ જવું રહે.
કૃપા તારી થકી પામું ધન્યદર્શનપાત્રતા,
આવજો આવજો નાથ, એ સમે આવજો પ્રભો!
કાર્ય જો દુન્યવી તારું આટલું મધુરું બને,
પ્રભુતા દિવ્ય એ તારી, કેવીયે મધુરી હશે?
દિવ્ય જીવનનું એવા, જ્ઞાન ઝાઝું ન હું ધરું.
શ્રદ્ધાચક્ષુ વળી મારું, દીસતું બહુ દુર્બલ.
ઈસુ સર્વજ્ઞ છે કિન્તુ, પર્યાપ્ત એટલું થશે.
તેમને પાલવે હું તો, વળગીને સદા રહું.

રિચર્ડ બૅક્સ્ટર

મારી વહાલી દીકરી,

બીજી સાંજ પડી એટલે મારું મન તારા વિષેના વિચારોથી ભરાઈ રહ્યું છે. એ વિચારોને હું ભગવાનને ચરણે ધરી રહ્યો છું, જેણે તને અને મને સર્જ્યાં છે. એ વિચારોનો તારા હિતાર્થે એને જે ઉપયોગ કરવો હોય તે કરે.

પ્યાર સહિત,

તારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

નૅશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૬૩

૧. ગાંધીજીએ ૧૭મી માર્ચ, ૧૯૨૦ અને ૨૧મી માર્ચ, ૧૯૨૦ને રોજ એસ્થર ફેરિંગ ઉપર પત્રો લખ્યા હતા. આ બે તારીખો વચ્ચે આપણી પાસે બે પત્રો તારીખ વિનાના છે. ૨૧મી માર્ચના પોતાના પત્રમાં ગાંધીજી લખે છે કે ગઈ કાલે મેં તને (એસ્થરને) પત્ર લખ્યો નથી. એટલે આ તારીખ વિનાના પત્રો જેમાંનો એક આ છે તે, ૧૮મી માર્ચ અને ૧૯મી માર્ચે લખાયા હોવા જોઈએ. આ પત્રોનો ક્રમ મૂળ પુસ્તકમાં આપેલા ક્રમ પ્રમાણે રાખ્યો છે.



Gandhi Heritage Portal

# ૭૦. મૅનલીને પત્ર

[માર્ચ ૧૮, ૧૯૨૦][1]

પ્રિય મિ. મૅનલી,

તમારા પત્ર બદલ આભાર. અમદાવાદ માટે કશી ફિકર રાખવાની જરૂર નથી. મિલ-મજૂરોની સંભાળ રાખવા માટે બહેન અનસૂયાબહેન સારાભાઈ અમદાવાદમાં રોકાઈ ગયાં છે. શ્રી વલ્લભભાઈ પટેલ[2] ટપાલખાતાના માણસોની[3] સંભાળ રાખી રહ્યા છે. આવતી કાલે કોઈ પણ જગાએ ગરબડ થવાનો સંભવ ખરેખર મને દેખાતો નથી. મિસિસ મૅનલીને મારી યાદ કહેજો.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૭૧૪૧

# ૭૧. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર[4]

મુંબઈ,
માર્ચ ૧૮, ૧૯૨૦

પ્રિય શ્રી શાસ્ત્રી,

ગયે વર્ષે મેં કૉંગ્રેસના કામકાજમાં સક્રિય ભાગ લીધો હોવાથી મને કહેવામાં આવ્યું છે કે મારે હજી પણ વધારે સક્રિય રીતે રસ લેવો, અને તે એટલે સુધી કે એકાદ સંગઠનમાં જોડાઈ જવું. જેમની સાથે કામ કરવાનો મને લહાવો મળ્યો હતો એવા ભાઈઓ તરફથી આ માગણી આવી છે, છતાં એમના સંગઠન સાથે હું કશો સંબંધ ધરાવતો નહોતો. એમણે મને અખિલ હિંદ હોમરૂલ લીગમાં જોડાવા કહ્યું છે. મેં એમને કહ્યું છે કે મારી ઉંમર જોતાં અને અનેક બાબતો ઉપર મારા વિચારો દૃઢ થયેલા છે તે જોતાં, જો હું કોઈ સંગઠનમાં જોડાઉં તો એનાથી દોરાવા માટે નહીં પરંતુ નીતિ ઉપર તેની અસર પાડવા માટે જ જોડાઉં. આનો અર્થ એવો નથી કે નવા વિચારો ગ્રહણ કરવા માટે હું મારું મન ખુલ્લું રાખીશ નહીં અથવા અત્યારે તે ખુલ્લું નથી. હું ભારપૂર્વક એટલું જ કહેવા માગું છું કે કોઈ પણ નવા વિચારમાં

૧. માર્ચની ૧૯મી તારીખે ખિલાફત દિન નિમિત્તે દેશભરમાં હડતાળ પાડવાની હતી. તેમ અમદાવાદમાં પણ તે દિવસે હડતાળ પડવાની હતી. આ સંબંધમાં મુંબઈના સી. આઈ. ડી. ખાતાના ડેપ્યુટી પોલીસ કમિશનર મૅનલીએ ગાંધીજીને એક પત્ર લખી અમદાવાદની સ્થિતિનો સાચો અંદાજ કાઢવામાં મદદ માગી હતી. આ પત્ર એના જવાબરૂપે હતો.

૨. ૧૮૭૫–૧૯૫૦; તે વખતના ગુજરાતના કૉંગ્રેસી નેતા; પાછળથી તેઓ સ્વતંત્ર ભારતના નાયબ વડાપ્રધાન બન્યા હતા.

૩. ટપાલખાતાના માણસો તે વખતે હડતાળ પર હતા.

૪. ગાંધીજીએ આ પત્રની નકલો નટેસન જેવા બીજા મિત્રોને પણ ખાનગી પ્રચાર માટે મોકલી આપી હતી.

Gandhi Heritage Portal

ખાસ આંજી નાખે એવું આકર્ષણ હશે તો જ તે મને પ્રભાવિત કરશે. આ મિત્રો સમક્ષ મેં જેને વિષેના મારા વિચારો ઘડાઈ ગયેલા છે એવા નીચેના મુદ્દા રજૂ કર્યા છે:

૧. જો આપણે એક પ્રજા તરીકે નામના કાઢવી હશે તો દેશના રાજકીય જીવનમાં ઊંચામાં ઊંચા પ્રકારની પ્રામાણિકતા દાખલ કરવી પડશે. આનો અર્થ એ થયો કે અત્યારથી જ બહુ દૃઢતાથી અને સ્પષ્ટ રીતે સત્યના સિદ્ધાંતનો કોઈ પણ ભોગે સ્વીકાર કરવો જોઈએ.

૨. સ્વદેશી આપણું તાત્કાલિક ધ્યેય હોવું જોઈએ. જે લોકો ભવિષ્યમાં કાઉન્સિલના[1] સભ્ય થવાની અભિલાષા સેવતા હોય તેમને કહી દેવું જોઈએ કે તેમણે દેશના ઉદ્યોગોને, ખાસ કરીને કાપડ ઉદ્યોગને સર્વાંગસંપૂર્ણ રક્ષણ આપવાની પ્રતિજ્ઞા લેવી જોઈશે.

૩. નજીકના ભવિષ્યમાં હિંદુસ્તાનીનો એટલે કે હિંદી અને ઉર્દૂના મિશ્રણથી બનેલી ભાષાનો આપસઆપસના વ્યવહાર માટે રાષ્ટ્રભાષા તરીકે અચૂક સ્વીકાર થવો જોઈએ. એટલે ભાવિ સભ્યોએ ઇમ્પીરિયલ કાઉન્સિલમાં એવી રીતે કામ કરવા વચન આપવું જોઈશે કે ત્યાં હિંદુસ્તાની ભાષાનો ઉપયોગ કરવાનું શરૂ થાય અને સ્થાનિક કાઉન્સિલમાં જે તે પ્રદેશની દેશી ભાષા વપરાવા લાગે. રાષ્ટ્રીય કામકાજ ચલાવવા માટે આજે આપણે અંગ્રેજી ભાષા વાપરીએ છીએ, તેનો આપણે પૂરેપૂરો ત્યાગ ન કરી શકીએ ત્યાં સુધી કામચલાઉ ધોરણે હિંદી અને પ્રાદેશિક ભાષાઓ વૈકલ્પિક માધ્યમ તરીકે વપરાતી થાય, એટલું તો ઓછામાં ઓછું થવું જ જોઈએ. તેઓએ એવું પણ વચન આપવાનું રહેશે કે પોતે દેવનાગરી અથવા ઉર્દૂ લિપિવાળી હિંદુસ્તાનીને આપણી શાળાઓમાં એક ફરજિયાત બીજી ભાષા તરીકે દાખલ કરશે. અંગ્રેજીને સામ્રાજ્યના વ્યવહાર માટે, રાજકીય વાટાઘાટો માટે અને આંતરરાષ્ટ્રીય વેપાર માટેની ભાષા તરીકે માન્ય રાખવામાં આવશે.

૪. શકય હોય ત્યાં સુધી વહેલામાં વહેલી તકે ભાષાને ધોરણે પ્રાંતોની પુનર્રચના કરવાનો સિદ્ધાંત સ્વીકારવો.

૫. હિંદુમુસલમાન એકતાનો, એના તાત્ત્વિક રૂપમાં તથા રાજકીય અને ધાર્મિક દૃષ્ટિબિંદુથી, એક અફર સિદ્ધાન્ત તરીકે સ્વીકાર કરવો. આમાં પરસ્પર સહાયની, પરસ્પર સહિષ્ણુતાની અને એક વર્ગનાં દુ:ખોને સૌનાં દુ:ખો માનવાની અપેક્ષા છે. બીજું [હોમરૂલ] લીગના સત્તાવાર કાર્યક્રમમાં રોટી-બેટીના સંબંધ દ્વારા એકતાના પ્રચારની જે વાત છે તે બાતલ કરવામાં આવશે અને ખિલાફતના સવાલ પર સક્રિય સહકારની વાત ઉમેરવામાં આવશે. મિત્રો સાથેની ચર્ચાઓ દરમ્યાન મેં એમને એમ પણ કહ્યું છે કે મારા સવિનયભંગના સિદ્ધાન્તને લીગ સત્તાવાર રીતે માન્ય રાખે એવી માગણી કરવાનો હું વિચાર કરીશ નહીં તેમ જ હું કોઈ પક્ષનો સભ્ય નથી અને લીગને એક એવી અ-પક્ષ સંસ્થા બનાવવા ઇચ્છીશ કે તે તમામ પ્રામાણિક માણસોને, જો તેઓ પક્ષનો ખ્યાલ રાખ્યા વિના પોતે પસંદ કરેલી સેવા કરવા બીજી રીતે શક્તિશાળી હશે તો તેમને મદદ કરે. મારા અભિપ્રાય પ્રમાણે લીગ કૉંગ્રેસ વિરોધી સંસ્થા બની શકે નહીં, પણ અત્યારે તે જે રીતે કૉંગ્રેસના હિતમાં કામ કરી રહી છે તે રીતે જ એણે કામ કરવું જોઈએ.

૧. અહીં ગાંધીજીના મનમાં દિલ્હીની ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ હોવી જોઈએ.

Gandhi Heritage Portal

આપ મારી લાયકાત અને મારી ખામીઓથી સારી રીતે પરિચિત છો. તો આપની શી સલાહ છે? મારે લીગમાં જોડાવું?[1]

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

लेटर्स ऑफ वी. एस. श्रीनिवास शास्त्री, પા. ૬૯-૭૧

## ૭૨. એસ્થર ફેરિંગને પત્ર

મુંબઈ,
શુક્રવાર [માર્ચ ૧૯, ૧૯૨૦][2]

કરત ગાન હું, આપદા તરું
જનમની, કરી રાત્રિના દિનો;
ગ્રહત ના અહં, જો મને બધે,
વચન કર્મમાં શ્લિષ્ટ એ રહી.

સકળ ચિંતને સ્વાર્થ છે મને,
રચત આભમાં તુચ્છ મંદિરો.
અવરકાજના પ્રેમનો કરું,
સરસ ઢોળ હું, આપ દીપવા.[3]

અખિલ વિશ્વને, ન્યાય તોળતું
અવગુણે ગુણે, ધારતો રહું.
સ્તુતિ કરે જનો, મુક્ત કંઠથી,
સહજ જે, થતી દ્વેષથી ગણું.

ગતિ તેજ ઘણી ધારું જીવને, તોય ના બનું,
ઘૃણાપાત્ર અહંકાર થકી પૂરો ન મુક્ત હા!
ગતિ થાતાં વિલંબિત, ડગથી ડગ મેળવે,
ને ગાળે રાત સારીયે, સંગે એ આપણા રહી.
અન્ય કાજે, નહીં સ્વાર્થે, જાત ખોવા જ હું ચહું,
બંધુમગ્ન રહી જીવું, તેમને કાજ હે પ્રભો!

૧. ગાંધીજી ૨૮મી એપ્રિલ, ૧૯૨૦ને રોજ લીગમાં જોડાયા હતા અને તેમણે તેનું પ્રમુખપદ સ્વીકાર્યું હતું.

૨. જુઓ, "એસ્થર ફેરિંગને પત્ર", ૧૮-૩-૧૯૨૦ની પાદટીપ ૧.

૩. આપ દીપવા – હું પોતે દીપી ઊઠું તે માટે.

Gandhi Heritage Portal

મારી વહાલી દીકરી,

તું તારું વચન ભૂલી ગઈ છે. આટલા બધા દિવસ સુધી તું મને નહીં ટટળાવ: આજને માટે મેં ઉપરનું કાવ્ય પસંદ કર્યું છે.

પ્યાર સહિત,

તારો
**બાપુ**

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઈન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા माय डियर चाइल्ड, પા. ૬૪

## ૭૩. મુંબઈમાં ખિલાફત વિષે ભાષણ[1]

માર્ચ ૧૯, ૧૯૨૦

આ મહાન સભાનો એકમાત્ર ઠરાવ[2] રજૂ કરવાનું માન મને મળ્યું છે, તે મારે માટે અત્યંત આનંદનો વિષય છે.

આજના શાંતિમય સમારંભની ભવ્ય સફળતા માટે હું એના યોજકો અને સ્વયંસેવકોને ધન્યવાદ આપું છું. કામકાજ બંધ રાખવાથી કેવાં પરિણામો આવવા સંભવ છે, એ સંબંધમાં અમને

૧. આ ભાષણ ખિલાફત દિન નિમિત્તે યોજવામાં આવેલી એક જાહેર સભામાં કરવામાં આવ્યું હતું. આ સભામાં મુસલમાનો, હિંદુઓ અને અન્ય ધર્મોના મળીને લગભગ ત્રીસ હજાર નાગરિકો હાજર હતા. મિયાં મહમદ હાજી જાનમહમદ છોટાણી પ્રમુખ હતા.

૨. આ ઠરાવનું મૂળ લખાણ નીચે પ્રમાણે હતું:

"મુંબઈના હિંદુઓ, મુસલમાનો અને અન્ય નાગરિકોની આ સભા, મુસલમાનોના અને તેથી આખા હિંદુસ્તાનના મર્મને આઘાત પહોંચાડવાના ઉદ્દેશથી બ્રિટનમાં ચાલી રહેલા જોરદાર અને બેજવાબદાર આંદોલન પ્રત્યે, આ દ્વારા તીવ્ર વિરોધ નોંધાવે છે; અને આશા રાખે છે કે હિંદુસ્તાનને એક સ્વતંત્ર ભાગીદાર તરીકે સામ્રાજ્યમાં ચાલુ રાખવા માગતા નામદાર સમ્રાટના પ્રધાનો અને બીજા રાજપુરુષો આ આંદોલનથી પોતાની જાતને અળગા રાખશે, એટલું જ નહીં પણ નામદાર સમ્રાટના કરોડો મુસ્લિમ પ્રજાજનોની ન્યાયી અને ધાર્મિક લાગણીઓ સાથે સુસંગત હોય તે રીતે ખિલાફતના પ્રશ્નનો નિવેડો લાવીને હિંદુસ્તાનના વતનીઓને ખાતરી કરાવી આપશે કે બ્રિટનના લોકો તેમના પ્રત્યે ભ્રાતૃભાવ ધરાવે છે.

વળી આ સભા પોતાને ઊંડી ખાતરી થયાનું જાહેર કરે છે કે જો આ પ્રશ્નનો ઉપર કહ્યા કરતાં બીજી રીતે ઉકેલ કરવામાં આવશે, તો આખરે એનું પરિણામ એ આવશે કે સરકારને સહકાર આપવાનું પ્રજા બિલકુલ બંધ કરી દેશે. અને તેથી આ સભા સામ્રાજ્યના તમામ મુત્સદ્દીઓને અપીલ કરે છે કે તેમણે હિંદુસ્તાનની વફાદારી ઉપર આવું સખત દબાણ મુકાતું અટકાવવું જોઈએ.

સાથે સાથે આ સભા એ હકીકતની પણ નોંધ કરવા માગે છે કે હિંદુસ્તાનના વતનીઓની ન્યાયી ભાવનાઓને અમલમાં લાવવાના હેતુથી ગમે તેવાં સંયુક્ત પગલાં ભરવાની જરૂર જણાય તોપણ એમાં વાણી કે કર્મથી કોઈ પણ પ્રકારે હિંસાનો આશ્રય લેવામાં આવશે નહીં; આ સભાનો દૃઢ અભિપ્રાય છે કે આ આંદોલન સંબંધમાં જો કોઈ પણ પ્રકારે હિંસા આચરવામાં આવશે તો તેથી આંદોલનને ગંભીર ઈજા થશે અને કદી ન સુધરી શકે તેવું નુકસાન પહોંચશે.

બધી કોમોની આ સંયુક્ત કાર્યવાહી નિષ્ફળ જતાં મુસલમાનો પોતાને માટે સંજોગો પ્રમાણે જરૂરી લાગે તેવાં પગલાં લેવાનો હક સુરક્ષિત રાખે છે.

આ ઠરાવની નકલ નામદાર વાઈસરોયને મોકલી આપવા અને તે નકલ નામદાર સમ્રાટને પહોંચાડવા તેમને વિનંતી કરવા આ સભાના પ્રમુખને સત્તા આપવાનું આથી ઠરાવવામાં આવે છે." अमृतबझार पत्रिका, ૨૪-૩-૨૦.

Gandhi Heritage Portal

ઘણી ચેતવણીઓ આપવામાં આવી હતી. કાંઈ નહીં તો મુંબઈએ ખિલાફત સમિતિના પ્રયાસોને લીધે આ બાબતમાં ઉમદા વર્તન બતાવ્યું છે. હડતાળ સ્વયંસ્ફુરિત અને ઐચ્છિક હતી. કોઈએ કોઈના ઉપર બિલકુલ દબાણ કર્યું નહોતું. સમિતિને મેં સલાહ આપી હતી કે હડતાળમાં ભાગ લેવા મિલમજૂરોને એલાન આપવું નહીં. આ સલાહ તેણે માની છે એ જોઈને મને ઘણો સંતોષ થયો છે.

અત્યારે દેશનાં જુદાં જુદાં ઔદ્યોગિક કારખાનાંઓમાં[1] માલિકો અને મજૂરો વચ્ચે તંગદિલી ચાલી રહી છે એ જોતાં માલિકો રાજીખુશીથી રજા નહીં આપે ત્યાં સુધી મજૂરોને કામ ઉપરથી ગેરહાજર રહેવાનું ઉત્તેજન આપણે નહીં આપીએ.

આપણો ઠરાવ ચાર ભાગમાં વહેંચાયેલો છે. પહેલા ભાગમાં વિરોધ દર્શાવવામાં આવ્યો છે તેમ જ વિનંતી કરવામાં આવી છે. ખિલાફતના પ્રશ્ન સંબંધમાં ઇંગ્લંડમાં જે જોરદાર અને બેજવાબદાર આંદોલન[2] ઊભું થયું છે તેની સામે વિરોધ જાહેર કરવામાં આવ્યો છે અને પ્રધાનો તથા બીજા રાજપુરુષોને એવી અપીલ કરવામાં આવી છે કે તેમણે આ આંદોલનથી અળગા રહેવું અને હિંદુસ્તાનના મુસલમાનોની ન્યાયી ધાર્મિક લાગણીઓ સાથે સુસંગત હોય એવું માનભર્યું સમાધાન કરાવી બ્રિટનના લોકોના આપણા પ્રત્યેના ભ્રાતૃભાવની આપણને ખાતરી કરાવી આપવી. બીજા ભાગમાં લાગતાવળગતાઓને ચેતવણી આપવામાં આવી છે કે જો ખિલાફતના પ્રશ્નનો નિવેડો વિરુદ્ધમાં આવશે તો પરિણામે સરકાર સાથેનો તમામ સહકાર બંધ થઈ જાય એવો સંભવ છે. વળી તેનાથી હિંદના લોકોની વફાદારી ઉપર અસાધારણ દબાણ પહોંચશે,[3] અને જો કમનસીબે આવું કોઈ પગલું ભરવાની જરૂર ઊભી થશે તો તેને લીધે ઉશ્કેરાટ ફેલાવાનો પણ સંભવ છે. ઠરાવના ત્રીજા ભાગમાં વાણી કે વર્તન દ્વારા હિંસા આચરવા સામે બહુ જ સ્પષ્ટ શબ્દોમાં લોકોને ચેતવણી આપવામાં આવી છે, અને આ મહાન સભાનો એવો અભિપ્રાય જાહેર કરવામાં આવ્યો છે કે જો કોઈ પણ પ્રકારે હિંસા થશે તો તેથી આ પવિત્ર કાર્યને ઈજા થશે અને કદી ન સુધરી શકે તેવું નુકસાન પહોંચશે. આટલે સુધી તો આ ઠરાવ હિંદુઓ, મુસલમાનો અને બીજાઓ જેમણે આ મહાન દેશને પોતાની માતૃભૂમિ માની છે અથવા પોતાના રહેઠાણ તરીકે અપનાવ્યો છે તે બધા વચ્ચેનો એક સંયુક્ત કરાર છે.

એટલે લડત દરમ્યાન જે સંયુક્ત આંદોલન કરવામાં આવે તેમાં અહિંસાની નીતિ અનુસરવામાં આવશે એવું બંધન આ ઠરાવથી ઊભું થાય છે. પરંતુ મુસલમાનો ઉપર એમના ધર્મગ્રંથ કુરાને વિશિષ્ટ ફરજો નાખી છે તે બજાવવામાં હિંદુઓ એમને સાથ આપે કે ન પણ આપે. એટલે જો અસહકાર અને અહિંસા નિષ્ફળ નીવડે તો ઇસ્લામનાં ધર્મશાસ્ત્રો ન્યાય મેળવવા માટે આદેશ આપે તે બધા ઉપાયોનો આશરો લેવાનો અધિકાર મુસલમાનોએ પોતાને

૧. દાખલા તરીકે, જમશેદપુરમાં તાતા આયર્ન વર્ક્સના હડતાળ પર ઊતરેલા મજૂરો ઉપર પોલીસ અને લશ્કરના માણસોએ ૧૫મી માર્ચે ગોળીબાર કર્યો હતો.

૨. ઇંગ્લંડમાં તુર્ક લોકો સામે એવો પ્રચાર ચાલી રહ્યો હતો કે તેમણે માનવજાત પ્રત્યે અમાનુષી અત્યાચારો કર્યા છે. ઘણું કરીને આ પ્રચારનો અહીં ઉલ્લેખ છે.

૩. ગાંધીજીનો અસહકારનો કાર્યક્રમ જનતા સમક્ષ પહેલી વાર ૨૯મી જાન્યુઆરી, ૧૯૨૦ને રોજ મેરઠમાં ભરાયેલી ખિલાફત પરિષદમાં મુકાયો હતો. ફેબ્રુઆરી ૨૯, ૧૯૨૦ને રોજ કલકત્તામાં ભરાયેલી બીજી ખિલાફત પરિષદમાં મૌલાના આઝાદે પોતાના પ્રમુખ તરીકેના ભાષણમાં "મુસલમાનોના સ્વીકાર માટે" આ કાર્યક્રમની ભલામણ કરી હતી.

Gandhi Heritage Portal

માટે અબાધિત રાખ્યો છે. હિંમતપૂર્વક આ ઠરાવ સાથે હું મારી હાર્દિક સંમતિ જાહેર કરું છું. હું માનું છું કે આ ઠરાવની ભાષા બિલકુલ વિનયશીલ અને નરમાશભરી છે. હું જોઉં છું કે આ મંચ ઉપર શિયાઓ અને સુન્નીઓ,[1] હિંદુઓ અને પારસીઓ, બધા એક વિનયભર્યો વિરોધ દર્શાવવા એકઠા થયા છે. હિંદુઓની મોટી કાપડ માર્કેટ અને બીજી દુકાનો પૂરેપૂરી બંધ રહી છે એ વાત મુસલમાનોની માગણીને હિંદુઓનો ટેકો હોવાની આબાદ ખાતરી આપે છે. લંડનમાં ઊભા થયેલા નાપાક આંદોલનથી હિંદુસ્તાનમાં લાગણી એવી ઉશ્કેરાઈ છે કે ન્યાય મળતાં સુધી એ ઉશ્કેરાટ શમશે નહીં. એ એક દુ:ખદ આશ્ચર્યની વાત છે કે લૉર્ડ કર્ઝન જેવા પણ, પોતાને હિંદુસ્તાન વિષે આટલું બધું જ્ઞાન અને અનુભવ હોવા છતાં, આ અજ્ઞાનમૂલક આંદોલનમાં જોડાયા છે.

તેમ છતાં વિપત્તિનું જે વાદળ માથા પર ઘેરાયું છે તેમાં આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. મિ. મૉન્ટેગ્યુ કશી બાંધછોડ વિના આપણી વકીલાત કરતા રહ્યા છે. મિ. લૉઇડ જૉર્જે આખરે પોતાની યાદગાર જાહેરાતનું[2] પુનરુચ્ચારણ કંઈક અચકાતાં અચકાતાં કર્યું છે. હું માનું છું કે આપણી માગણી કબૂલ કરાવવા માટે હિંદ સરકાર બહુ મક્કમતાપૂર્વક દબાણ કરી રહી છે. ઍંગ્લો-ઇન્ડિયન અખબારો પણ આપણી વિરુદ્ધમાં નથી. टाइम्स ऑफ इन्डिया અને બંગાળ ચેમ્બર ઑફ કૉમર્સે આપણા પક્ષનું સમર્થન એમ ને એમ નહીં પણ કંઈક ઉમળકાથી કર્યું છે. આ ઠરાવ તમામ અંગ્રેજોને આમંત્રણ આપે છે કે તેઓ સત્યના નેજા નીચે એકઠા થાય અને બ્રિટિશ પ્રતિષ્ઠાને તથા બ્રિટનના વડા પ્રધાને આપેલા વચનને સાચવી લે. બ્રિટન સાથેના સંબંધ પ્રત્યેની મારી વફાદારીમાં હું બીજાથી ઊતરું એમ નથી, પરંતુ મારું સ્વમાન વેચીને તથા મારા દેશબંધુઓના એક વર્ગની અતિશય તીવ્ર અને ઊંડી ધાર્મિક લાગણીઓનું બલિદાન આપીને એ વફાદારી ખરીદવાની હું ના પાડું છું. જે વફાદારી ટકાવી રાખવા માટે પોતાનો આત્મા વેચવો પડે એ વફાદારી કશા કામની નથી. ગયા યુદ્ધ દરમ્યાન[3] હિંદુ અને મુસલમાન બંને કોમોના સૈનિકોએ આપેલી સેવાઓનો જાહેર સ્વીકાર થયો હોવા છતાં જો બ્રિટિશ મુત્સદ્દીઓએ આપેલાં વચનો તોડવામાં આવે, તો હિંદુસ્તાનને વફાદારીની પ્રેરણા આપતાં કારણોનું અસ્તિત્વ જ રહેશે નહીં. મેં આશા છોડી નથી, પરંતુ જો આશાનું પરિણામ નિરાશામાં આવશે અને ન બનવાનું બનશે, તો આપણી આ સુંદર માતૃભૂમિનું શું થશે તે પ્રભુ જાણે. આપણે આટલું જાણીએ છીએ કે અન્યાયનું નિરાકરણ નહીં થાય અને આઠ કરોડ મુસલમાનોની લાગણીઓ નહીં સંતોષાય, ત્યાં સુધી સરકાર કે લોકો માટે શાંતિ અથવા આરામ હરામ બની જશે. '

હું ધારું છું કે પોતાના મુસલમાન દેશબંધુઓ સાથે કદમ મિલાવીને ચાલવાનું તેમને માટે ફરજરૂપ શા માટે છે એ બતાવવાની હિંદુઓને જરૂર નથી. જ્યાં સુધી સાધન અને સાધ્ય માનભર્યાં

૧. મુસલમાન કોમના બે સંપ્રદાયો.

૨. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ હાઉસ ઑફ કૉમન્સમાં લૉઇડ જૉર્જે જાહેર કર્યું હતું કે: "૧૯૧૮ના જાન્યુઆરી માસમાં જે વચન અપાયું હતું તે બધા પક્ષો સાથે પૂરેપૂરી મસલત કર્યા પછી અપાયું હતું. એ વચન સ્પષ્ટ, બિનશરતી અને વિચારપૂર્વકનું હતું. . . . હિંદુસ્તાનમાં એની અસર એટલી થઈ હતી કે તે જ ક્ષણથી લશ્કરની ભરતીમાં ઉછાળો આવ્યો હતો."

૩. રાણી ઍલેક્ઝાન્ડ્રાએ હિંદી લશ્કરને આભારની લાગણી દર્શાવતો પત્ર લખ્યો હતો. તે વડા સેનાપતિએ કાઉન્સિલની ચેમ્બરમાં ૩૦મી જાન્યુઆરી, ૧૯૨૦ને રોજ વાંચી સંભળાવ્યો હતો.

Gandhi Heritage Portal

અને શુદ્ધ છે ત્યાં સુધી આપણે મુસલમાનોને પૂરેપૂરો સાથ આપવો જોઈએ. બંને કોમોને કાયમ માટે મજબૂત રીતે સાંધનારું આના કરતાં વધારે સારું સાધન હું કલ્પી શકતો નથી. પરંતુ આવું પવિત્ર ધ્યેય સિદ્ધ કરવામાં વાણી કે વર્તનની કોઈ પ્રકારની હિંસાને સ્થાન હોઈ શકે નહીં અને હોવું પણ ન જોઈએ. આપણે વિરોધીને તિરસ્કારથી નહીં પણ પ્રેમથી જીતવો જોઈએ. અન્યાયીને ચાહવામાં રહેલી મુશ્કેલી હું સ્વીકારું છું. પરંતુ વિજય નિષ્કંટક માર્ગ પર ચાલવામાં નહીં, પરંતુ દૃઢતા અને નિર્ભયતાપૂર્વક વિઘ્નો ઓળંગવામાં રહેલો છે. અને એક ન્યાયી અને પવિત્ર હેતુ માટે લડવામાં ધ્યેય વિષેની દૃઢતા તથા અદમ્ય ઇચ્છાશક્તિ, ઓછામાં ઓછા એ બે ગુણોની અપેક્ષા તો આપણી પાસે રહેવાની જ. બીજું, હિંસાથી તો આ મહાન કાર્યને કેવળ હાનિ જ થાય. હિંસા કરીને આપણે સનસનાટી ફેલાવી શકીએ, પરંતુ એવી અનેક સનસનાટીઓ ફેલાવીને આપણે આપણા ધ્યેય સુધી કદી પહોંચવાના નથી. એટલે ઠરાવની અહિંસા વિષેની કલમમાં આત્મસંયમમાં રહેલા ડહાપણનો સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવ્યો છે. એનો અર્થ એ થાય છે કે આ ઠરાવ તમામ વક્તાઓને આદેશ આપે છે કે તેમણે બેફામ અને અતિશયોક્તિભર્યાં ભાષણો કરવાં નહીં. આવાં ભાષણોનું પરિણામ માત્ર એટલું જ આવે કે ખૂનરેજી થાય, નિર્દય રીતનું દમન થાય અને સરકાર તથા પ્રજા બંનેને નીચું જોવું પડે. પરંતુ મુસલમાનો પૂરેપૂરી ઈમાનદારીથી આ ખેલ ખેલવા માગે છે.

તેઓ કશું છુપાવવા કે દાબી રાખવા માગતા નથી. એટલા માટે કેટલાક મુસલમાનોએ એવો આગ્રહ રાખ્યો છે કે આ ઠરાવમાં એક બીજી કલમ ઉમેરવી જોઈએ. એનું તાત્પર્ય એવું છે કે જો અહિંસામાં આપણે ન ફાવીએ, તો કુરાને આદેશેલા બીજા ઉપાયોનો આશરો લેવા તેઓ છૂટા છે. કુરાન એમ કહે છે કે જ્યારે તમારા ધર્મ ઉપર આક્રમણ થાય ત્યારે જે દેશમાં એ આક્રમણ થાય તે દેશમાંથી તમારે હિજરત કરવી અથવા આક્રમણ કરનાર સામે લડાઈ જાહેર કરવી. આ રીતે, આ ઠરાવમાં આ મહાન આંદોલન જે અવસ્થાઓમાંથી પસાર થવાનું છે તેની આગાહી નિ:શંક રીતે અત્યંત માનભરી અને અસંદિગ્ધ ભાષામાં કરવામાં આવી છે. એની છેલ્લી અવસ્થામાં લોહિયાળ ક્રાંતિના ભણકારા છે. ભગવાન કરે અને આ દેશને આવી કોઈ ક્રાંતિ અને તેમાંથી નીપજતાં પરિણામોની તમામ ભયંકરતાઓમાંથી પસાર થવાનો વારો ન આવે. પરંતુ આ ખિલાફતના પ્રશ્ન પર લોકલાગણી એવી તો ઉશ્કેરાયેલી છે અને તે એવી ઊંડી છે કે જો કોઈ અન્યાયી ઉકેલ ઠોકી બેસાડવામાં આવશે, અને શાંતિમય ઉપાયો નિષ્ફળ જશે તો આ દેશ એક એવા ક્રાંતિકારી આંદોલનમાં ફસાશે જેનો જોટો એણે ભૂતકાળમાં જોયો નહીં હોય. અને જો આ પરિસ્થિતિ આવશે તો તેની જવાબદારી અંગ્રેજો, હિંદુઓ અને ડરપોક મુસલમાનોને માથે રહેશે. જો અંગ્રેજોને એટલું જ સમજાઈ જાય કે લોકલાગણી તીવ્ર છે અને વાજબી ચુકાદો આપવાની જરૂર છે, તો સૌ સારાં વાનાં થશે. જો હિંદુઓ પોતાનો પડોશીધર્મ સમજીને મુસલમાનોને સક્રિય સાથ આપશે, તો તેઓ એક સંગઠિત અને સંપૂર્ણ શાંતિમય પ્રયાસ કરીને ન્યાયી ઉકેલ જાહેર કરવાની અંગ્રેજોને ફરજ પાડી શકશે. જે મુસલમાનો આ પરિસ્થિતિથી ડરે છે તેઓ જો તેમના ઈતિહાસની આ કટોકટીની પળે પોતાની ભીરુતા ખંખેરી નાખશે અને હિંસાના હિમાયતીઓને ખબર પડવા દેશે કે આ દેશમાં ઇસ્લામનો ઝંડો છોડી ચાલ્યા જાય એવા કોઈ મુસલમાનો નથી, તો તેઓ રક્તપાતને આવતો પણ અટકાવી શકશે. આમ છતાં જો ક્રાન્તિ આપણે નસીબે લખાઈ જ હશે, તો તે જ્યારે ઈમાનદાર, પ્રતિષ્ઠિત અને નેકીવાળા મુસલમાનો નરી હતાશા અનુભવશે, અને અંગ્રેજો, હિંદુઓ અને તેમના સહધર્મીઓ એમની ઉપેક્ષા કરી

Gandhi Heritage Portal

રહ્યા છે એવું એમને લાગશે ત્યારે જ આવશે. એટલે હું આશા રાખું છું કે સમસ્ત હિંદુસ્તાન એક બનીને સર્વશક્તિમાન પ્રભુ પ્રત્યે, ન્યાય માટેના સાદ સાથે એવી પ્રાર્થના કરશે કે તે સંભળાયા વિના રહેશે નહીં. અંતમાં, હું એવી આશા રાખવાની હિંમત કરું છું કે ક્રાંતિ આવનાર છે એવું માની લઈને સરકાર ક્રોધમાં આવી જઈને વગરવિચાર્યું દમન આદરી બેસશે નહીં. તેઓ એટલું માન્ય કરશે કે હિંદુસ્તાન હવે ધાવણું બાળક રહ્યું નથી અને આવા સંજોગોમાં અંગ્રેજોને જે લાગણીઓ થાય તેવી જ લાગણીઓ હિંદના લોકોને પણ થાય છે.

[મૂળ અંગ્રેજી]

यंग इण्डिया, २४-३-१९२०

## ૭૪. એલ. ફ્રેંચને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
માર્ચ ૨૦, ૧૯૨૦

એલ. ફ્રેંચ, એસ્કવાયર
પંજાબ સરકારના મુખ્ય સચિવ,
લાહોર

પ્રિય મિ. ફ્રેંચ,

સરગોધાનાં નિવેદનો આજ સુધી મોકલી શકાયાં નહોતાં,[1] તે બદલ મને ક્ષમા કરશો એવી હું આશા રાખું છું. એ નિવેદનો હું મારી સાથે અમદાવાદ લાવ્યો નહોતો, અને બીજાં વધારે નિવેદનો એક સ્થાનિક કાર્યકર્તા લઈ રહ્યા હતા. બીજું, હું આજ સુધી મુસાફરી કરતો રહ્યો છું. મારી પાસે આવેલાં સંખ્યાબંધ નિવેદનોમાંથી થોડાંએક પસંદ કરેલાં હવે હું તમને મોકલું છું. તમારો જવાબ યોગ્ય સમયે આવશે એવી આશા રાખું છું. શિક્ષારૂપ પોલીસ હઠાવાઈ કે નહીં તે જણાવશો તો આભાર થશે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૭૧૨૬

૧. જુઓ "એલ. ફ્રેંચને પત્ર," ૨૯-૨-૧૯૨૦.

Gandhi Heritage Portal

# ૭૫. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રીને પત્ર

માર્ચ ૨૦, ૧૯૨૦

પ્રિય મિત્ર,

૬ઠ્ઠી એપ્રિલથી ૧૩મી એપ્રિલ સુધી, જેને સત્યાગ્રહ સપ્તાહ કહી શકાય તે સપ્તાહ ઊજવવાના સૂચન[1] વિષેનો મારો લેખ આપે વાંચ્યો હશે. હું આશા રાખી રહ્યો છું કે આ સપ્તાહ દરમ્યાન દસ લાખ રૂપિયા ઉઘરાવવામાં કશી મુશ્કેલી નડશે નહીં. જો સ્વયંસેવકો પ્રતિષ્ઠિત હશે અને તેમની પ્રામાણિકતા વિષે કશો સંદેહ નહીં હોય તો રસીદોની જરૂર રહેશે નહીં. લોકો પાસેથી સીધો ફાળો ઉઘરાવીશું તો ચાલશે. પૈસાદાર સ્ત્રીપુરુષો પોતાના જાણીતા લત્તાઓમાં જઈને ફાળો ઉઘરાવી શકે. પરંતુ હું તો કામની પદ્ધતિ પર નહીં પણ ખુદ કામ પર ભાર મૂકવા માગું છું. હું આશા રાખું છું કે મારી સૂચના મુજબ સપ્તાહ ઊજવવા વિષે અથવા ૧૩મી તારીખની કતલ[2] સંબંધમાં એક સ્મારક ઊભું કરવાની ઇચ્છા વિષે કશો મતભેદ ઊભો નહીં થાય. આ વિષય લોકો સમક્ષ રજૂ કરતી વખતે, મારી સલાહ છે કે મુખ્ય હેતુ અત્યાચારો સંભારવાનો નહીં પરંતુ શહીદોની સ્મૃતિ જાળવવાનો રહેવો જોઈએ.

મને શ્રદ્ધા છે કે જે લોકોને સત્યાગ્રહનો માર્ગ પસંદ નથી તેઓ તે કારણે ફાળો ઉઘરાવવામાં ભાગ લેતાં અચકાશે નહીં. આ સ્મારક સાચા અર્થમાં એક રાષ્ટ્રીય સ્મારક બનવું જોઈએ.

પરંતુ આ સપ્તાહમાં ઉપવાસ અને પ્રાર્થના કરવાનું પણ સૂચવાયું છે. સ્મારક કરતાં પણ એના ઉપર હું પોતે વધારે ભાર મૂકું છું. કારણ કે જો ઉપવાસ અને પ્રાર્થના સામુદાયિક રીતે કરવામાં આવશે તો, મને ખાતરી છે કે પૈસા અને બીજું જે કંઈ આપણે જોઈતું હશે તે બધું, બીજા વિશેષ પ્રયાસ વિના જ અંતરિક્ષમાંથી વરસી પડશે. આ વિષયમાં એક અજોડ વિશેષજ્ઞ તરીકે હું મારો અનુભવ આપને જણાવવા માગું છું. મારા સમકાલીનોમાં એવી એક પણ વ્યક્તિ મારી જાણમાં નથી જેણે ઉપવાસ અને પ્રાર્થનાને મારી માફક ચોકસ વિજ્ઞાનનું સ્વરૂપ આપ્યું હોય અને તેમાંથી મારા જેટલો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હોય. હું ઇચ્છું છું કે હું આપણા દેશ ઉપર મારા અનુભવની અસર પાડું અને તેને ચતુરાઈ, પ્રામાણિકતા અને ઉત્કટતા સાથે ઉપવાસ અને પ્રાર્થનાનો આશરો લેતા કરું. જો આપણે આટલું કરીશું તો, વાત માનવા જેવી નહીં લાગે પરંતુ એ સાચી વાત છે કે દેશ અંગેની લાખો બાબતો આપણે કશા લાંબાપહોળા આયોજન-સંગઠન તથા નિયંત્રણ-પ્રતિબંધ વિના જ કરી શકીશું. પરંતુ હું જાણું છું કે ઉપવાસ અને પ્રાર્થનાને, તે જેટલાં મારા અનુભવે અસરકારક જણાયાં છે તેટલાં અસરકારક બનાવવાં હશે તો આપણે તેમને યાંત્રિક આચાર રૂપે નહીં પરંતુ ચોક્કસ આધ્યાત્મિક કાર્યો તરીકે આચરતાં શીખવું પડશે. એટલે ઉપવાસ એ તો દેહનું દમન છે, જેને પગલે પગલે આત્મા મુક્ત બનતો જાય છે અને પ્રાર્થના એ સંપૂર્ણ રીતે શુદ્ધ બનવા માટેની આત્માની ચોકસ અને જ્ઞાનપૂર્વકની ઝંખના છે. આ રીતે મેળવેલી શુદ્ધિ કોઈ વિશિષ્ટ સ્વયંશુદ્ધ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સમર્પણ

૧. જુઓ "૬ઠ્ઠી એપ્રિલ અને ૧૩મી એપ્રિલ," ૧૦–૩–૧૯૨૦.
૨. જલિયાંવાલા બાગમાં થયેલી કતલ.

Gandhi Heritage Portal

કરવાની હોય છે. એટલા માટે હું આશા રાખું છું કે જો આપને ઉપવાસ અને પ્રાર્થનાની પ્રાચીન પ્રણાલિકામાં શ્રદ્ધા હોય તો આપ ૬ઠ્ઠી અને ૧૩મીના દિવસો આ હેતુ માટે અર્પી દેશો અને આપના પડોશીઓને પણ એમ કરવા સમજાવશો.

આ પછી ત્રણ સભાઓની[1] વાત બાકી રહે છે. મને ખાતરી છે કે આ સભાઓ આપ ભરશો અને તેમને પૂરેપૂરી સફળ બનાવશો.

આપનો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

लेटर्स ऑफ वी. एस. श्रीनिवास शास्त्री, પા. ૭૪-૫

## ૭૬. મથુરાદાસ ત્રિકમજીને પત્ર

શનિવાર, માર્ચ ૨૦, ૧૯૨૦

તમને હું કહું કે ગઈ રાતે માત્ર અરધો કલાક હું સૂતો એટલે તમને ન લખવા સારુ મને માફ કરો જ. માફી માગું છું કેમ કે તમારું સ્મરણ મને રહ્યા જ કરે છે ને તમારા ધર્મ-સંકટમાં[2] હું પત્ર દ્વારા ભાગ લેવા ઇચ્છતો છતો નથી લઈ શકયો. હું મંગળવારે સવારે ત્યાં પહોંચીશ.

[મૂળ ગુજરાતી]

बापुनी प्रसादी

## ૭૭. ખિલાફત

ખિલાફતનો સવાલ જેટલો ગંભીર છે તેટલો જ સુંદર છે. ગંભીર છે કેમ કે તેમાં આઠ કરોડ મુસલમાનોની અને તેથી સમસ્ત ભારતવર્ષની શાંતિ છુપાઈ છે. સુંદર છે કેમ કે તેનો નિકાલ કરવામાં જો મુસલમાનો ડહાપણ વાપરે તો તેઓની શુદ્ધ સત્તા વધે અને હિંદુસ્તાન શુદ્ધ સામ્રાજ્ય ભોગવે, હિંદુ મુસલમાન ઉભયમાં એકતા, જોર, નીતિ વધે અને ઇંગ્રેજો પણ જેઓ આપણને હલકા ગણે છે તેઓ હલકા ગણતા અટકે. ભાઈબંધી સરખાની વચ્ચે જ થઈ શકે. ઇંગ્રેજો આપણને સરખા ગણતા નથી. આપણે આપણને તેઓના કરતાં ઊતરતા માનીએ છીએ. એટલે આપણે હિંદુમુસલમાન આ સવાલનો ફડચો લાવી ત્રણે એકસરખા થઈ શકીએ છીએ.

તલવાર માણસોને એકસરખા કરે છે. એકબીજા પાડાની જેમ ખૂબ લડી બન્ને થાકે એટલે એકબીજાને સલામ કરી ભાઈબંધ બને છે. જો કોઈ મધ્યે નબળાઈ બતાવે તો હલકો બને

૧. આ સભાઓ ૬ઠ્ઠી, ૯મી અને ૧૩મી એપ્રિલે ભરાઈ હતી.

૨. સક્રિય સેવા માટે કોઈ કાયમનું ક્ષેત્ર પસંદ કરવા સંબંધમાં ૧૯૨૦ના માર્ચ માસમાં, પંજાબનાં રમખાણોની તપાસના કૉંગ્રેસ રિપોર્ટનો બીજો ભાગ છાપવા અંગેનું કોઈક કામ ગાંધીજીએ એમને સોંપ્યું હતું.

Gandhi Heritage Portal

છે. અથવા એકબીજાની સામે શરીરબળ નહીં વાપરી, આત્મબળ વાપરી બીજાનો ઉપરી બને છે. એ ઉપરીપણું બીકને લઈને નહીં પણ પ્રેમને લઈને સ્વીકારાય છે તેથી બન્ને એકસરખા થઈ રહે છે. બીજાને આપણા કરતાં નીતિમાં બળિયો માનીએ તેમાં આપણી હલકાઈ નથી મનાતી. બીજો નીતિમાં આગળ વધ્યો હોય તેમાં ગર્વ નથી કરતો એટલે બન્ને એકબીજા પ્રત્યે માનની નજરથી વર્તે છે. આપણે તલવારથી ઇંગ્રેજને જીતવાનો વિચાર જ છોડી દેવો ઘટે છે.

આપણે તે બળ ન જ વાપરી શકીએ એમ હું નથી મનાવતો. પણ તે બળ વાપરવા સારુ આપણે દંભ, જૂઠાણું, દગો વગેરે વાપરવાં પડશે અને ત્યારે પણ અનેક પ્રકારની બીજી મિથ્યા કુશળતા મેળવવી પડશે. તેઓની જોડે મુકાબલો કરી બન્ને હાંફે ત્યાં લગી બન્નેએ લડયા કરવું પડશે. આવો પ્રસંગ જ તેઓ સહેજે નહીં આવવા દે એવો મનુષ્યજાતિનો સ્વભાવ છે. અસલ જમાનામાં પણ લડવાની કળાઓ છૂપી રહેતી. અહંકારી પોતાની અહંતાનાં સાધનો એકાએક બીજાને નથી સોંપતો. શસ્ત્રબળમાં અહંકાર હોય જ. એટલે આપણે જો શસ્ત્રબળથી એક થવા માગતા હોઈએ તો આપણે તેઓના પરાજયની અણીએ પહોંચીએ ત્યાં લગી આપણે મથવું પડશે અને અંતે આપણે દુશ્મન બનવું રહ્યું! આમ ખિલાફતનો ઉકેલ આવે?

લડાઈ કરવાની યોગ્યતા અથવા અયોગ્યતાનો વિચાર મેલી દઈ આપણે જો માત્ર પરિણામનો વિચાર કરીએ તો આપણને માલૂમ પડશે કે શસ્ત્રબળથી સવાલનો ફડચો નહીં જ થાય. ખિલાફતની લડાઈ કેવળ ઇંગ્રેજોની જોડે નથી. એ લડાઈ ખ્રિસ્તી અને મુસલમાનોની વચ્ચે છે.[1] ખ્રિસ્તી ઘણા એકત્રિત છે. તેઓએ લડાઈની કળામાં બહુ તાલીમ મેળવી છે. તેની સાથે લડાઈમાં મુકાબલો કરવાને આજે તો મુસલમાનો તૈયાર નથી, હિંદના મુસલમાનો તો સ્પષ્ટ રીતે નથી જ. અને હિંદુઓ લડાઈના મુકાબલામાં હિંદના મુસ્લિમોની હરોળમાં જોડાજોડ ન ઊભા રહી શકે. આવી સ્થિતિમાં મુસલમાનોએ ખિલાફતના સવાલનો ફડચો લડીને લાવવો એ દુન્યવી વિચારે લગભગ અશકય લાગે છે.

"ખુદા તો ચાહે સો કરે" એ વાકય લડાઈનો મુકાબલો કરનાર નહીં વાપરી શકે. એ વાકય તો નીતિનો મુકાબલો કરનાર જ વાપરી શકે કેમ કે નીતિના મુકાબલામાં હાર તો છે જ નહીં. શુદ્ધ સાધનો વાપરનારો તકદીર ઉપર હાથ મૂકી શકે, પણ મેલાં સાધન વાપરનારને તેમ કરવાનો અધિકાર જ નથી. જાણીજોઈને કૂવામાં ભૂસકો મારનાર ઈશ્વરનું નામ વગોવે તો તેની સજા તેને તુરત મળે. તે અકાળ મૃત્યુને વશ થાય. દારૂનો શીશો ખાલી કરનાર "ખુદાને નશો ચઢાવવો હોય તો ભલે ચઢાવે" એવો બકવાદ કરે તો તેને દુનિયા હસે. નીતિના પ્રયોગોમાં આપણે ઈશ્વર ઉપર અખંડ ભરોસો રાખીએ છીએ કેમ કે આપણે જાણીએ છીએ કે નીતિનું પરિણામ કુશળ જ છે. શસ્ત્રબળિયો પોતાનાં શસ્ત્ર પર વિશ્વાસ રાખે છે ને શસ્ત્ર તૂટી જાય ત્યારે "મીણ" કહે છે—દારૂડિયો જેમ દારૂનો નશો પેદા કરવાપણા પર વિશ્વાસ રાખે છે તેમ.

પણ જો હિંદુમુસલમાન બન્ને સત્યાગ્રહ રૂપી દિવ્ય શસ્ત્ર ધારણ કરે તો તો વિજય જ છે. હિંદુમુસલમાન ખ્રિસ્તીના અન્યાયમાં ભાગ ન લે તો તેને કોણ હરાવનાર છે? મુસલમાનો પોતા પર થતા અન્યાયમાં ભાગ નહીં લે તો ખુદાનો કોલ છે કે તે ન જ હારે. તેથી જ મેં કહ્યું છે કે ઇંગ્રેજને આપણે અન્યાયી પગલાંમાં મદદ ન કરવી એ આપણો હક છે, એ

૧. અંગ્રેજ અને અમેરિકન માન્યતાઓ પર સારી વગ ધરાવતા વર્ગે એવી માગણી કરી હતી કે તુર્કીઓને કૉન્સ્ટેન્ટિનોપલમાંથી હાંકી કાઢવા અને તેમને ચોથા દરજ્જાની રાજ્યસત્તા ઉપર ઉતારી પાડવા.

Gandhi Heritage Portal

આપણી ફરજ છે. એ ફરજ અદા કરીને જ મુસલમાનો પોતાના ધર્મ ઉપર થઈ રહેલ હુમલામાંથી બચી શકે છે.

હવે વિલાયતના મજૂરપક્ષે ખિલાફત વિષે વિચારો બહાર પાડ્યા છે એ જરા વિચારીએ. તેનું તારણ અમે બીજી જગાએ આપ્યું છે.[1] તે પક્ષ કહે છે કે મુસલમાની સત્તાના[2] ભાગલા પડવા જ જોઈએ. મુસલમાનો જ એ માગે છે. તેની સામે હિંદુસ્તાનના મુસલમાનો કેમ થઈ શકે? અરબો ઑટોમન[3] સાથે ન રહેવા માગે તો શું તેને જોરજુલમથી ઑટોમન સાથે રાખવા? આનો જવાબ હું સત્યાગ્રહી તરીકે તુરત આપી શકું. હું અરબોની સ્વતંત્રતા છીનવવા નથી માગતો. તેઓ સ્વતંત્ર થાય પણ હકૂમત ખલીફાની કબૂલ કરે. પાક જગ્યાઓનો કબજો ખલીફાના હાથમાં રહે. આટલું ન થાય તો હું ભલે લડાઈ ન કરું પણ હું ઊલટું થવામાં મદદ પણ ન કરું. મારી મદદ વિના તે અન્યાય ન બને. જો દરેક હિંદુમુસલમાન સરકારી નોકરી છોડી દે તો શું થાય? યા તો ઇંગ્રેજોએ હિંદુસ્તાન છોડવું પડે અથવા તેઓએ આપણું ધાર્યું કરવું જ પડે. એટલે મારી ધારણામાં લોકમત શુદ્ધ રસ્તે કેળવવા પૂરતી જ રાહ જોવાની ધીરજ રાખવાની જરૂર છે. અત્યારની જાગૃતિનો મુસલમાનો સદુપયોગ કરશે કે દુરુપયોગ કરશે? મુસલમાનો જ પોતાના શત્રુ બનશે અથવા મિત્ર. ઈશ્વર તેમને સન્મતિ આપો ને તેઓને હિંદુ પૂરી મદદ કરી શકે એવી સ્થિતિ તેઓ જાળવો.

[મૂળ ગુજરાતી]

नवजीवन, २१–३–१९२०

## ૭૮. એસ્થર ફેરિંગને પત્ર

રવિવાર, માર્ચ ૨૧, ૧૯૨૦

શેરીએ રાજમાર્ગે વા મહોલ્લે વા તને મળે,
પહેલો માનવી તેને, કહેવા આટલું કહું,
કે તે, અમે અને સર્વે, માનવો વસતા સદા
પ્રેમછત્ર તળે, ઊંચા વિશાળ નીલ આભ શા.

સંશયો કષ્ટ ને પીડા, ભય ચિંતા સમેત સૌ,
છે મિથ્યા માત્ર છાયાઓ, કહેવા આટલું કહું.
મૃત્યુ નહીં રહે સાક્ષાત્, પાર ત્યાં કરવાં પડે,
મરુસ્થળો ઘણાં લાંબાં, કહેવા આટલું કહું.

૧. આ ભાગ અહીં આપ્યો નથી.

૨. તુર્કસ્તાનના સુલતાનનું સામ્રાજ્ય. આ સુલતાનનો દાવો હતો કે ખલીફા હોઈ, પોતે ઇસ્લામ જગતનો સર્વસત્તાધીશ છે.

૩. એટલે કે તુર્કસ્તાનના ઑટોમન સામ્રાજ્ય હેઠળ.

Gandhi Heritage Portal

ભુલભુલામણી ઘેરી, આવે બહુ ડરામણી,
અંધકારભરે પંથે અદૃષ્ટે દોરતી કંઈ;
તથાપિ આપણે, એક પથદર્શક ઈશના
આજ્ઞાધારી બનીશું તો, અંધકારભર્યા પથો,
અને ડરામણા માર્ગો, દોરશે સહુને ત્યહીં,
દિવ્ય એ દિનને દ્વારે, કહેવા આટલું કહું.

તીરે સાગરને છૂટા આપણે પડતા છતાં,
યાત્રા પૂરી થયે અંતે મળીશું પિતૃઘેર સૌ.

ટ્રેન્ચ

મારી વહાલી દીકરી,

હું ટ્રેનમાં છું, દિલ્હી જઈ રહ્યો છું.[1] આરામ લેવા બહારગામ જઈ શકયો નથી.[2] ગઈ કાલે મેં તને કશું મોકલ્યું નથી. મારાથી મોકલી શકાયું નથી. કદાચ થોડા દિવસ સુધી હું તને કંઈ મોકલી શકીશ નહીં, કારણ કે રોજ ને રોજ શું બનતું રહેશે તે હું કહી શકતો નથી. તું થોડું થોડું પણ લખતી રહેજે.

પ્યાર સહિત,

બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઈવ્ઝ ઑફ ઈન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ. પા. ૬૫

## ૭૯. એસ્થર ફેરિંગને પત્ર

સોમવાર [માર્ચ ૨૨] ૧૯૨૦

વહાલી દીકરી,

આજની પસંદગી આ કાવ્યની છે :

અધ:સ્થિત રહે તેને, ભય ના પડવા તણો,
નમેલો જે રહે તેને, ઘમંડ હોય ના જરી;
નમ્ર જે છે સદા તેના, માર્ગદર્શક ઈશ છે.

મળે જે સ્વલ્પ વા ઝાઝું, તેથી સંતુષ્ટ હું રહું.
છતાં નાથ મને તૃષ્ણા, રહી સંતોષની હજી;
કેમ કે તારનારો તું, એવા સૌનો બની રહે.

૧. ૨૧મી માર્ચે ગાંધીજી મુંબઈથી દિલ્હી જવા નીકળ્યા હતા.

૨. ગાંધીજીને એક પગમાં કંઈક દર્દ થયું હતું. તેને લીધે આરામની જરૂર હતી. એ કારણે તેઓ માર્ચના છેલ્લા અઠવાડિયામાં તથા એપ્રિલમાં સિંહગઢ ગયા હતા.

Gandhi Heritage Portal

તીર્થાટન કરે તેને, પૂર્ણતા ભારરૂપ છે.
અહીં સ્વલ્પ, ત્યહીં પૂર્ણ, એ છે શ્રેષ્ઠ યુગે યુગે.

**જૉન બનિયન**

પ્યાર સહિત,

તારો
**બાપુ**

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૬૬

## ૮૦ સત્યાગ્રહનું અઠવાડિયું—થોડા વિચારો

આ રાષ્ટ્રીય અઠવાડિયું તો હવે થોડા દિવસમાં જ આવી પહોંચશે. જે પ્રસંગ આપણે ઊજવવાનો છે એ યોગ્ય રીતે જ ઊજવાશે એવી અમારી આશા છે. ગયા એપ્રિલની ૧૩મીએ નિર્દોષની કતલની યાદગીરી જાળવવા માટે આપણે આ અઠવાડિયા દરમ્યાન એકઠી કરેલી રકમથી[1] આપણી ઉત્કૃષ્ટતા અને પંજાબ માટેની લાગણીનું માપ અને કસોટી થશે. જો યોગ્ય કામ કરનારાઓ મળી આવે તો ત્રીસ કરોડની વસ્તીમાંથી દશ લાખ રૂપિયા એકઠા કરવા એ મોટું કામ નથી. જો પૈસાદાર અને જાણીતાં ભાઈઓ અને બહેનો આ કાર્ય હાથ ધરે તો આ અઠવાડિયામાં એ જરૂર પૂરું કરી શકાય. દરેક જિલ્લામાંથી પ્રમાણમાં પૈસા ભેળા કરવા એ જ યોગ્ય છે. છતાં દરેક જિલ્લાના લોકો પોતાના ફાળા કરતાં વધારે એકઠું કરવાનો પ્રયત્ન કરશે એવી અમારી આશા છે. આપણે જો વધારે રકમ એકઠી કરીશું તો કશીયે અડચણ નથી. દશ લાખ એ ઓછામાં ઓછી રકમ છે. આથી દરેક જણ પોતાનો ફાળો ઉદારતાથી આપશે એવી આશા છે.

ત્યાર પછી પ્રાર્થના અને અપવાસ છે. આ અસલી રિવાજ છે. શુદ્ધ અપવાસથી શરીર, મન અને આત્માની શુદ્ધિ થાય છે. અપવાસથી દેહને કષ્ટ થાય છે અને એટલે દરજ્જે આત્મા મુક્ત થાય છે: શુદ્ધ હૃદયની પ્રાર્થનામાં ચમત્કાર રહેલો છે. એ દ્વારા આત્મા પોતાની વધારે અને વધારે શુદ્ધિ માટે ઝંખ્યા કરે છે. અને એ રીતે મેળવેલી શુદ્ધિનો કોઈ ઊંચા કામમાં ઉપયોગ થાય ત્યારે તે પ્રાર્થના કહેવાય. ગાયત્રીનો હાલ જે પ્રમાણે ઉપયોગ કરવામાં આવે છે અને રોગીનો રોગ કાઢવાને સારુ ગાયત્રીનો જે જપ કરવામાં આવે છે તેથી અમારા આ અર્થને પુષ્ટિ મળે છે. પ્રજાના સંકટ સમયે દીન હૃદયે તન્મયતાથી અને સમજપૂર્વક જો ગાયત્રીનો જપ કરવામાં આવે તો સંકટને વિખેરી નાખવાને માટે એના જેવું એક પણ સબળ શસ્ત્ર નથી. ગાયત્રીનો જપ કરવો, નિમાજ પઢવી કે પ્રાર્થના કરવી એ બધું તો અજ્ઞાન અને ભોળા લોકોને માટે છે અને એ એમના વહેમ છે એમ માનવું એ મોટામાં મોટી ભૂલ છે. અપવાસ અને

૧. જલિયાંવાલા બાગ સ્મારકનિધિ.

Gandhi Heritage Portal

પ્રાર્થના એ આત્માની શુદ્ધિ માટેનો સૌથી સરસ રસ્તો છે. જેથી આપણા આત્માની શુદ્ધિ થાય છે તેથી આપણો ધર્મ પણ આપણે વધારે સારી રીતે જાળવી શકીએ છીએ અને આપણા લક્ષ્ય-સ્થાનની પણ સમીપ આવતા જઈએ છીએ. આથી જો કેટલીક વાર અપવાસ અને પ્રાર્થના ફોગટ માલૂમ પડે તો તેમાં કાંઈ પણ છે નહીં એમ નથી પરંતુ તેની પાછળ યોગ્ય બળ નથી.

જે માણસ જન્માષ્ટમીના દિવસની માફક પોતાનો આખો દિવસ અપવાસ કરીને જ ગાળી નાખે છે તે માણસ અપવાસનું ફળ એટલે શુદ્ધિ મેળવી શકતો નથી. પરંતુ આવી રીતના નકામા અપવાસથી માણસ નિર્બળ બને છે. અપવાસ તો ખરો ત્યારે જ કહેવાય કે જ્યારે અપવાસની સાથે શુદ્ધ વિચારોનું સેવન થાય અને અધમ વાસનાઓની સામે ટક્કર ઝીલવા સંકલ્પ થાય. તે જ પ્રમાણે પ્રાર્થના પણ ખરી ત્યારે જ કહેવાય કે જ્યારે તે સમજપૂર્વક અને ચોક્કસ રીતે થાય. મનુષ્યે તેની સાથે તન્મય થઈ જવું જોઈએ. આપણું મન દશે દિશામાં ભટકતું હોય ત્યારે પ્રભુના નામના મણકા ફેરવવા નકામા છે. આથી અમે આશા રાખીએ છીએ કે આવતું અપવાસ અને પ્રાર્થનાનું રાષ્ટ્રીય અઠવાડિયું માત્ર ઊજવવાની ખાતર નહીં પણ ખરેખરી રીતે ઊજવાશે.

હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં જુમા મસ્જિદમાં ભેળા થતા અસંખ્ય મુસલમાનોની સત્યના જય માટેની ખરા હૃદયની બંદગી સમયના ભવ્ય દેખાવે[1] ખિલાફતના સવાલનું યોગ્ય નિરાકરણ કરાવવાને માટે જેટલું કર્યું છે એટલું બીજા કશાથી નથી થયું. ફક્ત પ્રાર્થનાના બળ ઉપર જ ખિલાફતના સવાલનો યોગ્ય ફડચો થઈ જાય તેની ખાતરી આપતાં અમે અચકાતા નથી. અમને કહેવાની જરૂર નથી કે પ્રાર્થનાની શક્તિ માટેની દલીલો બંને રીતે લાગુ પડે છે, કેમ કે પ્રાર્થના કરવાની આપણને જેટલી છૂટ છે તેટલી જ આપણા શત્રુઓને પણ છે. પરંતુ આ દલીલ પ્રાર્થનાની વિરુદ્ધ નથી જતી. એ તો ફક્ત ફળની પ્રાપ્તિથી પ્રાર્થનાની કિંમત આપણે ન આંકી શકીએ એ બતાવે છે. ઈશ્વરની સાથે શરત ન હોય. પ્રજા તેમ જ વ્યક્તિના જીવનવિકાસમાં જૂના સમય થયાં પ્રાર્થનાઓ અતિ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે એટલું જ જાણવું બસ છે. અપવાસ અને પ્રાર્થના પોતાના અસલી ગૌરવ અને ભભકમાં સત્યાગ્રહના અઠવાડિયામાં પ્રકાશી ઊઠે એ અમારી આંતરિક ઇચ્છા છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४–३–१९२०

ભાષાંતર : नवजीवन, ४–४–१९२०

૧. ૧૯મી માર્ચના ખિલાફત દિનના દૃશ્યની આ વાત છે.

Gandhi Heritage Portal

# ૮૧. હિંસા અને અહિંસા

ખિલાફતનો દિવસ આવ્યો અને ગયો. સત્યાગ્રહના — અર્થાત્ કાયદાના સવિનયભંગના નહીં પણ સત્ય અને અહિંસાના સંપૂર્ણ વિજયનો તે શુભ દિવસ હતો. ૧૯મીની હડતાળ પૂરેપૂરી મરજિયાત હતી કારણ કે તેને માટે બધી ચળવળ તે દિવસ પહેલાં જ પૂરી કરવામાં આવી હતી.[૧] મિલમજૂરોને હડતાળમાં ન ભેળવવામાં ખિલાફત કમિટીએ[૨] અદ્ભુત સંયમ દેખાડયો છે. તે દિવસની કુશળ વ્યવસ્થા કરવા માટે અને મરજિયાત ધોરણ ચોક્કસ રીતે સ્વીકારવા માટે કમિટીને ઊંચામાં ઊંચું માન ઘટે છે. જો પ્રજા ૧૯મી જેવી તાલીમ અને સંયમ દાખવે અને તેમાં તેટલું જ સ્વાર્થત્યાગનું તત્ત્વ ઉમેરે તો ખિલાફત સંબંધી આપણી આશાઓ સફળ થવામાં કંઈ અંતરાય આવે નહીં. આળસુઓને કંઈ કામધંધો ન હોય તેવે દિવસે મુસલમાન કોમના તેજ સ્વભાવના લોકો ખરા જિગરના વિષયમાં ઉશ્કેરાયેલા હોય ત્યારે શાંતિ જાળવે એમ એક વરસ ઉપર કોઈ માનત નહીં. પણ જ્યારે પ્રાર્થના કરવાની હોય ત્યારે આળસ હોય જ નહીં. બધાને ફરમાવવામાં આવ્યું હતું કે તમે ગુસ્સે ન થશો પણ સત્યને ખાતર પ્રાર્થના કરજો. એ વાત ખરી છે કે સૌએ બરાબર પ્રાર્થના કરી ન હતી પણ પ્રાર્થનાનો ભાવ સર્વત્ર ફેલાયેલો હતો; અને વેર, ક્રોધ, કે ઉશ્કેરણીના કરતાં તે ભાવ વધારે પ્રધાન હતો. અને તેથી એ આશ્ચર્ય બન્યું કે સાધારણ દિવસે જેમ સૌ શાંતિ જાળવાશે એમ ધારે એવી રીતે હડતાળને દિવસે થયું. વીસ હજાર માણસોની મુંબઈની જંગી સભાનો દેખાવ જોવા જેવો હતો ને જે હજારો માણસોએ તાળીઓ પાડયા સિવાય કે બીજાં કંઈ પણ લાગણીનાં ચિહ્ન દેખાડયા સિવાય ભાષણો સાંભળ્યાં તેમના ચહેરા પર દૃઢતા અંકાયેલી હતી. આપણી સભાઓમાં હાલના જમાનાનાં ઘોંઘાટ, ઉશ્કેરણી અને ગરબડને બદલે પ્રાચીન કાળના જેવી શાંતિ, નિશ્ચયબળ અને વ્યવસ્થાનાં તત્ત્વ દાખલ કરવા માટે કાર્યકર્તાઓને ઊંચામાં ઊંચું માન ઘટે છે. આમાંનાં એક પ્રકારનાં તત્ત્વોથી સત્યાગ્રહને લાયકના ગુણ કેળવાય છે અને બીજાંમાંથી ખુનામરકી ઉત્પન્ન થાય છે. અને આ જંગી સભાનો સંદેશ અહિંસાનો છે, હિંસાનો નથી. હું આશા રાખું છું કે અધિકારીઓ હાલની સ્થિતિનો ખોટો અર્થ નહીં કરે. તે દિવસના આખા સમારંભના તેમ જ ઠરાવના પ્રશંસાપાત્ર ભાવની પણ તેઓ કદર કરશે એવી આશા રાખું છું. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે આ દેશને કે સામ્રાજ્યને પ્રામાણિકપણે ચાહનાર કોઈ માણસ આ ઠરાવ વિષે વાંધો લઈ શકશે નહીં. હું એવી પણ ઉમેદ રાખું છું કે આ ચળવળ જે ઢબથી આગળ વધતી જાય છે તે પણ તેઓ બરાબર નીરખશે. હું ધારું છું કે આપણી વચ્ચે જે અદ્ભુત ધીરજ, સંયમ અને વ્યવસ્થાના ગુણ ખીલી રહ્યા છે તેની પણ તેઓ યોગ્ય કદર કરશે અને તેઓ બ્રિટિશ સરકારને જણાવશે કે દેશમાં પરમ શાંતિ છે પણ તેની પાછળ "ના"નો જવાબ ન સ્વીકારવાનો ઉગ્ર નિશ્ચય રહેલો છે. હું એવી આશા રાખું છું કે ગયા એપ્રિલ મહિનાના જેવું પાપ સરકાર ફરીથી નહીં કરે અને અપમાન તથા પરાજય સિવાય બધું સહેવાનો જે ઉગ્ર આવેશ ઉત્પન્ન થયો છે તેને જુલમથી દાબી દેવાની ફોકટ આશા નહીં રાખે.

૧. ખિલાફત દિન નિમિત્તે મુંબઈના હિંદુ દુકાનદારોએ રાજીખુશીથી હડતાળ પાડી હતી.

૨. મુંબઈની ખિલાફત કમિટી.



Gandhi Heritage Portal

લિબરલ લીગ જેવા પ્રતિષ્ઠિત મંડળે ઉતાવળે અને અગાઉથી હડતાળને વખોડી કાઢી એ ઘણા ખેદની વાત છે. જે લોકો આટલા શોકથી પીડાતા હોય અને જેમના ઉપર નિરાશાનું વાદળ ઝઝૂમતું હોય છે તેમની લાગણીઓને નિયમસર દર્શાવવાને કંઈ અવકાશ આપવો જોઈએ. આપણા મનના વિચારો વાતચીતમાં કે લખાણમાં દર્શાવતાં આપણે બીતા હતા તેથી જ તે વધારે ને વધારે ઊંડા દટાતા અને જાહેર પ્રજામત રૂપી પ્રચંડ સૂર્યની અને ખુલ્લી હવાની અસર તેને ન પહોંચે તેથી તે દુર્ગંધથી સડી ગયા અને પરિણામે ખુનામરકીની છૂપી ચળવળ આપણા દેશમાં ઉત્પન્ન થઈ. આજે ઈશ્વરકૃપાથી આપણે તે દિવસને વટાવી ગયા છીએ. આપણે નિર્ભય-પણે અને ખુલ્લી રીતે — તેમ જ ખુલ્લાં કામ પર મનુષ્યજાતિ જે સંયમ મૂકે છે તે સંયમથી — આપણે વિચાર કરવાની, લખવાની અને બોલવાની હિંમત કરીએ છીએ. આ સત્ય પિછાનવાની અને બીકણ સાવધાનતા કરતાં હિંમત કેટલી ચડિયાતી છે તે વિચારવાની હું લિબરલ લીગના સભાસદોને તેમ જ તેમના જેવા વિચાર ધરાવતા સૌને વિનંતી કરું છું. પ્રજાના ઉત્કર્ષને સારુ જે અસંખ્ય સત્ત્વો દરરોજ ઉત્પન્ન થાય છે તેનું નિયમન કરવા તેઓ ચાહતા હોય, તરુણ ભારતના પ્રસવકાળના દોહ્યલા દુ:ખમાં હકભેર ભાગ લેવા ઇચ્છતા હોય તો તેમણે જમાનાનાં ચિહ્નોની અવગણના કરવી ઘટતી નથી, જુવાનવર્ગના ઉમળકાને તેમણે તરછોડવા જોઈએ નહીં તેમ તેમની ઊકળતી આશાઓ અને મહેચ્છાઓ પર ઠંડું પાણી નાખવું જોઈએ નહીં. પણ તેમણે આ જુવાન, ઉત્સાહી, સ્વાર્થત્યાગી મરણિયા માણસોના વધતા જતા લશ્કરના સેના-પતિ થવું જોઈએ. તેમના પ્રત્યે સહાનુભૂતિ રાખો, તેમના હૃદયના ધબકારાને ઝીલો, અને તેનું નિયમન કરો — કારણ કે દલીલોથી તેમ જ તેમની ખાનદાનીને ચેતવવાથી તેઓ વશ થાય છે — અને આપણા દેશને માટે માથું આપે એવું તાલીમબાજ લશ્કર તમારી પાસે મોજૂદ થશે. પણ જો તેમને પોતાની અવગણના થયેલી જણાશે, જો તેમને એમ લાગશે કે વયોવૃદ્ધ આગેવાનો તેમની જરૂરિયાતોને લક્ષમાં નહીં લે અને તેમને દોરશે નહીં તો તેઓ નિરાશ થશે, નિરાશાથી તેઓ સાહસિક બનશે અને પરિણામે ભયંકર વિનાશ થશે. સત્યાગ્રહના માર્ગે — અર્થાત્ કાયદાના ભંગને જ નહીં પણ સત્ય અને અહિંસાને માર્ગે — હિંદુસ્તાનને દોરવાનો હાલના જેવો કોઈ પરમ સુંદર અવસર આવ્યો હોય એમ મને યાદ નથી. આવા સત્યાગ્રહમાં હારને તો અવકાશ જ નથી અને જો તેમાં કંઈ ભૂલ થાય તો ભૂલ કરનારને જ ખમવું પડે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४–३–१९२०

ભાષાંતર: नवजीवन, २८–३–१९२०

Gandhi Heritage Portal

# ૮૨. કોર્ટનો તિરસ્કાર

અમદાવાદના સત્યાગ્રહી વકીલો સંબંધી ડિસ્ટ્રિક્ટ માજિસ્ટ્રેટનો પત્ર અને તેની ઉપર મારી ટીકા પ્રસિદ્ધ કરવા માટે યંગ ઇન્ડિયાના તંત્રી અને પ્રકાશક ઉપર માંડવામાં આવેલા કેસની સુનાવણી લાંબા વખત પછી આખરે થઈ અને ચુકાદો અપાયો.[1] તંત્રી અને પ્રકાશક બન્નેને સખત ઠપકો મળ્યો. પરંતુ અમારામાંથી એકેને કંઈ સજા કરવાનું કોરટને ઠીક ન લાગ્યું. ચુકાદા ઉપર હું વિચાર કરવા બેઠો છું તે એટલા માટે જ કે સત્યાગ્રહી તરીકે મારે તેમાંથી શી શિખામણ ગ્રહણ કરવી એ જાણવા હું આતુર છું. જે મિત્રોએ કેવળ બંધુભાવથી પ્રેરાઈને કોરટે માગ્યું તેવું માફીપત્ર આપી દેવાની મને સલાહ આપી હતી તેમને હું ખાતરી આપવા ઇચ્છું છું કે મારી જીદને લીધે નહીં પણ મારા જીવનનો એક મહાન સિદ્ધાંત જોખમમાં આવતો હતો તેથી જ મેં તેમની સલાહનો ઇનકાર કર્યો હતો. મારે પત્રકારની સ્વતંત્રતા જાળવવી હતી અને તેમ છતાં કાયદાને માન આપવું હતું. કાયદાનો જે અર્થ હું સમજું છું તે પ્રમાણે તો મેં કોરટનો તિરસ્કાર બિલકુલ કર્યો નહોતો. પરંતુ મારા બચાવનો મોટામાં મોટો આધાર તો એ હતો કે આવે જ પ્રસંગે ભવિષ્યમાં ફરીથી આવો જ ગુનો ન કરવાને જ્યાં સુધી હું તૈયાર ન હોઉં ત્યાં સુધી હું માફી માગી શકું જ નહીં, કારણ કે હું માનું છું કે ખાનગીમાં તેમ જ કોરટમાં સાચા દિલથી જ માફી માગવી જોઈએ. તેની સાથે વળી કોર્ટ પ્રત્યે મારી એક બીજી ફરજ હતી. વડા ન્યાયાધીશની સલાહનો અંગીકાર ન કરવો એ મારે માટે નાનીસૂની વાત નહોતી — ખાસ કરીને એટલા માટે કે તેમણે મારી સાથે પત્રવ્યવહારમાં ઘણી જ માયા રાખી હતી. મારી દશા તો સૂડી વચ્ચે સોપારીના જેવી બની. આથી મારે મારા બચાવમાં એક શબ્દ પણ ન ઉચ્ચારવો, પણ નિષ્કપટપણે મારી સ્થિતિનો પૂરેપૂરો ખુલાસો કરવાને એક લખાણ રજૂ કરવું, અને મારી સામે ચુકાદો આપવામાં આવે ત્યારે કોરટ મરજી મુજબ સજા મને ભલે ફરમાવે એમ કહી દેવું એવો મેં નિશ્ચય કર્યો. કોરટ પ્રત્યે લેશ પણ અનાદર બતાવવા હું ખુશી નહોતો તેમ જ આ વાતની ચર્ચા ચારે તરફ ફેલાવાની પણ મારી ઇચ્છા નહોતી, તેથી તેને જાહેર ન થવા દેવાને મેં ઘણી ચીવટ રાખી હતી; અને મેં આ માફી ન માગી તે એટલા જ માટે કે બેઈમાનથી માફી માગવી એ મારા અંતઃકરણથી વિરુદ્ધ છે. હું માનું છું કે કાયદાના ભંગનો આ સરસમાં સરસ નમૂનો છે અને મને લાગે છે કે કોરટે મારા ભાવને સુંદર રીતે ઝીલી લીધો છે અને મારા કહેવાતા નિરાદરની અંદર રહેલા વિનયને તેણે પિછાણ્યો છે. જસ્ટિસ માર્ટિને પોતાના દીવા જેવા ચુકાદામાં પ્રથમ કાયદાનું નિરૂપણ કર્યું છે અને પછી મારી વિરુદ્ધ નિર્ણય આપ્યો છે. છતાં પણ મારા કાર્યના ઔચિત્ય વિષે કંઈ ટીકા કરવામાં નથી આવી એ જોઈને હું તેમના તરફ આભારની લાગણી અનુભવું છું. જસ્ટિસ હેવર્ડના ચુકાદામાં મારા કાર્યને નિઃશસ્ત્ર અર્થાત્ સાદર પ્રતિકારના એક દૃષ્ટાંતરૂપે સ્વીકાર્યું છે — અને લગભગ તે જ કારણથી કંઈ સજા ન કરવાનું જણાવ્યું છે. આમ આ કેસમાં સાદર નિરાદરના સિદ્ધાંતનો લગભગ સંપૂર્ણ વિજય થયો છે. જો કાયદાનો ભંગ સાચા ભાવથી માનપૂર્વક અને વિરોધની વૃત્તિ વિના કરવામાં આવે અને તે સમજપૂર્વક બંધાયેલા પાકા સિદ્ધાંતના આધારે હોય — તેમાં સ્વચ્છંદ ન હોય — અને સહુથી

૧. આ ફેંસલો માર્ચ ૧૨, ૧૯૨૦ને રોજ જાહેર કરવામાં આવ્યો હતો; સુનાવણીના ગાંધીજીએ આપેલા હેવાલ માટે જુઓ "શું એ અદાલતનો તિરસ્કાર હતો?" ૧૦–૩–૧૯૨૦.

Gandhi Heritage Portal

મુદ્દાની વાત—એની પાછળ દ્વેષ કે તિરસ્કારનો છાંટો પણ ન હોય તો જ તે શુદ્ધ સત્યાગ્રહ કહેવાય. હું નમ્રતાપૂર્વક જણાવું છું કે રા. દેસાઈએ અને મેં જે નિરાદર રજૂ કર્યો છે તેમાં આ બધાં તત્ત્વો સમાયેલાં છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४–३–१९२०

ભાષાંતર: नवजीवन, २८–३–१९२०

## ૮૩. પંજાબનાં રમખાણોની તપાસનો કૉંગ્રેસ રિપોર્ટ[1]

### પ્રકરણ ૧લું

### પંજાબ

### (ઐતિહાસિક અને ભૌગોલિક)

ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં, પંજાબ એ હિંદુસ્તાનનો સૌથી વધારે અગત્યનો ઇલાકો ગણી શકાય. વેદકાળના આર્યોએ પ્રથમ અહીં જ પોતાનાં ઘર કરેલાં. અહીં જ ઋગ્વેદની ઋચાઓ પ્રથમ ગવાયેલી. આ જ પ્રાંતમાં આવેલા તક્ષશિલાના વિશ્વવિદ્યાલયમાં જગતના જુદા જુદા ભાગોમાંથી જ્ઞાનશોધકો જ્ઞાન લેવા માટે ઊભરાતા. મહાભારતના ભડવીરો પાંડવો અને કૌરવોની યાદવી આ જ પ્રાંતમાં ગર્જેલી.

ઇજિપ્તના રાજા ઓસિરિસે આર્યાવર્તની ભૂમિ ઉપર પ્રથમ પગ મૂકેલો તે અહીં જ; અને ઍસીરિયાની રાણી સેમિરેમિસને પોતાની મહાસેનાઓને મોખરે રહી આર્યાવર્તની ઉપર સર્વોપરીપણું

૧. આ રિપોર્ટનું આખું નામ આ પ્રમાણે છે: रिपोर्ट ऑफ ध कमिशनर्स अपोइन्टेड बाय ध पंजाब सबकमिटी ऑफ ध इन्डियन नेशनल कॉंग्रेस (હિંદી રાષ્ટ્રીય મહાસભાની પંજાબ સબકમિટીએ નીમેલા કમિશનરોનો રિપોર્ટ). તે ૨૫મી માર્ચ, ૧૯૨૦ને રોજ પ્રસિદ્ધ થયો હતો. એનું કર્તાપણું નીચેનાં પ્રમાણોને આધારે ગાંધીજીનું માનવામાં આવ્યું છે:

(૧) "આ કમિટીના કામની વ્યવસ્થાનો બોજો મારા ઉપર આવી પડ્યો હતો, અને વધારે સ્થળોની તપાસ મારે ભાગે આવવાથી, મને અલભ્ય લાભ મળ્યો. . . . આ કમિટીનો રિપોર્ટ ઘડવાનું કામ પણ મને સોંપવામાં આવ્યું હતું. . . . આમ કેવળ સત્તાને જ આગળ ધરીને લખાયેલા રિપોર્ટ ઉપરથી વાંચનાર જોઈ શકશે કે . . ." आत्मकथा, ભાગ ૫, પ્રકરણ ૩૫, આવૃત્તિ ૧૯૬૨, પા. ૪૭૭–૮.

(૨) ક. "આખો દિવસ ગાંધીએ લખેલો રિપોર્ટ ચર્ચવામાં ગયો." ध स्टोरी ऑफ माय लाइफ, કર્તા એમ. આર. જયકર, ભાગ ૧, પા. ૩૨૨.

ખ. "રિપોર્ટ ગાંધીએ મારી મદદથી તૈયાર કર્યો હતો." એજન, પા. ૩૨૪.

ગ. "રિપોર્ટનો પહેલો ખરડો ગાંધીએ એક નાના શાંત ઓરડામાં બેસીને તૈયાર કર્યો હતો." એજન, પા. ૩૨૮.

ઘ. "ત્યાં સુધીમાં દાસ, મોતીલાલ અને તૈયબજી સમિતિમાંથી નીકળી ગયા હતા, અને રિપોર્ટ પ્રગટ કરવા માટે ગાંધીએ અને મેં સખત પરિશ્રમ ઉઠાવ્યો હતો." એજન, પા. ૩૨૯.

(૩) આ પુસ્તકમાં ઉતારેલા, ગાંધીજીએ માર્ચ, ૧૯૨૦ દરમ્યાન જયકરને લખેલા પત્રો.

રિપોર્ટ બે ભાગમાં છપાયો હતો. પહેલા ભાગમાં એકલો રિપોર્ટ હતો અને બીજામાં જુબાનીઓ હતી. અહીં એકલો પહેલો ભાગ છાપ્યો છે.

Gandhi Heritage Portal

સ્થાપવાના મનોરથમાં અહીં જ જબરદસ્ત હાર મળેલી. સિથિયન, તાર્તાર અને પર્શિયનોને આર્યાવર્તમાં પગપેસારો કરતાં પંજાબના પુત્રો સાથે પ્રથમ ખાંડાં ખખડાવવાં પડેલાં. મહાન સિકંદરને જીત મળતાં છતાં પણ અહીં જ પ્રથમ વાર તેના પૃથ્વીતલ ઉપર સામ્રાજ્ય મેળવવાના સ્વપ્નાને ભુલાવનાર પોરસ રાજા જેવો શત્રુ મળેલો.

પાંચ નદીઓ — ચિનાબ, જેલમ, રાવી, બિયાસ, અને સતલજ — નાં જલ પીતો પ્રદેશ હોવાથી આ પ્રાંતનું નામ પંજાબ પડયું. એ હિંદુસ્તાનના વાયવ્ય કોણમાં આવેલો છે. એની ઉત્તરહદે હિમાલયનો કેટલોક ભાગ અને કાશ્મીર આવ્યાં છે, પશ્ચિમ હદે સિંધુ, દક્ષિણ હદે સિંધ અને રજપૂતાના અને પૂર્વ હદે જમનાજી આવેલાં છે.

પંજાબનું ક્ષેત્રફળ હાલ ૧,૩૫,૭૭૩ ચોરસ માઈલ છે; આમાંના લગભગ એક લાખ ચોરસ માઈલ બ્રિટિશ સત્તા તળે છે. સને ૧૯૧૧માં પંજાબની વસ્તી લગભગ ૨ કરોડની હતી. પ્રથમ પંજાબ પ્રાંત બહુ મોટો હતો પણ ૧૯૦૧માં એના ભાગ પાડી તેમાંથી એક નવો પ્રાંત — વાયવ્ય સરહદનો પ્રાંત — બનાવવામાં આવ્યો. સને ૧૯૧૨માં વળી એક બીજો ટુકડો કાપી કાઢવામાં આવ્યો. બ્રિટિશ હિંદના સામ્રાજ્યનું પાટનગર દિલ્હી બન્યું અને દિલ્હી અને તેની આસપાસના કેટલાક પ્રદેશને એક જુદો પ્રાંત બનાવવામાં આવ્યો.

પંજાબમાં વિશેષે કરીને હિંદુ, મુસલમાન અને શીખની વસ્તી છે. શીખોનું પંજાબ એ જ ઘર છે અને તેમની સંખ્યા ૩૪ લાખ જેટલી છે. લોકોનો મુખ્ય ધંધો ખેતી છે પણ હવે બીજા ધંધાઓ માર્ગ કરતા જાય છે અને વરાળથી ચાલતાં અનેક કારખાનાંઓ પંજાબના જુદા જુદા ભાગમાં ઊભાં થયાં છે.

બ્રિટિશ હિંદી લશ્કરના મોખરાનું લશ્કર પંજાબ જ પૂરું પાડે છે. ગયા મહાયુદ્ધમાં[1] હિંદુસ્તાનના તમામ પ્રાંતોના કરતાં પંજાબે જ વધુ લડવૈયા પૂરા પાડેલા.

લડાયક પ્રજામાં શીખ અગ્રસ્થાને છે અને તેમના પછી રજપૂતો અને જાટો આવે છે. પશ્ચિમ અને દક્ષિણ ભાગના રજપૂતો અને જાટો મોટે ભાગે મુસલમાનો છે અને પૂર્વ અને ઉત્તર ભાગના હિંદુ છે. મધ્ય પંજાબના જાટો મોટે ભાગે શીખ છે.

મહાયુદ્ધમાં પંજાબે આપેલો મનુષ્યનો હિસ્સો અમે સર માઇકલ ઓડવાયરના[2] પોતાના શબ્દમાં જ આપીશું. ગઈ ૭મી એપ્રિલે સર માઇકલે નીચે પ્રમાણે ઉદ્‌ગારો કાઢ્યા હતા :

> મહાયુદ્ધ દરમ્યાન ગયે વર્ષે પંજાબે આપેલા હિસ્સા વિષે હું એટલી બધી વાર બોલ્યો છું કે આજે મારે ભાગ્યે જ કાંઈ કહેવાનું રહે છે. લશ્કરમાં એક લાખ માણસ મોકલી આપણે શરૂઆત કરી. સને ૧૯૧૭માં હું જાહેર કરી શકયો હતો કે પ્રથમનાં ૨ા વર્ષમાં આપણે ૧,૨૪,૦૦૦ લડવૈયા ઊભા કર્યા હતા. પછીના વર્ષમાં ૧,૨૭,૦૦૦થી વધારે લડવૈયા ઊભા કર્યા એટલે એક વર્ષ ઉપર કુલ સંખ્યા ૨ા લાખથી વધારે થઈ ગઈ હતી. તે વેળા આપણે કટોકટીની સ્થિતિએ હતા અને શહેનશાહના પ્રૌઢ સંદેશા અને બ્રિટિશ પ્રધાનની હાકલના જવાબમાં મેં પ્રાંતની પાસે એક વર્ષમાં ૧,૮૦,૦૦૦ લડવૈયા સાથે કુલ બે લાખ માણસ ઊભાં કરવાની માગણી કરી. ઘણાઓને તે વેળા લાગ્યું કે મારી માગણી બહુ વધારાપડતી હતી. તેઓને પંજાબનું કેટલું પાણી છે તેની ખબર ન હતી. એપ્રિલ-મેમાં તો કાપણીની મોસમ હતી એટલે લશ્કરમાં ભરતી કરવાનું કામ જાણીબૂજીને ખાસ જોરમાં રાખ્યું ન હતું. છતાં ૨૧,૦૦૦ માણસોએ નામ નોંધાવેલાં.

૧. ૧૯૧૪–૧૮નું પ્રથમ વિશ્વયુદ્ધ.
૨. પંજાબના લેફ્ટનન્ટ ગવર્નર, ૧૯૧૩–૧૯.

Gandhi Heritage Portal

જૂનથી સપ્ટેમ્બર સુધીમાં લશ્કરમાં ભરતીનું કામ તમામ જગ્યાએ ધમધોકાર ચાલ્યું અને એ ચાર મહિનામાં ૭૮,૦૦૦ અથવા મહિને ૧૯,૫૦૦ માણસો લશ્કરમાં જોડાયા. ઑક્ટોબરમાં ઈન્ફ્લુએન્ઝા તાવ ફાટી નીકળવાને લીધે આ સંખ્યા ઓછી થઈ ૧૪,૪૨૬ જેટલી થઈ, અને નવેમ્બરમાં આપણે પાછી ભરતી શરૂ કરવામાં જ હતા; ત્યાં તો આપણા શત્રુઓ પડી ભાંગ્યા, લડાઈનો અંત આવ્યો; અને માસિક લશ્કરી ભરતી ૬,૩૧૩ જેટલી થઈ ગઈ. પણ જૂનથી નવેમ્બર સુધીના છ મહિનામાં આપણે ૯૯,૦૦૦ માણસો એટલે કે આપણે ધાર્યા કરતાં અર્ધા જેટલાં માણસો ઊભાં કરી શકયા હતા અને એપ્રિલથી નવેમ્બરના આઠ મહિનામાં ૧,૦૦,૦૦૦ લડવૈયા સાથે કુલ ૧,૨૧,૦૦૦ માણસો ઊભાં કર્યાં હતાં. જો માણસોની જરૂર ચાલુ રહેત તો આપણે આપણો ૨ લાખ માણસોનો ધારેલો હિસ્સો પૂરો કરી આપ્યો હોત. ગમે તેમ હો, લડાઈનાં ચાર વર્ષ દરમ્યાન આપણે ૩,૬૦,૦૦૦ લડવૈયા ઊભા કર્યાનો એટલે કે હિંદી સામ્રાજ્યમાંથી ઊભા થયેલા લડવૈયાની કુલ સંખ્યાના અર્ધા કરતાં વધારે ઊભા કર્યાનો દાવો કરી શકીએ એમ છીએ. (અલબત્ત, આ ગણતરીમાં હિંદી સામ્રાજ્યની વાત કરતાં મેં નેપાળના આપણા શૂરવીર પડોસીઓ અને મિત્રોએ આપેલા સુંદર હિસ્સાની ગણતરી કરી નથી.)

ઉપર કહેલા ૩,૫૫,૦૦૦ લડવૈયાઓની વિભાગણી મુખ્ય મુખ્ય ધર્મ વાર અને જાત વાર નીચે પ્રમાણે છે:

| | | |
|---|---|---|
| **મુસલમાનો** | | ૧,૭૦,૦૦૦ |
| પઠાણ | ૫,૦૦૦ | |
| ઉત્તર અને મધ્ય પંજાબના મુસલમાનો સામાન્ય રીતે પંજાબી મુસલમાન કહેવાતા | ૧,૩૬,૦૦૦ | |
| દક્ષિણ પંજાબના મુસલમાન | ૨૫,૦૦૦ | |
| કાશ્મીરી | ૧,૫૦૦ | |
| બીજા મુસલમાન | ૨,૫૦૦ | |
| **શીખ** | | ૯૦,૦૦૦ |
| **હિંદીઓ** | | ૯૦,૦૦૦ |
| જાટ | ૩૦,૦૦૦ | |
| દોગડા | ૨૪,૦૦૦ | |
| બીજા રજપૂત | ૧૦,૦૦૦ | |
| આહીર | ૧૦,૦૦૦ | |
| ગુર્જર | ૬,૦૦૦ | |
| ગૌડ બ્રાહ્મણ | ૫,૦૦૦ | |
| બીજા બધા | ૫,૦૦૦ | |
| **પંજાબી ખ્રિસ્તીઓ** | | ૪,૦૦૦ |

Gandhi Heritage Portal

કુલ વસ્તીના ૫/૯ ભાગ જેટલા મુસલમાનોએ ૪૮ ટકા રંગરૂટો આપ્યા, ૩/૯ ભાગ જેટલા હિંદુઓએ ૨૫ ટકા અને વસ્તીના માત્ર ૧/૯ ભાગ છતાં શીખોએ પણ ૨૫ ટકા રંગરૂટોનો ફાળો આપ્યો.

મેં ગયે વર્ષે કહ્યું હતું તે પ્રમાણે લડવૈયા લગભગ બધા, અને લડવૈયા સિવાયનાં માણસનો ઘણો ભાગ, ગામડાંની વસ્તીમાંથી ઊભો કરવામાં આવ્યો હતો. લશ્કર માટે તો નહીં જ, પણ ઇન્ડિયન ડિફેન્સ ફોર્સ માટે પણ શહેરીઓનો ફાળો દમ વગરનો હતો, જોકે તેઓએ વૉર-લોનમાં સારો ફાળો આપ્યો હતો. પણ ગામડાંઓમાંના ઘણાખરા હિંદુઓએ રંગરૂટો ભરચક પૂરા પાડ્યા હતા, અને તેમનો ફાળો શીખોના કરતાં પ્રમાણમાં ઊતરતો હોવા છતાં, પંજાબી મુસલમાનોના જેટલો જ લગભગ છે.

પંજાબનો રાજ્યવહીવટ એક લેફ્ટનન્ટ ગવર્નર ચલાવે છે. તેના હાથ નીચે એક ધારાસભા છે, અને તેના સભ્યો કેટલાક લોકનિયુક્ત અને કેટલાક સરકાર નિયુક્ત છે.

પંજાબનું પાટનગર પ્રાચીન કાળથી લાહોર જ રહ્યું છે. લાહોર આશરે ૨ા લાખની વસ્તીવાળું મોટું શહેર છે. કલકત્તાથી એ ૧૨૦૦ માઈલ, દિલ્હીથી ૩૦૦ માઈલ, કરાંચીથી ૭૮૪ માઈલ, અને મુંબઈથી ૧,૧૬૨ માઈલને છેટે એ આવેલું છે.

પ્રાંતના પાંચ વિભાગો પાડેલા છે, દરેક વિભાગ એક કમિશનરને સોંપાયેલો છે, અને બધા વિભાગોમાં મળી કુલ ૨૮ જિલ્લાઓ છે, જે દરેકની ઉપર ડેપ્યુટી કમિશનરો અથવા કલેક્ટર મૂકેલા છે. આ પાંચ ભાગો નીચે પ્રમાણે: અંબાલા — જેમાં હિંદુસ્તાન સરકારનો ગ્રીષ્મનિવાસ — સિમલા સુધ્ધાં પંજાબનો પૂર્વ ભાગ સમાયેલો છે; જલંધર — જેમાં પહાડી અને અર્ધપહાડી મુલક આવેલો છે; લાહોર — જેમાં મધ્ય પંજાબ આવી જાય છે; રાવલપિંડી — જેમાં વાયવ્ય પંજાબ, અને મુલતાન — જેમાં પશ્ચિમ ભાગનો સમાવેશ થાય છે.

## પ્રકરણ ૨જું

### સર માઈકલ ઓડવાયરનો કારભાર

ગૃહસ્થો! પંજાબે જે જે કર્યું છે, તેનાં વખતોવખત ગીતો ગાવા માટે મારા ઉપર અનેક વાર ટીકા કરવામાં આવી છે. પણ એ પ્રાંત માટેનું મારું અભિમાન એ પ્રાંતમાં જ ભરાઈ રહેવાને લીધે જન્મેલું નથી. મેં ૧૫ વર્ષ જેટલી મુદત પંજાબની બહારના પ્રદેશોમાં ગાળી છે, અને તે દરમિયાન મેં હિંદુસ્તાનના બીજા ઘણા ભાગો જોયા છે. અને હું ખરેખર કહી શકું છું, કે મારા ઘણા ઘણા અનુભવો છતાં અનેક શહેરો, મનુષ્યો, રીતભાત, આબોહવા કાઉન્સિલો અને રાજ્યવહીવટ જોયા છતાં, પંજાબના એક રાયથી માંડીને એક રંકના ઝૂંપડા સુધી મને પંજાબમાં જે જે ગુણ જોવાના મળ્યા છે, તેવા બીજે ક્યાંય પણ નથી મળ્યા. મેં જોયું છે કે ગમે તે વર્ગના એક પંજાબીની સાથે વહેમ અથવા અશ્રદ્ધા વિના, માણસ માણસ સાથે કામ પાડે તેમ, કામ પાડી શકું. મેં જોયું છે કે એકંદર પંજાબી વફાદાર છે છતાં ખુશામતિયો નથી, બહાદુર છે છતાં બડાશ હાંકનાર નથી, સાહસિક છતાં આકાશપુષ્પો જોનારો નથી, આગળ વધનારો પણ નકામા આદર્શની પાછળ લાગેલો નથી, કે વસ્તુને મૂકીને છાયાને પકડનારો નથી. પંજાબના આ ગુણો વડે હિંદના પ્રાંતોમાં પંજાબ સર્વના કરતાં નાનો નહીં પણ વધારે સંમાનિત ગણાય છે. આ

Gandhi Heritage Portal

ગુણ એવો છે કે તેની સાથે, હવે જે સમયદૃષ્ટિ સમીપ જણાય છે, તેમાં મહા કીમતી થઈ પડનાર હૃદયબળ જો જોડાશે તો પંજાબ પ્રગતિ અને આબાદાનીમાં મોખરે વિરાજતો થઈ જશે.

આ ઉદ્‌ગારો સર માઇકલ ઓડવાયરના તા. ૭મી એપ્રિલના એક જાહેર ભાષણમાંના છે — એટલે તે સમસ્ત હિંદમાં પળાયેલી હડતાળને બીજે દિવસે, અને અમૃતસરની ખૂનરેજીના તથા લાહોર અને અમૃતસરમાં નિર્દોષ નિ:શસ્ત્ર લોકો ઉપર ગોળી ચલાવવામાં આવી તેના ત્રણ દિવસ અગાઉ પ્રગટ થયા હતા.

પોતે પ્રાંતમાંથી વિદાય થવા ધારતા હતા તેની તુરત આગમ જ મળેલી છેલ્લી કાઉન્સિલ મીટિંગમાં આપેલા ભાષણમાંના આ ઉદ્‌ગારો છે.

પણ એ જ ભાષણમાં નીચેના શબ્દો પણ છે:

પણ આ પ્રાંતની સરકારે સંકલ્પ કરી રાખેલો છે કે જે જાહેર વ્યવસ્થા લડાઈ દરમિયાન પાકી રીતે રાખવામાં આવી હતી, તેનો ભંગ હવેના શાંતિના વખતમાં નહીં જ થાય. આથી લાહોર અને અમૃતસરમાં જે કેટલાક માણસો, પોતાનો ગમે તેવો હેતુ છતાં સરકાર વિરુદ્ધ જાહેર લાગણી ઉશ્કેરવાનો ખુલ્લો પ્રયત્ન કરતા હતા, તેમની સામે હિંદ રક્ષણના કાયદાના[1] આધારે સરકાર પગલાં લઈ ચૂકી છે. જે બ્રિટિશ સરકારે વિદેશી શત્રુઓને રગદોળ્યા છે, અને આંતરિક બળવાને દાબી દીધા છે, તે સરકાર આવા ચળવળિયાઓને બિલકુલ ન ગણકારે તો ચાલે એમ હતું; પણ તેઓ અળગા રહીને યુવાન અને અજ્ઞાન માણસોને હોળીનું નાળિયેર બનાવે, તેમનું રક્ષણ કરવાની સરકારની ફરજ છે. આથી રાજકીય પ્રાંતની હિલચાલમાં ભાગ લેનારાઓને હું આ પ્રસંગે ચેતવણી આપું છું કે તેઓ જે જે સભાઓ ભરે, તેમાં જે જે શબ્દો બોલાય, અને તેની જે જે અસર થાય, તેને માટે તેઓ જ જોખમદાર ગણાશે. આટલી શરત રાખીને સરકારને જાહેર સભાઓ ભરવાના હક્ક ઉપર કોઈ પણ રીતે અંકુશ મૂકવાની ઇચ્છા નથી; પણ સૌ કોઈ જાણે છે કે આવી સભા ભરનારાઓ યોગ્ય હેતુઓ માટે સભા ભરતા છતાં પણ વારંવાર ઉગ્ર ભાષણકર્તાઓને અટકાવવાનું હૃદયબળ અથવા તો વજન ધરાવતા હોતા નથી. વળી એ પણ ઉઘાડી વાત છે કે થોડા ગણ્યાગાંઠ્યા તોફાની ચળવળિયાઓ આવી સભાઓમાં જે વિવેક અને વિચાર છોડીને ભાષણો કરે છે, તેથી વિચારશીલ અને વિવેકશીલ પુરુષો પોતાની ઇજ્જત તરફ જોઈને આવી સભાઓમાં જતાં ખચકાય છે. એટલે અંકુશ નાખનાર કોઈ પણ સાધન આ ઠેકાણે હોતું નથી, અથવા તેનો ઉપયોગ કરવામાં આવતો નથી. આથી જ મને આ ચેતવણી આપવાની જરૂર પડે છે અને તે વર્તમાનપત્રોમાં લખનારા તથા સભાઓમાં ભાષણ કરનારા સૌને હું આપું છું. હું પૂછું છું કે બરોબર વિચાર કર્યા પછી તમે કહી શકશો ખરા કે આપણને જે સુધારા મળવાના છે તેને માટે આવશ્યક, શાંત, અને વિવેકયુક્ત વાતાવરણ આ છે? મને ખાતરી છે કે એ નથી અને જેઓ આ દૂષિત વાતાવરણ ઉત્પન્ન કરી રહ્યા છે તેઓ જે સુધારાઓના મોટા હિમાયતીઓ થવા માગે છે તે સુધારાના હડહડતા શત્રુ છે. સુભાગ્યે, તેઓ જેટલી ધાંધલ મચાવી રહ્યા છે, તેના પ્રમાણમાં તેઓનું વજન જૂજ જ છે. તેઓના બોલવામાં પંજાબના અવાજનો પડઘો નથી પડતો.

૧. આ કાયદો "આવશ્યક યુદ્ધકાલીન પગલા" તરીકે ૧૯૧૫માં પસાર થયો હતો.

Gandhi Heritage Portal

# REPORT

OF

## THE COMMISSIONERS

APPOINTED BY

## THE PUNJAB SUB-COMMITTEE

OF

## THE INDIAN NATIONAL CONGRESS.

| | | |
|---|---|---|
| Vol. I | Report. | price Rs. 2. |
| Vol. II | Evidence. | price Rs. 5. |
| Vols. I and II together. | | price Rs. 6. |

8817

1920

Gandhi Heritage Portal

પંજાબની અશાંતિ વિષેના કૉંગ્રેસ રિપોર્ટનું મુખપૃષ્ઠ

Published by Mr. K. Santanam, Bar-at-law, Lahore, Secretary to the Commission of Inquiry.

---

Printed by M. N. Kulkarni, at his Karnatak Printing Press. 434 Thakurdwar, Bombay.

( *All Rights Reserved* )

Gandhi Heritage Portal

પંજાબની અશાંતિ વિષેના કોંગ્રેસ રિપોર્ટનું 'કૉપીરાઈટ' પાન

આ પછી તેઓ રૉલેટ ઍક્ટના[૧] નિર્દોષપણાની કથામાં ઊતર્યા હતા, અને સત્યથી વેગળી એવી તે કાયદાની ઓળખાણ આપી હતી; તેમણે જણાવ્યું હતું કે એ કાયદાથી પોલીસને આપખુદ રીતે પકડાપકડી કરવાના, ઝડતી લેવાના, અથવા લોકોની હિલચાલમાં આડે આવવાના બિલકુલ અધિકાર આપવામાં આવ્યા નથી. રૉલેટ ઍક્ટ જેમણે વાંચ્યો છે તે દરેક માણસ જાણે છે કે તે કાયદાથી આવા અધિકાર આપવામાં આવ્યા છે, અને લોકો બહુ જ મક્કમ રીતે તેની સામે થયા, તે પણ આ કારણને લીધે જ. પણ સર માઇકલને રૉલેટ ઍક્ટનું કાલ્પનિક વર્ણન આપીને જ સંતોષ વળે તેમ ન હતું. તેમણે તો છઠ્ઠી એપ્રિલે થયેલા પ્રજાની લાગણીના ભવ્ય પ્રકટન વિષે પોતાનો અભિપ્રાય આપવો હતો — જે પ્રકટન, તેમાંની ઉપવાસની ક્રિયાથી અર્ધ-ધાર્મિક જેવું થઈ પડ્યું હતું. સર માઇકલે એ મહાપ્રસંગને આ પ્રમાણે હસી કાઢ્યો હતો :

> લાહોર અને અમૃતસરમાં રૉલેટ ઍક્ટની સામે હમણાં જ જે તુચ્છ વિરોધદર્શન થયાં છે, તે અજ્ઞાન અને ભોળા લોકો, જેમાંનો હજારે એક જણ પણ એ કાયદા વિષે કશું જાણતો નથી, તેવાને કેટલી સહેલાઈથી ભમાવી શકાય, એમ દર્શાવતાં ન હોત તો તેને કેવળ હસી કાઢી શકાત. જેઓ આવી રીતે લોકોને ભમાવવા માગે છે તેઓ એક ગંભીર જવાબદારી વહોરી લે છે. એવાઓને પ્રેસિડન્ટ વિલ્સનના એક પ્રસિદ્ધ વચનનું હું સ્મરણ કરાવીશ : "ખૂબ હોશિયારી અને ખૂબ અપ્રામાણિકતાથી કેટલોક વખત સુધી તમામ લોકોને, અને હમેશને માટે કેટલાક લોકોને તમે ભમાવી શકો, પણ તમામ લોકોને હમેશને માટે નહીં જ ભમાવી શકો." જેઓ લોકોની બુદ્ધિના કરતાં અજ્ઞાનને વધારે ઉશ્કેરે છે તેઓની એક દિવસ બરોબર ખબર લેવાશે.

હિંદુસ્તાનમાં કોઈ પણ બીજા પ્રાંતના હાકેમે લોકોને સાતમી એપ્રિલે આવી રીતે હસી કાઢ્યા ન હતા. સર માઇકલ સિવાયના દરેક હાકેમને છઠ્ઠી એપ્રિલના રહસ્યની ઓછીવત્તી સમજ પડી હતી. પણ સર માઇકલનો તો જે લોકો પોતાના અભિપ્રાય પ્રમાણે લોકોની બુદ્ધિ કરતાં આવેશ અને અજ્ઞાનને ઉશ્કેરતા હતા, તેમની બરોબર ખબર લેવાનો મનોરથ હતો. છતાં લોકોની બુદ્ધિને બદલે લગભગ હમેશ અજ્ઞાન અને આવેશને સર માઇકલે જ ઉશ્કેર્યાં. અને તેમ કરી લોકોને અને પોતાના વડા અધિકારીઓને ભમાવવાની ભારે જવાબદારી વહોરી લીધી એમ હવે પછીનાં પાનાંઓમાં બતાવવાની દુઃખદ ફરજ અમારે માથે આવી પડી છે. "બરોબર ખબર લેવાનો" આ શબ્દોનો તેઓએ કેવો અર્થ કર્યો તે બતાવવાની પણ અમને દુઃખદ ફરજ પડી છે. વળી દસમી એપ્રિલે પણ તેમણે કેટલાક ઉદ્ગારો કાઢવાની સંધિ સાધી હતી. લાહોર અને અમૃતસરમાં બનેલી હકીકત વિષે સાંભળ્યા પછી તે જ રાત્રે તેઓએ મૉન્ટગોમરી હૉલમાં પોતાને માનપત્ર આપવાને ભેગા મળેલા પંજાબની લડાયક પ્રજાના પ્રતિનિધિઓ આગળ એક ભાષણ આપ્યું હતું. ઍસોસિયેટેડ પ્રેસે આપ્યા પ્રમાણેનું આ તેમનું આખું ભાષણ છે :

> આજની ધમાલ છતાં આજ રાત્રે આપણે અહીંયાં ભેગા મળી શક્યા છીએ એ વિચારથી મને આનંદ થાય છે. આ અપ્રતિમ જલસામાં પંજાબની મુસલમાન, શીખ અને

૧. આ ઍક્ટ, હિંદ સંરક્ષણ ધારાની મુદત પૂરી થવાને પરિણામે ઊભી થનારી પરિસ્થિતિને પહોંચી વળવાના ઇરાદાથી, કામચલાઉ પગલા તરીકે, ૧૯૧૯ના માર્ચ માસના ત્રીજા અઠવાડિયામાં પસાર કરવામાં આવ્યો હતો. એનાથી સ્થાનિક સરકારોને, જે લોકો જાહેર સલામતીને જોખમમાં મૂકે એવા કેટલાક ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું મનાતું હતું તેમને ગિરફતાર કરવા અને અટકમાં લેવા આપખુદ અધિકારો મળતા હતા.

Gandhi Heritage Portal

હિંદુ લડાયક પ્રજાઓના આટલા બધા પ્રતિનિધિઓને મળવામાં હું મોટું માન સમજું છું. એ પ્રજાઓ પોતાના વંશ, ધર્મ અને સામાજિક રીતરિવાજોમાં ભિન્ન ભિન્ન હોવા છતાં, રાજનિષ્ઠા અને શૂરવીરતાના બે વજ્રબંધોથી એકબીજાની સાથે અને બ્રિટિશ સરકારની સાથે બંધાયેલી છે.

રાજવહીવટની મુશ્કેલીઓ અને અશાંતિ તથા અરાજકતાથી શાંત અને વ્યવસ્થિત પ્રગતિમાં ક્ષોભ થતો અટકાવવા માટે પગલાં લેવાની જરૂર તમે સારી રીતે સમજો છો. અરાજકતા અને રાજ્યવિપ્લવના ઉછાળાઓ સામે લોકોના જાનમાલનું રક્ષણ કરવા માટે પસાર કરવામાં આવેલો કાયદો એક નાની પણ ધાંધલિયા ટોળીનાં સતત જૂઠાણાંને લીધે, જે લોકોને મહાસંકટના પ્રસંગોએ રક્ષણ રૂપ કરવા ધાર્યો છે, તે તેમની સામે એક વિઘાતક હથિયાર રૂપ છે એમ ગયાં થોડાં અઠવાડિયાંમાં બતાવવામાં આવ્યું છે એ તમે જાણો છો. મુખ્ય વાત તો વળી એ છે કે અરાજકતાના પ્રસંગો જો માઠે નસીબે ઊભા થાય તો જ આ કાયદાનો અમલ કરવાનો છે. તમારામાંના જેમણે આ કાયદો વાંચ્યો છે અને સમજ્યા છો, તેઓને ખબર છે કે આ ચળવળ કેવી પાયા વિનાની છે. આ ચળવળને ઉશ્કેરી આપનારા લોકોના હેતુઓ કેવા છે તેનો સહેજ ખ્યાલ મુલતાનમાં થોડા દિવસ ઉપર બનેલા બનાવ ઉપરથી મળશે. આ પ્રસંગે રૉલેટ બિલની સામેના વિરોધને બહાને લડાઈ ઉપરથી પાછા ફરનારા શૂરવીર પંજાબી મુસલમાન, શીખ અને ગુરખા સિપાહીઓનું અપમાન કરવામાં આવ્યું હતું. જોકે આપણે જાણીએ છીએ કે એ અપમાન કરનારાઓમાં પોતામાં જરાયે શૂરાતન ન હતું અને પોતાના ઘરબારનું રક્ષણ કરનાર સિપાહીઓનું શૂરાતન અને રાજનિષ્ઠાની બિલકુલ કદર ન હતી. તેઓનો તે હેતુ તો સરકારની ઉપર પ્રહાર કરવાનો અને નિમકહલાલ આદમીઓનું અપમાન કરવાનો જ છે. રાજનિષ્ઠ પુરુષોએ તેમની દુષ્ટ પ્રવૃત્તિની સામે થવું જ જોઈએ, અને તેઓ થશે. આ માટે હું તમને વિનંતી કરું છું કે તમે જ્યાં જ્યાં તમારો વગ ચાલતો હોય ત્યાં ત્યાં આ કાયદામાં દેખાઈ આવતા સરકારના હેતુઓ અને રાજનીતિ સમજાવશો અને ગામડાંના અજ્ઞાન અને ભોળા લોકોને તથા શહેરના બજારમાં ભમતા બદમાશોને ભમાવવા માટે અને તેમને ગુના કરવાને અને ખળભળાટ મચાવવાને ઉશ્કેરવા માટે જે જૂઠાણાંનો કોલાહલ કેટલેક ઠેકાણે મચી રહ્યો છે તેને ઉઘાડો પાડશો.

આ ચળવળના નાયકોએ કહેવાતા સત્યાગ્રહના ધોરણે કામ લેવાનું જાહેર કરી શરૂઆત કરી તે ચળવળે હવે કેવું સ્વરૂપ લીધું છે? શનિવારે મુલતાનમાં જે બન્યું તે તો તમે સાંભળ્યું. લાહોર અને અમૃતસરમાં રવિવારે કાયદાને માન આપી ચાલનારા નાગરિકો ઉપર દબાણ ચલાવવામાં આવ્યું હતું અને ભય બતાવવામાં આવ્યો હતો. અને મુંબઈમાં તો તેઓએ ખુલ્લી રીતે કાયદાનું અપમાન કરવાની શરૂઆત કરી દીધી છે. આ ચળવળને તુરતાતુરત અટકાવવામાં ન આવે તો વ્યવસ્થાનો ભંગ થશે અને લોહી રેડાશે. અમૃતસર અને લાહોરમાં આ પ્રમાણે બની ચૂક્યું છે, અને તેથી કાયદાને માન આપી ચાલનારા નાગરિકોના જાનમાલને જોખમ થનાર છે. સરકાર તમારી પાસેથી અને સર્વે રાજનિષ્ઠ નાગરિકો પાસેથી આશા રાખે છે કે, તમારા તથા તેઓના રાજકીય વિચાર ગમે તેવા હોય, તોપણ તમે સૌ આ જોખમભરેલી ચળવળને જાહેરમાં વખોડી કાઢવામાં તથા તેનો તુરત અંત આણવામાં સરકારની સાથે ભળશો. સરકારની સાથે આ અને આવી જ બીજી

Gandhi Heritage Portal

બાબતોમાં આપેલા તમારા સહકારની તમારી સુપ્રસિદ્ધ યુદ્ધસેવાના જેટલી જ કિંમત થશે અને કદર બુજાશે.

ઘડીક વાર માટે સમો બહુ કટોકટીનો આવ્યો છે, અને તમારા તથા સરકાર તરફથી તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે. સરકાર બિલકુલ અચકાયા વિના પોતાની ફરજ બજાવશે અને તમને તમારી ફરજ બજાવવામાં ટેકો આપશે. સરકાર કાયદાનો અમલ કર્યા વિના રહેનાર નથી, અને જો તેમ કરતાં લોહી રેડાય, તો તેની જવાબદારી જેઓ બીજાની પાસે કાયદો તોડાવે છે તેમના ઉપર પડશે.

જતાં જતાં આટલા છેવટના બે સલાહના બોલ હું આપને કહી જાઉં છું; અને મારી ખાતરી છે કે તમે તે મુજબ તરત જ પગલાં લેશો. અને હું પ્રાંત છોડીને ચાલ્યો જાઉં તે પહેલાં સાર્વજનિક વ્યવસ્થા પુન: સ્થાપવાને મને શક્તિમાન કરશો. સંકટનું વાદળ જોકે ગંભીર છે તોપણ બહુ મોટા ભાગમાં ફરી વળ્યું નથી, અને તમારી મદદથી તુરત જ તે વિખેરી નાખી શકાશે.

જેમ લડાઈના સમયમાં તેમ જ આંતરિક આપત્તિના સમયમાં પંજાબની શૂરવીર પ્રજાની પાસે કરેલી સહાયની માગણી વ્યર્થ ગઈ નથી, એ વાતના સ્મરણથી મારી છાતી સદા ઊંચી આવ્યા કરશે. મને વિશ્વાસ છે કે તમારા પોતાના કાર્યથી તથા તમે જે રાજનિષ્ઠ અને બહાદુર લોકોના તરફથી અહીં ભેગા થયા છો તેમનાં કાર્યથી, થોડાંક અઠવાડિયાંમાં મને અને સરકારને એક વિશેષ ઉપકાર નીચે મૂકશો.

હવે તો હું આપની વિદાય લઈશ. પ્રાંત છોડતાં છોડતાં, તમે જે જે કર્યું છે, તેનાં સ્મરણ હું સાથે લઈ જાઉં છું. હું તમને ભૂલવાનો નથી, કે નથી તમારા કાર્યને કે તમારા હિતને ભૂલવાનો.

આ ભાષણ શબ્દેશબ્દ અમે ઉતાર્યું છે, કારણ તેની ઉપર સહેજ નજર નાખવાથી સર માઈકલ ઓડવાયરની મનોરચના જણાઈ આવે છે. પંજાબની લડાયક પ્રજાની આગળ એ ભાષણ આપવામાં આવ્યું હતું. લોકોની સામે તે પ્રજાને ઉશ્કેરતાં તેઓ અચકાયા નથી. તેમણે બનેલી હકીકતને ઊંધું-અવળું સ્વરૂપ આપ્યું છે; દાખલા તરીકે મુલતાનના લોકોના સિપાહીઓ પ્રત્યેના વર્તનની હકીકત. અમે એ બનાવ વિષે તપાસ કરી છે, અને અમને જણાયું છે કે મુલતાનમાંથી પસાર થતા સિપાહીઓનું બિલકુલ અપમાન કરવામાં આવ્યું નથી. તેમણે જાણીબૂજીને પોતાના શ્રોતાજનોને રૉલેટ ઍક્ટના કાર્યપ્રદેશનો ખોટો ખ્યાલ આપ્યો છે, અને પછી લોકોને શિક્ષા કરવાની ધમકી; બલ્કે રાજકીય ચળવળમાં ભાગ લેવા માટે શિક્ષા કરવાની ધમકી આપી છે.

હવે અમે સર માઈકલ ઓડવાયરના અમલની ટૂંકી રેખા આપી, તેમણે પ્રજાના દરેક વર્ગને પોતાનાથી કેવી રીતે અળગા કર્યા, તથા સામાન્ય વર્ગ ઉપર કેળવાયેલા વર્ગનું વજન કેવી રીતે ઓછું કર્યું તે બતાવીશું.

પંજાબના લેફ્ટનન્ટ ગવર્નરની જગાએ તેઓ સને ૧૯૧૩માં આવ્યા, તે પહેલાં પંજાબનો તેઓને પુષ્કળ અનુભવ હતો. સુધારા માટેની દરખાસ્તોનો તિરસ્કારયુક્ત ઉલ્લેખ કરીને તેમણે પોતાના અમલને યશસ્વી કર્યો હતો. પોતાની નિમણૂક પછી આપવામાં આવેલા એક માનપત્રના જવાબમાં તેઓ બોલ્યા હતા:

આ પ્રાંતનો મેં જે ટૂંક સમય અમલ કર્યો છે તે દરમિયાન, મારે રાજ્યવહીવટ કેમ ચલાવવો જોઈએ તે બાબત, તથા લોકોની અભિલાષાઓ પૂરી પાડવાને સ્વરાજ્યની હિલચાલને

Gandhi Heritage Portal

> આગળ વધારવાને, તથા કાયદાનો અમલ કરવાનાં અને ન્યાય આપવાનાં કાર્ય છૂટાં પાડવા બાબત, તેમ જ રાજનીતિની બીજી બાબતો વિષે મારે શું શું કરવું જોઈએ તે બાબત મને ઘણી ઉત્તમ અને શુભ હેતુની સૂચનાઓ મળી છે. વ્યવહારને બાજુએ રાખીને કરવામાં આવતી આવા પ્રકારની સિદ્ધાન્તની વાતોની કાંઈ કિંમત નથી એમ નથી; પણ રાજ્યવહીવટ કરનારાઓની ફરજ વિષે ભાર મૂકવામાં આવે છે તેની સાથે, નાગરિકો તરીકે અને પ્રજા તરીકે લોકોની ફરજ ઉપર પણ થોડો ભાર મૂકવામાં આવતો હોત તો તેની કિંમત કાંઈક વધત. જાનમાલનું રક્ષણ કરવાની સરકારની જે પ્રથમ ફરજ છે તે વધારે દક્ષતાથી સરકાર કેમ અદા કરી શકે તે બાબત, તથા સમાજ તરફની ફરજનું ભાન લોકોમાં કેવી રીતે જાગ્રત કરી શકાય તે બાબત, કોઈ પણ વ્યાવહારિક સૂચના કરવામાં આવી હોત, અને આવે, તો મેં તેને વધાવી લીધી હોત, અને વધાવી લઉં. રાજનીતિના બીજા પ્રશ્નો, એ બે આગળ મારા વિચાર પ્રમાણે ગૌણ છે, અને એ બે ફરજો યોગ્ય રીતે અદા થાય નહીં ત્યાં સુધી તે પ્રશ્નોને ઊંચા રાખવા જોઈએ.

આ રીતે તેમણે પોતાના શ્રોતાજનોને ચેતવણી આપી દીધી, કે દેશની પ્રગતિને માટે જે સુધારાઓ તેઓ મહત્ત્વના સમજતા હતા તે તો અવ્યાવહારિક કલ્પનામાત્ર છે; અને લોકોની પાસે તેઓ તો જાનમાલનું રક્ષણ કરવામાં અને સમાજ પ્રત્યેના કર્તવ્યનું ભાન લોકોમાં જાગ્રત કરવામાં મદદની અપેક્ષા રાખતા હતા. સહજ કોઈને એવો ખ્યાલ આવ્યા વિના ન રહે કે જાનમાલ તો ઠીક ઠીક સંરક્ષિત જ છે, અને આ સંરક્ષિતપણું જ બ્રિટિશ રાજ્યનું એક મહાકાર્ય ગણાતું આવ્યું છે, તથા તેમના શ્રોતાજનોએ પ્રકટ કરેલી સુધારા માટેની અભિલાષા એ જ સમાજ પ્રત્યેનું તેમનું કર્તવ્યભાન બતાવે છે. આ જ ભાષણમાં એમણે દેશી વર્તમાનપત્રોને પણ એક મોટો ઉપદેશ આપ્યો; અને ત્યાર પછી પ્રેસ ઍક્ટ મુજબ તેમણે તુરત પગલાં લીધાં. કેટલાંક દેશી વર્તમાનપત્રો પાસે જામીનગીરી માગવામાં આવી, અને કેટલાકની જામીનગીરી જપ્ત કરવામાં આવી. એક મહિના પછી સ્થાનિક ધારાસભાના પ્રમુખ તરીકેના પોતાના પહેલા જ ભાષણમાં વર્તમાનપત્રોને પોતે બીજી ચેતવણી આપી:

> અત્યાર સુધી લેવામાં આવેલાં પગલાંની ધારેલી અસર નહીં થશે તો વ્યવસ્થાભંગ તથા સરકાર-દ્વેષ ઉત્પન્ન કરીને કાયદાનો ભંગ કરનાર વ્યક્તિઓ સામે સરકાર જેમ કામ લે છે, તેવી જ રીતે અપરાધી વર્તમાનપત્રો સાથે કામ લેશે. અને જામીનગીરી લેવા અને જપ્ત કરવા ઉપરાંત જેટલાં પગલાં કાયદા મુજબ લઈ શકાય તેટલાં તેમની સામે લેવામાં આવશે.

આ ચેતવણી આપ્યા પછી વળી વર્તમાનપત્રો પ્રત્યે તેમણે વધારે કડક ધોરણ આદર્યું હતું; જોકે એના એ જ ભાષણમાં તેમણે પ્રાંતમાં પથરાયેલી શાંતિ વિષે આ પ્રમાણે ઉદ્ગાર કાઢ્યા હતા:

> અત્યાર સુધીમાં જે સુંદર પરિણામ આવ્યાં છે તે અન્યોન્ય વિશ્વાસને લીધે અને અમલદારો અને લોકો વચ્ચે પ્રવર્તતો મેળ જે આ પ્રાંતનું એક મુખ્ય લક્ષણ થઈ પડયું છે તેને લીધે જ આવ્યાં છે.

છ મહિના પછી પ્રાંતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સ્થાપવા વિષેની દરખાસ્ત વિષે પોતાના વિચાર પ્રગટ કરવાની તેમણે તક સાધી. તા. ૧૩મી એપ્રિલ, ૧૯૧૪ને દિને તેમણે આ નિર્દોષ દરખાસ્તનો આ પ્રમાણે નિકાલ કર્યો:

Gandhi Heritage Portal

આ દરખાસ્તથી હું તો અચંબો પામ્યો છું. આ પ્રાંતમાં તો લોકોને પ્રથમથી જ લેફ્ટનન્ટ ગવર્નરને પ્રાંતના કુલ કર્તાહર્તા તરીકે તથા પ્રાંતના અમલ માટે કુલ જવાબદારીવાળા તરીકે માનવાની પ્રથા પડેલી છે. અને આ જ પ્રથા નીચે પ્રાંત એટલો બધો તો વધ્યો છે અને આબાદ થયો છે, કે તે બીજા કોઈ પણ પ્રાંત અથવા ઈલાકા સાથે સરખામણી કરી શકે તેમ છે. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની વાત વિચારવા જેવી પણ ત્યારે જ ગણી શકાય, કે જ્યારે પ્રાંતના હાલના અમલમાં કોઈ ખામીઓ છે, અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દાખલ કરવાથી તે ખામીઓ દૂર થશે એમ સાબિત થાય.

આ પછી જેઓ તેમને માન આપવા આવ્યા હતા, તેમનું તેમણે (પોપની) નીચેના ભાવાર્થની કડી ટાંકી બતાવીને અપમાન કર્યું હતું: "છોડો રાજ્યપ્રથાની ચર્ચા, મૂર્ખાની એ વઢવાઢો." પાંચ મહિના પછી લડાઈ જાગી, અને જે ડિફેન્સ ઑફ ઈન્ડિયા ઍક્ટ પસાર કરવામાં સર માઈકલે ઠીક ઠીક ભાગ લીધો હતો તેના અમલનો પંજાબીઓને સારી પેઠે સ્વાદ મળ્યો. તેમણે કેટલો ભાગ લીધો હતો તથા કાયદાનો અમલ કરવાની સામાન્ય રીતને અને કાયદામાં રાખવામાં આવેલા બચાવોને ઊંચા મૂકી તેઓને કેવા કેવા અધિકારો જોઈતા હતા તેનો ખ્યાલ, વડી સરકારે પાછળથી બહાલ રાખેલી તેમની નીચેની ભલામણ ઉપરથી જણાશે, (સિડિશન —રાજદ્રોહ— કમિટીના રિપોર્ટમાંથી અમે એ ઉતારીએ છીએ).

લેફ્ટનન્ટ ગવર્નરનો એવો અભિપ્રાય હતો, કે જે રાજ્ય ઊંધું વાળનારાઓ તથા બીજા રાજદ્રોહીઓ કે જેઓ ગુના કરતાં અથવા કંઈક ધાંધલ મચાવવાનો પ્રયત્ન કરતાં પકડાયા હોય અથવા પકડવામાં આવે, તેમની ઉપર ચાલતા મુકદ્દમાઓ, તેમના વકીલોની હોશિયારીથી લંબાવવા દેવા; તથા ફોજદારી કાયદામાં ઠરાવ્યા પ્રમાણે કમિટ કરવાની અને અપીલ કરવાની રીતને લીધે અસાધારણ મુદત સુધી લંબાવા દેવા એ હાલના વખતમાં ઇચ્છવા જોગ નથી. તેઓ નામદારે આ કારણથી નીચે મુજબના ઠરાવોવાળા કાયદાનો ખરડો મંજૂર થવા માટે રજૂ કર્યો હતો: (૧) રાજકીય અને અર્ધરાજકીય સ્વરૂપના ગુનાઓને પ્રસંગે કમિટ કરવાની રીત મોકૂફ રાખવી; (૨) આવા મુકદ્દમાઓમાં અપીલનો હક રદ કરવો; (૩) ઉપર કહેલા ગુના કરનારા લોકો પાસેથી સામાન્ય કાયદામાં ઠરાવેલી રીતના કરતાં વધારે ટૂંકી રીતે જામીનગીરી લેવાનો ઠરાવ કરવો. સાગરીત થનારા તથા તેમને આશ્રય આપનારા ગામ અમલદારોને તુરત સજા આપવાના તથા તેમ કરનારા ગામલોકોને ખોળી કાઢવાના ઠરાવ કરવા.

ડિફેન્સ ઑફ ઈન્ડિયા ઍક્ટ મુજબ આપવામાં આવેલા અધિકારોનો તેમણે શ્રીયુત ટિળક અને પાલને[1] પોતાના પ્રાંતમાં દાખલ થતાં અટકાવી દુરુપયોગ કર્યો. સેંકડો સ્થાનિક આદમીઓને જૂજ કારણે અથવા બિલકુલ કારણ વિના તેમણે સ્થાનબદ્ધ કર્યા. તેમણે દેશી ભાષાનાં વર્તમાનપત્રોને મોઢે તાળું દીધું. પંજાબની બહારથી પ્રસિદ્ધ થતાં રાષ્ટ્રીય વર્તમાનપત્રો — જેવાં કે न्यू इन्डिया, अमृतबझार पत्रिका, इन्डिपेन्डन्ट — ને પ્રાંતમાં વહેંચાતાં બંધ કર્યાં. અગાઉથી તપાસાતાં દેશી ભાષાનાં વર્તમાનપત્રોને પણ તેમણે વહેંચાતાં બંધ કર્યાં, અને એવી સ્થિતિ ઉત્પન્ન કરી કે જેથી પ્રાંતના લોકોને સ્વતંત્ર વિચારોની આપલે કરવાનું, અથવા વર્તમાનપત્રોમાં પોતાની ફરિયાદોની ચર્ચા કરવાનું લગભગ અશક્ય થઈ પડયું. અને આવી રીતે સ્વતંત્ર ભાષણ અને

૧. બિપિનચંદ્ર પાલ (૧૮૫૮–૧૯૩૨); બંગાળના કેળવણીકાર, પત્રકાર, વક્તા અને રાજકીય નેતા.

Gandhi Heritage Portal

લખાણ અટકાવીને સર માઈકલ પોતાની જાતને મનાવવા લાગ્યા, તથા બીજાઓને એવો ખ્યાલ આપવા લાગ્યા કે પંજાબના લોકો તો પોતાના અમલમાં બીજા સૌના અમલ કરતાં વધારે સુખી છે.

રાજકીય અભિલાષાઓને દાબી દેવા માટે તેમણે કેવળ અસાધારણ પ્રસંગે અમલમાં મૂકવાના કાયદાનો દુરુપયોગ કર્યો, એટલું જ નહીં પણ તેમણે હાકેમ તરીકેના પોતાના પદનો પણ, લોકનાયકોને પોતાની સામે હાજરી આપવાનો હુકમ કરી, ધમકી દઈ, અને ચેતવણી આપી, દુરુપયોગ કર્યો. લાલા દુનીચંદ જેઓએ લાંબી મુદતની અખંડ લોકસેવા બજાવી છે તેમને સર માઈકલ ઓડવાયરના અમલના આ ભાગનો જાતઅનુભવ થયો હતો. અમને રજૂ કરેલી જુબાનીમાં તેઓ નીચે પ્રમાણે જણાવે છે:

> ઈન્ડિયન ઍસોસિયેશનના સેક્રેટરી તરીકે મારે જાહેર સભાઓ બોલાવવી પડતી, અને સભાની નોટિસ કાઢ્યા પછી સરકારના ચીફ સેક્રેટરી તરફથી કે લાહોરના કમિશનર તરફથી મને બોલાવવામાં આવતો. અને હમેશાં તેઓ સભા ભરવાના કામમાં એવી એવી તો અડચણ ઊભી કરતા કે મારી જગ્યાએ બીજા ઘણાઓએ લાહોરમાં સભા ભરવાનું પડતું જ મૂકયું હોત. ચીફ સેક્રેટરી અને કમિશનરે, હું માનું છું કે સર માઈકલ ઓડવાયર તરફથી, અનેક વાર પ્રાંતની બહારના કયા માણસોને ભાષણ કરવા માટે બોલાવવા અને કયાને ન બોલાવવા તે બાબત સૂચના આપી હતી.
>
> એટલું જ નહીં પણ જ્યારે લાહોરમાં ભરાયેલી ગઈ પ્રાંતિક પરિષદમાં પંજાબની ધારાસભાના કેટલાક સભ્યોએ હાજરી આપી ત્યારે તેઓને ચીફ સેક્રેટરીએ બોલાવી એવા તો સખત લીધા હતા કે બ્રૅડલૉ હૉલમાં ભરાનારી બીજી કોઈ પણ સભામાં હાજર થવાની તેઓ કદી હિંમત કરે નહીં." (નિવેદન નં. ૫૫૩)[૧]

સને ૧૯૧૭માં વડી ધારાસભાના ૧૯ સભ્યોએ સુધારા વિષેની દરખાસ્તોવાળી પોતાની પ્રસિદ્ધ યાદી બહાર પાડી.[૨] તેમની યોજનાને પસંદગી આપવા માટે એક સભા ભરવામાં આવી. સભા ભરવાની જાહેરખબરની ઉપર સહી કરનારાઓમાંના ચાર જણ પંજાબના હતા. સર માઈકલે તેમને બોલાવી મંગાવ્યા અને સ્વતંત્ર વિચાર ધરાવવા માટે તથા જાહેરખબર ઉપર સહી કરવા માટે તેમને સખત ઠપકો આપ્યો. આ પછી કૉંગ્રેસ-લીગની યોજના બહાર પડી અને તેમણે પંજાબને તેનાથી અળગો રાખવાના દરેક ઉપાય લીધા; તેમ જ હિંદુ અને મુસલમાનો વચ્ચે ખરા દિલનો એખલાસ ઉત્પન્ન કરવાના પ્રયાસને નીચો પાડવાની દરેક તક સાધી સામ્રાજ્યમાં કાયદેસર અને શાંતિભર્યા ઉપાયોથી સ્વરાજ્ય મેળવવાના ઉદ્દેશવાળી મિસિસ બેસંટ અને શ્રીયુત ટિળકની હોમરૂલની હિલચાલની તેમણે અત્યાચારના ઉપાયોથી બ્રિટિશ સંબંધ તોડવાના સ્પષ્ટ ઉદ્દેશવાળી "ઘદર"ની[૩] હિલચાલની સાથે સરખામણી કરી તેમ જ જર્મન મદદ મેળવી ઇસ્લામી

૧. આ અને આ પછી ટાંકેલાં બીજાં નિવેદનો કૉંગ્રેસની પંજાબ સબકમિટીએ નીમેલા કમિશનરોના રિપોર્ટના બીજા ભાગમાંથી લીધાં છે. આ બીજો ભાગ આ પુસ્તકમાં છાપેલો નથી. અહીં જે નિવેદન, પૃષ્ઠસંખ્યા અને પરિશિષ્ટોનો ઉલ્લેખ કૌંસમાં બતાવ્યો છે તે બધું બીજા ભાગને લગતું છે.

૨. આ દરખાસ્તો સાંસ્થાનિક સ્વરાજ્યના વિચાર પર રચાયેલી હતી.

૩. આ ઘદર પાર્ટીનો ઉલ્લેખ છે. તે એક ક્રાન્તિકારી સંગઠન હતું. એની સ્થાપના ઘદર પત્રના તંત્રી હરદયાળે કૅલિફૉર્નિયામાં ૧૯૧૧માં કરી હતી. પોતાના પત્ર અને સંગઠન મારફતે એમણે પંજાબથી ત્યાં ગયેલા ઘણા હિંદીઓને પોતાના ક્રાંતિકારી કાર્યક્રમમાં ભેળવ્યા હતા. આ આવી વસેલા લોકો પોતાનાં સગાંઓ મારફતે હિંદી લશ્કરમાં અસંતોષ ફેલાવી શક્યા હતા; અને જ્યારે તેમને હિંદુસ્તાન પાછા જવાની ફરજ પાડવામાં આવી ત્યારે અહીં આવીને તેમણે બ્રિટિશ વિરોધી પ્રવૃત્તિઓ આદરી હતી.

Gandhi Heritage Portal

રાજ્ય સ્થાપવાના ગાંડા મનોરથો સેવી અનેક ઘરબારને તારાજ કરનારા નૈર્ઋત્ય પંજાબના ગાંડા લોકોની હિલચાલ સાથે પણ સરખામણી કરી; અને આમ કરીને મુખ્ય મુદ્દા ઉપર ધૂળ નાખી. "ઘદર"ની હિલચાલને તો તેણે નિર્દય રીતે, અને અમને ધાસ્તી છે કે સેંકડો નિર્દોષ આદમીઓ ઉપર અન્યાય કરીને દાબી દીધી. સને ૧૯૫૧માં નૈર્ઋત્ય પંજાબનાં નિરાધાર ગામોમાં થતી લૂંટફાટને આરંભમાં તેમણે અનાજપાણી માટે થતા દંગાઓ ગણી કાઢી લોકોની સાથે દિલસોજી બતાવી અને ચાંપતા ઉપાયો ત્યારે જ લીધા કે જ્યારે તેને એમ લાગ્યું કે હવે તો તેમ કર્યા સિવાય છૂટકો નથી, અને લૂંટફાટો એવી તો ગંભીર થતી જાય છે કે કદાચ રંગરૂટો ઊભા કરવાનું કામ પણ જોખમમાં આવે.

સને ૧૯૧૭ના સપ્ટેમ્બર મહિનાની ૧૩મી તારીખે માનનીય મિયાં મહમદ શફીએ[1] વડી ધારાસભામાં એવો ઠરાવ રજૂ કર્યો કે પંજાબની કાયદા ઘડવાની અને અમલ બજાવવાની પ્રથા બિહાર અને ઓરિસ્સાના પ્રાંતની પ્રથાના જેવી કરવી. આ નરમ ઠરાવની સામે કોઈ પણ ઠેકાણેથી વિરોધ કરવામાં ન આવ્યો. સર માઈકલ ઓડવાયર પોતે પણ તેની તરફેણમાં બોલવા ઊભા થયા; પણ તેમણે કેળવાયેલા વર્ગની વગોવણીવાળાં વચનો એક ભાષણમાં ઠાલવી સૌને એવા તો દિંગ કરી દીધા, કે આખરે માનનીય પંડિત મદનમોહન તે વધુ સાંખી ન શક્યા, અને વચ્ચે ઊભા થઈ તેમની પાસે માફી મંગાવવાની માગણી કરી, અને વાઇસરૉયના હુકમથી તેઓને માફી માગવી પડી. નામદાર વાઇસરૉયને સર માઈકલના વિચારોથી જુદા પડવાની પોતાની ફરજ જણાઈ. સર માઈકલના તે ભાષણમાંથી અમે કેટલાક ઉતારા નીચે આપીએ છીએ:

> મારા પોતાના પ્રાંત વિષે બોલતાં મારે કહેવું જોઈએ કે હું સત્વર પ્રગતિને વધાવી લઉં એમ છું, તોપણ મને લાગે છે કે મિલે સ્વરાજ્યને માટે જે ત્રણ શરતો આવશ્યક ગણી છે તે મારો પ્રાંત ઘણાં વર્ષો સુધી પૂરી પાડી શકે એમ નથી.

વળી તેઓ બોલ્યા હતા:

> જેઓ હિંદુસ્તાનની રાજનિષ્ઠા ઉપરથી અને હિંદીઓએ અને હિંદી લશ્કરે — જે મુખ્યત્વે કરીને પંજાબી લશ્કર જ છે તે — આપેલા ભોગ ઉપરથી રાજકીય હક્કોનો દાવો કરવાનો શોખ ધરાવે છે, તેઓ શહેનશાહ માટેની તેમની વફાદારી અને જે પ્રાંત વધારેમાં વધારે ભોગ આપી રહ્યો છે તેને માટેની પોતાની દિલસોજી ભાષણોમાં — ગમે તેવાં જબરાં ભાષણોમાં — બતાવવા કરતાં કોઈ વ્યાવહારિક સ્વરૂપમાં — દાખલા તરીકે બીજા પ્રાંતોમાં રંગરૂટો ઊભા કરવામાં અંગત મદદ આપીને — બતાવતા હોય તો અમને બહુ આનંદ થાય.

એ જ ભાષણમાંથી આ એક બીજો ઉતારો સર માઈકલને શિક્ષિત વર્ગ માટે તલભાર કદર નહોતી એમ બતાવી આપશે!

> હાલના સમયમાં જ્યારે રાજકીય બુમરાણોથી આપણા કાન બહેરા જેવા થઈ બેઠા છે, અને રાજકીય ઉદ્‌ઘોષણાઓની રેલમછેલમાં આપણે તણાઈ જવા બેઠા છીએ, ત્યારે કોઈ કોઈ ઘડીએ શહેરી જૂઠાણાં અને પ્રપંચો તજી ગામડાંઓમાં જઈને આપણાં મનને સ્વચ્છ કરીએ, અને પંડ સાથે વિચાર કરી જોઈએ તો ઠીક, કે જે માણસ સવારથી સાંજ સુધી ખેતરમાં ઢેફાં ઉખેડવામાં પરસેવાનાં ટીપાં પાડે છે અને જેની જિંદગી એક મોસમ જઈને બીજી

૧. ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય; ૧૯૨૦માં તેઓ વાઇસરૉયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય બન્યા હતા.

Gandhi Heritage Portal

આવે ત્યાં સુધી આકાશ ઉપર તકાસવામાં જ સમાઈ રહેલી છે તેવા ખેડૂતને આ બધા બકવાદથી શો લાભ થવાનો છે.

આ ભાષણનો ધ્વનિ તો સ્પષ્ટ જ છે. શિક્ષિત વર્ગોને કરેલા આ ધ્વનિત અપમાન માટે જ એમને માફી માગવી પડી હતી.

કોઈ માણસ માફી માગે એટલે તેનો અર્થ એમ જ થાય, કે જે કાર્ય કે ભાષણ માટે તેણે માફી માગી હોય તે કાર્ય તે ફરીથી કરે નહીં. પણ સર માઈકલની માફી તેવી ન હતી. એ જ વર્ષના ઑક્ટોબર મહિનાની ૩૦મી તારીખે એટલે આ માફી માગ્યાને લગભગ એક મહિના પછી નીચેનું ભાષણ આપીને એ માફીની ઉપર તેમણે લગભગ પાણી ફેરવ્યું :

> વડી ધારાસભામાં મેં ગયે મહિને એક ભાષણ આપ્યું તેમાં પંજાબની સ્તુત્ય યુદ્ધસેવા મેં એટલો બધો ભાર મૂકીને વર્ણવી હતી કે કેટલાકને, તે ભાષણમાં, લડાઈ દરમિયાન પોતાના પ્રાંતમાં પોતે કરેલા કામ સાથે આડકતરી રીતે સરખામણી થતી લાગવાથી તે વધારાપડતું લાગ્યું હતું. હું તો હજી મારી દલીલને વળગી જ રહું છું, કે માણસો, ધન અને બીજી સામગ્રી પૂરી પાડી સામ્રાજ્યની પંજાબે જે રાજનિષ્ઠાભરી સેવા બજાવી છે, તે બીજા પ્રાંતોની સરખામણીમાં ખાસ દીપી નીકળે એવી છે, અને સરકાર તેથી પંજાબની ખાસ ઋણી બની છે. વળી મારો બીજો એક મુદ્દો હું અહીં વધારે આગ્રહપૂર્વક પ્રગટ રીતે કહું છું : તે એ કે લડાયક વર્ગને જ વધારેમાં વધારે ભોગ આપવો પડયો છે, એટલે તે વર્ગની સેવા સરકાર સૌથી પ્રથમ ધ્યાનમાં લે છે, અને કહેવાતા રાજકીય હક્કો બીજા વર્ગના કરતાં તેમને ઓછા લાભકારક થનારા હોવાથી તેમને જે અનુકૂળ પડે અને ઇષ્ટ લાગે તેવા લાભો શોધીને જ આપણે તેમની સેવાની કદર બૂજી શકીશું અને બદલો વાળી શકીશું.

સર માઈકલના પ્રથમ ભાષણની આ શોધિત વર્ધિત આવૃત્તિમાં એમના અપરાધનું પુનરાવર્તન થાય છે, અને વધારે કડવા રૂપમાં પુનરાવર્તન થાય છે. પોતાને કાંઈક ફરિયાદ કરવાની હોય તેમ અસલના વિષય ઉપર પોતે પાછા આવે છે, અને જે વસ્તુ કેવળ નિર્વિવાદ છે તેને — એટલે કે પંજાબની સેવા સર્વોપરી હતી તે વસ્તુને — સિદ્ધ કરવા માટે ખરી હકીકતમાં રંગ પૂરે છે. લડાયક વર્ગને બીજા વર્ગોથી તેઓ અળગા પાડે છે, રાજકીય હક્કો મેળવવાનો અભિલાષ તેમને નથી એવો આરોપ મૂકી તેમનું અપમાન કરે છે, વિશેષ લાભો આપીને તેમની સેવાની કદર કરવાની આશાઓ આપી તેમને બીજા વર્ગનો સમાગમ છોડાવવાનો પ્રયત્ન કરે છે. ઉપર અમે જે ઉતારો આપ્યો છે તેમાં શિક્ષિત વર્ગ પ્રતિ તેમનો તિરસ્કાર, અને તેમને રાજકીય અધિકારમાંથી બાતલ રાખવાની તેમની વૃત્તિ સ્પષ્ટ તરી આવે છે.

પણ શિક્ષિત વર્ગ પ્રતિ તેમનો અણગમો સૌથી વધારે સ્પષ્ટ રીતે તો, હિંદુસ્તાનની સરકારના તા. ૫મી માર્ચ, ૧૯૧૯ના ડિસ્પૅચ (પેગામ)ની સાથે પ્રગટ થયેલા, સુધારાઓ વિષે તેમના અભિપ્રાયમાં જ જણાઈ આવે છે, શિક્ષિત વર્ગોએ સમસ્ત હિંદ માટે કરેલી માગણીનું વર્ણન કરતાં તેઓ કહે છે :

> જો એટલું સ્પષ્ટ હોય કે આ માગણીઓ જેઓ માલમિલકતવાળા હોઈ તેમને કાંઈ ખોવાનું છે એવા લોકોના તરફથી નહીં, પણ જેમને "ગામમાં ઘર નહીં, અને સીમમાં ખેતર નહીં" એવા સ્વાર્થ વિના ભાગ્યે જ વાત કરનારા, અને સ્વાભાવિક રીતે માનમરતબાના અને સત્તાના ભૂખ્યા એવા એક નાનકડા વર્ગ તરફથી કરવામાં આવે છે, તો જેમનું હિત સંભાળવાનું આપણને સોંપાયેલું છે તેમનો વિશ્વાસભંગ આપણે ત્યારે જ ન કરીશું કે જ્યારે

Gandhi Heritage Portal

આપણે મુત્સદ્દી વર્ગના ગમે તેટલા ત્રાસદાયી અને હઠભર્યા પોકારની અવગણના કરી આ મૂંગા જનસમૂહોના હિત ઉપર જ લક્ષ રાખીશું. અહીં બર્કે આપેલી ચેતવણી કહી સંભળાવવાની હું રજા લઈશ: "ફર્ન[૧] નીચે બેસીને પાંચપંદર તીડો પોતાના ગણગણાટથી ખેતરને ગજાવી મૂકે, અને તે દરમ્યાન બ્રિટિશ ઓકની છાયા તળે વિશ્રાંતિ લેતાં હજારો ઢોરો શાંતિથી વાગોળતાં હોય તેથી બાપુ, એમ ન સમજશો કે જે અવાજ કરી રહ્યાં છે તે જ માત્ર તે ખેતરનાં વસનારાં છે."

આ ઉતારામાં સમાયેલા ઘોર અપમાન વિષે કાંઈ બોલવાની ભાગ્યે જ જરૂર છે. ખરી વસ્તુસ્થિતિ સામે આંખો બંધ કરીને, એ જ નોંધમાં તેઓ બતાવવાનો પ્રયત્ન કરે છે કે શિક્ષિત વર્ગની વચ્ચે કશું સરખાપણું નથી, અને અશિક્ષિત વર્ગ શિક્ષિત નેતાઓની સાથે પોતાને કશી લેવાદેવા નથી એમ વર્તાવા લાગ્યો છે. મિસિસ બેસંટ, શ્રીયુત ટિળક, મિ. ઝીણા, પંડિત માલવિયાજી અને મહમૂદાબાદના રાજાસાહેબના સ્વરાજ્ય માટેના પ્રયાસોને તેઓ નીચા પાડે છે. તેઓ બ્રાહ્મણેતર હિલચાલને મોટી કરી ભયંકર રૂપે બતાવે છે. ઑલ ઇન્ડિયા મુસ્લિમ લીગને એક તુચ્છ સંસ્થા ગણી કાઢે છે. શ્રીયુત ટિળક અને પાલની સામે પોતે કાઢેલા હુકમો છતાં પંજાબમાં થયેલી જાગૃતિથી પોતાને દુઃખ લગાડે છે, અને વણમાગ્યો ઉપદેશ દે છે કે ખરી ઉન્નતિ રાજકીય વર્ગની જ નહીં પણ સમસ્ત હિંદના લોકોની ઉન્નતિ છે, અને પોતાની નોંધના એ ભાગનો આ પ્રમાણે ઉપસંહાર કરે છે:

આ તત્ત્વની ઉપર મને ભાર મૂકવાની જરૂર લાગી, કારણ કે હિંદુસ્તાન સરકારે કરેલી સૂચનાઓમાં એ તત્ત્વનો યોગ્ય સ્વીકાર થયેલો હું જોતો નથી. કદાચ એ માની લેવામાં આવ્યું હોય એમ બને. પણ આવી ગંભીર જવાબદારીને અપ્રકટ રાખવી જોઈતી નથી. એને અપ્રકટ રાખવામાં આવે તો આ સૂચનાઓનો અર્થ એવો જ નીકળે કે ખાસ વિચારવાનો પ્રશ્ન તો માત્ર એ જ છે કે શિક્ષિત વર્ગના અમુક ભાગની અભિલાષાઓ શી રીતે સંતોષવી. આ વર્ગ બેશક અશિક્ષિત વર્ગનો પ્રતિનિધિ હોવાનો દાવો કરે છે, પણ ગયા થોડા મહિનામાં જે કાંઈ જાણવામાં આવ્યું છે, તેથી હવે ભાગ્યે જ એ દાવાનું પોકળપણું ઉઘાડું પાડવાની જરૂર રહે છે. નિત્યના વ્યવહારની કોઈ પણ બાબત લો — ધાર્મિક બખેડા, સામાજિક તડાંઓ, લશ્કર માટે અથવા હિંદ સંરક્ષણ માટે રંગરૂટો ઊભા કરવાનું — અને કહો કે કઈ બાબતમાં મુત્સદ્દી વર્ગ ખપ લાગે છે? એ બખેડા શમાવવાની, તડાંઓ જોડી દેવાની કે રંગરૂટો ઊભા કરવાની વાત આવે છે કે એ વર્ગ તો સામાન્ય રીતે ખસી જાય છે. લોકોની ઉપર એ લોકોનો જરાયે પ્રભાવ પડતો નથી, છતાં અયુક્ત અને દ્વેષયુક્ત સલાહ આપીને તેઓ મુશ્કેલીમાં વધારો તો કરી શકે છે ખરા, અને કેટલીક વાર કરે પણ છે.

સ્વરાજ્યની દલીલ તરીકે વારંવાર એક એ વાત કહેવામાં આવે છે કે દેશી રાજ્યોમાં ધાર્મિક બખેડાઓ થતા નથી. આમ હોવાનાં ઘણાં કારણો છે; પણ મુખ્ય કારણ તો એ છે કે ત્યાં ધંધાદારી મુત્સદ્દીઓ છે જ નહીં, અને જો હોય છે તો તેમને વચ્ચે પડવા દેવામાં આવતા નથી. મારી જાણ માંહેલો દેશી રાજ્યમાં થયેલો એક તાજો અને ગંભીર બખેડો — ભોપાળમાં થયેલો સુન્ની અને શિયાનો ઝઘડો — પોતાને ખંકાવવાને ઉત્સુક એવા મુંબઈથી આવેલા એક વકીલની દરમ્યાનગીરીથી જ મોટે ભાગે જાગ્યો હતો. પંજાબમાં જાતો જાતો વચ્ચે

૧. હંસરાજ નામની એક પ્રકારની અપુષ્પ વનસ્પતિ.



Gandhi Heritage Portal

ઘણી વાર ખૂબ કડવાશ પેદા થાય છે પણ કાંઈ બખેડો કે લોહીલોહાણ થવા પામતાં નથી, તેનું કારણ એ જ છે કે સ્થાનિક અધિકારીઓ, ઝઘડો શાંત પાડવામાં કોની મદદ ઉપર આધાર રાખવો તે સમજે છે — એટલે કે તે મુત્સદ્દી વર્ગની નહીં, પણ સ્થાનિક લાગવગ ધરાવનારા શાંત પુરુષોની.

મુત્સદ્દી વર્ગ વ્યાવહારિક રીતે બિલકુલ નિરુપયોગી વર્ગ છે, એવો સિદ્ધાન્ત સમસ્ત હિંદુસ્તાન વિષે સાબિત કરવાનો સર માઇકલ અહીં પ્રયત્ન કરી રહ્યા છે.

સર માઇકલ અને શિક્ષિત વર્ગ વિષે આટલું બસ થશે. પણ શિક્ષિત સિવાયનો વર્ગ પોતાને વહાલો છે એવો દાવો કરતાં છતાં, તે વર્ગનાં મન પણ તેમણે લશ્કરભરતી કરવાની અને લડાઈ માટે નાણાં ઉઘરાવવાની પોતાની રીતથી, પોતાનાથી તથા સરકારની વિરુદ્ધ ઊંચાં કર્યાં. પણ આ બાબતમાં ઊતરવાની અમારી ફરજ માનતાં અમને કાંઈ થોડો સંકોચ થતો નથી. લડાઈ દરમિયાન લશ્કરી ભરતી ઝપાટાબંધ ચલાવવાની તથા નાણાં ઊભાં કરવાની જરૂર અમે સમજીએ છીએ. વળી અમે એમ પણ સમજીએ છીએ કે સામ્રાજ્યનાં બીજાં અંગોના સરખું જ પોતાને ગણાવવાને હિંદ દાવો કરે છે, તો તેણે સામ્રાજ્યને માથે પડેલા ભારમાં પોતાનો યોગ્ય હિસ્સો દેવો જ જોઈએ. આ કારણથી માણસો અને નાણાં ભેગાં કરવા માટે લેવામાં આવેલાં પગલાં વિષે કશો ઈશારો ન કરવાનું અમારાથી બની શક્યું હોત તો અમે રાજી થાત. પણ તા. ૬ઠ્ઠીએ સૂચવવામાં આવેલી હડતાળને શિક્ષિત તેમ જ અશિક્ષિત બંને વર્ગે એકાએક વધાવી લીધી તે વાત, અને પછીથી પંજાબમાં એકાએક ભભૂકી ઊઠેલો તોફાની લોકોનો ક્રોધાગ્નિ એ બે વાતને સમજવા જતાં અને ખુલાસો શોધતાં, સમસ્ત હિંદમાં થયેલું મહાઐક્ય-દર્શન અને પંજાબમાં થયેલું અત્યાચાર-દર્શન એ બંનેનાં કારણોમાં ઊતરવાની જરૂર જણાય છે. કારણ અમને લાગે છે કે રૉલેટ ઍક્ટને વિષે ગમે તેટલો અનર્થ પ્રચાર થયેલો હોય એમ એક વાર માની લઈએ, તોપણ તેને લીધે જ અનેક લોકોએ અત્યાચારનાં કૃત્યોમાં ભાગ લીધો એમ તો ન જ બની શકે. અને સામ્રાજ્ય તરફનું ગમે તેટલું કર્તવ્યભાન હોય તેથી કાંઈ મનુષ્યના સ્વાતંત્ર્યની પવિત્રતાની અવગણના થઈ હોય તે તરફ, અથવા તો ગુપ્ત કે પ્રકટ રીતે, પણ ગેરકાયદેસર રીતે ક્રૂરતા અથવા દબાણ વાપરવામાં આવેલાં હોય તે વિષે કાંઈ દુર્લક્ષ કરી શકાય તેમ નથી. અમે જે પુરાવો ભેગો કર્યો છે, તથા અદાલતોમાંથી અમને જે લેખી પુરાવો મળ્યો છે, તે ઉપરથી નિર્વિવાદ રીતે સાબિત થાય છે કે રંગરૂટો ઊભા કરવાનું અને લડાઈને માટે ઉછીનાં અથવા મફત નાણાં ઉઘરાવવાનું જે રીતે કામ લેવામાં આવ્યું હતું તેમાં નૈતિક અને સામાજિક દબાણની હદ અતિશય ઓળંગવામાં આવી હતી, અને એ બધી હકીકતથી સર માઇકલ ઓડવાયર વાકેફ ન હતા એમ ન હતું. અરે, ફરજિયાત લશ્કર ઊભું કરવાની પણ છચોક વાતો થઈ હતી, સૂચના થઈ હતી, અને હિમાયત થઈ હતી. અને અમને કહ્યા વિના ચાલતું નથી, કે ફરજિયાત લશ્કરભરતીના કરતાં ભૂંડી આ કહેવાતી મરજિયાત લશ્કરભરતીને બદલે, ફરજિયાત લશ્કરભરતી જ થઈ હોત તો તે હજાર દરજ્જે બહેતર થઈ પડત; કારણ મરજિયાત લશ્કરભરતીનો દોર તો કેવળ નબળા ઉપર જ ચાલ્યો હતો અને સબળાઓ તો સુખેથી છટકી જવા પામ્યા હતા.

પણ હવે આપણે હકીકત ઉપર આવીએ. સર માઇકલ, દિલ્હીની યુદ્ધ પરિષદમાં કાર્યફળ નક્કી થયા પછી તરત જ, તા. ૪થી મે, ૧૯૧૮ને દિવસે થયેલી એક સભામાં આ પ્રમાણે બોલ્યા

Gandhi Heritage Portal

હતા: "સીધાં લડાઈ પર મોકલવા માટે બે લાખ માણસો ઊભાં કરવાનાં છે. બને તો મરજિયાત રીતે, જરૂર પડે તો ફરજિયાત રીતે." એ જ સભામાં કર્નલ પોફામ યંગ આ પ્રમાણે બોલ્યા હતા:

> કામ કેમ લેવું એનો નિર્ણય કરતાં મને લાગે છે કે કેટલાકને સલાહ આપ્યાથી ચાલશે તો કેટલાકની ઉપર તો જોર ચલાવ્યા વિના છૂટકો જ નહીં થાય. મરજિયાત ધોરણે કામ લેવાનું આપણે ચાલુ રાખીશું. જ્યાં જે જે મળે ત્યાં તે તે પ્રમાણે દરેક જિલ્લા, તહસીલ અને ગામ માટે આપણે ફાળો નક્કી કરીશું, અને ઘણેખરે ઠેકાણે તો જોઈતાં માણસો ઊભાં કરવામાં આપણે બળાત્કાર વાપરવો નહીં પડે; પણ જેઓ કર્તવ્યની હાક સાંભળી લાગલા જ આગળ આવે તેવાઓના ન્યાયની ખાતર, અમને તુરત સત્તા મળવી જોઈએ. લોકો પોતપોતાના વિભાગમાંથી લશ્કરમાં જનારા માણસો ચૂંટી ન કાઢે, તો તેઓને એમ કહેવાની સત્તા હોવી જોઈએ કે "હવે તમારે બદલે સરકાર તેમને ચૂંટી કાઢશે."

એ જ સભામાં સર માઈકલ પોતે નીચે પ્રમાણે બોલ્યા હતા:

> લશ્કરભરતીનો વિષય હું છેડું તે પહેલાં મારે ફરજિયાત લશ્કરભરતી વિષે બે બોલ કહેવાના છે. પાંચ લાખ લડવૈયા જોઈએ છે. તે માટે સમસ્ત હિંદુસ્તાનના જુવાનોને લશ્કરમાં જોડાવાની ફરજ પાડવાનો કોઈને સ્વપ્નેયે વિચાર ન હોય, અને કોઈ પણ પ્રકારના ફરજિયાત કાર્ય વિના આપણે ચલાવી શકીએ તો મારાથી કોઈને વધારે આનંદ નહીં જ થાય. પણ અત્યાર સુધી રાજીખુશીથી લશ્કરમાં જોડાનારા પંજાબમાંથી ભક્કમ નીકળ્યા છે છતાં, આપણે એ વાત વિષે આંખ મીંચી નથી શકતા, કે આટલું જે થયું છે તે ખૂબ તાણીતોસીને થયું છે. સૌ જગ્યાએ સરખો હિસ્સો આપ્યો નથી, અને જે જે કોમોના અને લત્તાઓના લોકોએ પોતાની ફરજ બજાવી છે, તે જેમણે નથી બજાવી તેમની સામે ખૂબ ચિડાયેલા છે. જમીનદાર વર્ગોને લાગે છે કે નાણાં તેમ જ માણસો આપવામાં તેઓ જ લડાઈનો ભાર મુખ્યત્વે કરીને વહે છે, ત્યારે કેટલાક વર્ગ એવા છે કે આ ભાર એકે રીતે લેવામાંથી બિલકુલ અથવા લગભગ સટકી જાય છે. એક વર્ગને બીજા કરતાં ભારનો વધારે હિસ્સો આવે તો તેને વાજબી રીતે ફરિયાદ કરવાનું કારણ રહે ખરું. આ ફરિયાદ, માણસોની જરૂર જેમ વધારે વધારે જણાતી જાય અને માણસો માટેની માગણી વધારે અનિવાર્ય થતી જાય, તેમ તેમ વધારે તીવ્ર થતી જાય છે.
>
> કેટલાક વિભાગોમાં મરજિયાત રીત નિષ્ફળ જવાનો સંભવ છે, અને તેની સામે પગલાં ન લઈએ તો બાયલાપણું કહેવાય. આપણે બંધાઈ ચૂકયા છીએ, અને આપણી ફરજ અદા કરવા માટે વખતસર આપણે પગલાં લેવાં જ જોઈએ. પ્રાંતના જુદા જુદા ભાગો વચ્ચે તેમ જ બીજા પ્રાંતના પ્રમાણમાં પંજાબ પ્રાંત માટે અમુક હિસ્સા પાડી નાખી જોઈતાં માણસો ઊભાં કરવા માટે ફરજિયાત લશ્કરભરતીનુ ધોરણ ગ્રહણ કરવાની તરફેણમાં હું માનું છું કે બીજે કયાંયે નહીં તો પંજાબમાં હાલ તીવ્ર લાગણી ઉત્પન્ન થયેલી છે. મને આશા છે કે શ્રોતાજનોનો મોટો ભાગ મારા અભિપ્રાય સાથે મળતો છે, અને જો તેમ હોય તો મને લાગે છે કે જે પ્રાંતે અત્યાર સુધી મુખ્ય ભાર વહન કર્યો છે, તે પ્રાંત પોતાના વિચાર અચૂક રીતે પ્રગટ કરે એ બરોબર છે. નિર્ણય કરવો તો, અલબત્ત, બીજાના હાથની વાત છે. પણ એ તુરતાતુરત કરાવવાનું બની શકે તેમ નથી, અને માણસો

Gandhi Heritage Portal

તો આ ઘડીએ જ જોઈએ છે. વાસ્તે, હાલ મને તો આવશ્યક લાગે છે કે સરકારે પ્રાંતોને ભાગેપડતાં માણસો ફરજિયાત ઊભાં કરવાની સત્તા હાથમાં લેવી, અને જરૂરનાં બધાંયે પગલાંની અગાઉથી તૈયારી રાખવી,—એવી સ્પષ્ટ સમજૂતી રાખીને કે ભાગેપડતા હિસ્સા મરજિયાત ધોરણે આવવા લાગે તો ફરજિયાત ધોરણ અમલમાં ન મુકાય.

થયું. પંજાબ સરકારે ફાળા ઉઘરાવવા માટે સૂચનાઓવાળો એક ફરતો હુકમ કાઢ્યો. જેનું સ્વરૂપ જ એવું હતું કે સાધારણ કરતાં વધારે દબાણ વાપર્યા વિના તેનો અમલ થઈ ન શકે. એ ફરતા હુકમમાંથી એક ફકરો અમે નીચે ઉતારીએ છીએ :

જુદાં જુદાં શહેરોએ આપવાના ફાળા નક્કી કરી ડેપ્યુટી કમિશનરો આ કામમાં ઘણી મદદ આપી શકે છે એવી મારી સૂચના છે. આ ફાળા નક્કી કરવામાં, સ્થાનિક ઈન્કમટૅક્સ ખાતાનાં પત્રકોમાંથી તેમને બહુ મદદ મળશે. ખાસ કરીને જ્યાં ખાસ નીકળેલા અમલદારોએ ઈન્કમટૅક્સમાં હાલ તાજા જ વધારા કર્યા છે. આ પત્રકોમાંથી જેની પાસેથી લોન લેવરાવવાની આશા રાખી શકાય, તે લોકોની આર્થિક સ્થિતિનો સાધારણ રીતે ભરોસાલાયક ખ્યાલ મળી શકશે, તથા ઉઘરાવવાનું કાચું ધોરણ પણ મળી રહેશે. એ ધોરણે હું માનું છું કે કેટલાક જિલ્લાઓમાં હાલ કામ લેવામાં આવી રહ્યું છે. વૉર લોનમાં કોઈ પણ જણે રોકેલાં નાણાંની રકમ યોગ્ય છે કે નહીં તેનો નિર્ણય કરવા માટે મને લાગે છે કે જેટલી આવક ઉપર તેની પાસે ઈન્કમટૅક્સ લેવામાં આવતો હોય, તેટલી આવકના અર્ધાથી તે પા ભાગ જેટલી રકમ રોકવાને તે સમર્થ છે એવું ધોરણ ગ્રહણ કરવું કાંઈ ગેરવાજબી ન ગણાય. આ અને આવા, સ્થાનિક સંજોગોમાં જે જે અનુકૂળ પડે તેવાં ધોરણોનો અમલ કરવાથી ડેપ્યુટી કમિશનરોને ખબર પડી જ જવી જોઈએ કે પોતાની હકૂમતમાંનાં શહેરો, ગામડાંઓ અથવા લોકો તેમની પાસેથી જેટલી આશા રાખી શકાય તેટલું આપી રહ્યાં છે કે નહીં.

આ પછી ડેપ્યુટી કમિશનરે ખાસ સભાઓ ભરી, શાહુકારોની સ્થાનિક કમિટીઓ નીમી, અને એવા જ બીજા ઉપાયો લઈ ઓછામાં ઓછા ફાળા તરીકે ધારેલી રકમ ઉઘરાવવાનો પ્રયાસ કરવો જોઈએ. વેપારીઓ અને બીજા ગૃહસ્થોની સ્થાનિક કમિટીઓ, તેના પ્રમુખ તરીકે મોટાં શહેરોમાં ન્યાય ખાતાના અમલદારો, એક્સ્ટ્રા આસિસ્ટંટ કમિશનરો અથવા તહસીલદારો નીમવાથી કદાચ લોનમાં ભરાવવાની રકમના ઠીક રીતે હિસ્સા પાડી દઈ શકશે. ભરવામાં આવેલાં નાણાં વખતોવખત પ્રસિદ્ધ કરીને તથા જુદા જુદા ભાગો સાથે સરખામણી કરીને શહેરો અને કોમો વચ્ચે હરીફાઈને પણ ઉત્તેજન આપી શકાય. ઉદાર ફાળો આપવાની કદર સનદ, ખુરશી અને ખાસ સર્ટિફિકેટો આપીને બૂજવામાં આવશે, એવાં વચનો આપવાથી પણ કાંઈક મદદ મળશે. ત્યારે મદદ ન કરનારા ધનવાન શહેરીઓને તો સ્પષ્ટ સમજાવી દેવું જોઈએ કે, તેઓ ફરજ બજાવતાં ચૂકશે તો તે વાત, મ્યુનિસિપલ કમિટી અને "નોટિફાઈડ એરિયા" કમિટીમાં નિમણૂક કરતી વખતે, ઑનરરી મૅજિસ્ટ્રેટની નિમણૂક કરતી વખતે, અને સરકારી કદરબૂજનાં બીજાં કોઈ પણ પગલાં લેતી વખતે, ધ્યાનમાં લેવામાં આવશે; કારણ આવાં આવાં માનો, અમલદારોને વ્યાવહારિક રીતે મદદ આપવાની જેમણે ઇચ્છા બતાવી હોય તેમને માટે જ રાખવામાં આવ્યાં છે.

આના પરિણામે નીચલા અમલદારોએ લોકો ઉપર દબાણ ચલાવ્યું. અંબાલા જિલ્લામાંના એક ગૃહસ્થને પત્ર લખવામાં આવ્યો હતો. તેમાં તેને જણાવવામાં આવ્યું હતું કે "વૉર લોનમાં

Gandhi Heritage Portal

કેટલાં નાણાં રોકવાની તેની ઇચ્છા છે તે એક અઠવાડિયાની અંદર લાલા રંગીલાલ, સબજજની મારફત ડેપ્યુટી કમિશનરને તેણે ખબર આપવી." આનો ભાવાર્થ તો દેખીતો જ છે.

અદાલતી હુકમોનો પણ જેટલો લાભ લેવાય તેટલો લેવામાં આવ્યો હતો. ચકવાલના ફર્સ્ટ ક્લાસ મૅજિસ્ટ્રેટે સને ૧૯૧૭ના ફોજદારી મુકદ્દમા નં. ૮૨માંના એક તહોમતદારને નીચેની ટીકા કરીને છોડી દીધો હતો: "તહોમતદાર અને તેના ભાઈએ બંને મળીને "અવર ડે ફંડ"માં રૂ. ૧૧૦ ભર્યા છે, એટલે મોઢે થયેલી માંડવાળ મુજબ તહોમતદારને છોડી દેવામાં આવે છે."

એ જ અદાલતમાં સન ૧૯૧૭ના મુકદ્દમા નં. ૩૯માં પોતાનો ઇન્કમટૅક્સ માફ થવા માટે મહેરસિંહ દોલતસિંહે અરજી કરી હતી. મૅજિસ્ટ્રેટે અરજી કાઢી નાખતાં ટીકા કરતાં કહ્યું હતું કે:

> લડાઈને લીધે ખચ્ચરો ઉપર નફો ઘણો ભારે મળે છે, છતાં અરજદારે કોઈ પણ "વૉર ફંડ" કે "વૉર લોન"માં એક પૈસો પણ ભર્યો નથી. તેમ જ એને એક દીકરો છે તેને એણે લશ્કરમાં પણ મોકલ્યો નથી.

મુઝફ્ફરગઢ જિલ્લામાં એક લેહિયા કરીને ગામ છે. ત્યાંના નાયબ તહસીલદારના મકાન ઉપર એક મોટી ટોળીએ દરોડો પાડ્યો. ચપરાસીની ઉપર અને ગામના પોલીસ ઉપર હુમલો કર્યો. કેટલાક લોકોને પકડવામાં આવ્યા. તેમાંના બાવન જણાની ઉપર ફોજદારી કાયદાની ૧૪૭મી કલમ મુજબ કામ ચલાવવામાં આવ્યું અને તકસીરવાર ઠરાવવામાં આવ્યા. મિ. કૉલ્ડસ્ટ્રીક નામના સેશન્સ જજે અપીલમાં કેટલાકને છોડી દીધા અને કેટલાકની સજા ઓછી કરી, અને તેમ કરતાં ટીકા કરી કે:

> લોકોનાં દિલ વાજબી રીતે દુખાયેલાં હતાં અને તેમને તે દુ:ખ બહાર બતાવવાં હતાં. એ તો સૌ કોઈ જાણે છે કે મુઝફ્ફરગઢમાં ઝૈલદારો[1] અને લંબરદારોની[2] ઉપર વૉર લોન અને રંગરૂટો ઊભા કરવાનું દબાણ થયેલું હોવાને લીધે તેઓએ તેમ કરવાને જે પગલાં લીધાં હતાં તેથી ઘણી જગ્યાએ ખૂબ ચડભડાટ થયો હતો. વળી એમ પણ કબૂલ કરવું જોઈએ કે આ પગલાં ઘણી વાર સત્તાની બહારનાં, વાંધાભરેલાં, ત્રાસદાયક અને સરકારની ઇચ્છાની વિરુદ્ધ હતાં. દૂરના ભાગોમાં લોકોને એ અસહ્ય થઈ પડ્યાં હતાં. આની વિરુદ્ધ કામ ચલાવવામાં આવે તો ફરિયાદ પક્ષ એ પગલાંનો પુરાવો તો ન જ આપી શકે, અને આના જેવા મુકદ્દમામાં તહોમતદારોની પાસે તેમની ઉપર થયેલા ત્રાસનો પુરાવો માગવો એ મૂર્ખાઈ જ કહેવાય. ન્યાયની ખાતર આટલી વાત મારે ચોખ્ખી કરવી જ જોઈએ, પછી ભલે તેમ કરતાં મારે મુકદ્દમામાં રજૂ થયેલા પુરાવાની બહાર જવું પડે. મેં જે હકીકત જણાવી છે તે મેં અગાઉ કહ્યું છે તે પ્રમાણે સૌ કોઈની જાણની વાત છે.

ત્યારે આ ન્યાયાધીશે તો એવો અભિપ્રાય આપ્યો કે અમલદારોએ જે પગલાં લીધાં હતાં તે સરકારની ઇચ્છા વિરુદ્ધ હતાં. છતાં જે જગ્યાએ અમે ગયા છીએ ત્યાં અમને ખબર મળી છે કે જે અમલદારો લોકોમાં ત્રાસ ગુજારનારા તરીકે પંકાયા છે તેમને તેમની જગ્યાએથી ન ઉતારવાને બદલે, અથવા જાહેર ઠપકો મળવાને બદલે તેમાંના ઘણાઓને તો ચઢાવવામાં આવ્યા છે.

૧. ખેડૂતોને અપાતા નહેરના પાણીનો હિસાબ રાખનાર સરકારી નોકરો.
૨. જમીન મહેસૂલ વસૂલ કરવામાં સરકારને મદદ કરનાર મોટા જમીનદારો.

Gandhi Heritage Portal

શાહપુર જિલ્લામાં તો એવો ત્રાસ ગુજર્યો હતો કે તેને પરિણામે બિચારા એક તહસીલદારનું ખૂન પણ થયું હતું. એ મુકદ્દમો ચલાવવા માટે એક “સ્પેશિયલ ટ્રિબ્યુનલ” જમાવવામાં આવી હતી. ૪૬ રહેવાસીઓની ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું. તેમાંના ૪ જણને ફાંસીની અને ૧૨ને કાળાપાણીની સજા થઈ હતી. ૮ની ઉપરથી તહોમત ખેંચી લેવામાં આવ્યું હતું અને ૧૨ને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવ્યા હતા. આ હકીકત સર માઈકલ ઓડવાયરની નોંધમાંથી અમે લીધી છે. તેમાં તેઓએ જણાવ્યું છે કે મરહૂમ સૈયદ નાદિર હુસેને લોકો ઉપર ગેરવર્તણૂક ચલાવ્યાના મોઘમ આરોપો મૂકવામાં આવ્યા હતા, અને ટ્રિબ્યુનલે તહોમતદારોને પોતાનો ગુનો ઓછી કરનારી જેટલી હકીકતનો તેઓ પુરાવો આપી શકે તેટલીનો પુરાવો આપવાની દરેક તક આપી હતી. છતાં મરહૂમની લશ્કરભરતી કરવાની રીતો લગભગ ફરજિયાત લશ્કરભરતીના જેવી હતી એટલી હકીકત ઉપરાંત તેની સામે કશું પુરવાર થયું ન હતું; અને ટ્રિબ્યુનલ એવા ઠરાવ ઉપર આવી હતી કે મરહૂમે કાંઈ પણ ગેરઆબરૂભરેલું વર્તન ચલાવ્યું ન હતું.

હવે અમારા અભિપ્રાય પ્રમાણે તો ફરજિયાત લશ્કરભરતીનું ધોરણ ગ્રહણ કરવામાં આવ્યું હતું એ કબૂલાત જ એ કાર્યને ભૂંડું બનાવવાને પૂરતી છે. પણ સર માઈકલે મુકદ્દમામાં જે પુરાવો પડચો હતો તે તો જોયો હશે જ ના? મરનારના વાંચનાર તરીકે કામ કરનાર મુહમ્મદખાને ફરિયાદ પક્ષ તરફથી નીચે પ્રમાણે જુબાની આપી હતી:

> તહસીલદારની કામ લેવાની રીત આ પ્રમાણે હતી: તેઓ પટવારી[1] પાસે ગામના બધા માણસોની યાદી કરાવતા. યાદી પોતાને મળે એટલે પોતે ગામમાં જઈ રંગરૂટોની ચૂંટણીની સામે કોઈને કાંઈ વાંધા હોય તો તે સાંભળતા. ત્રણ કે ચાર ભાઈના કુટુંબની પાસે તેઓ લશ્કર માટે એક કે બે રંગરૂટો તો માગતા જ. . . . ગુર્ણાની આસપાસના ભાગમાંથી કેટલાક લશ્કરમાંથી નાસી છૂટેલાઓને પકડીને પહેરા તળે તેમને રિક્રૂટિંગ ઑફિસરને મોકલી આપ્યા હતા. . . . યાદીમાંનાં ઘણાં નામો સામે “રંગરૂટ તરીકે ચૂંટવામાં આવ્યા છે” એવો શેરો કર્યો હતો. આ ઇલાકાના જમીનદારોને, લશ્કરમાં જવાની ટેવ ન હોવાથી અને તહસીલદારની પાસે આવતાં તેઓ બીતા હોવાથી, તહસીલદારને જોઈને જ તેઓ હમેશાં ભાગી જતા.

સ્પેશિયલ ટ્રિબ્યુનલના પ્રેસિડન્ટે પોતાની નોંધમાં નીચે પ્રમાણે ટીકા કરી હતી:

> અતિ ઉત્સાહી છતાં, નાદિર હુસેન શાહમાં લશ્કરમાં જવાને ન ટેવાયેલા જંગલી લોકોને લશ્કરમાં જોડાવાનું સમજાવવાની કળા ન હતી. એવાં કામ કરવાનો એ લોકોમાં રવૈયો જ નહીં. . . . ૯ઠ્ઠી ફેબ્રુઆરીએ, પટવારીએ યાદીઓ તૈયાર કરી. સરકારે લોકોનાં એકબીજા સાથેનાં સગપણ અને ઉમ્મરવાર યાદીઓ તૈયાર કરવાનો હુકમ આપેલો હતો. આથી ૯ઠ્ઠી ફેબ્રુઆરીને દિવસે લોકોને ખબર પડી ગઈ હતી કે તેઓને લશ્કરમાં લઈ જવામાં આવશે, અને તેથી જ ગભરાટ ઉત્પન્ન થયો હતો.

> ખાન અહમદ હુસેન ખાન, રેવન્યુ આસિસ્ટંટે નીચે પ્રમાણે જુબાની આપી હતી:
> મેં એવી ફરિયાદ સાંભળી હતી કે નાદિર હુસેને કેટલાક આદમીઓને તેમની સ્ત્રીઓ સામે નાગા ઊભા રાખ્યા હતા. . . . મારે કાને સ્ત્રીઓને કાંટા ધોચાયાની એકે ફરિયાદ નથી આવી, પણ પુરુષોને કાંટાવાળી ગાડીમાં પૂરવામાં આવ્યા હતા એમ મેં સાંભળ્યું છે. મેં જૂન મહિનામાં બનેલી આ હકીકતો વિષે સાંભળ્યું જ છે. મેં પોતે એમાંનું કાંઈ જોયું નથી. મેં

૧. જમીન મહેસૂલનાં પત્રકો રાખનાર સરકારી અમલદાર (ગુજરાતમાં તલાટી).

Gandhi Heritage Portal

જે હકીકત કહી છે તે મેં ઝેલદાર અને જમીનદારો પાસેથી સાંભળેલી છે. હઝરા મિયાનીના ગુલામ મહમદે મને કહ્યું હતું કે કૌરાકુટ અને બીજા કોઈ પઠાણ લોકોના ગામમાં, કદાચ ગુર્ણામાં, કેટલીક સ્ત્રીઓ ઉપર ગેરવર્તન ચલાવવામાં આવ્યું હતું. તેણે મને એમ પણ કહ્યું હતું કે કેટલીક સ્ત્રીઓને મીઠ રાંઝા અને ત્યાંથી ભુલવાલ લઈ જવામાં આવી હતી. એવા ઇરાદાથી કે તેઓ પોતાનાં સગાંવહાલાંને પાછાં આપે અથવા ભરતીમાં મોકલે. તહસીલદારનાં માણસોએ નાસી છૂટનાર આદમીઓનાં ખેતરો ચરાવી દીધાં હતાં અને ઘરો લૂંટયાં હતાં એમ પણ મેં સાંભળ્યું. એમ પણ સાંભળ્યું છે કે બુચા કલાણના શેરઅલી પાસે તહસીલદારના ૧૫૦૦૦થી ૧૭૦૦૦ જેટલા રૂપિયા ભેગા થયેલા હતા. આ રકમ લશ્કરભરતી દરમ્યાન લાંચ લઈને જ ભેગી કરાયેલી હશે એવી વાત હતી. મેં એમ પણ સાંભળ્યું છે કે શેરઅલીએ આ પૈસા ઉચાપત કર્યા. લોકોનાં મન લશ્કરભરતીથી જ દુખાયાં હતાં. તેમને લશ્કરમાં જોડાવું ન હતું. . . . મેં પાછળથી સાંભળ્યું હતું કે ધુલ્લાપુરની બે સ્ત્રીઓ ઉપર જૂન મહિનામાં ત્રાસ ગુજારવામાં આવ્યો હતો. તહસીલદારે પોતે મને ખબર આપી હતી કે છાની રેહાનના કેટલાક ભાગી છૂટેલા આદમીઓ મળી આવવાથી તેણે લોકોનાં ખેતરો ચરાવી દઈ તેમના ઉપર દબાણ ચલાવ્યું હતું, અને પરિણામે તેઓ પાછા આવ્યા હતા. તેના આવ્યા પહેલાં તો ગામના લોકો ગામ છોડી ચાલ્યા ગયા હતા.

કોર્ટે સ્વાભાવિક રીતે એવો નિર્ણય ન જ આપ્યો કે મરહૂમે ગેરવર્તન ચલાવ્યાની વાત સાબિત થઈ છે. તેણે આ પ્રમાણે ટીકા કરી:

અમારા ખાસ કહેવાથી, રેવન્યૂ આસિસ્ટંટ ખાન અહમદખાને તહસીલદારના વર્તન વિષે જે કાંઈ સાંભળ્યું હતું તે જાહેર કર્યું છે. પણ એકંદર રીતે અમારી સામે જે પુરાવો પડયો છે તે બતાવે છે કે ફરિયાદ પક્ષે કબૂલ કરેલી ફરજિયાત લશ્કરભરતીના ધોરણે ભરતી કર્યાની હકીકત ઉપરાંત તહસીલદારે કોઈ પણ પ્રકારનું બીજું ગેરવર્તન કર્યાનું સાબિત થતું નથી.

આની ઉપર સરકારી જાહેરનામાની ટીકા આ પ્રમાણે છે: "મરહૂમે લોકોનું અપમાન કર્યું ન હતું કે લોકોની લાગણીને આઘાત પહોંચાડયો ન હતો." આવી રીતનું વચન કોર્ટે કરેલા નિર્ણયમાંથી કોઈ પણ રીતે ફલિત થઈ શકતું નથી. ઊલટું સરકારે જો રેવન્યૂ આસિસ્ટંટે કોર્ટને જાહેર કરેલી પોતાની જાણમાં આવેલી ગંભીર હકીકતોમાં કેટલું તથ્ય છે તે જાણવાની ઇચ્છા રાખી હોત, તો ખૂનના મુકદ્દમાની તપાસ અલગ રાખીને ગેરવર્તનની બાબતની પણ ઊંડી તપાસ ચલાવવી જોઈતી હતી.

અમને કેટલોક દાર્શનિક પુરાવો મળ્યો છે તે એવો તો ગંભીર પ્રકારનો છે, કે તે અમે અમારા રિપોર્ટ સાથે પ્રસિદ્ધ નથી કર્યો. શ્રીયુત ગાંધી જેઓએ એ પુરાવો ભેગો કર્યો છે, તેઓ એ બાબતમાં પંજાબ સરકાર સાથે પત્રવ્યવહાર ચલાવી રહ્યા છે.

એ જ જિલ્લામાં થયેલા એક બીજા મુકદ્દમાની હકીકત એમ છે કે એક તોફાની ટોળું એક ગામની આસપાસ ફરી વળ્યું અને સાત માણસના પકડાવાની સામે થયું. તે ટોળાની સામે ગોળીબાર કરવામાં આવ્યા હતા અને કેટલાંક માણસો ઘાયલ થયાં હતાં. બચાવ એવો હતો કે ભરતીમાં પકડાવાના ભયને લીધે માણસો સામા થયા હતા, પણ તે કોર્ટે કાઢી નાખ્યો હતો. છતાં માણસો સામા થયાની અને તેમની સામે ગોળીબાર થયાની હકીકત, ત્રાસદાયક રીતભાતના આરોપોને સાબિત કરવા જાય છે.

Gandhi Heritage Portal

મુલતાન વિભાગમાંના કબીરવાલા તહસીલમાં કોર્ટ ઑફ વૉર્ડ્ઝે નીમેલો એક મિલકતનો વ્યવસ્થાપક ખીજી લોકોમાં લશ્કરભરતી માટે ગયો હતો. તેની અને લોકો વચ્ચે મારામારી થઈ હતી, અને કેટલાંક માણસ ઘવાયાં હતાં. પબ્લિક પ્રોસિક્યૂટરે વ્યવસ્થાપકની સામેનો કેસ ખેંચી લીધો હતો. છતાં, સદરહુ વ્યવસ્થાપક એ લોકોમાં શા માટે ગયો હતો અને લોકો કેમ અને શેની સામા થયા હતા તે સવાલ તો ઊભો જ રહે છે.

સર માઇકલ ઓડવાયરે બહાર પાડેલા લશ્કરભરતીના પત્રકમાંથી કાંઈક જવાબ આપણને મળે છે. મુલતાન જિલ્લામાં રંગરૂટોનો આંકડો સન ૧૯૧૭ના ડિસેમ્બરની આખરે ૭૫૯ હતો અથવા તો તેનું પ્રમાણ વસ્તીના ૫૮૬ પુરુષોએ ૧ નું હતું. સન ૧૯૧૮ના નવેમ્બરની આખરે તો આ સંખ્યા વધીને ૪૬૩૬ થઈ હતી એટલે કે પ્રમાણ વસ્તીના ૯૩ પુરુષે ૧ નું થયું હતું, આ અસાધારણ વધારો બળાત્કારની રીતે જ થઈ શકે. કમિશનરે કહ્યું છે કે:

> કેટલાક માણસો સિવાય સામાન્ય રીતે જિલ્લાના લોકોએ પોતાની ફરજ નથી બજાવી એમ મને લાગે છે. પોતાના કુટુંબનાં માણસોને લશ્કરમાં દાખલ કરવાને બદલે તેઓએ નીચલા વર્ગના માણસોને લાંચ આપી અને દબાણ કરીને દાખલ કરવાનો પ્રયત્ન કર્યો હતો. કેટલાક મુખીઓએ વાંધાભરેલી રીતે દબાણ વાપર્યું હતું, અને પરિણામે કેટલેક ઠેકાણે જાહેર શાંતિનો ભંગ થતો હતો. અનેક દાખલાઓ તો એવા બન્યા છે કે જેમાં બીજા જિલ્લામાંથી અને બીજા વિભાગમાંથી પરદેશીઓને ફોસલાવી આ જિલ્લાના રહેવાસીઓ તરીકે જ લશ્કરમાં દાખલ કરવાના પ્રયત્નો — સફળ પ્રયત્નો — થયા હતા, જોકે આમ કરવું એ તો સરકારના હુકમની વિરુદ્ધ હતું.

નવાઈ નથી કે સર માઇકલ ઓડવાયરને દુ:ખ સાથે નોંધ લેવી પડી હતી કે, "દાખલ થયેલામાંનો મોટો ભાગ પોતાના ડેપોમાંથી અથવા પોતાની ટુકડીમાંથી નાસી છૂટયો હતો, અને ખરી રીતે બહુ થોડા જ માણસો રણસંગ્રામમાં જઈ શત્રુની સામે લડયા હશે."

અંબાલા વિભાગના કમિશનરે રિપોર્ટ કર્યો હતો કે "લોકોને સ્વાભાવિક રીતે જુવાનિયાને લશ્કરમાં દાખલ થવાને લલચાવવા માટે મોટી રકમોનાં ઉઘરાણાં કરવાની ફરજ પડી હતી અને એક રંગરૂટ દીઠ ૫૦૦થી ૧૦૦૦ રૂપિયા સુધી આપવામાં આવ્યા હતા."

બીજી એક સામાન્ય યુક્તિ આ હતી: "ખરાબ ચાલચલગતના ધારવામાં આવતા માણસોને કહેવામાં આવતું હતું કે કાં તો ભરતીમાં દાખલ થાઓ, અથવા તો ફોજદારી કાયદાની કલમ ૧૦૯ અથવા ૧૧૦ મુજબ સારી ચાલચલગતના જામીન આપો." સન ૧૯૧૭ના ફોજદારી ન્યાય ખાતાના રિપોર્ટમાં આ પ્રમાણે લખ્યું છે:

> ચાલુ વર્ષમાં ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટોએ લશ્કરભરતી કરવાના કામમાં ખૂબ વખત ગાળ્યો છે. ફોજદારી કાયદાની ૧૧૦મી કલમ પ્રમાણે સારી ચાલચલગતના જામીન લેવાના મુકદ્દમા આ વર્ષે બહુ ઓછા થયા હતા, તેનું કારણ ઘણે ભાગે મોટી લશ્કરભરતી થઈ હતી એ જ હતું.

કરનાલ જિલ્લાના યારા ગામમાં જઈને એક અમલદારે કેટલાક છોકરાઓને રંગરૂટો થવાને લલચાવ્યા. આમાંના એકના બાપે મૅજિસ્ટ્રેટને આજીજી કરીને કહ્યું કે "મારો એકનો એક છોકરો છે, એને ન લઈ જાઓ." મૅજિસ્ટ્રેટે દાદ ન દીધી, એટલે લોકો ખીજવાયા અને મારામારી થઈ. કેટલાકની ઉપર ડિફેન્સ ઑફ ઇન્ડિયા ઍક્ટ પ્રમાણે કામ ચાલ્યું અને પાંચ જણ તકસીરવાર ઠર્યા. પણ બધાઓને અપીલ કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી દીધા. કોર્ટે આપેલા ફેંસલા ઉપરથી

Gandhi Heritage Portal

જણાય છે કે નીચલી કોર્ટે ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ મિ. હૅમિલ્ટનના ખસૂસ હુકમથી જ આ સજાઓ કરી હતી. અપીલ કોર્ટે ટીકા કરી છે કે :

> ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટે વખતોવખત પસાર કરેલા જુદા જુદા હુકમથી ચોખ્ખું જણાય છે કે આ અપીલ કરનારાઓએ પણ, પોતાના નજીકના સગામાંથી અથવા પોતે લાયક હોય તો પોતામાંથી રંગરૂટો પૂરા પાડયા હોત, અને એ ગામમાંથી પ્રથમ ૨૦ રંગરૂટોની માગણી થઈ હતી તે પ્રમાણે ૨૦ રંગરૂટો એ ગામમાંથી થઈ જાત તો તેઓને છોડી દેવામાં આવ્યા હોત.

પણ વાત તો એ છે કે ૨૦ રંગરૂટો તો ભેગા કરી આપવામાં આવ્યા હતા; પણ ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટને તો તહોમતદારોમાંથી ૨૦ રંગરૂટો જોઈતા હતા.

સને ૧૯૧૭માં, ગુજરાનવાલામાં થયેલી લશ્કરભરતીથી સર માઈકલ ઓડવાયરને સંતોષ ન થવાથી લોકોને તેઓ સાહેબે તેમની કસૂર માટે ઠપકો આપ્યો હતો. કોણ જાણે કેમ ઈરાદાપૂર્વક કે અનાયાસે, ત્યાંના ડેપ્યુટી કમિશનરની જગ્યાએ કર્નલ ઓબ્રાયન આવ્યા, અને તેમના આવતાંની સાથે જ લશ્કરભરતીનો પારો ચઢયો. આ ચમત્કારનું ટૂંકું વર્ણન સર માઈકલ ઓડવાયરે ગુજરાનવાલામાં સન ૧૯૧૮ના ઑગસ્ટમાં ભરાયેલા દરબારમાં આપ્યું હતું :

> એક વર્ષ ઉપર ગુજરાનવાલાએ લશ્કરમાં ૩૩૮૮ માણસો જ મોકલેલા હતા, એટલે કે વસ્તીના ૧૫૦ પુરુષે ૧ માણસનું પ્રમાણ હતું. પણ ગયા મહિનાની આખરે એ સંખ્યા વધીને ૧૧૭૬૫ થઈ ગઈ હતી, એટલે વસ્તીના ૪૪ પુરુષો દીઠ ૧નું પ્રમાણ હતું. અથવા લશ્કરમાં જવા જોગ ઉંમરના ૧૪ પુરુષોએ ૧નું પ્રમાણ હતું. એટલે એક વર્ષમાં તમે ૮૫૦૦ માણસો ઊભા કર્યા છે. સુંદર વ્યવસ્થાનાં કેવાં ભવ્ય પરિણામ આવે છે તે અહીં સ્પષ્ટ જણાઈ આવે છે. ડેપ્યુટી કમિશનર કર્નલ ઓબ્રાયનના અને તેમના આસિસ્ટંટોની ઉત્તેજક અને ઉત્સાહભરી આગેવાની નીચે અને ડિવિઝનલ રિક્રૂટિંગ ઑફિસર, મેજર બાર્ન્ઝ અને તેની હાથ નીચેના માણસોની મદદ લઈ તમારા સુંદર ડિસ્ટ્રિક્ટ વૉર લીગે કરેલા અથાગ પ્રયાસનું જ આ ફળ છે.

આ ફળ કેવા ઉપાયોનું પરિણામ હતું તેનું તાદૃશ વર્ણન અમોને ગુજરાનવાલા, મણિયાનવાલા, ચુહારખાના, હાફિઝાબાદ અને બીજી જગ્યાઓના, આ હકીકત નજરે જાણેલી જોયેલી એવા સાક્ષીઓ પાસેથી મળ્યું છે. અમે ભેગી કરેલી અનેક જુબાનીઓમાંથી એક નમૂનેદાર લઈને તેમાંથી અમે એક જ ઉતારો આપીશું. આ બાબત પુરાવો ભેગો કરવાને ખાસ મોકલવામાં આવેલા શ્રીયુત લાભસિંહ, એમ. એ., બૅરિસ્ટર-ઍટ-લૉ, સમક્ષ ગુજરાનવાલા જિલ્લાના રતાલી ગામના માલિકોમાંના એક સરદારખાન નામના ગૃહસ્થે નીચે પ્રમાણે જુબાની આપી હતી :

> અમારા ગામમાં તહસીલદાર વૈશાખ મહિનામાં આવ્યા. રાત્રે દાંડી પીટીને જાહેર કરવામાં આવ્યું કે બધાએ ગામના ડાયરામાં સવારના પહોરમાં ભેગા થવું. લણવાની મોસમ ચાલતી હતી, અને લોકોને જોરજુલમથી લશ્કરમાં દાખલ કરી દેવામાં આવવાની ધાસ્તી હતી, તેથી બહુ થોડા લોકો સવારે હાજર થયા. આથી તહસીલદારે ૬૦થી ૭૦ માણસોનો દંડ કર્યો. બધો મળી ૧૬૦૦ રૂપિયા દંડ કરવામાં આવ્યો હતો. લોકોને ફરી મુખ્ય મુકામ ગુજરાનવાલા — જે ૬૮ માઈલ દૂર છે ત્યાં — હાજર રહેવાનો હુકમ મળ્યો. લોકો જ્યારે

Gandhi Heritage Portal

ત્યાં ઠરાવેલી તારીખે હાજર થયા ત્યારે તેમને હારબંધ ઊભા રાખીને તેમાંથી સાત માણસો ચૂંટી કાઢવામાં આવ્યા. આ બધું કરનાર ફત્તેહખાન તહસીલદાર હતા. બીજાઓને ગાળો દેવામાં આવી, માર પડયો, અને કહેવામાં આવ્યું કે વધારે રંગરૂટો લાવો.

લાયલપુરના સરદાર સંતસિંહ વકીલ લશ્કરભરતી કરવાની અને વૉર લોન ઊભી કરવાની રીતનું નીચે પ્રમાણે સંક્ષિપ્ત વર્ણન આપે છે :

આ જિલ્લામાં વૉર લોન જુલમથી લેવરાવવામાં આવી. માન ઈલકાબને માટે વલખાં મારનારાઓએ માન ઈલકાબને માટે જ લોકો પાસેથી બળાત્કારે વૉર લોન લેવરાવી. એક એક સ્કવૅર દીઠ ૩૩ રૂપિયાની લોન બળાત્કારે લેવરાવવામાં આવી. કોઈ સ્કવૅર બાકી રાખવામાં નહોતો આવ્યો. કોઈ નાદાર ઠરેલો આદમી પણ વૉર લોનમાંથી છૂટયો નથી. ૩૩ રૂપિયા કેમ ઠર્યા એનો ઈતિહાસ રમૂજી છે. એવું ઠરાવવામાં આવ્યું હતું કે સ્કવૅરના દરેક કબજેદાર પાસે એક એકરની કિંમત રૂ. ૩૩ જેટલી રકમ સરકારને અપાવવી. કોઈ પણ કબજેદારને આ બાબત પૂછવામાં આવ્યું ન હતું. એ ઠરાવ કરનારાઓ પેલા માનઅકરામના ભૂખ્યાઓ જ. ઠરાવ સ્થાનિક અધિકારીઓએ તો મંજૂર કર્યો પણ સ્થાનિક સરકારે તેમાં ફેરફાર કર્યો. ૩૩ રૂપિયા બક્ષિસ તરીકે ન લેતાં સ્થાનિક સરકારે લોન તરીકે લીધા; અને વ્યાજ નાણાં ભરનારાઓને આપવાનું નહીં, પણ ગામસુધારા માટે વાપરવાનું ઠરાવ્યું.

ચક નં. ૨૬ જી. એસ.ના માલિક ઉત્તમસિંહે પૈસા આપવાની નામરજી બતાવી એટલે તેના ઉપર કોઈ ગુનો કર્યાનું તહોમત મૂકવામાં આવ્યું. તેણે પૈસા આપ્યા કે તેની સામેનો ગુનો ખેંચી લેવામાં આવ્યો.

ઈમ્પીરિયલ વૉર રિલીફ ફંડ માટે એક સ્કવૅર દીઠ ૧૦ રૂપિયા લેવામાં આવ્યા હતા. લોકોએ નછૂટકે એ પૈસા ભર્યા હતા.

લંબરદારોને રંગરૂટ ન આપે તો લંબરદારી હકો છોડી દેવાની તાકીદ આપવામાં આવી હતી. કેટલાકને તો બરતરફ કરવામાં આવેલા પણ ખરા. આ કારણથી એક રંગરૂટની કિંમત રૂપિયા ૫૦૦ સુધી થઈ હતી. પોલીસ લોકો ઉપર જાહેર શાંતિ જાળવવા માટે જામીન આપવાના કેસ કરે, મૅજિસ્ટ્રેટો જામીન ઉપર ન છોડે અને કેદમાં બેસાડે. આખરે તેઓ રંગરૂટો આપવાને કબૂલ થાય ત્યારે તેમનો છુટકારો થાય. કોઈ તહોમતદાર પોતે જોડાવાને કબૂલાત આપે તો તેની સામેનું તહોમત ખેંચી લેવામાં આવે.

આવી આવી રીતે સર માઈકલે પંજાબમાં ચેતન રેડયું, અને પંજાબીઓમાં અગાઉ કદી ન હતી એવી ઐક્યની ભાવના ઉત્પન્ન કરી. પરિણામ એ થયું કે ગયા એપ્રિલ મહિનાના આરંભમાં જ્યારે તેમને પંજાબના અને હિંદુસ્તાનના ઐક્યનો દાર્શનિક પુરાવો મળ્યો ત્યારે તેઓ દિગ્મૂઢ થઈ ગયા, અને તા. ૭મી એપ્રિલે અમે ઉપર જેમાંથી ઉતારા આપી ગયા છીએ તે કાયરતાભર્યું ભાષણ કર્યું. પોતાના આકરા અમલ દરમ્યાન જે જુસ્સાને એમણે જકડી લીધો હતો, તે જુસ્સાને બેડીઓ તોડી મુક્ત થતો દાબી દેવાનો તેઓ સાહેબનો ભગીરથ પ્રયત્ન હતો. એટલે આગેવાનોએ આપેલા દરેક સીધા અને સરળ ભાષણમાં તેમને જોખમની ગંધ આવી. ભેગી મળેલી દરેક સભા અથવા સંસ્થામાં તેમણે કાવતરું જ ખોળી કાઢયું, અને આવી રીતે પોતાનું ભાન ભૂલી ડૉ. સત્યપાલ,[1] ડૉ. કિચલુ[2] અને શ્રીયુત ગાંધી સામે હુકમો કાઢયા. તેમણે

૧. ૨. આ બંને નેતાઓના પરિચય માટે જુઓ આ રિપોર્ટનો ભાગ ૧, પ્રકરણ ૫.

Gandhi Heritage Portal

જાણવું જોઈતું હતું કે આને પરિણામે જે લોકો તેમના અમલથી ચિડાઈ રહેલા તો હતા જ તેઓ વધારે છંછેડાશે. અમને કહેવાનું મન થઈ જાય છે કે તેમણે લોકોની પાસે અત્યાચાર માગી લીધો, એવા હેતુથી કે તેઓ અત્યાચાર કરે તો તેઓને કચરી નંખાય. અમે જે પુરાવો ભેગો કર્યો છે તે બતાવી આપે છે કે, તેમણે પંજાબીઓને ગુસ્સે થવાનાં પારાવાર કારણ આપ્યાં હતાં, અને તેથી જ લોકો આત્મનિગ્રહ ખોઈ બેઠા. આનું ફળ તેમને કાંઈ થોડું નથી ભોગવવું પડયું. પણ કાંઈક ચમત્કારિક રીતે મોટે ભાગે આણઘટતાં સંકટોના તાપમાંથી પાવન થઈને તેઓ નીકળ્યા છે અને સર માઈકલ ઓડવાયરે શાણપણાનું જે પ્રમાણપત્ર તેમને આપ્યું છે તેને પાત્ર બન્યા છે.

## પ્રકરણ ૩જું
### રૉલેટ બિલો

ગયા પ્રકરણમાં ઠીક ઠીક રીતે બનાવવામાં આવ્યું છે કે પંજાબના લોકોને સ્થાનિક અમલદારોએ અનેક રીતે કોચવ્યા હતા, અને લોકોના સ્વાભાવિક નેતાઓ — એટલે શિક્ષિત વર્ગોની સતત અવજ્ઞા કરીને લોકોને કાબૂમાં રાખવાનું તેમને માટે લગભગ અશકય કરી મૂકયું હતું. આવા વાતાવરણમાં પંજાબના લોકો ઉપર રૉલેટ બિલો આવી પડયાં.

એ તો સર્વમાન્ય વાત છે કે જ્યારે આ બે બિલો દાખલ કરવામાં આવ્યાં,[1] ત્યારે હિંદુસ્તાનમાં રાજ્ય ઊંધું વાળવાના ગુના બિલકુલ નહીં, અથવા જવલ્લે જ થતા હતા. એટલું જ નહીં પણ ઘણાં વર્ષો થયાં બંગાળ અને પંજાબ સિવાય હિંદુસ્તાનના બીજા ભાગોમાં એ ગુનાનું નામનિશાન પણ નથી. બંગાળમાં અત્યાચારી પક્ષ, બંગભંગથી થયેલી અસંતોષની જવાળા પુરજોસમાં ભભૂકી ઊઠી ત્યારે ઉત્પન્ન થયો. પંજાબમાં લોકોને અતિશય અસંતુષ્ટ કરનારાં સ્થાનિક સરકારનાં અનેક પગલાંઓથી એ પક્ષ ઊભો થયો, અને કૅનેડામાં વસેલા સ્વાભિમાની શીખોની ઉપર હડહડતું ગેરવર્તન ચલાવવામાં આવ્યું તેને લીધે એ પક્ષ જોરમાં આવ્યો. એ પક્ષે પોતાના અસંતોષનો ચેપ કેટલાક સ્થાનિક માણસોને પણ લગાડયો, અને કોમાગાટા મારુમાં[2] પાછા આવેલા કૅનેડામાં વસવાટ કરવા ગયેલાની ઉપર જ્યારે સખ્તાઈ વાપરવામાં આવી, ત્યારે તે અસંતોષ તેની પરાકાષ્ઠાએ પહોંચ્યો. બંને પ્રાંતમાં અત્યાચાર પ્રગટ થવાનાં કારણો અમારા મત પ્રમાણે સ્પષ્ટ હતાં. ગમે તેમ હો તોપણ, સરકાર પોતે કહે છે તે પ્રમાણે ડિફેન્સ ઑફ ઇન્ડિયા ઍકટ પ્રમાણે સરકારને મળેલા અધિકારોથી પંજાબ અને બંગાળ બંને પ્રાંતોમાં અત્યાચાર સંપૂર્ણ રીતે અટકી ગયો હતો.

ડિફેન્સ ઑફ ઇન્ડિયા ઍકટ લડાઈ દરમ્યાન રાજ્ય ઊંધું વાળનારી કંઈ હિલચાલો ફાટી નીકળે તેને પહોંચી વળવા માટે એક અણીના ઉપાય તરીકે પસાર કરવામાં આવ્યો હતો. જ્યારે

૧. ફેબ્રુઆરી, ૧૯૧૯માં.

૨. ૧૯૧૪માં અનેક પંજાબીઓ કૅનેડામાં વસવાના હેતુથી આ દેશમાંથી વહાણ દ્વારા રવાના થયા. પરંતુ કૅનેડાની સરકારે એમને ત્યાં ઊતરવા દીધા નહીં. એટલે તેઓ કોમાગાટા મારુ નામની આગબોટ મારફતે હિંદુસ્તાન પાછા આવ્યા, જ્યાં તેમને કેદીઓ તરીકે ઉતારવામાં આવ્યા, અને એમના પ્રાંતમાં લઈ જઈ નજરકેદ કરાતાં સુધી કલકત્તા નજીક આવેલા બજ બજમાં એક કૅમ્પમાં સશસ્ત્ર પહેરા નીચે મૂકવામાં આવ્યા. સતત હેરાનગતિ ભોગવવાને પરિણામે તેઓ ઉશ્કેરાયા અને બળવો કરી બેઠા.

Gandhi Heritage Portal

બધુંય લશ્કર હિંદુસ્તાનમાંથી ફ્રાન્સ અને મૅસોપોટેમિયાની રણભૂમિ ઉપર મોકલી દેવામાં આવેલું હોવાથી હિંદુસ્તાનની આંતરશાંતિનો આધાર મોટે ભાગે લોકોની રાજનિષ્ઠા અને શાંતિપ્રિયતા ઉપર રહેલો હતો, ત્યારે આવી સત્તા સરકારને વાપરવી ઘટે એ સમજી શકાય તેવી વાત છે. કાયદાનો અમલ કરનાર ખાતાને માર્શલ લૉ જેવા અસાધારણ ઉપાયો મળ્યેથી એક પોલીસનો માણસ કદાચ ચારનું કામ કરી શકે, પણ તેમ કરતાં પોલીસની રીતભાત ઉપર મૂકવામાં આવેલા કેટલાક યોગ્ય અંકુશો ખસી જવાથી પ્રજાનું સ્વાતંત્ર્ય તો લૂંટાય જ. આ કારણથી લડાઈ પૂરી થઈ એટલે, ડિફેન્સ ઑફ ઇન્ડિયા ઍક્ટ રદ થશે એવી લોકોએ આશા રાખી હતી. તેમાં વળી અધૂરામાં પૂરો લોકોને અનુભવ થયો કે એ કાયદો ખાસ જરૂરના પ્રસંગોમાં જ વાપરવામાં આવશે, અને રાજકીય ચળવળ દાબી દેવા માટે અથવા લોકસેવકોની હિલચાલ અટકાવવા માટે નહીં વાપરવામાં આવે એવું સરકારે જાહેર કર્યા છતાં, રાજકીય સ્વતંત્રતાને મર્યાદિત કરવા માટે એ કાયદાનો ઉપયોગ કરવામાં આવ્યો. એટલે લોકોની એ કાયદો રદ કરાવવાની આતુરતા વધી. આવી રીતે થયેલા ઉપયોગનો એક જ દાખલો બસ છે. મિસિસ બેસંટ અને તેના સહાયકોને[૧] પૂરી રાખવા માટે એનો ઉપયોગ કરવામાં આવ્યો, કારણ કે તેઓની પ્રવૃત્તિમાં હિંદ સ્વરાજ્યની હિલચાલ ઉગ્ર રૂપે પ્રગટ થયેલી હતી. હવે તેમની પ્રવૃત્તિમાં તેમના કટ્ટામાં કટ્ટા શત્રુઓને પણ અત્યાચારની ગંધ નહોતી આવી, તેથી લોકોમાં સરકારને વિષે વિશ્વાસ તદ્દન ઊઠી ગયો હતો. તેઓની તો આશા એવી હતી કે હિંદુસ્તાને બજાવેલી અપૂર્વ યુદ્ધસેવાને ધ્યાનમાં લઈને, અને સન ૧૯૧૭ના ઑગસ્ટનું, જવાબદારીવાળી રાજ્યપ્રથાનું પરિણામ લાવનારા સુધારાઓની આગાહી આપનારું જાહેરનામું[૨] બહાર પડયું હતું તે મુજબ સદરહુ ઍક્ટ રદ થશે, અને ગુપ્તચર ખાતાની છંછેડણીમાંથી લોકોને હવે મુક્તિ મળશે.

પણ આને બદલે પેલાં બે બિલોનો ગોળો તેમના ઉપર ફોડવામાં આવ્યો એટલે લોકો ચકિત થઈ ગયા. બિલો દાખલ કરતી વેળાએ થયેલા વાઈસરૉયના ભાષણે અસંતોષમાં ઉમેરો કર્યો; કારણ તેમાંથી જણાતું હતું કે સુધારા દાખલ થતાં પોતાની સ્થિતિ વિષમ થશે, એવી સિવિલ સર્વિસ માંહેલા બ્રિટિશ અમલદારોની બીક દૂર કરવા માટે સદરહુ બિલો યોજાયેલાં હતાં. આ બિલો પરત્વે હિંદવાસીઓના મતનું, શ્રીયુત ગાંધીએ સત્યાગ્રહ શરૂ કરતાં વર્તમાનપત્રોમાં નીચેનો જે પત્ર[૩] પોતે બહાર પાડયો હતો, તેમાં વિવેચન કર્યું છે.

ઉપરના પત્રમાં ઉલ્લેખ કરવામાં આવેલી સત્યાગ્રહ પ્રતિજ્ઞા[૪] નીચે પ્રમાણે હતી.

હવે રૉલેટ ઍક્ટ નામથી જાણીતા થયેલા બિલ નં. ૨નું અમે અહીં સંક્ષિપ્ત પર્યાલોચન કરીશું. બિલ નં. ૧ને અમે છોડી દઈએ છીએ. કારણ તે દેખીતી રીતે સરકારે પડતું મેલ્યું હોય એમ ભાસે છે.

૧. ઍની બેસંટ અને તેમના સાથીદારો ઍરુંડેલ તથા વાડિયાને ૧૦મી જૂન, ૧૯૧૭ને રોજ નજરકેદ કરવામાં આવ્યા હતા.

૨. આ જાહેરાત મિ. મૉન્ટેગ્યુએ હિંદી વજીરનો હોદ્દો ધારણ કર્યા પછી થોડા દિવસે, ૧૦મી ઑગસ્ટ, ૧૯૧૭ને રોજ કરી હતી.

૩. આ પત્ર અહીં ઉતાર્યો નથી. એના મૂળ લખાણ માટે જુઓ પુસ્તક ૧૫, પા. ૧૧૫–૬.

૪. આ પ્રતિજ્ઞા અહીં આપી નથી. એને માટે જુઓ પુસ્તક ૧૫, પા. ૯૮.

Gandhi Heritage Portal

સને ૧૯૧૭ના ડિસેમ્બર મહિનામાં હિંદુસ્તાન સરકારે નીમેલી સિડિશન (રાજ્યદ્રોહ) કમિટીના પ્રમુખ ન્યાયાધીશ મિ. રૉલેટના નામ ઉપરથી આ ઍક્ટનું નામ પડયું છે.

(૧) હિંદુસ્તાનમાં રાજ્ય ઊંધું વાળવા માટેની હિલચાલને અંગે થતા ગુનાનાં કાવતરાંઓ કેવાં કેવાં થાય છે અને કયાં કયાં થાય છે તે તપાસી તે ઉપર રિપોર્ટ કરવાને તથા
(૨) આવાં કાવતરાંને પહોંચી વળવામાં શી શી મુશ્કેલીઓ નડે છે તે તપાસી તેનો વિચાર ચલાવવાને અને તે કાવતરાં સંપૂર્ણ રીતે દાબી દેવાને સરકાર શક્તિમાન થાય તે માટે કાંઈ કાયદા ઘડવાની જરૂર હોય તો તે વિષે સલાહ આપવાને

આ કમિટીને પોતાનું કામ ખાનગીમાં ચલાવવાનો હુકમ હતો. તેણે સન ૧૯૧૮ના એપ્રિલ મહિનામાં પોતાનો રિપોર્ટ સરકારને રજૂ કર્યો. આ કમિટીની લાહોરમાં ચાર બેઠક થઈ હતી તે બાદ કરતાં બધીયે બેઠક કલકત્તામાં થઈ હતી. રિપોર્ટ મોકલતાં સરકારને લખેલા પત્રમાં ન્યાયાધીશ મિ. રૉલેટે જણાવ્યું હતું કે:

> અમારી નિમણૂક જે હુકમથી થઈ છે તે હુકમમાં ફરમાવ્યા પ્રમાણે અમે અમારી દરેક બેઠક ખાનગી જ રાખી છે.

આજ દિન સુધી લોકોને કમિટી આગળ અપાયેલા પુરાવાની અથવા તે પુરાવા આપનાર લોકોની કશી ખબર પડી નથી. સ્વાભાવિક રીતે આ સાક્ષીઓની લોકપક્ષ તરફથી ઊલટતપાસ થઈ ન હતી. કારણ કમિટીની આગળ લોકપક્ષ રજૂ કરવાને કોઈ પ્રતિનિધિ નીમવામાં આવ્યો જ ન હતો.

આ કમિટીની ભલામણના પરિણામે આ બિલો થયાં. અમે સિડિશન કમિટીનો રિપોર્ટ અને ભલામણો વાંચી ગયા છીએ. આ ભલામણો જે સ્થિતિને ઉદ્દેશીને કરવામાં આવી છે તે સ્થિતિ તે વખતે વર્તમાન ન હતી, એટલે એ ભલામણો સમજવી મુશ્કેલ છે. ડિફેન્સ ઑફ ઇન્ડિયા ઍક્ટ અથવા તેના જેવા બીજા કોઈ કાયદા વિના અત્યાચાર કદી પાછો ન ફાટી નીકળવાની બાંયધરી ન આપી શકાય એવી દલીલ કરવામાં આવે છે ખરી. આ દલીલમાં બે પ્રતિજ્ઞાઓ સ્વીકારી લેવામાં આવે છે. એક તો એ કે રાજ્યો ઊંધું વાળનારા ગુના દાબી દેવાને માટે જ માત્ર દબાણકારક કાયદાની જરૂર છે એમ નથી, એવા ગુના આવા કાયદા ચાલુ રહે તો જ દાબી રાખી શકાય; બીજી એ કે રાજ્ય ઊંધું વાળનારા હોવાનો જેઓને વિષે શક જતો હોય તેવા માણસો હજી છડેચોક ફરે છે.

હવે આમાંની પહેલી પ્રતિજ્ઞામાં રાજકુશળતાનું દેવાળું, અને લેવા ધારેલા ઉપાયની નિષ્ફળતાનો સ્વીકાર પ્રગટ થાય છે; બીજી પ્રતિજ્ઞામાં કાર્યદક્ષતાનો પારાવાર અભાવ પ્રગટ થાય છે. ખરી વાત તો એ છે કે દબાણકારક કાયદાને માટેની માગણી થઈ તેનો અર્થ એટલો જ કે સરકારની લોકમતને નમવાની મરજી નથી અથવા લોકમત વિરુદ્ધ રાજ્ય ચલાવવું છે. આ મુદ્દો માનનીય શ્રીયુત શાસ્ત્રીએ, રૉલેટ બિલ દાખલ કરવામાં આવ્યું તે વેળા કરેલા પોતાના ભાષણમાં,[૧] ઉત્તમ રીતે સ્ફુટ કર્યો હતો. આ રાજકર્તાના સિદ્ધાંતમાં રીઢા થઈ ગયેલાને રાજકીય સુધારા સંતોષ ન આપે, તોપણ શાંતિ જાળવવાનો ખરેખરો માર્ગ રાજકીય સુધારા છે, દબાણની નીતિ નથી. એમ કહીને પછી તેઓ નીચે પ્રમાણે બોલ્યા:

૧. આ ભાષણ ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલમાં ૭મી ફેબ્રુઆરી, ૧૯૧૯ને રોજ અપાયું હતું.

Gandhi Heritage Portal

અરાજકતાવાદીનું મન દુર્ભાગ્યે આવી રીતે બગડેલું છે તે કારણથી શું આપણે એમ કહીશું કે આ લોકોને રાજકીય સુધારાથી સંતોષ થવાનો નથી, એટલે આપણે તેમનો કોઈ પણ વિચાર કર્યા વિના તેમને કાયદો જ લાગુ પાડવો. પાકી રાજકુશળતાનાં એ લક્ષણ ન કહેવાય. આપણે તેમને રાજકીય સુધારાનાં સંતોષપ્રદ પગલાંઓ લઈને સંતોષવા જોઈએ. પણ છેવટે આ અરાજકતાવાદીને સંતોષવાનું આપણું કાર્ય નથી. આપણું કાર્ય તો જે સામાન્ય વાતાવરણમાં અરાજકતા પોષાય છે તે વાતાવરણને સુધારવાનું છે; અને જ્યારે અરાજકતાવાદીને ખાતરી થશે કે તેને દિલસોજી આપનાર ક્યાંયે મળે એમ નથી, તથા સંતોષ અને રાજકીય આબાદી જ્યાં વિસ્તરી રહ્યાં છે તેવી ભૂમિમાં તેના દુષ્ટ સિદ્ધાંતને કોઈ દાદ દે એમ નથી ત્યારે, કાયદાના લાંબા ચીપિયામાં તે ભલે ન આવી શકતો હોય, તોપણ તે આપોઆપ જ અલોપ થઈ જશે.

બિલના બચાવમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે નિર્દોષ લોકોને તો આ કાયદાની જબરજસ્તીથી બીવાનું કારણ નથી. આ કથનની ઉપર કરેલી માનનીય શ્રીયુત શાસ્ત્રીની ટીકા બહુ જાણવા જેવી છે. તેઓએ કહ્યું હતું:

એક વાર ખરાબ કાયદો પસાર થયો તે હમેશાં માત્ર ખરાબ માણસોની જ સામે નથી વાપરવામાં આવતો . . . નજીવા બનાવોથી ઊપજેલી ગભરામણને અવસરે સરકારને પોતાનો મિજાજ ખોઈ બેસતી મેં જોઈ છે. ત્રાસકાંડ ચાલી રહેલો મેં જોયો છે. ઉત્તમોત્તમ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હિંદીઓને, આપણામાંના ઉત્તમોત્તમ ચારિત્રવાળાઓને ઘડી ઘડીએ ગુપ્તચર ખાતાની મુલાકાતથી ડરના માર્યા રહેતા મેં જોયા છે . . . દબાણની નીતિ સરકાર ગ્રહણ કરે છે, ત્યારે નિર્દોષ માણસો સલામત નથી રહેતા. મારા જેવા માણસો તે વેળા નિર્દોષ નહીં ગણાય. નિર્દોષ તો તે જ ગણાય કે જે રાજકાજ તજીને ચાલુ જાહેર હિલચાલોમાં ભાગ લેતો બંધ પડે, જે ઘરના ખૂણામાં જ બેસી માળા ફેરવે, સરકારી વેરા ભર્યા કરે અને જે સરકારી નોકર સામે મળે તેને સલામ કર્યા કરે. રાજકાજમાં માથું મારનાર માણસ, કોઈ પણ સાર્વજનિક કાર્ય માટે નાણાં ઉઘરાવનાર માણસ, અથવા જાહેર સભામાં ભાષણ આપનાર માણસ તો ત્યારે વહેમપાત્ર બનશે. કોઈ પણ ઘડીએ મારા ઉપર વાદળી આવી પડે; એટલે હું તો કાંઈ નહીં તો મારી પોતાની સલામતીને ખાતર, કહી દેવાનો કે આના જેવી આકરી સત્તા જો અમલદારોના હાથમાં આવી તો કેવળ દુષ્ટો નહીં, પણ બીજાઓ પણ તેના સપાટામાં આવવાના. સારાનરસા બંનેને એનો સપાટો લાગશે, અને પરિણામે લોકસેવાવૃત્તિ એવી તો ક્ષીણ થઈ જશે, દેશમાં રાજકાજનું સ્વરૂપ એટલું તો નિકૃષ્ટ થઈ જશે, કે જવાબદાર રાજ્યપ્રથા આપવાની તમારી બધી વાતો કેવળ મશ્કરી કહેવાશે. તમે ભલે તમારી કાઉન્સિલો મોટી કરો, મત આપનારાઓ ભલેને ગમે તેટલા વધારો, પણ તમારી કાઉન્સિલમાં પછી જે માણસો ભરાશે તેઓ ખુશામતિયા હશે, ડરપોક હશે, અને બહારની દેખીતી લોકશાહીના રૂપમાં આ દાબી દેવાની સત્તાથી સજ્જ થયેલી નોકરશાહીનું અપ્રતિહત રાજ્ય ચાલશે. દુષ્ટોને શિક્ષા કરવાની તો આપણી સૌની ઇચ્છા છે. દુષ્ટતા સજા વિના છૂટી જાય એમ આપણામાંથી કોઈ ઇચ્છતો ન હશે, પણ દુષ્ટોને પણ અમુક પ્રકારે જ સજા થવી જોઈએ. સ્કેફિંગ્ટન પર ગોળીબાર કરવામાં આવ્યો[1] ત્યારે આખું જગત ધબકી ગયું હતું. લડાઈના વખતમાં

૧. ડબ્લિનમાં ઈસ્ટરના તહેવારો દરમ્યાન થયેલા બળવામાં બ્રિટિશ અમલદારોએ ૧૯૧૬માં આ માણસને ઠાર કર્યો હતો.

Gandhi Heritage Portal

જ્યારે માણસમાત્ર ખળભળાટ અને ભયથી ધ્રૂજી રહેલ હોય છે, અને જ્યારે શત્રુને જીતવા સિવાય બીજી વસ્તુનો કોઈ વિચાર કરતું નથી, ત્યારે પણ લડાઈના અમુક નિયમો પાળવામાં આવે છે. નિયમમાં રહીને લડવું પડે છે. . . . જ્યારે કોઈ દેશમાં ગુનેગારો ભટકતા ફરતા હોય ત્યારે તેઓની પણ ખબર લેવાની અમુક રીતો હોય છે. તમે કાંઈ તેઓને લાગલા જ કેદમાં પૂરી દઈ, માણસની ન્યાયવૃત્તિને આઘાત પહોંચાડે તેવી રીતે, જેથી નિર્દોષ માણસને પણ એમ લાગે કે દેશમાં તો કાયદા જેવી કાંઈ વસ્તુ જ નથી તેવી રીતે, જેથી પ્રામાણિક, શુદ્ધ અને જનહિતકારી કાર્ય અશકય થઈ પડે તેવી રીતે તમે તેઓને સજા નથી કરી શકતા. દુષ્ટતાનો નાશ કરવાની પણ કિંમત કાંઈ નાનીસૂની નથી પડતી, બહુ ભારે પડે છે. . . . પ્રામાણિક માણસને કાયદાના ડરના માર્યા પોતાના ઘરમાં ભરાઈ રહેવાની, પોતાનાથી જે વિના ઘડીભર ન ચલાવી શકાય તેવી સાર્વજનિક પ્રવૃત્તિ છોડી દેવાની, અને દેશમાં એક ભયંકર કાયદો છે એ જાણીને જ રાજકીય અને સાર્વજનિક કાર્ય તજવાની ફરજ પડે, તેના કરતાં બહેતર છે કે થોડા બદમાશો છૂટે દોરે ફરે.

સર વિલિયમ વિન્સન્ટે[1] એવો અભિપ્રાય પ્રગટ કર્યો હતો કે પોતાને સોંપાયલા રૉલેટ બિલનો હેતુ “રાજકાજને દાબી દેવાનો નહીં, પણ વિશુદ્ધ કરવાનો છે.” શ્રીયુત શાસ્ત્રીએ સરકારને તેમના સારા હેતુ માટે ધન્યવાદ આપ્યો પણ સાથે સાથે કહી દીધું કે :

આ જગતમાં સારા હેતુઓથી જ કામ સરતું હોય તો તો બધી ભાંજગડ મટી જાય. . . . સામાજિક અને રાજકીય ધારાઓનો ઇતિહાસ ઉત્તમોત્તમ હેતુ ઊંધા વાળ્યાના દાખલાથી ભરપૂર છે. દારિદ્ર્ય નાશ કરવાના હેતુથી ઘડાયેલા કાયદાઓથી દારિદ્ર્ય વધ્યું છે, અને માન. સર વિલિયમ વિન્સન્ટને હું કહેવાની રજા લઉં છું કે આ કાયદાઓ પણ, રાજકાજ વિશુદ્ધ કરવાના હેતુથી પ્રયોજાયેલા હોવા છતાં ભયભરી રીતે રાજકાજ દાબી દેવાની હદ સુધી પહોંચશે. ધારાપોથી ઉપર આવો આકરો કાયદો મૂકીને, તે કાયદાને અમલમાં લાવનારા અતિ ઉત્સાહી અમલદારોને તમે શાંત વહીવટે પહોંચાડવાના ટૂંકાટચ રસ્તા બતાવી આપશો.

આ દબાણના કાયદાને લોકો તરફથી તો બિલકુલ ટેકો જ ન હતો, એટલે શ્રીયુત શાસ્ત્રીએ ધારાસભાના દરેક હિંદુ સભ્યના અનહદ વિરોધની સામે આવો કાયદો પસાર કરવા વિરુદ્ધ સરકારને ચેતવણી આપતાં ધારાસભાને સવાલ કર્યો :

હિંદીઓમાંથી હવે તમોને ટેકો આપનાર કોણ છે? હિંદુસ્તાનની કરુણ કથા ટૂંકામાં કહું તો તમે હિંદુસ્તાનમાં આટલા સૈકાઓ સુધી રાજ્ય કર્યું છે તે લોકોથી અળગા રહીને જ. લોકોમાંના કોઈ પણ વજનદાર માણસના ટેકા વિના એકાકી રાજ્ય ચલાવ્યું છે. . . . તમને લોકોના કોઈ પણ વર્ગ તરફથી ટેકો મળતો નથી; ખુદ સરકારે નીમેલા સભ્યોએ આ બિલને આશીર્વાદ નથી આપ્યો, કે નથી આપ્યો જમીનદાર સભ્યોએ. કાયદાશાસ્ત્રી સભ્યોએ નથી આપ્યો, કે નથી આપ્યો વ્યાપારી સભ્યોએ. છતાં માન. સર જૉર્જ લાઉન્ડ્ઝ[2] આપણને કહે છે કે: “અમારે તો આ કાયદો પસાર કરવો જ છે. કારણ અમને ખાતરી છે કે એ બરાબર છે; તમારી મદદ અમને મળત તો અમે રાજી થાત, પણ અમને અમારી જવાબદારી એટલી

૧. વાઇસરૉયની ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય, ૧૯૧૭–૨૨.

૨. વાઇસરૉયની ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલના કાયદા-સભ્ય (લૉ-મેમ્બર), ૧૯૧૫–૨૦.

Gandhi Heritage Portal

બધી લાગે છે કે તમારી મદદ વિના પણ અમારે ચલાવી લેવું પડશે." આ માનનીય કાયદાશાસ્ત્રીની હિંમતને ધન્ય છે, તેમ જ એમની નિખાલસતાને પણ ધન્ય છે, કે એમને બોલતાં સંકોચ ન થયો કે: "આજે જવાબદારી અમારી છે: તમારી જવાબદારી બિલકુલ નથી." અમને પણ એ અમારી સ્થિતિનું ભાન છે. નામદાર સાહેબ, આ કાયદાને માટે અમે બિલકુલ જવાબદાર નથી અને સર વિલિયમ ભલેને માનતા હોય કે લોકો પાસે આ બિલો વિષે બરોબર ઊહાપોહ કરવામાં આવશે ત્યારે તેઓ — ખાસ કરીને અંગ્રેજ લોકો — એમ માનશે કે અમને જવાબદારી હતી પણ તે જવાબદારીમાંથી અમે ખસી ગયા, પણ હું તો તેમ માનતો નથી. અમને જવાબદારી છે જ નહીં.

આ પછી શ્રીયુત શાસ્ત્રીએ પોતાનું ભાષણ નીચેની ગંભીર ચેતવણી આપીને પૂરું કર્યું હતું:

મારે હવે એક જ વાત કહેવાની રહે છે અને હું ઘડીક માટે જે દેશના પ્રતિનિધિ તરીકે બોલું છું તે દેશના લોકોની લાગણીનો બરોબર ખ્યાલ આપવા ખાતર જ તે વાત કરું છું. માનનીય કાયદાશાસ્ત્રીએ કહ્યું છે કે અમારામાંના કેટલાક ભારે ચળવળ ચલાવવાની ધમકીઓ આપી રહ્યા છે. હું નથી માનતો કે તેઓનું આ વચન તેમની ખરેખરી માન્યતા પ્રગટ કરતું હોય. હું ધારું છું કે બિલની સામે બોલનાર એક પણ સભ્ય એવો નહીં હશે કે જેણે ચળવળની, જેને ખરી રીતે માત્ર ધમકી જ કહેવાય તેવી ધમકી આપી હશે. હું કહેવાને રજા લઈશ કે કોઈની, ખાસ કરીને વિનીત પક્ષમાંના કોઈની, મગદૂર નથી કે દેશમાં જઈને તે કોઈ તોફાની ચળવળ જગાવી શકે. એ અશક્ય વાત છે. ચળવળ તો અગાઉથી ત્યાં હશે જ. જો અમે જે શબ્દો બોલી રહ્યા છીએ તેની સામાન્ય રાજકીય વાતાવરણ ઉપર કાંઈ અસર થતી હોય તો પ્રજાનું હૃદય તો ધબકી જ રહ્યું હશે. ચળવળ તો આજે જીવતી અને જાગતી મોજૂદ છે. અહીંના મારા સરકારી સહૃદયીઓને હું ખાતરી આપું છું કે અમારામાંના કોઈ પણ જણનો આમાં કશો ભાગ નથી, પણ અમારી અહીં કરેલી આજીજીઓ નિષ્ફળ જાય, અને બિલ પસાર થાય, તો હું નથી માનતો કે અહીં એવો કોઈ પણ હશે કે જે એ ચળવળમાં જોડાયા વિના પોતાની ફરજ બજાવાઈ છે એમ માનશે.

પણ આ ઉગ્ર વિરોધ છતાં બિલ સિલેક્ટ કમિટીને સોંપવાનો ઠરાવ પસાર થયો, અને નવી ધારાસભા સ્થપાય ત્યાર પછી છ મહિના સુધી તેને મોકૂફ રાખવા બદલ કરવામાં આવેલા સુધારાનો[1] ઠરાવ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી સને ૧૯૧૯ને દિને રદ ગયો. ૨૨ સભ્યોએ સુધારાના ઠરાવની તરફેણમાં મત આપ્યા, ૩૫ સભ્યોએ વિરુદ્ધમાં આપ્યા. સુધારાના ઠરાવની વિરુદ્ધ એટલે બિલની તરફેણમાં મત આપનારા ૩૫ ગૃહસ્થોનાં, અને સુધારાના ઠરાવની તરફેણમાં એટલે બિલની વિરુદ્ધમાં મત આપનારા ૨૨ ગૃહસ્થોનાં નામ અમે નીચે આપીએ છીએ. એ ઉપરથી જોઈ શકાશે, કે ૩૪ ગૃહસ્થની ટોળીમાં હિંદી નામ માત્ર એક જ છે, અને તે વાઈસરૉયની ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલના હિંદી સભ્યનું[2] છે. તેઓને તો વિરુદ્ધ મત આપવો હોય તો રાજીનામું આપ્યે જ છૂટકો હતો.

૧. આ સુધારો વિઠ્ઠલભાઈ પટેલે રજૂ કર્યો હતો. એને ટેકો આપતી વખતે ઝીણાએ આ બિલની અનિષ્ટ જોગવાઈઓને કડક શબ્દોમાં વખોડી કાઢી હતી.

૨. સર શંકરન્ નાયર, જેમણે આખરે ૧૯૧૯ના જુલાઈમાં રાજીનામું આપ્યું હતું.

Gandhi Heritage Portal

### તરફેણમાં – ૨૨

માનનીય સર ગંગાધરરાવ ચિટનવીસ
,, બાબુ સુરેન્દ્રનાથ બેનરજી
,, મહમૂદાબાદના રાજા
,, ડૉ. તેજબહાદુર સપ્રુ
,, પંડિત મદનમોહન માલવિયા
,, શ્રીયુત શ્રીનિવાસ શાસ્ત્રી
,, ,, બી. એન. શર્મા
,, ખાન બહાદુર મીર અસદઅલી
,, શ્રીયુત વિઠ્ઠલભાઈ પટેલ
,, શ્રીયુત મહમદઅલી ઝીણા
,, સર ફાઝલભાઈ કરીમભાઈ
,, રાય સીતાનાથ રાયબહાદુર
,, રાજા સર રામપાલસિંહ
,, રાજા કૃષ્ણસહાય બહાદુર
,, કનિકાના રાજા
,, શ્રીયુત મઝહરુલ હક
,, ખાન બહાદુર મિયાં મહમદ શફી
,, ખાન ઝુલફિકાર અલીખાન
,, શ્રીયુત ગણેશ સદાશિવ ખાપર્ડે
,, રાયબહાદુર બિશનદત્ત શુક્લ
,, શ્રીયુત કે. કે. ચંદા
,, મૉંગ બાહ ટૂ

### વિરુદ્ધમાં – ૩૫

નામદાર કમાન્ડર ઈન ચીફ
માનનીય સર ક્લૉડ હિલ
,, ,, શંકરન્ નાયર
,, ,, જૉર્જ લાઉન્ડ્ઝ
,, ,, વિલિયમ વિન્સન્ટ
,, ,, જેમ્સ મેસ્ટન
,, ,, આર્થર ઍન્ડર્સન
,, મિ. ડબ્લ્યુ એ. આયર્નસાઈડ
,, સર વર્ની લૉવેટ
,, મિ. એચ. એફ. હૉવર્ડ
,, સર જેમ્સ ડુબોલે
,, મિ. એ. એચ. લી
,, ,, એચ. શાર્પ
,, ,, આર. એ. મૅન્ટ
,, મેજર જનરલ ઍલફ્રેડ બિંગલી
,, સર ગૉડફ્રે ફેલ
,, મિ. એફ. સી. રોઝ
,, મિ. સી. એચ. કેસ્ટીવન
,, મિ. ડી. દ એસ. બ્રે
,, લેફ્ટનન્ટ કર્નલ આર. ઈ. હૉલૅન્ડ
,, સર્જન જનરલ ડબ્લ્યુ. આર. ઍડવર્ડ્સ
,, મિ. જી. આર. ક્લાર્ક
,, ,, એ. પી. મુડિમૅન
,, ,, સી. એ. બૅરન
,, ,, પી. એલ. મૂર
,, ,, એમ. એન. હૉગ
,, ,, ટી. ઈમર્સન
,, ,, ઈ. એચ. સી. વૉલ્શ
,, ,, સિ. એ. કિન્કેડ
,, સર જૉન ડોનાલ્ડ
,, મિ. પી. જે. ફેગન
,, ,, જે. ટી. માર્ટન
,, ,, ડબ્લ્યુ. જે. રીડ
,, ,, ડબ્લ્યુ. એફ. પાઈસ
,, ,, એચ. મૉંક્રીફ સ્મિથ

Gandhi Heritage Portal

તા. ૧૮મી માર્ચને[1] દિવસે આ બિલ આખરે પસાર થયું. તેમાં કેટલાક ફેરફારો થયા ખરા, પણ તે નજીવા હતા. તે બિલની યોજના અને વ્યાપ્તિને અડે એવા ન હતા. એટલે જે સભ્યના હાથમાં એ બિલ હતું તેમણે સ્વીકાર્યા હતા — અને તેને પરિણામે ત્રણ પ્રસિદ્ધ સભ્યોએ ધારાસભામાંથી રાજીનામાં આપ્યાં : પંડિત મદનમોહન માલવિયા, મિ. મઝહરુલ હક, અને મિ. મહમદઅલી ઝીણા.

હવે આપણે રૉલેટ ઍક્ટના ઠરાવો ઉપર નજર નાખીને જોઈએ કે તેની વિરુદ્ધ જે સુવિસ્તૃત અને અપ્રતિમ ચળવળ થઈ તેને પાત્ર તે ઠરાવો છે કે નહીં.

મૂળ તો એ કાયદો કાયમને માટે યોજવામાં આવ્યો હતો, પણ સિલેક્ટ કમિટીએ તેની મુદત લડાઈ પૂરી થયા પછી ત્રણ વર્ષની રાખવા બાબતના સુધારાનો એક ઠરાવ મંજૂર રાખ્યો હતો. અમને લાગે છે કે આ મુદત ઓછી થવાથી તત્ત્વની દૃષ્ટિએ કરેલો કાયદાનો વિરોધ ઓછો ન જ થઈ શકે.

[2]એમાં ૪૩ કલમો છે, અને તેના પાંચ ભાગ પાડ્યા છે. એનો આરંભ રમૂજી છે:

> સામાન્ય ફોજદારી કાયદામાં વધારો કરવાનો તથા અરાજકતા અને રાજક્રાંતિની ચળવળોને પહોંચી વળવા સારુ કટોકટીના પ્રસંગના અધિકારો સરકાર ચલાવી શકે તેમ કરવાનો ઠરાવ કરવો ઈષ્ટ છે.

એ આખા હિંદુસ્તાનને લાગુ પડે છે. પહેલા ભાગમાં "જો ગવર્નર જનરલ ઈન કાઉન્સિલની ખાતરી થાય કે હિંદુસ્તાનના કોઈ પણ ભાગમાં અરાજકતા અથવા રાજક્રાંતિની ચળવળો ચલાવવામાં આવતી જાય છે, અને એવી ચળવળોના સંબંધમાં પરિશિષ્ટમાંના ગુનાઓ એટલે દરજ્જે ચાલુ છે કે જાહેર સલામતીના હિત ખાતર એવા ગુનાઓનો ઝડપથી ઈન્સાફ કરવો ઈષ્ટ છે તો" તે પ્રમાણે જાહેર કરવાનો ગવર્નર જનરલ ઈન કાઉન્સિલને અધિકાર આપવામાં આવ્યો છે, અને તેમ થાય એટલે પહેલા ભાગના ઠરાવો "જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા પ્રદેશમાં અમલમાં આવશે." રૉલેટ ઍક્ટનો બચાવ કરનારાઓ એમ કબૂલ તો કરે છે કે અમલ બજાવણી કરનારા અધિકારીઓને એ કાયદાની રૂએ આપવામાં આવેલા અધિકારો બહુ ભારે છે, પણ સાથે સાથે તેઓ એમ પણ કહે છે કે તે વાતની કાંઈ હરકત નથી, કારણ કોઈ જે તે અધિકારીની નહીં પણ ગવર્નર જનરલ ઈન કાઉન્સિલ જેવા ઊંચા અધિકારીની ખાતરી થવાની જરૂર છે કે અરાજકતા અથવા રાજક્રાન્તિની ચળવળો પ્રવર્તતી રહી છે, અને તેવી ચળવળના સંબંધમાં પરિશિષ્ટમાં જણાવેલા ગુનાઓ એટલે દરજ્જે થઈ રહ્યા છે કે ન્યાય ઊંધો વળે તેટલા માટે કાયદામાં રાખેલા સામાન્ય સાવચેતીના ઠરાવો કોરે મૂકવા વાજબી ગણાય. ત્યારે આ ઊંચા અધિકારીની સામાન્ય રીતે ખાતરી કેવી રીતે થાય છે તે આપણે જોઈએ. શરૂઆત થાય છે નીચેમાં નીચેના દરજ્જાના પોલીસના તરફથી. આ માણસનો ઘણી વાર અપરાધી ચળવળોને મોટી કરી બતાવવામાં સ્વાર્થ રહેલો હોય છે, વળી ઘણી વાર તેના પાર વિનાના અજ્ઞાનને લીધે પોતાની આગળ રજૂ થયેલી હકીકતને તે સમજી શકતો હોતો નથી, ઘણીક વાર લાંચરુશવત પણ લઈ લે એવો હોય છે. આવો માણસ પોતાના ઉપરીને રિપોર્ટ કરે છે કે અમુક રાજ્યમાં

૧. ૧૯૧૯ના માર્ચ માસમાં જ્યારે આ બિલ ઉપર ચર્ચા થઈ ત્યારે તે સાંભળવા ગાંધીજી દિલ્હીની વડી ધારાસભામાં પહેલી જ વાર હાજર રહ્યા હતા. તે પછી તેઓ ત્યાં કદી ગયા નથી.

૨. રૉલેટ ઍક્ટમાંના જેટલા ઉતારા હવે પછી આવે છે તે સરકારે કરાવેલા ગુજરાતી ભાષાંતરમાંથી લેવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

ક્રાન્તિકારક ચળવળ ચાલી રહેલી છે, અને તેના સંબંધમાં ગુનાઓ થઈ રહેલા છે. ઉપરી અમલદાર તપાસ ચલાવે છે. તેની ખાતરી થાય છે, અને ન ખાતરી થાય તો રિપોર્ટ કરનાર માણસ વધારે—ભલેને બનાવટી હોય તેવો—પુરાવો રજૂ કરે છે, અને આમ રિપોર્ટ મૂળમાંથી જ અશુદ્ધ હોય, અથવા તેમાંથી અમુક ટકા બાદ કરવાના હોય તોપણ તે આગળ વધતો જાય છે. આગળ વધતાં તે ફૂલતોફાલતો જાય છે. તે એટલે સુધી કે આખરે તે ગવર્નર જનરલ ઈન કાઉન્સિલના જાહેરનામામાં ફળે છે. આમ બિલકુલ અઘટતું એવું વજન તેને મળે છે. પંજાબના બનાવોનું નિરીક્ષણ કરવાથી અમારા કહેવાનું તાત્પર્ય બરાબર સ્ફુટ થશે—ઊડતી અફવાઓ અને વહેમોને વધારી રાજ્યક્રાન્તિકારક ચળવળોને આકાર કેવી રીતે આપવામાં આવે છે, કેવળ નિર્દોષ માણસોને દ્રૂપયુક્ત, અને ઘણીખરી વાર મનસ્વી રીતે કેવી રીતે ફોજદારીમાં ઘસડવામાં આવે છે, અને તેમની ચાલુ હેરાનગતિ કેવી રીતે થાય છે તે બધું જણાઈ આવશે.

હવે આપણે ઉપર કહેલા "પરિશિષ્ટમાંના ગુનાઓ" કેવા કેવા છે તે તપાસીએ. તે ગુનાઓમાં રાજદ્રોહના નામે ઓળખાતો અતિશય કૃત્રિમ ગુનો આવી જાય છે. તેમાં ઘાતકી હથિયારોથી દંગો કરવાના ગુનાનો સમાવેશ થાય છે; જોખમભરેલાં હથિયારોથી ગંભીર ઈજા કરવાનો ગુનો, માલમિલકત પડાવી લેવા માટે અથવા કાંઈ ગેરકાયદેસર કામ કરાવી લેવા માટે ઈજા કરવાનો ગુનો, તેમ જ જોરજુલમથી કાંઈ કઢાવી લેવું હોય તે માટે, અથવા ધાડ પાડવા માટે કોઈ પણ શખસને ઈજા કરવાની ધમકી આપવાનો ગુનો પણ આવી જાય છે. આ પ્રમાણે એક રાજ્યક્રાન્તિકારક ચળવળ ચાલુ છે એવા વહેમનાં એક વાર મૂળ નંખાયાં કે પછી કોઈ સરકારી પગલાંની ઉપર જોરદાર ટીકા, કોઈ ધાર્મિક તકરારમાંથી ઉત્પન્ન થયેલો દંગો, કે કોઈ હિંદુમુસલમાન બખેડો અથવા તો ખાનગી ઉપયોગોને માટે નાણાં કઢાવી લેવાનો ગુનો અથવા તો ધાડપાડુઓની ધાડ એ બધીયે વસ્તુ પેલી ચળવળની સાથે સંબંધ ધરાવે છે એમ મનાવાનો સંભવ છે.

આ "ઝડપથી ઈન્સાફ" આપવાનું સ્વરૂપ તો જોઈએ. એ કાયદો ધારાસભામાં રજૂ કરનારના શબ્દોમાં જ એ વર્ણવીશું. તેણે કહ્યું હતું કે આ મુકદ્દમાની સુનાવણી "કમિટ કર્યા વિના, તેમ જ અપીલ કરવાનો હક રાખ્યા વિના ઝડપથી ચલાવવાની છે, અને તે ખાનગી રીતે ચલાવવાને હરકત નથી." સુનાવણીનું કામ બધું અથવા કેટલુંક કોર્ટને ઇષ્ટ લાગે તે પ્રમાણે પ્રાંતની કોઈ પણ જગ્યાએ ચલાવવાનો કોર્ટને અધિકાર છે, અને ઍડ્વોકેટ જનરલ જો એવી માગણી કરે કે હાઈકોર્ટ ભરવાની સામાન્ય જગ્યાને બદલે કોઈ બીજી જગ્યાએ તે ભરવી જોઈએ તો ત્યાં ભરવાને પણ અધિકાર છે.

સાતમી કલમમાં ઠરાવ્યું છે કે ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ઠરાવો, આ પહેલા ભાગના ઠરાવો સાથે અસંગત હોય તેટલે અંશે આ ભાગ મુજબ ચલાવવામાં આવનારી સુનાવણીઓને લાગુ પાડવા નહીં. ૮મી કલમ મુજબ દેહાંતદંડની શિક્ષાને પાત્ર હોય તેવા ગુનાઓની સુનાવણી વખતે પણ કામ ચલાવવાની રીત "મૅજિસ્ટ્રેટોએ વૉરન્ટના મુકદ્દમાનો ઈન્સાફ કરવા માટે જે રીત ઠરાવેલી છે" તે રીત જેટલી ટૂંકી કરી નાખવામાં આવી છે, આરોપી વધારેમાં વધારે એક, અને તે પણ વધારેમાં વધારે ૧૪ દિવસની, મુલતવીની મુદત માગી શકે છે. ૧૮મી કલમ પુરાવાના કાયદાની બે અતિશય મહત્ત્વની કલમોને રુખસદ આપે છે. હિંદુસ્તાનના પુરાવાના કાયદાની ૩૨મી અને ૩૩મી કલમોમાં ઠરાવ્યું છે કે કોઈ પણ મરણ પામેલા સાક્ષીની

Gandhi Heritage Portal

કેફિયત ત્યારે જ પુરાવા તરીકે દાખલ કરી શકાય કે જ્યારે તે, અમુક સંજોગો ઉપરાંત, તે સાક્ષીના આર્થિક સ્વાર્થની વિરુદ્ધ હોય અને તેની અગાઉ ઊલટતપાસ થઈ ચૂકેલી હોય. હવે મૅજિસ્ટ્રેટની આગળ "કેફિયત કરનાર શખસ જો મરી ગયો હોય, અથવા મળી શકતો ન હોય અથવા જુબાની આપવાને અશક્ત હોય, અને કોર્ટની ખાતરી થાય એવી રીતે સાબિત કરવામાં આવે કે એવું મોત, ગુમ થઈ જવું, અથવા અશક્તપણું તહોમતદારના હિતમાં થયું છે" તો ૧૮મી કલમ મુજબ ઉપરની બે સાવચેતીની શરતો રદ કરીને તે કેફિયત પુરાવામાં દાખલ કરવાનો કોર્ટને અધિકાર આપવામાં આવ્યો છે, આ કલમમાં ન્યાય સંપૂર્ણ રીતે ઊંધો વાળવાની શક્તિ રહેલી છે. "ગુમ થઈ જવું અથવા અશક્તપણું" અથવા મોત પણ "તહોમતદારના હિતમાં થયું છે" એવી ખાતરી કરવી કોર્ટને માટે અતિશય મુશ્કેલ વાત છે, એટલે જેની કદી ઊલટતપાસ ન થઈ હોય તેવા કોઈ પણ હિત ધરાવતા શખસની કેફિયતથી કોઈ પણ નિર્દોષ માણસની જિંદગી સહેલાઈથી જોખમમાં નાખી શકાય.

૧૭મી કલમ મુજબ એવું ઠરાવ્યું છે કે આવી સુનાવણી પછી કરવામાં આવેલા ફેંસલા છેવટના છે, અને તેની ઉપર અપીલ અથવા ફરી તપાસણી થઈ શકશે નહીં. એવી દલીલ કરવામાં આવી છે કે ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં અથવા પુરાવાના કાયદામાં ઠરાવેલી સાવચેતીની શરતો કાંઈક અંશે રદ થવાથી, અથવા અપીલ અથવા ફરી તપાસણીનો હક લઈ લેવાથી જ કાંઈ ચિંતા કરવાનું કારણ નથી, કારણ કોર્ટમાં ત્રણ સભ્યો હશે, અને ત્રણેએ હાઈકોર્ટના કાયમના ન્યાયાધીશો તરીકે કામ કરેલું હશે. ગયા એપ્રિલના બનાવોનું અવલોકન કરતાં અમે બતાવવાની ઉમેદ રાખીએ છીએ કે હાઈકોર્ટનું વાતાવરણ દૂર થયું એટલે હાઈકોર્ટના ન્યાયાધીશોની સ્પેશિયલ બેંચ કરવામાં આવી છે તે વાતમાં કાંઈ લાભ કાઢવાપણું રહેતું નથી. ઊંચામાં ઊંચો ન્યાયાધીશ પણ, પુરાવાને તોળવામાં અથવા તેને કાયદો લાગુ પાડવામાં ભૂલ કરવાને પાત્ર છે, અને જ્યારે ખૂબ વિચારપૂર્વક ઘડાયેલા કામ ચલાવવાની રીતના અથવા પુરાવાના કાયદાના અંકુશની સહાય વિના તેને કામ લેવાનું હોય છે ત્યારે તેમ થવાનો ખસૂસ સંભવ છે.

આટલું રૉલેટ ઍક્ટના પહેલા ભાગ વિષે. એ ભાગના ઠરાવો ગુનાના ઉપાય માટે છે, જ્યારે બીજા ભાગના ઠરાવો ગુનાઓના અટકાવ માટે છે; એટલે કાયદો રજૂ કરનાર[1] સભ્યે લગભગ કબૂલ કર્યું હતું તેમ એ ભાગની સામે વધારે વાંધો લઈ શકાય એમ છે. પહેલા ભાગમાં પરિશિષ્ટમાંના ગુનાઓ થઈ રહ્યા હોય તો શા ઉપાય લેવા તેની વાત છે; ત્યારે બીજા ભાગમાં જેનાથી "પરિશિષ્ટમાંના ગુનાઓ થવા પામે એવી રાજ્યક્રાન્તિની ચળવળો કોઈ પણ ભાગમાં મોટા વિસ્તારમાં ચલાવવામાં આવતી જાય છે" એવી ગવર્નર જનરલ ઇન કાઉન્સિલની ખાતરી થાય તો તે ભાગમાં જાહેરનામું કાઢીને બીજા ભાગના ઠરાવો લાગુ પાડવાનો તેને અધિકાર આપવામાં આવ્યો છે. આથી ૨૨મી કલમમાં ઠરાવવામાં આવ્યું છે કે કોઈ પણ શખસ રાજ્યક્રાન્તિકારક ચળવળમાં ભાગ લે છે, અથવા દેખીતી રીતે ભાગ લેતો આવ્યો છે એમ માનવાને સ્થાનિક સરકારને વાજબી કારણો હોય તો, તે પ્રસંગ સંબંધી સઘળી હકીકતો હાઈકોર્ટમાં નિમાવાની લાયકાત ધરાવનારા કોઈ પણ ન્યાય ખાતાના અમલદાર આગળ રજૂ કરી તેના ઉપર તેનો મત લેવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે. આ પછી જો સ્થાનિક સરકારની ખાતરી થાય કે

૧. સર વિલિયમ વિન્સન્ટ.

Gandhi Heritage Portal

બીજા ભાગ મુજબ પગલાં લેવાની જરૂર છે તો તે તેવા શખસ પાસેથી વધારેમાં વધારે એક વર્ષ સુધીનો મુચરકો લખાવી લેવાને મુખત્યાર છે કે "પરિશિષ્ટમાં જણાવેલા કોઈ પણ ગુનાઓ કરીશ નહીં અથવા કરવાનો પ્રયત્ન કરીશ નહીં, સરકારને ખબર આપ્યા વિના મારું રહેવાનું સ્થાન બદલીશ નહીં, અમુક ભાગની હદ છોડીને હું જઈશ નહીં, જાહેર શાંતિનો ભંગ કરનારું અથવા જાહેર સલામતીને જોખમમાં આણનારું કોઈ પણ કામ હું કરીશ નહીં, અથવા કરવાનો પ્રયત્ન કરીશ નહીં. તથા અમુક વખતે નજીકમાં નજીકના પોલીસથાણામાં હું હાજરી આપીશ."

૨૪મી કલમથી સરકારના હુકમોનો "અમલ બર લાવવા સારુ વાજબી રીતે જરૂરના સઘળા ઈલાજો" લેવાનો સરકારને અધિકાર આપવામાં આવ્યો છે. આમ સહેજ સરખા વહેમ ઉપરથી ભારેમાં ભારે આબરૂદાર માણસને પણ સંપૂર્ણ રીતે પોલીસને આશરે પડવાનો સંભવ રહેલો છે. આને જો રોગનો અટકાવ કહેવાતો હોય તો એ અટકાવ રોગના કરતાં પણ વધારે ખરાબ છે, અને જે રોગના અટકાવ માટે તે યોજવામાં આવ્યો છે તે જ રોગ ઉત્પન્ન કરે એવો અટકાવ છે.

આ બીજા ભાગમાં સ્થાનિક સરકારની ઉપર અંકુશ રાખનારું એક ખાસ તંત્ર યોજવામાં આવ્યું છે. એ તંત્ર તે "તપાસ કરનાર અધિકારી મંડળ". આ અધિકારી મંડળનું ૨૨મી કલમ મુજબ કાઢવામાં આવેલા સ્થાનિક સરકારના હુકમો ફરી તપાસવાનું કામ છે; અને તે માટે, તેની ઈચ્છામાં આવે તો નહીં, પણ ફરજિયાત "ખાનગીમાં ચોકસી કરવાનું કામ છે."

> એવા અધિકારી મંડળે દરેક પ્રસંગે મજકૂર શખસને કામ ચાલતું હોય તે દરમ્યાન કોઈ પણ તબક્કે પોતા આગળ આવવાની યોગ્ય તક આપવી, અને જો તે એવી રીતે આવે તો તેને તેની સામે જે પ્રકારનું તહોમત મૂકવામાં આવ્યું હોય તે સમજાવવું.

ઉપરનું અવતરણ અમે ૨૬મી કલમમાંથી લીધું છે, તે જ કલમમાં એમ પણ ખાસ ઠરાવવામાં આવ્યું છે કે આવી રીતે જેની ઉપર તહોમત મૂકવામાં આવ્યું હોય તે શખસને પોતાના વતી વકીલને હાજર રાખવાનો હક રહેશે નહીં, "તેમ જ સ્થાનિક સરકારને પણ એવી રીતનો હક છે નહીં." વળી આવી કલમમાં એવું પણ ફરમાન છે કે "તપાસ કરનાર અધિકારી મંડળે જે કોઈ પણ હકીકત કહેવાથી જાહેર સલામતી અથવા કોઈ પણ વ્યક્તિની સલામતી જોખમમાં આવે તેમ હોય એવી કોઈ પણ હકીકત મજકૂર શખસ આગળ ખુલ્લી કરવી નહીં." "જો મજકૂર શખસ"—અહીં ધ્યાનમાં રાખવા જેવું છે કે આવા શખસોના વર્ણન માટે સામાન્ય રીતે વપરાતી "તહોમતદાર" સંજ્ઞા આ ભાગમાંથી ઊડી ગઈ છે, અને તેમ છતાં પણ "મજકૂર શખસને" ઈન્સાફની તમામ વિટંબણામાંથી પસાર થવું પડે છે, અને ઈન્સાફની સાચી સાવચેતીમાંની એકેનો લાભ તેને મળતો નથી.

> કોઈ પણ શખસને હાજર કરાવવાની અથવા કોઈ પણ દસ્તાવેજ અથવા વસ્તુ રજૂ કરવાની તપાસ કરનાર અધિકારી મંડળને અરજ કરે તો, એવા અધિકારી મંડળે, જો તે કોઈ કારણોસર (જે તેણે લખી રાખવાં જોઈએ) તેમ કરવું બિનજરૂરનું ન ધારે તો, એવા શખસને હાજર કરાવવો અથવા એવો દસ્તાવેજ અથવા વસ્તુ રજૂ કરાવવી.

જાણે આટલાથી ન્યાયની હાંસી પૂરેપૂરી થઈ રહેતી ન હોય તેમ ૨૬મી કલમમાં વધુ ઠરાવ્યું છે કે "ચોકસી કરવામાં સદરહુ અધિકારી મંડળ પુરાવાના કાયદાના કાનૂનો પ્રમાણે ચાલવાને બંધાયેલું રહેશે નહીં." અમે કહેવાની હિંમત ધરીએ છીએ કે ન્યાયના સંસ્કારોથી ભરેલું મગજ

Gandhi Heritage Portal

પણ ઉપર જણાવેલી કલમમાં આપવામાં આવેલી નિરંકુશ સત્તાથી વીંટળાયેલું હોય તો, નિષ્પક્ષ ન્યાય આપી શકે નહીં.

તપાસ કરનાર અધિકારી મંડળના રિપોર્ટનો કેમ નિકાલ કરવો તે ૨૭મી કલમમાં ઠરાવ્યું છે, અને તે ઉપરથી જણાય છે કે રિપોર્ટ સરકારની ઉપર કોઈ પણ રીતે બંધનકર્તા નથી. એ જ કલમથી મૂળ હુકમની મુદત એક વર્ષ વધારવાની પણ સરકારને સત્તા આપવામાં આવી છે. છેવટે વળી એવો ઠરાવ છે કે તપાસ કરનાર અધિકારી મંડળ "ત્રણ શખસોનું બનેલું હોવું જોઈએ, જેમાંના બે, ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજના દરજ્જા કરતાં ઓછા દરજ્જાનો ન હોય એવો ન્યાય ખાતાનો હોદ્દો ભોગવેલો હોય, એવા શખસો હોવા જોઈએ અને એક હિંદુસ્તાનમાં શહેનશાહની નોકરીમાં ન હોય એવો શખસ હોવો જોઈએ."

પહેલા ભાગ કરતાં બીજો વધારે ખરાબ છે, તો વળી, કાયદો રજૂ કરનારના શબ્દોમાં કહીએ તો, "ત્રીજો ભાગ વધારે આકરો છે." પણ સર વિલિયમ વિન્સન્ટ આશ્વાસન દાખલ આ પ્રમાણે શબ્દો ઉમેરે છે:

> આ ભાગ તો ત્યારે જ અમલમાં આવી શકે કે જ્યારે ગવર્નર જનરલ ઈન કાઉન્સિલની ખાતરી થાય કે જાહેર સલામતીને જોખમ પહોંચે એટલે દરજ્જે પરિશિષ્ટમાં જણાવેલા ગુનાઓ થયા છે અથવા થઈ રહ્યા છે.

પરિશિષ્ટમાંના ગુના એટલે દરજ્જે થઈ રહ્યા હોય કે જાહેર સલામતી જાળવવા માટે તેવા ગુનાઓનો સત્વર ઈન્સાફ કરવાનું જરૂરનું જણાય, ત્યારે પહેલો ભાગ લાગુ પડે છે; ત્રીજો ભાગ ત્યારે લાગુ પડે છે, કે જ્યારે આવા ગુનાઓ જાહેર સલામતીને જોખમમાં નાખે એવી રીતે થઈ રહ્યા હોય. આ બે વચ્ચે ભેદની રેષા બહુ ઓછી છે. છતાં ત્રીજા ભાગમાં ૩૪મી કલમમાં ઠરાવવામાં આવ્યું છે કે સરકારને કોઈ પણ વહેમનું પાત્ર થયેલા શખસ વિષે સઘળી હકીકતો અમુક ન્યાય ખાતાના અમલદાર આગળ રજૂ કરીને તે અમલદારના મત ઉપર વિચાર ચલાવ્યા પછી બીજા ભાગની ૨૨મી કલમમાં સત્તા આપ્યા મુજબનો કોઈ પણ હુકમ કરવાનો અધિકાર છે; તથા તેવા કોઈ પણ શખસને વગર વૉરન્ટે પકડવાનું ફરમાવવાનો તથા પોતાની મરજીમાં આવે તે પ્રમાણેની શરતો અને બંધનો રાખીને તેને કેદમાં રાખવાનું ફરમાવવાનો અધિકાર છે; (માત્ર એટલું જ કે "ગુનેગાર ઠરેલા ફોજદારી કેદીઓને માટે વાપરવામાં આવતો હોય" તેવા ભાગમાં તેને કેદ કરવામાં આવશે નહીં) તેમ જ કોઈ પણ જગ્યાની ઝડતી લેવાનો હુકમ કરવાનો પણ અધિકાર છે. આ પછી હુકમ થઈ ગયા બાદ બધી પ્રણાલી બીજા ભાગમાં જણાવ્યા મુજબની છે. અને આ પ્રમાણે કહેવાતા "તપાસ કરનાર અધિકારીમંડળ"ની તપાસનું પરિણામ કાંઈ જુદું જ ન આવે તો આવી રીતે પકડવામાં આવેલા શખસને યોગ્ય ઈન્સાફ ચાલ્યા વિના બે વર્ષ સુધી કેદમાં રહેવાનો પણ વખત આવે. અને આ હકીકતની સાથે જ્યારે આપણે એ વાત ધ્યાનમાં લઈએ કે આ કાયદો વહેમનું પાત્ર થયેલો એકાદો શખસ કોઈક વાર કેદ પકડવામાં આવે તેવા હેતુથી નહીં, પણ ચિંતા અને અશાંતિના વખતે લોકોના મોટા સમૂહોને લાગુ પાડવા માટે પ્રયોજાયેલો છે; ત્યારે તો કાયદો અને વ્યવસ્થાનું નહીં પણ પાકા ત્રાસ અને અવ્યવસ્થાનું અથવા માર્શલ લૉનું નામ પાડયા વિના માર્શલ લૉના સામ્રાજ્યનું ચિત્ર કલ્પી લેવું મુશ્કેલ નહીં પડે.

ચોથો ભાગ ડિફેન્સ ઑફ ઈન્ડિયા ઍક્ટ મુજબ જેની સામે પગલાં લેવાઈ ચૂકયાં હોય તેને, અને બૅંગાલ સ્ટેટ પ્રિઝનર્સ રેગ્યુલેશનના ઠરાવો મુજબ જેઓ કેદમાં હોય તેવા શખસોને લાગુ

Gandhi Heritage Portal

પડે છે. આમાંના પ્રથમને લાગલા જ બીજા ભાગના ઠરાવો લાગુ પાડી દેવાનું અને બીજાને ત્રીજા ભાગના ઠરાવો લાગુ પાડવાનું ચોથા ભાગમાં ઠરાવવામાં આવ્યું છે. વળી હિંદુસ્તાનમાં દાખલ થવા બાબતનો ઑર્ડિનન્સ[1] જે શખસોને લાગુ પાડવામાં આવ્યો હોય, તેઓને પણ આ ભાગથી બીજા ભાગના ઠરાવો લાગુ પાડવામાં આવ્યા છે.

હવે ધારો કે પહેલા, બીજા અને ત્રીજા ભાગ મુજબ કોઈ પણ પ્રદેશને માટે બહાર પાડવામાં આવેલું જાહેરનામું રદ કરવામાં આવે તો તે આવી રીતે રદ થયા છતાં પણ "આ ઍક્ટ મુજબ શરૂ કરેલા કોઈ પણ ઇન્સાફના કામને અથવા તપાસને અથવા કરેલા હુકમને બાધ આવશે નહીં, અને એવું ઇન્સાફનું કામ, તપાસ અથવા હુકમ ચાલુ રાખવાનો અથવા તેનો અમલ કરવાનો અધિકાર છે, અને એવી તપાસ પૂરી થયેથી, બીજી કોઈ પણ રીતે કરવામાં આવત એવો કોઈ પણ હુકમ, જાણે એવું જાહેરનામું રદ થયું નહીં હોય તેવી રીતે કરવાનો તથા તેનો અમલ કરવાનો અધિકાર છે." વળી, ત્રીજા ભાગ મુજબ જેના સામે પગલાં લઈ શકાય તેવા શખસને "ત્રીજો ભાગ અમલમાં હોય તે પ્રદેશની બહારના બ્રિટિશ હિંદુસ્તાનના કોઈ પણ પ્રદેશમાં" પકડવાનો અધિકાર પણ આ ભાગમાં આપવામાં આવ્યો છે, અને આ પછી આવી રીતે પકડવામાં આવેલા શખસની ઉપર, જાણે ત્રીજો ભાગ તેને માટે તો આખા બ્રિટિશ હિંદુસ્તાનમાં અમલમાં હોય તેવી રીતે, ત્રીજા ભાગમાં ઠરાવેલી રીતે જ કામ ચલાવવામાં આવશે.

૪૨મી કલમમાં ઠરાવ્યું છે કે "આ ઍક્ટ મુજબ કરેલા કોઈ પણ હુકમ પર કોઈ પણ કોર્ટમાં પ્રશ્ન ઉઠાવાશે નહીં; અને આ ઍક્ટ મુજબ જે કાંઈ પણ શુદ્ધ બુદ્ધિથી કર્યું હોય તે માટે કોઈ પણ શખસની વિરુદ્ધ કાંઈ પણ મુકદ્દમો અથવા ફરિયાદ અથવા બીજું કાયદેસર કામ ચાલશે નહીં." છેલ્લી કલમમાં ઠરાવ્યું છે કે આ કાયદાથી આપેલા તમામ અધિકારો, સ્થાનિક સરકારને આપવામાં આવેલા બીજા કોઈ પણ અધિકારો ઉપરાંત આપવામાં આવ્યા છે, અને તેવા બીજા અધિકારોમાં આ કાયદા મુજબના અધિકારોથી કશું કમીપણું આવશે નહીં.

હિંદુસ્તાનમાં કદી નહીં થયેલું એવું સખત વિરુદ્ધતાનું તોફાન આ કાયદા સામે ઊભું થયું છે. સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે આ કાયદાના સંબંધમાં ખોટી અને અતિશયતા ભરેલી હકીકત ફેલાવવામાં આવી છે. અમને લાગે છે કે કાયદામાં એવું કશું નથી કે જે વિષે લોકો તરફથી ખોટી હકીકત બહાર પાડી શકાય. હા, સરકાર તરફથી તો બેશક ખોટી હકીકત બહાર પાડવામાં આવી છે. દાખલા તરીકે માર્શલ લૉના દિવસો દરમ્યાન પંજાબમાં બોલાતા "ન અપીલ, ન દલીલ, ન વકીલ" એ ટુચકા સામે એક અતિશયતાના નમૂના તરીકે સરકારે વાંધો લીધો છે. જો લોકોના તરફથી કાયદાને આટલાથી જ ભૂંડો બતાવવામાં આવતો હોય તો અમારા ધારવા પ્રમાણે તેમાં તો કાયદાની બૂરાઈ વધારે નથી કરી બતાવવામાં આવી, પણ ઓછી બતાવવામાં આવી છે. અમે માનીએ છીએ કે સમાજની ઉપર અત્યાચારરૂપ છે એવી કોઈ પણ વસ્તુ કોઈ પણ સ્વાભિમાની માણસ સાંખી શકે નહીં. લોકોની સાર્વત્રિક વિરુદ્ધતા છતાં સરકારે એ કાયદાનું પૂછડું છોડ્યું નહીં ત્યારે જ સરકારના તરફથી ગુનો પૂરેપૂરો થઈ ચૂક્યો હતો. અહીં એટલું પણ અમે જણાવીશું કે વાઇસરૉયને કોઈ અસાધારણ પ્રસંગ આવી પડે ત્યારે ઑર્ડિનન્સ (કાઉન્સિલની

૧. આ વટહુકમ ૧૯૧૪માં નીકળ્યો હતો. એનાથી હિંદુસ્તાનમાં પ્રવેશ કરનાર કોઈ પણ વ્યક્તિની સ્વતંત્રતા ઉપર અંકુશ મુકાયો હતો.

Gandhi Heritage Portal

સંમતિ વિના કરવામાં આવતા કાયદા) કરવાનો અધિકાર છે તે અધિકાર પૂરતો છે. જાણે અરાજકતા હિંદુસ્તાનમાં કવચિત્ દેખાતી નહીં, પણ કાયમનું ઘર કરી બેઠેલી હોય તેમ, અરાજકતાને પહોંચી વળવા માટે એક અસાધારણ કાયદો, ઉદાર સુધારા[1] બક્ષવાની આગલી જ ઘડીએ, ધારાપોથીમાં દાખલ કરવામાં આવે એ સરકારનું કાર્ય તદ્દન ગેરવાજબી હતું એટલું જણાવી અમે આ પ્રકરણ સમાપ્ત કરીશું.

## પ્રકરણ ૪થું

### સત્યાગ્રહ

રૉલેટ કાયદાની વિરુદ્ધ ધારાસભામાં હિંદી સભાસદો તરફથી, તથા બહાર હિંદી વર્તમાનપત્રોમાં અપૂર્વ આંદોલન ચાલી રહ્યું હતું. તે કાયદાના નિવારણ માટે શ્રીયુત ગાંધીએ પોતાની સત્યાગ્રહની હિલચાલ ઉપાડી.

સત્યાગ્રહ શું છે અને તે કેવી રીતે લાગુ પાડવામાં આવે છે તે સંબંધે લોકોમાં બહુ અચોક્કસ ખ્યાલ છે, તેથી તેના સ્રષ્ટા પાસે જ અમે ખાસ લેખ લખાવ્યો છે, જે અમે નીચે રજૂ કરીએ છીએ:

> છેલ્લાં ત્રીસ વર્ષથી હું સત્યાગ્રહનો ઉપદેશ અને તેનું પાલન કરતો આવ્યો છું. સત્યાગ્રહના સિદ્ધાંતોને હું જે સ્વરૂપે આજે પિછાનું છું, તે સ્વરૂપમાં તે ક્રમે ક્રમે વિકાસ પામ્યા છે.
>
> દક્ષિણ આફ્રિકામાં[2] હિંદીઓએ પૂરાં આઠ વર્ષ[3] માટે જે બળને ઉપયોગમાં આણ્યું હતું, તેને માટે મેં "સત્યાગ્રહ" શબ્દ ત્યાં યોજેલો. વળી એ જ અરસામાં બ્રિટિશ ટાપુઓમાં તથા દક્ષિણ આફ્રિકામાં "પૅસિવ રિઝિસ્ટન્સ"ને નામે ઓળખાતી જે લડત ચાલતી હતી, તેનાથી તેનો ભેદ દર્શાવવા સારુ પણ એ શબ્દ યોજવો પડયો હતો.
>
> એ શબ્દનો મૂળ અર્થ "સત્યને વળગી રહેવું", "સત્યનો આગ્રહ" છે. એટલે કે તે સત્યબળ છે. મેં તેને પ્રેમબળ અથવા આત્મબળ પણ કહેલું છે. સત્યાગ્રહનો અમલ કરતાં છેક શરૂઆતમાં જ મને જણાયું હતું કે સત્યને પાળવામાં સામા માણસ ઉપર બળાત્કાર કરવાનો ઈરાદો હોય જ નહીં, પરંતુ ધીરજથી અને સહાનુભૂતિથી તે માણસને તે ભૂલ કરતો અટકાવવાનો જ હેતુ એમાં હોય; કારણ કે એકને જે સત્ય લાગે તે બીજાને ભૂલભરેલું લાગે. ધીરજ એટલે જાતે દુ:ખ સહન કરી લેવું. એટલે આ સિદ્ધાંતનો અર્થ એવો થયો કે સામા માણસ ઉપર નહીં, પણ પોતાની જાતે દુ:ખ ખમીને સત્યને પાળી બતાવવું. "સત્યાગ્રહ" અને "પૅસિવ રિઝિસ્ટન્સ"માં તો ઉત્તર અને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે. "પૅસિવ રિઝિસ્ટન્સ"ની ઉત્પત્તિ તો એક નબળાના શસ્ત્ર તરીકે થયેલી છે, અને પોતાનો હેતુ સાધવા માટે શરીરબળ વાપરવાનો અથવા તોફાન કરવાનો તેમાં બાધ નથી. પણ "સત્યાગ્રહ" સબળામાં સબળાનું હથિયાર છે, અને તેમાં કોઈ પણ પ્રકારના મસ્તીતોફાનનો ખ્યાલ પણ ન હોઈ શકે.

૧. ૧૯૧૯ના "ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ"માં સામેલ કરાયેલા મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા.
૨. જુઓ પુસ્તક ૮, પા. ૧૨૩-૪.
૩. ૧૯૦૬થી ૧૯૧૪.

Gandhi Heritage Portal

મીડ અને પર્શિયન લોકોના કાયદાઓ—જે પોતાના અંતરાત્માને કબૂલ ન હતા તેની અવગણના કરી, તેના ભંગની સજા મૂંગે મોઢે ભોગવવામાં ડેનિયલે શુદ્ધમાં શુદ્ધ સત્યાગ્રહ કર્યો હતો. પોતાને જે સત્ય લાગ્યું તેનો ઍથેન્સના યુવાનોને ઉપદેશ કરતાં સૉક્રેટીસથી રહેવાયું નહીં અને તેણે મોતની સજા બહાદુરીથી ભોગવી લીધી. આ તેણે સત્યાગ્રહ કર્યો. પ્રહ્‌લાદે પોતાના પિતાની આજ્ઞાનો અનાદર કર્યો, કારણ તે તેને પોતાના અંતરાત્માની પ્રેરણાથી વિરુદ્ધ લાગી. તેણે મૂંગે મોઢે અને આનંદથી તેના પિતાએ જેટલો ત્રાસ તેના ઉપર ગુજાર્યો તે સહન કર્યો. મીરાંબાઈએ પોતાના અંતરાત્માના અવાજને અનુસરી પોતાના પતિનો અનાદર કર્યો એમ કહેવાય છે. તેના વિયોગમાં તેણે આનંદ માન્યો અને તેના પતિએ તેને પોતાની ઇચ્છાને વશ કરવા સારુ તેના ઉપર જે જે કષ્ટ પાડયાં કહેવાય છે, તે તેણે ગંભીર ગૌરવ અને તિતિક્ષાથી સહન કર્યાં. પ્રહ્‌લાદ અને મીરાંબાઈ બન્નેએ સત્યાગ્રહ જ કરેલો. એટલું યાદ રાખવું જોઈએ કે ડેનિયલને અથવા સૉક્રેટીસને, પ્રહ્‌લાદને અથવા મીરાંબાઈને તેમના જુલમગાર પ્રત્યે જરાયે દ્વેષ ન હતો. ડેનિયલ અને સૉક્રેટીસ જે રાજ્યના તેઓ વતની હતા, તે રાજ્યના આદર્શ નાગરિકો ગણાય છે. પ્રહ્‌લાદ આદર્શ પુત્ર મનાય છે. અને મીરાંબાઈ આદર્શ પત્ની મનાય છે.

આ સત્યાગ્રહનો સિદ્ધાંત નવીન નથી. તેમાં માત્ર કુટુંબના કાયદાને વ્યાપક રૂપ આપીને રાજદ્વારી ક્ષેત્રમાં લાગુ પાડેલો છે. કુટુંબના મતભેદો અથવા કજિયા સાધારણ રીતે પ્રેમના કાયદાથી પતાવવામાં આવે છે. જેને નુકસાન પહોંચ્યું હોય તેને બીજાઓને માટે એટલી લાગણી હોય છે, કે પોતાના સિદ્ધાંતની ખાતર તે નુકસાન સહન કરી લે છે, અને પોતાથી વિરુદ્ધ પડનાર ઉપર વેર લેવાનો વિચાર તે નથી કરતો, કે નથી તેમના ઉપર ક્રોધ કરતો. ગુસ્સાને દબાવવો અને જાતે દુઃખ સહન કરી લેવું તે મુશ્કેલ વાત હોવાથી નજીવી બાબતોને સિદ્ધાંત-નું રૂપ આપી તેને તે મોટી બનાવતો નથી. પણ જ્યાં જ્યાં મુદ્દાનો પ્રશ્ન ન હોય, ત્યાં ત્યાં કુટુંબનાં બીજાં માણસો સાથે તરત તે મળી જાય છે, અને બીજાની શાંતિમાં અડચણ કર્યા વિના પોતે વધારેમાં વધારે શાંતિ ભોગવી શકે છે. એટલે તે વિરોધ કરે અથવા જતું કરે તે બંને સ્થિતિમાં તેનું કૃત્ય હમેશાં કુટુંબના ભલાને વધારનારું હોય છે. સુધરેલી દુનિયામાં સર્વત્ર ઘણાંખરાં કુટુંબોમાં જાણ્યેઅજાણ્યે પણ જરૂર આ પ્રેમનો કાયદો પ્રવર્તે છે.

મને લાગે છે કે જ્યાં સુધી આ કુટુંબનો કાયદો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નોમાં, એટલે કે રાજદ્વારી ક્ષેત્રમાં, ચોક્કસ રીતે માન્ય ન થાય અને સ્વીકારાય નહીં, ત્યાં સુધી બધાં રાષ્ટ્રો ખરી રીતે એક થઈ શકે નહીં; તેમ તેમની પ્રવૃત્તિ પણ સમસ્ત માનવસમાજના ભલાને માટે થઈ શકે નહીં. જેટલે દરજ્જે રાષ્ટ્રો આ કાયદાને આધીન થાય તેટલે દરજ્જે જ તે સુધરેલાં કહી શકાય.

આ પ્રેમનો કાયદો તે જ સત્યનો કાયદો છે. સત્ય વિના પ્રેમ હોઈ શકે નહીં. સત્ય વિના તે મમતા હોઈ શકે છે, જેવી બીજાઓનું અહિત કરીને પણ પોતાના દેશનું હિત કરવાની હોય છે તેવી; અથવા સત્ય વિના તે મોહ હોઈ શકે છે, જેવો કોઈ યુવકને કોઈ બાળા માટે હોય છે તેવો; અથવા સત્ય વિના તે વિચાર વિનાની અને અંધ આસક્તિ હોઈ શકે, જે અજ્ઞાન માબાપોને પોતાનાં છોકરાં પ્રત્યે હોય છે તેવી. પરંતુ શુદ્ધ પ્રેમ તો પશુત્વથી પર છે અને તેમાં કદી પક્ષપાત હોતો નથી; તેથી સત્યાગ્રહને એક સિક્કાની

Gandhi Heritage Portal

ઉપમા આપી છે, જેની એક બાજુ પ્રેમની છાપ છે અને બીજી બાજુ સત્યની છાપ છે. તે સિક્કો આખી દુનિયામાં ચાલી શકે એવો છે અને તેનું મૂલ્ય આંકી ન શકાય તેટલું છે.

સત્યાગ્રહ નિ:સ્પૃહ છે. તેનો અમલ કરતાં પહેલાં સામા પક્ષની સંમતિ લેવાની સ્પૃહા નથી રહેતી. ખરી રીતે તો, જ્યારે સામાવાળો વિરોધ કરે ત્યારે જ તે ખૂબ દીપી નીકળે; માટે જ સત્યાગ્રહ અનિવાર્ય છે. સત્યાગ્રહી હાર શું એ જાણતો જ નથી, કારણ તે થાકયા વિના સત્યની ખાતર લડયો જ રહે છે. સત્યની લડાઈમાં મૃત્યુ એ મુક્તિ છે અને કેદ એ સ્વતંત્રતાનું દ્વાર છે.

તે આત્મબળ પણ કહેવાય છે, કારણ જો સત્યાગ્રહી, મૃત્યુ થતાં લડતનું છેવટ આવ્યું છે એમ નહીં માનતાં લડતની ટોચે પહોંચાયું છે એમ માને, તો પછી તેણે સ્પષ્ટ રીતે આત્માને સ્વીકારવો જ જોઈએ. આ શરીર તો માત્ર આત્માના આવિર્ભાવનું દ્વાર છે. અને સત્યાગ્રહીને જ્યારે એમ લાગે કે જે સત્ય પોતે પ્રગટ કરવા ઇચ્છે છે, તેનું સામાવાળાને દર્શન થવામાં પોતાનું શરીર અડચણરૂપ છે ત્યારે તે ખુશીથી તેનો ત્યાગ કરે છે. તે એવી દૃઢ શ્રદ્ધાપૂર્વક પોતાના શરીરનો ત્યાગ કરે છે, કે સામાવાળાનો મત કોઈ પણ રીતે ફેરવી શકાય એમ હોય તો પોતાના દેહનું ઇચ્છાપૂર્વક બલિદાન આપવાથી તે જરૂર ફરશે, અને શરીરના નાશ પછી પણ આત્મા તો રહે છે તેવું તેને જ્ઞાન હોવાથી આ શરીરે જ સત્યનો વિજય જોવા તે અધીરો નહીં થાય. અમુક વખત માટે સત્યાગ્રહી જે સત્ય પ્રગટ કરી રહ્યો હોય તેનું સામાવાળાને દર્શન કરવાનો પ્રયત્ન કરતાં શરીરનો ત્યાગ કરવાની શક્તિમાં જ તેનો વિજય રહેલો છે.

સત્યાગ્રહી પોતાના વિરોધીને કદી નુકસાન કરતો નથી; પણ વિનયયુક્ત દલીલથી પોતાની વાત તેની બુદ્ધિમાં ઉતારવાનો પ્રયત્ન કરે છે; અથવા તો આત્મસમર્પણથી તેના હૃદય ઉપર અસર કરવા ઇચ્છે છે. સત્યાગ્રહમાં બેવડો ગુણ છે, સત્યાગ્રહ કરનાર તેથી ચડે છે, તેમ જ જેની સામે તે કરવામાં આવે છે તે પણ તેથી ચડે છે.

પરંતુ, એવો વાંધો ઉઠાવવામાં આવે છે કે હું કરું છું તેવો સત્યાગ્રહ અમુક વીણેલા માણસોથી જ થઈ શકે. મારો અનુભવ ઊલટો છે. એક વખત તેના સાદા સિદ્ધાંતો— સત્યને વળગી રહેવું અને જાતે દુ:ખ સહન કરી લઈને તેનો આગ્રહ કરવો એ—સમજાઈ જાય એટલે હરકોઈ માણસ તેનું સેવન કરી શકે છે. બીજા કોઈ ગુણનું આચરણ કરવું જેટલું કઠણ અથવા સહેલું હોય તેટલું જ સહેલું અથવા કઠણ સત્યાગ્રહનું આચરણ કરવાનું છે. દારૂ બિલકુલ નહીં પીવો એવો નિશ્ચય કરવા સારુ તેનું આખું જ તત્ત્વજ્ઞાન દરેક માણસે સમજવું જેમ જરૂરનું નથી, તેમ સત્યાગ્રહનું આચરણ કરવા માટે દરેક માણસે તેનું તત્ત્વજ્ઞાન સમજવાની જરૂર નથી.

પણ આ બધું જવા દઈએ. જેને જે સત્ય લાગે તેને તેનો આગ્રહ કરવાનો હક હોવાની તો કોઈ ના નહીં જ પાડે. અને પશુબળ વાપરીને પોતાના વિરોધીને તે માનવાની ફરજ પાડવાનો પ્રયત્ન કરવો તે જંગલી છે એ પણ સહેલાઈથી સમજાશે. તેમ જ આપણે આપણી દલીલથી સામાને સમજાવી ન શકીએ એટલા માટે તેની ભૂલને તાબે થવું એ નામોશીભરેલું છે. પ્રાણ જાય તોપણ તે ભૂલને તાબે ન થવું એ જ માત્ર એક સાચો અને આબરૂભર્યો માર્ગ છે એ સમજવું કઠણ નથી. એમ થાય તો જ દુનિયા ભૂલમાંથી

Gandhi Heritage Portal

કદી મુક્ત થવાની હોય તો થાય. જે ખોટાથી આત્માને ઈજા પહોંચે એમ હોય તે ખોટાનો ત્યાગ કર્યે જ છૂટકો, તેના સંબંધમાં લેમૂક ન થઈ શકે.

પરંતુ રાજકારણમાં લોકોની લડત તો મોટે ભાગે અન્યાયી કાયદાઓરૂપી ભૂલોની સામે થવાની જ હોય છે. જ્યારે અરજીઓ તથા એવા બીજા ઉપાયોથી કાયદો અમલમાં મૂકનારને તમે તેની ભૂલનું ભાન કરાવવામાં નિષ્ફળ નીવડો, ત્યારે જો તમે તે ભૂલને આધીન થવા ન માગતા હો તો તમારે માટે એટલો જ ઉપાય રહ્યો કે તમે પોતે દુ:ખ સહન કરી લઈને એટલે કે કાયદાનો ભંગ કરવાની શિક્ષા વહોરી લઈને, તેની ભૂલ સુધારવાની તેને ફરજ પાડો. તેથી સત્યાગ્રહ ઘણે ભાગે લોકોને દીવાની કાયદાના ભંગરૂપે જ સમજાય છે. સવિનય તેમાં ફોજદારી નહીં પણ દીવાની કાયદાઓનો જ ભંગ કરવાનો હોય છે. સાધારણ ફોજદારી કાયદાનો ભંગ કરનાર મનુષ્ય છૂપી રીતે કાયદો તોડે છે, અને તેની શિક્ષાથી દૂર ભાગવા પ્રયત્ન કરે છે, પણ સત્યાગ્રહી તેમ નથી કરતો. જે રાજ્યમાં તે રહેતો હોય છે તે રાજ્યના કાયદા તે હમેશાં પાળે છે, તે કાયદાના ભંગની શિક્ષાના ભયને લીધે નહીં, પણ સમાજના કલ્યાણને માટે તેને તે જરૂરના ગણે છે—લાગે છે તેથી. પણ એવા કેટલાક પ્રસંગો આવે છે—જોકે તે સાધારણ રીતે જૂજ હોય છે—જ્યારે અમુક કાયદા તેના અંતઃકરણને એટલા બધા અન્યાયી લાગે છે કે તેને આધીન થવું એ દૂષણ ગણાય. તેવે વિરલ પ્રસંગે તે ખુલ્લી રીતે અને વિનયપૂર્વક તેનો ભંગ કરે છે, અને તે ભંગ માટેની શિક્ષા શાંતિથી સહન કરી લે છે. વળી, કાયદો ઘડનારના વર્તનની સામે પોતાનો વાંધો નોંધાવવા જે જે કાયદાઓ તોડવામાં અનીતિ સમાયેલી ન હોય તેવા બીજા કાયદાઓ પણ તોડીને તેટલે અંશે તે રાજ્યની સાથેનો પોતાનો સહકાર બંધ કરી શકે છે. મારે મતે, સત્યાગ્રહની ખૂબી અને ચમત્કાર એટલાં ભારે છે અને તેનો સિદ્ધાંત એટલો સાદો છે કે તેનો નાનાં છોકરાંઓને પણ ઉપદેશ કરી શકાય. ગિરમીટિયા મજૂરને નામે ઓળખાતાં હજારો સ્ત્રી, પુરુષો અને છોકરાંને મેં તેનો ઉપદેશ કરેલો છે અને તેનાં સુંદર પરિણામ આવેલાં છે.

રૉલેટ બિલ પ્રગટ થયાં ત્યારે મને લાગ્યું કે મનુષ્યની સ્વતંત્રતાને તે એટલાં બાંધી દેનારાં છે કે તેની સામે થવામાં બને તેટલું બળ અજમાવવું જોઈએ. મેં એ પણ જોયું કે તે કાયદાની સામેનો વિરોધ હિંદીઓમાં સર્વત્ર હતો. મારું કહેવું એ છે કે ગમે તેવું આપખુદી રાજ્ય હોય, તોપણ સમસ્ત પ્રજાને અણગમતા હોય એવા કાયદા પસાર કરવાનો તેને હક નથી. તો પછી હિંદી સરકારના જેવી બંધારણની રૂઢિ અને તેના દાખલાને અનુસરીને ચાલતી સરકારથી તો આમ ન જ થઈ શકે. બીજું, મને એમ પણ લાગ્યું કે આ કાયદાની સામેની ચળવળને બેસી ન જવા દેવી હોય અથવા તો તોફાનને રસ્તે ન ચઢવા દેવી હોય, તો તેને ચોક્કસ દિશામાં વાળવાની જરૂર હતી.

તેથી કાયદાના ભંગના તત્ત્વ ઉપર ભાર મૂકીને દેશને સત્યાગ્રહનો ઉપદેશ કરવાની મેં હિંમત ધરી. એ પ્રવૃત્તિ કેવળ આંતરિક અને પાવક હોવાથી છઠ્ઠી એપ્રિલના દિવસ માટે ઉપવાસ, પ્રાર્થના અને હડતાળની મેં સૂચના કરી. હિંદુસ્તાનના એક છેડાથી બીજા છેડા સુધી તે ભવ્ય રીતે ઝીલી લેવામાં આવી—નાનાં ગામડાંઓમાં પણ તેમ થયું. જોકે આને માટે કાંઈ પણ વ્યવસ્થા કે અગાઉથી મોટી તૈયારીઓ કરવામાં આવી ન હતી. મને જેવો વિચાર

Gandhi Heritage Portal

સૂઝ્યો તેવો જ મેં તે પ્રજા આગળ મૂકેલો. છઠ્ઠી એપ્રિલે લોકોએ બિલકુલ તોફાન કર્યું નહીં. તેમ પોલીસની સાથે પણ કાંઈ જાણવા જેવી ઝપાઝપી થઈ નહીં. હડતાળ તદ્દન ઐચ્છિક અને સ્વયંભૂ હતી. ૨૪મી માર્ચના દિવસે મદ્રાસથી નીચેનો સંદેશો[1] બહાર પાડવા ઉપરાંત આ વિચારને વધુ ફેલાવવા માટે મેં કાંઈ વિશેષ કર્યું ન હતું:

મેં ઘણી સભાઓમાં સમજાવવા પ્રયત્ન કર્યો છે તેમ સત્યાગ્રહ એક ધાર્મિક હિલચાલ છે. તે તપ અને શુદ્ધિની ક્રિયા છે. તેમાં જાતે દુ:ખ સહન કરીને સુધારા મેળવવાનું અથવા દુ:ખોના ઉપાય લેવાનું રહેલું છે. તેથી હું સલાહ આપું છું કે સને ૧૯૧૯ના બિલ નં. ૨ ને વાઈસરૉય સાહેબની મંજૂરી મળ્યાનું જાહેર થાય ત્યાર પછીનો બીજો રવિવાર એટલે છઠ્ઠી એપ્રિલનો દિન સહુએ શોક અને પ્રાર્થનામાં ગાળવો. આ દિવસના પાલનને અનુરૂપ અસરકારક જાહેર દેખાવ થાય તેટલા માટે હું નીચે પ્રમાણે સલાહ આપું છુ:

૧. આગલા ભોજનથી ચોવીસ કલાકનો અપવાસ, બધાં પુખ્ત વયનાં માણસો, જેને ધર્મ અથવા તબિયતનો વાંધો ન હોય, તેમણે કરવો. આ ઉપવાસને કોઈ પણ રીતે ભૂખમરાનું સ્વરૂપ અથવા સરકાર ઉપર દબાણ કરવાનું સ્વરૂપ આપવાનું નથી. સત્યાગ્રહીઓને માટે તેમણે કાયદાનો સવિનયભંગ કરવાની જે પ્રતિજ્ઞા કરી છે તેને સારુ આ તાલીમરૂપે થશે, અને બીજાઓને માટે તેમની દુભાયેલી લાગણીની અતિશયતાની કાંઈક નિશાની રૂપે તે થશે.

૨. લોકોના હિત માટે ખાસ જરૂરનું હોય તે સિવાય તમામ કામકાજ તે દિવસે બંધ રાખવું. બજાર અને બીજાં ધંધાનાં સ્થળો બંધ રાખવાં. જે મજૂરોને રવિવારે પણ કામ કરવાનું હોય તેમણે પ્રથમ પરવાનગી મેળવીને જ કામ બંધ રાખવું.

ઉપલી બે સૂચનાઓ સરકારી નોકરોને પણ કરતાં હું અચકાતો નથી. જોકે રાજદ્વારી ચર્ચાઓ અને સભાઓમાં તેઓ ભાગ ન લે એ તેમને માટે નિર્વિવાદ ઠીક વસ્તુ છે; છતાં મારો અભિપ્રાય એવો છે કે મુદ્દાની બાબતમાં ઉપર સૂચવી છે એવી મર્યાદિત રીતે તેમની લાગણી દર્શાવવાનો તેમને નિ:શંક હક્ક છે.

૩. દેશના દરેકેદરેક ભાગમાં, ગામડાંઓમાં પણ તે દિવસે જાહેર સભાઓ ભરવી અને તેમાં તે બે કાયદા રદ કરવા વિનંતી કરનારા ઠરાવો પસાર કરવા.

જો મારી સલાહ સ્વીકારવા જેવી લાગતી હોય તો વ્યવસ્થાનું જરૂરી કામ હાથ ધરવા માટે પ્રથમ જવાબદારી સત્યાગ્રહ સંસ્થાઓની રહેશે. પણ હું આશા રાખું છું કે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બીજી બધી સંસ્થાઓ પણ સાથ આપશે.[2]

શ્રીયુત ગાંધીએ ઉપર સત્યાગ્રહનો સિદ્ધાંત સમજાવ્યો તે એક તાત્ત્વિક સિદ્ધાંત તરીકે સ્પષ્ટ અને સમજાય તેવો લાગે છે. પણ અમને લાગે છે કે જીવનના દરેક પ્રસંગમાં તેનો પ્રયોગ કરવો, જેટલો ઉપરથી દેખાય છે તેટલો સહેલો નથી. આવો સત્યાગ્રહ કરવા માટે ધૈર્ય અને આત્મસંયમની ખૂબ તાલીમ જોઈએ. આચારમાં જ્યાં આ ગુણોની ખાસ જરૂર હોવી જોઈએ ત્યાં તેનો ખાસ કરીને અભાવ દેખવામાં આવે છે. ઘણાં માણસો પોતાના જીવનના રોજના પ્રસંગમાં સત્યાગ્રહનો સિદ્ધાંત આચરી શકે એમ કબૂલ ક્યારે થાય કે સામાન્ય મનુષ્યથી પાળી

૧. આ સંદેશાની તારીખ ૨૩મી માર્ચ હતી; જુઓ પુસ્તક ૧૫, પા. ૧૩૯.
૨. મહાદેવભાઈના ભાષાંતરમાં આ પૅરેગ્રાફ નથી. તે અંગ્રેજીમાંથી અનુવાદ કરીને ઉમેર્યો છે.

Gandhi Heritage Portal

શકાય એવો તે સિદ્ધાંત હોય ત્યારે. પરંતુ સામાન્ય માણસનો સ્વભાવ તો જ્યારે પોતાનું કાંઈ બગડયું છે એમ તેને લાગે ત્યારે પોતાની જાતનો ભોગ આપવાને બદલે તોફાનનો આશ્રય લેવા તરફ વધારે રહે છે. શ્રીયુત ગાંધીનો જવાબ એ છે કે સામાન્ય મનુષ્ય પણ પોતાના કુટુંબમાં આવી ધીરજ જરૂર બતાવે છે અને તેઓનું કહેવું એટલું જ છે કે કુટુંબમાં જે સિદ્ધાંત પ્રવર્તે છે તેને રાજકાજમાં પણ લાગુ પાડો.

ગમે તેમ હોય, આ સિદ્ધાંત આચારમાં મૂકવો કેટલો શકય છે તેની અહીં હવે વધારે પર્યાલોચના કરાવવાની અમને જરૂર નથી જણાતી. એટલું તો ખુલ્લું જ છે કે આવા પ્રકારના નિર્દોષ સિદ્ધાંતના પ્રચારમાં સમાજનું તો શ્રેય જ રહેલું છે. અને સેંકડો માણસની તપાસને આધારે અમારું દૃઢ માનવું થયું છે કે, (ગયા એપ્રિલ માસની) ચળવળમાં ભાગ લેનાર માણસોમાં સત્યાગ્રહનાં તત્ત્વો પરોવાયેલાં ન હોત, તો પરિણામ આવ્યાં તેના કરતાં અનહદ વધારે આપત્તિકારક આવ્યાં હોત. હિંદુસ્તાનના બીજા ભાગોમાં લોકોએ બતાવેલો દૃષ્ટાંતરૂપ સંયમ એમ નથી બતાવતો કે પંજાબીઓની અને તેઓની પ્રકૃતિમાં મૂળથી જ ભેદ છે, પણ તે એમ બતાવી આપે છે કે તે ભાગોમાં, હિંદુસ્તાનના લોકો ઉપર રૉલેટ ઍકટની બેડી નાખવાના સરકારના કૃત્યની સામે લોકોનો ક્રોધ દબાવવાને માટે સત્યાગ્રહનો અંકુશ સમર્થ થઈ પડયો હતો. પંજાબમાં જો લોકો, સરકારના કાયદાનો (વા હુકમોનો) નિરાદર કરતાં મર્યાદા અને નિગ્રહ તજ્યા વિના પોતાનું દુ:ખ બતાવી શકયા હોત, તો સંભવિત છે કે સરકાર અત્યાર અગાઉ લાંબો વખત ઉપર લોકોની ઇચ્છાને આધીન થઈ હોત.

પણ પંજાબ સરકારે તો લોકોને એટલા ખીજવ્યા કે તે ખિજવાટને પહોંચી વળવા માટે સત્યાગ્રહનો અંકુશ પણ અસમર્થ થયો. બીજા પ્રાંતોની સરકારે જેમ સત્યાગ્રહની શામક શક્તિનો થોડોઘણો પણ સરખો સ્વીકાર કર્યો હતો અને લોકોની સાથે સહકાર કર્યો હતો, તેમ સર માઇકલ ઓડવાયરે પણ કર્યો હોત, તો પંજાબની ભયંકર વિપત્તિઓમાંથી બચી જઈ શકાત અને ગયા થોડા મહિનાનો ઇતિહાસ જુદી જ રીતે લખાયો હોત.

અમે કબૂલ કરીએ છીએ કે સત્યાગ્રહનું બરોબર રીતે પાલન થતું હોય તો, પશુબળ વડે થતું લોકશાસન અશકય બની જાય, અને તેમ થયાથી લોકોને અણગમતા કાયદાઓનો સંપૂર્ણ રીતે અમલ થવો, છેક અશકય નહીં તો, મુશ્કેલ તો થઈ પડે. પણ જે રાજ્યના બંધારણ પ્રમાણે રાજ્યપ્રથાને વિષે પ્રજાની અમુક રીતે સંમતિ હોવી જ જોઈએ એવું ઠરેલું છે તે રાજ્યને આવા પ્રકારની ફરિયાદ કરવી છાજતી નથી.

હવે અમારે તપાસવું રહ્યું માત્ર એટલું જ કે પંજાબમાં જે ખૂનો, આગો અને લૂંટો થયાં તેને માટે સત્યાગ્રહ જવાબદાર હતો કે નહીં. અમે બતાવી આપ્યું છે કે સત્યાગ્રહના ઉપદેશથી કોઈ પણ પ્રકારે તોફાન ઉત્પન્ન થઈ શકે એમ ન હતું, કારણ સત્યાગ્રહમાં હિંસામાત્રનો નિષેધ રહેલો છે. પણ કાયદાના સાદર અનાદર રૂપે સત્યાગ્રહનો ઉપદેશ થાય તો તેનો સહેજે અનર્થ થઈ શકે છે, એટલે તે ઉપદેશવામાં સાવધાની વાપરવી જોઈએ. સાદર અનાદરનો પ્રચાર કરતાં અતિશય સાવધાનીની આવશ્યકતાનો અમે સ્વીકાર કરીએ છીએ. કાયદાને વિષે માન નિર્મૂળ કરવું સહેલ છે, પણ કોઈ પણ સરકારના કાયદાનો સવિનયભંગ કરવામાં જે તપશ્ચર્યા કરવાની છે તે વાત લોકોની ઉપર ઠસાવવી તેટલી સહેલ નથી. એટલે જ્યાં તપશ્ચર્યા માટે લોકોને અગાઉથી તૈયાર કરવામાં આવ્યા હોય ત્યાં જ કાયદાના સવિનય અનાદરનો ઉપદેશ દઈ શકાય. અહીં અમે કહી દઈશું કે શ્રીયુત ગાંધીએ સામુદાયિક સવિનયભંગ ઉપદેશવામાં ઉતાવળ કર્યાની પોતાની

Gandhi Heritage Portal

ભૂલ ખુલ્લા દિલે કબૂલ કરી હતી, અને પોતાની પ્રવૃત્તિ તરત જ અટકાવી હતી.[1] અમને લાગે છે કે તેમણે તે ઠીક જ કર્યું હતું.

પણ પંજાબમાં તો કાયદાના સવિનય અનાદર રૂપે સત્યાગ્રહને સમજવામાં આવ્યો જ ન હતો, એટલે એવી રીતે તે પળાય તો શાનો જ? એકલી હડતાળને કાંઈ સવિનય અનાદર સાથે લાગેવળગે નહીં. જો તે સ્વેચ્છાથી થયેલી હોય, તેમાં તોફાનને અવકાશ ન હોય અને ખોટું કરનારના પ્રત્યે દ્વેષથી નહીં, પણ તેનાં કૃત્યો પ્રત્યે અણગમાથી તે પ્રેરાયેલી હોય તો હડતાળ સત્યાગ્રહનું એક અંગ છે. અને વળી હડતાળ તો હિંદુસ્તાનમાં ચાલતી જુગજુગ જૂની પ્રથા છે, અને પંજાબમાં ગયા એપ્રિલમાં જે સંજોગોમાં હડતાળ પાડવામાં આવી તે જ સંજોગોમાં તે પડાતી આવી છે. એટલે સત્યાગ્રહ કે હડતાળને લોકોનાં તોફાનો સાથે કશું લેવાદેવા ન હતું. તોફાનો કેમ સળગ્યાં તેનો વિચાર અમે હવે પછીનાં પૃષ્ઠોમાં કરીશું.

## પ્રકરણ ૫મું

## માર્શલ લૉ

### ભાગ ૧લો : સામાન્ય

સર માઇકલ ઓડવાયરના અમલનું, શિક્ષિત વર્ગ પ્રત્યેનું એમનું વર્તન તથા લશ્કરભરતી કરવાની એમની રીતોને અનુલક્ષીને, અમે દિગ્દર્શન કરી ગયા. કેવી કેવી રીતે સર માઇકલ પંજાબના તમામ વર્ગના લોકોના અળખામણા થઈ ગયા તે બતાવવાનો પણ અમે પ્રયત્ન કર્યો છે. રૉલેટ ઍક્ટ અને તેનાં પરિણામોનું પણ અમે ઠીક ઠીક વિગતવાર વર્ણન કર્યું છે, તેમ જ તે રદ કરાવવા માટે હિંદુસ્તાનના એક ખૂણેથી બીજે ખૂણે સુધી જે ચળવળ ચાલી રહી તે પણ અમે વર્ણવી ગયા. સત્યાગ્રહના જનકના જ શબ્દોમાં અમે સત્યાગ્રહનાં તત્ત્વો દર્શાવ્યાં છે, અને અમને લાગે છે કે અમે એમ પણ ઠીક ઠીક સિદ્ધ કરી આપ્યું છે કે રૉલેટ ઍક્ટ વિરુદ્ધની જે ચળવળ ૬ઠ્ઠી એપ્રિલે મૂર્ત સ્વરૂપમાં પ્રગટ થઈ તેમાંથી યત્કિંચિત્ પણ અત્યાચાર ઉત્પન્ન થયો નહીં, તથા સત્યાગ્રહની કલ્પના તથા પ્રયોગ તેના જનકે જેવા કર્યા છે તે અત્યાચારથી કેવળ અલિપ્ત છે, એટલું જ નહીં પણ, સત્યાગ્રહનો પ્રચાર અને સ્વીકાર સર્વત્ર થાય તો તેમાંથી અધિક શાંતિ અને જાનમાલની અધિક સલામતી જ નીપજે, અને તે ઉપરથી અમે એમ પણ બતાવી આપ્યું છે કે રૉલેટ ઍક્ટ વિરુદ્ધની ચળવળ અને સત્યાગ્રહ એ બંનેને પરિણામે લોકોને પોતાની શક્તિનું માપ મળી રહ્યું તથા તેમનામાં ચેતન આવ્યું. સર માઇકલ ઓડવાયરમાં પ્રતિબિંબિત થતી સરકાર માટે પંજાબના લોકોને જરાયે પ્રીતિ ન હતી. તેઓના અસંતોષમાં મણા રહી ન હતી. આ અસંતોષ મોંઘવારીને લીધે વધારે ગાઢો થયો. લડાઈ પછી, જમાનો દરેક રીતે સુધરશે એવી તેમણે ઉમેદ રાખી હતી, તેને બદલે લડાઈ બંધ થવાથી તેમની દુર્દશા વધારે ઉગ્ર રીતે તરી આવી. આ રીતે ઉત્પન્ન થયેલી અશાંતિ ખિલાફતની ચળવળને લીધે વધી, કારણ મુસલમાનોને પણ બ્રિટિશ સરકારના હેતુઓ વિષે અવિશ્વાસ ઉત્પન્ન થવાનાં વાજબી કારણો મળ્યાં.

ગયા એપ્રિલ મહિનામાં બનેલા બનાવો બરોબર સમજવા માટે ઉપરની લગભગ નિર્વિવાદ હકીકતો લક્ષમાં રાખવાની જરૂર છે.

૧. ૧૯૧૯ના જુલાઈ માસમાં.

Gandhi Heritage Portal

તા. ૬ઠ્ઠી એપ્રિલે પંજાબમાં સંપૂર્ણ હડતાળ પળાઈ હતી. આ બનાવની સાથે સરખામણી કરે એવો બનાવ પંજાબમાં, અરે એવો બનાવ હિંદુસ્તાનમાં પણ બન્યો ન હતો. તે દિવસે લોકનેતાઓ અને લોકોના વર્તનમાં તેઓ એક જીવ થયેલા હોય એમ જણાતું હતું. હિંદુઓ અને મુસલમાનો વચ્ચે સંપૂર્ણ ભ્રાતૃભાવ જણાતો હતો. તમામ ઠેકાણે રૉલેટ ઍક્ટની સામે વિરોધ બતાવનારા અને તેને રદ કરવાની માગણી કરનારા ઠરાવ પસાર થયા. તા. ૬ઠ્ઠી એપ્રિલનું વિરોધદર્શન લોકમતનું શાંત પ્રદર્શન હતું.

પણ આ બધું જીરવવું સર માઇકલને ભારે થઈ પડ્યું. હડતાળ તેમ જ હિંદુમુસલમાન ઐક્ય બંનેમાં તેમને બ્રિટિશ રાજ્યને જોખમની ગંધ આવી. તેમને લાગ્યું કે બ્રિટિશ વિરુદ્ધ ઉત્પન્ન થયેલું એ એક કાવતરું છે, અને તેને ગમે તેટલા જોખમે પણ તોડવું જ જોઈએ. લાહોરના લોકનેતાઓની સામે ચાલેલા કામમાં ફરિયાદપક્ષે પણ તેઓનાં શાંતિભરેલાં કાર્યોને "કાવતરું અને સરકાર સામે વિગ્રહ"નું મોટું નામ આપેલું. લાહોરમાં ચાલેલો મુકદ્દમો ઉપસ્થિત કરનાર અધિકારીએ તૈયાર કરેલું સંક્ષિપ્ત આરોપપત્ર આ પ્રમાણે હતું:

> રૉલેટ બિલ તરીકે સામાન્ય રીતે જાણવામાં આવેલો કાયદો વડી ધારાસભાએ તા. ૧૮મી માર્ચ ૧૯૧૯ને દિવસે પસાર કર્યો. તે ઉપરથી પંજાબની બહારના કેટલાક લોકોએ સરકારની સામે લોકલાગણી ઉશ્કેરવાના ઇરાદા અને હેતુથી તોફાની સભાઓ ભરવા માટે તથા આખા દેશમાં હડતાળ પાડવા માટે, તથા તેમ કરીને સરકારને ગભરાવીને સદરહુ કાયદો રદ કરાવવાનો પ્રયત્ન કરાવવા માટે, એક કાવતરું રચ્યું, તેમાં તહોમતદારો પણ સામેલ થયા. અને તે મુજબ આખા હિંદુસ્તાનમાં, અને ખાસ કરીને પંજાબમાં કાવતરાંખોરોએ તહોમતદારોને સામેલ રાખીને, તા. ૩૦મી માર્ચે આખા દેશમાં પાડવાની એક હડતાળ જાહેર કરી, જેનો ઉદ્દેશ અવ્યવસ્થા ઉત્પન્ન કરવાનો, દેશના ઉદ્યોગધંધા બંધ કરવાનો, અને સરકાર સામે અપ્રીતિ અને તિરસ્કાર ઉત્પન્ન કરવાનો હતો.

આ પછી કેટલીક સભાઓ — જેને આરોપપત્રમાં "દંગાખોર સભાઓ" કહી છે તે વિષે સામાન્ય હકીકત આવે છે, અને તે પછી બે પરિચ્છેદો એવા આવે છે કે જે સરકાર તરફથી એ આરોપપત્ર ઘડનારના પોતાના જ શબ્દોમાં અહીં આપવા અમને યોગ્ય લાગે છે:

> તા. ૯મી એપ્રિલે, સરકારની સામે અપ્રીતિ અને શત્રુતાની લાગણી ઉશ્કેરવા માટે થયેલા કાવતરા મુજબ, અને રામનવમીના સરઘસ વખતે, તહોમતદારો રામભજદત્ત, ગોકુલચંદ, ધરમદાસ સૂરી અને દુનીચંદ અને બીજાઓએ, કાયદા મુજબ સ્થપાયેલી સરકારની સામે હિંદુ અને મુસલમાનોના ઐક્યને ઉત્તેજન આપ્યું. તા. ૧૦મી એપ્રિલે, પંજાબની સરકારે શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે ગાંધી નામના એક કાવતરાખોરને પંજાબ પ્રાંતમાં આવતો અટકાવવાનો હુકમ કાઢ્યો, અને તે જ તારીખે અમૃતસરમાંથી કિચલુ અને સત્યપાલ નામના બીજા બે કાવતરાખોરોને દેશપાર કરવાનો હુકમ કાઢ્યો. શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટેના સરકારના આ સાવચેતીના ઉપાયોને આ કાવતરાખોરો શહેનશાહની સામે વિગ્રહ કરવાની નિશાની માનીને વળગી પડ્યા.

હડતાળ તથા તેની આગળપાછળ થયેલી સભાઓને, તથા હિંદુમુસલમાનોની બિરાદરીને સરકારે રાજ્યની ઉપર ઝઝૂમી રહેલું જોખમ માની લીધું, એ અમારો મુદ્દો વધારે સ્પષ્ટ કરવા માટે જ અમે ઉપરના પરિચ્છેદો અહીં ઉતાર્યા છે. હડતાળ અને બિરાદરીને આવી રીતે જોખમરૂપ માની

Gandhi Heritage Portal

લેવાનું સરકારને પાછળથી સૂઝયું એમ ન હતું. તા. ૭મી એપ્રિલે સર માઇકલ ઓડવાયરે પોતાનો આ મત ચોખ્ખા શબ્દોમાં બતાવી આપ્યો હતો. તે દિવસના તેમના ભાષણમાંથી અમે ઉતારા આપી ચૂકયા છીએ. જલંધરના બૅરિસ્ટર માન. રાયજાદા ભગતરામ તેઓને મળ્યા હતા તેની આગળ પણ તેમણે હડતાળ પ્રત્યેનો પોતાનો સખત અણગમો બતાવ્યો હતો એમ રાયજાદાએ રજૂ કરેલી જુબાની ઉપરથી જણાશે. રાયજાદા જણાવે છે કે :

પંજાબ ધારાસભાની બેઠક પછી હું લેફ્ટનન્ટ ગવર્નરને તેમના "ડ્રૉઇંગ રૂમ"માં મળ્યો. તેમણે મને પૂછયું, "જલંધરમાં કેવીક હડતાળ પડી હતી?" મેં કહ્યું કે સંપૂર્ણ હડતાળ પડી હતી અને કાંઈ પણ ગરબડ થઈ ન હતી. સર માઇકલે મને તેમ થવાનું કારણ પૂછયું. મેં જવાબ આપ્યો, "મારા ધારવા પ્રમાણે તેનું કારણ શ્રીયુત ગાંધીનું આત્મબળ છે." તુરત જ સર માઇકલે પોતાની મુક્કી ઉઠાવીને મને કહ્યું, "રાયજાદા સાહેબ, યાદ રાખજો, ગાંધીના આત્મબળ કરતાં બીજું એક મોટું બળ છે હોં." (જુબાની નં. ૬૫૦)

આ ઉપરથી જણાશે કે રાજકીય અસ્મિતાને, કોઈ પણ ઉપાયે, જડમૂળથી ઉખેડી નાખવાનો સર માઇકલે નિશ્ચય કરેલો હતો. લોકોને પરોણી ઘોંચીને ઘેલા બનાવવાની તેમની તૈયારી હતી, અને તેમાં તેમને કાંઈક ફતેહ પણ મળી એમ આપણે થોડા વખતમાં જોઈશું.

## માર્શલ લૉ

### ભાગ ૨ જો : અમૃતસર

આપણે અમૃતસર પહેલું લઈશું, કારણ લોકોને પરોણી ત્યાં જ પ્રથમ ઘોંચવામાં આવી. નગર તરીકે લાહોરથી અમૃતસર બીજે નંબરે આવે, જોકે કેટલીક બાબતોમાં લાહોરના કરતાં અમૃતસરની અગત્ય વધી જાય છે. અમૃતસરની વસ્તી ૧,૬૦,૦૦૦ની છે. શીખ લોકોનું સૌથી મોટું મંદિર — દરબાર સાહેબ (સુવર્ણ મંદિર) — અહીં છે. પંજાબનું મોટામાં મોટું વેપારવણજનું મથક હોવાથી, અને દરબાર સાહેબનું સ્થાન હોવાથી પંજાબના તમામ ભાગોમાંથી અને બહારથી પણ ત્યાં પુષ્કળ યાત્રાળુઓ અને પ્રવાસીઓ આવે છે.

એપ્રિલની મધ્યમાં હિંદુઓનું નવું વર્ષ બેસે છે, અને તે દિવસે અમૃતસરમાં એક મોટું ઢોરનું બજાર પણ ભરાય છે. આ દિવસને વૈશાખી કહે છે, અને ધાર્મિક અને વ્યાપારિક બંને રીતે તેનું મહત્ત્વ છે. દર વર્ષે પાસેના અને આઘેના પુષ્કળ લોકો ત્યાં ભેગા થાય છે. વૈશાખી પહેલાં રામનવમીનો ઉત્સવ આવે છે.

અમૃતસરમાં ૬ઠ્ઠી એપ્રિલે સંપૂર્ણ હડતાળ પડી હતી. મુસલમાન, શીખ અને તમામ દરજ્જાના સહુ હિંદુઓએ આ હડતાળ પૂરેપૂરી પાળી હતી. લોકોએ આપોઆપ અને સ્વેચ્છાથી આ પાળી હતી. ભેગા થયેલા લોકોનું વર્તન બિલકુલ મણા વિનાનું હતું અને સઘળું નિર્વિઘ્ને થઈ ગયું હતું.

૯મી એપ્રિલે રામનવમીનું પર્વ હતું. મુખ્યત્વે આ પર્વ તો હિંદુઓનું ધાર્મિક પર્વ છે. પણ આ વખતે હિંદુમુસલમાન ઐકયને માટે પણ એનો ઉપયોગ કરવામાં આવ્યો. મુસલમાનોએ એમાં આગળપડતો ભાગ લીધો. આ બિરાદરીની બધી વ્યવસ્થા કરનારાઓમાં ડૉ. સત્યપાલ અને કિચલુ હતા. આ પહેલાં લાંબો વખત થયાં આ બંને લોકનેતાઓ પોતાની સાર્વજનિક સેવાને લીધે આગળ આવ્યા હતા.

Gandhi Heritage Portal

ડૉ. સૈફુદ્દીન કિચલુ એક મુસલમાન બૅરિસ્ટર છે, અને તેમનો ધંધો સુંદર ચાલે છે. એમણે મન્સ્ટરની ડૉક્ટર ઑફ ફિલૉસૉફીની ડિગ્રી મેળવેલી છે તથા કેમ્બ્રિજના ગ્રૅજ્યુએટ છે. એમણે અલીગઢમાં પણ અભ્યાસ કર્યો હતો. એમની ઉંમર ૩૫ વર્ષની છે, અને એમને સ્ત્રી તથા બે છોકરાં છે. હિંદુમુસલમાન ઐકયના વિષયમાં ઘણાં વરસથી તેઓ રસ લેતા આવ્યા છે.

ડૉ. સત્યપાલ હિંદુ હોઈ, ખત્રી જાતિના છે. એઓ પંજાબ યુનિવર્સિટીના બી. એ. એમ. બી. છે. લડાઈ દરમ્યાન લેફ્ટનન્ટ આઈ. એમ. એસ. તરીકે કામ કરવાને એમને એડનમાં શહેનશાહી કમિશન મળ્યું હતું. જાહેરમાં એઓ ડૉ. કિચલુની સાથે કામ કરનાર હતા, અને અમૃતસર રેલવે સ્ટેશન ઉપર હિંદુઓને પ્લૅટફૉર્મ ટિકિટ અપાતી બંધ થવાની સામે ચળવળ કરીને તેમાં સફળ થવાથી તેઓ લોકપ્રિય થયા. રૉલેટ ઍક્ટ સામેની ચળવળ દરમ્યાન બંને વધારે લોકપ્રિય થયા અને બંનેને સત્યાગ્રહ પસંદ હતો. જેમ બીજે ઠેકાણે તેમ જ અમૃતસરમાં રૉલેટ ઍક્ટ સામેની સભાઓમાં ધીમે ધીમે માણસો વધવા લાગ્યાં એમાં તો કાંઈ શક નથી, અને જેમ ચળવળનું જોર વધતું ગયું તેમ તેમ આ બંને લોકનેતાઓ તેમાં ચાલુ ભાગ લેવાને લીધે લોકોના દેવ બની ગયા.

પંજાબ સરકારના હુકમથી તા. ૨૯મી માર્ચ, ૧૯૧૯ને દિવસે ડૉ. સત્યપાલને જાહેરમાં ભાષણ આપવાની મનાઈ થઈ, તથા અમૃતસરમાં તેમને પૂરી દેવામાં આવ્યા.

આગલા પ્રકરણમાં જણાવ્યું છે તેમ હિંદુસ્તાનના કેટલાક ભાગમાં ૩૦મી માર્ચે પણ હડતાળ પાડવામાં આવી હતી. અમૃતસરમાં પણ તે જ દિવસે હડતાળ પડી.

અમૃતસરમાં થયેલી ૩૦મી માર્ચની સભામાં, સરકારી હેવાલ પ્રમાણે, ૩૦,૦૦૦થી ૩૫,૦૦૦ માણસો હાજર રહ્યાં હતાં, અને આટલી હાજરી છતાં તે સભા નિર્વિઘ્ને પસાર થઈ એમ બધાયે હેવાલ સાખ પૂરે છે. સભામાં વક્તાઓએ પ્રસ્તુત પ્રસંગના શાંત અને ધાર્મિક સ્વરૂપ ઉપર ખાસ ભાર મૂકયો હતો. ડૉ. કિચલુના ભાષણના છેવટના શબ્દો આ પ્રમાણે હતા:

> રાષ્ટ્રીય હિતને માટે અંગત સ્વાર્થ તજવાને આપણે સદા તૈયાર રહીશું. મહાત્મા ગાંધીનો સંદેશો તમારી આગળ વાંચી સંભળાવવામાં આવ્યો છે. દેશના તમામ લોકોએ પ્રતિકાર કરવાને તૈયાર થવું જોઈએ. આનો અર્થ એવો નથી કે આ પવિત્ર નગરમાં અથવા દેશમાં લોહીની નદી વહેવી જોઈએ. પ્રતિકાર નિ:શસ્ત્ર થવો જોઈએ. તમારા અંતરાત્માના આદેશ પ્રમાણે વર્તવાને તૈયાર રહેજો, પછી ભલેને તેમ કરવાથી તમારે જેલમાં જવું પડે અથવા પ્રરહેજ થવાનો સરકાર તરફથી હુકમ મળે.

> વળી,

> કોઈ પણ જણને દૂભવશો નહીં, દુ:ખ આપશો નહીં. શાંતિથી ઘેર પાછા વળજો. બાગમાં ફરતા ફરતા જજો. કોઈ પણ પોલીસના માણસના સંબંધમાં અથવા દેશદ્રોહીના સંબંધમાં કડવાં વચન ન બોલશો, કે જેથી દુ:ખ થાય અથવા શાંતિનો ભંગ થવાનો અથવા દંગો થવાનો પ્રસંગ ઊભો થાય.

પણ સર માઈકલ ઓડવાયર તો અમૃતસરની હડતાળથી અને સભાથી ખૂબ ચિડાયા, એટલે ડૉ. કિચલુ ઉપર પણ તેમણે ડૉ. સત્યપાલ ઉપર જે હુકમ કાઢ્યો હતો તે જ હુકમ કાઢ્યો. હુકમની તારીખ ત્રીજી એપ્રિલ છે અને તેમાં બીજા હુકમ મળે નહીં ત્યાં સુધી ફરમાવ્યું છે કે ડૉ. કિચલુએ



Gandhi Heritage Portal

(૧) અમૃતસરની મ્યુનિસિપલ હદની અંદર જ રહેવું અને બહાર જવું નહીં, (૨) વર્તમાનપત્રોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કશું લખાણ કરવું નહીં, અને (૩) કોઈ પણ જાહેર સભા બોલાવવી નહીં, કે તેવી સભામાં હાજર રહેવું નહીં, તેમ જ કોઈ ભાષણ આપવું નહીં કે લખેલું ભાષણ વાંચવું નહીં.

પંડિત કોટુમલ, પંડિત દીનાનાથ[1] અને સ્વામી અનુભવાનંદને પણ આ પ્રમાણે બંધી કરવામાં આવી. આ હુકમોથી બેશક, લોકચિત્ત સંક્ષુબ્ધ થયું હતું જ, પણ સમતા ખોઈ બેઠું ન હતું. એટલે તા. ૬ઠ્ઠીએ વળી એક સંપૂર્ણ હડતાળ પડી, અને ૩૦મી માર્ચના કરતાંયે મોટી સભા થઈ. અમૃતસરના એક બૅરિસ્ટર મિ. બદરુલ ઇસ્લામખાન એ સભાના પ્રમુખ હતા, અને તેમાં ૫૦,૦૦૦ માણસો હાજર રહેવાનું કહેવાય છે. એ સભાની હકીકત પણ સરકારી હેવાલમાંથી જ આપીએ. એમાં એક ઠરાવ એવો થયો કે ડૉ. સત્યપાલ અને બીજાઓ વિરુદ્ધ નીકળેલા હુકમો રદ કરવાની સરકારને વિનંતી કરવી. આ હુકમના સંબંધમાં જે જે ભાષણો થયાં હતાં તેનો પ્રધાન સૂર, એ સભાના હેવાલમાંથી લીધેલા નીચેના વાક્યમાંથી જણાશે.

આ લોકોની સામે જે આરોપ મૂકવામાં આવ્યો છે તે માત્ર એ છે કે તેમણે આપણને સૌને રૉલેટ ઍક્ટના ખરા હેતુથી વાકેફ કર્યા.

રૉલેટ ઍક્ટ રદ કરવાની માગણી કરનારો પણ એક ઠરાવ પસાર થયો હતો. પ્રમુખે સભાનું કામ આટોપતાં કહ્યું હતું:

ગયા રવિવારની સભા કરતાં પણ આજની સભા વધારે યશપ્રદ થઈ કહેવાય. તમારો મત બતાવવાનો તમારો હેતુ પાર પડયો છે. આવે વખતે લોકોએ પોતાના આવેશને વશ ન થતાં ધીરજ રાખવી જોઈએ. મહાત્મા ગાંધીનો ઉપદેશ આ છે: આ લડતમાં આપણે શોક અને દુ:ખ શાંતિથી સહન કરશું, અને તેમ કરીને અત્યાચાર અને કડવાશથી આપણે મુક્ત રહીશું. અસત્યનો સદાયે પરાજય છે અને સત્યનો વિજય છે. જો તમે મનની શાંતિ જાળવશો, ધૈર્ય રાખશો અને ક્ષમાવૃત્તિ રાખશો તો આ સભાની બહુ ભારે અસર થશે. પણ જો વધારે ગરબડ થશે અને વધારે નહીં પણ માત્ર બે માણસો વચ્ચે પણ વઢવાઢ થશે, તો તેનાં માઠાં પરિણામ આવશે અને સભા નિષ્ફળ જશે. માટે શ્રોતાજનોને વિનંતી કરું છું કે તેઓએ સભાસ્થાન છોડીને શાંતિથી વીખરાઈ જવું, અને કોઈ પણ પ્રકારનું સરઘસ બનાવવું નહીં.

જે હેવાલમાંથી અમે ઉપરનો ઉતારો લીધો છે તે તારીખ ૮મી એપ્રિલનો છે અને તેને અંતે આ પ્રમાણે ટીકા છે :

લોકોએ પ્રમુખની સૂચનાઓ પૂરેપૂરી પાળી.

અમે અગાઉ કહી ગયા છીએ કે ૯મી એપ્રિલે રામનવમી હતી. લોકનેતાઓએ નિશ્ચય કર્યો હતો કે તે પ્રસંગે હિંદુમુસલમાનોનું સંપૂર્ણ ઐકય સાધવું. રામનવમી સામાન્ય રીતે ધાર્મિક ઉત્સવ છે, પણ મુસલમાનોએ તેમાં ભાગ લેવાનો ઠરાવ કરેલો હોવાથી તેનો અર્થ સ્વાભાવિક રીતે બહોળો કરવામાં આવ્યો. મોટું સરઘસ કાઢવામાં આવ્યું, અને તેમાં પુષ્કળ મુસલમાનોએ પણ ભાગ લીધો. ડૉ. કિચલુ અને સત્યપાલે જુદે જુદે ઠેકાણેથી આ સરઘસ જોયું, અને સરઘસે તેમને જ્યાં જ્યાં જોયા ત્યાં હર્ષાભિનંદન આપ્યું. અમૃતસરના ડેપ્યુટી

૧. અમૃતસરથી નીકળતા વક્ત નામના પત્રના તંત્રી.

Gandhi Heritage Portal

કમિશનર પણ આ સરઘસ જોતા હતા, અને વાજાંવાળાઓની દરેક ટુકડી તેમની પાસેથી પસાર થતાં "गॉड सेव द किंग" (જીવો બહુ વર્ષ મહારાજા) બજાવતી હતી. આટલું મોટું સરઘસ નીકળવા છતાં પ્રસંગ નિર્વિઘ્ને ઊકલી ગયો હતો.

લોકોના આ સરઘસથી, અને રાષ્ટ્રીય અસ્મિતાના વિકાસને લીધે કોઈ પણ કલ્પનાશાળી, અને લોકોની અભિલાષાઓ માટે દિલસોજી ધરાવનાર રાજ્યકર્તાનું હૈયું હર્ષથી ઊભરાઈ ગયું હોત; પણ સર માઈકલ ઓડવાયરનામાં તો ક્રોધ જ પ્રગટ્યો. તેમને તે વાતથી ચીડ ચડી કે (ઉપર જણાવેલા) તેમના હુકમોથી તો લોકો દબાઈ જવાને બદલે ઊલટા વધારે બહાદુર બન્યા, અને પોતાની માગણી વધારે જોરથી પ્રગટ કરવા લાગ્યા. આ કારણથી ઉપર કહેલું સરઘસ જે ઘડીએ વ્યવસ્થિત રીતે, અને સંપૂર્ણ કાયદામાં રહીને ચાલી રહ્યું હતું તે જ ઘડીએ લગભગ પંજાબ સરકારના સેક્રેટેરિયેટમાં લોકોની શાંતિ નષ્ટ કરી તેમને ખળભળાટમાં નાખનારો હુકમ ઘડાઈ રહ્યો હતો—લેફ્ટનન્ટ ગવર્નરે ડૉ. કિચલુ અને સત્યપાલને હદપાર કરવાનો ઠરાવ કર્યો હતો. આ હુકમો અમૃતસરમાં તા. ૯મી એપ્રિલે મોડી રાત્રે મળ્યા, અને ડૉ. કિચલુ અને સત્યપાલને ડેપ્યુટી કમિશનરે તા. ૧૦મી એપ્રિલે બોલાવી મંગાવ્યા. તેમને હુકમ આપ્યા અને મોટરકારમાં બેસાડી કોઈ અજાણી જગ્યાએ વિદાય કર્યા. આ ખબર અમૃતસરમાં વીજળીની માફક પ્રસરી ગઈ. તુરત જ લોકોનું એક ટોળું ભેગું થયું. આ લોકો બધા શોકમાં હતા, એટલે ઉઘાડે માથે હતા. ઘણાઓ ઉઘાડે પગે હતા, અને કોઈની પાસે લાકડીઓ તો હતી જ નહીં. આ બધા પોતાનાં વહાલાંઓને છોડાવવાની માગણી કરવા માટે ડેપ્યુટી કમિશનરને બંગલે જવા નીકળ્યા હતા. એ ટોળું અમૃતસરના મુખ્ય મુખ્ય મહોલ્લાઓમાંથી નેશનલ બૅંક, ટાઉન હૉલ, અને ક્રિશ્ચિયન મિશન હૉલ પાસે થઈને પસાર થયું—જે ઈમારતોનો થોડા વખતમાં જ આમાંના કેટલાક જણાને હાથે નાશ થવાનો હતો. પણ આ લોકોને રસ્તામાં જ (રેલવેના) ગાડીઓ જવાના પુલ આગળ જ લશ્કરી પહેરેદારોએ અટકાવ્યા. લોકોએ ત્યાંથી પસાર થવાની માગણી કરી, અને કહ્યું કે અમારે ડેપ્યુટી કમિશનરને બંગલે ફરિયાદ કરવા જવું છે. તેઓ આગળ ધસ્યા, પહેરેદારો જરા પાછા હઠ્યા. તેઓ આગળ વધ્યા એટલે તેમની ઉપર પહેરેદારોએ ગોળીબાર કર્યો. કેટલાક ઘાયલ થયા અને કેટલાક મરણ પામ્યા, એટલે લોકો પાછા હઠ્યા. હવે એ ટોળું કાંઈ શાંત ટોળું રહ્યું ન હતું. પોતાના લોકનાયકોને છોડાવવાના પ્રયત્નમાં નિષ્ફળ થયેલું એ ટોળું હતું, પોતાના કેટલાક માણસો ઘાયલ થવાને લીધે અને મરણ પામવાને લીધે ખિજવાયેલું એ ટોળું હતું. આ ચિડાયેલા માણસો ઘવાયેલા અને મરણ પામેલા માણસોને લઈને કેટલાક (રેલવેના) માણસો જવાના પુલ તરફ ગયા, કેટલાક હૉલબજાર તરફ ગયા. આ ઘવાયેલા અને મરણ પામેલા લોકોને જોઈને નગરના લોકો ક્રોધે ભરાયા. થોડા વખતમાં તો એક મોટું ટોળું પાછું (રેલવેના) ગાડીઓ જવાના પુલ અને માણસો જવાના પુલ આગળ ભેગું થયું. આ વખતે તે લોકો લાકડીઓ અને લાકડાના કટકાઓથી સજ્જ થયેલા હતા. બંને પુલો ઉપર લશ્કરી સિપાઈઓનો પહેરો હતો.

દરમિયાન, આ ખળભળાટની ખબર સાંભળીને, સ્થાનિક વકીલમંડળે ડેપ્યુટી કમિશનરની પાસે જઈને, આ લોકોને વિખેરી નાખવાના હેતુથી, મદદ આપવાની માગણી કરી. તેમને વચ્ચે પડવાની પરવાનગી મળી. તેઓ આવી પહોંચ્યા એટલે અમૃતસરના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ, મિ. પ્લૂમરે તેમને કહ્યું કે એક મોટું ટોળું રેલવેયાર્ડ તરફ ગયું છે. એટલે કેટલાક તે દિશામાં ગયા, અને કેટલાક પુલોની પાસે જ રહ્યા. રેલવેયાર્ડ પાસે જેઓ ગયા તેઓ ત્યાંથી

Gandhi Heritage Portal

ટોળાને વિખેરી નાખી શકયા. પણ ગાડીઓ જવાના પુલ આગળ સ્થિતિ જરા વધારે વિષમ હતી. એક બાજુએ મિ. સલેરિયા અને મકબૂલ મહમૂદ ટોળાને વીખરાઈ જવાનું સમજાવી રહ્યા હતા, બીજી બાજુએ અધિકારીઓને ગોળીબાર ન કરવાનું સમજાવી રહ્યા હતા. ઘડીકવાર એમ લાગતું હતું કે, તેમના પ્રયત્ન સફળ થશે, પણ ટોળામાંના કેટલાક માણસોએ લશ્કરી સિપાઈઓ ઉપર પથરા અથવા લાકડાના કકડાઓ ફેંકયા. તુરત જ તેઓએ ગોળીબાર કર્યો, અને વીસ માણસોને મારી નાખ્યા અને કેટલાકને ઘાયલ કર્યા. મિ. સલેરિયા અને મકબૂલ મહમૂદ પોતે બિચારા માંડ માંડ બચી ગયા. તેઓ ટોળામાં હતા અને ટોળાને વીખરાઈ જવાનું સમજાવવામાં અધિકારીને મદદ કરતા હતા તે દરમિયાન જ ગોળીબાર કરવાનો હુકમ આપવા માટે મુખ્ય અમલદારે તેઓની આગળ દિલગીરી દર્શાવી. મિ. મકબૂલ મહમૂદ આ પછી સિવિલ હૉસ્પિટલમાં ગયા, અને ઘવાયેલા માણસોની તાત્કાલિક સારવાર કરવા માટે ડૉક્ટર ધનપતરાયને બોલાવી લાવ્યા. હૉસ્પિટલમાંથી ડોળીઓ લાવવામાં આવી હતી, પણ એમ કહેવાય છે કે લોકો પોતાની વ્યવસ્થા કરી લેશે એમ કહીને મિ. પ્લૂમરે ડોળીવાળાઓને કાઢી મૂકયા. કેટલાક ઘાયલોને ડૉક્ટર કેદારનાથને ઘેર લઈ જવામાં આવ્યા. તેઓ જનાના હૉસ્પિટલની બહુ નજીક રહેતા હતા. એવું કહેવાય છે કે મિસિસ ઈઝડન[1] ઘવાયેલાઓને જોઈને હસ્યાં, અને બોલ્યાં કે હિંદુઓ અને મુસલમાનોને ઘટતું હતું તે મળ્યું. આ ઉપરથી એક ટોળીએ હૉસ્પિટલમાં જબરદસ્તીથી પ્રવેશ કર્યો અને મિસિસ ઈઝડનને શોધી કાઢવાનો પ્રયત્ન કર્યો; પણ એટલા વખતમાં મિસિસ બેન્જામિને તેમને કયાંક સંતાડી દીધાં હતાં એટલે તે બચી ગયાં. ચિડાયેલા ટોળાએ નેશનલ બૅંક ઉપર હુમલો કર્યો, અને તેના મૅનેજર મિ. સ્ટુઅર્ટને અને ઍકાઉન્ટન્ટને ઠાર કર્યા. જેઓ ગુડ્ઝરોડમાં ગયા હતા તેઓએ રેલવેગાર્ડ મિ. રૉબિન્સનને ઠાર કર્યા. ટોળાએ ઍલાયન્સ બૅંક ઉપર હુમલો કર્યો, અને તેના મૅનેજર મિ. ટૉમસને રિવૉલ્વરના બાર કરવા માંડયા એટલે મિજાજ ખોઈને તેને ઠાર કર્યો. તેનું મુડદું બહાર ફેંકી દીધું અને તેને બૅંકના ફર્નિચર વડે બાળ્યું. કૅન્ટોનમૅન્ટના ઈલેક્ટ્રિશિયન સાર્જન્ટ રોલૅન્ડનું રિગો પુલ આગળ ખૂન થયું. ટાઉન હૉલ, પોસ્ટ ઑફિસ અને મિશન હૉલ તેમ જ ભગતનવાલા રેલવે સ્ટેશનનો કેટલોક ભાગ બાળવામાં આવ્યો. ચાર્ટર્ડ બૅંક ઉપર પણ હલ્લો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, પણ બૅંકના હિંદી નોકરો વખતસર વચમાં પડવાને લીધે કાંઈ ભારે નુકસાન થયું નહીં. મિસ શેરવુડ[2] જેઓ સાઈકલ ઉપર બેસીને જતાં હતાં તેમના ઉપર ખૂની હુમલો કરવામાં આવ્યો, પણ તેમને તેના એક હિંદી વિદ્યાર્થીના પિતાએ બચાવી લીધાં. આ ટોળામાં, બેશક, આવા કામમાં હમેશાં ભાગ લેનારા બદમાશો હતા જ. તેમણે બરોબર લાગ આવ્યો છે એમ જોઈને નેશનલ બૅંકની વખાર લૂંટી. (અહીં અમારે જણાવવું જોઈએ કે આ બનાવ બની ગયા પછી કેટલાક પોલીસના માણસોને બૅંકમાંથી ચોરાયેલો માલ તેમની પાસેથી મળી આવ્યાથી પકડવામાં આવ્યા છે.) આ બધી રંજાડ અને લૂંટ ૧૦મી એપ્રિલની સાંજે પાંચ વાગ્યા સુધીમાં થઈ ચૂકી હતી.

અમૃતસરના લોકોની, તેમના માનીતા નાયકોને દેશપાર કર્યાથી નાહકની જબરદસ્ત છેડણી કરવામાં આવી હતી. આ છેડણી પેલા નિઃશસ્ત્ર ટોળાને પોતાના શાંતિભર્યા કાર્ય માટે અટકાવવામાં આવ્યું એટલે બમણી થઈ. અહીં એ વાત પુનઃ આગ્રહપૂર્વક સ્મરણમાં રાખવાની જરૂર છે કે

૧. મ્યુનિસિપલ જનાના હૉસ્પિટલની લેડી ડૉક્ટર.
૨. સ્થાનિક મિશન સ્કૂલમાં નોકરી કરતી એક અંગ્રેજ સ્ત્રી.

Gandhi Heritage Portal

ગાડીઓના પુલ આગળ ટોળું ગયું ત્યાં સુધી, અને તેની ઉપર ગોળીબાર થયો ત્યાં સુધી તેણે કશો અત્યાચાર કર્યો ન હતો. ડેપ્યુટી કમિશનરને બંગલે એ ટોળાને જવા દેવામાં આવ્યું હોત, અને ત્યાં તેની ફરિયાદ નામંજૂર થાત — કારણ તે નામંજૂર થવાનો સંભવ તો હતો જ — તો શું થાત તે કહેવું કઠણ છે. ઘણોખરો આધાર ડેપ્યુટી કમિશનરના તેમની પ્રત્યેના વર્તન ઉપર રહેત. એટલું તો કબૂલ કરવું જોઈએ કે એ ટોળાને પોતાનું ધાર્યું કરાવવાની ધૂન ભરાયેલી હતી, અને અધિકારીઓના મનમાં જો એમ લાગ્યું હોય કે એ ટોળું અત્યાચારનાં કૃત્યો કરશે તો તેને આગળ વધતું અટકાવવાને માટે અમે અધિકારીઓનો વાંક કાઢી શકતા નથી. માર્શલ લૉ કમિશનની આગળ પડેલો પુરાવો, લૉર્ડ હંટરની કમિટીની[૧] આગળ આપવામાં આવેલો પુરાવો તથા અમે ભેગો કરેલો પુરાવો — આ બધા પુરાવા ઉપરથી અમે એવું અનુમાન બાંધી શકીએ કે ગોળીબાર કરવા માટે કશું કારણ ન હતું. અધિકારીઓએ સામાન્ય રીતે દરેક સુધરેલા દેશમાં ગોળીબારનો હુકમ કરતાં પહેલાં જે પગલાં લેવામાં આવે છે તેમાંનું એક પણ પગલું લીધું ન હતું. ટોળાને સમજાવવાનો કશો પ્રયત્ન થયો ન હતો, કશી વાટાઘાટ થઈ ન હતી તેમ જ બીજાં કશાં ઓછાં સખત પગલાં વાપરવામાં નહોતાં આવ્યાં. ટોળાએ આગ્રહ ધર્યો કે તરત જ ગોળીબાર કરવાનો હુકમ આપવામાં આવ્યો. આ દેશમાં અધિકારીઓ અને લશ્કરના માણસોનો કોઈ પણ જોખમ ન વહોરવાનો અથવા તો બીજી રીતે કહીએ તો હિંદીઓની જિંદગી સોંઘી ગણવાનો બહુ રિવાજ થઈ પડ્યો છે.

મિ. મકબૂલ મહમૂદ, હાઈકોર્ટ વકીલ, જેઓ મિ. સલેરિયાની સાથે ટોળાંને સમજાવવાનો પ્રયત્ન કરતા હતા તેઓ, બીજી વારના ગોળીબારના સંબંધે નીચે પ્રમાણે જણાવે છે:

> સલેરિયાએ અને મેં ડેપ્યુટી કમિશનરને અને અમલદારોને બૂમો પાડીને ખસી જવાનું અને ગોળીબાર ન કરવાનું કહ્યું, કારણ અમને ત્યાં સુધી પણ ટોળાને પાછું ખસેડવાની આશા હતી. ટોળામાંથી કેટલાક જણાએ લાકડાના કકડા અને પથરા સોલ્જરો ઉપર ફેંક્યા. સોલ્જરોએ તરત જ કાંઈ પણ ચેતવણી કે ખબર આપ્યા વિના ગોળીબાર કરવો શરૂ કર્યો. મારી જમણી અને ડાબી બાજુએ ગોળીઓનો સુસવાટ ચાલી રહ્યો. ટોળું ૨૦ કે ૨૫ માણસોને ઘાયલ અને મૂએલા મૂકીને વીખરાઈ ગયું. ગોળીબાર બંધ થયો એટલે મેં સોલ્જરો પાસે જઈને તેમને પૂછ્યું કે "તમારી પાસે ઘાયલને લઈ જવાની ગાડી અથવા તાત્કાલિક સારવારનાં બીજાં કાંઈ સાધનો છે ખરાં?" પાસે જ આવેલી હૉસ્પિટલે મદદ માટે દોડી જવાને હું તૈયાર થયો. પણ સોલ્જરો મને જવા દે નહીં. પણ મિ. સીમૂરે મને જવા દીધો. ગોળીબાર થયો ત્યારે ડેપ્યુટી કમિશનર પોતે હાજર હતા. તેમને ખબર હતી કે સલેરિયા અને હું બંને વકીલો હતા, અને લોકોને શહેરમાં પાછા ફેરવવાનો પ્રયત્ન કરતા હતા. અમે બચી ગયા તે અમારા નસીબે જ. હું હજી માનું છું કે અધિકારીઓએ જરા વધારે ધીરજ રાખી હોત તો અમે ટોળાને પાછા ફેરવવાને શક્તિમાન થાત. એ શોકની વાત છે કે, અધિકારીઓએ ગોળીબાર કરવાનો નિશ્ચય કર્યા છતાં ઘાયલની ગાડીને માટે અથવા તાત્કાલિક સારવાર માટે કશી તજવીજ રાખી નહીં. હું માનું છું કે વખતસર વૈદકીય મદદ મળી આવી હોત તો કેટલાક ઘાયલો બચી ગયા હોત. પહેલા થોડા ગોળીબાર થયા કે

૧. પંજાબનાં તોફાનોની તપાસ કરવા નિમાયેલી કમિટી. આ કમિટી ૧૯૧૯ના ઑક્ટોબર માસમાં લૉર્ડ હંટરના અધ્યક્ષપદે હિંદ સરકારે નીમી હતી.

Gandhi Heritage Portal

તરત જ ટોળું પાછું ફર્યું, પણ ગોળીબાર તો તેઓએ નાસભાગ કરવા માંડી ત્યાર પછી પણ ચાલુ રાખ્યો હતો. તેમાંના ઘણાઓને પીઠમાં ગોળી વાગી હતી. ઘણાખરાઓને કમર ઉપર, એટલે મોં ઉપર અથવા માથામાં ગોળી વાગી હતી. (જુબાની ૫, પા. ૩૦ અને ૩૧)

લક્ષમાં રાખવું જોઈએ કે અત્યાર સુધી ટોળાએ અત્યાચારો શરૂ કર્યા ન હતા. એટલે અધીરાઈ, બેદરકારી અથવા નિર્દયતાને માટે કાંઈ કારણ ન હતું, છતાં ઉપર જણાવેલા સાક્ષીએ જણાવ્યા પ્રમાણે આ તો દીસી આવતાં હતાં.

હદપાર કરવાના હુકમ તથા ગોળીબાર માટે, આ કારણોસર, અમને અત્યંત ખેદ થાય છે, અને બંનેને અમે ગેરવાજબી માનીએ છીએ, તથા તાત્કાલિક સારવાર ન રાખવાના કૃત્યને અમે ઘાતકી માનીએ છીએ, છતાં ટોળાએ નિર્દોષ મનુષ્યોના જાન લીધા અને ઇમારત અને બીજા માલનો નાશ કર્યો તેનો કાંઈ પણ બચાવ થઈ શકે એમ નથી. બૅંકના મૅનેજરો, તેવી તેમની યોગ્યતા હોઈ, લોકપ્રિય હતા. ટોળાંએ જે બીજાઓનાં ખૂન કર્યાં તે તો તેમને અજાણ્યા હતા અને તેઓ પણ તદ્દન નિર્દોષ હતા. મિસ શેરવુડ એક સેવાનિષ્ઠ ખ્રિસ્તી શિક્ષિકા હતી અને મિસિસ ઇઝડને ગમે તેવી વાંધાભરેલી ટીકા કરી હોય, તોપણ તેથી ટોળાના કૃત્યનો બચાવ થઈ શકતો નથી. ઇમારતો બાળવાનું કૃત્ય કેવળ ગાંડપણભરેલું હતું, અને અમને કહ્યા વિના ચાલતું નથી કે અમૃતસરના લોકોએ અગાઉ જે અદ્ભુત આત્મનિગ્રહ જાળવ્યો હતો તેથી જે કલ્યાણ થયું, તે બધુંયે આ ટોળાનાં જંગલી અને નાલાયક કૃત્યોથી ધોવાઈ ગયું.

આ અત્યાચારો અટકાવી શકાયા હોત ખરા? નિર્દોષ મનુષ્યોને બચાવી શકાત ખરાં? પોલીસ શું કરતી હતી? કોટવાલી (પોલીસ સ્ટેશન) ટાઉન હૉલની ઇમારતનો જ એક ભાગ છે. કોટવાલીમાં પોલીસનાં પૂરતાં માણસો હતાં. ટોળાએ કોટવાલીને સ્પર્શ સુધ્ધાં ન કરતાં, પડોશના ટાઉન હૉલને બેધડક બાળી મૂક્યો. બીજી જે ઇમારતો બાળવામાં આવી તે પણ કોટવાલીથી એકાદ ખેતરવા દૂર હતી. બૅંકને આગ લગાડવામાં આવી રહી છે એ વાતની પણ પોલીસને ખબર હતી જ. આવે વખતે બહાર પડી, પોતાના જીવને જોખમે પણ જે અંગ્રેજોનું ખૂન થયું, તેમને બચાવવાની પોલીસની ચોખ્ખી ફરજ હતી.

આ ખૂનો અને આગ એટલાં બધાં આકસ્મિક હતાં, કે અધિકારી વર્ગ ઘડીક વાર તો પોતાની સમતા ખોઈ બેઠો. મિ. કિચિનને લેફ્ટનન્ટ ગવર્નરે તાબડતોબ લાહોરથી મોકલી આપ્યા. હંટર કમિટીની આગળ આપેલી પોતાની જુબાનીમાં તેઓ કહે છે કે તેમને રસ્તામાં લોકો મળ્યા હતા. લાહોરથી અમૃતસર ૩૫ માઈલ છે, છતાં તેઓ મોટરમાં બેસીને ત્યાં સુધી બિલકુલ હેરાન થયા વિના પહોંચી ગયા. તેઓ ૧૦મી એપ્રિલની સાંજે ૪ વાગ્યે પહોંચ્યા. લગભગ રાત્રે ૧૧ વાગ્યે મેજર મૅકડોનલ્ડની ફોજ લઈને એક આગગાડી આવી પહોંચી. મિ. કિચિને તેને કહ્યું, "વાત આપણા હાથમાંથી ગઈ છે, અને હવે તો લશ્કરી દૃષ્ટિએ જે પગલાં લેવાં ઘટે તે લો." તેણે તેના પુરાવામાં એમ પણ કહ્યું છે કે મેજર મૅકડોનલ્ડને તેણે "શહેરમાં જરૂર જેટલું લશ્કર મોકલીને બાતમી મેળવવાનું અને બચી ગયેલાં માણસોને લઈ આવવાનું કહ્યું, અને તેમણે તે પ્રમાણે કર્યું." લૉર્ડ હંટરે પૂછ્યું : "સિવિલ મૅજિસ્ટ્રેટને કેમ નહોતા બોલાવ્યા?" મિ. કિચિને ઉત્તર આપ્યો :

મારી એવી ધારણા હતી કે લશ્કરી ટુકડીને પોતાનો રસ્તો કરતાં કરતાં જવું પડશે, અને સિવિલ મૅજિસ્ટ્રેટ જો હાજર હોય તો સ્વાભાવિક રીતે લશ્કરને પોતાની જે ચોખ્ખી

Gandhi Heritage Portal

લશ્કરી ફરજ બજાવવાની હતી તેમાં મૂંઝવણ થાય. જે લોકો બચી ગયા હતા તેમને લઈ આવવામાં આવ્યા અને કાંઈ પણ પ્રતિકાર કે લડાઈ વિના કોટવાલીમાં માણસો વધારવામાં આવ્યાં.

મિ. કિચિન લાહોર પાછા ૧૧મી તારીખે આવ્યા. મિ. માઈલ્સ અર્વિંગે શહેરને લશ્કરના કબજામાં સોંપી દીધું. લાહોર પહોંચતાં જ લેફ્ટનન્ટ ગવર્નરને તેમણે બધી હકીકત કહી, અને લેફ્ટનન્ટ ગવર્નરે બધી વ્યવસ્થા વિષે પસંદગી બતાવી. બીજે દહાડે સવારે મિ. કિચિન પાછા મોટરમાં બેસી અમૃતસર ગયા, પણ તેમને ગરબડનું કશું ચિહ્ન જણાયું નહીં. દરમ્યાન જનરલ ડાયર ત્યાં આવી પહોંચ્યો હતો. તેણે રામબાગમાં પોતાનો મુકામ નાખ્યો હતો અને સંપૂર્ણ કબજો લઈ લીધો હતો.

જનરલ ડાયરે આવતાંની સાથે પહેલું કામ લોકોને પકડવાનું કર્યું. શહેરમાં દાખલ થઈને તેણે લગભગ ૧૨ માણસોને પકડ્યા, પણ તેને કોઈએ હેરાન કર્યો નહીં, કે કોઈ તેની સામે થયું નહીં.

દરમિયાન લોકોએ શું કર્યું તે જોઈશું. ૧૦મી તારીખની રાત્રે શહેરની ઉપર કોઈનો કબજો ન હતો, (લોકો ચાહે તેમ કરી શકતા હતા) છતાં કાંઈ ચોરીબોરી કે લૂંટફાટ થયાં નહીં. ૧૧મીની સવારે તેઓને મડદાંઓની વ્યવસ્થા કરવાની હતી. લશ્કરી અમલદારો પ્રથમ તો દરેક મુડદાની પાછળ ૪ માણસથી વધારેને જવા દેવાની રજા ન આપે. આથી લોકોને અતિશય સંતાપ થયો. તેઓને તો મુડદાંઓની પાછળ મોટું સરઘસ કાઢવું હતું. તેઓએ પોતાના પ્રતિનિધિઓને પોતાના તરફથી રજા મેળવવા મોકલ્યા. આખરે ખૂબ રકઝક પછી પરવાનગી આપવામાં આવી, પણ સરઘસને બે વાગ્યા સુધીમાં પાછા વળવાનો હુકમ આપવામાં આવ્યો. સરઘસ તો બહુ મોટું હતું, પણ બધાયે હુકમો અક્ષરશ: પાળવામાં આવ્યા, અને નીમેલા વખત પહેલાં બધું સાંગોપાંગ પાર ઊતરી ગયું. ૧૨મી એપ્રિલે હંસરાજ, જે પાછળથી "અમૃતસર કાવતરા કેસ"માં મુખ્ય માફી સાક્ષીદાર થયો હતો, તેણે ઢબ ખટીકન આગળ એક સભા ભરી, અને તેણે ખબર આપી કે લાલા કનૈયાલાલના પ્રમુખપણા નીચે જલિયાંવાલા બાગમાં ૧૩મી એપ્રિલે બીજી સભા ભરાશે. આ સભા બોલાવ્યાની અથવા આવી કોઈ પણ સભાનું પ્રમુખપદ લેવાની બાબા કનૈયાલાલ ચોખ્ખી ના પાડે છે. એઓ ૭૫ વર્ષની ઉંમરના એક જૂના વકીલ છે અને બહુ લોકપ્રિય છે. અમને એમની જુબાની ખરી હોવા વિષે શંકા નથી. અમે માનીએ છીએ કે એમનું નામ મોટું ટોળું ભેગું કરવાને માટે જ વાપરવામાં આવ્યું હતું.

આ પછી જે બનાવ બન્યો તે સમજવાને માટે, અમૃતસરના જ એક રહીશ, છતાં તે વખતે જેઓ કેટલાક દિવસ માટે બહાર ગયેલા હતા, તેવા એક ગૃહસ્થે ચીતરેલા અમૃતસરના ચિત્રથી વાકેફ થવાની જરૂર છે. પંજાબ ચેમ્બર ઑફ કૉમર્સના ડેપ્યુટી ચૅરમૅન અને અમૃતસરની ફ્લોર અને જનરલ મિલ્સ કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર લાલા ગિરધારીલાલે આ ચિત્ર આપ્યું છે. તેઓ કહે છે:

> હું કાનપુરથી કલકત્તા મેલમાં બેસી તા. ૧૧મી એપ્રિલની સવારે ૧૧ાા વાગ્યે અમૃતસર પહોંચ્યો. અમૃતસરની પાસેના નહેર ઉપરના પુલ ઉપરથી અમે પુલ ઉપર પોલીસ ટુકડીઓ રેલવે લાઇનની ઉપર પહેરો ભરતી જોઈ. આગગાડી સ્ટેશનમાં પેઠી એટલે આખી જગ્યા કોઈ લશ્કરી પડાવ જેવી દીસવા લાગી. જ્યાં જોઈએ ત્યાં સોલ્જરો અને બંદૂકો દેખી. . . . મજૂર કે કોઈ પણ પ્રકારનું વાહન મળે નહીં. પ્લૅટફૉર્મની બહાર નીકળતાં મને સરદાર

Gandhi Heritage Portal

વિક્રમસિંહ મળ્યા. તેમણે મને હું જ્યાંથી આવ્યો હતો ત્યાં પાછા ચાલ્યા જવાનું કહ્યું, ગમે તેમ થાય તોપણ શહેરમાં દાખલ થવાની તો તેણે મને સાફ ના જ કહી. એ તો બિચારા બહુ ગભરાયેલા જણાતા હતા એટલે તેમણે મારી સાથે કાંઈ વધારે વાતચીત ન જ કરી. એક રેલવે નોકરની ભલમનસાઈથી ૨૦ મિનિટ રોકાયા પછી મહામુશ્કેલીએ મને દરબાર સાહેબ સુધી મારો સામાન લઈ જવા માટે મજૂર મળ્યો. લોકોને જવાના પુલ આગળ કેટલાક યુરોપિયન સોલ્જરોનો પહેરો હતો. તેઓ કોઈ પણ જણને તેની વસ્તુઓ પૂરેપૂરી તપાસ્યા વિના શહેરમાં જવા દેતા નહીં. બધા પાસે ગમે તેવી લાકડી હોય તે લઈ લેવામાં આવતી. મારી વસ્તુઓને બરોબર ઊંધીચત્તી કર્યા પછી મને આગળ જવા દેવાની પરવાનગી મળી. ગાડી જવાના પુલ ઉપરથી તો કોઈને જવા દેતા જ ન હતા. આ સ્થિતિ ઘણા દહાડા સુધી એટલે લગભગ ૧૫મી એપ્રિલ સુધી ચાલુ રહી. શહેરની બહાર ઠેર ઠેર થોડે થોડે અંતરે સોલ્જરો અથવા પોલીસનાં માણસો બંદૂક અને બેયોનેટો લઈને ઊભેલા સિવાય બીજું કાંઈ જણાતું ન હતું. શહેરમાં કોઈ પણ જગ્યાએ એકે પોલીસનો માણસ પોતાની જગ્યાએ જણાતો ન હતો. . . . શહેરમાં દાખલ થતાંવેંત જ મને ખબર પડી કે નળમાં પાણી બિલકુલ બંધ થયું હતું. . . . પછીથી સાંજે ખબર પડી કે આખા શહેરમાં વીજળીનો પ્રવાહ પણ બંધ થયેલો હતો. મને જ્યાં સુધી યાદ છે ત્યાં સુધી તો આ અગવડ પણ ઓછામાં ઓછી ૧૮મી કે ૧૯મી એપ્રિલ સુધી ચાલી. દરબાર સાહેબ તરફ જતાં મને લોકોના તોફાનનાં ચિહ્‌ન જણાયાં. તારનાં દોરડાં તૂટેલાં હતાં અને કેટલીક ઇમારતો બળેલી હતી.

સરકારી સાક્ષીઓના કહેવા પ્રમાણે પણ પાણી અને વીજળી ત્રણથી ચાર દિવસ સુધી બંધ રહ્યાં હતાં. એ તો ચોખ્ખું જ છે કે આ નિર્દય બંધીનો ઉદ્દેશ મોટે ભાગે, જે અત્યાચારોમાં થોડા જ માણસોનો ભાગ હતો અને જે અત્યાચારો, લૉર્ડ હંટરે એક સાક્ષીને કહ્યું હતું તે મુજબ, શાંતિશીલ શહેરીઓ અટકાવી શકે એમ ન હતું તે અત્યાચારો માટે આખા શહેરને સજા કરવાનો હતો.

૧૩મી એપ્રિલે સવારે સુમારે ૯II વાગ્યે જનરલ ડાયર એક રસાલા સાથે શહેરમાં દાખલ થયો અને એક જાહેરનામું કાઢ્યું. જનરલ ડાયરે હંટર કમિટી આગળ જુબાની આપી છે તે મુજબ એ જાહેરનામાના ત્રણ ભાગ પાડવામાં આવ્યા હતા. આપણે તો અહીં છેલ્લો ભાગ કામનો છે. તેમાં આ પ્રમાણે લખ્યું હતું :

> કોઈ પણ પ્રકારના સરઘસને શહેરમાં અથવા શહેરના કોઈ પણ ભાગમાં અથવા શહેરની બહાર કોઈ પણ વખતે ફરવા દેવાની પરવાનગી નથી. ચારથી વધારે માણસનું કોઈ પણ સરઘસ અથવા ટોળું કાયદા વિરુદ્ધ મંડળી તરીકે ગણવામાં આવશે અને જરૂર પડશે તો તેને હથિયાર વાપરીને વિખેરી નાખવામાં આવશે.

જનરલ ડાયરને "જરૂર પડશે તો" એ શરતના અને "સરઘસ"ની સાથે વપરાયેલા "ટોળું" શબ્દના અર્થ વિષે પુષ્કળ સવાલો પૂછવામાં આવ્યા હતા. "જરૂર પડશે તો" એ શબ્દોનો અર્થ એટલો જ થાય કે "આવું ટોળું બીજી કોઈ પણ રીતે વિખેરી ન શકાય તો," અને "ટોળું" શબ્દનો અર્થ જાહેર રસ્તા ઉપર ભેગું થયેલું ટોળું જ થઈ શકે; નહીં તો ઘરમાં બેઠેલું ચારથી વધારે માણસોનું કોઈ પણ ટોળું જાહેરનામા મુજબ કાયદા વિરુદ્ધ મંડળી થઈ જાય.

આ જાહેરનામું એક દુભાષિયાએ, જનરલ ડાયર શહેરમાં ફરતા હતા તે વખતે, પંજાબી અને ઉર્દૂમાં થોડે થોડે અંતરે વાંચી સંભળાવ્યું હતું. જનરલ ડાયર કહે છે કે તેઓ બેથી ત્રણ

Gandhi Heritage Portal




જલિયાંવાલા બાગનો નકશો

Gandhi Heritage Portal



અમદાવાદમાં ટાગોર સાથે ગાંધીજી, એપ્રિલ ૧૯૨૦

Gandhi Heritage Portal

કલાકમાં શહેરમાં ફરી વળ્યા. લોકોને ભેગા કરવા માટે નગારું વગાડવામાં આવ્યું હતું. જે જે જગ્યાએ આ જાહેરનામું વાંચવામાં આવ્યું હતું તે તે જગ્યાનો એક નકશો જનરલ ડાયરને બતાવવામાં આવ્યો, અને તેણે કબૂલ કર્યું કે તે શહેરના ઘણા ભાગમાં વાંચવામાં આવ્યું ન હતું. શહેરનો આ નકશો તપાસી અંદર જનરલ ડાયરે જે જે ઠેકાણેથી રસ્તો લીધો હતો તે અમે જોયું છે. અમને જણાયું છે કે શહેરનો અર્ધો ભાગ, અને તે પણ વળી ઘણી જ વસ્તીવાળો ભાગ તો જનરલે મૂકી જ દીધો હતો. બહુ જ થોડાં શહેરીઓને જાહેરનામા વિષે કશી પણ ખબર હતી એમ બતાવવાને માટે પુષ્કળ પુરાવો છે. વળી ઉપર કહ્યું છે તે પ્રમાણે ૧૩મી એપ્રિલ તો હિંદુઓના નવા વર્ષનો – વૈશાખીનો દિવસ હતો, અને આસપાસનાં ગામડાંના ઘણા લોકોનો શહેરમાં ધોધ ચાલ્યો હતો. આ લોકોને તો જાહેરનામાની કશી ખબરે ન હતી. આવા લોકો બહારથી આવ્યા હતા, અને તેમણે જાહેરનામું સાંભળ્યું હોવાનો સંભવ ન હતો એમ સરકારી સાક્ષીઓએ પણ કબૂલ કર્યું છે.

આ જાહેરનામાને જ વખતે, અથવા તો તે અરસામાં, એક છોકરો અમૃતસરના મહોલ્લાઓમાં ડબ્બો વગાડીને દાંડી પીટતો હતો કે જલિયાંવાલા બાગમાં ૪ વાગ્યે એક સભા થશે અને તેના પ્રમુખ લાલા કનૈયાલાલ થશે. આ છોકરો કયારે દાંડી પીટતો હતો તે વિષે સવાલ હોવાનો સંભવ છે ખરો, પણ અમારી આગળ પડેલા પુરાવા ઉપરથી જણાય છે કે જનરલ ડાયરનું જાહેરનામું વાંચવામાં આવ્યું તેની કેટલોક વખત અગાઉ દાંડી પીટવામાં આવી હતી. લાલા કનૈયાલાલ કહે છે:

> મેં સાંભળ્યું છે કે કેટલાક માણસોએ (જેમનાં નામ હું હજુ સુધી જાણી શકયો નથી તેમણે) તા. ૧૩મી એપ્રિલે જાહેર કર્યું હતું કે જલિયાંવાલા બાગમાં હું એક ભાષણ આપીશ. લોકોએ ધારણા બાંધી કે હું તેઓને વર્તમાન સ્થિતિ ઉપર કાંઈક સુંદર સલાહ આપીશ.

સુમારે પોણા વાગ્યે જનરલ ડાયરને ખબર મળી કે તે જ દિવસે સાંજે સાડા ચાર વાગ્યે જલિયાંવાલા બાગમાં એક મોટી સભા ભરાવાની છે. જનરલ ડાયર કબૂલ કરે છે કે તેણે આ સભા અટકાવવાનો એક પણ ઉપાય લીધો નહીં. લૉર્ડ હંટરે તેને પૂછયું, "જલિયાંવાલા બાગમાં લોકોને ભેગા થતા અટકાવવાનાં તમે કેમ કાંઈ પગલાં લીધાં નહીં તેનો તમે ખુલાસો આપો એમ હું ઇચ્છું છું." જનરલે જવાબ આપ્યો:

> મારાથી બન્યું તેટલું જલદી હું ત્યાં ગયો, મારે મારી ટુકડીઓ બરોબર ગોઠવવી હતી, મારે શી શી વ્યવસ્થા કરવી તે મારે વિચારી કાઢવાનું હતું. . . . મને લાગે છે કે તેમને ત્યાં ન ભેગા થવાની મેં તેમને પૂરતી ચેતવણી આપી હતી.
>
> લૉર્ડ હંટરે પૂછયું:
>
> તમે જે કહો છો તે બધી વ્યવસ્થા કરતાં તમારો ૧૨–૪૦થી, તે ૪ વાગ્યા સુધીનો બધો વખત ખપી ગયો.

જનરલ ડાયરે જવાબ આપ્યો:

> મેં એમ માન્યું જ ન હતું કે સવારે મેં જે જે પગલાં લીધાં હતાં તે છતાં તેઓ ખરેખર ભેગા થશે જ. બીજી ટુકડી મોકલીને તેઓને ત્યાં ન જવાની સાવચેતી આપવાનો મને વિચાર થયો નહીં.

તેને ૪ વાગ્યે ચોક્કસ ખબર મળી કે સભા તો તે વખતે ભરાઈ રહી હતી. આ પછી તરત જ તેણે શહેર તરફ બંદૂકવાળા ૨૫ ગુરખા સોલ્જરો અને ૨૫ શીખોની પહેરા ટુકડીઓ

Gandhi Heritage Portal

લઈને કૂચ કરી. બીજા કૂકરીવાળા[1] ૪૦ ગુરખા ઉપરાંત બે બખ્તરથી સુરક્ષિત મોટરકારો પણ તેણે સાથે લીધી હતી. "સામાન્ય ચાલવાની ઝડપે" તે ત્યાં ગયા હતા. "વધારે જલદી જવાની તમને કેમ કશી જરૂર ન લાગી?" આ લૉર્ડ હંટરના સવાલનો તેણે જવાબ આપ્યો:

નહીં સાહેબ, તાપ બહુ હતો, એટલે સામાન્ય કૂચ કરવાની ઝડપે અમે ગયા.

બાગમાં તેઓ સુમારે ૫ કે ૫ા વાગ્યે પહોંચ્યા.

જલિયાંવાલા બાગ શું છે? "બાગ" નામ તો ખોટું છે. એ જગ્યાના મૂળ માલિકની અટક "જલિયાં" છે અને "વાલા" એ છઠ્ઠી વિભક્તિના પ્રત્યય તરીકે છે; અને જેને "બાગ" કહે છે તે તો ચોમેર ઘરોવાળું એક વિશાળ મેદાન છે. આ બનાવ બન્યો ત્યારે ઘણા જણાની સહિયારી મિલકત હતી. આમાં આપેલા નકશા[2] ઉપરથી જણાશે કે એક વિષમ બાજુ ચતુષ્કોણ છે, અને તેને દીવાલનું પણ ઠેકાણું નથી. ઘણે ભાગે તો ચોમેર આવેલાં ઘરોની પાછલી દીવાલ જ આ ચતુષ્કોણની દીવાલ બની છે. આ ચતુષ્કોણમાં ત્રણ ઝાડ છે, ઘૂમટવાળી એક જર્જરિત સમાધિ છે, અને એક કૂવો છે. પ્રવેશ કરવાનો મુખ્ય માર્ગ એટલો તો સાંકડો છે કે તેમાંથી સારે નસીબે બખ્તરી મોટર ગાડીઓ જઈ શકે જ નહીં. અંદર દાખલ થવાના બીજા કાંઈ રસ્તા નથી જ, માત્ર ચાર કે પાંચ ઠેકાણે સાંકડી બારીઓમાંથી બહાર નીકળવાનો માર્ગ છે. દાખલ થવાના માર્ગ આગળ એક ઊંચી ટેકરી છે, એટલે તેની ઉપર સોલ્જરો ગોઠવીને સામેનાં ટોળાં ઉપર ગોળી છોડવાની બરોબર સગવડ છે. એટલે જનરલ ડાયરે પોતાના ૯૦ સિપાઈઓની ટુકડી લઈને જ્યારે બાગમાં ધસારો કર્યો, ત્યારે અંદર ભેગા થયેલા માણસોને નાસી જવાનો સહેલો રસ્તો એકે ન હતો.

અમારી પાસે જે પુરાવો પડ્યો છે તે ઉપરથી જણાય છે કે જનરલ ડાયરના આવવા પહેલાં લગભગ ૨૦,૦૦૦ માણસોની સભાની આગળ હંસરાજ ભાષણ આપતો હતો. નકશા ઉપર બતાવેલા એક તુરત ઊભા કરેલા માંચડા ઉપર તે અને બીજા કેટલાક જણ ઊભા હતા. લશ્કરી ટુકડીઓ આવી તે પહેલાં સભાની ઉપર એક ઍરોપ્લેન ઊડી રહ્યું હતું. સભામાં ઘણાં છોકરાંઓ અને બાળકો પણ હતાં અને કેટલાંક માણસો તો પોતાના હાથમાં નાનાં બાળકો લઈને પણ આવ્યાં હતાં. આ લોકોની પાસે લાકડી ન હતી. આ સભામાં કેટલાક ગુપ્તચરો પણ હતા. તેમાંના બે જણા હંસરાજની સાથે વાતો કરતા હતા. જનરલ ડાયરે ચતુષ્કોણી મેદાનની ઉત્તરે આવેલી ઊંચી જગ્યા ઉપર ૨૫ સોલ્જરો જમણી બાજુએ અને ૨૫ ડાબી બાજુએ ગોઠવ્યા. આ પછીની હકીકત તો તેના જ શબ્દોમાં આપવી યોગ્ય છે:

સ.—બાગમાં જઈને તમે શું કર્યું?

જ.—મેં ગોળીબાર શરૂ કર્યો.

સ.—લાગલો જ?

જ.—હા લાગલો જ શરૂ કર્યો. મેં તો બરોબર વિચાર કરી રાખ્યો હતો અને મને નથી લાગતું કે મારા કર્તવ્ય વિષે નિશ્ચય કરી નાખતાં મને અર્ધો મિનિટથી વધારે સમય લાગ્યો હોય.

સ.—લોકો શું કરતા હતા?

૧. કટાર જેવું હથિયાર.

૨. જુઓ પા. ૧૬૮ સામેનું ચિત્ર.

Gandhi Heritage Portal

જ.—લોકોએ તો સભા ભરી હતી. જગ્યાની મધ્યમાં કાંઈક ઊંચી કરેલી વસ્તુ ઉપર એક માણસ ઊભો હતો. તે તેના હાથ હલાવતો હતો, એટલે એ ભાષણ કરતો જ હોવો જોઈએ. મારી સમજ પ્રમાણે ચોગાનની બરોબર મધ્યમાં એ ઊભો હતો એટલે મારી ટુકડીઓ મેં ગોઠવી હતી ત્યાંથી ૫૦ કે ૬૦ વાર દૂર એ હશે.

ઘણાયે જણ એવા હશે કે જેમણે જાહેરનામા વિષે સાંભળ્યું ન હતું એ હકીકત તો જનરલ ડાયર કબૂલ કરી ચૂકયા હતા. એટલે લૉર્ડ હંટરે પૂછયું:

જાહેરનામા વિષે ન સાંભળ્યું હોય એવાં માણસો એ ટોળામાં હોવાની ધાસ્તી હતી એમ માની લઈએ તો, તમને એમ ન થયું કે ગોળીબાર શરૂ કરતાં પહેલાં ટોળાને વીખરાઈ જવાનું કહેવું એ વાજબી છે?

જ.—ના. મને તે વેળા એમ ન થયું. મને તો માત્ર એમ લાગ્યું કે મારા હુકમોનું અપમાન થયું છે, માર્શલ લૉનું પણ અપમાન થયું છે; માટે તુરત જ ગોળી છોડવાની મારી ફરજ છે.

સ.—તમે ટોળાને વિખેરી નાખ્યું તે પહેલાં ટોળાએ કાંઈ કરવા માંડયું હતું?

જ.—ના, સાહેબ. તેમાંના થોડાક નાસી છૂટયા હતા.

સ.—તેઓએ નાસી જવા માંડયું હતું ખરું?

જ.—હા જી. મેં ગોળીબાર શરૂ કર્યા એટલે મધ્યમાંનું મોટું ટોળું લગભગ જમણી બાજુએ નાસભાગ કરવા લાગ્યું.

સ.—માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો ન હતો. તમે જે ગંભીર પગલું લીધું તે પહેલાં, શહેરની વ્યવસ્થાને માટે જવાબદાર દીવાની અમલદાર ડેપ્યુટી કમિશનરની સલાહ લેવાની તમને જરૂર ન લાગી?

જ.—સલાહ લેવા માટે તે વેળાએ કોઈ ડેપ્યુટી કમિશનર ન હતો. બીજા કોઈને પૂછી જોવાનું મને ડહાપણભરેલું લાગ્યું નહીં. મારે મારા કર્તવ્ય વિષે નિશ્ચય કરવાનો હતો. લશ્કરી દૃષ્ટિબિંદુથી મને એમ લાગ્યું કે મારે લાગલો જ ગોળીબાર શરૂ કરવો જોઈએ, અને તેમ હું ન કરું તો મારી ફરજ બજાવતાં હું ચૂકું. . . .

સ.—ગોળીબાર કરવામાં તમારો ઉદ્દેશ તો ટોળાને વિખેરી નાખવાનો જ હતો ના?

જ.—ના, સાહેબ. તેઓ વીખરાઈ જાય ત્યાં સુધી હું તો ગોળી છોડયા જ કરવાનો હતો.

સ.—તમે ગોળીબાર શરૂ કર્યો કે તરત જ ટોળું વીખરાઈ જવા લાગ્યું હતું ના?

જ.—તરત જ.

સ.—તોપણ તમે ગોળીબાર ચાલુ રાખ્યો?

જ.—હા.

સ.—ટોળું વીખરાઈ જવાનું છે એમ જણાયા છતાં તમે ગોળીબાર બંધ કેમ ન કર્યો?

જ.—તે પૂરેપૂરું વીખરાઈ જાય ત્યાં સુધી ગોળીબાર ચાલુ રાખવાની મને મારી ફરજ લાગી. જો હું થોડો જ ગોળીબાર કરું તો તો ગોળીબાર કર્યો એ જ મારી ભૂલ ઠરે.

બીજા અનેક સવાલોના જવાબમાં જનરલ ડાયરે કહ્યું કે "૧૦ મિનિટ સુધી મેં ગોળીબાર ચાલુ રાખ્યો." "આવી રીતે બંદૂકની ગોળીથી વિખેરી નાખવાનો મને અનુભવ ન હતો," "કદાચ ગોળીબાર કર્યા વિના તેમને હું વિખેરી નાખી શકત" પણ તેણે ગોળીબાર કર્યો, "કારણ કે જો

Gandhi Heritage Portal

તેમ મેં ન કર્યું હોત તો લોકોએ પાછા આવીને મારી મશ્કરી કરી હોત અને હું મૂર્ખ બનત.”

બીજા એક સવાલના જવાબમાં તેણે ગોળીબાર કરવાનાં કારણો જણાવ્યાં છે, તે નીચે પ્રમાણે છે:

> મેં ધાર્યું કે તેઓ મારી અને મારી ટુકડીઓ ઉપર એકાએક હુમલો કરવાનો પ્રયત્ન કરતા હતા. આ બધી હકીકતથી મને એમ લાગ્યું કે આ કાંઈ નાનીસૂની ચળવળ નથી, એ તો અમૃતસરની બહાર પણ વિસ્તરેલી છે, અને એ સ્થિતિ અમૃતસર ઉપરાંત બીજી જગ્યા માટે પણ લડાઈની સ્થિતિ કહેવાય.

જનરલે ૧૬૫૦ બાર કર્યા હતા. તેણે એમ પણ કબૂલ કર્યું, કે જો બખ્તરવાળી ગાડીઓ બાગમાં લઈ જઈ શકાત તો તે પણ તે લઈ જાત અને તેમાંથી ગોળીઓ છોડત; અને તેને ગોળીબાર બંધ કરવા પડ્યા તે પણ દારૂગોળો પૂરો થઈ ગયો હતો તેથી જ. તેણે એમ પણ કબૂલ કર્યું કે ટોળું બહુ ગીચ હતું. ઘાયલ થયેલાની સારવાર માટે અને તેમને ત્યાંથી ખસેડવા માટે તેણે કાંઈ પણ તજવીજ કરી ન હતી — તેમ કરવાની તેની ફરજ જ નહોતી. એ સારવારની બાબત વૈદકીય બાબત હતી. ગોળીબાર બંધ થયો કે પોતે ત્યાંથી ખસી ગયા. વખતોવખત, ગોળીબાર અટકાવીને જ્યાં ટોળું સૌથી વધારે ગીચ હતું ત્યાં મેં ગોળીઓ છોડવાનો હુકમ આપ્યો હતો, “અને આમ કરવાનું કારણ એ ન હતું કે તેઓ જલદી ચાલ્યા નહોતા જતા.” પણ એ હતું કે જનરલ સાહેબે “માણસો ત્યાં ભેગા થયા હતા તે માટે તેમને સજા કરવાનો નિશ્ચય કર્યો હતો.”

હવે આ બનાવની વધારે વિગતો અમારે તે નજરે જોનારના શબ્દોમાં આપવી જોઈએ. લાલા ગિરધારીલાલની જુબાનીનો ઉલ્લેખ અમે અગાઉ કરી ચૂક્યા છીએ. બાગની ઉપર આવી રહેલા એક ઘરમાંથી આ બનાવ તેના જોવામાં આવ્યો હતો. તેઓ કહે છે:

> સેંકડો લોકોને ત્યાં ને ત્યાં મરી ગયેલા મેં જોયા. ભૂંડામાં ભૂંડી વાત એ હતી કે જે દ્વારથી લોકો બહાર નાસતા હતા તે દ્વાર તરફ જ ગોળીઓ છૂટતી હતી. નીકળવાનાં બધાં મળી ચાર કે પાંચ દ્વારો હતાં અને આ દ્વારો આગળના લોકો ઉપર ગોળીનો વરસાદ ચાલી રહ્યો હતો . . . ઘણાઓ તો નાસતાં ટોળાંઓના પગ તળે કચરાઈ મરી છૂટ્યા. લોહીની રેલ ચાલી રહી હતી. જમીન પર ચત્તા પડી જતા હતા તેઓના ઉપર પણ ગોળી છોડવામાં આવતી હતી . . . અધિકારીઓએ મૂએલા કે ઘાયલ થયેલાઓની વ્યવસ્થા કરવા માટે કશી તજવીજ કરેલી ન હતી . . . મેં જઈને ઘાયલ થયેલાને પાણી પાયું અને બનતી મદદ આપી. હું આખી જગ્યા ઉપર ફરી વળ્યો અને ત્યાં પડેલા લગભગ બધાને હું જોઈ વળ્યો. જુદી જુદી જગ્યાએ ઢગલાઓ પડેલા હતા. મૂએલાઓમાં મોટી ઉંમરના તેમ જ છોકરાઓ પણ હતા. કેટલાકનાં માથાં ચિરાઈ ગયાં હતાં, કેટલાકની આંખ ફૂટી ગઈ હતી, કેટલાકનાં નાક, છાતી, હાથ અને પગના ચૂરેચૂરા થઈ ગયા હતા. તે વખતે બાગમાં એક હજારથી વધારે મુડદાં હશે એમ મારું ધારવું છે. લોકો દોડાદોડ કરી રહ્યા હતા અને ઘણા તો પોતાનાં મૂએલાં અને ઘાયલ થયેલાંને છોડીને ચાલ્યા જતા હતા, કારણ તેમને રાત્રે આઠ વાગ્યા પછી પાછી ગોળીઓ ઊડી જવાની ધાસ્તી હતી. (જુબાની નં. ૧.)

> (જાહેરનામાનો બીજો ભાગ અહીં આપવો ઠીક પડશે:
>
> શહેરમાં વસતા કોઈ પણ માણસને ૮ વાગ્યા પછી પોતાનું ઘર છોડવાની રજા નથી. ૮ વાગ્યા પછી મહોલ્લામાં ફરતો કોઈ પણ માણસ ગોળીબાર થવાને પાત્ર થશે.)

Gandhi Heritage Portal

લાલા ગિરધરલાલ ઉમેરે છે :

> બાગમાંથી નાસી જવા પામેલા ઘણા ઘાયલોએ ઘાના દરદથી પ્રાણ ખોયા હતા, અને તેમનાં મુડદાં રસ્તામાં પડેલાં હતાં. અમૃતસરના લોકોએ આ રીતે પોતાની વૈશાખી ઊજવી.

મરેલાં માણસોની સંખ્યાના સંબંધમાં અહીં એટલું નોંધવા જેવું છે કે સરકારના પોતાના કબૂલ કરવા પ્રમાણે ૨૦મી ઑગસ્ટ પહેલાં, એટલે આ બનાવ બન્યા પછી ચાર મહિના સુધી મૂએલાંની સંખ્યાની ચોકસાઈ સરકારે કરી ન હતી. ત્યાર પછી મિ. થૉમ્સને જાહેર કર્યું કે વધારેમાં વધારે ૨૯૦ માણસો મરી ગયાં હશે. હવે તો તેઓએ સેવાસમિતિનો ૫૦૦ માણસનો આંકડો સ્વીકાર્યો છે—સેવાસમિતિએ તો મૂએલા દરેક જણની ભાળ મેળવીને આ આંકડો કાઢ્યો છે, એટલે એ તો મૂએલાંઓનો ઓછામાં ઓછો આંકડો છે. ખરો આંકડો તો કોઈ દિવસ જણાવાનો જ નથી; પણ કાળજીપૂર્વક તપાસ કર્યા પછી અમને લાગે છે કે લાલા ગિરધારીલાલનો આંકડો કોઈ પણ રીતે વધારાપડતો નથી. એક મધ્યસ્થ જગ્યાના ગીચમાં ગીચ ભાગમાં અને ૨૦,૦૦૦ માણસના ટોળામાં ગોળી મારતાં છતાં, સોલ્જરો એક હજાર માણસ તો ત્યારે જ ન મારી શકે કે જ્યારે તેઓ કાચા નિશાનબાજો હોય. વળી એ પણ યાદ રાખવાની જરૂર છે કે નકશા ઉપર બતાવેલી જમણી બાજુની સાંકડી નાળ-હાંસલીમાં અને હાંસલીમાંથી પણ ગોળી છોડવામાં આવી હતી.[1] એ નાળની સામેના ઝરૂખા ઉપર અમે ગોળીનાં વીંધાં જોયાં છે, અને અમારી આગળ એવું બતાવનારો પણ પુરાવો આવ્યો છે કે બાગની બહારની કેટલીક એવી જગ્યાએ સોલ્જરો મૂકવામાં આવ્યા હતા કે જ્યાંથી તેઓ બહાર નીકળવાના દ્વાર ઉપર નજર રાખી શકે. અને આ દ્વારોમાંથી નીકળતાં માણસો ઉપર તેઓ ગોળી છોડતા હતા. એ બાબત શક જ નથી કે જનરલ ડાયરનો ઇરાદો વધારેમાં વધારે માણસો મારી નાખવાનો હતો, અને માણસ ૧૦૦૦થી વધારે ન મૂઆં તેમાં તેનો બિચારાનો કશો વાંક ન હતો. તેની પાસેનો દારૂગોળો જ ખપી ગયો હતો, અને બખ્તરી ગાડીઓ તો તે પ્રવેશદ્વાર બહુ સાંકડું હોવાને લીધે લઈ જઈ શકાઈ નહોતી.

તા. ૧૩મીના બનાવોની બધીયે અઘોર વિગતો અને (ન્યાયાધીશ રૅન્કિનના શબ્દોમાં કહીએ તો) એ બનાવની ભયાનકતા બરોબર વર્ણવવી શક્ય નથી. એનો બરોબર ખ્યાલ આણવા માટે તો સરકારી સાક્ષીઓનો બધોયે પુરાવો તથા અમે પ્રસિદ્ધ કરેલો બધો પુરાવો વાંચી જવો જોઈએ. ૧૦મી એપ્રિલના અત્યાચાર પછી અંગ્રેજ અમલદારો ગુસ્સે થયા હતા, અને તેમને ગુસ્સે થવાનું વાજબી કારણ હતું. જે માણસો તરફ તેઓ બહુ અદબથી વર્તતા હતા તે જ માણસો હવે તેમને અળખામણા થઈ પડ્યા હતા. અમૃતસરના એક પ્રસિદ્ધ શહેરી લાલા ઢોલણદાસ આવા એક ગૃહસ્થ હતા, છતાં જ્યારે અધિકારીઓના બોલાવેલા તેઓ તેમને મળવા ગયા ત્યારે તેને અધિકારીઓ બહુ ક્રુદ્ધ દશામાં માલૂમ પડ્યા.

> બધાઓનો મિજાજ તપેલો હતો, એટલે બધે અંશે કે મિ. સીસુરે તો એમ પણ કહેલું સાંભળવામાં આવ્યું છે કે યુરોપિયનના એક જાન દીઠ હિંદીઓના હજાર જાન લેવાશે. કેટલાકે શહેરને તોપથી ઉડાવવાની સૂચના કરી હતી. લાલા ઢોલણદાસે અમલદારોને કહેલું કે જો કોઈ પણ રીતે દરબાર સાહેબને આંચ આવશે તો પછી ત્રાસનો પાર નહીં રહે, કારણ આ મંદિર આખા પંજાબમાં બહુ પવિત્ર મનાય છે.

૧. જુઓ પા. ૧૬૯ સામેનું ચિત્ર.

Gandhi Heritage Portal

મહમદ સિદીક બૅરિસ્ટર ૧૧મી તારીખે મૂએલાનો નિકાલ કરવા સંબંધે અધિકારીઓને મળવા ગયા. તેઓ કહે છે:

> તેમની સાથે થયેલી વાત ઉપરથી મને એવી છાપ પડી કે તેઓના મનમાં એમ હતું કે યુરોપિયનનાં ખૂન થયાં એટલે તેનું વેર લીધા વિના તો ચાલે જ નહીં, અને જો જરા પણ પ્રતિકાર કે અપમાન અથવા શાંતિભંગ થાય તો પૂરતું બળ વાપરવું, જરૂર લાગે તો શહેરને તોપથી ઉડાવી દેવું.

ડૉક્ટર બાલમુકુંદ સબ-આસિસ્ટંટ સર્જન કહે છે કે તા. ૧૧મી એપ્રિલે કર્નલ સ્મિથ, સિવિલ સર્જને કહ્યું હતું કે:

> જનરલ ડાયર આવે છે, અને તે શહેરની ઉપર તોપ ચલાવશે. તેણે નકશા પાડીને અમને બતાવ્યું કે શહેરની ઉપર ક્યાં ક્યાં ગોળા છૂટશે, અને અર્ધા કલાકની અંદર તેને કેવી રીતે જમીનદોસ્ત કરવામાં આવશે. મેં કહ્યું કે, "તોપો ચાલશે તો મારું શું થશે?" તેણે ઉત્તર આપ્યો: "તારે બચી જવું હોય તો તું કાં તો શહેર છોડી જા, અથવા તો હૉસ્પિટલમાં આવીને રહે."

ત્યારે હવે આપણને ખબર પડે છે કે ૧૩મી એપ્રિલની ભયાનકતા કેમ ઉદ્‌ભવી. લોકો પાછા ઊભા ન થવા પામે એવો ફટકો તેમને લગાડવાનો હતો. શહેરની ઉપર તોપ ચલાવવાનો વિચાર તો સહેજે માંડી વાળવો પડયો હતો. ૧૩મી એપ્રિલની સભા એ તૈયાર તકરૂપ થઈ પડી અને જનરલ ડાયરે એ બરોબર સાધી લીધી. મિ. સી. એફ. ઍન્ડ્રૂઝે આ બનાવને ગ્લૅંકોની કતલ[1] જેવી જ કતલ કહી છે. જો નિર્દયતાનું પણ અમુક વત્તી અમુક ઓછી એવું માપ બાંધી શકાતું હોય તો અમારું ધારવું એવું છે કે ગ્લૅંકોની કતલ જલિયાંવાલા બાગની કતલના કરતાં ઘણી વધારે ઘાતકી હતી; પણ આજે જે યોગ્યાયોગ્યનું ધોરણ બંધાયેલું છે તે ધોરણ ગ્લૅંકોની કતલના કાળની લશ્કરી ધારાપોથીમાં ન હતું. અમારા અભિપ્રાય પ્રમાણે જે લોકોએ જાહેરનામું સાંભળ્યું હતું તે લોકો પણ તેના નિષેધ ભાગનું રહસ્ય કે અર્થ સમજ્યા ન હતા. કોઈ પણ માણસ જાહેરનામાનું ચોખ્ખું અપમાન કરીને તે સભામાં ગયો ન હતો. લશ્કરી અધિકારીઓને કોઈ પણ રીતે ખીજવવામાં આવ્યા ન હતા, તેમ જ અમૃતસર કે અમૃતસરની બહાર કાંઈ પણ એવું બન્યું ન હતું, કે જેથી કતલનો બચાવ કરી શકાય. ઠંડે પેટે કરેલું, ઈરાદાપૂર્વક કરેલું એ ઘાતકી કૃત્ય હતું, અને જો હિંદુસ્તાનમાંના બ્રિટિશ અમલને આ અક્ષમ્ય પાપમાંથી મુક્ત કરવો હોય તો જનરલ ડાયરને તાબડતોબ બરતરફ કરી તેને યોગ્ય ન્યાય મળવો જોઈએ.

લૉર્ડ હંટરની કમિટી આગળ તેણે કહ્યું હતું કે સર માઈકલ ઓડવાયરે તેના કૃત્યને પસંદ કર્યું હતું. પંજાબના રહીશોની જિંદગી જેમને સોંપવામાં આવેલી હતી તેમણે મનુષ્યત્વથી વિરુદ્ધ આ અપરાધને મંજૂરી આપી હશે એવું અમારી તો કલ્પનામાં પણ નથી આવી શકતું. માર્શલ લૉ કાયદેસર રીતે જાહેર થયો હોય, કે હકીકતમાં જાહેર થયા વિના માર્શલ લૉ ચાલુ હોય, તોપણ કમાન્ડિંગ અમલદારોને મર્યાદાના કેટલાક નિયમો તો પાળવા પડે છે. અમારો નમ્ર અભિપ્રાય છે કે જનરલ ડાયરે આ નિયમોની કેવળ અવગણના કરી હતી. અમે ફરીથી કહીએ છીએ કે અંગ્રેજોનાં થયેલાં ખૂનો અથવા આગોનો કોઈ પણ રીતે બચાવ કરવાનો અથવા તેમાં રહેલો અપરાધ ઓછો કરવાની અમારી લેશમાત્ર ઇચ્છા નથી. એ સર્વ કૃત્યોનો બચાવ

૧. આ કતલ સ્કૉટલૅન્ડમાં, ૧૬૯૨માં, વિલિયમ અને મેરીના શાસનકાળ દરમ્યાન થઈ હતી.

Gandhi Heritage Portal

થાય એમ નથી જ એમ અમે માનીએ છીએ, પણ ગુસ્સે થયેલા ટોળાનાં ગમે તેવાં નીચ અને અધમ કૃત્યોથી, જનરલ ડાયરે નિર્દોષ લોકોની જેવી કતલ કરી તેવી કતલનો પણ કશો બચાવ થઈ શકે એમ નથી જ.

૧૪મી એપ્રિલનો દિવસ લોકોએ મૂએલાં અને ઘાયલ થયેલાંઓને ખસેડવામાં અને તેમની દહન કે દફનક્રિયા કરવામાં ગાળ્યો. આ કામને પણ રજા તો મેળવવાની હતી, એટલે આ પ્રમાણે ટૂંકું અને ટચ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું :

> લોકોએ પોતાનાથી બને તેટલાં જલદી પોતાનાં મુડદાં બાળી અથવા દાટી દેવાં જોઈએ, કોઈ પણ રીતનું સરઘસ કાઢવું નહીં.

૧૪મી તારીખે અમૃતસરની કેવી સ્થિતિ હતી એ બાબત લૉર્ડ હંટરના સવાલના જવાબમાં જનરલ ડાયરે કહ્યું :

> મારા હુકમનો અમલ થયો છે કે નહીં તે જોવાને માટે હું શહેરમાં ફરી વળ્યો. મેં બધા પહેરાઓ તપાસ્યા. બધું શાંત હતું.

આશરે બપોર પછી બે વાગ્યે સ્થાનિક રહીશોની, મ્યુનિસિપલ કમિશનરોની, મૅજિસ્ટ્રેટોની, અને વેપારીઓની એક સભા કોટવાલીમાં બોલાવવામાં આવી, ત્યાં કમિશનર આ પ્રમાણે બોલ્યા હતા :

> તમો લોકોને શાંતિ જોઈએ છે કે લડાઈ જોઈએ છે? અમે તો દરેક રીતે તૈયાર છીએ. સરકાર સર્વશક્તિમાન છે. સરકારે જર્મની જીત્યું છે અને દરેક વાનાં કરવાની એની શક્તિ છે. જનરલ આજે જ હુકમો આપી દેશે. એમના જ કબજામાં આ શહેર છે. હું કશું કરી શકું એમ નથી, તમારે હુકમો માનવા જોઈશે.

કમિશનર મિ. કિચિન આ પછી ચાલ્યા ગયા. જનરલ ડાયર, માઈલ્સ અર્વિંગ, રેહિલ, પ્લૂમર, અને લશ્કરી પહેરેદારો પાંચ વાગ્યે આવ્યા. જનરલ અને બીજા બધાયે જણ અતિશય ક્રોધમાં ઓરડામાં પેઠા, અને જનરલે ઉર્દૂમાં ભાષણ કર્યું તેનો તરજુમો નીચે પ્રમાણે છે :

> તમો લોકોને બરોબર ખબર છે કે હું તો એક સિપાઈ અને સોલ્જર છું. તમને શાંતિ જોઈએ છે કે લડાઈ? તમને લડાઈની ઇચ્છા હોય તો સરકાર તેને માટે તૈયાર છે, અને જો તમને શાંતિ જોઈતી હોય તો મારા બધા હુકમો માનો અને બધી દુકાનો ઉઘાડો; નહીં તો હું તમને ગોળીએ ઉડાવીશ. મને તો ફ્રાંસનું કે અમૃતસરનું બંને રણક્ષેત્ર સરખાં છે, હું તો લશ્કરી આદમી રહ્યો. હું તો સીધો જ રસ્તો લેવાનો. હું કાંઈ ડાબી કે જમણી બાજુએ ચસવાનો નથી. તમને લડાઈ જોઈતી હોય તો કહી દો. જો તમારે સલાહ જોઈતી હોય તો બધી દુકાનો ઉઘાડવાનો હું તમને હુકમ કરું છું. તમે સરકાર વિરુદ્ધ વાતો કરો છો, અને જર્મનીમાં અને બંગાલમાં શીખેલા માણસો રાજદ્રોહની વાતો કરે છે. હું આ બધાની નોંધ લઈશ. હુકમો માનો. મારે બીજું કશું જોઈતું નથી. મેં લશ્કરમાં ૩૦ વર્ષ નોકરી કરી છે. હું હિંદી સિપાઈ અને શીખ લોકોને સારી રીતે જાણું છું. તમારે શાંતિ જાળવવી જ જોઈએ; નહીં તો દુકાનો બળજોરીથી અને બંદૂકથી ઉઘાડવામાં આવશે. તમારે મને બદમાશો વિષે બાતમી આપવી જોઈશે જ. હું તેઓને ગોળીએ ઉડાવી દઈશ. મારા હુકમો માનીને દુકાન ઉઘાડો. તમારે લડાઈ જોઈતી હોય તો તેમ કહો.

આ પછી મિ. માઈલ્સ અર્વિંગ, ડેપ્યુટી કમિશનર બોલવા ઊઠ્યા. તેના ભાષણમાંથી બે વાક્યો અમે આપીશું :

Gandhi Heritage Portal

અંગ્રેજોને મારી નાખવામાં તમે બહુ ખરાબ કામ કર્યું છે. તમારી ઉપર અને તમારાં બચ્ચાં ઉપર વેર વાળવામાં આવશે.

૧૫મીએ બધી દુકાનો ઉઘાડવામાં આવી. સહેજે એમ કલ્પના થાય કે ૧૩મીએ વેર વાળ્યા પછી, ૧૪મીનાં ભાષણો પછી અને દુકાન ઊઘડી ગયા પછી, સામાન્ય દીવાની અમલની પાછી શરૂઆત થઈ હશે; પણ તેમ બને તેમ ન હતું. વેર પૂરેપૂરું હજી વળ્યું ન હતું. આ કારણથી માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો,[1] અને હકીકતમાં જે ચાલુ જ હતો તેને હવે કાયદાની છાપ પડી. ૯મી જૂન સુધી તે અમલમાં રહ્યો અને અમૃતસરના લોકોની જિંદગી અનેક રીતે અસહ્ય કરી મૂકવામાં આવી. એમાંની કેટલીક રીતો નીચે આપી છે :

૧. જે ગલીમાં મિસ શેરવુડની ઉપર હુમલો થયો હતો, તેને લોકોને ફટકા મારવા માટે અને તેમાંથી પસાર થનારાઓને પેટે ચલાવવા માટે અલગ રાખવામાં આવી.

૨. નિયમ તરીકે દરેક અંગ્રેજ અમલદારને, અને હકીકતમાં દરેક અંગ્રેજને, બધા લોકોએ સલામ કરવી પડતી હતી, અને તેમ ન કરે તો તેમને પકડવાનું અથવા તેમનું અપમાન કરવાનું ઠરાવેલ હતું.

૩. સહેજ સહેજ માટે જાહેરમાં અને ખાનગી રીતે ફટકા મારવામાં આવતા.

૪. શહેરના તમામ વકીલોને, નિષ્કારણ સ્પેશિયલ કૉન્સ્ટેબલો બનાવવામાં આવ્યા હતા, અને તેમની પાસે સામાન્ય મજૂરની માફક કામ લેવામાં આવતું.

૫. ગમે તે દરજ્જાના માણસોને ગમે તેમ પકડવામાં આવતા હતા, અને પોલીસના પહેરામાં હોય તે દરમ્યાન તેઓની પાસે કબૂલાતનામાં કઢાવવાને માટે અથવા પુરાવો કઢાવવાને માટે અથવા કેવળ તેમને નામોશી લગાડવા માટે તેઓનાં અપમાન થતાં, તેમને પજવવામાં આવતા, અને અકથનીય ત્રાસો તેમની ઉપર ગુજારવામાં આવતા.

૬. ગુનાઓની ઉપર ઇન્સાફ આપવા માટે સ્પેશિયલ ટ્રિબ્યુનલો નીમવામાં આવી, જેને પરિણામે કાયદાને નામે હડહડતો અન્યાય થયો અને દુખિયારા પક્ષકારોને અપીલ કરવાનો હક રહ્યો નહીં.

હવે પેટે ચાલવાના હુકમ ઉપર અમે આવીએ. જે ગલીમાં લોકોને પેટે ચલાવવામાં આવતા હતા તે ગલી એક સાંકડી ગીચ વસ્તીવાળી જગ્યા છે. તેની બંને બાજુએ બે માળનાં મકાનો છે, અને અનેક ઘરોવાળી બીજી અનેક નાની નાની બીજી બાજુએથી બહાર ન નીકળાય એવી ગલીઓ તેમાં આવીને મળે છે. આ ગલીઓના રહેવાસીઓને જો કાંઈ ખરીદવા જવું હોય અથવા શહેરમાં જવું હોય, તો મુખ્ય ગલીના કોઈ પણ ભાગમાંથી નીકળ્યા વિના છૂટકો જ ન હતો. એટલે જતાં અને આવતાં બંને વાર પેટે ચાલ્યા વિના છૂટકો ન હતો. સાફસૂફ કરનાર અથવા વૈદકીય સારવાર કરનાર પેટે ચાલીને આવે તો જ આવી શકે. આ હુકમનો જે ગલીમાં અમલ થયો હતો તે ૧૫૦ વાર લાંબી છે. સાથે જોડેલા નકશા[2] ઉપર મધ્યમાં "ટીકટીકી" નામનો એક લંબ-ચતુષ્કોણ જોશો. ત્યાં ફટકા મારવાને માટે ખાસ માંડવો બનાવવામાં આવ્યો હતો. આ હુકમ ૮ દિવસ અમલમાં રહ્યો. જનરલ ડાયરે તો એને "ચારે અંગે ચાલવાનો હુકમ" કહ્યો છે, ને વર્તમાનપત્રોએ "હાથે અને ઘૂંટણે ચાલવાનો હુકમ" કહ્યો છે; છતાં એ ક્રિયા કરનારા માણસોને

૧. એપ્રિલની ૧૫મી તારીખે.
૨. આ નકશો અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

પોતાને ઊંધા સૂવું પડતું અને બરોબર કરોડ વિનાનાં પ્રાણીઓની માફક પેટે ચાલવું પડતું. જરા પણ ઘૂંટણ ઊંચું થાય કે વાંકું વળે તો તરત જ પેટે ચાલનારા માણસોની પીઠ ઉપર બંદૂકના કુંદા પડતા. આથી બધી ક્રિયા પેટ અને હાથ વડે જ કરવી પડતી હતી. ગલી, ઘણીખરી હિંદુસ્તાનની ગલીઓની માફક ગંદી અને કાંપ અને કચરાથી ભરેલી છે. વળી એ પણ જોવા જેવું છે કે હુકમ મોઢે જ આપવામાં આવ્યો હતો, અને ઉપરી અધિકારીઓના હુકમ મળ્યા એટલે ખેંચી લેવામાં આવ્યો હતો. જનરલ ડાયર આ હુકમનું આ પ્રમાણે કારણ આપે છે :

> સ્ત્રીઓને મારવામાં આવી હતી તે મને લાગતું હતું. સ્ત્રીઓને અમે પવિત્ર માનીએ છીએ. આ ભયંકર કૃત્યોને માટે યોગ્ય સજા શોધી કાઢવા માટે મેં મારા મગજને ખૂબ ચલાવ્યું. મને કોઈ યોગ્ય સજા જડે નહીં, પણ કંઈક અચાનક જ આ બની આવ્યું. પહેરાઓની મુલાકાતે હું ગયો ત્યારે મેં ત્યાં જઈને એક ત્રિકોણ ઊભો કરાવ્યો. આ ગલીને તો પવિત્ર જ ગણવી જોઈએ એમ મને લાગ્યું, એટલે મેં બંને છેડે પહેરેદારો મૂકયા, અને તેમને કહ્યું કે કોઈ પણ હિંદીઓને અહીંથી જવા દેવા નહીં. પછી મેં એમ પણ કહ્યું કે "જેને જવું હોય તેણે હાથેપગે ચાલીને જવું." મારા સ્વપ્નામાંયે ન હતું કે કોઈ અક્કલવાળો ડાહ્યો માણસ આવા સંજોગોમાં જાણીબૂજીને જશે.

આ શિક્ષામાં રહેલા ખૂનીપણા અને અધમપણાને આંટે એવું કાંઈ ભાગ્યે જ કલ્પી શકાશે. મિસ શેરવુડની ઉપર ૧૦મી તારીખે હુમલો થયો અને આ હુકમ ૧૯મીએ નીકળ્યો. મિસ શેરવુડને કદી ન જોયાં હોય એવાં માણસોને પણ એ હુકમ માનવાનો હતો. મિસ શેરવુડ ઉપરના હિચકારા હુમલા વિષે આ લોકોને ખેદ થયો હશે — અમૃતસરના ઘણા મોટા ભાગના લોકોને ખેદ થયો જ હતો. છતાં તેઓને આ સજા ભોગવવી પડી. મનુષ્યના આત્માને અધમ કરવાના જ હેતુથી જે મગજ આવી સજા શોધી કાઢીને તેને અમલમાં મૂકી શકે તે મગજ કેવા પ્રકારનું છે એ કહેવું કઠણ છે. પહેરેદારોને સવારના ૬થી રાતના ૮ વાગ્યા સુધી બેસાડવામાં આવ્યા હતા. એટલે લૉર્ડ હંટરે જયારે જનરલ ડાયરને પૂછયું કે "જે લોકો કાયદાને માન આપીને એ ગલીમાં રહેતા હતા તેમને ઘરમાંથી બહાર જવું હોય તો પેટે ચાલીને જ જવાની તેમને ફરજ પાડનારા હુકમનો શો ખુલાસો છે?" ત્યારે જનરલ ડાયરે જવાબ આપ્યો : "તેઓ બીજે કોઈ પણ વખતે જઈ શકતા હતા." એટલે કે રાત્રે દસ વાગ્યાથી તે સવારના છ વાગ્યા સુધીમાં કોઈ પણ વખતે. (તા. ૨૫મી પછી વખત ૮ને બદલે ૧૦ કરવામાં આવ્યો હતો.) જનરલ આમ બોલતા હતા ત્યારે તેમને ભાન ન રહ્યું કે આની સાથે બીજો હુકમ પણ ચાલુ હતો, કે જેને લીધે દસ વાગ્યા પછી તો કોઈ બહાર નીકળી શકે તેમ ન હતું અને નીકળે તો તેની ઉપર ગોળીબાર થવાનો સંભવ હતો. છતાં એનો એ જ જવાબ આપતાં એણે ઉમેર્યું કે :

> મને નથી લાગતું કે એથી કાંઈ બહુ અગવડ થઈ હોય. જો તેમને જરા દુઃખ પડે તો, માર્શલ લૉ ચાલતો હોય તે દરમિયાન તે કાંઈ દુઃખ કહેવાય નહીં. તેઓને રોજની જોઈતી ચીજો બીજી રીતે મળી શકતી હતી. તેઓને થોડી અગવડ ખમવી પડે તેનો ઉપાય ન હતો.

લૉર્ડ હંટરે કહ્યું :

> તમે કબૂલ કરશો કે આવા ખળભળાટના વખતમાં શાંત લોકો માટે ગરબડ મટાડવામાં મદદ કરવાનું મુશ્કેલ છે. આથી કરીને છેવટના ઉપાયો તો કાયદાને માન આપી ચાલનારા શહેરીઓને નહીં પણ તોફાની લોકોને જ લાગુ પાડવા જોઈએ એ ઠીક નથી?

Gandhi Heritage Portal

જનરલ ડાયરે જવાબ આપ્યો :

હા, એ લોકો નામના કાયદાને માન આપનારા શહેરીઓ ગણી શકાય, પણ મને લાગે છે કે તે વેળા મેં તો દુષ્ટોને સજા આપવાનો જ વિચાર રાખેલો હતો.

સ. — પણ આ ગલી કાંઈ એવી ન હતી કે જ્યાં મિસ શેરવુડને મારનારા માણસોની પુષ્કળ આવજા હોય?

જ. — ના, પણ ગલીની મધ્યમાં મેં એક માંચડો ઊભો કરાવ્યો હતો, અને મેં ધાર્યું હતું કે મિસ શેરવુડને મારનારા માણસો પકડાશે ત્યારે હું તેમને ત્યાં ફટકાવીશ. મારો તેમને ફટકા મારવાનો ઇરાદો હતો.

પણ ખરેખર શું બન્યું તે ઘડીક વાર આપણે જોઈએ. લાલા ઈશ્વરદાસ અમૃતસરની એક મોટી પેઢીમાં આસિસ્ટન્ટ છે. તે નકશા ઉપર બતાવેલા લાલા લાભચંદને ઘેર તા. ૧૮મી એપ્રિલે ગયા હતા. એવામાં જ એકાએક ગલીમાં લશ્કરી ટુકડી સાથે મિ. પ્લૂમર આવી પહોંચ્યા. લાલા ઈશ્વરદાસ અને તેના મિત્રો એક બારીમાંથી જોતા હતા. મિ. પ્લૂમરે તેમના તરફ પોતાની ચાબુકનો સપાટો કર્યો અને તેમને સૌને ઊભા થઈ સલામ કરવાનું કહ્યું. લાલા લાભચંદને લશ્કરને માટે પોતાના ઘરનો કેટલોક ભાગ ખાલી કરી આપવાનો હુકમ મળ્યો હતો. આ સાક્ષી કહે છે કે :

આશરે સાંજે ૪ વાગ્યે ઈશ્વરદાસ, પન્નાલાલ, મેલારામ અને હું ઘેર જવા નીકળ્યા, પણ અમને પોલીસે રજા ન આપી. અમે પાછી પરવાનગી માગી, પણ ગલીમાંથી પેટે ચાલીને જઈએ તો જ જઈ શકીએ એવી શરતે તે આપવામાં આવી. એટલે અમને બધાને પેટે ચાલીને ગલીમાંથી બહાર નીકળવું પડયું. અમારે ઘેર જવાને બીજો રસ્તો જ નહોતો.

અહીં ધ્યાનમાં રાખવા જેવું છે કે હુકમ લેખી રીતે કે મોઢે પણ બહાર પાડવામાં આવ્યો ન હતો, છતાં તેનો અમલ કરવાનો આ પ્રથમ દિવસ હતો. જેમ જેમ એનો અમલ થતો ગયો તેમ તેમ તે પ્રસિદ્ધ થતો ગયો.

બીજા એક સાક્ષી લાલા મેઘામલ એક કાપડના વેપારી છે. તેઓ કહે છે :

મારું ઘર કૂચા કૂળીચાન (આ પેટે ચાલવાની ગલીમાંથી નીકળતી એક ગલી)માં આવેલું છે, અને મારી દુકાન ગુરુ બજારમાં છે. પહેલે જ દિવસે કૂચા કુળીચાનમાં સોલ્જરો ગોઠવવામાં આવ્યા. હું સાંજે પાંચ વાગ્યે ઘેર આવતો હતો ત્યારે મને સોલ્જરોએ અટકાવ્યો, અને મને મારા પેટ ઉપર ચાલવાનો હુકમ કર્યો. પણ હું તો નાસી ગયો અને સોલ્જરો ત્યાંથી ખસ્યા ત્યાં સુધી બહાર જ રહ્યો. તે દિવસે રાત્રે હું નવ વાગ્યે ઘેર આવ્યો અને જોયું તો મારી સ્ત્રીને તાવ આવેલો હતો. ઘરમાં તેને આપવા માટે પાણી ન હતું. ડાકટરે નહોતા કે નહોતી કાંઈ દવા. મોડી રાત્રે હું પાણી લઈ આવ્યો. આ પછીના સાત દહાડા સુધી મારી સ્ત્રીને કશી વૈદકીય સારવાર થઈ શકી નહીં, કારણ કોઈ ડાકટર પેટે ચાલીને આવવાને તૈયાર થાય નહીં.

આ ગલીમાં એક જૈન સભામંદિર છે ત્યાં કેટલાક સાધુઓ રહે છે. લાલા રેલૈયારામ, અફીણના કન્ટ્રાકટરનું આ મંદિર પાસે ઘર છે. પોતાની દુકાને જતા હતા ત્યારે એમને પેટે ચાલીને જવાની ફરજ પાડવામાં આવી. તે કહે છે :

હું પેટે ચાલતો હતો ત્યારે તેઓએ મને પોતાના બૂટ વડે લાતો મારી અને બંદૂકના કુંદાના મને ગોદા માર્યા. તે દિવસે હું રાત્રે જમવા ઘેર ગયો નહીં. . . . આઠ દહાડા સુધી

Gandhi Heritage Portal

કોઈ ભંગી આવે નહીં, એટલે કચરો ત્યાં ને ત્યાં જ રહેતો અને પાયખાનાં પણ સાફ ન થતાં. પાણી ભરનાર પણ આ બધા દહાડા ગેરહાજર હતો. . . . અમને શાકભાજી કે બીજી જણસ મળી શકતી નહીં.

એ જ ગલીમાં રહેતા જૈન મંદિરના લાલા ગણપતરાય કહે છે :

પૂજા માટે આ ગલીમાં થઈને જેમને મંદિરમાં આવવું પડતું, તેમને પણ આવી રીતે પેટે ચલાવવામાં આવતા હતા.

લાલા દેવીદાસ, જેઓ એક શરાફ છે તેમને પેટે ચલાવવામાં આવ્યા હતા. તેઓ પોતાના ઘેર પાછા જવાને તૈયાર થયા, પણ તેમને પેટે ચાલવાની ફરજ પાડવામાં આવી. તે કહે છે:

મેં પ્રથમ તો મારા હાથ અને ઘૂંટણે ચાલવા માંડયું, પણ બાગનેટના મારની ધમકી મળી અને મારે પેટે ચાલવું પડયું.

કહાનચંદ નામના એક ગૃહસ્થને વીસ વર્ષ થયાં અંધાપો છે. તેમને પેટે ચલાવવામાં આવ્યા હતા અને લાતો પડી હતી.

અબદુલ્લા નામના એક શિક્ષકને પેટે ચલાવવામાં આવ્યા હતા, અને રસ્તામાં થાકીને તે જરા થોભ્યા એટલે તેમને લાતો અને બંદૂકના કુંદા મારવામાં આવ્યા હતા. એમનો શરીરનો બાંધો મજબૂત હતો એટલે આખે શરીરે ઉઝરડા પડયા હતા.

આ હુકમ ચાલુ હતો તે દરમ્યાન મંદિરનાં પારેવાં અને બીજાં પંખીઓને ગોળીબાર કરવામાં આવતો હતો. પશુઓને માટેની પવિત્ર પાંજરાપોળ, જે ગલીને નાકે જ આવેલી હતી તે મળમૂત્રથી બગાડવામાં આવી હતી, ગલીના કૂવાઓને પણ સોલ્જરોએ નજીકમાં મળમૂત્ર કરી ભ્રષ્ટ કર્યા હતા.

સરકારપક્ષની જુબાનીમાંથી એમ જણાય છે કે પેટે ચાલવાની જંગલી ક્રિયા ૫૦ માણસોને કરવી પડી હતી.

ફરજિયાત સલામ કરવાનું નામોશીભરેલું કાર્ય જેમણે કર્યું નથી તેમને, જેને એ કાર્ય કરવું પડયું છે તેને કેટલું દુઃખ અને અપમાન લાગ્યું હશે, તેનો ભાગ્યે જ ખ્યાલ આવી શકશે. જેઓને સલામ કરવી પડી હતી તેઓએ અમને તે કાર્યનું વર્ણન આપ્યું છે. તોપણ અમે માત્ર તે તેઓને કેટલું દુઃખદાયી થઈ પડયું હશે તેનો કાંઈક જ ખ્યાલ લાવી શકીએ. ૧,૬૦,૦૦૦ માણસની વસ્તીવાળા શહેરને લાગુ પાડવામાં આવેલો આ સલામ કરવાનો હુકમ કાંઈ નાનીસૂની વાત ન હતી—સલામ કરવી પડતી એટલે ઊભા રહી જઈને જમણા હાથનું ચોક્કસ રીતે હલનચલન કરવું પડતું. નવાઈ નથી કે કેટલાક સાક્ષીઓ અમારી પાસે એવા આવ્યા છે કે જેઓ કહે છે કે તેમને બરોબર રીતે સલામ ન કરવાને માટે પકડવામાં આવ્યા હતા. અને બરોબર રીતે સલામ કરી એટલે કાંઈ હુકમ પૂરો ન થઈ જતો; જેઓ ભૂલ કરતા તેઓને અનેક રીતે શિક્ષા ખમવી પડતી.

લાલા હરગોપાળ ખન્ના, બી. એ. ૧૮મી એપ્રિલે પોતાના કેટલાક મિત્રો સાથે એક રસ્તેથી પસાર થતા હતા. તેમણે કેટલાક ઘોડેસવાર પોલીસો અને તેમની પાછળ જનરલ ડાયરને જોયા, તેમણે તેમને બૂમ પાડી. તેમની પાસે જતાં જ લાલા હરગોપાળે તેમને લશ્કરી રીતે સલામ કરી, એટલે તેને કહેવામાં આવ્યું કે તે બરોબર સલામ કરી જાણતો ન હતો; અને બીજે દિવસે રામબાગમાં હાજર થવાનું તેમને કહેવામાં આવ્યું. તેણે જનરલની સલામ કરીને રજા લીધી અને સિટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ, મિ. પ્લૂમરને રામબાગમાં પોતાને કયાં હાજર થવાનું છે તે

Gandhi Heritage Portal

વિષે પૂછયું. મિ. પ્લૂમરે લાગલા જ એક કૉન્સ્ટેબલને તેમને કોટવાલ સાહેબ પાસે લઈ જવાનો હુકમ આપ્યો. ત્યાં પહોંચતાં તેમને બીજા બેત્રણ માણસ સાથે ભીની જમીન ઉપર બેસાડવામાં આવ્યા. સાંજના સાત વાગ્યા સુધીમાં આ ટોળી વધતી ગઈ. આ પછી બબ્બેની જોડી કરી કોટવાલી સુધી તેમને કૂચ કરાવવામાં આવી. કોટવાલીમાં તેઓને ખુલ્લી જગ્યામાં બેઠાં બેઠાં અથવા પડયાં પડયાં રાત ગાળવી પડી. તેમના ઉપર એક ગુરખાનો પહેરો મૂકવામાં આવ્યો હતો. બીજે દહાડે સવારે ૮ાા વાગ્યે તેમને રામબાગ લઈ જવામાં આવ્યા. જ્યાં તે સઘળાને એક લશ્કરી હવાલદારે (સાર્જન્ટે) આવીને સલામ કરતાં શીખવ્યું ત્યાં સુધી તડકામાં ઊભા રાખવામાં આવ્યા હતા. ત્યાર પછી બધાને છોડવામાં આવ્યા. (જુબાની નં. ૯૫, ૯૬)

> મિયાં ફિરોજદીન જેઓ એક ઑનરરી મૅજિસ્ટ્રેટ છે તેઓ કહે છે: જનરલ અને મિ. પ્લૂમરને સલામ કરતી વખતે ઊભા રહી ન જવા માટે લોકોને ફટકા મારવામાં આવતા. જે લોકો સલામ ન કરતા તેમને ઘણીક વાર પકડવામાં આવતા. આવી રીતે ફટકા મરાયાના અને પકડાયાના કેટલાક દાખલા મેં મારી નજરે જોયા છે. લોકો એટલા તો ડર ખાઈ ગયા હતા કે, ઘણાકને તો, રખેને કાંઈ ભૂલ થઈ જાય અને સજા ખમવી પડે તે ખાતર, લગભગ આખો દિવસ ઊભા રહેવું પડયું હતું. હું "લગભગ" કહું છું, કારણ જ્યારે જ્યારે તેઓ મોટરનો અવાજ સાંભળતા ત્યારે ત્યારે તેઓ ઊભા રહી જતા. મેં પોતે તેમ કર્યું છે. (જુબાની નં. ૨)

ફટકા મારવાનું જાહેર હતું તે તો નામોશીભરેલું હતું, એટલું જ નહીં પણ ત્રાસજનક હતું; અને કેટલોક સરકારી પુરાવો પડયો છે તે ન હોત તો ફટકા મારવાની સજા કેમ કરવામાં આવી હતી તે સમજવું જ મુશ્કેલ પડત. સરકારી પુરાવા ઉપરથી જ જણાય છે કે આ સજા "કિલ્લાના કાયદા" નામના નિયમોના કહેવાતા ભંગ માટે થઈ હતી; અને મિસ શેરવુડની ઉપર હુમલો કરવાનો જેમની ઉપર વહેમ ગયો હતો તેમને વિષે તો જનરલ ડાયરે જ કબૂલ કર્યું હતું, કે તેમને તો પેટે ચાલવાની ગલીમાં તેઓને ફટકા મારવા હતા. આ પ્રમાણે નકશામાં બતાવેલા માંડવામાં છ છોકરાઓને ફટકા મારવામાં આવ્યા હતા. દરેકને "ટીકટીકી" સાથે બાંધવામાં આવતો હતો અને ૩૦ ફટકા મારવામાં આવતા હતા. તેમાંનો એક

> સુંદરસિંહ બિચારો ૪થે ફટકે બેભાન થઈ ગયો, પણ એક સોલ્જરે તેના મોંમાં થોડું પાણી રેડયું એટલે તેને પાછું ભાન આવ્યું. તરત જ પાછા ફટકા શરૂ થયા. વળી પાછો બેભાન થઈ ગયો, પણ ૩૦ ફટકા પૂરા થયા ત્યાં સુધી તે બિચારાને બેસાડવામાં ન આવ્યો.

થાંભલા ઉપરથી તેને લોહીએ નીગળતો અને તદ્દન બેભાન દશામાં લઈ જવામાં આવ્યો. બીજા છોકરાઓને પણ આ પ્રમાણે જ ફટકા મારવામાં આવ્યા હતા, અને તેમાંના ઘણાખરા તો ફટકાના માર દરમ્યાન બેભાન થઈ ગયા હતા.

> તે બધાને હાથકડી નાખેલી હતી અને તેઓ થોડાં પગલાં પણ ચાલવાને અશક્ત હતા, એટલે પોલીસના માણસો તેમને ખેંચતા હતા. આ પછી તેમને કિલ્લામાં લઈ જવામાં આવ્યા. (જુબાની નં. ૧૧૫, ૧૧૭ અને ૧૧૮)

જનરલ ડાયરે પોતાના પુરાવામાં કહ્યું છે કે વકીલ કૉન્સ્ટેબલોએ ઉપયોગી સેવા બજાવી હતી, અને મિ. કિચિને કહ્યું છે કે તેમને એ કામ તો કાંઈક ગમી ગયું હતું. હવે એ વકીલોનો જ પોતાની નિમણૂક વિષે, અને પોતાને કરવાં પડેલાં કામ વિષે શો અભિપ્રાય છે તે આપણે

Gandhi Heritage Portal

જોઈએ. લાલા કનૈયાલાલનું નામ તો આગળ આવી જ ગયું છે. અમૃતસરના એ જૂનામાં જૂના વકીલ છે. તેમને પણ આ માનમાંથી મુક્તિ નહોતી. વળી તેઓ કહે છે :

મારે કહેવું જોઈએ કે બીજા સ્થાનિક વકીલો સાથે મને પણ સ્પેશિયલ કૉન્સ્ટેબલ તરીકે કામ કરવાની ફરજ પાડવામાં આવી હતી. ૨૨મી એપ્રિલે આ નિમણૂક કરવામાં આવી હતી, જ્યારે શહેરમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવાની ખાતર આ નિમણૂક કરવાની કશી જરૂર ન હતી. પોલીસનાં માણસો આ કામ માટે પૂરતાં હતાં, અને બે દિવસમાં તો શહેર શાંત હતું. મારે ઘરડેઘડપણ મારી પાસે એક જગ્યાએથી બીજી જગ્યાએ ખુરશી લાવવા લઈ જવા જેવું મજૂરનું કામ કરાવવામાં આવ્યું હતું, અને બળતા તાપમાં મારે પહેરો ભરવો પડયો હતો. આ ઉપરાંત અમારા ઉપર જે ગાળોનો વરસાદ વરસતો, અને અમને જે અપમાનો મળતાં તે વળી અમારા દુ:ખના વધારામાં. શાંતિ અને વ્યવસ્થા માટે અમારી નિમણૂકની કશીયે જરૂર હતી એમ હું માની શકતો નથી. કૉન્સ્ટેબલની નિમણૂકનો હુકમ અમને સજા કરવા માટે જ યોજાયેલો હતો. સ્થાનિક વકીલો સાર્વજનિક કાર્યોમાં ભાગ લે છે, અને રૉલેટ ઍક્ટ સામેની ચળવળમાં ભાગ લીધો હતો, આ જ કારણસર આખા વકીલમંડળને આ સજા કરવામાં આવી હતી. (જુબાની નં. ૨૯)

લાલા બાલમુકુંદ ભાટિયા, હાઈકોર્ટ વકીલ અને મ્યુનિસિપલ કમિશનર સ્પેશિયલ કૉન્સ્ટેબલ નીમવાની ક્રિયાનું વર્ણન કરતાં કહે છે :

અમને જમીન ઉપર બેસાડવામાં આવ્યા હતા અને પછી બે શહેરીઓને થાંભલે બાંધીને ફટકા મરાતા અમને જોવાની ફરજ પાડવામાં આવી હતી. આ બનાવ જોવાનો મને ખાસ હુકમ કરવામાં આવ્યો હતો. સાંજે બધાએ વકીલોને એક હારમાં ઊભા રાખવામાં આવ્યા હતા.

લેફ્ટનન્ટ ન્યૂમૅનના હવાલામાં બધાને સોંપવામાં આવ્યા હતા. તેણે એક જણના તરફ લાત સુધ્ધાં ઉગામી હતી. દિવસમાં ત્રણ વખત તેમને હાજરી આપવી પડતી હતી અને બાકીનો દિવસ પહેરો ભરવો પડતો હતો. શ્રીયુત ભાટિયા કહે છે :

એટલે, અમારે વાડીમાં કે શહેરમાં આખો દિવસ હાજર રહેવું પડતું હતું. અમને વારંવાર યાદ દેવરાવવામાં આવતું હતું કે, "તમે માત્ર કૉન્સ્ટેબલ છો, તમારી કાંઈ પણ કસૂર થશે તો તેને માટે ફટકાની કે કેદની જ નહીં, પણ દેહાંત દંડની શિક્ષા પણ થશે." અમને માનની નજરથી જોનારા ઘણા લોકોની સમક્ષ અમારી પાસે ખુરશીટેબલ ઉપાડવા જેવું મજૂરનું કામ કરાવવામાં આવતું, જોકે આ કામ માટે ઑર્ડર્લી અને બીજા નોકરો પૂરતા હતા.

વકીલોને સલામ કરવાનું તો ખસૂસ શીખવવામાં આવતું. તેમને ૧૨મીએ છોડવામાં આવ્યા. શ્રીયુત ભાટિયા પણ લાલા કનૈયાલાલની માફક એમ જ માને છે કે આ કામ કરાવવામાં વકીલોને સજા કરવાનો જ ઇરાદો હતો. (જુબાની નં. ૯૧)

પંડિત રાજેન્દ્ર મિશ્ર અને બીજા વકીલો ઉપર જણાવેલા આરોપોને ટેકો આપે છે, અને કહે છે કે અધિકારીઓને મદદ આપ્યા છતાં તેમને આ પ્રમાણે અપમાન અને દુ:ખ આપવામાં આવ્યું હતું. (જુબાની નં. ૯૪)

એકંદર આ રીતે ૯૩ વકીલોનું અપમાન થયું હતું, આવી રીતે તેમનો ધંધો છોડી દેવરાવવામાં આવ્યાને લીધે તેમને વિનાકારણ જે પૈસાની ખોટ ગઈ તેની તો અમે વાત જ કરતા નથી.

Gandhi Heritage Portal

પણ અતિશય ત્રાસજનક પ્રકારની સજા તો કદાચ માર્શલ લૉની મુદત દરમિયાન જે એકસામટી ધરપકડ થઈ અને લોકોના તરફ, પોલીસ-હવાલા દરમિયાન, જે વર્તન ચલાવવામાં આવ્યું, તે જ ગણાય. આ વિટંબણામાંથી જ્યારે ધરપકડ ચાલતી હતી ત્યારે, કોઈ પણ શહેરીને મુક્ત રહેવાની આશા ન હતી.

લાલા ગિરધારીલાલ કહે છે :

> મારી સ્મૃતિ પ્રમાણે પોલીસ, લોકોની ૧૩મી એપ્રિલથી ધરપકડ કરવા લાગી, ત્યાર પછી તે બંધ થઈ જ નહીં. અને આજે એક તો કાલે બીજા એમ દરેક દરજ્જાના લોકોને, શાંતિથી તેઓનું કામ કરતા હોય ત્યારે પકડવામાં આવતા હતા. શા આરોપ માટે તેમને પકડવામાં આવે છે તે જણાવવામાં આવતું નહીં.

ત્યાર પછી તરત જ તેઓને હાથકડી નાખી કાચી જેલમાં પૂરી દેવામાં આવતા, અને ત્યાં તેઓના ઉપર શા ગુનાનો આરોપ છે તેની ખબર આપ્યા વિના તેમને દહાડાના દહાડા અને મહિનાના મહિના સુધી રાખવામાં આવતા; અને મિત્રો અથવા સગાંવહાલાંને મળવાની અથવા સલાહ લેવાની તેમને કશી તક આપવામાં આવતી નહીં. જ્યારે બદરુલ ઈસ્લામ અલીખાનને પકડવામાં આવ્યા હતા, ત્યારે લોકોના ઉપર એવી છાપ પડી હતી કે કૉંગ્રેસની હિલચાલ સાથે સંબંધ ધરાવનાર શહેરમાંના દરેક જણની ઉપર આવી જ રીતે વાદળી આવશે. લાલા ગિરધારીલાલે અમૃતસર ૭મી એપ્રિલે છોડયું હતું, અને કાનપુરમાં એક સંબંધીને ઘણા બીમાર મૂકીને ૧૧મીએ પાછા ફર્યા હતા. એટલે તેમને પાછું કાનપુર જવું હતું. પુષ્કળ અડચણ વેઠીને તેઓ અમૃતસર છોડવાનો પાસ મેળવી શકયા, અને ૨૧મી એપ્રિલે તેઓ કાનપુર જવા કલકત્તા મેલમાં ઊપડયા. બિયાસ નદીના પુલ ઉપર ગાડી અટકાવવામાં આવી, અને તમામ હિંદી પ્રવાસીઓના સરસામાનની ખૂબ ઝડતી લેવામાં આવી. થોડા વખત પછી તેમને ખબર પડી કે અમૃતસરમાં તેમને અધિકારીઓએ બોલાવ્યા છે. કાનપુરના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની આગળ તેઓ હાજર થયા, તેઓ લાલા ગિરધારીલાલની સાથે બહુ અદબથી વર્ત્યા અને પોલીસ-હવાલામાં તેમને અમૃતસર મોકલી આપ્યા. જે સબ-ઈન્સ્પેકટરના હવાલામાં તેઓ હતા તેની પરવાનગીથી તેમણે પોતાની પાસે એક વર્તમાનપત્ર રાખ્યું હતું, પણ અમૃતસરના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને તો આ પણ બહુ ભારે થઈ પડયું. સબ-ઈન્સ્પેકટરે તેને શાંતિથી કહ્યું કે, "મારા ઉપરીએ મને આ માણસની ઉપર એ પ્રકારની બંધી રાખવાનો હુકમ આપેલો ન હતો, એટલે મેં તેને વર્તમાનપત્ર ખરીદવાની પરવાનગી આપી." લાલાજીને તરત જ હાથકડી કરવામાં આવી, અને પોતાને શા માટે પકડવામાં આવ્યો છે, એમ પૂછતાં તેમને કશો ઉત્તર મળ્યો નહીં.

તા. ૨૨મી એપ્રિલની સવારના ૧૧ વાગ્યાથી બીજે દિવસે સવારે આઠ વાગ્યા સુધી તેમને કશું ખાવાનું મળ્યું ન હતું. એક નાના ઓરડામાં ૧૦ કે ૧૧ માણસો સાથે તેમને પૂરવામાં આવ્યા હતા. આ ઓરડાના ખૂણામાં એક વાસ મારતું પેશાબનું વાસણ હતું. બીજે દિવસે થોડી મિનિટ માટે તેમને તેમના નિત્યકર્મ માટે બહાર કાઢવામાં આવ્યા હતા. અને તરત જ પાછા પૂરી દેવામાં આવ્યા હતા. તેમને નાહવાની કે કપડાં બદલવાની પણ પરવાનગી ન હતી, અને મહામુસીબતે, એક માયાળુ કૉન્સ્ટેબલ પાસે આવ્યો ત્યારે તેમને પાણી મળી શકયું. મે મહિનામાં વધારેમાં વધારે તાપ હોય છે, અને એક હવા વિનાના અને ગીચોગીચ ભરેલા ઓરડામાં તો શી વેદના થઈ હશે તેનો સહેજે ખ્યાલ આવી શકશે. વખત આવ્યો એટલે તેમને કેટલાક અમલદારો આગળ લઈ જવામાં આવ્યા. તેમાંના એક જણે તેમને વિષે અપમાનકારક

Gandhi Heritage Portal

અને દુઃખદાયક વચનો કાઢયાં. ૨૪મી મેએ તેમને કાચી જેલમાંથી સબસીડિયરી જેલ (વધારાની જેલ)માં ખસેડવામાં આવ્યા. ત્યાં મનુષ્યને ખાવાને નાલાયક એવો ખોરાક તેમને મળ્યો. ૨૭મી મેએ તેમને અને તેમના સોબતીઓને બબ્બે વચ્ચે એક હાથકડી નાખીને લાહોર લઈ જવામાં આવ્યા. તેમની પાસે કોઈને આવવા દેવામાં આવતા ન હતા. જે કોઈ તેમની સાથે વાત કરવા જતા તેમને લાગલા જ પકડવામાં આવતા. લાહોર રેલવે સ્ટેશનથી તે કોર્ટ સુધી બે માઈલ તેમને ચલાવવામાં આવ્યા. રસ્તે પીવાનું પાણી પીતાં પણ તેમને પોલીસ ઇન્સ્પેક્ટરે અટકાવ્યા. કોર્ટ આગળ પહોંચ્યા પછી કોર્ટની બહાર આખો દિવસ તેમને બેસી રહેવું પડયું. પછી તેઓને સેન્ટ્રલ (મુખ્ય) જેલમાં લઈ જવામાં આવ્યા અને ત્યાં દરેકને સાત ફૂટ લાંબા અને બે ફૂટ પહોળા અને ચાર ફૂટ ઊંચા લોખંડના પાંજરામાં પૂરવામાં આવ્યા. નાહવાની વ્યવસ્થા અતિશય ગંદકીભરેલી હતી. આ કાર્ય માટે તેમને દરેક જાતના કામને માટે વાપરવામાં આવતી મોરી બતાવવામાં આવી હતી. ૨૭મી મેએ, જેમનાં સગાંવહાલાંએ પૈસા ભર્યા હતા તેવા કેટલાકોને કંઈક સારા ઓરડામાં ખસેડી લઈ જવામાં આવ્યા; અને કાંઈક વધારે સારો ખોરાક આપવામાં આવ્યો, તથા કપડાં બદલવાની પરવાનગી આપવામાં આવી. ૨૮મી મેને દિવસે તેમને બોર્સ્ટલ જેલમાં લઈ જવામાં આવ્યા. ૩જી જૂને અમૃતસરના કેટલાક કેદીઓને કામ ચલાવવા માટે કોર્ટમાં મોકલવામાં આવ્યા હતા, બીજા કેટલાકને, તેમની ઉપર શો આરોપ હતો તે જણાવ્યા વિના સાક્ષીઓનાં નામ આપવાનું કહેવામાં આવ્યું હતું. લાલા ગિરધારીલાલને, તા. ૬ઠી જૂને કાંઈ પણ કામ ચલાવ્યા વિના અને તેમને શા માટે પકડવામાં આવ્યા હતા તેની કશી ખબર આપ્યા સિવાય છોડી દેવામાં આવ્યા. આ પ્રમાણે અધિકારીને અજાણ્યા નહીં એવા અમૃતસરના એક લોકનાયકને પકડવામાં આવ્યો હતો, અને દોઢ મહિના સુધી કેદમાં રાખવામાં આવ્યો અને સામાન્ય કેદીના કરતાં પણ વધારે ખરાબ વર્તન તેના તરફ બતાવવામાં આવ્યું હતું — કારણ કાચી જેલમાં હોય તેવા દરેક સામાન્ય કેદીને પોતાનાં સગાંવહાલાંને, અને વકીલને તો જરૂર, મળવા દેવામાં આવે છે અને તેને જોઈએ તે ખોરાક લેવા દેવામાં આવે છે. મિયાં ફિરોજદીન, એક ૨૧ વર્ષના જૂના ઑનરરી મૅજિસ્ટ્રેટ અને અમૃતસરના એક રૈસ[૧] કહે છે કે અમૃતસરના અતિશય પ્રતિષ્ઠિત પુરુષોને જ્યારે આમ પજવવામાં અને દૂભવવામાં આવતા હતા, ત્યારે જગજાહેર બદમાશો લગભગ છૂટેદોર ફરતા હતા. (જુબાની નં. ૨)

મિ. મકબૂલ મહમૂદ, હાઈકોર્ટ વકીલ, જેમણે, આપણે જોઈ ગયા છીએ કે, ૧૦મી એપ્રિલે પોતાના જીવને જોખમે પુલ પાસેના ટોળાને પાછા ફેરવવાનો પ્રયત્ન કર્યો હતો તેમને એક સબ-ઇન્સ્પેક્ટરે પકડયા, અને પોલીસથાણે લઈ જવામાં આવ્યા. તેમને આ પ્રમાણે લખી આપવાનું કહેવામાં આવ્યું : “હું રૉબિન્સન અને રોલૅન્ડનાં ખૂન કરનારાઓને ઓળખી શકું તેમ છું અને ઓળખ આપવાને તૈયાર છું.”

> મેં પોલીસને ખબર આપી કે હું તો તેમને લેખી જુબાની મોકલી ચૂકયો છું, અને તેમાં મેં લખ્યું છે કે હું કોઈને ઓળખી શકું તેમ નથી. આ મારી જુબાની, પછી મારી પાસે આણવામાં આવી; અને તે મારા હાથે જ ફાડી નંખાવી, જેમને તેઓએ ગુનેગાર તરીકે ખોળી કાઢયા હતા તેમના નામવાળું એક બીજું જુબાનીપત્ર લખી આપવાનું મને કહેવામાં

૧. મિલકતદાર.

Gandhi Heritage Portal

આવ્યું. આમ કરવાની મેં ના પાડી એટલે મને કેટલીક ધમકી આપવામાં આવી. છતાં થોડી વારે મને જવા દેવામાં આવ્યો.

આ પછી બચાવપક્ષના સાક્ષી તરીકે કોઈએ તેમનું નામ આપ્યું હતું. સરદાર સુખાસિંહે તેમને કહ્યું, "ઘણા લોકોએ બચાવપક્ષ તરફથી સાક્ષી પૂરવાની ના પાડી છે, તમે પણ તેમ કરો." મિ. મકબૂલ મહમૂદે જવાબ આપ્યો, "મને અંતરાત્મા છે." એટલે સરદાર સુખાસિંહે તેને કહ્યું, "આ વખતમાં કોઈને અંતરાત્મા નથી, અને જેને હોય છે તેને દુઃખી થવું પડે છે." તેણે એમ પણ ઉમેર્યું: "હું તમારી સનદ ખેંચી લેવરાવીશ અને તમને વધારે મુશ્કેલીમાં લાવીશ." (જુબાની નં. ૫૦)

૨૦મી એપ્રિલે ડૉ. કેદારનાથ ભંડારી, સિનિયર આસિસ્ટન્ટ સર્જન (ઉંમર વર્ષ ૬૨ના)ને સરદાર સુખાસિંહે, ૧૦મી એપ્રિલે મિસિસ ઇઝડનની ઉપર હુમલો કરનાર ટોળીમાંના કોઈ પણ માણસનું નામ આપવાનું કહ્યું. ડૉ. કેદારનાથે તેને કહ્યું કે, "મારાથી એ થઈ શકે તેમ નથી." એટલે સરદાર સુખાસિંહ, મિ. પ્લૂમર અને મિ. માર્શલ બૂમ પાડી ઊઠ્યા, "હેં! તમે સરકારને મદદ નથી કરતા; તમને પણ પકડવામાં આવશે!" આનો ડૉક્ટરે ઉત્તર આપ્યો, "જેને મેં જોયા નથી તેનું નામ હું ન જ આપી શકું, તમારે જે કરવું હોય તે કરી લો." આ ઉપરથી સરદાર સુખાસિંહે ડૉક્ટરને કહ્યું, "તમને પકડવાનો મારી પાસે હુકમ છે, અને હવે તમોને પકડાયેલા સમજજો." તેમને હુકમ બતાવવામાં ન આવ્યો, પણ તેમના આસિસ્ટન્ટની સાથે તેમને કાચી જેલમાં મોકલવામાં આવ્યા. બંનેને ૨૭મી એપ્રિલ સુધી કાચી જેલમાં રાખવામાં આવ્યા, અને તે જ તારીખે તેમને સબસીડિયરી જેલમાં મોકલવામાં આવ્યા. ત્યાં જવાનો એક માઈલનો રસ્તો હતો અને ડૉક્ટરને હૃદયરોગ હતો એટલે તેમણે ગાડી માગી. તેમણે એમ પણ કહ્યું કે તેમને જો બીજાઓની સાથે પરેડ કરાવવામાં આવશે અને હાથકડી કરવામાં આવશે તો તેમને આઘાત પહોંચશે. છતાં તેમને બીજા ૬૨ કેદીઓની સાથે જેલ સુધી ચલાવવામાં આવ્યા. તેઓ કહે છે:

ખૂબ તાપ હતો એટલે જેલ પહોંચતાં તો મને મૂર્છા આવી, પણ એક માયાળુ પોલીસના માણસે મને પીવાને પાણી આપ્યાથી તરત જ મને શુદ્ધિ આવી.

તેમને એક કોટડીમાં પૂરવામાં આવ્યા, અને તે ન ખાઈ શકે તેવી રોટલી તેમને આપવામાં આવી. એક મિત્રે બહારથી તેમને માટે ખાવાનું મોકલવાની વિનંતી કરી. પણ તે સ્વીકારાઈ નહીં, અને તેમનાં કપડાં—જે ગંધાતાં હતાં અને જેમાં જૂ પડેલી હતી તે—બદલાવવાની વિનંતી પણ નિષ્ફળ ગઈ. બીજી મેને દિવસે ડેપ્યુટી કમિશનર જેલમાં ગયા, ત્યાં ડૉક્ટરે તેમને પૂછ્યું કે "મને શા માટે કેદમાં રાખવામાં આવ્યો છે?" ઉત્તર મળ્યો: "તમારી વિરુદ્ધ કશું નથી, માત્ર એટલું જ કે તમે મિસિસ ઇઝડનની ઉપર ટોળાંએ હુમલો કર્યો ત્યારે તેને બચાવવાનો પ્રયત્ન કર્યો નહીં." ડૉક્ટર તેમની સાથે દલીલ કરવા લાગ્યા કે ટોળું હલ્લો કરવા ક્યારે ગયું તેની એને ખબરે ન હતી, પણ એ દલીલ બધી નકામી હતી. છતાં આખરે તેમને અને તેમના આસિસ્ટન્ટને, તેમની ઉપર મૂકવામાં આવેલા આરોપો તેમને જણાવ્યા વિના, ૧૨મી મેએ છોડી દેવામાં આવ્યા. ૨૦મી અને ૨૭મી એપ્રિલ દરમિયાન જ્યારે તે કોટવાલીની કાચી જેલમાં હતા ત્યારે કોઈકે તેમની પાસે બે વખત જઈને કહેલું કે,

તમે નકામા દુઃખી થાઓ છો. ટોળામાંનાં થોડાં માણસોનાં નામ તમે આપો તો તરત જ તમોને મુક્તિ મળે. (જુબાની નં. ૧૩)

Gandhi Heritage Portal

મિ. મહમદ અમીન વકીલ, મહમ્મદ અક્રામ જેમને મિસિસ ઈઝડન ઉપર હુમલો કરવાના પ્રયત્ન માટે ફાંસીની સજા થઈ હતી (અને જે પાછળથી ઘટાડીને પાંચ વર્ષની કરવામાં આવી હતી) તેના પિતા થાય છે. તેઓ મિસિસ ઈઝડનની સાથે મિત્રતાનો દાવો કરે છે, અને તેમની જુબાનીમાં તેઓ કહે છે કે તેમનો દીકરો તો મિસિસ ઈઝડનને પોતાની માતાતુલ્ય માનતો હતો, અને કેવળ નિરપરાધી હતો. ૨૦મી એપ્રિલે તેમને, તેમના દીકરાને, અને ભાઈને પકડવામાં આવ્યા અને કોટવાલીમાં લઈ જવામાં આવ્યા. તેઓ કહે છે:

> મને એક કૉન્સ્ટેબલ હવાલાતના[1] બારણા પાસે લઈ ગયો. એ નાના ઓરડામાં બરોબર ૩૦ માણસોને બિચારાઓને પૂરવામાં આવેલા હતા; તેમને લોખંડના સળિયામાંથી હાથ કાઢીને પાણી માગતા જોઈને કોઈનું પણ હૈયું કંપી જાય. મેં એક પોલીસના માણસને કહ્યું, "મને અંદર જવાને વાંધો નથી, પણ હું ત્યાં પા કલાક પણ જીવી શકીશ નહીં." તે ઇન્સ્પેક્ટર પાસે ગયો અને થોડી વારમાં પાછો આવીને મને બીજા ઓરડા આગળ લઈ ગયો, જ્યાં મેં ડૉ. બશીર અને મિ. બદરુલ ઈસ્લામ અલીખાન, બૅરિસ્ટર ઍટ લૉને જોયા. આમાંથી તે લોકોએ કેટલાક માણસોને કાઢીને, અમને છ નવા આવનારાઓને દાખલ કર્યા. મારી જિંદગીમાં મેં આના જેવી ગંદી જગ્યા જોઈ નથી. અમારામાંના ઘણાખરા આખી રાત બેસી રહ્યા. તેટલી એક સાંજે અમને અમારા ઘરનો ખોરાક લેવાની રજા મળે એવી અમે વિનંતી કરી પણ તે નિષ્ફળ ગઈ. અમે કાંઈ ઓઢવાનું માગ્યું, પણ તે પણ ન મળ્યું. થોડો વખત પછી એક પોલીસનો માણસ ગામા પાસે આવીને અમારા દેખતાં કહેવા લાગ્યો, "તું શા માટે તારી જિંદગી જોખમમાં નાખે છે? તારે જેની સાથે દુશ્મનાવટ હોય તેવા ચારપાંચ જણનાં નામ દઈ દેની કે અમે સાક્ષી તરીકે તારું નામ આપીએ." ગામાએ કહ્યું, "મારો કોઈ દુશ્મન નથી કે તેનું હું નામ દઈ શકું." પેલો માણસ ચાલ્યો ગયો, પણ થોડી વારે પાછો આવીને કહેવા લાગ્યો, "જો તો ખરો, કયુમનું નામ દેજે, અને બીજા માટે તારી ઇચ્છા હોય તેમ કહેજે." અમને આ જૂઠો પુરાવો ઊભો કરવાની પોલીસની કળા જોઈને ભારે ભય થવા લાગ્યો કે રખેને અમને પણ એવી રીતે ખોટી સાક્ષી પૂરવાનું કહેવામાં આવે.

આ સાક્ષીએ જેલની અંદરની સ્થિતિ પણ વર્ણવી છે. તેઓને બે બે વચ્ચે એક એક હાથકડી નાખીને તેમની કોટડીમાં રાખવામાં આવતા, અને આવી જ દશામાં જાજરૂ જવા લઈ જવામાં આવતા. જાજરૂમાં બેઠા તેટલી ઘડી તેમને છૂટા મૂકવાની તેમની માગણી વ્યર્થ ગઈ. આકરા તડકામાં તેમને ગોળ ફેરવવામાં આવતા — તેમને કસરત કરાવવા સારુ હશે? ૩૬ કલાક તેમને કશો ખોરાક આપવામાં ન આવ્યો, અને ખુલ્લી ધરતી ઉપર તેમને સુવાડવામાં આવ્યા હતા. થોડા દિવસ પછી હાથકડીઓ ઉતારવામાં આવી હતી.

> અમારે માટે રાખવામાં આવેલા ખોરાકમાં એક ખૂણામાં એક ચણાનો ઢગલો, બીજા ખૂણામાં એક પાણીની બાલદી હતાં, અને પાસે જ પેશાબને માટે એક પતરાનો ડબ્બો રાખેલો હતો. આ ખોરાક અમે ન ખાઈ શકયા અને વળી એક દિવસ ઉપવાસી રહ્યા.

બીજે દિવસે સ્થિતિ સુધરી. તેમને પોતાના ઘરનો ખોરાક લેવાની અને કપડાં બદલવાની રજા મળી. આવી રીતે તેઓ કિલ્લામાં ૨૨ દિવસ રહ્યા. ૧૨મી મેએ તેમના ઉપર કામ ચલાવવા માટે તેમને લાહોર લઈ જવામાં આવ્યા. એ લોકો બધા મળી બાવન જણા હતા. અને બધાને

૧. કોટડી.

Gandhi Heritage Portal

ભેગા સાંકળેલા હતા. લાહોરમાં અન્ન પાણી વિના તેમને આખો દિવસ બહાર બેસાડી મૂકવામાં આવ્યા હતા. બળતા સૂર્યના તડકામાં તેમને લાહોર સ્ટેશનથી તે કોર્ટ સુધી અને કોર્ટથી સેંટ્રલ જેલ સુધી ચાલવું પડયું હતું. ૨૭મી મેએ મિ. મહમદ અમીન અને તેના ભાઈને છોડી મૂકવામાં આવ્યા. (જુબાની નં. ૧૪)

મિસિસ નેલી બૅન્જામિન, સબ આસિસ્ટન્ટ સર્જન, મિસિસ ઈઝડનની એક સહચરી છે. તેણે મિસિસ ઈઝડનને હુમલામાંથી બચાવી લીધેલી. તે કહે છે:

> તપાસ ચાલતી હતી તે દરમિયાન મને બે વખત કોટવાલી લઈ જવામાં આવી હતી; અને "મહમદ અમીનને મેં ટોળામાં જોયા છે" એમ મને કહેવામાં આવ્યું હતું. મેં કહ્યું કે એ તો જૂઠી વાત છે, ત્યારે મિ. પ્લૂમરે મને જેલમાં મોકલવાની ધમકી આપી. હું જે જાણતી હતી તે મેં તેમને કહ્યું, પણ ખોટો પુરાવો આપવાની મેં ના પાડી. તેઓએ હલ્લા વખતે મહમદ અમીન હાજર હતો એવી મિસિસ ઈઝડનની વાતને હું ટેકો આપું તો મને સરકાર તરફથી બક્ષિસ મળશે એવી લાલચ આપી. પણ મેં પાછી ના પાડી. (જુબાની નં. ૧૬)

શેઠ ગુલમહમદ–કાચની ચીજોના વેપારીને ૨૦મી એપ્રિલે તે નમાજ પડતા હતા ત્યાં પકડવામાં આવ્યા હતા, અને કોટવાલીએ લઈ જવામાં આવ્યા હતા. તેને ખોટો પુરાવો આપવાનું કહેવામાં આવ્યું હતું. ઈન્સ્પેક્ટર જવાહરલાલે તેમની દાઢી પકડીને તેમને એવા તો સખત તમાચા માર્યા હતા કે ઘડીક વાર તેમને તમરી આવી ગઈ હતી. આ પછી તેણે તેમને આ પ્રમાણે કબૂલત કરવાનું કહ્યું: "ડૉક્ટર સત્યપાલ અને કિચલુએ તા. ૬ઠ્ઠીને દિવસે મને હડતાળ પાડવાને ઉશ્કેર્યો હતો, અને અંગ્રેજોને દેશમાંથી કાઢી મૂકવા માટે અમે બોમ્બ વાપરીશું એમ કહીને મને ઉશ્કેર્યો હતો." આ પ્રમાણે કરવાની તેણે ના પાડી. ના પાડતાં જ અમલદારે પોતાના હાથ નીચેનાં સપાઈસફરાંને તેને દૂર લઈ જઈને જરા હલકો કરવાનું કહ્યું. આ પછી તેને અમલદારોના ટેબલથી થોડે દૂર લઈ જવામાં આવ્યો અને ત્યાં કેટલાક કૉન્સ્ટેબલોએ જવાહરલાલ કહે તેમ કરીને તેને ખુશ કરવાની સલાહ આપી. છતાં પણ તેણે ના પાડી એટલે તેઓએ તેનો એક હાથ પકડી એક ખાટલાના પાયા તળે મૂકયો અને તે ખાટલા ઉપર આઠ કૉન્સ્ટેબલો બેઠા. આ સાક્ષી કહે છે, "જ્યારે દુ:ખ હું ન ખમી શકયો ત્યારે હું બૂમ પાડી ઊઠયો, 'મારો હાથ છોડો, હું તમે કહેશો તેમ કહીશ'." આ પછી તેમને પાછા જવાહરલાલ પાસે લઈ જવામાં આવ્યા. પણ તેમણે પાછી ડૉક્ટરો વિરુદ્ધ પુરાવો આપવાની ના પાડી. એટલે તે દિવસે તેમને એક ઓરડામાં પૂરી રાખવામાં આવ્યા. આ પછી બે દિવસ સુધી તેમને માર, તમાચા અને નેતર મારવામાં આવ્યાં. તેમને કહેવામાં આવ્યું કે તેમને તહોમતદાર બનાવીને ફાંસીએ ચઢાવવામાં આવશે. આ માર આઠ દિવસ સુધી ચાલુ રહ્યો. આઠમે દિવસે પાછી તેમણે માગેલી કબૂલાત આપવાની કબૂલાત આપી. આ પછી તેમને આગા ઈબ્રાહીમ, મૅજિસ્ટ્રેટ પાસે લઈ જવામાં આવ્યા, ત્યાં તેમણે તેમની પાસે લેવામાં આવેલી જૂઠી કબૂલાત આપી. માફી સાક્ષીદાર હંસરાજ, જે કોટવાલીમાં તેમની સાથે હતો તેણે તેમને પોલીસ કહે તેમ કરવાની સલાહ આપી હતી. ૧૦ દિવસની કાચી કેદ પછી તેમને છોડી મૂકવામાં આવ્યા, એ શરતે કે દરરોજ તેમણે કોટવાલીએ હાજરી આપવી. ૯મી જૂન સુધી તેમણે આ પ્રમાણે હાજરી આપી. આ પછી તેમને લાહોર લઈ જવામાં આવ્યા. ૧૬મી જૂને તેમને માર્શલ લૉ

Gandhi Heritage Portal

ટ્રિબ્યુનલ આગળ ઊભા કરવામાં આવ્યા હતા. ત્યાં તેમણે મોકળે મને બધી વાત કહી દીધી અને પોતાના ઉપર જુલમ ગુજાર્યાની વાત પણ જજોને કરી. (જુબાની નં. ૨૧)

બ્રિજલાલ નામના ૧૪ વર્ષની ઉંમરના એક છોકરાને ૯ દિવસ સુધી પોલીસના હવાલામાં રાખવામાં આવ્યો હતો. બે દિવસ પછી તેને હંસરાજને સોંપવામાં આવ્યો, અને તેને સમજાવીને માર્શલ લૉ ટ્રિબ્યુનલ આગળ તેની પાસે ખોટી હકીકત જાહેર કરાવવામાં આવી હતી. આ હકીકત ખોટી હતી એમ એ હવે કહે છે. (જુબાની નં. ૨૨)

સરદાર આત્મસિંહ, દારૂના વેપારીને ૧૩મી એપ્રિલે જનરલ ડાયર આગળ પકડવામાં આવ્યા હતા. તેમને સરઘસમાં ચલાવવામાં આવ્યા, અને તે કહે છે કે, "તેઓ મારા એક હાથે કપડું બાંધીને શહેરના કેટલાક રસ્તા ઉપર પોતાની સાથે મને ખેંચી લઈ ગયા હતા." પીવાનું પાણી લેતાં પણ તેમને એક બ્રિટિશ સોલ્જરે અટકાવ્યા. એ જ દિવસે બીજા કેટલાકને પણ પકડવામાં આવ્યા હતા, અને તેમાંના નવ જણને હાથકડી કરી ખાધા વિના એક કોટડીમાં પૂરી રાખવામાં આવ્યા હતા. ૧૫મી તારીખે તેમને જનરલની પાસે લઈ જવામાં આવ્યા અને બધાને એક ઝાડે બાંધીને ગાળો દેવામાં આવી અને હાંસી કરવામાં આવી. જનરલ સાહેબ પોતાનો લંચ (બપોરનો નાસ્તો) લઈ રહ્યા એટલે બધાને તેમની આગળ રજૂ કરવામાં આવ્યા. આ પછી સરદાર આત્મસિંહને દિવસના છ છ કલાકનો પહેરો ભરવાની સજા થઈ. તેમની સામે શો આરોપ હતો તે તેમને કદી કહેવામાં ન આવ્યું, અને કેદ દરમિયાન એક સાર્જન્ટે તેમની સોનાની વીંટી અને તેમના નામવાળું એક વેસ્ટ ઍન્ડ હંટિંગ વૉચ (શિકાર કરવા વખતે ઉપયોગનું ઘડિયાળ) તેમની પાસેથી કઢાવી લીધાં. ( જુબાની નં. ૩૦)

મહમ્મદ ઈસ્માઈલ, ખાટકીને ૧૮મી એપ્રિલે પકડવામાં આવ્યા. તેના પિતાને પણ પકડવામાં આવ્યા. બંનેને માર મારવામાં આવ્યો, અને તેઓએ તેના ભાઈ દીનાને રજૂ કર્યો ત્યારે જ તે બંને જણનો છુટકારો થયો. દીનાને પણ ત્રણ દિવસ પૂરી રાખવામાં આવ્યો હતો, અને તેને નિર્દય રીતે માર માર્યાનું જણાવવામાં આવે છે. (જુબાની નં. ૪૬)

અબદુલ અઝીઝ, શાક વેચનારને એક ખાનસામાને[1] ગાળ દેવા માટે પકડવામાં આવ્યો હતો, એ પોતે જ ગાળ દીધાની ના પાડે છે. પછી એને જનરલની પાસે લઈ ગયા, બે દિવસ કાચી જેલમાં રાખવામાં આવ્યો, ૧૦ ફટકા મારવામાં આવ્યા અને ૧૪ દિવસ દુકાન બંધ કરવાનો તેને હુકમ કરવામાં આવ્યો હતો. (જુબાની નં. ૧૨૩)

લાલા રલિયારામ, ૫૮ વર્ષના પેન્શનરને, એક સબ-ઈન્સ્પેક્ટર તરફથી, મિસ શેરવુડને મારનારનાં નામ આપવાનું કહેવામાં આવ્યું. તેણે જવાબ આપ્યો કે તે ત્યાં હાજર રહેલો ન હોવાથી તેને કશી ખબર ન હતી; એટલે તેને નેતરનો માર પડ્યો, તેની દાઢી ખેંચવામાં આવી, ગલીમાં એક છેડેથી બીજે છેડે ચલાવવામાં આવ્યો, અને સાંજે તેને છોડી દીધો. (જુબાની નં. ૧૦૭)

લાલા દાદુમલને માર પડ્યો હતો અને પેટે ચલાવવામાં આવ્યા હતા. એમને અને એમના છોકરાને પકડ્યા. તેમને છોડી દીધા, પાછા પકડ્યા અને આખરે પોલીસને આપવા માટે તેમણે બજારના મુખીને ૧૦૦ રૂપિયા આપ્યા ત્યારે જ તેમને છોડ્યા. પણ ફરી પાછા પચાસ રૂપિયા કઢાવ્યા ત્યારે જ તેમને ખરેખરા છોડ્યા. પોલીસ તેમની દુકાને જતા અને તેમની પાસેથી

૧. હિંદુસ્તાનમાં યુરોપિયનોના રસોઇયાને ખાનસામા કહે છે.

Gandhi Heritage Portal

જોરજુલમથી પોતાને માટે મલાઈ વગેરે કઢાવતા. તેમના દીકરાને આઠ દિવસ પૂરી રાખવામાં આવ્યો, અને ફટકા ખાતાં ખાતાં તે બેભાન થઈ ગયો તોપણ તેને ૩૦ ફટકા મારવામાં આવ્યા. તેમણે બીજાઓને ફટકા મરાતા પણ જોયા હતા. તે કહે છે, "આ લોકો બિચારા ચીસેચીસ પાડતા હતા અને બધાને લોહી નીકળતું હતું." (જુબાની નં. ૧૧૬)

લાલા રખારામે ધનીરામને બેસાડી પગમાં હાથ નાંખી કાન પકડાવવામાં આવતાં જોયો હતો. (જુબાની નં. ૧૦૮)

ગુલામ કાદર તુપગરને સબ-ઈન્સ્પેક્ટર અમીરખાને એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં પકડ્યો. લૂંટાયેલો માલ બતાવવાનું તેને કહેવામાં આવ્યું, અને તેણે તે વિષે પોતે કશું જાણતો નથી એમ કહ્યું એટલે સખત માર મારવામાં આવ્યો. ભગતનવાલા રેલવે સ્ટેશન બાળનારા ટોળામાંનાં કેટલાક જણનાં નામ આપવાનું તેને કહેવામાં આવ્યું. તેનો ફેંટો કાઢીને તે વડે તેના હાથ બાંધવામાં આવ્યા અને દસ મિનિટ સુધી તેને એક ઝાડ ઉપરથી લટકાવવામાં આવ્યો. તેણે બીજા આઠ-નવ માણસોની ઉપર જુલમ ગુજરાતો જોયો છે. તે કહે છે:

> મેં વીરા ગુજરને જમીન પર ચત્તો સૂતેલો જોયો, અને એક હવાલદાર, જેને હું જોઈને ઓળખી શકું તેણે, સબ-ઈન્સ્પેક્ટર અમીરખાનના દેખતાં તેની ગુદામાં લાકડી ઘોચી. આ બધો વખત એ બિચારો એટલું બધું રોતો હતો કે કોઈને પણ દયા આવે, પણ પોલીસને દયા ન આવી. ત્રણ દહાડા અને રાત સુધી અમને કશો ખોરાક આપવામાં આવ્યો ન હતો; અને એ વખત દરમિયાન પોલીસ અમારા ઉપર જુલમ ગુજારતા. મને પાંચ દિવસ પછી છોડી દીધો હતો. (જુબાની નં. ૧૪૧)

મિરજદીન હજામ ઉપરની હકીકતને ટેકો આપે છે, તેની ઉપર પણ ગુલામ કાદરની ઉપર જે ગુજરી હતી તે જ ગુજરેલી. (જુબાની નં. ૧૪૨)

ગુલામ જિલાની નામના મસ્જિદના એક ઈમામ અને દસ્તાવેજ લખનારનો કિસ્સો તો અમારી જાણમાં જે જુલમના કિસ્સાઓ આવ્યા તે બધામાં ખરાબમાં ખરાબ છે. તેમણે રામ-નવમી ઉત્સવની વ્યવસ્થા કરવામાં બહુ આગળપડતો ભાગ લીધો હતો. ૧૯મી એપ્રિલને દિવસે તેમને પકડવામાં આવ્યા. તેમની જુબાનીમાં એટલી બધી હકીકત ભરેલી છે કે તેમના ઉપર જે જે જુલમ ગુજર્યા તેનો ખ્યાલ આણવા માટે તે આખી વાંચવી જોઈએ (જુબાની નં. ૧૩૪). મિયાં ફિરોજદીન, ઑનરરી મૅજિસ્ટ્રેટ (જુબાની નં. ૨) અને મિ. ગુલામ યસીન બૅરિસ્ટર (જુબાની નં. ૬), આ સાક્ષીએ પોતાના ઉપર ગુજારવામાં આવેલા ત્રાસ બાબત કહેલી બધી હકીકતને ટેકો આપે છે. મહમદ શફીએ (જુબાની નં. ૧૩૯) ગુલામ જિલાની ઉપર કેટલોક જુલમ ગુજારાતો જોયો હતો અને તેની દયાજનક ચીસો સાંભળી હતી. તે કહે છે કે તે જ દિવસે ખેરદીન નામના એક માણસની ઉપર એવો જ જુલમ ગુજર્યો હતો, અને તેની સ્થિતિ એવી તો ખરાબ થઈ ગયેલી, કે તે બિચારો પોતાને થયેલી ઈજામાંથી ઊઠવા પામ્યો જ નહીં (જુબાની નં. ૧૩૯). મિયાં કમરુદ્દીનખાન નામના જમીનદાર અને મિલકતદાર કહે છે કે મોલવી ગુલામ જિલાની, તેને છૂટ્યા પછી તરત મળ્યા હતા. તેમણે તેમને થયેલી ઈજા જોઈ હતી અને તે વખતે ઈજા બાબત મોલવીએ તેમને જે વાત કરેલી તે વાત અમારી આગળ કહેલી વાતને બરોબર મળતી આવે છે (જુબાની નં. ૧૪૦). ગુલામ મહમદે મોલવી ઉપર અને ખેરદીન ઉપર જુલમ ગુજારાતો જોયો હતો અને તે કહે છે કે ખેરદીન થોડા જ દહાડા ઉપર તેને થયેલી ઈજાથી પીડાઈને મરી ગયો (જુબાની નં. ૧૩૮). હાજી શમ્સુદ્દીન,

Gandhi Heritage Portal

જમીનદારે પણ ગુલામ જિલાની અને ખેરદીન ઉપર જુલમ ગુજારાતો જોયો હતો. હાજીને પોલીસે બોલાવ્યા હતા. તે કહે છે:

> એ લોકોએ એની ગુદામાં લાકડી ઠોકી ઘાલી. એ બિચારાની સ્થિતિ બહુ દયાજનક હતી. એનાથી ઝાડો પેશાબ થઈ ગયાં હતાં તે પણ મેં નજરે જોયું. જેટલા અમે બહાર ઊભા હતા તે સૌને પોલીસે કહ્યું કે જે જે પુરાવો ન આપશે તેના એવા જ હાલ થશે. (જુબાની નં. ૧૩૫)

જિલાની અને ખેરદીનની ઉપર ગુજારેલા જુલમની હકીકતને સાક્ષી નં. ૧૩૬ અને ૧૩૭ પણ ટેકો આપે છે. મલેક અબદુલ હાઈ નામના પશમીનાના એક વેપારીને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટનો તાર મળ્યાથી ૧૫મી મેના અરસામાં તે લાહોરથી અમૃતસર ગયા, ત્યાં તેમને ઈન્સ્પેક્ટર જવાહરલાલને સોંપવામાં આવ્યા. તેણે તેમને ડૉ. કિચલુ સામે ખોટી સાક્ષી પૂરે તો તેમનો પગાર વધારવામાં આવશે એવી લાલચ આપી. તેમણે ના કહી એટલે તેમને તહોમતદારોમાં દાખલ કરવાની ધમકી આંપવામાં આવી. જ્યારે ધમકી અને સમજૂતી બંને નકામાં ગયાં ત્યારે તેમને એક ઓરડામાં લઈ જઈને "નિર્દય રીતે" મારવામાં આવ્યા. ડરના માર્યા આખરે તેમણે હા કહી. તેમની હકીકત લખી લેવામાં આવી અને તેમને માર્શલ લૉ કોર્ટ આગળ રજૂ કરવામાં આવ્યા. તે કહે છે:

> મેં સાચું જ કહી દેવાનો નિશ્ચય કર્યો, મારી પાસે ખોટી સાક્ષી પુરાવવાને માટે પોલીસે જે જુલમ ગુજાર્યો હતો તે બધા વિષે મેં ન્યાયાધીશો આગળ હકીકત જાહેર કરી. મારી જુબાની પૂરી થઈ એટલે હું બહાર નીકળ્યો. મને નાયબ કોર્ટે પકડ્યો, અને પોલીસના ઓરડામાં મને લઈ જવા માંડતા હતા તેવામાં મેં ચીસો પાડી. એટલે તરત જ તે મુકદ્દમામાં કામ કરનારા કેટલાક બૅરિસ્ટરો (જેમાં મુકન્દલાલ પુરી, મિ. હસન અને બીજા હતા તેઓ) ત્યાં દોડી આવ્યા. નાયબ કોર્ટના પંજામાંથી છૂટીને ન્યાયાધીશોની આગળ જઈ મેં બધી વાતો કહી દીધી. મુખ્ય ન્યાયાધીશે બીજે રસ્તે મને ઘેર જવાનું કહ્યું. (જુબાની નં. ૧૪૮)

બદરુલ ઈસ્લામ અલીખાન બૅરિસ્ટરને ૧૯મી એપ્રિલે પકડવામાં આવ્યા હતા. પોલીસે તેમની સ્ત્રીના સૂવાના ઓરડામાં પ્રવેશ કર્યો, અને તે લોકોને તેમણે બહાર જવાનું કહ્યું છતાં તેઓએ જવાની ના પાડી. બૅરિસ્ટર સાહેબને કોટવાલીએ લઈ જવામાં આવ્યા અને ત્યાં મિ. પ્લૂમરે તેમને ઘાંટો પાડી કહ્યું, "આ ઊભા પંજાબના લેફ્ટનન્ટ ગવર્નર થનારા." તેમને પુરાવો આપવાનું દબાણ કરવામાં આવ્યું તેનું તેમણે વર્ણન આપ્યું છે. જે કોટડીમાં તેમને અને બીજા કેદીઓને પૂરવામાં આવ્યા હતા તે કોટડીની સ્થિતિનું તથા તેમના ઉપર ગુજરેલા અપમાનનું તેમણે વર્ણન આપ્યું છે. જે જે આરોપો મુકાયા પછી તેમને છોડવામાં આવ્યા તે આરોપો વિષે થોડી કથા કહીને પોતાની જુબાની તેઓ આ પ્રમાણે પૂરી કરે છે:

> પોલીસે મારા વિરુદ્ધ પુરાવો ઊભો કરવા માટે ગુલામ જિલાની નામના એક માણસ ઉપર જુલમ ગુજાર્યો હતો. આ માણસે મારી ઉપર ચાલેલા મુકદ્દમામાં માર્શલ લૉ કમિશન આગળ જુબાની આપતાં આ હકીકત રજૂ કરી હતી. આ પ્રમાણે મને પકડીને બે મહિના હવાલામાં રાખવામાં આવ્યો, અને મારા ઉપર જીવ જાય એવા ગંભીર આરોપો મૂકી કામ ચલાવવામાં આવ્યું હતું. (જુબાની નં. ૮૮)

Gandhi Heritage Portal

ગુરુદયાલસિંહ સલારિયા, બૅરિસ્ટર-ઍટ-લૉને પણ પકડવામાં આવ્યા હતા. તા. ૧૦મી એપ્રિલે બીજાઓની સાથે એઓ પણ પોતાની જિંદગીના જોખમે, પુલ આગળથી ટોળાને ખસેડવા માટે જવા તૈયાર થયા હતા. તેમને જે જે અપમાન સહન કરવાં પડ્યાં હતાં તેનું પણ તેઓ વર્ણન આપે છે. ૨૩મી મેથી તે ૧મી જુલાઈ સુધી તેઓ પોલીસ હવાલામાં રહ્યા હતા. (જુબાની નં. ૮૭)

કાંઈ પણ ધોરણ વિના કરવામાં આવેલી ધરપકડ અને પુરાવો કઢાવવા માટે ગુજરેલા જુલમ, ઉપરના જે ફકરાઓમાં અમે વર્ણવ્યા છે તે ફકરા, માર્શલ લૉને નામે ગુજારવામાં આવેલા ઘાતકી-પણાની આખી કથાનો કદાચ કાળામાં કાળો અધ્યાય કહેવાય. જલિયાંવાલાની કરુણ કથા એટલી તો વીજળિક ત્વરાથી થઈ ગઈ કે માણસો તેથી ઘડીક વાર થરથરી ગયા. પણ આ ધરપકડમાં જે રિબામણ થઈ તેથી તો લાંબો કાળ સુધી જેને દુઃખ ખમવું પડયું તેઓ જ માત્ર નહીં, પણ જેઓને હમેશાં પકડાવાનો ડર રહેતો તેઓ પણ ત્રાસેલા રહ્યા; કારણ કે અમે જે પુરાવો ભેગો કર્યો છે તે ઉપરથી સ્પષ્ટ જણાશે કે આ ધરપકડ કશા ઢંગધડા વિનાની હતી. દરેક વર્ગના અને દરજ્જાના માણસો આના સપાટામાં આવી ગયા. કોઈને પણ પોતા વિષે સલામતી લાગતી ન હતી. અમે અહીંયાં એટલું જ ઉમેરવા માગીએ છીએ કે આ બાબત પુરાવો ભેગો કરવામાં અમે અતિશય કાળજી વાપરી છે. અમે જ્યારે તપાસ કરવા માંડી ત્યારે કેટલીક હકીકતો વિષે તો અમને વહેમ આવવા લાગ્યો; પણ જેમ એક પછી એક જુબાની આવતી ગઈ તેમ અમને મુખ્ય આરોપ સાચો માનવાની ફરજ પડી. અતિશય નશિયત પહોંચાડનારી હકીકતો વિષે તો એટલો બધો ટેકો આપનારો પુરાવો અમે ભેગો કર્યો છે, કે કોઈ પણ ઇન્સાફની કોર્ટમાં તે સોળ આની ઊભો રહેશે.

અહીં અમે એટલું પણ ઉમેરીશું કે પોલીસે છૂટથી લાંચ લીધાનો પુરાવો પણ અમારી આગળ આવ્યો છે. પણ આ બાબત અમે અમૃતસર માટે પુરાવો લીધો નથી, કારણ સાક્ષીઓ બધી હકીકત અમને કહેવા છતાં પોતાનું નામ આપવાને નામરજી બતાવતા હતા. સરકારને લાંચના ગુનાઓ બાબત સત્ય હકીકત જાણવાની ઇચ્છા હોય તો તેઓએ, પુરાવો આપવાને આગળ થનાર દરેક જણને અભયદાન આપીને, જાહેર તપાસ ચલાવવી એમ અમારી સૂચના છે. અમને ખાતરી છે કે સરકારને આ પ્રકારના ગુનેગારોને ઢાંકવાની બિલકુલ ઇચ્છા નથી. વિશેષમાં અમને એટલી પણ ખાતરી છે કે અમે કરેલી સૂચના ગ્રહણ કર્યાથી પોલીસખાતાનો ખરાબમાં ખરાબ સડો સરકાર સાફ કરી શકશે. જુલમ ગુજાર્યાનો પુરાવો પણ એવો છે કે તે વિષે જાહેર તપાસ વિના ન જ ચાલે. સરકારને એ બાબત કાંઈ જાણવું જ હોય તો એ બધો એમના મોં આગળ પડેલો છે, આટલી બધી વિગતે આપેલો પુરાવો તેની મગદૂર નથી કે તે જાણ્યો અજાણ્યો કરી શકે.

જ્યાં જ્યાં ખોટો પુરાવો ઊભો કરવાને માટે પોલીસ ખાઈપીને મંડયા હતા, ત્યાં ત્યાં — પછી મુકદ્દમો માર્શલ લૉ કમિશન આગળ ચાલ્યો હોય કે સમરી કોર્ટ આગળ કે એરિયા ઑફિસર આગળ ચાલ્યો હોય — અનેક જણની બાબતમાં અને ગંભીર રીતે ન્યાય ઊંધો વળ્યો હશે. આ કોર્ટોની રચનાનું વર્ણન અહીં અસ્થાને ન ગણાય. માર્શલ લૉ કમિશનો તરતોતરતની હકૂમતવાળા અને ફાંસીની સજા આપવાની સત્તા ધરાવનારા ત્રણ જણનાં બનેલાં હતાં. તેઓ કશો પુરાવો દફતરે નોંધવાને બંધાયેલા ન હતા, અને તેમના ફેંસલાની ઉપર અપીલ થાય તેમ ન હતું. બીજી બાજુએ, સમરી કોર્ટમાં તો ન્યાય આપનાર એક જ જણ, ઘણુંખરું કોઈ

Gandhi Heritage Portal

મૅજિસ્ટ્રેટ રહેતો, અને તેની પાસે નાના ગુનાઓ મોકલવામાં આવતા અને તેને બે વર્ષની સજા અને એક હજાર રૂપિયા સુધીનો દંડ કરવાની સત્તા હતી. આ કોર્ટના ફેંસલા પણ આખરના હતા અને તેના ઉપર કોઈ પણ ઉપલી કોર્ટમાં અપીલ ચાલી શકતી ન હતી. આ કોર્ટની આગળ ચૂકવવામાં આવેલા મુકદ્દમાનાં દફતરો જે પ્રસિદ્ધ થયાં છે તે અમે તપાસ્યાં છે, તેમ જ સરકારે બહાર પાડેલા આંકડા પણ તપાસ્યા છે. અને અમે એવા નિશ્ચય ઉપર આવ્યા છીએ કે મોટે ભાગે કોર્ટના ફેંસલા બિલકુલ ખોટા છે. અમૃતસર જિલ્લામાં, સરકારના આંકડાપત્રક ઉપરથી જણાય છે કે માર્શલ લૉ કમિશન આગળ ૧૮૮ જણની ઉપર કામ ચાલ્યું હતું, તેમાંના ત્રણ જણ છૂટયા હતા, અને સમરી કોર્ટ અને એરિયા ઑફિસરો આગળ ૧૭૩ જણ ઉપર કામ ચાલ્યું હતું અને ૩૨ જણની ઉપરથી કાં તો ગુનાઓ ખેંચી લેવામાં આવ્યા હતા કે કાં તો તેઓ છૂટી ગયા હતા.

ના. શહેનશાહનો ઢંઢેરો[1] બહાર પડયાથી અને બીજી રીતે અમે જણાવેલી ઈન્સાફ આપનારી કોર્ટોએ તકસીરવાર ઠરાવેલા[2] માણસોનો મોટો ભાગ છૂટી ગયો છે, એટલે હવે આ મુકદ્દમાઓની વિગતમાં ઊતરવાની જરૂર રહેતી નથી. પણ અહીં એટલું જણાવવાની જરૂર છે કે ગુનાઓ માટે ઓછામાં ઓછી સજા મિલકતજપ્તીની સાથે કાળાપાણીની હતી તેવા ગુનાઓમાં તહોમત માત્ર હડતાળની તૈયારી કરવાનું અને રૉલેટ ઍક્ટની ઉપર ભાષણ આપવાનું હતું. આગેવાન માણસો ઉપર બીજા કશા નહીં પણ માફી સાક્ષીઓના જ પુરાવા ઉપર ગંભીર ગુનાઓનાં તહોમત મુકાયાં હતાં. માર્શલ લૉ કમિશને ચલાવેલા મુકદ્દમાની ચર્ચા જરા વધારે સંપૂર્ણ રીતે,—લાહોરના બનાવોની ચર્ચા કરતાં,—કરવાની અમે આશા રાખીએ છીએ. અમૃતસરના બનાવોની અમારી તપાસનો ઉપસંહાર કરતાં અમે એટલું જ જણાવીશું કે, અધિકારીઓએ ડૉક્ટર કિચલુ અને સત્યપાલને છૂપી રીતે દેશપાર કરવામાં ગંભીર ગુનો કર્યો હતો; ગોળીબાર કરવામાં કાંઈ નહીં તો અઘટિત ઉતાવળ થઈ હતી; અધિકારીઓએ કળથી અને વિવેકપૂર્વક કામ લીધું હોત તો આ લોકોને દેશપાર કર્યા છતાં, તોફાની ટોળાના અત્યાચારો અટકાવી શકાત. ગમે તેમ હો તોપણ આ અત્યાચારો તો ખેદ અને ઘૃણાને જ પાત્ર છે; જલિયાંવાલા બાગની કતલ એ એક હેવાનિયત ભરેલું અને ખૂની કૃત્ય હતું, જેનો ત્યારની બનેલી અથવા ત્યાર પછી જણાયેલી કશી હકીકતમાં બચાવ કરી શકાય એમ નથી; જનરલ ડાયરે પોતે જ બતાવી આપ્યું છે કે અમૃતસરમાં માર્શલ લૉ જાહેર કરવાનું કોઈ પણ સ્થાનિક બનાવોથી વાજબી ઠરતું નથી, અને તેની મુદત વધારવામાં આવી તે સત્તાનો ઉચ્છૃંખલ દુરુપયોગ હતો તથા તેનો જે રીતે અમલ થયો તે રીત કોઈ પણ સુધરેલી સરકારને છાજે એવી ન હતી.

## ૨. તારણતરણ

તારણતરણ અમૃતસર જિલ્લામાં આવેલું છે અને રેલવે સ્ટેશન છે. એ અમૃતસરથી ૧૬ માઈલ ઉપર આવેલું છે, અને અમૃતસરથી બીજા નંબરનું શીખ સ્થળ છે. પોલીસ સબ-ઈન્સ્પેક્ટરે એવો આરોપ મૂકયો હતો કે અહીં સરકારી તિજોરી લૂંટવાનો પ્રયત્ન થયો હતો. અમારી પાસે જે પુરાવો આવ્યો છે તે ઉપરથી જણાય છે કે આ આરોપ કેવળ કપોળકલ્પિત છે; છતાં એક સમરી કોર્ટે ઘણાએ જણોને આ આરોપ માટે ગુનેગાર ઠરાવ્યા હતા.

૧. ૨૩, ડિસેમ્બર ૧૯૧૯ને રોજ બહાર પડયો હતો.

૨. પંજાબનાં રમખાણો દરમિયાન લગભગ ૧૮૦૦ માણસોને સજાઓ કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

### ૩. લાહોર શહેર

રાજકીય મહત્ત્વની દૃષ્ટિએ, અને પ્રાંતનું મુખ્ય શહેર તથા સરકારની રાજધાનીનું શહેર હોઈ પંજાબમાં લાહોર પહેલું શહેર ગણાય. પણ અમે અમૃતસર પહેલું લીધું છે, કારણ શીખ લોકોના મોટા મથક તરીકેના તેના ભારે મહત્ત્વ ઉપરાંત, તોફાનો પહેલાં ત્યાં શરૂ થયાં, અને સરકારની રાજનીતિ ત્યાં જ ઘડાઈ. લાહોર મોટું રેલવે જંકશન છે અને ત્યાં પેશાવર, કલકત્તા, કરાંચી અને મુંબઈની ગાડીઓ ભેગી થાય છે. લાહોર અને દિલ્હી વચ્ચે ૨૯૮ માઈલનું અંતર છે. લશ્કરની વસ્તી બાદ જતાં લાહોરની વસ્તી આશરે ૨॥ લાખની છે. તેનો મોટો ભાગ મુસલમાનનો છે અને હિંદુઓ વસ્તીના લગભગ ત્રીજા ભાગ જેટલા છે.

લાહોરમાં છોકરાઓ માટે દશ અને છોકરીઓ માટે બે કૉલેજ છે. પંજાબ યુનિવર્સિટી પણ અહીં આવેલી છે. અહીંથી બે અંગ્રેજી દૈનિકો નીકળે છે — એક નોકરશાહી અને યુરોપિયન વેપારીઓના પક્ષનું અને બીજું હિંદી રાષ્ટ્રીય પક્ષનું. દેશી ભાષામાં ચાલતાં ઘણાંક દૈનિકો અને સાપ્તાહિકો પણ અહીંથી નીકળે છે. એટલે પંજાબની બધી જગ્યાઓ કરતાં લાહોરમાં ભણેલા માણસોની સંખ્યા વધારેમાં વધારે છે, અને દરરોજની ખબરઅંતર પણ અહીં જ વધારેમાં વધારે મળે છે. હિંદી રાજકારણ પરત્વે ઉદાસીનતા માટે પંજાબ જાણીતું છે, અને સર માઈકલ ઓડવાયરે તો તે માટે તેને ધન્યવાદ પણ આપ્યો છે; પણ હમણાં હમણાં ત્યાં રાજકીય જીવન ઘડાવા લાગ્યું હતું, અને લાહોરમાં તેનો પાયો નંખાયો હતો. સર માઈકલ ઓડવાયરે પોતાના અમલ ઉપર ચઢતાં જ કાઉન્સિલમાં આપેલાં જે ભાષણોનો અમે અગાઉ ઉલ્લેખ કરી ગયા છીએ તેથી આ જાગૃતિને પુષ્ટિ મળી. વળી રૉલેટ બિલો દાખલ થવાને પરિણામે હિંદુસ્તાનના બીજા ભાગોમાં જેમ રાજકીય પ્રવૃત્તિ વધી ગઈ તેમ પંજાબમાં પણ વધી અને પંજાબમાં લાહોરે પહેલ કરી. શ્રીયુત ગાંધીએ પોતાની સત્યાગ્રહ-પ્રતિજ્ઞા જાહેર કરી ત્યારે પંજાબના આગેવાનો તે સ્વીકારવા પરત્વે અનિશ્ચિત હતા અને ઠેઠ સુધી રહ્યા, અને કોઈએ પણ સત્યાગ્રહ-પ્રતિજ્ઞાની ઉપર સહી કરી હોય એમ જણાતું નથી. લાહોરમાં તો કોઈએ નહોતી જ કરી. પણ ઉપવાસ અને હડતાળની વાત જુદી હતી. તે પાળવામાં કાંઈ પ્રતિજ્ઞા લેવાની કે કાંઈ ચાલુ આચરણની જરૂર ન હતી. પણ આ બાબત પણ આગેવાનો દૃઢ તો નહોતા જ એમ લાગે છે, અને શ્રીયુત ગાંધીની હાકને સામાન્ય લોકો કેવો જવાબ આપશે તેનો તેમને ખ્યાલ ન હતો. તેમણે ઉપવાસ અને હડતાળ સંબંધી શ્રીયુત ગાંધીનો પત્ર પ્રસિદ્ધ કરવાનો અને વહેંચવાનો ઠરાવ કર્યો. હડતાળ પડવાની છે એ વાતની ખબર પડી કે તરત જ સરકારને ગભરામણ છૂટી. તા. ૪થી એપ્રિલે લાહોરમાં પોલીસના તરફથી નીકળેલી જાહેરખબરથી પરવાનગી વિના સરઘસો કાઢવાની અને સભા ભરવાની મનાઈ થઈ. ૫મી તારીખે આગેવાનોને ડેપ્યુટી કમિશનરે મળવા બોલાવ્યા. પંડિત રામભજદત્ત ચોધરી અને બીજા આગેવાનોએ પોતપોતાની જુબાનીમાં આ મુલાકાત અને ત્યાર પછીના બનાવોનું બયાન આપ્યું છે. એ મુલાકાત વખતે સરકારની એવી મરજી હોય કે આગેવાનોએ ધારેલી સભા ન ભરવી તો પોતે તેમ કરવાને રાજી છે એટલે સુધી તેઓએ કહેલું, પણ ડેપ્યુટી કમિશનરને નીચેની શરતોથી જ સંતોષ થયો હતો:

(૧) તા. ૫મીની સાંજ સુધી હડતાળમાં જોડાવું ઠીક છે કે ન જોડાવું ઠીક છે એ લોકોને સમજાવવા સૌ કોઈ ભલે પ્રયત્ન કરે.

(૨) તા. ૬ઠ્ઠીએ એક કે બીજી બાજુએ લોકોને સમજાવવાનો કશો પ્રયત્ન ન થાય.

(૩) સભા ભરાય, પણ તેમાં લોકોના તામસી આવેશને ઉશ્કેરનારાં ભાષણો ન થાય.

Gandhi Heritage Portal

તા. ૬ઠ્ઠીનું સવાર થયું ત્યારે તો લાહોરની દશે દિશામાં, કદી ન પડેલી એવી હડતાળ વ્યાપી રહેલી હતી. સ્ત્રીઓ અને બાળકો સુધ્ધાં હજારો લોકોએ ઉપવાસ પાળ્યો અને હડતાળમાં ભાગ લીધો. નદીમાં સ્નાન કરવા ગયા અને પાછા વળતાં મોટું સરઘસ કાઢ્યું. બરોબર જોવા જઈએ તો આ સરઘસથી અમે ઉપર કહી ગયા તે પોલીસના મનાઈ હુકમનો ભંગ થતો હતો. પણ સરઘસ સંપૂર્ણ રીતે વ્યવસ્થિત હતું. પોલીસે બિલકુલ વચ્ચે ન પડી પોતાનું ડહાપણ બતાવ્યું, પણ જ્યારે સરઘસ મોલ તરફ જવા લાગ્યું ત્યારે તેઓએ પોસ્ટ ઑફિસની આગળ જતાં તેને અટકાવ્યું. સરઘસવાળાઓને પાછા ફેરવવા માટે તેઓએ આગેવાનોની મદદ મેળવી. લાલા દુનીચંદ[૧] અને ડૉ. ગોકુલચંદ નારંગ[૨] તેમની મદદે આવ્યા અને સરઘસવાળાઓને મોલને રસ્તે આગળ વધતા બંધ થવાનું સમજાવી શક્યા.

છતાં સર માઇકલ ઓડવાયરના મનમાં જે રંગ બદલાતા હતા તેનાં કાંઈક ચિહ્ન જણાયેલાં ખરાં. કહેવાય છે કે વાતચીતમાં તેમણે કહ્યું હતું કે પંજાબમાં હડતાળ પડવાની જ નથી, પણ જ્યારે રાજધાનીના શહેરમાં જ પૂરેપૂરી હડતાળ પડેલી તેમણે જોઈ ત્યારે તેમને સખેદાશ્ચર્ય પેદા થયું; અને તેણે એમ પણ કહ્યાનું કહેવાય છે કે આવી પૂરેપૂરી હડતાળ પાડવાના ગુના માટે આગેવાનોની હું ખબર લઈશ.

સાંજે બ્રેડલૉ હૉલમાં એક સભા ભરાઈ. તેમાં હજારો લોકો હાજર હતા. આવી સભા લાહોરમાં અગાઉ કોઈ વાર થઈ ન હતી. સર માઇકલ ઓડવાયરે ગુપ્તચર ખાતાના વડાને આ સભામાં સરકાર તરફથી હાજર રહેવાને માટે ખાસ મોકલ્યા હતા. આ સભામાં થયેલાં ભાષણોના શબ્દેશબ્દનો રિપોર્ટ લેવામાં આવ્યો હતો. અમે તે રિપોર્ટો જોયા છે. આ ભાષણોમાં ધૃષ્ટતાનો આભાસ થતો હતો ખરો, રૉલેટ કાયદો રદ કરાવવાનો ત્યાંના લોકોનો હક આગ્રહપૂર્વક આગળ કરવામાં આવ્યો હતો, છતાં તેમાં કશું રાજદ્રોહી ન હતું, અને બેશક એવું તો કશુંયે ન હતું કે કોઈ પણ રીતે તેમાંથી અત્યાચારની ઉશ્કેરણી થાય છે એમ કહેવાય. ૭મી અને ૮મીએ કશી નવાજૂની થઈ ન હતી.

તા. ૯મી એટલે રામનવમીનો દિવસ અમૃતસરની માફક જ ઊજવવામાં આવ્યો. લોકો આનંદમગ્ન હતા અને હિંદુમુસલમાન બિરાદરીને ઉત્તેજન મળે એવી રીતે જ તેમણે તે દિવસ પસાર કર્યો. એટલે અગાઉ જે કેવળ ધાર્મિક પર્વ હતું તે હમણાં હમણાં સુભાગ્યે રાષ્ટ્રીય પર્વ બની ગયું. સરઘસમાં અમલદારો પણ હતા. તેઓ જ્યાં જ્યાં લોકોની દૃષ્ટિએ પડતા ત્યાં ત્યાં તેઓને હર્ષાભિનન્દન આપવામાં આવતું હતું.

આ પ્રમાણે ૧૦મી તારીખ સુધી બધું શાંત હતું. પણ માઇકલ ઓડવાયર શાંત ન હતા. શ્રીયુત ગાંધીને ડૉક્ટર સત્યપાલે અમૃતસર આવી સત્યાગ્રહનો સિદ્ધાંત સમજાવવાનું આમંત્રણ આપ્યું હતું એમ તેમને ખબર હતી. તેમને એ પણ ખબર હતી કે તે આમંત્રણને અને સંન્યાસી સ્વામી શ્રદ્ધાનંદના આમંત્રણને માન આપીને શ્રીયુત ગાંધી દિલ્હી જવાના હતા, અને દિલ્હી જવા માટે મુંબઈથી તા. ૮મીએ તેઓ નીકળી પણ ચૂક્યા હતા. આ કાંઈ સર માઇકલથી સહ્યું જાય તેમ ન હતું, એટલે વાઇસરૉયની પરવાનગી મેળવીને તેમણે શ્રીયુત ગાંધીજીને પંજાબમાં

૧. લાહોરની મ્યુનિસિપાલિટીના એક લોકપ્રિય સભ્ય.

૨. લાહોરના પ્રસિદ્ધ બૅરિસ્ટર અને નેતા; આ પ્રસંગે તેઓ એક ઘોડા ઉપર બેસીને સરઘસને શહેર તરફ પાછા દોરી ગયા.

Gandhi Heritage Portal

પ્રવેશ કરતા અટકાવ્યા. પંજાબની હદમાં આવતાં પહેલાં રેલવે સ્ટેશન[1] ઉપર તેમને પકડયા અને મુંબઈ ઇલાકામાં તેમને પાછા મોકલાવી આપ્યા, અને તેમને મુંબઈ ઇલાકામાંથી બહાર નીકળવાની બંધી કરવામાં આવી. શ્રીયુત ગાંધી પકડાયાની અને ઇન્ટર્ન થવાની ખબર, લાહોરમાં સિવિલ ઍન્ડ મિલિટરી ગૅઝેટમાં પ્રસિદ્ધ થવાથી, દસમી તારીખે પડી અને કશી તૈયારી કે પ્રયત્ન વિના બધી દુકાનો ટપોટપ બંધ થઈ ગઈ. સાંજે ચાર વાગ્યા સુધીમાં તો બધો ધંધોરોજગાર બંધ થઈ ગયો હતો. કેટલાક શહેરીઓ સરઘસ કાઢીને મોલ તરફ જવા લાગ્યા. તેઓ અનારકલી આગળ પહોંચ્યા એટલે સરઘસ મોટું થયું, પણ પોલીસે ૧૦મી એપ્રિલે સરઘસને મોલને રસ્તે આગળ વધવા દીધું ન હતું એટલે સરઘસનો મોટો ભાગ ફૉરમન ક્રિશ્ચિયન કૉલેજ આગળ અટકી ગયો, પણ વિદ્યાર્થીઓ સુધ્ધાં ત્રણસેં ચારસેં માણસોએ, શ્રીયુત ગાંધીને છોડવાની સરકારને વિનંતી કરવા માટે "ગવર્નમેન્ટ હાઉસ" પહોંચવાના ઇરાદાથી મોલને રસ્તે આગળ વધવાનો નિશ્ચય કર્યો. આ વાતની જાણ થઈ એટલે એક પોલીસની ટોળી નીકળી આવી, પેલા ટોળાની પાછળથી જઈને ચક્કર લઈને ઓડવાયર સોલ્જર્સ ક્લબ આગળ ટોળાની સામે જઈને ઊભી અને ટોળાને અટકાવ્યું, પણ લોકોએ પોલીસનું સાંભળ્યું નહીં. એટલે ગોળીબાર કરવાનો હુકમ આપવામાં આવ્યો. બે કે ત્રણ માણસો માર્યા ગયા, અને વધારે માણસો ઘાયલ થયા. ટોળું પાછું હઠયું. મરેલા અને ઘાયલોને પોલીસના માણસો લઈ ગયા. પાસેથી જતા ડૉક્ટરોની મદદ સ્વીકારવામાં ન આવી. આવી રીતે ટોળામાં ભંગાણ પડયું અને તેવા ટોળાને ધીમે ધીમે પોલીસ અનારકલીમાંથી તે ઠેઠ લાહોરી દરવાજા સુધી પાછું હઠાવતી ગઈ. અહીં પણ પોલીસની મરજી ટોળાને બિલકુલ વિખેરી નાખવાની હતી. હંટર કમિટી આગળ મિ. બ્રૉડવેએ કહ્યું છે તે મુજબ આ લોકોએ અર્ધા કલાકથી વધારે વખત વાટાઘાટ ચલાવી. દરમિયાન પંડિત રામભજદત્ત ચોધરી પોતાના શહેરની બહાર આવેલા ઘરમાં, આ બનેલી હકીકતની ખબર પડવાથી આ ઠેકાણે દોડી આવ્યા અને પોતાની સેવા સાદર કરી. ટોળાને વિખેરી નાખવાનું તેમને કહેવામાં આવ્યું. પંડિતજીએ પ્રયત્ન કર્યો પણ તેમનો અવાજ બહુ દૂર પહોંચી શકયો નહીં, એટલે તેઓ એક ઊંચા માંચડા ઉપરથી બોલવા લાગ્યા. દરમિયાન પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની ધીરજ ઓછી થવા માંડી હતી. ડેપ્યુટી કમિશનરને બોલાવ્યા હતા તે પણ આવી પહોંચ્યા. પંડિત રામભજદત્ત ચોધરીએ ડેપ્યુટી કમિશનરની પાસે જઈને થોડો વખત માગ્યો, એવા હેતુથી કે તે દરમિયાન તેઓ લોકોને સમજાવીને છૂટા પાડી શકે. પણ મિ. ફાઈસને તેમને બે જ મિનિટ આપી, અને કહ્યું કે જો લોકો તેટલા વખતની અંદર નહીં છૂટા પડી જાય તો તુરત જ તેઓ ગોળીબારનો હુકમ આપશે. પંડિતજીએ સામો ઉત્તર દીધો કે બે મિનિટમાં કાંઈ લોકોની ઉપર છાપ પાડી શકાય નહીં, પણ મિ. ફાઈસન વળે શેના? છતાં, પંડિતજીએ પ્રયત્ન કર્યા, અને ટોળામાંના કેટલાક લોકોને પાછા ફેરવી શકયા. પણ મિ. ફાઈસને તો પોતાનું વચન પાળ્યું જ અને બે મિનિટ પૂરી થઈ કે તરત જ ગોળીબારનો હુકમ આપ્યો. આ ગોળીબારને પરિણામે ઓડવાયર સોલ્જર્સ ક્લબ આગળ જેટલા માણસો મરાયા અને ઘાયલ થયા હતા તેટલા જ લગભગ મરાયા અને ઘાયલ થયા. ગોળીબારથી ટોળું છૂટું પડી ગયું, પણ લોકોનાં દિલ ઘવાયાં.

અમારા મત પ્રમાણે આ બંને ગોળીબાર કર્યા વિના ચાલી શકત. ટોળાની પાસે કશાં હથિયાર ન હતાં અને ક્રિશ્ચિયન કૉલેજ ઉપરાંત વાઈ. એમ. સી. એ., ઍલાયન્સ બૅંક ઓફ સિમલા,

૧. મથુરા અને દિલ્હી વચ્ચે આવતું પલવલ સ્ટેશન.

Gandhi Heritage Portal

બૅંક ઑફ બૅંગાલ, પોસ્ટ ઑફિસ, ટેલિગ્રાફ ઑફિસ, હાઈકોર્ટ અને કેથીડ્રલ જેવી જાહેર ઈમારતો પાસેથી તે પસાર થયું હતું. અમૃતસરની માફક અહીં પણ અધિકારીઓએ પ્રથમના પૂર્વોપાયો લીધા જ નહીં, અને પંડિત રામભજદત્ત ચોધરી, જેઓ, અધિકારીઓને પણ ખબર હતી કે, ટોળાને વિખેરી નાખવાનો ખરા દિલથી પ્રયત્ન કરી રહ્યા હતા તેમને પૂરતો વખત ન આપવાની ભૂલ કરી. ટોળું સામું તો થયું હતું જ નહીં. અમે માનીએ છીએ, અમુક સંજોગોમાં હિંદુસ્તાનના બીજા ભાગોમાં પણ ટોળાંઓ, પંજાબનાં ટોળાંઓની માફક જ વર્તે અને તેના જેટલી જ હઠ, અથવા ખરું કહીએ તો પોચાઈ બતાવે. અમારે આ કહેવું પડે છે, કારણ અમે એવું કહેવાતું સાંભળ્યું છે કે પંજાબનાં ટોળાં બીજાં ટોળાં કરતાં જુદાં, વધારે ઉદ્ધત અને હઠીલાં છે. અમારો મત તેવો નથી. અમારામાંના કેટલાકે પંજાબીઓના એક જબરા ટોળાને એક ડાંગને સપાટે છૂટું પડી જતું જોયું છે. લાહોર, કસુર, અમૃતસરનાં ટોળાં કાંઈ જેવાંતેવાં હઠીલાં ન હતાં, પણ તેમાંનાં કોઈ પણ સહેજ ગોળીબારની સામે ઊભાં ન રહી શક્યાં. અમે ધારીએ છીએ કે સરકારના સાક્ષીઓએ કબૂલ કરેલાં છે તેવડાં કે દુનિયાના બીજા કોઈ પણ ભાગમાં તો મોટાં ટોળાંઓએ તેમની સામે જે થોડાંઘણાં માણસો ઊભાં કરવામાં આવ્યાં હતાં તેને સહેજે હંફાવ્યાં હોત. સરકારના સાક્ષીઓએ કહ્યું છે કે મુંબઈમાં એક ટોળું બે ડઝન ઘોડેસવારના ધસારાથી વીખરાઈ ગયું હતું, અને મુંબઈમાં પાયધુનીનું[1] ટોળું તો જ્યારે તોફાન કરવા માગે ત્યારે કેટલું તોફાન કરી શકે તે જાણીતું છે. અમને લાગે છે કે સામાન્ય રીતે હિંદુસ્તાનમાં, અને ખાસ કરીને પંજાબમાં પોલીસ કોઈક અણલખ્યા કાયદાને વશ થઈને જરા પણ જોખમ ખેડતી નથી અને સહેજ બહાનું મળે કે ગોળીબારનો આશ્રય લે છે. સુધરેલી સરકારની કસોટી જો એ હોય કે તેણે તુચ્છમાં તુચ્છ રૈયતનો જીવ પણ નાખી દેવા જેવો ન ગણવો, તો અમને ધાસ્તી છે કે પંજાબ સરકાર એ કસોટીમાંથી બિલકુલ પસાર થઈ શકી નથી. રાજકર્ત્રી જાતિના લોકોની સંખ્યા અને પ્રજાની સંખ્યાની વચ્ચે તરણા અને મેરુનું પ્રમાણ છે એ દલીલથી પણ પોતાની સંભાળમાં સોંપાયેલાં માનવ પ્રાણીઓના જીવને નાખી દેવા જેવા ગણી કાઢવાનો, સામાન્ય કસોટીએ બચાવ થઈ શકે તેમ નથી. કેટલાક અમલદારોએ કાઢેલા હુકમોના સંબંધમાં તેઓએ આપેલા બેદરકારીભરેલા ઉત્તારોથી અમને એવું માનવાને સબળ કારણ મળે છે કે થોડી તિતિક્ષા, થોડી કળ અને પ્રજાના જીવને માટે થોડી દરકાર વાપરવામાં આવી હોત તો અમે ઉપર જણાવ્યા છે તે ગોળીબાર કરવા પડત નહીં. અને જે જે પ્રસંગો વિષે અમે તપાસ કરી છે તે તે પ્રસંગોએ ટોળાને વિખેરી નાખ્યા પછી ઘાયલ થયેલાંઓની સારવારને માટે કશી તજવીજ રાખવાની જરૂર જણાઈ જ ન હતી એમ અમારા જાણવામાં આવ્યું, ત્યારથી તો અમારી ઉપરની માન્યતા પાકી થઈ છે.

પણ હવે આગળ શું બન્યું તે જોઈએ. આપણને ગમે તેટલું વિચિત્ર ભલેને લાગતું હોય, તોપણ આપણે જોયું કે અધિકારીઓએ મરેલાં અને ઘાયલ થયેલાંઓનો કબજો લેવાની તેમનાં સગાંવહાલાંને સુધ્ધાં પરવાનગી ન આપી. આને લીધે ઘણી કડવાશ અને ચીડ ઉત્પન્ન થઈ, એટલે ૧૧મીએ પણ હડતાળ ચાલુ રહી. આગેવાનો અને અધિકારીઓ વચ્ચે વારંવાર વાટાઘાટ ચાલવા લાગી. આગેવાનોએ પોતાનામાં હતી તેટલી દૃઢતાથી, મરેલાંને અને ઘાયલોને પાછા આપવા માટે વિનવણી કરી, પણ તે ફોકટ ગઈ. લોકોનું કોઈ પણ રીતે સમાધાન કર્યા વિના અધિકારીઓને તો હડતાળ બંધ કરાવવી હતી. લાહોરના આગેવાનોની સાથે, તેમના છૂટી આવ્યા

૧. મુંબઈ શહેરનો એક મ્યુનિસિપલ લત્તો (વૉર્ડ).

Gandhi Heritage Portal

પછી, અમારા ઘણા મેળાપ થયા છે. તેઓએ અમને તેમની જુબાની લખી આપવાની મહેરબાની કરી છે; અને અમારું માનવું થાય છે કે ઘણાખરા આગેવાનોએ, અધિકારીઓની મરેલા અને ઘાયલોને પાછા આપવાની નામરજી છતાં, હડતાળ બંધ કરવાના પોતાનાથી થાય તેટલા પ્રયત્ન કર્યા હતા, પણ તેઓ તેમાં સફળ થયેલા નહીં. ૧૧મીએ બાદશાહી મસ્જિદમાં એક ગંજાવર સભા થઈ. ત્યાં હડતાળ બંધ કરવાનો પ્રશ્ન ચર્ચાયો પણ તેમાંથી કશું નીપજ્યું નહીં. પાછા ડેપ્યુટી કમિશનરને આગેવાનો મળ્યા અને તેમને સૂચના કરી કે બીજી એક સભા ભરવી, પણ ત્યાં સોલ્જરોનો પહેરો રાખવો નહીં. પંડિત રામભજદત્ત ચોધરી તો કહે છે કે મિ. ફાઈસને આ પ્રમાણે કરવાની કબૂલાત આપી હતી, પણ મિ. ફાઈસન ના પાડે છે. અમારી પાસે જે પુરાવો પડયો છે તે પંડિત રામભજદત્તના વચનને ટેકો આપે છે. બાદશાહી મસ્જિદમાં એક ભારે ગંજાવર સભા થઈ. લોકોનાં મગજ તપેલાં હતાં એ વિષે કાંઈ જ શક નથી. પંડિત રામભજદત્ત ચોધરી જ માત્ર પોતાના બુલંદ અવાજને લીધે લોકોને કંઈક સંભળાવી શક્યા. કાંઈ પણ નિર્ણય ઉપર આવ્યા વિના સભા બરખાસ્ત થઈ, અને લોકો ઘેર પાછા વળતા હતા તેમના ઉપર સોલ્જરોએ ગોળીબાર કર્યો. સોલ્જરો તરફથી દલીલ કરવામાં આવે છે કે ટોળું ઉદ્ધત બન્યું હતું એટલે ગોળીબારની જરૂર હતી. જો મિ. ફાઈસને સોલ્જરોનો પહેરો ન રાખવાની કબૂલાત આપ્યાની વાત સાચી હોત, તો તો સભા આગળ તે લોકોની હાજરીનો પણ બિલકુલ બચાવ થઈ શકે તેમ નથી. ત્યારે વળી આમ કેટલાક લોકોએ પ્રાણ ખોયા. આથી લોકો વધારે ચિડાયા, અને આગેવાનોનું કાર્ય લગભગ અશક્ય થઈ પડયું. આગેવાનોએ પાછી મસલત ચલાવી. અધિકારીઓની હઠ તો, જેમ વખત જતો હતો તેમ, વધતી જતી હતી. કેટલાક આગેવાનોને તેઓ મળે તો કેટલાકને મળવાની ના પાડે. હડતાળ હજી ચાલુ જ હતી. ભૂખમરો અને તેને અંતે લૂંટફાટ થવાનો ભય ઊભો થયો હતો. એટલે લોકોએ લંગરખાનાં (સદાવ્રતો) ખોલ્યાં. ધર્માદા આવતાં નાણાંમાંથી આ લંગરખાનાં ચાલવા લાગ્યાં. એમ કરતાં કરતાં ૧૫મી તારીખ આવી. ૧૬મી તારીખે પંજાબના એક મહાપ્રતિષ્ઠિત પુરુષ લાલા હરકિશનલાલને,[1] લાહોરના એક અતિશય લોકપ્રિય મ્યુનિસિપલ કમિશનર અને લોકસેવાની અખંડ કારકિર્દી ધરાવનાર લાલા દુનીચંદને અને પંડિત રામભજદત્ત ચોધરીને ડેપ્યુટી કમિશનરે મળવા બોલાવ્યા — મળવા નહીં પણ પકડીને હદપાર કરવા બોલાવ્યા. તેમના હદપાર થયા પછી તરત જ લાહોરમાં માર્શલ લૉ જાહેર થયો. તે વખતે માર્શલ લૉનું કારણ આપતાં ડેપ્યુટી કમિશનરે આગેવાનોને એમ કહ્યું હતું કે તે હડતાળ બંધ કરાવવાને માટે જાહેર કરવામાં આવ્યો છે, અને કર્નલ જૉન્સને પોતાની જુબાનીમાં સ્પષ્ટ કહ્યું છે કે, "જો દુકાનદારોએ દુકાનો ઉઘાડી ન હોત તો હું સોલ્જરોને દુકાનો સોંપી દઈ તેમાંનો માલ બળાત્કારે વેચાવત." આવી તવણી ખરેખર આપવામાં આવી હતી અને લાહોરના મગરૂર દુકાનદારોને પોતાની દુકાન લશ્કરી દબાણને લીધે ઉઘાડવાનું અપમાન સાંખવું પડયું હતું. લોકો પોતાની ચીડ પ્રત્યક્ષ બતાવવા ખાતર હડતાળ પાડવામાં ખરા હતા કે ખોટા તેની ચર્ચા અમે અહીં કરવા માગતા નથી, પણ તેઓ ખોટા હોય કે ખરા હોય, દુકાનો ન ખોલવામાં તેઓએ કાંઈ ગુનો તો નહોતો જ કર્યો. પણ બળ બતાવીને તેમની પાસે દુકાન ઉઘડાવવામાં આવી એ તો ગુનો જ હતો. એટલું જ નહીં, પણ સરકારી દૃષ્ટિથી પણ દુ:ખનિવારણ કરાવવાને માટે અત્યાચારના કરતાં શાંત હડતાળ એ અતિશય સુંદર ઉપાય ન હોય એમ અમે નથી માનતા.

૧. એક મોટા શરાફ; પંજાબમાં એમની ઘણી ધંધાદારી પેઢીઓ હતી.

Gandhi Heritage Portal

છતાં, લૉર્ડ હંટર આગળ કર્નલ જૉન્સને તો એવો અભિપ્રાય પ્રગટ કર્યો હતો કે પંજાબના બીજા ભાગોમાં "બળવો" ફેલાતો અટકાવવાને માટે લાહોરમાં માર્શલ લૉ જાહેર કરવાનું લેશમાત્ર કારણ ન હતું. લોકોએ લાહોરમાં જાનમાલને કશું નુકસાન કર્યું ન હતું. બાદશાહી મસ્જિદમાં થયેલી એક સભામાં એક ગુપ્તચર ખાતાના અમલદારને પ્રહાર કરવામાં આવ્યો હતો તેને અમે જાહેર અત્યાચારમાં ગણી શકતા નથી. એ અમલદાર ઉપર હુમલો કરનારાઓનું કૃત્ય અયોગ્ય હતું એ વિષે શંકા નથી જ. પણ જો આવા પ્રકારના એકાદા બનાવને લીધે માર્શલ લૉનો જે દોર ચાલ્યો તેનો બચાવ થઈ શકતો હોય, તો તો માર્શલ લૉ અસાધારણ નહીં પણ ગમે ત્યાં લાગુ પડતો કોઈ પણ તદ્દન સાધારણ નિયમ બની જાય. લાહોરના એક પણ આગેવાનને લાહોર બહારની સંસ્થાની સાથે કાંઈ સંબંધ હતો એવું સાબિત કરનાર કશોયે પુરાવો જાહેરમાં રજૂ થયો નથી. અમૃતસર અને લાહોર વચ્ચે કાંઈ સંતલસ હતી એવું પણ સાબિત થયું નથી. લાહોરના લોકોનો તો જાહેર સુવ્યવસ્થા જાળવવા સિવાય બીજો કશો હેતુ ન હતો. લાહોરમાં લડાયક લોકો જ નથી. આ કારણથી, ન તો લાહોરની સલામતી જાળવવા ખાતર કે ન તો લાહોરનો ચેપ બીજે ફેલાવા ન દેવા ખાતર લાહોર શહેરમાં માર્શલ લૉ જાહેર કરવાની જરૂર હતી. માર્શલ લૉ એ લાહોરના નાગરિકોની અચલ રાજનિષ્ઠા ઉપર એક અઘટતો આક્ષેપ હતો. અહીં અમે એટલું તો સ્પષ્ટ કરીશું કે બ્રિટિશ રાજ્યસંસ્થા અને શહેનશાહ પ્રત્યેની રાજનિષ્ઠાની, અને રાજાના તરફથી ઊંચા પદે સ્થાપવામાં આવેલા પણ તે પદને નામોશી લગાડનારા કોઈ આપખુદી અમલદારને હા-જી-હા ભણવાપણાની વચ્ચે આસમાનજમીન જેટલું અંતર છે.

જ્યાં જ્યાં કાંઈ ગરબડ થઈ ત્યાં ત્યાં તે સર માઇકલ ઓડવાયરના અમલની સામે વિરોધ પ્રગટ કરવા માટે જ થઈ હતી; જોકે એ વિરોધ અમર્યાદ રીતે પ્રગટ થયો ખરો. પોતાના અમલના આરંભથી જ સર માઇકલે શિક્ષિત વર્ગને અળખામણો કરવામાં કશી મણા રાખી નહીં. લડાઈને માટે માણસો અને નાણાં ઉઘરાવવાના પોતાના કાંઈક અતિ થઈ પડતા ઉત્સાહથી લોકોને તેમણે છંછેડ્યા. જે લડાઈમાં ખુદ સામ્રાજ્યને જોખમ રહેલું હોય તે લડાઈ માટે ઉઘરાણાં ઝપાટા-બંધ થવા માટે લાગવગ અને સમજૂતી વાપરવાં અમને યોગ્ય લાગે છે. પણ સર માઇકલે તો મર્યાદા મૂકી, અને માણસો તથા નાણાં ઊભાં કરવામાં બીજા પ્રાંતના હાકેમોને પાછા પાડી દેવાના તેમના સ્તુત્ય પ્રયાસમાં તેઓએ પોતાનું ભાન ભૂલી જઈ, પોતાના ધ્યેય માટે લેવામાં આવતાં સાધનોના સારાનરસાપણાનો વિચાર જ ન કર્યો. પરિણામ એ આવ્યું કે તેમના હાથ નીચેના અમલદારોએ તેમના અત્યાચારોમાં નાદિર અને તૈમૂર સરખાને પણ ભુલાવ્યા છે, અને અમે આગલા એક પ્રકરણમાં ટીકા કરી છે તે પ્રમાણે લશ્કરભરતી કરવાની અને નાણાં ઉઘ-રાવવાની જ માત્ર નેમ રાખી, અમલદારોએ બ્રિટિશ રાજ્યને નામોશી લગાડી છે એવું સાબિત કરી આપવા માટે, અમારી પાસે યોગ્ય પુરાવો છે.

એવી દલીલ કરવામાં આવી છે કે ટોળાંઓએ જે અત્યાચારો કર્યા તેનું કારણ લશ્કરભરતી માની ન શકાય, કારણ જે જે જિલ્લામાં લશ્કરભરતી માટે અયોગ્ય દબાણ વપરાયેલું કહેવામાં આવે છે, તે તે જિલ્લામાં તો અત્યાચારનું નામનિશાને ન હતું. આ કહેવું, બેશક, અમુક અંશે જ સાચું છે. પણ જેટલે અંશે એ સાચું છે, તેટલે અંશે તેનું કારણ પણ દેખીતું જ છે. જે લોકો દબાણ સામે પોતાનો બચાવ કરવાને ઓછાવત્તા પ્રમાણમાં સફળ થયા હતા, તે લોકો દબાણને વશ ન થયા. જે લોકો દબાણને વશ થઈ ગયા તે લોકો તેમને તેમના બળનું ભાન થાય નહીં ત્યાં સુધી તો, આગળ ઉપર પણ દબાણની સામે ટક્કર ઝીલે એવો સંભવ ન હતો.

Gandhi Heritage Portal

છતાં પરાર્થે જેમ આત્મભોગ અપાય છે તેવી રીતે પરાર્થે ક્રોધ પણ બતાવી શકાય છે; અને જેમ જેમ દિવસે દિવસે રાષ્ટ્રીય અસ્મિતા વધતી જવાની, તેમ તેમ પરાર્થે આત્મભોગ તેમ જ પરાર્થે અત્યાચાર પણ વધતા જવાના; આ બેમાંથી જે વધારે સાત્ત્વિક છે તે પસંદ કરવું એ સરકાર તેમ જ લોકો બંનેને લાજમ છે. અમારા તરફથી ભાગ્યે જ ભલામણની જરૂર રહે છે, કે પરાર્થે આત્મભોગ એ પરાર્થે અત્યાચારના કરતાં હજાર દરજ્જે ચઢિયાતી વસ્તુ છે. અમને શંકા નથી કે જે લોકો પરાર્થે આત્મભોગની પોતાને તાલીમ આપી રહ્યા હતા, તે લોકોને નાહક ચીડવી તેમની પાસે પંજાબ સરકારે પરાર્થે અત્યાચાર કરાવ્યો.

પણ ધન્ય છે લાહોરને કે તેણે તો પ્રથમથી જ જે સુપંથ પકડયો હતો તે કદી છોડયો નહીં. અમારા ધારવા પ્રમાણે લાહોરે સાંખી લીધેલાં દુ:ખો, જલિયાંવાલા બાગની કતલમાં જે લોકોના પ્રાણનું બલિદાન અપાયું તે લોકોના દુ:ખના કરતાં પણ એક રીતે વધારે પુનિત હોઈ દેશના અધિક અમોલા ધનરૂપ છે.

હવે અમે લાહોરે વેઠેલાં કષ્ટો ઉપર જરા નજર નાખી જઈશું.

આફ્રિકામાં નામના કરી આવેલા કર્નલ જૉન્સનની તા. ૧૫મી એપ્રિલથી ૨૯મી મે સુધી લાહોર માર્શલ લૉ એરિયામાં સત્તા હતી. તેના અમલનો દોર એટલો તો લાંબો હતો કે ઊંચનીચ સર્વ વર્ગના લોકો, અને તેમાં જુદી જુદી કૉલેજોમાં ભણતા હજારો વિદ્યાર્થીઓ પણ તેના સપાટામાં આવી ગયા. ભલભલા અફલાતૂનોને પણ એની ગદા આગળ નમી જવું પડયું.

દાખલા તરીકે એનો દીવાબત્તી બૂઝવવાનો હુકમ લો. નાનાં નાનાં ગામડાંઓમાં રહેતાં પુરુષ, સ્ત્રી અને બાળકોને રાત્રે વહેલાં સૂવાની ટેવ હોવાથી તેમને લાહોર જેવા મોટા શહેરમાં આ હુકમથી જે અગવડ લાગે તેવી અગવડ ન લાગે. પણ લાહોરમાં તો એ હુકમ અસહ્ય થઈ પડયો. વૈદકીય મદદની જેમને જરૂર પડતી તેવાઓને તેના વિના ચલાવી લેવું પડયું અને આ મુશ્કેલી વિષે જ્યારે પંડિત જગત નારાયણે[1] કર્નલ જૉન્સનને પૂછયું, ત્યારે તેણે તરત જ જવાબ આપ્યો, "આવી મુશ્કેલીઓ સહન કર્યા વિના કાંઈ લડાઈ થતી હશે કે?" કર્નલ જૉન્સન જેવી જવાબદારીભરેલી જગ્યામાં કામ કરનાર અમલદારે જે વસ્તુસ્થિતિને કોઈ પણ તર્કપ્રયુક્તિથી "લડાઈ ચલાવવાની સ્થિતિ" ન કહી શકાય તેને વિષે, કાયદાની પરિભાષાનો આવો શબ્દ વાપરવો જોઈતો ન હતો. લાહોરમાં પ્રવર્તતી, અને તેટલા જ માટે પંજાબમાં પ્રવર્તતી કોઈ પણ વસ્તુસ્થિતિ માટે આ સંજ્ઞા વાપરવી એ પરિભાષાને ભ્રષ્ટ કરવા બરોબર છે. લૉર્ડ હંટરની આગળ રજૂ થયેલો બધોયે પુરાવો અમે વાંચ્યો છે, અને પંજાબે "શહેનશાહની સામે લડાઈ માંડેલી હતી" એવા વચનનો જેથી બચાવ થઈ શકે તેવી હકીકત કે દલીલ અમારા જોવામાં નથી આવી. કર્નલ જૉન્સનને કબૂલ કરવાની ફરજ પડી હતી, કે લોકોએ કયાંય પણ હથિયારોનો ઉપયોગ કર્યો ન હતો. જેઓની પાસે મરજી પડે તેમ વાપરવા માટે હથિયારો હતાં તેઓએ તે ન પોતે વાપર્યાં કે ન બીજાને વાપરવા આપ્યાં. "લડાઈ ચલાવવી" સંજ્ઞાનો અર્થ માર્શલ લૉ ટ્રિબ્યુનલ ઉપર બેઠેલા ન્યાયાધીશોએ શો કર્યો હતો તે આપણે તુરતમાં જ જોઈશું, પણ અહીં આટલું જોઈ લેવા જેવું છે કે એક જૂનો અને જુદા જુદા અનુભવોવાળો બ્રિટિશ અમલદાર, ડાહ્યા માણસો સ્વીકારી શકે તેવા એક પણ બચાવ વિનાનાં બિનજવાબદાર વચન ઉચ્ચારતાં અચકાયો નથી;

૧. સંયુક્ત પ્રાંતોની (હાલના ઉત્તર પ્રદેશની) ધારાસભાના સભ્ય; હંટર કમિટીના ત્રણ હિંદી સભ્યો પૈકીના એક.

Gandhi Heritage Portal

તેમ જ જે લોકોએ અન્યાયી અમલ સામે વ્યવસ્થિત રીતે વિરોધ બતાવ્યા ઉપરાંત કશો ગુનો કર્યો ન હતો તેમની સામે, પોતે જ કબૂલ કર્યા પ્રમાણે, સાંભળેલી હકીકત ઉપરથી જ આકરા ઉપાયો લેતાં અચકાયો નથી. દીવાબત્તી બૂઝવવાનો હુકમ, જાણીબૂજીને કે અજાણતાં, વાજબી રીતે કે ગેરવાજબી રીતે, જેમણે તોડયો હતો, તેવાઓમાંના ઘણા જણોને સામાન્ય અને વણસી ગયેલા ગુનેગારોની માફક જાહેરમાં ફટકા મારવામાં આવ્યા હતા.

કર્નલ જૉન્સને અતિશય ભાર દઈને જણાવ્યું હતું, કે તેણે તો એવી જાહેરખબર આપી હતી કે પોતાની ટુકડી ઉપર એક પણ બૉમ્બ ફેંકવામાં આવે, તો તે જે જગ્યાએ ફેંકવામાં આવે તે જગ્યાથી ૧૦૦ વારની ત્રિજ્યાની અંદર રહેનારા લોકોએ તે ફેંકયો છે એમ ગણવામાં આવશે, અને તેટલા પ્રદેશની અંદર રહેનારા સર્વે લોકોને એક કલાકની અંદર પોતાની જગ્યાઓ છોડવાની નોટિસ આપી, મસ્જિદો અને મંદિરો સિવાયનાં બધાં મકાનો તોડી પાડી જમીનદોસ્ત કરવામાં આવશે.

તેણે ૮૦૦ ટાંગાઓનો કબજો મેળવ્યો હતો. આ સંખ્યા આખરે ઘટાડી ૨૦૦ કરવામાં આવી, અને એ ટાંગાઓને માર્શલ લૉ અમલમાં રહ્યો તે દરમિયાન રોકી રાખવામાં આવ્યા હતા. હિંદીઓની માલિકીની તમામ મોટરોનો પણ તેણે કબજો લીધો હતો. શહેરમાંથી નીકળી જિલ્લામાં ગરબડ ઊભી કરવા જનારા માણસોની હિલચાલ ઉપર અંકુશ મૂકવા માટે રેલવે મુસાફરી ઉપર પણ તેણે અંકુશ મૂકયો. તમામ લંગરખાનાં બંધ કરવાનો તેણે હુકમ કાઢયો. તેણે ખાવાની ચીજોની કિંમત ઉપર અંકુશ નાખ્યા. બંદૂકના પરવાનાવાળાઓ પાસેથી તેણે બંદૂકો લઈ લીધી, અને નિર્વિવાદ રાજનિષ્ઠા માટે જેઓ જાણીતા હોય, તેઓના સંબંધમાં પોતાનું જોશ જરા ધીમું રાખવાની તેને સરકાર તરફથી તાકીદ મળી હતી. બાદશાહી મસ્જિદ[1] બંધ કરવાના ડેપ્યુટી કમિશનરે કાઢેલા હુકમો તેણે બહાલ રાખ્યા, અને તેના ટ્રસ્ટીઓએ મસ્જિદમાં કોઈ પણ હિંદુને દાખલ નહીં કરવામાં આવે એવી કબૂલાત આપી, ત્યારે જ તે મસ્જિદ ઉઘાડવાની પરવાનગી આપવામાં આવી.

એણે સમરી કોર્ટો બનાવી. મુકદ્દમાઓ પોતે જ ચલાવ્યા. આ પ્રમાણે ૨૭૭ જણની ઉપર કામ ચલાવવામાં આવ્યું, તેમાંના ૨૦૧ જણને તકસીરવાર ઠરાવવામાં આવ્યા. વધારેમાં વધારે સજા બે વર્ષની કેદ, ૩૦ ફટકા અને ૧,૦૦૦ રૂપિયા દંડની હતી. સમરી કોર્ટોના મૅજિસ્ટ્રેટોએ બધા મળી ૬૬ માણસોને કુલે ૮૦૦ ફટકાની સજા કરી હતી. માણસ દીઠ વધારેમાં વધારે ત્રીસ ફટકાની અને ઓછામાં ઓછા પાંચ ફટકાની સજા થઈ હતી. આ લોકોને જાહેરમાં ફટકા મારવામાં આવતા હતા. આખરે જયારે હુકમ આપ્યો કે જાહેરમાં ફટકા ન મારવા ત્યારે જ તે બંધ થયા. ફટકા મારવા પહેલાં વૈદકીય તપાસ ભાગ્યે જ થતી. લૉર્ડ હંટરે એને પૂછયું કે "સજાથી ગંભીર ઈજા થશે એમ તમને ખ્યાલ ન થયો?" ઉત્તર મળ્યો : "મને ખ્યાલ નથી થઈ શકતો." તેના મત પ્રમાણે તો એ સજા નરમ હતી. જસ્ટિસ રૅન્કિનને જવાબ આપતાં તેણે કહ્યું : મેં લોકોને "ભયભીત" કરી દીધા, અને પરિણામે અનેક જણને સજા કરવામાંથી અમે છૂટી ગયા. જસ્ટિસ રૅન્કિનને લાગ્યું કે લોકોના મોટા સમૂહોમાં નાના ગુનાઓ માટે તાત્કાલિક ઉપાય લેવા માટે સૌથી વધારે પરિણામકારક અને અનુકૂળ સજા ફટકાની છે એમ કહેવું એ

૧. આ મસ્જિદ લોકો માટે બે અઠવાડિયાં બંધ રહી હતી.

Gandhi Heritage Portal

કાંઈક વધારેપડતું છે. એટલે તેમણે કર્નલ જૉન્સનને પૂછયું: “એ સજા તો કોઈક અપવાદરૂપ દાખલામાં જ આપવી જોઈએ એમ તમને નથી લાગતું?” કર્નલે જવાબ આપ્યો :

ના, મને તો એમ નથી લાગી શકતું. પુષ્કળ લોકોની સાથે તમારે કામ લેવાનું છે. આ હુકમો કાઢીને તમે નવા ગુના ઉત્પન્ન કરો છો. જો જેલ જ એક સજા હોય તો અહીંના લોકોને તેની કાંઈ ઝાઝી અસર થાય એમ નથી. શહેરના સામાન્ય ઘરના ધોરણે જેલ તો મહેલાત જેવી છે. સેન્ટ્રલ જેલમાં એ લોકોને સરસ ખોરાક મળે છે, અને જેલના નિયમોને ટેવાઈ જતાં તો વાર ન લાગે. આપણે તો બધાઓને પૂરી દેવાના હતા. મને ભય લાગ્યો કે જેલ ભરાઈ જશે.

બીજે પ્રસંગે એણે કહ્યું હતું કે “ફટકાની સજાની કિંમત તો ૧,૦૦૦ સોલ્જર બરોબર છે.” અમારા મત પ્રમાણે ઉપર પ્રમાણે કારણો આપતાં કર્નલ જૉન્સને એક જંગલી સજાનો બચાવ કરવા માટે જંગલી દલીલનો આશ્રય લીધો હતો, અને બીજી કાંઈ નહીં તો આ એક વાતથી જ, પંજાબ સરકારે એને સોંપેલા જવાબદારીવાળા હોદ્દાને માટે એ નાલાયક ઠરે છે. પણ ફટકાની સજા ઉપર કહી છે એટલી જ થઈ ન હતી. કર્નલ જૉન્સને તો સમરી કોર્ટોએ નોંધેલી સજાઓની વાત કરી છે, પણ નોંધેલીના કરતાં ન નોંધેલી એવી કદાચ ઘણી સજા થઈ છે. લાહોરમાંથી ભેગી કરેલી ૧૭૦ જુબાનીથી નિર્ણયકારક રીતે સાબિત થાય છે, કે રાજ્યના સૌથી વડા અમલદારોનો તુમાખ સૌથી હલકા અમલદારોમાં ઊતર્યો હતો, અને ઊતરતાં ઊતરતાં એ એટલો તો તેજ થયો હતો કે સહેજ કારણ મળ્યે તે ખસી જતો, અને લેશમાત્ર પણ અંકુશ વિના લોકોની ઉપર તે ફાટી નીકળતો.

રેલવે મુસાફરી બાબતનો હુકમ સામાન્ય માણસો માટે તો હતો જ, પણ વકીલોના કારકુનો અને બેપિયાઓ ઉપર જ ખાસ તેનો અમલ થતો. સર ચિમનલાલ સેતલવાડે[1] પૂછયું હતું:

છઠ્ઠા હુકમમાં તમે કહો છો કે “વકીલોના મુનશીઓ, આડતિયાઓ અને ચપરાશીઓ રાજદ્રોહી સાહિત્યના પ્રચારમાં રોકાયેલા છે;” તેથી જ તમે પરવાના વિના લાહોર સિવિલ કમાન્ડ છોડવાની તેમને મનાઈ કરનારો હુકમ કાઢયો હતો, અને તેથી જ તમે દરેક વકીલને પોતે સીધી કે આડકતરી રીતે નીમેલા મુનશી, આડતિયા અથવા ચપરાશીની સંપૂર્ણ યાદી રજૂ કરવાનો હુકમ કર્યો હતો, નહીં વારુ?

કર્નલ જૉન્સને જવાબ આપ્યો: “હા.” “આને માટે કાંઈ પુરાવો છે વારુ?” એમ પૂછવામાં આવતાં તેણે કહ્યું કે બધો પુરાવો મોઢેનો છે.

વકીલ વર્ગની સામેનો આ ખોફ કેટલા દરજ્જા સુધી લઈ જવામાં આવ્યો, પંજાબમાં આવીને કદાચ તેઓ રાજદ્રોહ ફેલાવે એ કારણે કોઈ પણ બહારના વકીલને પંજાબમાં આવવાની પરવાનગી ન મળી એ સૌ કોઈ જાણે છે. શ્રીયુત મનોહરલાલના જેવા દરજ્જા, આબરૂ, જગજાહેર રાજનિષ્ઠા અને ડરપોકપણું કહેવાઈ જાય તેવી સાવધાનતાવાળા વિદ્વાન વકીલને પણ માર્શલ લૉ અમલદારોની મહેરબાનીમાંથી મુક્તિ ન મળી. તેઓ પંજાબ યુનિવર્સિટીના એમ. એ. છે, કેમ્બ્રિજના બી. એ. છે, અને પંજાબ યુનિવર્સિટીના ફેલો અને સિન્ડિકેટના સભ્ય છે. સેન્ટ જૉન્સ કૉલેજ કેમ્બ્રિજના તેઓ ફાઉન્ડેશન સ્કૉલર હતા, અને બીજાં અનેક માનો તેમને મળેલાં

૧. ચિમનલાલ એચ. સેતલવાડ (૧૮૬૫–૧૯૪૭); જાણીતા ધારાશાસ્ત્રી અને લિબરલ રાજપુરુષ; હંટર કમિટીના ત્રણ હિંદી સભ્યોમાંના એક.

Gandhi Heritage Portal

છે. હાઈકોર્ટ બાર ઍસોસિયેશનના તેઓ ઉપપ્રમુખ છે, અને ફૉરમન કૉલેજ[૧] ગ્રેજ્યુએટ યુનિયનના પ્રમુખ છે. ટ્રિબ્યૂન વર્તમાનપત્રના ટ્રસ્ટી તરીકે તેમને તા. ૧૮મી એપ્રિલે સુમારે ૭ાા વાગ્યે પકડવામાં આવ્યા હતા. તેમના ઉપર નહોતું નીકળ્યું કોઈ વૉરંટ, ન તો તેમને આપવામાં આવી હતી તેમના ઉપરના તહોમતની ખબર. તેઓ કહે છે:

> મારા ઘરમાં જ મને પકડ્યા પછી, મને મારી સ્ત્રી તથા બાળકોની રજા લેવાને ભાગ્યે જ બે મિનિટ મળી હશે, અને મને ક્યાં લઈ જવાના હતા તેની પણ કાંઈ ખબર દેવામાં ન આવી.

આગળ તેઓ કહે છે:

> લગભગ બે વાગ્યે બપોરે તાર ઑફિસથી લાહોર સેન્ટ્રલ જેલમાં મને લઈ જવામાં આવ્યો. ત્યાં ઘડિયાળ, છેડો, સીસાપેન, કાંઈ છૂટા પૈસા વગેરે કાઢી આપવાના સામાન્ય સંસ્કાર થયા પછી અને રજિસ્ટરમાં મારી સહી દાખલ મારા અંગૂઠાનું નિશાન લીધા બાદ, મને જેલના ૧૪મા વૉર્ડ (વિભાગ)ની એક કોટડીમાં લઈ જવામાં આવ્યો. આ વૉર્ડ ભારે સજા પામેલા કેદીઓને માટે અથવા તો દેહાંતદંડની અથવા તેવી જ શિક્ષાને પાત્ર ગુનાનું જેના ઉપર કામ ચાલી રહ્યું હોય તેવા કેદીઓને માટે છે. આ કોટડીમાં થોડો વખત પછી મને બે ગંદા કામળા આપવામાં આવ્યા, અને ખાવાને અને પાણી પીવાને બે પતરાના ડબ્બા આપવામાં આવ્યા. ત્રણેક કલાક પછી મને જેલના ચક્કી વિભાગમાં લઈ જવામાં આવ્યો, જ્યાં દળવાને માટે ઘંટીઓવાળી કોટડીઓ છે. આ કોટડીઓનું હું વર્ણન નથી આપતો, કારણ તે સહેજે જોઈ શકાય તેમ છે. પેશાબપાણી વગેરે અમારી બધી વ્યવસ્થા આ નાની કોટડીમાં જ હતી—એ વ્યવસ્થામાં હતાં માત્ર ગંધાતાં હાંલ્લાં; જેને દિવસના બે વાર સાફ કરવામાં આવતાં. આ કોટડીમાં હું હતો તે દરમિયાન મને પચાસેક વાર જેટલી નિર્દિષ્ટ જગ્યામાં ફરવાની સજા હતી, અને નાહવાધોવા માટે નળ ઉપર જવું હોય તો જવા દેતા. મેં જે કપડાંભેર મારું ઘર છોડ્યું હતું તે કપડાં સિવાય મારી પાસે બીજાં કપડાં ન હતાં, અને તા. ૨૧મી ને સોમવારે બપોરે મારો દીકરો મને મળવા આવ્યો તે થોડાં કપડાં લાવ્યો, ત્યારે જ મને બીજાં કપડાં મળ્યાં.
>
> મને પકડવામાં આવ્યો તે દિવસની સાંજ સુધી મારી સ્ત્રી તથા છોકરાંઓને મને ક્યાં પૂરવામાં આવ્યો હતો તેની ખબર ન હતી. મને તેમની સાથે કશો વ્યવહાર રાખવાની રજા ન હતી; માત્ર શનિવારે બપોરે જેલ સુપરિન્ટેન્ડેન્ટની મારફત એક પોસ્ટકાર્ડ હું મોકલી શક્યો હતો.
>
> તા. ૨૧મી ને સોમવારે મારા મિત્ર કુંવર દુલીપસિંહ બૅરિસ્ટર-ઍટ-લૉ અને મારો દીકરો મને જેલમાં મળવા આવ્યા, પણ તેમાંના એકને જ મળવાની મને રજા મળવાથી જેલના દરોગાની[૨] સમક્ષ મારે થોડી મિનિટ મારા મિત્રની જ સાથે વાત થઈ. મારા પુત્રની સાથે એક મિનિટ વાત કરવાની મહેરબાની (?) માટે મેં મિ. કોવન, સુપરિન્ટેન્ડેન્ટને અરજ કરી તે વ્યર્થ ગઈ.

૧. ફૉરમન ક્રિશ્ચિયન કૉલેજ, લાહોર.
૨. વડો વૉર્ડર.

Gandhi Heritage Portal

તા. ૨૩મી ને બુધવારે મને યુરોપિયન વિભાગમાં લઈ જવામાં આવ્યો. ત્યાં ફરવાની હરવાની વધારે છૂટ, વધારે જગ્યા, સાફ પાયખાનાં અને નાહવાધોવાની વ્યવસ્થા ઉપરાંત એક નાનકડું વાચનાલય હોવાને લીધે મને કાંઈક વધારે ચેન હતું.

આ વિભાગમાં મને તા. ૧૯મી મેએ છોડવામાં આવ્યો ત્યાં સુધી હું રહ્યો. આ મુદત દરમિયાન મને, હું માનું છું કે મારા મિત્રવર્ગ અને સગાં સાથે નિયમસરની ત્રણ મુલાકાતોની રજા મળી હતી; એક તો બહુ જ ટૂંકી, બીજી ખાસ કુંવર દુલીપસિંહની સાથે (દુલીપસિંહ તો તેમને સરકારે વકીલ વિનાના કેદીઓ માટે ખાસ રાખ્યા હતા એટલે વારંવાર જેલમાં આવતા તેથી) અને ત્રીજી સુપરિન્ટેન્ડેન્ટની ખાસ મહેરબાનીથી, મારા ભાઈ લાહોરમાંથી પસાર થતા હતા તેમની સાથે.

આ બધો વખત, મારા ઉપર શું તહોમત અથવા આરોપ હતો તેની મને કશી ખબર આપવામાં આવી ન હતી; બિલકુલ અધ્ધર દશામાં મને રાખવામાં આવ્યો હતો.

નબળી પ્રકૃતિની સ્ત્રી અને પોતાનાં છોકરાંઓની સ્થિતિનું પણ શ્રીયુત મનોહરલાલ વર્ણન આપે છે. તેઓ કહે છે :

જેલમાં મને લેવા દેવામાં આવેલી એક મુલાકાતમાં મને ખબર પડી કે મારા પકડાયા પછી મારા ઘરની ઝડતી લેવામાં આવી હતી. મારા પકડાયા પછી ત્રણ કલાકથીયે ઓછા વખતની અંદર તેને તાળું દેવામાં આવ્યું. મારી નબળી પ્રકૃતિની સ્ત્રી, અને મારાં છોકરાંઓને નોકરોના ઘરમાં, અને કંપાઉન્ડમાં આવેલા રસોડામાં આશ્રય લેવો પડયો હતો, અને મિત્રોએ આપેલાં બિછાનાંનો તેઓને ઉપયોગ કરવો પડયો હતો. ઝડતી ૧૯મી એપ્રિલે થઈ, અને મારું કુટુંબ બીજે દહાડે સાંજે ૬ વાગ્યે પાછું ઘરમાં આવી શક્યું.

ઝડતીમાં પોલીસ બેત્રણ કીમતી પુસ્તકો લઈ ગઈ હતી, અને જે દિવસે આ જુબાની લખવામાં આવી તે દિવસ સુધી તે તેમને પાછાં મળ્યાં ન હતાં. પોતાની ધરપકડની કહાણી તેઓ આ પ્રમાણે સમાપ્ત કરે છે :

આજ દિન સુધી મને મારી ઉપરના તહોમતની ખબર પડી નથી, કે એવું કશું મારા જાણવામાં નથી આવ્યું કે જેને લીધે હું પકડાઉં કે કેદ થાઉં અથવા જેને લઈને મને પકડવાની કે કેદ પૂરવાની જરૂર પડે.

પોતાના પકડાવાના સંભાવ્ય કારણની સમીક્ષા કરતાં તેઓ કહે છે :

હું શહેરના લોકજીવનમાં કશો ભાગ નથી લેતો; કારણ મારા ધંધામાંથી મને જે કાંઈ વખત મળે છે તે બધો હું લગભગ અભ્યાસમાં ગાળું છું. ડેપ્યુટી કમિશનરે લોકોના પ્રતિનિધિ વગેરેની અનેક સભાઓ અનેક વાર ભરી તેમાં મને કદી બોલાવવામાં આવ્યો ન હતો, તેમ જ હું કોઈમાં બીજી રીતે હાજર પણ ન હતો, તેમ જ હડતાળ બંધ કરવાના ઉપાય લેવા માટે ખાનગી ગૃહસ્થોએ જે સભાઓ બોલાવી તેમાંની કોઈમાં પણ હું હાજર ન હતો. (જુબાની. નં. ૧૫૦)

શ્રીયુત મનોહરલાલના દરજ્જાના ગૃહસ્થને, ખૂબ ઊંડી તપાસ વિના, જે અમલદાર પકડવાનો હુકમ કરે, અથવા પકડવાની પરવાનગી આપે, તે કર્નલ જૉન્સન ભોગવતો હતો તેવો ઊંચો હોદ્દો ધરાવવાને નાલાયક છે. શહેનશાહ તરફથી મળેલા પોશાક તલવાર ધારણ કરનારમાં હિંદી ગૃહસ્થની આબરૂ માટે આટલો તિરસ્કાર હોવો ન જ જોઈએ.

આ અમલદારની શોધક બુદ્ધિમાંથી પજવણીની એક બીજી રીત પણ ઉત્પન્ન થઈ હતી, તે એ હતી કે જેને તે "દુષ્ટવૃત્તિના માણસ" માનતો, તેમનાં ઘરો ઉપર જાહેરખબર લગાવવી,

Gandhi Heritage Portal

અને તે જાહેરખબરને ફાડવામાં કે ચીરવામાં આવે અથવા મેલી પણ કરવામાં આવે, તો તે ઘરના માલિકને તેને માટે જવાબદાર ગણવો. સર ચિમનલાલે કર્નલની પાસે "દુષ્ટ વૃત્તિના માણસ"ની વ્યાખ્યા માગી, અને પૂછ્યું કે, "જેની ઉપર તમને વહેમ હોય તે તેવો માણસ કહેવાય ને વારુ?" આનો દિગ કરી નાખે એવો ઉત્તર મળ્યો: "તમે જો તેમ કહો તો તેમ." સર ચિમનલાલે કહ્યું, "તમારા મનમાં શું હતું તે હું જાણવા માગું છું." તેણે જવાબ આપ્યો:

મને લાગ્યું કે જે લોકોની રાજનિષ્ઠા સૌને મુખે ન જ ગવાતી હોય તેવા લોકોને આ કામે લગાડવા, અને આવાઓને ગુપ્તચર ખાતાએ ચૂંટી કાઢવા.

સર ચિમનલાલે કહ્યું કે, "આ કામ તો એવું છે કે રાતદિન ચોવીસ કલાક આ જાહેરખબર પર પહેરો રાખ્યા વિના છૂટકો નથી." કર્નલ જૉન્સને આવા પહેરાની આવશ્યકતા સ્વીકારી, પણ સાથે જ જણાવ્યું કે એવો પહેરો કરાવવો તદ્દન સકારણ છે. આવો હુકમ કોઈ પણ સંજોગોમાં અસહ્ય જ છે, પણ જ્યારે એ હુકમ કોઈ આખી સંસ્થાને લાગુ પાડવામાં આવે ત્યારે તો હજારગણો અસહ્ય થાય છે.

અને હવે અમે વિદ્યાર્થીગણ તથા કૉલેજોના અધ્યાપકોની ઉપર થયેલા અત્યાચારની કહાણી કહીશું. કર્નલ જૉન્સનના મગજની રચના સંપૂર્ણ રીતે સમજાય તે ખાતર સર ચિમનલાલ સેતલવાડ અને કર્નલ જૉન્સન વચ્ચે થયેલો સંવાદ અમારે અહીં આપવો જોઈશે:

સ.—એ જાહેરખબર ચોડવાને માટે પસંદ કરવામાં આવેલાં મકાનોમાં સનાતન ધર્મ કૉલેજનું મકાન પણ એક હતું?

જ.—હા; હતું, એમ હું માનું છું.

સ.—પ્રથમની યાદીમાં એ કાંઈ જણાતું ન હતું; પણ પાછળથી તે ઉમેરવામાં આવેલું?

જ.—હા, પાછળથી યાદી બદલવામાં આવી હતી.

સ.—અને કૉલેજની બહારની દીવાલ ઉપર ચોડેલી જાહેરખબર કોઈએ ફાડી નાખી હતી, કેમ?

જ.—હા, મને એવી ખબર મળી હતી. પોલીસ પાસેથી નહીં, પણ બીજા કોઈની પાસેથી.

સ.—કૉલેજના છાત્રાલયના બધા વિદ્યાર્થીઓને પકડવામાં આવ્યા હતા, એ વાત સાચી છે?

જ.—મેં હુકમ કર્યો હતો કે એ મકાનમાં જે કોઈ પુરુષ મળી આવે તેને પકડવો.

સ.—કેટલા જણને પકડવામાં આવ્યા હતા?

જ.—૫૦૦.

સ.—આ જાહેરખબરને નુકસાન થવાને કારણે ૫૦૦ વિદ્યાર્થીઓને પકડવામાં આવ્યા હતા?

જ.—હા, અધ્યાપકો સુધ્ધાં.

સ.—અને આ બધાઓને કૉલેજથી ત્રણ માઈલ દૂર આવેલા કિલ્લા સુધી કૂચ કરાવવામાં આવી હતી, કેમ?

જ.—હાસ્તો.

સ.—અને એ કૂચ દરમિયાન તેમને તેમનાં બિછાનાં ખાંધ ઉપર અથવા માથા ઉપર જવાનો હુકમ થયો હતો, કેમ?

Gandhi Heritage Portal

જ. — જેમને બિછાનાં લઈ જવાં હતાં તે તેમ કરી શકતા હતા.

સ. — તેમને તેમ કરવાની ફરજ નહોતી પાડવામાં આવી?

જ. — મેં એવો કાંઈ હુકમ કર્યો ન હતો. જેને તે લઈ જવાં હતાં તે લઈ જઈ શકતા હતા.

સ. — લાહોરના ભર ઉનાળાના દિવસે?

જ. — તે વેળા મે મહિનો હતો.

સ. — ત્યારે લાહોરમાં તાપ સખત પડતો હતો?

જ. — હા.

સ. — આ પાંચસો વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ત્રણ માઈલ કૂચ કરાવવામાં આવી હતી, કેમ?

જ. — હાસ્તો.

સ. — અને કિલ્લામાં તે લોકોની ઉપર પહેરો હતો ખરું ને?

જ. — હા, સાચું.

સ. — ત્યાં લોકોને ક્યાં સુધી રાખવામાં આવ્યા?

જ. — હું ધારું છું કે એક દિવસ. નહીં, હું ભૂલ્યો, બે દિવસ.

સ. — પછી પ્રિન્સિપાલ પાસે તેઓ જાહેરખબર સાચવશે એવી કાંઈક કબૂલાત લઈને જ તેમને છોડયા ખરું ને?

જ. — હા; આવું ફરી નહીં બને એવી યોગ્ય બાંયધરી મને મળ્યા પછી જ તેમને છોડયા.

સ. — કર્નલ, હું તમને પૂછું છું કે આ પગલું યોગ્ય હતું?

જ. — હા; હું આને માટે રાહ જોઈને બેઠો હતો. આવી જ તક મળે એમ હું જોઈ રહ્યો હતો.

સ. — ત્યારે, તે વેળા તમને તો એ હુકમ કરવો યોગ્ય જ લાગ્યો હતો, અને હજી પણ લાગે છે?

જ. — બેશક.

સ. — ત્યારે તમારું મન, કર્નલ, તમે આ હકીકત આપતાં જણાવ્યું તેમ, માર્શલ લૉની સત્તાનો બરાબર ખ્યાલ આપવાની તક શોધવાની જ દિશામાં કામ કરી રહ્યું હતું, ખરું ને?

જ. — હા, ખરું.

સ. — આવી તક માટે તમે તલપી રહ્યા હતા કેમ?

જ. — લોકોના હિત માટે જ.

સ. — હું ક્યાં કહું છું કે લોકોના હિત માટે ન હતું? હોય કે ન હોય, પણ માર્શલ લૉની મગદૂર બતાવવાની તક માટે તમે તલપી રહ્યા હતા એટલું તો ખરું ને?

જ. — જરૂર.

સ. — અને તમને તે તક મળી ગઈ?

જ. — મેં તે સાધી પણ ખરી.

સ. — અને એ સાધીને ૫૦૦ વિદ્યાર્થીઓને બળતા તાપમાં કિલ્લા સુધી તમે કૂચ કરાવી?

Gandhi Heritage Portal

જ.—જી, હા.

સ.—અને હજી તમે દાવો કરો છો કે તમારી સત્તાનો યોગ્ય ઉપયોગ હતો?

જ.—તેમાં કાંઈ શક છે કે? આવતી કાલે પણ સંજોગો બની આવે તો હું એમ જ કરું.

અહીં એટલું લક્ષમાં રાખવાની જરૂર છે કે કર્નલ જૉન્સને આ જે છેલ્લો ઠંડે પેટે જવાબ આપ્યો, તે પોતે જ્યારે ભર લડતમાં હતા ત્યારે નહીં, પણ ૨૪મી નવેમ્બર, ૧૯૧૯ને દિને, એટલે લાહોરમાં પોતે અમલ બજાવ્યાના લગભગ છ મહિના પછી. જો એની કીમતી જાહેરખબરને કોઈએ જાણીજોઈને બગાડી હતી તો તપાસ કરવાની તેની ફરજ હતી, અને અધ્યાપકો અને વિદ્યાર્થીઓને લાગલા જ સજા કરવા મંડી જવું નહોતું. પણ કર્નલ જૉન્સનના કોઈ કામમાં કચાશ હોય તો તે કર્નલ જૉન્સન શાનો? તેણે તો દયાનંદ ઍંગ્લો-વેદિક કૉલેજ, દયાલસિંહ કૉલેજ અને મેડિકલ કૉલેજ સામે પગલાં લીધાં—અને તે સજા કરવા ખાતર નહીં, પણ વિદ્યાર્થીઓને તોફાનમસ્તી કરતા અટકાવવા માટે—અને એવો હુકમ કાઢ્યો કે બધાયે વિદ્યાર્થીઓએ દિવસમાં ચાર વખત હાજરી પુરાવી આવવી, સવારે ૭ અને ૧૧ વાગ્યે અને સાંજના ૩ અને ૭ા વાગ્યે. "અને મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓને ચાર વખત હાજરી પુરાવવા માટે દહાડાના ૧૭ માઈલ ચાલવું પડતું, નહીં?"—એમ સર ચિમનલાલે સવાલ કર્યો તેના જવાબમાં કર્નલ જૉન્સને ઉદ્ધતાઈથી કહ્યું, "નહીં, માત્ર ૧૬ માઈલ. મેં બરોબર અંતર માપ્યું હતું." આ ઉપરથી સર ચિમનલાલે પૂછ્યું:

અને આ પ્રમાણે ત્રણ અઠવાડિયાં સુધી દરરોજ લાહોરના ખરા તડકામાં તેઓને ચાલવું પડ્યું હતું, નહીં?

જ.—હા, ખરું; સિવાય કે જેને વૈદકીય સર્ટિફિકેટ મળ્યું હોય.

સ.—ત્યારે, કર્નલ, તમે એમ ધાર્યું અને હજી તમે એમ જ માનો છો કે વિદ્યાર્થીઓને તોફાનમસ્તી કરતા અટકાવવા માટે આવો હુકમ કાઢવો યોગ્ય હતો?

જ.—હા, હું એમ ધારતો હતો.

સ.—હજી પણ તમે તેમ જ માનો છો?

જ.—જરૂર.

સ.—તમારા મનમાં કાંઈ ખ્યાલ આવેલો ખરો, કે હજી તમને ખ્યાલ આવે છે ખરો, કે ત્રણ અઠવાડિયાં સુધી લાહોરના તાપમાં વિદ્યાર્થીઓને ૧૬ માઈલ ચલાવવા, એ તેમના ઉપર અતિશય ત્રાસ ગુજારવા જેવું હતું?

જ.—એમાં ત્રાસ શેનો?

આ સાધારણ કૃત્યના બચાવમાં કર્નલ જૉન્સને કરેલી અસાધારણ દલીલ તેના જ શબ્દોમાં અહીં આપીશું.

સ.—કર્નલ, હું તમને ફરી પાછો પૂછું છું, કે સેંકડો નહીં પણ કદાચ હજારો, વિદ્યાર્થીઓની ઉપર હાજરી પુરાવવાના આવા હુકમ કાઢી, તમે એ યુવકોમાં આખી જિંદગીભર માટે બ્રિટિશ સરકાર સામે કડવા તિરસ્કારનાં મૂળ નાખતા હતા, એવો તમને કદી ખ્યાલ આવ્યો છે ખરો?

જ.—હા, આવ્યો છે; પણ મેં તો અનુમાન કર્યું હતું કે, આ કૉલેજોમાં રાજદ્રોહ એટલો તો ભરેલો છે, કે હું ગમે તે કરું તેથી તેમાં વધારો થવાને અવકાશ જ નથી.

Gandhi Heritage Portal

સ. — તમે એમ કહેવા માગો છો કે તમને ખ્યાલ તો હતો કે તમારા વર્તનથી તેઓમાં બ્રિટિશ સરકાર માટે કટ્ટો તિરસ્કાર ઉત્પન્ન થશે, પણ તમારા માનવા પ્રમાણે તે લોકો એવા પક્કા રાજદ્રોહી હતા કે તમારા કશાયે વર્તનથી તેઓ વધારે કટ્ટા થાય એવો સંભવ ન હતો?

જ. — હું તમે કહો છો તે રૂપમાં એ હકીકત સ્વીકારતો નથી, પણ એટલું ખરું કે કૉલેજનું વાતાવરણ જ એવું દૂષિત હતું કે તે વધારે દૂષિત થઈ શકે તેમ ન હતું.

સ. — તમે ધારો છો ખરા કે તમારા એ પગલાથી તે કાંઈકે સુધરે એમ હતું?

જ. — હું તે બગાડતો તો નહોતો જ.

સ. — પણ તમે તે સુધારતા હતા?

જ. — હું કાંઈ તેમને રાજનિષ્ઠા બતાવવા નહોતો નીકળી પડ્યો. મારે તો તેમને તોફાનમસ્તી કરતા અને આસપાસના જિલ્લાઓમાં જતા અટકાવવા હતા.

સ. — તમારી ઉમેદ બર આવી ખરી?

જ. — હા.

સ. — એ જ ઉત્તમ રીત હતી એમ તમને લાગે છે, નહીં?

જ. — હા, મને તો એ જ ઉત્તમ રીત લાગી. બે રીતો છે: એક તો કૉલેજ બંધ કરવાની, અને બીજી તે લોકો ઉપર કામ ચલાવવાની.

સ. — ત્યારે તમારો અભિપ્રાય તો એવો લાગે છે કે આ દેશના લોકોને રાજનિષ્ઠ અને સરકાર તરફ સદ્‌વૃત્તિવાળા બનાવવાનો ઉત્તમ માર્ગ તેમની સામે વધારે સખત પગલાં લેવાં એ છે?

જ. — હું એ જુદી રીતે મૂકું. હું એમ કહું કે ઉત્તમ માર્ગ તો એ છે કે, તેમને બતાવી આપવું કે જેના ઉપર રાજદ્રોહી હોવાનો વહેમ આવે તેને માટે સજા તૈયાર છે.

સ. — તમને એમ લાગેલું ખરું કે આ હજારો વિદ્યાર્થીઓમાં ઘણાયે કેવળ નિર્દોષ હશે?

જ૦ — હા, મેં કેટલાકને છૂટ આપી હતી.

કર્નલને લાગ્યું કે કેટલાક વિદ્યાર્થીઓએ અંગ્રેજ સ્ત્રીઓનું અપમાન કર્યું હતું. આ આરોપના બચાવમાં અમને કશું નથી જણાયું. એણે પોતે પોતાના મતના બચાવમાં કશું રજૂ નથી કર્યું, પણ એ માની લીધેલા કારણ ઉપરથી તેણે કૉલેજના પ્રિન્સિપાલોની એક સભા ભરી. તેમની સાથે તેણે "ખુલ્લે દિલે" વાત કરી, અને યોગ્ય સજા માટે સૂચનાઓ રજૂ કરવાનું તેમને કહ્યું. પ્રિન્સિપાલોએ પોતાને યોગ્ય લાગી તેવી સજાઓ સૂચવી. કર્નલને લાગ્યું કે કેટલીક સજા પૂરતી નથી, એટલે લાગલી જ તેણે પ્રિન્સિપાલોને ખબર આપી કે, "આ સજાઓ વધારવામાં નહીં આવે તો કૉલેજો બંધ કરવામાં આવશે, અને વિદ્યાર્થીઓને પરીક્ષામાં નહીં બેસવા દેવામાં આવે." આ રીતે ૧૦૧૧ વિદ્યાર્થીઓને સજા કરવામાં આવી. વિદ્યાર્થીઓ અને તેમના પ્રત્યેના વર્તન વિષે સન્તરામ ગ્રોવર, એમ. એ., બી. એસસી., દયાલસિંહ કૉલેજના અંગ્રેજીના અધ્યાપક આ પ્રમાણે કહે છે:

હડતાળના દિવસોમાં અમારી કૉલેજના વિદ્યાર્થીઓની વૃત્તિમાં મને કશો ફેરફાર જણાયો ન હતો, અને તેમાંના કોઈ જણે અયોગ્ય વર્તન કર્યું હોય એવું મારા સ્મરણમાં નથી આવતું. બીજાં ઘણાં મકાનોની માફક, અમારી કૉલેજ પણ જાહેરખબર ચોડવાને માટે પસંદ

Gandhi Heritage Portal

કરવામાં આવી હતી. માર્શલ લૉ જાહેર કર્યા બાદ દસ કે વધારે દિવસ પછી, અમારી કૉલેજના પ્રિન્સિપાલ ઉપર એક દિવસે સાંજે સાત વાગ્યે એક નોટિસ પહોંચાડવામાં આવી. તેમાં એમ જણાવ્યું હતું કે, "નોટિસની સાથે જણાવેલ રાજદ્રોહી જાહેરખબર લખનારને શોધી કાઢી, બીજે દિવસે બપોરે બાર વાગ્યાની અંદર કમાન્ડિંગ ઑફિસરની આગળ તેને રજૂ કરવો." ટ્રસ્ટીઓ, અધ્યાપકો, અને વિદ્યાર્થીઓ બીજે દિવસે સવારે લખનારને શોધી કાઢવા માટે ભેગા થયા, પણ શોધી શક્યા નહીં; કારણ કૉલેજની સાથે સંબંધ ધરાવનાર કોઈ પણ જણ તે જાહેરખબરનો લખનાર હોવાનું ભાસતું ન હતું. અમે જવાબનો ખરડો તૈયાર કરી રહ્યા હતા, તેવામાં તો કર્નલ જૉન્સન કેટલાક ગુપ્તચર ખાતાના માણસો સાથે અમારી કૉલેજમાં આવી પડ્યા. રાજા નરેન્દ્રનાથ જેઓ કૉલેજના એક ટ્રસ્ટી છે તેઓ અને બીજા કેટલાક કર્નલની આગળ સઘળી વાતનો ખુલાસો કરવા આવ્યા. એ ગુપ્તચરે કૉલેજમાં એક જગ્યા બતાવીને કહ્યું કે ત્યાં દીવાલની ઉપર સદરહુ જાહેરખબર ચોડેલી તેને મળી આવી હતી. મેં કર્નલને કહ્યું કે એ તો બનાવટી વાત હોવી જોઈએ, કારણ જાહેર-ખબર દીવાલ ઉપર ખીલો ઠોકીને ચોડી હોય એમ દેખાતું હતું, જ્યારે દીવાલ ઉપર ખીલો ઠોક્યાની નિશાની ન હતી. પછી અમે જે જવાબ ઘડ્યો હતો તે કર્નલને બતાવ્યો, એટલે કર્નલે અમને તે જવાબ તેની ઑફિસે મોકલવાનું કહ્યું, અને અમે તેમ કર્યું. તે જ દિવસે સાંજે પ્રિન્સિપાલને બીજી નોટિસ મળી, જેમાં તેમને બીજે દિવસે સવારે ૯ વાગ્યે કર્નલને મળવાને લખેલું હતું. પ્રિન્સિપાલ કર્નલને ઠરાવેલે વખતે મળ્યા, અને તે પાછા આવ્યા. તેમની સાથે બાગનેટ ચઢાવેલી બંદૂકોવાળા કેટલાક સોલ્જર આવ્યા. તેમને ૨૫૦ રૂપિયા દંડ ભરવાનું, અથવા ત્રણ મહિના જેલમાં જવાનું કહેવામાં આવ્યું. દંડ ત્યાં ને ત્યાં ભરી દેવામાં આવ્યો.

થોડા દિવસ પછી, અમારા પ્રિન્સિપાલને, બીજી કૉલેજના પ્રિન્સિપાલની માફક, ડેપ્યુટી કમિશનરની પાસેથી હુકમ મળ્યો કે આગેવાનોને શોધી કાઢી સજા કરવી. પણ "કોના", શી "હિલચાલ"ના આગેવાનોને શોધી કાઢવા તે વિષે કશો ખુલાસો કરવામાં આવ્યો ન હતો. અમે એમ સમજી લીધું કે હુકમનો અર્થ એવો થાય છે કે કેટલાક વિદ્યાર્થીઓને સજા કરવી. આ હુકમનો અમલ કરવાને માટે કૉલેજની કાઉન્સિલ મળી. કેટલાક વિદ્યાર્થીઓને ચૂંટી કાઢ્યા અને સજાઓની ટીપ ઘડી કાઢી. આ ટીપ તથા રાજા નરેન્દ્રનાથનો કાગળ લઈ હું જાતે ડેપ્યુટી કમિશનર પાસે ગયો. આ કાગળમાં સજાની વિગત આપી હતી તથા જણાવ્યું હતું કે ઘણા વિદ્યાર્થીઓને સજા કરી નથી, કારણ તેમ કર્યાથી સમાજને જોખમકારક ચળવળ નાહક ઉત્પન્ન થવાનો સંભવ છે.

આ પછી એક બે દિવસમાં અમને ઉત્તર મળ્યો કે સજાઓ પૂરતી નથી, તેમ જ જોઈતી સંખ્યામાં વિદ્યાર્થીઓને સજા થઈ નથી. કૉલેજ કાઉન્સિલ પાછી મળી. કેટલાક છોકરાઓનાં નામ ટીપમાં ઉમેરવામાં આવ્યાં અને બીજાઓની સજામાં વધારો કરવામાં આવ્યો. બીજે દિવસે ડેપ્યુટી કમિશનરની પાસેથી અમને કાગળ મળ્યો; જેમાં સદરહુ સજાને માટે તેણે પસંદગી દર્શાવી હતી, તથા અગાઉ જે રૂ. ૨૫૦ દંડ લીધો હતો તેના બદલામાં રૂ. ૨૫૦નો એક ચેક પાછો મોકલ્યો હતો. (જુબાની નં. ૧૫૧)

સજા વિદ્યાર્થીઓને કૉલેજમાંથી કાઢી મૂકવાની, પરીક્ષામાં બેસતા બંધ કરવાની, વગેરે પ્રકારની હતી, અને કોઈ પણ જાતની ખરી તપાસ વિના તે કરવામાં આવી હતી. તા. ૧૦મી મેને દિવસે

Gandhi Heritage Portal

કર્નલ જૉન્સનની વતી દયાનંદ ઍંગ્લો-વેદિક કૉલેજના પ્રિન્સિપાલ ઉપર લખાયેલો પત્ર, તે અમલદારની મનોવૃત્તિનો આબેહૂબ ચિતાર આપે છે. અમે તે કાંઈ પણ ટીકા વિના અક્ષરશઃ નીચે આપીએ છીએ :

લાહોર (સિવિલ) કમાન્ડની સ્ટાફ ઑફિસ તરફથી, પંજાબ ક્લબ લાહોરમાંથી તા. ૧૦મી મે, ૧૯૧૯ને રોજ દ. ઍ. વે. કૉલેજના પ્રિન્સિપાલ ઉપર લખાયેલા પત્રની નકલ :

લાહોર (સિવિલ) એરિયાના કમાન્ડિંગ ઑફિસરે તમારા ૭મી તારીખના પત્ર ઉપર કાળજીથી વિચાર ચલાવ્યો છે. ઉત્તરમાં મને જણાવવાની આજ્ઞા થઈ છે કે કર્નલ જૉન્સન તે પત્રમાં સૂચવેલાં સજાનાં પગલાં તદ્દન અપૂરતાં ગણે છે, કારણ તેમની પાસે જે જે હકીકત આવી છે તેથી એવું સાબિત થાય છે કે તમારી કૉલેજના વિદ્યાર્થીઓએ તો રાજદ્રોહી ચળવળમાં લાહોરની બીજી કૉલેજના વિદ્યાર્થીઓને આંટવી દીધા છે. અને મને જણાવવાની આજ્ઞા થઈ છે કે જ્યાં સુધી તમારી કૉલેજની કલંકિત આબરૂને કર્નલના વિચાર પ્રમાણે ઘટે છે તેવી વધારે સજાની ટીપ તમે ન મોકલશો, ત્યાં સુધી કમાન્ડિંગ ઑફિસરને દ. ઍ. વે. કૉલેજ તરત જ બંધ કર્યા વિના અને તમામ વિદ્યાર્થીઓને આવતી પરીક્ષામાં બેસતા અટકાવ્યા વિના બીજો માર્ગ નથી.

સજાનું ધોરણ ઘડી કાઢવામાં તમને મદદ થાય તેટલા માટે મારે તમને જણાવવાનું છે કે ગવર્નમેન્ટ કૉલેજમાં ૬ વિદ્યાર્થીઓને કાઢી મૂકવામાં આવનાર છે, ૬ વિદ્યાર્થીઓને આગળ કોઈ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં, ૬ જણને એક વર્ષ માટે કૉલેજમાં આવતા બંધ કરવામાં આવનાર છે, ૧૫ જણની સ્કૉલરશિપ બંધ થશે, અને બીજા ૧૧૨ જણને ઓછી સજા થનાર છે.

દયાળસિંહ કૉલેજમાં ૭ વિદ્યાર્થીઓને કાઢી મૂકવામાં આવનાર છે, ૫ ને એક વર્ષને માટે કૉલેજમાં આવતા બંધ કરવામાં આવનાર છે, ૧૪ને એક વર્ષ નીચે ઉતારવામાં આવનાર છે, ૧૪ને ત્રણ મહિના કૉલેજમાં આવવા દેવામાં નહીં આવે, ૨ની સ્કૉલરશિપ થોડી મુદત માટે બંધ કરવામાં આવી છે, અને ૨૨૪ને બીજી ઓછી સજાઓ થનાર છે, તથા ૨૪૫ જણ પાસેથી ભવિષ્યમાં સારી ચાલચલગત માટે સારા જેવા જામીન માગવામાં આવ્યા છે.

કમાન્ડિંગ ઑફિસર ધારે છે કે જો તમને એમ કહેવામાં આવે, કે તમે સૂચવેલી સજા કોઈ પણ રીતે ઉપર જણાવેલી સજા કરતાં ઓછી ન હોવી જોઈએ, તો આ યાદીથી કદાચ તમે એવી સૂચનાઓ કરી શકશો કે જેથી તમારી કૉલેજ બંધ કરવાની તેમને ફરજ ન પડે.

મારે તમને જણાવવાનું છે કે લાહોર સિવિલ એરિયાના કમાન્ડિંગ ઑફિસર, દંડની રકમ બ્રિટિશ સોલ્જરોના સુખડી ફંડમાં ભરવાની તમારી સૂચના સ્વીકારી શકતા નથી.

(સહી) ડબ્લ્યુ. બાર્ન્ઝ, મેજર,
સ્ટાફ ઑફિસર,
લાહોર સિવિલ કમાન્ડ

હવે બીજો એક હુકમ લઈએ. આ હુકમથી બેથી વધારે હિંદીઓ એક હારમાં ચાલે તો તે ગુનો થતો હતો. એ હુકમના આરંભમાં જણાવેલું હતું કે, "વધારે દેશીઓ કોઈ યુરોપિયનને સામા મળે અને રસ્તો ન આપે, તો અત્યાચાર અથવા અત્યાચારની ધમકીને કારણ મળે તે

Gandhi Heritage Portal

અટકાવવાની જરૂર છે માટે.'' "આવા સંજોગોમાં શાંતિનો ભંગ થવાનો સંભવ છે'' એમ સર ચિમનલાલને કર્નલ જૉન્સને કહ્યું. સર ચિમનલાલે તેની પાસે કબૂલ કરાવ્યું કે શાંતિનો ભંગ દેશીઓના તરફથી નહીં પણ યુરોપિયનોના તરફથી જ થાય, અને જે યુરોપિયન બેથી વધારે હિંદીઓને એક હારમાં ચાલતા દેખી ન શકે, તેને શાંતિનો ભંગ કરતો અટકાવવા માટે હિંદીઓએ જ દુ:ખ વેઠવાનું રહ્યું. હિંદીઓની પાસેથી તેમની ગાડીઓ લઈ લેવાનો હુકમ યોગ્ય હોવા બાબત આ એક કારણ આપ્યું હતું : "લોકોને હું બરાબર બતાવી આપવા માગતો હતો, કે આવા ખેલ ખેલવા અને લાહોરમાં બળવા ઉઠાવવા એ હવે અશકચ છે.''

કર્નલ જૉન્સનના અમલે કેવો ઘાણ વાળ્યો હતો, તે નીચેના સવાલ જવાબથી સંપૂર્ણ રીતે જણાઈ આવશે :

> સ.—એમ કહેવામાં આવ્યું છે કે લાહોરના એક ભાગમાં એક વરઘોડો ચાલ્યો જતો હતો. તેમાં દસથી વધારે માણસ હોવાને લીધે અને તે ચાલ્યો જતો હોવાને લીધે, તેમાં શામિલ હતા. તે બધાને અને વરરાજા સુધ્ધાંને પકડવામાં આવ્યા હતા, અને પુરોહિત અને બીજાઓને ફટકા મારવામાં આવ્યા હતા. આ વાત ખરી છે?
>
> જ.—હા તદ્દન સાચી વાત છે. મારા જાણ્યામાં એ જ એક એવો દાખલો છે જેને માટે દિલગીર થવા જેવું છે. મેં તે બાબત સાંભળ્યું કે તરત જ દંડ લીધેલા હતા તે પાછા આપી દેવરાવ્યા અને સિવિલ મૅજિસ્ટ્રેટને ત્યાંથી ખસેડયો.

નિદાન એક દાખલામાં પણ કર્નલ જૉન્સનને કાંઈક દિલગીરી ઉત્પન્ન થઈ, એ તેની ભલમનસાઈ ગણાય; પણ એ જ એક દાખલાથી એ પણ પ્રતીત થાય છે કે ફટકાની સજા કેટલી જોખમભરી છે, અને કર્નલના બિલકુલ બિનજરૂરી હુકમથી કેવળ નિર્દોષ લોકોને કેટલી બધી પજવણી અને હેરાનગતિ થઈ.

કર્નલ જૉન્સનનાં કૃત્યો જાણે તેનાં પોતાનાં સ્વતંત્ર કૃત્યો હોય એમ ગણીને જ આપણે અત્યાર સુધી તેનું અવલોકન કર્યું છે. એમાંની ઘણી વસ્તુઓ એ પોતે કરવાને શક્તિમાન હતા એમાં કાંઈ શક નથી, છતાં એ વિષે પણ કશો શક નથી કે એ કૃત્યોની પાછળ કર્નલ જૉન્સનનું નહીં પણ કોઈ બીજાનું ભેજું કામ કરી રહ્યું હતું. કર્નલ જૉન્સન તો સર માઈકલ ઓડવાયરની નીતિ અને ઉમેદોને અમલમાં મૂકી રહ્યો હતો. શ્રીયુત મનોહરલાલને પકડવામાં આવ્યા હતા, કારણ તેઓ ટ્રિબ્યૂનના ટ્રસ્ટી હતા. એ સ્વતંત્ર વર્તમાનપત્રનો નાશ કરવો એવો નિશ્ચય થયો હતો. ટ્રિબ્યૂનના કાબેલ સંપાદક શ્રીયુત કાલીનાથ રૉયે પોતાની સ્વતંત્રતાથી તેમનું ઘણી વાર દિલ દુખવ્યું હતું. સર માઈકલના ૭મી એપ્રિલના ભાષણ ઉપરના તેમના "Blazing Indicretion'' (હડહડતો અવિવેક) નામના લેખે જે અધૂરું હતું તે પૂરું કર્યું. એ ભાષણ કેટલા હડહડતા અવિવેકથી ઊભરાતું હતું, તે તો પાછળથી બનેલી હકીકતોથી જણાઈ આવ્યું છે. શિક્ષિત વર્ગો પ્રત્યેના તેમના ગેરવાજબી વર્તનનો બચાવ કરનાર કોઈ પણ સ્વાભિમાની માણસ તેમને ન મળી શકયો. છતાં શ્રીયુત કાલીનાથ રૉયને તો બરોબર વ્યવસ્થિત રીતે પકડવામાં આવ્યા, તેમની ઉપર કામ ચાલ્યું, અને રાજદ્રોહી લખાણ માટે તેઓ તકસીરવાર પણ ઠર્યા.[1]

૧. એમણે દયા માટે અરજી કરી હતી. પરંતુ તે પંજાબના લેફ્ટનન્ટ ગવર્નરે ૧૩મી જૂન, ૧૯૧૯ને રોજ કાઢી નાખી હતી. તેમ છતાં તેમને ૨૭મી ઑગસ્ટ, ૧૯૧૯ને રોજ છોડી મૂકવામાં આવ્યા હતા, કારણ કે ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સિલે ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૧૯ને રોજ એમની કારાવાસની બે વરસની સજા ઘટાડીને ત્રણ માસની કરી હતી.



Gandhi Heritage Portal

શ્રીયુત કાલીનાથ રૉયના લેખોમાં રાજદ્રોહનો શબ્દમાત્ર પણ ન હતો એમ અમે બેધડક કહીએ છીએ. તેમની ઉપર ચલાવવામાં આવેલું કામ રાજકીય જીવનમાં જરૂર રાખવી જોઈએ એવી મર્યાદા ઉપર એક અત્યાચાર હતો. પ્રતાપ પત્રના તંત્રી[1] ઉપર ચલાવવામાં આવેલા કામના ઘાતકીપણામાં કશી મણા ન હતી. જોકે એ પત્ર થોડા જ સમય ઉપર શરૂ થયું હતું, અને તેના સંપાદકની નમ્રતા અને તેમના લખાણનું નિર્દોષ ધાર્મિક સ્વરૂપ જગજાહેર હતાં. માર્શલ લૉના અમલ દરમિયાન સ્વતંત્ર વર્તમાનપત્ર-લેખન અશક્ય થઈ પડયું, અને ટ્રિબ્યૂન, પંજાબી અને પ્રતાપ બંધ થયાં.

અત્યાર સુધી અમે જે હુકમોનું અવલોકન કર્યું છે તેમાં તો ઉઘાડો જુલમ કરવામાં આવ્યો હતો. "કાયદા" અને "ન્યાય"ને નામે જે ગુપ્ત જુલમ ગુજર્યો છે, તે વિષય ઉપર અમે હવે આવીએ છીએ. એ જુલમ માર્શલ લૉ કમિશનોનો.[2] આ કમિશનો, શહેનશાહની સામે લડાઈ ઉઠાવવા જેવા ગંભીર ગુનાઓ જેમણે કર્યા છે એમ ધારવામાં આવતું હોય, તેમને ન્યાયપુરઃસર પરંતુ તાબડતોબ ઇન્સાફ આપનારી અદાલતો હોવાનું મનાતું હતું. લાહોરના નેતાઓના ઇન્સાફના સંબંધમાં ચાલેલા કામના કાગળો અમે તપાસ્યા છે. આ નેતાઓ ૧૧ હતા. ઘણાખરા સમાજમાં બહુ ઊંચો દરજ્જો ભોગવનારા છે, અને કેટલાક તો સર માઇકલ ઓડવાયરને દરજ્જે પહોંચવાની લાયકાત ધરાવનારા છે. તેમાંના સાત બૅરિસ્ટર યા તો વકીલ છે. લાલા હરકિશનલાલે અમને જે જુબાની લખી આપી છે તેમાં તેમણે બેધડક કહ્યું છે કે તેમની ઉપર આરોપો મૂકવામાં આવ્યાનું કારણ એ હતું કે સર માઇકલ ઓડવાયર અર્થશાસ્ત્રી તરીકેની તેમની કીર્તિ દેખી શકતા ન હતા અન સર માઇકલને ન ગમે એવી હિલચાલમાં તેઓ ભાગ લેતા હતા. તેમણે જે સાહસોની આગેવાની કરી છે તે સાહસોનો નાશ કરવાને માટે કેવા હીન પ્રયત્નો કરવામાં આવ્યા હતા તેનું બયાન તેમણે પોતાની જુબાનીમાં આપ્યું છે. લાલા હરકિશનલાલ કહે છે કે તેમને હદપાર કરવામાં આવ્યા તેનું કશુંયે કારણ ન હતું, અને તેમના ઉપર ચાલેલું કામ તથા તેમને તકસીરવાર ઠરાવ્યા તે બધું કારસ્તાન કેવળ બનાવટી પુરાવાના આધારે જ થયું હતું. લાલા હરકિશનલાલ માટે સર માઇકલને સામાન્ય રીતે જે અણગમો હતો, તે લાલાજીના કૉંગ્રેસ ડેપ્યુટેશનમાં[3] નિમાવાને લીધે, અને ૧૯૧૯ના એપ્રિલની આખરે તેઓ વિલાયત જવાના હતા તે વાતથી, તથા ૧૮મી ને ૧૯મી એપ્રિલે જલંધરમાં જે પંજાબ પ્રાંતિક પરિષદ ભરાવાની હતી તેના તેઓ પ્રમુખ ચૂંટાયા હતા તેથી વધી ગયો હતો.

તેમની અને બીજા નેતાઓની ઉપર લડાઈ ઉઠાવવાના આરોપસર કામ ચલાવવામાં આવ્યું હતું. અમે આરોપપત્ર વાંચ્યું છે, અને તેમાં આરોપ એ છે કે આરોપીઓએ રૉલેટ ઍક્ટની વિરુદ્ધની ચળવળમાં ભાગ લીધો હતો, હડતાળમાં ભાગ લીધો હતો, ભાષણો કર્યાં હતાં, લંગરખાનાં ચલાવ્યાં હતાં અને અગાઉ જે સભાઓનું વર્ણન કરી ગયા તે સભાઓમાં હાજરી આપી હતી. આ લોકનેતાઓ વિરુદ્ધ રજૂ થયેલો પુરાવો અમે વાંચી ગયા છીએ, તેમ જ અમે ચુકાદો પણ વાંચ્યો છે; અને અમે એવા અનુમાન ઉપર આવ્યા છીએ કે આખો ઇન્સાફ ન્યાયની

૧. રાધાકિશન–એને ૧૮ માસના કારાવાસની સજા થઈ હતી. પરંતુ પાછળથી લેફ્ટનન્ટ ગવર્નરે એ સજા ઘટાડીને, ૨૫મી જુલાઈ, ૧૯૧૯ને રોજ, બે માસની કરી હતી.

૨. આ કમિશનોએ પોતાનું કામ ૨૪મી એપ્રિલ, ૧૯૧૯ને રોજ શરૂ કર્યું હતું. દરેક કમિશનમાં ત્રણ સભ્યો હતા.

૩. આ પ્રતિનિધિમંડળ ૨૮મી એપ્રિલ, ૧૯૧૯ને રોજ ઇંગ્લંડ જવા નીકળ્યું હતું.

Gandhi Heritage Portal

વિડંબનારૂપ હતો, અને નેતાઓનાં કૃત્યોને "લડાઈ ઉઠાવવા" બરોબર માનવાં એ તો ભાષાનો દુષ્પ્રયોગ હતો. એ પણ જોવા જેવું છે કે ન્યાયાધીશોએ માર્શલ લૉ જાહેર કરનારા જાહેરનામાને લીધે પંજાબમાં લડાઈની સ્થિતિ હોવાની વાતને સિદ્ધ વસ્તુ ગણી લીધી હતી, પરંતુ ત્યારે વ્યક્તિ વ્યક્તિને ઇન્સાફ આપતાં, પંજાબમાં બળવાની અથવા લડાઈની સ્થિતિ હોવાની વાતને તોડનારો પુરાવો દાખલ કરવાની તેમની ચોખ્ખી ફરજ હતી. આ ઇન્સાફ અને કેદથી લાલા હરકિશનને કેટલું આર્થિક નુકસાન થયું છે તેનું બયાન તેમણે આપ્યું છે. તેઓ કહે છે, "તારો કરવામાં લગભગ ૧૨૦૦ રૂપિયા તથા ઇન્સાફમાં બાર હજાર રૂપિયા, અને અપીલમાં પણ સારી સરખી રકમ ખર્ચાઈ હતી, પણ હિસાબ હજી સંપૂર્ણ તૈયાર થયો નથી. અને કામધંધો બંધ થવાથી ઓછામાં ઓછું ત્રણ લાખ રૂ. નું નુકસાન થયું હતું." આટલા રૂપિયા ખોયા એ લાલાજીને ભલે કાંઈ વિસાતમાં ન હોય, પણ આ કહેવાના ન્યાયપુર:સર ઇન્સાફોથી ઘણાઓ ખાલી થઈ ગયાની અમને ખબર છે.

શ્રીયુત સંતાનમ્,[1] લાહોરમાં ૧૦ વર્ષથી વકીલાત કરતા બૅરિસ્ટર, નેતાઓ તરફથી બચાવ કરવાને માટે રોકાયેલા હતા. તેમણે આ ન્યાયસભાઓનો તાદૃશ ચિતાર આપ્યો છે. તેમની જુબાનીમાંથી લાંબો ઉતારો આપતાં અમને સંકોચ થતો નથી. ૧૦મી એપ્રિલના ગોળીબાર વિષે પોતે પ્રત્યક્ષ જે જોયું તેનું વર્ણન આપ્યા પછી અને માર્શલ લૉનાં બીજાં પરિણામો વિષે લખીને તેઓ કહે છે:

> આ દિવસોમાં દરેક દરજ્જાના હિંદીની જે નામોશી કરવામાં આવી તેનો વિચાર દુ:ખ ઉપજાવે છે, પણ જ્યારે જે સેંકડો કેદીઓને પકડી રાખવામાં આવ્યા હતા અને માર્શલ લૉ ટ્રિબ્યુનલ આગળ જેમનો ઇન્સાફ થતો હતો તે બિચારાના દુ:ખનો વિચાર કરીએ છીએ, ત્યારે પેલું દુ:ખ ભૂલી જવાય છે. આ લોકોને કોઈ પણ પ્રકારની કાયદાની મદદ આપનાર કોઈ જ ન હતું એમ કહેવામાં અતિશયતા નથી. સરકારે, બેશક, (આપણે ધારી તો લઈએ કે) બહુ ભલમનસાઈથી જેઓ પોતાનો બચાવ કરવા માટે વકીલ ન રોકી શકે તેમનો બચાવ કરવા માટે દરેક ટ્રિબ્યુનલ દીઠ એક એક વકીલ નીમ્યો હતો. પણ આ તો મહાઢોંગ હતો, કારણ આ વકીલને એકી વખતે ૧૦થી ૧૫ જણાનો બચાવ કરવો પડતો હતો; અને તે પણ તેમની સાથે મસલત કરવાને અથવા તેમનો કેસ તૈયાર કરવાને પૂરતા વખત વિના. આમાંના કેટલાક ગૃહસ્થોએ મારી આગળ કબૂલ કર્યું છે કે, કેટલાક કેસોમાં તો તેમને દરેક આરોપી સાથે મસલતને માટે ભાગ્યે જ પાંચ મિનિટ મળી હશે, જ્યારે તેમનો બચાવ તો લડાઈ ઉઠાવવાના, કાવતરું રચવાના, આગ લગાડવાના અને ખૂન કરવાના જેવા ગંભીર આરોપો માટે કરવાનો હતો. કામ લેવાની રીત સામાન્ય રીતે એવી હતી કે ટ્રિબ્યુનલ સમક્ષ ઘણી વાર ૩૦થી ૪૦ તહોમતદારોને ઊભા કરવામાં આવતા. તેમને શા આરોપ માટે પકડવામાં આવ્યા છે તે આગળથી કહેવામાં આવતું ન હતું. તેમને ત્યાં જ તેમની સામેના આરોપો વાંચી સંભળાવવામાં આવતા, અને ત્યાં ને ત્યાં બચાવમાં તેમને જે સાક્ષીઓને બોલાવવા હોય તેમનાં નામ આપવાનું કહેવામાં આવતું. તે જ વખતે તેમને એમ પણ કહેવામાં આવતું કે તે સાક્ષીઓને બોલાવવાને સરકાર બનશે તેટલું કરશે, પણ દરેકે દરેક સાક્ષીને

૧. કે. સંતાનમ્ – પંજાબનાં તોફાનો વિષે રિપોર્ટ કરવા હિંદી રાષ્ટ્રીય મહાસભાની પંજાબ સબ-કમિટીએ નીમેલા કમિશનના મંત્રી.

Gandhi Heritage Portal

રજૂ કરી જ શકાશે એવી બાંયધરી આપી શકાશે નહીં. જવલ્લે જ તેમની આગળ ફરિયાદ પક્ષનું પુરાવાપત્ર વાંચી સંભળાવવામાં આવતું; તેમ જ પુરાવાપત્રની નકલ પણ તેમને લેવા દેવામાં આવતી ન હતી. દરેક આરોપીને પૂછવામાં આવતું કે "તમે વકીલ કરેલો છે?" જો ન કરેલો હોય તો તેને કહેવામાં આવતું કે સરકારે નીમેલો વકીલ તેનો બચાવ કરશે. આ પછી પાછા તેમને જેલમાં લઈ જવામાં આવતા, અને જે દિવસે તેમને આરોપ વાંચી સંભળાવવામાં આવતા તે દિવસ પછી સામાન્ય રીતે ત્રણચાર દિવસે, ઈન્સાફ ચાલવાનો હોય તે દિવસે, સવારના નવ વાગ્યા પહેલાં તેમને સરકારી વકીલને મળવા દેવામાં આવતા નહીં. મને કહેવામાં આવ્યું છે કે કેટલીક વાર સરકારી વકીલને કેદીઓને સવારના ૭ વાગ્યાથી તે કોર્ટમાં તેમને લઈ જવાના સામાન્ય વખત ૮ાા વાગ્યા સુધી મળવા દેવામાં આવતા. પણ આ છૂટમાંથી કેટલો લાભ થઈ શકે તે તો ત્યારે જણાય કે જ્યારે આપણે ધ્યાનમાં લઈએ કે આ વકીલોને દરરોજ કોર્ટમાં દસ વાગ્યે હાજર થવાનું હતું, અને દરરોજ તેમને સંખ્યાબંધ આરોપીની આખી ટોળકીનો બચાવ કરવો પડતો; એટલે જેમનો કેસ તે દિવસે ચાલવાનો હોય તેમની જ સાથે તેઓ મસલત કરી શકતા. આ સાથે એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે, કે ૨૦થી તે ૩૦ માણસોનો ગંભીર આરોપો માટે ઈન્સાફ સામાન્ય રીતે એક જ દિવસમાં પૂરો થઈ જતો; એટલે આ બિચારાઓને કેવો ઈન્સાફ મળ્યો હશે તેની સહેજે કલ્પના આવશે.

જે લોકોની પાસે વકીલો કરવા જેટલા પૈસા ન હતા તેમની જ્યારે આ દશા હતી, ત્યારે જેઓ વકીલ કરી શકે એવી સ્થિતિમાં હતા તેમની દશા આથી વધારે સારી ન હતી, કારણ કે પૈસા આપવાને તૈયાર છતાં તેમના કેસ ચલાવનાર કોઈ સારો વકીલ તેમને મળી શકતો નહીં. પહેલી મુશ્કેલી તેમને એ નડતી કે કયે દિવસે કયા આરોપીને ટ્રિબ્યુનલ આગળ ખડો કરવામાં આવશે અને તપાસાશે તેની કોઈને ખબર ન હતી. આવી સ્થિતિમાં સારા વકીલો અગાઉથી કેસની તારીખ પોતાને અનુકૂળ પડશે કે નહીં તે બિલકુલ જાણ્યા વિના વકીલાતપત્ર લઈ શકતા નહીં.

બીજી મુશ્કેલી એ હતી કે ઘણાખરા વકીલોએ એ પ્રકરણમાં કાંઈ નહીં તો કાંઈ ભાગ લીધો હોવાથી અને એ વાત ત્યારની સરકારને ખૂંચતી હોવાથી, તેઓને હમેશાં દહેશત રહેતી હતી કે રખેને પકડાવાનો વારો હવે તેઓનો આવશે, એટલે કહેવાતા રાજ્ય ઊંધું વાળનારાઓના કેસ લઈને દુઃખનો દહાડો ઢૂંકડો લાવવાનું કોઈને ગમતું ન હતું. બીજું અને સૌથી વધારે અગત્યનું કારણ એ હતું કે સામાન્ય રીતે એમ મનાતું કે આવા કેસો લેનારા વકીલોને સરકાર રાજદ્રોહી અને રાજ્ય ઊંધું વાળનારા તરીકે લેખે છે, એટલે આવી રીતે કેસ લીધો કે તુરત જ માણસ ફાંસામાં આવી જાય. આ માન્યતાને માન. મિયાં મહમ્મદ શફી જેઓ હાલ વાઈસરૉયની કાયદા બજાવણી સભાના સભ્ય છે[1] તેમના વર્તનથી પુષ્ટિ મળી. શેઠ રામપ્રસાદના એક સગાએ તેમને પોતાનો બચાવ કરવા માટે રોકયા હતા. આ પછી થોડા દિવસ બાદ મિ. શફીએ વકીલપત્ર પાછું વાળ્યું, અને મને ભરોસાદાર માણસો પાસેથી ખબર મળી છે કે પાછું વાળવાના કારણ તરીકે તેમણે એ કારણ આપ્યું હતું, કે સરકારના એક મોટા અમલદારે તેમને સૂચના કરી હતી કે તેમનું પગલું સરકારને

૧. તેઓ ૧૯મી જુલાઈ, ૧૯૨૦થી સભ્ય બન્યા હતા.

Gandhi Heritage Portal

પસંદ ન હતું. પહેલેથી જ જે વકીલમંડળ નાહિંમત થઈ બેઠું હતું, તેના ઉપર આ બનાવની શી અસર થાય તે કલ્પવી મુશ્કેલ નથી, એટલે તેનું વર્ણન આપવાની જરૂર નથી.

મારો પોતાની જાતનો અનુભવ એવો છે કે સરકારને એ વાત પસંદ હોય કે ન હોય, એટલું તો સ્પષ્ટ હતું કે તે વખતે તો પોલીસની હાક વાગતી હતી અને પોલીસને એ વાત ગમતી ન હતી. ૧૯૧૯ના મે સુધી તો સુભાગ્યે, ગુપ્તચરોના ચારે હાથ મારા ઉપર ન હતા. પણ મેની ૧૪મીએ લાહોરના નેતાઓના કેસ તરીકે જાણીતા થયેલા લાલા હરકિશનલાલ અને બીજાઓના કેસમાં આરોપી તરફથી મને રોકવામાં આવ્યો અને કેસ બીજી કોર્ટમાં બદલવા માટે અરજી લઈને, તથા બહારથી વકીલો લાવવાની પરવાનગી માટે મારે સિમલા જવું પડયું, જ્યાં કાંઈ દાદ મળી ન હતી. પણ આટલું જ કાર્ય ગુપ્તચરખાતા માટે તો પૂરતું થઈ પડયું, કારણ જ્યારે હું સિમલાથી આવ્યો ત્યારે મને ખબર પડી કે ગુપ્તચર મારી ગેરહાજરી દરમ્યાન નિયમિત રીતે મારા ઘર આગળ પહેરો ભરતા હતા, અને મારા ઘરનાં માણસોને વખતોવખત ડરાવતા હતા. ત્યારથી હમેશાં એ લોકોએ મારો કેડો પકડયો છે અને મારી હિલચાલની ખબર રાખી છે, અને હમણાં થોડો વખત થયાં જ આ તેમની અળખામણી મહેરબાની કંઈક ઓછી થઈ જણાય છે.

મેં ઉપર કહ્યું છે તે ઉપરથી સ્પષ્ટ થશે કે આરોપીઓનો બચાવ કરનાર કોઈ જ ન હતું અને સરકારની નેતાઓને તાબડતોબ તકસીરવાર ઠરાવી કેદમાં મોકલવાની નેમ કાંઈ પણ વિરોધ વિના પાર પડી. બહારના વકીલોને માર્શલ લૉ ક્ષેત્રમાં આવતાં અટકાવનારા હુકમનો હેતુ એ જ હતો કે ત્યાં જે અત્યાચારો ચાલી રહ્યા હતા તે વિષે ખરી વાત બહાર જગતને જાહેર ન થાય, અને કામ ચલાવવાની ન્યાયપુરઃસર રીતને બહાને જે રાક્ષસી અન્યાય ચાલી રહ્યો હતો તેની સામે બહાર કાંઈ ચળવળ ઊભી થવાનો સંભવ ન રહે.

મજબૂત બચાવ રજૂ કરવાના માર્ગમાં આટલી મુશ્કેલીઓ મૂકીને આ ન્યાયસભાઓ ધરાઈ નહીં. આગળ વધીને તેઓએ એવાં એવાં કામો કર્યાં કે ડોસીનો ન્યાય આપનારી દીવાની કે લશ્કરી અદાલતો પણ તેવાં કામ કરતાં ડરે. વાઈસરૉયના ઑર્ડિનન્સ (આપખુદી કાયદા)થી અદાલત બનાવનાર અધિકારીને "જાહેર શાંતિ જાળવવાની ખાતર જ્યાં જ્યાં જરૂર લાગે ત્યાં ત્યાં" સમરી જનરલ કોર્ટ માર્શલના અધિકારોવાળી કોઈ પણ અદાલત નીમવાની સત્તા આપવામાં આવી હતી. પણ ચારે માર્શલ લૉ ટ્રિબ્યુનલે ચલાવેલા ઈન્સાફ હરહમેશ સમરી જનરલ કોર્ટ માર્શલ, અથવા તો જે "ડ્રમહેડ" કોર્ટ માર્શલ કહેવાય છે તેની સત્તા પ્રમાણે જ ચલાવવામાં આવ્યા હતા. હું અહીં એટલું પણ સ્પષ્ટ કહી દઉં કે આ કોર્ટ માર્શલો, રણાંગણમાં લશ્કરી જરૂરને લીધે કાયદાની બધી પ્રણાલી કલમે કલમ અમલમાં મૂકી શકાય નહીં તે ખાતર રણાંગણમાં લડતાં લશ્કરોને માટે જ બનાવવામાં આવે છે.

કેસોમાં રોકાયેલા વકીલોનો મરતબો ભાગ્યે જ જળવાતો, અને તેમને એમ દેખાડી દેવાતું કે તેઓને ત્યાં કેવળ ન્યાયસભાની મહેરબાનીથી જ ઊભા રહેવા દેવામાં આવ્યા છે. અતિશય યોગ્ય માગણીઓ અતિશય ઉદ્ધતાઈથી કાઢી નાખવામાં આવતી, અને કેટલીક વાર વકીલોનાં દેખીતાં અપમાન પણ થતાં.

વકીલ પોતે ટૂંક નોંધ લઈ લે તે ઉપરાંત ચાલેલા કામનો હેવાલ તહોમતદાર તરફથી લેવાની બિલકુલ મનાઈ હતી. કોર્ટ બનાવનાર અધિકારીએ આવો હુકમ પણ કાઢયો હતો તેની નકલ હું સાથે જોડું છું.

Gandhi Heritage Portal

ચાલેલા કામનો કોર્ટ તરફથી જે હેવાલ લેવામાં આવતો તે સામા વક્ષની અતિશય વિરુદ્ધ લેવામાં આવતો, ત્યારે ઊલટતપાસમાં મળેલા ઉત્તરો, ખાસ કરીને તે આરોપીના લાભમાં હોય ત્યારે, વકીલની વારંવાર થતી માગણી છતાં પણ, ઘણેખરે ભાગે લખી લેવામાં નહીં આવતા. કમિશનરો સામાન્ય રીતે એ જવાબ આપતા કે તેઓ સમરી જનરલ કોર્ટ માર્શલ તરીકે કામ લેતા હોવાથી તેમના પોતાના ઉપયોગ માટે જે ટૂંકી નોંધ રાખવી પડે તે ઉપરાંત તેઓ કાંઈ હેવાલ રાખવાને બંધાયેલા ન હતા. આનું પરિણામ એ આવ્યું જોવામાં આવશે કે જે હેવાલોની નકલ કોર્ટો તરફથી આપણને મળે છે તેમાં ફરિયાદી પક્ષ તરફથી અપાયેલા પુરાવાનાં પાનાંના પાનાં પછી, ઊલટતપાસને બેચાર ઉપરટપકે લખાયેલી લીટીમાં ઉડાવી દેવામાં આવી છે, અને આ બે ચાર લીટીઓમાં પણ માત્ર અતિશય નકામા જવાબો જ ઘણેખરે ભાગે લખાયેલા છે. દાખલા તરીકે હું લાહોરના નેતાઓના કેસમાં ફરિયાદી તરફથી સાક્ષી નંબર ૨૯ તરીકે મરતબ અલીશાહ નામના એક પોલીસ સબ-ઇન્સ્પેક્ટરે જે સાક્ષી આપી હતી તે લઈશ. તેની અર્ધો કલાક સુધી ખૂબ આકરી ઊલટતપાસ થઈ હતી, અને જો તે બરોબર લખી લેવામાં આવી હોત તો ચોખ્ખું જણાઈ આવત કે બીજા બધા સાક્ષીઓ કરતાં આ સાક્ષી તો છેક જ તૂટી ગયો હતો. પણ હેવાલમાં તો આ ઊલટતપાસ બે લીટીમાં પતાવવામાં આવી છે, અને આ માણસના પુરાવા ઉપર કમિશનરોએ પોતાના ફેંસલાનો આધાર રાખ્યો છે.

ઊલટતપાસને માટે પણ યોગ્ય અને ઘટતી સગવડ આપવામાં આવતી ન હતી. ઘણી વાર વકીલોને ઊલટતપાસમાં અમુક સવાલ જ પૂછવાનું કહેવામાં આવતું, અથવા તો તેમના સવાલો મુદ્દાના હોય કે ન હોય તોપણ અમુક વખતમાં જ પૂરા કરવાની તેમને તાકીદ મળતી. ફરિયાદી પક્ષના સાક્ષીઓને સારી રીતે બચાવી લેવામાં આવતા, અને કમિશનરો તરફથી ઘણીક વાર, જે પાકા મુદ્દાના સવાલો હોય તોપણ જો તેનો જવાબ મુકદ્દમાના લાભમાં નહીં આપી શકાતો હોય તો તેવા સવાલોના જવાબ ન આપવાનું તેમને કહેવામાં આવતું. તેમ જ વકીલો તરફ ઉદ્ધતાઈ બતાવવાનું પણ તેમને ઉત્તેજન આપવામાં આવતું.

ઘણી વાર જ્યારે કોઈ સાક્ષી ફસાઈ જતો અને જવાબ દેતાં અચકાતો ત્યારે કમિશનરો તેને કહેતા: "જો તમને યાદ નહીં હોય તો તે પ્રમાણે કહો". અને તુરત સાક્ષી આ સૂચનાને ગ્રહણ કરતો, અને ચટોચટ જવાબ દેતો, "મને યાદ નથી." ખાસ યુરોપિયન સાક્ષીઓને જે રીતે બચાવી લેવામાં આવતા હતા તે તો કેવળ હાસ્યજનક હતું. કોઈ પણ સવાલ તેમને ગૂંચવીને તેમણે અગાઉ કહેલાની વિરુદ્ધ તેમની પાસેથી કઢાવવાને પૂછવામાં આવતા, તો તે સવાલ ફિતૂરી ઠરાવવામાં આવતા. ઘણી વાર એક સાક્ષીને કોઈ બનાવ વિષે જુબાની આપ્યા પછી, તે જ બનાવની બીજી કોઈ વિગત વિષે પૂછવામાં આવતું, તો તરત જ તે પોતાનો બચાવ કરી લઈને કહેતો, "મને યાદ નથી." આ પછી તેની યાદદાસ્ત તાજી કરી આપે અને તેની પાસે ખરો જવાબ કઢાવે એવો કોઈ પણ સવાલ તેને પૂછી શકાય જ શેનો? અને જો તમે તેવો સવાલ પૂછો તો કમિશનરો તરત જ વચ્ચે પડતા અને ધમકી આપતા, "તમે સાંભળતા નથી કે સાક્ષી કહે છે કે મને યાદ નથી." ઉપર પ્રમાણેની હકીકતનું બયાન આપતાં લાહોરના નેતાઓના કેસનો ચુકાદો આપનારી માન. મિ. જસ્ટિસ લેસ્લી-જૉન્સના પ્રમુખપણા નીચેની ટ્રિબ્યુનલના મારા પોતાના અનુભવની હું વાત કરી રહ્યો છું.

Gandhi Heritage Portal

કેસ પૂરો થવા આવે એટલે ભાગ્યે જ કાંઈ દલીલ કરવા દેવામાં આવતી. કેટલીક વાર તો દલીલ પૂરી કરવાની મુદત પણ ઠરાવવામાં આવતી. કાયદાના જે વાંધા લેવામાં આવતા તે અતિશય તિરસ્કારપૂર્વક કાઢી નાખવામાં આવતા. ગુજરાનવાલાના નેતાઓના કેસમાં જ્યારે હું મિ. જસ્ટિસ બ્રૉડવેના પ્રમુખપણા નીચેની ટ્રિબ્યુનલ આગળ ઊભો રહ્યો હતો ત્યારે પ્રિવી કાઉન્સિલમાં આજે હકૂમત વિષે લેવામાં આવેલા તમામ વાંધાઓ દર્શાવતી એક દરખાસ્ત મેં રજૂ કરી હતી. પહેલાં તો કમિશનરે મને સાંભળવાની પણ ના પાડી અને કહ્યું કે “તમારી દરખાસ્ત નિકાલ માટે કોર્ટ બનાવનાર અધિકારીને મોકલવામાં આવશે.” આની હું સામો થયો, અને “આર્મી ઍક્ટ”ની એક કલમ ટાંકીને તેમાંથી એક સાદો સિદ્ધાંત રજૂ કર્યો કે કોર્ટ બોલાવનાર અધિકારીને કોર્ટ નીમ્યા પછી કોર્ટના કેસના સંબંધમાં કશો અધિકાર રહેતો નથી, અને બધા સવાલનો નિકાલ કરવાનો કોર્ટને જ રહે છે, ત્યારે તેણે મને માંડ માંડ દલીલ કરવાની રજા આપી. જોકે મેં જે સાતઆઠ હકૂમતના મુદ્દા ઊભા કર્યા હતા તેની ઉપર દલીલ કરવાને મને માત્ર અર્ધો કલાક આપવામાં આવે છે એવી સૂચના પણ સાથે સાથે કરવામાં આવી. પણ મારા વાંધાઓ તો ઊંધી ગયા અને મેં તે દલીલ શરૂ કરી. મારી દલીલની મધ્યમાં જ સરકારી ઍડ્વોકેટ મારી એક ટીકાની સામે વાંધો લેવાને ઊભા થયા. કમિશનર તરત જ વચ્ચે પડ્યા અને કહ્યું: “મિ. હર્બર્ટ, શા માટે તમે નકામો વાંધો લો છો? એથી તો ઊલટા એ વધારે વખત લેશે. એને જે કહેવું હોય તે કહેવા દો એટલે છેડો છૂટે.” અર્ધા કલાકથી કંઈક વધારે વખત પછી મને મારી દલીલ પૂરી કરવાને કહેવામાં આવ્યું, કારણ મારી હવે વધુ માત્ર પાંચ જ મિનિટ રહેલી હતી. મારે ન છૂટકે માનવું પડ્યું અને કોર્ટે બીજા પક્ષને કાંઈ ઉત્તર આપવાનું કહ્યા વિના પોતાનો હુકમ પસાર કર્યો. તે હુકમમાં મેં લીધેલા માત્ર થોડા જ વાંધાનો ઉપરચોટિયો વિચાર કરવામાં આવ્યો છે અને બાકીનાની કાંઈ ગણતરી જ થઈ નથી.

આવા સંજોગોની અંદર જે સુનાવણીઓ ચાલી તે તો ફારસ માત્ર હતી, અને ખરો ઈન્સાફ આપવાની કોઈની દાનત ન હતી, તો ખરો ઈન્સાફ થાય તો શેનો જ? હું જે બે ટ્રિબ્યુનલોની સમક્ષ ઊભો રહ્યો છું તેમની સામેનો મારો અનુભવ અતિશય દુ:ખકારક અને નામોશીભરેલો છે, અને તે ખાસ કરીને આવો છે કારણ બંને અધ્યક્ષ ન્યાયાધીશો આગળ હાઈકોર્ટના વધારે શાંત વાતાવરણમાં ઊભા રહેવાનું મને માન અગાઉ મળેલું છે અને તે વેળા મેં તેમને કાંઈ નહીં તો ન્યાયાનુરૂપ મર્યાદાથી વર્તતા જોયા છે. માર્શલ લૉના મારા અનુભવે તો મને કંઈક ઓર જ રંગ દેખાડ્યો છે. જે ન્યાયાધીશો હાઈકોર્ટના વાતાવરણમાં ન્યાયના આચાર અને રૂઢિને માન આપી તહોમતદાર અને તેમના વકીલને અતિશય નિષ્પક્ષ ભાવથી સાંભળતા તે જ ન્યાયાધીશોને માર્શલ લૉના વાતાવરણમાં મર્યાદાના તમામ નિયમો આઘા મૂકતા, અને મનુષ્યના જીવ જવાની જ્યાં વાત હોય તેવા પ્રસંગોમાં પણ ન્યાયાધીશ તરીકે નાલાયક થઈ પડેલા મેં જોયા.

કેવળ નેતાઓને જ પકડીને તેમના ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું એમ ન હતું. માર્શલ લૉ કમિશનો આગળ બીજા અનેક જણની ઉપર કામ ચાલ્યું હતું, અને અનેક જણની ઉપર કહેવાતી સંક્ષિપ્ત અદાલતો આગળ કામ ચાલ્યું હતું. અમારી પાસે એક કોષ્ટક આવ્યું છે જેમાંથી ખબર પડે છે કે ૬૪ જણાઓની ઉપર કમિશનો આગળ કામ ચાલ્યું હતું, આમાંના ૮ની ઉપરથી આરોપ કાઢી નાખવામાં આવ્યા હતા. ૩૫૦ ઉપર સંક્ષિપ્ત અદાલતો આગળ કામ ચાલ્યું હતું,

Gandhi Heritage Portal

તેમાંથી ૧૦૨ની ઉપરથી આરોપ કાઢી નાખવામાં આવ્યા હતા, અને ૪૦ જણને પકડીને તેમના ઉપર કામ ચલાવ્યા વિના, અને અનેક દિવસ — દાખલા તરીકે શ્રીયુત મનોહરલાલ જેવાને તો એક મહિનાથી વધારે — પોલીસના હવાલામાં રાખીને છોડી દેવામાં આવ્યા હતા.

આ પ્રમાણે, લાહોર, જેનો કશો દોષ નહોતો, જ્યાં અમલદારોની સાથે સમજૂતી કરવામાં બાકી રહી ન હતી, જ્યાંના લોકનેતાઓએ અમલદાર વર્ગની સેવા બજાવવામાં મનુષ્યથી થાય તેટલું કર્યું હતું, તે લાહોરની ઉપર માર્શલ લૉ નાખવામાં આવ્યો. અને તે પણ એવા અમલદારના અમલ નીચે કે જે પથ્થરના હૈયાના, ક્રૂર, અને જે લોકોને તેને પલ્લે પડવાનું અભાગ્ય પ્રાપ્ત થયું હતું તેમની લાગણીઓ અને ભાવોની બિલકુલ અવગણના કરનારા હતા. સ્થાનિક સંજોગોની અમારી માહિતી પ્રમાણે અમને તો લાગે છે કે માર્શલ લૉ કેવળ બિનજરૂરી હતો, જરૂરી હોય તો પણ તે યોગ્ય કરતાં વધારે મુદત લંબાવવામાં આવ્યો હતો, અને તેનો અમલ નિર્દય અને રાક્ષસી રીતે થયો હતો; અને માર્શલ લૉ કમિશન અથવા સમરી અથવા એરિયા ઑફિસરની કોર્ટ કહેવાતી કોર્ટો દ્વારા પણ અકથનીય અન્યાય કરવામાં આવ્યો હતો.

## ૪. કસુર

લાહોર જિલ્લામાં લાહોરથી ૪૦ માઈલ દૂર આવેલું કસુર એક અગત્યનો કસબો છે. મુખ્ય રેલરસ્તા ઉપર એ એક અગત્યનું સ્ટેશન છે અને ૨૪,૦૦૦ની વસ્તીવાળું હોઈ એ એક સારું જેવું વેપારનું મથક છે. ૬ઠ્ઠી એપ્રિલે કસુરમાં બિલકુલ હડતાળ પડી ન હતી. ૧૦મીએ કશું બન્યું ન હતું, પણ ૧૧મીએ શ્રીયુત ગાંધીના પકડાવાની અને ડૉ. કિચલુ અને સત્યપાલના હદપાર થવાની ખબર કસુરમાં સવારના પહોરમાં પહોંચી ગઈ હતી. એટલે દિવસના થોડા કલાક હડતાળ પડી, અને સાંજે જાહેર સભા થઈ. ભાષણો એવાં તો અપવાદ ન લેવા જેવાં હતાં કે કસુરના આગેવાન વકીલોને એ ભાષણો માટે કોર્ટે ચઢાવવાની ભારે ઉમેદ છતાં તેમનાં ભાષણોમાં સરકારને ગુનાભરેલું કશું જણાયું નહીં. અમે જાણીએ છીએ કે સબ ડિવિઝનલ ઑફિસર મિ. માર્સ્ડને ભાષણો વિષેની બાબત ઉપર ખૂબ ભાર મૂક્યો હતો. અને હંટર કમિટી આગળની પોતાની જુબાનીમાં તેણે એમ કહેલું કે વકીલોએ, પોતાની નિરંકુશ વાતચીતોથી અને રૉલેટ ઍક્ટ બરોબર ન સમજાવીને અશાંતિનું વાતાવરણ ઉત્પન્ન કર્યું હતું. વાતચીત દરમ્યાન કોઈ પણ માણસે રૉલેટ ઍક્ટ વિષે ગેરસમજૂતી કરી હતી કે નહીં તેની અમને ખબર નથી. ધારાસભાના અથવા અમલ બજાવણી કરનાર અધિકારી વર્ગના લોકોને અળખામણાં થઈ પડેલાં કૃત્યો વિષે થોડીઘણી અત્યુક્તિ અને થોડીઘણી ગેરસમજૂતી, દુર્ભાગ્યે, કોઈ પણ સમાજમાં થયા વિના રહેતી નથી; પછી તે સમાજ ભલે ને ગમે તેટલો સુવ્યવસ્થિત અને સંસ્કૃતિ-સંપન્ન હોય. પણ અમે માનીએ છીએ કે કસુરના વકીલોએ ઍક્ટનાં દુષ્પરિણામો વિષે કાંઈ પણ અતિશયપડતી ખબર ફેલાવી ન હતી. ઍક્ટના વિવેચન દરમ્યાન અમે બતાવી ગયા છીએ કે એનાં દુષ્પરિણામો એવાં ભયંકર છે કે તે છે તેના કરતાં વધારે ભયંકર ભાગ્યે જ બતાવી શકાય; કારણ એ ઍક્ટ જ્યાં લાગુ પાડી શકાય ત્યાં તે મનસ્વીપણાનું સામ્રાજ્ય કાયમ કરી આપે છે.

૧૨મી એપ્રિલે તો સંપૂર્ણ હડતાળ પડી. ૧૧મીએ લોકોનો જે મિજાજ હતો તેના કરતાં આજે જુદો જ હતો. હંટર કમિટી આગળ એક સાક્ષીએ આપેલી જુબાની અમે માનીએ છીએ, તે પરથી લાગે છે કે કેટલાક લોકોએ અમૃતસરથી આવીને ત્યાંના બનાવોનો અતિશયતાભરેલો ચિતાર આપ્યો હતો, અને કસુરના તોફાન કરવાને પ્રેરી શકાય એવા, અથવા બદમાશ લોકોનાં

Gandhi Heritage Portal

મન ઉશ્કેર્યાં હતાં. પરવારતાઓ અને વચલા વર્ગના લોકો ભેગા થયા, સ્ટેશને ગયા, અને તેને સળગાવવા માંડયું. ટોળાની ધારણા વિષે સાંભળી સ્ટેશન ઉપર દોડી ગયેલા આગેવાનોએ બત્તીના ઓરડામાં લગાડેલી આગ સહેલાઈથી હોલવી નાખી. અહીં વળ્યું નહીં એટલે ટોળું સિગ્નલ સ્ટેશને ગયું. ત્યાં એક ટ્રેન તે જ વખતે આવીને ઊભી હતી. ટોળાએ ઈરેટેડ વૉટરની બાટલીઓવાળો ડબ્બો ખાલી કર્યો, અને કેટલાક યુરોપિયનોને જોઈને તેમના ઉપર નામોશીભરેલો હુમલો કર્યો. પણ આમાં પણ ટોળાનો પ્રયત્ન નિષ્ફળ ગયો, કારણ બરોબર તકે મિ. ગુલામ મોહીઉદ્દીન નામના કસુરના એક પ્રસિદ્ધ વકીલ અને તેમના મિત્રો આવી પહોંચ્યા. અને તેઓ મિ. અને મિસિસ શેરબોર્ન અને તેમનાં છોકરાંને એક સુરક્ષિત સ્થળે લઈ ગયા. ટ્રેન આગળ ચાલી. તેમાં બે કીમતી જીવો હતા — બે અંગ્રેજ સોલ્જરો. ટ્રેન સ્ટેશને પહોંચતાં જ પેલા સોલ્જરોને લાગ્યું કે નાસી જવાથી જ બચી જવાય એમ છે. તેઓ ટ્રેનમાંથી ઊતર્યા અને શોરબકોર કરતા ટોળા ઉપર કેવળ પોતાના બચાવની ખાતર જ ગોળીબાર કર્યા. પણ ગોળીબારની ટોળા ઉપર કાંઈ જ અસર થઈ નહીં, સિવાય કે તેમનું ઝનૂન ઊલટું વધી ગયું, અને આ બે નિર્દોષ અંગ્રેજોને નિર્દય રીતે માર મારી તેણે તેમના પ્રાણ લીધા. પંજાબમાં જે અત્યાચારો થયા, તેમાં કદાચ નિર્દોષ સોલ્જરોનાં આ નિષ્કારણ ખૂન જેવો પાશવી, ઘાતકી અને હિચકારો અત્યાચાર ભાગ્યે જ બીજો કોઈ થયો હશે. અમૃતસરમાંના ટોળાનું વર્તન બચાવ ન કરી શકાય એવું ગણવું જ જોઈએ, છતાં ડૉ. કિચલુ અને સત્યપાલને પકડવાથી અને ગાડીઓના પુલની પાસે ગોળીબાર થવાથી તે ટોળાને ખિજવાટનું બેવડું કારણ મળ્યું હતું, અને તેથી તેમનો ગુનો કાંઈક ઓછો થાય એમ છે. પણ આ અત્યાચારો માટે જેટલો તિરસ્કાર દર્શાવીએ તેટલો ઓછો છે. પોતાના ક્રોધના નિર્દોષ ભોગોના રક્તથી મસ્ત થઈ આ તોફાનીઓ મુલ્કી કચેરીઓ તરફ ઊપડયા અને તેને સળગાવી. આખરે પોલીસને તેમના ઉપર ગોળીબાર કરવાનો હુકમ મળ્યો અને ગોળીબાર થયો એટલે તેઓ વીખરાઈ ગયા. ૪૪૧

દરેક જગ્યાએ તોફાન માત્ર થોડા કલાકમાં શમી ગયાં એ વાત જોવા જેવી છે. કસુરમાં પણ થોડાક કલાકમાં પાછી શાંતિ વ્યાપી રહી. આ બધા બનાવોની તપાસ ઉપરથી અમને જણાયું છે કે ટોળાંઓનાં તોફાન એકાએક જ ફાટી નીકળ્યાં હતાં, કોઈ ઈરાદાપૂર્વક પ્રયોજેલા કાવતરાનાં પરિણામ ન હતાં. અમલદારો કાંઈ પણ મુશ્કેલી વિના ધરપકડ કરી શકયા હતા. મિ. માર્સ્ડનને હિંદી સબ-ડિવિઝનલ ઑફિસરની જગ્યાએ મોકલવામાં આવ્યા; અને ૧૯મી એપ્રિલે માર્શલ લૉ જાહેર થયો.

માર્શલ લૉનો અમલ કર્નલ મેકટેના હાથમાં સોંપવામાં આવ્યો હતો. તેમના પછી કૅપ્ટન ડવટન આવ્યા. કેટલીક બાબતમાં આ અમલદારો પોતાની શોધકશક્તિમાં, બેજવાબદારીમાં અને જેમના સંબંધમાં તેમના હુકમ કાઢવામાં આવ્યા હતા તે લોકોની લાગણી અને ભાવની અવગણનામાં, એમના ભાઈબંધ અમલદારોને પણ ટપી ગયા. લૉર્ડ હંટર કમિટીની આગળ પડેલી જુબાનીમાંથી તેમનાં કાર્યોનો અમે સંક્ષિપ્ત સાર આપીએ છીએ. પહેલી ધરપકડો તા. ૧૯મીએ શરૂ થઈ; ટાઉનહૉલ આગળ જાહેરનામું કાઢીને પરેડ કરાવવામાં આવી, અને માર્શલ લૉનું મંગળાચરણ થયેલું પ્રગટ કરવાને માટે બાબા ધનપતરામ નામના એક વયોવૃદ્ધ અને જૂના પ્રતિષ્ઠિત વકીલને પકડવામાં આવ્યા. તેમની ઉંમર ૬૫ વર્ષની છે. તેમને લાહોર સેન્ટ્રલ જેલમાં ૪૬ દિવસ કેદ રાખવામાં આવ્યા, અને પોતાના પકડાવાનું કશું કારણ જાણ્યા વિના તેમનો ૧લી જૂને છુટકારો થયો. તે જ દિવસે બીજા ૨૧ જણને પકડવામાં આવ્યા, બીજે દિવસે બીજા ૩ જણને

Gandhi Heritage Portal

પકડવામાં આવ્યા. તા. ૧૮મીએ ૪ જણને અને તા. ૧૯મીએ ૪૦ જણને પકડવામાં આવ્યા. બધા મળી ૧૭૨ જણને પકડવામાં આવ્યા. આમાંના ૯૭ જણને તો સુનાવણી થયા વિના છોડી દેવામાં આવ્યા. ૭૫ જણની ઉપર કામ ચાલ્યું. તેમાંના ૫૧ જણ ખરેખર તકસીરવાર ઠર્યા. પકડાયેલા માણસોમાં મોલવી ગુલામ મોહીઉદ્દીન અને મોલવી અબ્દુલ કાદર પણ હતા, જોકે મિ. અને મિસિસ શેરબોર્નને તેમણે જ બચાવ્યાં હતાં, અને બીજી રીતે, ટોળાંઓના અત્યાચારને અંકુશમાં રાખવાને માટે જ પોતાનો વગ વાપર્યો હતો. આ આગેવાનોમાંના ઘણાખરાઓનાં ઘરની કાંઈ પણ કારણ વિના ઝડતી લેવામાં આવી. ૧૯મી મેએ સ્ત્રીઓ અને નાનાં છોકરાંને બાદ રાખી કસુરના તમામ લોકોને, ઓળખી શકાય તે માટે સ્ટેશન ઉપર હાજર રહેવાનો હુકમ કરવામાં આવ્યો. તેમને બધાને બે વાગ્યા સુધી બળતા તાપમાં ઉઘાડે માથે બેસવાની ફરજ પાડવામાં આવી, અને તેમને ખાવાપીવાનું કશું મળ્યું નહીં. લૉર્ડ હંટરની આગળ એક સાક્ષીએ કહ્યું હતું તે પ્રમાણે આમ કર્યાથી પુરાવો ભેગો કરવા માટે તો કાંઈ શુક્રવાર વળે એમ હતું નહીં. અમને કાયદાનો અને પુરાવો ભેગો કરવાની અને તોળી જોવાની રીતનો કાંઈક અનુભવ છે એટલે અમે નિ:સંકોચ કહી શકીએ છીએ કે આવી રીતે પરેડ કરાવવાથી ખરી ઓળખાણ સાબિત કરી આપવાનું બનવું અશક્ય છે, અને આવી રીતે મેળવવામાં આવેલી ઓળખાણની સાબિતીની કાંઈ પણ કિંમત આંકી શકાય એમ નથી. અમને સંદેહ છે કે આ કહેવાતી પરેડ આખા શહેરનું અપમાન કરવાને અને ત્રાસ વર્તાવવાને માટે જ કરવામાં આવી હતી. કારણ લોકો ભેગા થયા એટલે ઝડતીમાં ટુકડીઓ ખાસ તપાસ કરવા માટે મોકલવામાં આવી હતી કે કોઈ ગેરહાજર તો નથી રહ્યું! આ ટુકડીઓને જોઈને બિચારી અરક્ષિત સ્ત્રીઓની શી દશા થઈ હશે તેની કલ્પના કરવી મુશ્કેલ નથી.

કસુરમાં જે સુનાવણીઓ થઈ તે દરમ્યાન ૪૦ માણસોને ફટકાની સજા થઈ હતી. કુલ ૭૧૦ ફટકા મારવામાં આવ્યા હતા. સ્ટેશન પ્લૅટફૉર્મ ઉપર ફટકા મારવાનો થાંભલો ઊભો કરવામાં આવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓને પણ ફટકાની સજા થઈ હતી. એમ ધારવામાં આવે છે કે એક શાળાના મુખ્યાધ્યાપકે એવો રિપોર્ટ કર્યો કે "મારા વિદ્યાર્થીઓ બેકાયદા થતા જાય છે, માટે લશ્કરી મદદ મળે તો સારું." એટલે કમાન્ડિંગ ઑફિસરે સૂચના કરી કે કેટલાક છોકરાઓને ફટકા મારવા. આ ઉપરથી આ અને બીજી એક શાળાના છોકરાઓને ભેગા થવાનો હુકમ થયો. મુખ્યાધ્યાપકને ૬ છોકરાઓ ચૂંટી કાઢવાનું કહેવામાં આવ્યું. તેણે ખાસ ઊંચી વર્ણના નહીં એવા વિદ્યાર્થીઓ પસંદ તો કર્યા, પણ તેઓ શરીરે અશક્ત હતા. આથી કમાન્ડિંગ ઑફિસરે એ છોકરાઓને નાપસંદ કર્યા અને મિ. માર્સ્ડનને બીજા છોકરાઓ ચૂંટી કાઢવાનું કહ્યું. આ ઉપરથી ફરિયાદી શાળા અને બીજી શાળામાંના છોકરાઓમાંથી બીજી એક ચૂંટણી કરવામાં આવી, અને તેનું ધોરણ બીજું કાંઈ જ નહીં પણ એ હતું કે સજા ખમવાને સશક્ત હોય તેવાને ચૂંટી કાઢવા. એ લોકોને બીજા છોકરાઓની હાજરીમાં સ્ટેશનના દાખલ થવાના દરવાજા આગળ ફટકા લગાવવામાં આવ્યા. લૉર્ડ હંટરે, આનો હેતુ શો હતો એવો પ્રશ્ન પૂછયો, તેના ઉત્તરમાં મિ. માર્સ્ડને એમ જણાવ્યું હતું કે કાંઈ ખાસ હેતુ ન હતો. અહીં ધ્યાનમાં રાખવા જેવું છે કે કોઈ પણ માર્શલ લૉ ગુનાનો અહીં ભંગ થયો ન હતો. કાંઈ તપાસ થઈ ન હતી કે નહોતી થઈ કાંઈ સુનાવણી. આ તો સત્તાનો ગેરકાયદેસર અને મનસ્વી ઉપયોગ હતો. એક પ્રસંગે ફટકાની સજા થતી જોવાને વેશ્યાઓને હાજર રાખવામાં આવી હતી તે પણ કસુરમાં જ. (જુઓ તેમની સામટી જુબાની નં. ૨૭૯બ)

Gandhi Heritage Portal

બે માણસોને તો સંત્રીઓએ ગોળીબાર પણ કર્યા હતા. આમાંનો એક મૂંગો માલૂમ પડ્યો હતો. બંને જણને જાણીજોઈને અને મનસ્વી રીતે ગોળીથી ઉડાવી દેવામાં આવ્યા હતા. અમે ધારીએ છીએ કે પ્રત્યેક હિંદીની જિંદગી પવિત્ર છે એમ સ્વીકારવામાં આવ્યું હોત અને ઉપલા અધિકારીઓમાં ન્યાયવૃત્તિનું પ્રાધાન્ય હોત, તો સંત્રીઓએ દેખીતી રીતે મનફાવ્યું તેમ ગોળી ચલાવી તે ન બનત.

તરંગી સજાઓ જ્યાં અતિશય સામાન્ય થઈ પડી હતી તે જગ્યા કસુર. મિ. માર્સ્ડને કહ્યું હતું કે, "વાત એમ હતી કે કૅપ્ટન ડવટનને સુનાવણી ચલાવીને સજા આપવાની ભાંજગડમાં ઊતરવાનું ગમતું ન હતું." તેને તો બધું કામ "સમરી રીતે" (સપાટાબંધ) લેવું હતું. આ તરંગી અમલદારે કરેલી અનેક સજાઓની કાંઈ નોંધ હશે એવી આશા રાખવી જ વ્યર્થ છે. તે તો "લોકોને અમુક વખતમાં નિસરણી ચડઊતર કરાવતો." સજા બદલવા માટે તેણે કેટલાક સાધુઓને ચૂને ધોળાવ્યા હતા. કૅપ્ટન ડવટન આ વસ્તુ ઇરાદાપૂર્વક થઈ હોવા બાબત ના પાડે છે. તે કહે છે કે તેમને ચૂનો ખાલી કરવાનું કહેવામાં આવ્યું હતું, અને તેમ કરતાં તેઓને શરીરે ચૂનો લાગેલો. આ ખુલાસો અમે છાંટાભાર માનતા નથી અને આ ધોળાવવાનું કાર્ય જેમણે નજરે જોઈને વર્ણવ્યું છે તેમની સાક્ષી અમે માનીએ છીએ. સજાનો એક પ્રકાર કહેવાતા કસૂર કરનારાઓ પાસે સ્ટેશનની વખારમાં ભારે ગાંસડીઓ ઉપડાવવાનો હતો. દરેક ગોરાને સલામ કરતાં જે લોકો ચૂકતા તેમને જો ફટકાની સજા ન થતી તો તેમને જમીન પર નાક ઘસવાની ફરજ પાડવામાં આવતી. કૅપ્ટન ડવટન અને મિ. માર્સ્ડને કહ્યું હતું કે લોકોને માર્શલ લૉ ગમી ગયો હતો અને આ સજાથી ત્રાસી જવાને કે અપમાનિત થવાને બદલે તેઓને તો રમૂજ પડતી. કૅપ્ટન ડવટને તો લોકોની પાસે માનપત્ર પણ મેળવી લીધું હતું, અને ખરે જ સજા તરીકે એક મુસલમાનને પોતાની સ્તુતિમાં કવિતા બનાવવાની પણ ફરજ પાડી હતી. "સ્કીપિંગ"ની સજા પણ તેમણે કરી હતી—આ સજા જેને કરવામાં આવતી તેમને એકે સાસે ૨૦ વખત દોરડા ઉપર કૂદવું પડતું. તે કહે છે કે ઓછામાં ઓછા ૨૦ માણસોને આ પ્રમાણે સજા થઈ હતી.

મિ. માર્સ્ડને વકીલોએ કરેલી અત્યુક્તિઓની ફરિયાદ કરી છે. તેમાંની એક અત્યુક્તિ આ છે: એક હિંદુ વકીલે લોકોને એમ કહ્યાનું સાંભળવામાં આવ્યું હતું કે "લોકો સરકારની દૃષ્ટિએ હથિયાર વિનાના પશુ જેવા હતા." અમે ઉપર જે સજાઓ વર્ણવી છે તે, અને લોકોની લાગણીઓની જે ઉપેક્ષા કરવામાં આવતી તે જરૂર આ આરોપ સાબિત કરે છે. કૅપ્ટન ડવટન પોતાના રિપોર્ટમાં કહે છે કે, આ લોકો તો "ખુશીથી ગુલામ" બન્યા હતા. સર ચિમનલાલ સેતલવાડે તેને આ શબ્દનો અર્થ પૂછ્યો એટલે તેણે કહ્યું, "તમે કહો તે પ્રમાણે કામ કરવાને ખુશી હોય એવા." આ અમલદારે દીવાની મુકદ્દમાઓ ચલાવ્યા, અને તેમાં સજાઓ કરવાના હુકમ કર્યા. એક મંદિરની જમીનના ભાડા સંબંધે એક મુકદ્દમાનો પણ તેણે આ જ રીતે નિકાલ કર્યો. પોતાને જે તોફાની અથવા બેકાયદા લોકો લાગતા તેને તેણે સજા કરી હતી, અને તેણે કહ્યું હતું કે માર્શલ લૉમાં ઠરાવેલી શિક્ષાની બહાર જઈને તેણે શિક્ષા કરી હતી; કારણ માર્શલ લૉ મુજબ ઠરાવેલી શિક્ષા "કેવળ હઠીલા અથવા છડેચોક બેકાયદા" હોય તેવા માટે યોગ્ય ન હતી. સાહેબજાદા સુલતાન અહમદે[1] તેને પૂછ્યું કે, "આમ કરવામાં શું તમે જનરલ બેન્યનની સૂચનાની બહાર

૧. બાર-ઍટ-લૉ; ગ્વાલિયર રાજ્યના મેમ્બર ફૉર અપીલ્સ; હંટર કમિટીના ત્રણ હિંદી સભ્યોમાંના એક.

Gandhi Heritage Portal

નહોતા જતા?" કૅપ્ટન ડવટને ઉત્તર આપ્યો કે તેના ધારવા પ્રમાણે તેને એ બધું કરવાની મુનસફી હતી. પોતે બોલાવ્યા હોય છતાં ન આવ્યા હોય તેવાઓને પકડવાને માટે તે ટોળીઓ મોકલતો. અને આ ધરપકડ કરવાનો અર્થ એ થતો કે આ લોકોની માલમિલકત બાળવી. તેને પૂછવામાં આવ્યું કે "તમને કોઈ માર્શલ લૉ હુકમ મુજબ આમ કરવાને કારણ હતું એમ તમે માનો છો?" તેણે ઉત્તર આપ્યો, "હા, હું માનું છું." અને આ પ્રમાણે અનેક ગરીબગુરબાંઓનો સામાન વૉરંટ વિના ભસ્મ કરી દેવામાં આવ્યો.

કેદીઓની સુનાવણી શરૂ કરતાં પહેલાં ન્યાયાધીશો ફાંસીની સજા કરે તેને માટે અગાઉથી એક જાહેર જગામાં ફાંસી ગોઠવવામાં આવી હતી. આ ફાંસી તોફાનની બને તેટલી નજીક ઊભી કરવામાં આવી હતી. તપાસ દરમ્યાન સાક્ષી પાસે એમ કઢાવવામાં આવ્યું હતું કે સર માઇકલ ઓડવાયરના હુકમ મુજબ આમ કરવામાં આવ્યું હતું, પણ ફાંસીના હુકમનો અમલ થાય તે પહેલાં તો જાહેર ફાંસી દેવાને નામંજૂરી મળી. (કારણ કદાચ એ હોય કે હિંદી વર્તમાનપત્રોમાં પ્રજાની રાખવી જોઈતી માઝા ઉપર કરવા ધારેલા આ અત્યાચાર વિરુદ્ધ ભારે ચળવળ ચાલી રહી હતી). આ ફાંસી ઉપરથી એક ગંભીર વિચાર ઉપસ્થિત થાય છે. માર્શલ લૉ પ્રમાણે કામ ચાલ્યાને અંતે આખા પંજાબમાં ૧૮ શખસોને ફાંસી દેવામાં આવી હતી, અને આખા દેશમાં જો જબરદસ્ત ચળવળ ચાલી રહી ન હોત, અને મા. પંડિત મોતીલાલ નેહરુએ દૃઢતાથી અને ઉદારતાથી આ બાબતમાં વખતસર વચ્ચે પડી સેક્રેટરી ઑફ સ્ટેટની સાથે તારવ્યવહાર ચલાવી અપીલનો નિકાલ થાય ત્યાં સુધી ફાંસીની સજા મોકૂફ રાખવાની માગણી ન કરી હોત, તો બીજા ઘણાયે જણને ફાંસીને લાકડે લટકાવવામાં આવ્યા હોત. સુભાગ્યે સેક્રેટરી ઑફ સ્ટેટ આ બાબતમાં વચ્ચે પડયા અને ફાંસીની સજાઓનો અમલ કરવાનું બંધ રાખવાનો વાઇસરૉયને હુકમ કર્યો. અહીં અમારો ઊંડો ખેદ બતાવ્યા વિના અમારાથી રહેવાતું નથી કે વાઇસરૉયે પોતાની મરજીથી તો આ સજાઓ ન જ અટકાવી. માર્શલ લૉ સુનાવણીઓ જે ઢંગધડા વિનાની રીતે ચલાવવામાં આવતી તેથી અમારા ખેદમાં ભારે દુ:ખ ઉમેરાય છે. અમને મજબૂત શક છે કે જેમને ફાંસી થઈ હતી અને જેના ઉપર ફાંસીની સજા હજી ઝઝૂમી રહી છે, તેમાંના ઘણા નિર્દોષ હતા, અથવા નિર્દોષ છે.

ખરી હકીકતની ખસૂસ અવગણના કરવામાં, અને તે જ વૃત્તિને ઉદ્ધતાઈથી વળગી રહેવામાં કર્નલ મૅકરીની સરસાઈ તેના ભાઈબંધ અમલદારોએ કરી હોય તો ભલે, પણ કોઈ કર્નલ મૅકરીથી ચઢી ગયો તો નથી જ. હંટર કમિટી આગળની પોતાની જુબાનીમાં તેણે કહ્યું હતું કે, "આ શહેર ઘણાં વર્ષોથી રાજદ્રોહને માટે પ્રખ્યાત છે," પોતે એમ તો કબૂલ કર્યું હતું કે, કસુર અગાઉ તેણે કદી જોયું ન હતું. આથી સર ચિમનલાલે સવાલ કર્યો, "આ વચનને માટે તમારી પાસે શો આધાર છે?"

જ. — એ તો બધું સાંભળેલું તે સ્તો.

સ. — તમને પોતાને કાંઈ એ બાબતમાં જાતમાહિતી નથી?

જ. — ના.

સ. — તમને કોણે કહ્યું કે આ જગ્યા ઘણાં વર્ષ થયાં રાજદ્રોહ માટે પ્રસિદ્ધ હતી?

જ. — હું એ પ્રશ્નનો જવાબ આપવા ઇચ્છતો નથી.

સ. — સરકારને રજૂ કરેલા એક જવાબદાર પત્રમાં તમે આ વચન કાઢયું છે, તેથી હું જાણવા માગું છું કે એ તમે શા આધારે કાઢયું છે?

Gandhi Heritage Portal

જ.—મેં એમ લખ્યું છે તેમાં હું કાંઈ વધારો કરવા માગતો નથી.

સ.—હા, એ તો તમે લખ્યું છે તેમ જ ભલે રહેવા દો, પણ હું તો તમારા વચનનાં કારણો જાણવા માગું છું. આ પ્રશ્ન મારે પૂછવો પડે છે કારણ તમારા પહેલાં કેટલાક અમલદારો એમ કહી ગયા છે, કે કસુરમાં ૧૦મી એપ્રિલ પહેલાં કશીયે રાજકીય ચળવળ ન હતી અને રાજકીય કાંઈ કામ થયું ન હતું. તમે તમારી જુબાનીમાં જણાવો છો, કે આ જગ્યા ઘણાં વર્ષ થયાં રાજદ્રોહ માટે જાણીતી છે એ વાતથી મને આશ્ચર્ય થાય છે. આ વચનને તમે હજી વળગી રહો છો?

જ.—આ પ્રશ્નનો જવાબ હું આપવા માગતો નથી.

* * *

સ.—આ પછી તમે એમ લખ્યું છે કે, "આ શહેરમાં સરકારની વિરુદ્ધ લાગણીવાળા વકીલોનો વાસો છે." આ પણ સાંભળેલું જ ના?

જ.—હા.

સ.—અને પેલા આગલા વચનની માફક એને પણ કશો આધાર નથી?

જ.—હા.

સ.—માર્શલ લૉના અમલ કરનાર અધિકારી તરીકે તમને ખબર છે ખરી, કે કેટલાક વકીલોએ તા. ૧૨મી અને તે પછીના દિવસોએ, કાયદો અને બંદોબસ્ત જાળવવા માટે અધિકારીઓને મદદ કરી હતી, અને એક જણ તો મિ. શેરબૉર્નને બચાવવામાં ચોખ્ખો ભાગ લેતો દેખાતો હતો.

જ.—હા.

સ.—મેં કહ્યું તે પ્રમાણે ઘણા વકીલોએ મદદ કરી છે એમ જાણતાં છતાં, તમે તમારા કહેવાને વળગી રહો છો કે વકીલોને સરકારની વિરુદ્ધ લાગણી ધરાવનારા તરીકે સૌ કોઈ જાણે છે?

જ.—હું એને વળગી રહું છું, અને સાથે કહું છું કે એ સાંભળેલું જ છે.

સ.—હજી તમે એને વળગી રહો છો?

જ.—તમે કહો છો તે બધી હકીકત સાચી છે એમ હું કબૂલ કરું છું.

સ.—જો એ સાચી હોય તોપણ તમે તમારાં બધાંને લાગુ પડતાં વચનને વળગી રહો છો, કે તેમાં કાંઈ ફેરફાર કરવા તૈયાર છો?

જ.—હું તમને સામું પૂછું છું કે બધાય વકીલોએ સઘળાં (તોફાન) અટકાવવાનો પ્રયત્ન કર્યો હતો કે?

સ.—અહીંયાં કાંઈ હું તમારા સવાલનો જવાબ આપવા બેઠો નથી.

જ.—વારુ, ત્યારે હું તમારાનો જવાબ આપવા માગતો નથી.

કર્નલ મૅકરીએ એમ પણ કહ્યું હતું કે કસુરના વેપારીઓ અમૃતસરના વેપારીઓ સાથે હડતાળમાં ન જોડાયા હોવાથી તેમની હૂંડીઓ અમૃતસરના વેપારીઓએ સ્વીકારી ન હતી. આ વિષે પણ કર્નલ મૅકરીએ જણાવ્યું કે એ પણ સાંભળેલી વાત હતી, "અને એના બચાવમાં કાંઈ પુરાવો ન હતો." આ અમલદારે હુકમ કર્યો હતો કે માર્શલ લૉની જાહેરખબરો જાણીતા ચળવળિયાઓના ઘર ઉપર ચોડવી. સર ચિમનલાલે તેને "એજીટેટર્સ" (ચળવળિયા) સંજ્ઞાનો અર્થ પૂછ્યો. જવાબ આ મળ્યો : "હું ધારું છું કે એ સારું અંગ્રેજી છે."

Gandhi Heritage Portal

સ. — પણ તમે એ શબ્દનો અર્થ શો કરો છો?

જ. — મેં મારી જુબાનીમાં લખ્યું છે તે કરતાં બીજો જવાબ હું આપવા નથી માગતો.

આ નિર્માલ્ય સંવાદ કેટલોક વધારે વખત ચાલ્યો. આ અમલદારે પોતાને બજાવવાની ઘણી જવાબદારીભરેલી ફરજ શી રીતે બજાવી અને તેનાં કયાં કૃત્યો માટે સરકારે અગાઉથી તેને અભયદાન દીધું છે તે બતાવવા માટે ઉપરના ઉતારા અમે આપ્યા છે.

આ અમલદારે એવા હુકમ કાઢયા હતા કે જે લોકોની દીવાલ પર ચોંટાડેલા જાહેરનામાને બગાડવામાં આવશે, તેમની સામે સાટું વાળવા માટે તેમના માલ કબજે લેવામાં આવશે. તેને પૂછયું કે "હુકમ લેખી હતા કે મોઢેના?" તે પ્રશ્ન ઉડાવી તેણે ઉત્તર આપ્યો, "તે લેખી હોય કે મોઢેના હોય, ગમે તેવા હોય તેમાં થઈ શું ગયું?" આ બેમાંથી વધારે ગુસ્સો ઉત્પન્ન કરે એવું શું છે — જવાબની ઉદ્ધતાઈ કે હુકમની નિર્દયતા — એ કહેવું કઠણ છે. અમે "નિર્દયતા" શબ્દ વાપર્યો છે, કારણ (સાક્ષીએ જવાબ આપ્યા પ્રમાણે) માલ કબજે કરવાની સજા તો "જાહેરખબર બીજા કોઈ માણસે બગાડી હોય તોપણ" કરવાની હતી જ; અને જ્યારે તેને પૂછવામાં આવ્યું કે "આ હુકમ વાજબી હતો એમ તમે માનો છો?" ત્યારે તેણે જવાબ આપ્યો, "હા એ હુકમ વાજબી હતો, અને હું હજી માનું છું કે એ વાજબી જ હતો."

સ. — નિશાળના છોકરાઓના સંબંધમાં તમે એવા હુકમ કર્યા હતા કે ફટકાની સજા માટે મોટામાં મોટા છોકરા પસંદ કરવા?

જ. — હા, સામાન્ય રીતે.

સ. — ત્યારે તેઓ મોટા હતા તે જ તેમનું કમનસીબ, કેમ?

જ. — હાસ્તો.

સ. — તેઓ મોટા હતા માટે તેઓને ફટકા ખાવા પડયા હતા?

જ. — હા.

સ. — તમે માનો છો કે આમ કરવું વાજબી હતું?

જ. — હા, તે સંજોગોમાં એમ કરવું વાજબી હતું, અને હજી પણ હું એમ જ માનું છું.

આ બે અમલદારોએ આપેલા જવાબોમાંથી માત્ર કેટલાક જ નમૂનાઓ અમે લીધા છે. ખરી રીતે તેમના જવાબો ઉદ્ધતાઈ અને બેજવાબદારીના નમૂના તરીકે જોવા જેવા છે. આ અમલદારોને નીમનારા અમલદારોનો આ અમલદારો કરતાં ઓછો વાંક હોય એમ અમને નથી લાગતું. એ અમલદારોને કદાચ ખબર નહીં હોય કે પોતે શું કરતા હતા. પણ જેમણે તેમને પસંદ કર્યા હતા તેમણે તો જાણવું જોઈતું હતું કે, આ અમલદારોને જે જગ્યા ઉપર નીમ્યા હતા તેને માટે તેઓ નાલાયક હતા. બધી વસ્તુસ્થિતિ વિચારી જોતાં અમારો મત એવો થાય છે, કે માર્શલ લૉ દાખલ કરવામાં આવ્યો તે સ્થાનિક સંજોગો માટે તો બિલકુલ બિનજરૂરી હતો અને તેનો અમલ અયોગ્ય રીતે થયો હતો.[૧]

### ૫. પટ્ટી અને ખેમકરણ

આ બંને કસુરથી થોડે છેટે બે નાનાં રેલવે સ્ટેશનો છે. ખેમકરણ આગળ સ્ટેશનનો માલ લૂંટાયો હતો અને તારો કપાયા હતા. મિ. માર્સડને કહ્યું હતું તે પ્રમાણે "આ તો નજીવી વાત

૧. ઘણું કરીને ૧૯૧૯ના ઇન્ડેમ્નિટી ઍક્ટનો આ ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

હતી અને દેખીતી રીતે—નીચ વર્ગના લોકો, દુકાનદારો, બદમાશ મજૂરો જેવા લોકોએ જ એ કામ કર્યું હતું.'' અને પટ્ટીમાં તો મિ. માર્સ્ડને કહ્યું હતું તેમ ગામના મુખ્ય મુખ્ય રહેવાસીઓએ અમલદારો અને પોલીસને મદદ આપી હતી, અને બધું શાંત હતું. છતાં આ બે ગામોમાં પણ માર્શલ લૉની અસર પુરજોશમાં જણાઈ હતી.[1]

## ૬. ગુજરાનવાલા

ગુજરાનવાલા જિલ્લો ઘણી રીતે પંજાબમાં એક બહુ અગત્યનો જિલ્લો છે, અને ગુજરાનવાલા તળ જોકે ૩૦,૦૦૦ની વસ્તીનો નાનો કસબો છે, તોપણ મહારાજા રણજિતસિંહની જન્મભૂમિ તરીકે અતિશય પ્રખ્યાત છે. વળી મુખ્ય રેલરસ્તા ઉપર લાહોરથી માત્ર ૪૨ માઈલને અંતરે હોઈ, એ અગત્યનું રેલવે સ્ટેશન છે. આ જિલ્લામાં ગુજરાનવાલા ઉપરાંત જે જગ્યાઓ અમારી તપાસમાં આવી છે તે આ છે: વઝીરાબાદ, નિઝામાબાદ, અકાલગઢ, રામનગર, હાફિઝાબાદ, સાંગલા હિલ, મોમન, ધબનસિંહ મણિયાનવાલા, નવાન પિંડ, ચુહારખાના અને શેખુપુરા. ગયા નવેમ્બરની ૧લી તારીખે ગુજરાનવાલાના વિભાગ પાડી બે જિલ્લા કરવામાં આવ્યા હતા. જે ભાગ જુદો પાડવામાં આવ્યો હતો તેનું શેખુપુરા જિલ્લો નામ આપવામાં આવ્યું હતું. આ રિપોર્ટને માટે તો મૂળ જિલ્લો એક જ અમલદારની હકૂમત નીચેનો એક આખો જિલ્લો હોય એમ ગણવામાં આવ્યું છે.

૧૩મી એપ્રિલ સુધી અથવા તો ખરું કહીએ તો ૧૪મી એપ્રિલ સુધી અશાંતિનાં કાંઈ ચિહ્‌ન ન હતાં એમ તો સૌ કોઈ સ્વીકારે છે. આ વાત એટલે સુધી સાચી છે કે કર્નલ ઓબ્રાયનની[2] ત્યાંથી તા. ૧૨મીએ સામાન્ય રીતે અંબાલા બદલી કરવામાં આવી હતી, અને તેને તેના મિત્રો અને સ્તુતિ કરનારાઓ તરફથી ગુજરાનવાલામાં માનપત્ર પણ આપવામાં આવ્યું હતું. હંટર કમિટીએ પૂછેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેણે કહ્યું હતું કે, તેણે અથવા અધિકારીઓએ એમ જાણ્યું હોત કે કાંઈ તોફાનનો અગ્નિ ધૂંધવાઈ રહ્યો છે, તો તો તેની બદલી ન કરતાં તેને ગુજરાનવાલા જ રાખવામાં આવ્યો હોત, અને ખરે જ તોફાન જણાયું કે તરત જ એટલે ૧૪મી તારીખે તેને પાછો ગુજરાનવાલા બોલાવી લેવામાં આવ્યો હતો. ૩૦મી માર્ચે ગુજરાનવાલામાં બધું સૂમસામ હતું, હડતાળે પડી ન હતી. ૪થી એપ્રિલે શ્રીયુત ગાંધીના સંદેશા પ્રમાણે હડતાળ પાડવી કે નહીં, તે બાબત ડિસ્ટ્રિક્ટ કૉંગ્રેસ કમિટીના સભ્યોએ ખાનગીમાં ચર્ચા કરી હતી. તા. ૫મીએ એક મોટી જાહેર સભા કરવામાં આવી હતી, અને ત્યાં રૉલેટ ઍક્ટ સંબંધી ૪ નિર્દોષ ઠરાવો, પસાર કરવામાં આવ્યા હતા. આ સભામાં થયેલાં ભાષણો ખસૂસ કરીને બહુ નરમ હતાં. પણ કર્નલ ઓબ્રાયનને આ સભા વિષે ચિંતા પેઠી હતી. તેણે ગુજરાનવાલાના કેટલાક જાણીતા માણસોને બોલાવી મંગાવ્યા અને તેમને ચેતવણી આપી કે કાંઈ ખળભળાટ થશે તો તેને માટે તેમને જવાબદાર ગણવામાં આવશે; અને તેમને ડેપ્યુટી કમિશનર, અને સુપરિન્ટેન્ડેન્ટ ઑફ્ પોલીસ—જે પણ આ ઉપર જણાવેલી મુલાકાત વખતે હાજર હતો તે—ને, જો ઇચ્છા હોય તો, સભામાં હાજર રહેવાનું કહ્યું હતું. તા. ૬ઠ્ઠી એપ્રિલે સંપૂર્ણ હડતાળ પડી અને આબાલવૃદ્ધ સૌ લોકોએ ઉપવાસ અને પ્રાર્થના કર્યાં. અમારી પાસે પડેલી અનેક જુબાનીઓ

૧. હંટર કમિટી સમક્ષ માર્સ્ડને આપેલી જુબાની અનુસાર પટ્ટીમાં પણ ૩૧ માણસોને સજા થઈ હતી અને તેમાંના ૧૪ને ફટકા મારવાનો હુકમ થયો હતો.

૨. ગુજરાનવાલાના ડેપ્યુટી કમિશનર.

Gandhi Heritage Portal

ઉપરથી એમ સાબિત થાય છે કે અધિકારીઓએ હડતાળ જ નહીં પણ ઉપવાસે અટકાવવા માટે તેમનાથી બને તેટલું તેમણે કર્યું, અને તેમના તરફથી તેમ કરવા માટે દબાણ પણ વાપરવામાં આવ્યું હતું.

તા. ૧૨મી સુધી તો, અમે અગાઉ કહી ગયા તેમ, બધું સૂમસામ હતું. પણ શ્રીયુત ગાંધીના પકડાયાની અને પરહેજ થયાની, તથા ડૉ. સત્યપાલ અને કિચલુના પકડાયાની અને હદપાર થયાની ખબર એકાએક ગુજરાનવાલામાં પણ પહોંચી ગઈ; તેમ જ અમૃતસર અને લાહોરના બનાવોની ખબર પણ પહોંચી. તુરત જ સામાન્ય લોકો તથા આગેવાનો બીજી હડતાળની યોગ્યાયોગ્યતાનો વિચાર કરવા લાગ્યા. આ વખતે ઉપર કહેલી ધરપકડની સામે વિરોધ બતાવવાના અને લાહોર અને અમૃતસરમાં ગોળીબારથી ઘાયલ થયેલા અને મૂએલાની પ્રત્યે દિલસોજી બતાવવાના હેતુથી આગેવાનોએ એક ખાનગી સભા ભરી, અને લાંબી ચર્ચાને અંતે તેઓ એવા અનુમાન ઉપર આવ્યા કહેવાય છે, કે તસતસાટને વખતે હડતાળ પાડવી કદાચ જોખમકારક થઈ પડે એમ માનતાં છતાં લોકોનો ઉત્સાહ અંકુશમાં રાખવાનું તેઓનાથી બનવું અશક્ય છે. એટલે હડતાળ પડે તો હડતાળિયાઓને કામમાં ગૂંથાયેલા રાખવાનો તેમણે પ્રયત્ન કરવો અને ખુલ્લા મેદાનમાં સભા ભરી તેમને રોકેલા રાખવા. અધિકારીઓએ પાછી હડતાળ અટકાવવાના નિષ્ફળ પ્રયત્નો કર્યા, છતાં ૧૪મી તારીખે પણ પાકી હડતાળ પડી.

૧૩મી એપ્રિલ અને પછીના દિવસો વૈશાખી ઉત્સવના દિવસો હોવાથી ગુજરાનવાલામાં ઉત્સવ કરવા માટે ઘણાયે માણસો આવ્યા હતા. આ લોકો કાંઈ દારૂ પીતાં અચકાય એવા તો હોતા જ નથી, અને આ વખતે તો ખાસ પીને ચકચૂર બનેલા હતા, એટલે તા. ૧૪મીએ ગુજરાનવાલામાં ટોળાને બેકાયદા કરનારી સઘળી સામગ્રી તૈયાર હતી: ઉત્સવ હતો એટલે મનનું ફાવ્યું કરવાની વૃત્તિ, મદિરાપાન, સરકારનાં કૃત્યોથી થયેલી ખીજ, બીજે ઠેકાણે થયેલાં તોફાનોનું જ્ઞાન અને પરવાર.

સવારના પહોરમાં એવી વાત ચાલી કે રેલવે સ્ટેશન આગળના એક રેલવેના પુલ ઉપર એક મરેલો વાછરડો લટકાવવામાં આવ્યો છે. આ કાર્ય ગમે તેણે કર્યું હોય, તોપણ કાંઈ જ શંકા નથી કે એ એક અતિશય ગાંડાઈભરેલું પગલું હતું, અને તેથી હિંદુઓની ખરાબમાં ખરાબ વૃત્તિઓ ઉશ્કેરાય એવું હતું. અમારી આગળ ઘણીયે વાતો રજૂ થઈ છે. એક તો એ છે કે પોલીસનું આ કામ હતું. કારણ પોલીસને હિંદુમુસલમાન ઐક્ય પસંદ ન હતું. આ વાતને ગુજરાનવાલાની જુબાનીઓમાં ખીલવવામાં આવી છે. અમલદારો તોફાનીઓને ખોળી શક્યા નથી. એ વિષે તો શંકા નથી કે બંને કોમોની વચ્ચે કુસંપ ચાહનારાઓનું જ આ કૃત્ય હતું. પણ અસર તો ઊલટી જ થઈ. લોકોએ તો માની જ લીધું કે મૂએલો વાછરડો અધિકારીઓએ જ ટંગાવ્યો હતો; અને આમ માની લેવાનું તેમને વધારે કારણ એથી મળ્યું કે કોઈએ એક મસ્જિદ ઉપર ડુક્કરનું માંસ નાખ્યું હતું. આ માન્યતાને લીધે બંને કોમોનો સંપ ગાઢો થયો, એટલે એક ટોળું સ્ટેશનના રેલવે પુલ તરફ ઊપડયું. દરમ્યાન લાહોરથી વઝીરાબાદ જતી એક ગાડી આવી પહોંચી હતી. તેમાં બેઠેલા એક ખાનસામાએ ૧૩મીની કતલની ખબર આપી. આ ગાડીમાં ઉત્સવ કરનારાઓ ભરેલા હતા. ટોળામાંના કેટલાકે ઠરાવ કર્યો હતો કે ગાડીને આગળ ન જવા દેવી. તેઓએ ગાડીની ઉપર પથરા ફેંક્યા હોય એમ પણ જણાય છે. આ પછી તેઓએ ગુરુકુલ પુલને આગ લગાડવા માંડી. પણ પ્રયત્ન જેમ તેમ કરવામાં આવ્યો હતો. અહીં આ ચાલી રહ્યું હતું તેવામાં ગુરુકુલના વડા લાલા રલૈયારામ, શ્રીયુત લાભસિંહ બૅરિસ્ટર-ઍટ-લૉ, મિ. દીન

Gandhi Heritage Portal

મુહમ્મદ વકીલ, અને બીજાઓને ભયની આગાહી થવાથી તેઓ પુલ આગળ જઈ પહોંચ્યા. એક યુરોપિયન અમલદાર અને કેટલાક કૉન્સ્ટેબલો પણ પુલ તરફ જતા હતા. આગ ગુરુકુલના શિક્ષકવર્ગે ઉપર જણાવેલા હિંદી ગૃહસ્થોની મદદથી હોલવી નાખી. એ એક વિચિત્ર વાત છે કે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે તે વખતે એમ કહેલું કે "આગ હોલવવાનું પોલીસનું કામ ન હતું, પણ તેમની ફરજ તો જાહેર મકાન ને માલનું રક્ષણ કરવાની જ હતી." (જુબાની નં. ૨૮૨)

આ પછી ટોળું સ્ટેશનની બીજી બાજુએ આવેલા કચી પુલ તરફ ગયું. અહીં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. હેરન ટોળાને વિખેરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. તેને ગોળીબાર કરવાનું યોગ્ય લાગ્યું અને તેણે તેમ કરીને કેટલાકને માર્યા અને ઘાયલ કર્યા. દરમ્યાન આગેવાનો ટોળાને અંકુશમાં રાખવાનો અને લોકોને શહેરની હદમાં રાખવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. આ જ કારણથી તેઓએ એક સભા ભરી હતી જેનું કામ સરસ રીતે ચાલી રહ્યું હતું, અને કમભાગ્યે એક વિઘ્ન ન આવ્યું હોત તો તે સાંગોપાંગ ઊતરી જાત. ઘાયલ થયેલા લોકોને, અમને લાગે છે કે સભાની દિલસોજી ઉત્પન્ન કરવા માટે, સભામાં લાવવામાં આવ્યા. અને મુરાદ બર પણ આવી. સભા બરખાસ્ત થઈ કે ટોળું વેર લેવાનો ઠરાવ કરીને સ્ટેશન તરફ ઊપડયું. એક પછી એક કીમતી મકાનોનો નાશ કરવામાં આવ્યો—ખ્રિસ્તી દેવળ, પોસ્ટ ઑફિસ, તહસીલ,[1] અદાલત અને રેલવે સ્ટેશન. એમ જણાય છે કે પોલીસ તો ઊભા ઊભા આ બધું જોયા કરતા હતા, અને આ અટકાવવાનો તેમણે કશો પ્રયત્ન કર્યો નહીં. અમારી સમક્ષની જુબાનીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પોલીસે ટોળાને આગ લગાડવાને ઉશ્કેર્યું હતું, અને તેમાં રહેલો પુરાવો આ વાતને બેશક ટેકો આપે છે.

કર્નલ ઓબ્રાયન દોડતા ગુજરાનવાલા આવ્યા. કુલમુખત્યારી મેળવવાને માટે લાહોર તેણે ટેલિફોન કર્યો હતો એમ જણાય છે. સર ચિમનલાલે તેને તેના અધિકારો વિષે પૂછ્યું. તેના ઉત્તરમાં તેણે જણાવ્યું: "તા. ૧૫મીએ ચીફ સેક્રેટરી સાથે મારે વાતચીત થઈ હતી, અને મેં તેમને કહ્યું હતું કે મારે કદાચ અમુક પગલાં લેવાં પડે, અને તે જો હું શુદ્ધ દાનતથી લઉં તો મને આશા છે કે સરકાર તેને પાછળથી કાયદેસર ઠરાવશે." "પણ તે તો માર્શલ લૉ જાહેર થયો તે પહેલાં ને?"—સર ચિમનલાલે સવાલ કર્યો. કર્નલ ઓબ્રાયને જવાબ આપ્યો, "હા." સર ચિમનલાલે વળી પૂછ્યું, "તમે તેને ટેલિફોન કર્યો હતો કે તમારે અમુક પગલાં લેવાં પડશે, અને તમે એમ ઇચ્છ્યું હતું કે તમારાં પગલાં જો શુદ્ધ દાનતથી લેવામાં આવ્યાં હોય તો કાયદેસર ઠરાવવામાં આવે અને તેણે તમને કુલમુખત્યારીનો રુક્કો લખી આપ્યો હતો કેમ?" જવાબ મળ્યો, "હા. તેણે કહ્યું હતું કે તમારી સામાન્ય સમજ પ્રમાણે વર્તશો, એટલે ચાલશે." જો આમાંથી જ "ઇન્ડેમ્નિટી ઍક્ટ" ઉદ્‌ભવ્યો હોય તો અમારે કહેવું જોઈએ કે એ ઉદ્‌ભવ અતિશય લજ્જાભરેલો છે. આ અમલદારે "શુદ્ધ દાનતથી" શાં પગલાં લીધાં તે હમણાં જ આપણે જોઈશું.

અમારી ખાતરી થઈ છે કે કીમતી મકાનો—અને તેમાં પ્રાર્થનાના એક સ્થળ—ના નાશ કરવાનું કૃત્ય તો મનસ્વી અને ગેરવાજબી હતું, અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે ગમે તેટલો ગોળીબાર કર્યો હોય, કે પુલ ઉપર મૂએલા વાછરડાને ટાંગવામાં આવ્યો હોય તેથી આગ લગાડવાના કાર્યનો કશો બચાવ થઈ શકે એમ નથી. ગોળીબારથી અને ખાસ કરીને મૂએલા

૧. તહસીલદાર (મામલતદાર)ની કચેરી.



Gandhi Heritage Portal

વાછરડાને ટાંગવાથી લોકો ખૂબ ઉશ્કેરાયા હતા એમાં શંકા નથી, પણ તેથી કાંઈ અત્યાચારનો બચાવ થાય એમ નથી.

કર્નલ ઓબ્રાયન પાછા આવ્યા ત્યારે (ટોળાનો) ક્રોધ શમી ગયો હતો. તેણે મદદ માગી હતી, તે લાગલી જ ૩ વાગ્યે આવી પડી. આ મદદ તે ઍરોપ્લેનો. તેમાંથી કેવળ નિર્દોષ લોકોની ઉપર બૉમ્બ નાખવામાં આવ્યા. જ્યાં બૉમ્બ નાખવામાં આવ્યા તેવી કોઈ પણ જગ્યાએ કોઈ સભા ચાલતી ન હતી. ખાલસા બોર્ડિંગ હાઉસ ઉપર બૉમ્બ નાખવામાં આવ્યા હતા. એક વિદ્યાર્થી આ દૃશ્યનું આ પ્રમાણે વર્ણન કરે છે:

> અમે બપોર પછી ત્રણ વાગ્યે ઍરોપ્લેનનો અવાજ સાંભળ્યો. સુમારે ૧૦ મિનિટ બોર્ડિંગ હાઉસ ઉપર તેઓ ઊડ્યા કર્યાં. એકાએક કાંઈક અવાજ સંભળાયા. અને એક બૉમ્બ પડ્યો તે અમારા મીઠાઈવાળા ગંડાસિંહને વાગ્યો. તેના એક નાના ટુકડાથી મારા જમણા હાથની આંગળીને ઈજા થઈ. એક છોકરો કેવળ આઘાતથી ધરતી ઉપર પડ્યો. (જુબાની નં. ૨૯૬)

બોર્ડિંગ હાઉસના સુપરિન્ટેન્ડેન્ટે પણ જુબાની આપી છે. તે કહે છે:

> અમારી શાળામાં કદી એકે રાજકીય સભા ભરાઈ ન હતી. અમારે ત્યાં એવી સભા ભરવાની રજા નથી. ૧૪મી એપ્રિલે બોર્ડિંગ હાઉસમાંનો કોઈ પણ વિદ્યાર્થી શહેરમાં ગયો ન હતો. અમારું વિદ્યાર્થીભવન અને શાળા શહેરથી અર્ધોએક માઈલ દૂર હશે, અને સ્ટેશનથી એક માઈલથી વધારે દૂર હશે. (જુબાની નં. ૨૯૭)

હંટર કમિટી આગળ કૅપ્ટન કારબરીએ આપેલી જુબાની પ્રમાણે તેને તો "આવતાં અથવા જતાં ટોળાંઓને વિખેરી નાખવાના હુકમ હતા." ખાલસા બોર્ડિંગ હાઉસની જ વાત કરીએ તો ત્યાં તો કોઈ ટોળું આવતુંજતું ન હતું, કોઈ સભાયે નહોતી ભરાયેલી, અને અમને જણાય છે કે એ મકાન ઉપર બૉમ્બ નાખવાની કશીયે જરૂર નહોતી. કોઈ જિંદગીનું જોખમ ન થયું એ તો કેવળ સારા નસીબે જ.

બૉમ્બો કેવી રીતે નંખાયા અને મશીનગન કેમ છોડવામાં આવી, એનું એ કામો કરનાર અમલદારો પાસેથી વર્ણન લઈએ છીએ. ગોળીબાર શરૂ થયો ત્યારે પોતાના ગામ તરફ નાસતા લોકો ઉપર બૉમ્બ ફેંકવામાં આવ્યા હતા.[1] હંટર કમિટી અને ઍરોપ્લેન અમલદારની વચ્ચે નીચેનો સંવાદ ચાલ્યો હતો:

> સ.— તમે પહેલા બૉમ્બ ફેંકયા અને તેઓએ ગામમાં નાસવા માંડયું?
>
> જ.— હા.
>
> સ.— એટલે ગામનાં ઘરો ઉપર બૉમ્બ ફેંકયા ને?
>
> જ.— હા. હું ધારું છું કે કેટલાક બૉમ્બ ઘરો ઉપર પડેલા ખરા.
>
> સ.— લોકો નાસતા હતા, તેઓ વીખરાઈ ગયા અને કેટલાક ઘરોમાં ભરાયા?
>
> જ.— હા.
>
> સ.— તમે ગામમાં મશીનગન ફોડી. આથી તમે જે લોકોને વિખેરી નાખ્યા હતા એને જ ઈજા નહોતા કરતા, ઘરમાં બેઠેલા બીજા નિર્દોષોને પણ ઈજા કરતા હતા, ખરું?

૧. ઘારજક, ભગવાનપુરા, ધુલ્લા અને આજુબાજુનાં બીજાં ગામો ઉપર મશીનગનોમાંથી ગોળીઓ છોડવામાં આવી હતી અથવા બૉંબ ફેંકવામાં આવ્યા હતા.

Gandhi Heritage Portal

જ.—નિર્દોષ અને સદોષનો ભેદ હું પાડી શકતો નથી. મેં તો જે લોકો નાસી ગયા અને જેઓ નુકસાન કરવા આવેલા હતા એમ ધારતો હતો, તેમને ગોળીએ ઉડાવવાનો પ્રયત્ન કરેલો.

સ.—બૉમ્બ ફેંકવાનું પરિણામ એ આવ્યું કે તેઓ વીખરાઈ ગયા?

જ.—હા.

સ.—તેઓ ગામમાં નાસી છૂટયા હતા?

જ.—હા.

સ.—તમારો હેતુ પાર પડયો ન હતો? ગામમાં વગર વિચારે મશીનગન છોડવાની શી જરૂર હતી?

જ.—મશીનગન વગર વિચારે છોડવામાં નહોતી આવી. નાસતા લોકો ઉપર મેં ગોળી છોડી હતી. મેં કહ્યું કે ટોળું વીખરાઈ ગયું, અને ગામમાં પાછું નાઠું એટલે મેં તેમના ઉપર ગોળી છોડી.

ઍરોપ્લેન અમલદાર કહે છે કે તે ૨૦૦ ફીટ ઊંચે હતો. તે "બરોબર જોઈ શકતો હતો." "ત્યારે એ લોકોના ઉપર મશીનગન ચલાવીને તેમને મારી નાખવાની શી જરૂર રહી હતી?" એ સવાલને તાબડતોબ ઉત્તર મળ્યો: "વધારે નુકસાન કરવા માટે."

સ.—તે ટોળામાંના લોકો વીખરાવા લાગ્યા હતા અને બૉમ્બ પડયા એટલે નાસવા લાગ્યા હતા, છતાં તમે તો જેટલાને વધારે વાગે અથવા જેટલા વધારે મરે તો સારું એવો ઇરાદો રાખ્યો હતો ને?

જ.—હું એ તેઓના હિતમાં જ કરતો હતો. મને એમ પણ લાગ્યું કે જો હું લોકોને મારવાનો પ્રયત્ન કરું તો તેઓ પાછા ભેગા થઈ નુકસાન ન કરે.

"મન પર છાપ" પાડવાના વિચારથી જ ના? સર ચિમનલાલે આગળ ચલાવ્યું. "હાસ્તો, તેમ જ." ઠંડે પેટે એમ જવાબ વળ્યો. પછી આ અમલદારે બીજા ગામમાં મશીનગન ચલાવી. ત્યાં તેણે ગુજરાનવાલાથી પોતાને ગામ પાછા આવતા લોકોના ટોળા ઉપર ગોળી ચલાવી. અમારી સામે પડેલી જુબાની ઉપરથી જણાય છે કે આ અમલદાર વર્ણવે છે તેવું કોઈ ટોળું હતું નહીં. માત્ર લોકોની છૂટીછવાઈ ટોળી હતી અને તેઓ તો તદ્દન નિર્દોષ હતા. એ તો કબૂલ થયેલી વાત છે કે બધાયે તદ્દન નિઃશસ્ત્ર હતા. ગુજરાનવાલાની હિંદી વસ્તી ઉપર ગોળીબાર કરવાનું કારણ એ હતું કે લોકો એ રસ્તાઓ ઉપર ફરે નહીં. "૧૫૦ સામટા બાર" "દેશી શહેરમાં" છોડવામાં આવ્યા હતા, અને આ શબ્દો વાપરી તેનો અર્થ બરોબર સમજાયો છે એમ ખાતરી કરવા માટે સર ચિમનલાલને એ અમલદારે પાછું કહ્યું, "તમારે સમજવું જોઈએ કે ઘરોની ઉપર ગોળી છોડવામાં કાંઈ સાર ન હતો. હું તો દેશીઓના શહેરમાં દેશીઓ ઉપર ગોળી ચલાવતો હતો."

અમારા મત પ્રમાણે ઍરોપ્લેનમાંથી આ બધો ગોળીબાર થયો તે બિલકુલ ગેરવાજબી હતો. ટોળાએ નાશ કરવાનું બંધ કર્યું અને બધા વીખરાઈ ગયા ત્યાર પછી એ ગોળીબાર શરૂ થયો. વળી અમે એમ પણ ધારીએ છીએ કે ગોળીબાર વેરભાવભર્યો નહીં તો અવિચારી તો હતો જ, ગામડાંના લોકોની જિંદગી સોંઘી ગણી કાઢવામાં આવી હતી, અને લોકોના ઉપર ત્રાસ વર્તાવવા માટે જ ગોળીબાર થયો હતો. અમારી આગળ રજૂ થયેલાં પત્રકોમાં દાખલ કરેલી યાદી પ્રમાણે

Gandhi Heritage Portal

૧૨ માણસો માર્યા ગયા હતા, ૨૫ ઘાયલ થયા હતા, અને આટલા ઓછા માણસોને નુકસાન થયું તેમાં કાંઈ અમલદારોનો વાંક ન હતો — બૉમ્બનો વાંક હતો — બૉમ્બ બરોબર ફૂટયા જ નહીં.

૧૪મી તારીખે બૉમ્બ ફોડવાને માટે કાંઈ કારણ ન હતું, તો ૧૫મીએ ઍરોપ્લેન લાવવાનું તેથીયે ઓછું કારણ હતું, કારણ કર્નલ ઓબ્રાયનને તો ત્યાર સુધીમાં, જોઈએ તેના કરતાં વધારે, અથવા જેટલી તેણે માગી હતી તેટલી લશ્કરી મદદ તો મળી જ રહી હતી.

ઍરોપ્લેનમાંથી બૉમ્બ નાખવાની સૂચનાના ઉત્પાદક સર માઈકલ ઓડવાયર હોય એમ લાગે છે. તેઓ હોય કે ન હોય, તેઓએ પોતાની મંજૂરી તો આપી હતી એટલું ચોક્કસ છે. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે પંજાબના લોકો ઍરોપ્લેનમાંથી અથવા બીજી કોઈ પણ રીતે બૉમ્બ ઝીલવાને ટેવાયેલા ન હતા. એટલું કબૂલ કરવું જોઈએ કે ઍરોપ્લેનમાંથી બૉમ્બ નાખવાની જરૂરિયાત સાબિત થાય તો જ, અને કાંઈ જોખમ જણાતું હોય અથવા ઝઝૂમી રહેલું હોય તો જ વાજબી ગણી શકાય. ગુજરાનવાલામાં ઍરોપ્લેન આવ્યાં ત્યારે કાંઈ જોખમ રહ્યું ન હતું, ઍરોપ્લેનની હસ્તી માત્ર બિલકુલ પૂરતા રક્ષણરૂપ હતી. ગુજરાનવાલાની યુરોપિયન વસ્તી કાંઈ જોખમમાં ન હતી. એક પણ યુરોપિયનનો જાન ગયો ન હતો. બૉમ્બ નાખવા માટે લશ્કરી જરૂરિયાત સાબિત કરનાર કાંઈ પણ વસ્તુ સાબિત થઈ નથી. સરકારી જુબાની ઉપરથી જણાય છે કે પ્રતિકાર ન કરનારા લોકો ઉપર અવિચાર્યા બૉમ્બ ફોડવામાં આવ્યા હતા, અને તે પણ એવે વખતે કે જ્યારે જાનમાલને કાંઈ પણ જોખમ ન હતું, અને જ્યારે અમૃતસર અને કસુરના અનુભવે બતાવી આપ્યું હતું કે ટોળાંઓનાં તોફાન એકાએક અને ક્ષણિક ઊભરા તરીકે ફાટી નીકળ્યાં હતાં. તેમાં કાયમપણાનો અંશ ન હતો. તા. ૧૫મીએ બૅરિસ્ટરો, વકીલો અને બીજા આગેવાનોની મનસ્વી ધરપકડ શરૂ થઈ. આમાંના કેટલાએકે પોતાની જિંદગીને જબરે જોખમે ટોળાંઓનો ક્રોધ દબાવવાને મદદ કરી હતી. જનરલ ઓબ્રાયને જાતે જ સાબિત કરી આપ્યું છે કે આ ધરપકડ થઈ તે વખતે તેના બચાવમાં એક તરણા જેટલો પુરાવો પણ ન હતો. ડિફેન્સ ઑફ ઇન્ડિયા ઍક્ટના નિયમોમાંના ૧૨મા નિયમ મુજબ આ ધરપકડ કરવામાં આવી હતી એમ તે કહે છે. આ નિયમથી પાકો વહેમ જેના ઉપર જતો હોય તેવાઓની ધરપકડ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. કર્નલ ઓબ્રાયનના મનમાં તો માત્ર નીચેનો જ નિયમ હોઈ શકે :

> ઈ. સ. ૧૯૧૫ના ડિફેન્સ ઑફ ઇન્ડિયાની એકઠી કરેલી કલમોમાંની ૧૨ક.ક. કલમથી મળેલા અધિકારો મુજબ લેફ્ટનન્ટ ગવર્નર, બધા કમિશનરોને જે કોઈ પણ શખસ વિષે સરકારની સત્તા સામે તે બળવો તૈયાર કરી રહ્યો છે અથવા તે કામમાં મદદ કરી રહ્યો છે એવો વહેમ જાય, તેને વૉરંટ વિના પકડવાનો અધિકાર આપવાને મુખત્યાર છે.

જો તેના મનમાં આ કલમ હોય, તો તે તો ડેપ્યુટી કમિશનર હતા એટલે એ કલમ મુજબ પકડવાનો તેનો કશો અધિકાર ન હતો. વળી જે લોકોએ ડેપ્યુટી કમિશનરની જાણમાં, અથવા તેની પાસે જેટલી ખબર આવી હતી તે પ્રમાણે, કાંઈ પણ ગુનો કર્યો ન હતો, તેમને પકડવા એ તો આ કલમના અર્થને બહુ વિસ્તાર્યો કહેવાય. હંટર કમિટી આગળની જુબાનીમાં કબૂલ કરવામાં આવ્યું હતું, અને અમારી આગળ સારી રીતે સાબિત થયું છે, કે આ આગેવાનોને જ્યાં દીઠા ત્યાં જ પકડયા હતા. તેમાંના કેટલાકને કપડાં અથવા તેમનો ફેંટો પહેરવાની પણ પરવાનગી આપવામાં આવી ન હતી. તેમને બબ્બેને એકેક હાથકડી નાખવામાં આવી હતી, અને તેમાંના આશરે ૨૨ જણને સાથે સાંકળીને શહેરમાં બે માઈલ ચલાવવામાં આવ્યા હતા. તેમની આગળ બે મ્યુનિસિપલ કમિશનરો — એક હિંદુ અને મુસલમાન — ને રાખ્યા હતા અને ખોરાક કે બીજી

Gandhi Heritage Portal

હાજતોની કાંઈ પણ સગવડ વિના ખુલ્લી ગાડીમાં બેસાડી લાહોર લઈ જવામાં આવ્યા હતા. આ કેદીઓમાં ૬૩ વર્ષની ઉંમરના ગુરુકુલના વડા લાલા રેલૈયારામ પણ હતા. તેઓ કહે છે :

> હું ૨૨ કેદીઓની ટોળીમાં હતો, બધાને ભેગા સાંકળવામાં આવ્યા હતા અને બબ્બે વચ્ચે એકેક હાથકડી નાખવામાં આવી હતી. આ સ્થિતિમાં અમને જાહેર રસ્તાઓ ઉપર કૂચ કરાવવામાં આવી હતી, અને દોડાવવામાં આવ્યા હતા. અમને એક ખુલ્લી ગાડીમાં લાહોર લઈ જવામાં આવ્યા. અમારામાંના એકને પેશાબ-પાણી પણ કરવાની સગવડ આપવામાં આવી ન હતી. તે જ્યાં બેઠા હતા ત્યાં જ તે હાજત પૂરી પાડવાનું તેને કહેવામાં આવ્યું હતું, અને અમે લાહોર પહોંચ્યા ત્યારે અમને બધાને એકસામટા કેદીઓની ગાડીમાંથી બહાર કાઢવામાં ન આવે ત્યાં સુધી હું એકલો કાંઈ બહાર નીકળી શકું એમ ન હતું. એટલે મને જોરથી નીચે ખેંચી પાડવામાં આવ્યો અને મને કટિવાતનો વ્યાધિ હોવાથી ખૂબ ઈજા થઈ. (જુબાની નં. ૨૮૨)

કર્નલ ઓબ્રાયનને પૂછવામાં આવ્યું કે "તમે લોકોને કપડાં પહેરવાનો પણ કેમ વખત ન આપ્યો ?" તેનો ઉત્તર એ હતો કે તેને બધાને પકડી લેવાની ઉતાવળ હતી. એટલે એમ પણ પ્રશ્ન કરવો અનુચિત ન થાય કે જ્યારે તેમને ઉતાવળ હતી તો તેમણે આગેવાનોને ગાડીમાં શા માટે સ્ટેશન ઉપર ન મોકલી આપ્યા. અનિવાર્ય અનુમાન એ નીકળે છે કે તેમને તો એક દેખાવ રજૂ કરવો હતો અને લોકોમાં ત્રાસ પેસાડવો હતો. કર્નલ ઓબ્રાયને કહ્યું હતું કે ધરપકડ તો "ભલામાં ભલી વસ્તુ હતી."

૧૯મી તારીખે માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો અને તે મુજબ ગુજરાનવાલાના લોકોને અપમાન, ફટકાની સજા અને બીજી અનેક નામોશીભરેલી સજાને અધીન થવું પડ્યું. લોકોને દુકાન ઉઘાડવાની ફરજ પાડવા માટે નીચેનો જોવા જેવો હુકમ પસાર થયો હતો:

### માર્શલ લૉ કલમ નંબર ૨ મુજબ જાહેરખબર

એપ્રિલ ૧૮, ૧૯૧૯

> અમારા જાણવામાં આવ્યું છે કે કેટલાક ગુજરાનવાલાની મ્યુનિસિપલ હદમાં રહેતા દુકાનદારો, લશ્કરનાં અથવા પોલીસનાં માણસો કાંઈ ચીજ લેવા જાય છે ત્યારે તેમની દુકાન બંધ કરી દે છે, અથવા તો યોગ્ય કિંમતે તેમને ચીજો આપવાની ના પાડે છે; તેથી એવા હુકમો કાઢવામાં આવે છે કે આ જાહેરખબર પ્રસિદ્ધ કર્યા પછી જે દુકાનદારો ઉપર પ્રમાણે કરતા માલૂમ પડશે તેમને પકડવામાં આવશે અને તેઓ ફટકાની સજાને પાત્ર થશે.

(સહી) એફ. ડબ્લ્યુ. બરબરી
લેફ્ટનન્ટ કર્નલ,
ઑફિસર કમાન્ડિંગ ડિસ્ટ્રિક્ટ,
ગુજરાનવાલા

લૉર્ડ હંટરની કમિટીના સભ્યોએ જેની ભારે ચર્ચા કરી હતી અને જે વિષે અમારી સામે પડેલી જુબાનીમાં પણ બહુ ભાર મૂકવામાં આવ્યો હતો, તે સલામ કરવાના હુકમનો અર્થ શો હશે તે નીચેની માર્શલ લૉ નોટિસ ઉપરથી જણાશે :

Gandhi Heritage Portal

### માર્શલ લૉ નોટિસ નં. ૭

અમારા જાણવામાં આવ્યું છે કે ગુજરાનવાલા જિલ્લાના રહેવાસીઓ સામાન્ય રીતે ગૅઝેટેડ કમિશનરોને, અને શહેનશાહના સિવિલ અને મિલિટરી યુરોપિયન અમલદારોને માન આપતા નથી અને તેથી સરકારનો માનમરતબો જળવાતો નથી; માટે અમે હુકમ કરીએ છીએ કે ગુજરાનવાલા જિલ્લાના રહેવાસીઓએ આ માનનીય અમલદારો તેમને જ્યાં મળે ત્યાં, તેઓને હિંદુસ્તાનના મોટા અને ધનવાન માણસોને જેવી રીતે માન આપવામાં આવે છે તેવી રીતે માન આપવું.

જ્યારે કોઈ ઘોડે બેસીને જતો હોય, અથવા કોઈ પણ પૈડાંવાળા વાહનમાં બેસીને જતો હોય, ત્યારે તેણે ઊતરી પડવું. જેણે છત્રી ઓઢી હોય અથવા જેના હાથમાં છત્રી હોય તેમણે તે બંધ કરવી જોઈએ અથવા નીચી કરવી જોઈએ, અને આ સૌ લોકોએ પોતાને જમણે હાથે માનપૂર્વક સલામ કરવી જોઈએ.

(સહી) એલ. ડબ્લ્યુ. વાય. કૅમ્પબેલ,
બ્રિગેડિયર જનરલ,
ઑફિસર કમાન્ડિંગ ડિસ્ટ્રિક્ટ, ગુજરાનવાલા

કર્નલ ઓબ્રાયને આ હુકમનો હિંદુસ્તાનની રૂઢિને કારણે બચાવ કરવાનો પ્રયત્ન કર્યો હતો. રૂઢિથી કે ડહાપણથી આવા ખુલ્લી રીતે અપમાનકારક અને નામોશીભરેલા હુકમનો બચાવ થઈ શકે તેમ નથી. અમારી સામે પડેલા પુરાવા સાબિત કરી આપે છે કે એ હુકમનો અમલ કરવામાં સોલ્જરોને પણ સલામ કરાવવામાં આવતી અને સલામ કરવાની કસૂર થાય તો ફટકાની સજા થતી. "જો કોઈ સલામ ન કરતો તો તેને પીઠ ઉપર બેત્રણ વખત લાકડી મારવામાં આવતી હતી. હવેલીરામ નામના હલદી વેચનારની દુકાનની સામે કોઈ હલદી ખરીદવા આવેલા માણસે ઊભા થઈને સોલ્જરોને સલામ ન કરી તે માટે તેને લાકડી મારવામાં આવી હતી. તે તો બિચારો પોતાની પીઠ રસ્તા તરફ કરીને બેઠો હતો એટલે તેણે સોલ્જરોને જોયા જ ન હતા." (જુબાની નં. ૩૯૦૫ અને જુબાની નં. ૨૯૦, ૨૯૩, ૨૯૮, ૩૦૦ અને ૩૦૧) યુનિયન જૅક વાવટાને સલામ કરવા માટે વિદ્યાર્થીઓને દરરોજ હાજરી આપવી પડતી.

મોભાદાર માણસોની પાસે બજારમાંની મોરીઓ સાફ કરાવતા, જોકે ઘણી જગાએ મ્યુનિસિપલ ઝાડુ કાઢનારે તેને અગાઉથી સાફ કરેલી હોય. (જુબાની નં. ૩૦૪)

લોકોને લાકડીઓ લઈને ફરવાની મના હતી. કેટલોક વખત માટે રેલવે મુસાફરી પણ બંધ કરવામાં આવી હતી, અને દીવા બૂઝવવાનો હુકમ કાઢવામાં આવ્યો હતો. આથી કરીને લોકો નિરાધાર થઈ પડ્યા હતા.

આ પછી ચાલ્યાં માર્શલ લૉ ટ્રિબ્યુનલ અને સમરી કોર્ટો મારફત કામો અને એને અમૃતસર સુનાવણી વિષે જે ટીકા કરી છે તે જ લાગુ પડે છે. આ સુનાવણીઓમાં બધો પુરાવો બનાવટી હતો એમ સાબિત કરવા માટે પુષ્કળ પુરાવો છે. લૉર્ડ હંટરની કમિટી આગળ બળવાની વાતો તો તદ્દન ભાંગી પડી. કર્નલ ઓબ્રાયન માત્ર એટલું જ કારણ આપી શકતો હતો કે બળવો "ન્યાયપુરઃસર સાબિત થયો હતો." લગભગ દરેક લોકનાયકને પકડવામાં આવ્યો હતો. દીવાન

Gandhi Heritage Portal

મંગળસેન અને તેના કુટુંબના તરફ જે વર્તન બતાવવામાં આવ્યું હતું, લાલા અમરનાથના ઘરને વેરભાવથી ખાલી કરાવવામાં આવ્યું હતું, તથા લોકોને કામ ચલાવવાના ઈરાદા વિના પકડીને કાચી જેલમાં પૂરી રાખવામાં આવ્યા હતા — આવાં આવાં કૃત્યોથી બ્રિટિશ અમલને લાજ લગાડે એવી ઈરાદાપૂર્વક કરવામાં આવેલા ઘાતકીપણાની કથા બની રહી છે.

## ૭. વઝીરાબાદ

મુખ્ય રેલરસ્તા ઉપર ગુજરાનવાલાથી ૨૦ માઈલ છેટે બીજું અગત્યનું સ્ટેશન વઝીરાબાદ છે. એ પણ જંક્શન સ્ટેશન છે. એની વસ્તી તો ૧,૦૦૦ માણસની જ છે. વૈશાખીના મેળા પછી આસપાસનાં ગામોના અને જિલ્લાના લોકોનાં ટોળેટોળાં વઝીરાબાદમાં ભેગાં થાય છે. ૩૦મી માર્ચે અથવા ૬ઠ્ઠી એપ્રિલે બિલકુલ હડતાળ પડી ન હતી, પણ ગામડાંઓમાંથી જે ટોળાં આવ્યાં હતાં તે લાહોર, અમૃતસર અને ગુજરાનવાલાની ખબર લઈ આવ્યાં હતાં. ગામડાંમાંથી જે લોકો આવ્યા હતા તેમણે વઝીરાબાદીઓની હડતાળ ન પાડવા માટે મજાક કરી હતી, અને કહ્યું હતું કે "વઝીરાબાદના લોકોએ હડતાળ નથી પાળી એટલે તેમની કન્યાઓ કોઈ લેશે નહીં". (જુબાની નં. ૩૧૨) તા. ૧૪મીએ હડતાળ પાડવાનો વિચાર કરવા માટે મસ્જિદમાં સભા થઈ. ૧૫મીએ હડતાળ પડી, પણ કેટલાક તોફાનીઓને કામ બંધ થયું તેટલાથી સંતોષ થયો ન હતો. તેમણે જે બનાવોનાં વધારાપડતાં વર્ણનો સાંભળ્યાં હતાં તે તેમના હૈયામાં સાલતાં હતાં, અને તેથી તેઓ તારનાં દોરડાં તોડવા અને રેલવેરસ્તાને નુકસાન કરવા નીકળી પડ્યા. આ પછી તેમાંના કેટલાક રેવ. બેઈલીને ઘેર જવા નીકળ્યા. તેઓની સાથે રસ્તે બીજા ભેગા થયા. તોફાનીઓએ મનસ્વી રીતે રેવ. બેઈલીનું ઘર અને તેના સાહિત્યના કીમતી ખજાના બાળી મૂક્યા. આ થયું ત્યારે ત્યાં પોલીસ હાજર હતી, પણ તેઓએ આ અતિશય ગેરવાજબી આગ અટકાવવાનો બિલકુલ પ્રયત્ન ન કર્યો. સારે નસીબે કોઈના જાન ન ગયા. આ નાશમાં કોઈ પણ જાણીતા શખસે ભાગ લીધો જણાતો નથી. વઝીરાબાદના કેટલાક જાણીતા લોકોએ તોફાનીઓના અત્યાચાર અટકાવવાનો પ્રયત્ન કર્યો જણાય છે, અને તેઓ તેમાં થોડાઘણા ફાવ્યા હતા. રેવ. બેઈલીનું ઘર વઝીરાબાદથી આશરે બે માઈલ છેટે અને નિઝામાબાદથી એક માઈલને છેટે એક અલાયદી જગામાં આવેલું છે. તોફાનીઓએ આટલું કૃત્ય કર્યું હતું, અને આનો બિલકુલ બચાવ થઈ શકે એમ નથી. અને આગ લગાડવા માટે એક નિર્દોષ લોકપ્રિય પાદરીનું ઘર પસંદ કરવામાં આવ્યું, તેથી તો એ કૃત્ય વધારે ખેદકારક અને ગર્હ્ય બને છે. આ કૃત્યને માટે કાંઈ ખાસ હેતુ અમે શોધી શક્યા નથી, સિવાય કે તોફાની ટોળું યુરોપિયનની વિરુદ્ધના વિદ્વેષને વશ થયું હતું.

કર્નલ ઓબ્રાયન પોલીસ અને લશ્કરને સાથે લઈને તા. ૧૬મીએ વઝીરાબાદ પહોંચ્યા. તરત જ ધરપકડો થઈ, અને ગુજરાનવાલાની માફક બધો દેખાવ વઝીરાબાદમાં પણ કરવામાં આવ્યો.

૧૮મી તારીખે એક દરબાર ભરવામાં આવ્યો, ત્યાં કર્નલ ઓબ્રાયન આ પ્રમાણે બોલ્યાનું કહેવાય છે:

સાંભળો, મૂર્ખ અને ઘેલા લોકો, તમે એમ ધાર્યું હતું કે બ્રિટિશ રાજ્ય પૂરું થયું છે. હવે તમારું ગાંડપણ ઊતરશે. તેને માટે દવા અમારી પાસે છે. તમને બધાને જાણ કરવા માગું છું કે સરકારને કોઈ પણ માણસની મિલકત જપ્ત કરવાનો અધિકાર છે, તેનું ઘર

Gandhi Heritage Portal

જમીનદોસ્ત કરવાનો અધિકાર છે, એટલું જ નહીં તેની મરજી પડે તો તેને સળગાવી પણ શકે છે. એટલે તમને પહેલેથી હું કહેવા માગું છું કે હું હુકમ કરું છું કે જમિયતસિંહ બગ્ગાની[૧] બધી મિલકત સરકારમાં જપ્ત થાય.

બીજે દિવસે માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો. સ્થાનિક આર્યસમાજના માજી મંત્રી ડૉ. દોલતસિંહ તેનો અમલ આ પ્રમાણે વર્ણવે છે:

માર્શલ લૉ જાહેરખબરો જુદી જુદી જગ્યાએ અને કેટલાંક મકાનો ઉપર ચોડવામાં આવી હતી. આ જાહેરખબરો જે ઘરોની અને જગ્યાઓની સાથે પકડેલા લોકોને સંબંધ હતો તેના ઉપર ચોડવામાં આવી હતી. કેટલીક માર્શલ લૉ જાહેરખબરો આર્યસમાજના મંદિર ઉપર પણ ચોડવામાં આવી હતી, જોકે આર્યસમાજને કોઈ બનાવો સાથે કાંઈ લેવાદેવા ન હતી. હું હડતાળની વિરુદ્ધ હતો અને હડતાળની હિલચાલમાં કાંઈ પણ ભાગ મેં લીધો ન હતો તોપણ મને માર્શલ લૉ જાહેરખબરો સલામત રાખવા માટે જવાબદાર ગણવામાં આવ્યો હતો; કારણ હું આર્યસમાજનો મંત્રી હતો. બે માણસોને ખાસ પહેરો ભરવાને રાખવા પડ્યા હતા, અને ઘણીક વાર આ જાહેરખબરો કોઈ તોફાનીઓએ ફાડી અથવા બગાડી તો નથી એ જોવાને માટે મારે જવું પડતું હતું. (જુબાની નં. ૩૦૮)

આવી જાહેરખબર ફાડી નાખવી અથવા બગાડવી એ માર્શલ લૉના નિયમનો ભંગ ગણાતો અને જે મકાનો ઉપર આ નોટિસો ચોડવામાં આવતી તેમના માલિકોને આને માટે જવાબદાર ગણવામાં આવતા. ડૉક્ટર દોલતસિંહને પકડવામાં આવ્યા હતા અને આર્યસમાજનાં દફ્તર જપ્ત થયાં હતાં, અને લઈ જવામાં આવ્યાં હતાં. તેને ૧૦ દિવસ કાચી કેદમાં રાખવામાં આવ્યા, કેટલાક શખસો વિરુદ્ધ સાક્ષી પૂરવાનું કહેવામાં આવ્યું હતું, અને ૩૦મી મેએ છોડી દેવામાં આવ્યા હતા. તેમને વળી પાછા ૭મી જૂને પકડવામાં આવ્યા, તેમની સામે કેવી રીતે પુરાવો ઊભો કરવામાં આવ્યો, તેમને વકીલ કરવાનો પણ વખત આપવામાં આવ્યો ન હતો તેમ જ કેવી રીતે તેમને ધૂળ જેવા પુરાવા ઉપર તકસીરવાર ઠરાવ્યા હતા અને કર્નલ ઓબ્રાયને તેમને કહેલા શબ્દો, "સ્વામી શ્રદ્ધાનંદ આ હિલચાલમાં ભાગ લે છે, તમે પણ લેતા હશો જ." આ બધું તેની જુબાનીમાં વર્ણવે છે. (જુબાની નં. ૩૦૮)

એમ પણ કહેવામાં આવે છે કે જો કોઈ શખસ ભૂલથી અથવા નજરચૂકથી યુરોપિયનને સલામ ન કરતો તો તેનો ફેંટો તેના માથા ઉપરથી ઉતરાવવામાં આવતો, અને તેના ગળાની આસપાસ બાંધવામાં આવતો. પછી તેને સોલ્જરો કૅમ્પમાં ઘસડી લઈ જતા, ત્યાં તેને દંડ થતો અથવા ફટકા પડતા. (જુબાની નં. ૩૦૮ અને ૩૧૩). એક સાક્ષી કહે છે કે તેણે સલામ કરી હતી તોપણ તેની સલામ તરફ અમલદારનું લક્ષ ગયું ન હતું, તેથી તેને તે અમલદારના જોડા ચૂમવાની ફરજ પડી હતી. આ જુબાનીને ઘણા સાક્ષીઓએ ટેકો આપ્યો છે.

લશ્કરને માટે કાંઈ પણ પૈસા આપ્યા વિના માખણ હમેશાં ઉઘરાવવામાં આવતું. જ્યારે માખણ ઉઘરાવવાનું બંધ થયું ત્યારે "લશ્કરના ખર્ચને માટે" ઘર દીઠ એક રૂપિયો વસૂલ કરવામાં આવ્યો. માત્ર વિધવાઓને જ આ કરમાંથી મુક્ત કરવામાં આવી હતી. આ સાક્ષી ઉમેરે છે કે જ્યારે આવી રીતે વસૂલ કરેલાં નાણાં ખૂટી જતાં ત્યારે બીજાં વધારે વસૂલ કરવામાં આવતાં. એ જ સાક્ષી કહે છે કે આ ઉપરાંત ૬૭,૦૦૦ રૂપિયા વઝીરાબાદ પાસે નુકસાનીના લેવામાં

૧. વયોવૃદ્ધ શીખ નેતા અને વઝીરાબાદના આગેવાન નાગરિક.

Gandhi Heritage Portal

આવ્યા હતા. તે પોતે મ્યુનિસિપલ કમિશનર હતા, અને તેને પોતાના વૉર્ડ (વિભાગ)માંથી ફાળે પડતી રકમ ભેગી કરવી પડી હતી.

તેમને ૭મી જૂને પકડવામાં આવ્યા હતા, અને બચાવના સાક્ષીઓ લઈ આવવાને એક કલાક જ આપવામાં આવ્યો હતો. જેમની પાસે હથિયાર હતાં તેમને કોઈ પણ ટોળું કાયદાની હદની બહાર જાય તો તેની ઉપર બેધડક ગોળી છોડવાની સત્તા આપવામાં આવી હતી. (જુબાની નં. ૩૦૯)

અમારી સામે પડેલો પુરાવો એમ પણ બતાવી આપે છે કે જે લોકો પકડાવામાંથી બચી જવા માગતા અથવા જૂઠો પુરાવો આપવામાંથી બચી જવા માગતા, તેવાઓ તરફથી છૂટથી પોલીસને રુશવત આપવામાં આવી હતી અને પોલીસે તે લીધી હતી.

લશ્કરના ઉપયોગને માટે પુષ્કળ ખાટલાઓ લોકો પાસેથી લઈ જવામાં આવતા. તેની કાંઈ પણ કિંમત આપવામાં આવી નથી, તેમ જ પાછા આપવામાં પણ નથી આવ્યા. (જુબાની નં. ૩૧૦)

ગુજરાનવાલાની માફક, દીવાબત્તી બૂઝવવાનો હુકમ વઝીરાબાદમાં પણ નીકળ્યો હતો, અને નિશાળનાં છોકરાંઓને દિવસમાં ત્રણ વાર હાજરી પુરાવી યુનિયન જેક વાવટાને સલામ કરવી પડતી. "તેમને ખરે બપોરે લાંબું ચાલવું પડતું હોવાથી પુષ્કળ ત્રાસ પડચો હતો." (જુબાની નં. ૩૧૧)

સરદાર જમિયતસિંહની મિલકતની જપ્તી વિષે અગાઉ અમે ઇશારો કરી ચૂકચા છીએ. જપ્તી કરવામાં આવી એટલે શું શું થયું એ જોવા જેવું છે. તેનો દીકરો પોતાની જુબાનીમાં કહે છે:

> ડેપ્યુટી કમિશનર અને બીજા અમલદારો અમારી દુકાનની નજીક આવી પહોંચ્યા કે મને ખબર પડી કે મારા બાપ સામે પણ વૉરંટો કાઢવામાં આવ્યાં હતાં, પોલીસે અમારા રહેવાના ઘરની અને બેસવાના ઓરડાની ઝડતી લીધી, અને મારી સમક્ષ ઘરની સ્ત્રીઓને ધમકાવી. પછી "જમિયતસિંહ ક્યાં છે, તમે તેને ક્યાંક સંતાડચો તો નથી" એમ તેઓએ પૂછ્યું. (જુબાની નં. ૩૧૧)

જમિયતસિંહના દીકરાએ પોલીસને ચોખ્ખું કહી દીધું કે મારા બાપ જમ્મુ ગયા છે તોપણ તેને વારંવાર સતાવવામાં આવ્યો. ૨૧મી એપ્રિલે જપ્તીહુકમ જાહેર કરવામાં આવ્યો. ચાર સ્ત્રીઓ અને છ નાનાં બાળકોને તુરત જ ઘરમાંથી બહાર કાઢવામાં આવ્યાં.

> સ્ત્રીઓનાં અંગ ઉપર આબરૂદાર પર્દેનશીન સ્ત્રીઓ પોતાના ઘરમાં જેટલાં લૂગડાં પહેરે તેટલાં જ લૂગડાં હતાં. બાળકોનાં અંગ ઉપર બહુ ઓછાં હતાં, અને કેટલાંક તો આંગણાંમાં નાગાં નાગાં રમતાં હતાં. સ્ત્રીઓને પગરખાં પણ તેઓએ પહેરવા દીધાં નહીં, અને નાગાં બાળકોને તેમને તેમ બહાર કાઢચાં. જેણે નિશાળો, કૉલેજો, ધર્મશાળાઓ અને બીજી લોકોપયોગી સંસ્થાઓ માટે હજારો રૂપિયાની સખાવત કરી હતી, અને જેણે શહેરના સેંકડો લોકોને ભીડને વખતે મદદ દીધી હતી, એવું લક્ષાધીશનું કુટુંબ તે દિવસે ઘર વિનાનું, અને ખાવાપીવા અને પહેરવા-ઓઢવાની ચીજ વિનાનું થઈ પડયું. (જુબાની નં. ૩૧૨)

પર્દેનશીન સ્ત્રીઓ ઘરમાં હોય ત્યારે કેટલાં વસ્ત્ર પહેરે છે, અને બહાર જાય ત્યારે કેટલાં પહેરે છે તે જેને ખબર હોય તે જ તેમને બહાર કાઢી મૂકવામાં કેટલો અત્યાચાર થયો તે સમજી શકે; અને સરદાર જમિયતસિંહ તો વઝીરાબાદના એક આગેવાન શહેરી છે, શીખોના એક નેતા છે, તેમ જ ગઈ લડાઈમાં તેમણે બહુ કીમતી કામ કર્યું હતું, અને તે બદલ કમાન્ડર-ઇન ચીફ તરફથી

Gandhi Heritage Portal

તેમને એક સનદ મળી હતી. સરદાર જમિયતસિંહ જમ્મુથી આવ્યા કે તરત જ એટલે તા. ૨૬મીએ પોલીસ આગળ હાજર થઈ ગયા, પણ જપ્તીના હુકમ તો ૪થી મે સુધી ખેંચી લેવામાં આવ્યા નહીં. તેમના મુકદ્દમાનું દફતર જેવું મળી શક્યું છે તેવું અમે તપાસી ગયા છીએ, અને બીજા પણ ઘણા કાગળો તપાસ્યા છે, અને અમને બિલકુલ શક નથી કે તેમની સામે જે ગુનો ઠરાવવામાં આવ્યો હતો તે બિલકુલ ખોટી રીતે હતો. તેમને તહોમતપત્ર સુધ્ધાં બતાવવામાં આવ્યું ન હતું. તેની પ્રમાણવાળી નકલ તેના વકીલને પણ ન મળી શકી, અને બધા બચાવના સાક્ષીઓને પણ બોલાવવામાં આવ્યા ન હતા. સરદાર જમિયતસિંહ ૬૨ વર્ષના વૃદ્ધ છે. તેમની એક આંખમાં મોતિયો આવેલો છે. તેમના તરફ એક સામાન્ય ગુનેગાર તરીકે વર્તવામાં આવ્યું, અને કેટલોક સમય સુધી તેમને એકાંત કોટડીમાં પૂરવામાં આવ્યા હતા.

અહીં જેમના ઉપર કામ ચાલ્યાં તે બીજે ઠેકાણે કરતાં વધારે ફારસ જેવાં હતાં. પુરાવો કેવી રીતે ઊભો કરવામાં આવ્યો તેનો આ રહ્યો તાદૃશ ચિતાર :

> બધા શહેરીઓને દાંડી પીટી પોલીસ થાણે બોલાવવામાં આવ્યા. કાચી વયના છોકરાઓ અને દફતરમાં બદમાશ તરીકે નોંધાયેલાઓને ખબર આપનારા તરીકે ગણવામાં આવ્યા. જેની સામે પોલીસને મુકદ્દમો ઊભો કરવો હોય તેને પેલા છોકરાઓ સામે ઊભો કરવામાં આવતો, અને તેની સામે પુરાવો આપવાનું તો છોકરાઓને શીખવી રાખેલું જ હતું, એટલે બિચારાઓને આવી રીતના પુરાવાથી ફસાવવામાં આવ્યા. કમિશનની સામે એના એ જ છોકરાઓ સાક્ષી તરીકે રજૂ થયા હતા, અને તેમના જ પુરાવા ઉપરથી લોકોને સજા થઈ હતી. (જુબાની નં. ૩૧૩)

## ૮. નિઝામાબાદ

વઝીરાબાદથી ભાગ્યે જ એક માઈલ દૂર આવેલું નિઝામાબાદ એક ગામડું છે, અને ઘરો અને કારખાનાથી ખીચોખીચ ભરેલી એક સાંકડી ગલીનું જ બનેલું છે. વંશપરંપરાથી ચાલ્યા આવતા કારીગરો પુરાણામાં પુરાણાં ઓજારો વડે વાઢકાપની વસ્તુઓ બનાવે છે તે માટે આ જગ્યા પ્રસિદ્ધ છે. એટલું તો ચોક્કસ છે કે કેટલાક માણસો અગાઉ કહેવામાં આવ્યું છે તેમ, મિ. બેઈલીનું ઘર બાળનારા ટોળાની સાથે સામેલ હતા, પણ આ ગરીબ ગામડિયાઓને કરવામાં આવેલી સજા તેમનામાંથી માત્ર કેટલાક જણે જ કરેલા ગુનાના પ્રમાણમાં બેહદ હતી. ૧૮મી એપ્રિલે, લાહોર તરફથી બ્રિટિશ સોલ્જરોની એક સ્પેશિયલ ગાડી આવી, અને રેલગાડીના રસ્તા પાસે જ આ ગામ આવ્યું છે એટલે ત્યાં તે ગાડી ઊભી રાખવામાં આવી. સોલ્જરો ગામમાં ફરી વળ્યા, તેઓએ દુકાનો લૂંટી, આટો, ઘી, ગોળ લઈ લીધાં, અને ગાડી ઉપર એ વસ્તુઓ ગામડિયાઓ પાસે લઈ લેવરાવવામાં આવી. લગભગ એક અઠવાડિયા સુધી લોકોને પોલીસ થાણે હાજરી આપવી પડતી, અને સવારના ૭ થી તે રાતના ૮ વાગ્યા સુધી ખુલ્લામાં જ તેમને બેસી રહેવું પડતું. લોકોને પોતાનાં કારખાનાં બંધ કરવાં પડયાં હતાં. (જુબાની નં. ૩૨૯)

મુહમ્મદ રમઝાન નામના એક છોકરાએ અજાણતાં સોલ્જરોએ ઠરાવેલી હદ ઓળંગી. તે બકરાં ચરાવતો હતો. તેની ઉપર ગોળી છોડવામાં આવી. તેના બિચારાના ત્યાંના ત્યાં પ્રાણ ગયા. બેત્રણ બ્રિટિશ સોલ્જરો તેના ફેંટા વતી તેના શબને બાંધી તેને ખેંચી લઈ ગયા અને ગામના પાસેના તળાવ આગળ નાખી ગયા. (જુબાની નં. ૩૩૦)

Gandhi Heritage Portal

મીર વાજીદઅલી નામનો એક મુગલ એક લાંબી જુબાનીમાં, પુરાવો કઢાવવા માટે કેવા પ્રયત્નો થયા હતા, દરરોજ લોકોને પોલીસ થાણે જઈ બળતા તડકામાં કેમ બેસવું પડતું હતું એ બધું વર્ણવે છે, અને જુબાનીના અંતે આ પ્રમાણે કહે છે:

> મારા દીકરાની અને મારી ઝડતી લેવામાં આવી, અને કાચી જેલમાં નાખવામાં આવ્યા. ૯મી જૂને મારા દીકરા ઈસ્લામ બેગને અને મને ડેપ્યુટી કમિશનર કર્નલ ઓબ્રાયન આગળ, વઝીરાબાદના પાંચછ આદમીઓ સાથે, સુમારે સાંજે છ વાગ્યે લાવવામાં આવ્યા. અમને જમીન ઉપર નાક ઘસવાની સજા થઈ — તે કર્યા પછી અમને બધાને છોડયા. (જુબાની નં. ૩૨૭)

આ પ્રમાણે, ગુનેગાર ઠરાવવાનો કશો જ પુરાવો ન હતો ત્યારે, દેખીતી રીતે નિર્દોષ માણસોનું અપમાન કરવા માટે એક નામોશીભરેલી સજા ઉત્પન્ન કરવી પડી હતી. આ ગામોમાંથી ૬૫૦૦ રૂપિયા નુકસાનીના લેવામાં આવ્યા હતા. (જુબાની નં. ૩૨૭)

નંબર ૩૨૪, ૩૨૫, ૩૨૬, અને ૩૩૪ના સાક્ષીઓએ પોલીસે ધમકી અને શારીરિક સજાથી પુરાવો કઢાવવાના કેવા પ્રયત્નો કર્યા તે વિષે જુબાની આપી છે.

### ૯. અકાલગઢ

વઝીરાબાદથી લાયલપુર જતાં રસ્તામાં અકાલગઢનું સ્ટેશન આવે છે. એની વસ્તી આશરે ૪૦૦૦ની છે; શીખ રાજ્યના પાછલા દિવસોમાં પ્રસિદ્ધ થયેલા દીવાન સાવનમલ અને એના દીકરા મૂળરાજના વતન તરીકે એ ગામ પ્રસિદ્ધ છે.

ખુદ અકાલગઢમાં તો એપ્રિલ મહિનાનાં રમખાણો દરમ્યાન કોઈ પણ જાતનું તોફાન થયું ન હતું. છઠ્ઠી એપ્રિલને દિવસે ગામમાં હડતાળ પડી હતી, અને દીવાન સાવનમલના એક વંશજ દીવાન ગોપાળલાલના પ્રમુખપદ નીચે એક જાહેર સભા થઈ હતી. અમૃતસર અને લાહોરમાં થયેલી પકડાપકડી અને બનેલા બનાવોને લીધે તા. ૧૪મી એપ્રિલે બીજી હડતાળ પડી હતી. તારનાં દોરડાં તો તા. ૧૫મીએ કાપવામાં આવ્યાં હતાં. તે દિવસે અકાલગઢમાં હડતાળ ન હતી. અકાલગઢના ગામથી તેમ જ સ્ટેશનથી એક માઈલ દૂર એ દોરડાં કપાયાં હતાં. ગાંડા થયેલા લોકોના ટોળાનું એ કામ ન હતું. અમને તો લાગે છે કે અકાલગઢના કોઈ માણસનું પણ એ કામ નહીં હોય. અમારી આગળ એવો મત દર્શાવવામાં આવ્યો છે કે વઝીરાબાદના વૈશાખી મેળામાંથી પાછા ફરનાર લોકોમાંથી કોઈએ તારનાં દોરડાં કાપ્યાં હોવાં જોઈએ. વઝીરાબાદથી અકાલગઢ ૨૩ માઈલ છે.

છતાં, ૨૨મી એપ્રિલે ડેપ્યુટી કમિશનરે ત્યાં આવી નહેરના પુલ આગળ મુકામ કર્યો અને ગામના પ્રતિષ્ઠિત લોકોને બોલાવી મંગાવ્યા. એણે એ લોકોને એવો હુકમ કર્યો કે મારી મોટર સહેલાઈથી જઈ શકે એવી રીતે ડાક બંગલા સુધીનો રસ્તો તાબડતોબ દુરસ્ત કરી નાખો. આટલા માટે લગભગ રૂ. ૨૦૦૦નું લોકો પાસેથી ઉઘરાણું કરવામાં આવ્યું, અને એક માઈલથી પણ વિશેષ લાંબો રસ્તો ડેપ્યુટી કમિશનર સાહેબની મોટર માટે જબરદસ્તીથી તૈયાર કરાવવામાં આવ્યો. આ નાનકડા ગામમાંથી આટલી રકમ એક જ દિવસમાં ભેગી કરવામાં આવી; એટલે આ પૈસાની વસૂલાત કેવળ ગેરકાયદેસર અને અઘટિત જ ન હતી, પણ અકાલગઢ જેવા ગરીબ ગામ માટે તો એટલી ભારે હતી કે એને જુલમ જ કહેવાય.

Gandhi Heritage Portal

ત્યાર પછી ગુજરાનવાલા અને વઝીરાબાદ પ્રમાણે અહીં પણ આગેવાનોની ધરપકડ શરૂ થઈ. ૩૦ માણસો ઉપર કામ ચલાવવામાં આવ્યું, જેમાંથી ૨૦ નિર્દોષ ઠર્યા. પંદર પંદર વર્ષના બે છોકરાઓને એક દિવસની આસન કેદની સજા થઈ, છને વધારે દોષિત ઠરાવ્યા, અને બેની સામેથી આરોપ ખેંચી લેવાયો.

સાક્ષીઓને જે રીતે ભયભીત કરવામાં આવ્યા હતા, અને લગભગ બે મહિના સુધી જે રીતે લાંચરુશવત અને જુલમનો દોર ચાલ્યો હતો, તેનું સવિસ્તર અને ખાતરી કરાવનાર વર્ણન અમને મળેલી જુબાનીઓમાં આપવામાં આવ્યું છે. આ શરમભર્યાં કૃત્યોમાંથી થોડાંક જ અમે અહીં ટાંકીએ છીએ.

નાનકચંદને પોલીસના થાણા પર બોલાવી ખોટી જુબાની આપવા કહ્યું. એમ કરવા એણે ના પાડી ત્યારે "તડકામાં અર્ધો કલાક એને ઊભો કરવામાં આવ્યો." એને ગાળો ભાંડવામાં આવી. જુબાની નહીં આપે તો ગોળીથી ઠાર કરવામાં આવશે એવી ધમકી આપવામાં આવી. તે ઉપરથી એણે પોલીસની ઇચ્છા મુજબ જુબાની લખાવી, પણ એ કહે છે કે કચેરીમાં તો એણે ખરી જ જુબાની આપી હતી. એ કહે છે કે આવું વર્તન બીજા લોકો તરફ પણ પોલીસે ચલાવ્યું હતું. "જબરદસ્તીથી લોકોને ડાક બંગલા પર ભેગા કરવામાં આવતા હતા. લશ્કરી માણસોને મારે મફત દૂધ પૂરું પાડવું પડતું હતું." (જુબાની નં. ૩૪૩ થી ૩૪૫)

ઉપર કહેલા દીવાન ગોપાળલાલને ૨૨મી એપ્રિલે પકડવામાં આવ્યો. બે મહિના સુધી એને કાચી જેલમાં રાખી મૂકયો, અને છેવટે એની સામે જુબાની ન મળવાથી છોડી દીધો. એ કહે છે કે:

> રેવન્યૂ આસિસ્ટન્ટ અને મહમ્મદ સાહિબખાંએ ઝેલદાર તથા ચોધરી ગુલામકાદર અને સરદારખાં મારફતે માગેલી લાંચ મેં ન ભરી તેટલા માટે જ મને પકડવામાં આવ્યો હતો. હું જેલમાં હતો તે દરમ્યાન મારાં સગાંવહાલાં પાસેથી મારા છુટકારા માટે રૂ. ૫૦૦૦ અને મારા સંબંધી માટે રૂ. ૧૦૦૦ એ લોકોએ કઢાવ્યા. (જુબાની નં. ૩૪૦)

રામલાલ નામે એક પંદર વર્ષના વિદ્યાર્થીને ૨૩મી એપ્રિલે પકડયો હતો, અને ૧૩મી મેએ છોડી મૂકયો હતો. (જુબાની નં. ૩૪૨)

લાલા ગણેશદાસ પસી અને એના બે ભાઈઓને પણ પકડયા હતા. એની જુબાની પરથી જણાશે કે એની પાસેથી રૂ. ૨૦૦૦ની લાંચ કઢાવવામાં આવી હતી; છતાં એને જેલમાંથી છોડયા નહીં; છેવટે છોડયા, અને વળી પાછો ૨૩મી મેને દિવસે એ જેલમાંથી નાસી છૂટયો છે એવા બહાનાથી એની મિલકત જપ્ત કરવામાં આવી. એ નિર્દોષ ઠર્યો, તોપણ છેક ૧૯મી જુલાઈ ૧૯૧૯ સુધી એની મિલકત એને પાછી સોંપવામાં ન આવી.

ચોધરી ફઝલદાદ એક લંબરદાર અને અકાલગઢ મ્યુનિસિપાલિટીનો ઉપ-પ્રમુખ હતો. એનો ગુનો એટલો જ હતો કે એણે આરોપીના સાક્ષી તરીકે જુબાની આપી હતી. એ દોષ માટે એને પકડયો, એના ઉપર કામ ચાલ્યું, અને એને રૂ. ૫૦૦નો દંડ થયો. એ કહે છે કે ૨૯મી મેએ કાંઈ પણ કારણ વિના કર્નલ ઓબ્રાયને એને લંબરદારીમાંથી બરતરફ કર્યો. ઉપર વર્ણવેલી રસ્તાની દુરસ્તી એની લંબરદારી દરમ્યાન થઈ હતી. એ કહે છે કે "મુલકી અધિકારી અને ઝેલદારે મજૂરવર્ગ સિવાય બીજા લોકોને કાંઈ પણ મજૂરી આપ્યા વિના કામ કરાવ્યું." જબરદસ્તીથી ઉઘરાવેલા રૂ. ૧૮૦૦માંથી "માત્ર ૭૦૦ કે ૮૦૦ રૂપિયા જ કંટ્રાકટરને અપાયા હતા." વળી એ કહે છે:

Gandhi Heritage Portal

ગામના બધા લોકોને ડાક બંગલા આગળ ભેગા કરી, રેલવે લાઇન ઉપરથી મશીનગન અને તોપો છોડવામાં આવી. લોકોને ચોખ્ખું કહેવામાં આવ્યું કે તમારે આરોપીઓ તરફથી જુબાની આપવી નહીં, પણ પોલીસ સબ-ઇન્સ્પેક્ટરની ઇચ્છા મુજબ સરકાર તરફથી જ જુબાની આપવી. (જુબાની નં. ૩૩૬)

ઉપલી મશીનગન ફોડવાના ખર્ચ માટે લોકો પાસેથી રૂ. ૧૦૦૦ ઉઘરાવવામાં આવ્યા, અને તારનાં દોરડાં પાછાં બાંધવા માટે પણ થોડી રકમ લેવાઈ.

### ૧૦. રામનગર

રામનગર પણ અકાલગઢ જેવડું જ છે. અકાલગઢથી પાંચેક માઈલ દૂર ચિનાબને કિનારે એ આવ્યું છે. ત્યાં આગગાડીનો રસ્તો નથી. મહારાજા રણજિતસિંહનો ત્યાં "બરદારી" નામે એક મહેલ હતો.

૯ઠ્ઠી એપ્રિલે ત્યાં હડતાળ પડી હતી, અને ૧૫મીએ પાછી થોડી હડતાળ પડી હતી. રામનગરમાં કાંઈ પણ નુકસાન થયું એવું સાંભળ્યું નથી, પણ રામનગર પર એવો આક્ષેપ મુકાયો હતો કે ત્યાંના લોકોએ નામદાર શહેનશાહનું પૂતળું બાળી તેની રાખ પાણીમાં નાખી હતી. અમે આ આક્ષેપ વિષે બારીકીથી તપાસ કરી. સેંકડો સાક્ષીઓની અમે જુબાની લીધી. આ રીતે ભેગી કરેલી જુબાની એ આક્ષેપ ખોટો સિદ્ધ કરવા પૂર્ણપણે ખાતરીકારક હતી, છતાં એ જુબાનીની વિરુદ્ધ કોઈની પાસે કાંઈ પણ માહિતી હોય તો તે મેળવવા માટે અમે જાહેર માગણી કરવાનો નિશ્ચય કર્યો. તેથી, ૩૦મી નવેમ્બર, ૧૯૧૯ને દહાડે રામનગરના ચોગાનમાં અમે એક જાહેર સભા બોલાવી અને લોકોને વિનંતી કરી કે જે જે એમ માનતા હોય, અથવા જેની પાસે એવો પુરાવો હોય, કે શહેનશાહની મૂર્તિને બાળવામાં આવી હતી, તેણે જાહેર રીતે અથવા ખાનગીમાં આવી પોતાની જુબાની અમારી આગળ રજૂ કરવી. છતાં કોઈ પણ માણસ એવું વૃત્તાંત સંભળાવવા બહાર પડ્યો નહીં. અમારી ખાતરી થઈ છે કે એ તદ્દન બનાવટી આક્ષેપ હતો. અમે મેળવેલી જુબાની ઉપરથી જોઈ શકાશે કે ૨૪મી એપ્રિલ સુધી કોઈ પણ પોલીસ અમલદારે આવી વાત કાઢી ન હતી. કર્નલ ઓબ્રાયનનો ચુકાદો અમે કાળજીપૂર્વક વાંચી ગયા; એમાં એમનું કહેવું એવું છે કે આ બનાવની વાત કાઢવામાં ઢીલ થયાનું કારણ પોલીસ બીજા કામમાં રોકાઈ ગયેલી એ હતું. આ દલીલ જરાયે માની શકાય એવી નથી, કારણ કે બીજે કંઈ નહીં તોયે પોલીસની ડાયરીમાં એવો ઇશારો હોવો જ જોઈતો હતો. ૧૭મી એપ્રિલે પોલીસ ઇન્સ્પેક્ટર આખા રામનગરમાં ફરી વળ્યો હતો; એણે પણ એ વિષે કાંઈ કહ્યું નથી. જેની આગેવાની તળે એ કાર્ય થયું એમ પાછળથી કહેવાયું, તે માણસ હાજર છતાં, તેને ૯મી મે સુધી પકડ્યો ન હતો.

તે છતાં રામનગરની પ્રજા પર એક દુષ્ટ આળ મૂકી તેને રંજાડવામાં આવી; એના સારામાં સારા માણસો ઉપર કેવળ સ્વચ્છંદી મુકદ્દમાનો ત્રાસ વર્તાવવામાં આવ્યો; એ મુકદ્દમાને જૂઠી જુબાનીથી સાબિત કરવા પ્રયત્ન થયો; એની સુનાવણી એવી કોર્ટોમાં થઈ કે જેમાં સુનાવણીના સામાન્ય નિયમોનો બહિષ્કાર થયો હતો!

લાલા કરમચંદ નામના એક ધાર્મિક વૃત્તિના બહુધા નિવૃત્તિમાં જીવન ગાળનાર વૃદ્ધ આ જુલમના ભોગ થઈ પડનારામાંના એક હતા. એમની અને બીજા ૨૭ માણસોની ઉપર ફોજદારી થઈ, અને એમને શિક્ષા પણ થઈ. એમણે સને ૧૮૭૭થી ૧૯૦૦ સુધી પોસ્ટ અને રેલવે

Gandhi Heritage Portal

ખાતામાં સરકારી નોકરી કરી હતી. સને ૧૯૧૦ પછી એમણે "લગભગ સાંસારિક જીવનનો ત્યાગ કર્યો હતો," વર્ષમાં ૯ માસ એ હરદ્વાર રહેતા. "કોઈ સ્મશાનયાત્રા કાઢવામાં આવી હોય કે કોઈ મૂર્તિ બાળવામાં આવી હોય," એવી વાતનો એ તદ્દન ઇનકાર કરે છે. એ કબૂલ કરે છે કે ૧૫મી એપ્રિલે થોડા છોકરાઓ "હાય, હાય, રૉલેટ બિલ" કરતા કરતા બજારમાંથી ગયા હતા. એઓ કહે છે કે ૧૭મી એપ્રિલે એક સબ-ઇન્સ્પેક્ટર રામનગર ગયો હતો, અને એણે એવી નોંધ કરી હતી કે હડતાળ સિવાય ત્યાં કશુંયે થયું ન હતું. એ તો છેક ૨૩મી એપ્રિલે મુલકી અમલદાર ત્યાં ગયો અને ઝેલદાર જોડે કાંઈ મસલત કરીને કરમચંદ વગેરેને બોલાવી મંગાવ્યા, અને કાંઈ તપાસ કરવાની છે એવું બહાનું કાઢી એમને અકાલગઢ મોકલાવ્યા. ૨૪મીએ એમને હાથકડી નાખી ગુજરાનવાલા મોકલી દીધા, અને ત્યાં ૧૬મી મે સુધી જેલમાં રાખવામાં આવ્યા. ત્યાં સુધી એમને ખબર પડી ન હતી કે શું કામ એમને પકડવામાં આવ્યા હતા. ૧૭મી મેએ એમને પાછા રામનગર મોકલવામાં આવ્યા. ૧૯મીએ એમના સાક્ષીદારોનાં નામ પૂછવામાં આવ્યાં. ૨૨મીએ તપાસ ચાલી. પરિણામ શું આવ્યું તે તો અમે કહી ગયા. (જુબાની નં. ૪૨૨)

લાલા સુંદરદાસ કહે છે કે પકડાપકડીના સંબંધમાં લોકોએ તારો કર્યા તે પણ અમલદારોને ગમ્યું નહીં. એમની જોડે બીજા કેટલાકને ૧૧મી જૂને જ ગુજરાનવાલામાં ડેપ્યુટી કમિશનર સન્મુખ ખડા કરવામાં આવ્યા, અને એમને છોડયા પહેલાં કર્નલ ઓબ્રાયને એમને "નાકલીટી તાણી, પસ્તાવો જાહેર કરવા" હુકમ કર્યો. (જુબાની નં. ૪૧૯)

લાલા હંસરાજ કહે છે કે રામનગરનો લંબરદાર અબદુલ્લા એની પાસે ૮મી મેએ આવ્યો અને કહ્યું કે "બસેં રૂપિયા ધરી દે, નહીં તો તને કાલે પકડી જઈશ." હંસરાજે આનો વિરોધ કર્યો. એ કહે છે:

> બીજે દહાડે સવારમાં અબદુલ્લા લંબરદારના ભાઈને અને એક લફંગાને મારા ઘર આગળ ડાંગ લઈને બેઠેલા મેં જોયા. મેં બારણું ઉઘાડયું કે તુરત જ એ લોકોએ મને પકડી લીધો, અને બજારમાં ઘસડી ગયા.

હંસરાજે તોપણ પૈસા આપવા ના પાડી. ત્યારે એને થાણા પર ઘસડી ગયા. પછી એની સામે કેવી રીતે પુરાવો તૈયાર કરવામાં આવ્યો અને એને સરકાર તરફનો સાક્ષીદાર થવા સૂચવવામાં આવ્યું, તેનું વર્ણન એ આપે છે. એ માણસ ૧૫મી એપ્રિલે વઝીરાબાદ હતો અને સાંજે સવા પાંચ વાગ્યે અકાલગઢ પહોંચ્યો. એટલે જ્યારે પૂતળું બાળ્યું કહેવાય છે, ત્યારે રામનગરના કોઈ સરઘસ વગેરેમાં એ ભાગ લે એ શક્ય જ નહોતું. (જુબાની નં. ૪૧૭)

લાલા ગોવિંદસહાય વગેરે કેટલાકે ડેપ્યુટી કમિશનર પાસે આ કેસના સંબંધમાં જવા હિંમત કરી; તેટલા જ માટે એમને પકડવામાં આવ્યા અને ૧૧મી જૂને લાલા સુંદરદાસની માફક નાકલીટી તણાવી છોડવામાં આવ્યા. (જુબાની નં. ૪૨૩ અને ૪૨૪)

લાલા રામચંદની જુબાનીમાંથી જણાય છે કે સરકારી પુરાવો કેવો બદલાતો ગયો. પહેલી વાત એ હતી કે એક પૂતળાની ઠાઠડી કરી લઈ ગયા, અને એને કેટલાક મણ લાકડે બાળ્યું. પાછળથી એક કપડાની ઢીંગલી બાળવા પર જ એ વાત આવી ગઈ. (જુબાની નં. ૪૨૫)

સૈયદ હકીમશાહ એક નિવૃત્ત થયેલા સ્ટેશન માસ્તર છે. એ પણ સરકારી પુરાવો કેવો બદલાતો ગયો તે જણાવે છે. એ પોતે તે જ દિવસે સાંજે નદીએ જઈ પહોંચ્યા હતા. એમણે કશું બળતું જોયું નહોતું. ૨૨મી મેએ સરકાર તરફથી સાક્ષી આપવા એમને કહેવામાં આવ્યું.

Gandhi Heritage Portal

એમણે ના પાડવાથી એમની જોડે ખરાબ વર્તન ચલાવવામાં આવ્યું. રેલવે ખાતામાં એમણે ૩૭ વર્ષ નોકરી બજાવી હતી. (જુબાની નં. ૪૩૨)

આ પૂતળાના કેસમાં ભગવાનદાસ આરોપી હતો, અને પાછળથી માફી સાક્ષી થયો હતો. એણે એક લાંબી જુબાની આપી છે, અને એમાં પોતે આપેલી જુબાનીને ખોટી જણાવી, ખોટી જુબાની જે પ્રસંગમાં આપવી પડી છે તે પ્રસંગ વર્ણવ્યા છે. (જુબાની નં. ૪૪૩)

અમને લાગે છે કે અકાલગઢ અને રામનગરને જે અપમાન, બંદીખાનાં, પૈસાની હાનિ અને તીવ્ર ભયંકર સંતાપ વેઠવાં પડયાં, તેનું કારણ એ હતું કે માત્ર કર્નલ ઓબ્રાયન લોકોનામાં નવું જાગ્રત થતું દેશાભિમાન અને દેશહિતનાં કાર્યો પ્રત્યેના રસને દાબી દઈ, તેમને આકરો પાઠ આપવા માગતા હતા. મલિક સાહિબ નામના એક અતિશય બેશરમ સ્થાનિક અમલદારની હાજરીથી આ જુલમમાં વધારો થયો હતો, એમ એ ગામોની જુબાનીમાંથી માલૂમ પડી આવે છે.

## ૧૧. હાફિઝાબાદ

હાફિઝાબાદ વઝીરાબાદથી લાયલપુરને રસ્તે અકાલગઢથી પંદર માઈલ પર આવ્યું છે; એ વેપારનું એક સાધારણ ઠીક મથક ગણાય છે, અને એની વસ્તી આશરે ૫૦૦૦ની છે.

લાહોર અને અમૃતસરમાં અમલદારોનાં તા. ૧૦મીનાં કૃત્યોની સામે વિરોધ દર્શાવવા હડતાળનો જે વા વાયો હતો, તે આગગાડીને આખે રસ્તે વધતો વધતો હાફિઝાબાદ પણ આવી પહોંચ્યો. ૧૪મી એપ્રિલે અહીં સંપૂર્ણ હડતાળ પડી હતી. કેટલાક દારૂડિયા લોકોનું ટોળું સ્ટેશન પર પહોંચી ગયું. સ્ટેશનથી આશરે ૩૦૦ વાર દૂર, પાટા ઓળંગવાના એક દરવાજા આગળ આ ટોળું પહોંચી ગયું, અને ઉદ્ધતાઈથી એક આગગાડીને ઊભી રાખી, પહેલા વર્ગમાં બેઠેલા લેફ્ટનન્ટ ટેટમ નામના ઇંગ્રેજ ઉપર હુમલો કર્યો. એ સાહેબનો એક નાનો છોકરો પણ એની સાથે હતો. લોકોએ ડબ્બાના કાચ પણ તોડી નાખ્યા. દરમ્યાન ટોળાંમાંના કેટલાકને આ અત્યાચાર ગમ્યો નહીં, અને તેઓએ પોતાના જીવને જોખમે પણ લેફ્ટનન્ટ ટેટમનું રક્ષણ કર્યું. લે. ટેટમની ફરમાશથી, ડ્રાઇવર ઉતાવળે આગગાડીને વઝીરાબાદ સહીસલામત દોડાવી ગયો. ૧૫મી તારીખે તોપ નામનો એક દારૂડિયો બીજા સોએક દારૂડિયાનું ટોળું દોરી ગયો; અને એમણે તાર તોડી નાખ્યા તથા એક સિગ્નલ આપનારની ઝૂંપડીને નુકસાન કર્યું. તોપને પકડીને તહસીલમાં લઈ ગયા; ટોળું એની પાછળ ગયું, અને પથરા ફેંકી તેહસિલની બારીઓ ભાંગી નાખી. બંદૂકના એક ખાલી અવાજથી એ ટોળું વીખરાઈ ગયું.

કર્નલ ઓબ્રાયન ૨૨મી એપ્રિલે હાફિઝાબાદ પહોંચ્યા. ત્યાર પછી જે રીતે અકાલગઢ અને બીજી જગ્યાઓએ આખી પ્રજા પર જુલમ કરવામાં આવ્યો હતો તે પ્રયોગ અહીં ફરી ભજવી બતાવ્યો.[૧]

બિહારીલાલ કપૂર અને એના નોકર પોરિયાને આગગાડીના બનાવના સંબંધમાં પકડયા. એને પકડવાનું કારણ એની જુબાનીમાંથી મળશે. બે છોકરાઓ અને એક સરકારી નોકર એની સામે સાક્ષીદાર તરીકે ઊભા કરવામાં આવ્યા, પણ એક મહિનો અને નવ દિવસ કાચી જેલમાં કઢાવ્યા પછી, નિર્દોષ ઠરાવી એમને છોડી દીધા. (જુબાની નં. ૩૯૯)

૧. એમ કહેવાયું હતું કે ગુજરાનવાલાની પોલીસ ૧૨૧ માણસોને પકડવા માટેનું વૉરંટ લઈને હાફિઝાબાદ ગઈ હતી. વૉરંટમાં નહોતાં પકડવાનાં માણસોનાં નામ કે નહોતાં એમનાં વર્ણન. તેમ છતાં પોલીસે એ વૉરંટને આધારે હાફિઝાબાદના ૧૨૧ રહેવાસીઓને પકડયા હતા.

Gandhi Heritage Portal

હરનામસિંહને પોતાના દીકરાનો છુટકારો કરાવવાની લાલચે બસેં રૂપિયાની રુશવતની માગણી સ્વીકારવી પડી; છતાં દીકરાનો છુટકારો ન જ થયો. તે તો પકડાયો, અને શિક્ષા પણ થઈ. (જુબાની નં. ૩૯૭)

હુકમદેવી કહે છે કે એની પાસે લાંચ આપવા માટે પૈસા ન હોવાથી એના છોકરાને જેલ ભોગવવી પડી. (જુબાની નં. ૩૯૮)

રુલ્દુરામ નામના એક વકીલના કારકુનની જુબાની પરથી જોઈ શકાશે કે ખાનગી ટંટાઓનો લાભ લઈને પણ જે લોકોએ લડાઈમાં ભારે સેવા બજાવેલી તેવા આગેવાનોને રંજાડવામાં આવ્યા હતા. પોલીસ ખોટી જુબાની કેવી રીતે તૈયાર કરતા હતા, તેનું પણ એમાં વર્ણન છે. (જુબાની નં. ૪૦૧)

એક વર્તમાનપત્રના ઉપતંત્રી સરદાર દીવાનસિંહ કહે છે :

> સૌથી પહેલાં છ પ્રતિષ્ઠિત લોકોને પકડી, હાથકડી નાખી. કયા ગુના માટે તેમને પકડયા તે એમને કહ્યું નહીં, તેમ બીજી પણ કાંઈ માહિતી આપી નહીં. દોઢ મહિના પછી એમની ઉપર આરોપ ઘડી કાઢવામાં આવ્યા. સરકાર તરફથી ખોટા સાક્ષી ઊભા કરવા માટે લોકોનું તાડન કરવામાં આવતું, અને તેમને બજારની વચ્ચે ભૂંડી ગાળો ભાંડવામાં આવતી. એમના ઉપર સખતાઈનું વર્તન ચાલતું, અને આબરૂદાર માણસોને પોલીસ બધી જાતની હરકતો અને અપમાનોથી રંજાડતી હતી. . . . ખોટા સાક્ષીદારોના સંબંધમાં વાઈસરૉય તથા લેફ્ટનન્ટ ગવર્નર સાહેબોને તાર મૂકવામાં આવ્યા, પણ તેમણે કાંઈ સાંભળ્યું પણ નહીં અને તપાસ પણ કરી નહીં. . . . જ્યારે કર્નલને ખબર પડી કે સરકાર ઉપર આવી રીતના તાર જાય છે, ત્યારે એણે તાર ઉપર પહેરો મૂકયો, અને એવા તાર ન લેવાનો હુકમ કાઢયો. સમરી કોર્ટ માર્શલે એક જ દહાડામાં બધા હાફિઝાબાદના મુકદ્દમાનો નિકાલ આણ્યો. . . . હાફિઝાબાદના કેસમાં મોટા જમીનદારો, રૈસ લોકો, શરાફો, વકીલો અને બીજા આબરૂદાર માણસો પકડાયા હતા; ભર રસ્તાઓમાંથી તેમને કૂચ કરાવવામાં આવતી અને ખસૂસ તેમનું અપમાન કરવામાં આવતું. (જુબાની નં ૩૮૮)

કર્નલ ઓબ્રાયને લશ્કરમાં ભરતી કરાવવામાં તથા લશ્કરી કાયદા તળે મુકદ્દમાઓ ચલાવવામાં કરેલાં જબરાં કૃત્યોનું લાલા રૂપચંદ ચોપડાએ આબેહૂબ વર્ણન કર્યું છે. એ સાહેબને થયેલું કામ સંતોષકારક ન લાગવાથી, — એટલે કે તા. ૩૦મી એપ્રિલ સુધીમાં પૂરતા માણસો પકડાયેલા ન લાગવાથી, કેટલાક જૂના અમલદારોને બદલીને પોતાના ચૂંટેલા નવા માણસોને તેમની જગ્યાએ ગોઠવી દીધા. ૩૦મી એપ્રિલે સાંજે ગામમાં ઢોલ વગડાવી ઢંઢેરો કાઢયો કે બીજે દિવસે સવારે દરેક ફેંટાવાળા માણસે આવીને તહસીલ કચેરીમાં હાજર થવું, નહીં તો એને ગોળીથી ઠાર કરવામાં આવશે. આ નવા કારભારમાં લોકોને આખો દહાડો ખુલ્લામાં બેસાડી રાખવામાં આવતા હતા, અને એ જ પદ્ધતિ રોજ ચાલુ રાખવામાં આવી હતી.

નિશાળમાં જતાં બાળકો માટે બીજી જગ્યાઓના જેવો જ અહીં પણ હુકમ કાઢયો હતો. કેટલાક ગોરા સિપાઈઓ દુકાનોમાંથી પોતાને જોઈતી ચીજો કિંમત આપ્યા વિના ઉપાડી લેતા હતા. આ ભાઈ (લાલા રૂપચંદ) મિ. ઍન્ડ્રૂઝ સાથે ૨૦મી ઑક્ટોબરે ઇન્સ્પેકટરને ઘેર ગયા હતા, અને શિક્ષા રૂપે બેસાડવામાં આવેલી પોલીસે કઢાવેલા પૈસાનો એક કિસ્સો તેમની આગળ વર્ણવ્યો હતો. એને પરિણામે બે કૉન્સ્ટેબલને બરતરફ અને એક હવાલદારને ઉતારી મૂકવામાં આવ્યા હતા. આ ભાઈ છેવટમાં કહે છે કે એણે ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે,

Gandhi Heritage Portal

૧૩ વર્ષ વિલાયતમાં ગાળ્યાં છે, લંડનની ઇન્ડિયન ઍમ્બ્યુલન્સ કોરના એક અમલદાર છે, રાજ-કાજમાં કદી ભાગ લેતા નથી; કેવળ લોકોને થયેલા અન્યાય માટે ઇન્સાફ થાય એ જ ઇચ્છાથી પોતાની સાક્ષી આપવા બહાર પડયા છે. (જુબાની નં. ૩૯૦)

લાલા બેલિરામ કપૂરને પકડી ગોંધવામાં આવ્યા હતા. ૧૨ ફીટ પહોળી અને ૧૫ ફીટ લાંબી ઓરડીમાં એની સાથે બીજા ૨૩ માણસોને પૂરવામાં આવ્યા હતા. ઝાડાપેશાબની હાજતો માટે પણ એ જ ઓરડો એમની પાસે વપરાવતા. છઠ્ઠી જૂન સુધી કાચી જેલના કેદી તરીકે તેમને પકડી રાખ્યા હતા. (જુબાની નં. ૪૦૫)

જંગલ ખાતાનો એક નિવૃત્ત થયેલો હેડકલાર્ક સરદાર મેવાસિંહ — ભરતી કરવામાં થયેલી ક્રૂરતાનું વર્ણન પોતાના હેવાલમાં આપે છે. એને પોતાને જે રીતે પકડયો હતો તેનું વર્ણન નીચે મુજબ છે :

> ૨૧મી એપ્રિલે વૉરંટ વિના મને પકડયો. ૨૧મીએ વૉરંટો તૈયાર કર્યાં અને તે પર ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટની સહી મેળવી. હાફિઝાબાદની ગંદી કાચી જેલમાં મને બે દહાડા પૂરવામાં આવ્યો. ૨૩ માણસોને એક જ ઓરડામાં સીંચવામાં આવ્યા. એમાં ચાર માણસ રાખવાને માટે પણ ભાગ્યે પૂરતી જગ્યા કહેવાય. અમારે દુ:ખદાયક અગવડો ખમવી પડી. ઝાડાપેશાબ માટે પણ હાજત થાય ત્યારે જવા દેવામાં આવતા ન હતા. બહાર લઈ જતા, તો બબ્બે જણ વચ્ચે એકેક હાથકડી નાખીને. કોઈ વાર તો ઝાડે જવા પણ ઓરડામાં જ બેસવું પડતું. ૨૩મી એપ્રિલ, ૧૯૧૯ને દિવસે અમને ગુજરાનવાલાની ડિસ્ટ્રિક્ટ જેલમાં લઈ ગયા. ત્રેવીસ માણસોને એક સાથે સાંકળ્યા હતા. દરેક જણને હાથકડી તો પહેરાવી જ હતી. શસ્ત્રધારી પોલીસના જાપ્તા નીચે અમને લઈ જવામાં આવ્યા હતા. રસ્તામાં પાણી પીવા કે પેશાબ વગેરે કરવાની રજા ન મળતી. હલકા નોકરોની વર્તણૂક તો અસહ્ય જ હતી. ૨૨મી મે, ૧૯૧૯ને દહાડે અમને પાછા હાફિઝાબાદ લઈ ગયા. હાફિઝાબાદ જતાં રસ્તામાં પોલીસે જે અમારા ઉપર કેર વર્તાવ્યો તેનું વર્ણન કરવું અશકય છે. ગુજરાનવાલાની જેલના સુપ-રિન્ટેન્ડેન્ટે અમારામાંથી ૭–૮ જણને પોતપોતાના ઘરનો ખોરાક ખાવા પરવાનગી આપી હતી. જ્યારે ગુજરાનવાલાથી અમને લઈ ગયા ત્યારે ખાવાનું તૈયાર હતું, અને જેલરે પોલીસ સબ-ઇન્સ્પેકટરને અમને ખાવા દેવા કહ્યું, પણ એણે અમને ખાવા દીધું નહીં. આ રીતે અમને આખા દિવસની લાંઘણ થઈ. ૨૯મી મેએ અમને લાહોર લઈ ગયા. પોલીસ પ્રૉસિ-કયૂટરે (ફોજદારી ગુનાના કેસ મૅજિસ્ટ્રેટ સામે ચલાવનાર પોલીસ અમલદારે) અમારો ગુનો નજીવો છે કહી, કાગળિયાં પાછાં મોકલી દીધાં. ૪થી જૂને સાંજે મિ. વેઈસે અમને અમારા સાક્ષીદારોનાં નામ આપવા જણાવ્યું. અમારી વારંવારની માગણી છતાં અમારી સામે શાનો આરોપ છે, તેમ જ અમારી સામે કયા સાક્ષીદાર આવનાર છે તે અમને કહેવામાં આવ્યું નહીં. ૭મી તારીખે અમારી સુનાવણી રાખી હતી, એટલો અમારો બચાવ કરવાને અમારે પૂરતો વખત પણ ન રહ્યો. અમે અમારાં સગાંવહાલાંને ખબર આપી શકયા નહીં, તથા વકીલો પણ રોકી શકયા નહીં. મારો એક સાક્ષીદાર — ડૉ. ઉમરેકસિંહ, આસિસ્ટન્ટ સર્જન, સિમલે હતો, એને (સરકારે) બોલાવ્યો નહીં. ફેરતપાસમાં ડૉ. દોલતરામે કબૂલ કર્યું કે મારે ને એને અદાવત છે. બીજા સરકારી સાક્ષીદારો પોલીસના ધાકથી આવ્યા હતા. મારા સાક્ષીદારો બધા આબરૂદાર માણસો હતા. એમનો પુરાવો એવો હતો કે મારી આંખો દુખતી હોવાથી હું ઘરની બહાર નીકળી શકતો નહીં. હું સાઠની પાર ગયો છું. કોઈ પણ રાજદ્વારી

Gandhi Heritage Portal

સભાઓમાં મેં કદી ભાગ લીધો નથી. ડેપ્યુટી કમિશનર, કર્નલ ઓબ્રાયન સાથે મસલત કરી મિ. વેઈસે મને ૫૦૦ રૂપિયા દંડ કર્યો. દયા માટે મેં કરેલી અરજીનો હજુ કાંઈ નિકાલ આવ્યો નથી. આ સર્વે કારસ્તાનો પોલીસનાં છે. એમની મદદમાં કેટલાક બદમાશોને એ મેળવી શકી હતી. બધા બનાવો એક જ દહાડે એક જ જગ્યાએ થયા હતા. ૧૪મી અને ૧૫મી એમ બે દિવસ તોફાન ચાલ્યું હતું. પહેલે દિવસે પોલીસે લોકોના તોફાનને દાબી દેવા જરાયે પ્રયત્ન ન કર્યો; ઊલટું કાંઈક ઉત્તેજન આપ્યું. બીજે દહાડે થોડાક ખાલી બાર કર્યાથી તોફાન શાંત થઈ ગયું. વધારે પોલીસની કે લશ્કરી મદદની પણ જરૂર ન પડી. જો પહેલે જ દહાડે પોલીસે પોતાની ફરજ બજાવી હોત, તો જે બનાવો થયા તે ન થાત. થોડાએક રૂપિયાનું હાફિઝાબાદમાં નુકસાન થયું હશે; પણ લોકો પાસે દંડ તરીકે રૂ. ૬,૦૦૦ વસૂલ કરવામાં આવ્યા. શિક્ષા તરીકે મૂકેલી પોલીસનો ખર્ચ લોકોને સહન કરવો પડે છે, અને નામદાર શહેનશાહની પ્રજાને એ લોકો બહુ ત્રાસરૂપ છે. (જુબાની નં. ૩૮૯)

ઍંગ્લો-સંસ્કૃત શાળાના મુખ્ય શિક્ષક લાલા રામસહાયને પણ પકડવામાં આવ્યા હતા. એની ગેરહાજરીમાં એના ઘરની ઝડતી લેવાઈ હતી. રાતના ૧૧ વાગતાં સુધી ઝડતી ચાલી. એને ગુજરાનવાલાની જેલમાં લઈ ગયા, અને પખવાડિયા પછી પાછા હાફિઝાબાદ લાવ્યા. એ કહે છે:

અહીં મારા ઉપર સરકારી સાક્ષીદાર થવા દબાણ કરવામાં આવ્યું. પોલીસ ઇન્સ્પેક્ટરે મારા પર કોઈ રીતનું શારીરિક બળ વાપર્યું નહોતું; પણ દરેક જાતનું બીજું દબાણ મારી ઉપર વાપર્યું. એક શિક્ષિત ગૃહસ્થ તરીકે પહેલાં મારાં વખાણ કર્યાં, પછી મને ફાંસીની સજા થાય અને મારી સર્વે મિલકત જપ્ત થાય અથવા મને જન્મ-દેશનિકાલની સજા થાય, એવો ભય બતાવ્યો. પહેલાં મેં કહ્યું કે હું દેશદ્રોહી નહીં થાઉં, ત્યારે એણે મારી સાથે દલીલ કરી મને સમજાવ્યું કે ખરું કહેવામાં દેશદ્રોહ થતો જ નથી. ત્યારે મેં મારા પિતાની અને શાળાના ધર્મશિક્ષણના પંડિતની સલાહ લીધી અને નિશ્ચય કર્યો કે હું જેટલું ખરું હશે તેટલું કહીશ, અને સત્ય વિના બીજું કશું નહીં બોલું. જ્યારે મેં ઇન્સ્પેક્ટરને એ જણાવ્યું, ત્યારે એણે કહ્યું કે મારે સત્ય જ હકીકત જોઈએ છે. પણ જ્યારે મેં મારી હકીકત લખાવી ત્યારે એણે મને કહ્યું કે હું છઠ્ઠી એપ્રિલની શાંત સભામાં બોલનાર હતો તે વાત મારે કહેવી નહીં. એણે એ પણ સૂચવ્યું કે આગેવાનોએ રમખાણોમાં ભાગ લીધો હતો કે નહીં, એવો પ્રશ્ન મને પૂછવામાં આવે તો મારે એવો જવાબ દેવો કે એ હું જાણી શકું નહીં; કારણ કે હું તે વખતે હાજર નહોતો. હું તો તે વખતે પણ માનતો હતો અને હજુયે માનું છું કે આરોપી પૈકી ગુરુ દયાળસિંહ અને લાલા રામસહાય જેવા આગેવાનોએ જરાયે તોફાન કર્યું નહોતું, પણ આ હકીકત હું જણાવી શક્યો નહીં, કારણ કે મારી ઉપર મારી આજુબાજુના દબાણની અસર થઈ હતી. મારી હકીકત જાણી લીધા પછી, મને એમ કહેવામાં આવ્યું કે મારી સામે કોઈ જાતનો પુરાવો ન હોવાથી મને છોડી દેવામાં આવશે, અને સરકારી સાક્ષીદાર તરીકે બોલાવવામાં આવશે. અલબત્ત, હું ખરું કહેવાને તૈયાર હતો જ, અને ખરા સિવાય મેં કાંઈ કહ્યું પણ નથી; માત્ર આરોપીએ કાંઈ રમખાણ કર્યું નહોતું એ હું બોલ્યો નહીં. એ વિષે મને કોઈએ કાંઈ પ્રશ્ન પણ પૂછ્યો ન હતો.

૨૧મી મે, ૧૯૧૯ને દહાડે અમને પાછા હાફિઝાબાદ લાવ્યા. વેશ્યાઓ અને બીજા હલકા માણસો અમને ઓળખવા માટે આવ્યા. આ વખતે સંખ્યા બહુ મોટી હોવાથી કેદખાનાં સાંકડાં પડ્યાં, તેથી અમને એક મોટા ઑફિસના ઓરડામાં રાખ્યા. રાતદિવસ અમને

Gandhi Heritage Portal

હાથકડી રાખવામાં આવતી, અને ટુકડી ટુકડી કરી ઝાડા-પેશાબ માટે લઈ જવામાં આવતા. એકબીજાની નગ્ન દશા જોઈએ એવી રીતે અમારે બેસવું પડતું. બબ્બે જણને એકેક કડી નાખતા, અને એવી જ રીતે પેશાબ વગેરે માટે અમારે બેસવું પડતું. રાત્રે ઉઘાડામાં હાથ-કડી સાથે અમારે સૂઈ રહેવું પડતું.

૨૩મી એપ્રિલ, ૧૯૧૯ને દહાડે મને કર્નલ ઓબ્રાયન આગળ હાજર કર્યો. એણે મારી પાસે રૂ. ૧,૦૦૦ના જામીન માગ્યા. જામીન આપી હું છૂટયો. ચાર દિવસ પછી ડેપ્યુટી કમિશનરે મને પાછો બોલાવી મંગાવ્યો, અને એના બંગલાની બહાર મને કહેવામાં આવ્યું કે હવે મારી ઉપર કોઈ જાતનું બંધન રહ્યું નહોતું (એટલે જામીનથી છૂટો કર્યો હતો). કર્નલ ઓબ્રાયન પછી બહાર આવ્યો અને મને કહ્યું: "તોબા કરો" (જખ મારી એમ કહો). બોલીને અને ભાવ દર્શાવીને મેં તોબા જાહેર કરી, જોકે નિર્દોષ છું એમ હું જાણતો હતો. પછી એણે મને કહ્યું, "તમારી ચોખવટ બતાવી દેજો." એટલે કે સરકાર તરફથી સાક્ષીદાર થઈને.

ઉપર કહ્યા પ્રમાણે, મારા વચન મુજબ હું સરકાર તરફનો સાક્ષીદાર થયો. ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસે મને પાછળથી કહ્યું કે જો હું સરકાર તરફથી સાક્ષીદાર થઈને આવ્યો ન હોત, તો એણે મને પાછો પકડયો હોત. લશ્કરી કાયદો હજુ અમલમાં હતો જ.

સ્ટેશન તેમ જ તહસીલ કચેરી પર થયેલાં તોફાનોમાં આગેવાનોનો જરાયે ભાગ ન હતો એમ હું ખાતરીપૂર્વક માનું છું, એ વાત હું ફરીથી ભાર દઈ કહેવા ઇચ્છું છું. (જુબાની નં. ૪૧૩)

આ જુબાની અમે લંબાણથી આપીએ છીએ તેનું કારણ એ બતાવવાનું છે કે એક સુશિક્ષિત માણસ પર ખોટી જુબાની આપવા કેવું ચાલાકીભર્યું દબાણ મૂકવામાં આવતું હતું, અને કર્નલ ઓબ્રાયન પોતે પણ એ વગવસીલો અને ધમકી વાપરતાં અચકાયો નહોતો. જે અપમાનભરી અને અસભ્ય વર્તણૂક, આબરૂદાર અને ઘણાખરા નિર્દોષ કેદીઓ સાથે ચલાવવામાં આવી હતી, તે પરથી અમલદારોનો ચળવળોને દાબી દેવાની કામનામાં કેટલી હદ સુધી અધ:પાત થયો હતો તે જોઈ શકાશે.

## ૧૨. સાંગલા હિલ

સાંગલા હિલ એક નવું ગામ કહી શકાય. લાહોરથી લાયલપુરને રસ્તે, લાહોરથી ૬૨ માઈલ દૂર એનું સ્ટેશન આવે છે. ત્યાંની વસ્તી ૪,૦૦૦ની છે. મિ. ગાંધીને પકડવાને સબબે ૧૨મી એપ્રિલે ત્યાં હડતાળ પડી. મિ. બૉઝવર્થ સ્મિથના[1] મત પ્રમાણે

> હડતાળ માટે થયેલી સભાની કેટલી અસર થઈ હતી, તે એકદમ જાણી શકાતું નહોતું. ૧૩મીએ વૈશાખી મેળો શાંતિથી પાર પડયો. . . . ૧૫મીએ સાંગલા અને સલાંવાલાની વચ્ચેના તાર તોડવામાં આવ્યા. ૧૬મીએ એક શીખ, બીજા કેટલાક શીખો અને ગામના પુષ્કળ માણસોને લઈને સાંગલા સ્ટેશનમાં પૂરેલા એક લશ્કરી કેદીને જબરદસ્તીથી છોડાવી ગયો. એ કેદી હિંદી હતો. એ જ દિવસે (૧૫મીએ) સાંજે કેટલાક માણસોએ ટેલિગ્રાફ ઇન્સ્પેકટર મિ. વેલ્સ પર ખૂની હુમલો કર્યો હતો.

૧. ગુજરાનવાલાના જૉઇન્ટ ડેપ્યુટી કમિશનર, માર્શલ લૉ અધિકારીઓમાંના એક.

Gandhi Heritage Portal

આ વૃત્તાન્ત તદ્દન અતિશયોક્તિભર્યું છે. અમારી આગળ આવેલા પુરાવા પરથી સાબિત થાય છે કે જે શીખ લશ્કરી કેદીને છોડાવી ગયો તે ગાંડોતૂર થયેલો હતો, અને તેની પાછળ લોકોનું ટોળું ન હતું. એ કેવળ ખાનગી તકરાર હતી. મિ. વેલ્સ ઉપર ખૂની હુમલો કદી થયો ન હતો, અને એને ગંભીર ઈજા પણ થઈ ન હતી. અમારી પાસેના પુરાવા પરથી ચોખ્ખું માલૂમ પડે છે કે સાંગલાના લોકો કોઈના પર હલ્લો કરવામાં કે મિલકતને કોઈ તરેહનું નુકસાન કરવામાં સામેલ ન હતા. તોપણ ૧૯મી તારીખે લશ્કરી કાયદો જાહેર કરવામાં આવ્યો. ડેપ્યુટી કમિશનર સાંગલા ગયો, અને તે દિવસે માત્ર પાછી હડતાળ પાડવા સામે ચેતવણી આપી. પણ, ૨૨મીએ કેટલાક ગોરા સિપાઈઓને લઈને એક અમલદાર આવ્યો, ૧૧ આગેવાનોને પકડયા અને કેટલાક કલાક પછી છોડી મૂકયા. ૨૬મીએ પાછી ધરપકડ શરૂ થઈ. પાછા ૨૯મીએ એમને છોડી મૂકયા. પણ ૧૨મી મેએ એક લશ્કરી કવાયત કરવામાં આવી, અને ટેકરી પરથી ગોળીબાર કરવામાં આવ્યા. લોકોમાં ત્રાસ બેસાડવાને જ આ થયું હશે. લૉર્ડ હંટરની કમિટી આગળ એ ટુકડીના કપ્તાન યુવિંગે કહ્યું હતું કે "મશીનગન અને લ્યુઈગનથી લોકોના મોટા ટોળા આગળ કવાયત કરવામાં આવી હતી." એ જ દિવસે ૧૩ આગેવાનોને પકડયા, હાથકડી પહેરાવી, અને અપમાનભરી રીતે એમની કૂચ કરાવી. ૧૩મી મેએ બીજા ૬૪ માણસોને પકડ-વામાં આવ્યા. શરમની વાત એ હતી કે એ લોકોની પાઘડીથી એમને જ બાંધ્યા, અને થાણામાં લઈ ગયા. કેટલાક દિવસ સુધી લોકોની હાજરી લેવાતી. ૧૪મીએ બીજા ૪૭ માણસોને પકડયા. અને ૧૮મીએ મિ. બૉઝવર્થ સ્મિથે પકડેલા માણસોને કહ્યું કે જો એ લોકો રૂ. ૫૦,૦૦૦નો દંડ ભરે તો એમને છોડી દેવામાં આવે. મિ. બૉઝવર્થ સ્મિથ કબૂલ કરે છે કે એ સાંગલા ગામ પર ૫૦,૦૦૦નો દંડ નાખવા માગતો હતો, પણ છુટકારાની એ શરત એણે કરી હતી એ વાતનો ઈનકાર કરે છે. તોપણ આટલી વાત તો ખરી જ છે કે ૧૯મી મેએ ૧૨૪માંથી ૧૧૬ માણસોને છોડવામાં આવ્યા હતા. લોકો જણાવે છે કે પકડાયેલા માણસો સિવાયના બીજા કેટલાકોએ પચાસ હજારનો દંડ ભરવા કબૂલ કર્યું, તેને પરિણામે આ છુટકારો થયો. જે આઠને છોડયા નહીં, તેમના પર ૧લી જૂને કામ ચાલ્યું, અને તદ્દન અપૂર્ણ સાક્ષી પર આધાર મૂકી દરેકને છ છ મહિનાની કેદ અને સો સો રૂપિયાનો દંડ કરવામાં આવ્યો.

બહુ જ નજીવા બહાના પર લોકોને ફટકાવવામાં આવતા. સાધારણ રીતે કોઈ જાતની દાક્તરી તપાસ કરવામાં આવતી નહોતી. એ તો સરકારે કબૂલ જ કર્યું છે. દુકાનોમાંથી કિંમત આપ્યા વિના વસ્તુઓ લઈ લેવામાં આવતી. આબરૂદાર લોકોને અમલદારોના પંખા ખેંચવા બોલાવવામાં આવતા, અને વારંવાર તડકામાં ઊભા રાખવામાં આવતા. શાળાના વિદ્યાર્થીઓને — નાનાં બાળ-કોને પણ — રોજ હાજરી આપવા જવું પડતું. એમને તડકામાં ઊભા કરી બોલાવતા : "સાહેબ, અમે કોઈ ગુનો કર્યો નથી, અને કદી કરીશું નહીં." આ હાજરીનું કામ એટલું સખત હતું કે મિ. બાલમુકુંદ એના નાના ૭ વર્ષના ભત્રીજા માટે પણ માફી ન મેળવી શકયા. "છોકરાઓને હાજરીમાંથી મુક્ત કરાવવા એણે બહુ પ્રયત્ન કર્યો પણ સર્વ વ્યર્થ ગયો. એ બચ્ચા જેવો છોકરો ત્રણ દિવસ નિયમિત રીતે હાજર થયો. પાંચમે દહાડે એ પાછો ફર્યો ત્યારે પરસેવાથી નાહી ગયો હતો. એ પડી ગયો અને ઓકવા લાગ્યો. સાંગલાના ડૉ. જ્ઞાનચંદને બોલાવ્યો, પણ તે વ્યર્થ ગયું. એક લશ્કરી ડૉક્ટર ત્યાં હતો તેને બોલાવ્યો, પણ એ સુધ્ધાં કાંઈ કરી શકયો નહીં. ૭મી મેને દિવસે એ છોકરાનો કાળ થયો." હાજરી માટે રોજ દિવસના ૪ વાર આવવું પડતું.

Gandhi Heritage Portal

વસંતરામ બીજા ૨૫ માણસો સાથે ૧૯મી મેને દહાડે પકડાયો; કાંઈ પણ જુબાની લીધા વિના ૨૨મીએ એ બધાને છોડી મૂક્યા. એ કહે છે:

પકડયા હતા તે વખતમાં અમે પોલીસને કાંઈ ખવડાવીએ નહીં તો ઝાડા-પેશાબ માટે પણ જવા દેતા ન હતા. આટલા માટે જ અમારે એને રોજ બે રૂપિયા આપવા પડતા હતા.

૨૩મી મેએ એને પાછો બોલાવવામાં આવ્યો, અને થાણેદારે (સબ-ઈન્સ્પેક્ટર — ફોજદારે) એને કહ્યું કે સાક્ષી આપવા જો એ હજુ કબૂલ નહીં થાય, તો ત્યાં ને ત્યાં એને ધડો શીખવવો પડશે. એ આગળ કહે છે:

એ મને બજારમાં જોરથી મારવા લાગ્યો, અને બજારમાં થઈને થાણા સુધી ઘસડી ગયો. (જુબાની નં. ૩૬૬ અને ૩૬૮)

સોહનમલને ત્યાંથી પૈસા વિના કેટલાક મણ બરફ લશ્કર માટે લઈ જવામાં આવ્યો હતો. (જુબાની નં. ૩૬૯)

એક વિદ્યાર્થી હરિશ્ચંદ્રે સલામ કર્યા છતાં, એને લશ્કરી સિપાઈએ ખડો કર્યો. એણે કાંઈ પણ સાંભળ્યા વિના એના પગ, બાહુ અને વાંસા પર ૫-૬ સોટીઓ લગાવી દીધી. એ કહે છે:

લશ્કરના ઉપરીએ (કમાન્ડિંગ ઑફિસરે) ગુસ્સાથી ચામડાની ચાબુક મારા શરીર ઉપર મારી; એ મારા પગ પર વીંટળાઈ ગઈ. પછી પાછી ખેંચી લઈને એ લોકો ચાલ્યા ગયા. (જુબાની નં. ૩૭૦)

સરદારસિંહ પર ખોટી જુબાની આપવા માટે દબાણ થયું. એણે ના પાડી, એથી એને પકડીને ૪ દિવસ પૂરી દેવામાં આવ્યો. એ કહે છે:

મ્યુનિસિપલ કમિટીના સભાસદો કેદખાનામાં આવીને અમને કહેતા કે તમારે છૂટવું હોય તો ખોટી જુબાની આપો.

આ માણસ બીજા ૯૭ સાથે કાચી જેલમાં હતો. (જુબાની નં. ૩૭૧)

લક્ષ્મણદાસ એક સરાઈનો (ધર્મશાળા—મુસાફરખાનું) કંટ્રાક્ટર હતો. લશ્કરી કાયદા દરમિયાન એનો કબજો લશ્કરે લીધો, અને પોતાની ઑફિસ ત્યાં કરી. કોઈ મુસાફરને તેમાં રહેવાનો હક્ક ન રહ્યો. એને એક માસનું સરાઈનું ભાડું રૂ. ૭૫ તથા માણસોનો પગાર રૂ. ૩૦ પોતાના ગજવામાંથી કાઢવો પડયો. એને દર મહિને રૂ. ૧૫૦નું નુકસાન થયું. અમલદારો એમાં બે મહિના પડી રહ્યા. એને દુકાનમાં રાતદહાડો રહેવું પડતું હતું, કારણ કે બધી વસ્તુ એને જ આપવી પડતી. એક રાત્રે એક અમલદારનો નોકર એને ત્યાં આવ્યો અને એકસ્ટ્રા આસિસ્ટન્ટ કમિશનર તથા પોલીસ ઈન્સ્પેક્ટર માટે દૂધ માગ્યું. એથી એને દીવો સળગાવવો પડયો. આનો અર્થ એવો થયો કે લશ્કરી કાયદાનો ભંગ થયો. (રાત્રે ૭ કે ૮ વાગ્યા પછી દીવા સળગાવવા નહીં એવો હુકમ હતો તેથી) એને અને એના સાથીદારને પકડવામાં આવ્યા. એણે કહ્યું કે જો દૂધ ન આપત તો પણ ગુનો લેખાત; અને દીવો સળગાવ્યા વિના હું કેવી રીતે દૂધ આપી શકું વારુ? પણ અમલદારોએ એને દર્શાવેલું કારણ સાંભળ્યું જ નહીં. એટલામાં એનો મોટો ભાઈ પડોશમાંથી શું થયું તે જોવાને ત્યાં આવ્યો, એટલે એને પણ પકડયો. બધાને બે દિવસ જાપ્તામાં રાખી જામીન લઈ છોડી મૂક્યા. પાંચ દિવસ પછી એમને થાણા પર બોલાવીને દરેકને ૫૦ રૂપિયા દંડ કર્યો અને પાંચ ફટકાની સજા કરી.

Gandhi Heritage Portal

દાક્તરે લક્ષ્મણદાસને ફટકા ખાવા અશક્ત જણાવ્યો, તેથી એનો દંડ બેવડો કરવામાં આવ્યો. (જુબાની નં. ૩૭૨)

શ્યામદાસ બંધનમાં હતો ત્યારે એને તડકામાં ઊભો રાખ્યો અને પાણી પીવાની મનાઈ કરી. એ માંદો પડ્યો, પણ કોઈ દાક્તરે એને તપાસ્યો નહીં. નવ દિવસે એને છોડી દીધો. એ કહે છે, "શું કામ મને પકડ્યો હતો, તે આજે પણ હું જાણતો નથી." (જુબાની નં. ૩૭૩)

અમલદારોએ નિહાલચંદ નામના એક માણસના ભત્રીજાને બોલાવવા હુકમ કર્યો. ભત્રીજો ગામમાં ન હતો, માટે કાકાને પકડ્યો. બીજાઓની માફક એને પણ તડકામાં ઊભો કર્યો. એ કહે છે:

> મારી વૃદ્ધાવસ્થાને લીધે અને સખત ગરમીને લીધે હું ત્રણ વાર બેભાન થઈ પડી ગયો. ૪-૫ દિવસ પછી કાંઈ પણ ખુલાસા વિના મને છોડ્યો. (જુબાની નં. ૩૭૪)

જાનમહમદ પટોળી કહે છે કે અમને રોજરોજ ઊભા કરવામાં આવતા હતા, તે દરમિયાન અમને ખાવાનું કે પીવાનું કશું મળી શકતું નહીં. એ પણ ઉપલા માણસની માફક ગરમીથી બેભાન થયો હતો. એને ૧૦મે દહાડે છોડ્યો. જ્યારે એણે પોતાની દુકાન ઉઘાડી ત્યારે સિપાઈઓ એની દુકાનમાં પેસી ગયા, અને માલ ઉડાવવા લાગ્યા. એણે બિલ મોકલ્યું, પણ પૈસા મળ્યા નથી. (જુબાની નં. ૩૭૫)

સોહનલાલ અને બીજા બે જણે મળીને ભેગી જુબાની લખાવી છે. એ ત્રણે સાંગલા હિલના આબરૂદાર ગૃહસ્થો છે. એ કહે છે કે સબ-ડિવિઝનલ ઑફિસર, રાય શ્રીરામ, સાંગલામાં ૧૮મી તારીખે આવ્યો. એ લોકોને મળ્યો, પણ કોઈને પકડ્યા વિના ચાલ્યો ગયો. ૧૯મીએ કર્નલ ઓબ્રાયન સાંગલા હિલ ગયો. એ પણ લોકોને મળ્યો અને બોલ્યો, તમારી હડતાળ માટે તમને માફ કરું છું. ધરપકડ છેક ૨૨મી એપ્રિલે શરૂ થઈ. (જુબાની નં. ૩૭૬)

સાંગલા હિલમાં થયેલાં તોફાનો વિષે મિ. બૉઝવર્થ સ્મિથ કહે છે તે ખરું હોત તો આ મોટા અમલદારો કોઈને પકડ્યા વિના જાત નહીં. એ પરથી એ જ ફલિત થાય છે કે સાંગલામાં તો મિ. બૉઝવર્થ સ્મિથે જ બાજી બદલી નાખી, પકડવાનું શરૂ કર્યું, અને ખાનગી ગુનાઓને લોકોનાં રમખાણ ઠરાવ્યાં. સાંગલા આગળ તારનાં દોરડાં કપાયાં એ વાત ખરી છે. સાંગલાથી થોડે દૂર આવેલા મોમન સ્ટેશનને પણ બાળવામાં અને લૂંટવામાં આવ્યું હતું; પણ સાંગલાના લોકોનો જ એ સ્ટેશનને બાળવા-લૂંટવામાં અને તાર કાપવામાં હાથ હતો એમ સિદ્ધ થાય નહીં ત્યાં સુધી ત્યાંના લોકોને એ કામ માટે જોખમદાર ગણી શકાય નહીં.

આ ત્રણ સાક્ષીદારોએ બીજા જે માણસોને પકડ્યા હતા, તેનાં નામનિશાન સાથે વૃત્તાંત કહ્યાં છે. સાંગલામાં લશ્કરી કાયદાનો જે રીતે અમલ થયો, તેનું વર્ણન કરતી વખતે અમે એ ધરપકડની વાત જણાવી જ છે. ખોટો પુરાવો કેવી રીતે તૈયાર કરવામાં આવતો હતો, તે વિષેનો એનો ઉલ્લેખ ફરીથી ટાંકવા જેવો છે:

> ૧૧મી મેએ સખત રીતે ધમકાવી, મારી, તડકામાં ઊભા કરી, પોલીસે ૨૯ માણસોને સરકાર તરફથી સાક્ષી આપવા કબુલાવ્યું. આ સંખ્યામાં દશ વર્ષની અંદરનાં બાળકો અને ૧૪ રેલવે નોકરો પણ આવી જાય છે. આ પૈકી એક પ્રેમસિંહ બજાજ કરીને હતો. તેને અગાઉ જોરજુલમથી મનુષ્ય-હરણ કરવા માટે સાડા ત્રણ વર્ષની સજા થયેલી હતી. (જુબાની નં. ૩૭૬)

ડૉ. કરમસિંહ નંદાએ તેને પોતાને અને બીજાઓને ઓળખાણને માટે રોજ તડકામાં ખાધા-પીધા વિના ઊભા રહેવું પડતું હતું, તેનું વર્ણન કર્યું છે. એ કહે છે કે ઘણા લોકો બેભાન થતા

Gandhi Heritage Portal

હતા, અને તાપથી એની તબિયત એટલી બગડી કે બે મહિના એ પથારીવશ રહ્યો. એ કહે છે કે ૧૨મીએ એ સાંગલામાં હતો, એવી એક જણે એને માટે ઓળખાણ આપી; ખરું જોતાં, એ તે દિવસે ગુજરાનવાલાના એક કેસમાં સાક્ષી આપવા ગયો હતો. એ પણ કહે છે કે પકડેલા ૧૮૦ માણસોને ૯ દિવસ સુધી ગોંધી, છુટકારા માટે ૫૦,૦૦૦ રૂપિયા આપવા કહેવામાં આવ્યું હતું. (જુબાની નં. ૩૮૦)

કુન્દનલાલ નામે કમિશન એજન્ટ, ગોરા સિપાઈઓ પૈસા આપ્યા વિના માલ ઉઠાવી જતા તેની હકીકત આપે છે. (જુબાની નં. ૩૮૧)

## ૧૩. મોમન

સાંગલાથી ૬ માઈલ દૂર, લાહોર તરફ મોમન એક રેલવે સ્ટેશન છે. એ સ્ટેશનની આજુબાજુનાં ગામડાંઓમાંના કેટલાક માણસોએ સ્ટેશન બાળી નાખ્યું અને લૂંટયું એ તો ખરું જ છે. એ ઉદ્ધતાઈનું કશું પણ કારણ નહોતું. સ્ટેશનની પાસેનાં જ ગામડાંના માણસોનું એ કામ હતું કે બહારના લોકોનું એ ચોક્કસ કહી શકાતું નથી. ગમે તેમ હોય, પણ એ માટે લોકોને શિક્ષા કરવા માટે અમલદારોએ જે આપખુદ પગલાં ભર્યાં તે તો તદ્દન અઘટિત હતાં. મોમનની ઘણી જુબાનીઓ અમે અત્રે ટાંકી નથી, કારણ કે એ સાંગલાના એક ભાગ જેવું જ છે, અને જેવો જુલમ સાંગલામાં થયો, તેવો જ અહીં પણ થયો હતો.

## ૧૪. મનિયાંવાલા અને આજુબાજુનાં ગામો

ધબનસિંહ સ્ટેશનની પાસે આ એક નાનું ગામડું છે. એની વસ્તી ભાગ્યે ૫૦૦ની હશે. આ સ્ટેશનને આજુબાજુનાં ગામડાંના લોકોએ તા. ૧૬મીએ બાળીને લૂંટયું હતું. લોકોએ અમૃતસરમાં બનેલા બનાવોનો અતિશયોક્તિભર્યો હેવાલ સાંભળ્યો હતો, અને આથી આટલે સુધી તોફાન કરવા ઉશ્કેરાઈ ગયા હતા. એક સાક્ષીદાર ખરું જ કહે છે કે વેરની વસૂલાત કરવા જે કાર્યની શરૂઆત થઈ, તેની લૂંટમાં આખર આવી.

ગામડિયાઓનું કૃત્ય તો ખોટું હતું જ, પણ એનો બદલો વાળવા જે અમલદારોએ કર્યું તે તો ઘાતકી અને નિર્લજ્જતાની હદે પહોંચ્યું હતું. ૧૯મી તારીખે એક લશ્કરી ટુકડી ધબનસિંહ સ્ટેશને આવી પહોંચી. મનિયાંવાલા તરફ બંદૂકો તાકીને કેટલાક ગોરા સિપાઈઓ ઊતર્યા, અને બંદૂક ફોડતા ફોડતા આગળ ચાલવા લાગ્યા. એક માણસ ખચીત જ ઠાર થયો, અને કેટલાક ઘાયલ થયા. એમાંનો એક તો જન્મ સુધી અપંગ અને કાંઈ પણ કામ કરવાને અશક્ત થયો છે. આ ગોળીબાર કરવાને કશુંયે કારણ જણાયું નથી. ગોળીના અવાજો સાંભળી સ્ત્રીઓ ઘરમાંથી નાસવા લાગી. એમાંની કેટલીકને તો છેક છેલ્લા દહાડા જતા હતા. ગામનો વસાવનાર અને ૩૦ વર્ષ સુધી લંબરદારીની જગા ભોગવેલી એવો સરદાર અત્તરસિંહ મરતાં મરતાં બચી ગયો. એના ઘરની ઝડતી લેવાઈ, કબાટો ભાંગવામાં આવ્યાં, અને પૈસા ને બીજી વસ્તુઓ ચોરવામાં આવી. અત્તરસિંહની ઉંમર ૧૧૫ વર્ષની કહેવાય છે; સોની ઉપર તો છે જ. એ ફરવાહરવા અશક્ત છે અને પોતાના પાછલા દિવસો એક ખાટલા પર બેસી રહી ગાળે છે. એને અને ઇંદ્રસિંહને પકડયા. એ ચાલવાને અશક્ત હોવાથી એને એક ઘોડા ઉપર બેસાડયો. બન્નેને સ્ટેશન પર લઈ ગયા, અને લોખંડના એક માલગાડીના ડબ્બાનું કામચલાઉ કેદખાનું કરી તેમાં પૂર્યા. કેટલાક દિવસ સુધી ત્યાં જ એ પુરાયા. આ ડબ્બો તદ્દન લોખંડનો હોવાથી એપ્રિલના ઉનાળામાં

Gandhi Heritage Portal

એટલો તપી જતો કે અંદર બેસવું અસહ્ય થતું; પણ આ રીતે એને અને બીજા ગામડિયાઓને કેટલાક દિવસ ખાધાપીધા વિના ગાળવા પડયા. (જુબાની નં. ૫૭૭)

થોડા દહાડા પછી મિ. બૉઝવર્થ સ્મિથ કેટલાક ગોરા સિપાઈઓને લઈને અનેક વાર ત્યાં આવી ગયો. એમ. એ. હોઈ અગાઉ જેઓ એક પ્રોફેસર હતા, અને હાલ બૅરિસ્ટર છે એવા શ્રીયુત લાભસિંગને અમે મનિયાંવાલાની ચોંકાવનારી હકીકતોમાં ખરું શું છે તેની તપાસ કરવા મોકલ્યા હતા. એમણે આણેલી જુબાની અમારા દફતરના ભાગ તરીકે જ અમે છાપી છે. સાક્ષીદાર તેજસિંહે આ પ્રમાણે એમની આગળ જુબાની આપી હતી:

> પોલીસના હુકમથી બધા લોકો સાહેબને બંગલે ગયા હતા. હું ત્યાં જવા ઊપડયો ન હતો, એટલામાં મારી સમક્ષ મિ. બૉઝવર્થ સ્મિથે મુનશી નવાબદીન અને લહનાસિંહને સખત માર માર્યો. એણે મને કહ્યું કે ભાઈ મૂળસિંહે સરકાર સામે ભાષણ કર્યું હતું એવી જુબાની આપો. મને એક સિપાઈને સોંપી એને બંગલે લઈ જવા કહ્યું, અને પછી મિ. બૉઝવર્થ સ્મિથ સ્ત્રીઓ તરફ વળ્યો. એમને ગાળો દઈ, એમના બુરખા ઉઘાડી નાખ્યા; અને "મખ્ખી, કુત્તી, ગધ્ધી," અને એથીયે વિશેષ બીભત્સ ગાળો દીધી. એ બોલ્યો, "તમારા ઘાઘરા પોલીસના સિપાઈઓ તપાસશે. તમે તમારા ધણીની સાથે સૂતી હતી, ત્યારે એમને ઊઠીને જવા કેમ દીધા?" વળી એ સ્ત્રીઓ ઉપર થૂંકયો પણ હતો. (જુબાની નં. ૫૮૦)

મંગળ જાટની વૃદ્ધ વિધવા ગુરુદેવીએ ભાઈ લાભસિંહ આગળ કહ્યું:

> લશ્કરી કાયદા દરમિયાન એક દિવસ જ્યારે બધા ૮ વર્ષની ઉપરના પુરુષો કેટલાક માઈલ દૂર મિ. બૉઝવર્થ સ્મિથને બંગલે રમખાણોની તપાસના સંબંધમાં ગયા હતા, ત્યારે એ અમારા ગામમાં ઘોડે ચઢીને આવ્યો. રસ્તામાંથી બંગલા પર પોતાના ધણીઓ માટે ખોરાક લઈ જતી સર્વે સ્ત્રીઓને એણે પાછી ફેરવી. ગામમાં આવી એ ગલીએ ગલીએ ફરી વળ્યો ને સ્ત્રીઓને ઘરબહાર નીકળવા હુકમ કર્યો. કેટલીકને લાકડીએ લાકડીએ પોતે બહાર કાઢી. બધી સ્ત્રીઓને એણે ચોરા આગળ ઊભી કરી. સ્ત્રીઓ અદબ વાળી ઊભી રહી. એણે કેટલીકને લાકડીએ ફટકાવી, અને અતિશય બીભત્સ ગાળો ભાંડી. એમના ઉપર થૂંકવા લાગ્યો. બે વાર મને મારી અને મારા મોઢા પર થૂંકયો. જબરદસ્તીથી બધી સ્ત્રીઓના બુરખાને લાકડીથી ખસેડી નાખી, મોઢાં ખુલ્લાં કર્યાં. "ગધ્ધી, કુત્તી, મખ્ખી" અને "સુવ્વર" કહીને જ બોલવા લાગ્યો, અને કહ્યું, "તમે તમારા ધણી સાથે સૂતી હતી, ત્યારે તોફાન કરવા તમે કેમ એમને જવા દીધા? હવે તમારા ઘાઘરા પોલીસના સિપાઈઓ તપાસશે." મને એણે એક લાત પણ મારી, અને મારી પાસે બે પગ વચ્ચેથી મારા હાથ કઢાવી મારા કાન પકડાવ્યા. (જુબાની નં. ૫૮૨)

આ હકીકતને મનિયાંવાલાની બીજી સ્ત્રીઓ તરફથી આધાર મળે છે.

નવાબદીન સરકારી શાળાનો શિક્ષક છે. એ કહે છે કે મૂળસિંહે સરકાર વિરુદ્ધ ભાષણ કર્યું હતું, એવી જુબાની આપવા મિ. બૉઝવર્થ સ્મિથે એને દબાણ કર્યું:

> જ્યારે મેં કહ્યું કે એ વાત ખોટી છે ત્યારે એ મને લાકડીએ લાકડીએ મારવા લાગ્યો, અને એટલા બધા વખત સુધી અને એટલી ક્રૂરતાથી મને માર્યો કે મારના ડાઘ મારા કાંડા અને ઘૂંટી પર ઘણા દિવસ સુધી દેખાતા હતા. એણે મને કહ્યું કે તું સરકારી નોકર છે માટે તારે સરકાર તરફથી સાક્ષી આપવી જોઈએ. કેટલોક વખત સુધી માર ચાલુ

Gandhi Heritage Portal

રાખીને એણે એક સિપાઈને મને બંગલે જઈ જવા હુકમ કર્યો. (જુબાની નં. ૫૭૮)

લહનાસિંહ નામે એક જણના પણ એવા જ હાલ કર્યા:

જેવા અમે બંગલા તરફ વળ્યા, કે તુરત સાહેબ સ્ત્રીઓ તરફ વળ્યો. સ્ત્રીઓના રડવાનો અવાજ અમે જતાં જતાં સાંભળી શકતા હતા. (જુબાની નં. ૫૭૯)

અમે આ બનાવોને કંઈક લંબાણથી વર્ણવ્યા છે કારણ કે અમને લાગે છે કે મિ. બૉઝવર્થ સ્મિથ જેવી રીતે વર્તેલો જતાય છે, તેવી વર્તણૂક જે આચરી શકે એવો કોઈ પણ અમલદાર એક સુધરેલા રાજ્યતંત્રમાં જવાબદારીનું સ્થાન ભોગવવાને, તેમ જ લશ્કરી પોશાક પહેરવાને તદ્દન નાલાયક છે.

મનિયાંવાલાના તોફાનના સંબંધમાં બીજી કેફિયતો ઉપરથી જણાય છે કે લગભગ ૮૦ ગામડિયાને પકડીને ખૂબ અડચણ કરવામાં આવી હતી; નજરકેદ દરમિયાન તેમને સરકાર ખોરાક આપવા બંધાયેલી હતી, છતાં ખોરાક માટે એમની પાસેથી પૈસા લેવામાં આવ્યા હતા; જુદી જુદી ધમકી આપી એમને ખોટી સાક્ષી આપવા દબાણ કરવામાં આવ્યું, તેમ જ કેવી રીતે ફટકાની શિક્ષાનો અમલ થતો, મિ. બૉઝવર્થ સ્મિથ કેવી રીતે કેસો ચલાવતો, અને કેવા પુરાવા ઉપરથી માર્શલ લૉ અદાલતોએ ફેંસલા આપ્યા, અને કેટલાકને જન્મદેશનિકાલની સજા કરી એ બધું જણાય છે. સદ્‌ભાગ્યે સજાઓ ઓછી કરવામાં આવી અને બાદશાહી ઢંઢેરા અનુસાર આ માણસોને છોડી મૂકવામાં આવ્યા. પણ આવી રીતે છોડી મૂકવાથી ગામડાના લોકોને થયેલા ગંભીર અન્યાયનો બદલો વળી રહે એમ નથી; કારણ કે આ આખું ગામ નહીં તો તેનો મોટો ભાગ તદ્દન નિર્દોષ હતો એમ જણાય છે. આ ગામડા ઉપર સજાને માટે વધારે પોલીસ મૂકવામાં આવી છે અને મિ. બૉઝવર્થ સ્મિથે તેમની પાસેથી નુકસાનીની ભારે રકમ લેવાનું ઠરાવ્યું હતું. પણ પછીથી તે કમી કરવામાં આવી હતી.

મનિયાંવાલાનાં જંગલી કૃત્યોની તપાસ પૂરી કર્યા પહેલાં અમારે કહેવું જોઈએ કે કૉંગ્રેસ સબ-કમિટી તરફથી મિ. સી. એફ. ઍન્ડ્રૂઝ આ જગ્યાએ પોતે જઈ આવ્યા હતા[1] અને ઉપર જણાવેલાં અમાનુષી કૃત્યોની હકીકતનો પુરાવો તેમણે આણ્યો હતો.

## ૧૫. નવાં પિંડ (ચક નં. ૭૮)

આ પણ ખાંગા ડોગ્રાંના તહસીલમાં ઘણું નાનું ગામડું છે. તે મનિયાંવાલાથી પણ વધારે નાનું છે. આ પણ રેલવે સ્ટેશનથી એટલે ડભાનસિંહથી નજીક છે, અને તેથી ખરી રીતે જોતાં મનિયાંવાલાના જેવી જ તેની પણ વલે થઈ. માત્ર ફેર એટલો રહ્યો કે મનિયાંવાલાની સ્ત્રીઓ તરફ જે શરમભરેલી વર્તણૂક ચલાવવામાં આવી હતી તેમાંથી આ ગામની સ્ત્રીઓ બચી ગઈ હતી. ડભાનસિંહના સ્ટેશનની આગમાં આ ગામના કેટલાએક લોકોએ ભાગ લીધો હશે તે બનવા જોગ હતું, પણ તેથી આખા ગામ પર વેર લઈ ક્રૂર સજા કરવી એ કોઈ પણ રીતે વાજબી ગણાય નહીં. છતાં જે લગભગ ૪૦ સાક્ષીઓએ એક જ અને એકસરખા બનાવો વિષે કહ્યું તેમાંથી અમે પસંદ કરેલી જુબાનીઓ ઉપરથી જણાય છે કે મનિયાંવાલાના લોકો પ્રત્યે જે વર્તન થયું હતું તેવું જ નવાં પિંડના લોકો પ્રત્યે પણ થયું.

ખુશાલસિંહ કહે છે કે રેલવે સ્ટેશન સળગી ગયા પછીને દિવસે આસપાસનાં ગામોના લોકો સ્ટેશને ભેગા થયા હતા. તેમાં નવાં પિંડના લોકો પણ હતા. ડિસ્ટ્રિક્ટ બોર્ડના સભ્યની

૧. ૧૯૧૯ના નવેમ્બરમાં, આફ્રિકા જતાં પહેલાં.

Gandhi Heritage Portal

જગાને માટે ચૂંટણી કરવા તહસીલદાર ત્યાં આવ્યો હતો અને લોકો આવ્યા એટલે ટિકિટ ઑફિસને આગ લાગી. મત આપીને લોકો ચાલ્યા ગયા. તહસીલદાર ઘણાખરા મત આપનારને ઓળખતો હોવો જોઈએ અને તેમ છતાં તેમાંના ઘણાઓને સ્ટેશન બાળવાના સંબંધમાં પકડવામાં આવ્યા હતા. આ સાક્ષી કહે છે કે આગ પછી ત્રીજે દિવસે રેલવે સ્ટેશને તેને જવાનું થયું હતું ત્યારે તેને ખબર મળી કે સ્ટેશનને આગ લગાડનારાઓને ઓળખી બતાવવા માટે સબ-ઈન્સ્પેક્ટર સ્ટેશનના મજૂરોને કહેતો હતો. મજૂરો કહેતા હતા કે માણસો બધા ઘણા હતા, રાતના વખત હતો અને તેથી તેઓને ઓળખી શકાય તેમ નહોતું. સબ-ઈન્સ્પેક્ટરે તેમને ફોસલાવ્યા હતા એમ લાગે છે. તેણે કહ્યું કે હું તે ગામના લોકોને ભેગા કરીશ. મજૂરોએ તો માત્ર તેમાંના કેટલાએકને બતાવ્યા, અને પછી તેમને પકડવાનું તો જોઈ લેવાશે. પછી એમ થયું કે બૈરાં અને છોકરાં સિવાયના બધા માણસોને મિ. બૉઝવર્થ સ્મિથ આગળ રજૂ કરવામાં આવ્યા. [સાક્ષી કહે છે :]

> સાહેબ ત્યાં આવ્યા કે તુરત જ અમને હારબંધ ગોઠવવામાં આવ્યા. મજૂરો અને રેલવેના નોકરો સાહેબની સાથે આવ્યા. રેલવે સ્ટેશને આગ લગાડવા સાથે જે લોકોને સંબંધ હતો તેમને હારમાંથી ઓળખી બતાવવા મજૂરોને હુકમ કર્યો. જેમને જેમને મજૂરો અડક્યા, તેમને તેમને બીજાથી જુદા કાઢવામાં આવ્યા અને તેમના હાથપગ બાંધવામાં આવ્યા.

ઓળખી બતાવવાનું કામ નીચે પ્રમાણે થયું હતું :

> એક પોર્ટરની પાસે લંબરદાર, ઝૈલદાર, અને પોલીસનો સબ-ઈન્સ્પેક્ટર ઊભા રહ્યા અને તેણે એક માણસને ઓળખી બતાવ્યો. પછી ફરીને એ જ રીતે તે જ માણસને એક બીજા પોર્ટર આગળ ઓળખાવ્યો. આવી રીતે ૨૮ કે ૨૯ માણસોને કેદ કરવામાં આવ્યા. એક ભગવાનસિંહ નામના માણસે આજીજી કરીને કહ્યું કે તે તે દિવસે ઘર છોડીને બહાર ગયેલો હતો. આ માણસ આ પ્રમાણે બોલ્યો માટે તેને ઝાડ સાથે બાંધીને ૧૨ ફટકા મારવાનો સાહેબે હુકમ કર્યો. તે પછી જે માણસને ઓળખી બતાવ્યા હતા તે બધાને રેલવે સ્ટેશને લઈ ગયા અને ત્યાં પટવારી તેમનાં નામો બોલી ગયો. તેમાં ઈશ્વરસિંહ હાજર નહોતો. સાહેબે પૂછ્યું કે તેનો કોઈ સગો હાજર છે? પટવારીએ કહ્યું કે તેનો સગો હું ખુશાલસિંહ અહીં છું. સાહેબે તુરત જ મને પકડવાનો હુકમ કર્યો. અમને બધાને સરાઈ [વિશ્રામગૃહ] આગળ લઈ ગયા અને એક ઓરડામાં પૂરીને બહાર પહેરો મૂક્યો. કાંઈ ખાધાપીધા સિવાય અમે ત્યાં બે દિવસ રહ્યા. જે સગાંઓ ત્યાં ખાવાનું લઈને આવ્યા તેમને પાછા કાઢ્યા. . . . નવમે દિવસે અમને કૅનાલ બંગલે પાછા લઈ ગયા. તે દિવસે ઈશ્વરસિંહ પણ આવી ગયો. સબ-ઈન્સ્પેક્ટરે તેને કહ્યું કે જો તે ફરિયાદ પક્ષના લાભમાં જુબાની આપે તો તેને પકડવામાં નહીં આવે. નવાં પિંડના માયાસિંહ કંબોનો દીકરો તેજસિંહ તે વખતે ત્યાં હતો, તેને ફરિયાદ પક્ષનો સાક્ષી કરવામાં આવ્યો. સોની સાધુસિંહ, જવાલાસિંહ ઝૈલદાર અને જવાલાસિંહના દીકરા બાંટસિંહને પણ પકડવામાં આવ્યા અને ફરિયાદ પક્ષના સાક્ષી તરીકે હાજર થવાના વચને તેમને છૂટા કર્યા. મને ફરિયાદ પક્ષનો સાક્ષી કર્યો કે તુરત મને પણ છોડ્યો. અમારા ગામનાં સ્ત્રીપુરુષ બધાંને તહસીલદાર આગળ બેસાડતા. પકડ્યા હતા તે દરેકને બોલાવીને તેની સામે જાહેર કરી કશો પુરાવો લીધો નહોતો. જો કોઈ કાંઈ બોલે તો તેને માર પડતો. (જુબાની નં. ૬૧૧)

Gandhi Heritage Portal

મિ. બૉઝવર્થ સ્મિથે મુકદ્દમા કેવી રીતે ચલાવ્યા અને ફરિયાદ પક્ષના સાક્ષીઓ કેવી રીતે ઊભા કર્યા તેનો પૂરેપૂરો ખ્યાલ અહીં આપણને મળે છે. અમૃતસરની ખાલસા કૉલેજ — જે પંજાબમાં મોટામાં મોટી કેળવણીની સંસ્થા છે — તેના પ્રિન્સિપાલ મિ. વૉથને નવાં પિંડમાં ન્યાય કેવી રીતે ઊંધો વળ્યો હતો, તે સંબંધી પોતાના અભિપ્રાયની નોંધ મૂકી છે. અમે તેમની આખી દલીલનો હેવાલ નીચે રજૂ કરીએ છીએ :

નવાં પિંડના જીવનસિંહના દીકરા ભગવાનસિંહ અને મઘરસિંહ, ચક નં. ૭૮, તહસીલ ખાંગા ડોગ્રાં, પ્રાંત ગુજરાનવાલાનો કેસ.

હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૬(અ)(બ)(ક) મુજબ ૯મી મે, ૧૯૧૯ના રોજ આ બે માણસોને ગુનેગાર ઠરાવવામાં આવ્યા હતા. તેમના સામે તહોમત એ હતું કે ધબનનું રેલવે સ્ટેશન બાળવામાં તેમણે ભાગ લીધો હતો, અને બે વર્ષની સખત મજૂરી સાથેની કેદ અને ૨૦૦ રૂપિયા દંડની સજા તેમને કરવામાં આવી હતી.

પક્ષકારો હવે આ સજાની સામે નીચેનાં કારણોથી અપીલ કરે છે :

(અ) તેઓ તે દિવસે રેલવે સ્ટેશને હાજર નહોતા અને પોતાની ગેરહાજરી સાબિત કરવાને સાક્ષીઓ રજૂ કરવાની તેમણે માગણી કરી. છતાં તેમના સાક્ષીઓને કોર્ટે બોલાવ્યા નહીં.

(બ) જે રેલવે મજૂરોએ તેમને ઓળખી બતાવ્યા તે તદ્દન અજાણ્યા હતા. આ બે ભાઈઓને બતાવવાને તેમના કોઈ શત્રુઓએ મજૂરોને કહેલું અથવા લાંચ આપેલી એમ સૂચના કરવામાં આવે છે.

(ક) એમ કહેવામાં આવે છે કે તે શત્રુઓ તે જ્વાલાસિંહ ઝૈલદાર અને જીવનસિંહ લંબરદાર છે; જેમને જીવનસિંહના કુટુંબ સાથે જૂની તકરાર છે. આ તકરાર લંબરદારી વિષે છે અને છેલ્લાં પાંચ વર્ષથી ચાલે છે. આ સંબંધી પુરાવો સહેલાઈથી મળી શકે તેમ છે અને તે રજૂ કરવાને માગણી થઈ હતી, પણ તે સ્વીકારવામાં ન આવી.

(ડ) તહોમતદારનો સૌથી નાનો ભાઈ ૧૮ વર્ષનો જગતસિંહ છે તેણે આ હકીકત કહી છે. તે આ કૉલેજ અને શાળામાં ચાર વર્ષથી મારો વિદ્યાર્થી છે અને તેને હું સારી રીતે ઓળખું છું. જગતસિંહની પોતાની રાજભક્તિ વિષે મને કોઈ પણ જાતનો શક નથી. જગતસિંહની લાગણીઓ કેવી છે તે જાણી શકું તેવી સ્થિતિમાં હું છું, અને જગતસિંહ એક રાજ્યની વિરુદ્ધ વૃત્તિવાળો બ્રિટિશ રાજદ્વારી પુરુષ છે એવી સૂચના તો અહીં હસી જ કાઢવામાં આવે. વળી આ ભાઈઓ જે જગતસિંહના પાલક છે તેઓ તેને અહીં મોકલે છે તે ઉપરથી એમ લાગે છે કે તેઓ રાજ્યભક્ત છે; કારણ કે સરકારની મહેરબાનીમાં જે સંસ્થા હોય તેમાં સામાન્ય રીતે રાજ્યભક્ત શીખો જ એટલે દૂરથી પોતાના દીકરાઓને મોકલે છે. મેં રેલવે મજૂરોમાં તપાસ કરી છે અને તેઓમાંના ઘણા આ સજા પામેલા બે ભાઈઓને ઓળખે છે; અને તેઓ બધાનો અભિપ્રાય એવો છે કે તે ભાઈઓ તદ્દન નિર્દોષ છે, અને આ કેસ તેમના શત્રુઓએ તેમની સામે ખોટો ઊભો કરેલો છે.

(ઇ) આ લોકોની સામેનો પુરાવો એક મુદ્દાથી ખોટો પડે છે. તે એ છે કે એના એ જ મજૂરોએ મંગલસિંહને પણ તે રેલવે સ્ટેશને હાજર હતો એ રીતે ઓળખી બતાવ્યો.

Gandhi Heritage Portal

હકીકત એમ બની છે કે તે જે દિવસે ધબનના સ્ટેશને હાજર હોવાનું કહેવામાં આવે છે તે જ દિવસે તે જગતસિંહ સાથે ખાલસા કૉલેજમાં રહેતો હતો. અને વાઇસ પ્રિન્સિપાલ અને કૉલેજમાં કામ કરતા બીજા હોદ્દેદારો અને એવા જ બીજા વિશ્વાસલાયક સાક્ષીઓએ તેને જોયો હતો.

જગતસિંહને માટે રજા લેવાને તે (મંગલસિંહ) મારી પાસે આવેલો પણ ખરો. ડેપ્યુટી કમિશનરને આ બાબત મેં લખ્યું અને કહ્યું પણ ખરું. કોર્ટમાં આ ખબર પડવાથી મંગલસિંહને તરત છોડી મૂકવાનો હુકમ થયો. હું સૂચના કરું છું કે ભગતસિંહ અને મઘરસિંહ, જે મંગલસિંહની ગેરહાજરી સાબિત થઈ હતી, તેના જ ભાઈઓ છે એમ કોર્ટના સમજવામાં આવ્યું હોત તો તેમને ઓળખી બતાવવાનો પુરાવો ખોટો છે એમ કોર્ટે માન્યું હોત, કારણ કે જે મજૂરોએ ભગતસિંહ અને મઘરસિંહને ઓળખી બતાવ્યા હતા તેમણે જ મંગલસિંહને પણ ઓળખી બતાવ્યો હતો.

(સહી) જી. એ. વૉથન,
પ્રિન્સિપાલ
ખાલસા કૉલેજ, અમૃતસર
(જુબાની નં. ૬૧૩)

મિ. વૉથનનો પત્ર બતાવવા ઉપરથી આ પક્ષકારોને તુરતાતુરત છોડી મૂકયા હતા: પણ તેમને જેમ જગતસિંહ મળી ગયો તેમ દરેક માણસને મિ. વૉથનના હોદ્દાનો માણસ ઓળખતો હોય તેવો મધ્યસ્થ મળી શકે નહીં.

બિશનસિંહ સુનાવણીનું વિગતવાર બયાન આપે છે. એક રેલવે બાબુએ ઓળખી નહીં શકું એમ કહ્યું, ત્યારે લંબરદાર અને ઝૈલદાર તેને કેવા મનાવતા હતા અને એક માણસ નવાં પિંડની બહાર હતો તેને કેવી રીતે ઓળખી બતાવવામાં આવ્યો અને તકસીરવાર ઠરાવવામાં આવ્યો તે બિશનસિંહ કહી બતાવે છે. (જુબાની નં ૬૧૨)

મિ. બૉઝવર્થ સ્મિથ કેટલાએક કેદીઓ ઉપર કામ ચલાવતા હતા, ત્યારે મંગલસિંહ હાજર હતો કે નહીં એમ સુરેનસિંહને તેમણે પૂછયું. તે કહે છે :

મેં કહ્યું તે ત્યાં હાજર ન હતો. પણ કેટલાએક લોક જેવા કે જવાલાસિંહ ઝૈલદાર અને જીવનસિંહે કહ્યું કે તે હંગામામાં હાજર હતો. આ ઉપરથી મિ. બૉઝવર્થ સ્મિથે મને એકદમ ત્રાણ માસની સજા કરી. ધબનસિંહના બનાવને દિવસે મંગલસિંહ અમૃતસર હતો એમ ખાલસા કૉલેજના પ્રિન્સિપાલના પત્ર ઉપરથી પછી માલૂમ પડયું ત્યારે મને છોડી મૂકયો. (જુબાની નં. ૬૧૪)

અમે માનીએ છીએ કે સુરેનસિંહને ખોટા સોગન ખાવાના ગુના માટે સજા કરી હશે. તે લંબરદાર હતો. મિ. વૉથનના કાગળને લીધે પૂરી સજામાંથી તે બચી શકયો; પણ તે નિર્દોષ છે એમ સાબિત થયું છે, છતાં તેને બરતરફ કરવાનો હુકમ હજુ કાયમ રહેલ છે.

સોહનસિંહને પણ આ જ કારણસર સજા કરવામાં આવી હતી, અને તેને વિષે પણ આ જ પ્રકારની ખબર મળવાથી છૂટો કર્યો હતો. તે પણ લંબરદાર હતો અને સુરેનસિંહની માફક બરતરફ થયેલ છે. (જુબાની નં. ૬૧૫)

Gandhi Heritage Portal

ખુશાલની સ્ત્રી નંદી પોતાના દીકરા વિષે જુબાની આપતાં કહે છે:

બચાવ માગ્યો પણ નહોતો. ખરી હકીકત એ છે કે જેની સામે રેલવે મજૂરોએ રિપોર્ટ કર્યો તેને સજા કરી. કોઈ પણ માણસને તેને પોતાને કાંઈ કહેવું છે કે નહીં તે પૂછ્યું નહોતું. તેમના કોટ (ગામ)ના એક માણસે આ રીત સામે વાંધો ઉઠાવ્યો. તેને સીસમના ઝાડ સાથે બાંધીને સખત ફટકા લગાવ્યા. (જુબાની નં. ૬૧૬)

બીજી જગાએ બન્યું હતું તેમ નવાં પિંડમાં પણ અમલદારોએ ફાવે તેમ લોકોનો માલ લીધો. આવી રીતે હીરાસિંહને ત્યાંથી લોટ, દાળ, ખાંડ, ઘી અને દૂધ થઈને રૂ. ૧૦૮નો માલ ઊપડી ગયો હતો. લોકોએ ફાળો કરીને તે બિચારાને પૈસા આપ્યા હતા. (જુબાની નં. ૬૧૮)

કિશનચંદ કહે છે કે મિ. પેની અને મિ. બૉઝવર્થ સ્મિથની સવારીના માણસોને અને બીજાઓને તેણે રૂ. ૪૦૦નો સીધુંસામાન આપ્યો હતો. ગામલોકોએ એ હિસાબ પતાવ્યો હતો (જુબાની નં. ૬૧૯).

કહાનસિંહની પત્ની જવાલી કહે છે કે, મારા ૭૦ વર્ષના બુઝુર્ગ અશક્ત ધણીને પણ પકડવામાં આવ્યા હતા. તે કહે છે :

પહેરા ઉપરના સિપાઈઓ પૈસા લીધા સિવાય અમને અમારાં સગાંને ખાવાનું પણ આપવા દેતા નહોતા. મારે પણ બીજાંની માફક માણસ દીઠ દરરોજ એક રૂપિયો આપવો પડતો. (જુબાની નં. ૬૨૦)

નંદસિંહ કહે છે :

આખા ગામની વસ્તીમાંથી દસ વર્ષ ઉપરના પુરુષોને બોલાવ્યા હતા. તડકામાં તેમને સવારથી સાંજ સુધી હારબંધ બેસાડી રાખતા. મિ. બૉઝવર્થ સ્મિથ ત્યાં હતા. મારા ભાઈ ભગવાન-સિંહે ઊભા રહી હાથ જોડીને કહ્યું કે તે નિર્દોષ હતો અને તેણે કશો ગુનો કર્યો નહોતો. આ ઉપરથી મિ. બૉઝવર્થ સ્મિથ ગુસ્સે થઈ ગયા અને તેને માર મારવાનો હુકમ કર્યો. એક દોરડું મંગાવ્યું તે સતરુ ચોકીદાર લઈ આવ્યો અને તેનાથી તુરત ભગવાનસિંહને બાંધ્યો. સતરુને સોટી મારવાનો હુકમ કર્યો. તેણે ૧૨ ફટકા લગાવ્યા. મિ. બૉઝવર્થ સ્મિથ ત્યાં તેની પાસે ઊભા હતા અને તેમણે કહ્યું કે "મરી જાય તોયે મારે કાંઈ ચિંતા નથી." તે બેભાન થઈ ગયો અને તેના મોંમાં પાણી રેડયું. તે પછી થોડી વારે તે શુદ્ધિમાં આવ્યો. તે પછી તેને સબ-ઇન્સ્પેક્ટર લઈ ગયા અને કેદ કર્યો. આથી બધા લોકો બી ગયા અને કોઈ બોલવાની હિંમત કરી શક્યું નહીં. બધાની આસપાસ પિસ્તોલો સાથે સોલ્જરો ઊભા હતા અને મિ. બૉઝવર્થે કહ્યું કે જે કોઈ બોલશે તેની આવી વલે થશે. (જુબાની નં. ૬૨૧)

આ ગામને રૂ. ૧૦,૦૦૦ દંડ નાખવામાં આવ્યો હતો. છેલ્લા રવી પાક વખતે આમાંનો ત્રીજો ભાગ વસૂલ કર્યો હતો. (જુબાની નં. ૬૨૨)

## ૧૬. ચુહારખાના

આ અગત્યની મંડી એટલે બજાર ભરવાનું સ્થાન છે. આસપાસનાં ગામનાં હજારો માણસો ત્યાં પોતાનો માલ લાવે છે. ચુહારખાનાનું ગામ મંડીથી દોઢેક માઈલ દૂર છે. ચુહારખાનાનું સ્ટેશન મંડીની નજીક છે.

૧૨મી એપ્રિલે હડતાળ પડી હતી. તે જાહેર કરવાની એક સભા આગલે દિવસે મળી હતી, તેમાં મ્યુનિસિપલ કાઉન્સિલરો સુધ્ધાં બધા માણસોએ ભાગ લીધો હતો. ૧૪મી સુધી કાંઈ

Gandhi Heritage Portal

બન્યું નહોતું, પણ ૧૫મી સુધીમાં લાહોર અને અમૃતસરના ખબર બધે પહોંચી વળ્યા હતા, અને તેથી લોકોમાં ખળભળાટ બહુ થઈ ગયો. મંડીમાં રહેનારા લોકો અને ગામના કેટલાએક લોકો જે મંડીમાં હતા તેઓ રેલવે સ્ટેશને ગયા, અને ધોળે દિવસે રેલવેના મજૂરોનાં હથિયારો લઈ લાઇનને નુકસાન કર્યું અને સ્ટેશન બાળ્યું.

આ પછી લશ્કર, અને મશીનગનો એક બખતરવાળી ટ્રેન સાથે આવ્યાં. જેમ ફાવે તેમ વિચાર વિનાના ગોળીબાર ખૂબ ચલાવ્યા. હંટર કમિટી આગળ રાવસાહેબ શ્રી રામ સુદે પોતાની જુબાનીમાં આ ગોળીબાર વાજબી ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે, પણ અમારી પાસેનો બધો પુરાવો તેના કહેવાની વિરુદ્ધ જાય છે. એ યાદ રાખવું જોઈએ કે લશ્કરી કાયદો જાહેર થયા પહેલાં ગોળીબારો થયા હતા. હવે રા. સા. શ્રી રામસુદ ઘણા વર્ષના સબડિવિઝનલ ઑફિસર છે અને તેમણે આ પ્રાંતમાં ૧૯૧૮ના ઑગસ્ટથી નોકરી કરી છે; એટલે તે લોકોને ઓળખતા હતા. ગોળીબારને માટે તે હાથે કરીને મુખ્ય જવાબદાર બન્યા છે અને પંડિત જગતનારાયણની આગળ જુબાની દરમિયાન જ્યારે તે ફસાયા, ત્યારે તેમણે કહ્યું કે ફોજદારી કામ ચલાવવાના કાયદાની રૂએ તેને સત્તા હતી. શા ઉપરથી ગોળીબાર કરવાના અનુમાન ઉપર તે આવ્યા એમ સર ચિમનલાલે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું, “લોકો ત્યાં ભેગા થઈ ગયા છે એમ અમારા જાણવામાં આવી ગયું હતું અને એને માટે વિશ્વાસલાયક બાતમી હતી.” તે ફરીથી કહે છે: “મારા સાંભળવામાં આવી ગયું હતું કે ચુહારખાનાના લોકો બજાર લૂંટવા દોડતા હતા.” સર ચિમનલાલે પૂછ્યું: “એટલે કાંઈ વધારે તપાસ કર્યા વિના તમે ગોળીબાર કરવા લાગ્યા?” હા, અમે ગોળીબાર કરવાનો નિશ્ચય કરી દીધો હતો, એવો જવાબ મળ્યો. તેને પછી પૂછ્યું: “તમારા મનમાં એમ હતું કે તમારે ત્રાસ ઉપજાવવાનો હતો?” તેણે જવાબ આપ્યો: “જરૂર પડે તો બેશક. અને અમને જરૂર જણાઈ.” સર ચિમનલાલે પૂછ્યું, “અને એ ગોળીબાર પછી તમે સ્ટેશન તરફ આગળ ગયા?” તેણે કહ્યું: “હા.” પછી રાયસાહેબે લોકોની હિલચાલ વર્ણવી.

સ. — લોકો હરતાફરતા હતા એમ કહીને તમે શું કહેવા માગો છો? તે તોફાન તો નહોતા કરતા ને?

જ. — ના, તે વખતે નહોતા કરતા. લોકો ગામમાં જા-આવ કરતા હતા.

સ. — ગામમાં જા-આવ કરવામાં તેમનો હેતુ શો હતો તે તમે નથી જાણતા?

જ. — તેમનો હેતુ બખતરવાળી ટ્રેન ઉપર હલ્લો કરવાનો હતો.

સ. — તેઓ બખતરવાળી ટ્રેન ઉપર હલ્લો કરવાને ભેગા થાય છે, એમ તમે દૂરથી શી રીતે જાણી શક્યા?

જ. — કમભાગ્યે મારા મગજમાં વિચાર છે તે હું કહી શકતો નથી.

સ. — માફ કરો, લાલા! તે વખતે તમારી પાસે એવું અનુમાન કરવાનાં શાં શાં સાધન હતાં અને તમે શું જોયું તે આપણે વિચારીએ છીએ. તમે લોકોની હિલચાલની વાત કરો છો ત્યારે તે હિલચાલ ખરેખરી શી હતી તે હું જાણવા માગું છું. મને મહેરબાની કરીને કહેશો?

જ. — હું કહી ગયો કે તેઓ જતા હતા અને આવતા હતા, અને હું ધારું છું કે તેઓ ભેગા થતા હતા.

સ. — શા હેતુથી તે તમે કહી શકતા નથી?

જ. — કાંઈક ખરાબ હેતુથી તેઓ ભેગા થતા હતા.

Gandhi Heritage Portal

સ.—કેટલાએક લોકો ગામમાં જતા હતા અને કેટલાએક બહાર જતા હતા, તે ઉપરથી તમે એવું અનુમાન કર્યું કે તેઓ કાંઈક ખરાબ હેતુથી ભેગા થતા હતા?

જ.—તેમણે અમારી બખતરવાળી ટ્રેન જોઈ અને છતાં તેઓ સંતાઈ ગયા નહીં, પછી શું અનુમાન થાય?

હવે આ જુબાની રાયસાહેબે ૧૭મી ડિસેમ્બરે આપી હતી. તે વખતથી બહુ અગાઉ અમે અમારા તરફથી પુરાવો ભેગો કર્યો હતો, અને ૯ઠ્ઠી ડિસેમ્બરે અમારામાંથી એકે તેની ખાતરી કરી જોઈ હતી તે ઉપરથી એમ જણાય છે કે કોઈ ટોળું ભેગું થતું નહોતું અને તેમણે લોકોની જે આવજા જોઈ હતી તે તેમણે ધારી તે કરતાં ઘણી જ ઊલટા પ્રકારની હતી. લોકો બહાર જતા હતા અને બીકના માર્યા સંતાતા હતા.

એક જાટ નામે દુલાસિંહ જે સમજીને બોલે છે, અને જેને એ કિસ્સાની રજેરજ ખબર છે તે કહે છે:

જે માણસો બીકના માર્યા ગામ છોડીને નાસતા હતા, તેમના તરફ તેમણે મશીનગન છોડી. મશીનગનના બારથી ત્રણ માણસોને ઘાયલ થઈ પડતા મેં જોયા. કમિટિના મેમ્બરો મૌલાબક્ષ અને કરતારસિંહ પણ ગાડીમાં હતા. (જુબાની નં. ૪૬૮)

ગણપતમલ કહે છે:

મશીનગનના ગોળીબારો લાંબા વખત ચાલ્યા અને લોકો અહીંતહીં નાસવા લાગ્યા. . . . ૧૭મી એપ્રિલે પણ એ જ પ્રમાણે કરવામાં આવ્યું. બ્રિટિશ સોલ્જરો મશીનગન સાથે આવ્યા. તેઓ ટ્રેનમાંથી ઊતર્યા અને જે લોકો અહીંતહીં નાસભાગ કરતા હતા તેમના ઉપર ગોળીઓ છોડી. (જુબાની નં. ૪૫૮).

આવી રીતે જોકે લશ્કરી કાયદા પહેલાં ગોળીબાર કરી જ ન શકાય એટલે સુધી તો અમે નહીં કહીએ, પણ સબ-ડિવિઝનલ ઑફિસરે જે ગોળીબાર કર્યો તે ઉતાવળમાં, વખત પહેલાં, વિવેક વિના અને બીક અથવા અતિ ઉત્સાહને લીધે કરેલો હતો એમ અમે માનીએ છીએ. લોકોમાં ત્રાસ વર્તાવવો એ કાંઈ અમલદારોનું કામ નથી. તે બળની નહીં પણ નબળાઈની, ન્યાય કરવાની નહીં પણ અન્યાય કરવાની નિશાની છે. જેના મનમાં પાપ હોય તે જ ત્રાસ વર્તાવવાનો રસ્તો લે. અમે કબૂલ કરીએ છીએ કે આગ લગાડવામાં આવી, લૂંટો થઈ, તારનાં દોરડાં કાપવામાં આવ્યાં, એ બધાં કૃત્યો ખરાબ, નાહક અને શરમભરેલાં હતાં, અને ગુનેગારોને યોગ્ય સજા જરૂર ઘટતી હતી; પણ લોકોએ ગમે તે કર્યું હોય તેથી, આંખો મીંચીને જે ગોળીબાર થયા હતા અને જેથી નિર્દોષ માણસો મરી ગયાં, અને જેથી કેટલાંયે નિર્દોષ માણસો જિંદગીભર અપંગ થઈ બેઠાં તે કૃત્યો અને બીજાં જે જંગલી કૃત્યો એક આખા જનસમૂહને "ત્રાસ પમાડવા" માટે કરવામાં આવ્યાં હતાં તેનો કોઈ પણ રીતે બચાવ થઈ શકે એમ નથી.

બીજાં કૃત્યો વત્તેઓછે અંશે બધી જગ્યાએ એનાં એ જ હતાં. સોલ્જરોએ ચલાવેલી લૂંટ સંબંધી પુરાવો બીજા કરતાં ચુહારખાના સંબંધી વધારે મજબૂત અને જથ્થામાં વધારે છે. ઢોરને જોરજુલમથી પકડીને સોલ્જરો માટે દોવરાવી જવામાં આવ્યાં હતાં. બકરાં, વાસણ, ખાવાના પદાર્થો, માલિકની ગેરહાજરીમાં પણ લઈ જવામાં આવ્યાં હતાં. માર્શલ લૉના અમલ દરમિયાન લોકોના માલને થયેલા નુકસાનનો અડસટ્ટો કાઢવો પણ મુશ્કેલ છે.

Gandhi Heritage Portal

સચ્ચાસિંહ કહે છે:

પોલીસ મને બિવરાવીને મારી પાસેથી એક બિછાનું લઈ ગઈ, તે હજુ પાછું મળ્યું નથી. (જુબાની નં. ૪૪૯)

શામન કહે છે કે જે સિપાઈઓ ત્યાં આવ્યા હતા, તેઓ તેમના ઘોડાને ખવરાવવા જોર-જુલમથી મારો મોલ ઉપાડી ગયા. (જુબાની નં. ૪૬૪)

મોહનલાલ કહે છે:

જ્યારે મિ. બૉઝવર્થ સ્મિથ અહીં આવ્યા, ત્યારે રૂ. ૪૫ની કિંમતનું સીધુંસામાન લઈ ગયા હતા, પણ તેની કિંમત મને હજુ મળી નથી. (જુબાની નં. ૪૭૪)

હવેલીરામ કહે છે:

મારી દુકાન અને ઘરને ૧૦ કે ૧૫ દિવસ તાળું દેવામાં આવ્યું હતું. . . . મંડીની ઘણી દુકાનોની ઝડતી લેવામાં આવી હતી. બ્રિટિશ સોલ્જરો મંડીમાં ફરતા અને લોકો પર જુલમ ગુજારતા. તે દુકાનમાં પેસી જતા અને મરજીમાં આવે તે લઈ જતા. . . . સોલ્જરોએ મારી પાસેથી વેચાતું લીધું તેના કશાના પૈસા આપ્યા નથી. (જુબાની નં. ૪૫૩)

ગણપતમલ કહે છે:

પોતાને ખાવા માટે તેઓ નજરે પડે તે લઈ જતા. મરઘી, ઈંડાં, બકરીઓ અને દૂધ, લોકો પાસેથી જોરજુલમથી છીનવી લેવામાં આવતાં. પોલીસના માણસ લોકો પાસે આવીને પથારીઓ માગતા અને લોકો બહુ બી ગયા હતા એટલે તેમને આપવી પડતી. હજુ સુધી તે પાછી મળી નથી. પોલીસ મારી પાસેથી ભેંસનું દૂધ જોરજુલમથી લઈ જતા અને મારાં છોકરાંને ખાવા કાંઈ રહેતું નહીં. મેં એક પથારી આપી હતી તે હજુ પાછી મળી નથી. . . . માર્શલ લૉના અમલ દરમિયાન લશ્કરનાં માણસોના સીધાસામાનનો ખર્ચ પૂરો પાડવા મંડી ખાતે રૂ. ૨૫ અને ગામ ખાતે રૂ. ૧૦ મારે આપવા પડયા છે. (જુબાની નં. ૪૫૮)

કેટલાએક દુકાનદારોએ લશ્કરી ખાતાને સીધુંસામાન આપ્યું હતું. તેમણે આપેલ ચીજોની યાદી અમલદારો તરફ મોકલી આપી હતી. ગુજરાનવાલાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે તેમને આ જવાબ વાળ્યો હતો:

આ પૈસા હવે કોઈ પણ રીતે મળી શકે તેમ નથી, એમ જણાવીને આ અરજી સબ-ઇન્સ્પેક્ટરને મોકલવી. અરજદારોને સમજૂતી આપવી કે તેઓ આપણને વારંવાર તસ્દી ન આપે.

ગામના લોકોને થોડા દિવસ મોલ કાપવાની બંધી કરી હતી. કોઈ કોઈના મોલ તો, કાંઈ પણ વાજબી કારણ સિવાય, ખાલસા કરવામાં આવ્યા હતા. મિ. બૉઝવર્થ સ્મિથે આ કૃત્યો ખરી રીતે કબૂલ કરેલાં છે. આ ભાગ, એટલે સાંગલા હિલ અને શેખુપુરાની વચ્ચેના ભાગના માર્શલ લૉના અમલને માટે તેઓ જ મુખ્યત્વે જવાબદાર છે.

શાનસિંહ કહે છે:

મારા મોલને નુકસાન થયું તેથી લગભગ રૂ. ૨,૦૦૦ની મને ખોટ ગઈ. (જુબાની નં. ૪૧૪)

જીવાયા કહે છે:

શેરસિંહના ખેતરની પાસે ૩ા કિલ્લામાં[1] મારા ચણા ઊભા હતા, તે લશ્કરના માણસો ઘોડાને માટે કાપી લઈ ગયા અને મને તેને માટે એક પૈસો પણ પરખાવ્યો નથી. મેં

૧. જમીનનું માપ.

Gandhi Heritage Portal

એમ ન કરવાને કહ્યું ત્યારે લીલો ચારો નહીં લઈ જવા દો તો સાહેબ આગળ લઈ જઈશું અને સજા કરાવીશું એમ કહીને મને ધમકી આપી. (જુબાની નં. ૪૫૬)

ગણપતમલ કહે છે :

એવો હુકમ પણ કર્યો હતો કે જે હાજર હોય તેમણે બધાએ ગામમાં રહેવું અને ઘઉંનો મોલ લેવા ખેતરમાં ગામ છોડી જવું નહીં. તેણે પટવારીને ખેતરનો પહેરો રાખવા હુકમ કર્યો; એવી મતલબથી કે લોકો ધાન્ય લણી લે નહીં, અને પોતાનાં ઢોરને ચાર ખવરાવી દે નહીં કે તેની સંભાળ લઈ શકે નહીં. આ પ્રમાણે થવાથી ઢોર ગમે ત્યાં ફરતાં અને મોલનો નાશ થતો. કેટલોક મોલ લશ્કરના માણસોએ બગાડયો. અનાજ પાકયું હતું તેની ચાર આની અમારા ઘરમાં આવ્યું. (જુબાની નં. ૪૫૮)

જે કહેવાતી સુનાવણીઓ થઈ અને તે પહેલાં જે વિધિઓ થઈ તે વિષે અમે આ પહેલાં બીજી જગ્યાઓને માટે જે કહી ગયા છીએ તે જ હકીકતને ટેકો આપનારી હકીકત અહીંની જુબાનીઓમાં પણ ભરેલી છે. મિ. ટોડરમલ કહે છે કે ઓળખી બતાવવાની પરેડ ચાલતી હતી ત્યારે મિ. બૉઝવર્થ સ્મિથે કહ્યું, "મારે મોટા માણસો જ જોઈએ છે, તેઓ 'ગંદી મખ્ખી' છે. મારે સાધારણ માણસોનું કામ નથી." સરદાર કરતારસિંહે આ સાક્ષીને ઘણા પૈકી એક ગુનેગાર તરીકે બતાવ્યો હતો. "મેં તેને તરત જ ચેતવ્યો અને પૂછયું કે મને શા માટે બતાવે છે." તેણે કહ્યું :

હું કારણ બતાવી શકતો નથી કારણ કે ગુપ્તચર ખાતાએ મને કારણ બતાવવા ના પાડી છે. જે કહેવામાં આવે તે કરવું જ પડશે એવું અમને કહેવામાં આવ્યું છે. (જુબાની નં. ૪૫૦)

તેના ઉપર કામ ચાલ્યું હતું પણ માર્શલ લૉ કમિશને તેને નિર્દોષ ઠરાવી છોડી મૂકયો હતો.

કેશીરામ કહે છે :

ડેપ્યુટી કમિશનર આગળ જે બચાવનો પુરાવો અમારે આપવો હતો તે આપવા દીધો નહીં, તેમ જ કોઈની જુબાની લખી લીધી નહોતી. (જુબાની નં. ૪૫૧)

માયાસિંહ કહે છે કે, તેનો દીકરો ઉજાગરસિંહ દવા લેવા બહાર ગયો હતો અને બીજાની સાથે તેને પકડયો હતો. તેણે વાંધો લીધો અને તે ઉપરથી લંગડા સાહેબે (એટલે મિ. બૉઝવર્થ સ્મિથે) તેને ઝાડ સાથે બંધાવ્યો અને ૨૫ ફટકા મરાવ્યા. . . . તેને ૧૦ દિવસ ઓરડીમાં પૂરી મૂકયો અને કૅનાલ રેસ્ટ હાઉસમાં જ્યારે તહોમતદારોને ઓળખી બતાવવામાં આવ્યા, ત્યારે તેને કોઈએ ઓળખી બતાવ્યો નહીં એટલે તેને છોડી મૂકયો. (જુબાની નં. ૪૪૮)

હવેલીરામ કહે છે :

એક દિવસ ચોકીદાર લાધાસિંહે બધા મંડીવાળાને[1] ખબર આપી કે બધાએ બીજે દિવસે સવારે કૅનાલ બંગલામાં હાજર થવું. હાજર નહીં થાય તેની મિલકત ખાલસા કરવામાં આવશે. બીજે દિવસે સવારે અમે કૅનાલ બંગલે ગયા અને ત્યાં કાંઈ ખાધાપીધા વિના અમારે બેસી રહેવું પડયું. ૧૨ વાગ્યે બપોરે અમને તડકામાં ઊભા રાખતા અને એ પ્રમાણે પૂરા બે કલાક કરવું પડતું. લંબરદારની સૂચના પ્રમાણે મજૂર જેને બતાવતો તેને પકડીને પોલીસ સ્ટેશને લઈ જતા. તેમને ખાવાપીવા કાંઈ આપતા નહીં અને જો કોઈ માણસ તેને કાંઈ ખાવાને કે પીવાને આપવાની ઇચ્છા બતાવતો, તો તેને મારતા અને ગાળો દેતા.

૧. મંડીવાળા — મંડીમાં રહેનારા. મંડી એટલે બજાર.

Gandhi Heritage Portal

બીજે દિવસે તેમને લાહોર લઈ ગયા, તેમને ટુકડીઓ કરી લઈ ગયા હતા, અને તેમને સજાઓ વાંચી સંભળાવી હતી. (જુબાની નં. ૪૫૨)

સરદાર શાનસિંહ કહે છે :

મને અવળે હાથે હાથકડી કરીને બીજા પકડેલા માણસો સાથે સરાઈમાં પૂરી રાખ્યો હતો. મારે ત્યાં આશરે ૧૫ કે ૧૬ દિવસ રહેવું પડયું હતું. હું ખાવાનું પણ લઈ શકતો નહોતો. અને મને અવળે હાથે હાથકડી કરેલી હતી એટલે હું ફેંટો પણ બાંધી શકતો નહોતો. રાત્રે પણ મારી હાથકડી કાયમ રહેતી. મારી સાથે જે બીજા માણસોને કેદ કર્યા હતા તે મારા મોંમાં ખોરાક મૂકતા. ફેંટો પણ મને બીજાઓ બાંધી આપતા. મારો મોટો ભાઈ કહાનસિંહ પણ મારી સાથે ત્યાં કેદમાં પડેલો હતો. તેની પાસે એક આરબ ઘોડો હતો. પોલીસ સબ-ઈન્સ્પેકટર અલી મહમદે કહ્યું કે જો મારો ભાઈ ઘોડો આપે તો તેને છોડી દે. મારા ભાઈએ કહ્યું કે તે નિર્દોષ હતો અને ઘોડો મફત તો ન આપે. આ ના પાડવાથી પોલીસ સબ-ઈન્સ્પેકટર બહુ ગુસ્સે થયો, અને કહ્યું કે તે તેના ઉપર ઘણાં તહોમતો મૂકશે. તેણે પહેલું તો એ કર્યું કે એક રેલવે બાબુની કેટલીએક ચીજો છાનીમાની મારા ભાઈના ઘરમાં મૂકી અને પછી તપાસ કરીને તે ચીજો તેના ઘરમાંથી બહાર કઢાવી. . . . પોલીસ સબ-ઈન્સ્પેકટરે મને કહ્યું કે, મારે મારી ચામડીનો ખપ હોય તો તેને રૂ. ૫૦૦ આપવા. મેં આપવા ના પાડી અને તે ઉપરથી મને પણ મારા ભાઈની સાથે "ચલાન"[1] કરવામાં આવ્યો. પણ પછીથી મારી સ્ત્રીએ કોઈની પાસેથી રૂ. ૫૦૦ ઉછીના લઈને શેખુપુરા ચક મનોરાના સુંદરસિંહ જમીનદારની મારફત સબ-ઈન્સ્પેકટરને પહોંચતા કર્યા. તે ઉપરથી પોલીસ સબ-ઈન્સ્પેકટરે મને છોડી મૂકવા વચન આપ્યું. . . . સબ-ઈન્સ્પેકટરે, જે માણસો મારી સામે જુબાની આપવાના હતા તેમને અટકાવ્યા પણ તેમને બદલે એક સાધારણ સાક્ષી મૂકયો. એવી રીતે પુરાવો જોઈએ તેવો ન મળવાથી મારો છુટકારો થયો. (જુબાની નં. ૪૫૪)

એક આંધળા માણસને પણ સુખે રહેવા દીધો નહોતો. લાધામલ કરીને એક આંધળો માણસ હતો. તેને તેનો દીકરો રજૂ કરવાનું કહ્યું, અને તે દીકરો ત્યાં હાજર નહોતો એટલે તેને કેદ કર્યો અને તે છોકરાની મા તેને લઈ આવી ત્યારે જ તેને જતો કર્યો. (જુબાની નં. ૪૬૭) ગણપતમલ કહે છે કે, મિ. બૉઝવર્થ સ્મિથે ગામના લોકોને ભેગા થવાનો હુકમ કર્યો હતો અને જે ન આવે તેની મિલકત બાળી નાખવાનું અને ખાલસા કરવાનું કહ્યું હતું. તે કહે છે :

આવી રીતે બધા લોકો બીકના માર્યા દરબાર સાહેબમાં[2] ભેગા થયા. લંગડા સાહેબે પટવારીને વસ્તીપત્રકનો રિપોર્ટ લાવવા હુકમ કર્યો. શેખુપુરાના ડેપ્યુટી લાલા શ્રીરામે જેઓ હાજર નહોતા તેમનાં નામ રિપોર્ટમાંથી વાંચી બતાવ્યાં. સ્ત્રીઓને પોલીસ મારફત બોલાવી. સાહેબે તેમને પોતપોતાના ધણીને રજૂ કરવા હુકમ કર્યો, અને કહ્યું કે તેમ નહીં થાય તો તેમનાં ઘર બાળી મૂકવામાં આવશે અને મિલકત ખાલસા કરવામાં આવશે. આ હુકમ આપ્યા પછી સ્ત્રીઓને જવાનું કહ્યું, અને ગેરહાજર હતા તેમના જે ભાઈઓ અને બાપ ત્યાં હાજર હતા તેમને પકડીને લઈ ગયા.

૧. આરોપ મૂકવામાં આવ્યો.
૨. શીખોનું મંદિર.

Gandhi Heritage Portal

તે આગળ કહે છે:

> પકડેલા માણસોને ૧૦ કે ૧૨ની ટુકડીઓમાં લઈ આવ્યા અને દરેકને બે વર્ષની કેદની અને રૂ. ૨૦૦ના દંડની સજા કરવામાં આવી. કશો પુરાવો લીધો નહોતો. માત્ર તેમને માફી માગવાનું કહ્યું અને લોકોએ કહ્યું, "સાહેબ અમે નિર્દોષ છીએ; જો અમે કાંઈ કર્યું હોય તો અમને માફી આપો." (જુબાની નં. ૪૫૮)

સરદાર હરનામસિંહ કહે છે કે તે સરકારને રૂ. ૪૦૦નું મહેસૂલ ભરે છે અને તેણે રૂ.૮૦૦ના વૉર-બૉન્ડ લીધા હતા. તે રૂ. ૬૦નો ઘરવેરો ભરે છે. તેના ભાઈ ખુશાલસિંહને પકડયો હતો. તેણે પોતાના બચાવને માટે મિ. માર્ટિનને રૂ. ૧,૦૦૦ આપીને રોકયો હતો, પણ તે કહે છે:

કોઈએ તેને વકીલાત કરવા દીધી નહીં. કોઈએ બચાવના સાક્ષી તો હાજર હતા છતાં લીધા નહીં. તેમ તેમને બોલાવ્યા પણ નહીં. પાંચ મિનિટમાં ખુશાલસિંહના કેસનો નિકાલ થઈ ગયો.

તે કહે છે:

> બધા સંક્ષિપ્ત મુકદ્દમામાં મિ. બૉઝવર્થ સ્મિથ અથવા પોલીસનો જે ઈન્સ્પેકટર હાજર હોય તે તહોમતદારને નીચે પ્રમાણે કહેતો : "તમે માફી માગો છો?" આના જવાબમાં બધા તહોમતદારો એમ જ કહેતા કે, "સાહેબ, અમે નિર્દોષ છીએ, અમને માફી મળવી જોઈએ." પણ આ શબ્દો તહોમતદારની ગુનાની કબૂલાત તરીકે નોંધવામાં આવતા, કોઈ બચાવનો પુરાવો લીધો નહોતો તેમ જ બચાવ તૈયાર કરવાને વખત આપવામાં આવ્યો નહોતો. પહેલે દિવસે આશરે ૧૦૦ માણસોને સજા કરી હતી અને ૨ કે ૩ કલાકમાં તેના ફૈસલા અને હુકમો પણ લખી નાખ્યા હતા. (જુબાની નં. ૪૪૭)

ચુહારખાના પાસેથી રૂ. ૧,૫૦૦ દંડના લેવામાં આવ્યા હતા. આ પેટે મંગલસિંહ અને તેના ભાઈને રૂ. ૨૩૦ ભરવા પડયા હતા (જુબાની નં. ૪૬૦). લાલા ફકીરચંદ જંગલીમલની પેઢીએ એ એપ્રિલ માસના લશ્કરી સિપાઈઓના ખાધાખર્ચ પેટે રૂ. ૫૦, સજા દાખલની પોલીસ માટે રૂ. ૧૧૪, લેફ્ટનન્ટ ગવર્નરના સ્મારકને માટે રૂ. ૨૦ આપ્યા. તેનો મુનીમ કહે છે કે, "આ રકમ જોરજુલમથી અમારી પાસેથી વસૂલ લીધી હતી." (જુબાની નં. ૪૮૦)

### ૧૭. શેખુપુરા

શેખુપુરાનું ઐતિહાસિક સ્થાન લાહોરથી ૨૫ માઈલ દૂર છે અને ગુજરાનવાલા જિલ્લામાં તેની છેલ્લી તપાસ કરવાની રહે છે. શહેનશાહ જહાંગીરના લાડના નામ ઉપરથી આ નામ પાડવામાં આવેલું છે અને મહારાજા રણજિતસિંહનાં રાણી "નકાઇન"નું તે નિવાસસ્થાન હતું. તેમાં આશરે ૨,૫૦૦ માણસની વસ્તી છે.

શેખુપુરામાં ૬ઠ્ઠી એપ્રિલે હડતાળ પડી હતી. હડતાળ સંપૂર્ણ અને આપોઆપ પડી હતી અને પોલીસ સબ-ઈન્સ્પેકટર લોકોની વચ્ચે પડયા છતાં તે પૂરેપૂરી પાળવામાં આવી હતી. સાંજે સભા ભરવામાં આવી હતી અને તેમાં, ઑફિસરોએ કબૂલ કર્યું છે તેમ મર્યાદામાં રહી ભાષણો કરવામાં આવ્યાં હતાં. સબ ડિવિઝનલ ઑફિસર રાયસાહેબ શ્રી રામ સુદે વકીલોને બોલાવીને અને ધમકીભરેલી ભાષા વાપરીને સભા બંધ રખાવવા પ્રયત્ન કર્યો હતો પણ તેમાં નિષ્ફળ ગયા હતા. પછી ૧૩મી સુધી સંપૂર્ણ શાંતિ રહી હતી. પણ અમૃતસર અને લાહોરના સમાચારથી શેખુપુરાની વસ્તી ઉપર અસર થઈ અને ૧૪મીની સવારે લોકોએ આપોઆપ પાકી હડતાળ

Gandhi Heritage Portal

પાડી. પણ ત્યારે પણ કાંઈ ન ઇચ્છવા જેવું બન્યું નહોતું. એક ખાવાનું વેચનારની દુકાન જોરજુલમથી બંધ કરવામાં આવી હતી અને તેના પર હુમલો કરવામાં આવ્યો હતો એમ કહેવામાં આવ્યું છે. કહેવાતી સમરી કોર્ટે આને માટે સજા નોંધેલી છે, તોપણ આ વાત ખોટી કહેવામાં આવે છે. આમ છતાં રાતના વખતમાં તાર અને સિગ્નલનાં દોરડાં કોઈ માણસોએ કાપ્યાં હતાં; પણ તેઓનાં નામ જણાયાં નથી. ઘણે ભાગે તેઓ શેખુપુરાના હશે.

તોપણ કોઈ પણ રીતે હડતાળમાંથી આ ગરબડ ઊભી થઈ નહોતી, છતાં ૧૯મી તારીખે માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો અને બીજાં સ્થળોએ જે જે બન્યાનું કહી ગયા તે દરેક વાત શેખુપુરામાં પણ બની. વકીલો ખાસ મુલાકાતને માટે આવ્યા. તેમનું જાણીજોઈને અપમાન કરવામાં આવ્યું, તેમને પકડી ૪૦ દિવસ કેદ રાખવામાં આવ્યા; અને તેમના પર કામ ચલાવ્યા સિવાય તથા તેમને શા માટે પકડવામાં આવ્યા હતા તેનું કારણ બતાવ્યા સિવાય છેવટે તેમને છોડી મૂકવામાં આવ્યા હતા. શેખુપુરાનો ખાસ બનાવ એ હતો કે દસ વર્ષ ઉપરના બધા પુરુષો પાસે તેમને ખાસ હલકા પાડવા માટે એક વિશાળ જમીનને ઝાડુ દેવડાવવામાં આવ્યું હતું.[1] કહેવાતી તપાસના કામને માટે સાત દિવસ સુધી વહાણાથી તે સાંજ સુધી તેમને બેસાડી રાખવામાં આવતા. બીજી જગ્યાઓની માફક વિદ્યાર્થીઓને પણ હાજર રહેવું પડતું.

એક ૬૦ વર્ષની ઉંમરના, ૩૮ વર્ષની સરકારી નોકરી કરી ઇન્સ્પેક્ટર ઑફ પોલીસ[2] તરીકે ફારગત થયેલા વૃદ્ધ લંબરદારને પકડવામાં આવ્યો હતો. કારણ માત્ર એટલું જ કે તેના છોકરાઓને બોલાવ્યા ત્યારે તેઓ શેખુપુરામાં હાજર નહોતા. તેમની મિલકત જપ્ત કરી લેવામાં આવી અને તેના ખેડૂતોને ખેતરમાંનો ફાલ કાપવાની મનાઈ કરવામાં આવી.

સોલ્જરોએ અને પોલીસોએ લોકોનો માલ ફાવે તેમ લીધો. બીજી જગ્યાઓની માફક અહીં પણ પુરાવો આપવા દબાણ કરવામાં આવ્યું હતું અને બીજી જગાની માફક ન્યાય ઊંધો વળ્યો હતો. વિશેષ એટલું બન્યું કે મિ. બૉઝવર્થ સ્મિથે વકીલોનો વકીલાત કરવાનો હક બંધ કરાવવા તેમનાં નામો હાઈકોર્ટમાં રિપોર્ટ કરી મોકલ્યાં. લગભગ ૭૦ જુબાનીમાંથી અમે ૩૦ વીણી કાઢી છે, અને તે ઉપરની બધી હકીકતને ટેકો આપે છે.

સરદાર બૂટાસિંહ, બી. એ., એલએલ. બી. ડિસ્ટ્રિક્ટ વૉર લીગના સભાસદ હતા. તેમણે લશ્કરની ભરતીમાં મદદ કરી હતી ને તે સેવાને માટે તેને સર્ટિફિકેટ મળેલું છે. તે કહે છે કે તે બંને દિવસ બીજે રોકાયેલા હતા તેથી તેણે એક્કે હડતાળમાં ભાગ લીધો નહોતો. ૧૪મી એપ્રિલ વિષે લખતાં તે કહે છે:

> કોઈ જગ્યાએ કોઈ ટોળું ભેગું થયેલું દેખાતું નહોતું. કોઈ જગ્યાએ સરઘસ કે સભાથી વિરોધ દર્શાવવામાં આવેલો જણાતો નહોતો અને લોકો તરફથી કાંઈ નવાજૂની થઈ ન હતી.

બીજા સ્થાનિક વકીલોની સાથે તેમને ૧૯મીની સવારે ઓચિંતા પકડવામાં આવ્યા હતા. તે ઉમેરે છે:

> તાકેલી બૅયોનેટવાળા ભરીબંદૂકવાળા પચીસેક સોલ્જરોના કબજામાં અમે હતા. આ સ્થિતિમાં અમને શહેરમાં ફેરવ્યા હતા અને અમારા ગામના બીજા માણસોની સમક્ષ ગંદી જગા ઉપર અમને અનેક વાર બેસવાની ફરજ પાડવામાં આવી હતી. અમારી નામોશીભરેલી

૧. બૉઝવર્થ સ્મિથના કહેવાથી આ પ્રમાણે કરવું પડેલું.
૨. સરદાર ગૌહરસિંહ; જુઓ પા. ૨૬૩.

Gandhi Heritage Portal

દશાનું લગભગ એક કલાક સુધી પ્રદર્શન કર્યા પછી અમને એક બખ્તરવાળી ટ્રેન તરફ બેવડી ઝડપે ચલાવ્યા. . . . મારી તબિયત સારી નહોતી એટલે હું બીજાની સાથે કદમ ઉપાડી શકતો નહોતો. આથી મને ગાળો દીધી, મારી ઠઠ્ઠા-મશ્કરી કરી, અને મને લાકડીથી માર્યો.

કેદીઓને લાહોર લઈ જવામાં આવ્યા, જ્યાં જતાં બે કલાક લાગ્યા. દિશાજંગલ જવાની રજા મેળવવા તેમણે વારંવાર માગણી કરી, ઘણા પહેરેદારે રજા આપી નહીં અને સાંજે મોડે સુધી કાંઈ ખોરાક આપવામાં આવ્યો નહોતો. [તે ઉમેરે છે :]

રેલવે સ્ટેશનથી લાહોરની સેન્ટ્રલ જેલમાં અમને લઈ ગયા. ત્યાં અમારા હાથ બાંધ્યા અને અમને એકાંતવાસની ઓરડીઓમાં મોકલ્યા. આવી રીતે ૪૦ દિવસ અમને રોકી રાખ્યા અને તેમાં અમારે ભારે મુશ્કેલીઓ અને હાડમારીઓ ભોગવવી પડી.

જાણે આટલું બસ ન હોય તેમ છોડતી વખત પણ તેમના ઉપર અપમાનોનો વરસાદ વરસાવ્યો. તેમને હાથકડી કરી શેખુપુરા લઈ ગયા. પોલીસ સ્ટેશન સુધી તેમને ચલાવ્યા, અને પછી શહેરમાં નાયબ તહસીલદારના ઘર સુધી તેમને લઈ ગયા અને ત્યાં તેમને છેવટે છોડ્યા. આમ કરવાનો તેમનો હેતુ તેમની મશ્કરી કરવા સિવાય બીજો કશો નહોતો. (જુબાની નં. ૪૮૬)

લાલા ઉશનકરાય બી. એ., એલએલ. બી. નવ વર્ષથી પહેલા દરજ્જાના વકીલ તરીકે ધંધો કરે છે. વંશપરંપરાથી તે બે ગામના લંબરદાર છે, સારી જમીનજાગીરના માલિક છે, અને લડાઈના ફાળામાં તેમણે સતત મદદ કર્યા કરેલી છે. તે કહે છે : "ગયા એપ્રિલ સુધી મેં કોઈ પણ રાજકીય સભામાં ભાગ લીધો નહોતો." ૧૫મીની સવારે સબ-ડિવિઝનલ ઑફિસરે તેને બોલાવી મંગાવ્યા. કાયદો અને બંદોબસ્ત જાળવી રાખવાને તેમણે પોલીસની સહાયમાં કામ કરવા વચન આપ્યું. તે જ સાંજે તે સબ-ડિવિઝનલ ઑફિસર ચુહારખાના ગયો. લૉર્ડ હંટરની કમિટી આગળ આ અમલદાર કહે છે કે શેખુપુરાની શાંતિ કેવળ બહારની જ હતી, ખરી નહોતી. પણ તે ચુહારખાના ગયો તે જોતાં તેણે કહેલી હકીકત ખરી લાગતી નથી. ઉપર કહ્યા પ્રમાણે તારનાં દોરડાં કપાયાં હતાં છતાં તેણે શેખુપુરા છોડ્યું હતું એ વાત યાદ રાખવાની છે. લાલા ઉશનકરાય કહે છે કે તેણે ૧૮મીની સાંજ સુધી સ્થાનિક એક્સ્ટ્રા આસિસ્ટન્ટ કમિશનરની સહાયમાં કામ કર્યું. સબ-ડિવિઝનલ ઑફિસર આગળ તે ૧૯મીએ હાજર પણ થયો અને શેખુપુરામાં બધું બરાબર છે એમ તેણે રિપોર્ટ કર્યો. પણ થોડી મિનિટ પછી તેને તેના ઘરમાં પકડ્યો અને ઘરનાં બારણાં બંધ કરવા અને જાકીટ પહેરવા જેટલું પણ તેને કરવા દીધું નહીં. તે કહે છે :

ગોસાંઈ મયારામ જેની ઑફિસ મારી ઑફિસથી થોડા વાર દૂર છે, તેના આવવાની તેઓ રાહ જોતા હતા. તે દરમિયાન મને ગંદી જમીન ઉપર બેસાડ્યો. મને થાક લાગ્યો નહોતો અને નીચે બેસવાની મારી ઇચ્છા નહોતી પણ મારું અપમાન કરવા માટે મને નીચે બેસાડ્યો હતો.

લાહોરની રેલવેની કાચી જેલ વિષે બોલતાં તે કહે છે :

માણસને રહેવાને માટે તે તદ્દન અયોગ્ય હતી; કારણ કે પહેલાં જાજરૂ તરીકે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તે દુર્ગંધ મારતી હતી.

તેમના જોડા અને ફેંટા કેદખાનાની બહાર કઢાવ્યા હતા. ગૌહરસિંહ શીખ છે. તેણે ફેંટો ઉતારવા વાંધો બતાવ્યો અને ઉંમર થવાને લીધે ચશ્માં વિના દેખી શકતો ન હતો, માટે ચશ્માં રાખવાનું

Gandhi Heritage Portal

કહ્યું, પણ તેનું કહ્યું સાંભળ્યું નહીં. તેને જણાવ્યા સિવાય તેની લંબરદારી લઈ લીધી અને ઉપરી અમલદારને કરવામાં આવેલી તેની અપીલ સાંભળ્યા વિના કાઢી નાખવામાં આવી.

ગોસાંઈ મયારામ, તે પણ બી. એ., એલએલ. બી. છે. તે કહે છે કે ધરપકડ સવારના પહોરમાં થઈ:

> અમે પૂરાં કપડાં પણ પહેર્યાં નહોતાં. રાત્રે પહેરેલાં પહેરણ અને પાયજામાભર કેટલાકને પકડયા હતા અને વકીલ મોલવી અલીમદીનના શરીર પર માત્ર પહેરણ અને ધોતિયું હતાં. અમારાં કપડાં લાવવા દેવાની માગણીના જવાબમાં ટૂંકીટચ "ના" પાડી માત્ર ભવાં ચડાવ્યાં.

હઠપૂર્વક કરેલા અપમાનના દાખલા આપતાં તે કહે છે:

> મને, સરદાર બૂટાસિંહને, મોલવી અલીમદીનને, એ વકીલોને અને જમિયતસિંહને એક જ ખાનામાં પૂર્યા અને બેસવાને બાંકડા હતા છતાં અમને નીચે બેસવાનો હુકમ કર્યો. સરદાર બૂટાસિંહે તે દિવસે સવારમાં વહેલાં જુલાબ લીધો હતો. તેને પેશાબ કરવા જવું હતું, અને તેણે એક પહેરેગીરની રજા માગી પણ કંઈ વળ્યું નહીં. અમે સઘળાએ વારંવાર એ સંબંધે અરજ કરી તે ઉપરથી એક સોલ્જરે જવાબ આપ્યો: "ગળી જાઓ તો શું?"

બીજાં દૃશ્યો વર્ણવ્યા પછી તે કહે છે:

> જેલમાં જે હાડમારી અમે ભોગવી તે કહી જાય તેવી નથી. જેલનો સામાન્ય ખોરાક ઢોરને લાયક હોય છે, માણસને માટે નથી હોતો. સવારે અર્ધો કલાક અને સાંજે નહાવાને માટે અર્ધો કલાક માત્ર અમને કોટડીઓમાંથી છૂટી મળતી. આ એક કલાક પણ અમને પહેરેગીરો આપતા નહીં અને પોતાની મરજીમાં આવે ત્યારે બારણાં ઉઘાડતા અને વાસતા. (જુબાની નં. ૪૮૩)

સબ-ડિવિઝનલ મૅજિસ્ટ્રેટે પહેલાં આ સાક્ષીને અને પછી બીજા વકીલોને છઠ્ઠી એપ્રિલની સભામાં ન જવા ચેતવણી આપવા પ્રયત્ન કર્યો અને જ્યારે સાક્ષી, સભામાં જવામાં કાંઈ ખોટું નથી અને સભામાં જવાથી વકીલાતની સનદને બાધ આવતો નથી એમ બતાવી શક્યો ત્યારે તેમ કરવામાં તેઓના હિતને નુકસાન થશે એમ કહીને તેમને સમજાવ્યા; અને આ સમજૂતીને ગોસાંઈ પોતાની નબળાઈથી વશ થયા તે વખતે સબ-ડિવિઝનલ ઑફિસર સાથે તેને રમૂજી વાતચીત થઈ હતી તે આ સાક્ષી કહી બતાવે છે. પછી સબ-ડિવિઝનલ ઑફિસરે બીજા વકીલોને બોલાવ્યા અને તેમને કહ્યું કે ગોસાંઈએ સભામાં નહીં જોડાવાને વચન આપ્યું છે. ગોસાંઈએ આ સાંભળ્યું ત્યારે તેણે કહ્યું:

> મને માઠું લાગ્યું, અને મને વિચાર આવ્યો કે બીજાઓના ઉપર વગ ચલાવવામાં સબ-ડિવિઝનલ ઑફિસર મારા નામનો ખોટો ઉપયોગ કરે છે; તેથી મેં તેને લખી નાખ્યું કે હું સભામાં જવાનો ઇરાદો રાખું છું અને મારા નામનો એ રીતે ઉપયોગ કરવાનો તેને કશો હક નથી. (જુબાની નં. ૪૮૪)

વકીલ, સરદાર પ્રીતમસિંહ, જે પકડાવામાંથી બચી ગયા હતા તેઓ ૨૯મીની સાંજે લશ્કરી કાયદો જાહેર થયા પછી તેનું મંગળાચરણ કેવી રીતે થયું તેના સાક્ષી છે. તેઓ તેનું આ પ્રમાણે વર્ણન કરે છે:

> સબ-ડિવિઝનલ ઑફિસર, રાયસાહેબ શ્રીરામે પોતે ઢંઢેરો વાંચી સંભળાવ્યો અને વાંચવાનું પૂરું થયા પછી લોકોને કહ્યું કે તેઓ હડતાળ બીજી વાર પાડશે તો તેમના પર

Gandhi Heritage Portal

ગોળીબાર કરવાની હવે તેને સત્તા આપવામાં આવી છે. આમ કહેતાં તેણે કેટલાએક વયોવૃદ્ધ સંભાવિત ગૃહસ્થોની દાઢી તરફ લાકડીનો છેડો ઘોંચવાની ચેષ્ટા કરી.

પછી તે, મશીનગનનું પ્રદર્શન, જેને વિષે હંટર કમિટી આગળ વાત થયેલી છે, તેનું વર્ણન કરે છે:

એપ્રિલના આખર વખતમાં કેટલીએક મશીનગનો અને બંદૂકો ચઢાવેલ મોટરકાર સાથે કેટલાએક બ્રિટિશ અને હિંદી સિપાઈઓએ હારબંધ ફરીને સરકારના બળનું પ્રદર્શન કરી બતાવ્યું. મશીનગનની સામા એક ટેકરાને અડાડીને કેટલાક લોઢાના કટકા રાખવામાં આવ્યા હતા. પછી મશીનગનો ચલાવી તેની ગોળીઓ પેલા લોઢાના કટકા સોંસરી નીકળી ગઈ હતી તે કટકા લોકોને બતાવ્યા. આ તમાશો જોવાને આવવાની અમલદારોએ લોકોને ફરજ પાડી હતી. પેલા કટકા બતાવીને અમલદારોએ તેમને કહ્યું કે જો લોકો ફરી સરકારની સામા બંડ કરશે તો આ જ મશીનગનોથી તેમને આવી રીતે વીંધી નાખવામાં આવશે. પણ સત્તાના આ પ્રદર્શન પહેલાં લેફ્ટનન્ટ ગવર્નરનો ઢંઢેરો વાંચી બતાવવામાં આવ્યો હતો અને તેમાં પૂર્વની સામાન્ય સ્થિતિ પાછી લાવવા માટે સરકારની સહાયમાં કામ કરવા લોકોને શિખામણ આપવામાં આવી હતી.

સહાયમાં કામ કરવાની વિનંતીની સાથે સાથે જ આ સત્તાનું પ્રદર્શન એ બે વચ્ચે કાંઈ મેળ ખાતો જણાતો નથી.

૭મી મે કે તે અરસામાં એક વળી જુદી જ જાતનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેનો હેતુ માત્ર ત્રાસ બેસાડવાનો જ નહીં પણ અપમાન કરવાનો પણ હતો. ફરી તે જ સાક્ષીની ભાષામાં અમે તે આપીએ છીએ :

તે જગાના બધા માણસોને તેણે તડકામાં ભેગા કર્યા. જે વકીલોને પકડ્યા નહોતા તે પણ આ લોકમાં હતા. વકીલોને બીજાથી જુદા પાડી બે હારમાં ઊભા રાખ્યા હતા. તા. ૬ઠ્ઠીની સભામાં જે જોડાયા નહોતા તેમને પહેલી હારમાં અને જે તે સભામાં જોડાયા હતા પણ જેમણે કામમાં સક્રિય ભાગ નહોતો લીધો તેમને બીજી હારમાં રાખ્યા હતા. મિ. બૉઝવર્થ સ્મિથે પોતાનું ભાષણ શરૂ કર્યું અને હિંદુસ્તાનના વકીલોને ભાષણનો વિષય બનાવ્યા. બીજી વાતો ઉપરાંત તેણે જણાવ્યું કે, હિંદુસ્તાનના વકીલો કમીન એટલે હલકા વર્ગના છે, અને જમીનદારોને પોતાનાં હથિયાર બનાવી સરકારની સામે હિલચાલ કરે છે. તેણે મને મારા પિતા શું કામ કરતા અને હું ક્યાં કેળવણી પામ્યો હતો તે વિષે પૂછ્યું. મારા પિતા શાળાના મહેતાજી હતા અને મેં લાહોરની ફૉરમન ક્રિશ્ચિયન કૉલેજમાં અભ્યાસ કર્યો છે એમ જાણીને હું આ હિલચાલમાં ભાગ જ કેવી રીતે લઈ શક્યો તે વિષે તેણે અચંબો બતાવ્યો. આટલું જ નહીં પણ આગળ વધી બીજા વકીલોની સમક્ષ મને “નાનકડો કીડો” સુધ્ધાં કહ્યો.

વકીલોની વાત પૂરી થઈ પછી મિ. બૉઝવર્થ સ્મિથે નિવૃત્ત થયેલા પોલીસ ઈન્સ્પેક્ટર સરદાર ગૌહરસિંહને તડકામાં લોકો આગળ હાથકડી સાથે ઉઘાડા પગે ચલાવ્યા. સાહેબે લોકોને કહ્યું કે ગૌહરસિંહ સરકારની એક રાજદ્રોહી રૈયત છે, અને તેના ત્રણ દીકરાને[1] અપકૃત્યોને માટે જેલમાં મોકલવામાં આવ્યા હતા. સરકાર તેનું પેન્શન બંધ કરશે અને તેને બ્રહ્મદેશ દેશનિકાલ કરશે.

૧. અમરસિંહ, આત્માસિંહ અને ૧૬ વર્ષનો સંતોકસિંહ.

Gandhi Heritage Portal

પછી તેણે લોકોને સામાન્ય શિખામણ આપી. તેણે કહ્યું કે લોકો બધા "સૂવર લોક" અને ગંદી મખ્ખી છે. લોકોએ દુકાનો બંધ કરીને સરકાર સામે બંડ કર્યું છે એટલે "કાલા લોગ, ગંદે લોગ, સબ એક રંગ કે" એમ કહી તે સાચોસાચ જમીન ઉપર થૂંક્યો. તેણે કહ્યું કે લોકોએ કદી વકીલોનું કહ્યું સાંભળવું નહીં કારણ કે તેઓ છેતરે છે, પણ સલાહને માટે લંબરદાર, ઝૈલદાર, તહસીલદાર અને ડેપ્યુટીઓ પાસે જવું. (જુબાની નં ૫૦૩)

અહીં વકીલોનું ખસૂસ અપમાન કરવાનો, લોકો જેમને પોતાના મિત્રો સમજતા હોય તેવા વકીલોથી તેમને જુદા પાડવાનો, તેના દીકરાઓનાં મનાતાં અપકૃત્ય માટે એક સંભાવિત પોલીસ ઈન્સ્પેક્ટરનું જાણીજોઈને અપમાન કરવાનો, અને સાંભળનારા બધા માણસોને હલકી રીતે ગાળો દેવાનો આ એક નમૂનો છે. અને આ બધું કરનાર એક જિલ્લો જેને સોંપવામાં આવ્યો હતો, અને જેને બંદોબસ્ત પાછો સ્થાપિત કરવા અને ગુનેગારોને સજા કરવા મોકલવામાં આવ્યો હતો એવો અમલદાર છે.

નિર્દોષ લોકો ઉપર નિર્દય રીતે જુલમ કરવામાં અમલદારો કેટલે દૂર ગયા તે ગૌહરસિંહના દાખલા પરથી સમજાશે. સરદાર ગૌહરસિંહ અને તેનું કુટુંબ ખરી રીતે પાયમાલ થઈ ગયું છે અને એમને પાયમાલ કરવામાં જે અમલદારે ભાગ લીધો તેણે વાંધાભરેલા ઉપાયો લેવામાં જરાયે આંચકો ખાધો ન હતો. તેના પુત્ર સરદાર અમરસિંહની જુબાની સાચી હોય તો એમ જણાય છે કે રાયસાહેબ શ્રીરામે આ કુટુંબને કેટલાએક વખત થયાં નજરમાં રાખ્યું હતું. આ સાક્ષી કહે છે:

> અને તે મુજબ ૧૯ એપ્રિલ ૧૯૧૯ના રોજ મારા બાપે કાંઈ ગુનો કર્યો ન હતો છતાં તેમને પકડીને લાહોર સેન્ટ્રલ જેલમાં મોકલી દીધા, પણ તે જ દિવસે પાછળથી તેમને છૂટા કર્યા. શેખુપુરામાં અમારે માથે જે વીત્યું તે કહ્યે પાર આવે તેમ નથી. અમારાં બધાં ઘરને તાળાં માર્યાં અને સ્ત્રીઓને અને છોકરાંઓને બહાર કાઢયાં. ખેતરોનું અનાજ જપ્ત કરવામાં આવ્યું અને ત્યાં ચોકી મૂકવામાં આવી અને લણી લેવાની અમને મના કરવામાં આવી. આથી અમને ભારે નુકસાન થયું, જે આખું ગામ જાણે છે. અમારું ઘર સળગાવી મૂકવાની ધમકી અમને વારંવાર આપવામાં આવી હતી.

૨૦મી એપ્રિલે આ સાક્ષી અને તેના બે ભાઈઓને કેદ કરવામાં આવ્યા. તેના એક સગાને પણ પકડવામાં આવ્યો. અને તેના એક મિત્રને તથા તેના બે નોકરોને પણ પકડવામાં આવ્યા. સરદાર અમરસિંહ કહે છે કે તેઓ મારા નોકરી હતા માટે જ ફક્ત મારે લીધે તેમને આ સહન કરવું પડયું. આ છયે જણા એટલે સાક્ષીના બે ભાઈ, એક સગો, એક મિત્ર, અને બે નોકર— એ બધાને કામ ચલાવ્યા વિના તા. ૨૮મી મેએ છોડી મૂકયા. સાક્ષીને પોતાને ૨૪મી મેએ શેખુપુરા આણ્યો. ઓળખાણ કરાવવાને બહાને તેના હાથ બાંધી તેને લોકોની આગળ રજૂ કર્યો. તે કહે છે કે લોકો આગળ મને બેઆબરૂ કરવા માટે આમ કર્યું હતું. ૨૬મી મેએ તેને મિ. પેની આગળ રજૂ કરવામાં આવ્યો. પણ તેની પોતાની સામે કાંઈ પુરાવો નહોતો તેથી તેને છોડી મૂકવામાં આવ્યો. (જુબાની નં. ૪૦૦)

નં. ૪૯૨, ૪૯૩, ૪૯૭, ૪૯૯, ૫૦૦ અને ૫૦૧ના સાક્ષીઓ કહે છે કે તેઓમાંના કેટલાક પર ગૌહરસિંહ વિરુદ્ધ જુબાની આપવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, અને બાકીનાઓએ ખોટી જુબાની આપવાની ના પાડી એટલા ગુના માટે તેમને પકડયા, તેમના

Gandhi Heritage Portal

પર તહોમત મૂકયું અને તેમને તકસીરવાર ઠરાવ્યા. સરદાર ગૌહરસિંહ પોતે પોતાના કેસનું વર્ણન કરતાં કહે છે:

મારા દીકરાઓ અમલદારોના કહેવા મુજબ પોતાની મેળે હાજર થયા હતા, છતાં મારા ઘર, મારા તબેલા અને બીજાં મકાનો ઉપર આઠ દિવસ સુધી તાળાં વાસેલાં રહ્યાં અને મારા ઘર અને મારાં ખેતરો ઉપર સખત ચોકી રહી. એટલે અમારે ઘર વિના બહાર રહેવું પડયું. અમારા અનાજની સંભાળ લેવા દીધી નહીં તેથી તેને ઘણું નુકસાન થયું. અમારા ગરીબ ખેડૂતો જેમને ઊપજનો ⅓ મળવાનો હતો તેમને પણ તેટલું જ નુકસાન થયું. આ ખેડૂતોને નહેરનાં પાણી વાપરવા માટે આપવો પડતો પિયાવો કોઈ પણ રાહત સિવાય પૂરેપૂરો ભરવો પડયો. ૧૭મી મેના રોજ મને ફરી વાર પકડવામાં આવ્યો અને ૩૦મી મે, ૧૯૧૯ના રોજ છોડયો.

કારણ બતાવવાની તક આપ્યા સિવાય લંબરદારીમાંથી તેને બરતરફ કર્યો. (જુબાની નં. ૪૮૮)

શેખુપુરામાં કાંઈ નુકસાન થયું નહોતું, અને તારનાં દોરડાંને લોકોનાં ટોળાંએ નુકસાન કર્યું નહોતું. નુકસાનીની રકમ લેવાની ઠરાવવામાં આવી. ગોસાંઈ મયારામ વકીલ કહે છે:

થયેલ નુકસાનની રકમ વધારેમાં વધારે રૂ. ૫)થી વધારે નહોતી. પહેલી રૂ. ૯,૦૦૦ની નુકસાની કઢાવવાની દરખાસ્ત કરવામાં આવી હતી. તે પછીથી ઘટાડીને રૂ. ૧૦૦) કરી તેમાંના લગભગ રૂ. ૬૦) ચાર વકીલો પાસેથી વસૂલ લેવામાં આવ્યા; જે વકીલો વિના વાંકે ૪૦ દિવસ કેદમાં રહેવાના દુર્ભાગ્યના ભોગ થઈ પડયા હતા. (જુબાની નં. ૪૮૩)

મિ. બૉઝવર્થ સ્મિથે પોતાની જુબાનીમાં કબૂલ કર્યું હતું કે એક "તોબાઘર" (પશ્ચાત્તાપ-ગૃહ) બંધાવવાનો તેનો વિચાર હતો, તે વાત પર લાલા ઠાકરદાસ પ્રકાશ પાડે છે. તે સાક્ષીને તેમાં રૂ. ૧,૦૦૦) ભરવાના હતા. (જુબાની નં. ૫૦૭)

શેખુપુરાના એપ્રિલ માસના બનાવોની તપાસ પૂરી કરતાં પહેલાં કર્નલ ઓબ્રાયન, મિ. બૉઝવર્થ સ્મિથ અને રાયસાહેબ શ્રી રામ સુદની જુબાનીઓના અમુક ભાગ તરફ નજર કરવાની જરૂર છે. તેથી જણાય છે કે તેમણે જે કૃત્યો કરેલાં છે તે વૈરભાવથી કરેલાં છે. હિંદુસ્તાનના રક્ષણના કાયદા અનુસાર કમિશનરને આપેલી સત્તાની રૂએ વૉરંટ વિના સામાન્ય રીતે લોકોને પકડયા હતા, એમ કહી કર્નલ ઓબ્રાયન પોતાનાં કૃત્યને વાજબી ઠરાવે છે. આ કલમ અમે આપી ગયા છીએ. સામાન્ય બુદ્ધિથી તેનો અર્થ એવો થાય કે કમિશનરમાં ડેપ્યુટી કમિશનરનો સમાવેશ થતો નથી. કારણ કે જ્યાં ડેપ્યુટી કમિશનરને સત્તા આપી છે ત્યાં તેમનો સ્પષ્ટ નિર્દેશ કરેલ છે. પણ શેખુપુરાના વકીલો સંબંધી તો કર્નલ ઓબ્રાયન કાયદાના અર્થનો આશ્રય ન લેતાં કહે છે કે હડતાળ પડાવવાની વ્યવસ્થા કરવાને માટે તેમને પકડવામાં આવ્યા હતા. મિ. બૉઝવર્થ સ્મિથ પહેલાં કદી શેખુપુરા આવ્યા નહોતા તેથી તેણે પહેલાં કદી વકીલોને જોયા નહોતા. તેણે વકીલ માત્રનો તિરસ્કાર કર્યો છે એટલું જ નહીં પણ હાઈકોર્ટમાં તેમનાં નામો રિપોર્ટ કરી મોકલવા જેટલી નિર્લજ્જ ધૃષ્ટતા કરેલ છે. રાયસાહેબ શ્રી રામ સુદે કબૂલ કરેલું છે કે પોતાને ફરિયાદ કરવાનું કારણ એવું હતું કે તેઓમાંનો એક વકીલ (ક) "ટ્રિબ્યૂન પત્ર મંગાવતો હતો." (ખ) "હડતાળના દિવસે બીજા વકીલોની સાથે ઉઘાડે માથે નજરે આવ્યો હતો" અને (ગ) "સભાના પ્રમુખ તરીકે ૬ઠ્ઠી એપ્રિલ પછી કેટલાએક વકીલો તરફથી દિલગીરી જાહેર કરવાના પત્રો તેને મળ્યા હતા." અને બીજો એક વકીલ (૧) "મૉસ્લેમ હેરલ્ડ પત્ર મગાવતો હતો."

Gandhi Heritage Portal

(૨) "બીજા વકીલને ઘેર જોવામાં આવ્યો હતો" અને, (૩) "પોતે હાજર ન થઈ શકયો તે માટે દિલગીરી જાહેર કરવાનો પત્ર તેણે સભાના પ્રમુખને લખ્યો હતો."

સમરી (સંક્ષિપ્ત) સુનાવણીઓની તેમ જ જુબાની અપાવવા કરેલા જોરજુલમ વિષેની બધી વિગતમાં અમે ઊતર્યા નથી. આ બંને મુદ્દા ઉપરનો પુરાવો શેખુપુરાની જુબાનીઓમાં જોઈએ તેટલો મળશે. સમરી સુનાવણીઓ તો ફારસ હતી. જોરજુલમનો પુરાવો અતિશય નામોશી ઉપજાવનારો છે.

### ૧૮. લાયલપુર

લાયલપુર તે લાયલપુર જિલ્લાનું મુખ્ય શહેર છે. એ નવું જ વસેલું છે અને તેની વસ્તી ૧૫,૦૦૦થી વધારે છે. આ જિલ્લામાં ઘઉંની નિકાસનું એ એક મોટામાં મોટું મથક છે. ૯ઠ્ઠી એપ્રિલે લોકોએ પોતાની ઇચ્છાથી પાકી હડતાળ પાડી હતી, અને સભા પણ ભરાઈ હતી. તેમાં ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા અને સમર્યાદ ભાષામાં સંભાળપૂર્વક લખી કાઢેલાં ભાષણો વાંચવામાં આવ્યાં હતાં. અમલદારોની યોગ્ય સલાહ લીધા પછી સભા ભરી હતી. ૧૨મી સુધી કાંઈ બન્યું નહીં. પણ ત્યાં સુધીમાં શ્રીયુત ગાંધી, ડૉ. કિચલુ, અને ડૉ. સત્યપાલને પકડ્યાના તથા લાહોર અને અમૃતસરમાં બંદૂકો છૂટ્યાની ખબર આવી પહોંચી હતી. આથી લોકોએ સ્વતઃ બીજી પાકી હડતાળ પાડી. આગેવાનોએ હડતાળ ન પાડવા બનતું કર્યું પણ લોકોની લાગણી તેઓ કાબૂમાં રાખી શકયા નહીં. પણ શાંતિ જાળવી રાખવામાં અમલદારોને તેમણે ઘણી સહાય કરી. દરબાર સાહેબ ઉપર ગોળીબાર થયાના ઊડતા ખબરથી ખાસ કરીને શીખ પ્રજામાં બહુ ખળભળાટ થઈ ગયો અને હડતાળ લંબાઈ. પણ આગેવાનોની આવડત અને ખબરદારીથી તા. ૧૫મીએ હડતાળ છોડી નંખાવવામાં આવી. શહેરમાં કોઈ જાતનો ઉપદ્રવ નહોતો. લાયલપુરની નજીક દોરડાં કાપવામાં આવ્યાં હતાં, પણ હડતાળ અથવા લાયલપુરના કોઈ માણસ સાથે તેને સંબંધ નહોતો. સ્ટેશન પર ખડકેલા ભૂસાના કોથળાને આગ લાગી. આ કોઈ આગ લગાડનારા બદમાસોનું કૃત્ય માનવામાં આવતું હતું. આ સંબંધમાં નિર્દોષ માણસોને પકડવામાં આવ્યા અને તેમને ઘણું વેઠવું પડ્યું. પણ સ્ટેટ સેક્રેટરી તરફથી નુકસાનીનો દાવો થતાં ઉપરથી પૂરી તપાસ થઈ હતી, અને માજિસ્ટ્રેટે દાવો કાઢી નાખતાં ઠરાવ્યું હતું કે ભૂસાની આગ બદમાસોનું કૃત્ય ન હતું. દુર્ભાગ્યે આ તપાસ એટલી બધી મોડી થઈ કે નિર્દોષ માણસો બચી શકયા નહીં. અમે દાખલ કરેલી જુબાનીઓની સાથે આ ફેંસલો જોડેલો છે. માજિસ્ટ્રેટ કહે છે:

> ભૂસાને રાતના સવા આઠ અને પોણા નવ વચ્ચે આગ લાગ્યાનું જણાય છે. આઠ ઉપર ૪૦ મિનિટે પહેરેગીરે આગ જોઈ. રાત અંધારી હતી અને તે વખતે કારખાનાની દિશાએથી સખત પવન વાતો હતો. આ પવનનો આગળ જતાં ભારે વંટોળિયો થઈ પડયો.
>
> જે ગંજી એટલે ગાંસડીઓનો ઢગલો કારખાનાની પાસેમાં પાસે હતો તેને આગ લાગી હતી. કારખાના તરફની બાજુથી આગ શરૂ થઈ હતી. ગાંસડીઓ ઉપરના છાપરાને એટલે સિરકીના છાજને આગ લાગી હતી. છાપરામાંથી ગાંસડીઓને આગ લાગી. ભૂસાના ઢગલાનો ચોકીદાર તે વખતે ગેરહાજર હતો. કોઠારી એટલે ગાંસડીઓ ખડકાવવાનું જેનું કામ હતું તે અમલદાર આગ લાગ્યા પછી થોડી વારે આવી પહોંચ્યો. આગ શરૂ થયા પછી થોડી જ વારે ઘોડેસવારો સાથે હું તે જગાએ જઈ પહોંચ્યો. હું પહોંચ્યો ત્યારે કારખાનાના કેટલાએક

Gandhi Heritage Portal

માણસો, મ્યુનિસિપાલિટીના કેટલાએક નોકરો અને ઉપર જણાવેલ કોઠારી એટલા ત્યાં હતા. ઢગલા આગળ કોઈ ટોળું આવ્યાના અથવા ઢગલા આગળ કોઈ પણ એકલો માણસ દેખાયાના ખબર મળ્યા ન હતા. ચોકીદારની ગેરહાજરીનું કારણ આળસ લાગે છે. કોઈ જાતની અગાઉની સંતલસ થઈ હોય એમ લાગતું નથી. માલના ધક્કા નજીક કંઈ વહેમપડતું પહેરેગીરે કે ચોકીદારે જોયું નહોતું. પછીથી વંટોળિયો ચડ્યો હતો અને બીજા ઢગલાને આગ લાગતી અટકાવવાને મદદ કરવા આવેલા માણસોનાં પગલાંથી જમીન ઢંકાઈ ગઈ હતી તેથી પુરાવો મળવાનો સંભવ રહ્યો નહોતો.

પોલીસ તપાસમાં કાંઈ ઊણપ રહી નહોતી; ભૂસાની આગના સંબંધમાં કાંઈ નિશાની મળી આવી નહોતી. લાયલપુરનાં તોફાનો સંબંધમાં જેમને સજા થઈ હતી તેમની સાથે તેમના ગુપ્ત ભેદમાં જેઓ સામેલ હતા તેમણે લાયલપુરના કેસોમાં માફીની શરતે કબૂલાતો આપેલી છે. પણ આવા કોઈ જુબાની આપનારે ભૂસું બાળવા સંબંધી કાંઈ ખબર આપેલી નથી; એટલે ભૂસાની આગ તે લોકોની સંતલસમાં આવી હોય એમ લાગતું નથી.

આ કામ કોઈ આગ લગાડનાર બદમાસનું છે એવો તે વખતે ભારે વહેમ હતો, કારણ કે,

(૧) તોફાનોને અંગે એવાં કૃત્યો બીજી જગાએ બન્યાં હતાં.

(૨) તોબા ટેકસિંહ આગળ એવું ભૂસું બાળવાનું એક કાવતરું રચાયાનું કહેવામાં આવ્યું હતું.

(૩) આગલે દિવસે માલના ધક્કા ઉપરથી માલ ખસેડી નાખવામાં આવ્યો હતો.

પોલીસ તપાસ ઉપરથી ભૂસાની આગનો સંબંધ કોઈ પણ બદમાસી કૃત્ય કે કોઈ પણ હંગામો અથવા હંગામો કરનાર માણસની સાથે જોડી શકાતો નથી. લાયલપુર તોફાનમાં સજા પામેલાઓની મેં જેલમાં પૂછપરછ કરી હતી. સજા પામ્યા પછી જે જાણતા હોય તે સંતાડવાને તેમને કશું પ્રયોજન નથી અને બીજા ઘણાયે મુદ્દા ઉપર તેમણે મને બાતમી આપેલી છે, પણ તેમાંના કોઈની પાસે ભૂસા સંબંધી કશી બાતમી નથી.

કોઈ ગામના કોઈ એક અથવા વધારે માણસોએ આ કામ કર્યું હોય કે કેમ તે પણ મેં તપાસ કરી જોઈ પણ કાંઈ પત્તો લાગ્યો નથી.

તે દિવસે ચાર કારખાનાં કામ કરતાં હતાં. તેમાંનું એક આ ઢગલાની તદ્દન નજીક છે. શિયાળાના મહિનામાં કારખાનાં ચાલવાથી આગ લાગી નહોતી. પણ એપ્રિલ માસથી કારખાનાના ચોગાનમાં ખુલ્લી પડેલી રૂની ગાંસડીઓમાં ચીમનીમાંથી નીકળતા અંગારા વગેરેને લીધે અનેક વાર આગ લાગી છે. અંતર જોતાં જોકે બનવાજોગ લાગતું નથી તોપણ ભૂસાની આગનું કારણ આ હોય એ શક્ય છે.

અહીંની હદમાં થયેલા કોઈ હંગામા અને ગેરકાયદેસર મંડળમાંથી આ નુકસાન નીપજ્યું હોય એમ બતાવવાને વહેમ સિવાય હું કાંઈ બીજું શોધી શકતો નથી.

આ કારણથી, પોલીસ ઍક્ટની કલમ ૧૫ક(૨)(ગ)માં જણાવેલ નુકસાનીનો અડસટ્ટો કાઢવાનું મારાથી બની શકે એમ નથી.

સાથે સાથે માજિસ્ટ્રેટે ટીકા કરી છે:

તે દિવસે લાયલપુરમાં હંગામા કે તોફાન થયાં નહોતાં; દુકાનો બંધ થઈ હતી પણ કંઈ તોફાનો કે ગેરકાયદેસર મંડળીઓ તળ શહેરમાં જોવામાં આવી નહોતી. (જુબાની નં. ૫૧૭)

Gandhi Heritage Portal

લાયલપુર તોફાની પ્રવૃત્તિથી એટલું બધું મુક્ત હતું કે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. બી. ડબ્લ્યુ. સ્મિથે હંટર કમિટી આગળ જુબાની આપતાં કહ્યું કે લશ્કરી કાયદો "આવશ્યક" નહોતો. જોકે પોતે તેને "ઇષ્ટ" માનતા હતા; અને તેમ છતાં લશ્કરી દમામ, ત્રાસ, જુલમ, સલામ કરવાના હુકમો, મુસાફરી કરવાની મના, અને લોકોના સ્વાભાવિક નાયકોનું અપમાન કરવાના અને લોકોની ઉપર પડતું તેમનું વજન નાબૂદ કરવાના ગેરવાજબી પ્રયત્નો — એમાંનું કશું કરવામાં બાકી રાખવામાં આવ્યું ન હતું.

૨૨મી પહેલાં ધરપકડ શરૂ થઈ ન હતી. લાલા ચિંતરામ થાપર કહે છે :

> ૨૨મીએ લોકો પથારીમાંથી ઊઠ્યા નહોતા તે પહેલાં શહેરમાં ફરતી મશીનગનો ગોઠવી દીધી હતી અને શહેર આસપાસ બ્રિટિશ સોલ્જરો મૂકી દીધા હતા. આશરે ૧૨ માણસોને પકડયા હતા અને તેમાં હું હતો. મેની બીજીએ અમને બબ્બેને એક હાથકડી કરીને કોર્ટ આગળ ઊભા કર્યા. અમે વાંધો લીધો. . . .આવી દશામાં અમને જેલથી કોર્ટ અને કોર્ટથી જેલમાં લઈ જતા અને કોર્ટમાં રહેતા તેટલો વખત પણ અમને હાથકડી રાખવામાં આવતી અને અમને બેસવાની રજા આપતા નહીં. મને માફીની શરતે ગુનો કબૂલ કરનાર સાક્ષી તરીકે ઊભો કરવાની કોશિશ કરવામાં આવી હતી. અને મારા મિત્રની મારફત ડેપ્યુટી કમિશનરનો હાથનો લખેલો કાગળ મારા ઉપર મોકલવામાં આવ્યો હતો.

પણ સાક્ષી અડગ રહ્યો. સજા કર્યા પછી કેદીઓને લાહોર લઈ જવામાં આવ્યા. સાક્ષી કહે છે :

> હાથમાં હાથકડી અને પગમાં બેડી સાથે આશરે ૧૧ વાગ્યે ધગધગતી ગરમીમાં અમારે જેલથી સ્ટેશન ચાલવું પડતું હતું. બેડીને લીધે અમારી ઘૂંટીઓ ઘવાઈ હતી. (જુબાની નં. ૫૨૧)

ડિસ્ટ્રિક્ટ કૉંગ્રેસ કમિટીના પ્રમુખ, લાયલપુરની પંજાબ નેશનલ બૅંક લિમિટેડના ડિરેક્ટર, અને ડી. એમ. એ. એસ. હાઈસ્કૂલ કમિટીના ઉપ-પ્રમુખ અને ૨૨ વર્ષની કારકિર્દીના વકીલ લાલા બોધરાજને પણ આમની સાથે કેદ કરવામાં આવેલા હતા. ગુજરાનવાલા જિલ્લામાં નહોતું કહ્યું, પણ અહીં તો કેદીઓ પર કયા તહોમત પ્રમાણે કામ ચાલવાનું છે તે તેમને કહેવામાં આવ્યું હતું. તે તહોમત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૪૩ મુજબ ગેરકાયદેસર મંડળીઓ કરવા બાબતનું હતું. તેથી જામીન પર છૂટવા અરજી આપી, પણ બીજાં તહોમતો મૂકવાનો વિચાર ચાલે છે એવા કારણસર અરજી નામંજૂર કરવામાં આવી. કેદમાં તેમના તરફની વર્તણૂક સંબંધી સાક્ષી કહે છે કે જોકે કાચી કેદના કેદીઓને પોતાના ઘરનો ખોરાક ખાવાનો હક હોય છે. છતાં પોતાનો ખોરાક મંગાવી ખાવા દેવાની તેમની અરજ નામંજૂર કરવામાં આવી એટલું જ નહીં પણ તેમને મહેણું માર્યું કે, "તેઓ ઉપવાસ કરી શકે છે તો જેલના ખાણાથી તો તેમણે સંતોષ માનવો જોઈએ." કેસ ચાલતાં સવારના ૧૦થી સાંજના ૭ સુધી તેમને ઊભા રાખવામાં આવ્યા. આ કારણથી તેમણે માગણી કરી કે દિવસે પોતાને ખરચે તેમને નાસ્તો કરવા દેવાની રજા આપવી જોઈએ. પહેલે દિવસે તેમને તેમ કરવા દીધું. પણ બાકીના દિવસો માટે તેમને કહેવામાં આવ્યું કે તેમ કરવાનો તેમને હક નહોતો. કામ શરૂ થયા પહેલાં કે પછી માજિ-સ્ટ્રેટે તેમને કેસના કાગળો જોવાની રજા આપવાની ના પાડી અને છતાં તેમને બચાવના સાક્ષી-ઓનાં નામ આપવાને કહ્યું. (જુબાની નં. ૫૧૯) લાલા અમીરચંદ[1] ધરકામે ૧૩મી એપ્રિલે લાયલપુર ગયા હતા; કલકત્તાથી લાહોર તેઓ ૫મી એપ્રિલે આવ્યા હતા. તેમને પણ કેદ કરવામાં

૧. અનારકલી, લાહોરમાં આવેલા "સ્વદેશી સ્ટોર્સ"ના માલિક.

Gandhi Heritage Portal

આવ્યા. અમલદારોની માગણી ઉપરથી મુકદ્દમાની વારંવાર મુદત પાડવામાં આવતી હતી. છેલ્લી મુકરર કરેલી તારીખ ૧૪મી જૂન હતી. પણ એકાએક વૉરંટ કાઢ્યા સિવાય તારીખ આગળ નાખીને મુકદ્દમો ૫મી જૂને ચલાવ્યો. સાક્ષી કહે છે કે પોતાના સાક્ષીઓ તે લાવી શક્યો નહીં છતાં તેને તકસીરવાર ઠરાવવામાં આવ્યો. છઠ્ઠી એપ્રિલે તેના ઉપર નવું તહોમત મૂકવામાં આવ્યું અને ત્રણ માસની કેદની તેને સજા કરવામાં આવી, અને ૧૮મી જૂને તેને બે વર્ષની કેદની સજા મળી. લેફ્ટનન્ટ ગવર્નરે ઘણી સજાઓ ફરી વિચારમાં લીધી. તે સાથે તેની સજા પણ ફરી વિચારમાં લેવાઈ અને તેને ૧૮મી સપ્ટેમ્બરે છોડી મૂકવામાં આવ્યો. તેને ફરી વાર કેદ કર્યો અને તેની પાસેથી જામીન લીધા. પણ પછી પોલીસે કેસ પાછો ખેંચી લીધો તે શા માટે તે તેઓ જ જાણે. સાક્ષી કહે છે કે તે બંગાળાથી આવતો હતો માટે તેની પાસે ભયંકર શસ્ત્રો હશે એવા વહેમથી તેને પકડવામાં આવ્યો હતો એવી તેને પછીથી ખબર મળી હતી. તે અનુમાન કરે છે:

એટલા માટે અમલદારો મને પકડવા માટે ઘેર પિસ્તોલો હાથમાં રાખી આવ્યા હતા. (જુબાની નં. ૫૨૪)

વકીલો અને બીજા ઉપર ચાલેલા મુકદ્દમાનું આબેહૂબ બયાન સરદાર સંતસિંહ વકીલ આપે છે. તેમના બચાવમાં ડગલે ડગલે કેવી રીતે હરકત કરવામાં આવતી હતી, ઢીલ કરવામાં આવતી હતી અને એટલો વખત કેદમાં તેમને રાખવામાં આવતા હતા અને લશ્કરી કાયદાનો અમલ બંધ થયો ત્યારે કેસ પૂરો થયો નહોતો છતાં તેઓને ગુનેગાર ઠરાવવામાં આવ્યા હતા—આ સઘળી વાતો તે જણાવે છે. સદ્ભાગ્યે લશ્કરી કાયદો પૂરો થયા પછી મુકદ્દમાનો અંત આવ્યો હતો તેથી તેઓ અપીલ કરી શક્યા. પછી તેમને ૨૩મી જુલાઈએ મુક્ત કરવામાં આવ્યા. પણ તેમને તાબડતોબ ફરી કેદ કરવામાં આવ્યા, જોકે આ વખત તેમને જામીન પર છૂટા કર્યા હતા ખરા.

તેથી તેઓએ પૂરેપૂરો વિશ્વાસ રાખી વકીલાતનું કામ ફરી શરૂ કર્યું પણ તેમને માજિસ્ટ્રેટે તુરત બોલાવ્યા અને તેમને ખબર આપી કે હજુ તેઓ સામેનું કામ બાકી છે. અને વકીલાત ફરી શરૂ કરવામાં તેઓ "અયોગ્ય વર્તણૂક માટે ગુનેગાર" હતા. સાક્ષી કહે છે કે જોકે તાકીદ શિખામણના રૂપમાં આપેલી હતી છતાં ધંધો શરૂ ન કરવો એ તેમણે ડહાપણભરેલું ધાર્યું. પણ હજુ નાટકનો છેલ્લો અંક પૂરો થયો નહોતો. ૧લી ઑક્ટોબરે જામીન પર ન છૂટી શકાય તેવા ગુનાનાં તેમની ઉપર વૉરંટો કાઢવામાં આવ્યાં.

તેમને પકડવામાં આવ્યા અને સાક્ષી કહે છે:

ગંદી ઓરડીમાં જડી લીધેલી ગંદી સાદડી પર સુવાડવાનું અમારા પર અપમાન નાખવામાં આવ્યું. કેદખાનામાંની કાચી કેદની ઓરડીમાં અમને લઈ જવાની માગણી ગણકારવામાં આવી નહીં.

પણ આ જુલમની વિરુદ્ધ વડી ધારાસભામાં—માનનીય પંડિત મદનમોહન માલવિયાએ જે ઝંડો ઉઠાવ્યો તેને લીધે છેવટે આ કામ પાછું ખેંચી લેવામાં આવ્યું અને વકીલોને કેદમાંથી છોડી મૂકવામાં આવ્યા.[1] (જુબાની નં. ૫૧૬)

૧. પંજાબમાં માર્શલ લૉ કેમ ચાલે છે તે સંબંધમાં ૯૨ પ્રશ્નો પૂછવાની માલવિયાજીએ નોટિસ આપી હતી. આ પ્રશ્નો તેઓ ૧૯૧૯ના સપ્ટેમ્બર માસમાં ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલમાં પૂછવા માગતા હતા. પરંતુ તે તેમને પૂછવા દેવામાં આવ્યા નહોતા.

Gandhi Heritage Portal

શ્રીયુત રામદાસ ચોપરા, બૅરિસ્ટર-ઍટ-લૉ કહે છે કે સત્યાગ્રહ ઉપર એક ભાષણ વાંચવાના ગુના માટે તેને લાયલપુરની "મ્યુનિસિપલ હદ" ઓળંગવાની મનાઈ કરવામાં આવી હતી. અને આ મનાઈ માર્શલ લૉ બંધ થયો ત્યાં સુધી ચાલુ રહી. તે કહે છે:

પણ કચેરી બજારની મારી ઑફિસમાં આ લશ્કરી કાયદાની જાહેરખબરો ચોડવાનો હુકમ એ બહાર નહીં જવાના મનાઈ હુકમ કરતાં પણ વધારે આકરો હતો. મારી ઑફિસ મારા રહેવાના ઘરથી ઓછામાં ઓછી અર્ધો માઈલ દૂર છે, અને મારી બધી સ્વતંત્રતાના જોખમે એટલે દૂરથી માર્શલ લૉની જાહેરખબર ઉપર ચોકી રાખવાનું કામ ભારે અઘરું હતું. આ બાબતમાં કમાન્ડરને મેં બહુ નમ્ર વિનંતી કરી પણ તે સ્વીકારવામાં ન આવી. મેં કમાન્ડરને કહ્યું કે મારી ઑફિસ મારા ઘરથી ઘણે દૂર છે માટે મારી ગેરહાજરીમાં માર્શલ લૉની નોટિસો મારી ઑફિસે ચોડવાને બદલે મને હાથોહાથ પહોંચતી કરાવો કારણ કે ઑફિસે ચોડવાથી તે ત્યાં ચોડવામાં આવી છે એવી મને ખબર પડે તે પહેલાં તેને કોઈ ફાડી પણ નાખે. મેં તેમની પાસે એક બીજી પણ માગણી કરી અને તે એ હતી કે મને તે નોટિસો એક પાટિયા પર ચોડવાની રજા મળે, કે જે પાટિયું મારી ઑફિસની બહાર દિવસના વખતમાં ટાંગી રખાવું અને રાત્રે તેને અંદર લઈ શકું, જેથી રાતનો પહેરો ભરવાની ખટખટ મટે. કમાન્ડરે જણાવ્યું કે "તમારી માગણીઓ તદ્દન વાજબી છે, ડેપ્યુટી કમિશનરને પૂછીને હું તમને જણાવીશ." બીજે દિવસે મને ખબર મળી કે દરરોજ સાંજે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની ઑફિસે જઈ લશ્કરી કાયદાની નોટિસો છે કે કેમ તે મારે ખબર કાઢી આવવી. બીજી માગણી વિષે તો તેઓએ મૌન જ ધર્યું હતું.

આ હુકમો મારી સામે પસાર કરવામાં આવ્યા પછી હું ડેપ્યુટી કમિશનરને મળ્યો અને તેને મોઢામોઢ પૂછ્યું કે મારા પર કામ શેનું ચલાવો છો? તેણે કહ્યું કે મારા વિષે તેમને સારા રિપોર્ટો મળતા નથી. મેં કહ્યું, "મારા જાણવામાં એમ જ આવેલું છે. મારી સામે તમને ખાસ કઈ હકીકત મળી છે તે મને ભલા થઈને જણાવશો?" પોલીસના કાગળો તેઓએ તપાસી જોવાનું વચન આપ્યું. આ પછી હું તેમને બે વાર મળ્યો પણ બંને વખત મને કહેવામાં આવ્યું કે તેમને કાગળો જોવાનો વખત ન હતો. અત્યાર સુધી આ અમલદારોનાં વિચિત્ર કૃત્યનાં કારણોની મને ખબર પડી નથી.

ખોટો પુરાવો અપાવવા માટે સાક્ષીઓ ઉપર કરેલું દબાણ ખરી રીતે અમે બીજે વર્ણવી ગયા છીએ તેવા જ પ્રકારનું હતું. જે એક સાક્ષી પાસે ખાસ કંઈ પુરાવો કહેવરાવવાનો હતો તેની આગળ એક અમલદારે જે વાક્ય વાપર્યું હતું તે જાણવા જેવું છે, "या तख्त लो, या तख्ता मिलेगा", એટલે કે ગાદી લો નહીં તો ફાંસી મળશે. કહ્યા પ્રમાણે જો સાક્ષી જુબાની આપે તો તેને છૂટી મળે એમ હતું; જો ન આપે તો તેને નસીબે કેદ ચોંટેલી હતી. (જુબાની નં. ૫૧૮, ૫૨૨, ૫૨૫, ૫૨૬, ૫૩૧, ૫૩૩, ૫૩૬, ૫૩૭ અને ૫૪૮)

### ૧૯. ગુજરાત

ગુજરાત ઐતિહાસિક સ્થળ છે અને શીખ વિગ્રહમાં થયેલ ગુજરાતના રણસંગ્રામને[1] માટે પ્રખ્યાત છે. વઝીરાબાદની પેલી બાજુ મુખ્ય લાઈન પર ૯ માઈલ દૂર તે રેલવે સ્ટેશન છે.

૧. ૧૮૪૯માં.

Gandhi Heritage Portal

૬ઠ્ઠી એપ્રિલે હડતાળ પાડવાનો પ્રયત્ન થયો હતો પણ લાલા રામચંદ ટંડન નામના સ્થાનિક વેપારી અને સનાતન ધર્મસભાના પ્રમુખના પ્રયત્નથી હડતાળ અટકી હતી. પણ ૧૩મીએ ગુજરાતના કેટલાએક વિદ્યાર્થીઓ લાહોરથી આવ્યા તેમ જ વૈશાખી ઉત્સવને માટે એક ટોળી વઝીરાબાદ ગઈ હતી તે રાતની ૧૧ વાગ્યાની ગાડીમાં મોડી રાત્રે પાછી ફરી. તેઓએ એક સરઘસ જેવું બનાવ્યું અને રૉલેટ ઍક્ટની વિરુદ્ધ પોક મૂકતા ગામમાં પેઠા. સવારે લાહોર અને બીજી જગાઓના બનાવોના ખબર તેમણે ફેલાવ્યા અને દુકાનદારોને દુકાન બંધ કરાવવાનું તેઓ સમજાવી શક્યા. હડતાળ પડી એટલે અમલદારોએ મ્યુનિસિપલ કમિશનરોને બોલાવ્યા અને પોતપોતાના વૉર્ડમાં તપાસ રાખવા કહ્યું. તે મુજબ ૧૪મીની રાત દરમિયાન તેઓએ પોતાના મિત્રોની મદદથી પોતાના વૉર્ડમાં તપાસ રાખી અને રાત્રે કાંઈ નવાજૂની બની નહીં. ૧૫મીએ છોકરાઓ અને તેમની સાથે જે જોડાયા હતા તેઓ મિશન સ્કૂલ તરફ ગયા અને હેડમાસ્તરને સ્કૂલ બંધ કરવા કહ્યું. પણ હેડમાસ્તરે ના કહી અને કેટલાએક છોકરાઓને સોટી મારી એમ પણ કહેવાય છે. તે ઉપરથી છોકરાઓએ બારીઓમાં પથરા ફેંક્યા અને કેટલાએક કાચ ફોડ્યા. તેમણે એવી જ જાતનું તોફાન સ્ટેશને કર્યું અને કેટલાએક કાગળો બાળ્યા, પણ તેઓ થોડી બારીઓના કાચ ફોડવા ઉપરાંત કાંઈ કરે તે પહેલાં તો તેમના પર ગોળી છૂટી અને તેઓ વીખરાઈ ગયા. કોઈના જીવને જોખમ થયું ન હતું.

ઉપરના બનાવથી વિશેષ કાંઈ બન્યું નહોતું. હડતાળમાં અને તે પછી જે થયું તેમાં કોઈ પણ જવાબદાર માણસે ભાગ લીધો નહોતો. તેમ છતાં ૧૯મી એપ્રિલે માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો હતો. ડેપ્યુટી કમિશનર મિ. વિલિયમસન માર્શલ લૉ વિષે કશું જાણતા નહોતા. તેને તેની જરૂર લાગી નહોતી અને લશ્કરી કાયદો જાહેર કરવાનો તાર આવ્યો ત્યારે તેને એ ગુજરાત તે પંજાબનું જ કે કેમ એમ પણ શંકા થઈ હતી. તેણે ધાર્યું હતું કે એ ગુજરાત મુંબઈ ઈલાકાનું હોવું જોઈએ. પણ તેની ભૂલ હતી અને જે ગુજરાતે માર્શલ લૉ સહન કરવો પડે તેવું કશું કર્યું નહોતું તેને લશ્કરી ખાતાને સોંપવામાં આવ્યું અને લશ્કરી કાયદો જૂનમાં રદ કરવામાં આવ્યો ત્યાં સુધી તે તેની નીચે રહ્યું.

ગુજરાતમાં બે પક્ષો છે. તેમાંના એકમાં સ્થાનિક અમલદારો સંડોવાયેલા જણાય છે. બીજા પક્ષનો આગેવાન શેઠ ચિરાગદીન છે જે આગળપડતો શહેરી છે અને જે હમણાં સુધી ઑનરરી માજિસ્ટ્રેટ અને મ્યુનિસિપલ કમિશનર હતો. આ કારણથી અમલદાર પક્ષે પોતાના સામાવાળાને તોડી પાડવાનો નિશ્ચય કર્યો હોય એમ જણાય છે. અને ગુજરાતના બારિસ્ટર શ્રીયુત હરગોપાલ અને બીજા કેટલાએકને પકડવામાં આવ્યા અને ઘણા વખત સુધી પહેરામાં રાખવામાં આવ્યા. માર્શલ લૉની અદાલતે તેમના પર કામ ચલાવ્યું અને તેમને નિર્દોષ ઠરાવી માનપૂર્વક છોડી દીધા. અને જજોએ ટીકા કરી કે જે અમલદારોએ ફરિયાદ પક્ષ તરફથી પુરાવો આપ્યો છે તેમણે જૂઠી સાક્ષી પૂરી છે. લાલા રામચંદ ટંડન જેણે લડાઈ દરમિયાન અમલદારોને મદદ કરી હતી અને જે જુદાં જુદાં કામો માટે સરકારની સનદ ધારણ કરે છે તેને પણ હેરાન કરવામાં આવ્યા હતા. સંભાવિત વકીલો અને બીજાઓનાં ઘરોની કાંઈ પણ કારણ સિવાય ઝડતી લેવામાં આવી હતી.

શેઠ ચિરાગદીન પાસેથી માજિસ્ટ્રેટપણું અને કમિશનરપણું લઈ લેવામાં આવ્યું. ઠેઠ વાઈસરૉય સુધીના અમલદારોની પાસેથી તેને સનદો મળેલી તે તે ધારણ કરે છે, તેને કૈસરેહિંદનો

Gandhi Heritage Portal

ચાંદ પણ મળેલો છે. લશ્કરની ભરતીમાં તેણે એકલાએ ૨૦૦ સિપાઈઓ એકઠા કરી આપ્યા હતા. ગુજરાતનાં જે જે નિવેદનપત્રો અમે વીણી કાઢેલાં છે તે તરફ અમે ધ્યાન ખેંચીએ છીએ. સંડોવાયેલા અમલદારો ઉપર ખોટી સાક્ષી પૂરવા માટે કામ ચલાવવાની પરવાનગી મિ. હરગોપાલે માગેલી, પણ તે પરવાનગી આપવામાં આવી નથી.

બીજી જે જે હાડમારીઓ બીજા જિલ્લાઓ વિષે લખતાં જણાવી ગયા છીએ તે સઘળી ગુજરાતના રહેવાસીઓ ઉપર પણ પડી. ગુજરાતમાં રાજકીય જીવન જ નથી એમ કહીએ તો ચાલે. અરે એક ડિસ્ટ્રિક્ટ કૉંગ્રેસ કમિટી સુધ્ધાં ત્યાં નથી.

સજા તરીકે વધારાની પોલીસ ગુજરાત પર નાખવામાં આવી છે, જોકે તેમ કરવાને કંઈ પણ વાજબી કારણ નથી. રૂ. ૪૨,૦૦૦નો કર લેવાનું નક્કી કરવામાં આવ્યું છે અને છ હપતે તે વસૂલ કરવાનો છે. પહેલો હપતો વસૂલ કરી પણ લીધો છે. નવાઈની વાત છે કે તેનો ⅞ લાલા રામચંદ ટંડન પાસેથી અને ⅞ બીજા વકીલો પાસેથી વસૂલ કરવામાં આવ્યો છે. કર તો તે અન્યાયયુક્ત છે જ, પણ જે પ્રમાણમાં તે નાખવામાં આવ્યો છે તે પણ અન્યાયયુક્ત છે.

## ૨૦. જલાલપુર જટ્ટાં

ગુજરાત પ્રાંતમાં ગુજરાતથી આશરે આઠ માઈલ દૂર આ નાનું ગામડું આવેલું છે. તે વણાટનું અગત્યનું મથક છે.

૬ઠ્ઠી એપ્રિલે અહીં હડતાળ પડી નહોતી. પણ ૧૫મીએ એક દેખાદેખી હડતાળ પડી હતી એમ કહી શકાય. ટોળા તરફથી કશું નુકસાન કરવામાં આવ્યું નહોતું. એક સરઘસ કાઢવામાં આવ્યું હતું તેમાં બધાઓએ ભાગ લીધો હતો. ૧૫મી અથવા ૧૬મીની રાત્રે કોઈએ એક તારનું દોરડું કાપ્યું હતું.

માર્શલ લૉ રીતસર જાહેર કરવામાં આવ્યો તે દેખીતી રીતે આ ગુનાને માટે જ. આબરૂદાર માણસોને પકડવામાં આવ્યા. બધા મળી સત્તરને પકડયા હતા. એકને કોર્ટ આગળ રજૂ કર્યા વિના છોડી મૂક્યો હતો. બીજાઓને માર્શલ લૉ કમિશન આગળ રજૂ કર્યા હતા. આમાંના દસને છોડી મૂકવામાં આવ્યા હતા અને બાકીના છને જુદી જુદી કેદની સજાઓ થઈ હતી.

માર્શલ લૉ દરમિયાન વિદ્યાર્થીઓએ થાણામાં ત્રણ વાર હાજરી આપવી પડતી. તેમાં નાનાં છોકરાં પણ આવી જતાં.

કાંઈ પણ વાજબી કારણ સિવાય આ ગામ ઉપર રૂ. ૧૨,૦૦૦ની નુકસાનીની રકમ નાખવામાં આવી છે. તેનો ૬ઠ્ઠો ભાગ વસૂલ થઈ ચૂકયો છે.

## ૨૧. મલકવાલ

લાલા મૂસા જે મુખ્ય લાઈન ઉપર આવેલું છે ત્યાં થઈને મલકવાલ જવાય છે. તે એક ઉપયોગી રેલવે જંકશન છે. ગુજરાતથી તે દસ માઈલથી વધુ છેટે આવેલું છે. તેમાં ૩,૦૦૦ની વસ્તી છે. ૧૭મી એપ્રિલે મલકવાલમાં કેટલાએક માણસોએ, ઘણું કરીને રેલવેના મજૂરોએ, પાટા ઉખેડી નાખ્યા હતા અને તેથી ઉતારુઓના જીવને જોખમ થાય એમ હતું. એક ગાડી પાટાથી ઊતરી પણ ગઈ હતી: પણ એટલું સારું થયું કે કંઈ નુકસાન થયું નહોતું.

રીતસર માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો હતો. અને બીજે બનેલા બધા બનાવો બન્યા હતા. તપાસ ઉપરથી અમને માલૂમ પડયું કે ચાલીસ ઉપર માણસોને પકડવામાં આવ્યા હતા:

Gandhi Heritage Portal

અને તેમાં નાના વિદ્યાર્થીઓ અને રેલવે કારકુનોમાંથી વીસ જણ હતા. આમાંના આઠને નિર્દોષ ઠરાવી છોડી મૂકયા અને પંદરથી વધારેને કામ ચલાવ્યા સિવાય છોડી મૂકયા હતા, જોકે તેમને પહેરામાં લાંબો વખત રાખેલા હતા. આબરૂદાર માણસોને અમલદારોના પંખા ખેંચવાની ફરજ પડી હતી. તેમની પાસે શેરીઓ વળાવવાનું અને બીજું શહેરસુખાકારીને લગતું કામ પણ લીધું હતું. નિશાળનાં છોકરાંઓને દિવસમાં ત્રણ વાર હાજર થઈ યુનિયન જૅકના વાવટાને સલામ કરવાની ફરજ પાડવામાં આવી હતી.

રેલવેના કારકુનોને નિર્દોષ ઠરાવ્યા છતાં બરતરફ કરવામાં આવ્યા હતા. આમાંના કેટલાએક તો એવા છે કે જેમણે ૩૦ વર્ષની સળંગ નોકરી કરી છે.

અમૃતસર, લાહોર, ગુજરાનવાલા, લાયલપુર અને ગુજરાતના આ પાંચ જિલ્લાઓ જ્યાં લશ્કરી કાયદો જાહેર કરવામાં આવ્યો હતો ત્યાં ગયા એપ્રિલમાં બનેલા બનાવો, બની શકે તેવી ટૂંકી રીતે હવે આપણે જોઈ ગયા છીએ. પંજાબની કરુણ કથા—ખરે તે કરુણ કથા જ કહેવાય તેને પૂરેપૂરો. ન્યાય આપવાની ઇચ્છા છતાં અમે તે આપી શકયા નથી. અમે જે પુરાવો જાહેરમાં રજૂ કરીએ છીએ તે ઉપરથી જ જુલમ, અપ્રામાણિકતા અને મનુષ્યની લાગણીઓ માટેના તિરસ્કારની કથા નજરે આવે છે તે આ ટૂંકી પર્યાલોચનાની રેખામાં સમાવી દેવી અશક્ય છે. બન્ને ત્રાજવાં સમતોલ રાખવા અમે પ્રયત્ન કર્યો છે. જે અસાધારણ સ્થિતિમાં અમલદારો એકાએક આવી પડયા હતા તેમને દરેક રીતે વિચારમાં લેવાનો અમે પ્રયત્ન કરેલો છે. છતાં અમે એવા અનુમાન ઉપર આવ્યા છીએ કે અમલદારોએ જેને તોફાન ગણ્યું હતું તે દબાવી દેવાને તેમણે જે ઉપાયો લીધા તે જરૂરિયાત કરતાં ઘણા વધારે ભારે પડતા અને સખત હતા.

તોફાન કેવા પ્રકારનાં અને શાથી થયાં? આ તોફાનો છૂટીછવાઈ જગાએ આગ લગાડવાનાં, નિર્દોષ યુરોપિયનોનાં ખૂન કરવાનાં, તારનાં દોરડાં કાપવાનાં, એકબે નાના પુલોને ગમે તેમ આગ લગાડવાનાં, અને એકબે જગાએ રેલરસ્તાના પાટા ઉખેડી ગાડી ઉથલાવવાનાં હતાં. આ તોફાનો બધી જગાએ પથરાયેલાં નહોતાં. હથિયારવાળી વસ્તીને આ તોફાનની અસર થઈ નહોતી અને તેમણે આ તોફાનોમાં સીધી કે આડકતરી રીતે ભાગ લીધો નહોતો; ખેડૂત લોકોના મહા સમૂહોમાંથી કોઈએ આ તોફાનમાં ભાગ લીધો નહોતો એમ કબૂલ કરવામાં આવ્યું છે; અમલદારોના પુરાવા પ્રમાણે પણ પંજાબની કુલ બે કરોડની વસ્તીમાંથી માત્ર ૭॥ લાખની વસ્તીને આ તોફાનો સાથે કાંઈ લેવાદેવા હતી. અમારી પાસે પુરાવો છે તે પ્રમાણે અમૃતસર, કસુર, ગુજ-રાનવાલા, વઝીરાબાદ, નિઝામાબાદ, હાફિજાબાદ, મોમન, ધબનસિંહ, ચુહારખાના, ખેમકરણ, પટ્ટી, અને મલકવાલ એટલી જ જગાએ તોફાન થયાં હતાં. તેની કુલ વસ્તી આશરે સવા બે લાખની છે, પણ યાદ રાખવું જોઈએ કે આ સવા બે લાખની વસ્તીમાંથી આ કહેવાતાં "તોફાનો"માં બહુ જૂજ માણસોએ ભાગ લીધો હોવો જોઈએ એમ અમારી આગળ અને હંટર કમિટી આગળ પડેલા પુરાવાની અને જુદા જુદા મુકદ્દમાના દફતરમાંથી મળતા પુરાવા ઉપરથી સ્પષ્ટ થાય છે. પાંચ યુરોપિયનોના જીવ ગયા હતા. તોફાની લોકોના આ કૃત્યને માટે જેટલો તિરસ્કાર બતાવીએ તેટલો ઓછો છે.

પણ સામાન્ય રીતે શાંત રહેનારા લોકોને સાર્વજનિક મકાનો બાળવાનું અને ખૂનો કરવાનુ કેમ સૂઝયું? આનો જવાબ આપવાનો અમે પ્રયત્ન કરેલો છે. લોકો ધીરજને માટે મશહૂર છે પણ તેમની ધીરજ પર સર માઈકલ ઓડવાયરે એટલી ખેંચ મૂકી કે તે અંતે તૂટી ગઈ. કેળવાયેલા વર્ગોની તેમણે કરેલી બદનામીથી લશ્કરી ભરતી માટે માણસો એકઠાં કરવાની અને

Gandhi Heritage Portal

વૉર લોન અને બીજાં ફંડોમાં ઉઘરાણાં કરવાની તેમની રીતથી, અને જાહેર વર્તમાનપત્રોને દાબી દઈને તેમણે લોકોનાં મનને હદપાર ઉશ્કેરી દીધાં હતાં. શ્રીયુત ગાંધી, ડૉ. કિચલુ અને સત્યપાલને કોઈ પણ વાજબી કારણ સિવાય હદપાર કરીને તેમણે પોતે જ તૈયાર કરેલા દારૂમાં દેવતા મૂક્યો. રૉલેટ કાયદા સામે ૬ઠ્ઠી એપ્રિલે પોતાનો મત લોકો શાંતિથી પ્રદર્શિત કરતા હતા તે અટકાવવાના પ્રયત્નમાં પોતે હાર્યા એટલે તેમના મનમાં એમ થયું કે મર્યાદામાં રહીને ખુલ્લી રીતે લોકો જે પોતાનો મત બતાવવા પ્રયત્નો કરી રહ્યા હતા તેમના જુસ્સાને એક ભગીરથ પ્રયત્ન કરી કચરી નાખું. એક અગત્યની ઔષધિને ઝેરી ઝાંખરું માની લઈને જડમૂળથી ઉખેડી કાઢવાની ભૂલ તેમણે કરી અને ઉપર કહી ગયા તે હદપાર કરવાના હુકમો કરવાનું દીવાનાપણું તેમણે અખત્યાર કર્યું. રાઈફલોનો ફાવે તેમ ઉપયોગ ન કરવાના સખત હુકમો તેણે પોતાના હાથ નીચેના માણસોને કર્યા હોત તો કાંઈક ઠીક થાત. પણ એકી વખતે ક્રોધ અને શાંતિ રાખવાં તેને માટે અશક્ય હતાં. અમૃતસરના મૂર્ખાઈભરેલા ગોળીબારથી લોકોની ધીરજનો છેડો આવી ગયો. લોકો ગાંડા થઈ ગયા અને ગુસ્સામાં ને ગુસ્સામાં આગ, ખૂન અને લૂંટ ચલાવીને પોતાનો ગુસ્સો શાંત કર્યો. બીજી જગાઓ જે અમે ઉપર જણાવી ગયા ત્યાં દેખાદેખીથી અમૃતસરનો ચેપ લાગ્યો. પણ કસુર સિવાય બીજી કોઈ પણ જગાએ વધારે જાનનું નુકસાન ન થયું એમ અમે કહી શકીએ છીએ તેટલો પ્રભુનો પાડ.

આ તે કાંઈ વિગ્રહ કે બંડની સ્થિતિ કહી શકાય? જરૂર પડે ત્યાં લશ્કરની મદદ લઈને આ સ્થિતિને પહોંચી વળવું તે શું દીવાની અમલદારોની શક્તિની બહારની વાત હતી? કાયદાને અધ્ધર રાખવો પડે એવી શું આ સ્થિતિ હતી? આનો જવાબ અમે દરેક સ્થળ વિષે વિચાર કરતાં તે સ્થળે જુદો જુદો આપેલો છે અને તે બધાની એકંદર તપાસથી એ અનુમાનને જ પુષ્ટિ મળે છે કે હંટર કમિટી આગળના પ્રસિદ્ધ થયેલા પુરાવા ઉપરથી અને અમારી પાસેના પુરાવા ઉપરથી એમ સાબિત થાય છે કે માર્શલ લૉ અમલમાં મૂકવાની કશી જરૂર નહોતી. લૉર્ડ હંટરની કમિટી આગળ પડેલો ગુપ્ત પુરાવો અસાધારણ સ્પષ્ટ અને જબરદસ્ત હોય તો જ માર્શલ લૉને લાયક સ્થિતિ હતી એમ સાબિત થઈ શકે.

હંટર કમિટી આગળ બંડ અથવા વિગ્રહની વાત તદ્દન તૂટી પડી છે. પંજાબની બહાર અને કહેવાતા કાવતરાની પાછળની કાંઈ રચનાનો પુરાવો જ નહોતો. એથી ઊલટું, સર માઈકલના વિશ્વાસુ પ્રતિનિધિઓમાંના એક કર્નલ ઓબ્રાયનને કબૂલ કરવું પડયું કે બંડની વાતને ટેકો આપવાને તેની પાસે કંઈ પુરાવો નહોતો, તે તો માત્ર અટકળ જ હતી. અને ગુજરાનવાલાના આગેવાનોને તેણે પકડયા તે પણ ઠંડાપહોરની વાતોના આધારે જ. તેણે કબૂલ કર્યું હતું કે તોફાન સાથે આગેવાનોને સીધી રીતે જોડી શકાય તેવું કશું નહોતું, પણ ગુજરાનવાલામાં કોઈ પણ તોફાન થાય તો તે તેમને જવાબદાર ગણવા માગતો હતો. બીજા સાક્ષીઓ વધારે સારા ઊતર્યા નથી. તેમણે માત્ર કૃત્યો અને બનાવોની કિંમત આંકવાની પોતાની અશક્તિ પ્રકટ કરી છે.

ખરી હકીકત તો એ છે કે રૉલેટ ઍક્ટનો વિરોધ અનિષ્ટકારક છે એવી સર માઈકલની માન્યતાને માટે કોઈ મોટા પાયા ઉપરનું કાવતરું સાબિત કરવાની જરૂર હતી. એ ઇચ્છાને લીધે તેને એ જ વિચાર આવ્યો અને આગેવાનોના દરેક ભાષણમાં રાજદ્રોહ, દરેક હડતાળમાં કાવતરું, અને હિંદુમુસલમાનના દરેક ભાઈચારામાં બ્રિટિશ રાજ્યનું જોખમ તેણે જોયું અને બીજાને જોવડાવ્યું. કાવતરાની વાત ઊડી જાય તેમાં શી નવાઈ?

Gandhi Heritage Portal

અને જો માર્શલ લૉ જાહેર કરવો ગેરવાજબી હતો તો તેને બે મહિના સુધી લંબાવ્યો તે તેથી પણ વધારે ગેરવાજબી હતું. તેની નીચે લેવાયેલાં પગલાં એવાં હતાં કે તેથી સુધરેલી મનાતી હરકોઈ રાજસત્તાને નીચું જોવું પડે. તેના મુહૂર્તમાં જલિયાંવાલા બાગમાં નિર્દોષોની કતલ થઈ. જનરલ ડાયરે જે ત્રાસ વર્તાવવાનો આરંભ કર્યો તે તે પછીના બે ભયંકર મહિના સુધી સર માઈકલ ઓડવાયરે મંજૂર રાખ્યો. જો તમારા આંકડા ખરા હોય અને અમે માનીએ છીએ કે તે ખરા છે—તો લગભગ ૧૨૦૦ માણસોએ જાન ખોયા, ઓછામાં ઓછાં ૩૬૦૦ માણસો જખમી થયાં અને કેટલાંએક હમેશને માટે અપંગ થયાં. લોકોએ જે ગુનો કર્યો તેના પ્રમાણમાં બેહદ સખત વેર લેવાયું. અને લોકોનો ગુનો તો ગંભીર ઉશ્કેરણીને લીધે જ થયો હતો. જે મરતાં બચ્યા તેમને માર્શલ લૉ અમલમાં કેવી રીતે રીબી રીબીને હેરાન કર્યાં તેનું વર્ણન અમે પૂરેપૂરું આપી ગયા છીએ. અમારે એટલી જ આશા રાખવાની રહે છે કે અમે ખુલ્લી કરી આપેલી હકીકતથી એ ત્રાસદાયક પાપકૃત્યો ફરી થવાં અશક્ય થશે.

## પ્રકરણ ૬

### ઉપસંહાર

જે પ્રાંતોમાં માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો હતો તે પાંચે પ્રાંતોની અમે પર્યાલોચના કરી ચૂકયા છીએ. ઓડવાયરના અમલ વિષે પણ અમે વિવેચન કરી ચૂકયા છીએ તેમ જ રૉલેટ ઍક્ટ અને સત્યાગ્રહની હિલચાલની પર્યાલોચના કરવાનો અમે પ્રયત્ન કર્યો છે.

અમે એમ કહેવા ઇચ્છીએ છીએ કે અમારી રૂબરૂ પડેલી હકીકતને અમે વળગી રહ્યા છીએ, અને જે પુરાવો અમે જુદો છપાવ્યો છે તે તથા લૉર્ડ હંટરની કમિટીની રૂબરૂ પુરાવો અને માર્શલ લૉ ટ્રિબ્યુનલોનાં દફતર ઉપરથી જ અમારાં અનુમાનો બાંધ્યાં છે, તેની બહાર અમે ગયા નથી.

કોઈ કોઈ જગ્યાએ અમારે સખત ભાષા વાપરવી પડી છે પણ દરેક વિશેષણ અમે તોળી તોળીને વાપર્યું છે. કંઈ ખાસ ઇરાદાપૂર્વક કર્યું હોય તો એટલું જ કે પંજાબ સરકારની વિરુદ્ધની હકીકત માટે ઓછા સખત શબ્દો વાપર્યા છે. સરકાર દોષ કરી જ શકે નહીં એવી અશક્ય સ્થિતિની અપેક્ષા ન જ રાખી શકાય. અમે કબૂલ કરીએ છીએ કે મહાસંક્ષોભ અને મુશ્કેલીના વખતમાં હરકોઈ અમલદાર ગમે તેવા શુભ હેતુઓ છતાં ભૂલો કરી બેસે. દેશના રાજ્યકારભારમાં અગત્યના ફેરફારો થવાનો સમય નજીક આવી રહ્યો હોય, અને અમલદારો અને લોકો વચ્ચે સહકારને માટે શહેનશાહે જ્યારે હાકલ કરી હોય ત્યારે પ્રગતિમાં વાંધો આવે એવું અમારે કાંઈ કહેવું ન જોઈએ એ પણ અમે કબૂલ કરીએ છીએ.

પણ અમને લાગે છે કે ભવિષ્ય ગમે તેટલું ઊજળું હોય છતાં જેમ લોકોનાં ગુનાનાં કામો પ્રત્યે ઉપેક્ષા કરી શકાય નહીં, તેમ જ જવાબદાર અમલદારોએ મોટા જબરદસ્ત પાયા ઉપર કરેલાં ભયંકર અન્યાયનાં કૃત્યો તરફ પણ આંખ મીંચી શકાય નહીં. અમારા અભિપ્રાય પ્રમાણે તો અમલદારવર્ગને તેમ જ પ્રજાને તેમના બન્નેના દોષોને દૂર કરીને સ્વચ્છ કરવાની જરૂર આજે જેટલી છે તેટલી કોઈ વાર ન હતી. રાજકીય સુધારાનો અમલ કરવાનું અને હિંદનું ધારેલું નિશાન ઓછામાં ઓછા વખતમાં સર કરવાનું કાર્ય જો પ્રજા અને અમલદારવર્ગ બન્ને હાથ પાક રાખી અને દિલ સાફ રાખી ન ઉપાડી લે તો તે લગભગ અશક્ય થઈ પડે. એટલે અમે

Gandhi Heritage Portal

ભૂલ કરનારા અમલદારોને અદાલતોમાં ખડા કરી ન્યાય આપવો જ જોઈએ એવી જે ભલામણ કરીએ છીએ તે અમે વેરબુદ્ધિથી કરતા નથી પણ દેશના રાજ્યવહીવટમાંથી સડો અને અન્યાય ધોવાઈ જઈ તે શુદ્ધ થાય એટલા માટે કરીએ છીએ. આથી કરીને જ્યારે અમે અમૃતસર અને બીજી જગ્યાએ લોકોએ કરેલા અત્યાચારો દૂષિત હતા તેમ જ નિંદા અને તિરસ્કારને પાત્ર હતા એમ એક તરફ માનીએ છીએ ત્યારે બીજી તરફ અમને તેટલી જ ખાતરી છે કે અમલદારોનાં કૃત્યોથી લોકોને તેમનાં અપકૃત્યો માટે જોઈએ એ કરતાં વધારે સજા થઈ ગઈ છે.

અમે માનીએ છીએ કે શ્રીયુત ગાંધીજીને દિલ્હી અને પંજાબ જતાં રસ્તામાં પકડયા ન હત અને ડૉ. કિચલુ અને સત્યપાલને પકડીને હદપાર કર્યા ન હત તો નિર્દોષ અંગ્રેજોના જાન બચ્યા હત અને ક્રિશ્ચિયન દેવળો અને બીજાં મકાનોનો પણ નાશ થયો ન હત. પંજાબ સરકારનાં આ બે કૃત્યો કેવળ અસ્થાને હતાં અને આગળનાં કૃત્યોથી તૈયાર થઈ સળગું સળગું થઈ રહેલી સામગ્રીમાં તે દીવાસળી રૂપ થઈ પડયાં.

પંજાબના જુદા જુદા જિલ્લાઓના બનાવોની વિગતવાર તપાસ કરતાં વડી સરકાર વિષે અમે કશું કહ્યું નથી. છતાં અમલદારોનાં આવાં કૃત્યોની ખુલ્લી હમશરીકી નહીં તો ચશમપોશી કરવા માટે વડી સરકારને વિષે કાંઈ પણ કહ્યા વિના રહેવું અશકય છે. લોકોને શું કહેવાનું છે તે જોવાની નામદાર વાઈસરૉયે તસ્દી ન લીધી. જુદા જુદા માણસો કે મંડળો તરફથી આવેલા તારો અને પત્રો તેઓ ગળી ગયા. તપાસ કર્યા સિવાય પંજાબ સરકારના કરેલા ઉપર તેમણે મતું મારી આપ્યું. નિર્લજ્જ ઉતાવળ કરી તેમણે અમલદારવર્ગને અભયદાન દઈ દીધું. ઘાતકી બનાવો પછી પણ જાતે તપાસ કરવા માટે તેઓ પંજાબ તરફ ફરકયા સુધ્ધાં નહીં. જુદા જુદા અમલદાર સાક્ષીઓએ જે જે કબૂલ કર્યું છે તે તેમણે વહેલું નહીં તો મે માસમાં તો જાણ્યું જ હશે, છતાં જલિયાંવાલા બાગની કતલનું, અથવા ત્યાર પછી માર્શલ લૉના અમલમાં જે ગુજરી તેનું સંપૂર્ણ માપ ન તો તેમણે પ્રજાને જણાવ્યું, ન તો તેમણે બ્રિટિશ સરકારને જણાવ્યું. મિ. સી. એફ. ઍન્ડ્રૂઝ જેવા ઉમદા અને મશહૂર અંગ્રેજ ઈસુના બંદા, જેની સત્યશીલતા સામે કોઈ બોલી જ ન શકે તેમને પણ પંજાબમાં જતાં રસ્તામાં અટકાવવામાં તે શામિલ થયા,[1] જોકે તેઓ લોકોના આવેશને ચાવી ચડાવવા જતા ન હતા. તેઓ માત્ર સત્ય શોધવા જતા હતા. પંજાબ સરકારના ચીફ સેક્રેટરી મિ. ટૉમ્સનને તેમણે હકીકતને ગમે તેમ મચડવા દીધી અને માનનીય પંડિત મદનમોહન માલવિયાનું અપમાન કરવા દીધું, જોકે તેમણે કાઉન્સિલમાં[2] કહેલી હકીકત લગભગ બધી હવે અમલદારવર્ગના સાક્ષીઓનાં મોંએ જ ખરી ઠરી છે. લોકોની લાગણી માટે એવું કઠોર દુર્લક્ષ તેમણે બતાવ્યું, અને કલ્પનાનો એવો સત્યાનાશ વાળે તેવો અભાવ પ્રગટ કર્યો કે લશ્કરી કાયદાની ન્યાયકોર્ટોએ જે મોતની સજા કરી તે મુલતવી રાખવાની પણ તેમણે ના પાડી, અને છેવટે હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી તરફથી ફરજ પડી ત્યારે તેમણે તે મુલતવી રાખી. માનનીય પંડિત મદનમોહન માલવિયા જેવા કાઉન્સિલના જવાબદાર સભાસદે પૂછેલા સવાલો બંધ કરી દઈ જાણે અંદર અજવાળું ન આવવા દેવા માટે પોતે પોતાના દિલના દરવાજા બંધ કર્યા. પંજાબમાં સ્થાનિક તપાસ કરવા પોતે ત્યાં ગયા પણ

૧. ઍન્ડ્રૂઝ લાહોર જતા હતા. તેમને અમૃતસર સ્ટેશને ટ્રેનમાંથી ઉતારી પાડી, કેટલાક કલાક રોકી રાખ્યા પછી, આખરે પંજાબ બહાર પાછા મોકલવામાં આવ્યા હતા.

૨. ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ.

Gandhi Heritage Portal

નહીં. રૉલેટ ઍક્ટ સામેની ચળવળ તરફ તેમણે જે વૃત્તિ દર્શાવી તે વિષે તો અમે કાંઈ કહેતા જ નથી, પણ એપ્રિલ માસમાં થયેલી સ્થિતિ સમજવામાં અને તેના ઉપાયો લેવામાં જે અબૂઝ તેમણે બતાવી તેના તરફ જાહેર સહીસલામતીને ખાતર અમે દુર્લક્ષ કરી શકતા નથી. આથી નામદાર શહેનશાહે જે લોકોને તેમના હાથમાં સોંપ્યા હતા તેમના હિત તરફ જાણી જોઈને તેમણે દુર્લક્ષ કર્યું એમ તો અમે નથી ધારતા તોપણ જે ઊંચા હોદ્દા ઉપર તેમને નીમવામાં આવ્યા છે તે માટે તેઓમાં લાયકાત નથી એમ લૉર્ડ ચેમ્સફર્ડે પોતે સાબિત કરી આપ્યું છે એમ અમારે દિલગીરી સાથે કહેવું પડે છે. અને અમે એવો અભિપ્રાય આપીએ છીએ કે તેઓ નામદારને પાછા બોલાવી લેવા જોઈએ.

અમારાં બીજાં અનુમાનો અમે નીચે ટૂંકમાં આપીએ છીએ.

(૧) સર માઇકલ ઓડવાયરે કેળવાયેલા વર્ગને જ્યાં દેખ્યા ત્યાં તિરસ્કાર કર્યા અને તેમના તરફ વહેમની નજરે જોયું તેથી, લશ્કરની ભરતીને માટે માણસો અને નાણાંનાં ભરણાં મેળવવા લડાઈ દરમિયાન તેમણે અખત્યાર કરેલી ક્રૂર અને બળાત્કારની રીતભાતથી, સ્થાનિક વર્તમાનપત્રોને મોંએ ડૂચો દઈ લોકમત દાબી દેવાથી અને પ્રજાકીય પત્રો પંજાબની અંદર આવતાં અટકાવવાથી તેમના અમલ સામે પંજાબના લોકો બહુ તપી ગયા હતા.

(૨) રૉલેટ ઍક્ટની સામેની ચળવળથી લોકોનાં મન અસ્થિર થયાં અને સરકારની શુદ્ધ દાનત વિષે તેમનો વિશ્વાસ ડગી ગયો. આ બધું બીજે કરતાં પંજાબમાં વિશેષ થયું કારણ કે જાહેર હિલચાલો બંધ કરવા સર મા. ઓડવાયરે હિંદુસ્તાનના રક્ષણના કાયદાનો ઉપયોગ કર્યો હતો.

(૩) સત્યાગ્રહની હિલચાલ અને તેના પહેલાં જે હડતાળ પ્રયોજવામાં આવી હતી તેથી આખા દેશમાં નવું ચેતન આવ્યું અને તે સાથે જ લોકોની તોફાની વૃત્તિઓ અને આવેશો અંકુશમાં આવી વધારે ભયંકર અને દૂરગામી દાવાનળો અટક્યા.

(૪) બ્રિટિશ તરફ કોઈ પણ પ્રકારના દ્વેષથી રૉલેટ ઍક્ટ સામેની ચળવળ જન્મ પામી ન હતી. અને સત્યાગ્રહની હિલચાલ દ્વેષ અને તોફાનથી કેવળ મુક્ત હોઈ જુદા જ ભાવથી પ્રકટ થઈ હતી અને ચલાવવામાં આવી હતી.

(૫) પંજાબની અંદર સરકારને ઉથલાવી નાખવાનું કોઈ પણ પ્રકારનું કાવતરું રચાયું ન હતું.

(૬) શ્રીયુત ગાંધીને કેદ કરવાના અને બંધીના હુકમો અને ડૉ. કિચલુ તથા સત્યપાલને પકડીને હદપાર કરવાના હુકમો બિલકુલ ગેરવાજબી હતા. લોકો ઘડીભર ઘેલા થઈ ગયા તેનું પ્રત્યક્ષ કારણ પણ તે હુકમો જ હતા.

(૭) અમૃતસરના લોકોનું જે તોફાન શરૂ થયું તેનું પ્રત્યક્ષ કારણ એ હતું કે રેલવે ઉપરના પુલ આગળ ગોળીબાર થયો અને લોકો અતિશય ઉશ્કેરાઈ ગયા હતા. તેવી સ્થિતિમાં તેમણે મૂએલાં અને ઘાયલોને જોયાં.

(૮) લોકોની ઉશ્કેરણીનું કારણ ગમે તે હોય તોપણ તેમના અત્યાચારને માટે ઊંડી દિલગીરી અને તિરસ્કાર થવો જોઈએ.

(૯) જાહેરમાં જે હકીકત જાણવામાં આવી છે તે ઉપરથી માર્શલ લૉ દાખલ કરવાને કાંઈ વાજબી કારણ હોય એમ અમને દેખાતું નથી.

(૧૦) દરેક જગ્યાએ ફરી શાંતિ સ્થપાયા પછી માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

(૧૧) રાજ્યને માટે માર્શલ લૉ દાખલ કરવાની જરૂર હતી એમ માનવામાં આવે તોપણ એટલું તો ખરું કે તેને જરૂર કરતાં વધારે મુદત રાખવામાં આવ્યો.

(૧૨) પાંચે જિલ્લામાં માર્શલ લૉ મુજબ લેવાયેલા ઉપાયો બિનજરૂરી, ક્રૂર, જુલમી અને લોકલાગણીની તદ્દન અવગણના કરીને લેવાયેલા હતા.

(૧૩) લાહોર, અકલગઢ, રામનગર, ગુજરાત, જલાલપુર જટ્ટાં, લાયલપુર અને શેખુપુરામાં અત્યાચાર કહી શકાય તેવું કશું લોકોએ કર્યું ન હતું.

(૧૪) જલિયાંવાલા બાગની કતલ, એ તદ્દન નિર્દોષ અને હથિયાર વિનાનાં માણસો જેઓમાં બાળકો પણ હતાં તેમના તરફ ઇરાદાપૂર્વક કરેલ એક આસુરી કૃત્ય હતું, અને આધુનિક બ્રિટિશ અમલમાં ક્રૂરતામાં તેની ક્યાંયે જોડ જડે તેમ નથી.

(૧૫) માર્શલ લૉની અદાલતો અને સમરી કોર્ટો નિર્દોષ લોકોને પજવવાના સાધન રૂપ થઈ પડી હતી અને તેને પરિણામે મોટા પ્રમાણમાં ન્યાય ઊંધો વળ્યો હતો અને ન્યાયને નામે હજારો સ્ત્રી પુરુષોને માનસિક અને શારીરિક વ્યથા ભોગવવી પડી હતી.

(૧૬) પેટ ઘસીને ચાલવાનો હુકમ અને એવી બીજી તરંગી શિક્ષાઓ કોઈ પણ સુધરેલા રાજ્યને છાજે એવી નથી અને તે જેમના મગજમાંથી ઉત્પન્ન થઈ તેમની નૈતિક અધમતા સૂચવે છે.

(૧૭) દાખલો બેસાડવા જેવી સખત અને વેરથી થયેલી શિક્ષાનો ઘણે ભાગે નિર્દોષ માણસોની ઉપર લગભગ બે માસ સુધી ત્રાસ ચાલ્યો હતો; છતાં નુકસાનીની રકમો લેવામાં આવી અને સજા તરીકે વધારે પોલીસ મૂકવામાં આવી તે કેવળ બિનજરૂરી, અન્યાયી અને દાઝ્યા ઉપર ડામ જેવી હતી.

(૧૮) માર્શલ લૉના અમલ દરમ્યાન જે સડો અને રુશવતો ચાલેલી તે તો વળી આ દુ:ખકથાનું એક વધારાનું પ્રકરણ પૂરું પાડે છે. વધારે દિલસોજ અમલ હોત તો આ પ્રકરણ ઊઠવા પામત જ નહીં.

(૧૯) લોકોને થયેલા અન્યાયો દૂર કરવા માટે, રાજ્યવહીવટને શુદ્ધ કરવા માટે અને અમલદારો ફરી ભવિષ્યમાં મનસ્વી રીતે ન વર્તે તે માટે નીચેના ઉપાયો જરૂરના છે :

(૧) રૉલેટ ઍક્ટ રદ કરવો.

(૨) સર મા. ઓડવાયરને બ્રિટિશ રાજ્યમાં કોઈ પણ જવાબદારીવાળી જગ્યા ઉપર રાખવા નહીં.

(૩) જનરલ ડાયર, કર્નલ જૉન્સન, કર્નલ ઓબ્રાયન, મિ. બૉઝવર્થ સ્મિથ, રાયસાહેબશ્રી રામ સુદ અને મલિક સાહેબખાનને શહેનશાહત નીચેની હરકોઈ જવાબદારીવાળી નોકરીમાંથી રજા આપવી.

(૪) જે હલકા દરજ્જાના અમલદારોનાં નામો પ્રસિદ્ધ કરેલી જુબાનીઓમાં આપેલાં છે તેમના અપ્રામાણિક વર્તનની તપાસ કરવી અને તેમનો ગુનો સાબિત થતાં તેમને બરતરફ કરવા.

(૫) નામદાર વાઇસરૉયને પાછા બોલાવી લેવા.

(૬) સ્પેશિયલ અદાલતો અને સમરી (સંક્ષિપ્ત) અદાલતોએ જેમને તકસીરવાર ઠરાવ્યા છે તે લોકો પાસેથી દંડ વસૂલ લીધો હોય તેમને પાછો આપવો, જે જે શહેરો ઉપર

Gandhi Heritage Portal

નુકસાનીની રકમ નાખવામાં આવી હોય તેને તે માફ કરવી, જ્યાં જ્યાં વસૂલ લઈ લીધી હોય ત્યાં ત્યાં પાછી આપવી; અને સજાની ખાતર મૂકેલી પોલીસ ઉઠાવી લેવી.

સર મા. ઓડવાયર, જનરલ ડાયર, કર્નલ જૉન્સન, કર્નલ ઓબ્રાયન, મિ. બૉઝવર્થ સ્મિથ, રાયસાહેબ શ્રી રામ સુદ અને મલિક સાહેબખાન એમણે એવાં ગેરકાયદેસર કૃત્યો કર્યાં છે કે તેમના પર આમની સભા સમક્ષ કામ ચલાવવું જોઈએ એવો અમારો પુખ્ત વિચાર પછીનો અભિપ્રાય છે. પણ એવા માર્ગની ભલામણ અમે જાણી જોઈને જ કરતા નથી, કારણ કે અમે માનીએ છીએ કે એ હક આગળ કરવા કરતાં જતો કરવામાં જ હિંદુસ્તાનને વિશેષ લાભ છે. જેનો જેનો આ અપકૃત્યોમાં સંબંધ છે તેવા અમલદારોને બરતરફ કરવાની ભવિષ્યની વિશુદ્ધિને માટે પૂરતી બાંયધરી મળી રહેશે એમ અમે માનીએ છીએ.

પોતાને સોંપેલું વિશ્વાસનું કામ અદા કરવામાં કર્નલ મૅકરી અને કૅપ્ટન ડવટન પણ કર્નલ ઓબ્રાયન અને બીજાઓ જેટલા જ ચૂકયા છે, પણ તેમની સામે કોઈ પણ જાહેર પગલું ભરવાની ભલામણ કરતાં અમે જાણી જોઈને જ અટકયા છીએ, કારણ કે આ બે અમલદારો બિનઅનુભવી હતા અને તેમની પશુતા અનુભવી અમલદારોના જેટલી ઇરાદાપૂર્વક અને ઠંડે પેટે થયેલી નહોતી.

મો. ક. ગાંધી
ચિ. રં. દાસ
અબ્બાસ તૈયબજી
મુ. રા. જયકર

[મૂળ અંગ્રેજી]

रिपोर्ट ऑफ ध कमिशनर्स एपोइन्टेन्ड बाय ध पंजाब सब-कमिटी ऑफ ध इन्डियन नेशनल कोंग्रेस.

ભાષાંતર: મહાદેવ હરિભાઈ દેસાઈ: પંજાબમાં થયેલાં રમખાણોની તપાસનો હેવાલ

## ૮૪. એસ્થર ફેરિંગને પત્ર

[દિલ્હી,]
ગુરુવાર [માર્ચ ૨૫,][૧] ૧૯૨૦

મારી વહાલી દીકરી,

મારું દિલ અને મારી દુવાઓ હું તને મોકલ્યા જ કરું છું. તારો પત્ર વાંચીને મને એટલું દુ:ખ થયું છે કે હું તેનું વર્ણન કરી શકતો નથી. તારે આટલું બધું દુ:ખ સહન કરવાનું! પરંતુ જે પ્રભુપરાયણ છે તેને સાચો આનંદ મળશે જ. અને તારી ઈશ્વરપરાયણતામાં મારી શ્રદ્ધા અડગ છે, એટલે મને અચૂક વિશ્વાસ છે કે એક દિવસ તને આનંદભરી શાંતિ અવશ્ય સાંપડશે.

૧. આ પત્રની તારીખ નક્કી કરવા માટે કોઈ સ્પષ્ટ પ્રમાણ મળી શકતું નથી. પરંતુ તે ૨૫મી માર્ચની સવારે દિલ્હીથી લખાયો હોવાનો સંભવ છે. ગાંધીજી ૨૬મી માર્ચે સિંહગઢ પહોંચ્યા, તે પહેલાં ત્રણ દિવસ તેમણે દિલ્હીમાં ગાળ્યા હતા. બીજું માય ડિયર चाइल्ड પુસ્તકમાં આ પત્ર ૩૦મી માર્ચના પત્ર પહેલાં મુકાયો છે.

Gandhi Heritage Portal

જો તને લાગતું હોય કે મિ. મેનનને[1] મળવાની જરૂર છે, તો અવશ્ય મળવું. તને જહાજ[2] જલદી મળી જાય તે માટે હું ઘણો આતુર છું. તારે જે એકાંતની જરૂર છે તે તને દરિયાઈ મુસાફરીમાં મળશે, અને જે આરામ અને સોબતની જરૂર પડશે તે તને તારા ઘરમાં તથા તારા પિતા પાસેથી મળશે.

શ્રી બૅંકરની ટ્રંક જો તેં પાછી ન મોકલી હોય તો પાર્સલથી તે મોકલીશ નહીં. તું મુંબઈ પાછી આવે ત્યારે તે આપી શકાશે. એ બાબતમાં ઉતાવળ કરવાની બિલકુલ જરૂર નથી.

પ્યાર સહિત,

તારો

બાપુ

[મૂળ અંગ્રેજી]

**નૅશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૬૭**

## ૮૫. રાજમિયાંને પત્ર

[સિંહગઢ,][3]
માર્ચ ૨૭, ૧૯૨૦

પ્રિય ભાઈ રાજમિયાં,

ખિલાફતના પ્રશ્ન વિષે મેં ડૉ. અનસારીને[4] લખી દીધું છે. છતાં મને લાગે છે કે મારે તમને પણ લખવું જોઈએ. હજરત મોહાની[5] સાથે વાત થયા પછી મારું મન ઘણું અસ્વસ્થ થઈ ગયું છે. તેઓ કહેતા હતા કે અસહકારમાં કોઈને વિશ્વાસ નથી. પરંતુ કેવળ મને સમજાવી લેવા માટે જ એ અપનાવવામાં આવ્યો છે. ખરી વાત એ છે કે આવી મહત્ત્વની બાબતમાં કોઈને સમજાવી લેવાનો પ્રશ્ન નહીં હોવો જોઈએ અને કેવળ મને સમજાવી લેવા માટે કશું થાય એમ હું ઇચ્છતો નથી. બીજું, અસહકારને જો સફળ બનાવવો હોય, તો બધા લોકોએ તેને પૂરા ઉત્સાહથી ઉપાડી લેવો જોઈએ. જો શ્રદ્ધા વિના કામ કરવામાં આવે તો કોઈ પણ મહાન ઉદ્દેશ સફળ થતો નથી. એટલે હું ઇચ્છું છું કે તમે આ બાબતમાં હકીમજી[6] સાથે વાત કરી લો અને સાચી સ્થિતિ શી છે તે વિષેના તેમના પોતાના અને તમારા પણ વિચારો મને જણાવો.

૧. ડૉ. ઈ. કે. મેનન, એસ્થર ફેરિંગના ભાવિ પતિ.

૨. ડેન્માર્ક જવા માટે.

૩. આ પત્ર ગાંધીજીના નામના સાબરમતીના સરનામાવાળા લેટરપેપર ઉપર લખાયેલો છે, તેમ છતાં તે સિંહગઢથી લખાયો હોવો જોઈએ, કેમ કે તેઓ ૨૬મી માર્ચે સિંહગઢ પહોંચ્યા હતા.

૪. ડૉ. મુખ્તાર અહમદ અનસારી (૧૮૮૦–૧૯૩૬); રાષ્ટ્રવાદી મુસ્લિમ નેતા; ૧૯૨૦માં ઇન્ડિયન મુસ્લિમ લીગના પ્રમુખ; ૧૯૨૭–૨૮માં હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ.

૫. ખિલાફત આંદોલનના એક નેતા; તેઓ બ્રિટિશ માલનો બહિષ્કાર કરવાના આગ્રહી હતા અને ૨૪મી નવેમ્બર, ૧૯૧૯ને રોજ ભરાયેલી અખિલ હિંદ ખિલાફત પરિષદમાં ગાંધીજીના મુખ્ય વિરોધી હતા.

૬. હકીમ અજમલખાન (૧૮૬૫–૧૯૨૭); જાણીતા હકીમ અને રાજપુરુષ; એમણે ખિલાફત ચળવળમાં આગળપડતો ભાગ લીધો હતો; ૧૯૨૧–૨૨માં હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ હતા.

Gandhi Heritage Portal

મારા મનમાં એ વિષે લેશ પણ શંકા નથી કે ખિલાફતના આ મુશ્કેલ સવાલનો સંતોષકારક ઉકેલ લાવવો હશે તો હિંદુસ્તાનના મુસલમાનોએ પોતાને શું જોઈએ છે તેનો સ્પષ્ટ ખ્યાલ કરી લેવો જોઈશે. એટલું જ નહીં પણ પાર વિનાનાં બલિદાનો આપવા તૈયાર રહેવું પડશે. જો ત્યાગ અને બલિદાનની ભાવના ન હોય, તો કાંઈ નહીં તો મારા જેવા માણસને તો તેમણે દૂર જ રાખવો જોઈએ. હું કોઈ રાજદૂતી કુનેહભર્યો વિજય અપાવી શકું તેમ નથી. હું તો કેવળ પરમ સત્ય સાથે જોડાયેલા સ્વાર્થત્યાગના કઠિન, સાંકડા અને કાંટાળા માર્ગે જ દોરવણી આપી શકું તેમ છું. જ્યાં આ બાબતો ન હોય ત્યાં હું ગોળ કાણામાં ચોરસ ખીલા જેવો સાવ નકામો લાગું. મેં હજરત મોહાનીને કહ્યું છે કે જે મુખ્ય આગેવાનો સક્રિય સેવા કરવા માગતા હોય, તેઓ મને મુંબઈમાં ૬ઠ્ઠી અને ૧૩મી એપ્રિલની વચ્ચે મળે. ત્યાં સત્યાગ્રહ સપ્તાહ દરમ્યાન, આપણે એક નહીં પણ અનેક વાર શાંતિથી વાતો કરી શકીશું.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્રની છબી પરથી: જી. એન. ૪૫૯૦

# ૮૯. નોંધ

### કવિવર સર રવીન્દ્રનાથ ટાગોરની મુલાકાત

કવિશ્રી સર રવીન્દ્રનાથ ટાગોર ગુજરાતમાં એક અઠવાડિયું ગાળશે એવી ખબર મળી ચૂકી છે. તેમનો પૂરેપૂરો ઉપયોગ તો આપણે તો જ કરી શકીએ જો આપણે તેમને શાંતિ આપી તેમની પાસેથી શીખવાનું છે તે શીખી લઈએ. તેમને બહુ જલસા પસંદ નથી. તેમની તબિયત સારી રહેતી નથી. તેઓને સારુ જે સભાઓ કરવામાં આવે તેમાં કેવળ શાંતિની જરૂર છે. અવાજો તેમને પસંદ નથી. આ નિયમો યાદ રાખીને સુરત ભરૂચ તેઓ જઈ શકશે એમ અમે માનીએ છીએ. તેમને સારામાં સારું માન કેમ આપી શકાય? તેમના સાહસને આર્થિક મદદ આપીને. તેમને શાંતિનિકેતન આશ્રમ ઉપર અને ત્યાં ચાલતી શાળા[૧] ઉપર સંપૂર્ણ પ્રેમ છે. આશ્રમ તેમના પિતાશ્રીએ[૨] સ્થાપ્યો છે, શાળા પોતે સ્થાપી છે. તેનું ખર્ચ પોતાને મળતી મદદથી ચલાવે છે. પોતાના પૈસા પણ તેમણે આ સાહસમાં વાપર્યા છે. જ્યારે તેમણે મદ્રાસમાં ગયે વરસે મુસાફરી કરી હતી ત્યારે દરેક જગ્યાએથી તેમને શાંતિનિકેતનને સારુ ભેટો કરવામાં આવી હતી. અમે માનીએ છીએ કે આવું કંઈક ગુજરાતમાંયે થાય તો શોભી નીકળશે. અમારી ઉમેદ છે કે દરેક સ્થળે જ્યાં તેમની પધરામણી થાય ત્યાં ઉપરની વાત ધ્યાનમાં રાખવામાં આવશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૮–૩–૧૯૨૦

૧. વિશ્વભારતી; આ સંસ્થાનો પાયો ૨૩મી ડિસેમ્બર, ૧૯૧૮ને રોજ નંખાયો હતો અને એનું કામકાજ ૧૯૧૯ના જુલાઈ માસમાં આરંભાયું હતું.

૨. દેવેન્દ્રનાથ ટાગોર

Gandhi Heritage Portal

# ૮૭. એમ. આર. જયકરને પત્ર

રવિવાર [માર્ચ ૨૮, ૧૯૨૦][1]

પ્રિય મિ. જયકર,

આપણા રિપોર્ટ સંબંધમાં એક કેબલનો[2] મુસદ્દો આ સાથે મોકલું છું. મંગળવારે[3] હું તમને મળવા ધારું છું. એટલે આથી વિશેષ લખવાની જરૂર જોતો નથી. આપણા રિપોર્ટનું સમર્થન કરવા તમે એકલા જ ઇંગ્લંડ જાઓ તો કેમ, એ વિષે તમે વિચાર કરી જુઓ એવું હું ઇચ્છું છું. એક મોટું પ્રતિનિધિમંડળ મોકલીને આંજી નાખે એવો દેખાવ કરવા સામે મારો પૂરેપૂરો વિરોધ છે. જો આવું કંઈક કરવા જઈશું, તો જલદી હરવાફરવામાં અને એકચિત્તે કામ કરવામાં મુશ્કેલી ઊભી થશે અને એથી સત્તાવાળાઓ પણ ખિજાશે. આ બાબતમાં હું બિલકુલ પેટછૂટી વાત કરવા માગું છું. હું માનું છું કે આ કામ સારુ ઇંગ્લંડ જવા માટે સૌથી લાયક વ્યક્તિ હું છું; પરંતુ મારું જવું વ્યવહારુ દૃષ્ટિથી અશક્ય છે. મારી નજરમાં બીજી વ્યક્તિ તમે છો, કેમ કે મારી માફક તમારો સ્વભાવ અભ્યાસી છે; અને આપણે ઉદ્યમી, અભ્યાસી, અને સમતોલ મગજવાળા માણસની જરૂર છે. આને માટે તમે નવરા થઈ શકો કે કેમ એ જુદી વાત છે. આપણા બે સિવાય આ કામ અસરકારક રીતે કરી શકે તેવી બીજી ત્રણ વ્યક્તિઓ છે, અને તે છે માલવિયાજી, મોતીલાલજી અને શ્રી દાસ. આ ત્રણમાંથી કોણ કોના કરતાં વધારે સારો એ વિષે મેં વિચાર કર્યો નથી, કેમ કે હું પોતે માનું છું કે માલવિયાજીને તો હિંદુસ્તાનમાંથી બહાર મોકલી શકાય જ નહીં. અને જ્યાં સુધી અમુક બાબતો બને નહીં ત્યાં સુધી મોતીલાલજીને નહીં મોકલવા જોઈએ એ પણ હું જાણું છું. મિ. દાસ પાસે એક બહુ મોટો કેસ છે, અને મેં સાંભળ્યું છે કે એને કારણે તેઓ ત્રણ માસ સુધી એમાં બંધાયેલા છે. આ વિષય ઉપર મેં કંઈક વિગતથી લખ્યું છે, કારણ કે હું મુંબઈમાં થોડો વખત રહેવાનો છું. તેથી તે દરમ્યાન લંબાણથી વાત કરવાનો સમય આપણને કદાચ ન પણ મળે.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

ધ સ્ટોરી ઑફ માય લાઇફ, ભાગ ૧, પા. ૩૬૬

૧. આ પત્ર પંજાબનાં તોફાનો વિષે કોંગ્રેસનો રિપોર્ટ ૨૫મી માર્ચ, ૧૯૨૦ને રોજ પ્રસિદ્ધ થયા પછી લખાયો હતો, એ દેખીતું છે. પરંતુ તે પછી જયકર માંદા પડ્યા, એટલે એમને ઇંગ્લંડ જવાનો વિચાર પડતો મૂકવો પડ્યો. જુઓ, ધ સ્ટોરી ઑફ માય લાઇફ, ભાગ ૧, પા. ૩૬૬.

૨. આ તાર મળતો નથી.

૩. આ દિવસે ૩૦મી માર્ચ હશે, કેમ કે એ તારીખે ગાંધીજી મુંબઈમાં હતા.

Gandhi Heritage Portal

# ૮૮. "બંધુ"નો અર્થ

[માર્ચ ૩૦, ૧૯૨૦ પહેલાં][1]

શ્રી સરલાદેવીના "બંધુ" નામના ૨૯મી ફેબ્રુઆરીના લેખને મેં વખાણેલો ને વારંવાર વાંચી જવાની મેં સૂચના કરેલી તે ઉપરથી કેટલાક વાંચનારાઓએ મને લખ્યું કે તેઓએ તે લેખ વાંચી જોયો, વિચારી જોયો, છતાં તેઓ તો તેમાંથી કાંઈ અર્થ ન કાઢી શક્યા. મને જ તેનો અર્થ આપવાની તેઓએ સૂચના કરી. હું ઘણી પ્રવૃત્તિમાં ગૂંથાયેલો હોવાથી તુરત જ જવાબ ન આપી શક્યો. હવે મને સિંહગઢમાં જરા શાંતિ મળી છે તે દરમિયાન હું એ લેખ ત્રણ વાર વાંચી ગયો ને જે અર્થ મને સૂઝ્યો છે તે આપું છું.

એ લેખનો પૂર્વ ભાગ તેમણે કેટલાંક વર્ષ પહેલાં જ્યારે પોતે બોલપુરમાં રહેતાં ત્યારે લખેલો.[2] તેમના પતિ જ્યારે જેલમાં હતા તે વેળાની તેમની વિહ્વળ દશા મેં જોયેલી.[3] કોઈ રીતે તેમને શાંતિ ન હતી એમ હું જોઈ શક્યો. મિત્ર જેટલી શાંતિ આવે સમયે આપી શકે તેટલી હું આપી રહ્યો હતો, પણ હું જોતો હતો કે તેમનું મન શાંત નહોતું થતું. વિયોગિનીની જે દશા હોય તેવી હું તેમની દશા અનુભવતો. જો હું કેદીઓના છુટકારાની વાત કરતો હોઉં, ક્યારે છૂટવા જોઈએ એ આંકડા મૂકતો હોઉં તો તેમનું ધ્યાન હું રોકી શકતો હતો. આવી દશામાં મેં તેમને નવજીવન અથવા યંગ ઇન્ડિયાને સારુ કંઈક લખવાનું સૂચવ્યું. તેમણે આનાકાની કરી. "વિચારો જ ન આવે" એમ કહી મને ઉડાવ્યો. એક દિવસે મને કહ્યું "મેં ઘણા વખત પહેલાં કંઈક લખેલું તે બંગાળીમાં તો સારું ગણાય. કહો તો તે પૂરું કરી આપું ને તેનો તરજુમો તમારે કરાવવો હોય તો કરાવજો. બંગાળી હું કોઈ છાપામાંયે મોકલું એટલો મને અધિકાર રહેવો જોઈએ." મેં એ કબૂલ કર્યું. ભિક્ષા માગનારને તે વળી કંઈ ઘોડાના દાંત જોવા હોય? એવી ઇંગ્રેજી કહેવત છે. વળી મારે તો તેમનો વખત પણ રોકવો હતો.

હવે અર્થ સમજાવવો સહેલ છે. "સમય બળવાન છે" એમ આપણે કહીએ છીએ. કાળને વેરીનું સ્વરૂપ પણ આપ્યું છે. એ જ કાળ જ્યારે આપણને વિયોગદુઃખ નથી હોતું અથવા જ્યારે આપણે અનેક ભોગોથી ઘેરાયેલા નથી હોતા ત્યારે બંધુનું રૂપ ધારણ કરે છે, શાંતિ આપે છે. એ શાંતિ જ્યારે સરલાદેવી અરણ્યમાં વસતાં હતાં ત્યારે તેને મળતી હતી. તેથી સમય બંધુરૂપે પ્રાતઃકાળમાં કહે છે: "આ આસન પર બેસીને મનના ઊંડાણમાં ઊતરી પડ જોઉં ઘડીવાર" અને જ્યારે આપણે આપણું કર્તવ્ય સમયાનુસાર કરીએ ત્યારે સમય "પંખીડું" કાં "પ્રફુલ્લ ચહેરે" ન "હસે"?

બપોરના ઊંઘ તો આવે પણ સમયબંધુ ચેતવે છે કે "બહાર જો, ખેતરો તપાસ, તે શાંત છે." પણ સૂતાં નથી. "કેટલી સંભાવનાઓ, કેટલી આશાઓ, કેટલાં ગીત, કેટલી શોભા ઝળહળે છે!" આમ આળસ ન કરવાથી મધ્યાહ્નની શાંતિ પણ મળી. હવે સંધ્યા સમય થયો.

૧. દેખીતું છે કે આ લેખ સિંહગઢમાં લખાયો હતો, કેમ કે ગાંધીજી ત્યાં માર્ચ ૨૬થી માર્ચ ૩૦ સુધી રહ્યા હતા.

૨. ઘણું કરીને શાંતિનિકેતનમાં.

૩. ૧૯૧૯માં.

Gandhi Heritage Portal

થાકયાં, તો "પંખીડું" કહે છે, "બસ, એક ઠેકાણે ચૂપ થઈને બેસી રહે જોઉં. બીજું કંઈ જ ન કર." બીજું શું કરે? શાંતચિત્ત થઈ જે સંધ્યાસમયે દિવસના કાર્યનો મેળ મેળવી લે છે ને દિવસ સુખરૂપે જવા સારુ ઈશ્વરનો પાડ માને છે તેને સંધ્યાકાળે બીજું શું કરવાનું હોય? આમ દિવસ નિર્ગમન થતાં સરલાદેવીને કાળ બંધુરૂપે જણાયો.

હવે બીજો ભાગ શરૂ થયો. ઘરમાં રાચરચીલું રહે કે પોતે? "જંગલ છોડી શહેરમાં આવ્યા છીએ. ચોમેર આલમારીઓ, ટેબલ ખુરશીઓ" એક જરા જેટલી બારીમાં "મઢેલો આકાશનો કટકો" જ નિરાકાર સ્વરૂપનું ભાન કરાવનારો રહ્યો. "આને મળવાનું છે, આને નોતરવાનો છે, આજે એક તો કાલે બીજો બૅરા ભાગી ગયો છે." કાળ ચાલ્યો જાય છે, થોભતો નથી ને હમેશાં કંઈ ને કંઈ અધૂરું. હમેશાં નવી ઉપાધિઓ. આ સ્થિતિમાં સમય વેરી છે, શાંતિ નથી. એટલે સરલાદેવી શંકા કરે છે, સમય બંધુ જ હશે શું? કે હૃદયાવકાશ બંધુ? "જેમ મનને નવરું કર્યા સિવાય બંધુનો સમાગમ થઈ શકે નહીં તેમ સ્થૂલની નિરંકુશ ધમાચકડી વચ્ચે પણ બંધુને આવવું નહીં ગમતું હોય?" જરૂર ન ગમે. જ્યાં અંકુશ ત્યાં જ સુખ હોય. નિરંકુશતા એ અશાંતિની નિશાની છે.

ત્યારે લેખિકા પૂછે છે, "કોણ છે તે સજ્જન સજનતામાંથી છૂટી આવીને જ જેને પામી શકાય? એ તે શું મારી આંતરિક સંપૂર્ણતા?" સંપૂર્ણ છે તેને બાહ્ય બંધુની પૂરણી નથી જોઈતી. ને જોઈએ તો કેવાની એ હવે બતાવે છે.

સમય જ્યારે પોતાનો નથી રહ્યો ત્યારે હવે કોને ગોતવો? એ વિચારતાં તેમને યાદ આવી ભગવદ્ગીતા. તેમાંથી તેને પુરાણ પુરુષોત્તમ અનુશાસિતા હાથ લાગ્યો. નિર્બળનું બળ તો રામ જ હોય. વિયોગનું દુ:ખ ટાળવા કોઈ શરીરી ન મળે કે જે આશ્વાસન આપે, ત્યારે દુ:ખી "રામ"ને પુકારે છે. જ્યાં સુધી ગજ ગ્રાહની સાથે લડી શકયો ત્યાં લગી તેને ઈશ્વર યાદ ન આવ્યો પણ જ્યારે ભાઈસાહેબ થાકયા ત્યારે દાસના દાસને પુકારવા લાગ્યા. તેથી સરલાદેવી કહે છે, "હું ગર્જના કરનારી અર્જુનના સખા છતાં ઈશ્વર એવા સારથિ[1] બંધુને દીનપણે ભજીશ. દુર્યોધનની જેમ તેની પાસે મારું બળ લઈને નહીં જાઉં. મારું બળ કોરે મૂકી તેની પાસે જઈશ. ને તેની પ્રસાદી મેળવી પરમ શાંતિ મેળવીશ. જેમ પિંડમાં તેમ બ્રહ્માંડમાં, જેમ મને તેમ જ તમને બધાને. મને દુ:ખને વખતે મારી લાકડી મારો ભગવાન હતો તેમ તેમને બધાને થાઓ— થજો. એ ઈશ્વરને શોધતાં મારા ચિદાકાશમાં નીરખવું પડે છે ને ત્યાં જોઉં છું તો મને માલૂમ પડે છે કે મારી સખી પણ હું જ ને વેરણ પણ હું જ. જો મારે વિશ્વાત્માને ઓળખવો હોય તો અંતરાત્માને ઓળખવો પડશે. તેથી "आत्मैव ह्यात्मनो बन्धुः"[2]

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૪–૪–૧૯૨૦

૧. ભગવાન શ્રીકૃષ્ણ, જેમણે અર્જુનનો રથ હાંકયો હતો.

૨. આત્મા વડે મનુષ્ય આત્માનો ઉદ્ધાર કરે; તેની અધોગતિ ન કરે. આત્મા જ આત્માનો બંધુ છે; અને આત્મા જ આત્માનો શત્રુ છે. જુઓ, ભગવદ્ગીતા, અધ્યાય ૬, શ્લોક ૫.

Gandhi Heritage Portal

## ૮૯. એસ્થર ફેરિંગને પત્ર

ટ્રેનમાં,
માર્ચ ૩૦, ૧૯૨૦

વહાલી દીકરી,

તારો પત્ર હમણાં જ મળ્યો. એને માટે મેં ઈશ્વરનો પાડ માન્યો. હું એક આરામના સ્થળેથી આશ્રમ તરફ જઈ રહ્યો છું. દિલ્હી છોડ્યા પછી[1] મારાથી તને પત્ર લખી શકાયો નથી. મેં ચાર દિવસ સુધી બરાબર આરામ લીધો. ૧૩મી એપ્રિલ પછી હું પાછો એ જ સ્થળે જવા ધારું છું.[2] તું ડેન્માર્ક ક્યારે જવાની છે?

પ્યાર સહિત,

બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૬૮

## ૯૦. સત્યાગ્રહનું અઠવાડિયું

આવતી ૬ઠ્ઠીથી ૧૩મી સુધીના પવિત્ર રાષ્ટ્રીય અઠવાડિયાના કાર્યક્રમમાં અપવાસ અને પ્રાર્થનાને હું અગ્રસ્થાન આપું છું. આપણા પ્રજાજીવનનો વિકાસ કરવાને માટે આ બેની કેટલી જરૂર છે એ વિષે હું ખૂબ બોલી ચૂક્યો છું. આ બધું મેં મારા અંગત અનુભવ પરથી જ કહ્યું છે, પરંતુ હાલ એક મિત્રને આ પ્રાર્થનાની બાબત પર જ લખતાં મને અંગ્રેજ કવિ ટેનિસનની એક સુંદર કવિતા[3] હાથ લાગી છે. પ્રાર્થનાની શક્તિ પર લોકોનો વિશ્વાસ બેસે એવી ઉમેદથી હું એ રત્ન વાચકોને ભેટ કરું છું:

> દુનિયાને સ્વપ્નમાં પણ ખ્યાલ ન હોય એવી ઘણી ચીજો આપણે પ્રાર્થનાથી મેળવી શકીએ છીએ. તેથી ફુવારાના જળની માફક મારે સારુ તારા સૂરનું ઝરણ દિનરાત ઝરવા દે.
>
> જો ઈશ્વરને પિછાનીને પણ પોતાને સારુ તેમ જ પોતાના મિત્રોને સારુ બે હાથ જોડીને તેઓ પ્રાર્થના ન કરે તો અંધકારમય જીવન ગાળતાં પશુમાં અને મનુષ્યમાં ફેર શો?
>
> આમ સારી આલમ દરેક રીતે સોનાની સાંકળથી પ્રભુને ચરણે સંકળાયેલી છે.

૧. ૨૫મી માર્ચ, ૧૯૨૦ને રોજ.
૨. ગાંધીજી એપ્રિલની ૨૯મીએ જ સિંહગઢ પાછા જઈ શક્યા હતા.
૩. ટેનિસનના આ કાવ્યના પદ્યાનુવાદ માટે જુઓ એસ્થર ફેરિંગને પત્ર ૧૬-૩-૧૯૨૦.

Gandhi Heritage Portal

હિંદુસ્તાનના મારા પ્રવાસ દરમ્યાન મને દરેક ધર્મના મનુષ્યો સાથે ફરવાનો અને હજારો સ્ત્રીઓ અને વિદ્યાર્થીઓના સમાગમમાં આવવાનો પ્રસંગ મળ્યો છે. તેઓની સાથે આપણા પ્રજાકીય પ્રશ્નો પર મેં ખૂબ ઉત્સાહથી ચર્ચા ચલાવી છે. હું એવા નિર્ણય પર આવ્યો છું કે આપણે હજુ આપણી પ્રજાકીય પરિસ્થિતિને પૂરેપૂરી પારખી શક્યા નથી. આ પરિસ્થિતિને પારખવા જેટલી તાલીમ જ આપણને હજી નથી મળી અને હું કહેવાની હિંમત ધરું છું કે સ્વાત્મ ભોગ, નમ્રતા અને કર્મબળ કેળવવા સારુ જોઈતી તાલીમ મેળવવાને અપવાસ અને પ્રાર્થના જેવું બીજું એક પણ સાધન નથી. આ ગુણો સિવાય ખરી પ્રગતિ થઈ શકે જ નહીં. હું આથી આશા રાખું છું કે આખા હિંદુસ્તાનમાં સત્યાગ્રહનું અઠવાડિયું ખરા જિગરની પ્રાર્થના અને અપવાસ કરવામાં પસાર થશે.

આ અઠવાડિયામાં સત્યાગ્રહના એક અંગને, કાયદાના સવિનયભંગને હું મહત્ત્વ આપવા નથી ઇચ્છતો. સત્ય અને અહિંસા પર ખૂબ વિચાર કરવાની અને તેની શક્તિ પારખવાની સૂચના કરવાનું હું પસંદ કરું છું. જો આપણે બધા સત્ય અને અહિંસાના સનાતન સિદ્ધાંતાનુસાર આપણું જીવન ગાળતા થઈશું તો શાંત કે બીજી જાતના કોઈ અવરોધની આપણને જરૂર નહીં રહેશે.

વિરોધની સામે જ્યારે અમુક માણસો સત્યનું અવલંબન કરવા પ્રયત્નશીલ થાય છે ત્યારે, શાંત અવરોધ જન્મ પામે છે. સત્ય શું છે, શાંત અવરોધ કરીને પણ સત્યનું પાલન કેમ કરવું અને સત્યને માટે મથતાં ખુનામરકીથી મુક્ત શી રીતે રહેવાય એ જાણવું મુશ્કેલ છે. છતાં નાતજાત અને પક્ષના ભેદ સિવાય સૌએ મળીને પ્રજાની ઉન્નતિ અર્થે ઊજવવાના અઠવાડિયામાં શાંત અવરોધ કરવાની સલાહ આપવી ઉચિત છે કે કેમ એ માટે મતભેદ હોઈ શકે.

છઠ્ઠી અને ૧૩મી તારીખે પ્રાર્થના અને ઉપવાસ ઉપરાંત આપણે જલિયાંવાલા બાગના સ્મારક માટે નાણાં એકઠાં કરવાનાં છે.[૧] મારી ઉમેદ છે કે દરેક જિલ્લામાં, ગામમાં અને શહેરમાં આ માટે સંપૂર્ણ યોજના ઘડાઈ રહેશે.

આપણી પ્રવૃત્તિનો ત્રીજો ભાગ સમસ્ત હિંદમાં આ અઠવાડિયા દરમ્યાન નિયત કરેલે સમયે સભા ભરવાનો છે. સત્યાગ્રહની ચળવળના કારણભૂત રૉલેટ કાયદા માટે, હિંદુમુસલમાનનું ઐક્ય સબળ કરનાર ખિલાફતના સવાલ માટે અને જલિયાંવાલા બાગને માટે આ સભાઓમાં ઠરાવ પસાર કરવાની મેં દરખાસ્ત કરી છે. લશ્કરી કાયદાના અમલ દરમ્યાન અને તે પહેલાં ૧૩મી તારીખની અઘટિત કતલના જેવો દુઃખદ બનાવ ફરી બનવા ન પામે એવાં પગલાં લેવા આપણે ૧૩મી તારીખે જલિયાંવાલા બાગના ઠરાવથી સરકારને વિનંતી કરવાની છે. નીચે મુજબ ઠરાવો કરવા સૂચવું છું:

### છઠ્ઠી એપ્રિલ માટે

(૧) . . . .ના શહેરીઓની આ સભા પોતાનો દૃઢ મત જાહેર કરે છે કે જ્યાં સુધી રૉલેટ કાયદો રદ કરવામાં નહીં આવે ત્યાં સુધી અમારામાં શાંતિ ફેલાવાની જ નથી અને એટલા માટે સરકારને અમારી વિનંતી છે કે પહેલી તકે એમણે એ કાયદો રદ કરવો.

૧. જુઓ "છઠ્ઠી એપ્રિલ અને ૧૩મી એપ્રિલ", ૧૦-૩-૧૯૨૦.

Gandhi Heritage Portal

### ૯મી એપ્રિલ માટે

(૨) . . . . . ના હિંદુ, મુસલમાન અને બીજા વતનીઓ આશા રાખે છે કે હિંદના મુસલમાનોની ન્યાયી માગણી મુજબ અને નામદાર શહેનશાહના પ્રધાનોનાં ગંભીર વચનો મુજબ ખિલાફતના સવાલનો નિર્ણય કરવામાં આવશે અને આ સભા એવો મત જાહેર કરે છે કે જો આ સવાલનો આથી ઊલટો નિર્ણય કરવામાં આવશે તો જ્યાં સુધી અપાયેલાં વચનો પાળવામાં નહીં આવે અને મુસલમાનોની લાગણીઓ સંતોષવામાં નહીં આવે ત્યાં સુધી સરકાર સાથે સહકાર બંધ કરવાની દરેક હિંદીની ફરજ થઈ પડશે.

### ૧૩મી એપ્રિલ માટે

(૩) . . . . . ના વતનીઓની આ સભાનો એવો મત છે કે જોકે સખત ઉશ્કેરણી પછી પણ લોકોના અમૃતસરના અત્યાચારો વખોડવા યોગ્ય છે તોપણ જનરલ ડાયરે ચેતવણી આપ્યા સિવાય નિર્દોષ, હથિયારરહિત અને બીજા કોઈ પણ બચાવ સિવાયના જલિયાંવાલા બાગના લોકોની ઇરાદાપૂર્વક કરેલી કતલ એક અપૂર્વ ઘોર કર્તવ્ય છે અને આ લશ્કરી કાયદાના અમલ દરમ્યાન પંજાબના બીજા જવાબદાર અધિકારીઓને હાથે થયેલાં આવાં બીજાં ઘોર કર્મો ફરી ન થવા પામે એવાં પગલાં વડી સરકાર લેશે અને હિંદી રાષ્ટ્રીય સભાની પંજાબની સબ-કમિટીની ભલામણો પૂરેપૂરી સ્વીકારશે એવી મારી આશા છે.[1]

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ३१–३–१९२०

ભાષાંતર: नवजीवन, ४–४–१९२०

## ૯૧. ગુજરાતી સાહિત્ય પરિષદમાં ભાષણ[2]

અમદાવાદ,

એપ્રિલ ૨, ૧૯૨૦

જનસમાજને કાંઈ શીખવવું હોય તો કેવું લખવું જોઈએ એ આપણે જોઈએ. આજે આપણને આનું દૃષ્ટિબિંદુ કવિશ્રીએ[3] આપ્યું છે. એમણે કલકત્તાનો દાખલો લેવામાં ચાતુરી વાપરી છે. એઓશ્રીએ જોયું કે જેવું કલકત્તા એવું જ અમદાવાદ છે. અને તેમણે કરેલા શબ્દ-પ્રહારો કેવળ આપણે માટે જ છે. સિડની સ્મિથમાં શબ્દપ્રહારની કળા બહુ હતી. તે "આપણે" કહી તેના ઘા હળવા કરતો, પરંતુ આપણા કવિશ્રી તો "અમે" શબ્દ વાપરે છે. આપણે તો આથી સમજી જ જવું જોઈએ કે એ આપણે માટે જ છે. કલકત્તાને વિષે એઓશ્રીએ ચિતાર આપ્યો

૧. જુઓ, "પંજાબનાં રમખાણોની તપાસનો કોંગ્રેસ રિપોર્ટ," ૨૫–૩–૧૯૨૦.

૨. આ પરિષદ એપ્રિલની ૨જી અને ૩જી તારીખોએ અમદાવાદમાં ભરાઈ હતી. તેના પ્રમુખપદે હરગોવિંદદાસ કાંટાવાળા હતા. આ લેખ નવજીવનમાં "જનસમાજની દૃષ્ટિએ સાહિત્યનો વિચાર" એ મથાળા નીચે પ્રસિદ્ધ થયો હતો.

૩. રવીન્દ્રનાથ ટાગોર, જેઓ આ પહેલાં પરિષદમાં બોલી ચૂક્યા હતા. તેમણે કહ્યું હતું કે "ધનની શોધ કરવા કરતાં ઈશ્વરની શોધને વધારે મહત્ત્વ આપવું જોઈએ."

Gandhi Heritage Portal

કે પવિત્ર ગંગા નદીને તીરે મહાન ઈમારતો વસી છે તેથી ત્યાંનો કુદરતી રળિયામણો હોવો જોઈતો દેખાવ અળખામણો થઈ પડયો છે. આવે સ્થળે તો આપણને કુદરતી વિચારો આવવા જોઈએ. જ્યારે તેઓ કલકત્તાનો વિચાર કરે છે ત્યારે તેમની આંખમાંથી આંસુ વહે છે.

આપણું કામ પ્રભુને ઓળખવાનું છે, એ મારા જેવા મજૂરનો વિચાર. પ્રભુને ઓળખવાનું ભૂલી જઈને આપણે પૈસાની પૂજા કરતા થયા, સ્વાર્થ સાધતા થયા.

સાહિત્યના રસિકોને હું પૂછું છું કે તમે તમારી કૃતિ મારફત મને પ્રભુની પાસે જલદી મૂકશો કે કેમ? જો મને તેઓ "હા"માં જવાબ આપશે તો તેઓની કૃતિમાં હું ગિરફતાર થઈ જઈશ. સાહિત્યસેવકના પુસ્તકમાં મને કંટાળો ઊપજે તો મારી જડતાનો દોષ નથી. દોષ છે તેની કળાનો. શક્તિવાન સાહિત્યસેવકે કળાને એવી તો ખીલવવી જોઈએ કે વાંચનાર તેના વાચનમાં લીન થાય. મને દિલગીરી થાય છે કે આપણા સાહિત્યમાં આવું ઓછું છે. આપણું સાહિત્ય અત્યારે એવું છે કે જનસમાજ તેમાંથી એકાદ વસ્તુ પણ લઈ શકે એમ નથી. આપણા સાહિત્યમાં એક પણ એવી વસ્તુ નથી કે જે એક અઠવાડિયાને સારુ, એક વરસને સારુ કે એક જમાનાને સારુ નભી શકે.

આપણે ત્યારે જોઈશું કે અનાદિકાળથી આપણી પાસે જે પુસ્તકો છે તેમાં શું સાહિત્ય છે? આપણાં ધર્મપુસ્તકો આપણને જેટલો રસ આપે છે તે અત્યારનું સાહિત્ય આપણને નથી આપતું. એ સાહિત્યના નમાલા તરજુમામાં જે રસ આવી શકે છે એ રસ અત્યારના સાહિત્યમાં નથી આવી શકતો. કોઈ કહેશે કે અત્યારના સાહિત્યમાં ઘણું છે. ઘણું ભલે હોય પરંતુ તે ઘણાની શોધમાં માણસ થાકી જાય છે. તુલસીદાસ જેવું, કબીર[1] જેવું આપણને કોણે આપ્યું છે?

સુતર આવે ત્યમ તું રહે,<br>
જેમ તેમ કરીને હરિને લહે.

આવું તો આપણે અત્યારે નથી જ જોઈ શકતા. અખાના[2] જમાનામાં આપણને જે કાંઈ મળ્યું છે એ હવે કયાં છે?

વીસ વરસ દક્ષિણ આફ્રિકામાં રહ્યા પછી હું હિંદુસ્તાન આવ્યો અને મેં જોયું તો મને જણાયું કે આપણી દશા ભયભીત છે. પ્રજાની જ્યારે આવી દશા હોય છે ત્યારે એ પ્રજાના ઉદ્દ્ગારો નિર્ભયતાથી નથી નીકળી શકતા. દાબની નીચે આપણે લખવાનું હોય તો આપણા કવિત્વની ધારા પણ નહીં છૂટે, સત્ય પણ નહીં તરે. વર્તમાનપત્રોને માટે પણ આમ જ છે. જ્યાં પોતાની ઉપર પ્રેસનો કાયદો ઝૂકી રહ્યો હોય ત્યાં સંપાદક વિચાર્યા વિના નથી લખી શકતો. સાહિત્યરસિકો ઉપર પ્રેસનો કાયદો ઝૂકી રહેલો છે ત્યાં એક લીટી પણ છૂટથી નથી લખાતી અને એથી જ જોઈએ તેવી રીતે સત્ય નથી મુકાતું.

હિંદુસ્તાનમાં અત્યારે સંધ્યાનો સમય છે. કરોડો માણસોને એમ થઈ રહ્યું છે કે આપણામાં મોટા મોટા ફેરફારો થવાના છે. આપણું ભિખારીપણું મટી હવે આપણી ઉજ્જ્વળ દશા આવશે. સત્યયુગની આપણને હવે ઝાંખી થશે. આવા ઉદ્દ્ગારો હું સ્થળે સ્થળે સાંભળી રહ્યો છું. ઘણા

૧. ૧૪મી સદીના કવિ અને સંતપુરુષ. એમના અનુયાયીઓમાં હિંદુઓ તેમ જ મુસલમાનો બંને પ્રકારના લોકો હતા.

૨. ૧૭મી સદીનો ગુજરાતી કવિ.

Gandhi Heritage Portal

અત્યારે એમ સમજી રહ્યા છે કે હિંદુસ્તાન હવે એક નવું પાનું ફેરવશે. જો હિંદુસ્તાન નવું પાનું ફેરવશે તો તેમાં કયા લેખો સમાયેલા હશે? સુધારા આપણને જે મળ્યા હશે તે તો હાંસડીરૂપે જ થવાના છે, અને આપણે આજે જેમ બળદની માફક હંકાયા જઈએ છીએ એમ હંકાયા જઈશું. આ સમયે સાહિત્યની સેવાવાળા પાસેથી તો હું ઈશ્વરનો મેળાપ અને સત્યનું દર્શન જ માગીશ. આપણા સાહિત્યસેવકોએ બતાવી જ આપવું જોઈએ કે હિંદુસ્તાન પાપી નથી, છેતરનાર નથી.

પોપે[1] — ઈલિયડવાળો નહીં — દક્ષિણ પ્રાંતની જે સેવા કરી છે તેવી સેવા કોઈ પણ મદ્રાસીએ નથી કરી. હું રંગી રહ્યો એટલે દરેકનું હૃદય ચોરવાને ખાસ ઇચ્છું. દક્ષિણ પ્રાંતના ભાઈઓનાં હૃદય ચોરવા મારે તેની ભાષા શીખવી પડી. રેવ. પોપે જે લખાણો લખ્યાં છે તેમાંથી તો હું અત્યારે કાંઈ નથી આપી શકતો, પરંતુ એટલું તો કહું છું કે તામિલ ભાષામાં કોસ હાંકનારાઓ માટે પણ જે કાવ્યો છે, કવિત્વ છે એ અલૌકિક છે. સૂર્ય ઊગ્યો પણ ન હોય ત્યારે કોસ હંકાય છે. બાજરી, ઘઉં સર્વ પર ઝાકળનાં મોતીઓ છે. ઝાડનાં પાંદડાં પર બાઝી રહેલું પાણી મોતીના દાણા જેવું છે. આ માણસો, આ કોસ હાંકનારાઓ કાંઈ આવું આવું ગાય છે. હું જ્યારે કોચરબમાં[2] રહેતો હતો ત્યારે કોસ હાંકનારને જોતો, સાંભળતો, પરંતુ તેના મોંમાં તો બીભત્સ શબ્દો હતા. આનું કારણ શું? આનો જવાબ હું અહીં બેઠેલા રા. નરસિંહરાવ[3] પાસે તેમ જ આપણા પ્રમુખ સાહેબ પાસે માગું છું.[4]

સાહિત્ય પરિષદને હું કહું છું કે આપણા કોસ હાંકનાર જેવાના મોંમાંથી અપશબ્દો કઢાવો અને નહીં તો આપણી અવનતિનું પાપ તમારે શિરે રહેશે. સાહિત્યના સેવકોને હું એમ પૂછું છું કે પ્રજાનો મોટો ભાગ કેવો છે અને તેવાને માટે તમે શું લખશો? સાહિત્ય પરિષદને હું એમ જ કહીશ કે તમારામાં જે ન્યૂનતા છે તે કાઢો, કાઢો, કાઢો.

લુઈને[5] પુસ્તક લખવાનો વિચાર થયો અને વિચાર થયા પછી તેણે પુસ્તક પોતાના છોકરાઓ માટે લખ્યું. તેના છોકરાઓએ તો એ વાંચીને લાભ લીધો અને અત્યારના આપણા પુરુષો, સ્ત્રીઓ અને બાળકો પણ આ વાંચી તેનો લાભ લઈ શકે છે. હું આપણા સાહિત્યસેવકો પાસે આવું સાહિત્ય માગું છું. હું બાણભટની કાદંબરી[6] નથી માગતો પરંતુ તુલસીદાસનું રામાયણ માગું છું. કાદંબરી હમેશાં રહેશે કે કેમ એ વિષે મને શંકા છે, પરંતુ તુલસીદાસનું આપેલું તો હમેશને માટે રહેવાનું છે. અત્યારે તો સાહિત્યમાં આપણને રોટલી, ઘી અને દૂધ મળવા દો, પછીથી આપણે તેમાં બદામ, પિસ્તાં વગેરે મેળવીશું અને કાદંબરી જેવું કાંઈક બનાવીશું.

૧. ડૉ. જી. યુ. પોપ; એમણે तिरुक्कुरल અને तिरुवाचकम् નામનાં તામિલ કાવ્યોના અંગ્રેજીમાં અનુવાદ કર્યા હતા.

૨. અમદાવાદની ભાગોળે આવેલું એક ગામ; હવે તે ત્યાંની મ્યુનિસિપલ હદમાં છે. ગાંધીજીનો આશ્રમ મે ૧૯૧૫માં સ્થપાયો, ત્યારે પ્રથમ આ ગામમાં એક ખાનગી મકાનમાં હતો.

૩. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા; ગુજરાતી કવિ અને સાક્ષર; મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક.

૪. આનંદશંકર ધ્રુવ; સંસ્કૃતના વિદ્વાન અને સાક્ષર; ૧૯૨૦થી ૧૯૩૭ સુધી બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિ.

૫. લુઈ કૅરલ; એમણે एलोसीझ एडवेन्चर्स इन वन्डरलेन्ड નામનું પુસ્તક લખ્યું છે.

૬. સાતમી સદીમાં લખાયેલું પ્રસિદ્ધ સંસ્કૃત ગદ્યકાવ્ય.

Gandhi Heritage Portal

ગુજરાતની રાંકડી પ્રજા, માધુર્યવાળી પ્રજા અને જેની સજ્જનતાનો પાર નથી, જે પ્રજા આટલી બધી ભોળી છે, જે પ્રજાને ઈશ્વરમાં અખંડ વિશ્વાસ છે એ પ્રજાને જો આગળ વધવું હોય તો સાહિત્યસેવકોએ મજૂરો, કોસ હાંકનારાઓ અને એવા બીજા માટે પોતાનાં કાવ્યો રચવાં જોઈએ, એવા માટે લખવું જોઈએ.

આપણી પ્રજા સત્ય લખતી, સત્ય બોલતી અને સત્ય આચરતી થાય એ મારી અંતઃકરણની પ્રાર્થના છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ४–४–१९२०

## ९२. टाइम्स ऑफ इन्डियाने पत्र

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ,
એપ્રિલ ૩, ૧૯૨૦

સાહેબ,

આ સાથે ત્રણ ઠરાવો[1] મોકલું છું. તે સત્યાગ્રહના અઠવાડિયા દરમ્યાન, એટલે કે તા. ૬, ૯ અને ૧૩મી એપ્રિલે પસાર કરવાના છે. હું માની લઉં છું કે પહેલા અને ત્રીજા ઠરાવ સંબંધમાં બે મત હશે નહીં. પરંતુ ખિલાફત અંગેના ઠરાવ વિષે ટીકા થતી મેં સાંભળી છે. મારું કહેવું એમ છે કે અસહકારની કલમ વિનાનો ખિલાફતનો ઠરાવ અર્થ વગરનો થઈ પડશે. દેશને કોઈ નિશ્ચિત કાર્યક્રમની જરૂર છે અને અસહકાર કરતાં બીજો નિશ્ચિત કાર્યક્રમ એને મળી શકે તેમ નથી. હિંસાનાં બળોને બીજી રીતે કાબૂમાં રાખી શકાય તેમ નથી.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

टाइम्स ऑफ इन्डिया, ४–४–१९२०

૧. આ ઠરાવોના મૂળ લખાણ માટે જુઓ, "સત્યાગ્રહનું અઠવાડિયું", ૩૧–૩–૧૯૨૦.

Gandhi Heritage Portal

## ૯૩. જલિયાંવાલા બાગ સ્મારકનિધિ માટે અપીલ[1]

મુંબઈ,
એપ્રિલ ૬, ૧૯૨૦

મને પૂરી ખાતરી છે કે પંજાબ સ્મારકનો મુંબઈ શહેર તેની પોતાની ખાસ ઉદારતાથી જવાબ આપશે. એ એક રાષ્ટ્રીય સ્મારક છે. મેં વારંવાર કહ્યું છે કે આ સ્મારક કોઈ પણ અર્થમાં બ્રિટિશવિરોધી નથી. ૧૩મી એપ્રિલ, ૧૯૧૯ના ગોઝારા દિવસે જે નિર્દોષ લોકો માર્યા ગયા, તેમની સ્મૃતિને જો આપણે નહીં જાળવી રાખીએ, તો આપણે એક રાષ્ટ્ર કહેવડાવવાને નાલાયક ઠરીશું. હું આશા રાખું છું કે અંગ્રેજો પણ આ સ્મારકમાં ફાળો આપવાનું ઉચિત માનશે. જો તેઓ સહકાર આપશે તો એટલું સાબિત થશે કે આ સ્મારક જાતિભેદથી પર છે. આ ઉપરાંત હંટર કમિટીનો ચુકાદો આપણી વિરુદ્ધમાં આવે કે તરફેણમાં આવે એની સાથે આ સ્મારકને કશો સંબંધ નથી. સરકારે એટલું તો કબૂલ્યું છે કે જે માણસોને મારી નાખવામાં આવ્યા હતા તે નિર્દોષ હતા. હંટર કમિટીનું નિદાન ગમે તે નીકળે, હિંદુસ્તાન પોતાની એ જવાબદારીમાંથી છટકી ન શકે કે નિર્દોષ લોકોનું આટલું બધું લોહી રેડાયું હતું તે જમીનના ટુકડાને તે રાષ્ટ્રની મિલકત બનાવે, અને ત્યાં એક એવું રાષ્ટ્રીય સ્મારક ઊભું કરે જે, મરનાર લોકોની સ્મૃતિને સાચવી રાખવા છતાં કોઈ પણ પ્રકારના દ્વેષ કે તિરસ્કારથી મુક્ત હોય.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ७–४–१९२०

## ૯૪. મુંબઈમાં રાષ્ટ્રીય સપ્તાહની સભામાં ભાષણ

એપ્રિલ ૬, ૧૯૨૦

રાષ્ટ્રીય સપ્તાહ નિમિત્તે મુંબઈના નાગરિકોની એક જાહેર સભા, પ્રેસિડેન્સી ઍસોસિયેશન, પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ, હોમરૂલ લીગની મુંબઈની શાખાઓ અને નેશનલ યુનિયનના સંયુક્ત આશ્રયે ગઈ કાલે મુંબઈના ફ્રેંચ બ્રિજ નજીક આવેલા મેદાનમાં ભરાઈ હતી. હાજર રહેલા લોકોમાં સભાના પ્રમુખ ઉપરાંત શ્રી મો. ક. ગાંધી, શ્રીમતી એની બેસંટ અને શ્રી એમ. એ. ઝીણા પણ હતા. . . . માનનીય સર દિનશા એમ. પિટીટને સભાના અધ્યક્ષપદે ચૂંટવામાં આવ્યા હતા. . . .

રૉલેટ ઍક્ટ નાબૂદ કરવાની માગણી કરતો ઠરાવ માનનીય વિઠ્ઠલભાઈ ઝ. પટેલે મૂકયો હતો. તેના અનુમોદનમાં શ્રી ગાંધીએ આપેલા ભાષણનો સત્તાવાર સાર અત્રે આપવામાં આવે છે:

શ્રી ગાંધીએ કહ્યું કે હું આશા રાખું છું કે હમેશાં નહીં તો છેવટ સત્યાગ્રહ સપ્તાહ દરમ્યાન તો સત્યાગ્રહ આંદોલન દરમ્યાન જે સિદ્ધાંતો અનુસાર સભાઓ ચલાવાઈ હતી તે સિદ્ધાંતો અનુસાર જ ચલાવાશે. આ સિદ્ધાંતો એવા છે કે વક્તાઓ જે કંઈ બોલે તેની પ્રશંસા

૧ આ અપીલ વર્તમાનપત્રો માટે પત્રના રૂપમાં પ્રસિદ્ધ થઈ હતી.

Gandhi Heritage Portal

કરવા કે તેના પ્રત્યે અણગમો દર્શાવવા કોઈ સંકેતો કે અવાજો કરવા નહીં, પરંતુ એમના વક્તવ્યને પૂરા માનથી અને શાંતિપૂર્વક સાંભળવું. હું માનું છું કે જો આ નિયમનું પાલન કરવામાં આવશે તો જુદા જુદા વક્તાઓ જે વિચારો રજૂ કરશે તે શ્રોતાજનો સ્પષ્ટ રીતે સમજી શકશે. મેં આને સત્યાગ્રહ સપ્તાહનું નામ આપ્યું છે, પરંતુ હું આશા રાખું છું કે શ્રોતાઓમાંથી કોઈ પણ વ્યક્તિ સત્યાગ્રહ શબ્દથી ભડકશે નહીં. હું મારી જવાબદારી બરાબર સમજું છું, કેમ કે હું જાણું છું કે હું મુંબઈ પ્રેસિડેન્સી ઍસોસિયેશનના આશ્રયે બોલાવાયેલી સભામાં બોલી રહ્યો છું, અને આ સંસ્થા સત્યાગ્રહમાં માનતી નથી. સત્યાગ્રહ સપ્તાહ વિષે હું અત્યારે કશા સંકોચ વગર બોલું છું, એનું કારણ એ છે કે હું અત્યારે સવિનય પ્રતિકાર ઉપર ભાર મૂકતો નથી તેમ તેને સ્વીકારવા પણ કોઈને કહેતો નથી. હું તો વાણી અને વર્તનમાં સચ્ચાઈ જાળવવાની અને સત્યના અવિરત અનુસરણમાં અહિંસાની આવશ્યકતા ઉપર ભાર મૂકવા માગું છું. મારા પહેલાંના વક્તા શ્રી પટેલે કહ્યું કે ઠરાવો કશા ઉપયોગના નથી. શ્રી પટેલની વાત કેટલેક અંશે મને મંજૂર છે. પરંતુ ઠરાવ ઠરાવમાં ફરક હોય છે. આપણો ઠરાવ નિરાશાનો નહીં, પણ આત્મવિશ્વાસનો છે. એમાં જેટલું સર્વશક્તિમાન પ્રભુને ઉદ્દેશીને પ્રાર્થનાના રૂપમાં કહેવાયું છે એટલું સરકારને ઉદ્દેશીને કહેવાયું નથી. મને તો ઉપવાસ અને પ્રાર્થનામાં શ્રદ્ધા છે, એટલે હું એ કહેવાની ધૃષ્ટતા કરું છું કે જો સત્ય આપણે પક્ષે હોય, હૃદય પ્રાર્થનાથી ભરેલું હોય અને સાથે સાથે પોતાનું બલિદાન આપવાનો દૃઢ નિશ્ચય હોય તો સફળતા મળ્યા વિના રહે જ નહીં. આ ઉપરાંત આપણા ઠરાવમાં સરકારને પોતાનું કર્તવ્ય બજાવવાનું કહેવામાં આવ્યું છે. કૉંગ્રેસે સુધારાઓનો અમલ કરવામાં સહકાર આપવાની તૈયારી બતાવી હતી[1] કેમ કે એવો સહકાર રાષ્ટ્રની ઉન્નતિમાં પરિણમતો હતો. કૉંગ્રેસે જ્યારે આ સહકાર આપવાની વાત કરી ત્યારે રૉલેટ ઍક્ટ કાયદાપોથીમાં મોજૂદ હતો, અને એવા હથિયાર વડે સરકાર કોઈ પણ ક્ષણે લોકોને કે તેમની પ્રવૃત્તિઓને કચડી નાખી શકે તેમ હતું. છતાં કૉંગ્રેસે સહકારનો હાથ લંબાવ્યો એ એની ખાનદાની બતાવે છે. આ ઠરાવ હવે સુધારેલી ધારાસભા[2] મળે તે પહેલાં જ રૉલેટ ધારો રદ કરી કૉંગ્રેસની ખાનદાનીનો ઉત્તર વાળવા સરકારને આમંત્રણ આપે છે. શ્રી પટેલે એમ પણ કહ્યું છે કે નવી ધારાસભા ભરાતાં પહેલાં જો સરકાર રૉલેટ ઍક્ટ નાબૂદ નહીં કરશે, તો તે નાબૂદ કરવા ખાસ ધારો પસાર કરવામાં મુશ્કેલી ઊભી થશે. શ્રી પટેલનું કહેવું તદ્દન યોગ્ય છે કે અત્યારે તો અમુક કાયદો દેશની શાંતિને જોખમમાં મૂકે એવો છે અને તેની પ્રગતિને બાધક છે, એવો પોતાનો મત વાઇસરૉય જણાવે એટલું બસ છે. પરંતુ હું (ગાંધી) માનું છું કે જો સરકાર પોતાનું કર્તવ્ય ચૂકે, તો એવા કોઈ અનિષ્ટ પરિણામને પહોંચી વળવા માટે બીજા રસ્તા પણ છે. નવી ધારાસભાની પહેલી જ બેઠકમાં આ કાયદો રદ થઈ જશે, એમાં મને કશી શંકા નથી. પરંતુ જો એ નવી ધારાસભા પણ પોતાનું કર્તવ્ય બજાવવામાં સફળ નહીં થાય તો હું આ સભાને ખાતરી આપું છું કે જ્યાં સુધી આ દેશમાં થોડાક પણ સત્યાગ્રહીઓ જીવતા હશે, અને એ કાયદો નિયત સમય પહેલાં રદ નહીં થયો હશે તો આ દેશમાં શાંતિ રહેવાની નથી.

એટલે હું આ ઠરાવને કોઈ નિરાશાના ભાવથી નહીં પણ પૂરા આત્મવિશ્વાસથી અનુમોદન આપું છું અને જે ગોઝારા કાયદાએ આટલા બધા લોકોને આટલું બધું કષ્ટ આપ્યું છે તે રદ કરાવવાના આ દેશના લોકોના મક્કમ નિરધારના પ્રતીક તરીકે આ ઠરાવ પસાર કરવા ભલામણ કરું છું.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ७-४-१९२० અને ८-४-१९२०

૧. ૧૯૧૯ના ડિસેમ્બરમાં ભરાયેલા અમૃતસર અધિવેશનમાં.

૨. ૧૯૧૯ના "રિફૉર્મ્સ ઍક્ટ" હેઠળ મધ્યસ્થ ધારાસભાની ચૂંટણી નવેમ્બર, ૧૯૨૦માં થવાની હતી.

Gandhi Heritage Portal

# ૯૫. પંજાબની સજાઓ

કૉંગ્રેસની પંજાબ સબકમિટીએ નીમેલા તપાસપંચના સભ્યોએ તેમના રિપોર્ટમાં નામદાર વાઇસરૉય ઉપર તેમનામાં કલ્પનાશક્તિની ગુનાહિત ખામી હોવાનો આરોપ મૂકયો છે. નામદાર વાઇસરૉયે મોતની સજાના પાંચ કેસોમાંથી બેની સજા ઘટાડવાનો ઇનકાર કર્યો છે, એ આ આરોપનું સુંદર ઉદાહરણ છે. જેવી રીતે માર્શલ લૉ અદાલત સમક્ષ ચાલેલી કાર્યવાહી રદ કરવાથી સજા પામેલાઓની નિર્દોષતા સાબિત થઈ શકતી નથી, તેવી જ રીતે પ્રિવી કાઉન્સિલ એમની અપીલો રદ કરે,[1] તેથી કંઈ તેમનો ગુનો સાબિત થઈ જતો નથી. બીજું, પંજાબ સરકારે રાજાના ઢંઢેરાનો[2] જે અર્થ ઘટાવ્યો છે તે અનુસાર આ કેસો એ ઢંઢેરા નીચે આવી જાય છે. અમૃતસરમાં જે ખૂનો થયાં તે ખૂન કરનાર અને તેનો ભોગ બનનાર વચ્ચે કોઈ અંગત ઝઘડાને કારણે થયાં નહોતાં. ગુનો ગંભીર તો હતો જ, પરંતુ તે ચોખ્ખેચોખ્ખો રાજકીય હતો અને ઉશ્કેરણીને વશ થઈને કરવામાં આવ્યો હતો. સરકાર ખૂન અને આગના બદલામાં જે કંઈ કરવું જોઈએ, તેના કરતાં વિશેષ કરી ચૂકી છે. આ સંજોગોમાં સામાન્ય સમજ એમ કહે છે કે મોતની સજાઓ ઘટાડવી જોઈએ. લોકમત એમ માને છે કે સજા પામેલા માણસો નિર્દોષ છે અને એમના કેસની સુનાવણી બરાબર થઈ નથી. આ સજાઓનો અમલ કરવામાં એટલો બધો વિલંબ થયો છે કે આ તબક્કે ફાંસી આપવામાં આવશે તો હિંદના લોકોને સખત આઘાત લાગશે. લૉર્ડ ચેમ્સફર્ડની જગાએ જો બીજો કોઈ કલ્પનાશીલ વાઇસરૉય હોત, તો તેણે મોતની સજાઓ ઘટાડવાની જાહેરાત તાબડતોબ કરી દીધી હોત. પરંતુ લૉર્ડ ચેમ્સફર્ડે એમ કર્યું નથી. દેખીતી રીતે જ તેઓ એમ માનતા જણાય છે કે જો થોડા પણ ગુનેગાર લોકોને ફાંસીએ નહીં ચઢાવવામાં આવે તો ન્યાય થયેલો ગણાશે નહીં. લોકલાગણીની એમને કશી પડી નથી. તેમ છતાં આપણે હજી પણ આશા રાખીશું કે કાં તો વાઇસરૉય કે પછી મિ. મૉન્ટેગ્યુ મોતની સજાઓ ઘટાડી આપશે.

પરંતુ જો સરકાર સજાઓનો અમલ કરવાની ગંભીર ભૂલ કરી બેસશે, અને તેને પરિણામે કમનસીબે ફાંસીઓ દેવાતાં જો લોકો ઉશ્કેરાઈ જશે અથવા શોકમાં ડૂબી જશે, તો તેમની પણ એટલી જ મોટી ભૂલ થશે. જો આપણે બીજાં રાષ્ટ્રોમાં આપણા અવાજની કદર થાય એવું રાષ્ટ્ર બનવું હશે, અગર તો દુનિયાનાં રાષ્ટ્રોમાં બીજું કોઈ રાષ્ટ્ર આપણને ટપી ન જાય એવો મોભો મેળવવો હશે તો આપણે એક હજાર તો શું પણ અનેક હજાર નિર્દોષ સ્ત્રીપુરુષોનાં ખૂનો સ્વસ્થ ચિત્તે સહી લેવા તૈયાર રહેવું જોઈશે. એટલે અમે આશા રાખીએ છીએ કે લાગતા-વળગતા સૌ લોકો, ફાંસીની સજાને જીવનની એક સામાન્ય ઘટના માની, તેનાથી નાસીપાસ ન થતાં વધારે બહાદુર બનશે.

૧. જુઓ "અમૃતસરની અપીલો", ૩–૩–૧૯૨૦.

૨. ડિસેમ્બર, ૧૯૧૯નો ઢંઢેરો.

Gandhi Heritage Portal

(ઉપરનું લખાણ છપાતું હતું ત્યારે, અમને અતિ દુ:ખદાયક સમાચાર મળી ગયા છે. આખરે નામદાર વાઈસરૉયે નિર્દય બનીને હિંદી પ્રજાને કઠોર આઘાત પહોંચાડી દીધો છે. હવે આ નિર્દયમાં નિર્દય ફટકો પડવા છતાં હિંમત રાખવાનું કામ હિંદી પ્રજાનું છે. – તંત્રી, यंग इन्डिया)

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૭–૪–૧૯૨૦

## ૯૬. સર રવીન્દ્રનાથ ટાગોર[1]

વર્તમાન યુગના સૌથી મોટા કવિની ગુજરાતની મુલાકાત[2] એ કોઈ નાનોસૂનો પ્રસંગ નથી. ગુજરાતે પણ પોતાના પાટનગરમાં એમનું દબદબાભર્યું સ્વાગત કરીને પોતાની જાતને ધન્ય બનાવી છે. લોકોએ એમના પ્રત્યે બતાવેલો ઊંડો પૂજ્યભાવ જોઈને કવિનું હૃદય જરૂર હલી ગયું હશે. સાહિત્ય પરિષદ સમક્ષ એમણે આપેલું ભાષણ[3] તો એક ગદ્યકાવ્ય છે. એ ઊંચામાં ઊંચી ભાવનાઓથી ભરેલું છે. એની એકેએક લીટી એમના પ્રયાસમાં રહેલી ધાર્મિક ભાવનાની સાબિતીરૂપે છે. એ ભાષણ કવિની પ્રતિભાને તથા પ્રસંગને શોભાવે છે. આધુનિક સંસ્કૃતિની નીપજ તરીકેનો એમણે કરેલો કલકત્તાનો ઉલ્લેખ એમની સ્વાભાવિક ખાનદાની અને નમ્રતાની સુંદર નિશાની છે. સાઠથી વધારે મિલોવાળા અને વેપારી બુદ્ધિવાળા અમદાવાદમાં આ સત્ય ઉચ્ચારવાનું એમને માટે જરૂરી હતું. એમણે અમદાવાદના લોકોને એટલું કહેવું પડે એમ હતું કે ઈશ્વરની સાધનાને લક્ષ્મીની સાધના કરતાં મોટી ગણવી જોઈએ. એમણે કલકત્તાની સ્થિતિનું વર્ણન કરીને આ કાર્ય અત્યંત કુશળતાપૂર્વક કરી બતાવ્યું. અમે આશા રાખીએ છીએ કે ગુજરાતના લોકો કવિનો આ સંદેશો પોતાના હૃદયમાં ઉતારશે. એની સાચી કદર એ રીતે જ થશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૭–૪–૧૯૨૦

૧. આ લેખનો ગાંધીજીના હાથે લખેલો મુસદો ગાંધી સ્મારક નિધિમાં મોજૂદ છે. એમાં પહેલું વાક્ય કંઈક જુદી રીતે લખેલું છે. તેનો તરજુમો આ પ્રમાણે થઈ શકે: "વર્તમાન યુગના સૌથી મોટા કવિનું ગુજરાતમાં આગમન એ કોઈ નાનીસૂની ઘટના નથી."

૨. ૧૯૨૦ના એપ્રિલ માસના પહેલા અઠવાડિયામાં; આ પ્રસંગે ટાગોર અને ગાંધીજીનો અમદાવાદમાં લેવાયેલો ફોટો પા. ૧૯૯ સામે આપ્યો છે.

૩. આ ભાષણ ૨૭ એપ્રિલે અપાયું હતું.

Gandhi Heritage Portal

# ૯૭. દેવદાસ ગાંધીને પત્ર

મુંબઈ,
[એપ્રિલ ૮, ૧૯૨૦][1]

ચિ. દેવદાસ,

તમારા કાગળો મળ્યા કર્યા છે. હજુ બીજાની રાહ જોઉં છું. હમણાં તો મને નિયમસર જ લખ્યા કરજો. ત્યાં કેમ ચાલતું હશે તેની રાહ હમેશાં જોઉં છું.[2]

તમારી તબિયતને પહેલી સંભાળજો. અભ્યાસ તેની પાછળ છે. મધ્યે આત્મવિકાસ છે. તે તો શરીર અને અભ્યાસ બન્ને ઉપર અજવાળું પાડયા જ કરશે. જેણે આત્માને જાણ્યો છે તેણે સર્વસ્વ જાણ્યું છે. શરીર પણ તે જ સારુ સાચવીએ, અભ્યાસ તે જ કારણસર કરીએ. પણ આ વાકયનો અર્થ કંઈ જ નથી અને ઘણો ઊંડો છે. બધી વસ્તુને તેનું સાધન જાણી આપણે આપણું કાર્ય કરીએ તેમ તેમ આપણે આત્માને જાણતાં શીખીએ છીએ. જ્ઞાન ન થતાં સુધી આપણે શ્રદ્ધા રાખવી પડે છે. અથવા ગીતાની ભાષા પ્રમાણે આપણે નિષ્ફલાકાંક્ષી થઈ આપણી ફરજ બજાવ્યે જવી. એક હીરાને સારુ લાખો માણસો ખાણ ખોદે છે. ઘણાં વર્ષ સુધી તો શ્રદ્ધા જ રાખવી પડે કે નીચે હીરો છે જ. જયારે છેવટે મળે છે ત્યારે કંઈ ત્યાં નવો પડે છે એમ નથી. તે તો સદાય હતો જ. તેમ આત્માનું ને આત્મજ્ઞાનનું છે. પણ આ બધું તમને શા સારુ લખું ? તમે તો જાણ્યેઅજાણ્યે આત્મદર્શન કર્યે જ જાઓ છો. તબિયત અને અભ્યાસનું લખતાં આ લખાઈ ગયું છે. અભ્યાસને શરીરની રખેવાળીથી નીચે મૂકયો. આત્માની ઓળખને પણ શરીરથી ગૌણ ગણાવશું ? એ વિચાર કરતાં જોવું કે આત્માની ઓળખ તો સદાય થયા જ કરે. માંદગીને સમયે કંઈ તેની ઓળખનો પ્રયાસ બંધ નથી થતો. આમાં કયાંયે ન સમજાયું હોય તો પૂછજો.

સરલાદેવી મારી સાથે જ છે. આવતી કાલે પંડિત રામભજદત્તજી આવવાની વકી છે. ભાઈ મહાદેવ આજે હજીરા ગયા છે. દુર્ગા[3] પણ સાથે છે. ત્યાંથી ૨૧મી તારીખ સુધીમાં સિંહગઢ પહોંચશે.

મારું કંઈ નક્કી નથી.[4]

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૧૯૮

૧. આ પત્ર ઉપર દેવદાસ ગાંધીને ઉદ્દેશીને સરલાદેવી ચૌધરાણીએ પણ થોડુંક લખ્યું છે. તેમાં આ તારીખ આપી છે.

૨. બનારસમાં, જ્યાં દેવદાસ ગાંધી હિંદીનો અભ્યાસ કરી રહ્યા હતા.

૩. મહાદેવ દેસાઈનાં પત્ની.

૪. ગાંધીજી ૨૯મી એપ્રિલે સિંહગઢ પહોંચ્યા હતા.

Gandhi Heritage Portal

# ૯૮. મુંબઈમાં રાષ્ટ્રીય સપ્તાહની સભામાં ભાષણ

એપ્રિલ ૯, ૧૯૨૦

રાષ્ટ્રીય સપ્તાહ નિમિત્તે મુંબઈના નાગરિકોની એક જાહેર સભા, હિંદુસ્તાનની કેન્દ્રીય ખિલાફત સમિતિના આશ્રયે ગઈ રાતે, મુંબઈમાં ફ્રેંચ બ્રિજ નજીકના મેદાનમાં ભરાઈ હતી. શ્રી મિયાં મહમદ હાજી જાન મહમદ છોટાણી[1] આ સભાના પ્રમુખ હતા. . .[2]

મો. ક. ગાંધીએ નીચેનો ઠરાવ રજૂ કર્યો :

મુંબઈમાં વસતા હિંદુઓ, મુસલમાનો અને બીજા લોકોની આ સભા વિશ્વાસ રાખે છે કે હિંદુસ્તાનના મુસલમાનોની વાજબી માગણીઓ તથા નામદાર સમ્રાટના પ્રધાનોએ આપેલાં ગંભીર વચનો વચ્ચે સુસંગતતા જાળવીને ખિલાફતનો પ્રશ્ન ઉકેલવામાં આવશે. વળી આ સભા પોતાના એ મતની અત્રે નોંધ લે છે કે જો ચુકાદો મુસલમાનોની વિરુદ્ધમાં આવશે, તો આપેલાં વચનો પળાતાં સુધી અને મુસલમાનોની લાગણી સંતોષાતાં સુધી સરકારને સહકાર આપતાં અટકી જવાનું પ્રત્યેક હિંદી પ્રજાજનનું કર્તવ્ય થઈ પડશે.

શ્રી ગાંધીએ કહ્યું કે આજે રાત્રે આપણે અહીં કેવળ ખિલાફતના પ્રશ્ન માટે જ એકઠા થયા છીએ એવું નથી, પરંતુ છેલ્લા બાર મહિના દરમ્યાન હિંદુસ્તાનમાં જે કંઈ બની ગયું છે તે ઉપર દૃષ્ટિપાત કરવાનો પણ આજની સભાનો હેતુ છે. અનેક બનાવો બની ગયા છે, પરંતુ તેમાં બે મુખ્યત્વે કરીને આગળ તરી આવે છે : એક છે સ્વદેશીનો આરંભ અને બીજો છે સાચી હિંદુમુસ્લિમ એકતાની પાયાભરણી. સ્વદેશીની શરૂઆત એપ્રિલ માસમાં થઈ અને જ્યારે જલિયાંવાલા બાગમાં બંને કોમોનું લોહી એક બનીને વહ્યું ત્યારે હિંદુમુસ્લિમ એકતા એક નિર્વિવાદ હકીકત બની ગઈ. તે દિવસથી આ એકતા વધતી ચાલી છે. માટે હું હિંદુ ભાઈઓને અપીલ કરું છું કે ખિલાફતના પ્રશ્નમાં તમે તમારા મુસલમાન ભાઈઓ સાથે સમભાવ રાખો અને તેમને મદદ કરો, જેથી આ એકતા કાયમ માટે દૃઢ થાય. તુર્કસ્તાનના સામ્રાજ્યના ભાગલા પડશે એ બીકથી અને ખિલાફતના પ્રશ્નથી મુસલમાનોનાં દિલ એવાં આળાં થઈ ગયાં છે કે દિલનું આવું આળાપણું આ પહેલાં એમણે કદી અનુભવ્યું નથી. એટલે આ પ્રસંગે જો હિંદુઓ મુસલમાનો પ્રત્યે હમદર્દી દાખવવાનું ચૂકશે, તો આ એકતાને વજ્રલેપ જેવી બનાવવાનો મહાન અવસર હાથમાંથી સરી જશે, અને કદાચ ફરીથી તે કદી પણ પાછો આવશે નહીં.

આગળ બોલતાં શ્રી ગાંધીએ કહ્યું કે મેં કોઈ પણ કાર્યને કદી વગર વિચાર્યે ટેકો આપ્યો નથી અને કદી આપું પણ નહીં. મુસલમાનોને મદદ કરવા હું તમને કહું છું, તેનું કારણ એ છે કે એમને પક્ષે ન્યાય છે એમ મને લાગે છે. બ્રિટિશ વડા પ્રધાન અને ખિલાફત પ્રતિનિધિમંડળ વચ્ચેની મુલાકાત[3] વખતે જે કંઈ બન્યું તેનો હેવાલ હું વાંચી ગયો છું, અને મેં જોયું છે કે પ્રતિનિધિમંડળે ન્યાયસંમત ન હોય એવી કોઈ આગ્રહભરી માગણી ત્યાં કરી નથી. હવે બ્રિટિશ સામ્રાજ્યના વડા પ્રધાન પાસેથી સ્વાભાવિક રીતે જ આપણે એવી આશા રાખીએ છીએ કે યુદ્ધ ચાલતું હતું ત્યારે તુર્કસ્તાનના પ્રશ્ન સંબંધમાં તેમણે આપેલાં ગંભીર વચનોને તેમણે વળગી રહેવું જોઈએ. હિંદુસ્તાનના મુસલમાનો માત્ર એટલું જ

૧. મુંબઈના રાષ્ટ્રવાદી મુસ્લિમ નેતા.

૨. ટાઇમ્સ ઑફ ઇન્ડિયાના ૧૦–૪–૧૯૨૦ના રિપોર્ટમાં આટલું વધારે છે કે આ સભાની કાર્યવાહી દેશી ભાષામાં ચલાવાઈ હતી.

૩. આ મુલાકાત ૧૯૨૦ના માર્ચની ૧૭મી તારીખે થઈ હતી.

Gandhi Heritage Portal

માગે છે કે તુર્કસ્તાન સંબંધમાં યુદ્ધ પહેલાંની સ્થિતિ બનતા સુધી જળવાઈ રહેવી જોઈએ. બીજી બાબતોની સાથે તેઓ એમ ઇચ્છે છે કે કૉન્સ્ટેન્ટિનોપલ તથા યુરોપમાં આવેલો તુર્કસ્તાનનો પ્રદેશ તુર્કોના હાથમાં રહેવો જોઈએ અને જઝીરત-ઉલ-આરબ[1] ઉપર તુર્કસ્તાનનું આધિપત્ય હોવું જોઈએ. બિન-મુસ્લિમ લોકોની બહુમતીવાળા તુર્કસ્તાનના પ્રદેશો બાબતમાં એ બિન-મુસ્લિમ જાતિઓના રક્ષણાર્થે યુરોપની સત્તાઓ પોતાની પસંદગીની બાંયધરીઓ માગી શકે છે, શરત માત્ર એટલી કે એ બાંયધરીઓ સુલતાનના આધિપત્યને બાધક નહીં હોવી જોઈએ. આરબો મુસલમાનો છે એટલે જો તેમને સ્વશાસન જોઈતું હોય તો ભલે લે, પરંતુ તેમના ઉપર સુલતાનનું આધિપત્ય તો હોવું જ જોઈએ. હિંદુસ્તાનમાં આપણે સ્વશાસન માગીએ છીએ, એનો અર્થ એવો નથી કે આપણને બ્રિટિશ શાસન નથી જોઈતું. હિંદુસ્તાન ઉપર બ્રિટિશ ઝંડો ફરકતો રહે એનો કોઈ હિંદુ કે મુસલમાન વિરોધ કરતો નથી. એ જ રીતે અરબસ્તાનને સ્વશાસન ભલે મળે, પરંતુ એના ઉપર સુલતાનનું આધિપત્ય તો રહેવું જ જોઈએ. અંતમાં, શ્રી ગાંધીએ પોતાના મુસલમાન ભાઈઓને આગ્રહપૂર્વક વિનંતી કરી કે કૃપા કરીને હિંસાથી દૂર રહેજો. ન્યાય તમારે પક્ષે છે, એટલે ઈશ્વરની મદદથી તમારી જીત થશે એ નક્કી છે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १०–४–१९२०

## ૯૯. બે પત્રો

બે મિત્રો તરફથી મને બે કાગળો મળ્યા છે. તે વિચારવા જેવા છે. તેમાંનો એક, એક વિદ્વાન અને પવિત્ર બહેન તરફથી છે. બીજો એક અંગ્રેજ મિત્ર તરફથી છે. તે વિલાયતના જાણીતા ખ્રિસ્તી ગૃહસ્થ છે. મજકૂર બહેન લખે છે કે:[2]

ઉપરનું લખાણ, લખનાર બહેનની પવિત્ર લાગણીઓ સૂચવે છે. તેમની માન્યતા તદ્દન વાજબી છે કે બાદશાહની છબીને બગાડવી કે ફાડી નાખવી એ મોટું પાપ છે. બાળકો જો બચપણથી જ આવો અવિનય ને આવી ઉદ્ધતાઈ શીખે તો ભવિષ્યમાં તેઓ પ્રજાની સેવા કરવાને લાયક ન જ રહે. જરા વિચાર કરતાં પણ માલૂમ પડવું જોઈએ કે બાદશાહનું અપમાન કરવામાં આપણે આપણું જ અપમાન કરીએ છીએ, ને સૂરજને ધૂળ ઉડાડી આપણી જ આંખમાં નાખીએ છીએ. આપણને અંગ્રેજી રાજ્યપદ્ધતિ ભલે પસંદ ન હોય. તેને સારુ બાદશાહ જવાબદાર નથી. તેને તો તેના રાજ્યમાં શું ચાલે છે તેની ખબર પણ નથી હોતી. એમ ખબર રાખવાની તેમની ફરજ નથી, શક્તિ નથી, ત્યાં તેનો દોષ શો કાઢવો હોય? વળી દોષ હોય તોપણ તેની છબી ફાડવાથી એ દોષ કેમ દૂર થશે? પણ મુખ્ય વાત તો એ છે કે બાળકોનાં મનમાં દોષભાવ જ ઉત્પન્ન નહીં થવો જોઈએ. બાળકોનાં મન નિર્દોષ હોવાં જોઈએ. આખું

૧. હેજાજનાં તીર્થસ્થાનો. ૨૯મી માર્ચ, ૧૯૨૦ને રોજ હિંદ સરકારે ખાતરીપૂર્વક કહી દીધું હતું કે આ સ્થળો મુસલમાનોના જ સ્વતંત્ર કબજામાં રહેશે.

૨. આ પત્ર અહીં આપ્યો નથી. એમાં પત્ર લખનાર બહેને એવી ફરિયાદ કરી હતી કે શાળાના છોકરાઓ પોતાનાં પુસ્તકોમાંથી સમ્રાટ જૉર્જ પાંચમાની છબીઓ ફાડી નાખે છે અને બગાડી મૂકે છે તથા મજૂરોમાં બીભત્સ ભાષાનો ખૂબ જ ઉપયોગ થાય છે.

Gandhi Heritage Portal

વિદ્યાર્થીજીવન નિર્દોષ હોવું જોઈએ. વિદ્યાર્થીજીવનમાં રાગદ્વેષાદિને અવકાશ ન હોવો જોઈએ. છતાં આપણે એવી ઉચ્ચ દશાએ ન જઈ શકીએ તોપણ આપણે ઉદ્ધતાઈ, અવિનય અને કઠોરતાથી તો બચી જવું જોઈએ. ઘણાં બાળકો નવજીવન વાંચતાં હોય એવી આશા હું રાખી નથી શકતો. તેથી માબાપોને મારી ભલામણ છે કે તેઓ આ લેખ બાળકોને વંચાવી તેમની ભૂલ સુધારે. શિક્ષકો પણ તે જ પ્રમાણે કરી શકે છે.

મજકૂર બહેનના કાગળનો બીજો વિષય બીભત્સ ભાષા વાપરવાની જે કુટેવ પ્રજામાં છે તે છે. આ બૂરી ટેવ એવી વ્યાપક છે કે તેનો ઈલાજ થવો મુશ્કેલ જોઉં છું. મારી શક્તિ પ્રમાણે મેં આ ટેવ કઢાવવામાં ભાગ લીધો છે છતાં મારે કબૂલ કરવું જોઈએ કે મહામહેનતે જ મારા સહવાસમાં આવેલા અસીલો આદિમાંથી એ ટેવ કઢાવી શક્યો છું. આ અસાધ્ય જેવો રોગ છે. ઘણી વેળા અસીલોએ મને કહેલું યાદ છે કે તેઓનાથી ઈરાદા વગર ભૂંડા શબ્દો બોલાઈ જવાય છે. કાર્ય ગમે તેવું કઠિન છે છતાં આપણે તે કર્યે છૂટકો છે. આને વિષે દલીલની પણ જરૂર નથી. આ રાગદ્વેષનો પણ વિષય નથી. ઘણા કાળની પડી ગયેલી ટેવ કે જેમાં અત્યારે પ્રજા દોષ પણ નથી જોઈ શકતી તે ટેવ કાઢવાની આ વાત છે. નવજીવનના વાંચનાર કેટલાક તો એમ જ માનશે કે આ લખાણ તેમને સારુ ન જ હોઈ શકે, તેઓ કંઈ અપશબ્દો વાપરતા નથી. પણ જો પોતાની ભાષા તપાસી જશે તો તેમને માલૂમ પડશે કે તેમના મોંમાંથી પણ "સાલો" શબ્દ તો નીકળતો જ હશે. એકબીજાને એકબીજાના ચોકીદાર નીમી ભાષાના બૂરા શબ્દો સંભાળી જઈ તેનો ઈરાદાપૂર્વક ત્યાગ કરવો — કરાવવો પડશે. જે જે પ્રસંગે આપણે બીજાને ભૂંડા શબ્દો વાપરતા સાંભળીએ તે તે પ્રસંગે તેમને વિનયપૂર્વક તેમ ન કરવાનું સૂચવીએ તો કંઈ સુધારો થઈ શકે. આ કુટેવ નિશાળિયાઓમાં પણ છે જ. બચપણથી જ આપણે શીખીએ છીએ. નિશાળોમાં તો શિક્ષકો મારફતે સુધારા તુરત થઈ શકે છે અને જો વિદ્યાર્થી શૂરા બને તો તેઓ પોતપોતાનાં ઘરોમાં રહેલી આવી અસ્વચ્છતા વહેલી દૂર કરાવી શકે છે.

ઈંગ્રેજી મિત્રનો પત્ર આવતે અઠવાડિયે વિચારીશું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૧–૪–૧૯૨૦

Gandhi Heritage Portal

# ૧૦૦. બૉમ્બે ક્રૉનિકલને પત્ર

મુંબઈ,
એપ્રિલ ૧૧, ૧૯૨૦

સાહેબ,

પંજાબ પ્રત્યેના કર્તવ્યની હાકલનો મુંબઈએ ઉદારતાથી જવાબ તો આપ્યો છે, પણ એ પૂરતી ઉદારતાથી આપ્યો નથી. આ લખી રહ્યો છું ત્યાં સુધીમાં એણે જલિયાંવાલા બાગ સ્મારક ફંડમાં લગભગ ત્રણ લાખ રૂપિયા ભર્યા છે. મુંબઈ શહેર પાંચ લાખ આપે અને આખો મુંબઈ ઇલાકો, જેમાં અમદાવાદ અને કરાંચી જેવાં વેપારનાં કેન્દ્રો આવી જાય છે તે, ઓછામાં ઓછા દસ લાખ કરી આપે, એવી આશા શું વધારેપડતી છે?

આપણે એવી આશા રાખીએ કે જે ફંડનો ઉદ્દેશ અત્યાચારોની સ્મૃતિ નહીં, પરંતુ જુલમનો ભોગ બનનાર નિર્દોષ લોકોની સ્મૃતિ કાયમ રાખવાનો છે, તેમાં ફાળો આપતાં કોઈ પણ વ્યક્તિ આનાકાની કરશે નહીં. મને કહેવામાં આવે છે કે એ કૃત્ય એટલું ભયાનક હતું કે જો મરનાર લોકોની સ્મૃતિ કાયમ રાખવા જઈશું તો એ કૃત્યની સ્મૃતિ પણ થયા વિના રહેશે નહીં, માટે એ આખી ઘટના જ ભૂલી જવી જોઈએ. આ તો એવું કહેવા જેવું થયું કે આપણી પ્રાર્થનાઓમાં પણ નિર્દોષ લોકોનો વિચાર કરવો નહીં, કેમ કે એમ કરવાથી હેરોડનો વિચાર મનમાં આવી જવાનો સંભવ છે. મારું કહેવું એ છે કે આવો વાંધો ઉઠાવનારની, તિરસ્કારને કાયમ નહીં રાખવાની આ ઇચ્છા ઘણી જ પ્રશંસનીય છે, પરંતુ તેઓ જે માને છે કે તિરસ્કારનાં કારણો ભૂલી જવાથી તિરસ્કાર નાબૂદ થઈ શકે એ એમની માન્યતા ભૂલભરેલી છે. તિરસ્કારની ભાવના તો કેવળ સંસ્કારસંપન્ન કેળવણી દ્વારા જ નાબૂદ થઈ શકે, અને તે પણ તિરસ્કારને પરિણામે થયેલા કૃત્યની સ્મૃતિ રહેવા છતાં થઈ શકે. જો આ જુલમનો ભોગ બનનારાઓની સ્મૃતિ સાચવી રાખવાનો કોઈ નિર્દોષ માર્ગ રાષ્ટ્રને નહીં જડે, તો આ કૃત્યને તે કદી માફ કરશે નહીં. એટલે તિરસ્કારને રોકવાનો સૌથી સારો માર્ગ એ છે કે મરનારની સ્મૃતિ એક પવિત્ર થાપણ છે એવું રાષ્ટ્રને શીખવવું. પેલા કૃત્યની "અમાનુષતા"થી તેને અલગ પાડીને જોવી જોઈએ. અને એ અમાનુષતા ભલે ભુલાતી ન હોય છતાં તે માફ કરી દેવી જોઈએ.

લોકો પૂછે છે કે સ્મારકનું સ્વરૂપ કેવું હશે? એનો આધાર આ કામ માટે ખાસ નીમવામાં આવેલી સમિતિ ઉપર રહેશે. આ સમિતિમાં આટલા સભ્યો છે: માનનીય પંડિત મદનમોહન માલવિયા, માનનીય પંડિત મોતીલાલ નેહરુ, સ્વામી શ્રદ્ધાનંદજી અને હું. અને હું આટલું અવશ્ય જાણું છું કે આખરે સ્મારકનું સ્વરૂપ ગમે તેવું નક્કી થાય તોપણ એમાં કશું અપમાનજનક નહીં હોય એટલું નક્કી છે.

એટલે હું આશા રાખું છું કે ફાળો ઉઘરાવવાના હવેના બે દિવસ દરમ્યાન, જેમણે આ રાષ્ટ્રીય સ્મારકમાં હજી સુધી ફાળો આપ્યો નથી તેઓ પોતાનો ફાળો આપ્યા વિના રહેશે નહીં. આ સ્મારક સાચા અર્થમાં ત્યારે જ રાષ્ટ્રીય બનશે અને આ બાગ યાત્રાનું પવિત્ર

Gandhi Heritage Portal

ધામ ત્યારે જ કહેવાશે જ્યારે જુવાન અને બુઢ્ઢા, સ્ત્રીઓ અને પુરુષો, તથા ગરીબ અને તવંગર એમાં પોતપોતાનો ફાળો આપશે.

આપનો, વગેરે
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
बॉम्बे क्रॉनिकल, १२–४–१९२०

## ૧૦૧. વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને તાર

[મુંબઈ,]
એપ્રિલ ૧૩, ૧૯૨૦

ખિલાફત સંબંધમાં મારે ઇંગ્લંડ જવું એવું મારા ઉપર દબાણ થઈ રહ્યું છે. આ તબક્કે સમ્રાટના પ્રધાનોની નીતિ ઉપર હું કંઈ અસર પાડી શકું એમ તો મને લાગતું નથી. તેમ છતાં સામ્રાજ્યના એક હિતેચ્છુ તરીકે મને લાગે છે કે પ્રધાનોને તથા બ્રિટિશ જનતાને એટલું જણાવવાની મારી ફરજ છે કે જો તેમનો નિર્ણય મુસલમાનોની ન્યાયી ભાવનાઓની વિરુદ્ધમાં આવશે તો તેનાં પરિણામો ખતરનાક આવશે અને મારી એમને એ કહેવાની પણ ફરજ છે કે આવા વિપરીત નિર્ણયનું પરિણામ સરકાર સાથે સહકાર કરવાનું બિલકુલ બંધ કરી દેવામાં આવશે. શક્ય હશે તો આ પગલું હું ખુશીથી ટાળીશ. પરંતુ જે લોકો બીજી બધી બાબતો કરતાં ધર્મ અને સ્વમાનને ચડિયાતાં માને છે તેમને માટે તો એ અનિવાર્ય બનશે. આમ છતાં હું નામદાર વાઈસરૉયની પરવાનગી અને મંજૂરી વિના ઇંગ્લંડ જવા માગતો નથી. આ વાત નામદાર સમક્ષ રજૂ કરી મને તારથી જવાબ આપવાની આપ કૃપા કરશો? જો તેઓ નામદાર આ વાત મંજૂર રાખે તો મને અને મારા સાતથી વધારે નહીં એટલા સાથીઓને વહેલામાં વહેલી સ્ટીમરની ટીકીટ મળે એવી સગવડ કરો એવું હું ઇચ્છું છું.

[મૂળ અંગ્રેજી]
બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રૅક્ટ્સ, ૧૯૨૦, પા. ૫૭૪

Gandhi Heritage Portal

# ૧૦૨. મુંબઈમાં રાષ્ટ્રીય સપ્તાહની સભામાં ભાષણ

એપ્રિલ ૧૩, ૧૯૨૦

રાષ્ટ્રીય સપ્તાહ નિમિત્તે ગઈ કાલે રાત્રે, મુંબઈમાં ફ્રેંચ બ્રિજ નજીક આવેલા ખુલ્લા મેદાનમાં હોમરૂલ લીગની મુંબઈ શાખા તથા નેશનલ યુનિયનના આશ્રયે એક જાહેર સભા ભરાઈ હતી. શ્રી એમ. એ. ઝીણા પ્રમુખ હતા.

શ્રી મો. ક. ગાંધીએ નીચે પ્રમાણે ઠરાવ રજૂ કર્યો હતો[૧] :

મુંબઈના નાગરિકોની આ સભા માને છે કે અમૃતસરમાં લોકોના ટોળાએ કરેલા અત્યાચારો ગંભીર ઉશ્કેરણીને લીધે થયા હતા, છતાં વખોડવાલાયક હતા; પરંતુ બીજી બાજુ જલિયાંવાલા બાગમાં જનરલ ડાયરે કશી પણ ચેતવણી આપ્યા વિના, નિર્દોષ, નિઃશસ્ત્ર અને બીજી રીતે નિઃસહાય લોકોનો જાણીબૂજીને તથા યોજનાપૂર્વક જે સંહાર કરાવ્યો તે જંગલીપણાનું એક અજોડ કૃત્ય હતું. એટલે આ સભા આશા રાખે છે કે હિંદની સરકાર તથા સામ્રાજ્યની સરકાર હવે પછી એવાં પગલાં લેશે જેને પરિણામે આવું જંગલીપણું તથા માર્શલ લૉના અમલ દરમ્યાન પંજાબના જવાબદાર અમલદારોએ આચરેલા આવા જ પ્રકારના જંગલીપણાનું પુનરાવર્તન અશક્ય બની જશે. આ સભા એમ પણ ઇચ્છે છે કે હિંદી રાષ્ટ્રીય મહાસભાની પંજાબ પેટાસમિતિએ કરેલી ભલામણોનો પૂરેપૂરો અમલ કરવામાં આવશે.

શ્રી ગાંધીએ કહ્યું કે તમે બધાએ ડૉ. ટાગોરનો સંદેશો સાંભળ્યો છે. આ સંબંધમાં હું કહી શકું છું કે પંજાબમાં કેટલાક અમલદારોએ કરેલાં જંગલી કૃત્યોને આપણા મહાકવિએ જે સખત શબ્દોમાં વખોડી કાઢ્યાં છે, તેનાથી વધારે આકરા શબ્દો કોઈ વાપરી શકત નહીં. અધ્યક્ષશ્રીએ જે કહ્યું છે તેની સાથે હું પૂરેપૂરો સંમત છું કે જનરલ ડાયરે કરેલાં કૃત્યો એક સૈનિકને નહીં પણ કાયર માણસને જ શોભે એવાં છે. આગળ બોલતાં શ્રી ગાંધીએ કહ્યું કે સરકારને આપણે એમ કહીએ છીએ કે તમે એવાં પગલાં લો જેથી પંજાબમાં થયા એવા અત્યાચારો ફરીથી કદી થાય નહીં, તેમ જ મહાસભાની પેટાસમિતિએ કરેલી ભલામણો સરકાર સંપૂર્ણ રીતે સ્વીકારી લે. જે મુખ્ય ભલામણ સાથે આપણને લાગેવળગે છે તે એ છે કે ભવિષ્યમાં કોઈ પણ સંજોગોમાં સર માઇકલ ઓડવાયર અને જનરલ ડાયરને હિંદુસ્તાનમાં બ્રિટિશ સામ્રાજ્યના કોઈ પણ ભાગમાં જવાબદાર હોદ્દા આપવા નહીં. આપણી ઓછામાં ઓછી માગણી આ અધિકારીઓને પદભ્રષ્ટ કરવાની છે. આપણે કબૂલ રાખીએ છીએ કે પંજાબમાં કેટલાક લોકોએ વખોડવા જેવાં બૂરાં કૃત્યો કર્યાં છે, પરંતુ કેટલાક સરકારી અધિકારીઓએ કરેલાં કૃત્યો તો એથીયે ખરાબ છે. જલિયાંવાલા બાગમાં જે બન્યું તે આપણે કદી પણ ભૂલી શકીએ નહીં. જે નિર્દોષ લોકો ત્યાં મરાયા તેમની સ્મૃતિને આપણે કદી પણ ભૂલી શકીએ નહીં. મુંબઈના લોકોએ સ્મારક ફંડમાં રૂ. ૩,૨૫,૦૦૦નો ફાળો આપ્યો છે તે ખુશી થવા જેવું છે. પરંતુ મારે કહેવું જોઈએ કે મેં મુંબઈ પાસેથી જે આશા રાખી હતી તેટલો આ ફાળો નથી અને તેથી મને જરા નિરાશા પણ થઈ છે. વધારામાં શ્રી ગાંધીએ કહ્યું કે જલિયાંવાલા બાગના શહીદોની સ્મૃતિને આપણે મરતાં સુધી ભૂલી શકીશું નહીં. હું વેરની કોઈ ભાવના રાખતો નથી કેમ કે વેર લેવું એ કાયરનું કામ છે, છતાં મરનારની સ્મૃતિ આપણે કદી ભૂલી શકીએ નહીં.

૧. ગાંધીજીએ આ ઠરાવ મૂક્યો તે પહેલાં સી. એફ. ઍન્ડ્રૂઝે રવીન્દ્રનાથ ટાગોરનો એક સંદેશો વાંચી સંભળાવ્યો હતો. તેમાં જલિયાંવાલા બાગની કતલને વખોડી કાઢવામાં આવી હતી.

Gandhi Heritage Portal

આ સ્મારક ઊભું કરવામાં આપણો હેતુ એટલો જ છે કે મરનાર નિર્દોષ વ્યક્તિઓની સ્મૃતિનું સન્માન કરવું. આપણા વિચારોમાં કદી વેરભાવ પ્રવેશ્યો નથી.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १४–४–१९२०

## ૧૦૩. એસ્થર ફેરિંગને પત્ર

સાબરમતી,
એપ્રિલ ૧૫, ૧૯૨૦

મારી વહાલી દીકરી,

હું મુંબઈથી હમણાં જ આવ્યો. ઉપવાસ અને પ્રાર્થનાનું અઠવાડિયું[1] મેં મુંબઈમાં ગાળ્યું. એ સાચું છે કે મેં તને પત્ર લખ્યો નથી. પરંતુ એનો અર્થ એવો નથી કે મેં આ બધા દિવસો દરમ્યાન તારે વિષે ઓછો વિચાર કર્યો છે અથવા તારે માટે ઓછા પ્રેમથી પ્રાર્થના કરી છે. મારી પાસે સમય હતો નહીં, અને મેં માન્યું હતું કે જે કાવ્યો મેં તને મોકલ્યાં હતાં તેમાંથી થોડા દિવસ માટે તને ભાથું મળી રહેશે. જો હું તારા મનની સ્થિતિ જાણતો હોત, તો મેં વધારે મોકલ્યાં હોત. એટલે જ મેં થોડા દિવસ તને પત્ર લખ્યા વિના જવા દીધા.

પરંતુ હવે મને તારો કીમતી પત્ર મળી ગયો છે. તારા લગ્ન સંબંધમાં જે બન્યું છે તે મેં સ્વીકારી લીધું છે. એની વિરુદ્ધ મારે કશું કહેવાનું નથી. ઈશ્વર તને જેવી પ્રેરણા આપે તે પ્રમાણે જ તું વર્તજે. માત્ર એટલી જ ખાતરી કરી લેજે કે એ અવાજ પ્રભુનો જ છે.

હા, મિ. મેનનને મળવાનું મને જરૂર ગમશે. તું એમને તારું જીવન અર્પણ કરવા તૈયાર થઈ છે, એટલી જ માત્ર મારે મન એ ભાઈ કોઈ સામાન્ય યુવક નહીં હોય એની પૂરતી સાબીતિ છે.

મારું લંડન જવાનું નક્કી નથી. હજી તો એ વિષે માત્ર વાત ચાલી રહી છે. મેં વાઈસરૉયને લખ્યું છે. એમના જવાબ ઉપર બધો આધાર છે.

મુંબઈમાં મને ઉપવાસના અઠવાડિયા દરમ્યાન ઘણા કીમતી અનુભવો થયા. પરંતુ આ વિષે તો હું રૂબરૂમાં જ વાત કરીશ. તું સ્વદેશ જવા ક્યારે ઊપડવા ધારે છે?

પ્યાર સહિત,

તારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઈન્ડિયામાં રાખેલી મૂળ પત્રની છબી પરથી;
તથા माय डियर चाइल्ड, पा. ६८–९

૧. રાષ્ટ્રીય સપ્તાહ, એપ્રિલ ૬થી એપ્રિલ ૧૩.

Gandhi Heritage Portal

## ૧૦૪. દેવદાસ ગાંધીને પત્ર

આશ્રમ,
ચૈત્ર વદ ૧૧ [એપ્રિલ ૧૫, ૧૯૨૦][૧]

ચિ. દેવદાસ,

હું આજે ગુરુવારે આશ્રમ પહોંચું છું. અપવાસ બંને મુંબઈમાં જ કર્યા.[૨] તમારો કાગળ પટણાથી વળ્યા પછીનો મળ્યો.

સરલાદેવી તથા પંડિતજી[૩] મુંબઈમાં છે. તેઓ અહીં ૧૯મીએ પહોંચશે. ૧૬મીએ મુંબઈ છોડી ગોધરા જશે.

કવિને[૪] મુંબઈમાં પણ ઠીક મળ્યો હતો. રેવાશંકરભાઈને ત્યાં એક દહાડો જમાડ્યા પણ ખરા.[૫]

મુંબઈમાં ઉઘરાણું[૬] સરસ થયું ગણાય. મારી ધારણા કરતાં તો ઓછું જ થયું.

ફઈબા[૭] તેમ જ નિર્મળા બંને અહીં જ છે. મહાદેવ અને દુર્ગા પોતાને ગામ ગયાં છે. બાલકૃષ્ણ તથા પરભુદાસ સિંહગઢ છે. ગોવિંદબાબુને મુંબઈ રાખ્યા છે. સ્વદેશી કામ સારુ.

તમારો ક્રમ કંઈ હવે ગોઠવાયો કે? મિ. ઍન્ડ્રૂઝ રામદાસ[૮] મણિલાલના[૯] ખબર સંતોષકારક આપે છે. બંનેની તબિયત પણ સારી રહે છે ને બંને હાલ તો ઇ. ઓ.ના કામમાં જ રોકાયા છે.

આમ આજનો કાગળ તમને ખબર આપીને જ પૂરો કરું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૭૧૬૯

૧. પત્રમાં ઉલ્લેખ કર્યો છે તે બધા બનાવો ૧૯૨૦માં બન્યા હતા. એ વર્ષમાં ગુરુવાર ૧૫મી એપ્રિલે, એટલે ચૈત્ર વદ બારશે હતો. "૧૧"નો આંકડો ભૂલથી લખાયો જણાય છે. એ "૧૨" જોઈએ.

૨. એપ્રિલ ૬થી એપ્રિલ ૧૩, ૧૯૨૦ સુધી ગાંધીજી મુંબઈમાં હતા.

૩. રામભજદત્ત ચૌધરી.

૪. રવીન્દ્રનાથ ટાગોર; તેઓ રાષ્ટ્રીય સપ્તાહ દરમ્યાન મુંબઈમાં હતા.

૫. મુંબઈના રેવાશંકર ઝવેરી, એક વેપારી અને ગાંધીજીના મોટા પ્રશંસક.

૬. જલિયાંવાલા બાગ સ્મારક ફંડ માટે.

૭. દેવદાસનાં ફોઈ, ગાંધીજીનાં બહેન. નિર્મળા એમનાં પુત્રવધૂ થાય.

૮. ૯. ગાંધીજીના પુત્રો.

Gandhi Heritage Portal

# ૧૦૫. હિંદી વજીરને તાર

[એપ્રિલ ૧૫, ૧૯૨૦ પછી][1]

મારા ઉપર એવું દબાણ થઈ રહ્યું છે કે મારે ઇંગ્લંડ જવું, ખિલાફતના પ્રશ્ન સંબંધમાં પ્રધાનો અને લોકોને મળવું, અને બીજા પ્રતિનિધિમંડળને પ્રતિકૂળ અસર પહોંચાડયા વિના પ્રધાનો તથા લોકોને હિંદુમુસલમાનોની સાચી લાગણીથી વાકેફ કરવા અને મુસલમાનોના પ્રબળ બહુમતને ન રુચે એવા નિર્ણયનાં જે ખતરનાક પરિણામો આવવા સંભવ છે તે તરફ એમનું ધ્યાન દોરવું. કોઈ પણ ગંભીર પગલું ભરતાં પહેલાં આ મહત્ત્વની બાબતમાં મારી લાગણી શી છે તે હું પ્રધાનોને રૂબરૂ મળીને કહેવા માગું છું અને તેમનું દૃષ્ટિબિંદુ સમજવા ઇચ્છું છું. એટલા માટે મેં નામદાર વાઇસરૉયને અરજી કરી માગણી કરી કે મારે માટે તથા મારા સાથીઓ માટે [ઇંગ્લંડ જવાની] પરવાનગી આપો અને મારા મિશનને બહાલી આપો. વાઇસરૉય પરવાનગી આપવા તો ખુશી છે, પરંતુ અમારા મિશનની યોગ્યાયોગ્યતા વિષે અભિપ્રાય આપવા તૈયાર નથી. અભિપ્રાય આપવા વાઇસરૉયની મરજી ન હોય એ હું સમજી શકું છું. તે સાથે સાથે આ મુશ્કેલ કાર્યમાં સરકારના પ્રોત્સાહન વિના ઇંગ્લંડ આવવા હું ખુશી નથી. તો કૃપા કરી પ્રધાનોનો અભિપ્રાય જણાવશો ?

[મૂળ અંગ્રેજી]

બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રેક્ટ્સ, ૧૯૨૦, પા. ૬૫૨

# ૧૦૬. અબ્બાસ તૈયબજીને[2] પત્ર

આશ્રમ,
એપ્રિલ ૧૭ [૧૯૨૦][3]

મારા વહાલા મિત્ર,

આટલા બધા દિવસોથી મેં તમને પત્ર લખ્યો નથી તે બદલ ક્ષમા કરશો ? એક પણ દિવસ એવો ગયો નથી જ્યારે મેં તમને એક પ્રેમપત્ર લખવાની ઉત્કટ ઇચ્છા ન કરી હોય. પરંતુ કામના દબાણને લીધે લખી શકયો નથી. મેં સરલાદેવીને ઘણું કહ્યું કે તમે મારી વતી એમને પત્ર લખી નાખો, પરંતુ એમણે કહ્યું કે તમે જાતે પત્ર લખો નહીં ત્યાં સુધી બધું

૧. દેખીતું છે કે આ તાર ગાંધીજીના ૧૩મી ઍપ્રિલ, ૧૯૨૦ના તારનો વાઇસરૉય તરફથી જવાબ મળ્યા પછી મોકલાયો હતો. વાઇસરૉયનો જવાબ ઍપ્રિલની ૧૫મી સુધી મળ્યો ન હતો. જુઓ "એસ્થર ફેરિંગને પત્ર", ૧૫-૪-૧૯૨૦.

૨. ૧૮૫૩-૧૯૩૬. ગુજરાતના રાષ્ટ્રવાદી મુસ્લિમ નેતા; વડોદરાની વરિષ્ઠ અદાલતના ભૂતપૂર્વ ન્યાયાધીશ; પંજાબનાં તોફાનો વિષે રિપોર્ટ કરવા કૉંગ્રેસની પંજાબ પેટાસમિતિએ નીમેલા કમિશનરોમાંના એક.

૩. આ પત્રમાં પંજાબનાં તોફાનો વિષે રિપોર્ટ લખવા સંબંધી ઉલ્લેખ છે. એ બતાવે છે કે પત્ર ૧૯૨૦માં લખાયો હતો.

Gandhi Heritage Portal

નકામું છે. આ રીતે કામના થાકમાં દિવસો વીતતા ગયા અને હું તમને પત્ર લખી શક્યો નહીં. પરંતુ હું આશા રાખું છું કે રેહાના મારફતે તમને મારો સંદેશો મળ્યો હશે. કેવી અદ્ભુત છોકરી છે એ! ખરેખર ટાગોર કુટુંબ અને તૈયબજી કુટુંબ જેવાં કુટુંબો હિંદુસ્તાનમાં વિરલ છે અને તેઓ હિંદુસ્તાનનાં મિત્ર છે. અને મારું પણ સદ્ભાગ્ય છે કે હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં મને એમનો ભેટો થઈ જાય છે. પરંતુ જ્યાં સુધી હું આ વહાલસોઈ છોકરીઓ પાસે અને તેમની મા પાસે થોડું પણ કંતાવી ન શકું ત્યાં સુધી હું જંપવાનો નથી. તમે મને દોષ દેશો એ હું જાણું છું. તમારે જે કહેવું હોય તે કહેજો. પણ ગમે તે એક છોકરીને આ કામ શીખવા અહીં મોકલી આપો, એટલે આ મુશ્કેલીનો સહેલાઈથી અંત આવશે. પરંતુ જો આ વ્યવસ્થા ન થઈ શકે તેમ હોય તો મારે અહીંથી એક શિક્ષકને ત્યાં મોકલવો પડશે. તમે મારી પાસે શું ઇચ્છો છો તે કૃપા કરીને જણાવશો.

અને હવે તમારી તબિયત વિષે. રેહાના કહેતી હતી કે તમારી તબિયત હજી પણ સારી રહેતી નથી. તમે વધારેપડતી ચિંતા કરો છો. હું તો ચપટી વગાડીને[1] બધી ચિંતાઓને ઉડાડી મૂકું અને મારી જાતને તથા દુનિયાને ભગવાનને ભરોસે મૂકી દઉં. આ વિશ્વની યોજનામાં આપણે કીડી કરતાં પણ નાના છીએ. એટલે આપણે જે કાંઈ કરી શકીએ તે એટલું જ છે કે પરિણામ વિષે આસક્તિ રાખ્યા વિના બને તેટલું કરી છૂટવું. અને આ નિયમ જેટલો પંજાબના કાર્યને લાગુ પડે છે તેટલો જ શરીરની નાદુરસ્તીને પણ લાગુ પડે છે. તબિયત બાબતમાં એવું છે કે દાક્તરની સલાહ લેવી અને પછી નિશ્ચિંત બની જવું. પંજાબ બાબતમાં એવું છે કે શુદ્ધ બુદ્ધિથી રિપોર્ટ લખી નાખવો અને પછી બીજો આદેશ મળતાં સુધી નિરાંતે બેસવું. તમને સહુને સ્નેહ. ટપાલનો મોટો ઢગલો મારી રાહ જોઈ રહ્યો છે.

"ચિત્ત તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે."

એ ભજન હું શાળાનો વિદ્યાર્થી હતો ત્યારે શીખ્યો હતો. આજે પણ એની છાપ મારા મન ઉપર રહી છે.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૯૫૯૩

૧. ગાંધીજી અને તૈયબજી જ્યારે જ્યારે મળતા ત્યારે તેમની પરસ્પર અભિવાદનની આ ખાસ રીત હતી.



Gandhi Heritage Portal

## ૧૦૭. ખિલાફત

એક વિદુષી બહેનના કાગળ ઉપર હું ગયે અઠવાડિયે લખી ચૂકયો. તે જ લેખમાં મેં એક ઈંગ્રેજ મિત્રના લેખનો ઈશારો કર્યો હતો. તે લખે છે કે તમે ખિલાફતના સવાલમાં ભાગ લો છો એ જોઈ મને આશ્ચર્ય થાય છે. તમને મેં દક્ષિણ આફ્રિકાના સવાલમાં મદદ કરી હતી. હું માનતો હતો કે તમે બ્રિટિશના ખેરખાહ, ડાહ્યા અને પ્રામાણિક છો. પણ હવે તો તમે બ્રિટિશની સામે હિંદુમુસલમાનની એકતા ઈચ્છો છો ને તુર્કીનો પક્ષ લો છો. હું તો આર્મિનિયામાં રહ્યો છું અને મુસલમાનોએ કરેલા જુલમથી વાકેફગાર છું. મને તમારા પ્રામાણિકપણા વિષે શંકા આવે છે. પણ છાપાંઓમાં જે જોઉં છું તે ખરું છે એમ તમારી તરફથી જાણ્યા વિના તમારી વિરુદ્ધ અનુમાન હું નહીં બાંધું. વિદુષી બહેનના કાગળમાં પ્રેમ છે, તેથી મારી પ્રામાણિકતા વિષે તેમણે શંકા નથી ઉઠાવી. ઈંગ્રેજી મિત્રના પત્રમાં મિત્રભાવ છતાં મારી પ્રામાણિકતા વિષે શંકા ઊઠી છે. બંનેમાં મારી પ્રવૃત્તિના શુભ પરિણામ વિષે તો શંકા છે. વળી આવી શંકા કંઈ આ બે મિત્રોને જ થઈ છે એમ નથી. બીજા મિત્રોને પણ એવું જણાયું છે.

હું માનું છું કે અન્યાયની વિરુદ્ધ પગલાં લેતાં અન્યાયી વિરુદ્ધ ઉત્પન્ન થતા દ્વેષને તદ્દન રોકવો એ અશકય છે. દ્વેષ કરવાથી દ્વેષી પોતાને નુકસાન કરે છે એમાંયે શક નથી. કોઈ પણ માણસ સંપૂર્ણ તો હોય જ નહીં. એટલે દ્વેષ કરનાર દયાપાત્ર બને છે કેમ કે તેની ભૂલોને સારુ તે જગતની ક્ષમા ઈચ્છશે, છતાં તેણે જગતની ભૂલોની ક્ષમા નહીં આપી હોવાથી પોતે ક્ષમા મેળવવા નાલાયક બન્યો છે. પણ ઘણા કાળની દ્વેષરોપાદિ કરવાની કુટેવ પડવાથી આપણે કેટલીક વેળા તો ઈચ્છીએ છતાં તે શત્રુઓને રોકી નથી શકતા.

ત્યારે શું કરવું? રખેને અન્યાયીનો વિરોધ કોઈ કરે તેથી અન્યાયનોયે વિરોધ ન કરવો? સગાંસ્નેહીમાં એમ જ થાય છે. સગાંએ કરેલી ભૂલોને આપણે દાટી દેવા ઈચ્છીએ છીએ. મારી માન્યતા છે કે જેમ દ્વેષ હાનિકારક છે તેમ ખોટો પ્રેમ પણ હાનિકારક છે. વહાલાની ભૂલો પણ ઉઘાડી પડે તેમાં કંઈ જ નુકસાન નથી, એટલું જ નહીં પણ તેથી લાભ જ છે. ભૂલ સુધારવાનો પહેલો માર્ગ ભૂલને ઓળખવી ને તેથી શરમાવું એ છે. ઢાંકી રાખવાથી તેની પૂરી ઓળખ થતી નથી ને ભૂલેલો માણસ શરમ છોડી ઉદ્ધત બને છે ને ભૂલના ખાડામાં ઊંડો ઊતરે છે. શરીરમાં થયેલા ગૂમડાને જેમ કાપ્યે કે ફોડયે જ છૂટકો છે તેમ ભૂલને પણ ઉઘાડી પાડયે જ છૂટકો છે.

અન્યાયની સામે ન થવાની ભલામણ તો ઉપરના એકે પત્રમાં નથી. એટલે વાંક વિરોધ કરવાની પદ્ધતિનો જ છે. મારી પદ્ધતિમાં અન્યાયનો વિરોધ એટલે સુધી આવે છે કે જો અન્યાયી ન સુધરે તો તે ત્યાજ્ય છે, ભલે પછી તે સગો બાપ હોય. જો તેનો ત્યાગ ન કરીએ તો તેના અન્યાયમાં આપણે ભાગીદાર બનીએ છીએ. અન્યાયનો અન્યાયીના ત્યાગપર્યંત વિરોધ કરતાં છતાં પ્રેમભાવને ધક્કો નથી પહોંચતો એ મારો જાતિ-અનુભવ છે. અન્યાય એ એક મોટી ભૂલ છે. મિત્ર ભૂલ કરે છતાં તેની ઉપર પ્રેમભાવ રાખવો તેમાં જ પ્રેમની કસોટી છે. ગુણ

Gandhi Heritage Portal

ઉપર ગુણ કરવો તેમાં નવાઈ નથી, અવગુણ ઉપર ગુણ કરે તે જ જ્ઞાની છે એમ શામળ ભટ્ટે[1] આપણને શીખવ્યું છે. શત્રુ મિત્ર પ્રત્યે સમભાવ રાખવાનું ગીતાજી શીખવે છે.

એટલે આપણી પાસે એક જ ધોરી માર્ગ છે. અમુક કાર્ય અન્યાયી છે, ભૂલભરેલું છે એમ માની લેતાં પહેલાં ખૂબ વિચાર કરવો. જેનો અન્યાય જણાય તેની સામે ઉતાવળે અનુમાનો ન બાંધવાં, અને ઘણી વિવેકબુદ્ધિ વાપરવા છતાં જો એમ જણાય કે ભૂલ તો છે જ તો તેની સામે અંત લગી થવું. તેની સાથે જ જો ભૂલ માનવામાં આપણી ભૂલ થઈ હોય તો આપણે તે જ ક્ષણે કબૂલ કરવા અને માફી માગવા તૈયાર રહેવું.

હું જે પદ્ધતિ ભારતવર્ષ આગળ અજમાવી રહ્યો છું, જેમાં મિત્રોને રોકું છું તે નવો પ્રયોગ છે. તેમાં ખામીઓ હશે; કેટલીક હું જોઉં છું. સંપૂર્ણતાનો દાવો હું કરતો જ નથી. પણ મારી ખાતરી છે કે એ માર્ગ જ ખરો છે. એ માર્ગે જતાં જ હિંદુસ્તાનનો ઉગારો છે.

ખિલાફતના સવાલમાં મુસલમાનો ન્યાયમાર્ગ પર છે એમ મારી ખાતરી છે. તેઓની હું ભૂલ જોઉં તો તે જ ક્ષણે તેમને મદદ કરતો બંધ થાઉં. તેઓ દ્વેષમુક્ત છે એમ હું નથી કહેતો પણ તેમના દ્વેષભાવની સાથે મારો પ્રેમભાવ મેળવી દ્વેષભાવના વેગને હું હળવો કરી શકું છું એવી મારી ખાતરી છે. જો મારી પદ્ધતિનો ઘણા સ્વીકાર કરે તો દ્વેષના વેગને તદ્દન રોકી શકાય એમ પણ હું માનું છું. અન્યાયની સામે દ્વેષી તો થવાના જ. તેઓ વિવેકબુદ્ધિ નહીં વાપરે. અદ્વેષીએ પણ અન્યાયની સામે થયે છૂટકો છે. અન્યાયી તો દ્વેષી છે જ. અન્યાયથી પીડાયેલો દ્વેષ કરે છે ત્યારે તે પણ દ્વેષી બને છે. અદ્વેષીએ અહીં શું કરવું? એ જ પ્રશ્ન રહે છે. તેનો ઉત્તર હમેશાં સહેલાઈથી નથી મળી આવતો. ધર્મસંકટો પડતાં જ માણસ ઘડાય છે. પડી પડીને જ ચડે છે. "રખે ને ભૂલ થશે તો" એમ સમજી સાવધ રહેવું આપણું કર્તવ્ય છે. એમ સમજી કંઈ જ ન કરવું એ કાયરતા છે. એટલે ભૂલ થવાની ધાસ્તી છતાંયે જ્યાં અન્યાય માલૂમ પડે ત્યાં પ્રેમભાવે તેનો વિરોધ કરી પરિણામના અધિકારી ન બનવું એ જ ગીતામાર્ગ છે. એવી મારી નમ્ર માન્યતા છે.

ચંપારણમાં,[2] ખેડામાં,[3] રૉલેટ ઍક્ટની[4] પ્રવૃત્તિમાં હું અન્યાયનો તીવ્ર વિરોધ કરી દ્વેષભાવને તદ્દન રોકી તો ન શક્યો પણ અન્યાયને ઓછે કે વત્તે અંશે દૂર કરવામાં મદદ કરી શક્યો ને લોકોને સત્યાગ્રહના સૂર્યની ઝાંખી કરાવી શક્યો. તેનું તેજ હું પૂર્ણપણે નથી બતાવી શક્યો. કેમ કે મારી તપશ્ચર્યામાં, મારા જ્ઞાનમાં બહુ ખામીઓ હું જોયા કરું છું. હું ઇંગ્રેજોનો મિત્ર છું. મિલમાલેકોને વિષે મારામાં ક્યાંયે દ્વેષભાવ નથી એની મારો અંતરાત્મા સાક્ષી પૂરે છે. એટલે હું શાંતચિત્ત થઈ મારે માર્ગે રહ્યો છું.

[મૂળ ગુજરાતી]

**નવજીવન, ૧૮–૪–૧૯૨૦**

૧. ૧૮મી સદીનો ગુજરાતી કવિ.

૨. ૧૯૧૭માં.

૩. ૧૯૧૮માં.

૪. ૧૯૧૯માં.

Gandhi Heritage Portal

# ૧૦૮. નોંધ

## સત્યાગ્રહ સપ્તાહ

આ પ્રસંગ નિર્વિઘ્ને ઊકલ્યો છે. મારી ઉમેદ છે કે ગુજરાત-કાઠિયાવાડના દરેક ગામમાંથી એ પ્રવૃત્તિનો ટૂંકો હેવાલ નવજીવન ઉપર દરેક ગામના સ્વયંસેવક મોકલી આપશે. તેમાં દરેક જગ્યાએ ફાળો[1] કેટલો ભરાયો અને તેની શી વ્યવસ્થા થઈ તે પણ ખબર આપશે. મુંબઈમાં, જોકે પાંચ લાખની રકમ સુધી તો નથી પહોંચાયું, તોપણ ઠીક રકમ થઈ ગણાય. પણ રકમ કેટલી ભરાઈ છે તેના કરતાં કેવી રીતે ભરાઈ એ વધારે જાણવા જેવું છે. અને એ જાણતાં પૂરો સંતોષ થાય એમ જ છે. જેમ ધનવાન પુરુષોએ મોટી રકમો આપેલી છે તેમ ગરીબમાં ગરીબ માણસોએ પણ યથાશક્તિ આપ્યું છે. સ્ત્રીઓએ પોતે ફાળામાં ભરાવ્યું છે અને બીજી સ્ત્રીઓની પાસે ભરાવરાવ્યું છે. ગુજરાતી સ્ત્રીમંડળે[2] તેમાં સરસ ભાગ લીધો હતો. શ્રીમતી સરલાદેવીના પ્રમુખપણા નીચે સખત પણ યોગ્ય ઠરાવ પણ પસાર કર્યા હતા. ઢેડોએ[3] અને ભંગીઓએ[4] પણ યથાશક્તિ પોતાનો ફાળો ભરાવ્યો હતો. અને બધાએ રાજીખુશીથી પૈસા આપેલા છે. કોઈને આગ્રહ કરવાની કે શરમાવવાની જરૂર નથી પડી એમ કહી શકાય. વળી સેંકડો ફાળો ભરાવનાર ભાઈઓ બહેનો વગેરેની સાથે આ વિષે વાત કરતાં હું જાણી શક્યો છું કે રોષ અથવા વેરભાવને કાયમ રાખવાના ઈરાદાથી તો થોડાઓએ જ પૈસા ભર્યા હશે. ઘણાઓના મનમાં તો એક જ વિચારને સ્થાન હતું. તે એ કે જે નિર્દોષ વગર વાંકે માર્યા ગયા તેઓનું સ્મરણ કાયમ રાખવું. ઘણાનો ભાવ એ પણ હતો કે ૧૯૧૯ના એપ્રિલની ૧૩મી તારીખે હિંદુમુસલમાનની એકતા ઘણી વધારે દૃઢ થઈ તેનું સ્મરણ પણ જલિયાંવાલા બાગને પ્રજાની મિલકત કરાવી તેમાં સ્મરણસ્તંભ ચણીને વધારે દૃઢ કરી શકીશું. સર રવીન્દ્રનાથ ઠાકુરે જે વાક્ય કહ્યું છે એ કેવળ યથાર્થ છે. જનરલ ડાયરનું ઘાતકીપણું યાદ કરીને આપણે હરગિજ આગળ વધવાના નથી. પણ જ્યાં જ્યાં સત્ય, દૃઢતા, બહાદુરી, નિર્દોષતા ઈત્યાદિ સ્થાયી ગુણો જોવામાં આવે છે તેનું સ્મરણ કાયમ કરવું એ જ પ્રજાનું કર્તવ્ય છે, એમાં જ પ્રજાની ઉન્નતિ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૮–૪–૧૯૨૦

૧. જલિયાંવાલા બાગ સ્મારક ફંડ માટે.

૨. મુંબઈનું.

૩, ૪. ગાંધીજીએ પાછળથી એમને "હરિજનો" કહ્યા હતા.

Gandhi Heritage Portal

## ૧૦૯. છોટાણીને તાર[1]

અમદાવાદ,
એપ્રિલ ૧૮, ૧૯૨૦

પૂરી ચર્ચા કર્યા વિના જવું અશક્ય. ૨૦મીના પૅસેજ[2] રદ કરાવી દો. મંગળવારે આવું છું.

[મૂળ અંગ્રેજી]

બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રેક્ટ્સ, ૧૯૨૦, પા. ૬૨૦

## ૧૧૦. અમદાવાદના મિલમજૂરોની વાર્ષિક સભામાં ભાષણ

એપ્રિલ ૧૮, ૧૯૨૦

ન્યાયની શાંતિમય જીતનું આપણે આ બીજું વર્ષ ઊજવીએ છીએ.[3] મજૂરોની જીતને હું ન્યાયની જીત કહું છું કેમ કે મજૂરોની માગણી ન્યાયી હતી અને તે માગણી કબૂલ કરાવવા સારુ જે ઉપાયો તેઓએ લીધા એ પણ શુદ્ધ હતા. હું તો મજૂરોની જીત પણ અન્યાયી રસ્તે ન ઇચ્છું.

ગયે વર્ષે આપણી ઉજવણી સંન્યાસી સ્વામીશ્રી શ્રદ્ધાનંદજીએ શોભાવી હતી. ત્યાર પછી અને આજ સુધીમાં ઘણા અગત્યના બનાવો બની ગયા અને તેથી હિંદુસ્તાનનું સ્વરૂપ બદલાયું છે. આપણામાં નવો જુસ્સો પેદા થયો છે, નવો પવન આવ્યો છે. પણ હું હિંદુસ્તાનની સાર્વજનિક સ્થિતિનો વિચાર કરી તમને નહીં રોકું.

ગયા વર્ષમાં મજૂરોએ જે ભાગ એપ્રિલ માસમાં લીધો તે વિષે હું જો કંઈ ન કહું તો હું મજૂરોનો મિત્ર કહેવાનો દાવો કરું છું, હું પોતે મજૂર કહેવડાવી અભિમાન માનું છું તે મિથ્યા જાય.

એપ્રિલ માસમાં મને સરકારે પકડયો. સરકારે ભૂલ કરી એમાં શક નથી. છતાં તે ભૂલ કંઈ મજૂરો મકાનો બાળી અથવા ખૂન કરીને સુધારી શકતા હતા? અનસૂયાબહેનની તમે પૂજા કરો છો. તે બહેન અવશ્ય પૂજ્ય છે. તેમના પકડાયાની તમે અફવા સાંભળી. તમે ગભરાયા, તમે ખિજાયા, તમારી પાંખ કપાઈ ગઈ એમ તમને લાગ્યું. આ બધું તમારા તેમની પ્રત્યેના પ્રેમને શોભાવે છે. પણ વળી હું પૂછું કે તમે તે પ્રેમ બતાવવાને મકાનો બાળી શકો કે? એ કાર્યમાં બીજાઓ પણ હતા એમ કહીને આપણાથી નહીં નીકળી જઈ શકાય. પૂ. અનસૂયાબહેનને અને મને જ્યારે ખબર પડી કે અમદાવાદમાં ખૂન થયાં, મકાનો બળ્યાં ને તેમાં

૧. મિયાં મહમદ હાજી જાન મહમદ છોટાણી.

૨. ખિલાફત ચળવળ સંબંધમાં ઇંગ્લંડ જવાના પૅસેજ.

૩. ૧૯૧૮માં મિલમજૂરોની હડતાળનો જે સફળ અંત આવેલો તેનો આ ઉલ્લેખ છે. જુઓ પુસ્તક ૧૪.

Gandhi Heritage Portal

મજૂરોએ ભાગ લીધો હતો ત્યારે અમને કેટલું દુઃખ થયું એનો હું તમને ખ્યાલ નથી આપી શકતો.

એવાં કાર્યોથી હું હિંદુસ્તાનને સારુ ભયંકર વખત જ જોઉં છું. જ્યારે જ્યારે મજૂરો ખિજાય ત્યારે જો તેઓ કાયદાનો ખૂની ભંગ શરૂ કરે અને જાનમાલને નુકસાન કરે તો તેઓ આપઘાત કરે અને હિંદુસ્તાનને પારાવાર ખમવું પડે. કોઈ કોઈ વેળા ખુનામરકીનો દેખીતો લાભ મળતો જોવામાં આવે છે તેથી તમે ભોળવાઈ ન જાઓ એમ હું ઇચ્છું છું. મેં સત્યાગ્રહનો અને તેના કાયદાના સવિનયભંગનો પ્રચાર કર્યો તેનો અર્થ એવો કદી નહીં હતો કે કાયદાનો ખૂની ભંગ થઈ શકે. સત્યનો શુદ્ધ પ્રચાર ખૂન કરીને થાય જ નહીં એ મારો અનુભવ છે. જેને પોતાના સત્ય ઉપર વિશ્વાસ છે તે તો સમુદ્ર જેટલી ધીરજ રાખે અને સવિનયભંગ તે જ કરી શકે કે જેણે કાયદાનો અવિનયી, ફોજદારી, ખૂની ભંગ કદી ન કર્યો હોય ને કદી ન કરે. જેમ માણસ એકી વખતે ગરમ અને નરમ ન હોઈ શકે તેમ કાયદાનો સવિનય અને અવિનયી ભંગ એકી વખતે ન કરી શકે. અને જેમ શાંતિ તે રોજ ગુસ્સાને મારવાની તાલીમ લીધા પછી જ આવી શકે છે તેમ જ કાયદાનો સવિનયભંગ કરવાની શક્તિ પણ કાયદાને સદા માન આપવાથી જ આવી શકે છે. અને જે માણસ ઘણી લાલચને વખતે લાલચોથી દૂર રહી શકે તે જ જીત્યો કહેવાય તેમ ગુસ્સો કરવાનો ભારે પ્રસંગ આવ્યા છતાં પણ જે ગુસ્સાને રોકી શકે છે તેણે જ તેને જીત્યો કહેવાય. એ કસોટીમાં આપણે નાપાસ થયા છીએ. મારી તમો બધા મજૂર ભાઈઓને વિનંતી છે કે આ બીજા વર્ષના ઉત્સવ સમયે તમે એપ્રિલ માસની ભૂલો યાદ કરી હવે પછી તેવી ભૂલો ન થાય એમ મનની સાથે નિશ્ચય કરશો.

હવે મજૂરોની સ્થિતિ વિષે હું બે બોલ કહીશ. મજૂરોએ પોતાની સ્થિતિ વિષે ઘણું જાણવા જેવું છે. વધારે પગાર મળ્યે આપણે શાહુકાર નથી થઈ શકતા. વળી શાહુકાર થવું એ જ બધું નથી. તમને વધારે પગાર મળી શકે એટલો જ પ્રયત્ન કરવા સારુ પૂ. અનસૂયાબહેને પોતાની જિંદગી અર્પેલી નથી. પોતાની જિંદગી તમને સમર્પણ કરવાનો હેતુ તો એ છે કે તમે પૈસેટકે સુખી થાઓ, તમે ધાર્મિક થાઓ, નીતિના કાયદા પાળો, વ્યસનો છોડો, કમાણીનો સારો ઉપયોગ કરો, તમારાં ઘર સારાં રાખો, તમારાં છોકરાં કેળવણી પામો એટલે કે તમારી આર્થિક, માનસિક અને નૈતિક સ્થિતિ સુધારો.

આર્થિક સ્થિતિમાં ઘણો સુધારો થયો છે પણ હજુ વધારે થવાની જરૂર છે. તે સુધારો બે રીતે થઈ શકે. મિલમાલેકોની સાથે હળીમળીને અથવા તેઓને દબાવીને. પહેલો રસ્તો એ જ ખરો છે. પશ્ચિમમાં મજૂરવર્ગ અને માલિક વચ્ચે હમેશાં ઝઘડા થાય છે, એકબીજાની વચ્ચે વેર વધે છે ને એકબીજા પોતાને શત્રુ લાગે છે. એ વા હાલના હિંદુસ્તાનમાં પણ વાઈ રહ્યો છે. તે જો ઘર કરે તો હિંદુસ્તાનના ઉદ્યોગો નાશ પામે ને અશાંતિ ફેલાય. મજૂરો વિના માલિકને ન ચાલે અને મજૂરો માલિક વિના મજૂરી ન મેળવી શકે એ વાત બંને પક્ષ ખ્યાલમાં રાખે તો તકરાર ન થાય.

પણ આ સમયે હું માલિકોની ફરજ નથી તપાસતો. મજૂરો એકલા જ જો પોતાના હકો સમજે અને તે મેળવવા શુદ્ધ ઉપાય લે તોપણ બંનેને લાભ થાય. તેમાં બે વાતની જરૂર છે. માગણી વાજબી હોવી જોઈએ અને માગણી કબૂલ કરાવવાનાં સાધન સાફ હોવાં જોઈએ. માલિકોની કફોડી દશા જોઈને કરેલી માગણી વાજબી ન ગણાય. મજૂરોનું ભરણપોષણ થાય, તેઓનાં

Gandhi Heritage Portal

છોકરાં કેળવણી પામે એવો પગાર મેળવવો એ વાજબી માગણી. માલિકોની ઉપર દાબ ન મૂકતાં તેમની ન્યાયવૃત્તિને જાગ્રત કરવી, પંચ નીમી ઇન્સાફ મેળવવો એ સાધનની શુદ્ધતા.

આમ શુદ્ધ સાધનો વડે ન્યાય મેળવવા સારુ મહાજન મંડળો નીમવાં જોઈએ. તેની શરૂઆત થઈ છે. દરેક વિભાગના મજૂરો પોતાનાં મહાજન મંડળો તુરત બાંધી લેશે એવી હું ઉમેદ રાખું છું. મહાજન મંડળના કાયદા ઘડાય તેને દરેકે પૂરતું માન આપવું જોઈએ. મહાજનની મારફતે જ હરકોઈ મજૂર માલિકો પાસેથી દાદ મેળવે, ને ન મળે તો પંચ નીમે. પંચનું તત્ત્વ માલિકો અને મજૂરોએ કબૂલ કર્યું છે એ સંતોષની વાત છે. મારી ઉમેદ છે કે બંને પક્ષ એ તત્ત્વને ખીલવીને હડતાળો વ. હમેશને સારુ બંધ કરશે. જ્યારે જ્યારે પોતાને ઇન્સાફ ન મળે ત્યારે ત્યારે હડતાળ પાડવાનો મજૂરોને હક છે એ નિ:સંદેહ છે. પણ જ્યારે પંચનું તત્ત્વ દાખલ થાય ત્યારે હડતાળ પાડવી એ પાપ ગણાવું જોઈએ.

પગારનો વધારો યોગ્ય રીતે થયા કરે છે અને ધીરજથી પગારમાં હજુ સુધારો થઈ શકશે એવો સંભવ છે. પણ જેમ પગાર વધવાની જરૂર છે તેમ જ મજૂરીનો વખત ઓછો થવાની જરૂર છે. મજૂરો બાર કલાક ને તેથી પણ વધારે કામ કરતા જોવામાં આવે છે. એટલા કલાક કામ કરનારને માનસિક કે નૈતિક સ્થિતિ સુધારવાનો વખત ન જ રહે અને તેની હાલત પશુ સમાન જ થઈ જાય. આવી દશામાંથી આપણે છૂટવું જ જોઈએ. તેમ છતાં દેશના ઉદ્યોગને નુકસાન ન પહોંચવું જોઈએ એ યાદ રહેવું જોઈએ.

માલિકોની પાસેથી હું એ રાવ સાંભળ્યા કરું છું કે મજૂરો આળસ કરે છે, વખતની ચોરી કરે છે ને કામ ધ્યાનપૂર્વક કરતા નથી. બાર કલાક કામ કરનાર મજૂરની પાસેથી ધ્યાનની કે ખંતની હું બહુ આશા ન રાખું, પણ જ્યારે મજૂરો દસ કલાક જ કામ કરવાની આશા રાખે ત્યારે હું જરૂર એવી ઉમેદ રાખું છું કે તેઓ બાર કલાકમાં જેટલું કામ કરે છે તેટલું જ બલકે તેથી સારું દસ કલાકમાં કરી દેશે. ઇંગ્લંડમાં ઓછા કલાકો કરવામાં આવ્યા ત્યાં પરિણામ સરસ જ આવેલાં છે. મજૂરો મજૂરો મટી માલિકોનું કામ પોતાનું સમજી તેમાં સુધારોવધારો કરતા જ રહેશે ત્યારે તેઓ વધશે ને દેશના ઉદ્યોગો પણ વધશે. એટલે હું માલિકોને બારના દસ કલાક કરવાની અરજી કરું ને મજૂરોને તે દસ કલાકમાં બાર કલાક જેટલું કામ આપી દેવાની સલાહ આપું.

હવે આપણને મળેલા પૈસા ને વખતનો ઉપયોગ કઈ રીતે કરવો તેનો વિચાર કરવાનો સમય આવ્યો. વધેલા પગારનો ઉપયોગ દારૂ વગેરેના વ્યસનમાં ને બચેલો વખત જુગારમાં જાય તો ઓલમાંથી નીકળીને ચૂલમાં પડ્યા બરોબર થાય. દારૂબીડીનું વ્યસન છોડી મજૂરોએ બચેલો પૈસો પોતાની અને કુટુંબની કેળવણીમાં વાપરવો જોઈએ. જુગાર ગપ્પાં વ. બંધ કરી બચેલો વખત શીખવામાં ગાળવો જોઈએ. આ બંને કાર્યમાં માલિકો બહુ મદદ કરી શકે છે. મજૂરોને સારુ સ્વચ્છ દૂધ, નાસ્તા વ.ની દુકાનો કાઢે, વાચનશાળા સ્થાપે, તેઓને સારુ નિર્દોષ રમતો યોજે તો સહેજે મજૂરો વ્યસનોમાંથી નીકળી જાય.

આવાં જ કાર્યો મહાજન મંડળ પણ કરી શકે—તેઓએ કરવાં જોઈએ. મહાજનને માલિકોની સામે લડવાનું સાધન ગણવા કરતાં તેનો વધારે સારો ઉપયોગ તો તે મારફત આંતરસ્થિતિમાં સુધારો કરવામાં છે.

મજૂરો પોતાનાં છોકરાંને નિશાળોમાંથી બચાવી લઈ મજૂરીએ ચઢાવે છે એ તો અધમ હાલત જ ગણાય. કોઈ સારી ગણાતી પ્રજા પોતાનાં છોકરાંનો આવો દુરુપયોગ નથી જ કરતી. કમતીમાં કમતી ૧૬ વર્ષ સુધી તો છોકરાંઓને ભણાવવાં જ જોઈએ. તે જ રીતે ધીમે ધીમે

Gandhi Heritage Portal

બૈરાંઓએ મજૂરીનો ત્યાગ કરવો જોઈએ. સ્ત્રી અને પુરુષ એકબીજાના ભાગીદાર હોય તો પોતાના કામની વહેંચણી કરવાથી જ તેઓ પોતાના ઘરસંસારને શોભાવી શકે. મા ડાહી હોય ત્યાં તેનો ઘરકારભાર ચલાવવામાં, બાળકોને સાચવવા-કેળવવામાં બધો વખત વહી જાય છે. જ્યાં ધણીધણિયાણી બંનેને આજીવિકાને સારુ મજૂરી કરવી પડે છે ત્યાં પ્રજા છેવટ કંગાળ બને છે કેમ કે એમ કરનારી પ્રજા દેવાળિયાની જેમ પોતાની મૂડી ઉપર રહેનારી ગણાય.

મજૂરોએ પોતે ને તેમની પ્રજાને જેમ અક્ષર કેળવણી લઈ બુદ્ધિ ખીલવવાની જરૂર છે તેટલી જ જરૂર નૈતિક કેળવણી લેવાની છે. નીતિની કેળવણી એટલે ધર્મનું ભાન થવું. જેને ધર્મ ઉપર આસ્થા બેઠી છે, જે તેના સ્વરૂપને સમજે છે તેની સાથે જગત એકંદરે કજિયો કરતું નથી ને કરવા આવે તો પેલો પુરુષ તેને વિનયપૂર્વક દૂર કરાવી શકે છે. અહીં ધર્મનો અર્થ માત્ર નિમાજ પઢવી કે મંદિરોમાં જવું એ નથી, પણ પોતાને ઓળખવો, ઈશ્વરની પહેચાન કરવી એ છે. અને જેમ જેને વણતાં ન આવડે તે વણકર નથી થઈ શકતો તેમ જે અમુક નિયમોનું પાલન નથી કરતો તે પોતાને ઓળખી જ નથી શકતો. એવા નિયમોમાં ત્રણ મુખ્ય નિયમો આખા જગતમાં સ્વીકારાયેલા છે. એક એ છે કે સત્યનું પાલન કરવું. જે સાચું બોલી નથી જાણતો એ તો ખોટો સિક્કો છે. તેની કિંમત જ નથી. બીજું, પારકાને દુઃખ ન દેવું. જે પરને પીડા કરે છે, પારકાનો દ્વેષ કરે છે, તેને નુકસાન કરે છે એ માણસ જગતમાં રહેવાને લાયક નથી. કેમ કે તેનું જગત વેર કરે છે તેથી તેને હમેશાં જગતથી ડરીને રહેવું પડે ને જગત તેનાથી ડરે છે. પૃથ્વી પ્રેમથી બંધાયેલી છે. વસ્તુમાત્રમાં આકર્ષક શક્તિ રહેલી છે તેથી તો આપણે નભી શકીએ છીએ. જગતના નિયમો જાણનારા શાસ્ત્રીઓ કહે છે કે જો આ આકર્ષક શક્તિ પરમાણુમાત્રમાં ન હોય તો આ આપણો પૃથ્વીનો ગોળો ભરભર ભૂકો થઈ જાય, એટલે આપણે જીવવું એ જ અશક્ય થઈ પડે. જડ પદાર્થમાં એકબીજાને વળગી રહેવાની શક્તિ છે. તેવી જ શક્તિ ચેતન પદાર્થમાં એટલે આપણામાં હોવી જોઈએ. આકર્ષક શક્તિનું નામ પ્રેમ છે. એ પ્રેમ વિના જગત ન નભે. એવો પ્રેમ આપણે પિતા-પુત્ર વચ્ચે, ભાઈ-બહેન વચ્ચે, મિત્ર-મિત્ર વચ્ચે તો અનુભવીએ છીએ. પણ આખા જગત પ્રત્યે પ્રેમ રાખતાં શીખવું તેમાં ઈશ્વરની ઓળખ છે. જ્યાં પ્રેમ ત્યાં જ ક્ષેમ છે. જ્યાં વેર ત્યાં નાશ છે. આ પ્રેમનો કાયદો શીખવામાં તમને પૂજ્ય બહેન મદદગાર થાઓ એમ હું ઇચ્છું છું. તેના તમારા પ્રત્યેના પ્રેમને ઓળખી તેનો બદલો તમે આખા જગતની ઉપર પ્રેમ રાખીને આપો એ મારી તમારી પાસે માગણી છે. ત્રીજો નિયમ એ છે કે આપણે આપણા વિષયોને જીતવા. તેને સંસ્કૃતમાં બ્રહ્મચર્ય કહે છે. બ્રહ્મચર્યનો હાલ સાંકડો અર્થ કરવામાં આવે છે. તે અર્થ તો છે જ. પણ જે માણસ મોજશોખમાં પડચો રહે છે તે કુંવારો હોય અથવા પત્નીવ્રત પાળતો હોય તોપણ બ્રહ્મચારી ન ગણાય. વિષયોમાત્રને અંકુશમાં રાખી શકે એ જ પોતાને ઓળખી શકે છે. જે માણસ પોતાના વિષયોને રોકે છે તે જ બ્રહ્મચારી, તે જ ઈમાનદાર, તે જ ખરો હિંદુ, તે જ ખરો મુસલમાન.

કાને ભૂંડી વાતો સાંભળવી, એબવાળાં ગાયનો સાંભળવાં એ વિષય કર્યો ગણાય. જીભે પરમેશ્વરનું નામ લેવાને બદલે અપશબ્દો જ કાઢવા, ગાળ વિના મોઢું ઉઘડે જ નહીં એ વિષયવાન ગણાય. તેમ જ બીજી ઇંદ્રિયોને વિષે ગણવું. જેઓ પોતાની બધી ઇંદ્રિયોને રોકી કાબૂમાં રાખી શકે છે તે જ પુરુષ — મર્દ ગણાય. આપણે ઘોડેસવાર જેવા ગણાઈએ. ઘોડાને જે કાબૂમાં નથી રાખી શકતો તે સવાર પછડાય છે. જે ઘોડાની લગામ પકડી તેને નિયમમાં

Gandhi Heritage Portal

રાખી શકે છે તે પોતાને મુલક પહોંચે છે. તેમ જ જે પુરુષ પોતાની ઇંદ્રિયોને કાબૂમાં રાખી સીધે માર્ગે દોરી જાય છે તે ઠેકાણે પહોંચવા લાયક બને છે, તે જ સ્વર્ગનો કે જગતનો અધિકારી બને છે, તે જ મોક્ષાર્થી કે ખુદાની પહેચાન કરનારો બની શકે છે. આ મેં બહુ ઊંડી વાત કરી છે એમ માની તમે ફેંકી ન દો એવી મારી તમારા પ્રત્યે અરજી છે. આ સત્યાદિ નિયમો વિના આપણી ઉન્નતિ હરગિજ નથી થનારી એ તમે ખચીત માનજો. મેં તમને પુસ્તકોમાંથી ગોખી રાખેલી વાત નથી કરી પણ મારા પોતાના અનુભવની વાત કરી છે. તમારી સાથેનો મારો સંબંધ પણ હું એટલા જ કારણસર રાખું છું કે તમારા બધા ઉપર પ્રેમ રાખી, તમારા દુ:ખમાં ભાગ લઈ હું કદાચ ઈશ્વરને ઓળખી શકું ને તેની ભેટ કરી લઉં. તમે સત્યવાદી ન થઈ શકો, તમે બીજાને દુ:ખ દેનારા રાક્ષસ બનો, તમે આખો દહાડો વિષયોનો જ વિચાર કરો તો તમને ચોગણો પગાર મળે ને ચોથા ભાગનું જ કામ કરવું પડે તોયે શું? પગાર વધરાવવો છે, વખત બચાવવો છે, કેમ કે આપણાં ઘર, આપણાં શરીર, આપણાં મન, આપણો આત્મા આપણે શુદ્ધ કરવો છે. તે શુદ્ધિને સારુ વધારે પૈસાની ને વધારે વખતની જરૂર માની તે બંને મેળવવા આપણે મહેનત કરીએ છીએ. પણ જો તે હેતુ ન હોય તો આપણે પૈસો મેળવવો ને વખત બચાવવો તે વધારે પાપ કરવાનાં સાધન એકઠાં કરવા જેવું થાય. પૂજ્ય બહેને પોતાનું સર્વસ્વ કામદારોને તેટલા સારુ અર્પ્યું નથી એમ હું જાણું છું ને તમે પણ જાણો છો. હું પ્રભુ પાસે પ્રાર્થના કરું છું કે તમને અને એ બહેનને તમારી મુરાદ બર લાવવાની તે શક્તિ આપો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫–૪–૧૯૨૦

## ૧૧૦(૧). મહાદેવ દેસાઈને પત્ર

સોમવાર [એપ્રિલ ૧૯, ૧૯૨૦][1]

ભાઈશ્રી ૫ મહાદેવ,

તમારું છગનલાલ[2] પરનું પત્તું વાંચ્યું. હવે તમારા કાગળની ગેરહાજરી સમજ્યો. તમે તો જાણે નિયમસર માંદા પડવાનો ઠરાવ જ કર્યો હોય નહીં? દુર્ગાનું કેમ છે? તમારું રહેવાનું તો ત્યાં જ લાગે છે. તબિયતની સંભાળ રાખજો.

માલવિયાજી હજુ અહીં છે. હવે મજૂરોના ઝઘડામાં પડ્યા છીએ એટલે કાલે સ્ટેશન પર જતા હતા ત્યાંથી જ રહી ગયા. તેમની સાથે કોઈ જાણવાજોગ વાત થઈ નથી. તમે દિલ્હી આવવાનું તો રાખજો જ.

અહીં સાળ વ.નું ઠીક ચાલી રહ્યું છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૯૮૨૯

૧. આ પત્રમાં માલવિયાજી અને અમદાવાદના મિલમજૂરોના ઝઘડાનો ઉલ્લેખ છે. તે ઉપરથી આ તારીખ ઠરાવી છે.

૨. ગાંધીજીના ભત્રીજા; તેઓ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી સાથે કામ કરતા. પાછળથી સાબરમતી આશ્રમમાં પણ એમણે કામ કર્યું હતું.

Gandhi Heritage Portal

## ૧૧૦(૨). મહાદેવ દેસાઈને પત્ર

[એપ્રિલ ૨૦, ૧૯૨૦ પહેલાં][1]

ભાઈશ્રી ૫ મહાદેવ,

તમારો કાગળ મળ્યો. — મને ફુરસદ હોય, યા ન હોય, પણ જમવું પ્રિય છે, તેમ કેટલાક કાગળો પણ પ્રિય છે. એટલે જેમ જમવાનો તેમ તેવા કાગળો વાંચવાનો વખત કાઢું.

હું ૨૦મીએ મુંબઈ પહોંચીશ. — તમારે ૨૧મી સુધી રોકાવું જ ઘટે તો રોકાજો ને ૨૨મીએ મુંબઈ આવજો — જવાનું થશે તોપણ[2] પહેલી મે પહેલાં નહીં થાય એવી ઉમેદ રાખીશ. કપડાંનું ત્યાં જ નક્કી કરશું. ૨૯મીએ ફાતિમાના વિવાહ છે ત્યારે તો મારે. . .[3] તે પણ પહોંચવું રહ્યું. તે વેળા તમારે અહીં રહેવું હોય તો અહીં રહેજો — મુંબઈ રહેવું હોય તો તેમ, ને વિલાયત ન જઈએ તો સિંહગઢ — સિંહગઢમાં બાલકૃષ્ણ અને પરભુદાસ અકળાય છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૧૧૪૦૭

## ૧૧૧. લગ્નની આમંત્રણ પત્રિકા[4]

૭૮૬[5]

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
એપ્રિલ ૨૦, ૧૯૨૦

ચિ. વહાલા ભાઈ,[6] દેવદાસ ગાંધી,

મારા ભાઈ સમાન ભાઈબંધ ઈમામ સાહેબ અબદુલ કાદર બાવાઝીર[7] જેઓ હાલ કેટલાંક વર્ષો થયાં દક્ષિણ આફ્રિકાથી જ મારી સાથે રહેતા આવ્યા છે તે અહીં પણ મારી સાથે આશ્રમમાં રહે છે. તેમની મોટી દીકરી બહેન ફાતિમાબીબીની શાદી અમદાવાદના સૈયદ

૧. આ પત્રમાં ફાતિમાના લગ્નનો ઉલ્લેખ છે. તે લગ્ન ૨૯મી એપ્રિલ, ૧૯૨૦ને રોજ થયું હતું. (જુઓ 'લગ્નની આમંત્રણ પત્રિકા', ૨૦–૪–૨૦). ૧૯૨૦માં ગાંધીજી ૨૦મી એપ્રિલે મુંબઈ પહોંચ્યા હતા. એમણે આ પત્રમાં લખ્યું છે કે પોતે એ તારીખે મુંબઈ પહોંચશે.

૨. ખિલાફત પ્રતિનિધિમંડળ સંબંધમાં ઇંગ્લંડ જવાની આ વાત છે.

૩. આ અક્ષરો વંચાતા નથી.

૪. આ લખાણ છાપેલી આમંત્રણ પત્રિકા ઉપરથી લીધું છે.

૫. આ આંકડાનો અર્થ થાય છે : બિસ્મિલ્લાહિર્‌–અલ–રહમાનિર્‌–અલ–રહીમ. એટલે કે અલ્લાનું નામ દઈને શરૂ કરવું. અલ્લા રહેમાન છે, રહીમ છે (દયાળુ છે).

૬. મૂળ પત્રિકામાં આ સ્થળે "ચિ. દેવદાસ" એવું કોઈકના હાથથી લખેલું છે.

૭. જોહાનિસબર્ગની હમિદિયા ઇસ્લામિક સોસાયટીના ભૂતપૂર્વ પ્રમુખ.

Gandhi Heritage Portal

હુસેનમિયાં ઉરેઝની સાથે તા. ૨૯મી એપ્રિલ સને ૧૯૨૦ મુતાબિક તા. ૬ઠ્ઠી શાબાન સને ૧૩૩૮ હિજરી ને સોમવારના દિવસે સાંજના સાત વાગતે થશે. સાડા છ વાગ્યે મોલુદ શરીફ[1] શરૂ થશે. આ શુભ પ્રસંગે આપ પધારશો અને વરકન્યાને આપના આશીર્વાદ આપશો તો આભારી થઈશ.

મોહનદાસ કરમચંદ ગાંધી

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : એસ. એન. ૭૧૬૨

## ૧૧૨. દેવદાસ ગાંધીને પત્ર

મુંબઈ,
મંગળવાર [એપ્રિલ ૨૦, ૧૯૨૦][2]

ચિ. દેવદાસ,

હમણાં તો લખ્યા વિના એક પણ દિવસ ખાલી નથી ગયો પણ તમારો કાગળ પાછો નથી. તેથી મને ચિંતા થઈ છે કે રખેને તમને મારા કાગળો જ ન મળ્યા હોય. ઠેકાણું તો હું જ બરોબર કરું છું.

હમામી હયાસી નામના જપાનના માણસ વિષે તમારે કંઈ બાબુ અરવિંદ ઘોષની[3] સાથે વાત થઈ હતી? આ બાબત તપાસ ચાલી છે. મેં તમે ગયા તે વિષે પૂરી ખબર આપી છે. આપણને તો છુપાવવાનું શું જ હોય? તપાસ કેવળ નિખાલસપણે ચાલી છે.

વિલાયત જવાનું હજુ નક્કી નથી થયું.[4] આજે સાંજે મુસલમાન ભાઈઓને મળવાનો છું. તેમને મળ્યા પછી નક્કી થશે. મારું મન તો મોળું જ છે, પણ હું એકદમ સામે થવા નથી ઈચ્છતો.

હું અહીં વધારેમાં વધારે ત્રેવીસ તારીખ સુધી રહીશ. વહેલામાં વહેલો બાવીસમીએ અહીંથી જઈશ.

સરલાદેવીએ ગઈ કાલે તમને કાગળ લખ્યો છે એમ તેમણે કહ્યું. ગઈ કાલે મજૂરો આગળનું મારું ભાષણ તમને મોકલ્યું છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૭૧૬૭

૧. મહમદ પયગંબરની જીવનકથા પઢવાનું શુભમૂહૂર્ત.

૨. મજૂરો સમક્ષ ગાંધીજીએ જે ભાષણ આપ્યાનો ઉલ્લેખ આ પત્રમાં છે તે ભાષણ ૧૮મી એપ્રિલ, ૧૯૨૦ને રોજ અપાયું હતું. તે દિવસે રવિવાર હતો. એટલે એ સંબંધમાં આ પત્રમાં જે "કાલ"નો ઉલ્લેખ છે તે "પરમદિવસે" હોવું જોઈએ.

૩. અરવિંદ ઘોષ (૧૮૭૨-૧૯૫૦); યોગી, કવિ અને તત્ત્વદ્રષ્ટા; ૧૯૧૦થી પોંડિચેરીમાં જઈને વસ્યા.

૪. ખિલાફતના પ્રશ્ન સંબંધમાં.

Gandhi Heritage Portal

# ૧૧૩. નોંધ[1]

## કોમી પ્રતિનિધિત્વ

મુસલમાનોની બાબતમાં કોમી પ્રતિનિધિત્વનો સિદ્ધાંત મંજૂર રહ્યો[2] એટલે બીજાં નાનાં જૂથો પણ એ હક માગવા લાગ્યાં છે. એવી વિવેકશૂન્યતા આપણે ત્યાં હિંદમાં ઓછી જોવામાં નથી આવતી. પરંતુ કોમી પ્રતિનિધિત્વની માગણી બ્રહ્મદેશના હિંદીઓ તરફથી આવે છે ત્યારે એ વિવેકશૂન્યતા ગુનાહિત બને છે. અમને એવા ખબર મળ્યા છે કે સુધારા નીચે રચાતી બ્રહ્મદેશ કાઉન્સિલમાં પ્રતિનિધિત્વ મેળવવા માટે કેટલાક રંગૂનના હિંદીઓએ માગણી રજૂ કરી છે. અમે જરૂર એટલી આશા રાખીશું કે કાંઈ અણઘટતું બને એ પહેલાં એ માગણી પાછી ખેંચી લેવામાં આવશે. ત્યાંના હિંદી વસાહતીઓ તરફની આવી જુદી વર્તણૂકનો વિરોધ કરવાનો બ્રહ્મદેશવાસીને પૂરો હક છે. બ્રહ્મદેશમાં આપણે એ લોકોના શોષણ માટે નહીં પણ તેમના અને આપણા એકમેકના ભલાને ખાતર રહ્યા છીએ. તેમનું કલ્યાણ આપણો પ્રથમ ચિંતાનો વિષય હોવો જોઈએ. એક મિત્ર આ વિષે કહે છે તે વાજબી જ છે કે ગુજરાતીઓ કે મારવાડીઓ બંગાળ કાઉન્સિલમાં કોમી પ્રતિનિધિત્વનો દાવો કરે એના જેવી જ હિંદીઓની આ માગણી છે. એટલી વાત નક્કી છે કે જો બ્રહ્મદેશના હિંદીઓ પોતાની શક્તિ અને સેવાને જોરે બ્રહ્મદેશવાસીઓના મત મેળવી શકે તો તેમને બ્રહ્મદેશની કાઉન્સિલમાં જવાનો હક મળી શકે. આપણે એવું ઇચ્છતા હોઈએ કે હિંદમાં આપણા હિતની વિરુદ્ધ જાય એવા હકો કોઈએ પણ ઊભા નહીં કરવા જોઈએ, તો બ્રહ્મદેશવાસીઓના હિતની વિરુદ્ધ જાય એવા હકો કોઈ ઊભા કરે તે વિષે આપણે સાવધ રહેવું જોઈએ. અને છતાં હિંદી વસાહતીઓની આ કોમી પ્રતિનિધિત્વની માગણી પાછળનો આશય તો ખરેખર આ જ છે. એટલે અમને વિશ્વાસ છે કે બ્રહ્મદેશના હિંદીઓને સાચી વાત સમજાશે અને કોમી પ્રતિનિધિત્વની તેમની માગણી ઉપર પડદો પડી જશે.

## મિ. હૉર્નિમૅનની હદપારી

મિ. હૉર્નિમૅનને હદપાર કર્યાને ૨૬મી એપ્રિલે એક વર્ષ પૂરું થાય છે. એ ગાળા દરમિયાન મુંબઈ સરકારના આ જોહુકમીભર્યા હુકમનો જાહેર જનતાએ અનેક રીતે સખત વિરોધ દર્શાવ્યો છે. મિ. હૉર્નિમૅનની લાયકાતની વાત બાજુએ રાખીએ તોપણ વ્યવસ્થિત અમલ ચાહતા કોઈ પણ નાગરિક માટે, એક બ્રિટિશ પ્રજાજનને કેસ ચલાવ્યા વિના હદપાર કરવાની વાત ભારે ચિંતાનો વિષય બનવો જોઈએ. કોઈ પણ બ્રિટિશ પ્રજાજનને કેસ ચલાવ્યા વિના હદપાર કરવાની અથવા યોગ્ય કેસ ચલાવ્યા સિવાય તેની સ્વતંત્રતા ઉપર બીજી રીતે નિયંત્રણ મૂકવાની વાતને આપણે હિંદમાં અશક્ય બનાવી દેવી જોઈએ. સિવાય કે સંજોગો એવા ઊભા થયા હોય કે સામાન્ય કાયદાના અમલને સ્થગિત કરવાની સરકારને સત્તા મળી હોય. અને અહીં અમારે એ વાત સ્પષ્ટ કરવી જોઈએ કે મિ. હૉર્નિમૅનને હદપાર કરવા જેવા સંજોગો ઊભા

૧. આ અને આ પછીના બે લેખો ગાંધીજીએ લખેલા છે એ નિર્ણય, ગાંધી સ્મારક નિધિમાં રાખેલા ગાંધીજીના જ હસ્તાક્ષરમાં લખાયેલા મુસદ્દાને આધારે કર્યો છે.

૨. ૧૯૦૯ અને ૧૯૧૯ના હિંદ સરકારના કાનૂનોમાં.

Gandhi Heritage Portal

થયા હોવાનું પુરવાર થયું નથી. એટલે અમે આશા રાખીએ છીએ કે પ્રાંતભરના લોકો ગામેગામ જાહેર સભા ભરીને મિ. હૉર્નિમૅનની હદપારી તુરતાતુરત રદ કરવાની માગણી કરશે.

### જલિયાંવાલા બાગ સ્મારક

4417

મુંબઈ જો બાકીના દેશની સ્થિતિ કોઈ પણ રીતે દર્શાવી શકતું હોય તો રાષ્ટ્રીય સપ્તાહ આશ્ચર્યકારક રીતે સફળ નીવડયું છે. ત્યાંની ત્રણે સભાઓ સંપૂર્ણ રીતે સફળ નીવડી હતી. રૉલેટ કાયદો, ખિલાફતનો પ્રશ્ન અને પંજાબની કરુણ ઘટના વિષેના લોકોના અભિપ્રાયની સરકારને માહિતી છે. અપવાસ અને પ્રાર્થનામાં લોકોએ કેટલે અંશે ભાગ લીધો એ જાણવું મુશ્કેલ છે. પરંતુ સારી એવી સંખ્યામાં લોકોએ આ વ્રતોનું યોગ્ય ધાર્મિક ભાવનાથી પાલન કર્યું છે એમાં સંશય નથી. પરંતુ આ રાષ્ટ્રીય વ્રતોના પાલનની સફળતાનું જો કોઈ ખૂબ જ અસરકારક પ્રમાણ જોઈતું હોય તો તે જલિયાંવાલા બાગના સ્મારકને મળેલા જવાબમાંથી મળે છે. રોજેરોજ બહાર પડતી યાદી દાતાઓની બધાં ક્ષેત્રોને આવરી લેતી ઉદારતા બતાવી આપે છે. પરંતુ બહેનોએ અને આજ સુધી રાષ્ટ્રીય ભાવનાથી દૂર રહેલા લોકોએ સ્વયંસ્ફુરણાથી આપેલી મદદ વિષે જાહેર જનતાને કશી જ ખબર નથી. બહેનોની એક ટુકડી વ્યક્તિગત ફાળો ઉઘરાવવા નીકળી પડી હતી તેનું પરિણામ ખૂબ ઉત્સાહપ્રેરક આવ્યું છે. ઢેડ અને ભંગી લોકોએ પણ સ્મારક માટે ફાળો એકઠો કર્યો છે. દૂરનાં અને નજીકનાં સ્થળોએથી ફાળાની યાદીઓ આવતી રહી છે. ઠેઠ ચંપારણથી ફાળો આવ્યો છે. જેમને ફાળાની રકમો મળી હોય તેઓ વિના વિલંબે લાલા ગિરધારીલાલને અમૃતસરને સરનામે પોતાનો ફાળો મોકલી આપે એવી આશા રાખવામાં આવી છે. સ્મારકની ખરીદ કિંમતની બાકીની રકમ ભરવાનો દિવસ નજીક આવ્યો છે એ વાત સૌ કોઈ યાદ રાખે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २१-४-१९२०

## ૧૧૪. સ્વદેશી

૧૩મી ને મંગળવારે, રાષ્ટ્રીય સપ્તાહ પૂરું થઈ ગયું. આ સપ્તાહ દરેક રીતે હિંદુમુસ્લિમ એકતાનું, રૉલેટ ઍક્ટ નાબૂદ કરાવવાના નિશ્ચયનું તથા સત્યાગ્રહની ભાવનાનું એક નોંધપાત્ર પ્રદર્શન હતું. જે ભાષણો થયાં તે પહેલાંના કરતાં વધારે ઠાવકાં અને મુદ્દાસરનાં હતાં. જેના હેવાલો અમને મળ્યા છે એવી કોઈ સભાઓમાં ગેરવ્યવસ્થા જોવામાં આવી નહોતી.

પરંતુ સ્વદેશીનું શું? શું સ્વદેશી પણ સત્યાગ્રહની ભાવના અને પ્રવૃત્તિની નીપજ નથી? નિઃસંદેહ એ સત્યાગ્રહનું જ સંતાન છે. પરંતુ સ્વદેશીનું કામ બધાં કામો કરતાં વધુ રચનાત્મક છે. એ સંગીન કામનું જેટલું સમર્થન કરે છે તેટલું ભાષણોનું કરતું નથી. દર વરસે પચાસ કરોડ રૂપિયા બચાવવા એ ભાષણો કે દેખાવોથી થઈ શકે તેવું નથી. દર વર્ષે પચાસ કરોડ રૂપિયા પરદેશમાં ખેંચાઈ જતા અટકાવવા કરતાં એમાં ઘણું વધારે રહસ્ય સમાયેલું છે. એમાં હિંદુસ્તાનની સ્ત્રીઓની આબરૂનો પ્રશ્ન રહેલો છે. મિલઉદ્યોગ સાથે જેને થોડો પણ સંબંધ છે તે દરેક જણ જાણે છે કે મિલોમાં કામ કરતી સ્ત્રીઓને એવાં પ્રલોભનો અને જોખમો વચ્ચે કામ કરવું પડે છે કે એમને એ બધાથી દૂર કરવી જોઈએ. ઘણી સ્ત્રીઓ ઘેર બેઠાં થઈ શકે એવું કામ નહીં મળવાથી રસ્તા સુધારવાનું કામ સ્વીકારે છે. આમાં સ્ત્રીઓ કેટલું જોખમ

Gandhi Heritage Portal

ખેડે છે તે તો જે લોકો આ મજૂરી વિષે જાણે છે તે જ સમજી શકે તેમ છે. આવી બહેનોને તમે રેંટિયો આપો, એટલે રેંટિયો ચલાવવા સિવાય બીજું કોઈ કામ શોધવાની કદી જરૂર રહેશે નહીં. મહત્ત્વની દૃષ્ટિએ ખેતીથી બીજે જ નંબરે હોય એવા ધંધા મારફતે સંપત્તિની સમાન વહેંચણી, એવો સ્વદેશીનો અર્થ થાય છે. આ ધંધો ખેતીનો પૂરક છે, અને તેથી એ દ્વારા આપણી વધતી જતી ગરીબાઈની સમસ્યાના ઉકેલમાં આપોઆપ સંગીન મદદ થાય છે. આ રીતે સ્વદેશી એ આપણી સાક્ષાત્ કામધેનુ છે. તે આપણી બધી જરૂરિયાતો પૂરી પાડે છે અને આપણી અનેક કઠિન સમસ્યાઓનો ઉકેલ લાવે છે. અને જે ધંધો આપણા શીલની રક્ષા કરે છે તથા આપણી આજીવિકા પૂરી પાડે છે તે ધાર્મિક કર્તવ્ય બની જાય છે.

આ મહાન સિદ્ધિ આપણે કેવી રીતે હાંસલ કરી શકીશું? જવાબ સહેલો અને સરળ છે. જે લોકો આ પ્રશ્નનું મહત્ત્વ સમજે છે તેમણે નીચે લખેલી એક અથવા બધી દિશામાં કામ કરવા મંડી પડવું જોઈએ:

૧. તમે પુરુષ હો કે સ્ત્રી હો, તમારી જાતે કાંતતાં શીખો. તમારે પૈસાની જરૂર હોય તો તમે જે કામ કરો તેની મજૂરી લેજો; નહીં તો રોજ ઓછામાં ઓછા એક કલાકના શ્રમનું દાન દેશને આપજો.

૨. શોખ ખાતર અથવા નિર્વાહ ખાતર જાતે વણતાં શીખો.

૩. અત્યારે જે હાથસાળો અને રેંટિયા વપરાય છે તેમાં સુધારા કરો, અને જો તમે તવંગર હો તો જે લોકો આ સાધનો બનાવે તેમને તેનાં નાણાં ચૂકવો.

૪. સ્વદેશી વ્રત લો અને જે કાપડ હાથે કાંતેલા સૂતરનું અને હાથે વણેલું હોય તેને ઉત્તેજન આપો.

૫. આવા કાપડનો તમારા મિત્રોમાં પ્રચાર કરો અને શ્રદ્ધા કેળવો કે ખાદીમાં વપરાયેલું સૂતર તમારી ગરીબ બહેનોએ તૈયાર કરેલું હોવાથી, એમાં વધારે કળા અને માનવતા રહેલી છે.

૬. જો તમે માતા હો તો તમે તમારાં બાળકોને સ્વચ્છ અને રાષ્ટ્રીય સંસ્કાર આપજો. અને તેમને સુંદર ખાદીનાં બનેલાં કપડાં પહેરાવજો. ખાદી કરોડો લોકોને માટે સુલભ છે અને તે બહુ જ સહેલાઈથી તૈયાર થઈ શકે તેમ છે.

ત્યારે સ્વદેશીનો અર્થ એ થાય કે આપણે એક એવું સંપૂર્ણ સંગઠન ઊભું કરવું છે જેમાં એકેએક ભાગ બીજા દરેક ભાગ સાથે સંપૂર્ણ સુમેળથી કામ કરે. જો આપણે આવું સંગઠન ઊભું કરી શકીશું તો સ્વદેશી તો સફળ થશે જ, પણ સાથે સાથે સાચું સ્વરાજ્ય પણ આપોઆપ મળશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २१–४–१९२०

Gandhi Heritage Portal

# ૧૧૫. પરદેશમાં વસતા હિંદીઓ

હિંદની બહાર વસતા હિંદીઓ તરફનો અણગમો જુદા જુદા રૂપમાં દેખાવા લાગ્યો છે. રાજદ્રોહના કઢંગા બહાનાથી ફીજીની સરકારે ડૉક્ટર મણિલાલને દેશપાર કર્યા છે. ભાઈ મણિલાલ[1] અને તેમનાં હિંમતવાળાં અને સુશિક્ષિત પત્ની[2] ફીજીના ગરીબ, ગિરમીટિયા મજૂરોની અનેક રસ્તે સેવા કરતાં હતાં. આ બધું તોફાન ફીજીના મજૂરોની હડતાળને અંગે જાગ્યું છે. જોકે ગિરમીટનાં બંધન રદ કરવામાં આવ્યાં છે[3] પણ ગુલામીનો દોર કોઈ પણ રીતે તૂટયો હોય એમ નથી લાગતું. અમે હડતાળનું ખરું કારણ નથી જાણતા. હડતાળિયાઓએ ભૂલ નથી કરી એ પણ અમે નથી જાણતા. પણ જ્યારે હડતાળિયાઓ અને તેમના મિત્રો ઉપર રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવે છે ત્યારે આ બધી રમતનો ભેદ અમે કળી શકીએ છીએ. અમારા વાચકોને યાદ હશે કે ફીજીના તાજા મામલામાં જે સરકારને રાજદ્રોહની ગંધ આવે છે એ જ સરકારે મિ. ઍન્ડ્રૂઝની બદનક્ષી કરવાની હિંમત ચલાવી હતી. ફીજીના હડતાળિયાઓ અને ડૉક્ટર મણિલાલને વિષે રાજદ્રોહીનો શો અર્થ હોઈ શકે? શું હડતાળિયાઓ અને ડૉક્ટર મણિલાલને રાજ્યની લગામ હાથ કરવી હતી કે તે દેશમાં તેમને કાંઈ સત્તા જમાવવી હતી? તેઓએ તો મનુષ્યની સ્વતંત્રતાનો મૂળ હક સાચવવાને હડતાળ પાડી. આવી બાબતમાં "રાજદ્રોહ"નો ઉપયોગ કરવો એ તો શબ્દોનો દુરુપયોગ કહેવાય. કદાચ હડતાળિયાઓ અધીરા થયા હતા. કદાચ ડૉક્ટર મણિલાલે તેમને ઊંધે રસ્તે દોર્યા હોય. પણ જો સરકારને એમની સલાહ ગુનાભરેલી લાગી હોય તો તેમના પર કાયદેસર કામ ચલાવવું જોઈતું હતું. અમને ખબર મળી છે તે પ્રમાણે તો તેઓએ કાયદાની હદમાં રહીને જ કામ કર્યું છે. તથાપિ અમારે તો એટલું જ કહેવાનું છે કે કાંઈ પણ કામ ચલાવ્યા વિના ડૉક્ટર મણિલાલને દેશપાર કરી દેવામાં ફીજી સરકારે પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો છે. પોતાની જાતને નિર્દોષ સાબિત કરી આપવાની તક આપ્યા વગર અને ફક્ત શક ઉપર કોઈ પણ માણસની સ્વતંત્રતા છીનવી લેવી એ એક સિદ્ધાંત તરીકે તો ખોટું જ ગણાય. ડૉ. મણિલાલે ઘણાં વરસોથી ફીજીને પોતાનું ઘર કરી લીધું છે એ તો સૌ કોઈ જાણે છે. અમને લાગે છે કે એમણે ત્યાં થોડી મિલકત પણ ખરીદેલી છે. ફીજી એમનાં બાળકોની જન્મભૂમિ છે. શું તે છોકરાંઓનો ત્યાં કાંઈ હક જ નથી? શું તેમની પત્નીને પણ ત્યાં કાંઈ હક જ નથી? આપખુદ સરકારના હુકમથી તેમની સારી જિંદગી બરબાદ થશે? ડૉ. મણિલાલને જે નુકસાન વેઠવું પડશે તે બદલ તેમને કાંઈ બદલો આપવામાં આવ્યો છે? અમને આશા છે કે અમારી હિંદી સરકાર પરદેશમાં વસતા હિંદીઓના હકોનું રક્ષણ કરવા પ્રયત્ન કરી રહી છે. તે ડૉક્ટર મણિલાલની હદપારીનો સવાલ પણ હાથમાં લેશે.

૧. ગાંધીજીના એક જૂના સાથી, ડૉ. પ્રાણજીવન મહેતાના જમાઈ. તેઓ જનસેવાનાં કાર્યો કરવાના ઇરાદાથી ૧૯૧૨માં ફીજી ગયા હતા.

૨. જયાકુંવર.

૩. ફીજીમાં ગિરમીટ પ્રથા ૧૮૭૭માં દાખલ થઈ હતી. ૧૯૨૦ના જાન્યુઆરીમાં એ નાબૂદ કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

કાયદાના બંધનમાંથી નીકળી જવાની સત્તાથી જે વૃત્તિ હાલ સત્તાધીશોમાં જામી છે તે એકલા ફીજીમાં જ દેખાઈ આવી નથી. અસલના જર્મન પૂર્વ આફ્રિકાના હિંદીઓ, આગળના કરતાંયે ખરાબ સ્થિતિમાં પટકાઈ ગયા લાગે છે. તેઓ લખી જણાવે છે કે તેમની માલમિલકત પણ સહીસલામત નથી. વેપાર કરવાના પરવાના લેવાને માટે તેમને જાતજાતના કર આપવા પડે છે. તેમના વેપારવણજમાં આડખીલીઓ ઊભી કરવામાં આવી છે. તેમને મનીઑર્ડરથી પૈસા મોકલવાનો પણ હક રહ્યો નથી.

બ્રિટિશ પૂર્વ આફ્રિકામાં તોફાનનું વાદળ સૌથી ઘેરું દીસે છે. હાલ સુધીમાં ત્યાંના હિંદીઓ જે હક ભોગવતા હતા તે દરેક હક ઝૂંટવી લેવાને ત્યાંના ગોરાઓ આકાશ ને ધરતી એક કરી રહ્યા છે. ધારાસભામાં કાયદા ઘડીને અને અમલની રાહે તેમનું કાટલું કરવાનો ત્યાં પ્રયત્ન ચાલી રહ્યો છે.

દક્ષિણ આફ્રિકાના હિંદીઓ સાથે સંબંધ ધરાવતા દરેક હિંદી ત્યાં બેઠેલા કમિશનનું[1] કામકાજ આતુરતાથી જોઈ રહ્યા છે.

શહેનશાહતનાં આ જુદાં જુદાં સંસ્થાનોમાં વસતા હિંદીઓના હકનું રક્ષણ કરવાનો બોજો હિંદી સરકારને માથે કાંઈ જેવો તેવો નથી. નિશ્ચય અને એકસરખી નીતિ અખત્યાર કરીને જ આ કામ પાર પાડી શકાશે. એ તો કબૂલ થઈ ચૂક્યું છે કે ન્યાય હિંદીઓના પક્ષમાં છે, પણ તેઓ નિર્બળ છે. આ સ્થિતિમાં તેમનું રક્ષણ કરવા માટે હિંદુસ્તાનમાં એક જબરજસ્ત ચળવળ ઊભી કરવી જોઈએ અને તેની સાથે સરકારે સખત પગલાં લેવાં જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २१–४–१९२०

ભાષાંતર : नवजीवन, २५–४–१९२०

# ૧૧૬. દેશી ભાષાઓનો પ્રશ્ન

તાજેતરમાં મળેલાં સાહિત્ય સંમેલનોનું કામકાજ જો કોઈએ નિહાળ્યું હશે તો તેને સ્પષ્ટ થયું હશે કે, આપણી રાષ્ટ્રીય જાગૃતિ માત્ર રાજકારણમાં જ રહેલી નથી. આ સંમેલનોમાં જે ઉત્સાહ દેખાયો તે સારો ફેરફાર બતાવે છે. આપણા રાષ્ટ્રીય જીવનમાં દેશી ભાષાઓને, આપણે આપણા વિચારમાં યોગ્ય સ્થાન આપવા લાગ્યા છીએ. રાજા રામમોહન રાયની[2] ભવિષ્યવાણી હતી કે એક દહાડો હિંદ અંગ્રેજી બોલતો દેશ બનશે. તે માટે આજે બહુ સારા ગ્રહો નથી. આપણા કેટલાક જાણીતા માણસો અંગ્રેજીની રાષ્ટ્રભાષા તરીકેની તરફેણ કરવા તરફ ઉતાવળો નિર્ણય બાંધી દે છે. અત્યારે કોર્ટની ભાષા તરીકેની અંગ્રેજીની પ્રતિષ્ઠાથી તે વધારેપડતા ખેંચાઈ જાય છે. પણ તેઓ એ જોવાનું ચૂકી જાય છે કે અંગ્રેજીની હાલની પ્રતિષ્ઠા આપણને માનપ્રદ નથી, અને

૧. કમિશન ઑફ ઇન્ક્વાયરી (તપાસપંચ); એની બેઠક માર્ચ ૧૯૨૦થી જુલાઈ ૧૯૨૦ સુધી ચાલી હતી. આ કમિશન દક્ષિણ આફ્રિકાની સંઘ સરકારે, દક્ષિણ આફ્રિકાના કેટલાક પ્રાંતોમાં વેપાર કરતા તથા જમીન ધરાવતા એશિયાઈઓના પ્રશ્નની તપાસ કરવા નીમ્યું હતું.

૨. રાજા રામમોહન રાય (૧૭૭૨–૧૮૩૩); બંગાળાના સામાજિક અને ધાર્મિક સુધારાવાદી નેતા; હિંદુસ્તાનમાં અંગ્રેજી કેળવણી દાખલ કરાવવા એમણે સૌ પ્રથમ ઝુંબેશ ઉપાડી હતી.

Gandhi Heritage Portal

સાચા લોકશાહી જુસ્સાના ઉદયને તે પોષક નથી. થોડાક સો અમલદારોની સવડ ખાતર કરોડો માણસોએ એક પરદેશી ભાષા ભણવી પડે એ તો બેહૂદાપણાની હદ છે. ઘણી વાર આપણા ભૂતકાળના ઇતિહાસમાંથી એવું સાબિત કરવા માટે દાખલો આપવામાં આવે છે કે દેશની મધ્યસ્થ સરકારને મજબૂત કરવા માટે એક રાષ્ટ્રીય ભાષાની જરૂર છે. લોકો માટે એક સામાન્ય માધ્યમની જરૂર વિષે કોઈ વિવાદ નથી. પરંતુ તેવી ભાષા અંગ્રેજી ન હોઈ શકે. અમલદારોએ દેશી ભાષાઓ સ્વીકારવી જોઈએ. અંગ્રેજીવાદીઓને અપીલ થતો બીજો એક ખ્યાલ હિંદનું સામ્રાજ્યમાં સ્થાન છે. એ દલીલને સાદા શબ્દોમાં રજૂ કરીએ તો તેનો સાર એ છે કે, ૧૨ કરોડથી વધારે નહીં એવા સામ્રાજ્યના બીજા લોકોને ખાતર ૩૧ કરોડે પોતાના સામાન્ય માધ્યમ તરીકે અંગ્રેજી સ્વીકારવી.

આ પ્રશ્નના દરેક અભ્યાસીએ ધ્યાનમાં લેવાની હકીકત એ છે કે, દોઢ સદીના બ્રિટિશ રાજ બાદ અંગ્રેજી હિંદની રાષ્ટ્રભાષાનું સ્થાન લેવામાં નિષ્ફળ નીવડી છે. બેશક, એક પ્રકારની ભાંગીતૂટી અંગ્રેજી આપણાં શહેરોમાં આ બાબતમાં ફાવી હોય એવું લાગે છે. પરંતુ આ હકીકતથી તો, જેઓ મુંબઈ કલકત્તા જેવાં શહેરોમાં બેસી આપણા રાષ્ટ્રીય પ્રશ્નનો અભ્યાસ કરવાનું લઈ બેઠા છે તેઓ જ અંજાઈ શકે. અને આખરે એ વસ્તી પણ કેટલી છે? હિંદની વસ્તીના માત્ર ૨.૨ ટકા જ! અંગ્રેજીવાદીઓ બીજી જે હકીકત ભૂલે છે તે એ છે કે, આપણી ઘણીખરી દેશી ભાષાઓ આપસમાં મળતી આવે છે, અને તેને પરિણામે મદ્રાસ ઇલાકા સિવાય બધા પ્રાંતોને હિંદી, રાષ્ટ્રભાષા તરીકે ગોઠતી આવે છે. હિંદીના પક્ષનો આ લાભ અને આપણી હાલની રાષ્ટ્રીય જાગૃતિ જોતાં અંગ્રેજીને આપણે શી રીતે રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારી શકીએ?[1]

જો રાષ્ટ્રભાષાનો પ્રશ્ન ઊકલશે તો દેશી ભાષાઓનું ભાવિ નક્કી થઈ શકશે. આપણી શિક્ષણ-પ્રથામાં દેશી ભાષાઓ ઉપર અંગ્રેજીને અસ્વાભાવિક વર્ચસ્વ ભોગવવા દેવામાં આવે છે. અંગ્રેજીના ચુસ્ત હિમાયતીઓ તો કહે છે કે "શક્ય તેટલી કાચી ઉંમરથી" અંગ્રેજીનો માધ્યમ તરીકે ઉપયોગ શરૂ કરવો જોઈએ. આ દલીલના સમર્થનમાં એમ કહેવામાં આવે છે કે પરદેશમાં બાળકો નાની ઉંમરથી જ પોતાની દેશી ભાષા સહેલાઈથી શીખી લે છે. આ દલીલનું ખંડન કરતાં કલકત્તા યુનિવર્સિટી કમિશન કહે છે :

> પરદેશમાં એવું હોય છે કે બાળકની આજુબાજુ ચોતરફ એ જ દેશની ભાષા બોલનારા લોકો હરતાફરતા હોય છે; જ્યારે આપણા દેશમાં શાળાના વર્ગમાં બેઠેલા બાળકની આસપાસ, શિક્ષકના અપવાદ સિવાય, એવા લોકો હોય છે જેઓ નવા માધ્યમથી એ બાળકના જેટલા જ અપરિચિત હોય છે. આ વર્ગમાં ઘણી વ્યક્તિઓ એક વ્યકિતને નહીં, પણ એક વ્યક્તિ ઘણી વ્યક્તિઓને શીખવતી હોય છે, એટલે અખતરા કરીએ તો જ વર્ગશિક્ષણની પદ્ધતિઓનો સહૃદયતાથી અમલ કરી શકાય.

જો આપણી શિક્ષણપ્રથામાં માધ્યમ તરીકે દેશી ભાષાઓને સ્વીકારીશું, તો "શૈક્ષણિક કરકસર" થશે, [ સમય અને શક્તિ બચશે ] એ મોટો લાભ છે. આ કમિશને આ વાત માન્ય રાખી છે. અમારા ૧૧મી ફેબ્રુઆરીના અંકમાં અમે જણાવ્યું છે કે કલકત્તા યુનિવર્સિટી કમિશનની ભલામણો આ વિષયમાં પ્રગતિકારક પગલું છે. આ પછીનું બીજું સ્વાભાવિક પગલું આપણી યુનિવર્સિટીઓમાં પણ માધ્યમ તરીકે દેશી ભાષાઓ વાપરવાની ભલામણ કરવાનું છે. માધ્યમિક

૧. અહીં સુધીનો ભાગ રાષ્ટ્રભાષા વિષે વિચારમાંથી લીધો છે.

Gandhi Heritage Portal

શાળાઓમાં અને કૉલેજ વિભાગમાં દેશી ભાષાઓને માધ્યમ તરીકે વાપરવા બાબતમાં, સૅડલર કમિશને મૅટ્રિક્યુલેશન કક્ષાને સીમાચિહ્ન બનાવ્યું છે. એમણે તેમના પોતાના અભિપ્રાય તરીકે ભવિષ્યમાં બે ભાષાની પ્રથા દાખલ કરવાની ભલામણ કરી છે. પણ તેઓ આમ પણ લખે છે :

> અમે ભવિષ્યને વિષેનો નિર્ણય અત્યારથી આપી દેવા માગતા નથી. પરંતુ આખા હિંદુસ્તાનમાં ભણેલો વર્ગ જે ભાષા વાપરે છે, અને બીજી કોઈ પણ ભાષા બોલનારા કરતાં વધારે લોકો જે ભાષા વાપરે છે તથા જે વડે આખી દુનિયાના સાહિત્યનો તથા વૈજ્ઞાનિક જ્ઞાનભંડારનો લાભ લઈ શકાય તેમ છે, તે ભાષાના ઘણાયે લાભો જતા કરવા લોકો તૈયાર થાય, કે પછી બંગાળી ભાષાનો વધારેમાં વધારે ઉપયોગ કરવાની સ્વાભાવિક વૃત્તિ ખૂબ જ જોર પકડે, તે વિષે આગાહી કરવાનું અમારું કામ નથી.

કમિશન સમક્ષ જે જુબાનીઓ આવી હતી તે જોતાં ભવિષ્યમાં યુનિવર્સિટી શિક્ષણમાં પણ દેશી ભાષાઓને માધ્યમ તરીકે અપનાવવાની નીતિની ભલામણ કરવા જોકે કમિશનરોને સમજાવી શકાય એમ નહોતું, છતાં અંગ્રેજીના હિમાયતીઓ કે બે ભાષાના હિમાયતીઓની દલીલોનું સમર્થન થઈ શકે એવું પણ કશું આ જુબાનીઓમાં એમને ન જડ્યું એ વાત પણ એટલી જ સાચી છે. આમ કમિશનરોએ પૂછેલા પ્રશ્નોના ખુદ જવાબોમાંથી ભવિષ્ય નક્કી થઈ શકતું નથી, છતાં એ જવાબો ઉપરથી એટલું જરૂર

> દેખાય છે કે યુનિવર્સિટીના કેટલાક વિષયો શીખવવા માટે બંગાળી ભાષા તાત્કાલિક દાખલ કરવાની તરફેણમાં અને બાકીના વિષયો માટે તે વખત જતાં દાખલ કરવાની તરફેણમાં એક મજબૂત આંદોલન અત્યારે ચાલી રહ્યું છે, અને તેનાં કોઈ ચિહ્નો ૧૯૧૫ની ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલમાં ચાલેલી ચર્ચામાં જોવા મળ્યાં નહોતાં.

કમિશનના સભ્યોએ કરેલા જવાબોના પૃથક્કરણનો જો આપણે અભ્યાસ કરીશું તો તેમણે આપેલા અભિપ્રાયની વધારે સારી રીતે કદર કરી શકીશું. સાક્ષીઓને પૂછવામાં આવેલો પ્રશ્ન આ પ્રમાણે હતો : "આપ એમ માનો છો કે યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં મૅટ્રિક્યુલેશનથી ઉપરની દરેક કક્ષાએ શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજીનો ઉપયોગ થવો જોઈએ?"

આ પ્રશ્નના જવાબોનું પૃથક્કરણ આ પ્રમાણે કરવામાં આવ્યું છે :

(૧) ૧૨૯ જવાબો નિશ્ચયપૂર્વક "હા"માં છે;
(૨) ૨૯ જવાબો "હા"માં છે, પરંતુ તેમાં થોડીક શરતો મૂકેલી છે;
(૩) ૬૮ વ્યક્તિઓ અંગ્રેજી અને દેશી ભાષાનો સંયુક્ત ઉપયોગ કરવાના પક્ષમાં છે. પછી કાં તો તે એક જ સંસ્થામાં થાય અગર સમાંતર સંસ્થાઓમાં થાય;
(૪) ૩૩ જવાબો સૂચવે છે કે અંગ્રેજીનું સ્થાન ક્રમે ક્રમે દેશી ભાષા લઈ લે એવું ધ્યેય રાખવું જોઈએ;
(૫) ૩૭ જવાબો "ના"માં છે; અને
(૬) ૯ જવાબોનું વર્ગીકરણ થઈ શકે તેમ નથી.

આ રીતે ૧૫૫ જવાબો અંગ્રેજી માધ્યમની તરફેણ કરે છે, અને લગભગ ૧૩૮ જવાબો વહેલા કે મોડા દેશી ભાષાને માધ્યમ તરીકે વાપરવાનો વિરોધ કરતા નથી. અભિપ્રાયોનું આ પ્રમાણ દેશી ભાષાઓના હિમાયતીઓનો ઉત્સાહ ચોક્કસ વધારે એવું છે. બીજું, અંગ્રેજી માધ્યમની તરફેણ કરનારાઓમાં પણ એવા લોકો ઓછા નથી જેઓ પરદેશી માધ્યમની સલાહ કેવળ

Gandhi Heritage Portal

એટલા જ માટે આપે છે કે જુદા જુદા વિષયો શીખવવા માટે યોગ્ય અને પૂરતી સંખ્યામાં પાઠ્યપુસ્તકો મળવાની કોઈ સગવડ નથી. આ મત ધરાવતા શિક્ષણશાસ્ત્રીઓ દેશી ભાષાના માધ્યમનો સિદ્ધાંતથી વિરોધ કરતા નથી. એમના કહેવાનો અર્થ એટલો જ થાય છે કે આપણને તરતાં આવડે નહીં ત્યાં સુધી આપણે પાણીમાં પગ મૂકવો નહીં. બાકી રહેલા અંગ્રેજી માધ્યમની હિમાયત કરનારા સાક્ષીઓની જુબાની આવી જ છે, પરંતુ વધુ નિશ્ચયાત્મક છે. આ બીજા પ્રકારની જુબાનીઓ સ્પષ્ટ કહી દે છે કે દેશી ભાષાઓ શિક્ષણના માધ્યમનું કામ કદી પણ આપી શકશે નહીં. આ સાક્ષીઓના અભિપ્રાય બતાવે છે કે આપણી દેશી ભાષાઓના ઇતિહાસનું તેમને જ્ઞાન નથી. એક કાળ એવો હતો જ્યારે હિંદુ તત્ત્વજ્ઞાન માટે કેવળ સંસ્કૃત ભાષા જ માધ્યમ હતી. પરંતુ થોડાક ઉત્સાહી વિદ્વાનોએ પોતાની દેશી ભાષાઓમાં તત્ત્વજ્ઞાનના ગ્રંથો સુંદર રીતે લખી બતાવ્યા. આ રીતે તેમણે દેશી ભાષાઓને સમૃદ્ધ કરી અને હિંદુ તત્ત્વજ્ઞાન આમવર્ગને આંગણે પહોંચાડયું. સંગઠન વિષેના આજના જમાનાના ખ્યાલોનો ફાયદો ઉઠાવીને જે કામ એક વખત આપણા દેશી વિદ્વાનોએ હિંદુ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં કરી બતાવ્યું હતું તેવું જ કામ, આપણે વિજ્ઞાનના ક્ષેત્રમાં આપણી દેશી ભાષાઓ માટે ન કરી શકીએ? દેશી ભાષાઓની કાર્યક્ષમતા વિષે જે લોકોને વસવસો છે તેમને જાપાનનો દાખલો આપીને એ ભાષાઓના હિમાયતીઓ રદિયો આપી શકે છે. કલકત્તાની સેન્ટ પોલ્સ કેથીડ્રલ કૉલેજના પ્રિન્સિપાલ રેવરન્ડ ડબ્લ્યુ. ઈ. એસ. હૉલૅન્ડ પોતાની જુબાનીમાં લખે છે :

> જાપાને પોતાની દેશી ભાષાનો ઉપયોગ કરીને એક એવી શિક્ષણપ્રથા વિકસાવી છે જેને પાશ્ચાત્ય જગત પણ માન આપે છે.

મૉડર્ન રિવ્યૂના તંત્રી બાબુ રામાનંદ ચેટરજીની જુબાની તો વળી એથીયે વધારે પ્રતીતિકર છે. તેઓ લખે છે :

> યુનિવર્સિટી શિક્ષણમાં બધી કક્ષાએ દેશી ભાષાઓનો ઉપયોગ અનિવાર્ય રીતે જરૂરી છે. એની સામેના વાંધાઓનું મહત્ત્વ કેવળ થોડા સમય પૂરતું છે, કેમ કે અતિશય વિકાસ પામેલી અર્વાચીન ભાષાઓ અને તેમનું સાહિત્ય પણ શરૂઆતમાં આજની બંગાળી ભાષા તથા તેના સાહિત્ય કરતાં ચડિયાતાં નહોતાં. સતત ઉપયોગ કરવાથી જ તેમનો વિકાસ થયો છે. એટલે આપણે પણ એ જ રીતે આપણી ભાષાઓ વિકસાવી શકીશું.

આ રીતે આપણે જોયું કે ડૉ. સૅડલરના કમિશન સમક્ષ જે જુબાનીઓ પડી છે તે આજે તો યુનિવર્સિટી શિક્ષણમાં દેશી ભાષાઓને માધ્યમ બનાવવાની તરફેણ કરતી નથી, છતાં દેશી ભાષાઓના માધ્યમના ભાવિના પક્ષમાં એ જુબાનીઓ પરથી ઘણી મોટી આશાઓ બંધાય છે. એક કાળ એવો હતો જ્યારે દેશી ભાષાઓની હિમાયત પ્રત્યે અવિશ્વાસની નજર રહેતી. હવે એવો અવિશ્વાસ રહ્યો નથી, એટલું જ નહીં પણ એનું સ્થાન વિશ્વાસે લીધું છે. તાજેતરમાં બે મહત્ત્વની શિક્ષણસંસ્થાઓ એ પક્ષમાં જોડાઈ છે. પૂનાની મહિલા વિદ્યાપીઠે[૧] અને હૈદરાબાદની ઓસ્માનિયા વિદ્યાપીઠે માધ્યમ તરીકે કેવળ દેશી ભાષાઓને જ ઉપયોગમાં લેવાનું શરૂ કર્યું છે. ઘણા લોકો એમની પ્રગતિ ઝીણી નજરે નિહાળી રહ્યા છે. ન્યાયમૂર્તિ સર અબદુલ રહીમ કહે છે તે પ્રમાણે, જો આ સંસ્થાઓ સફળ થશે તો દેશી ભાષાઓની સમસ્યાનો ઉકેલ વધારે સરળ બની જશે. હિંદુ યુનિવર્સિટીના છેલ્લા પદવીદાન સમારંભ વખતે માનનીય

૧. શ્રીમતી નાથીબાઈ દામોદરદાસ ઠાકરસી વિદ્યાપીઠ.

Gandhi Heritage Portal

પંડિત મદનમોહન માલવિયાએ દેશી ભાષાઓની હિમાયત કરનારા તમામ પ્રસિદ્ધ વિદ્વાનોને એક પરિષદ રૂપે એકઠા મળવા સલાહ આપી હતી. અમે આશા રાખીએ છીએ કે જો આવો સુયોજિત પ્રયાસ કરવામાં આવશે, તો શિક્ષણના માધ્યમ તરીકે દેશી ભાષાઓને સંપૂર્ણ રીતે માન્ય રાખવાનું કાર્ય ઝડપી બનશે.

અત્યારે પ્રાંતોની જે રીતે વહેંચણી થઈ છે તે બાબતે પણ દેશી ભાષાઓના હિતને બીજી કોઈ પણ બાબતે કરેલા નુકસાન કરતાં ઓછું નુકસાન કર્યું નથી. ભાષાને ધોરણે પ્રાંતોની પુનર્રચના થશે ત્યારે યુનિવર્સિટીઓની પણ આપોઆપ નવેસરથી રચના થશે.

દેશી ભાષાઓના ઉત્કર્ષ માટે ત્રણ ક્ષેત્રોમાં કામ કરવાનું છે તે અમે ઉપર બતાવી ગયા. આ ક્ષેત્રો પરસ્પર સંકળાયેલાં છે. અને જ્યાં સુધી આપણે આ ઉત્કર્ષ સાધીશું નહીં ત્યાં સુધી આપણા પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે, તેમ જ પ્રજાના વિશિષ્ટ વર્ગો અને આમજનતા વચ્ચે બુદ્ધિની અને સંસ્કારની જે ખાઈ વધી રહી છે તે આપણે પૂરી શકીશું નહીં એ વાત દીવા જેવી સ્પષ્ટ છે. એ વાત પણ એટલી જ ચોક્કસ છે કે દેશી ભાષાના માધ્યમ દ્વારા જ વધારેમાં વધારે સંખ્યાના લોકોમાં આપણે વિચારની મૌલિકતા પેદા કરી શકીશું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २१–४–१९२०

## ૧૧૭. દેવદાસ ગાંધીને પત્ર

મુંબઈ,

બુધવાર [એપ્રિલ ૨૧, ૧૯૨૦][1]

આજે હું પંડિતજીને[2] વળાવવા વ.ના કામમાં પડવાથી મારે લખવો હતો તેવો કાગળ નથી લખી શકયો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૧૭૦

૧. સરલાદેવી ચૌધરાણીએ દેવદાસને ઉદ્દેશીને એક પોસ્ટકાર્ડ ૨૧મી એપ્રિલ, ૧૯૨૦ને રોજ લખ્યો હતો. એ પોસ્ટકાર્ડની પાછળ આ પત્ર ગાંધીજીના હાથે લખેલો છે.

૨. પંડિત રામભજદત્ત ચૌધરી.

Gandhi Heritage Portal

# ૧૧૮. ખાદીનો ઉપયોગ

જોકે મને સંતોષ થાય એટલે દરજ્જે તો સ્વદેશીની ચળવળ નથી ચાલી રહી તોપણ એ ચળવળ ધીમે ધીમે આગળ વધ્યે જાય છે. સત્યાગ્રહ સપ્તાહમાં પ્રજામાં જાગૃતિ ઘણી થઈ છે. તેના પ્રમાણમાં સ્વદેશીની ચળવળ પણ આગળ ચાલી છે. સ્વદેશીની ચળવળમાં મુસલમાન ભાઈઓએ વધારે ભાગ લેવાનું શરૂ કર્યું છે. તેઓનામાં એક નવો જુસ્સો પેદા થયો છે. તેઓ સ્વદેશીની ચળવળને બૉયકોટને રૂપે જુએ છે. હું જણાવી ગયો છું કે બૉયકોટ એ મિથ્યા છે છતાં જેટલે અંશે બૉયકોટમાં સ્વદેશીનું તત્ત્વ સમાયેલું છે તેટલે અંશે તો લાભ થશે જ. કોઈ માણસ ગુસ્સામાં આવીને અપવાસ કરે છે તો તે અપવાસનો થોડો શારીરિક લાભ છે તે તો તેને મળી રહે છે. તેમ બૉયકોટ રૂપે ગ્રહણ કરેલ સ્વદેશીનો લાભ પ્રજાને મળશે જ. જો આપણે યુરોપના માલને ત્યાગીને જાપાનનો લેતા જઈએ તો જરૂર ઓલમાંથી નીકળીને ચૂલમાં પડવા જેવું થાય.

ત્યારે સ્વદેશીનો ખરો પ્રચાર શાથી થાય? એ વિચાર સ્વદેશી ચાહનારને થવો જ જોઈએ. મિલોમાં બનતું કાપડ વધારે વાપરીને થાય એવો ખ્યાલ જો કોઈને રહેતો હોય તો એ ભૂલ. હિંદુસ્તાનમાં આપણી હાજત જોગો સ્વદેશી માલ તૈયાર થતો જ નથી. એટલે મિલનો માલ વાપરી આપણે સંતોષ માનીએ તો ગરીબને ભાગે જે માલ આજે આવે છે તે આપણે લીધો ને તે માલની કિંમત વધારી દીધી. આમ ન થવું જોઈએ, છતાં આપણને સ્વદેશીની દુકાનો તો ગામડે ગામડે જોઈશે તેમાં પણ શક નથી. કેમ કે આજ તો સ્વદેશી કાપડ વાપરનારને સામાન્ય દુકાનોમાં જોઈતો માલ મળી નથી શકતો. પણ મુખ્ય વાત એ છે કે જે માણસ એક વાર જેટલું પણ સૂતર કે કાપડ પેદા કરે છે તે જ સ્વદેશીને ખરું ઉત્તેજન આપે છે. જો નવી મિલો ફૂંક મારતાં પેદા થતી હોય તો તો આજે જ એક પ્રકારનું સ્વદેશી તો વ્યાપક કરી શકાય. પણ મિલો સ્થાપતાં તો વખત જોઈએ જ. ફૂંક મારીને તો હાથે સૂતર કાંતી શકાય એમાં શક નથી. એક વાર સૂતર કાંતવાનું હરકોઈ સ્ત્રીપુરુષ એક દિવસમાં શીખી શકે.

આમ સૂતર કાંતતી સેંકડો બહેનો થઈ ગઈ છે પણ તેનાં કપડાં પહેરનાર સ્ત્રીપુરુષો નથી મળતાં. એક વર્ષ પહેલાં ખાદી પૂરતા જથ્થામાં નહોતી મળતી. હાથનું કાંતેલું સૂતર પ્રથમ શોધતાં તો ઘણી મુસીબત પડતી હતી. હવે એક વર્ષને અંતે મારી જ પાસે હાથનું કાંતેલું સૂતર એટલું આવવા લાગ્યું છે કે તે બધું હું તુરત નથી લઈ શકતો. ખાદી મારી પાસે એટલી થઈ પડી છે કે તેનો પૂરતો ઉઠાવ નથી થતો.

ત્યારે ખાદીનો અણગમો કેમ દૂર કરી શકાય એ પ્રશ્ન નવું કાપડ ઉત્પન્ન કરવા જેટલો અગત્યનો થઈ પડયો. આપણે ખાદીના કરતાં બારીક હાથના સૂતરનું કાપડ એકાએક નહીં કાઢી શકીએ. લાખો બહેનો ખાદીને લગતું જ સૂતર કાંતશે.

સ્વદેશી ચળવળને ભારે લાભ તો શ્રી સરલાદેવી ચોધરાણીએ આપ્યો. તેમણે રાષ્ટ્રીય હપતામાં ખાદીની સાડી અને ખાદીની ચોળી પહેરવાની ઇચ્છા બતાવી. ખાદીની સાડી પહેરવા તો હું હજુ સુધી એક પણ બહેનને નથી લલચાવી શકયો. એટલે સરલાદેવીજીની વાત મને તો પ્રથમ મશ્કરી સમાન લાગી. પણ તેમણે તો અંતઃકરણથી જ વાત કરેલ અને તે પણ જેવી જાડી

Gandhi Heritage Portal

ખાદી હું જ પહેરું છું તેવી ખાદીની. મેં તેમને સારુ ખાદીની સાડી બનાવરાવી, ચોળી પણ તૈયાર કરાવી ને તેમણે એ જ વસ્તુઓ પહેરી સપ્તાહ ઊજવ્યું. તેમના મામાશ્રીએ[1] પણ જ્યારે પોતાની ભાણેજને તે કપડાં પહેરેલાં જોયાં ત્યારે તેમણે આ ઉદ્ગારો કાઢ્યા, "જો તમારું મન ન શરમાય તો આ પોશાકમાં કંઈ જ ખોટું નથી. તમે એ જ પહેરીને દરેક જગ્યાએ જઈ શકો છો." કવિશ્રીના માનમાં મિસિસ પિટીટને ત્યાં મોટો મેળાવડો તા. ૧૧મીએ હતો. તેમાં તે ખાદીનો પોશાક પહેરીને જઈ શકે કે નહીં એ પ્રશ્ન હતો. તે ઉપરથી કવિશ્રીનું ઉપરનું વચન યાદ લાવી સરલાદેવીજી તો તે મેળાવડો એ જ પોશાક પહેરી પવિત્ર કરી આવ્યાં. ને તેમને જે માન તેમની ભારે રેશમી સાડીઓમાં મળતું તેટલું જ આ ખાદીની સાડીમાં મળ્યું. પછી તો તેઓ સભાઓ વ.માં તે જ ખાદીનાં કપડાં પહેરીને ગયાં ને જ્યાં હું હાજર હતો ત્યાં તો જોઈ શક્યો કે તેમની તરફ તે કપડાંને લીધે સ્ત્રીપુરુષોનો આદર વધ્યો. આમ હિંદુસ્તાનમાં કળાની ઓળખને સારુ પ્રખ્યાત થયેલાં મામા-ભાણેજે કળાની દૃષ્ટિએ તો ખાદીને નાપસંદ ન કરી, એટલું જ નહીં પણ સ્ત્રીઓને સારુ ખાદીના પહેરવેશનો ધનાઢ્યોના મેળાવડામાં પ્રવેશ કરાવ્યો. જે બાઈએ બારીકમાં બારીક સાડી ઇત્યાદિ આજ લગી પહેર્યાં હતાં, તેણે ખાદીની સાડી અને ખાદીની ચોળી પહેરી મગરૂરી માની અને તેના વજનથી ચમક્યાં નહીં. આવો ભાવ સદાને સારુ અથવા તો આ હિંદુસ્તાનના સંધિકાળને સારુ અનેક સ્ત્રીપુરુષોમાં નહીં ફેલાય ત્યાં સુધી સ્વદેશી ચળવળને વિરાટ સ્વરૂપ આપવું એ અસંભવિત માનું છું. કેમ કે લાખો વાર કપડું હાલમાં જો પેદા કરી શકાય તો એ ખાદી જ છે.

પણ હું ખાદી પહેરનારની ઉપર જરાયે દયા ખાતો નથી. મને પોતાને કળાવિહીન હું માનતો નથી. અને મારી દૃષ્ટિએ તો ખાદીમાં હું બહુયે કળા જોઉં છું. મારા અને બીજાઓના જાતિ-અનુભવે કહી શકું છું કે કેલિકો કે જે ઉનાળાના પસીનાથી આપણા શરીરને ચોંટી જાય છે તેના કરતાં ખાદીમાં પસીનો ચૂસી લેવાની વધારે શક્તિ રહેલી છે. એ વધારે ઉપયોગી અને વધારે સારી છે. ખાદી કેલિકોના કરતાં વધારે સુંદર છે; કેમ કે તેમાં આત્મા રહેલો છે. કાપડને વિષે વ્યક્તિત્વનું આરોપણ થઈ શકતું હોય તો ખાદીમાં વ્યક્તિત્વ રહેલું છે એમ કહી શકાય. ખાદીની પ્રત્યેક ક્રિયાના કરનાર કોણ છે એ જાણવું હોય તો આપણે જાણી શકીએ છીએ. ખાદીમાં કંઈકે કારીગીરી રહેલી છે એવું કેલિકોને વિષે નથી એમ આપણે જોઈ શકીશું. જેમ ઝાડનાં બે પાતરાં કેવળ સરખાં હોતાં જ નથી તેમ હાથે કાંતેલા સૂતરની હાથે વણેલી ખાદીના બે તાકા કેવળ સરખા તો હોય જ નહીં. કોઈ ચિતારો બે એકસરખાં ચિત્રો ચીતરતો નથી તેમ ખાદીનો બનાવનાર પણ બે કેવળ એકસરખા તાકા બનાવતો નથી. કેટલાકને તો આ વાત શોકજનક જણાશે. કેટલાક એમ માનતા હશે કે એક જ પ્રકારનું ન ઓળખી શકાય એવું કરોડો વાર કપડું હોય અને કરી શકાય તો જ સારું. આવી યંત્રતાયે જગતમાં કેટલીક વેળા ઉપયોગી હોય છે. પણ યંત્રતા એ કળાને નામે કોઈ દિવસ ઓળખાઈ નથી. ટાંકણીઓ એક જ જાતની આપણે પેદા ન કરી શકીએ, કાગળો એક જ જાતના ન મળી શકે, તો આપણે અવશ્ય મૂંઝાઈએ. પણ આ યંત્રના જમાનામાં એ કળાને પહેચાનનારાં સ્ત્રીપુરુષો તો હાથે તૈયાર થયેલા કાગળો આજ પણ પસંદ કરે છે અને યંત્રથી થયેલા કાગળો અને હાથે બનેલા કાગળો વચ્ચેનો ભેદ હરકોઈ માણસ જોઈ શકશે. હાથે તૈયાર થયેલા કાગળમાં અમુક પ્રકારનું વ્યક્તિત્વ,

૧. રવીન્દ્રનાથ ટાગોર—તેઓ રાષ્ટ્રીય સપ્તાહ દરમ્યાન મુંબઈમાં હતા.

Gandhi Heritage Portal

બનાવનારની કળા રહેલી છે. તેવા કાગળો ઘણાને ન મળી શકે એમ ભલે બનો. અહીં હું તો એટલું જ સિદ્ધ કરવા ઇચ્છું છું કે જેમ કાગળોમાં તેમ હાથે બનેલી ખાદીમાં જે કળા રહેલી છે તે સંચાની બનાવટમાં નથી. આપણે સ્વદેશી વસ્તુઓને વિષે અણગમો પેદા ન કર્યો હોત તો ખાદીમાં રહેલી કળા પણ અંકાત. સ્કૉટલૅન્ડમાં સ્કૉટલૅન્ડની સ્ત્રીઓએ તૈયાર કરેલી ઊનની "ટ્વીડ" આજ પણ સંચાની બનેલી કરતાં વખણાય છે. તેના ખરબચડાપણામાં જે શોભા અને જે ગરમી છે તે સંચાની બનેલી લીસી બનાતમાં નથી એ સ્કૉટલૅન્ડના ઉમરાવો હાથની બનેલી "ટ્વીડ" વાપરીને સિદ્ધ કરી રહ્યા છે. હાથની બનેલી "ટ્વીડ" "ફૅશનેબલ" — કળાવાળી — ગણાય છે. તેથી બનાતના કરતાં તેના વધારે દામ મળે છે.

હિંદુસ્તાનને કમનસીબે હાથની બનાવેલી ખાદી એ તો હલકાઓને જ પહેરવાની ગણાઈ, કળા વિનાની ગણાઈ, તેની કિંમત કોઈ કરતું નથી અને ખાદીના વણનારને ભાગ્યે ૮ આના રોજ પડી શકે છે. જે દેશમાં આવો અવળો ન્યાય છે તે દેશમાં કળાની પરીક્ષાની શી આશા રાખવી? તે દેશમાં ભૂખમરો કેમ ન હોય? આ દેશમાં અત્યારે હાથની કારીગીરીને માન નથી. ધનાઢ્યો યુરોપમાં સાંચામાં બનેલા ચકચકિત માલથી મુગ્ધ થઈ તેમાં કળાનું આરોપણ કરી બેઠા છે તેથી તેમનાં ઘરોમાં, તેમના પહેરવેશમાં હિંદુસ્તાનની કારીગીરીને ક્યાંયે ઉત્તેજન નથી. સુરતના કલેક્ટર સાહેબે એક વખતે સ્વદેશીની ટીકા કરતાં મને કહ્યું, "મારી ડ્રૉઇંગરૂમ તું જો, તેમાં સ્વદેશી કારીગીરીને કેટલું ઉત્તેજન છે એ તું જો, તેમાં કેટલી કળા છે એ જો; અને તેની સરખામણી તારા ધનવાન મિત્રોના ઘરની સાથે કર. પછી સ્વદેશીને કોણ વધારે ઉત્તેજન આપે છે તે મને કહે." આ વચન ખરાં હતાં અને તે સાંભળી હું ઝંખવાણો પડ્યો. મારી દૃઢ માન્યતા છે કે હાથે વણાયેલી ખાદી પહેરવામાં હિંદુસ્તાન જ્યારે માન સમજશે ત્યારે ખાદીમાં રહેલી કળાને સારુ ખાદીને સારું દામ આપશે, ત્યારે હિંદુસ્તાનનો ભૂખમરો જશે અને ગરીબો જેને અનાજનાયે સાંસા છે તેને ત્યાં પૂરું અનાજ આપણે જોઈશું.

આજ તો મારી પાસે ઘણી ખાદી આવી પડેલી છે. વળી બહેનો અને ગરીબ ભાઈઓની પ્રવૃત્તિ અટકાવવાનો સમય આવી પડ્યો છે તેથી મારે કેટલીક સ્વયંસિદ્ધ વાતો મારામાં જે કાંઈ શક્તિ હોય તેનો ઉપયોગ કરીને સિદ્ધ કરવી પડી છે. ખાદીના કોટ, ખાદીનાં અંગરખાં, ખાદીનાં કપડાં મને તો સુશોભિત લાગે છે. પણ એટલી ટોચે હું જો વાંચનારને ન લઈ જઈ શકું તો હું કહેવા ઇચ્છું છું કે ખાદીના બીજા અનેક ઉપયોગો છે. ખાદીનાં દફતર બને, ખાદીના ઝૂલા બને. ખુરશી, કોચ વગેરેને ખાદીથી મઢી શકાય. રંગેલી ખાદીની મોટી જાજમો બને. ખાદીના ચંદરવા બને. ખાદીના જે જે કદના જોઈએ તે તે કદના રૂમાલો બને. ખાદીનાં ગળણાં, ખાદીની કોથળીઓ, ખાદીની ખોળ, ગલેફ વગેરે અનેક પ્રકારની ઉપયોગી વસ્તુઓ બની શકે. ખાદીનો પ્રચાર કરાવવામાં દરેક વાંચનારની સહાય માગું છું. ખાદીને લાલ સ્વદેશી રંગ ચડાવનાર એક ખત્રી મળી આવેલ છે. એની સહાયથી હું કેટલીક ખાદી લાલ રંગાવી રહ્યો છું. ખોળ વગેરેને સારુ લાલ ખાદી વધારે ઉપયોગી છે. દરેક વાંચનારને આટલું યાદ રાખવા વિનંતી છે કે હાથે કાંતવાના ઉદ્યોગમાં અત્યારે અનેક બહેનો રોકાયેલી છે, તેઓમાંની કોઈ અપવિત્ર જિંદગી ગાળતી હતી અથવા તેઓ પોતાનાં બાળકોને સારુ દૂધ જેવી વસ્તુ લેવા અસમર્થ હતી. તે બહેનો અત્યારે પવિત્ર રીતે ઓછુંવત્તું પણ કમાઈ રહેલી છે. એ હિંદુસ્તાનનો ભૂખમરો સહેજે કાઢવાની અને હિંદુસ્તાનમાં પવિત્રતાની પૂરણી ભરવાની કળામાં પ્રત્યેક વાંચનાર ભાગીદાર થાઓ એમ હું ઇચ્છું છું.

Gandhi Heritage Portal

જેઓને ખાદી જોઈએ તેઓએ મને કાગળ લખવાને બદલે ખાદી વિભાગના વ્યવસ્થાપક ઉપર કાગળ સત્યાગ્રહાશ્રમમાં લખવો. મને લખવાથી આવા કાગળોનો જવાબ મળતાં ઢીલ થવાનો સંભવ છે. જે જાતની ખાદી આશ્રમમાં એકઠી થઈ છે તેનો ભાવ વ્યવસ્થાપક સત્યાગ્રહાશ્રમના સરનામેથી મળી શકશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫–૪–૧૯૨૦

## ૧૧૯. કાઠિયાવાડી વિવેક

સાહિત્ય પરિષદ સમયે લાલ દરવાજાની બહારના મેદાનમાં ભાષણ[1] કરતી વખતે મેં કાઠિયાવાડી વિવેકને લગતા કેટલાક ઉદ્‌ગારો કાઢ્યા હતા તે બાબત મારી ઉપર કંઈક કાગળો આવેલા છે. મેં કાઠિયાવાડને ગેરઈન્સાફ આપ્યો છે એવો મારા ઉપર એક કાગળમાં આરોપ મૂકવામાં આવ્યો છે. મારી માન્યતા તો એવી છે કે મેં મારા ભાષણમાં કાઠિયાવાડના વિવેકને વખાણ્યો હતો. તેની અતિશયતાને વખોડી હતી. કાઠિયાવાડમાં જે ઉદારતા, જે વિનય, જે આતિથ્યભાવ, જે સરળતા અને જે પ્રેમ રહેલાં છે, એ મારાથી ન ભૂલી શકાય, ન વખોડી શકાય. પણ કાઠિયાવાડમાં એ જ ગુણોને લીધે તથા બીજા વિરોધી પ્રસંગોને લઈને જે ખટપટ, જે દંભ, અને જે કૃત્રિમતા આવી ગયાં છે તેને વિષે હું ટીકા ન કરું તો જે દોષોમાંથી હું પોતાને બચી ગયેલો માનું છું તે દોષોમાંથી બીજાઓને બચાવવાનો પ્રસંગ હું છોડી દઉં. જ્યાં જ્યાં હું ભમું છું ત્યાં ત્યાં, અને કાઠિયાવાડીના પ્રસંગમાં આવું છું ત્યાં, આ બંને ગુણદોષનો અનુભવ થાય છે. કાઠિયાવાડની ઊછળતી પ્રજા, કાઠિયાવાડનો જુવાનવર્ગ, ગુણોને વધારે ખીલવી, દોષોને ત્યાગી બહુ આગળ વધી શકે છે એ મારી દૃઢ માન્યતા છે. પણ જો જુવાનવર્ગ દોષો ન જ જોઈ શકે તો તેનો ત્યાગ અસંભવિત છે. તેથી મને લખનારાઓને હું નીચેના પ્રશ્નો પૂછીશ:

(૧) તમારો અનુભવ નથી કે બીજાઓના કરતાં વિશેષે કાઠિયાવાડી ખોટો વિવેક કરવા જતાં ન આપવાનાં વચનો આપે છે?

(૨) તમે એવું અનુભવ્યું નથી કે કાઠિયાવાડી બીજાઓનાં કરતાં પોતે માનેલા વિવેકને ખાતર ગજા ઉપરાંત ઊંડા ઊતરે છે?

(૩) તમે એવું અનુભવ્યું નથી કે કાઠિયાવાડી મૂળથી અતિશય વિવેક વાપરતાં છતાં એની કૃતિમાં જાહેર રીતે કે ખાનગી રીતે અવિવેક જોવામાં આવે છે?

મેં તો આ ત્રણે દોષોનો ઠીક ઠીક અનુભવ કર્યો છે. આજ પણ મારી પાસે કાઠિયાવાડને વિષે આ દોષોની રાવ આવ્યા કરે છે. એવું બની શકે કે તેઓના પ્રસંગમાં હું વારંવાર આવું છું તેથી એ દોષ છે તેના કરતાં મારાથી વધારે જોવાતા હોય. એવું પણ બની શકે કે હું પોતે કાઠિયાવાડી હોવાથી મારી પાસે એ દોષોની રાવ વધારે આવતી હોય. જો એમ હોય તો તેનો અર્થ એટલો જ થયો કે બીજાઓના કરતાં કાઠિયાવાડી વધારે દોષવાળા નથી. તોયે હું કાઠિયાવાડીને

૧. આ ભાષણ ૨૭ એપ્રિલ, ૧૯૨૦ને રોજ અપાયું હતું.

Gandhi Heritage Portal

વીનવીશ કે જે હોય તે દોષ પણ કાઢી નાખશો તો તમારું જીવન વધારે પવિત્ર થશે. અને તમે તેથી તમારી પોતાની અને દેશની વધારે સેવા કરી શકશો.

આપણે બીજાના કરતાં વધારે ખરાબ નથી એમ માની ખોટો સંતોષ શાને લઈએ? પણ સ્વતંત્ર રીતે પોતાના દોષ નીરખીને તે દૂર કરવા એ દરેક સ્ત્રીપુરુષનું કર્તવ્ય છે. તેથી મારી ઉમેદ છે કે જે બહાદુરી અને સાહસને સારુ પંકાયેલા છે તે કાઠિયાવાડી પોતાના ઝીણામાં ઝીણા દોષને ઓળખી કાઢીને, દૂર કરીને, પોતાના સાહસની અને બહાદુરીની ભેટ દેશને કરશે અને સ્વર્ગસ્થ નવલરામે[1] જે દોષ આપણામાં નિખાલસભાવે જોયો અને વર્ણવ્યો તેને આવતો કાઢી નાખશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫–૪–૧૯૨૦

## ૧૨૦. એક વર્ષ પૂરું થયું

મિ. હૉર્નિમૅનને દેશનિકાલ થયાને ૨૬મી તારીખે એક વરસ પૂરું થશે. છતાં આપણે એમને હિંદુસ્તાનમાં ફરી લાવી શકયા નથી. જ્યારે બાદશાહનું જાહેરનામું બહાર પડયું[2] ત્યારે સૌએ ધારી લીધું હતું કે મિ. હૉર્નિમૅનનો કેસ પણ તેમાં આવી જાય છે. પણ મુંબઈના ગવર્નર સાહેબે એથી ઊલટું જ ધાર્યું અને અત્યાર લગી તો આ વિષયમાં એમનું ધાર્યું જ કાયમ રહ્યું છે. મિ. હૉર્નિમૅનને પાછા લાવવામાં એક મહાન તત્ત્વનો સમાવેશ થાય છે અને તે શહેરીની સ્વતંત્રતાનો. મિ. હૉર્નિમૅનના ગુણદોષને આપણે એક કોરે મૂકીએ. ભલે તેઓ ગુનેગાર હોય પણ ખૂનીનેયે આધુનિક રાજ્યબંધારણની રૂએ રીતસર તપાસ કર્યા વિના નથી ફાંસીએ ચઢાવી શકાતો, નથી કેદમાં રાખી શકાતો. છેલ્લા બાર માસની અંદર જ અમદાવાદમાં જેની ઉપર ખૂનનો આરોપ હતો, જેને ફાંસીની સજા હતી, જેની પર રીતસર નિમાયેલી કોર્ટે તપાસ ચલાવી હતી તેને કાયદાના ક્રિયાકાંડમાં કાંઈક ભૂલ થઈ ગઈ હતી તેથી છોડી દેવામાં આવ્યો હતો એ પણ આપણા જ ગવર્નરના હુકમથી. આમાં મુંબઈની સરકારે ભારે ન્યાયબુદ્ધિ વાપરી હતી. તે જ ન્યાયબુદ્ધિનો ઉપયોગ મિ. હૉર્નિમૅનના કેસમાં સરકાર કેમ ન કરે? અથવા તો ઉપર પ્રમાણે ન્યાયબુદ્ધિનો ઉપયોગ કરનારી સરકારને વગર તપાસે મિ. હૉર્નિમૅનની સ્વતંત્રતા છીનવી લેવાનું સબળ કારણ હશે એવો પણ બચાવ કોઈ કરે. એ બચાવ અમે વાજબી નહીં ગણીએ. કેમ કે પેલા ખૂનીને વિષે સરકારની હરીફાઈ કરવાનો કશોયે પ્રસંગ ન હતો. મિ. હૉર્નિમૅન એક રીતે સરકારના હરીફ ગણાય. તેમની કલમથી, તેમના ભાષણથી એ સરકારને હરાવી શકતા હતા. તેથી એમની સ્વતંત્રતા છીનવી લેવામાં સરકારનો કાંઈક સ્વાર્થ રહ્યો. અને તેથી જ પેલા ખૂનીને વિષે બતાવેલી ન્યાયબુદ્ધિનો મિ. હૉર્નિમૅનના કેસમાં પ્રયોગ ન થયો. આવી અમારી માન્યતા છે. મિ. હૉર્નિમૅને ગેરકાયદેસર લખાણ કર્યું હોય તો ભલે તેની ઉપર કેસ ચાલે, અને સજા થાય. પણ વગર કેસથી થયેલી સજા રૈયત હરગિજ કબૂલ નહીં કરે. એટલે મિ. હૉર્નિમૅનની સ્વતંત્રતાનો બચાવ કરવામાં પ્રજા પોતાની સ્વતંત્રતાનો બચાવ કરે છે. તેથી અમારી ઉમેદ છે

૧. ૧૯મી સદીના ગુજરાતી લેખક.

૨. ડિસેમ્બર ૨૩, ૧૯૧૯ને રોજ.

Gandhi Heritage Portal

કે પ્રજા મિ. હૉર્નિમૅનના કેસને નહીં ભૂલે પણ ખૂબ મહેનત કરીને ચાંપતા ઉપાયો લઈ મિ. હૉર્નિમૅનની સામેનો મનાઈ હુકમ રદ કરાવશે.

શું થઈ શકે તે હવે જોઈએ. મુંબઈમાં હમેશાં એપ્રિલ-મેનો વખત મંદતાનો રહે છે. આગેવાનો હાજર નથી હોતા તેથી આપણે ૨૬મીને દિવસે અસરકારક સભા મુંબઈમાં કદાચ ન ભરી શકીએ. પણ પહેલે જ પ્રસંગે જંગી સભા એક જ દહાડે આખા મુંબઈ ઇલાકામાં ભરી પ્રજાએ સરકારને બતાવવું જોઈએ કે મિ. હૉર્નિમૅન ઉપરનો હુકમ રદ થયા વિના પ્રજા શાંતિથી ન બેસી શકે. ઠરાવો તો ઘણા થયા એમ માનીને ઠરાવો કરવાની જરૂર નથી એવું આપણે નહીં સમજીએ. ઠરાવોને વિષે આપણું દૃષ્ટિબિંદુ ફરવું જોઈએ. ઠરાવો એ પહેલો અને છેલ્લો ઉપાય સમજાય તે મટીને પ્રજાનો નિશ્ચય જણાવનારું એ પહેલું પગથિયું ગણાવું જોઈએ. અને એ ઠરાવનો અમલ સરકાર ન કરે તો આપણામાં તેનો અમલ કરાવવાની શક્તિ હોવી જોઈએ. એ શક્તિ કઈ, કેવી અને ક્યારે વપરાય તેનો વિચાર આ સમયે કરવાની જરૂર નથી. અને આપણે અત્યારે તો પ્રજા એકમત છે કે નહીં, પ્રજા મિ. હૉર્નિમૅનને છોડાવવાને સારુ પ્રયત્ન કરવા ઇચ્છે છે કે નહીં એ જ જાણવાનું રહ્યું. એ જાણવાનો ઉપાય અમે સૂચવી ગયા છીએ.

[મૂળ ગુજરાતી]
**નવજીવન**, ૨૫–૪–૧૯૨૦

# ૧૨૧. હું વિલાયત કેમ જાઉં?

મારા દરેક કાર્યમાં કેટલાક વાંચનારાઓ એટલો બધો રસ લે છે કે તેઓની જિજ્ઞાસા હમેશાં હું તૃપ્ત નથી કરી શકતો. તેનું કારણ મારી બેદરકારી નહીં પણ મને બધાને ખુલાસા દેવાનો વખત નથી રહેતો અને દરેક પ્રશ્નના ખુલાસા **નવજીવન**માં અપાય તેટલી જગ્યા હું રોકી ન શકું એ છે. છતાં કેટલીક બાબતો સાર્વજનિક હોઈ તેનો ખુલાસો કરવો આવશ્યક ગણું છું. એવો પ્રશ્ન મારા વિલાયત જવાની વાતનો છે.

હું કે જે હમેશાં આગેવાનોના વિલાયત જવાની સામે થનારો છું તે જ આ વેળા કેમ વિલાયત જવા તૈયાર થઈ ગયો એવી શંકા કેટલાક વાંચનારાઓએ કરી છે. મારો અભિપ્રાય તેઓએ બરાબર જાણ્યો છે એટલે શંકા વાજબી છે. પણ મેં એવું કદી નથી માન્યું કે કોઈ પ્રસંગે કોઈથી વિલાયત ન જવાય. એવા પ્રસંગો હું કલ્પી શકું છું કે જ્યારે વિલાયત ન જવું એ ગુનો ગણાય. ખિલાફતના પ્રશ્નને વિષે મારા મનમાં એવું કંઈ જ નથી. જવું જ જોઈએ એવું તો છે જ નહીં.[1] પણ મારા જવાથી કદાચ ફાયદો થાય એમ સંભવે. તેથી મેં એ સવાલનો ફડચો કેવળ મુસલમાન ભાઈઓના હાથમાં જ રાખ્યો છે. તેઓની ઇચ્છા થાય તો હું જવા તૈયાર રહું તેવી તેઓની ઇચ્છા થઈ ત્યારે હું તૈયાર થયો ને બે શરતો મૂકી. એક એ કે અહીં આપણી તૈયારી પૂરી હોવી જોઈએ; અને બીજી એ કે નામદાર વાઇસરૉયની પરવાનગી અને પસંદગી મળવી જોઈએ. વાઇસરૉય સાહેબની પરવાનગી આવી ગઈ. માત્ર જવાની યોગ્યતા વિષે તેઓ સાહેબને અભિપ્રાય આપવામાં સંકોચ થાય છે. તેથી વળી પાછો હું ખિલાફત કમિટી પાસે ગયો અને એવી સ્થિતિમાં મારે શું કરવું જોઈએ એનો ફડચો તેઓની

૧. પહેલું ખિલાફત પ્રતિનિધિમંડળ, જે ૨૬મી ફેબ્રુઆરીએ ઇંગ્લંડ પહોંચ્યું હતું તે હજી ત્યાં હતું.

Gandhi Heritage Portal

જવાબદારી પર મૂક્યો. તેઓમાં મતભેદ છે. એકંદરે અભિપ્રાય એવો પડ્યો છે કે હાલ તો ન જવું જેથી વિલાયત જવું અટકાવી મૂક્યું છે.

જવાનો હેતુ કેવળ ફ્ડચો લાવવાનો જ નથી પણ જો ફડચો આપણી માગણીને અનુકૂળ ન હોય તો હિંદુસ્તાનમાં શું થશે તેની ચેતવણી આપવાનો પણ ખરો. નૉન-કો-ઑપરેશન જેવી-તેવી વસ્તુ નથી. એ જો બરાબર ચલાવી શકાય તો તેની મારફતે સંપૂર્ણ ન્યાય મેળવી શકાય. એટલે એવું ભારે શસ્ત્ર વપરાય તેની પહેલાં સરકારને પૂરેપૂરી ચેતવણી આપવી એ હું જરૂરનું ગણું અને તેથી અનુકૂળતા હોય તો એવી ચેતવણી આપવાને ખાતર વિલાયત જવાનું પસંદ કરું. પણ વાઇસરૉય સાહેબની પસંદગી નહીં આવી અને હજુ આપણી તૈયારી ઓછી છે તેથી મેં એમ માની લીધું કે મારે ન જવું એ વધારે સારું છે. તેમ છતાં જો મુસલમાન ભાઈઓની ઇચ્છા થાય અથવા તો મારું જવું એ સરકારને પ્રિય છે એમ હું જોઉં તો અવશ્ય જવાનો વિચાર કરું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫–૪–૧૯૨૦

# ૧૨૨. વાંચનારને

નવજીવનના કદમાં ને તેની છૂટક નકલની કિંમતમાં અમદાવાદ તથા મુંબઈ ખાતે ફેરફાર હમણાં જ કર્યો. કાગળની તંગી ને તેના ભાવ વધતા જાય છે. એમ જણાય છે કે નવજીવનમાં એક વર્ષ પૂરું થયે એટલે પાંચ માસમાં ખોટ ચાલે છે તેમ ચાલવા દેતાં રૂ. ૧૦,૦૦૦ની ખોટ જશે. જાહેરખબર ન લેવાનો નિશ્ચય તો વાંચનાર પસંદ જ કરશે. ઉપરની મોટી ખોટ જાય એ પણ વાંચનારને પસંદ નહીં પડે એમ ધારું છું. તેથી વ્યવસ્થાપકોએ ઓછામાં ઓછું કદ રાખવાની જે ધારણા રાખી હતી તે ઉપર આવી ગયા છીએ. એટલે આ વેળા વાંચનારને આઠ જ પાનાંનું નવજીવન મળશે. મારી ઉમેદ છે કે વાંચનાર તેથી રોષ નહીં કરે. હું આગળ લખી ગયો છું તેમ વાંચનારને હું તો નવજીવનના ભાગીદાર જ ગણું છું. નવજીવનના વ્યવસ્થાપક નફાની કે વેપારની દૃષ્ટિથી છાપું ચલાવવા માગતા નથી. તેની સાથે ખોટ ખાઈ નવજીવન કાઢવા પણ નથી ઇચ્છતા. જો ખોટ ખાઈને છાપું કાઢવું પડે તો હું એમ જ માનું કે નવજીવનની પ્રજાને જરૂર નથી. પણ મારી માન્યતા જુદી જ છે. વ્યવસ્થામાં જેઓ રોકાયા છે તેઓને સારુ જાહેર-ખબર વિના છાપું ચલાવવાનો આ નવો જ અખતરો છે. વળી કાગળોની કિંમત આટલી વધશે એમ કોઈએ નહોતું ધાર્યું. લડાઈ બંધ થવાથી દામ ઘટશે એમ જ ધારેલું. વળી પ્રથમ જે કાગળો વાપરતા તેથી ચલાવી લેવાશે એમ પણ ધારેલું. અનુભવે માલૂમ પડ્યું કે એવા હલકા કાગળોથી નવજીવનની ફાઈલ રાખવી અશક્ય હતું. આવા સંજોગોમાં લવાજમ મોટું જ હોવું જોઈતું હતું. તેથી હાલ તો જૂના ઘરાકોને મુદ્દલ વધારે ન આપવું પડે તેથી હવે પછી થનાર જાથુ ઘરાકને સારુ લવાજમ ચાર રૂપિયા રાખવાનો ઠરાવ થયો છે. અને જૂના ઘરાકો પણ ખોટ ઓછી કરવામાં ભાગ લે એવા હેતુથી પાનાં આઠ કર્યાં છે. જો કાગળના દામમાં મોટો વધારો નહીં થાય તો આથી વધારે ફેરફાર આ વર્ષમાં તો નહીં કરવા પડે એવી ઉમેદ છે. જે ફેરફાર કરવો પડ્યો છે તેને સારુ વાંચનાર ક્ષમા દેશે એમ માનું છું. છતાં આટલી ખાતરી આપવા

Gandhi Heritage Portal

ઈચ્છું છું કે કદ ઓછું થતાં છતાં પણ વિષયોમાં ઘટાડો નહીં જ થાય ને તે જ વિષયો હજુ વધારે ટૂંકમાં આપી મુદ્દાનું કહેવાનું કંઈ નહીં રહી જાય એવો સતત પ્રયત્ન જારી રહેશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫–૪–૧૯૨૦

## ૧૨૨ (૧) અંત્યજ સ્તોત્રની પ્રસ્તાવના[1]

નડિયાદ,
૧૯૭૬ના ચૈત્ર સુદ ૭,
શુક્રવાર, એપ્રિલ ૨૬, ૧૯૨૦

હિન્દુ ધર્મની વિકરાળ અતિશયતાનો સચોટ દાખલો અંત્યજો તરફનું આપણું વર્તન છે. એ કેટલું અધમ છે, એ આપણને કેટલું શરમાવનારું છે, એ ભાઈ અમૃતલાલ પઢિયારે પોતાના અંત્યજ સ્તોત્રમાં બતાવી આપ્યું છે. તેમાં કવિની અતિશયોક્તિ છે, પણ તે ઘણી જ ઓછી છે. વાંચનારનાં રૂંવાડાં ઊભાં થયા વિના ન રહે એવો હૃદયભેદક ચિતાર ભાઈ પઢિયારે ચીતર્યો છે. આ સ્તોત્રમાં તેમનો ઉકળાટ ઊભરાઈ રહ્યો છે. એ સ્તોત્ર લાખો પુરુષો અને સ્ત્રીઓને વાંચી સંભળાવવું જોઈએ. ચકલે ચકલે સ્ત્રીપુરુષો જેમ ભાગવતાદિ સાંભળે છે, તેમ સંભળાવવું જોઈએ.

આ અસ્પૃશ્યતાના દોષમાંથી આપણે મુક્ત નથી થયા ત્યાં લગી આપણે સ્વરાજ ભોગવવા લાયક છીએ કે નહીં એ મોટો પ્રશ્ન રહેશે. ગુલામના માલેકો જો સ્વરાજ્ય ભોગવવા લાયક કહી શકાય તો આપણે ભલે હોઈ શકીએ, પણ યાદ રાખવાનું છે કે આપણે પોતે અત્યારે પરાધીન દશામાં જ છીએ; તેમાંથી મુક્તિ ઇચ્છનારને પોતાના દોષોનો વધારે વિચાર કરવો ઘટે છે. પડેલાના રજકણ જેટલા દોષો હિમાલય જેવડા ગણાય છે. તેવી જ અંત્યજો પ્રત્યેની આપણી વર્તણૂક છે. અને વધારામાં એ કે આ દોષ જાતે જ હિમાલય જેવડો છે. અને તે આપણી ઉન્નતિને રોકી રહેલ છે.

ગોધરાની અંત્યજ પરિષદ પછી જે ચર્ચા ચાલી છે, તે મેં ધ્યાનપૂર્વક વિચારી છે. મેં અસ્પૃશ્યતા નિભાવી રાખવાના પક્ષમાં એક પણ દલીલ મુદ્દાવાળી નથી જોઈ. જ્યાં શાસ્ત્રની ઉપર હુમલો છે ત્યાં શાસ્ત્રવચન આપી બચાવ કરવો, એ તો આંધળો જે જોઈ ન શકે તેના અસ્તિત્વના ઇનકાર જેવું છે. આપણા વર્તનનો બચાવ આપણે ન્યાયપૂર્વક ન કરી શકીએ તો શાસ્ત્રોનો આધાર નિરર્થક છે. શાસ્ત્રો બુદ્ધિથી અને નીતિથી પર ન હોઈ શકે. જો બુદ્ધિ અને નીતિનો ત્યાગ કરવામાં આવે તો ગમે તે પાખંડનો ધર્મને નામે બચાવ થઈ શકે.

આ ઘોર પાપમાંથી મુક્ત થવાને સારુ આપણે એવો સતત પ્રયાસ કરવો પડશે કે ભાઈ પઢિયાર કહે છે તેમ એ પ્રયાસમાં જ આપણી ભારે ઉન્નતિ સમાયેલી છે. એ પ્રયાસ આપણે પ્રાચીન ઢબ પ્રમાણે કરીશું તો ધર્મનો સંગ્રહ કરતાં કરતાં આપણે કાર્યસિદ્ધિને પામીશું. જો પશ્ચિમની ઢબ પ્રમાણે કરીશું તો અંત્યજો અને આપણી વચ્ચે અંતરાય પડશે.

૧. શ્રી મામાસાહેબ ફડકે તરફથી આ વધારાનો લેખ મળ્યો છે તે ઉમેર્યો છે.

Gandhi Heritage Portal

આપણાં ઘરડેરાં સ્વર્ગવાસી થાય ત્યારે અંત્યજો છૂટશે એ કાયરનું વાક્ય છે. આપણે તપશ્ચર્યા કરી આપણાં ઘરડેરાંઓનાં દિલમાં દયા અને શુદ્ધ ધર્મની વૃત્તિ જાગ્રત કરીએ એમાં આપણો પુરુષાર્થ છે. એ જ આપણું કર્તવ્ય છે. આપણે કહીએ છીએ તેવું હિંમતપૂર્વક કરીએ તો કાર્યસિદ્ધિ તુરત થાય તેવું છે. શત્રુને મારીને રાજ્ય કરવું એ તુચ્છ ઇચ્છા છે, શત્રુને આપણા મતનો બનાવી તેને મિત્ર બનાવવો એ ધર્મ છે.

[મૂળ ગુજરાતી]

अंत्यज स्तोत्र

# ૧૨૩. અખિલ હિંદ હોમરૂલ લીગના સભ્યોને

જે સંસ્થા ખુલ્લી રીતે પૂરેપૂરી રાજકીય છે તેના સભાસદ બનવું એ મારે માટે ધાંધલમાં નહીં પડવાના મારા જીવનધ્યેયથી ચોખ્ખી રીતે જુદો માર્ગ પકડવા જેવું છે. પરંતુ બરાબર વિચાર કર્યા પછી અને મિત્રોની સલાહ લઈને જ હું અખિલ હિંદ હોમરૂલ લીગમાં જોડાયો છું અને એનો પ્રમુખ બન્યો છું.[1] જે કેટલાક મિત્રોની મેં સલાહ લીધી તેમણે મને કહ્યું કે તમારે કોઈ પણ રાજદ્વારી સંસ્થામાં નહીં જોડાવું જોઈએ. અને છતાં જો જોડાશો તો અત્યારે તમે જે તટસ્થતાથી બધી બાબતોનો વિચાર કરી શકો છો તે અદ્‌ભુત તટસ્થતાનું તમારું સ્થાન તમે ગુમાવી બેસશો. હું કબૂલ કરું છું કે આ ચેતવણીની મારા ઉપર ભારે અસર થઈ હતી. સાથે સાથે મને એમ લાગ્યું કે હું જેવો છું તેવો જો લીગ મને અપનાવી લેતી હોય, તો તેમાં ન ભળવું એ પણ બરાબર નથી. કેમ કે એ સંસ્થાનો ઉપયોગ જે વિષયોનો હું ખાસ જાણકાર છું અને જે કાર્યપદ્ધતિઓને સામાન્ય રીતે વપરાતી બીજી પદ્ધતિઓ કરતાં મેં મારા અનુભવ ઉપરથી વધારે ઝડપી અને વધારે સારાં પરિણામો લાવનારી જાણી છે, તેને વિકસાવવામાં કરી શકું એમ છું. બીજું, લીગમાં જોડાતાં પહેલાં મુંબઈ ઇલાકાની બહાર વસતા અને જેમની સાથે મુંબઈ ઇલાકાના સહકાર્યકરો જેટલો નિકટ પરિચય સાધવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું નથી એવા લોકોનો પણ અભિપ્રાય જાણવાનો મેં પ્રયત્ન કર્યો હતો.

મેં ઉલ્લેખ કરેલા વિષયો આટલા છે: સ્વદેશી, ખિલાફતના ખાસ સંદર્ભમાં હિંદુમુસ્લિમ એકતા, હિંદુસ્તાનીનો રાષ્ટ્રભાષા તરીકે સ્વીકાર અને ભાષાના ધોરણે પ્રાંતોની નવેસરથી વહેંચણી. જો લીગના સભ્યો મારું કહેવું માનશે, તો હું બનશે તો લીગને આ કામોમાં જોડી દઈશ, જેથી દેશનો વધારેમાં વધારે સમય અને ધ્યાન એમાં પરોવાયેલાં રહે.

હું નિખાલસપણે કબૂલ કરું છું કે દેશની નવરચનાની મારી યોજનામાં રાજકીય સુધારા ગૌણ સ્થાને છે. કેમ કે મને લાગે છે કે મેં પસંદ કરેલાં કામોમાં જો દેશની તમામ શક્તિને કામે લગાડી શકાય તો અત્યંત ઉત્સાહી ઉદ્દામવાદીઓ પણ ભાગ્યે જ કલ્પી શકે એવા તમામ સુધારા આપણે મેળવી શકીશું. અને વહેલામાં વહેલી તકે પૂર્ણ સ્વરાજ્ય મેળવવાની આપણી પ્રગતિ ઘણી ઝડપી હોવી જોઈએ એ બાબતમાં મારી અભિલાષા બીજાઓ કરતાં સહેજ પણ ઊતરતી નથી. વળી સ્વરાજ્ય તરફની આપણી કૂચમાં, મેં ગણાવેલાં કામોની પ્રગતિ દ્વારા જ

૧. ગાંધીજી ૨૮મી એપ્રિલ, ૧૯૨૦ને રોજ પ્રમુખ બન્યા હતા.

Gandhi Heritage Portal

વધારેમાં વધારે વેગ લાવી શકાશે એવું હું માનતો હોવાથી હું એ કામોને રાષ્ટ્રીય કાર્યક્રમને મોખરે રાખું છું. "પક્ષ" શબ્દના કોઈ પણ અર્થમાં હું અખિલ હિંદ હોમરૂલ લીગને, પક્ષીય સંસ્થા તરીકે ગણીશ નહીં. હું કોઈ પણ પક્ષમાં છું નહીં અને હવે પછી કોઈ પણ પક્ષમાં રહેવા માગતો નથી. હું જાણું છું કે લીગના બંધારણ અનુસાર કૉંગ્રેસને મદદ કરવાની એની ફરજ છે.[1] પરંતુ જેમ બ્રિટિશ પાર્લમેન્ટ, તેમાં બધા પક્ષો હોવા છતાં અને વખતોવખત એક યા બીજા પક્ષનું એમાં વર્ચસ્વ હોવા છતાં, કોઈ પક્ષની સંસ્થા નથી, તેવી જ રીતે હું કૉંગ્રેસને પક્ષીય સંસ્થા માનતો નથી. વધારેપડતી લાગે છતાં હું એવી આશા રાખું છું કે બધા પક્ષો કૉંગ્રેસને એક એવું રાષ્ટ્રીય સંગઠન સમજે, જેમાં દરેક પક્ષને પોતપોતાના વિચારો પ્રમાણે દેશની નીતિ ઘડવાના હેતુથી રાષ્ટ્રને અપીલ કરવાની ભૂમિકા મળી રહે. અને હું લીગની નીતિને એવો ઘાટ આપવા પ્રયત્ન કરીશ કે કૉંગ્રેસ પોતાનું પક્ષવિહોણું રાષ્ટ્રીય સ્વરૂપ જાળવી રાખી શકે.[2]

હવે હું મારી કાર્યપદ્ધતિ ઉપર આવું છું. હું માનું છું કે દેશના રાજકીય જીવનમાં અણનમ સત્ય અને પ્રામાણિકતા દાખલ કરી શકાય છે. લીગ મારી સવિનય કાનૂનભંગની કાર્યપદ્ધતિ અપનાવે એવી હું તેની પાસેથી અપેક્ષા રાખીશ નહીં; પરંતુ આપણી તમામ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં સત્ય અને અહિંસાનો સ્વીકાર થાય તે માટે હું તનતોડ પ્રયત્ન કરીશ. તે પછી આપણે સરકારો અને તેમનાં પગલાંથી ડરવાનું અગર તેમાં અવિશ્વાસ રાખવાનું છોડી શકીશું. પરંતુ આ વિષયને હું આથી વધારે લંબાવવા માગતો નથી. મેં અહીં જે એક ખુલ્લેખુલ્લું વિધાન કર્યું છે તે વાંચીને લોકોના મનમાં અનેક પ્રશ્નો ઊઠશે. તેનું નિરાકરણ સમય જ કરે એમ હું ઇચ્છું છું. અત્યારે મારા પગલાનું (લીગમાં જોડાવાનું) ઔચિત્ય કે આ લેખમાં આલેખેલી નીતિનું સત્ય સાબિત કરવાનો મારો હેતુ નથી. અત્યારે તો હું લીગના સભ્યોને મારા વિશ્વાસમાં લેવા માગું છું; અને મેં અહીં રજૂ કરેલા કાર્યક્રમની સમાલોચના કરવા તથા લીગની ઉન્નતિ માટેનાં સૂચનો કરવા તેમને આમંત્રણ આપું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २८–४–१९२०

૧. અખિલ હિંદ હોમરૂલ લીગ હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ સાથે જોડાયેલી હતી.

૨. ૧૯૨૦ના સપ્ટેમ્બર માસમાં ગાંધીજીએ હોમરૂલ લીગના બધા સભ્યોને કલકત્તામાં એકઠા કર્યા હતા અને લીગના સિદ્ધાન્તોને બદલીને તેને એવું સ્વરૂપ આપ્યું હતું જે પાછળથી કૉંગ્રેસે પોતાના નાગપુર અધિવેશનમાં અપનાવી લીધું હતું. એમણે લીગનું નામ પણ બદલીને "સ્વરાજ્ય સભા" રાખ્યું હતું.

Gandhi Heritage Portal

## ૧૨૪. હું ખિલાફત આંદોલનમાં શા માટે જોડાયો છું?

દક્ષિણ આફ્રિકાના મારા એક માનવંતા મિત્ર હાલ ઇંગ્લંડમાં રહે છે. તેમણે મને એક પત્ર લખ્યો છે. તેમાંથી નીચેનો ઉતારો આપું છું:

> દક્ષિણ આફ્રિકામાં તમે જ્યારે આંદોલન ચલાવતા હતા ત્યારે રેવરન્ડ જે. જે. ડોક[1] તમને મદદ કરતા હતા. એ અરસામાં હું તમને મળ્યો હતો એ તમને બરાબર યાદ હશે. દેશમાં તે વખતે તમે જે રીતે કામ કરી રહ્યા હતા તે રીત સાચી હતી એવી મારા ઉપર ઊંડી છાપ પડી હતી. તે પછી હું ઇંગ્લંડ પાછો ફર્યો હતો. યુદ્ધ પહેલાંના મહિનાઓ દરમ્યાન મેં તમારી વતી લેખો લખ્યા હતા, ભાષણો આપ્યાં હતાં અને અનેક સ્થળોએ લોકો સાથે વાતચીત કરી હતી એ બદલ મને પસ્તાવો થયો નથી. પરંતુ લશ્કરની નોકરીમાંથી પાછા ફર્યા પછી છાપાં ઉપરથી મારા ધ્યાનમાં આવ્યું છે કે તમે પહેલાંના કરતાં વધારે લડાયક વલણ અપનાવતા જણાઓ છો. . . . ટાઇમ્સમાં એક હેવાલ મારા જોવામાં આવ્યો છે કે ઑટોમન સામ્રાજ્યના ભાગલા પાડવા બાબતમાં અથવા કૉન્સ્ટેન્ટિનોપલમાંથી તુર્કસ્તાન સરકારને હાંકી કાઢવા બાબતમાં[2] ઇંગ્લંડ તથા મિત્રરાજ્યોને મૂંઝવવાના ઇરાદાથી તમે હિંદુમુસલમાનો એક થાય તેવો પ્રયત્ન કરી રહ્યા છો અને તે કામમાં મદદ આપી રહ્યા છો. હું જાણું છું કે તમારામાં ન્યાયની ભાવના અને દયાભાવ રહેલાં છે. વળી આ બાબતના તમારા વિચારોનો પ્રચાર કરવા આ દેશમાં મેં પણ મારો નમ્ર ફાળો આપ્યો છે. આ બધું જોતાં મને લાગે છે કે ઉપર જણાવેલો ટાઇમ્સનો હેવાલ સાચો છે કે કેમ એ વિષે તમને પૂછવાનો મને અધિકાર છે. ઇસ્તંબૂલ (તુર્કસ્તાન) સરકારની ક્રૂર અને અન્યાયી આપખુદીને માનવતાનાં હિતો કરતાં વધારે મહત્ત્વ આપવાના હેતુથી જ તમે એક આંદોલન ઊભું કરવાની ભૂલ કરી હોય એમ તો હું માની શકતો નથી, કેમ કે પૂર્વમાં જો કોઈ પણ દેશે આ માનવહિતોને કચડયાં હોય તો તે અવશ્ય તુર્કસ્તાને જ. સીરિયા અને આર્મિનિયામાં કેવી સ્થિતિ પ્રવર્તે છે તેનો મને અંગત અનુભવ છે, એટલે જો ટાઇમ્સમાં પ્રસિદ્ધ થયેલો હેવાલ ખરો હોય તો હું એટલું જ અનુમાન બાંધી શકું કે તમે તમારી નૈતિક જવાબદારીઓને બાજુએ મૂકીને અત્યારે પ્રવર્તતાં અરાજકતાવાદી બળો પૈકી કોઈકના પક્ષમાં જઈ બેઠા છો. પરંતુ તમે મને જણાવો નહીં કે તમારું વલણ આવું નથી ત્યાં સુધી હું કશો પૂર્વગ્રહ બાંધવા માગતો નથી. આશા રાખું છું કે તમે મને આનો જવાબ આપવાની કૃપા તો કરશો જ.

આ પત્રનો જવાબ[3] મેં આપી દીધો છે. પરંતુ આ અવતરણમાં જણાવેલા વિચારો મારા અનેક અંગ્રેજ મિત્રો ધરાવતા હોવાનો સંભવ છે. વળી મારાથી બને તો આ મિત્રોની મૈત્રી અથવા તેમનો મારા પ્રત્યેનો આદર હું ગુમાવવા માગતો નથી. તેથી ખિલાફતના પ્રશ્ન વિષે મારા

૧. જોસેફ જે. ડોક (૧૮૬૧–૧૯૧૩); જોહાનિસબર્ગના બૅપ્ટિસ્ટ ચર્ચના પાદરી; ૧૯૧૧માં ગાંધીજી અને પોલાક જેલમાં હતા ત્યારે આ પાદરીએ ઇન્ડિયન ઓપીનિયનનું સંપાદનકાર્ય કર્યું હતું.

૨. મિત્રરાજ્યોએ તુર્કસ્તાન સમક્ષ રજૂ કરેલી સુલેહની શરતો માટે જુઓ પરિશિષ્ટ ૧.

૩. આ જવાબ મળતો નથી.

Gandhi Heritage Portal

કેવા વિચારો છે તે હું બને તેટલી સ્પષ્ટતાથી આ લેખમાં રજૂ કરવા પ્રયત્ન કરીશ. બેજવાબદાર પત્રકારિત્વને લીધે જાહેર કાર્યકર્તાને માથે કેવું જોખમ રહે છે તે આ પત્ર ઉપરથી જોઈ શકાય છે. મારા મિત્રે ટાઇમ્સના જે હેવાલનો ઉલ્લેખ કર્યો છે તે મારા જોવામાં આવ્યો નથી. પરંતુ એટલું તો સ્પષ્ટ છે કે આ હેવાલે પત્ર લખનારના મનમાં એવી શંકા પેદા કરી છે કે "હું અત્યારે પ્રવર્તતાં અરાજકતાવાદી બળો"ના પક્ષમાં જઈ બેઠો છું અને "મારી નૈતિક જવાબદારીઓને" મેં "બાજુએ મૂકી દીધી છે."

ખરી વાત એ છે કે નૈતિક જવાબદારીઓનું મને ભાન હોવાથી જ મેં ખિલાફતનો પ્રશ્ન ઉપાડી લીધો છે અને હું મુસલમાનો સાથે સંપૂર્ણ રીતે એકરૂપ થઈ ગયો છું. એ વાત બિલકુલ સાચી છે કે હું હિંદુઓ અને મુસલમાનો એક થાય તેવો પ્રયત્ન કરી રહ્યો છું અને તેમાં મદદ આપી રહ્યો છું. પરંતુ તે "ઑટોમન સામ્રાજ્યના ભાગલા પાડવા બાબતમાં ઈંગ્લંડ અને મિત્ર રાજ્યોને મૂંઝવવાના ખ્યાલથી" તો અવશ્ય નહીં જ. સરકારોને અથવા બીજા કોઈને પણ મૂંઝવવાનું મારા સિદ્ધાન્તની વિરુદ્ધ છે. આ ઉપરથી એમ નથી સમજવાનું કે મારાં અમુક કાર્યોથી કોઈને મૂંઝવણ નહીં જ થાય. પરંતુ અન્યાય કરનારને તેના કુકર્મમાં મદદ કરવાનો ઈનકાર કરીને હું અન્યાયનો પ્રતિકાર કરું ત્યારે જે પરેશાની ઊભી થાય, તેને માટે હું મારી જાતને જવાબદાર ગણતો નથી. ખિલાફતના પ્રશ્નમાં વચનભંગ થઈ રહ્યો છે. તેમાં હું ભાગીદાર થવા માગતો નથી. મિ. લૉઈડ જૉર્જે ગંભીર વચન આપ્યું છે. હિંદુસ્તાનના મુસલમાનોનો આખો દાવો એ વચન ઉપર નિર્ભર છે. અને એ દાવાને એમનાં ધર્મશાસ્ત્રના પ્રમાણનો ટેકો હોય એટલે તે વિવાદથી પર બની જાય છે. બીજું, એમ કહેવું પણ ખોટું છે કે હું "અત્યારે પ્રવર્તતાં અરાજકતાવાદી બળો પૈકી કોઈકના પક્ષમાં જઈ બેઠો છું." અથવા તો "ઈસ્તંબૂલ સરકારની ક્રૂર અને અન્યાયી આપખુદીને માનવતાનાં હિતો કરતાં વધારે મહત્ત્વ આપવાના હેતુથી જ આ આંદોલન ઊભું કરવાની મેં ભૂલ કરી છે." મુસલમાનોની આખી માગણીમાં ઈસ્તંબૂલ સરકારની કહેવાતી અન્યાયી ગેરવાજબી આપખુદીને કાયમ રાખવાનો ક્યાંયે આગ્રહ કરવામાં આવ્યો નથી. એથી ઊલટું, બિનમુસ્લિમ લઘુમતીઓના રક્ષણ માટે એ સરકાર પાસેથી પૂરેપૂરી બાંયધરીઓ લેવાનો સિદ્ધાન્ત મુસલમાનોએ સ્વીકારેલો છે. આર્મિનિયા અને સીરિયાની સ્થિતિ કેટલે અંશે "અરાજકતાભરી" કહી શકાય અને તુર્કસ્તાનની સરકારને એને માટે કેટલે અંશે જવાબદાર ગણી શકાય તેની મને ખબર નથી. મને તો પાકો સંદેહ છે કે આ પ્રદેશોમાંથી આવતા હેવાલોમાં ઘણી અતિશયોક્તિ હોય છે અને સીરિયા તથા આર્મિનિયામાં ચાલી રહેલા ગેરવહીવટ માટે કેટલેક અંશે યુરોપની સત્તાઓ પોતે જ જવાબદાર છે. પરંતુ તુર્કસ્તાનમાં કે બીજાં કોઈ સ્થળે અરાજકતાને ટેકો આપવામાં મને જરાયે રસ નથી. મિત્ર રાજ્યો આ અરાજકતાને બીજાં સાધનો વડે સહેલાઈથી ખતમ કરી શકે તેમ છે. એને માટે તુર્કસ્તાનના શાસનનો અંત લાવવાની કે ઑટોમન સામ્રાજ્યના ભાગલા પાડી તેને નબળું બનાવી મૂકવાની કંઈ જ જરૂર નથી. મિત્રરાજ્યો સમક્ષ કોઈ નવી પરિસ્થિતિ આવી પડી નથી. જો તુર્કીના ભાગલા પાડવા હતા, તો યુદ્ધની શરૂઆતમાં જ એ વાત સ્પષ્ટ કરી દેવી જોઈતી હતી. તો પછી વચનભંગનો પ્રશ્ન ઊભો જ નહીં થાત. હવે તો એવું બન્યું છે કે હિંદુસ્તાનના કોઈ પણ મુસલમાનને બ્રિટિશ પ્રધાનોનાં વચનોમાં ઈતબાર રહ્યો નથી. આ મુસલમાનો એમ માને છે કે તુર્કસ્તાનની વિરુદ્ધ જે જેહાદ ઉપાડવામાં આવી છે તે ઈસ્લામ વિરુદ્ધની ખ્રિસ્તી ધર્મની જેહાદ છે, અને એમાં ઈંગ્લંડ અગ્રેસર છે. શ્રી મહમદઅલીના છેલ્લા તારથી આ માન્યતાને ટેકો મળે છે.

Gandhi Heritage Portal

તેઓ લખે છે કે મારા પ્રતિનિધિમંડળને ઇંગ્લંડમાં આવકાર મળ્યો નથી, પરંતુ ફ્રેંચ સરકાર અને ત્યાંના લોકો તરફથી એને ઘણું પ્રોત્સાહન મળી રહ્યું છે.

આમ જો એ વાત સાચી હોય, અને હું માનું છું કે તે સાચી છે કે હિંદુસ્તાનના મુસલમાનોની માગણી ન્યાયી છે અને તેને તેમનાં ધર્મશાસ્ત્રોનો ટેકો છે, તો હિંદુઓ એમનો પૂરેપૂરો પક્ષ ન લે એનો અર્થ એટલો જ થાય કે તેઓ કાયર છે અને ભ્રાતૃભાવનાનો ભંગ કરી રહ્યા છે. એનું પરિણામ તો એ આવે કે હિંદુઓ એમના મુસલમાન દેશબંધુઓ પાસેથી કોઈ પણ પ્રકારની હમદર્દી મેળવવાનો અધિકાર ગુમાવી બેસે. એટલે જો હું હિંદુસ્તાનના મુસલમાનોને એમની ધાર્મિક માન્યતાઓ અનુસાર ખિલાફતને ટકાવી રાખવાની એમની લડતમાં એક લોકસેવક તરીકે સાથ ન આપું, તો લોકહૃદયમાં મારું સ્થાન હોવાનો મારો જે દાવો છે તેને માટે હું નાલાયક નીવડું. હું માનું છું કે મુસલમાનોનો પક્ષ લઈને હું સામ્રાજ્યની સેવા કરી રહ્યો છું, કેમ કે એમની લાગણીને શિસ્તબદ્ધ વાચા આપવામાં મદદ કરવાથી આ આંદોલનને પૂરેપૂરું વ્યવસ્થિત રાખવાનું અને સફળ પણ બનાવવાનું શકય બને છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २८–४–१९२०

## ૧૨૫. અસહકાર

ખિલાફત આંદોલન સંબંધમાં વિચારવામાં આવેલા અસહકારને टाइम्स ऑफ इन्डियाના એક લેખકે, એ અદ્ભુત દૈનિકના તંત્રીએ તથા મિસિસ એની બેસંટે, સૌએ પોતપોતાની રીતે વખોડી કાઢયો છે. આ ત્રણે લેખોમાં સ્વાભાવિક રીતે જ એને લગતી બીજી અનેક આડકતરી બાબતોની ચર્ચા કરવામાં આવી છે. થોડા વખત પૂરતી હું એને બાજુ પર રહેવા દેવા માગું છું અને હાલતુરત એ લેખકોએ ઉઠાવેલા બે ગંભીર વાંધાનો જવાબ આપવા માગું છું. જો આ વાંધાઓ ઉગ્ર ભાષામાં લખાયા હોત તો તેના ઉપર ઝાઝું ધ્યાન આપવાની જરૂર રહેત નહીં, પરંતુ એ સંયમપૂર્વક લખાયા છે તેથી એ વધુ વિચાર માગી લે છે. આ લેખકો માને છે કે અસહકારમાં હિંસાને દૂર રાખવાનું અશકય નહીં તોપણ મુશ્કેલ તો જરૂર બનશે. टाइम्स ऑफ इन्डियाના તંત્રીલેખમાં લખ્યું છે કે વાસ્તવમાં હિંસાનો આરંભ ખરેખર થઈ ચૂકયો છે, કેમ કે કલકત્તા અને દિલ્હીમાં બહિષ્કારનો આશ્રય લેવાવા લાગ્યો છે. મને ભય છે કે અત્યારે કેટલેક અંશે બહિષ્કાર રોકવો અશકય છે. મને યાદ છે કે દક્ષિણ આફ્રિકામાં જયારે "પૅસિવ રિઝિસ્ટન્સ"ની લડતનો આરંભ થયો હતો ત્યારે શરૂઆતમાં જે લોકો એમાં જોડાયા નહોતા તેમનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. બહિષ્કાર ઉગ્ર છે કે શાંત છે તેનો આધાર એ કેવી રીતે અમલમાં મુકાય છે તેના ઉપર રહે છે. કોઈ ધાર્મિક સંમેલનમાં જો પાદરી પોતાના ચારિત્ર કરતાં પોતાની પદવીને વધારે મહત્ત્વ આપતો હોય અને શ્રોતાઓ તેની સાથે બેસીને પ્રાર્થનાગીત ગાવાનો ઇનકાર કરે તો તેમાં કંઈ ખોટું નથી. પરંતુ જો કોઈ વ્યક્તિનું અંગત જીવન અપમાન, મહેણાંટોણાં કે ગાળો વડે અસહ્ય બનાવી મૂકવામાં આવે, તો તે બહિષ્કાર ઉગ્ર બની જશે. લોકો અધીરા થઈને વેરભાવથી બહિષ્કારનો આશરો લેવા માંડે એમાં જ હિંસાનું ખરું જોખમ રહેલું છે. દાખલા તરીકે, જો એકાએક કર ભરવાનું બંધ કરી દેવામાં



Gandhi Heritage Portal

આવે અથવા સૈનિકો ઉપર હથિયાર છોડી દેવાનું દબાણ કરવામાં આવે તો આવું બને ખરું. પરંતુ મને પોતાને આમાં કોઈ ખરાબ પરિણામોનો ડર નથી એનું કારણ એટલું જ છે કે દરેક જવાબદાર મુસલમાન સમજે છે કે અસહકારને જો સફળ બનાવવો હશે તો એમાં સહેજ પણ હિંસા ચાલશે નહીં. બીજો વાંધો એ ઉઠાવવામાં આવ્યો છે કે નોકરી છોડી દેનારાઓ ભૂખે મરે એવો સંભવ છે. આવું બનવાનો કંઈક સંભવ છે ખરો, પરંતુ હકીકતમાં એવું ભાગ્યે જ બને છે; કેમ કે જે લોકો એકાએક બેરોજગાર બની જવાનો સંભવ છે તેમને માટે સમિતિ યોગ્ય વ્યવસ્થા કરવાની જ છે. પરંતુ હું હવે પછીના અંકમાં આ આખા મુશ્કેલ પ્રશ્નની વિસ્તારથી ચર્ચા કરવા માગું છું. તે વખતે હું ધારું છું કે હું સમજાવી શકીશ કે પ્રતિકૂળ નિર્ણય આવતાં જો મુસલમાનોની લાગણીને માન આપવું હશે, તો અસહકાર સિવાય બીજો કોઈ માર્ગ બાકી રહેતો નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २८-४-१९२०

# ૧૨૬. ખાદીના ઉપયોગ

સ્વદેશીની ચળવળ કૂદકે ને ભૂસકે આગળ વધી રહી છે અને મુસલમાનો હિંદુઓના જેટલા જ ઉત્સાહથી એને અપનાવી રહ્યા છે, ત્યારે સ્વદેશીને ઉત્તેજન આપવાની સારામાં સારી રીત કઈ છે, તેનો વિચાર કરવાનું ઠીક થઈ પડશે. જેણે હજી સ્વદેશીનો કક્કો ઘૂંટવાનું જ શરૂ કર્યું છે તેવી વ્યક્તિ પણ એટલું તો સમજે છે કે આપણી જરૂરિયાત જેટલું કાપડ આપણે પેદા કરતા નથી. એટલે જો આપણે કેવળ મિલમાં બનેલું કાપડ વાપરીને બેસી રહીએ, તો એનો અર્થ એટલો જ થાય કે ગરીબ લોકોને જે જરૂરી છે તે કાપડ તેમની પાસેથી ઝૂંટવાઈ જાય અથવા કંઈ નહીં તો મિલના કાપડની કિંમતમાં વધારો તો થાય જ. એટલે આપણે વધારે કાપડ ઉત્પન્ન કરવું એ જ સ્વદેશીને ઉત્તેજન આપવાનો એકમાત્ર રસ્તો છે. બિલાડીના ટોપની માફક મિલો એકાએક ઊભી થઈ શકતી નથી. એટલે આપણે હાથે કાંતેલા સૂતરનો અને હાથે વણેલા કાપડનો સહારો લીધે જ છૂટકો છે. આજે સૂતર જેટલું મોંઘું છે એટલું કદાચ ક્યારેય નહોતું. આથી મિલો અત્યારે એમાંથી ધૂમ નફો કરી રહી છે. એટલે જે કોઈ વ્યક્તિ, એક વાર જેટલું પણ સૂતર હાથે કાંતે છે તે તેના ઉત્પાદનમાં એટલો વધારો કરે છે અને એને સસ્તું બનાવે છે.

બીજો પ્રશ્ન સૂતર કેવી રીતે કાંતવું અને કપડું કેવી રીતે વણવું એ છે. હું મારા અંગત અનુભવ ઉપરથી જાણું છું કે જો લોકો એમ માનતા થાય કે સામાન્ય બરનું કાપડ પહેરી શકાય છે, તો બજારમાં હાથે કાંતેલા સૂતરના અને હાથે વણેલા કાપડના ઢગ ને ઢગ ખડકી શકાય તેમ છે. આ કાપડને ઉત્તર હિંદમાં ખદ્દર કહે છે અને મુંબઈ ઇલાકામાં ખાદી કહે છે. સરલાદેવીએ[1] બતાવી આપ્યું છે કે ખાદીમાંથી સાડીઓ પણ બનાવી શકાય છે. તે બદલ એમને ધન્યવાદ ઘટે છે. એમણે વિચાર કર્યો કે જો રાષ્ટ્રીય સપ્તાહમાં હું ખાદીનાં સાડી-કબજો

૧. સરલાદેવી ચૌધરાણી.

Gandhi Heritage Portal

પહેરીશ તો તેની મારફતે મારી ભાવના સારામાં સારી રીતે વ્યક્ત થઈ શકશે. એમણે એ પ્રમાણે કર્યું પણ ખરું. એમણે ખાદીની સાડી પહેરીને સમારંભોમાં ભાગ લીધો. મિત્રો માનતા હતા કે એમનાથી ખાદીની સાડી પહેરાશે જ નહીં. તેઓ ધારતા હતા કે જે સ્ત્રીએ ઝીણામાં ઝીણી રેશમી કે ઢાકાના મલમલની સાડી સિવાય બીજું કશું કદી પહેર્યું નથી તેનાથી જાડી ખાદીનું વજન સહી શકાશે જ નહીં. સરલાદેવીએ આ બધી દહેશતો ખોટી પાડી છે અને તેઓ પોતાની ચમકદાર રેશમી સાડીઓમાં જેવાં ચપળ અને સુંદર લાગતાં હતાં તેના કરતાં ખાદીની સાડીમાં જરા પણ ઓછાં ચપળ કે ઓછાં સુંદર લાગતાં નહોતાં. જ્યારે એમના મહાન મામા સર રવીન્દ્રનાથ ટાગોરે એમને ખાદીની સાડીમાં સજ્જ થયેલાં દીઠાં, ત્યારે તેમણે તેમને કંઈક આવા શબ્દોમાં આશીર્વાદ આપ્યા હતા : "જો આ સાડી પહેરવાથી તમને કશું અજુગતું ન લાગતું હોય, તો તમે એ પહેરીને ગમે ત્યાં અને ગમે તે સમારંભમાં જઈ શકો છો. પછી તમને લાગશે કે એ તમને બંધબેસતી થઈ ગઈ છે." આ પુનિત ઘટનાનું વર્ણન હું એટલા માટે કરું છું કે હું એમ બતાવવા માગું છું કે હિંદુસ્તાનના અત્યંત કલાપ્રેમી લોકો પૈકી બે વ્યક્તિઓને ખાદીમાં કશી કલાહીનતા દેખાઈ નથી. આ જ કાપડને હું હિંદુસ્તાનમાં સુધરેલાં કુટુંબોમાં દાખલ કરવાની હિંમત કરું છું, કેમ કે સ્વદેશી ચળવળની પ્રાથમિક અવસ્થામાં એની તાત્કાલિક સફળતા, આ કાપડના ઉપયોગ પર આધાર રાખે છે.

મારા મનથી તો ખાદી એની સાથે સંકળાયેલી ઉચ્ચ ભાવનાને લીધે ઢાકાની ઝીણામાં ઝીણી મલમલ કરતાં પણ કોઈ પણ વખતે વધારે કલાત્મક છે. આજે ખાદી ભૂખે મરતા લોકોનું પોષણ કરી રહી છે. ચારિત્ર્યહીન જીવનમાંથી ઉદ્ધારવામાં આવેલી સ્ત્રીઓને તે રોટલો આપી રહી છે, અથવા જે સ્ત્રીઓ ઘરની બહાર કામ કરવા જવા માગતી ન હોવાથી બેકાર રહીને કામધંધાને અભાવે અંદરોઅંદર ઝઘડા કરતી હતી તેમનું પોષણ કરી રહી છે. એટલે ખાદીમાં એક પ્રકારનું એનું પોતાનું ચૈતન્ય રહેલું છે, એની પોતાની એક આગવી વિશેષતા રહેલી છે. ખાદી પહેરનાર વ્યક્તિ કહી શકે છે કે આ કાપડ કેવી કેવી પ્રક્રિયાઓ દ્વારા તૈયાર કર્યું છે. જો આપણી રુચિમાં વિકૃતિ ન થઈ હોત તો ઉનાળાની ઋતુમાં પણ આપણે શરીરે ચોંટી જાય એવા ઝીણા કૅલિકોને બદલે ખાદી જ પસંદ કરતા હોત. અત્યારે જેઓ ખાદી પહેરતા થયા છે તેઓ ધારે તો મારા કથનના સત્યની ખાતરી કરાવી શકે છે.

આ ખાદી અત્યારે સત્યાગ્રહ આશ્રમમાં એકઠી થઈ રહી છે. એનો ભરાવો એટલો બધો થઈ ગયો છે કે મારી પાસેની જગામાં એ સમાતી પણ નથી. એટલે યંગ ઇન્ડિયાના વાચકો પાસે મારી માગણી છે કે તેઓ પોતાનાં ઘરોમાં ખાદી વાપરવાનું શરૂ કરીને મારી વહારે ધાય.

આશ્રમને આ ખાદીમાંથી કશો નફો થતો નથી એ કહેવાની જરૂર ન હોય. જે કાંઈ બચત થાય છે તે શરૂઆતની અવસ્થામાં ગયેલી ખોટ ભરપાઈ કરવામાં વપરાય છે, અથવા બીજાં સ્થળો કરતાં ખાદીની પડતર કિંમત વધારે આવે છે તેવા જિલ્લાઓમાંથી આવેલી ખાદીની કિંમત ઘટાડવામાં આ બચત વપરાય છે, કેમ કે ખાદીની પડતર કિંમત બધી જગાએ સરખી હોતી નથી. વણકરોને પોતાનો અસલ ધંધો શરૂ કરવાને લલચાવવા માટે હાલ તુરત માટે તેમના નિર્વાહ જેટલી રોજી મારે આપવી પડે છે.

બહારના પોશાક માટે ખાદી વાપરવાની કોઈની મરજી ન હોય, તોપણ અંડરવેર માટે તેઓ તેનો ઉપયોગ કરી શકે છે. પરંતુ પોતાના અંગત પહેરવેશ માટે જેમને ખાદીનો ઉપયોગ ન કરવો હોય તેઓ પણ અમુક ચીજો બનાવવામાં એ વાપરી શકે છે, જેમ કે: ટોપી, ટુવાલ,

Gandhi Heritage Portal

લુછણિયાં, ટેબલક્લૉથ, દફતર, ચાદર, ગોદડાં, બિસ્તરા, પાથરણાં, તકિયા, ફર્નિચરના ગલેફ વગેરે. હું સ્વદેશી રંગ વાપરીને એને લાલ રંગમાં રંગાવી રહ્યો છું. એમ કરવાથી તે વધારે ટકાઉ બને છે અને વપરાય છે. પાથરણાં, ગોદડાં કે સોફા-ખુરશીના ગલેફના ઉપયોગમાં તે ઓછી મેલી દેખાય છે. જે લોકો ગરીબ અને તરછોડાયેલા લોકોના આ ઉદ્યોગને ઉત્તેજન આપવા માગતા હોય તેમને મારી સલાહ છે કે તેઓ નીચેને સરનામે પત્રવ્યવહાર કરીને ખાદી મંગાવી લે :

વ્યવસ્થાપક, ખાદી વિભાગ, સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી

**ખાદીના ભાવ નીચે પ્રમાણે છે**

**મિલના સૂતરના તાણાવાણાવાળી ખાદી :**

| | |
|---|---|
| | રૂ. આ. પા. |
| બેસૂતી તાણાવાણાવાળી ખાદી | |
| પહોળાઈ ૨૫ ઇંચ, એક વારના | ૦—૯—૦ |
| ,, ૨૭ ,, ,, | ૦—૯—૬ |
| ,, ૩૦ ,, ,, | ૦—૧૦—૦ |
| ખાદી—તાણો મિલના સૂતરનો અને વાણો હાથે કાંતેલા સૂતરનો | |
| પહોળાઈ ૨૭ ઇંચ, ૨૦ નંબરનો તાણો એક વારના | ૦—૯—૬ |
| ,, ,, ૮ ,, ,, | ૦—૮—૦ |
| ,, ૨૪ ૨૦ ,, ,, | ૦—૮—૦ |
| લીટીવાળી ખાદી ,, | ૦—૮—૬ |
| લાલ રંગની ખાદી ,, | ૦—૮—૬ |

**ખાદી—હાથે કાંતેલા તાણાવાણાવાળી**

| | |
|---|---|
| પહોળાઈ ૨૪ ઇંચ એક વારના | ૦—૮—૦ |
| ,, ૨૭ ,, ,, | ૦—૮—૬ |

ધોયેલી ખાદી માટે ઉપરના દરોમાં ૦—૦—૬ ઉમેરી લેવા.

[મૂળ અંગ્રેજી]

**यंग इन्डिया**, ૨૮—૪—૧૯૨૦

Gandhi Heritage Portal

# ૧૨૭. મગનલાલ ગાંધીને પત્ર

મુંબઈ,

વૈશાખ સુદ ૧૦ [એપ્રિલ ૨૮, ૧૯૨૦][1]

ચિ. મગનલાલ,

તમારાથી વિખૂટો પડયા પછી મને બહુ વેદના થઈ. અનાયાસે જ તમારા નિરાશાના ઉદ્‌ગારો સાંભળ્યા. એ તમે કેમ સંઘરી રાખ્યા? તમારું કામ તો જે નિરાશા થાય તે તુરત મારી પાસે જ મૂકવાનું છે. હવે તો હું એટલું જ માગી લઉં છું કે તમે દિલ ખોલીને મને તમારા બધા ઉદ્‌ગારો બતાવજો. તમારા લખવાથી હું કંટાળીશ નહીં. તમે નહીં લખો તો હું મૂંઝાઈશ. દરમ્યાન જે શ્લોકે મને નિરાશાને સમયે મદદ કરી છે તે તમને મોકલું છું.

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत[2] ।।

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૭૮૪

શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

# ૧૨૮. તુર્કસ્તાનની સંધિ વિષે અખબારી નિવેદન[3]

સાં રેમોમાં મળેલી પરિષદે[4] લીધેલા નિર્ણય સંબંધમાં જે તાર આવ્યો છે તે અત્યંત બેચેની ઉપજાવે તેવો છે. આ નિર્ણય મુસલમાનોનાં મન ખૂબ જ અસ્વસ્થ કરી મૂકશે એ વાત નક્કી છે. તેમ છતાં હું આશા રાખું છું કે મુસલમાન નેતાઓનાં દિલ આથી ભાંગી પડશે નહીં કે ગુસ્સામાં આવીને તેઓ ગમે તે કરી બેસશે નહીં. આમાં જે પ્રશ્નો સંડોવાયેલા છે તે અતિશય મહત્ત્વના છે. એટલા માટે પોતાની જાત ઉપર વધારેમાં વધારે સંયમ રાખવાનું ખૂબ જ આવશ્યક છે.

૧. ૨૭મી એપ્રિલ, ૧૯૨૦ને દિવસે ગાંધીજી અમદાવાદથી મુંબઈ જવા નીકળ્યા હતા. એટલે ઘણું કરીને આ પત્ર એમણે ૨૮મી તારીખે લખ્યો હતો. તે દિવસે વૈશાખ સુદ ૧૧ હતી. દશમનો ક્ષય હતો.

૨. હે કૌન્તેય! ઇંદ્રિયોના વિષયો જોડેના સ્પર્શો ઠંડી, ગરમી, સુખ અને દુઃખ દેનારા હોય છે. તે અનિત્ય હોઈ, આવે છે ને અલોપ થાય છે. હે ભારત! તેમને તું સહન કરી છૂટ. જુઓ ભગવદ્‌ગીતા, અધ્યાય ૨, ૧૪.

૩. આ નિવેદન ૨૯-૪-૧૯૨૦ના ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં તથા ૫-૫-૧૯૨૦ના યંગ ઇન્ડિયામાં પણ પ્રસિદ્ધ થયું હતું.

૪. તુર્કસ્તાન સમક્ષ રજૂ કરવા માટેની સંધિની શરતોને આખરી સ્વરૂપ આપવા ૨૬મી એપ્રિલ, ૧૯૨૦ને રોજ ભરાયેલી મિત્રરાજ્યોની પરિષદ. એમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે સ્મર્ના અને થ્રેસ ગ્રીસ લોકોને આપવાં, મેસોપોટેમિયા અને પૅલેસ્ટાઈન બ્રિટિશ "મેન્ડેટ" બને, અને સીરિયા તથા સિલિશિયા ફ્રેન્ચ "મેન્ડેટ" બને વગેરે. વળી જુઓ પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

હું તો હજી પણ માનું છું કે હિંદુસ્તાનના દિલમાં જે કારી ઘા થઈ રહ્યો છે તેનું દર્દ શિસ્તબદ્ધ રીતે વ્યક્ત કરી શકવા માટે એકમાત્ર ઉપાય અસહકાર છે. આપણો માર્ગ થકવી નાખે એવો અને કાંટાથી ભરેલો છે એ હું જાણું છું. પરંતુ મને ખાતરી છે કે પોતાના પશુબળ ઉપર મુસ્તાક મિત્રરાજ્યો પાસેથી આપણે ન્યાય ખેંચી લઈ શકીશું. હું બરાબર સમજું છું કે હિંસાનો જવાબ હિંસાથી આપવાની લાલચને દબાવી રાખવાનું ઘણે ભાગે અશક્ય છે. છતાં મને ચોક્કસ લાગે છે કે જો આપણે સહેજ પણ હિંસા આચરીશું તો તે આંધળી બનીને આપણને જ ભરખી જશે; એટલું જ નહીં પણ અત્યારે ઇસ્લામ માટે જે કંઈ આશા છે તેના ચૂરેચૂરા થઈ જશે. એથી ઊલટું, આપણે શાંત રહીને સંપૂર્ણ અસહકાર કરીશું તો તેનું અનિવાર્ય પરિણામ એ આવશે કે તુર્કસ્તાન અંગે મિત્રરાજ્યો જે કંઈ વ્યવસ્થા કરશે તે તેમણે બદલવી જ પડશે. અને એમણે કરેલો નિર્ણય અન્યાયી હતો તથા એનાથી નામદાર સમ્રાટના પ્રધાનોએ આપેલાં ગંભીર વચનોનો ભંગ થતો હતો એ વાત બતાવી આપી શકાશે. જે લોકોને અસહકારમાં વિશ્વાસ નથી એમને તો બહુ જ નમ્રભાવે હું આટલું જ કહી શકું: "જો અસહકારના કાર્યક્રમને નિષ્ફળ કરવામાં તમે ફાવશો, અને તેને બદલે વિરોધના ખાલી દેખાવ કરતાં જેમાં કંઈક વિશેષ હોય, એવું અને જેનો આશરો લેવાથી ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય જ, એવું કોઈક નિશ્ચિત અને અસરકારક પગલું નહીં સૂચવી શકો તો તમે હિંસા ફેલાવવાને વેગ આપશો."

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, २९-४-१९२०

## ૧૨૯. સરલાદેવી ચૌધરાણીને પત્ર

એપ્રિલ ૨૯, ૧૯૨૦

આ લખી રહ્યો છું ત્યારે દીપકને[1] બાલકૃષ્ણના મધુર સિતાર સાથે ગાતો સાંભળું છું. બાલકૃષ્ણ મને ભગવાન પાસેથી મળેલી મહા ભેટ છે. તે ફૂલ જેવો નિર્દોષ છે. મારી સંભાળ માના જેવી રાખે છે.

ખિલાફત વિષે એ. પી.[2]ને મેં સંદેશો આપ્યો છે તે તમે વાંચ્યો? यंग इन्डियानी નકલ તમારી પાસે ન હોય એમ ધારીને એક નકલ મોકલું છું. એમાંથી ખાદી ઉપરનો મારો લેખ જરૂર વાંચજો.

કાલે ગવાયેલું ભજન મોકલું છું:

मोरी लागी लगन गुरुचरननकी
चरन बिना मुझे कछु नहीं भावे,
झूठ माया सब सपननकी. मोरी०

૧. સરલાદેવી ચૌધરાણીનો પુત્ર.

૨. ઍસોસિયેટેડ પ્રેસ. અહીં ગાંધીજી ઘણું કરીને ૨૯મી એપ્રિલ, ૧૯૨૦ને રોજ વર્તમાનપત્રોમાં છપાયેલા પોતાના નિવેદનનો ઉલ્લેખ કરી રહ્યા છે. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

भवसागर सब सूख गया है,
फिकर नहीं मुझे तरननकी. मोरी०
मीरां कहे प्रभु गिरिधर नागर
उलट भई मोरे नयननकी. मोरी०

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : महादेवभाईनी डायरी, પુસ્તક પાંચમું

## ૧૩૦. મગનલાલ ગાંધીને પત્ર

સિંહગઢ,
વૈશાખ સુદ ૧૨ [એપ્રિલ ૨૯, ૧૯૨૦][1]

ચિ. મગનલાલ,

તરસ્યો જેમ પાણીની રાહ જુએ તેમ હું તમારા કાગળની રાહ જોઈ રહ્યો છું. તમને નિરાશ જોઉં છું ત્યારે મારા હાંજા ગગડી પડે છે. કેમ કે તમારી ઉપર મેં આશાનો કોટ ચણ્યો છે. તમે તમારો એક પણ ઉદ્ગાર મારાથી ન છુપાવો એમ હું ઇચ્છું છું. તો જ હું તમારી ભક્તિ સંપૂર્ણપણે રાખી શકું. એટલે તમારે મને આટલું અભયદાન તો આપવું જ જોઈએ. ભાઈ નરહરિનો કિસ્સો તો તમે જાણતા હશો. તેણે કંઈક પોતાના મનમાં રાખી મૂક્યું ને તેનાથી અજાણતાં મને ગેરઇન્સાફ થઈ ગયો. તેનો દાખલો તમને જરાયે લાગુ નહીં પડતો હોય. એ દાખલો પણ નજીવો હતો. પણ તેમાંથી આપણને બધાંને શીખવાનું તો ઘણુંયે મળે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૭૮૫
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

૧. ૧૯૨૦ના એપ્રિલની ૨૯મી તારીખે ગાંધીજી સિંહગઢમાં હતા.

Gandhi Heritage Portal

# ૧૩૧. અબ્દુલ બારીને પત્ર

[સિંહગઢ,]
એપ્રિલ ૩૦, ૧૯૨૦

પ્રિય મૌલાના સાહેબ,

હું ફૈઝાબાદ ન આવ્યો તે માટે તમારી માફી ચાહું છું. મારી તબિયતને ગંભીર ઈજા પહોંચાડયા વિના હું આવી શકું એમ નહોતું. અને કાંઈ નહીં તો આવી રહેલી લડત માટે હું તબિયત સાચવવા ઇચ્છું છું. મારો ડાબો પગ ખોટકી ગયો હોય એમ લાગે છે. અહીં તેને બરાબર કરી દેવાની આશા રાખું છું, જો થોડા દિવસ અહીં રહી શકું તો. આપણા મિત્રો આગળ મારા તરફી વકીલાત કરશો.

ઇંગ્લંડ જવા વિષે તો બધું તમે સાંભળ્યું હશે. મિત્રો જવાનું ખાસ ઇચ્છે તે વિના મારી જવાની ઇચ્છા નહોતી. એવું કાંઈ જણાયું નહીં એટલે મિ. મૉન્ટેગ્યુને મેં તાર[1] કરી દીધો છે. તેના જવાબની રાહ જોઉં છું.

મને એ બહુ જરૂરનું લાગે છે કે કાયમ સલાહ-મસલત માટે મૌ. અબુલ કલામ આઝાદ અને મૌ. શૌકતઅલીએ મુંબઈમાં રહેવું જોઈએ.[2] સંગઠન તરત જ શરૂ થઈ જવું જોઈએ. મૌ. અબુલ કલામ આઝાદ હજી માંદા છે એ કમનસીબી છે. બને તેટલા વહેલા મુંબઈ આવી જવાનું મેં એમને કહ્યું તો છે.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. જુઓ "હિંદી વજીરને તાર", ૧૩–૪–૧૯૨૦ પછી.

૨. આનું કારણ એ હતું કે ગાંધીજી સાથે આ બે નેતાઓ પણ, ખિલાફતના પ્રશ્ન પર આંદોલન ક્યારે શરૂ કરવું તેનો નિર્ણય કરવા અખિલ હિંદ ખિલાફત સમિતિએ નીમેલી પેટાસમિતિના સભ્યો હતા.

Gandhi Heritage Portal

# ૧૩૨. સરલાદેવી ચૌધરાણીને પત્ર

સિંહગઢ,
એપ્રિલ ૩૦, ૧૯૨૦

ગઈ કાલે પૂનાથી સિંહગઢ ઊપડતાં પહેલાં તમને એક કાગળ[1] પેન્સિલથી લખ્યો છે. દાક્તરે મને કહેલું કે મારું શરીર બહુ નંખાઈ ગયેલું છે. અને ચાલીને ઉપર ચઢવાનું સાહસ મારે કરવું જોઈએ નહીં. પણ મારી મૂર્ખામાં મને લાગ્યું કે હું ચઢી શકીશ. એટલે મહાદેવ, દીપક અને હું ચઢવા લાગ્યા. પણ તમને જાણીને દુઃખ થશે કે અર્ધો ફર્લાંગ પણ અમે ગયા નહીં હોઈએ ત્યાં તો મારા ડાબા સાથળમાં અસહ્ય વેદના થવા લાગી અને મારે પ્રયાસ છોડી દેવો પડ્યો. હું બહુ શરમિંદો પડી ગયો અને મારી તાકાત આટલી બધી ઘટી ગઈ છે એ જાણીને ખૂબ દુઃખી થયો. પણ આવી ભૂંડી હાલતમાં પણ મારે પ્રફુલ્લિત રહેવું જોઈએ. હું પ્રયત્ન કરીશ.

બે સ્વપ્નાંમાંથી હમણાં જ ઊઠ્યો. એક સ્વપ્નું તમારે વિષે હતું અને બીજું ખિલાફતનું. તમે બે જ દિવસમાં પાછાં આવ્યાં તેથી મને ખૂબ આનંદ થયો. મેં પૂછ્યું કે આટલાં જલદી ક્યાંથી? તમે કહ્યું કે, "એ તો મને પોતાની પાસે બોલાવી લેવાની પંડિતજીની[2] યુક્તિ હતી. જગદીશનાં[3] લગ્નની તો હજી ઘણીયે વાર છે એટલે પાછી આવી." પછી મને ખબર પડી કે એ તો સ્વપ્નું હતું એટલે મારો આનંદ ઊડી ગયો. હું ફરીથી ઊંઘી ગયો, ત્યાં મુસલમાનોની એક મોટી મજલિસમાં જઈ પહોંચ્યો. સામાન્ય ભાષા તરીકે હિંદુસ્તાનીના ઉપયોગ વિષે બોલતાં એક વક્તાએ જણાવ્યું કે બગદાદી લોકો જે બોલી બોલે છે તેને પણ હિંદુસ્તાનીની જ શાખા ગણવી જોઈએ અને તેનો અભ્યાસ કરવો જોઈએ. સભામાંથી બીજાઓએ આમ હિંદુસ્તાનની બહાર જવા સામે વિરોધ કર્યો. અબદુલ બારી સાહેબ મારી બાજુમાં જ બેઠા હતા. તેમણે પેલા વક્તાનો પક્ષ લીધો. પણ સભાજનો એટલા ગુસ્સે ભરાઈને વિરોધ કરવા લાગ્યા કે તેઓ કશું બોલી શક્યા નહીં. પેલા વક્તા પ્રત્યેનું આ જાતનું વર્તન બારીસાહેબને પસંદ ન પડ્યું. મેં એના ગુણદોષ સમજાવવા માંડ્યા. પછી એ શી રીતે થઈ શકે એ મુદ્દા ઉપર ચર્ચા ઊતરી. કોઈ પણ ભોગે સત્યને વળગી રહેવાની આવશ્યકતા ઉપર મેં ભાર મૂક્યો. એટલામાં સભામાં ગરબડ મચી અને હું જાગી ગયો. જાગીને તરત આ કાગળ લખવા બેઠો છું.

દીપક મહાદેવની સાથે ખુરશી વિના ચઢી ગયો. તેથી એને કશું જ થયું નથી. નીકળતી વખતે એણે દૂધ પી લીધું હતું અને આવીને કેક ખાધી. અત્યારે ઘસઘસાટ ઊંઘે છે. પ્રભુદાસ બહુ સારો દેખાય છે અને વધારે સ્ફૂર્તિમાં છે. બાલકૃષ્ણ અમારી સામા અડધે રસ્તે આવ્યા હતા. રેવાશંકરભાઈ આવતી કાલે આવવાના છે. ડૉક્ટર હમણાં જ મારે માટે બે બકરીઓ લઈને આવ્યા. મને ખબર મળી છે કે ટિળક મહારાજ પણ આજે સાંજે આવવાના છે. એમના માણસો તો એમના બંગલામાં આવી પણ ગયા છે.

૧. અહીં ગાંધીજી ઘણું કરીને પોતાના તા. ૨૯-૪-૧૯૨૦ના સરલાદેવી ચૌધરાણી ઉપરના પત્રનો ઉલ્લેખ કરી રહ્યા છે. તેઓ એ જ તારીખે પૂનાથી સિંહગઢ જવા નીકળ્યા હતા.

૨. સરલાદેવીના પતિ પંડિત રામભજદત્ત ચૌધરી. દીપક તેમનો દીકરો.

૩. સરલાદેવી ચૌધરાણીના સૌથી મોટા પુત્ર.

Gandhi Heritage Portal

બકરીઓ હવે પોતાના રુચિર સંગીત સાથે દાખલ થાય છે. લગ્ન પતી ગયું હોય અથવા મુલતવી રહ્યું હોય તો હું આશા રાખું છું કે તમે પણ મંડળીમાં ભળશો અને તમારા સંગીતથી તથા તમારા હાસ્યથી આનંદમાં વૃદ્ધિ કરાવશો.

આમ તો હું લખ્યે જ જાઉં પણ મારે અટકવું જોઈએ. તમને કંટાળો આવશે એ ભય નથી, પણ મારે બીજાં કામોને પહોંચી વળવું જોઈએ.

તમે (જલિયાંવાલા) બાગ ફંડમાં[1] તમારી બંગડીઓ આપવાનું જાહેર કર્યું હતું તેની માગણી કરતા લાલા ગિરધારીલાલના કાગળની મને હમણાં જ યાદ આપવામાં આવે છે. મને લાગે છે કે એ ગઈ કાલે તમને મોકલી આપવામાં આવી છે. ગમે તેમ હો હું એ વાતની તમને યાદ દેવડાવું છું. મેં ધારેલું કે તમે ત્યાં ને ત્યાં જ બંગડીઓ આપી દીધી હશે.

મારા પગની તો તમે ચિંતા કરશો જ નહીં. આ સ્થળની ગજબ હવાથી હું સાજોતાજો થઈ જઈશ. દીપકની પણ કશી ચિંતા ન કરશો. અમે બધા એની સંભાળ રાખીશું. શંકરલાલ[2] એને મોટરમાં કોલાબા ફરવા લઈ ગયા હતા. એમણે મને પૂછ્યું કે એને સિનેમામાં લઈ જાઉં? મેં કહ્યું "એ જવાબદારી હું ન લઉં. તમારી જો રજા હોય તો બીજી કોઈ વાર એને મોકલીશ." મેં તો એને બદલે એને કોલાબા અથવા વિક્ટોરિયા ગાર્ડનમાં ફરવા લઈ જવા કહ્યું. ફરવા જવાનો ઈતિહાસ આ છે. મહાદેવ તથા દીપક શંકરલાલ સાથે જમ્યા હતા. દીપકની બાબતમાં મેં કહ્યું તે ખરું હતું ને?

પ્યાર,

તમારો

સ્મૃતિકાર (લૉ-ગિવર)

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૩૩. ગિલેસ્પીને પત્ર[3]

[સિંહગઢ,]

એપ્રિલ ૩૦, ૧૯૨૦

ખ્રિસ્તી ધર્મમાં પ્રાર્થનાને બહુ મહત્ત્વ આપ્યું છે તે મને ખબર છે. પણ મારી છાપ એવી છે કે સઘળી પ્રાર્થનાઓની માફક ખ્રિસ્તી પ્રાર્થના પણ મોટે ભાગે કેવળ યાંત્રિક થઈ ગઈ છે અને ઘણી વાર સ્વાર્થી પણ હોય છે. હિંદુ પ્રાર્થનાવિધિમાંના આ યાંત્રિક અને સ્વાર્થી અંશ સાથે મારી તમામ શક્તિથી હું ઝઘડી રહ્યો છું.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. જલિયાંવાલા બાગ સ્મારક ફંડ.

૨. શંકરલાલ બૅંકર.

૩. અમદાવાદના રેવરંડ ગિલેસ્પી.

Gandhi Heritage Portal

# ૧૩૪. મિસિસ ઝીણાને પત્ર[1]

એપ્રિલ ૩૦, ૧૯૨૦

મિ. ઝીણાને કહેશો કે તેમને હું યાદ કરું છું. તેમને હિંદુસ્તાની અથવા ગુજરાતી શીખી લેવા તમારે સમજાવીપટાવીને તૈયાર કરવા જોઈએ. તમારી જગ્યાએ હું હોઉં તો હું તો તેમની સાથે હિંદુસ્તાની અથવા ગુજરાતીમાં જ બોલવાનું શરૂ કરી દઉં. તેમ કરવામાં તમારું અંગ્રેજી તમે ભૂલી જાઓ અથવા એકબીજાની વાત તમે સમજી ન શકો એવો કશો ભય નથી. કે પછી છે?

ત્યારે શરૂ કરશો ને? મારા પ્રત્યે પ્રેમ રાખો છો તે ખાતર પણ શરૂ કરવાનું હું તમને કહું છું.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

# ૧૩૫. લૅઝરસ ગેબ્રિયલને પત્ર[2]

[સિંહગઢ,]
એપ્રિલ ૩૦, ૧૯૨૦

મારા બે દીકરા[3] મેં દક્ષિણ આફ્રિકાને આપ્યા છે. તેમને ઠીક લાગે ત્યાં સુધી તેઓ ત્યાં રહે. એથી વધારે આપવાની મારી શક્તિ નથી. જેટલા માણસ મળી શકે એટલાની અહીં જરૂર છે. તે જ પ્રમાણે પૈસાનું.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું.

૧. મહમદઅલી ઝીણાનાં પત્ની. મિ. ઝીણા પહેલાં રાષ્ટ્રવાદી મુસ્લિમ નેતા હતા. પછીથી તેઓ પાકિસ્તાનના સ્થાપક બન્યા હતા.

૨. દક્ષિણ આફ્રિકાના લૅઝરસ ગેબ્રિયલ.

૩. મણિલાલ અને રામદાસ, એમને ગાંધીજીએ ઇન્ડિયન ઓપીનિયનનું સંચાલન કરવા ૧૯૧૬માં ફિનિક્સ મોકલ્યા હતા.

Gandhi Heritage Portal

## ૧૩૬. નિર્મળાને પત્ર[1]

એપ્રિલ ૩૦, ૧૯૨૦

તમારી સાથે વાત થયા પછી તમારા વિચારો મને બહુ આવ્યા છે. હું જોઉં છું કે તમે ધારો તો ઘણું કરી શકો તેમ છો. પણ તમારું મન સ્થિર થવાની જરૂર છે. તમે સાંભળો અને વાંચો તેટલું વિચારવું જોઈએ ને તેનો અમલ કરવો જોઈએ. તમારી વિચારશક્તિ મંદ છે એમ હું તમારી નોટબુક ઉપરથી જોઈ શક્યો. હવે મારી સલાહ આ છે. તમે જેટલું વાંચો તેનો અર્થ સમજો ને વિચારો, સારું લાગે તેનો અમલ કરો. *નવજીવન* ધ્યાનપૂર્વક વાંચવું. ગીતાજીના દરેક શ્લોકનો અર્થ વિચારવો. ત્યારે જ તમે આગળ વધશો. આશ્રમમાં જ મરવું છે એવો નિશ્ચય કરી આશ્રમમાં દરેક કામ જોઈ લેવું. તેમાં તમે ક્યાં વધારેમાં વધારે ઉપયોગી થઈ શકશો એ જોઈ જવું ને તે પ્રમાણે ચાલવું. ચિ. મગનલાલને મળતા રહેવું ને તેમની પાસેથી બધું જાણવું. તેમની પાસેથી કામ માગવું. તમે બાળક છો, બીજાની સામે કેમ બોલાય એમ વિચારી કોટડીમાં ભરાઈ ન રહેવું, પણ તમે જ્યાં સુધી તમારું હૃદય સ્વચ્છ છે ત્યાં સુધી બધાની સાથે ભળી શકો છો એમ માની, સર્વ ભાઈ છે એમ સમજી બધાની પાસેથી શીખવું. બધાની સેવા કરવી. યોગ્ય સમયે હું તમને મુંબઈ લઈ જઈશ. તમારું લખાણ ચોખ્ખું કરજો. અક્ષર છાપેલા જેવા કરજો. મને નિયમસર શાહીથી સાફ અક્ષરે લખજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

*મહાદેવભાઈની ડાયરી*, પુસ્તક પાંચમું.

## ૧૩૭. મંગળદાસ પારેખને[2] પત્ર

સિંહગઢ,
એપ્રિલ ૩૦ [૧૯૨૦][3]

સુજ્ઞ ભાઈશ્રી મંગળદાસજી,

તમારો કાગળ મળ્યો. મળતી વખતે બપોરના ત્રણ વાગ્યા હતા. આ જવાબ તુરત જ મોકલું છું. છતાં ૧લી તારીખે તો નહીં જ પહોંચે. મને લાગે છે કે અંબાલાલભાઈ[4] ઉપર તમે અઘટિત વહેમ લાવો છો. મેં તો આપણે મળ્યા ત્યારે પણ તમને કહેલું કે અંબાલાલભાઈની સાથે કેટલાક દર નક્કી કર્યા છે. હું વધારે વાતમાં ન ઊતર્યો કેમ કે હું એમ સમજેલો કે હું

૧. ગાંધીજીનાં બહેન રળિયાતબહેનના પુત્ર ગોકળદાસની વિધવા. ગાંધીજીના કહેવાથી તે સાબરમતી આશ્રમમાં રહેવા આવ્યાં હતાં. જુઓ પુસ્તક ૧૫, પા. ૨૭૦.

૨. અમદાવાદના મિલમાલિક, એમણે કોચરબમાં આશ્રમ સ્થાપવામાં ગાંધીજીને મદદ કરી હતી.

૩. ૩૦મી એપ્રિલ, ૧૯૨૦ને રોજ ગાંધીજી સિંહગઢમાં હતા. આ પત્રમાં મિલમાલિકો અને મજૂરો વચ્ચેના જે ઝઘડાની ચર્ચા કરવામાં આવી છે તે ઝઘડો આ વરસના એપ્રિલ અને મે માસમાં થયો હતો.

૪. અંબાલાલ સારાભાઈ.

Gandhi Heritage Portal

શા સારુ તેને ત્યાં ગયેલો તે તમે જાણતા હતા. તેમની સાથે થયેલી વાત કંઈ પણ તમારાથી છુપાવવાની હતી નહીં તેમ જ તેમની સાથે તમને ખબર આપ્યા પછી મસલત કરવામાં પણ મેં કશું અઘટિત ન માન્યું. જે મિલો મસલત કરે તેની સાથે મસલત કરી. હડતાળનું સ્વરૂપ સંકુચિત કહી શકાય તેટલું કરવું એ મેં યોગ્ય ગણ્યું અને હજી ગણું છું. હું તમને કેમ ખાતરી આપી શકું કે મારે મારો કક્કો જગતમાં ખરો કરવાનો તલભાર પણ લોભ નથી. ન્યાયનો કક્કો ખરો પડાવવા મહા પ્રયત્નો કરું છું. અને ઘણી વેળા મારી પ્રવૃત્તિમાં શુદ્ધ ન્યાય જ હોય છે અને તેની તો જીત જ થયા કરે છે. તેથી લોકો ભોળવાઈ જઈ એમ માને છે કે હું મારો કક્કો ખરો કરાવવા મથું છું. મારો વિશેષ અનુભવ મળ્યે તેઓ જોઈ શકે છે કે મારી પાસે મારો કક્કો એવું કાંઈ છે જ નહીં. કેમ કે મને નથી જોઈતું ધન, ને નથી જોઈતું માન. ધનથી કંટાળીને તેનો ત્યાગ કર્યો. મારી હાજતો મિત્રવર્ગ મારફતે પ્રભુ પૂરી પાડયા જ કરે છે. માન મારા અંતરાત્મા પાસેથી મેળવીને હું ઊભરાયા કરું છું. એટલે બીજેથી મળે તેને સારુ અવકાશ પણ નથી. પછી કયા પ્રસંગને સારુ મારા કક્કાનો મને લોભ રહે? આપણાં દૃષ્ટિબિંદુ જ નોખાં છે, એટલે આપણામાં ભેદ રહી જાય છે. તમે માનો છો કે હાલ જે મજૂરોને પુષ્કળ મળે છે, અને જે મળશે તેનો તેઓ સદુપયોગ નહીં કરે. હું માનું છું કે હાલ તેઓને ઘણું થોડું મળે છે. જે વધારો મેં માગ્યો છે તે પણ તેઓની બધી હાજતોને સારુ પૂરતો છે એમ તો હું ગણતો નથી[1] અને જે મળશે તે વધારાનો તેઓ દુરુપયોગ જ કરશે એ હું સિદ્ધાંતરૂપે નથી માની લેતો. તેથી મુંબઈના મોટામાં મોટા દર લગભગ માગું છું. અને તેમાં જરાયે અન્યાય જોતો નથી. હું તો તમને કહી પણ ચૂકયો કે મુંબઈના સાંચા પાછળ જે ખર્ચ થાય છે તેની ખબર જો મને પ્રથમ પડત તો જ્યારે પંચનું નક્કી કર્યું ત્યારે મુંબઈના દરની સાથે મુકાબલો કરવાનું હું હરગિજ કબૂલ ન કરત. અમદાવાદના ઉદ્યોગને જરાયે નુકસાન ન પહોંચે એ જોવાનો મારો ધર્મ છે. અને પૂરેપૂરા ત્રીસ રૂ. અપાવતાં પણ એ ધર્મ સંપૂર્ણ રીતે જળવાય છે એમ હું જોઈ શકું છું. પણ તમે ન જોઈ શકો તેથી મને હઠાગ્રહી માનો, પણ હું કેમ માનું? હું તો જોઈ શકું છું કે આપણી વચ્ચે સમજી શકાય એવો ભેદ છે. તમારી સાથે ભળવાની ખાતર હું ઘણાંયે પગલાં ભરવા તૈયાર છું, પણ મજૂરોને અન્યાય આપીને એક પણ પગલું ન ભરું. તમને જે કાગળ લખ્યો તેમાં અંબાલાલભાઈનો મુદ્દલ હાથ નથી. હું તો માનું કે જે તેમણે કર્યું છે એ તદ્દન નિખાલસ ભાવથી કર્યું છે. તમારી આબરૂને હાનિ પહોંચાડવા કંઈ જ નથી કર્યું. અને જો હું એમ સમજું તો એક ક્ષણ વાર પણ તેમની સાથે ન ભળું. મને તો જેવી તેમની તેવી જ તમારી આબરૂ વહાલી છે. હું કેવળ તમારું શુભ થાય તેમાં જ ભાગ લેવા ઇચ્છનારો છું. મારી હજુ એ વિનંતી છે કે જે ભાવો અંકાયા છે તે ભાવો કબૂલ રાખી લો અને તમારી પાસે અત્યારે અનસૂયાબહેન અને ભાઈ શંકરલાલ જેવા નિર્મળ કામ કરનારા મળ્યા છે તેમની સહાયથી અમદાવાદના ઉદ્યોગને ઊંચી પાયરીએ ચડાવો અને બીજાઓને દૃષ્ટાંતરૂપ થાઓ.

મારી પોતાની તબિયત અત્યારે તો ખૂબ લથડી છે, નહીં તો હું સીધો તમારી પાસે ચાલ્યો આવત. તમે જ બની શકે તો સિંહગઢ આવજો અને થોડો આરામ લેજો. ગભરાવાનું જરાયે કારણ નથી.

૧. ૩૧મી માર્ચે ગાંધીજીએ મિલમાલિકોને લખ્યું હતું કે તમારા મજૂરોને તમારે અમુક અમુક સવલતો આપવી.

Gandhi Heritage Portal

આપે મોકલેલા કાગળો પાછા મોકલું છું.

શ્રી મંગળદાસ પારેખ

અમદાવાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીની સહી વિનાની ઑફિસમાં રાખેલી કાર્બન નકલ પરથી નકલ : એસ. એન. ૭૦૪૪

## ૧૩૮. એડા વેસ્ટને પત્ર

[સિંહગઢ,]
એપ્રિલ ૩૦, ૧૯૨૦

પ્રિય બહેન દેવી,[1]

આજે જ્યાં પહોંચ્યો છું એ, એક નાનો, એકાંત, ઐતિહાસિક કિલ્લો છે.[2] આસપાસનું દૃશ્ય ભવ્ય છે અને હવા બહુ જ તાજગી આપનારી છતાં સખત નથી. મારું શરીર બહુ નિચોવાઈ ગયું છે. તેને આસાએશ આપવા અહીં આવ્યો છું. મારી સાથે ડૉ. જીવરાજ મહેતા, મહાદેવ દેસાઈ, સ્વામી આનંદ, પ્રભુદાસ,[3] બાલકૃષ્ણ તથા દીપક એટલા છે. એમાંથી એકલા પ્રભુદાસને જ તમે ઓળખો છો. આ કાગળમાં બીજાઓની ઓળખાણ આપીશું નહીં, કારણ કાગળ મારે ઝટ પૂરો કરવો છે. અત્યારે માથું ખૂબ ફાટે છે. પણ તમારો કાગળ હાથમાં લીધો છે એટલે જવાબ પૂરો જ કરું.

બાની તબિયત સરસ છે. હરિલાલનાં બાળકોની એ સંભાળ રાખે છે. ગઈ તા. ૨૦મીએ ફાતિમાનાં લગ્ન એક સુંદર જુવાનની સાથે થઈ ગયાં.[4] લગ્નવિધિ બહુ સાદો, કશી ધમાલ વિનાનો હતો. લગ્ન આશ્રમભૂમિ ઉપર જ થયાં. એના પતિ અમદાવાદમાં જ રહે છે એટલે ફાતિમાને મળવાનું વારંવાર થયા જ કરશે. ઇંગ્લંડમાંથી એમને કાઢી મૂકયા પછી મિ. કૅલનબૅક[5] તરફથી કશા સમાચાર નથી. મેં તપાસ કરાવી પણ કશો પત્તો લાગ્યો નથી.

મિસિસ વેસ્ટની તબિયતનું સાંભળી દિલગીર થયો. આશા રાખું છું કે હવે તે સારાં થઈ ગયાં હશે. મારા તરફથી હિલ્ડાને પ્યાર. એ કોઈ દિવસ મને સંભારે છે અથવા મારો વિચાર કરે છે ખરી?

આશ્રમમાં મકાનો બાંધવાનું કામ હજી ચાલ્યા કરે છે. હું આશા રાખું છું કે કોઈક દિવસ તમે એ જોશો અને તેની રચનામાં તમારો હિસ્સો પણ લેશો.

મારું જીવન તો હમેશની જેમ ખૂબ પ્રવૃત્તિમય ચાલે છે. મારી પોતાની કહી શકું એવી એક ક્ષણ પણ હોતી નથી.

૧. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના નિકટના સાથી એ. એચ. વેસ્ટનાં બહેન. એમણે "દેવી" નામ ધારણ કર્યું હતું.

૨. સિંહગઢ. ગાંધીજી આ સ્થળે ૨૯મી એપ્રિલથી ૪થી મે સુધી રહ્યા હતા. એટલે જ્યાં "આજે" લખ્યું છે ત્યાં "કાલે" જોઈએ.

૩. છગનલાલ ગાંધીના પુત્ર.

૪. અહીં "૨૯મી" જોઈએ. જુઓ "લગ્નની આમંત્રણપત્રિકા", ૨૦–૪–૧૯૨૦.

૫. એક જર્મન શિલ્પી. દક્ષિણ આફ્રિકામાં તેઓ ગાંધીજીના દિલોજાન દોસ્ત અને સહ-કાર્યકર હતા.

Gandhi Heritage Portal

દેવદાસ બનારસમાં છે. હિંદીનો અભ્યાસ પાકો કરવા ત્યાં ગયેલ છે. હરિલાલ વેપારમાં આગળ વધતો નથી. છેવટે શું કરશે તે કાંઈ ખબર પડતી નથી.

પ્યાર,

તમારો
**ભાઈ**

[તા. ક.]

ભાઈ કોટવાલને બહુ વખત થયાં જોયા નથી. તેમના તરફથી કશા સમાચાર પણ નથી. પરાગજી દેસાઈ બાના ભાઈ સાથે જોડાયા છે. મેઢ[1] કશું કરતા નથી. છગનલાલ હિસાબ રાખે છે. મગનલાલ મુખ્ય વ્યવસ્થાપક છે. એનાં બાળકો મોટાં થયાં છે. પ્રભુદાસને ક્ષય છે એમ કહે છે. કાશીબહેનનો બાંધો બહુ નબળો તો છે જ. કૃષ્ણદાસની[2] તબિયત બહુ સારી ન ગણાય. ઈમામસાહેબ ખરીદીનું કામ સંભાળે છે. તેમનાં પત્ની આશ્રમનું દરજીકામ પુષ્કળ કરે છે. તમે જેમને ઓળખો છો તેમની પ્રવૃત્તિઓનું ઠીક ઠીક વર્ણન મેં આપ્યું.

**ભાઈ**

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૩૯. સરલાદેવી ચૌધરાણીને પત્ર

મે ૧, ૧૯૨૦

અત્યારે સાંજના લગભગ પાંચ વાગ્યા છે. પથારીમાંથી હમણાં જ ઊઠયો. કાલે રાતે સખત માથું દુખતું હતું અને અગિયાર વાગ્યા સુધી અર્ધજાગ્રત જેવી દશામાં હતો. ત્યાર પછી બરાબર ઊંઘ્યો. અત્યારે માથું જરાયે દુખતું નથી. પણ એક ફર્લાંગ પણ ચાલી શકાતું નથી. છતાં મારી જરાયે ચિંતા ન કરશો. મારી સ્થિતિ તમે જાણો અને પખવાડિયાનો વાયદો આપ્યો છે તે પાળો એટલા જ ખાતર આ લખું છું. ત્યાં સુધીમાં જગદીશનું લગ્ન પતી ગયું હશે[3] અથવા મુલતવી રહ્યું હશે. પંડિતજીને પણ સાથે લાવી શકો તો એના જેવું રૂડું શું? એમણે આશ્રમજીવન જોવું જોઈએ અને ગાળવું જોઈએ.

ટિળક મહારાજ આજે સવારે મળી ગયા. સાથે એમના દીકરા અને જમાઈ આવ્યા હતા. વાર્તાલાપ કેવળ ઔપચારિક થયો.

દીપકનું ઠીક ચાલે છે. આ જગ્યા એને પસંદ પડી જણાય છે. એના રસો શુદ્ધ છે. પણ એ સહેલાઈથી દોરવાઈ જાય છે. એની પાસે કંઈક મેળવવામાં સફળ થઈશ તો આ સાથે જ મોકલી આપીશ.[4]

૧. અમદાવાદના સુરેન્દ્રરાય મેઢ, દક્ષિણ આફ્રિકાના ગાંધીજીના સાથી.
૨. છગનલાલ ગાંધીના પુત્ર.
૩. એનું લગ્ન ૧૯મી મે, ૧૯૨૦ને દિવસે થયું હતું.
૪. આ વાક્ય મહાદેવભાઈની ડાયરીમાં નથી.

Gandhi Heritage Portal

રેવાશંકરભાઈ સવારે આવ્યા. સુંદર કેરીઓ લાવ્યા છે. તેમાં ભાગ પડાવવા તમે હાજર નથી એ મને જરાયે ગમતું નથી.

આજે સવારે રોજને વખતે ઊઠેલો, પણ પાછો સૂઈ ગયો. સૂર્યોદય નિહાળ્યો નહીં. તમે અહીં હોત તો હું જાણું છું કે રાજરાજેશ્વરની સવારી આવતી જોવા તમે મને ખેંચી ગયાં હોત.

પાદશાહ ઈસ્ટ એન્ડ વેસ્ટમાં લખે છે. તમે સાથે હતાં ત્યારે જ ઘણું કરીને કાપલી આવેલી. તેના ઉપરથી મેં એક લેખ લખાવ્યો છે. સારો છે. તમે પ્રમાણપત્ર આપશો.

હવે મારી માગણી. હું જાણું છું કે તમે ઘણું આપ્યું છે. પણ જેમ મળતું જાય છે તેમ મારી ભૂખ વધે છે. તમે કહેલું કે આશ્રમમાં કામ કરતાં તમને શરમ આવે છે. ત્યાં ઘરકામ કરવાનું શરૂ કરીને એ શરમ તમે કાઢી નાખો નહીં? મારી ખાતર એ કરવા માંડો તોપણ મને વાંધો નથી. એમાં પોતાના વિચારો ફેરવવાનો પ્રશ્ન નથી. એ તો પોતાનો અણગમો કાઢી નાખવાનો સવાલ છે. તમે મહાન અને ભલાં છો, છતાં જ્યાં સુધી ઘરકામ કરવાની શક્તિ તમે ન મેળવો ત્યાં સુધી હું તમને પૂર્ણ સ્ત્રી ન કહું. તમે તેમ કરવાનો બીજાને ઉપદેશ આપો છો ખરાં. તમારો એ ઉપદેશ વધારે અસરકારક ત્યારે જ થશે, જ્યારે લોકો જોશે કે આ ઉંમરે અને આવી સ્થિતિએ પહોંચેલાં હોવા છતાં કામ કરવામાં તમે નાનમ નથી માનતાં.

પ્યાર સહિત,

તમારો
સ્મૃતિકાર (લૉ-ગિવર)

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૪૦. સરલાદેવી ચૌધરાણીને પત્ર

મે ૧, ૧૯૨૦

[આજે અષ્ટાવક્ર ગીતામાંથી નીચેના ત્રણ શ્લોકો ઉતારીને મોકલ્યા અને તેની સાથે લખ્યું:]

[1]मुक्तिमिच्छसि चेत्तात विषयान् विषवत्त्यज ।
क्षमार्जवदयातोषसत्यं पीयूषवद् भज ।।२।।
यदि देहं पृथक्कृत्य चिति विश्राम्य तिष्ठसि ।
अधुनैव सुखी शान्तो बन्धमुक्तो भविष्यसि ।।४।।
मुक्ताभिमानी मुक्तो हि बद्धो बद्धाभिमान्यपि ।
किंवदन्तीह सत्येयं या मतिः सा गतिर्भवेत् ।।११।।

૧. અષ્ટાવક્ર મુનિ જનકને કહે છે:

હે તાત, જો તું મુક્તિ ઇચ્છતો હોય તો વિષયોનો વિષની જેમ ત્યાગ કર (અને) ક્ષમા, ઋજુતા, દયા, સંતોષ તથા સત્યનું અમૃતની જેમ સેવન કર. (૨)

જો તું દેહને અલગ પાડી ચિદ્ (રૂપ)માં સ્થિર થઈને રહેશે, તો હમણાં જ સુખી, શાંત અને બંધથી મુક્ત થઈશ. (૪)

જે પોતાને મુક્ત માને છે તે મુક્ત છે, જે પોતાને બદ્ધ માને છે તે બંધાયેલો છે. જેવી મતિ તેવી ગતિ થાય છે એ લોકવાયકા સાચી છે. (૧૧).

Gandhi Heritage Portal

ગઈ કાલે હું અષ્ટાવક્ર ગીતા વાંચતો હતો તેમાંથી વધારેમાં વધારે પ્રભાવશાળી મને લાગ્યા તે શ્લોકો ઉતારીને મોકલું છું. તમે એક વાર કહેલું કે બીજા કવિઓની બીજી વસ્તુઓ તમને જેટલી અસર કરે છે તેટલી ભગવદ્‌ગીતા તમને અસર કરતી નથી. એટલે એમ બને કે આ શ્લોકો પણ તમને અસર ન કરે. પણ જે વસ્તુ અત્યારે મને પાવનકારી લાગી છે તે વસ્તુમાં તમને ભાગીદાર બનાવ્યા સિવાય રહી શકતો નથી. વળી મારે પરાણે આળસુ રહેવું પડે છે.[૧] કારણ હું હજી પથારી છોડી શકતો નથી, તે વખતે આ શ્લોકો મને સાંત્વન આપનારા થઈ પડયા છે.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૪૧. જમશેદજી નસરવાનજી મહેતાને પત્ર[૨]

સિંહગઢ,
[મે ૧, ૧૯૨૦][૩]

ભાઈશ્રી ૫ જમશેદજી,

તમે કાગળ ભલે લખ્યો. તમને અથવા તમારા ભાવોને હું ન સમજી શકું એવું નહીં બને. તેમ જ નૉન-કોઑપરેશનના વિચારથી વિરુદ્ધ હોય એ મુસલમાનોનો મિત્ર નથી એમ કહી નહીં શકાય. મિત્રભાવમાં પણ મતભેદ હોઈ શકે છે.

હવે તમારા સવાલોનો જવાબ આપું:

(૧) અસહકારની અસર સરકારની વિરોધી જરૂર થશે, પણ અસહકાર એ સજારૂપે નથી કલ્પાયો એટલે સરકારના ગુનાનો સવાલ ઊઠી શકતો નથી. એમ છતાં સરકારે જેટલું કરવું જોઈએ તેટલું નથી કર્યું. જો ઇંગ્લંડની સરકાર ન્યાય ન મેળવે તો હિંદુસ્તાનની સરકાર રાજીનામું આપી શકે છે. હિંદુસ્તાનની સરકાર આવે સમયે માત્ર "પ્રોટેસ્ટ" કરી સંતુષ્ટ નથી રહી શકતી, એ તેમની ત્રુટી છે, અને તેથી એ સરકારનો સહકાર બંધ કરી પ્રજા પોતાનો અણગમો દર્શાવી શકે છે.

(૨) આપણે કોઈને જ્ઞાનપૂર્વક દુ:ખ નથી આપી શકતા, પણ આપણા અનિવાર્ય કાર્યથી કોઈને દુ:ખ થાય તેને સારુ આપણે જવાબદાર નથી. સરકારની નોકરીનું રાજીનામું આપવાનો મને સદાય હક છે. તે રાજીનામું આપતાં સરકારને દુ:ખ થાય તેમાં હું હિંસા નથી કરતો. મારા પિતાના ઘરમાં હું રહું, તેની હું કેટલીક સેવા પણ કરતો હોઉં, પણ પિતાને હું અન્યાય કરતો

૧. ગાંધીજીને પગે કંઈક દર્દ થયું હતું. તેથી તેઓ સિંહગઢમાં આરામ લઈ રહ્યા હતા. આ પત્ર ત્યાંથી લખાયો હતો.

૨. કરાંચીના એક પારસી વેપારી અને સમાજસેવક.

૩. આ પત્ર જમશેદજી મહેતાના ૨૪મી એપ્રિલ, ૧૯૨૦ના પત્રના જવાબમાં લખાયો હતો. મૂળમાં આ પત્રની તારીખ ૧૯મી મે આપી છે જે દેખીતી રીતે જ ભૂલ છે. ગાંધીજી ૪થી મે સુધી જ સિંહગઢમાં હતા. કદાચ ભૂલથી "૧" ને બદલે "૧૯" છપાયું હશે.

Gandhi Heritage Portal

જોઉં તે વખતે તેના ઘરનો ત્યાગ કરી સહકાર બંધ કરું તેથી તે અવશ્ય દુઃખી થશે છતાં મારે એ ઘરનો ત્યાગ કરવો એ જ મારી ફરજ હોઈ શકે. એ દુઃખ પિતા પોતાને હાથે વહોરી લે છે. જો આ પ્રમાણે આપણે વર્તન ન રાખીએ તો જગતમાં જુલમગાર માત્રને જુલમ કરવાનો રુક્કો મળે.

(૩) તેથી તમે જોશો કે ખુનામરકી કર્યા વિના અસહકાર ચલાવી શકાય તો અવશ્ય ચલાવવાનો આપણને અધિકાર છે એટલું જ નહીં, પણ તેમ કરવાની આપણી ફરજ છે.

(૪) શૌકતઅલીના ભાષણથી[૧] હું નથી ચમકી ગયો કેમ કે મને લાગે છે કે તેનો અર્થ હું સમજી શકું છું. જે ભાવથી હું અસહકારને જોઉં છું તે જ ભાવથી બધા મુસલમાનો નથી જોતા એ હું કબૂલ કરું છું. પણ તેઓની સાથે સ્પષ્ટ સમજૂતી છે કે અસહકારની સાથે ખુનામરકી ન જ હોઈ શકે, અને જોકે મુસલમાન ભાઈઓ વેરભાવે અસહકાર ગ્રહણ કરે તે છતાં પણ તે વડે આપણે શુભ પરિણામ ઉપજાવી શકીએ છીએ, અને ખુનામરકીમાંથી ઊગરી જઈ શકીએ છીએ. બધાં સારાં કાર્યો ગમે તે ભાવે થાય તોપણ થોડુંઘણું ફળ આપે જ છે. જે માણસ બીકથી કે લજ્જાથી સત્યનું કે સંયમનું પાલન કરે છે તે માણસ પણ તેનો સ્થૂલ લાભ ઉઠાવી લે છે એ સત્કાર્યનો મહિમા છે.

જેવી તમને શંકા થયેલી છે તેવી બીજાઓને પણ એવા જ નિર્મળ ભાવથી થયેલી હશે તેથી તમારો કાગળ અને મારો જવાબ નવજીવનમાં છાપવા મોકલું છું.

મોહનદાસ ગાંધીના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૯–૫–૧૯૨૦

## ૧૪૨. હું હોમરૂલ લીગમાં કેમ જોડાયો?

### હોમરૂલ લીગના સભાસદો પ્રત્યે

ઑલ ઇન્ડિયા હોમરૂલ લીગમાં જોડાવાની મને સલાહ કેટલાક મિત્રોએ બહુ આગ્રહપૂર્વક આપેલી પણ હું તેમાં ન જોડાઈ શક્યો. તેમાંનું એક કારણ એ પણ હતું કે તે રાજ્યપ્રકરણી વિષયોમાં હું રાજ્યપ્રકરણી દૃષ્ટિએ રસ નહોતો લઈ શકતો ને હજુયે નથી લેતો. છતાં આ વેળા મને જુદા પ્રકારનો આગ્રહ થયો. જ્યારે પ્રથમ માગણી થઈ ત્યારે મારા વિચારો જેટલા આજે જણાયા છે તેટલા ત્યારે નહોતા જણાયા. વળી ગઈ કોંગ્રેસમાં મેં જોયું કે જેમ હું દરેક કોંગ્રેસને સમયે મૂંગો બેસતો તેમ આ વેળા ન બેસી શક્યો.[૨] કેટલીક બાબતોમાં મારે મારા વિચારો પ્રજા આગળ મૂકવા જોઈએ એમ મેં જોયું. મેં કોંગ્રેસમાં ઠીક ભાગ લીધો. તેમ કર્યાનો મને પશ્ચાત્તાપ નથી.

૧. આ ભાષણ એમણે મદ્રાસમાં ૧૭મી એપ્રિલે ખિલાફત પરિષદના પ્રમુખ તરીકે આપ્યું હતું. જમશેદજી મહેતાએ ગાંધીજી ઉપરના પોતાના પત્રમાં ફરિયાદ કરી હતી કે શૌકતઅલીએ "અસહકાર" અને "અહિંસા"નો જે અર્થ સમજાવ્યો હતો તે જરા ચોંકાવનારો હતો.

૨. ૧૯૧૯ના ડિસેમ્બરનું અમૃતસર અધિવેશન.

Gandhi Heritage Portal

હું હોમરૂલ લીગમાં જોડાવાને લલચાયો. મેં મુંબઈ ઇલાકા બહારના મિત્રોની સાથે મસલત કરી તેમને કાગળ લખ્યા. મેં તેમને જણાવ્યું કે હું હોમરૂલ લીગમાં જોડાઉં તો મારા વિચારો ને મારી પદ્ધતિનો અમલ કરાવવાની આશામાં જ જોડાઈ શકું. મિત્રોમાંના ઘણાખરાએ મારા વિચારો પસંદ કર્યા ને હોમરૂલ લીગમાં દાખલ થવાનો મારો ઇરાદો પસંદ કર્યો. બીજા કેટલાકે મારા વિચારો પસંદ કર્યા પણ મારા દાખલ થવામાં મારી સ્વતંત્રતા ને મારી તટસ્થતા હું ખોઈ બેસીશ એવો ભય બતાવ્યો. આ ભયનું વજન મારી પર ઠીક પડ્યું. પણ મેં વિચાર્યું કે જો મારા વિચારો જાણતાં છતાં પણ મને લીગમાં લેવામાં આવે તો હું મારી સ્વતંત્રતા જાળવી શકું અને મારા વિચારોના પ્રચાર વિશેષ કરવાનું એક સાધન મળી શકે એમ પણ મને જણાયું. એવા લોભથી હું લીગમાં દાખલ થયો છું.

મને લાગે છે કે સ્વરાજ વહેલામાં વહેલું મેળવવાની ચાવી સ્વદેશીમાં, હિંદુમુસલમાનની એકતામાં, હિંદુસ્તાનીના રાષ્ટ્રીય ભાષા તરીકેના પ્રચારમાં રહેલી છે. તેથી હું આ પ્રવૃત્તિઓમાં લીગને રોકવાનો પ્રયત્ન કરીશ.

સ્વદેશીમાં જ હિંદની આર્થિક સ્વતંત્રતા અને નૈતિક ઉન્નતિ છે તેથી હું તો દરેક કાઉન્સિલોમાં જનાર મેમ્બર પાસેથી વચન લઉં કે તેઓ હિંદુસ્તાનના ઉદ્યોગના રક્ષણાર્થે પરદેશી માલ પર જેટલો કર નાખવો પડે તે નાખતાં નહીં ડરે. હિંદુમુસલમાનો વચ્ચે એકતા ન હોય ત્યાં સુધી સ્વરાજ સ્વપ્નવત્ માનું છું. તેથી ખિલાફતની તેમની ન્યાયી લડતમાં તેમની પૂરી મદદ લઈને તેઓને હમેશને સારુ મારા કરી લઉં. તેથી લીગના દરેક સભાસદને હું ખિલાફતના કાર્યમાં રોકવા પ્રયત્ન કરું.

આપણે કરોડોની સાથે કાર્ય લેવાનું છે, તેઓની ઉપર અસર પાડવાની છે તેથી લીગમાં ને લીગની બહાર આપણા કારભારમાં, પ્રાંતમાં પ્રાંતની ભાષાનો, રાષ્ટ્રમાં રાષ્ટ્રીય એટલે હિંદુસ્તાની ભાષાનો ઉપયોગ કરવાનો અને કરાવવાનો હું પ્રયત્ન કરીશ. કાઉન્સિલોના દરેક સભાસદ પાસેથી હું વચન લઉં કે તે કાઉન્સિલમાં પ્રાંતની અને વડી ધારાસભામાં રાષ્ટ્રીય ભાષાનો ઉપયોગ કરવાનો ને કરાવવાનો પ્રયત્ન કરશે.

આ વિચારની સાથે જ એક બીજો વિચાર રહેલો છે. પ્રજાનું કામ જલદી કરવાને સારુ, પ્રજાના દરેક અંગને ખીલવવાને સારુ હું હિંદુસ્તાનના ભાષાવાર વિભાગો કરવા મથીશ ને લીગને તે પ્રવૃત્તિમાં રોકવા પ્રયત્ન કરીશ. તેલુગુ, સિંધી, મરાઠી, ઊડિયા, ગુજરાતી વ. ભાષા બોલનારના નોખા પ્રાંતો પાડવાની મહેનત કરી તેઓનો સંપૂર્ણ વિકાસ થાય એવાં સાધનો રચવા ને રચાવવા લીગનો ઉપયોગ કરવા હું મથીશ.

આમ આવી પ્રવૃત્તિઓમાં જો લીગને હું રોકી શકું તો હું માનીશ કે આપણે સ્વરાજ અવશ્ય વહેલું મેળવવા સમર્થ થઈશું. આ દૃષ્ટિએ સુધારાની કિંમત હું ઉપલી વસ્તુઓના કરતાં ઓછી આંકું. સુધારા નાખી દેવા જેવી વસ્તુ છે એમ કહેવાનો મારો આશય નથી. પણ તેને હું ઘટે તેના કરતાં ઉચ્ચ સ્થાન આપવા તૈયાર નથી. આપણે આજે બધી સત્તા મેળવીએ છતાં જો સ્વદેશીને ન સમજીએ, હિંદુમુસલમાનની એકતાની કિંમત ન જાણીએ ને આપણો કારભાર ઇંગ્રેજી મારફતે ચાલી શકે એવા મોહમાં રહીએ તો સુધારાનો ઉપયોગ આપણી સ્વતંત્રતા છીનવી લેવામાં થઈ શકે એમ હું જોઉં છું. સુધારા સાધન છે, સાધ્ય નથી. સ્વદેશી ઇ. સાધન અને સાધ્ય બન્ને છે.

Gandhi Heritage Portal

મારો વળી એવો પણ અભિપ્રાય છે કે જે પદ્ધતિએ હું કામ કરું છું તે પદ્ધતિ વધારે ને વહેલી ફળ આપે છે. એ પદ્ધતિ એ કે આપણા દરેક કાર્યમાં સત્યનો જ દૃઢતાપૂર્વક પ્રયોગ કરવો, સત્યની ઉપર પૂરી શ્રદ્ધા રાખવી ને જે સત્ય જાણવું તે તેવું મૂકતાં આચરતાં કોઈથી ન ડરવું. આ વિચારનો સ્વીકાર આપણા જીવનમાં એવું પરિવર્તન કરે છે કે આપણે તત્ક્ષણ સ્વાશ્રયી બનીએ છીએ. બીજાની ઉપર આધાર રાખવાને બદલે આપણી ઉપર આપણે આધાર રાખતા તુરત થઈ જઈએ છીએ. એટલે હું સત્યાગ્રહનું આ તત્ત્વ લીગમાં દાખલ કરવાનો ભારે પ્રયત્ન કરીશ એવી મારી ઉમેદ છે. કાયદાના સવિનયભંગની પ્રવૃત્તિમાં લીગને રોકવાનો મારો ઈરાદો નથી. એ તત્ત્વ હજુ વ્યાપક થયું નથી અને કાયદાના સવિનયભંગની ઝીણી ખૂબી હજુ દેશ નથી સમજેલ એવું મને લાગે છે. તેથી મારા કાયદાના ભંગની બાબતના વિચારોથી કોઈ સભાસદ ન ગભરાય એવું ઇચ્છીશ.

લીગના સભાસદો આગળ મારા વિચારો ખીલવવાની બીજી તકો હું શોધીશ. દરમિયાન દરેક સભાસદની ઉપરના વિષયો બાબત ટીકા હું માગું છું. મારા પગલાની યોગ્યાયોગ્યતા વિષે પણ અભિપ્રાય સૌ સભાસદ આપશે એવી ઉમેદ રાખું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨–૫–૧૯૨૦

## ૧૪૩. નૉન-કોઑપરેશન

નૉન-કોઑપરેશનના વિચારની અસર હવે જણાવા લાગી છે એટલે જેમ પૅસિવ રિઝિસ્ટન્સને સારુ એક શબ્દ શોધવાની મને જરૂર જણાઈ તેમ નૉન-કોઑપરેશનને સારુ પણ એક સમજી શકાય તેવા શબ્દની હવે જરૂર જોઉં છું. અસહકાર એ શબ્દ તો તુરત હોઠે આવે છે. પણ બીજો સારો શબ્દ શોધવામાં વાંચનારની મદદ માગું છું.

અસહકાર ઉપર વિદુષી બાઈ મિસિસ બેસંટે સખત ટીકા કરી છે,[1] તેમ જ ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં એક લેખકે અને તંત્રીએ કરી છે. મિસિસ બેસંટની હિંદની સેવા એવી કીમતી છે, તેમનો ઉદ્યમ એવો ભારે છે, તેમનો હિંદ પ્રત્યેનો પ્રેમ એવો સુંદર છે કે એમનાં લખાણોની ટીકા કરતાં કે તેમનાથી મતભેદ જણાવતાં મને આંચકો જ આવે. પણ આપણે જેમને વડીલ માનીએ તેમનાથી પણ આદરપૂર્વક મતભેદ રાખી શકીએ છીએ એ તત્ત્વને મેં હમેશાં સ્વીકાર્યું છે, તેથી આ વેળા પણ મારો મતભેદ જાહેર કરવાની મને હિંમત રહી છે.

ત્રણે લેખકોને મોટો ભય એ છે કે અસહકારથી ખુનામરકી થયા વિના નહીં રહે. ખુનામરકી કોઈ કાળે નહીં જ થાય એવું તો આપણે નથી કહી શકતા પણ ખુનામરકી ન થાય એવા બધા ઉપાયો લીધા પછી આપણે આપણા કાર્યમાં પ્રવૃત્ત રહેવું જોઈએ એમ તો મને લાગે છે. ખુનામરકી કરનાર અસહકારની રાહ જ જોઈને બેઠા છે એવું આપણે જાણીએ તો જરૂર અસહકાર મોકૂફ રાખવો જોઈએ. મારી માન્યતા તો એવી છે કે ખુનામરકી અટકાવવામાં જ મુસલમાનોની જીત રહેલી છે. એ વાત તેઓ એટલે દરજ્જે જાણી ગયા છે કે ખુનામરકી

૧. અસહકારની નીતિ ઍની બેસંટને ગમતી નહોતી, એટલે તેઓ મુસલમાનોને તે નહીં અપનાવવા સમજાવતાં હતાં.

Gandhi Heritage Portal

અટકી જ રહેશે. તેઓ જાણે છે કે અસહકાર ખુનામરકીની સાથે એક ઘડીભર પણ ન નભી શકે.

કોઈ કહેશે કે આખા હિંદમાં ખુનામરકી થતી કોણ અટકાવી શકે? તેનો જવાબ એ જ કે જેમ સેનામાં જો અણધારેલું કંઈ બને તો સેનાનો ભંગ થાય તેમ જ જો આપણે એક બન્યા હોઈએ તો ખુનામરકી ઇ. અકસ્માતો અટકાવવાની શક્તિ આપણામાં આવવી જ જોઈએ. તે મળતાં પહેલાં આપણાથી ભૂલો થશે, ભૂલો સુધારવી પડશે એ બધું હું માનું છું, પણ તેટલો કાબૂ પ્રજાએ પોતાની પર મેળવવો જોઈશે એમ પણ હું જાણું છું. તે કાબૂ મેળવવાનો આ ભારે પ્રસંગ છે એમ મને જણાય છે.

અસહકારનો પ્રચાર કરનારા પોતાનું કાર્ય જાણતા નથી એવું આ લેખકો માની લે છે, પણ એવું માનવાનું કંઈ જ કારણ નથી. અસહકારની સીડીએ ફલંગ મારીને તેઓ નથી ચઢવાના પણ પગથિયે પગથિયે પોતાનો માર્ગ જોતા જોતા ચઢશે તો પડવાનો ભય ઘણો ઓછો રહેશે.

અસહકારમાં જોખમો તો છે જ, તેમ છતાં તે વિના બીજો ઉપાય નથી રહ્યો. જો ખિલાફતનો ગેરઇનસાફી ફેંસલો અસહ્ય હોય તો કંઈક રસ્તો જોઈએ જ. અસહકાર રૂપી હથિયાર પણ ન હોય તો માત્ર ખુનામરકી જ, પ્રજાની પાસે રહે છે, અને ખુનામરકીનો ઇલાજ તો દર્દ કરતાં ભયંકર છે કેમ કે ઉદ્દેશ ગુસ્સાને સારુ ક્ષોભ શોધવાનો નથી પણ ખિલાફતના મામલામાં ન્યાય મેળવવાનો છે. ખુનામરકીથી ન્યાય મળનાર નથી એટલે અસહકાર સિવાય બીજું હથિયાર જ નથી એવું મને તો લાગે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨–૫–૧૯૨૦

# ૧૪૪. નોંધ

## જલિયાંવાલા બાગ સ્મારક અને લોકજાગૃતિ

ગયા એક વર્ષ દરમ્યાન લોકજાગૃતિમાં કેટલો વધારો થયો તેનું માપ કાઢવું હોય તો જલિયાંવાલા બાગ સ્મારક ફંડમાં જુદે જુદે સ્થળેથી ભરાતાં નાણાંથી કાંઈક મળી શકે એમ છે. નીચે આપેલી યાદી[1] ઉપરથી જણાશે કે જ્યાં જ્યાં પ્રયત્ન થાય છે ત્યાં ત્યાં નાનાં નાનાં ગામડાંઓ પણ શહેર કરતાં પોતાનો ફાળો આપવામાં પાછાં પડયાં નથી. અમોને કેટલાક કાગળો એવા મળ્યા છે કે જેમાં જણાવવામાં આવ્યું છે કે અમુક ઠેકાણે ગરીબમાં ગરીબ માણસે પોતાની અમુક ટેવમાં ખર્ચ થતી રકમ જેટલું આ ફંડમાં ભર્યું, અમુક ઠેકાણે સ્વયંસેવકો આખો દિવસ સ્થળે સ્થળે અને ઘરે ઘરે નાણાં ભીખવા ભટકયા. રા. મહાદેવ દેસાઈ જે ગામોમાં ફર્યા છે તે ગામો તેમના જણાવવા પ્રમાણે એક હજારથી વધારે વસ્તીનાં નથી, અને દરેક ગામોમાં સ્મારક ફંડમાં પોતાનો ફાળો આપનાર ઉચ્ચ વર્ગ કે શિક્ષિત વર્ગ જ નહીં પણ ઊતરતા અને અશિક્ષિત વર્ગના લોકો પણ નીકળ્યા છે, એટલે કે ફાળો આપનારાઓમાં બ્રાહ્મણ-વાણિયાના નામ ઉપરાંત સોની, સુથાર, લુહાર, ઘાંચી, કોળી ભાઈઓ પણ છે. એક ગામમાં તો મોટો ભાગ મુસલમાનનો જ છે. ઉપરાંત બહેનોનાં નામ પણ છે. રા. મહાદેવ દેસાઈ જણાવે છે કે એમણે જેટલાં નાણાં

૧. આ યાદી અહીં આપી નથી.

Gandhi Heritage Portal

ભેગાં કર્યાં છે તે ભેગાં કરવામાં તેમને જરા પણ દબાણ કરવું પડયું ન હતું. તેઓ ફંડ ભેગું કરવાનું કારણ ટૂંકમાં જણાવતા, કેટલેક ઠેકાણે કૉંગ્રેસ કમિટીના રિપોર્ટમાંથી જલિયાંવાલા બાગ વગેરેનાં ચિત્રો બતાવી હકીકત[1] સમજાવતા, અને તુરત જ લોકો ખુશીથી પોતાની શક્તિ પ્રમાણે જે અપાયું તે કાઢી આપતા.

ગામડામાં[2] ફરતાં રા. દેસાઈને એક ગૃહસ્થે વિનોદમાં કહેલી કહેવત અહીં નોંધવા જેવી છે. તે ગૃહસ્થ બોલેલા, "ભાઈ, દૂબળી ખરમટો વણે ત્યાં પણ હવાલદારને ઘૂઘરી, એવો ઘાટ હમણાં થઈ ગયો છે, પણ દેશકાર્ય છે એટલે આપ્યા વિના ચાલે?" આ કહેવતમાં બહુ રહસ્ય રહેલું છે, અને એ આપણા ખેડૂતવર્ગની હાલની સ્થિતિ બહુ હૃદયભેદક રીતે બતાવે છે. "ખરમટો" એટલે ખળીમાંથી અનાજ લઈ લીધા પછી જે કાંઈ દાણોદૂણી જમીનને ખાડેખોચરે પડી રહ્યું હોય તે—આટલો અર્થ આપવાથી કહેવતનો અર્થ સ્પષ્ટ થશે. આપણા ખેડૂતવર્ગની હાલની સ્થિતિ ખરમટો વણતી દૂબળીના જેવી છે, છતાં પણ તેઓ રાજીખુશીથી હવાલદારને—ભીખ આપવા યોગ્ય હવાલદારો એટલે દેશસેવકોને—ઘૂઘરી આપે છે.

આટલી હકીકત ઉપરથી એક બીજું અનુમાન એ પણ નીકળે છે કે શહેરના કરતાં ગામડામાં રાષ્ટ્રીય કાર્ય કરવું સહેલું છે, એટલે ગ્રામીય સ્વરાજ્યથી જ શરૂ કરીને સમસ્ત રાષ્ટ્રીય સ્વરાજ્યે પહોંચવું એ જ સ્વાભાવિક છે.

[મૂળ ગુજરાતી]

**नवजीवन, २–५–१९२०**

## ૧૪૫. સરલાદેવી ચૌધરાણીને પત્ર

મે ૨, ૧૯૨૦

ગઈ કાલે અષ્ટાવક્ર ગીતાના આપ્યા.[3] પહેલા અધ્યાયમાંથી મને પસંદ પડેલા ત્રણ શ્લોકો મેં તમને મોકલી આપ્યા. એમાં જનક શીખે છે કે પોતાનો મોક્ષ પોતાના જ હાથમાં છે. તેનો ઉપાય પોતાની ઇન્દ્રિયોની મોહજાળમાંથી છૂટવું એ છે. બીજા અધ્યાયમાં આ જ્ઞાન લાધતાં પોતાને થયેલો આનંદ તે વ્યક્ત કરે છે. નીચેના શ્લોકો જુઓ:

[4]अहो निरञ्जनः शान्तो बोधोऽहं प्रकृतेः परः ।
एतावन्तमहं कालं मोहेनैव विडम्बितः ।।१।।
तन्तुमात्रो भवेदेव पटो यद्वद्विचारितः ।
आत्मतन्मात्रमेवेदं तद्वद्विश्वं विचारितम् ।।५।।

૧. છાપેલા રિપોર્ટમાં એકંદરે ૧૯ ચિત્રો હતાં, તેમાં જલિયાંવાલા બાગ, લોકોને જાહેરમાં મરાતા ફટકા અને ઘાયલ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

૨. રા. દેસાઈ હીરણ, પીંજરત, બરબોધાન અને ભાંડુત આ ચાર ઓરપાડ તાલુકાનાં ગામે ફર્યા હતા. તે ગામોમાં એકઠાં થયેલાં નાણાં અનુક્રમે રૂ. ૧૭૧, રૂ. ૯૧, રૂ. ૫૨–૧૦, અને રૂ. ૫૫ છે.

૩. જનક રાજા અને નીચી જાતિમાં જન્મેલા કુરૂપ ફિલસૂફ રૈક્વ વચ્ચેનો સંવાદ.

૪. હું નિરંજન, શાંત, જ્ઞાનરૂપ અને પ્રકૃતિથી પર છું. આટલો વખત મોહથી હું ભરમાયેલો હતો. (૧) જેમ વિચાર કરતાં જણાય છે કે કપડું તંતુરૂપ જ છે, તેમ વિચાર કરતાં જણાય છે કે (આ) વિશ્વ આત્મારૂપ જ છે. (૫)

Gandhi Heritage Portal

[1]आत्माज्ञानाज्जगद्भाति आत्मज्ञानान्न भासते ।
रज्ज्वाज्ञानादहिर्भाति तज्ज्ञानाद्भासते न हि ॥७॥
मत्तो विनिर्गतं विश्वं मय्येव लयमेष्यति ।
मृदि कुम्भो जले वीचिः कनके कटकं यथा ॥१०॥
अहो जनसमूहेऽपि न द्वैतं पश्यतो मम ।
अरण्यमिव संवृत्तं क्व रतिं करवाण्यहम् ॥२१॥

બીજા અધ્યાયના પચીસ શ્લોકોમાંથી મેં પાંચ જ પસંદ કર્યા છે. તમને એક કામ સોંપું? આ શ્લોકોની નકલ કરીને દેવદાસને મોકલી આપશો? આ સુંદર કલાકૃતિની એક સંક્ષિપ્ત આવૃત્તિ તમારે માટે તૈયાર કરવાનું મન થઈ જાય છે.

આજે પણ મારી તબિયત સારી નથી. હજી મારે વધુ વખત પથારીવશ રહેવું પડશે. ઊંઘમાં પણ હજી તમારા વિચાર આવ્યા કરે છે. પંડિતજી[2] તમને હિંદુસ્તાનની મહાશક્તિ કહે છે તે ખોટું નથી. તમે એમના ઉપર ભૂરકી નાખી હશે. હવે એ કળા મારી ઉપર અજમાવી રહ્યાં છો. પણ બે પંખીડાં ગાવા માંડે તેથી કાંઈ વસંત આવી ન કહેવાય. જો તમે ખરેખરી મહાશક્તિ હો તો મનસા, વાચા અને કર્મણા હિંદનાં દાસી બનીને હિંદને તમે મંત્રમુગ્ધ કરશો.

તમારી તથા પંડિતજી બંને ઉપર હું દીપક પાસે કાગળ નથી લખાવી શકતો. એટલે પંડિતજી ઉપરના એક કાગળથી તમારે સંતોષ માનવો પડશે. એ કહે છે કે માતાજી મને રોજ ન લખે, પછી મારે શા માટે એમને રોજ કાગળ લખવો જોઈએ? અપકાર સામે પણ ઉપકાર કરવાનો પાઠ મેં આમાંથી એને આપ્યો. મેં તેને કહ્યું કે તમે કાગળ તો કદાચ લખ્યો હશે પણ હજી ટપાલમાં આવ્યો નહીં હોય. ગઈ કાલે તમારા કાગળની મને ખાતરી હતી, પણ આવ્યો નહીં. આજનો દિવસ પણ ખાલી જાય છે. મને નવાઈ લાગે છે. છતાં હું જાણું છું કે તમે તો લખ્યો જ હશે. દુષ્ટ ટપાલનો જ એ ગોટાળો છે.

ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાંથી હિંદી સંગીત વિષેની બે કાપલીઓ આ સાથે મોકલું છું. તમને કદાચ એમાં રસ પડશે. તમે તમારી આળસ ખંખેરી નાખો તો હિંદને તમારું સંગીત આપી શકો. એને માટે તમે ગાઓ એટલું બસ નથી. તમે ગાઓ તેની સાથે હિંદને પણ ગાતું કરવાનું છે. પણ તે માટે તો અભ્યાસ અને લગન જોઈએ. તમારી સંગીત શક્તિ હિંદને અર્પણ કરવાનો સંકલ્પ જોઈએ. દેવદાસને માટે આ શ્લોકોની નકલ કરવાની તમે તકલીફ ઉઠાવશો તો હું માનું છું કે એને માટે ભજનની પણ તમે નકલ કરશો.

ગઈ કાલે પણ ટિળક મહારાજ અહીં આવ્યા હતા. તેમણે નિખાલસપણે કહ્યું કે તમારી ખામોશ અથવા ક્ષમા મારામાં નથી. હું તો "જૈસેકે સાથ તૈસા"ની નીતિને માનું છું. મિસિસ

૧. જનક કહે છે :
આત્માના અજ્ઞાનને લીધે જગતનો ભાસ થાય છે, આત્માનું જ્ઞાન થતાં એ (જગત) ભાસતું નથી. દોરડાના અજ્ઞાનથી જ (એમાં) સર્પનો ભાસ થાય છે. તેનું જ્ઞાન થતાં જ એ (સર્પ) ભાસતો નથી. (૭)
જેમ ઘડો માટીમાં, તરંગ પાણીમાં અને કડું સોનામાં લય પામે છે, તેમ મારામાંથી બહાર નીકળેલું વિશ્વ મારામાં જ લય પામે છે. (૧૦)
અહો, જનસમૂહમાં પણ દ્વૈત ન જોનારા મારે માટે (બધું) અરણ્ય જેવું થઈ ગયું છે, (તો) હું શામાં રતિ રાખું? (૨૧)
૨. પંડિત રામભજદત્ત ચોધરી.

Gandhi Heritage Portal

બેસંટ ઉપર હાડોહાડ લાગી જાય એવી ટીકા તેમણે કરેલી, તેની સામે મારો નમ્ર વિરોધ મેં દર્શાવ્યો. તેના જવાબમાં આ તેમણે કહ્યું. મિસિસ બેસંટ ઉપરની ટીકા તમે કદાચ વાંચી હોય. મેં પણ અહીં જ વાંચી. શ્રી ખાપર્ડેએ તેને પૂતના માશી કહી છે તેનો પણ એ બચાવ કરતા હતા. આપણને બહુ ગમે એટલી નિખાલસપણે તેમણે વાત કરી.

મિસ ફેરિંગ હજી આવી નથી. સ્ટીમરની ટિકિટ મેળવવા માટે મુંબઈ રહેવાની જરૂર ન હોય તો એને મેં સિંહગઢ આવવાનું નોતરું આપ્યું છે. આજના તમારા કાગળની છેલ્લી આશા હવે ગઈ. કારણ ટપાલવાળો થોડાં વર્તમાનપત્રો જ લઈને આવી ગયો. દેવદાસ મને લખે છે કે પંડિતજી — માફ કરજો, માલવિયાજી — વળી પાછા કહે છે કે મારે ઇંગ્લંડ જવું જોઈએ. મને લાગે છે કે તેમનું કહેવું હવે બહુ મોડું છે. મને તો લાગે છે કે અહીં જ આપણું સંગઠન પાકું હોયા વિના આપણું ત્યાં જવું કેવળ નિરર્થક છે.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૪૯. એસ્થર ફેરિંગને પત્ર

રવિવાર, મે [૨,] ૧૯૨૦[૧]

પ્યારી દીકરી,

તું [મુંબઈ] આવી ગઈ છે કે નહીં તેની મને ખબર નથી.[૨] આવી ગઈ હોય તો સિંહગઢ સુધી જરૂર આવજે. એ બહુ જ રમણીય સ્થળ છે. પૂનાથી ટાંગામાં અહીં આવી શકાય છે. જો તારા આવવાની મને ખબર મળશે તો હું બધી વ્યવસ્થા સહેલાઈથી કરી શકીશ. પરંતુ મને ખાતરી છે કે તું આ કામ તારી જાતે કરી શકે તેમ છે. સિંહગઢ પૂનાથી આશરે ૧૩ માઈલ દૂર છે. ટાંગાનું ભાડું ઓછામાં ઓછા પાંચ રૂપિયા હોય છે. કોઈ કોઈ વાર વધારે પણ હોય છે.

પ્યાર સહિત,

બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલી મૂળ પત્રની છબી પરથી;
તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૬૯

૧. દેખીતી રીતે જ આ પત્ર સિંહગઢથી લખાયેલો છે. ગાંધીજી સિંહગઢમાં ૨૯મી એપ્રિલથી ૪થી મે સુધી રહ્યા હતા. આ તારીખો વચ્ચે એક જ રવિવાર આવતો હતો અને તે ૨જી મેને દિવસે હતો.

૨. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

## ૧૪૭. બી. કૃપાલાનીને[1] પત્ર

મે ૨, ૧૯૨૦

હુ ચોક્કસ માનું છું કે બીજે કયાંય મેળવી શકે તે કરતાં આશ્રમમાં તમારો પૌત્ર[2] વધારે મેળવી રહ્યો છે. કોઈ પણ છોકરા વિષે મને એમ ન લાગતું હોય તો હું જરૂર એ છોકરાને આશ્રમમાં ન રાખું. મારે મતે આશ્રમની કેળવણી એવી સર્વતોમુખી છે કે, તેમાંથી નીકળેલા યુવાનને કમાવું હોય તોપણ, એટલાં વર્ષ બીજે કયાંય અભ્યાસ કર્યા પછી જેટલું કમાઈ શકે તે કરતાં એ વધારે કમાઈ શકે. કારણ એ વધુ આત્મવિશ્વાસ પ્રાપ્ત કરે છે. મારે એ કબૂલ કરવું જોઈએ કે આશ્રમમાં બાળકોને સતત એવું માનવાનું શીખવવામાં આવે છે કે કેળવણી એ ચારિત્ર્યના ઘડતર માટે છે, પૈસા માટે નહીં. આશ્રમનાં બાળકોને ધનની તૃષ્ણાથી દૂર રહેવાનું શિક્ષણ સતત આપવામાં આવે છે. હું તમને આગ્રહપૂર્વક સલાહ આપું છું કે કોઈ પણ સંસ્થામાં ગિરધારીને પરાણે મોકલશો નહીં, પણ જે સંસ્થામાં એને રહેવું હોય ત્યાં રહેવા દેશો. પોતાને માટે પસંદગી કરવાની એ ઠીક શક્તિ ધરાવે છે.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૪૮. લાલચંદને પત્ર

મે ૨, ૧૯૨૦

પ્રિય ભાઈ લાલચંદ,[3]

તા. ૨૮મી એપ્રિલના યંગ ઇન્ડિયામાંની તમારી બધી નોંધો વાંચી ગયો. પહેલી બરાબર છે, બીજી ખરાબ નથી, જોકે નબળી છે, ચોટદૂક નથી. ત્રીજીનું વસ્તુ સારું છે, પણ વિવેચનની રીત સારી નથી. ચોથીનું વસ્તુ તથા રીત બંને ખરાબ છે. વસ્તુ ખરાબ એટલા માટે કે તમે જાણો છો કે કૉંગ્રેસનું પ્રતિનિધિમંડળ વિલાયત જતું નથી. તમે એ નહોતા જાણતા તો તમારે ખાતરી કરી લેવી જોઈતી હતી. રીત એટલા માટે ખરાબ છે કે એ યંગ ઇન્ડિયાની શૈલીમાં નથી લખાઈ. પાંચમી નોંધ વસ્તુની બાબતમાં બહુ સારી છે, પણ એક સન્નારી પ્રત્યે દુર્વર્તન થયું એવા મહત્ત્વના કેસને તમે ભાગ્યે જ પૂરો ન્યાય આપ્યો છે. મારી ટીકા તમને ભડકાવવા માટે નથી, પણ ભવિષ્યમાં વિષયોની પસંદગીમાં તથા તેના વિવેચનની રીતમાં તમે વિશેષ કાળજી રાખો એની ચેતવણી આપવા માટે છે. યંગ ઇન્ડિયામાં વિષયોની વિવિધતા નહીં આવે તેથી તે ઊતરતું

૧. જે. બી. કૃપાલાનીના પિતા.
૨. જે. બી. કૃપાલાનીના ભત્રીજા ગિરધારી.
૩. યંગ ઇન્ડિયાના તંત્રી વિભાગના એક કર્મચારી.

Gandhi Heritage Portal

દેખાવાનું નથી. પણ વિષયોની પસંદગીમાં મૌલિકતા નહીં હોય, હકીકતોની ચોકસાઈ નહીં હોય અને વિવેચનમાં બળ નહીં હોય તો એ જરૂર ક્ષુદ્ર લેખાશે. ચોક્કસ, મૌલિક અને સામર્થ્યવાળા થવા માટે તમારે ઊંડા અભ્યાસી બનવું જોઈશે. ત્યારે જ પોતાને વિષે તમારામાં જ્ઞાનપૂર્વકનો વિશ્વાસ આવશે. વિષયોની સંખ્યા ઉપર ધ્યાન ન આપતાં વિષયના ઊંડાણમાં જાઓ. વિષયની આસપાસ ફરી વળો, વિષયની અંદર પ્રવેશ કરો, વિષયનો પાર પામો. (walk around your subject, walk into it, walk through it) અને यंग इन्डियानां પાનાં તમે જીવંત બનાવશો.

ચાલુ અંકમાંના મારા પોતાના લેખો ફરી વાંચી જતાં એ લેખોના કેટલાક ભાગોમાં મારું હમેશનું બળ હું જોઈ શકતો નથી. ખાદી વિષેનો લેખ[1] ઉત્તમ છે. પણ તેના છેલ્લા પૅરાનું અંગ્રેજી જોતાં જણાય છે કે એ લખતી વખતે હું અર્ધો ઊંઘમાં હોઈશ અથવા બેદરકાર હોઈશ. "કોઈ એ વાપરવા નારાજ હોય છતાં" (even if one is disinclined to use it) એ વાક્યની પછી તરત ફરી આ વાક્ય આવે છે: "કોઈ એ વાપરવા રાજી ન હોય છતાં" (even if one is not inclined to use it) "વાપરવું" શબ્દ ચાર લીટીમાં ચાર વાર આવે છે. સારા લેખમાં આવું દસમી પંક્તિનું વાક્ય હું નિભાવી ન લઉં. પણ તમે એ નિભાવી લીધું. તેનું હું દુઃખ નથી કરતો, કારણ તમારી શૈલીને વિષે મને વિશ્વાસ બેસી જાય ત્યાં સુધી મારી માંદગી, ઊંઘણશીપણું અથવા બેદરકારીની સજા મારે ભોગવવી જ રહી.

હવે અસહકાર ઉપરનો મારો લેખ લો.[2] એમાં વસ્તુ સઘળું સંગીન છે. પણ એ સંગીન રીતે મુકાયું નથી. હું જાણું છું કે કેટલી મુશ્કેલ પરિસ્થિતિમાં એ લેખ મેં લખ્યો છે. પણ તે કારણે વાચકો બેદરકારીથી લખાયેલા લેખો દરગુજર કરે એવી આશા મારાથી કેમ રખાય? મારો પહેલો લેખ ઠીક વાંચવા લાયક છે. પણ એ જ લેખ મેં સિંહગઢમાં લખ્યો હોત તો જુદી જ રીતે લખાત. જાહેરનામું (મૅનિફેસ્ટો)[3] એ મને પસંદ પડતી ચીજ છે. એની શૈલી સુંદર છે, વક્તવ્ય સ્પષ્ટ અને આકર્ષક છે, અને તમામ મુદ્દા સંક્ષેપમાં અને ખૂબીદાર રીતે આવી જાય છે. એના કરતાં પણ વધારે સારી રીતે હું લખી શકત. પણ છે તેવોયે લેખ સરસ છે.

હવે વિચાર માટે મેં તમને પૂરતી સામગ્રી આપી દીધી. મારામાં જે ઉત્તમ હોય તે લેવા તમે મારી પાસે આવ્યા છો. તમારામાં જે ઉત્તમ હોય તે દેશને આપો અને પ્રતિ સપ્તાહ તમારા ઉત્તમ કરતાં વધારે સારું કરો. (do better than your best) આમ કરવા માટે તમારે "સ્વદેશી"નો અભ્યાસ કરવો પડશે. રમેશ દત્ત, રાધાકમલ મુકરજી, બૅરો અને હિંદુસ્તાનના ઉદ્યોગો પર લખનારા બીજા લેખકો વાંચી જાઓ. તમારે સરકારી રિપૉર્ટો તથા આંકડાનાં તારણો (statistical abstracts) વાંચવાં જોઈએ. અને દર અઠવાડિયે હકીકતો અને આંકડાથી વાચકોને નવરાવી દેવા જોઈએ. તમારી પાસે પુસ્તકાલય નથી એમ મને કહેશો નહીં. અમદાવાદમાં જઈને બધાં પુસ્તકાલયો ઢૂંઢી વળો અને તમારે જોઈતી વસ્તુ ખોળી કાઢો. તે જ પ્રમાણે હિંદી અને પ્રાદેશિક ભાષાઓના પ્રશ્નનો અભ્યાસ કરવાનો છે. ઇંગ્લંડમાં નૉર્મન રાજાઓના વખતમાં ફ્રેંચ ભાષાની લહે લોકોને લાગેલી હતી. તેમાંથી કેટલાક અંગ્રેજીના પ્રેમીઓએ અંગ્રેજી ભાષાને કેવી

૧. જુઓ "ખાદીના ઉપયોગ", ૨૮-૪-૧૯૨૦.

૨. જુઓ "અસહકાર", ૨૮-૪-૧૯૨૦.

૩. ઘણું કરીને ગાંધીજી અહીં "અખિલ હિંદ હોમરૂલ લીગના સભ્યોને", ૨૮-૪-૧૯૨૦નો ઉલ્લેખ કરી રહ્યા છે.

Gandhi Heritage Portal

રીતે ઉગારી લીધી તેનો અભ્યાસ કરો. કેવી રીતે રશિયામાં એક જ અધ્યાપકે પોતાના પુરુષાર્થથી રશિયાની આખી કેળવણીમાં ભારે ક્રાન્તિ આણી અને ત્યારથી રશિયાની રાષ્ટ્રીય જાગૃતિનો આરંભ થયો તેનો અભ્યાસ કરો. ભાષાવાર પ્રાદેશિક વહેંચણીનો પ્રશ્ન લો. મારાં કાગળિયાંમાંથી એ વિષે સંગ્રહાયેલી સામગ્રી મળી આવશે. પણ તમે પોતે પણ સામગ્રી એકઠી કરી શકો છો. હિંદુમુસલમાન એકતાના પ્રશ્નમાં તો તમારે નિષ્ણાત બનવું જોઈએ. ખિલાફતના પ્રશ્ન ઉપર શ્રી બૅંકર પાસેથી તેમનાં અંગ્રેજી સાપ્તાહિકો, ધિ न्यू एज, ધિ नेशन વગેરે તમારે મેળવી લેવાં જોઈએ. ટર્કીના ઇતિહાસનો અભ્યાસ કરો. તેની જે બદગોઈ ચાલે છે તેનો અભ્યાસ તરીકે જવાબ આપો. આ બધામાં તમારા નાણાવિષયક જ્ઞાનનો ઉમેરો થશે એટલે દર અઠવાડિયે પીરસવાની પૂરતી સામગ્રી તમને મળી રહેશે.

મારી સૂચના છે કે આ કાગળ તમે ફાડી નાખશો નહીં, પણ અનેક વાર કાળજીપૂર્વક વાંચી જજો અને હું તમારી પાસે શી અપેક્ષા રાખું છું તેના સ્મરણ તરીકે રાખી મૂકશો. પટવર્ધનને[૧] તો આ વંચાવશો જ. પણ હું ઇચ્છું છું કે જવાબદારીમાં તેમને ભાગીદાર કરશો નહીં. કારણ એટલું જ છે કે यंग इन्डिया "એડિટ" કરવાની જવાબદારીનો બોજો હજી મેં તેમના ઉપર નાખ્યો નથી. તેમણે તે લઈ લીધી છે. અને બહાદુરીથી લીધી છે, પણ મેં હજી તેમને એ માટે જવાબદાર ગણ્યા નથી. ત્યાં સુધી यंग इन्डियाનું એમનું કામ ભેટના રૂપનું છે. તે માટે હું આભારી છું. પણ તમારી કલમમાંથી આવે એ બધાની હું જેમ ટીકા કરું તેમ તેમના કામની ટીકા કરું નહીં.

અહીં બે જુદા જુદા વિચારોનો ગોટાળો કરશો નહીં. તમે પગાર લો છો તે કારણે તમારા અને પટવર્ધનના કામમાં ભેદ પડતો નથી. તમે મારી પાસે ખાસ यंग इन्डिया માટે જ આવ્યા છો. પટવર્ધન કોઈ પણ કામ હું સોંપું તે માટે આવ્યા છે. મગનલાલ પગાર લેતા નથી, પણ જે કામ તેના ખાતાનું હોય તેની હું નિર્દય થઈને ટીકા કરું છું. પટવર્ધનને પણ કોઈ ખાતાની જવાબદારી સોંપીશ ત્યારે એમના પ્રત્યે પણ એ જ પ્રમાણે વર્તીશ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: महादेवभाईनी डायरी, પુસ્તક પાંચમું

૧. અમરાવતીવાળા વાદવડકર પટવર્ધન; એમણે કશા પણ માનદ વેતન વિના એક વરસ કરતાં વધુ સમય સુધી यंग इन्डियाના ઉપતંત્રી તરીકે સેવા આપી હતી.

Gandhi Heritage Portal

## ૧૪૯. સૈયદ ફઝ્‌લુર રહેમાનને[1] પત્ર

મે ૨, ૧૯૨૦

બ્રિટિશ માલનો બહિષ્કાર[2] કરવો એ [તેને] સજા [રૂપ] છે. હું બ્રિટિશ માલ ખરીદું તેથી કાંઈ બ્રિટિશ રાજ્ય જે અન્યાય આચરતું હોય તેમાં ભાગીદાર બનતો નથી. પણ જ્યારે સરકાર અન્યાય કરી રહી હોય ત્યારે એની સાથે સહકાર કરું તો હું સરકારના અન્યાયમાં ભાગીદાર બનું છું. એટલે અન્યાયી સરકારની સાથે અસહકાર એ કર્તવ્ય અથવા ધર્મ થઈ પડે છે. જો લાગવગવાળા મુસલમાનોની ભીરુતાને લીધે અને હિંદુઓના અળગાપણાને લીધે મુસલમાન જનતા અસહકારને અપનાવી નહીં શકે તો તેનું અનિવાર્ય પરિણામ ખુનામરકીવાળા વિપ્લવમાં આવવાનું છે. અલબત્ત, જો ખિલાફતના પ્રશ્નનો ફેંસલો મુસલમાનોની વિરુદ્ધમાં આવે તો. પરંતુ ઉપર જણાવેલા બંને વર્ગ મુસલમાન જનતામાં વ્યાપેલી લાગણીની આંતરિકતા સમજી જશે તો તેઓ અસહકારને સંપૂર્ણ રીતે ફતેહમંદ બનાવશે અને ઇષ્ટ પરિણામ લાવી શકશે.

મો. ક. ગાં.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૫૦. મગનલાલ ગાંધીને પત્ર

મે ૨, ૧૯૨૦

મેં કાલે મહાદેવને અનાયાસે પૂછ્યું કે તમે મગનલાલના સંતાપનું કંઈ કારણ જાણો છો? તે ઉપરથી મોટર બાબત થયેલી વાતને પ્રસંગે તમે કાઢેલા ઊભરા તેણે મને જણાવ્યા. છતાં હું હમણાં તે એકેનો જવાબ નહીં આપું. તમારા કાગળની રાહ જોઈશ. આજે તો તમારો કાગળ આવવો જ જોઈતો હતો. અથવા મારે જવાબ તો શા આપવાના હોય? પણ તમને શાંતિ મળે એવાં વચનો તો લખું જ. એ તમારો કાગળ આવ્યે જ.

રાધાનું તો હું લખી નાખું. મારે રાધાના વિવાહ નથી કરવા. પણ હું તમારી ચિંતા જે પ્રમાણે સમજ્યો તે પ્રમાણે જ મેં વિચારેલું ને હું બોલ્યો. જો તમે હવે તે છોકરીને વિષે દૃઢ થયા હો ને સંતોકને તમારી સાથે લઈ જઈ શકો તો તો હું તો રાધાનું અખંડ બ્રહ્મચર્ય એ જ આશ્રમનું મોટામાં મોટું પરિણામ માનું. રાધાને વિષે અને વિવાહને વિષે મારા ઉદ્‌ગારો ને

૧. આ જ વ્યક્તિને ઉદ્દેશીને લખાયેલા બીજા પત્ર માટે જુઓ: "સૈયદ ફઝ્‌લુર રહેમાનને પત્ર", ૧૧-૫-૧૯૨૦.

૨. જેની હિમાયત ખિલાફતના કેટલાક કાર્યકર્તાઓ, ખાસ કરીને હજરત મોહાની, કરી રહ્યા હતા.

Gandhi Heritage Portal

વિચારો હતા તે જ છે. દેવદાસનું પૃથક્કરણ આ છે. મારા વિચારો તો હતા તેવા જ છે, પણ બીજાઓ પ્રત્યેની મારી ઉદારતા વધી છે, અથવા તો તેને શિથિલતા પણ કહેવી હોય તો કહો. બીજાઓ મારા વિચારો ધરાવે એવી મને જે અધીરાઈ રહેતી તે નથી. એ અધીરાઈ, વિચાર અને અનુભવથી ગઈ છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૫૧. સ્વામી શ્રદ્ધાનંદને પત્ર

મે ૨, ૧૯૨૦

પ્રિય ભાઈ,

આપનો પત્ર મળ્યો. સરકારી નોકરો માટે ભરણપોષણની સારી સરખી યોજના ઘડવામાં આવશે ત્યારે જ એમને નોકરી છોડવાનું કહેવામાં આવશે. આ બાબતમાં હું મુસલમાન ભાઈઓ જોડે ચર્ચા કરી રહ્યો છું. મેં દેશ છોડી જવાની સલાહ કોઈને પણ આપી નથી[1] તેમ એવી સલાહ હું આપી શકું એમ પણ નથી. કેટલાક મુસલમાન ભાઈઓનો અભિપ્રાય જરૂર હિજરત કરવાનો છે, એમને અમે રોકી શકતા નથી. એમને હું સમજાવી રહ્યો છું કે હિજરતનું કોઈ પરિણામ આવવાનું નથી. આપણે જો સત્યાગ્રહના પગલા તરીકે હિંદુસ્તાન છોડીએ, તો એથી સરકાર ઉપર કાંઈ દબાણ આવશે એવો ખ્યાલ આપણે નહીં રાખવો જોઈએ. મારા અભિપ્રાય પ્રમાણે હિંદુઓ[2] માટે હિંદુસ્તાન છોડવાનો પ્રસંગ ત્યારે જ આવે છે, જ્યારે કોઈ હિંદુ રાજાના રાજ્યમાં પ્રજા એની સાથે મળી જઈને હિંદુ ધર્મનું પાલન ફરજિયાત બનાવી દે. એ વખતે જો આપણે સરકાર સાથે અસહકાર કરવા અસમર્થ નીવડીએ તો એનો અર્થ હું એટલો જ કાઢીશ કે મુસલમાનોની ધર્મવૃત્તિ નબળી પડી ગઈ છે. સૌ કોઈ જોઈ શકે છે કે આ ખિલાફતના પ્રશ્નમાં ઈસ્લામને ભારે નુકસાન પહોંચાડવાની વાત રહેલી છે. આવે પ્રસંગે પણ મુસલમાનો જાનમાલ કુરબાન કરવા તૈયાર ન હોય તો પછી એમ જ કહી શકાય કે એમનામાંથી ધાર્મિકતાનો લોપ થઈ ગયો છે. જો આવું બૂરું પરિણામ આવે તો મને આશ્ચર્ય નહીં થાય, કારણ કે દુનિયામાં ભ્રમણ કરતાં હું બધે વ્યાપેલા કળિકાળનો મહિમા જોઈ રહ્યો છું. દરેક જગ્યાએ ધર્મની ભાવના ખૂબ જ શિથિલ બની ગઈ છે અને ધર્મના નામથી જે અનેક કાર્યો થાય છે એમાં પણ હું અધર્મ જોઈ રહ્યો છું. મારું આ લખાણ આપને અસ્પષ્ટ લાગે તો આપ મને ફરીથી પૂછવાનું રાખશો.

૧. ગાંધીજી અહીં કેટલાક ખિલાફતના કાર્યકરોએ ૧૯૨૦ના ઉનાળાની શરૂઆતમાં કરેલા એક સૂચનનો ઉલ્લેખ કરી રહ્યા હોય એવું દેખાય છે. એ સૂચન એવું હતું કે ધાર્મિક વૃત્તિવાળા મુસલમાનોએ હિંદમાંથી હિજરત કરી અફઘાનિસ્તાન જવા વિષે વિચાર કરવો.

૨. એટલું સ્પષ્ટ દેખાય છે કે અહીં "હિંદુઓ" ની જગ્યાએ "મુસલમાનો" જોઈએ.

Gandhi Heritage Portal

ગુકુરુળનું[1] કામકાજ હવે સારી રીતે ચાલતું હશે. ચાર દિવસથી આ એકાંત સ્થળે આવ્યો છું.[2]

આપનો
**મોહનદાસ**

[મૂળ હિંદી]

મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

## ૧૫૨. સરલાદેવી ચૌધરાણીને પત્ર

મે ૩, ૧૯૨૦

મારી વહાલી સરલા,

પોતે નિષ્કલ બ્રહ્મ છે એ જ્ઞાન લાધતાં જનકને આનંદ આનંદ થઈ જાય છે એ જોઈ અષ્ટાવક્રે ત્રીજા અધ્યાયમાં નીચેના શ્લોકોમાં તેને ચેતવ્યો :

[3]अविनाशिनमात्मानमेकं विज्ञाय तत्त्वतः ।
तवात्मज्ञस्य धीरस्य कथमर्थार्जने रतिः ।।१।।
आत्माज्ञानादहो प्रीतिः विषयभ्रमगोचरे ।
शुक्तेरज्ञानतो लोभो यथा रजतविभ्रमे ।।२।।
विश्वं स्फुरति यत्रेदं तरङ्गा इव सागरे ।
सोऽहमस्मीति विज्ञाय किं दीन इव धावसि ।।३।।
श्रुत्वापि शुद्धचैतन्यमात्मानमतिसुन्दरम् ।
उपस्थेऽत्यन्तसंसक्तो मालिन्यमधिगच्छति ।।४।।
सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि ।
मुनेर्जानत आश्चर्यम् ममत्वमनुवर्तते ।।५।।

૧. સ્વામી શ્રદ્ધાનંદે હરદ્વાર નજીક કાંગડીમાં સ્થાપેલું ગુરુકુળ.

૨. સિંહગઢ.

૩. અષ્ટાવક્ર બોલ્યા :

આત્માને તત્ત્વતઃ એક અને અવિનાશી જાણ્યા પછી, આત્મજ્ઞ અને ધીર એવા તારી અર્થોપાર્જનમાં પ્રીતિ કેમ થાય છે? (૧)

જેમ છીપના અજ્ઞાનથી ચાંદીનો વિભ્રમ થતાં તેમાં લોભ ઊપજે છે, તેમ અરે, આત્માના અજ્ઞાનથી વિષયોરૂપી ભ્રમાત્મક વસ્તુઓમા પ્રીતિ થાય છે. (૨)

જ્યાં આ વિશ્વ, સાગરમાં તરંગની જેમ સ્ફુરે છે, તે હું જ છું એમ જાણીને (પણ) તું દીનની માફક કેમ દોડે છે? (૩)

આત્મા શુદ્ધ ચૈતન્યરૂપ અને અતિ સુંદર છે એમ સાંભળ્યા છતાં જે વિષયેન્દ્રિયને વિષે અત્યંત આસક્ત રહે છે, તે મલિનતાને પામે છે. (૪)

આત્માને સર્વ ભૂતોમાં અને સર્વ ભૂતોને આત્મામાં જાણનારો મુનિ પણ મમત્વ પાછળ પડે છે એ આશ્ચર્ય છે. (૫)

Gandhi Heritage Portal

[1]आस्थितः परमाद्वैतं मोक्षार्थेऽपि व्यवस्थितः।
आश्चर्यं कामवशगो विकलः केलिशिक्षया ।।६।।
उद्भूतं ज्ञानदुर्मित्रमवधार्यातिदुर्बलः।
आश्चर्यं काममाकाङ्क्षेत्कालमन्तमनुश्रितः ।।७।।
इहामुत्र विरक्तस्य नित्यानित्यविवेकिनः।
आश्चर्यं मोक्षकामस्य मोक्षादेव बिभीषिका ।।८।।
धीरस्तु भोज्यमानोऽपि पीड्यमानोपि सर्वदा।
आत्मानं केवलं पश्यन् न तुष्यति न कुप्यति ।। ९ ।।
चेष्टमानं शरीरं स्वं पश्यत्यन्यशरीरवत्।
संस्तवे चापि निन्दायां कथं क्षुभ्येन्महाशयः ।। १० ।।
मायामात्रमिदं विश्वं पश्यन् विगतकौतुकः।
अपि सन्निहिते मृत्यौ कथम् त्रस्यति धीरधीः। ११ ।।
निःस्पृहं मानसं यस्य नैराश्येऽपि महात्मनः।
तस्यात्मज्ञानतृप्तस्य तुलना केन जायते ।। १२ ।।
स्वभावादेव जानाति दृश्यमेतन्न किञ्चन।
इदं ग्राह्यमिदं त्याज्यं स किं पश्यति धीरधीः ।। १३ ।।
अन्तस्त्यक्तकषायस्य निर्द्वन्द्वस्य निराशिषः।
यदृच्छयाऽऽगतो भोगो न दुःखाय न तुष्टये ।। १४ ।।

આવો પડકાર મળતાં જનક પોતાની એ જ આનંદમગ્ન વૃત્તિ કાયમ રાખીને ચોથા અધ્યાયમાં જવાબ આપે છે:

૧. પરમ અદ્વૈતમાં સ્થિત થયેલો અને મોક્ષને માટે પણ પ્રયાસ કરનારો (માણસ) પણ ભોગના અભ્યાસને લઈને કામવશ થઈ વ્યાકુળ થાય છે એ આશ્ચર્ય છે. (૬)

જાગેલા જ્ઞાનશત્રુને જાણતો છતાં અતિ દુર્બળ અને અંતકાળની નજીક પહોંચેલો (માણસ) વિષય-ભોગની આકાંક્ષા કરે છે, એ આશ્ચર્ય છે. (૭)

આ લોક તથા પરલોક પ્રત્યે વિરક્ત, નિત્ય-અનિત્યનો વિવેક કરનારો અને મોક્ષની ઇચ્છાવાળો, એવા (મનુષ્ય)ને મોક્ષનો જ ભય (રહે) છે, એ આશ્ચર્ય છે. (૮)

ભોગ ભોગવતો છતાં અને પીડાતો હોવા છતાં ધીર મનુષ્ય સર્વદા કેવળ આત્માને જોતો હોઈ, પ્રસન્ન થતો નથી, તેમ કોપ પણ કરતો નથી. (૯)

પોતાના પ્રવૃત્તિમય શરીરને જે બીજાના શરીર જેવું જુએ છે તે મહાશય સ્તુતિથી અથવા નિંદાથી કેમ ક્ષોભ પામે? (૧૦)

આ વિશ્વને માત્ર માયારૂપે જે જુએ છે, જેનામાં કુતૂહલ રહ્યું નથી તે ધીર બુદ્ધિવાળો મનુષ્ય, મૃત્યુ નજીક હોવા છતાં કેમ ત્રાસ પામે? (૧૧)

જે મહાત્માનું મન નિરાશામાં પણ નિઃસ્પૃહ (રહે) છે તેવા આત્મજ્ઞાનતૃપ્તની તુલના કોની સાથે થઈ શકે? (૧૨)

આ દૃશ્ય (વિશ્વ) મૂળે જ કાંઈ નથી એમ જાણનાર ધીર બુદ્ધિવાળો (માણસ) શું એમ જુએ છે કે આ ગ્રાહ્ય છે અને આ ત્યાજ્ય છે? (૧૩)

કષાયનો જેણે અંતરથી ત્યાગ કર્યો છે, જે નિર્દ્વંદ્વ છે અને જે આશાથી રહિત છે, તેને સહજ પ્રાપ્ત થતો ભોગ દુઃખકર નથી તેમ સુખકર પણ નથી. (૧૪)

Gandhi Heritage Portal

[1]हन्तात्मज्ञानस्य धीरस्य खेलतो भोगलीलया।
न हि संसारवाहिकैर्मूढैः सह समानता ।। १ ।।
यत्पदं प्रेप्सवो दीनाः शक्राद्याः सर्वदेवताः।
अहो तत्र स्थितो योगी न हर्षमुपगच्छति ।। २ ।।
तज्ज्ञस्य पुण्यपापाभ्यां स्पर्शो ह्यन्तर्न जायते।
न ह्याकाशस्य धूमेन दृश्यमानाऽपि सङ्गतिः ।। ३ ।।
आत्मैवेदं जगत्सर्वं ज्ञातं येन महात्मना ।।
यदृच्छया वर्तमानं तं निषेद्धुं क्षमेत कः ।। ४ ।।
आब्रह्मस्तम्बपर्यन्ते भूतग्रामे चतुर्विधे।
विज्ञस्यैव हि सामर्थ्यमिच्छानिच्छाविवर्जने ।। ५ ।।
आत्मानमद्वयं कश्चिज्जानाति जगदीश्वरम्।
यद्वेत्ति तत्स कुरुते न भयं तस्य कुत्रचित् ।। ६ ।।

તમે જોશો કે ચોથા અધ્યાયમાંના શ્લોકો કંઈક જોખમકારક છે. નાજુક હોજરીને તે ભારે પડે એવો ખોરાક છે. બધા અધ્યાયો સરખા વિસ્તારવાળા નથી. દાખલા તરીકે ત્રીજા અધ્યાયમાં ચૌદ શ્લોક છે, જ્યારે ચોથા અધ્યાયમાં માત્ર છ જ છે.

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી
શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું

૧. અરે, ભોગલીલાથી ક્રીડા કરતા અને આત્મજ્ઞાની એવા ધીર (મનુષ્ય)ની સાથે સંસારનો ભાર વહન કરતા મૂઢની સરખામણી જ ન હોય. (૧)

જે પદની ઇચ્છા કરતા ઇન્દ્રાદિ સર્વ દેવો લાચાર બની જાય છે, તે પદે સ્થિર થયેલો યોગી હર્ષ પામતો નથી. (૨)

એ જાણનારને અંતરમાં પુણ્ય અને પાપનો સ્પર્શ થતો નથી, (જેમ) એ પ્રમાણે દેખાતું હોવા છતાં આકાશને ધુમાડાનો સંગ નથી હોતો (તેમ). (૩)

આ સર્વ જગત આત્મરૂપ જ છે એમ જેણે જાણ્યું છે એવા મહાત્માને સહજ ક્રિયાઓ કરતાં અટકાવવા કોણ શક્તિમાન છે? (૪)

બ્રહ્માથી માંડીને તૃણ પર્યંતની ચાર પ્રકારની ભૂતસૃષ્ટિમાં માત્ર જ્ઞાનીમાં જ ઇચ્છા અને અનિચ્છાને રોકવાનું સામર્થ્ય છે. (૫)

કોઈક જ આત્માને અને જગદીશ્વરને અદ્વૈતરૂપે જાણે છે, તે જે જાણે છે તે જ આચરે છે. તેને કશેથી પણ ભય નથી. (૬)

Gandhi Heritage Portal

# ૧૫૩. મગનલાલ ગાંધીને પત્ર

સિંહગઢ,
વૈશાખ વદ ૧ [મે ૪, ૧૯૨૦][1]

ચિ. મગનલાલ,

આજે તમારી ટપાલ મળી. પણ તમને મારી ઉપર લખવાનો વખત નથી મળ્યો તેથી ભાઈ મહાદેવ પાસેથી સાંભળેલું લખીને જેટલી શાંતિ તમને આપી શકાય એટલી આપવા ઇચ્છું છું.

૧. મોટર વિષે મેં પુછાવ્યું જ કેમ? એ જ મારી શિથિલતા બતાવે છે.
૨. ગુરુદેવે[2] ફાતિમા[3] વિષે જે કર્યું તેમાં વ્યય વખતનો અને પૈસાનો ઘણો થયો. ફળ કંઈ જ નહીં અથવા થોડું જ.
૩. પ્રવૃત્તિઓ મારી પાસે આવે છે. હું તેને શોધતો નથી જતો. એ વાક્ય બરાબર નથી.
૪. સરલાદેવી ગાદલે બેસી જમ્યાં. હું ત્યાં જ બેસી ખાઉં છું એવી શી ઉતાવળ? શું તેઓ અને હું ઠેકાણેસર બેસી ખાઈએ તો વધારે વખત જવાનો સંભવ છે? અને જાય તો એવી શી ધાડ?
૫. મારામાં જે ચુસ્તપણું આગળ હતું તે હવે ગયું છે.
૬. મારી બાહ્ય પ્રવૃત્તિઓથી હિંદુસ્તાને અને આશ્રમે ગુમાવ્યું છે.
૭. મારે ખરું જોતાં તો બધું છોડી આશ્રમમાં જ બેસી તેની પ્રવૃત્તિ, શાળા ઇ.માં ગૂંથાઈ જવું જોઈએ. હવે કોઈ મારી ઉપર હારી જવાનો આરોપ નહીં મેલે.
૮. રાધાના લગ્ન વિષે.
૯. મારામાં જે તેજ પહેલાં હતું, જે વડે બધાંને મારું સાંભળવું જ પડતું હતું તે તેજ હવે ગયું છે.

આ અને આવા પ્રશ્નો તમારા મનમાં આવે એ સ્વાભાવિક ગણું છું. તેમાંયે જ્યારે હું દૂર હોઉં, આશ્રમમાં રહેતો છતાં પણ દૂર જેવો જ હોઉં, ત્યારે મારી અનેક પ્રવૃત્તિઓને લઈને ઘણા ગૂંચવાડા ઊઠે જ. મોટર વિષે મેં પુછાવ્યું કેમ કે આપણે ઘણી ઉપાધિઓ દાખલ કરી છે. મોટરનો મેં વ્યાપારની દૃષ્ટિએ ઉપયોગ જોયો. મોટરનો ઉપયોગ તો ખૂબ જ થયા કરે છે એટલે મોટરની ભેટ લેવાય કે નહીં. મારે પરબારો જવાબ દઈ દેવો એ મને તદ્દન યોગ્ન ન લાગ્યું. બે દિવસ તો હું એ વિચારની સામે ખૂબ થયો. મને [લાયલ[4] અંગે] બનેલી પળ યાદ આવતાં હું

૧. આ પત્ર મહાદેવભાઈની ડાયરી પુસ્તક ૫માં પણ ૩જી મેની તારીખ નીચે આપ્યો છે. પરંતુ ગાંધીજી ૪થી મેએ સિંહગઢથી ચાલ્યા ગયા હતા, એટલે એ તારીખ આ પત્રને માટે વધુ સંભવિત લાગે છે.

૨. રવીન્દ્રનાથ ટાગોર. તેઓ ૨૭ એપ્રિલ, ૧૯૨૦ને રોજ આશ્રમમાં પધાર્યા ત્યારે તેમના માનમાં સમારંભ ગોઠવાયો હતો.

૩. ઇમામ અબ્દુલ કાદિર બાવાઝીરની દીકરી, જેનું લગ્ન આશ્રમમાં ઊજવાયું હતું. જુઓ "લગ્નની આમંત્રણ પત્રિકા" ૨૦-૪-૧૯૨૦ તથા "ત્રણ પ્રસંગો", ૯-૫-૧૯૨૦.

૪. એક પાદરી, તેઓ આશ્રમની શાળામાં અંગ્રેજી શીખવતા હતા.



Gandhi Heritage Portal

મોળો પડયો ને તમારી પણ ઇચ્છા થાય તો મોટરની ભેટ લઉં એવું લાગ્યું. પણ મને મોટરનો મોહ એટલો ઓછો છે કે ઘણી વેળા અનસૂયાબહેનની મોટર તૂટી પડે એવું મેં ઇચ્છયું છે. છતાં આટલું ખરું કે જેટલો મારો વિરોધ પ્રથમ હતો તેટલો આજે નથી. એટલે એ પ્રશ્ન પુછાવવાથી તમે મારી શિથિલતા ઘટાવો તો તે હું વાજબી જ માનું.

ગુરુદેવને વિષે હું માત્ર સાક્ષી જ રહ્યો. તમારી બધાની ઇચ્છાને વશ વર્ત્યો છું. હું પોતે કમાન વ.માં ન પડત. તેમની પૂજા કરવાનો કંઈક અલ્પ પ્રયાસ શોધી કાઢત. જે થયું તેને વિષે હું તદ્દન તટસ્થ છું. તેમનું સુંદર રીતે સ્વાગત કરવું એ આપણી ફરજ હતી એમ માનું છું. વિદ્યાર્થીઓ તેમાં રોકાઈ ગયા તેથી કાંઈ નુકસાન થયું એવું મને નથી લાગ્યું. તેમનામાં રહેલો સેવાભાવ તેઓએ આચર્યો એ વાત યાદ રાખવા જેવી છે. વળી ગુરુદેવ બહુ અસાધારણ વ્યક્તિ ગણાય. તેમનામાં કવિત્વ, સાધુતા અને દેશપ્રેમ છે. એ મેળવણી અલૌકિક છે. તે પૂજા યોગ્ય છે. તેમની સરળતા કેવી?

ફાતિમા સારુ જે થયું એ તો મને કેવળ યથાર્થ લાગે છે. ઇમામસાહેબ મુસલમાન છે એટલું યાદ રાખીએ તો આપણને લાગે કે આપણે કંઈ વધારે નથી કર્યું. દરેક પગલું વિચાર-પૂર્વક ભરાયું છે. આપણે તેના વિવાહ ઊજવવા બંધાયા હતા[1] એટલું કબૂલ રાખીએ તો બધું ઠીક જ થયું છે. ઇમામસાહેબ હજુ પણ વધારે સાદાઈ રાખી શકયા હોત. દાગીના કંઈ જ ન કરત તો ઘણું સારું કહેવાત. પણ એટલી બધી આશા કેમ રાખીએ? આ બાબત હું તમને વિશેષ સંતોષવા ઇચ્છું છું.

પ્રવૃત્તિઓ હું નથી જ શોધતો એ ચોક્કસ માનજો. મેં ગોતી એવી કઈ પ્રવૃત્તિ તમે જોઈ? ખિલાફતમાં હું ન પડું તો સર્વસ્વ ગુમાવ્યું ગણું. તેમાં તો મારો બધો વિશેષ ધર્મ આવી ગયો. તેની વાટે હું અહિંસાનું સ્વરૂપ બતાવી રહ્યો છું. હિંદુમુસલમાનને એક કરી રહ્યો છું. બધાના પ્રસંગમાં આવી રહ્યો છું ને જો અસહકાર બરોબર ચાલે તો મહા પશુબળને એક સાદી લાગતી ચીજને વશ થવું પડશે. ખિલાફત એ હિંદુસ્તાનના સમુદ્રનું મંથન કરનારું ભારે વલોણું છે. તેમાંથી શું નીકળશે તેની સાથે આપણે શો સંબંધ? એ પ્રવૃત્તિ શુદ્ધ અને યોગ્ય છે કે નહીં એટલું જ આપણે જોવાનું છે. જે જે વિષયોમાં મેં શક્તિ ખીલવી છે તે તે વિષયોને હું ન જ મેલી શકું ને મારો મોક્ષ પણ તેમાં જ રહ્યો સંભવે. જો હું તેમ ન કરું તો આશ્રમ વાટે પણ હું કાંઈ ન આપી શકું. તેવાં જ કારણોથી મને ડોકે માર્ગદર્શક કલ્પ્યો હતો. તેના પુસ્તકનું નામ તેણે પાથ ફાઇન્ડર અથવા જંગલ-બ્રેકર રાખવા માગેલું, પણ પોલાકની સૂચનાને તાબે થઈ તેણે જે નામ[2] હાલ છે તે રાખ્યું. આશ્રમ સ્થાપીને પણ મેં માર્ગ બતાવ્યો છે. તે રસ્તે જવું ને મુકામે પહોંચવું એ તમારું ને જેઓ રોકાયા છો તેઓનું કામ છે. આમ કરતાં જો મારે વધારે જીવી શાંતિ લેવાનું હશે તો મારા પરિપકવ અનુભવે આશ્રમની રેખાઓ હું વધારે સારી આંકી શકું. એ જુદો સવાલ છે. પણ આ બાબતમાં તમે ચર્ચા કરવામાં મને ખૂબ રોકી શકો છો.

સરલાદેવી તો એકલાં જ તે દહાડે જમવાનાં હતાં. તેથી ત્યાં જમ્યાં. હમેશાં તો રસોડે જ જમતાં. હું તો માંદો પડયા પછી અનાજ નથી ખાતો ત્યારે જ્યાં બેઠો હોઉં ત્યાં જ જમું

૧. કારણ કે એનાં માબાપ આશ્રમના પૂરા સમયનાં કાર્યકર્તા હતાં.
૨. एन इन्डियन पॅट्रियट इन साउथ आफ्रिका નામના એમના પુસ્તકનું.

Gandhi Heritage Portal

છું. તેમાં મેં મારી સગવડ શોધી છે તે મારી શિથિલતા પણ કહી શકાય. તમારી ફરિયાદ તો વાજબી જ છે.

મારામાં ચુસ્તપણું જે આગળ હતું તે ગયું નથી. મારા વિચારો વધારે દૃઢ થયા છે, વધારે સુગમતાને પામ્યા છે. મારો વૈરાગ વધ્યો છે. હું જે ઝાંખું જોતો તે હવે વધારે ચોખ્ખું જોઉં છું. મારી સહનશીલતા વધી છે. તેથી બીજાઓને વિષે તો મારો આગ્રહ ઓછો થયો છે.

મારી બાહ્ય પ્રવૃત્તિથી હિંદુસ્તાને ને આશ્રમે કમાણી કરી છે કે ગુમાવ્યું છે એનો જવાબ આપવો અશક્ય જેવો સમજું છું. જો મને રસ્તો સૂઝે તો તો જરૂર આશ્રમમાં જ બેસી જાઉં. પણ તે વાત કેવળ મારા હાથમાં નથી. મારી સાથે વાતો કરી મને બાંધી શકો તો બાંધી લો એમ ઇચ્છું છું.

મારું અસલ તેજ ગયું એ વાત તદ્દન સાચી છે. હું માંદો પડયો તેથી અપંગ બન્યો. તમારી બધાની જોડે ઊભી કામ કરવાની મારી શક્તિ ગઈ ત્યારથી મારું તેજ ગયું છે એ હું પોતે જોઈ શકયો છું. મારા શરીરમાં જે વજ્રતા હતી તેને બદલે કોમળતા આવી તેથી ઘણી ચીજોને હું નિભાવી રહ્યો છું. મને હવા ખાવાને જતો કોઈએ ભાળેલો ખરો? એ માણસ આજે હવા ખાતો થઈ ગયો. મારી પાછળ જે ખર્ચ થયું છે તેનો વિચાર કરું છું ત્યાં વળી વધારે ગભરાઉં છું. બીજા વર્ગમાં બેસતાં શરમાઉં છું. આવા પ્રસંગોથી મારો આત્મા ક્લેશ પામે છે ને જરૂર નિસ્તેજ થાય છે. આનો ઉપાય જ નથી. મારો સુંદરમાં સુંદર કાળ ગયો. હવે તો મારા વિચારોમાંથી જે લેવાય તે જ લેવાનું રહ્યું. હું આદર્શ આચરણી હતો તે મટયો. આ મારી દયામણી દશા છે જ. આમાં અતિશયોક્તિ નથી. ઉપરના ઉદ્ગારો મેં પ્રસંગોપાત્ત ઘણા કાઢયા છે.

પણ આ બધામાં તમારે કે મારે નિરાશ થવા જેવું નથી. આપણે આપણી ખામીઓ જોઈ શકીએ અને જ્યાં બની શકે એવું હોય ત્યાં તેને દૂર કરીએ. મારાં પચાસ વર્ષમાંથી તમને ઘણું શીખવાનું મળ્યું છે. તેને સંઘરો, તેની ઉપર ચણતર કરો ને શોભો ને મને શોભાવો. જ્યાં તમને અડચણો હોય તે મને બતાવો. તમારી મેળે દૂર કરી શકો તે દૂર કરો. ગભરાશો નહીં. આ કાગળમાં કયાંયે અનર્થ થયો હોય તો તે યાદ ન રાખજો. પણ તુરત તેનો ખુલાસો કરાવી લેજો.

તમને પરમ શાંત અને પ્રફુલ્લિત જોવા ઇચ્છું છું. સામળદાસે પૈસાનો મને તાર કર્યો છે તેને હું ના લખું છું. તેને પૈસા ન જ અપાય.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબ્લ્યુ. ૫૭૮૬
શ્રીમતી રાધાબહેન ચોધરી

Gandhi Heritage Portal

# ૧૫૪. દિલ્હીનું સરકારી જાહેરનામું અને વર્તમાનપત્રોને મળેલા હુકમો[1]

દિલ્હીમાં ખિલાફત આંદોલન સંબંધમાં દમનનો કોરડો વીંઝવાનું સરકારે શરૂ કરી દીધું છે. પ્રથમ તો રાજદ્રોહી સભાઓ અંગેના ધારા હેઠળ એક જાહેરનામું બહાર પાડયું છે અને બીજું મુસ્લિમ વર્તમાનપત્રોને મોંએ ક્રમે ક્રમે ડૂચા મારવાની નીતિ અખત્યાર કરી છે. આ જોઈને અમને કશું આશ્ચર્ય થતું નથી. આપણે ધારી લેવું જોઈએ કે સરકાર સમિતિના[2] પ્રત્યેક કાર્યની અગાઉથી કલ્પના કરી લેશે અને અસહકારના કાર્યક્રમને રોકશે – ધૂળમાં મેળવશે. વળી સરકાર સમજપૂર્વક અને સંયમથી વર્તે ત્યાં સુધી આપણે એને એ માટે દોષ પણ નહીં દઈ શકીએ. પરંતુ સરકાર એની સાન ખોઈ બેસે, ગભરાટમાં પડે અને અજુગતાં પગલાં લે તો તે માટે પણ લોકોએ તો તૈયાર રહેવું જ જોઈએ. ઓડવાયરશાહી ગમે તે સ્થળે, ગમે તે પળે ફાટી નીકળવાનો સંભવ છે. આ બધી સંભાવનાઓ માટે લોકોએ તૈયાર રહેવું જોઈશે. તૈયારી સાદી છે: ગમે તે થાય, લોકોએ મગજ નહીં ગુમાવવું જોઈએ, ગુસ્સે નહીં થવું જોઈએ. એમણે ગુંડાતત્ત્વોના હાથા બનીને સરકારના ગાંડપણનો જવાબ ગાંડપણથી આપવો નહીં જોઈએ. કોઈ પણ વ્યક્તિએ પોતાની જવાબદારી પર કંઈ પણ પગલું નહીં ભરવું જોઈએ. એટલું યાદ રાખવું જોઈએ કે ખિલાફત આંદોલન સંબંધમાં અત્યારે આ તબક્કે સવિનય કાનૂનભંગ જાણીબૂજીને કરવાનો નથી. અસહકાર પણ હજી શરૂ થયો નથી. સરકારના પ્રત્યેક હુકમનો કડક અમલ થવો જોઈએ અને બધા નિયમો અને કાયદાઓનું વફાદારીપૂર્વક પાલન થવું જોઈએ. આ પ્રમાણે વર્તીશું તો જ અસહકાર સફળ થવાનો સંભવ છે. યુદ્ધના બધા નિયમો આ મહાન લડતને લાગુ પડે છે. યુદ્ધમાં લશ્કર મૂગું મૂગું, સ્વસ્થ ચિત્તે અને મક્કમપણે આગળ વધતું હોય છે. એનું કોઈ પણ અંગ પોતાની જવાબદારી ઉપર પગલું ભરતું નથી. શિસ્ત એ સફળતાનો ધ્યાનમંત્ર છે. ખિલાફતની શાંતિસેનાએ પણ આ જ રીતે વર્તવું જોઈએ. ગમે તેવા ઉશ્કેરાટમાં પણ હિંસા નહીં થાય તો જ એણે કરેલા પ્રહારો ધારેલું નિશાન પાડશે. સરકારને અહિંસાના કોઈ નિયમનું બંધન લાગુ પડતું નથી. ખરી વાત તો એ છે કે આખરે કોઈ પણ સરકારને હિંસાનો આશરો લીધા વિના ચાલતું નથી. નેતાઓએ પકડાપકડી, નજરકેદ, કારાવાસ વગેરે માટે તૈયાર રહેવું જોઈએ, અને બીજાઓએ, તેમની જગા લેવા તૈયાર રહેવું જોઈએ. આ રીતે શુદ્ધિની પ્રક્રિયામાંથી પસાર થઈને જ્યારે આપણે આપણી લાયકાત સાબિત કરીશું ત્યારે જ આપણી જીત થશે, તે પહેલાં નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५–५–१९२०

૧. આ લેખનો ગાંધીજીએ જાતે લખેલો મુસદ્દો ગાંધી સ્મારક નિધિમાં છે. તે ઉપરથી તેને ગાંધીજીએ લખેલો ગણવામાં આવ્યો છે.

૨. અખિલ હિંદ ખિલાફત સમિતિએ નીમેલી પેટાસમિતિ, જેમાં આટલા સભ્યો હતા: ગાંધીજી, શૌકતઅલી અને અબુલ કલામ આઝાદ.

Gandhi Heritage Portal

## ૧૫૫. અસહકારનો અમલ કેવી રીતે કરવો

અસહકાર વિષેની શંકાઓ અને ટીકાઓનો જવાબ આપવાની કદાચ સૌથી સારી રીત અસહકારની યોજનાને વધારે વિસ્તારથી સમજાવવાની છે. ટીકાકારો એવું અનુમાન કરતા જણાય છે કે આ યોજનાના સંચાલકો આખી યોજનાનો એકી સાથે અમલ કરવાનો ઇરાદો રાખે છે. પરંતુ હકીકતમાં એમણે એ યોજનાના એક પછી એક આવનારા અને સુનિશ્ચિત એવા ચાર તબક્કા નક્કી કર્યા છે. પહેલા તબક્કામાં ખિતાબો છોડી દેવાના છે અને માનદ જગાઓનાં રાજીનામાં આપવાનાં છે. જો આનું કશું પરિણામ નહીં આવે, અથવા જે પરિણામ આવે તે અસરકારક નહીં હોય, તો બીજા તબક્કાનો આશ્રય લેવામાં આવશે. બીજા તબક્કા માટે અગાઉથી ઘણી તૈયારી કરવી પડે એમ છે. એટલું નક્કી છે કે જ્યાં સુધી સરકારી નોકર પોતાનું અને પોતાનાં કુટુંબીઓનું ભરણપોષણ કરી શકે તેવી સ્થિતિમાં નહીં હોય અથવા ખિલાફત સમિતિ એનો બોજો ઉઠાવી શકે તેમ નહીં હોય, ત્યાં સુધી એક પણ સરકારી નોકરને નોકરી છોડવાનું કહેવામાં આવશે નહીં. બધા વર્ગના સરકારી નોકરોને એકી સાથે નોકરી છોડવાનું કહેવામાં આવશે નહીં અને સરકારી નોકરી છોડવા માટે એક પણ વ્યક્તિ ઉપર કદી કોઈ પણ જાતનું દબાણ કરવામાં આવશે નહીં. બીજું, આ આંદોલન અંગ્રેજવિરોધી નથી એટલા જ કારણસર એ સરકાર વિરોધી પણ નથી. એટલે ખાનગી નોકરી કરનાર એક પણ કર્મચારીને હાથ અડાડવામાં નહીં આવે. સહકાર બંધ કરવાનું કારણ એટલું જ છે કે લોકોએ એક અપકૃત્યમાં, એક વચનભંગના કાર્યમાં, ઊંડી અને ધાર્મિક લાગણી દૂભવવાના કાર્યમાં ભાગીદાર નહીં બનવું જોઈએ. જો ખિલાફતનો કોઈ પણ સભ્ય કોઈ પણ સરકારી નોકર ઉપર ગેરવાજબી દબાણ કરશે અથવા જો કોઈ પ્રકારે હિંસા કરશે કે તેને ઉત્તેજન આપશે, તો સ્વાભાવિક રીતે જ આંદોલન ઉપર નિયંત્રણ આવશે. લોકોનો સહકાર પૂરતા પ્રમાણમાં મળશે તો બીજો તબક્કો અવશ્ય પૂરેપૂરો સફળ થશે. કારણ કે લોકો જો સરકારની નોકરી કરવાનું બંધ કરી દે તો કોઈ પણ સરકાર ટકી શકે નહીં, હિંદુસ્તાનની સરકાર તો નહીં જ. એટલે પોલીસ અને લશ્કર પાસે નોકરી છોડાવવાના ત્રીજા તબક્કાના ધ્યેયને દૂર રાખ્યું છે. સંચાલકો તો ન્યાય અને ઔચિત્યનું પાલન કરવા માગે છે. તેઓ શંકાથી પર રહેવા ઇચ્છે છે. દૂરના ભવિષ્યમાં પણ તેઓ જે પગલું લેવાનો વિચાર રાખે છે તેમાંનું કશું તેઓ સરકારથી કે લોકોથી છુપાવવા માગતા નથી. ચોથો તબક્કો, એટલે કર ભરવાનું બંધ કરવાની વાત તો એથીયે આગળની વાત છે. સંચાલકો કબૂલ રાખે છે કે સામાન્ય કર ભરવાનું બંધ કરવાની વાતમાં સૌથી વધારે જોખમ રહેલું છે. એમાં લોકોનો એક લાગણીશીલ વર્ગ પોલીસ સાથે અથડામણમાં આવે એવો સંભવ છે. એટલે જ્યાં સુધી એમને એવી ખાતરી ન થાય કે લોકો હિંસા કરવાના નથી, ત્યાં સુધી તેઓ આ કાર્યક્રમ ઉપાડે એવો સંભવ નથી.

હું અગાઉ કહી ચૂકયો છું અને ફરીથી કહું છું કે અસહકારમાં જોખમ નથી એવું નથી, પરંતુ અસહકારની યોજનાને પરિણામે હિંસા થવાનું જે જોખમ છે તેના કરતાં અનેકગણું વધારે જોખમ એક ગંભીર પ્રશ્નની સામે હાથ જોડીને બેસી રહેવામાં છે. કશું ન કરવું એ અવશ્ય હિંસાને નોતરવા બરાબર છે.

Gandhi Heritage Portal

અસહકારને ઉતારી પાડવા ઠરાવો પસાર કરવા કે લેખો લખવા એ તો બહુ સહેલું કામ છે. પરંતુ પોતાને થયેલા અન્યાયના ઊંડા આઘાતથી ધૂંધવાયેલા લોકોના રોષને કાબૂમાં રાખવાનું કામ સહેલું નથી. અસહકારની વિરુદ્ધ બોલનારા અથવા કામ કરનારાઓને હું કહું છું કે જરા તમારી ખુરસીઓ પરથી નીચે ઊતરો, લોકો પાસે જાઓ, તેમની લાગણીઓ જાણો અને પછી જો તમારામાં હિંમત હોય તો અસહકારની વિરુદ્ધ લખો. જો તેઓ એ પ્રમાણે કરશે તો મારી માફક એમને પણ સમજાશે કે હિંસાને ટાળવાનો એકમાત્ર ઉપાય લોકોને એમની લાગણીઓ એવી રીતે વ્યક્ત કરવા દેવામાં રહેલો છે જેને પરિણામે એમની ફરિયાદો અવશ્ય દૂર થાય. આને માટે મને અસહકાર સિવાય બીજો કોઈ માર્ગ દેખાતો નથી. એ માર્ગ તર્કસંમત અને બિનહાનિકારક છે. જે સરકાર પ્રજાની વાત સાંભળવાની ના પાડે છે તેને સહાય આપવાનો ઈનકાર કરવો એ પ્રજાનો જન્મસિદ્ધ હક્ક છે.

લોકોની લાગણી જો સાચા દિલની હોય અને તે એવી પ્રબળ હોય કે તેને માટે લોકો વધારેમાં વધારે કષ્ટ ઉઠાવવા તૈયાર થાય તો જ એક ઐચ્છિક આંદોલન તરીકે અસહકાર સફળ થઈ શકે. જો મુસલમાનોની ધાર્મિક લાગણીને ઊંડો આઘાત લાગ્યો હશે, અને જો હિંદુઓ પોતાના મુસલમાન ભાઈઓ પ્રત્યે પડોશીભાવ રાખતા હશે, તો ઈચ્છિત વસ્તુ મેળવવા માટે બંને કોમો ગમે તે ભોગને વધારેપડતો નહીં માને. આમાં અસહકાર એક અસરકારક ઉપાય બની રહેશે એટલું જ નહીં, પણ મુસલમાનોની માગણી પાછળ અને હિંદુઓના મૈત્રીના દાવા પાછળ રહેલી સચ્ચાઈની પણ તે અસરકારક કસોટી બનશે.

પરંતુ હું ખિલાફત આંદોલનમાં જોડાઉં તેની વિરુદ્ધ મારા મિત્રોએ એક બહુ જ સચોટ દલીલ કરી છે.[1] તેઓનું કહેવું એમ છે કે હું અંગ્રેજોનો મિત્ર છું અને બ્રિટિશ બંધારણનો પ્રશંસક છું તેથી, જે લોકોને આજે અંગ્રેજો પ્રત્યે દુર્ભાવ સિવાય બીજી કોઈ લાગણી નથી તેમને સાથ આપવો મને શોભતો નથી. મારે સખેદ કબૂલ કરવું પડે છે કે સામાન્ય મુસલમાનને આજે અંગ્રેજો પ્રત્યે કશો પ્રેમભાવ નથી. સામાન્ય મુસલમાન એમ માને છે, અને એ અકારણ પણ નથી કે અંગ્રેજો ન્યાયપૂર્વક વર્ત્યા નથી. પરંતુ જો અંગ્રેજો પ્રત્યે મારા મનમાં મૈત્રીભાવ છે તો મારા મુસલમાન દેશબંધુઓ પ્રત્યે મારા મનમાં એ ભાવ ઓછો નથી. અને તેથી અંગ્રેજો કરતાં હું તેમના પ્રત્યે વધારે ધ્યાન આપું એવી માગણી કરવાનો તેમને અધિકાર છે. પરંતુ મારો અંગત ધર્મ એમ કહે છે કે મારે અંગ્રેજોની કે બીજા કોઈની પણ લાગણી દૂભવ્યા વિના મારા દેશબંધુઓની સેવા કરવી જોઈએ. એટલે જેવું વર્તન હું મારા સગા ભાઈ પ્રત્યે કરવા તૈયાર ન થાઉં તેવું વર્તન હું એક અંગ્રેજ પ્રત્યે પણ ન કરું. મોટું રાજ્ય મેળવવા માટે પણ હું અંગ્રેજને ઈજા ન પહોંચાડું, પરંતુ જરૂર ઊભી થતાં જેમ મેં મારા સગા ભાઈ[2] (જે અત્યારે હયાત નથી) સાથે સહકાર બંધ કર્યો હતો તેવી જ રીતે જરૂર ઊભી થતાં હું અંગ્રેજ સાથેનો સહકાર પણ બંધ કરું. સામ્રાજ્ય અન્યાય કરે તેમાં ભાગ લેવાની હું ના પાડું, તેથી સામ્રાજ્યની સેવા જ થાય છે. બોઅર યુદ્ધ વખતે વિલિયમ સ્ટેડે[3] બ્રિટિશોની હાર થાય તે માટે ખુલ્લેખુલ્લી

૧. દાખલા તરીકે જુઓ "હું ખિલાફત આંદોલનમાં શા માટે જોડાયો છું", ૨૮–૪–૧૯૨૦ અને "સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર", ૨૦–૬–૧૯૨૦.

૨. કરસનદાસ ગાંધી.

૩. વિલિયમ થૉમસ સ્ટેડ (૧૮૪૯-૧૯૧૨); અંગ્રેજ પત્રકાર અને સુધારક; એમની સાહસવૃત્તિ અને મૌલિકતાએ એમના સમયના પત્રકારત્વ અને રાજકારણ ઉપર પ્રબળ પ્રભાવ પાડ્યો હતો; ગ્રેટ બ્રિટનમાં ચાલેલા શાંતિ-આંદોલનના તેઓ ઉત્સાહી ટેકેદાર હતા.

Gandhi Heritage Portal

પ્રાર્થના કરી હતી, કારણ કે તેઓ માનતા હતા કે જે રાષ્ટ્રના પોતે વતની હતા તે રાષ્ટ્ર અધર્મની લડાઈ લડી રહ્યું હતું. હાલના બ્રિટિશ વડા પ્રધાને[1] એ લડાઈનો વિરોધ કરવા પોતાના જાનનું જોખમ ખેડયું હતું, અને એ લડાઈ રોકવા માટે પોતાના જ દેશની સરકારના માર્ગમાં વિઘ્નો નાખવા પોતાનાથી બનતું બધું કર્યું હતું. એટલે બ્રિટિશો પ્રત્યે મૈત્રીની લાગણી ન ધરાવતા મુસલમાનો સાથે જો હું ભળી ગયો છું, તો ન્યાય મેળવવાના હેતુથી બ્રિટિશોના મિત્ર તરીકે એ મેં ખુલ્લી રીતે કર્યું છે. અને એ દ્વારા મારે એ બતાવી આપવું છે કે જો નિશ્ચય સાચો હોય અને તેની સાથે કષ્ટ સહન કરવામાં આવતું હોય તો બ્રિટિશ બંધારણ એનો જવાબ વાળ્યા વિના રહેતું નથી. મુસલમાનો સાથે "ભળી જઈને" હું ત્રિવિધ ઉદ્દેશ સિદ્ધ કરવા માગું છું: (૧) મુશ્કેલીઓની વચ્ચે રહીને પણ સત્યાગ્રહના સાધન વડે ન્યાય મેળવવો અને બતાવી આપવું કે આ સાધન બધાં સાધનો કરતાં વધારે કાર્યસાધક છે; (૨) હિંદુઓ માટે મુસલમાનોની મૈત્રી સાધવી અને તે દ્વારા દેશમાં આંતરિક શાંતિ પણ સ્થાપવી; (૩) અને છેલ્લો, પણ જરાય ઓછા મહત્ત્વનો નહીં એવો ઉદ્દેશ કે બ્રિટિશો અને તેમના બંધારણ માટે અત્યારે જે દુર્ભાવ છે તેને સદ્‌ભાવમાં પલટાવી નાખવો, કેમ કે બ્રિટિશ બંધારણમાં ગમે તેવી અપૂર્ણતા હોવા છતાં તે અનેક ઝંઝાવાતોમાં પણ ટકી રહ્યું છે. સંભવ છે કે આમાંનો એક પણ ઉદ્દેશ સફળ ન થાય. હું તો કેવળ પ્રયાસ કરી શકું. સફળતા મળવી એ કેવળ ઈશ્વરના હાથની વાત છે. આ બધા જ ઉદ્દેશો યોગ્ય છે, એની તો કોઈ ના પાડશે નહીં. હિંદુસ્તાનના મુસલમાનો અત્યારે જે બોજો ઉઠાવી રહ્યા છે તેનો ભાર ઊંચકવામાં પૂરા જિગરથી મદદ કરવાના હેતુથી મારા સંઘમાં ભળવા હું હિંદુઓ અને અંગ્રેજોને આમંત્રણ આપું છું. સૌ કોઈ કબૂલ રાખે છે કે આ ધર્મયુદ્ધ છે. વાઇસરૉય, હિંદી વજીર, બિકાનેરના મહારાજા[2] અને લૉર્ડ સિંહાએ આ બિનાનું સમર્થન કર્યું છે. આ સમર્થનને સાચું પાડવાનો સમય આવી પહોંચ્યો છે. ન્યાયને ખાતર લડનારાઓ કેવળ વિરોધ જાહેર કરીને કદી બેસી રહેતા નથી. એને ખાતર તેમણે પ્રાણની કુરબાની કર્યાનું જગજાહેર છે. તો પછી મુસલમાનો જેવા ભારે હિંમતવાળા લોકો પાસેથી એના કરતાં ઓછી અપેક્ષા શી રીતે રાખી શકાય?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५-५-१९२०

૧. લૉઈડ જૉર્જ.

૨. સર ગંગાસિંહજી (૧૮૮૦–૧૯૪૩); પ્રથમ વિશ્વયુદ્ધ પછી તેમણે લીગ ઑફ નેશન્સમાં હિંદના પ્રતિનિધિ તરીકે કામ કર્યું હતું; ૧૯૨૦થી ૧૯૨૫ સુધી નરેન્દ્રમંડળના વડા.

Gandhi Heritage Portal

# ૧૫૬. દિલ્હીમાં દબાણ

ખિલાફતની હિલચાલ સરકારના તરફથી દબાણ થયા વિના હમેશાં ચાલી શકે એમ માનવાનું કારણ હતું જ નહીં. જો કોઈએ એમ માન્યું હોય તો દિલ્હી સરકાર તરફથી જે નોટિસ બહાર નીકળી છે[૧] તેથી તેવાઓની આંખ ઊઘડવી જોઈએ. સરકારની નોટિસ એવી છે કે દિલ્હી પ્રાંતમાં કોઈથી સરકારની રજા વિના ત્રણ માસ સુધી સભા વગેરે ન ભરી શકાય. આ તો હજુ પાશેરામાં પહેલી પૂણી ગણવી જોઈએ.

અસહકાર જેવી હિલચાલ સરકાર વગર દબાણથી ચાલવા ન જ દે. કોઈ સરકાર એવી હિલચાલને ન ચાલવા દે. એ હિલચાલનો અર્થ એ છે કે જો તે ફતેહમંદ થાય તો સરકારનો કારભાર જ અટકે. એવું બનતું અટકાવવાને સારુ સરકાર પગલાં ભરે જ.

લોકોની કસોટી પણ તેમાં જ થવાની છે. સરકાર કેવળ મૂગી જ બેઠી રહે તો અસહકારની અસર ઓછી જ થાય. પ્રત્યેક રાજસત્તાનો છેલ્લો ઉપાય તેની બંદૂક છે એટલે રાજદંડ છે. પણ આ લડતમાં પ્રજાનું હથિયાર પ્રજાની સહનશીલતા છે. જો સરકારના શરીરબળની સામે પ્રજા શરીરબળ અજમાવવા બેસી જાય તો પ્રજા હારી જવાની. અસહકારની સાથે શરીરબળ અજમાવવાનો વિચાર તદ્દન છોડી જ દેવો પડશે. તેથી મારી ઉમેદ છે કે દિલ્હીમાં શું કે બીજી કોઈ પણ જગ્યામાં સરકાર તરફથી ગમે તેવાં પગલાં ભરાય છતાં લોકો તદ્દન શાંત રહેશે. આવી શાંતિ જાળવવી અને પોતાનું ધાર્યું કરવું એમાં જ પ્રજાની જીત રહેલી છે. એટલું યાદ રાખવું જોઈએ કે એક તરફ મિત્રરાજ્યોનું પશુબળ અને બીજી તરફથી હિંદુસ્તાનની પ્રજાના આત્માના બળનો મુકાબલો કરવાની આ લડત છે. તેમાં જો પ્રજા તરફથી જરા પણ પશુબળની મેળવણી થશે તો આત્માના બળને નામે ઓળખાતું બળ પણ પશુબળમાં અથવા તો નબળાઈમાં ખપી જશે.

જો ખિલાફતના મામલામાં આત્મિક બળથી જીત મેળવવાની પ્રજાની ઉમેદ હશે તો પ્રજાએ જેલ જવા, મિલકત ગુમાવવા, નોકરીઓ છોડવા તૈયાર રહેવું જોઈશે. સહેલાઈથી જીતવાની આ હિલચાલ નથી જ.

વળી એ પણ યાદ રાખવાની જરૂર છે કે આ વખતની લડાઈમાં હજુ આપણે કાયદાનો સવિનયભંગ કરવાનું તત્ત્વ દાખલ નથી કર્યું. મારી મતિ તો એમ સૂચવે છે કે અસહકારની સાથે કાયદાનો સવિનયભંગ નહીં ચાલી શકે. એટલે સરકાર જે કંઈ ધારા બહાર પાડે, જે કંઈ હુકમો કાઢે તેને પૂરેપૂરું માન આપવાની જરૂર છે. જો આ હિલચાલમાં એક પણ કામ કરનાર પોતાની ઇચ્છા પ્રમાણે વર્તશે તો લડતને બહુ ધક્કો પહોંચાડશે.

આ લડત લડનારમાં ને ફોજમાં કંઈ જ તફાવત નથી. ફોજમાં જેમ દરેક સિપાહી પોતાની જવાબદારી ઉપર નથી વર્તી શકતો પણ તેને પોતાના ઉપરીના હુકમની રાહ જોવી પડે છે, તેવું જ ખિલાફતની કે બીજી બધી લડતમાં સમજવું જોઈએ. મર્યાદા, તાબે રહેવું, ગુસ્સે ન થઈ જવું, એ બધું જેમ લશ્કરમાં સિપાહીને જાળવવું પડે છે, તેમ જ ખિલાફત જેવી હિલચાલમાં

૧. જુઓ "દિલ્હીનું સરકારી જાહેરનામું અને વર્તમાનપત્રોને મળેલા હુકમો", ૫-૫-૧૯૨૦.

Gandhi Heritage Portal

કામ કરનારને કરવાની જરૂર છે. પ્રજાની ઉપર જો પૂરો કાબૂ મેળવી શકાય તો આજે જ જીત છે; તે કાબૂ મેળવવામાં ઉપલાં તત્ત્વોની જરૂર છે જ. એટલે મારી ઉમેદ છે કે એક પણ માણસ પોતાની જવાબદારી ઉપર કંઈ જોખમવાળું કામ નહીં કરે.

હજુ તો આપણે અસહકાર પણ શરૂ નથી કરેલ. હજુ છેવટની શરતો ઘડાઈ નથી.[૧] ભાઈ મહમદઅલીનો[૨] છેવટનો તાર આશાજનક છે. આશા હો કે ન હો પણ જ્યાં સુધી શરતો[૩] ચોકસ રીતે બહાર નથી પડી અને ખિલાફત કમિટી તરફથી સૂચનાઓ બહાર નથી પડી ત્યાં સુધી કોઈએ રાજીનામાં પણ નથી આપવાનાં. અત્યારે મુખ્ય તાલીમ પ્રજાને એ જ લેવાની રહી છે કે ભૂલેચૂકે પણ પ્રજામાંના કોઈથી ખૂનખરાબો ન જ થવો જોઈએ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૯–૫–૧૯૨૦

## ૧૫૭. સરહદ પર સ્ત્રીપુરુષનાં હરણ

હિંદુસ્તાનના વાયવ્ય ખૂણામાં આવેલી સરહદ પર કેટલીક જંગલી જાતો વસે છે. તેઓ મુસલમાન છે અને લૂંટફાટ અને માણસોનાં હરણ કરી પોતાનું ભરણપોષણ કરે છે.[૪] તાજેતરમાં તેઓએ એક અંગ્રેજ છોકરી પકડી લીધેલી ને તેને છોડાવવાનો દંડ મળ્યો ત્યારે જ તેને છોડી. આમ જ તેઓ પાસેનાં ગામડાંઓમાં રહેતા હિંદુઓને લૂંટે છે, તેઓને પકડી જાય છે ને જ્યારે પૈસા મળે ત્યારે તેઓને છોડે છે. આ પ્રમાણે મુસલમાનોને પણ તેઓ રંજાડે છે. એટલે આ લૂંટફાટ મુસલમાનો કેવળ હિંદુની જ કરે છે એવું નથી. છતાં હાલ હિંદુમુસલમાનની એકતાનો મધુર પવન વાઈ રહ્યો છે, તેથી કેટલાક હિંદુઓ એ એકતા ઉપર જોર મૂકી કહે છે કે જો મુસલમાનો ખરા હોય તો તેઓએ ઈલાજ લઈ આ લૂંટફાટ અટકાવવી જોઈએ. મારી ખાતરી છે કે આ વચન અજ્ઞાનનું છે. હિંદના મુસલમાનો સરહદની જંગલી કોમો ઉપર કંઈ જ અસર નથી ધરાવતા. વળી તેઓ પોતે પણ લૂંટાય છે એ હું બતાવી ગયો છું. છતાં આપણે આ પીડાનો ઈલાજ શોધ્યે છૂટકો છે. જેઓ લૂંટાય છે, જેઓ પકડાય છે તેઓને મદદ મળવી જોઈએ. આ કાર્ય સરકારનું છે. જો સરકાર આટલી રક્ષા ન કરી શકે તો તેની રક્ષા કરવાની જે મહાશક્તિ ગણાય છે તેનું શું? હું પોતે એ શક્તિ ઉપર બહુ મોહિત નથી રહ્યો. ગુનો થયા પછી ગુનેગારને દંડ દેવાની જેટલી શક્તિ સરકાર ધરાવે છે તેટલી ગુનાને અટકાવવાની

૧. તુર્કસ્તાન સંબંધમાં રાજ્યોની સંધિ.

૨. ૧૮૭૧–૧૯૩૧; વક્તા, પત્રકાર અને રાજપુરુષ; ૧૯૨૦માં જે ખિલાફત પ્રતિનિધિમંડળ ઇંગ્લંડ ગયું હતું તેના તેઓ નેતા હતા; ૧૯૨૩માં કૉંગ્રેસના પ્રમુખ હતા.

૩. આ શરતો ધ ગૅઝેટ ઑફ ઇન્ડિયા એક્સ્ટ્રા ઑર્ડિનરીમાં (હિંદ સરકારના અસાધારણ ગૅઝેટમાં) ૧૪મી મે, ૧૯૨૦ને રોજ જાહેર કરવામાં આવી હતી.

૪. ૧૯૧૯–૨૦ના ગાળા દરમ્યાન પેશાવર, કોહાટ, બન્નુ અને ડેરા ઇસ્માઈલખાન જિલ્લાઓમાં ઓછામાં ઓછા ૬૧૧ છાપા મરાયા હતા. એને પરિણામે બ્રિટિશ રૈયતની ૨૯૮ વ્યક્તિઓનું ખૂન થયું હતું, ૩૯૨ ઘાયલ થયા હતા અને ૪૬૩ વ્યક્તિઓનું અપહરણ થયું હતું. ઇન્ડિયા ઇન ૧૯૨૦.

Gandhi Heritage Portal

નથી ધરાવતી. આરાર કતારપુરના દાખલા તો તાજા છે. તેમાં સરકારનો ખાસ દોષ પણ હું તો ન કાઢું. માણસ પોતાનો સ્વભાવ ન બદલે ત્યાં સુધી ગુના તો કર્યા જ કરશે. દંડના ભયથી જેટલા રોકી શકાય તેટલા રાજ્યસત્તા ઓછાવત્તા પ્રમાણમાં રોકે છે.

સારો ને ખરો ઉપાય તો લોકોના હાથમાં હોવો જોઈએ. સરહદ ઉપર શું કે બીજી જગ્યાએ વસતા લોકોમાં શું લોકોનામાં પોતાનામાં પોતાનો બચાવ કરવાની શક્તિ આવવી જોઈએ, ન હોય તો કેળવવી જોઈએ. એક તો પડોશીને પ્રેમભાવથી જીતી લેવાની અને બીજી ભયથી રોકવાની સામાન્ય રીતે મિશ્રક્રિયાનો પ્રયોગ કરવામાં આવે છે. લોકો પોતાના બચાવજોગી શરીરશક્તિ મેળવી લે છે અને પડોશીની સાથે મહોબત રાખવા પણ મથે છે. સરહદના ગામડાના લોકો આ બન્ને ક્રિયાનો પ્રયોગ કરી શકે છે. પોતે એકઠા થઈ લૂંટારાની ટોળીની સામે લડવાની તૈયારી રાખી શકે છે તેમ જ તેઓની સાથે શાંતિને સમયે મસલત કરી શકે છે. સરહદ પરની કોમો ભૂખે મરતી હોય તો પડોશી જાણી તેઓને શરતો કરી સહાય આપી શકે છે. સરકાર પોતે પણ એમ જ કરે છે.

અને આવા ઇલાજોની સાથે જે મુસલમાનો સરહદની કોમો સાથે જરા પણ સંબંધ રાખે છે તેઓ આ કોમોને સંદેશા મોકલાવી તેઓને લૂંટફાટ કરતાં રોકી શકે છે. આમ બધા ઇલાજો, સરકાર તરફથી, લોકો તરફથી અને ખાસ મુસલમાનો તરફથી એકસાથે લેવાય તો આ ઉપદ્રવોમાંથી બચી જવાય. મુસલમાનો કંઈ નથી કરતા એમ માની બેસી રહેવાથી કશું વળવાનું નથી અને એવો વિચાર તેઓને ગેરઇન્સાફ કરનારો ગણાય.

આ વિષય ઉપર મારે લખવું પડ્યું છે કેમ કે ઉત્તર તરફનાં છાપાંઓમાં આ વાત ઠીક ચર્ચાયેલી છે અને આ બાબત ઉપર મારી ઉપર લખાણો આવ્યાં છે તેમ સરહદનાં માણસો પણ આવી ગયાં છે. હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં શું બન્યા કરે છે એ જેમ જેમ રાષ્ટ્રીય ભાવના વધશે તેમ તેમ જાણવાની આપણી ઇચ્છા પણ વધવી જોઈએ.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ९–५–१९२०

Gandhi Heritage Portal

## ૧૫૮. એક નમ્ર સૂચના

નવી કાઉન્સિલમાં — ધારાસભામાં જવાનો ઘણાને મોહ છે એમ હું જોયા કરું છું.[1] તેમાં જવાથી દેશસેવા થઈ શકે છે એમ હું માનું છું, પણ મારી માન્યતા છે કે બહાર રહીને તેથી પણ વધારે સેવા ઘણાથી તો થઈ શકે છે. મિ. કેર હાર્ડી કહેતા કે શુદ્ધ ખ્રિસ્તી પાર્લમેન્ટમાં રહી જ ન શકે. પાર્લમેન્ટમાં ઘણો વખત વિતંડાવાદમાં જ ચાલ્યો જાય છે. વળી જ્યાં ઘણા ઉમેદવાર થાય ત્યાં જેણે સેવાને જ ધર્મ સ્વીકાર્યો છે તેમણે બહાર રહેવું એ જ સરસ છે. અનુભવે તેઓ જોશે કે બહાર રહી મત આપનારાઓને કેળવવામાં, સભાસદોને પોતાની ફરજ ઉપર કાયમ રાખવામાં તેઓ વખતનો વધારે સારો ઉપયોગ કરી શકશે. ઈંગ્લંડમાં પણ પાર્લમેન્ટની બહાર કામ કરનારા જેવું સારું પરિણામ લાવી શકે છે તેવું પાર્લમેન્ટના સભાસદો નથી લાવી શકતા. ઈંગ્લંડની પાર્લમેન્ટમાં ૭૦૦થી વધારે સભાસદો છે. પણ પ્રજાનો કારભાર કંઈ તેટલા સભાસદોથી ચાલતો નથી. પ્રજાનું વહાણ હંકારનારા પાર્લમેન્ટની બહાર રહે છે તેથી જેઓને બીજો કશો લોભ નથી ને જેઓ સેવાધર્મ સમજ્યા છે તેઓને મારી ખાસ સલાહ છે કે તેઓએ ધારાસભામાં જવાનો લોભ મુદ્દલ ન કરવો.

જવાની ઇચ્છા રાખનારાઓને હું કહીશ કે તમે તમારા સ્વાર્થને સારુ ધારાસભામાં જવા ઇચ્છતા હો તો જવાનું માંડી વાળજો. સ્વાર્થ સાધવાના બીજા ઘણા માર્ગો છે. પ્રજાના ભલાને અર્થે જે મંડળ ઊભું થવાનું છે, જેમાં બળિયાની સાથે બાથ ભીડવાની છે તેમાં તમે તમારો જરા જેટલો સ્વાર્થ લઈ જઈને શું કરશો? તમારા સ્વાર્થને સારુ પ્રજાનું કેમ બગાડશો? મને ખબર નથી કે કોનો ઇરાદો ધારાસભામાં જવાનો છે. પણ જેવું મ્યુનિસિપાલિટીઓમાં થાય છે તેવું જ કાઉન્સિલમાં થવાનો ભય છે, તેથી જ હું ઉપરની વિનંતી કરું છું. જો આપણે કાઉન્સિલોમાં સાચા, વિનયી, પ્રજાનું જ હિત ચાહનારા, હિંમતવાન, નીડર અને પોતાના વિષયોને બરોબર જાણનારા માણસોને મોકલીશું તો કાઉન્સિલોમાંથી ફાયદો ઉઠાવીશું.

સુધારાના કાયદામાં ઘણી ખામીઓ છે. એ ખામીઓ દૂર કરવી જ જોઈએ. પણ જેમ સારામાં સારો અસ્ત્રો તે નાદાન હજામના હાથમાં કંઈ જ કામનો નથી તેમ સારામાં સારું બંધારણ સ્વાર્થી કે અજ્ઞાની માણસોના હાથમાં નકામું થઈ પડવાનું છે. કાયદામાં વહેલામાં વહેલા ફેરફાર કરાવવાનો સહેલામાં સહેલો રસ્તો પ્રજાના સેવકોને જ મોકલવાનો છે. તેઓના હાથમાં નઠારા કાયદા પણ પ્રજાને લાભદાયક બની શકશે — જેમ સારો કારીગર નઠારાં ઓજારથી પણ નભાવી લે છે ને નઠારાં ઓજારને સારાં પણ કરી શકે છે.

મત આપનારાઓની ફરજનો વિચાર હવે પછી કરીશું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૯–૫–૧૯૨૦

૧. ૧૯૧૯ના સુધારાના કાયદા (રિફૉર્મ્સ ઍક્ટ) હેઠળ ધારાસભાઓ માટેની ચૂંટણીઓ ૧૯૨૦ના નવેમ્બરમાં થવાની હતી.

Gandhi Heritage Portal

# ૧૫૯. ઓરિસ્સામાં દુષ્કાળ

આપણને ઘણાને ઓરિસ્સા ક્યાં છે એ પણ ખબર નહીં હોય. ઓરિસ્સાને કવિવર સર રવીન્દ્રનાથ ટાગોરે પોતાના કાવ્યમાં[1] "ઉત્કલ" નામથી પ્રખ્યાત કરેલ છે. ઓરિસ્સામાં જગન્નાથ-પુરી આવે છે અને પુરી જિલ્લામાં જ અત્યારે ભયંકર દુષ્કાળ વર્તી રહ્યો છે. ઓરિસ્સા બિહાર પ્રાંતનો વિભાગ છે અને બિહાર અને ઓરિસ્સા એ બન્ને એક જ લેફ્ટનન્ટ ગવર્નરના તાબામાં છે. હિંદુસ્તાનના અતિ ગરીબ મુલકમાંનો ભાગ ઓરિસ્સા છે. ત્યાંના લોકો દરેક રીતે પછાત હોવાથી ઓરિસ્સાના કષ્ટની વાત આપણે કાને બહુ આવતી નથી. ઓરિસ્સા જવાની માગણી મારી પાસે ઘણી વેળા આ દુષ્કાળના કારણસર આવેલી. પણ હું પોતે ત્યાં પહોંચી શકું એવી મારી સ્થિતિ ન હોવાથી અને ભાઈ અમૃતલાલ ઠક્કર જમશેદપુરથી છૂટા થઈ આવ્યા તેથી મેં એમને જ જવાનો આગ્રહ કર્યો, અને તે ભાઈ ચોવીસ કલાકની નોટિસે રવાના થઈ ચૂક્યા છે. ત્યાંથી તેમનો કાગળ આવ્યો છે અને તાર પણ આવેલો છે. હવે તેઓ ગામડાંઓમાં તપાસ કરવાને ગયા છે પણ તેમના કાગળો ઉપરથી હું જોઉં છું કે ત્યાં દુઃખ તો પુષ્કળ છે. તેઓ લખે છે :

> હું એક બંગાળી બાળાશ્રમ તથા ભિખારીઓની ઇસ્પિતાલમાં ગયો હતો. આ સંસ્થાઓ કલકત્તેથી ભિક્ષા મંગાવીને ચલાવવામાં આવે છે. છોકરા-છોકરીઓ નિરાધાર સૌને આશરે [૧૦૦] છે. ઇસ્પિતાલમાં ૩૦થી ૩૫ દર્દીઓ છે. આ બન્ને ખાતાંઓમાં આટલી મોટી સંખ્યા છે તે ઉપરથી આસપાસના પ્રદેશમાં આપત્તિ કેટલી હશે તે સમજી શકાય તેવું છે.

બીજા કાગળમાં લખે છે :

> માણસો ઘણાં મરી ફીટી ગયાં છે. બિનસરકારી ગૃહસ્થોની કમિટીએ આ બાબતની તપાસ કરીને રિપોર્ટ ઘડી કાઢ્યો છે તે મેં વાંચ્યો. એ રિપોર્ટ બહાર પડવો જ જોઈએ. હું આવતી કાલે સાંજે બળદગાડીથી ગામડાંઓમાં જાઉં છું. ત્યાં ૫–૬ દિવસ લાગશે. ત્યાંથી પાછો ફર્યા પછી વિગતવાર કાગળ મોકલી શકીશ. વચમાંથી એકબે કાગળ મોકલીશ પણ ફંડને માટે અપીલ તો જરૂર બહાર પાડશો. હું ગામડાંઓમાં ખાલી હાથે ફરીશ તે ઠીક નહીં. પણ અત્રેથી બનશે તો સાથે ચાવલનાં એકબે ગાડાં લેતો જઈશ અને તેનો ખાસ જરૂરના કેસોમાં ઉપયોગ કરીશ, છતાં પૈસાને માટે આજથી જ આપ બંદોબસ્ત કરવા માંડશો.

એક ઓરિસ્સાના જ ગૃહસ્થનો કાગળ છે. તેમાં તેઓ લખે છે :

> દાવા કરીને એક ગામડું છે તેમાં ૫૯ કુટુંબ હતાં. આ વિભાગમાં દુષ્કાળ અને તેની ઉપર પૂર આવ્યાં એટલે ઘણું નુકસાન થયું. ઉપરનાં ગામડાંમાં ૪૧૧ જણની વસ્તી હતી તેમાં ૧૧ બાળકો હતાં તે બધાં દૂધ ન મળવાથી મરણ પામ્યાં. આ ૪૧૧માંથી ૩૦૩ હયાત છે અને તેમનાં શરીર હાડપિંજર સરખાં છે. બધાં થઈને ૫૮ મરણ થયાં છે. ૬૧ જણ ઘર છોડી ભાગી ગયા છે. કેટલાંક ઘરો ખાલી થઈ ગયાં છે. કેટલાંકનાં છાપરાં ઊડી ગયાં છે. આ ગામડિયાઓની પાસે ખોરાક ભાગ્યે જ જોવામાં આવે છે. ઘણા

૧. ઘણું કરીને હાલના આપણા રાષ્ટ્રગીતનો આ ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

નગ્ન દશામાં ફરે છે. સ્ત્રીઓ કપડાં ન મળવાથી અને પોતાની એબ નહીં ઢાંકી રાખવાથી કેટલીક બહાર જ નીકળી શકતી નથી. કેટલાંક ઘાસપાતરાં ખાઈને ગુજારો કરે છે.

વિશેષ ખબર મને જેમ જેમ પડશે તેમ તેમ હું આપતો રહીશ, પણ જે ખબર હું ઉપર આપું છું તે આપણી મદદને સારુ પૂરતી છે. મારી ઉમેદ છે કે સહુ યથાશક્તિ પૈસા મોકલશે. કેટલું જોઈશે એ આંકડો હું અત્યારે નથી આપી શકતો, પણ જ્યાં યથાશક્તિ આપવાની માગણી કરું છું ત્યાં આંકડાની બહુ જરૂર નથી રહેતી. જે ખરચ થાય તેનો હિસાબ રાખવાનું હું ભાઈ અમૃતલાલ ઠક્કરને લખી ચૂક્યો છું અને સંપૂર્ણ હિસાબ બહાર પડશે જ. આપણે, જેઓ હિંદુસ્તાનના વતની કહેવાઈને મગરૂરી માનીએ છીએ તેમનો ધર્મ છે કે હિંદુસ્તાનનું એક પણ અંગ સુકાઈ જાય તો આપણને દુ:ખ થવું જોઈએ અને આ વિચાર બરોબર હોય તો ઓરિસ્સાને દુ:ખે આપણે કેમ દુ:ખી ન થઈએ?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૯–૫–૧૯૨૦

# ૧૬૦. વિધવાનો શાપ

રા. કંચનલાલ ખાંડવાળાનો કાગળ કેવળ વિધવાઓને વિષેના આંકડાઓથી જ ભરેલો છે. તે આંકડા જેના વાંચવામાં આવે તેનું હૃદય રડવું જ જોઈએ. વિધવાવિવાહ એ જ એ દરદનો સીધો ઇલાજ છે એમ અધીરા સુધારક બોલી ઊઠશે. મારાથી એમ નથી કહી શકાતું. હું પણ કુટુંબી છું. મારા કુટુંબમાં ઘણી વિધવાઓ છે. પણ તેઓને ફરી પરણવાનું કહેવાની મારી જીભ ન જ ચાલે. તેઓ ફરી પરણવાનો વિચાર પણ નહીં કરે. તેનો ઉપાય તો એ છે કે પુરુષોએ પુનર્વિવાહ નહીં કરવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ.

પણ તે સિવાયના બીજા ઇલાજો છે એ પણ આપણે લેતા નથી — લેવા માગતા નથી. આ રહ્યા એ ઇલાજો :

(૧) બાળલગ્ન બંધ થવાં જોઈએ.

(૨) વરકન્યાને સાથે રહેવાનો સમય ન આવે ત્યાં સુધી હરગિજ વિવાહ ન કરવા.

(૩) જે સ્ત્રી પોતાના ધણી સાથે મુદ્દલ નથી રહી તેઓને પરણવાની છૂટ આપવી જોઈએ, એટલું જ નહીં પણ તેઓને પરણવાનું ઉત્તેજન આપવું જોઈએ. આવી સ્ત્રીઓ વિધવા ન જ ગણાવી જોઈએ.

(૪) જેઓ પંદર વર્ષની અંદર વૈધવ્ય પામી છે અને જેમની વય હજુ જવાન છે તેવી વિધવાઓને પુનર્લગ્નની છૂટ મળવી જોઈએ.

(૫) વૈધવ્ય એ અપશુકનની નિશાની ગણાય છે તેને બદલે તેને પવિત્ર ગણી તેને માન મળવું જોઈએ.

(૬) વિધવાઓને સારુ શિક્ષણ અને ધંધાનો સુંદર પ્રબંધ થવો જોઈએ.

આટલા સુધારા થાય તો વિધવાના શાપમાંથી હિંદુ સંસાર બચી જાય એમાં શક નથી. ઉપરના સુધારા દરેક કુટુંબ, દરેક નાત પોતાને સારુ કરી શકે છે. એકબીજા એકબીજાની રાહ જોઈને બેસે છે તેમાં જ ઘણા સુધારા અટકી પડે છે. જેને જે વખતે જે પુણ્યકર્મ લાગે તેણે

Gandhi Heritage Portal

તે જ વખતે તે આચરવું એવો ઈશ્વરી કાયદો છે. પાપકર્મ કરતાં વિચારવું, જોષ જોવરાવવો, હજારોની સલાહ લેવી ને છેવટે પણ ન જ કરવું. પુણ્યકર્મ કરતાં રાહ જોવી એ ઈશ્વરના ગુનેગાર બનવા જેવું છે, છતાં આપણું વર્તન ઊલટું જ હોય છે. પાપકર્મ કરતાં ડરતા નથી. પુણ્યકર્મ કરવા સારુ પરિષદોની રાહ જોઈએ છીએ !

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૯–૫–૧૯૨૦

## ૧૬૧. ત્રણ પ્રસંગો

સત્યાગ્રહાશ્રમને અંગે વિવાહપ્રસંગ આવ્યો તેથી આશ્રમમાં થયેલ વિવાહ અને બહાર થતા વિવાહની સાથે સહેજે મારાથી મુકાબલો થઈ ગયો છે. અને તેથી ઉત્પન્ન થતા કેટલાક વિચારો વાંચનારની સમક્ષ મૂકવાની હું છૂટ લઉં છું.

ઈમામસાહેબ અબદુલ કાદર બાવાઝીર એક ખાનદાન કુટુંબના ચુસ્ત મુસલમાન છે. તેમના પિતાશ્રી મુંબઈની જુમા મસ્જિદના કેટલાંયે વર્ષો સુધી મુઅઝ્ઝમ હતા. ઈમામસાહેબ ઘણાં વર્ષો થયાં મારી સાથે જ રહેતા આવેલ છે, જેલમાં પણ મારી સાથે જ હતા. જેલના અનુભવ ઉપરથી તેમનો પોતાનો વેપાર ઉપરથી લોભ ઊતર્યો, અને તેઓ કુટુંબ સહિત મારી સાથે જ ફિનિક્સમાં રહેવા લાગ્યા. ફિનિક્સમાં મજૂરી કરવાની હતી. ઈમામસાહેબે કોઈ દિવસ મજૂરી નહીં કરેલી, છતાં ફિનિક્સમાં તે મજૂરી કરવા લાગ્યા. ફિનિક્સમાં ઇન્ડિયન ઓપીનિયન નીકળતું હતું તેથી તેઓએ છાપખાનામાં બીબાં ગોઠવનારનું કામ પણ શીખી લીધું.

આ ઈમામસાહેબને બે દીકરી છે. તેઓ મારી સાથે સગા ભાઈની જેમ રહ્યા છે અને અમે બન્નેએ એકબીજાના ધર્મને પૂરેપૂરું માન આપ્યું છે તેથી અમે જુદા ધર્મના છીએ એવું દુ:ખ થયું જ નથી. એઓ પોતાની નમાજ પઢે, હિંદુ પોતાની ધર્મક્રિયા કરે તેમાં એકબીજાએ ખોટું જોયું નથી એટલું જ નહીં પણ એ જ યથાર્થ માન્યું છે.

હવે તેમની મોટી દીકરી બહેન ફાતિમાના વિવાહનો પ્રસંગ આવ્યો. અમે બન્નેએ મસલતો કરી. ફાતિમા ૨૦ વર્ષ ઉપરની ડાહી છોકરી છે. તેની સાથે ને ઈમામસાહેબની સાથે મસલત કરીને અમે આશ્રમને છાજે, અમારી ગરીબીને છાજે, તેવો વિવાહ કરવાનો નિશ્ચય કર્યો. વરઘોડો વાજિંત્રાદિ તમામ આડંબરો બંધ રાખ્યા. જમણ બંધ રાખ્યાં. વિદ્યાર્થીઓ પોતાના બ્રહ્મચર્યનો મહિમા સમજી શકે તેથી તેઓની સાથે પણ વાતચીત કરી તેઓને વિવાહમાં ભાગ નહીં લેવાનું ઠરાવ્યું. ઈમામસાહેબનાં અને વરરાજા ભાઈ સૈયદ હુસેન ઉરેઝીનાં સગાંને અને જેઓ આશ્રમની સાથે સંબંધ રાખનારા છે તેઓને આશીર્વાદ દેવા આવવાનું આમંત્રણ કર્યું. તેઓની આગળ ઘેર બનાવેલું શરબત અને સૂકોલીલો મેવો ધર્યાં. બત્તીમાં હાંડી સિવાય કંઈ જ નહીં રાખ્યું.

વિવાહની ક્રિયા બે કલાક ચાલી તેમાં અરધો કલાક મૌલૂદ શરીફમાં એટલે મંગળાચરણમાં પેગંબર સાહેબનું જીવનચરિત્ર અરબીમાં પઢવામાં ગયો. પછી કાજીસાહેબે સાક્ષીઓ સમક્ષ નિકાહ-નામું[1] લખ્યું. અને મુંબઈની જુમા મસ્જિદના ખતીબસાહેબ અબદુલ મુનીમ બાગઝાદાએ પઢાવ્યું. તેમાં સહીઓ થઈ તેમાં વીસેક મિનિટ ગઈ. પછી ફાતેહા એટલે ઈશ્વરનો પાઠ. ત્યાર બાદ શરબત અને મેવો અને વરરાજાના આવેલા મુરબ્બીઓને નમન કરવાનું. વરરાજાનો પોશાક

૧. લગ્નનું કરારનામું.

Gandhi Heritage Portal

સાદો હતો. સાંજના સાડા છ વાગ્યે કાર્ય શરૂ થયું ને સાડા આઠ વાગ્યે પૂરું થયું. ત્યાર બાદ બહેન ફાતિમાએ આશ્રમમાં વિદ્યાર્થીઓની મુલાકાત લીધી. આ દેખાવ કરુણાજનક હતો. હવે તેની સાથે ભણનારા વિદ્યાર્થીઓ, તેની સાથે રહેનારાં ભાઈબહેનોની સાથે વિયોગનો સમય આવ્યો જાણી તે રોવા લાગી. તેની ફરજ આશ્રમનું શિક્ષણ તેના સાસરામાં લઈ જવાની છે એનું તેને સ્મરણ કરાવવામાં આવ્યું. તેનું કાર્ય પોતાના નવા ઘરમાં સત્યનો, દયાનો, સ્વદેશીનો, દેશસેવાનો, સાદાઈનો પ્રચાર કરવાનું છે એમ તે સમજી. આમ આ વિવાહનું કાર્ય બેઅઢી કલાકમાં ઊકલી ગયું.

બીજે દહાડે સવારે હું શહેરમાં ગયો. ત્યાં ફુલેકાં પાર વિનાનાં જોયાં. ચિત્રવિચિત્ર પોશાક પહેરેલા વાજાવાળા પોતાના અવાજોથી કાન બહેરા કરી રહ્યા હતા. બાળકો અને જુવાનિયા અસહ્ય તાપમાં ઘરેણાં અને મખમલના પોશાકમાં લદાયેલા, પસીનાથી નીતરી રહ્યા હતા. વરરાજા ફૂલવાડીમાં ઢંકાઈ ગયા હતા. આમાં મેં ન જોયો ધર્મ, ન જોયો ખરો આનંદ, ન જોયો ખરો વૈભવ. જો વાજાં રાખવાં તો શા સારુ આપણે પશ્ચિમની બેહૂદી નકલ કરીએ? પશ્ચિમની જ નકલ કરવી હોય તો તેનું અસલ તપાસીને જ લઈએ. આપણે જે બૅન્ડો વગડાવીએ છીએ તેમાં જરાયે માધુર્ય નથી, સંગીત નથી એમ સામાન્ય સંગીત જાણનાર પણ કહેશે. વરઘોડો કાઢીએ તો કેમ દેશની હવાને છાજતો પોશાક ન રાખીએ? જવાહિર પહેરાવવાં હોય તો કેમ તેમાં કંઈક કળા કે વિવેકનો ઉપયોગ ન કરીએ? જો ગીત ગવડાવવાં છે તો સ્ત્રીઓને કેમ ગીત ગાતાં ન શીખવીએ?

મારી ફરિયાદ ધામધૂમ સામે નથી. જેની પાસે પૈસો છે, જેની પાસે બીજો આદર્શ નથી એ ધામધૂમ કરશે. એને પૈસો વાપરવાનો અવકાશ જોઈશે. પણ હું આપણી ધામધૂમોમાં વિવેક, વિચાર, મર્યાદા, કળા, ઉન્નતિ જોવા ઇચ્છું છું. આપણા વિવાહની ઢબમાં ફેરફારો થયેલા તો જોઉં છું, પણ તે ફેરફારો ઘણા તો વગરવિચારે થયેલા જોવામાં આવે છે. આડંબર ઘટવાને બદલે વધ્યો છે, ખર્ચ ઘટવાને બદલે વધ્યો છે. વિવાહ એક ધાર્મિક ક્રિયા પણ છે એ તો ભુલાઈ જવાયું છે. સારાં કુટુંબો વિચારપૂર્વક ફેરફારો કરે તો જરૂર બીજાઓ ઝીલી લે એવી મારી માન્યતા છે. પ્રજાજીવન જો આગળ વધવાનું હશે તો આપણે તે જીવનનાં દરેક પાસાં તપાસવાં પડશે.

આપણી ઉપર એક આરોપ છે; તેમાં કંઈક સત્ય છે. આપણે દેખાવ બહુ કરીએ છીએ. ખરા આનંદને બદલે આનંદનો દેખાવ કરીએ છીએ. ખરા શોકને બદલે શોકનો દેખાવ કરીએ છીએ.

અમદાવાદ છોડી હું મુંબઈ ગયો. ત્યાં જે બંગલામાં હું રહેતો હતો ત્યાં બીજા ભાડૂતો રહેતા હતા. તેઓમાં એક મરણ થયું. વખત બાર વાગ્યાનો હતો. એકાએક કોલાહલ મચી રહ્યો. રોકકળાટ શરૂ થયો. બચ્ચાંના, બૈરાંના, મરદના અવાજ સાથે ઊપડ્યા. આ રોણું રાતના નવદસ વાગ્યા સુધી ચાલ્યું. બીજાં બૈરાં આવ્યાં તેમણે પણ છાતી કૂટવાનું ને રોવાનું શરૂ કર્યું. આ રોવા-કૂટવામાં મોટે ભાગે દેખાવ માત્ર હતો. આમાં ધર્મ તો નથી જ. મૂએલાંની પાછળ રોવાની આપણા ધર્મમાં મનાઈ છે, બીજા ધર્મમાં તો રોતા જ નથી. ઉપરના રોવામાં પાડોશી તરફનો ધર્મ તો ભુલાઈ જ જવાય છે. પાસે માંદા હશે, પાસેના ઘરમાં વિવાહ હશે એ વિચાર તો કરાય જ કેમ? રોવું ને ઊંચેથી રોવું એ રિવાજ છે. ન રોઈએ તો આપણને કોઈ વગોવશે

Gandhi Heritage Portal

વાસ્તે રોવું, વાસ્તે કૂટવું આ ન્યાય છે. અને આ ન્યાય કંઈ ગરીબોનો કે અભણનો નથી. સારાં કુટુંબોમાં એ ન્યાય પ્રવર્તે છે. આ કુટેવ, આ પાપ કેમ મટે?

ફાતિમાના લગ્ન પછી તુરત જ બે કડવા અનુભવ મળ્યા તેની સરખામણી ઉપરના (મને લાગતા) ભવ્ય અનુભવની સાથે કર્યા વિના ન રહેવાયું. વાંચનારને તે વિચારોની ભેટ કરું છું તે એવી આશાએ કે આપણે આપણા જીવનને સૂક્ષ્મ રીતે તપાસીએ અને જે જે બદી હોય તે તે કાઢીએ.

[મૂળ ગુજરાતી]

નવજીવન ૯–૫–૧૯૨૦

## ૧૬૨. એસ્થર ફેરિંગને પત્ર

આશ્રમ,
મે ૯, ૧૯૨૦

મારી વહાલી દીકરી,

તારાથી છૂટા પડવાનું મને બિલકુલ ગમ્યું નહીં. પરંતુ હું જાણતો હતો કે તારી તબિયતને માટે એ બરાબર હતું. હું તો એટલું જ ઇચ્છું કે તેં જેવી અપેક્ષા રાખી હતી એવું જ થયું હશે, અને સિંહગઢનાં હવાપાણી તને માફક આવ્યાં હશે.[1]

તારી પાસે જેટલો વહેલો આવવાનો મારો વિચાર હતો તેટલું વહેલું અવાશે નહીં, તે માટે દિલગીર છું. આજે અહીં બહુ મોટી હડતાળ[2] પડી છે. પરંતુ હું ચોક્કસ માનું છું કે એ લાંબો સમય ચાલવાની નથી. કારણ કે મિલમાલિકોનો દાવો સાચો નથી અને એમનામાં કોઈ લડનાર નથી. ગઈ કાલે રાત્રે મોટી સભા ભરાઈ હતી. લોકોમાં ભારે હિંમત અને નિશ્ચયબળ જોવામાં આવ્યું હતું.

કવિ ટ્રેન્ચની લખેલી આ દિવ્ય પંક્તિઓ ફરીથી ઉતાર્યા વિના રહી શકતો નથી—

તથાપિ આપણે એક, પથદર્શક ઈશના
આજ્ઞાધારી બનીશું તો, અંધકારભર્યા પથો
અને ડરામણા માર્ગો, દોરશે સહુને ત્યહીં,
દિવ્ય એ દિનને દ્વારે, કહેવા આટલું કહું.

તીરે સાગરને છૂટા, આપણે પડતા છતાં
યાત્રા પૂરી થયે અંતે, મળીશું પિતૃઘેર સૌ.

પ્યાર સહિત,

તારો
**બાપુ**

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલી મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૬૯-૭૦

૧. આ ઉપરથી જણાય છે કે એસ્થર ફેરિંગે ગાંધીજીના આમંત્રણનો (જુઓ "એસ્થર ફેરિંગને પત્ર", ૨–૫–૧૯૨૦) સ્વીકાર કર્યો હતો, અને તે ૩જી કે ૪થી મેએ સિંહગઢ પહોંચી હશે.
૨. અમદાવાદની સૂતરની મિલોમાં.

Gandhi Heritage Portal

## ૧૬૩. ગણેશ વાસુદેવ માવળંકરને પત્ર

આશ્રમ,
વૈશાખ વદ ૮ [મે ૧૧, ૧૯૨૦][1]

ભાઈશ્રી માવળંકર,[2]

આ કાગળને સારુ મને માફ કરજો. મારાથી નથી રહેવાતું તેથી જ લખું છું. કાલે સાંભળ્યું કે તમે પરણવાની તૈયારીમાં છો. મારાથી એ સહન જ ન થઈ શક્યું. તમે એક વર્ષનો શોક ન પાળો? જે સ્ત્રીને તમે તમારી અર્ધાંગના કહી, જેના શરીર સાથે તમારું શરીર મળી ગયું તેનું સ્મરણ તમે કેમ વીસરી શકો? આપણે કંઈ સંયમ પાળવા નહીં બંધાયા હોઈએ? તમારી મા ઘણો આગ્રહ કરે છે એમ સાંભળ્યું. આમાં માનો અવાજ પણ શું કામ આવી શકે? આપણે આપણી મર્યાદા કેમ ઓળંગીએ? આપણું ભણતર ક્યાં જાય? હવે હું વધારે નહીં લખું. તમને પ્રભુ સન્મતિ આપો. મારો અધિકાર અને મારી ફરજ એક મિત્ર તરીકે તમને ચેતવણી આપવાની છે. પણ કરજો તમારું ધાર્યું. તમે જો તમારા પગલામાં દોષ જોઈ શકો તો મારા જેવાની હિંમતથી, મદદથી તમે દોષમુક્ત થજો. જો તમારું પગલું તમને વાજબી લાગે તો મારી અને આખા જગતની સલાહને કોરે મૂકજો. મને માફી તો દેશો જ ને?

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

છબી પરથી : જી. એન. ૧૨૨૩

## ૧૬૩ (૧). સૈયદ ફઝલુર રહમાનને પત્ર

આશ્રમ,
મે ૧૧, ૧૯૨૦

પ્રિય સૈયદ ફઝલુર રહમાન,

ખાસ રીતે જોતાં તો તુર્કસ્તાનને અન્યાય કરનાર અને એ રીતે હિંદીઓની લાગણી દુભાવનાર તો સરકાર જ છે. એટલે સરકારના અન્યાય સાથેનો મારો અસહકાર બ્રિટિશ માલના બહિષ્કાર દ્વારા નહીં થઈ શકે. ખરી વાત એ છે કે હું બ્રિટિશ લોકોની પણ સહાનુભૂતિ મેળવવા માગું છું અને એની મદદથી બ્રિટિશ સરકારને સાચી વસ્તુ કરવાની ફરજ પાડવા માગું છું. હું એમ નથી કહેતો કે જો બહિષ્કાર સફળતાપૂર્વક કરવામાં આવે તો આપણું ધ્યેય સિદ્ધ ન થાય. પરંતુ બહિષ્કારની પાછળ તો વેર લેવાની ભાવના હશે, કર્તવ્યની નહીં. આપણે પોતે

૧. આ પત્રની તારીખ માવળંકરકૃત સંસ્મરણો નામના પુસ્તકમાં આપી છે.

૨. ગણેશ વાસુદેવ માવળંકર (૧૮૮૮–૧૯૫૬); અમદાવાદના વકીલ, ધારાસભા સંચાલનના નિષ્ણાત અને કાંગ્રેસી નેતા. ૧૯૩૭માં મુંબઈની ધારાસભાના અને ૧૯૪૬માં કેન્દ્રીય ધારાસભાના અધ્યક્ષ ચૂંટાયા હતા; મૃત્યુપર્યંત લોકસભાના અધ્યક્ષ રહ્યા હતા.

Gandhi Heritage Portal

થઈને કોઈ અન્યાયમાં ભાગીદાર બનવું નથી. અસહકારની મારી આજની યોજનામાં લોકસેવા કરી રહેલી સરકારી સંસ્થાઓમાં કામ કરતા લોકોને નોકરીઓ છોડાવવાનું આવતું નથી, પરંતુ જો કોઈ સરકાર પૂરેપૂરી ભ્રષ્ટ થઈ જાય, તો તેની સાથે સંપૂર્ણ અસહકાર કરીને એનું કામ થંભાવી દેતાં હું વિચારમાં ન પડું. કોઈ ભ્રષ્ટ સંસ્થા દ્વારા ઉપયોગી સેવા મળતી હોય તો તે લેવાની પણ હું તો ના પાડું. અને જ્યારે સંપૂર્ણપણે અન્યાયી સરકારનું ચક્ર થંભી જાય, તે જ સમયે એનું સ્થાન બાજી કોઈ સંસ્થા લઈ લે છે, અને આ નવી સંસ્થા તમે જણાવો છો તેવા પ્રકારની લોકોપયોગી સેવાઓ બજાવતી થઈ જાય છે. પરંતુ હજુ બ્રિટિશ સરકાર વિષે હું એવો મત ધરાવતો નથી. તે કોઈ કોઈ વાર થોડા વખત માટે કર્તવ્યભ્રષ્ટ બની જાય છે, પરંતુ એના જેવી બીજી સરકારો કરતાં કદાચ તે ઘણી ઓછી વાર આવી બને છે. અને હળવા સ્વરૂપનો અસહકાર કરીને એને ગેરમાર્ગેથી પાછી વાળી શકાય તેમ છે. હવે તમે સમજી શક્યા હશો કે અત્યારે ખિલાફત બાબતમાં બની રહ્યું છે તેમ જ્યારે બિલકુલ અસહ્ય અન્યાય થઈ રહ્યો છે ત્યારે અસહકાર કરવાનું ઉચિત પણ છે અને આવશ્યક પણ છે. મને આશા છે કે તમે એ પણ જોશો કે આ અંગેની મારી સ્થિતિ પ્રમાણમાં જેટલી તર્કસંગત છે, એટલી આધ્યાત્મિક નથી.[1]

તમારો વિશ્વાસુ
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
પત્રની છબી પરથી: એસ. એન. ૭૧૮૭

## ૧૬૪. ઓરિસ્સાનું સંકટ

ઓરિસ્સામાં આપણું એક મોટું જાત્રાનું સ્થળ જગન્નાથપુરી આવેલું છે. એનું આવું ગૌરવ હોવા છતાં આ પ્રદેશમાંથી ઈશ્વર જતો રહેલો જણાય છે. કારણ કે અત્યારે હિંદુસ્તાન રાષ્ટ્રીય જીવનની ચેતનાથી ધબકી રહ્યો છે, છતાં ઓરિસ્સા વિષે આપણે બહુ ઓછું જાણીએ છીએ. આપણામાંના ઘણાખરાને માટે તો એનું મહત્ત્વ કેવળ ભૌગોલિક નામથી વિશેષ નથી. આ પ્રદેશ આધુનિક કેળવણીનું કેન્દ્ર નહીં હોવાથી ત્યાં આધુનિક વલણ ધરાવતા કાર્યકર્તાઓ પેદા થયા નથી, અને તેથી ઓરિસ્સાના લોકો સુખી છે કે દુ:ખી એ પણ કોઈ જાણતું નથી. છેલ્લા કેટલાયે મહિનાથી ઓરિસ્સાના એક મિત્ર મને એ પ્રદેશના પ્રશ્નોમાં રસ લેવા આગ્રહ કરી રહ્યા છે. છેલ્લાં થોડાં અઠવાડિયાંથી એ ભાઈ મને કહ્યા કરે છે કે એ પ્રદેશમાં લગભગ દુકાળની સ્થિતિ છે. તેઓ કહે છે કે એક નાનકડા ગામમાં ૫૯ કુટુંબો વસે છે. તેમાં પુરુષો અને સ્ત્રીઓ મળી એકંદર વસ્તી ૪૧૧ જેટલી છે. આ ગામમાં તાજેતરમાં પોષણને અભાવે ૧૧ ધાવણાં બાળકો મરણ પામ્યાં છે. ભૂખમરાને લીધે એકંદર ૫૮ મરણ થયાં છે, ૯૧ માણસો ગામ છોડીને ચાલ્યા ગયા છે અને બાકી રહેલા હાડ-ચામનાં કેવળ પૂતળાં જેવા છે. એમની પાસે નથી ખાવાનું કે નથી કપડાં. શરીર ઢાંકવા માટે પૂરતાં કપડાં ન હોવાથી સ્ત્રીઓ ઘરની

૧. ૧૨મી મેને રોજ ગાંધીજી મુંબઈમાં અખિલ હિંદ ખિલાફત સંઘની સભામાં હાજર રહ્યા હતા અને ત્યાં પસાર થયેલો સવિનય કાનૂનભંગનો ઠરાવ એમણે રજૂ કર્યો હતો.

Gandhi Heritage Portal

બહાર નીકળી શકતી નથી અને કેટલીક તો ઘાસ અને પાંદડાં ખાઈને જીવે છે! આ ભયંકર કથની માનવા હું તૈયાર નહોતો. મને લાગ્યું કે હું લોકોને જાહેરમાં અપીલ કરું તે પહેલાં મારી પાસે તેમની સમક્ષ મૂકવા માટે કોઈ આધારભૂત માહિતી હોવી જોઈએ. એટલે મેં હિંદ સેવક સમાજને શ્રી અમૃતલાલ ઠક્કરની સેવાઓ ઉછીની આપવાની વિનંતી કરી. આ કામ માટે તેમની યોગ્યતા બાબતમાં બે મત નથી, કેમ કે આવા પ્રકારની તપાસના એમના અનુભવને કારણે એમની યોગ્યતા વર્ષોથી સિદ્ધ થયેલી છે. મારી વિનંતી તરત જ સ્વીકારાઈ અને એક અઠવાડિયું ઓરિસ્સાના પુરી જિલ્લામાં રહ્યા પછી એમણે કહેલી વાતનો સાર નીચે આપ્યો છે:[1]

આજે ત્રણ[2] દિવસથી ગામડાંઓમાં ભમું છું. ઓરિસ્સામાં દુકાળની નવાઈ નથી. હું જમશેદપુર રહેતો હતો ત્યારે ઓરિસ્સાને કોઠાર સમજતો હતો કારણ કે તેના એક મોટા શહેર બાલાસોરમાંથી ત્યાં ચોખો પુષ્કળ આવતો હતો. હાલ અત્રે ચોખો કલકત્તા, સંબલપુર વગેરે સ્થળેથી મંગાવવો પડે છે. અનાવૃષ્ટિ અને નદીઓનાં પૂર — એ બંને બાબત ગરીબડા ઓરિસ્સાને હેરાન કરી નાખે છે. લગભગ ૧૫૦૦થી બે હજારને આશરે માણસો છેલ્લા છ માસમાં રામશરણ થયા હશે! હું ૧૯ ગામડાંઓમાં ફર્યો. તે પૈકી ૬માં ૪૦ માણસો ભૂખમરાથી મરણ પામ્યાના ખરા ખબર મળ્યા છે. હજુ મરતા જાય છે. આજે જે નિશાળમાં હું ઊતર્યો છું તેના કંપાઉંડમાં મારી સમક્ષ ચોખા લેવા આવેલા લોકોમાંથી એક ડોસો મરણ પામ્યો છે. અહીંથી એક માઈલ દૂર ગામડામાં એક ડોસો મરણપથારીએ પડયો છે. તેને મારી સાથે કામ કરનાર ભાઈ જોઈ આવ્યા. માબાપ વિનાનાં છોકરાંઓ ગામડાંમાં નજરે આવે છે તથા હાડકાં-પાંસળાંવાળાં માણસો અને બાળકોને જોવું તો રોજનું થયું. આજરોજ આપને તાર કર્યો છે તે નીચે પ્રમાણે:

૧૯ ગામડાંઓ જોયાં. હજી મુસાફરીમાં જ છું. કોડીબંધ માણસો ભૂખમરાથી મરણ પામ્યાં છે. હમણાં હમણાં સરકારે ચાવલના ઢોલ આપવા માંડયા છે — પણ જોઈએ તેથી થોડાઓને — તથા ફેમિન કોડની ભલામણ કરતાં ઓછું અનાજ આપે છે. અત્રે ૩૦થી ૫૦ હજાર રૂ. જોઈશે. તાકીદથી પાંચ હજાર મોકલવા મહેરબાની કરશો.

ફેમિન કોડમાં ૬૦ તોલા અને ૫૦ તોલા ચાવલ અથવા બીજું ધાન્ય કામ ન કરી શકે તેવા મરદ તથા સ્ત્રીને આપવાનું કહ્યું છે, પણ અહીં તો ૨૬ તોલા જ અપાય છે. એપ્રિલ માસની તા. ૧૦મીથી શરૂ થયું ત્યારથી અત્યાર સુધી આ પ્રમાણે ૪ હજાર માણસને અપાયું. હવે સાંભળ્યું છે કે ૪૦ તોલા આ માસમાં મળશે. ૫૦–૬૦ કોણ જાણે કયારે થશે? તે જ પ્રમાણે છોકરાંઓને ઓછું મળે છે.

ઊડિયા લોક બહુ ગરીબ છે. લેફ્ટનન્ટ ગવર્નર સાહેબ પધારીને દુકાળવાળાં ગામડાંમાં ફર્યા અને થોડાં આંસુ લૂછયાં, પણ ફક્ત ૫ હજાર માણસને ઉપર પ્રમાણે મફત ચાવલ અપાય છે. કોઈ ઠેકાણે મજૂરી મળે તેવું એક પણ કામ ખોલ્યું નથી. જેનાં હાડકાં-પાંસળાં દેખાય તેને જ મફત ચાવલ મળે.

૧. નીચેનું હાંસિયો છોડીને આપેલું લખાણ ૧૬–૫–૧૯૨૭ના નવજીવનમાંથી લીધું છે.
૨. અંગ્રેજીમાં અહીં આઠ દિવસ લખ્યા છે.

Gandhi Heritage Portal

શ્રી ઠક્કરનો પત્ર બધી માહિતી આપી દે છે. મને આશા છે કે ઓરિસ્સામાંથી આવતો સંકટનો પોકાર બહેરા કાનો પર નહીં પડે અને જેમનાથી બની શકે એમ હોય તેઓ પોતાનો ફાળો આપ્યા વિના રહેશે નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२-५-१९२०

## ૧૬૫. નહીં સંત, નહીં રાજકારણી

એક ભલા મિત્રે, ઈસ્ટ એન્ડ વેસ્ટના એપ્રિલ માસના અંકમાંથી મને નીચેની કાપલી મોકલી આપી છે:

> શ્રી ગાંધી સંતપુરુષ તરીકેની પ્રતિષ્ઠા ધરાવે છે, પરંતુ એમ લાગે છે કે એમનામાં રહેલો રાજકારણી અંશ ઘણી વાર એમના નિર્ણયો ઉપર પ્રભાવ ધરાવતો હોય છે. તેઓ હડતાળનો બહુ જ મોટા પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યા છે. અને એમના માર્ગદર્શન નીચે હડતાળ, આજના એકમાત્ર પ્રશ્ન ઉપર ભણેલા અને અભણ સૌને એક કરવા માટેના એક શક્તિશાળી રાજદ્વારી શસ્ત્રનું રૂપ લઈ રહી છે એની ના પાડી શકાશે નહીં. હડતાળના ગેરલાભો પણ છે. લોકોને સીધો પ્રતિકાર કરતાં એ શીખવે છે, અને ગમે તેટલા શક્તિશાળી સીધા પ્રતિકારથી પણ એકતા સધાતી નથી. શું શ્રી ગાંધીને પૂરી ખાતરી છે કે પોતે અહિંસાના, બીજાને હાનિ નહીં પહોંચાડવાના ઊંચામાં ઊંચા આદેશો પ્રમાણે કામ કરી રહ્યા છે? જલિયાંવાલા બાગમાં થયેલા ગોળીબારની સ્મૃતિ કાયમ કરવા માટે એમણે રજૂ કરેલી દરખાસ્તથી સુમેળ સધાવાનો સંભવ નથી. એ એક કરુણ ઘટના છે જેમાં અમારી સરકાર ફસાઈ પડી છે, પરંતુ એમાં રહેલી કડવાશની સ્મૃતિ શું સાચવી રાખવા જેવી છે? વિધવાઓ અને અનાથોને મદદ કરવા માટે તથા પોતાના મૃત્યુનું કારણ જાણ્યા વિના જ માર્યા ગયેલા મૃતાત્માઓનું તર્પણ કરવા માટે એક શાંતિમંદિર સ્થાપીને, શું આપણે આ બાબતની સ્મૃતિને કાયમ ન કરી શકીએ? આ દુનિયા રાજકારણીઓ અને મુફલિસ કાયદાબાજોથી ભરેલી છે. દેશપ્રેમને નામે આ લોકો માણસના અંતરમાં રહેલી મીઠાશમાં ઝેર ભેળવે છે. એને પરિણામે લડાઈઓ થાય છે, ઝઘડા થાય છે અને જલિયાંવાલા બાગને કતલખાનું બનાવી દેનારી બેશરમ કતલો પણ થાય છે. તો શું હવે આખી દુનિયા જે વડે સજીવન બનીને ફૂલીફાલી શકે એવા બુદ્ધ અને ઈશુ ખ્રિસ્તે ઉપદેશેલા વિશાળ પાયા પરના સહજીવન માટે આપણે પ્રયત્ન ન કરી શકીએ? શ્રી ગાંધી આવી હિલચાલના ફિરસ્તા બનવા નિર્માયા છે એમ લાગતું હતું. પરંતુ સંજોગો એમને વિરોધો ઊભા કરવાને અને જૂથબંધી રચવાને માર્ગે ધકેલી રહ્યા છે. તેઓ હજી પણ દુનિયાને એક કરવાનું વધુ મહાન ધર્મકાર્ય હાથ ધરી શકે છે.

આખુંયે અવતરણ મેં અહીં ઉતાર્યું છે. મારા ઉપરની કે મારી કાર્યપદ્ધતિ ઉપરની કોઈ ટીકાનો સામાન્ય રીતે હું કોઈ જવાબ આપતો નથી, પણ મારા એ જવાબ દ્વારા મારે કોઈ ભૂલ કબૂલ કરવાની હોય અથવા જે સિદ્ધાંતોની ટીકા થઈ હોય એના ઉપર અગાઉ કરતાં વિશેષ ભાર દેવાનો હોય ત્યારે જ હું બોલું છું. આ અવતરણનો જવાબ આપવામાં મારા બે હેતુ

Gandhi Heritage Portal

છે: એક તો એ કે જે સિદ્ધાંતો મને વહાલા છે તેનું આ જવાબ દ્વારા હું વધારે સ્પષ્ટીકરણ કરવા ધારું છું; બીજું એ કે આ ટીકા લખી મોકલનાર વ્યક્તિ પ્રત્યે હું મારો આદરભાવ વ્યક્ત કરવા માગું છું, કેમ કે હું એમને ઓળખું છું અને એમના ચારિત્ર્યની અનોખી સુંદરતા માટે અનેક વર્ષો સુધી હું એમનો પ્રશંસક રહ્યો છું. ટીકાકાર અપેક્ષા રાખતા હતા કે હું એક સંતપુરુષ છું, પરંતુ મારામાં એમને રાજકારણી પુરુષ દેખાય છે એનો એમને ખેદ છે. હવે મને લાગે છે કે આજના જીવનમાંથી “સંત” શબ્દ કાઢી નાખવો જોઈએ. એ શબ્દ એટલો બધો પવિત્ર છે કે કોઈ પણ વ્યક્તિ માટે એ સહેલાઈથી વાપરી શકાય નહીં, અને મારા જેવા માણસ માટે તો નહીં જ. કેમ કે હું તો સત્યનો માત્ર એક નમ્ર શોધક હોવાનો જ દાવો કરું છું. મારી મર્યાદાઓ હું સમજું છું. હું ભૂલો કરું છું અને એ ભૂલો કબૂલ કરતાં કદી અચકાતો નથી. હું ખુલ્લે ખુલ્લો એકરાર કરું છું કે એક વૈજ્ઞાનિકની માફક હું જીવનનાં કેટલાંક “શાશ્વત સત્યો” વિષે પ્રયોગો કરી રહ્યો છું. છતાં વૈજ્ઞાનિક હોવાનો પણ દાવો હું કરી શકતો નથી, કેમ કે હું વાપરું છું તે પદ્ધતિઓ વૈજ્ઞાનિક ધોરણે યથાર્થ છે એવું કોઈ પ્રત્યક્ષ પ્રમાણ હું આપી શકું તેમ નથી, તેમ જ આધુનિક વિજ્ઞાન માગે છે તેવાં પ્રયોગોનાં કોઈ પ્રત્યક્ષ પરિણામો મારા પ્રયોગોમાંથી નીપજેલાં હું બતાવી શકું તેમ નથી. પરંતુ જોકે સંત હોવાનો ઇનકાર કરીને હું મારા ટીકાકારની અપેક્ષાઓને નિષ્ફળ કરું છું, તેમ છતાં હું તેમને કહું છું કે તમારા મનમાં મારે વિષે જે ખેદ છે એને તમે ખંખેરી નાખો. એને માટેનો મારો જવાબ એ છે કે મારા એક પણ નિર્ણય ઉપર મારામાં રહેલા રાજકારણીનો પ્રભાવ કદી પણ પડ્યો નથી. અને જો હું રાજકારણમાં ભાગ લેતો દેખાતો હોઉં તો તેનું કારણ માત્ર એટલું જ છે કે આજકાલ રાજકારણ આપણને નાગચૂડની માફક વળગેલું છે અને ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં આપણે તેમાંથી છૂટી શકીએ તેમ નથી. એટલે આ રાજકારણરૂપી નાગ સાથે હું કુસ્તી કરવા માગું છું. આ કુસ્તી હું વત્તીઓછી સફળતાપૂર્વક, સભાન રીતે ૧૮૯૪થી, અને હવે મને સમજાયું છે તેમ હું સમજણો થયો ત્યારથી અજાણપણે કરતો આવ્યો છું. મારી આસપાસ પ્રચંડ તોફાન ગર્જી રહ્યું છે. તેની વચ્ચે હું શાંતિથી રહેવા માગું છું. એટલે નર્યા સ્વાર્થથી પ્રેરાઈને મેં રાજકારણમાં ધર્મનું તત્ત્વ દાખલ કર્યું છે અને એમાં મારી જાત ઉપર તથા મારા મિત્રો ઉપર હું અખતરા કરી રહ્યો છું. ધર્મ શબ્દનો હું કેવો અર્થ કરું છું તે મારે સમજાવવું પડશે. હિંદુ ધર્મને હું બધા ધર્મો કરતાં જરૂર વધારે ચાહું છું, છતાં અહીં હું એની વાત કરતો નથી. હું તો એવા ધર્મની વાત કરું છું જે હિંદુ સંપ્રદાયથી પર છે, જે વ્યક્તિની ખુદ પ્રકૃતિને બદલી નાખે છે, જે અંતરમાં રહેલા સત્ય સાથે માનવીનું અતૂટ રીતે સંધાન કરી આપે છે, તથા જે તેને નિરંતર શુદ્ધ કરતો રહે છે. આ ધર્મ માનવ સ્વભાવમાં રહેલું એવું સ્થાયી તત્ત્વ છે જે સંપૂર્ણ રીતે વ્યક્ત થવા માટે ગમે તેટલી ભારે કિંમત ચૂકવવા તૈયાર છે અને જે તત્ત્વ જ્યાં સુધી આત્માને પોતાનો સાક્ષાત્કાર થતો નથી, પોતાના સર્જનહારનું જ્ઞાન થતું નથી અને સર્જનહાર તથા પોતાની વચ્ચેના સાચા સંબંધનું ભાન થતું નથી, ત્યાં સુધી કોઈ રીતે જંપીને બેસવા દેતું નથી.

આવી ધાર્મિક ભાવનાનું મનન કરતાં કરતાં જ મને હડતાળ લાધી છે. મારે એ બતાવી આપવું હતું કે જો હિંદુસ્તાને આત્મજાગૃતિ લાવવી હશે, અથવા ભણેલા લોકોનું સંગઠન સાધવું હશે, તો તે કેવળ અક્ષરજ્ઞાનથી થઈ શકશે નહીં. ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૧૯ને દિવસે જાણે

Gandhi Heritage Portal

જાદુ થયો હોય તેમ આખા હિંદુસ્તાનમાં હડતાળે પ્રકાશ રેલાવ્યો. સેતાને સરકારના કાનમાં ભયનો કીડો મૂકયો અને તેણે જ પોતાના દોષનું ભાન ધરાવતી એ સરકાર પ્રત્યેના સંપૂર્ણ અવિશ્વાસને કારણે ગુસ્સે ભરાવાને તૈયાર બેઠેલા લોકોને ભડકાવ્યા. એને પરિણામે ૧૦મી એપ્રિલનું વિઘ્ન આવી પડ્યું. આ વિઘ્ન જો ન આવ્યું હોત તો હિંદુસ્તાન કલ્પના બહારની ઉચ્ચ ભૂમિકાએ પહોંચ્યું હોત. લોકસમુદાયે તો હડતાળને સાચી ધાર્મિક ભાવનાથી અપનાવી જ હતી. એટલું જ નહીં પણ એ હળતાળ, ઉપરાઉપરી "સીધા પ્રતિકાર"ની જે હારમાળા ચલાવવાનો અમારો ઇરાદો હતો તેનું પહેલું પગલું હતું.

પરંતુ મારા ટીકાકાર "સીધા પ્રતિકાર"થી દુ:ખી થાય છે. કારણ કે એ કહે છે કે "એનાથી એકતા સધાતી નથી." એમાં મને વાંધો છે. આ દુનિયામાં સીધા પ્રતિકાર વિના કોઈ કામ કદી સિદ્ધ થયું નથી. "પૅસિવ રિઝિસ્ટન્સ" એવો શબ્દપ્રયોગ કરવાનું મેં બંધ કર્યું કેમ કે એમાં કંઈક ખૂટતું હતું અને લોકો એને નબળાનું હથિયાર સમજતા હતા. દક્ષિણ આફ્રિકામાં સીધા પ્રતિકારે જ અસર કરી અને તે એટલી બધી થઈ કે જનરલ સ્મટ્સની સાન ઠેકાણે આવી ગઈ. ૧૯૦૬માં તેઓ હિંદીઓની આકાંક્ષાઓના કટ્ટર વિરોધી હતા. ૧૯૧૪માં એ દેશની કાયદાપોથીમાંથી એક અપમાનકારક કાયદો[૧] રદ કરીને એમણે મોડો મોડો પણ ન્યાય આપવામાં ગૌરવ લીધું. એ જ કાયદા વિષે ૧૯૦૯માં એમણે લૉર્ડ મોર્લીને કહેલું કે એ કદી રદ થશે નહીં, કેમ કે ટ્રાન્સવાલની ધારાસભાએ બે વાર પસાર કરેલો[૨] એ કાયદો રદ કરવાની વાત દક્ષિણ આફ્રિકા કદી પણ સહન કરશે નહીં. પરંતુ વધારે જાણવા જેવું તો એ છે કે સીધો પ્રતિકાર આઠ વર્ષ સુધી[૩] ચાલ્યો હતો અને પોતાની પાછળ કોઈ જાતની કડવાશ મૂકતો ગયો નહોતો. એટલું જ નહીં પણ જે હિંદીઓ જનરલ સ્મટ્સ સામે કેડ બાંધીને લડયા હતા તેઓ પોતે ૧૯૧૫માં એ જ જનરલના નેજા નીચે એકઠા થઈને પૂર્વ આફ્રિકામાં[૪] એમના હાથ નીચે રહીને લડયા હતા. ચંપારણમાં જમાનાઓથી ચાલતી આવેલી એક ફરિયાદ સીધા પ્રતિકારથી[૫] જ દૂર થઈ હતી. જ્યારે માણસ કોઈ ગેરલાયકાત કે જુલમથી પીડાતો હોય અને તેને દૂર કરાવવા એ આતુર હોય, ત્યારે જો એ નરમ બનીને તેને તાબે થાય તો એ શરણાગતિથી એકતા તો નહીં જ વધે, પરંતુ નબળા પક્ષમાં તે ચીડ પેદા કરે છે, એને ગુસ્સે કરે છે અને વખત આવ્યે ભભૂકી ઊઠવા માટે એને તૈયાર કરે છે. નબળા પક્ષમાં જોડાઈ જઈને એને સીધો, મક્કમ, પરંતુ બિનહાનિકારક પ્રતિકાર કરતાં શીખવીને હું, એને અનુભવ કરાવું છું કે એ પોતે સશક્ત છે અને શરીરબળનો સામનો કરી શકે તેમ છે. એનામાં લડત લડવાની શક્તિનો સંચાર થાય છે, એનામાં આત્મવિશ્વાસ પાછો આવે છે, અને પોતાના દુ:ખનો ઉપાય પોતાની પાસે જ છે એવું એને ભાન થતાં એ મનમાં બદલો લેવાની ભાવના રાખતો અટકી

૧. ટ્રાન્સવાલનો એશિયાઈઓની નોંધણીનો ધારો.

૨. એક વાર ૧૯૦૬માં "ટ્રાન્સવાલનો એશિયાઈઓ વિષેનો ધારો સુધારવા માટેનો ઑર્ડિનન્સ" એ રૂપમાં અને બીજી વાર ૧૯૦૭માં "ટ્રાન્સવાલનો એશિયાઈઓની નોંધણીનો ધારો" એ રૂપમાં.

૩. એટલે કે, ૧૯૦૬થી ૧૯૧૪ સુધી.

૪. જર્મનોની સામે, પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન.

૫. ચંપારણનો આ સત્યાગ્રહ ૧૯૧૭માં ગાંધીજીના નેતૃત્વ નીચે થયો હતો. એનો હેતુ ગળીની ખેતી કરનાર મજૂરોની યુરોપિયન જમીનદારો સામેની ફરિયાદો દૂર કરાવવાનો હતો.

Gandhi Heritage Portal

જાય છે અને જે અન્યાયનો એ ઇલાજ કરવા માગતો હતો તેને દૂર કરાવીને સંતોષ માનતાં શીખે છે.

આ જ માર્ગને અનુસરીને જલિયાંવાલા બાગ અંગે એક સ્મારક સૂચવવાની મેં હિંમત કરી છે. ઈસ્ટ એન્ડ વેસ્ટના લેખકે મેં કલ્પના સરખી કરી નથી એવી દરખાસ્ત રજૂ કરવાનો આરોપ મારા ઉપર મૂકયો છે. તેઓ માને છે કે હું "જલિયાંવાલા બાગમાં થયેલા ગોળીબારની સ્મૃતિ કાયમ કરવા" માગું છું. એક કાળા કામની સ્મૃતિ કાયમ કરવાનો વિચાર સરખો મને આવી શકે નહીં. છતાં હું એટલું કહેવાની હિંમત કરું છું કે અમે અમારા પગ પર ઊભા રહેતા થઈશું તે પહેલાં આવી દારુણ ઘટનાઓ ફરીથી બનવાની જ છે. એટલે માર્યા ગયેલા નિર્દોષ લોકોની સ્મૃતિ સાચવી રાખીને હું મારા દેશને ભવિષ્યની ઘટનાઓ માટે તૈયાર કરવા માગું છું. વિધવાઓ અને અનાથોને મદદ અપાઈ ચૂકી છે અને હજી અપાઈ રહી છે. પરંતુ નિર્દોષ લોકોના રક્તથી પવિત્ર થયેલી ભૂમિ ખરીદી લઈને જ્યાં સુધી અમે તેના ઉપર એ મૃતાત્માઓને શોભે એવું સ્મારક ઊભું ન કરીએ ત્યાં સુધી "પોતાના મૃત્યુનું કારણ જાણ્યા વિના જ માર્યા ગયેલાઓના આત્માને શાંતિ નહીં થાય." મારું ચાલશે ત્યાં સુધી તો હું એ સ્મારકને પેલા કાળા કૃત્યની યાદ દેવડાવવાનું સાધન નહીં થવા દઉં; પણ જુલમગાર તરીકે મરવા કરતાં નિ:સહાય અને નિ:શસ્ત્ર અવસ્થામાં બીજાના જુલમનો ભોગ બનીને મરવું બહેતર છે એવો દેશને ઉપદેશ આપવાનું સાધન તો તે બનશે જ. મારી ઇચ્છા એવી છે કે ભાવિ પ્રજા એટલું તો યાદ રાખે જ કે અમારા જેવા જે લોકોએ નિર્દોષ દેશબંધુઓને મરતા દીઠા હતા તેમણે એમની સ્મૃતિ જાળવી રાખવાની ના પાડવા જેવી નગુણાઈ દાખવી નહોતી. આ ફંડમાં પોતાનો ફાળો આપતી વખતે શ્રીમતી ઝીણાએ સાચું જ કહ્યું હતું કે આ સ્મારક બીજું કંઈ નહીં તો અમને જીવતા રહેવાનું બહાનું તો પૂરું પાડશે જ. ખરી વાત એ છે કે જે ભાવનાથી આ સ્મારક રચાશે તે ભાવના જ એના સ્વરૂપનો નિર્ણય કરશે.

બુદ્ધ અને ઈશુ ખ્રિસ્તે ઉપદેશેલું "વિશાળ પાયા પરનું સહજીવન" શું હતું? બુદ્ધ પોતાની લડત દુશ્મનની જ છાવણીમાં નિર્ભય રીતે લડયા હતા અને તુંડમિજાજી બ્રાહ્મણવૃત્તિને એમણે નમાવી હતી. ઈશુ ખ્રિસ્તે નાણાં ધીરનારાઓને જેરૂસલેમના મંદિરમાંથી હાંકી કાઢ્યા હતા અને દંભીઓ તથા પાખંડીઓ ઉપર સ્વર્ગમાંથી શાપનો વરસાદ વરસાવડાવ્યો હતો. બંને મહાપુરુષો સીધા પ્રતિકારના પ્રખર હિમાયતી હતા. આ રીતે બુદ્ધ અને ઈશુ ખ્રિસ્તે શિક્ષા કરી ખરી, પરંતુ એમના પ્રત્યેક કાર્યમાં એમણે અચૂક રીતે દયાભાવ અને પ્રેમભાવ દાખવ્યો હતો. તેઓ પોતાના શત્રુઓ સામે એક આંગળી સરખી ઊંચી કરતા નહોતા, પરંતુ પોતે જે સત્યને માટે જીવતા હતા તેનો ત્યાગ કરવા કરતાં એ માટે તેઓ પોતાની જાતને ખુશીથી ન્યોછાવર કરવા તૈયાર રહેતા. જો બુદ્ધના પ્રેમનો પ્રભાવ બ્રાહ્મણોને નમાવવાના કામમાં કારગત ન નીવડયો હોત, તો તેઓ પોતે બ્રાહ્મણોનો વિરોધ કરતા કરતા ખપી ગયા હોત. એ જ રીતે ઈશુ ખ્રિસ્ત પણ એક આખા સામ્રાજ્યની તાકાતનો સામનો કરતા કરતા, પોતાને માથે કાંટાનો તાજ પહેરીને ક્રૉસ પર ચડયા અને મૃત્યુ પામ્યા. એટલે જો હું અહિંસાત્મક પ્રતિકારો ઊભા કરતો હોઉં, તો તેનો અર્થ એટલો જ થાય છે કે મારા ટીકાકારે જે મહાન ઉપદેશકોનાં નામ દીધાં તેમને પગલે પગલે જ હું નમ્ર ભાવે ચાલી રહ્યો છું.

અંતમાં, ઉપરના ફકરાના લેખક મારી "જૂથબંધી કરવાની" પદ્ધતિનો વિરોધ કરે છે અને ઇચ્છે છે કે મારે "દુનિયાને એક કરવાનું વધુ વ્યાપક ધર્મકાર્ય ઉપાડી લેવું જોઈએ." અમે

Gandhi Heritage Portal

એક જ મકાનમાં રહેતા હતા ત્યારે એક વાર મેં એ ગૃહસ્થને કહ્યું હતું કે કદાચ હું તમારા કરતાં વધારે વિશ્વપ્રેમી છું. એ વાકયને હું વળગી રહું છું. મને જૂથો રચતાં આવડશે નહીં ત્યાં સુધી આખી દુનિયાને એક કરવાની શક્તિ મારામાં કદી આવશે નહીં. ટૉલ્સ્ટૉયે એક વાર કહ્યું હતું કે જો આપણે માત્ર આપણા પડોશીઓની કાંધ ઉપરથી નીચે ઊતરી જઈએ, તો આપણા તરફથી કોઈ વિશેષ મદદ લીધા વિના જ દુનિયા ઠીક થઈ જશે. અને જો આપણે આપણી નિકટના પડોશીઓનું શોષણ કરવાનું બંધ કરવા જેટલી જ માત્ર સેવા કરીએ તોપણ ઘણું છે. એમ કરવાથી જે જૂથો રચાશે તે સાચા પ્રકારનાં હશે. એ જૂથોનો પરિઘ હમેશાં વધતો જશે અને આખરે આખી દુનિયા એમાં સમાઈ જશે. એથી વિશેષ કરવાનું કે મેળવવાનું કોઈ પણ વ્યક્તિના કાર્યક્ષેત્રમાં નથી. "यथा पिंडे तथा ब्रह्मांडे" એ સત્ય, યુગો પહેલાં કોઈ અજ્ઞાત ઋષિના મોંમાંથી પહેલવહેલું નીકળ્યું ત્યારે જેટલું સાચું હતું, તેટલું જ આજે પણ સાચું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૧૨–૫–૧૯૨૦

# ૧૯૬. ખિલાફત

મારા ગયા પત્રમાં મેં તમને લખ્યું હતું તે પ્રમાણે, મને લાગે છે કે ખિલાફતના મામલામાં મિ. ગાંધીએ ગંભીર ભૂલ કરી છે. હિંદુસ્તાનના મુસલમાનો પોતાની માગણીના સમર્થનમાં એમ કહે છે કે અરબસ્તાન ઉપર તુર્કીનું શાસન હોવું જોઈએ એવું અમારા ધર્મમાં વિધાન છે. પરંતુ આ બાબતમાં ખુદ આરબોનો જ એમની સામે વિરોધ છે. એટલે હિંદુસ્તાનના મુસલમાનોના આ સિદ્ધાંતને ઈસ્લામ માટેનો પાયાનો સિદ્ધાંત માનવો અશકય છે. આખરે તો, જો આરબો ઈસ્લામના પ્રતિનિધિ નથી તો બીજું કોણ છે? આ તો જર્મનીના રોમન કૅથલિકો, રોમ પાસેથી રોમન કૅથલિકોને નામે કોઈક માગણી કરે અને ઈટાલીના લોકો એથી ઊલટી માગણી કરે, એના જેવી વાત થઈ. પરંતુ હિંદુસ્તાનના મુસલમાનોનો ધર્મ આરબો ઉપર એમની મરજી વિરુદ્ધ તુર્કોનું શાસન લાદવા માગે, તોપણ જે માગણીનો અર્થ એક દેશના લોકો ઉપર બીજા દેશના લોકોનો જુલમ કાયમ ટકે એવો થતો હોય, તેવી માગણીને આજના જમાનામાં સાચી ધાર્મિક માગણી તરીકે સ્વીકારી શકાય નહીં. યુદ્ધના આરંભકાળે હિંદુસ્તાનના મુસલમાનોને જ્યારે એવી ખાતરી આપવામાં આવી હતી કે મુસ્લિમ ધર્મનું માન સાચવવામાં આવશે, ત્યારે એનો અર્થ કદાપિ એવો તો નહીં જ કલ્પવામાં આવ્યો હોય કે આત્મનિર્ણયના સિદ્ધાંતોનો જેમાં ભંગ થતો હોય એવા ઐહિક આધિપત્યને કાયમ ટકો આપવામાં આવશે. તુર્કો આરબોને ફરી જીતી લે તે અમે બાજુ પર ઊભા રહીને જોઈ રહીએ એ તો હવે બને જ નહીં. આરબો તુર્કો સાથે લડશે જ એની અમને ખાતરી છે, કેમ કે અમે આરબોને વચનો આપ્યાં છે. અને તેથી જો અમે નિષ્ક્રિય રહીએ તો આરબોને ભયંકર દગો દીધો ગણાય. કેવળ યુરોપિયનોના કહેવાથી જ આરબો તુર્કો પ્રત્યે વેરભાવ દાખવી રહ્યા છે એ વાત સાચી નથી. એટલું ખરું કે એક વધુ મિત્ર મેળવવા માટે યુદ્ધ દરમ્યાન અમે તુર્કો પ્રત્યેના આરબોના વેરભાવનો લાભ ઉઠાવ્યો હતો, પરંતુ એ વેરભાવ તો યુદ્ધ પહેલાં કેટલાયે વખતથી મોજૂદ હતો.

Gandhi Heritage Portal

તે વખતે સુલતાનના તમામ બિનતુર્કી પ્રજાજનો એના શાસનથી મુક્ત થવા ઇચ્છતા હતા. માત્ર હિંદુસ્તાનના મુસલમાનોને આ શાસનનો કશો અનુભવ નથી, એટલે જ તેઓ એને બીજા લોકો ઉપર લાદવા માગે છે. સીરિયા કે અરબસ્તાનમાં તુર્કોનું શાસન પાછું લાવવાનો વિચાર, હકીકતમાં તમામ શક્યતાઓથી એટલો દૂરનો દેખાય છે કે એની ચર્ચા કરવી એ પવિત્ર રોમન સામ્રાજ્યને પાછું લાવવાની ચર્ચા કરવા જેવું લાગે છે. કેવા પ્રકારના બનાવોની હારમાળા વડે આ પરિણામ લાવી શકાય તેની તો હું કલ્પના જ કરી શકતો નથી. એટલું નક્કી છે કે હિંદુસ્તાનના મુસલમાનો જાતે અરબસ્તાન ઉપર ચઢાઈ કરીને તેને જીતી લઈ સુલતાનને સોંપી દે એ વાત બનવાની નથી. વળી હિંદુસ્તાનનાં ગમે તેટલાં આંદોલનો ને તોફાનો, તુર્કોનું શાસન અરબસ્તાનમાં પાછું લાવવાનું ઇંગ્લંડને કદી પણ સમજાવી શકે તેમ નથી. આ બાબતમાં હિંદુસ્તાનના મુસલમાનો બ્રિટિશ સામ્રાજ્ય-વાદનો વિરોધ નથી કરી રહ્યા પરંતુ તેઓ ઇંગ્લંડના ઉદાર અને માનવતાવાદી વિચારકોનો, અને હિંદુસ્તાનમાં આત્મનિર્ણયનો સિદ્ધાંત આગળ વધે એમ ઇચ્છતા ત્યાંના જાગ્રત મતવાળા આમવર્ગનો વિરોધ કરી રહ્યા છે. માની લો કે હિંદુસ્તાનના મુસલમાનો હિંદુસ્તાનમાં એવું હિંસક આંદોલન ઊભું કરી શકે કે હિંદુસ્તાન અને બ્રિટિશ તાજ વચ્ચેનો સંબંધ તૂટી જાય. આમ છતાં એમનો હેતુ સહેજ પણ સધાવાનો નથી. કારણ દુનિયા સાથેના સંબંધોની બ્રિટનની નીતિ ઉપર આજે પણ એમનો પ્રભાવ ચાલુ છે અને તુર્કસ્તાનના પ્રશ્નની આ બાબતમાં, સામા પક્ષના વધારે વજનદાર પલ્લા સામે પોતાનું પલ્લું નમાવવા જેટલો વજનદાર આ પ્રભાવ નથી એ સાવ સાચું હોવા છતાં એનો પ્રભાવ પડ્યો તો છે જ. પરંતુ હિંદુસ્તાનના મુસલમાનોને જો બ્રિટન સાથે સંબંધ ન હોત તો હિંદુસ્તાનની બહાર એમનો કોઈ ભાવ પણ ન પૂછત. વિશ્વના રાજકારણમાં એમનું મહત્ત્વ ચીનના મુસલમાનો કરતાં વધારે નહીં અંકાત. હું ધારું છું કે એ વાત બનવાજોગ છે (સામે પક્ષે અમેરિકાનું દબાણ છે એ વાત જવા દઈએ, તો મારે કહેવું જોઈએ કે નિશ્ચિત છે) કે હિંદુસ્તાનના મુસલમાનોની લાગવગ છેવટે સુલતાનને કૉન્સ્ટૅન્ટિનોપલમાં રાખી શકવા જેટલી કામયાબ નીવડી શકે. પરંતુ એમ કરવાથી એમને કશો લાભ થશે કે કેમ તેની મને શંકા છે. વળી એશિયા માઇનોરના તુર્કસ્તાનના ભાગો સિવાય તુર્કસ્તાન માટે કૉન્સ્ટૅન્ટિનોપલ ઘણી અગવડભરી રાજધાની થઈ પડે. મને લાગે છે કે જૂના ઑટોમન સામ્રાજ્યના ભૂતને સાચવી રાખવાથી જે લાગણી સંતોષાય તેની તોલે આ અગવડ ભારે મોંઘી પડી જાય તેવી છે. પરંતુ જો સુલતાન પોતાનો મુકામ કૉન્સ્ટૅન્ટિનોપલમાં જ કાયમ રાખે એમ હિંદુસ્તાનના મુસલમાનો ઇચ્છતા હોય તો હું માનું છું કે હિંદુસ્તાનના વાઇસરૉયે[૧] સરકારી રાહે આપેલાં વચનોને કારણે હવે સુલતાનને ત્યાં જ રાખવાનો આગ્રહ કરવાની અમારી ફરજ થઈ પડે છે, અને મને લાગે છે કે અમેરિકા એનો વિરોધ કરે તોપણ સુલતાન ત્યાં જ રહેશે.

ગ્રેટ બ્રિટનમાં સારો મોભો ધરાવતા એક અંગ્રેજે હિંદુસ્તાનમાંના પોતાના એક મિત્ર ઉપર જે પત્ર લખ્યો છે, તેમાંથી આ ઉતારો લીધો છે. આ એક નમૂનેદાર પત્ર છે. પત્ર ઠાવકો, પ્રામાણિક અને મુદ્દાસરનો છે. એની ભાષા એટલી વિવેકભરી છે કે જોકે એ તમને પડકાર કરે

૧. લૉર્ડ હાર્ડિંજ.

Gandhi Heritage Portal

છે છતાં, એના વિવેકને લીધે જ એને માટે માન ઊપજે છે. પરંતુ આ રીતે અધૂરી કે અસત્ય માહિતી ઉપર રચાયેલી મનોવૃત્તિને કારણે જ ગ્રેટ બ્રિટનમાંનાં અનેક સારાં કામો માર્યાં ગયાં છે. આજના પત્રકારત્વમાં છીછરાપણું, પક્ષપાત, ચોકસાઈનો અભાવ અને ઘણી વાર તો અપ્રમાણિક્તા પણ ઘૂસી ગયાં છે. એને લીધે હમેશાં ન્યાય જ થવો જોઈએ એમ માનનારા માણસો પણ એકધારી રીતે ગેરમાર્ગે દોરવાતા હોય છે. આ ઉપરાંત ખરાં કે ખોટાં સાધનો વાપરીને પણ પોતાનું ધાર્યું કરાવવાના ધ્યેયવાળા સ્વાર્થી લોકોનાં જૂથો પણ હમેશાં જામેલાં હોય છે. આને લીધે, એક પ્રામાણિક અંગ્રેજ ન્યાયને પડખે ઊભા રહેવા ઇચ્છતો હોવા છતાં, પરસ્પર વિરોધી અભિપ્રાયોથી દોરવાઈ જાય છે અને જૂઠા હેવાલોથી ભરમાઈને આખરે ઘણી વાર અન્યાયનું નિમિત્ત બની બેસે છે.

ઉપર ટાંકેલા પત્રના લેખકે કાલ્પનિક હકીકતોના પાયા પર એક ખાતરીલાયક દલીલની ઇમારત ઊભી કરી છે. એમણે સફળતાપૂર્વક સાબિત કરી બતાવ્યું છે કે જે સ્વરૂપે મુસલમાનોનો કેસ એમની સમક્ષ રજૂ થયો છે, તે સ્વરૂપમાં તે બિલકુલ માલ વગરનો છે. હિંદુસ્તાનમાં ખિલાફત વિષેની હકીકતોને બેહૂદા રૂપમાં રજૂ કરવાનું બહુ સહેલું નથી, એટલે અંગ્રેજ મિત્રો હિંદના મુસલમાનોની માગણી બિલકુલ ન્યાયી હોવાનું કબૂલ રાખે છે. પરંતુ તેઓની દલીલ એવી છે કે આ બાબતમાં અમે કશું કરી શકીએ તેમ નથી, અને હિંદુસ્તાનની સરકાર તથા મિ. મૉન્ટેગ્યુ પણ માણસથી જે થઈ શકે તેટલું બધું કરી છૂટયા છે. એટલે ફેંસલો જો ઇસ્લામની વિરુદ્ધમાં આવે તો હિંદુસ્તાનના મુસલમાનોએ તેને માથે ચઢાવી લેવો જોઈએ. વળી આજની દુનિયાની ધમાલ ન હોત અને તમામ જવાબદાર લોકો ભળતા જ કામમાં ડૂબી ગયેલા ન હોત તો આ અસાધારણ પરિસ્થિતિ ઊભી જ થઈ ન હોત.

આ પત્રલેખકે આ પ્રશ્નની જે કલ્પના કરી છે તેના ઉપર આપણે ઘડીભર વિચાર કરીએ. તેમનું કહેવું એવું છે કે આરબ લોકોનો વિરોધ હોવા છતાં હિંદુસ્તાનના મુસલમાનો અરબસ્તાનમાં તુર્ક લોકોનું રાજ્ય કાયમ રાખવા માગે છે. લેખકની બીજી દલીલ એ છે કે ખુદ હિંદુસ્તાન જ્યારે આત્મનિર્ણયના અધિકાર માટે આગ્રહ રાખી રહ્યું છે ત્યારે જો આરબોને તુર્ક લોકોનું રાજ્ય ન જોઈતું હોય તો જૂઠી ધાર્મિક લાગણી વડે એમના આત્મનિર્ણયના અધિકારમાં દખલ કરી શકાય નહીં. હકીકત એ છે કે આ વિષયનો થોડો પણ અભ્યાસ કરનાર દરેક જણ જાણે છે કે આરબોનો વિરોધ હોવા છતાં અરબસ્તાનમાં તુર્ક લોકોનું રાજ્ય કાયમ રહે એવી માગણી મુસલમાનોએ કદી કરી નથી. ઊલટું, એમણે તો એમ કહ્યું છે કે આરબ લોકોને સ્વશાસન મળે તેનો વિરોધ કરવાનો અમારો સહેજ પણ ઇરાદો નથી. તેઓ તો એટલું જ માગે છે કે અરબસ્તાન ઉપર તુર્ક લોકોનું આધિપત્ય એ રીતનું જ રહે જેમાં આરબ લોકોને સંપૂર્ણ સ્વશાસન આપવાની ખાતરી આપવામાં આવે. તેઓ માત્ર ઇસ્લામનાં તીર્થસ્થાનો ઉપર જ ખલીફનું નિયંત્રણ માગે છે. બીજા શબ્દોમાં કહીએ તો, મિ. લૉઈડ જૉર્જે જે વાતની બાંયધરી આપી હતી[૧] અને જે બાંયધરી ઉપર ભરોસો રાખીને મુસલમાન સિપાઈઓએ મિત્રરાજ્યોને પડખે રહીને પોતાનું લોહી વહેવડાવ્યું હતું, તેના કરતાં તેઓ વિશેષ કશું માગતા નથી. એટલે ઉપરના અવતરણમાં રજૂ કરેલી લાંબીચોડી દલીલ અને તેને આધારે તર્કબદ્ધ દેખાતું આખું વિવેચન કડડભૂસ થઈ જાય છે, કેમ કે કદી અસ્તિત્વમાં નહોતા એવા

૧. આ બાંયધરી જાન્યુઆરી ૫, ૧૯૧૮ના તેમના ભાષણમાં આપવામાં આવી હતી.

Gandhi Heritage Portal

પ્રશ્ન ઉપર એમનું મંડાણ મંડાયેલું છે. આ પ્રશ્નમાં મેં મારી પૂરી તાકાતથી એટલા માટે ઝંપલાવ્યું છે કે બ્રિટિશોએ આપેલાં વચનો, તાર્કિક ન્યાય અને ધાર્મિક લાગણી એ ત્રણ બાબતોનો એમાં સંયોગ થયેલો છે. હું એવી શકયતાની કલ્પના કરી શકું છું જેમાં શુદ્ધ ન્યાય વિરુદ્ધ અંધ ને ઝનૂની ધાર્મિક લાગણી ઊભી હોય. જો એવી સ્થિતિ આવી પડે તો મારે ખોટી ધાર્મિક લાગણીનો વિરોધ કરવો પડે અને ન્યાયને માટે લડવું પડે. ઇંગ્લંડે ગુપ્ત સંધિઓ[1] બાબતમાં કર્યું છે તેમ એક અન્યાયી ઉદ્દેશને ટેકો આપવા માટે જો જૂઠાં વચનો અપાયાં હોય, તો તે પળાવવાનો પણ હું આગ્રહ નહીં રાખું. પોતાની ન્યાયપરાયણતા માટે ગર્વ લેતા રાષ્ટ્ર માટે આવું થાય ત્યારે તેનો સામનો કરવાનું કાયદેસર જ નહીં, પરંતુ અનિવાર્ય બની જાય છે.

આ અંગ્રેજ મિત્રે એવો મુદ્દો ઉઠાવ્યો છે કે જો હિંદુસ્તાન એક સ્વતંત્ર-સત્તા હોત તો તેણે આ સંજોગોમાં શું કર્યું હોત? આ મુદ્દા ઉપર વિચાર કરવાની હું જરૂર જોતો નથી. એનું કારણ એ છે કે હિંદુસ્તાનના મુસલમાનો અને ખરું જોતાં આખું હિંદુસ્તાન સહુએ સ્વીકારેલા વાજબી ધ્યેય માટે લડી રહ્યાં છે. આવા ધ્યેય માટે જ તેઓ બ્રિટિશ લોકોના હાર્દિક ટેકાની માગણી કરી રહ્યાં છે. તેમ છતાં હું ભાર દઈને એટલું સૂચવવા માગું છું કે આ એક એવું ધ્યેય છે જેમાં ખાલી સહાનુભૂતિ પૂરતી નહીં થાય. એને માટે તો નક્કર ન્યાય મળી શકે એવા મજબૂત ટેકાની જરૂર છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–५–१९२०

## ૧૬૭. વચનપાલનની તૈયારીમાં

ખિલાફત સંબંધી મારા લેખમાં બ્રિટિશ પ્રધાનોએ આપેલાં વચનો વિષે મેં જે કંઈ કહ્યું છે તેની સામે टाइम्स ऑफ इन્ડિયામાં "करन्ट टॉपिक्स"ના લેખકે પડકાર ફેંકવા પ્રયત્ન કર્યો છે અને તે માટે મિ. ઍસ્કિવથે ૧૯૧૪ના નવેમ્બર માસની ૧૦મી તારીખે ગિલ્ડ હૉલમાં આપેલા ભાષણનો હવાલો આપ્યો છે. મેં જ્યારે એ લેખ લખ્યો ત્યારે મિ. ઍસ્કિવથનું ભાષણ મારા ખ્યાલમાં હતું. એમણે એ ભાષણ કર્યું એની મને દિલગીરી થાય છે, કેમ કે મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે કંઈ નહીં તો એટલું તો દેખાઈ આવે છે કે એમાંના વિચારો સ્પષ્ટ નથી. તુર્કસ્તાનના લોકો વિષે તેઓ ઑટોમન સરકારથી અલગ છે એવું એમનાથી વિચારી શકાય ખરું? જો યુરોપ અને એશિયામાં ઑટોમન સામ્રાજ્યનો મૃત્યુઘંટ વાગે તો તુર્કીના શાસનનો અને તેથી એક સ્વતંત્ર અને શાસક જાતિ તરીકે તુર્ક લોકોનો પણ મૃત્યુઘંટ વાગી જ જાય એમ ન હોય તો ઑટોમન સામ્રાજ્યના અંતનો શો અર્થ થાય? બીજું, તેઓ કહે છે કે તુર્ક લોકોનું રાજ્ય હમેશાં એક મહા રોગ સમું રહ્યું છે. એણે "પૃથ્વી ઉપરના કેટલાક સુંદરમાં સુંદર પ્રદેશો કરમાવી નાખ્યા છે." શું ઇતિહાસની દૃષ્ટિએ આ સાચું છે? વળી આગળ જતાં તેઓ

૧. દાખલા તરીકે, આવી સંધિ મિત્રરાજ્યોએ ૧૯૧૫માં રશિયા, ઇટાલી, અને મક્કાના વડા શરીફ સાથે કરી હતી.

Gandhi Heritage Portal

જે બોલ્યા છે કે "એમની ધાર્મિક માન્યતા સામેની જેહાદનું અનુકરણ કરવાનો કે બીજાને તે માટે ઉશ્કેરવાનો અમને વિચાર સરખો આવ્યો નથી," એનો શો અર્થ થાય ? જો શબ્દોનો કંઈ અર્થ થતો હોય તો મિ. ઍસ્કિવથે પોતાના ભાષણમાં જે ભાષા વાપરી છે તેનો અર્થ એટલો જ થવો જોઈતો હતો કે હિંદુસ્તાનના મુસલમાનોની ધાર્મિક લાગણી માટે ઝીણવટભરી કાળજી રાખવામાં આવશે. અને જો એમના ભાષણનો એ અર્થ થતો હોય, તો મારા કથનના સમર્થનમાં બીજું કંઈ વધારે પ્રમાણ ટાંકયા વિના જ હું એમ કહીશ કે જો સાન રેમોની પરિષદમાં[1] થયેલા ઠરાવોનો અમલ થવાનો હોય તો મિ. ઍસ્કિવથનાં વચનોનો પણ ભંગ થવાનો ખતરો ઊભો થયો છે. પરંતુ મિ. ઍસ્કિવથના અનુગામીએ[2] બે વર્ષ પછી કરેલા ચોકસાઈભર્યા ભાષણને આધારે મેં તે વિચારો રજૂ કર્યા છે. તે વખતે પરિસ્થિતિ ૧૯૧૪ના કરતાં વધારે ખતરનાક બની ગઈ હતી અને હિંદના લોકોની મદદની ઘણી વધારે જરૂર હતી. એમનું વચન[3] પળાય એની ફરી ફરીને યાદ આપવામાં વાંધો નથી. એમણે કહ્યું હતું :

> વળી તુર્કીઓને એમની રાજધાનીમાંથી અથવા તો જ્યાં મોટે ભાગે તુર્ક જાતિના જ લોકો વસે છે એવા એશિયા માઈનોર અને થ્રેસના સમૃદ્ધ અને પ્રસિદ્ધ પ્રદેશોમાંથી હાંકી કાઢવા આપણે લડતા નથી. . . . તુર્કસ્તાનનું સામ્રાજ્ય તુર્ક જાતિના વતનમાં જ, એની રાજધાની કૉન્સ્ટૅન્ટિનોપલ સહિત કાયમ જળવાઈ રહે એમાં આપણને કશો વાંધો નથી.

જો માત્ર આ વચન શબ્દેશબ્દ પાળવામાં આવે તો ઝઘડાનું કોઈ કારણ રહે નહીં. વળી જો મિ. ઍસ્કિવથની જાહેરાતને હિંદુસ્તાનના મુસલમાનોની માગણીની વિરુદ્ધની ગણી શકાય તોપણ એની પાછળથી અને વધારે વિચારપૂર્વક કરેલી મિ. લૉઈડ જૉર્જની જાહેરાતથી એ રદ થઈ જાય છે. મિ. લૉઈડ જૉર્જની જાહેરાત હવે પાછી ખેંચી શકાય તેમ નથી, કેમ કે એમાં જે અપેક્ષા રાખવામાં આવી હતી તેનું પાલન થઈ ચૂક્યું છે. બહાદુર મુસલમાન સૈનિકો લશ્કરમાં જોડાયા છે અને વચન અપાયું હોવા છતાં ભાગલા પડાઈ રહ્યા છે તે જ જગાએ તેઓ લડી ચૂક્યા છે. પરંતુ "કરન્ટ ટૉપિક્સ"ના લેખક તો કહે છે કે મિ. લૉઈડ જૉર્જ "હવે પોતાનું વચન પાળવાની તૈયારીમાં છે." હું આશા રાખું કે એમનું કહેવું સાચું હશે. પરંતુ અત્યાર સુધી જે કંઈ બની ચૂક્યું છે તે ઉપરથી તો આવી કોઈ આશા વિષે આધાર મળતો નથી. કેમ કે ખલીફાને એમની પોતાની જ રાજધાનીમાં કેદ પૂરવામાં આવશે કે નજરકેદ રાખવામાં આવશે[4] તો એમાં વચનપાલનની હાંસી જ નહીં પણ દાઝયા ઉપર ડામ દેવા જેવું થશે. તુર્કસ્તાનના સામ્રાજ્યને, તેની રાજધાની કૉન્સ્ટૅન્ટિનોપલ સહિત તુર્ક લોકો વસે છે તે જ પ્રદેશોમાં કાં તો કાયમ રાખવું છે, અથવા નથી રાખવું. જો એ કાયમ રહેવાનું હોય તો હિંદુસ્તાનના મુસલમાનો ભલે એનું પૂરેપૂરું ગૌરવ અનુભવે. અથવા જો એ સામ્રાજ્યના ટુકડા કરવાના હોય તો દંભનો બુરખો ભલે ખસેડી નાખવામાં આવે અને હિંદુસ્તાનને સત્યનાં દર્શન, તેના નગ્ન સ્વરૂપે ભલે કરવા દેવામાં આવે. એટલે ખિલાફત આંદોલનમાં જોડાવાનો અર્થ, એવા આંદોલનમાં જોડાવાનો થાય છે, જેનો હેતુ એક બ્રિટિશ પ્રધાનના વચનને અકબંધ રાખવાનો

૧. જુઓ "તુર્કસ્તાનની સંધિ વિષે અખબારી નિવેદન", ૨૯–૪–૧૯૨૦, પાદટીપ ૨.
૨. લૉઈડ જૉર્જ.
૩. આ વચન ૧૯૧૮ના જાન્યુઆરીની ૫મી તારીખે અપાયું હતું.
૪. જુઓ "હવે શું કરીશું?", ૨૩–૫–૧૯૨૦.

Gandhi Heritage Portal

છે. એટલું નક્કી છે કે અસહકારમાં જે ભોગ આપવો પડે તેના કરતાં આ જાતનું આંદોલન ઘણા મોટા ભોગને પાત્ર છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–५–१९२०

## ૧૬૮. મુંબઈમાં અસહકાર વિષે ભાષણ

મે ૧૨, ૧૯૨૦

અખિલ હિંદ ખિલાફત સમિતિની એક તાકીદની સભા મુંબઈમાં ૧૨મી મેને રોજ અસહકાર આંદોલન વિષે છેવટનો વિચાર કરવા મળી હતી.[1] . . . . આ મધ્યસ્થ સમિતિએ આખરે સર્વાનુમતે ઠરાવ્યું છે કે સર્વશ્રી છોટાણી, ગાંધી, અબુલ કલામ આઝાદ અને શૌકતઅલીની બનેલી પેટાસમિતિએ સૂચવેલો સંપૂર્ણ અસહકારનો કાર્યક્રમ સ્વીકારી લેવો અને અમલમાં મૂકવો.

મહાત્મા ગાંધીએ એક સ્પષ્ટ અને જોરદાર ભાષણ કરીને અસહકારના અંદોલનની ફરીથી સમજ આપી. એમણે કહ્યું કે આ આંદોલનની સફળતાનો આધાર મુસલમાનોની મક્કમતા અને હિંમત ઉપર છે. હિંદુ ભાઈઓ મુસલમાનોને જરૂર સાથ આપશે, પરંતુ આગેવાની તો મુસલમાનોએ જ લેવી જોઈશે. તમામ પ્રયત્નો દ્વારા સહુ કોઈને સમજાવી દેવું જોઈએ કે હિંદુમુસલમાનો એકઠા થઈને એક કામ કરી રહ્યા હોય ત્યારે ગમે તેટલી ઉશ્કેરણી થવા છતાં જો સહેજ પણ હિંસા આચરવામાં આવશે તો તે આ કાર્ય માટે ઘાતક નીવડશે. આપ સૌને હું ખાતરી આપું છું કે આ પવિત્ર કાર્ય માટે મારી પત્ની અને મારાં બાળકો પોતાના જીવનનું અને સર્વસ્વનું આનંદપૂર્વક બલિદાન આપશે. . . .

ગંભીર ચર્ચા પછી અને શ્રી ચક્રવર્તી રાજગોપાલાચારીના ભાષણ પછી ઠરાવ[2] ખૂબ જ ઉત્સાહપૂર્વક અને સર્વાનુમતે પસાર થયો. તે વખતે બધા ઊભા રહ્યા હતા અને પોતાના આ મક્કમ નિર્ધારના સાક્ષી રહેવા ઈશ્વરને વીનવી રહ્યા હતા.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १४–५–१९२०

૧. આ સભા છોટાણીના પ્રમુખપદે મળી હતી.

૨. આ ઠરાવ અસહકાર વિષે હતો અને ગાંધીજીએ રજૂ કર્યો હતો. ઠરાવ અહીં ઉતાર્યો નથી.

Gandhi Heritage Portal

# ૧૯૯. અબ્બાસ તૈયબજીને પત્ર

આશ્રમ,
મે ૧૩ [૧૯૨૦][૧]

પ્રિય મિત્ર,

તમારો ઉલ્લાસભર્યો પત્ર મળતાં ઘણો આનંદ થયો. દેશનું વધારે કાર્ય કરવાનું તમને મન થાય છે એથી મને આનંદ થાય છે. તમે મને તદ્દન ખોટી રીતે ધન્યવાદ આપો છો. જો મને ધન્યવાદ ઘટતા હોય તો તે હું તમને ઘરની બહાર ખેંચી લાવ્યો તે માટે, અને એથીયે વધારે તો લાહોરમાં તમને ભયંકર બેચેની રહેતી હોવા છતાં ત્યાં રાખી શક્યો તે માટે ઘટે છે. જો ત્યાં અમે તમને રોકી રાખી શક્યા ન હોત, તો અમને કેટલું બધું નુકસાન થાત તેનો તમને ખ્યાલ નથી. વળી આ ધન્યવાદમાં મારે તમારાં પત્ની અને તમારી મહાન દીકરીઓને પણ ભાગીદાર બનાવવાં પડશે, કેમ કે એમણે જ તમને પ્રોત્સાહન આપ્યું, લાહોર મોકલ્યા અને ત્યાં રાખ્યા. આ રીતે હું તો માત્ર ચોથા ભાગના જ ધન્યવાદનો અધિકારી છું, અને તે પણ એ બહેનો કબૂલ રાખે તો જ. અને જો તમે મારું કહેવું રાજીખુશીથી માન્યું ન હોત, તો હું આટલા થોડા ધન્યવાદનો પણ અધિકારી રહેત નહીં. એટલે હું ધારું છું કે આ ચોથાઈમાં પણ તમે ભાગ પડાવશો, કે પછી હવે તમે ચપટી વગાડીને ચિંતા દૂર કરી શકો એવી સ્થિતિમાં આવી ગયા છો, એટલે આખો જ ભાગ માગશો અને તેને માટે ઝઘડો કરશો?

છોકરીઓને કહી દેજો કે જો તેઓ તેમના ભાવિ પતિઓને પણ આ મહાન કાર્યમાં ખેંચી નહીં લાવે તો એમના વિવાહથી હું રાજી નહીં થાઉં. પણ હું એ વાત ભૂલ્યો કે તમે બધા તો તૈયબજી પરિવારના[૨] પેલા વિષચક્રમાં — કે પછી અમૃતચક્રમાં — જ ફરો છો. એટલે કોઈને ખેંચી લાવવાનો સવાલ જ નથી, તમે બધાં એમાં છો જ. મારા આશીર્વાદ છે કે છોકરીઓ અને તેમના પતિઓની આબાદી થાય અને તેઓ બધાં મળીને તમારા મહાન કુળને તથા જે દેશને આ કુળ શોભાવી રહ્યું છે તેને ઉજાળે. તમે પાછા ફરશો ત્યારે પેલું સૂતર તો હું માગવાનો જ છું.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૯૫૯૪

૧. ગાંધીજી અને અબ્બાસ તૈયબજી કૉંગ્રેસની પંજાબ તપાસ સમિતિના કામ અંગે ૧૯૨૦ની શરૂઆતમાં લાહોરમાં હતા. એટલે આ પત્રમાં લાહોરનો જે ઉલ્લેખ છે તે ઉપરથી જણાય છે કે એ પત્ર એ વર્ષમાં લખાયેલ હતો.

૨. ન્યાયમૂર્તિ બદરુદ્દીન તૈયબજી, ફૈઝ તૈયબજી અને બીજાઓ.

Gandhi Heritage Portal

# ૧૬૯(૧). મહાદેવ દેસાઈને પત્ર

આશ્રમ,
મે ૧૩, ૧૯૨૦

ભાઈશ્રી ૫ મહાદેવ,

તમારો કાગળ પમીનો આજે જ મળ્યો છે. તમારે હવે તમારી નિરાશામાંથી, તમારી શૂન્યતામાંથી નીકળી જવાની જરૂર છે. શહૂર એની મેળે આવશે. બળાત્કારે નહીં આવે. મારાથી દૂર જવાથી એ નહીં આવે. મારી પાસે રહેતાં જે કામ થઈ શકે તે કરવાથી જ આવવાનું છે.

શાંતિ તે કયાંથી વેચાતી મળવાની હતી? મહેલમાં મહાલતો રાજા ભારે અશાંત હોય ને જૉબ જેવો મહાવ્યથાથી પીડાતો શાંત હોઈ શકે. બનિયનને કયાં પોતાની જેલમાં થોડી શાંતિ હતી? તમે ખાટલામાં પડયે શાંતિ નહોતી ભોગવી? જીવ વલખાં ન મારે તો શાંતિ ભોગવે. અને વલખાં તો મંગળદાસ કયાં નથી મારતા? ને કેટલાયે મજૂરો શાંતિ ભોગવી રહ્યા છે — તમારું શરીર ચાલે તેથી વધારે શું, ન ચાલે તેથી ઓછું શું? તેની ગતિ તમે ન રોકો, તમે તેને સારુ જોઈતા ઉપાય લો એટલે બસ છે. मन एव मनुष्याणाम्માં કેટલું જોર છે એ કોણ જાણે છે?[1] હમેશાં સાંભળીએ તેથી કંઈ તેનું સત્ય ઓછું થાય છે કે? અને જો તેનું સત્ય તમે માનો તો એ જ ગોખીને તમારો શોક, તમારી ગ્લાનિ, તમારી નિરાશા, તમારા તરંગો શમાવી દો.

આ રહ્યો વાઇસરૉયનો કાગળ.[2] મારે હવે જવું જોઈએ એમ લાગે છે. મારે એટલે આપણે. મેં શૌકતઅલીને લખ્યું છે. તે મુંબઈ છે. અહીં તેડાવેલ છે. પછી ખબર પડશે. તમે જરાયે વિહ્‌વળ ન થજો — પરમ શાંતિ ભોગવી રાહ જોજો. થવાનું હશે તે થશે. તમારી ચિંતા, તમારો પોશાક એ બધું મારે જ જોવાનું છે ના? એટલે તમને કહું ચાલો ત્યારે ચાલજો. મને ઉતાવળ નથી કેમ કે હું ઘેર બેઠો છું.

એસ્થરને રમાડજો[3] ને તમે રમજો. શરીરને ખૂબ બાંધો એટલે બીજાને પહોંચી વળાશે.

કાલે ખિલાફત મીટિંગ સરસ થઈ. મને સંતોષ વળ્યો. બધા જોરમાં હતા.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૧૧૪૦૮

૧. સંસ્કૃત વાક્ય આ પ્રમાણે છે :
मन एव मनुष्याणां [कारणं बन्धमोक्षयोः]

૨. એ ગાંધીજીએ મહાદેવભાઈને આ પત્ર સાથે બીડયો હતો એમ દેખાય છે. તે ખિલાફતના પ્રશ્ન સંબંધમાં ગાંધીજીના ઇંગ્લંડ જવા વિષે હોવો જોઈએ.

૩. એસ્થર ફેરિંગ તે વખતે સિંહગઢમાં હતી. તે ૧૯મી મે, ૧૯૨૦ને દિવસે ડેનમાર્ક જવા નીકળવાની હતી.

Gandhi Heritage Portal

## ૧૬૯(૨). મથુરાદાસ ત્રિકમજીને પત્ર

મે ૧૩, ૧૯૨૦

આ સાથેનો કાગળ[1] વાંચી કવરમાં બીડી (ઉઘાડો) ભાઈ શૌકતઅલીને આપજો.

[મૂળ ગુજરાતી]

बापुनी प्रसादी

## ૧૬૯(૩). મહાદેવ દેસાઈને પત્ર

[વૈશાખ] વદ ૧૨ [મે ૧૫, ૧૯૨૦][2]

ભાઈશ્રી ૫ મહાદેવ,

તમારા બે કાગળો આજે મળ્યા છે. તમે ઠપકો આપ્યો છે એ મને પ્રિય લાગે છે કેમ કે એ તમારો મારા પ્રત્યેનો પ્રેમ બતાવે છે.

મેં તો હમેશાં તમારી ખબર પૂછી છે, હંમેશાં આનંદાનંદ પાસે કાગળો લખાવ્યા છે ને હમેશાં મેં તમારા કાગળની ગેરહાજરીની રાવ ખાધી છે. ત્રણ દિવસ થયાં જ કાગળ આવવા લાગ્યા છે.

પણ મારો એક દોષ મારે કબૂલ કરવો જ પડશે? તે કૅલનબૅકે બરોબર જોયેલો ને મને ખૂબ ખખડાવ્યો છે. તવાયેલાને હું ભૂલી જતો હોઉં એવો આભાસ આવી જાય છે.[3] તેને કાગળ શા, તેને ગુડનાઇટ શી કહેવી? વિનયની પૂરણી માગે તે પ્રેમ કહેવાય? તેને કાગળ ન લખવાથી કંઈ તેના મનમાં ગેરસમજૂતી થાય? ઓકના ઝાડને પાણી કોણ પાય? પણ એક આંબાની કલમ વાવી હોય ને તેને બે દહાડા પાણી ન પાઓ, તેની આસપાસ વાડ ન રચો તો? એસ્થરને મેં આંબાની કલમ કલ્પેલી છે. તમને કબીરવડ માની લીધા. તમારે આફૂસની કલમ થવું હોય તો થાઓ. પણ તમારે તો સદાય કલમ જ રહેવાની ઇચ્છા લાગે છે? તેની પણ મારે તૃપ્તિ કરવી રહી? નહીં. જે ગુણો મારામાં તમે કલ્પી લીધા છે તેને છીનવી લેવાના? કૂતરાને લટકાવવો હોય ત્યારે તેને ખરાબ નામ દેવું. માણસને સુંદર રીતે હેઠે લાવવાનો એક રસ્તો એ કે તેનામાં સુંદર ગુણો કલ્પવા. પણ મારે હેઠે પડવું જ નથી. હું તો ત્યાં જ

૧. શૌકતઅલી આ વખતે મુંબઈમાં હતા. તેમના ઉપર લખાયેલો આ પત્ર મળતો નથી. એ મથુરાદાસ મારફતે મુંબઈ મોકલવાનું કારણ એ હતું કે ગાંધીજીના શૌકતઅલી ઉપરના પત્રો શૌકતઅલીને સમયસર મળતા નહોતા, કદાચ એ કારણે કે સરકાર એ પત્રો સેન્સર કરતી હશે.

૨. પત્રમાં શૌકતઅલી આવ્યાનો ઉલ્લેખ છે. તે ઉપરથી આ તારીખ નક્કી કરવામાં આવી છે. ગાંધીજીએ એમને મુંબઈથી અમદાવાદ જવાનું કહ્યું હતું; જુઓ "મહાદેવ દેસાઈને પત્ર", ૧૩–૫–૧૯૨૦.

૩. મૂળમાં આ વાક્ય સ્પષ્ટ નથી.

Gandhi Heritage Portal

છું. એટલે સંભાળજો. મારા કાગળના ભૂખ્યા હશો ત્યારે કાગળ તો મળશે જ પણ પછી? ઓકનું ને કબીરવડનું કામ કોણ કરશે? નાનકડો ઘડો સદાય ભરવો પડે પણ સમુદ્ર ભરવાનો વખત ક્યારે આવે?

વાત તો સાચી જ છે. તમારી નબળાઈ હજુ નથી ગઈ એટલે બધું મારી ઉપર છોડવું એ જ યથાર્થ છે. પોલાકને હું કહેતો કે તેને બે સ્ત્રી છે. એક મિસિસ પોલાક ને બીજો હું. કેમ કે તેનું અંતર બેની પાસે જ ઠાલવે, બેની જ ઉપર રિસાય. તમને પણ પોલાકના જેવી જ ટેવ પડી લાગે છે, પણ દુર્ગા શું કહેશે?

શૌકતઅલી આજે આવી પહોંચ્યા છે. તેની હિંમતમાં કચાશ નથી. ઓછામાં પૂરું ડચ ગિયાનાથી ત્રિમૂર્તિ આવી છે એટલે આજે મને સાસ લેવા જેટલોયે વખત નથી રહ્યો. સવારના લલ્લુભાઈ[1] અને બ્રેલવી[2] આવેલા. રાષ્ટ્રીય ભાષા ઉપર ઠીક અને મધુર સંવાદ ચાલ્યો. તેમણે રૂ. ૨૦૦ ઓડીસા સારુ મોકલ્યા છે.[3] વિલાયત જવાનું થાય તોપણ એક માસ પછી જ થશે.

તમે મેવો ભલે ચાખ્યો ને ખાધો. એ કંઈ મારે જ ખાવાનો હતો? સારો હતો. હરિભાઉને[4] મોકલ્યો એ તમારું કબીરવડપણું. તારના પૈસા ન ખરચ્યા એ બીજું. બેલગામ ન ગયા એ ત્રીજું. જોકે ત્યાં જવાની મારી રજા હતી. હવે આનંદાનંદ ત્યાં જાય છે એટલે ઓછી જરૂર રહી. તા. ૩૦મીએ તો મારે કાશી જવું જ પડશે.[5]

મગનલાલ ને રાધા આજે મુસાફરીએ ગયાં છે. સિંહગઢની યાત્રા કરશે એમ માનું છું. મેં સલાહ આપી છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૧૧૪૦૯

૧. સર લલ્લુભાઈ શામળદાસ મહેતા, મુંબઈના એક આગેવાન નાગરિક, ઉદારમતવાદી રાજકારણ સાથે સંકળાયેલા.

૨. એસ. એ. બ્રેલવી; રાષ્ટ્રવાદી મુસ્લિમ પત્રકાર; તે વખતે તેઓ બૉમ્બે ક્રૉનિકલમાં તંત્રી-વિભાગમાં હતા.

૩. ઓરિસ્સા સંકટનિવારણ ફંડ.

૪. હરિભાઉ ઉપાધ્યાય, હિંદી નવજીવનના તંત્રી.

૫. ૩૦મી મેની અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિમાં હાજરી આપવા ગાંધીજી ૨૯મી મે, ૧૯૨૦ને રોજ બનારસ પહોંચ્યા હતા.

Gandhi Heritage Portal

# ૧૭૦. ખિલાફત

ખિલાફત બાબત ઘણા સવાલો હાલ થયા કરે છે. તેની ચર્ચા પણ છાપાંઓમાં ખૂબ થાય છે. અસહકારમાંથી ખુનામરકી થશે એવો મત ઘણા બતાવે છે, ને જો તેમ થાય તો અસહકારથી શો લાભ ? અસહકારમાં — જેમ બધાં મહાકાર્યોમાં — જોખમો હોય જ. જિંદગી અખતરાઓ અને જોખમોથી ભરેલી છે. સાહસ વિના મોક્ષ પણ નથી મળતો. ભૂલથી ભરેલો મનુષ્ય માત્ર આટલું જ વિચારી શકે છે — "અમુક કામ ન કરવામાં વધારે જોખમ છે કે કરવામાં, અને જો કરવામાં ઓછું હોય તો તે બીજી રીતે પણ કર્યા વિના ન ચાલે તેમ છે કે કેમ ?"

મારી દૃઢ માન્યતા છે કે જો અસહકારની વાત ન ચાલી હત તો આજે ક્યારની ખુનામરકી થઈ હત. અસહકારને લીધે જ ખુનામરકી અટકી છે. મુસલમાન ભાઈઓનું લોહી ઊકળી રહ્યું છે. પણ હિંદુ તેમના સાથી છે. એ માન્યતાથી તેમણે ધીરજ રાખી છે. જ્યારે તેમ છતાં પણ ઇન્સાફ નહીં મળવાની ધાસ્તી લાગી ત્યારે તેઓ વિચારમાં પડ્યા. હવે શું કરવું ? કેટલાક ખુનામરકીના વિચાર કરવા લાગ્યા. બૉયકોટનો તુચ્છ વિચાર કર્યો. પણ તેઓ જોઈ શક્યા કે બૉયકોટ કરવા યોગ્ય હોય તોપણ કરી શકાય તેવું નથી. તેટલામાં દિલ્હીની પહેલી જ કૉન્ફરન્સમાં[1] મેં અસહકાર સૂચવ્યો. તે તેઓએ એકી અવાજે ઊંચકી લીધો. મેં તેઓને કહ્યું કે જો ખુનામરકીનો વિચાર તેઓ છોડે તો જ અસહકાર ચાલે. એક પણ ખૂન આપણે હાથે કે આપણી મારફતે થાય તો હું તો નીકળી જ જાઉં. તેઓએ એ કબૂલ રાખ્યું ને જોયું કે ખુનામરકી કરતાં પણ અસહકાર એ કેટલેક દરજ્જે બહુ જોરાવર હથિયાર છે. તેથી અસહકારનો પવન ફૂંકાવો શરૂ થયો ને આજે તે વ્યાપક વસ્તુ થઈ પડેલ છે. અને તેથી જ હિંદુસ્તાનમાં પરમ શાંતિ આપણે અનુભવી રહ્યા છીએ. જો અસહકારની ઉપર મુસલમાનોની નજર નહીં રહી હોત તો આજે આપણે હિંદુસ્તાનમાં દુર્દશા જોઈ રહ્યા હોત એવો મારો દૃઢ અભિપ્રાય છે. સરકાર ખુનામરકીને દબાવી શકત એ હું માનું છું. પણ ખુનામરકી થઈ તો હત. અસહકાર છતાં પણ ખુનામરકી થશે તોયે સરકાર આપણને દબાવી શકશે. સવાલ માત્ર એ જ છે કે ખુનામરકી અસહકાર વિના થાત કે નહીં ? તેનો જવાબ હકારમાં જ મળી શકે છે.

ત્યારે હવે આપણે અસહકાર કરવાની બીજી રીતે જરૂર છે કે નહીં એ વિચારવું રહ્યું. ખુનામરકી અટકી છે તેટલા સારુ જ આપણે અસહકાર કરવા મંડી નથી જઈ શકતા. ઘણાં અકાર્યો દુનિયામાં થાય છે, તેને અટકાવવાના ઇલાજો પણ આપણને સૂઝે છતાં તે ઇલાજો લેવા આપણે આપણને બંધાયેલા નથી માનતા. હિંદુસ્તાનમાં જ ઘણે ઠેકાણે માણસો ઘાતકી કામ કરે છે. આપણે ત્યાં પહોંચી વળીએ તો અટકાવીએ છતાં આપણે ત્યાં પહોંચી વળવા નથી જતા, એ આપણી તાકાત બહાર છે. કેટલીક વેળા એવું બને છે કે એક ખરાબ કામ આપણે ઓછા ખરાબ કામથી અટકાવી શકીએ છીએ. તોપણ એવું ઓછું ખરાબ કામ કરવાની આપણી ફરજ ઉપસ્થિત નથી થતી. તેથી આપણે અસહકારને બે રીતે તપાસવો પડશે. અસહકાર દોષિત હથિયાર છે ? તેનો જવાબ હું તો ઘણી વેળા આપી ગયો છું કે અસહકાર દોષિત નથી એટલું જ

૧. આ કૉન્ફરન્સ ૧૯૧૯ના નવેંબરની ૨૩–૨૪ તારીખે ભરાઈ હતી.

Gandhi Heritage Portal

નહીં પણ અમુક પ્રસંગે અસહકાર કરવો એ આપણો ધર્મ છે. વસ્તુતાએ અસહકારમાં કંઈ ખોટું નથી.

ત્યારે આપણે તે શસ્ત્રનો ઉપયોગ આ પ્રસંગે કરવો કે નહીં એ વિચારવાનું રહ્યું. બીજા શબ્દોમાં કહીએ તો હિંદુએ મુસલમાનને એટલી હદ સુધી મદદ કરવી કે નહીં ? ખિલાફતના મામલામાં મુસલમાનો ઇન્સાફના રસ્તા પર છે એ સૌ કોઈ કબૂલ કરે છે. મુસલમાનોના દુ:ખમાં ભાગ લેવો એ હિંદુની દેખીતી ફરજ છે. મુસલમાનોની પાસે અસહકાર વિના બીજું હથિયાર નથી. ત્યારે હવે હિંદુ તેઓને ખરે દુ:ખને સમયે એક કોરે બેસી તટસ્થ રહી શકે છે ? મારી અલ્પમતિ પ્રમાણે હિંદુ અસહકાર કરવા બંધાયેલા છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૬–૫–૧૯૨૦

## ૧૭૧. મત આપનારાઓએ શું કરવું?

જેઓ આજ લગી ધારાસભાના મેમ્બરોની ચૂંટણી કરવામાં બિલકુલ રોકાયેલા નથી, જેઓને તેઓની ચૂંટણી કરવાનો હક નથી મળ્યો તેઓ હવે ચૂંટણી કરતા થઈ જશે. એટલું જ નહીં પણ જેઓની ચૂંટણી કરશે તેઓની સત્તામાં વધારો થયેલો જોવામાં આવશે.[1] આથી મત આપનારાની જવાબદારી વધી છે. આજ સુધી જ્યાં જ્યાં મોટાં ગામો છે ત્યાં ત્યાં શહેરીઓને મ્યુનિસિપાલિટીના સભાસદોની ચૂંટણી કરવાનો હક મળેલો છે. આ ચૂંટણીનો ઉપયોગ વિવેકપૂર્વક થયેલો હોય એમ જોવામાં નથી આવતું. મત આપનારાઓએ સભ્યોની લાયકાત જોવાના કરતાં તેઓનો મત આપનાર સાથેનો અંગત સંબંધ જોયો છે. આપણી કહેવત પ્રમાણે મ્યુનિસિપાલિટીના સભાસદોને ચૂંટવામાં વગે વાવણાં થયાં છે. આપણે ધારાસભાની ચૂંટણી વખતે આ આદતમાંથી શરૂઆતમાં જ નીકળી જઈશું તો એક ઢબ પડી જશે અને તે પ્રમાણે જ મત આપવાનો ભવિષ્યમાં રિવાજ પડશે. જો ધારાસભાનો આપણે સદુપયોગ કરવા ઇચ્છીએ તો આ રસ્તો જ આપણે પકડવો પડશે. મારી તો એવી પણ માન્યતા છે કે કોઈ મત આપનારાએ પક્ષોના ઝઘડામાં નહીં પડવું જોઈએ. અમુક ઉમેદવાર કયા પક્ષનો છે એ જાણવા કરતાં કયા વિચારનો છે એ જાણવું આવશ્યક છે. એનું ચારિત્ર કેવું છે એ જાણી લેવું વળી એથી પણ વધારે અગત્યનું છે. ચારિત્રવાન પુરુષ આપણને ગમે ત્યાં હશે ત્યાં શોભાવશે. તેની ભૂલો સહન કરવા જેવી હશે. વગર ચારિત્રવાનની મારફતે ઊંચા પ્રકારની લોકસેવા હું અસંભવિત માનું છું. એટલે જો મારે ચૂંટણી કરવાની હોય તો ઘણા ઉમેદવારોમાં પ્રથમ તો હું સારામાં સારા કોણ છે એ શોધી લઉં અને પછી હું તેની ઊલટતપાસ કરીને જાણી લઉં કે જે વડે દેશની ઉન્નતિ વહેલામાં વહેલી થઈ શકે એવા વિચારોને તે અનુકૂળ છે કે નહીં. તેથી હું તેને નીચેના પ્રશ્નો પૂછું:

૧. હાલ જે સ્વદેશી ચળવળ ચાલી રહેલી છે તેને તમે પસંદ કરો છો ? જો પસંદ કરતા હો તો તમે પરદેશી કાપડ ઉપર મોટી જકાત નાખવાને તૈયાર છો? અને સ્વદેશનું કાપડ

૧. ૧૯૧૯ના "રિફૉર્મ્સ ઍક્ટ" હેઠળ.

Gandhi Heritage Portal

સોંઘું થાય તેવી રીતે જે જે વસ્તુઓ જોઈએ તે તે વસ્તુઓ સોંઘી મળી શકે એવા કાયદેસર પ્રયત્નો કરવા તૈયાર રહેશો?

૨. પ્રત્યેક પ્રાંતની ભાષામાં જ પ્રત્યેક પ્રાંતની પ્રવૃત્તિઓ ચાલવી જોઈએ અને રાષ્ટ્રની પ્રવૃત્તિઓને સારુ રાષ્ટ્રીય ભાષા હિંદુસ્તાની એટલે હિંદી ઉર્દૂનું મિશ્રણ હોવી જોઈએ એમ તમે માનો છો? અને જો માનતા હો તો પ્રાંતની ધારાસભામાં પ્રાંતની ભાષામાં બની શકે તેટલો પ્રાંતનો કારભાર ચલાવવા અને રાષ્ટ્રનો કારભાર રાષ્ટ્રીય ભાષામાં ચલાવવા તમે સતત પ્રયત્ન કરશો?

૩. જ્યારે અંગ્રેજી રાજ્ય સ્થપાયું ત્યારે અંગ્રેજી અમલદારોએ લોકોની સગવડ કરતાં અમલ ચલાવવાની સગવડનો વધારે ખ્યાલ રાખીને હિંદુસ્તાનના ભાગ ભાષા પ્રમાણે કરવાને બદલે અમલદારોની સગવડ પ્રમાણે કર્યા અને તેથી દેશને બહુ નુકસાન થયું છે એમ તમે માનો છો? અને જો માનતા હો તો ભાષા પ્રમાણે પ્રાંતોના નવેસર વિભાગ વહેલામાં વહેલા થઈ શકે એવો પ્રયત્ન ધારાસભામાં કરશો?

૪. તમે માનો છો કે હિંદુ અને મુસલમાનની એકતા વિના હિંદુસ્તાનની ઉન્નતિ બિલકુલ સંભવતી નથી? અને જો એમ માનતા હો તો ખિલાફતના સવાલમાં તમે હિંદુ હો તો મુસલમાનોને બધી યોગ્ય મદદ દેવા તૈયાર છો?

આમ હું આવા ચાર પ્રશ્નો તો જરૂર પૂછું અને તેનો મને સંતોષકારક જવાબ મળે તો હું મારો વોટ આપું. મને આ ચાર પ્રશ્નો બહુ વજનદાર અને અગત્યના લાગવાથી હું તે પ્રશ્નો પૂછું. મત આપનારને આમાંના કોઈ પ્રશ્નો જરૂરના ન જણાય તો એ ભલે ન પૂછે. એને પોતાને વધારે અગત્યના જણાય તે ભલે પૂછે. કયા પ્રશ્નો પૂછવા એ અહીં સવાલ નથી પણ આપણે હિંદુસ્તાનની ચડતીને સારુ જે જે વસ્તુઓની આવશ્યકતા કલ્પેલી હોય તે તે વસ્તુઓ આપણા પ્રતિનિધિની પાસે કરાવવાને સારુ તેનો અભિપ્રાય જાણી લેવો એ જરૂરનું છે. એ સવાલ અહીં હું ચર્ચી રહ્યો છું. મત આપનારની તટસ્થતા, સ્વતંત્રતા, તેનું પ્રામાણિકપણું, તેની બુદ્ધિની જાગૃતિ, એ હિંદુસ્તાનને આ સંધ્યાને સમયે અતિ આવશ્યક છે એ બતાવવા મારો પ્રયત્ન છે. મત આપનાર રાષ્ટ્રની પ્રવૃત્તિમાં કંઈ પણ ભાગ ન લે, તેમાં શું શું ચાલે છે એ જાણે નહીં, વિચારે નહીં પણ પોતાનાં સગાંને કે પોતાને જેની ઓથ છે અથવા જેની ગરજ છે તેને જ એ પોતાનો મત આપે તો તેથી હિંદુસ્તાનનું ભલું થવાને બદલે હિંદુસ્તાનનું ભૂંડું થાય એ બતાવવા ઇચ્છું છું.

હવે માનીએ કે જ્યારે કયા પ્રશ્નો પૂછવા એ આપણે નિશ્ચય કરી લીધો, એ પ્રશ્નો પૂછી લીધા અને એ પ્રશ્નનો ઉત્તર આપણને સંતોષકારક રીતે ન મળી શકે અથવા તો સંતોષકારક ઉત્તર આપનાર ચારિત્રવાન ઉમેદવાર નથી એમ આપણને લાગે તો આપણું શું કર્તવ્ય છે એ પ્રશ્ન તપાસવો રહ્યો. જ્યાં મત આપવાની પ્રથા ઘણા કાળથી ચાલતી આવેલી છે ત્યાં અનુભવથી મત આપનારાઓએ જોયું છે કે જ્યારે તેમને અનુકૂળ પડે એવો પ્રતિનિધિ ન મળે ત્યારે તેઓ પોતાનો મત ન નોંધાવીને પોતાની સત્તાનો પૂરો ઉપયોગ કરી લે છે. જ્યાં કોઈ પ્રતિનિધિ અનુકૂળ નથી ત્યાં "નહીં મામા કરતાં કાણો મામો સારો" એ ન્યાય લાગુ પડતો નથી. પણ આપણે કોઈને મત નહીં આપીને પૂરેપૂરી અસર ઉપજાવી શકીએ છીએ. કોઈ એમ કહેશે કે મત નહીં આપનારા બેસી રહેશે અને મત આપનારાઓનો મત લઈને ગમે તે માણસો તો

Gandhi Heritage Portal

દાખલ થઈ જ જવાના. થોડે અંશે આ વાત સાચી છે પણ એમ માની લો કે કોઈ ગામમાં ઉમેદવારો કેવળ મદ્યાદિનું સેવન કરનારા જ હોવાથી પીઢ માણસોએ તેઓને મત નહીં આપ્યા અને ઉમેદવારો પોતાના જેવાઓનો મત મેળવીને પ્રતિનિધિ બન્યા. એવાનું વજન ધારાસભામાં કેટલું પડવાનું ? અલબત્ત, તેઓનો એકડો મીંડું નહીં ગણાય પણ એઓનાં ભાષણનું, એઓના અભિપ્રાયનું કશું વજન ધારાસભામાં પડી શકવાનું નથી, એટલું જ નહીં પણ જ્યારે મત આપનારાઓએ દૃઢતાપૂર્વક એક સમયે પોતે પસંદ કરી શકે એવો પ્રતિનિધિ ન જોયો હોય ત્યારે તેઓ ઘટિત પગલાં ભરી બીજે સમયે યોગ્ય પ્રતિનિધિને શોધી કાઢી પોતાના મતથી તેને ચૂંટશે અને આમ કરીને પોતાના ગામને કે શહેરને શોભાવી શકશે. જ્યાં રાષ્ટ્રીય જીવન જીવંત દશામાં હોય છે ત્યાં લોકો દરેક પ્રવૃત્તિને સમજે છે અને પોતાની આસપાસનું વાતાવરણ શુદ્ધ કરવા અને રાખવાને ખૂબ મથ્યા કરે છે. એટલે ઈરાદાપૂર્વક અને જ્ઞાનપૂર્વક મત નહીં નોંધાવવાના પ્રસંગો કોઈ કોઈ વખતે મત આપનારને આવ્યા જ કરશે એમ અનુભવે સહુ જ્ઞાનવાન અને વિચારવાન મત આપનાર જોઈ શકશે. તેથી જ્યારે પોતાને અનુકૂળ પ્રતિનિધિ ન જોવામાં આવે ત્યારે મત આપનારાઓ નીડર રહી પોતાનો મત આપવાનું માંડી વાળશે એવી મારી ઉમેદ છે અને જો મત આપશે તો તેઓ નિષ્પક્ષપાતે પાત્ર પુરુષને જ આપશે એમ હું માની લઉં છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૬–૫–૧૯૨૦

## ૧૭૨. ખાદીના ઉપયોગ કરનારાઓને સારુ

વાંચનાર જાણીને રાજી થશે કે ખાદીનો જે જથ્થો સત્યાગ્રહાશ્રમમાં ભરાઈ ગયો હતો તે બધો ઊપડી ગયો છે.[1] દશ હજાર રૂપિયાની ખાદી વગેરે શુદ્ધ સ્વદેશી ભંડારવાળા રા. નારણદાસ પુરુષોત્તમ અને રા. વિઠ્ઠલદાસ જેરાજાનીએ લીધાં છે અને પંજાબ, સિંધ વગેરે પ્રાંતોમાંથી ખાદીની માગણી શરૂ થઈ ગઈ છે. તેથી જ્યાં જ્યાં વધારે ખાદી મોકલવાની મનાઈ કરવામાં આવી હતી ત્યાં ત્યાંથી પાછી ખાદી આવવી શરૂ થઈ ગઈ છે. ખાદી મંગાવનારાઓ ખાદીના નમૂના તેમ જ ભાવો મંગાવ્યા કરે છે પણ હાલ તુરત ચોક્કસ રીતે એ બન્ને ચીજ થઈ શકે તેમ નથી. એટલું યાદ રાખવું જોઈએ કે હાથે કાંતવાની ક્રિયા તો એક વર્ષ થયાં જ ફરી શરૂ થઈ છે. તેથી સેંકડો સ્ત્રીઓ જેઓ નિરુદ્યમી રહેતી હતી તે હવે ઉદ્યમી અને થોડાઘણા પણ પૈસા કમાતી થઈ છે. સેંકડો વણકરો જેઓએ પોતાનો વણાટનો ધંધો છોડી દીધો હતો તેઓએ તે ફરી હાથ લીધો છે. પરિણામે હાથનું કાંતેલું સૂતર હાલ તો જાડુંપાતળું હોય છે અને ખાદીની પણ એક જ જાત કે ભાત હોતાં નથી. વળી દરેક જગાએ વણકરોને એક જ ભાવ આપવામાં આવતા નથી. જ્યાં તેઓને ઓછા ભાવ નથી પરવડતા ત્યાં વધારે પણ અપાય છે. આમ કરતાં કરતાં ખાદીનો પનો, ખાદીની ભાત અને ખાદીના ભાવોને આપણે પહોંચી વળીશું. અને જો ખાદીની ઉપયોગિતા અને પવિત્રતાની બૂઝ જાણતાં આપણે શીખી શકીશું તો થોડા સમયમાં

૧. જુઓ "ખાદીના ઉપયોગ", ૨૮–૪–૧૯૨૦.

Gandhi Heritage Portal

લાખો રૂપિયાની ખાદી પેદા કરાવી શકીશું અને લાખો રૂપિયા ગરીબોના ઘરમાં જતા કરીશું. દરમ્યાન ખાદીનો ઉપયોગ કરનારાએ હાલ તુરતમાં જેવી ખાદી મળે તેવી લઈને સંતોષ માનવો જોઈએ. ખાતરી માત્ર એટલી જ આપી શકાય કે એ ખાદીમાં રૂના દામ અને તેની ખાદી બનાવવાના મહેનતાણા સિવાય બીજું કંઈ પણ નહીં ઉમેરવામાં આવ્યું હોય અને તેનું ટકાઉપણું વિચારીશું ત્યારે તેની હરીફાઈ કરી શકે તેવું એકે કપડું જોવામાં નહીં આવે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૬–૫–૧૯૨૦

## ૧૭૩. ઓરિસ્સામાં દુષ્કાળ

ગયા રવિવારના **નવજીવન**માં ઓરિસ્સાના દુષ્કાળ વિષે હું કેટલુંક લખી ગયો છું. તેમાં ભાઈ અમૃતલાલ ઠક્કરના કાગળની મેં આશા રાખી હતી. એ કાગળ આવી ગયો છે અને તે નીચે પ્રમાણે છે :[૧]

ઉપલો કાગળ એ પ્રાથમિક તપાસનું ફળ છે. દુ:ખ કેટલું ઊંડું હશે એ તો આપણને હવે ખબર પડશે. દરમ્યાન આપણી ફરજ આપણે સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ. દુષ્કાળથી, વગર વાંકે એક પણ માણસ જ્યાં ભૂખે મરે ત્યાં બીજાઓને શાંતિથી ખાવાનો અધિકાર ન હોઈ શકે. તેથી મારી ઉમેદ છે કે જેનાથી જેટલી મદદ બની શકે તેટલી તે આપશે. ઓરિસ્સા એવો મુલક નથી કે જ્યાંના માણસો પોતે આવી આપત્તિને સમયે મદદ કરી શકે. બીજે ઠેકાણેથી એ લોકોને મદદ મળી નથી. આપણી પાસે એમના દુ:ખની ખબર આવી પહોંચી છે. તેથી આપણી મદદ કરવાની ચોખ્ખી ફરજ છે. અમદાવાદમાં આ કામ ગુજરાત સભા તરફથી ઊપડી ચૂક્યું છે અને તેનું ઉઘરાણું શરૂ થઈ ચૂક્યું છે. જે જે પૈસા આવશે તેની પહોંચ આપવામાં આવશે અને રા. અમૃતલાલ ઠક્કર તરફથી હિસાબ મળશે તે પણ બહાર પાડવામાં આવશે.

**મોહનદાસ કરમચંદ ગાંધી**

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૬–૫–૧૯૨૦

૧. આ પત્ર અહીં ફરી આપ્યો નથી. પત્ર માટે જુઓ "ઓરિસ્સાનું સંકટ", ૧૨–૫–૧૯૨૦.

Gandhi Heritage Portal

## ૧૭૪. અમદાવાદના મિલમાલેકો અને કામદારો

મારી આશા તો એવી હતી કે માલેકો અને મજૂરો વચ્ચેની તકરાર વિષે મારે કંઈ જ નહીં લખવું પડે[1] પણ જ્યારે હજારો માણસો કામ કરતા બંધ થઈ જાય ત્યારે તે કિસ્સો હું પત્રકાર તરીકે વાંચનારની આગળ મૂકવા બંધાયેલો છું એમ લાગે છે. ઘણા પ્રસંગો એવા હોય છે કે વર્તમાનપત્રોમાં ચર્ચવાથી તેના શુદ્ધ ફડચામાં વિઘ્ન આવે છે. પણ જ્યારે કોઈ પ્રસંગ વિષે લોકો માંહોમાંહે વાત કરતા થઈ જાય ત્યારે તેનું ખરું સ્વરૂપ લોકો સમક્ષ મૂકવું એ પત્રકારની ફરજ થઈ પડે છે. તેવું માલેકો અને કામદારોને વિષે આજ વર્તે છે.

અમદાવાદમાં પચાસથી ઉપરાંત મિલો છે. તેમાં કંઈ નહીં તો પચાસ હજાર મજૂરો કામ કરતા હશે. આમાં કાંતવાના ખાતામાં ત્રાંસલ વિભાગના મજૂરોએ માલેકો પાસે રૂ. ૩૦ના પગારની માગણી કરી અને કામ કરવાના બાર કલાક હોય છે તેને બદલે દસ કલાક કામ કરવાની માગણી કરી.

આ માગણી ઘણા વિચારપૂર્વક તેઓએ કરી. આ સિવાય બીજી માગણી છે તેને વિષે વાદવિવાદ નથી. જેમ કે જ્યાં તેઓને ચોખ્ખું પાણી ન મળતું હોય ત્યાં ચોખ્ખું પાણી મળવાનો બંદોબસ્ત થવો જોઈએ, જ્યાં તેઓને સારુ જાજરૂની સગવડ ઘણી ગંદી હોય ત્યાં સારી થવી જોઈએ. જ્યાં તેઓને બપોરના ખાવાને સારુ કંઈ મકાનની સગવડ ન હોય ત્યાં તે થવી જોઈએ. આ સગવડો તો થવી જ જોઈએ. એની માગણી કરવી પડે એ જ આપણી શરમ ગણાય.

છતાં જેને વિષે ગંભીર ચર્ચા થઈ તે તો કેવળ પગારના વધારા વિષે અને વખતના ઘટાડા વિષે.

માલેક અને મજૂરોના પ્રતિનિધિઓ વચ્ચે મસલત થઈ. તેમાં બન્નેની નેમ હડતાળ પડતી અટકાવવાની હતી. એ તો બે રીતે જ અટકે. મજૂરો અજ્ઞાની રહી પોતાના હકો ન સમજે અથવા જ્ઞાની હોવા છતાં પોતાના હકો જતા કરે, અથવા બન્ને વચ્ચે મતભેદ થાય ત્યારે એકબીજા ત્રીજાની પાસે પોતાનો ન્યાય કરાવે. જો આમ થાય તો મજૂરોમાં એકમતે કામ કરવાની શક્તિ હોવી જોઈએ. જેમ માલેકોને ઍસોસિયેશન વગેરે મંડળનું સાધન એકી અવાજે બોલવા અને એકમતે કામ કરવા હોવું જોઈએ તેમ મજૂરોને સારુ પણ કોઈ મહાજન મંડળ હોવું જોઈએ. આવા ઈરાદાથી મજૂરોનાં મહાજન બાંધવાનો પ્રયત્ન શરૂ થયો અને ત્રાંસલ ખાતાના મજૂરોનાં મહાજન બંધાવાં શરૂ થયાં.[2] કેટલાંક મહાજન મંડળ બંધાયાં. જો આ મંડળો રીતસર કામ કરી શકે, એકસંપે ને એકમતે કામ કરે તો તેઓની શક્તિ ખૂબ વધે અને તેઓ પોતાના ઠરાવો અનુકૂળ કે પ્રતિકૂળ હોય તોપણ તેથી બંધાતાં થઈ જાય. મહાજનો બંધાતાં શક્તિ વધે અને તેનો દુરુપયોગ થવાનો ભય રહે એ તેનું જોખમ. મહાજનો બંધાતાં તેના સભ્યો નિયમોનું પાલન કરતા થઈ જઈ સંયમ પાળે એ તેનો ભારે લાભ. આ મહાજન મંડળો હોય તો જ પંચ નીમી શકાય ને તેઓની મારફતે ફેંસલા મેળવી શકાય, ને જ્યારે આ તત્ત્વ જડ ઘાલે ત્યારે જ હડતાળો બંધ થાય.

૧. ૩૧મી માર્ચે ગાંધીજીએ મિલમાલેકોને લખ્યું હતું કે તમે મજૂરોને અમુક સવલતો આપો.
૨. જુઓ "અમદાવાદના મિલમજૂરોની સભામાં ભાષણ", ૨૫-૨-૧૯૨૦.

Gandhi Heritage Portal

હવે જ્યારે મજૂરોએ ઉપર પ્રમાણે માગણી કરી ત્યારે કેટલાક માલિકોની ઇચ્છા તો તુરત પંચ મારફતે ચુકાદો મેળવવાની થઈ. આમાં રા. અંબાલાલે મુખ્ય ભાગ લીધો. તેમને લાગ્યું કે જો પંચ મારફતે ઠરાવ થાય તો હડતાળો થતી અટકે ને ઉદ્યોગ નુકસાનીમાંથી બચે. તેથી તેમણે અને તેમના જેવા મત ધરાવનારાઓએ પંચનામું કર્યું ને તેમાં સહીઓ થઈ.

રા. મંગળદાસને એમ લાગ્યું કે મજૂરમાલેક વચ્ચે કોઈ ન હોય તો જ ઠીક. તેમાં જ બન્નેની શોભા છે. મતભેદ થાય તો તેઓ ઘરમેળે સમજી લે. તેમણે એમ ઘરમેળે પતાવવાનો પ્રયત્ન પણ શરૂ કર્યો. તેમને મોટો ભય એ છે કે મજૂરો દિવસે દિવસે માલેકોની સામે થતા જાય છે ને ડિસિપ્લિન — અંકુશ — માં નથી રહેતા. આમ જ થાય તો ઉદ્યોગ બગડે. તેથી મજૂરોને માલિકોની સાથે જ સીધી વાત કરીને ઇન્સાફ મેળવવાની તાલીમ મળવી જોઈએ. આ ધોરણે કેટલીક તકરારોના ફડચા તેમણે કર્યા પણ ખરા. ત્રાંસલ ખાતા વિષે છેવટ તેમણે પણ પંચનું તત્ત્વ કેટલેક દરજ્જે સ્વીકાર્યું. તેઓ તથા હું જે ચુકાદો આપીએ તે કબૂલ રહે એમ ઠર્યું.

આમ છતાં રા. અંબાલાલનું પંચનામું કાયમ રહ્યું. પણ તે એવી સમજથી કે જો રા. મંગળદાસવાળા ઠરાવ મુજબ ચુકાદો થાય તો રા. અંબાલાલના પક્ષે તે કબૂલ રાખવો. તા. ૨૫મી એપ્રિલ સુધી રા. મંગળદાસ અને હું એકમત ન થઈ શકયા. રા. અંબાલાલને વિલાયત જવાનું હોવાથી તેમણે પોતાને સારુ તો ભાવો મુકરર કરી લેવાનો નિશ્ચય કર્યો ને મજૂરોના પ્રતિનિધિઓની સાથે મસલત કરી. ભાવો મુકરર થયા. આ ભાવોની રા. મંગળદાસને ખબર આપવામાં આવી. પછી અમારી વચ્ચે મસલતો થઈ પણ એકમતે રા. મંગળદાસ અને હું ઠરાવ ન આપી શકયા. તેથી તા. ૯મી મેથી રા. અંબાલાલના પક્ષની બાર મિલોને બાદ કરી બીજી મિલોમાં હડતાળ શરૂ થઈ. જો રા. અંબાલાલના પક્ષે કબૂલ રાખેલા ભાવોમાંથી મજૂરપક્ષ કંઈ ઘટાડો કબૂલ કરે તો સમાધાની થવાનો સંભવ હતો, પણ રા. અંબાલાલના પક્ષે કબૂલ કરેલા ભાવ પણ પૂરતા નથી એમ મજૂરપક્ષની માન્યતા હોવાથી તેઓ ઘટાડો કબૂલ ન કરી શકયા. છેવટે ફેંસલો સરપંચને સોંપવાનું તેઓએ કબૂલ કર્યું. પણ રા. મંગળદાસ અને હું બન્ને કબૂલ કરી શકીએ એવા સરપંચનું નામ અમે ન શોધી શકયા તેથી હડતાળ શરૂ થઈ છે.

મજૂરોમાં હડતાળ છતાં સંપૂર્ણ શાંતિ જળવાઓ, માલેકો પણ શાંત વિચારે યોગ્ય પગલાં જ ભરો અને છેવટે બન્નેને શુદ્ધ ન્યાય મળો એટલું જ હું ઇચ્છું છું. મજૂરોની માગણી વાજબી છે કે નહીં, તેઓએ પોતાની વર્તણૂકમાં ભૂલ કરી છે કે નહીં, રા. અંબાલાલે જે પંચનો ઠરાવ મેળવ્યો તે બરોબર હતો કે નહીં, રા. મંગળદાસનો પક્ષ થોડા ટકાના ફેરફારને સારુ લડે છે .એમાં કંઈ સિદ્ધાંત છે કે નહીં, હું બે પંચમાં રોકાયો એ યોગ્ય હતું કે નહીં, આવા પ્રશ્નોના ઉત્તરો આ વેળા આપવાની જરૂર નથી જોતો. હાલ તો હડતાળ નિર્વિઘ્ને પૂરી થઈ. પાછા મજૂરો કામ પર ચડી જાય એવું વાતાવરણ પેદા કરવા ખાતર મારે તકરારી વિષયોમાં ઓછા ઊતરવું યોગ્ય માનું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૬–૫–૧૯૨૦

Gandhi Heritage Portal

# ૧૭૫. વિધવા વિષે વધારે વિચાર

વૈધવ્ય એ હિંદુ ધર્મની શોભા છે. અખંડિત પતિવ્રતનો અર્થ તો એ જ હોઈ શકે કે એક વખતે જેને જ્ઞાનપૂર્વક પતિ ગણ્યો અને જાણ્યો તેનો દેહપાત થતાં પણ તેનું જ સ્મરણ રાખીને સંતોષ વાળવો એટલું જ નહીં પણ તે સ્મરણમાં આનંદ માનવો અને એ જ રીતે હિંદુસ્તાનની હજારો વિધવા આચરણ કરીને પ્રાત:સ્મરણીય બની છે. થોડા જ સમય પહેલાં ગં. સ્વ. રમાબાઈ રાનડેને[1] મળવા જવાનો મને પ્રસંગ આવ્યો હતો અને એમના ખાસ ઓરડાની અંદર જ મેં એમનાં દર્શન કર્યાં. એ ઓરડામાં મુખ્ય સ્થાને મેં એક કોચ જોયો અને તેની ઉપર ન્યાયમૂર્તિ મરહૂમ રાનડેની છબી જોઈ. હું સમજ્યો તો ખરો, પણ મારી સમજ બરાબર હતી કે નહીં એ જાણવા સારુ એમને મેં પૂછ્યું, "આ છબી કોચ ઉપર કેમ રાખી છે?" એમણે કહ્યું, "એ કોચ એમનો જ હતો. એની ઉપર જ હમેશાં એ બિરાજતા હતા તેથી એ કોચને મેં એમની છબીને સારુ જ રાખેલો છે. અને એની છાયા તળે હું હમેશાં વસું છું અને સૂઉં છું." આ પવિત્ર શબ્દો સાંભળી હું આનંદમાં ગરકાવ થયો અને વૈધવ્યની શોભા વધારે સમજ્યો. આવી પતિવ્રતા રમાબાઈ હિંદુસ્તાનમાં ઠેકઠેકાણે છે એ તો હું જાણું છું.

પણ પત્નીવ્રતા પુરુષો ક્યાં હશે? અને જો ન હોય તો પતિવ્રતા સ્ત્રીઓની પૂજા કરીને પુરુષોએ સંતોષ વાળી લેવાનો છે કે પોતે પણ પત્નીવ્રત દૃઢતાપૂર્વક પાળીને પતિવ્રતા સ્ત્રીઓની પૂજા કરવાની છે? અનુકરણના જેવી બીજી કઈ પૂજા હોય? અથવા જ્યાં અનુકરણનો જરાયે વિચાર નથી ત્યાં શાબ્દિક પૂજાની કેટલી કિંમત આંકી શકાય? પાંચ વર્ષ થયાં હું હિંદુસ્તાનમાં વસી હિંદુસ્તાનના જીવનનો પ્રત્યેક ક્ષેત્રમાં સારી પેઠે અનુભવ કરી રહ્યો છું. સામાન્ય રીતે ચારિત્રવાન ગણાતા—પોતાની સ્ત્રી ઉપર સારી પ્રીતિ રાખતા દેખાતા જુવાનોને ઘરભંગ થતાં તુરત જ સગાઈ કરતા અને પરણવા બેસતા મેં જોયા છે અને હું અત્યંત ખેદ પામ્યો છું. જો આપણે અમુક રિવાજના ગુલામ ન બની ગયા હોઈએ તો ઘરભંગ થયેલ પુરુષ સ્મશાનમાંથી હજુ ઘેર પહોંચ્યો નથી તેના પહેલાં જ પરણવાનો વિચાર કરી શકે એ આપણને કમકમાટી ઉપજાવનારો વિચાર લાગવો જોઈએ. તેને બદલે મા પોતાના ઘરભંગ દીકરાને તુરત પરણતો જોવા ઇચ્છે છે. સાસુ પણ પોતાના ઘરભંગ થયેલા જમાઈને પરણવામાં ઉત્તેજન આપે છે અને જમાઈ એ ઉત્તેજન લેતાં જરાયે શરમાતો નથી. એવા પુરુષોના રડવાનો શો અર્થ હશે? એવો પુરુષ પોતાની આગલી સ્ત્રીનું સ્મરણ રાખવા અનેક ઉપાયો યોજે એની શી કિંમત? અથવા તો પોતે નવી સ્ત્રી લાવેલો છે એની ઉપર જે હાવભાવ રેડી રહેલો છે તેની તે નવી સ્ત્રીએ કેટલી કિંમત ગણવી? આવું જીવન વિચારમય કેમ ગણી શકાય? હું તો એમાં અધર્મ જ જોઉં છું અને જ્યાં લગી પુરુષવર્ગ આ પ્રમાણે ઉદ્ધતાઈ વાપરવા તૈયાર છે ત્યાં લગી વૈધવ્યનાં વખાણ કરવાં એ પણ મને તો કેવળ દંભ લાગે છે અને પુરુષના સ્વાર્થની પરિસીમા જણાય છે.

૧. મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સમાજસુધારક ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેનાં ધર્મપત્ની; શ્રી રાનડે ૧૯૦૧માં મરણ પામ્યા હતા.

Gandhi Heritage Portal

જે સ્ત્રીની સાથે પુરુષે કેટલાંક વર્ષો સુધી મૈત્રી રાખેલી છે, જેના દુઃખે તે દુઃખી થયો છે, જેના સુખમાં ભાગ લીધો છે, જેની સાથે ભોગવિલાસ કર્યા છે, જેની સાથે ચોવીસ કલાક રહ્યો છે, તે સ્ત્રીનો દેહપાત થતાં શું પુરુષે સામાન્ય મિત્રના વિયોગથી જેટલો શોક પાળે તેટલો પણ નહીં પાળવો? ઇંગ્લંડમાં જ્યાં વિધવાને પુનર્વિવાહ કરવાની છૂટ છે ત્યાં લોકલજ્જાને વશ થઈને પણ ખાનદાન સ્ત્રીની બીજા પુરુષનો સંગ કરવાની એક વર્ષ લગી હિંમત ચાલતી નથી. પણ હિંદુસ્તાનના પુરુષની ખાનદાની ઘણે ભાગે સ્મશાનની હદથી આગળ નથી જઈ શકતી. અને કોઈ કોઈ વખતે તો ચિતામાં પોતાની પવિત્ર સ્ત્રીના દેહની ભસ્મ થાય છે અને સ્મશાનની હદમાં જ નાતીલાઓ તેની સાથે નવા વિવાહની વાત કરતાં અચકાતા નથી અને ઘરભંગ થયેલો પુરુષ તે સાંભળતાં શરમાતો નથી. આ દયાજનક સ્થિતિમાંથી હિંદુસ્તાને ઊગરી જવું આવશ્યક છે. વિધવાવિવાહની હિલચાલમાં પણ હું તો પુરુષનું જાણ્યેઅજાણ્યે સ્વાર્થીપણું જોઉં છું. વિધવાને પરણતી કરી મૂકીને પુરુષ પોતાની શરમ ભૂલી જવા ઇચ્છે છે. જો વિધવાના વૈધવ્યનું દુઃખ પુરુષ માનતો હોય તો પોતે અખંડ પત્નીવ્રત પાળીને એ દુઃખ વિસરાવી શકે. આવા વિષયોમાં લોકમત એટલો બધો ક્ષીણ થઈ ગયો છે કે સુશિક્ષિત ખાનદાન કુટુંબના ગણાતા પુરુષો પણ કજોડાં કરતા, ઘરભંગ થતાં તુરત પરણવામાં જરાયે લજ્જિત નથી થતા એવું મેં હિંદુસ્તાનમાં ચોમેર જોયું છે.

પણ પુરુષો પોતાની ફરજ બજાવે યા ન બજાવે. સ્ત્રીઓ પોતાના હક કેમ સિદ્ધ ન કરે? સ્ત્રીઓને મતાધિકાર જરૂર મળવો જોઈએ પણ જે સ્ત્રીઓ પોતાના સામાન્ય હક સમજતી નથી અથવા સમજતી છતી તે હકો મેળવવા શક્તિ નથી ધરાવતી એ મતાધિકારને લઈને શું કરશે? સ્ત્રીઓ મતાધિકાર ભલે મેળવે. ભલે હિંદુસ્તાનની ધારાસભાઓમાં જાય; પણ સ્ત્રીઓની પ્રથમ ફરજ પુરુષો તરફથી જાણ્યે કે અજાણ્યે થતા અત્યાચારોમાંથી બચી હિંદુસ્તાનને શોભાવવાની ને વીર્યવાન બનાવવાની છે. જ્યારે અજ્ઞાની મા પોતાની તેટલી જ અજ્ઞાની છોકરીને તુરત ઘરભંગ થયેલા પુરુષના વિષયાગ્નિમાં હોમી દેવાને તૈયાર છે ત્યારે જ એવા પુરુષો હજી વિયોગ-દુઃખનાં આંસુ સુકાયાં નથી ત્યાં જ ફરી પરણવાનો વિચાર કરી શકે છે. મારી તો માન્યતા છે કે આવા પ્રકારના સુધારા કરવા એ સ્ત્રીઓનો હક છે એટલું જ નહીં પણ એ સ્ત્રીઓની ફરજ છે — પોતા પ્રત્યે, પુરુષ પ્રત્યે અને હિંદુસ્તાન પ્રત્યે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १६–५–१९२०

Gandhi Heritage Portal

# ૧૭૬. એસ્થર ફેરિંગને પત્ર

આશ્રમ,
મે ૧૬, ૧૯૨૦

મારી વહાલી દીકરી,

તને સ્નેહભર્યો પત્ર મોકલી શકતો નથી, કેમ કે સુલેહની શરતો[1] પ્રસિદ્ધ થઈ હોવાથી મારા કામની નિયમિતતા ફરીથી તૂટી પડી છે. તું આટલી વહેલી એટલે ૧૯મી તારીખે જ રવાના થઈ શકશે એ જાણીને હું રાજી થયો છું. તારા તારના જવાબમાં મેં તાર[2] કર્યો હતો તે તને મળ્યો હશે. અહીં અમારી શી વલે થાય છે તેની તારે જરા પણ ચિંતા કરવી નહીં. આપણા સૌને "રાખવાવાળો રામ છે." એટલે જો આપણે એનો, કેવળ એનો જ આશરો લઈશું તો જે કંઈ બનશે તે આપણા ભલા માટે જ હશે. આવું બને છે ત્યારે આપણને જણાતી આપત્તિઓ પણ આપણે માટે વરદાન બની જાય છે. ઘેર જઈને પૂરેપૂરો આરામ કરજે અને શાંતિ ભોગવજે. તું હિંદુસ્તાનમાં રહી છે અને આશ્રમના સંપર્કમાં આવી છે, એ કારણે વધારે સારી ઈસાઈ બની છે એવું ત્યાં મળતી વખતે તારા પિતાને લાગવું જોઈએ. આ રીતે તું જ્યારે પૂરેપૂરો આરામ કરી લે, અને જ્યારે તને એમ લાગે કે શરીર, મન અને આત્માથી તું સ્વસ્થ ને સશક્ત બની છે, ત્યારે અહીં પાછી આવજે. મુસાફરીમાં તને કશી નહીં તકલીફ પડે, ઘેર પૂરેપૂરું સુખ મળે અને હસતાં રમતાં તું અહીં પાછી આવે એવા મારા આશીર્વાદ છે. અલબત્ત, તું મને પત્ર તો નિયમિત લખતી જ રહેશે અને તારા ઘરનું સરનામું પણ મોકલી આપશે.

ઊંડા પ્યાર સહિત,

તારો
**બાપુ**

[મૂળ અંગ્રેજી]

નૅશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલી મૂળ પત્રની છબી પરથી; તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૭૦-૧.

૧. આ શરતો મિત્રરાજ્યોએ તુર્કસ્તાનને આપી હતી; જુઓ પરિશિષ્ટ ૧.
૨. આ તાર મળતો નથી.

Gandhi Heritage Portal

## ૧૭૭. દેવદાસ ગાંધીને પત્ર

આશ્રમ,

વૈશાખ વદ ૧૩ [મે ૧૭, ૧૯૨૦][1]

ચિ. દેવદાસ,

તમારો દહીંનો કાગળ મને સ્તબ્ધ કરે છે. તમારા મંદવાડનો ભય મને હમેશાં રહ્યા જ કરે. તમને અહીં આવવાનો આગ્રહ ન કરવામાં એ મારો ભય પણ કંઈક ખરો. મને એમ થયું કે તમે કોઈ ઠંડે સ્થળે એકાંત ભોગવતા હશો તો ઠીક છે. હવે તમારા બીજા કાગળો સારુ અધીરો છું. દહીં પહેલાંનો કાગળ તો મારી પાસે છે જ નહીં. એ તો વળી પહોંચે ત્યારે ખરો. હમણાં પોસ્ટની અંધાધૂંધીનો પાર જ નથી. મેં પંડિતજીને[2] તમારે વિષે તાર કર્યો છે એનો પણ જવાબ નથી. મારે તા. ૩૦મીએ કાશીજી આવવાનું છે એ યાદ રાખજો. તમે ત્યાં સુધી હવે તો ત્યાં જ રહો તોયે હરકત નથી. આપણે મળશું ને ભવિષ્ય વિચારશું.

વિલાયત જવાનું તો નહીં જ થાય એમ માનું છું. હવે તો શરતો માલૂમ પડી એટલે મસલતો કરવી રહી કે શું કરવું.

બાપુના આશીર્વાદ

મિસ ફેરિંગ પરમ દહાડે ડેનમાર્ક ઊપડી જાય છે.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૧૭૩

## ૧૭૮. તુર્કસ્તાન અંગેની સંધિની શરતો વિષે અખબારી નિવેદન

તુર્કસ્તાન માટે નક્કી થયેલી સંધિની શરતોથી[3] હિંદુસ્તાનના મુસલમાનોને મહા ભયંકર ફટકો પડયો છે એમાં શંકા નથી. સરકારી યાદી જણાવે છે કે આ શરતોથી લૉઈડ જ્યૉર્જે ૧૯૧૮ના જાન્યુઆરીની ૫મી તારીખે આપેલા વચનનું પાલન થાય છે. પરંતુ મારા અભિપ્રાય પ્રમાણે તો એ વચનના શબ્દોનું કે એની ભાવનાનું સાચું પાલન થતું નથી. પરંતુ હવે આપણે શું કરવું એ ખરો પ્રશ્ન છે. હું આશા રાખું છું કે મુસલમાનો પોતાની જાત ઉપરનો કાબૂ ગુમાવશે નહીં, તેમ હતાશ પણ થશે નહીં. જો સમજપૂર્વક પૂરતું આત્મબલિદાન આપવામાં આવશે તો મને ખાતરી છે કે ન્યાય મેળવી શકાશે. સુલેહની આ શરતો કંઈ બ્રહ્મવાકય નથી. એમાં પણ ફેરફાર થઈ શકે છે. પ્રશ્ન માત્ર એટલો જ છે કે મુસલમાનો પૂરેપૂરો આત્મસંયમ રાખી શકશે કે કેમ, અને તે સાથે જ સારા એવા પ્રમાણમાં આત્મબલિદાન આપી શકશે કે કેમ. જો કોઈ પણ પ્રકારની હિંસા ફાટી નીકળશે તો તેનાથી આ ઉમદા કાર્ય બગડશે, એમાં

૧. વૈશાખ વદ ૧૩ને દિવસે ૧૬મી મે હતી; પરંતુ એસ્થર ફેરિંગ એ દિવસ પછી ડેનમાર્ક જવાની છે એ ઉલ્લેખ પત્રમાં છે. તે તારીખ ૧૯મી મે હતી એ જોતાં આ પત્રની તારીખ ૧૭મી મે થાય.

૨. પંડિત મદનમોહન માલવિયા.

૩. જુઓ પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

શંકા નથી. હું ચોક્કસ માનું છું કે હિંસાથી બચવાનો અને હિંદુસ્તાનના મુસલમાનોને લાગેલો કારી ઘા રૂઝવવાનો એકમાત્ર અસરકારક ઉપાય અસહકાર છે. જો બીજા હિંદીઓ અને અંગ્રેજો પણ એમના મુસલમાન દેશબંધુઓને સાથ આપશે, તો આ કામ સહેલું થઈ જશે અને એથી દેશમાં અહિંસા જળવાવાની ખાતરી થશે.

હું આશા રાખું છું કે ખિલાફત સમિતિ તાબડતોબ હિંદુઓ અને મુસલમાનોની એક સંયુક્ત પરિષદ બોલાવશે અને એ પરિષદમાં સુલેહની શરતોમાં બ્રિટિશ પ્રધાનોનાં વચનોને અને હિંદુસ્તાનના મુસલમાનોની જાણીતી ધાર્મિક લાગણીઓને અનુરૂપ ફેરફારો કરાવવા સંગઠિત કાર્ય થઈ શકે તે માટે કેવાં પગલાં લેવાં તેનો વિચાર હાથ ધરશે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १८–५–१९२०

## ૧૭૯. દેવદાસ ગાંધીને પત્ર

આશ્રમ,
અમાવાસ્યા [મે ૧૮, ૧૯૨૦][1]

ચિ. દેવદાસ,

તમારો કાગળ તા. ૧૨નો આજે મળ્યો. મારા કાગળની ખામી તમને લગભગ એક અઠવાડિયું જણાવી જોઈએ, કેમ કે તમે આવશો એમ જાણી મેં ન લખ્યા. તમારા કાગળ કંઈ જ ન આવ્યા એટલે થાકયો ને લખવું શરૂ કર્યું. પછી ન આવ્યા એટલે તાર કર્યો. હવે તો આવવા શરૂ થયા છે.

પંડિતજીની માયાનાં જેટલાં વખાણ કરશો તેટલાં ખરાં જ સમજવાં. તેમના હૃદયની વિશાળતાથી જ તેઓ ઘણાં કાર્યો કરી શકે છે.

તમારે વિષે સામાન્ય ચિંતા થઈ જ આવે. તમારું ચારિત્ર તમારી રક્ષા કરે જ એમ સમજી પાછો શાંત થઈ જાઉં.

હું ત્યાં[2] ૨૯મીએ પહોંચીશ. મુંબઈથી રાતના નીકળીશ એટલે ગાડી તો એક જ હોય. પંડિતજી હશે જ એમ માની લઉં છું. પંડિત મોતીલાલજીએ બધાને કોઈ હોટલમાં રહેવા વિષે લખ્યું છે પણ મેં તેમને લખ્યું છે કે પંડિતજી હશે તો તો મને બીજી કોઈ જગ્યાએ ઊતરવા નહીં જ દે.

મિ. મૉંટેગ્યુના જવાબની નકલ તો તમને મોકલી ચૂકયો છું.

અહીં પૉંડિચેરીવાળા મિ. આયર આવી ગયા. ત્રણ દિવસ રહેલા.

મજૂરોની હડતાળ આજે બંધ થશે. કાલે તેઓ કામે ચડશે એમ માનું છું. તમને પત્રિકાઓ બધી મોકલી છે એમ માનું છું.

૧. આ પત્રમાં અમદાવાદના મજૂરોની હડતાળનો ઉલ્લેખ છે. એ હડતાળ ૨૧મી મે, ૧૯૨૦ને દિવસે સમેટાઈ ગઈ હતી. ૧૯૨૦ના મે માસમાં અમાવાસ્યા ૧૮મી તારીખે હતી.

૨. બનારસ.

Gandhi Heritage Portal

હમણાં ફાતિમાબહેન તેની સાસુ સાથે બેસવા આવી છે એટલે બંધ કરું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૧૭૪

## ૧૮૦ સ્વદેશી આગળ વધે છે[1]

યંગ ઇન્ડિયાના વાચકો એ જાણીને અચંબો પામશે અને રાજી પણ થશે કે ખાદી વિષેના પેલા લેખને[2] પરિણામે આશ્રમમાં એકઠો થયેલો બધો જથ્થો વેચાઈ ગયો છે, એટલું જ નહીં પણ એને માટે બલૂચિસ્તાન, નીલગિરિ અને એડનથી પણ માગણી આવી રહી છે. આમ જ થવું જોઈતું હતું અને થયું છે. જો હિંદુસ્તાનના આ પ્રાચીન ગૃહઉદ્યોગને ફરીથી સજીવન કરવામાં આવશે, એટલે કે જો લાખો સ્ત્રીઓ ફુરસદના વખતમાં પોતાના જ ઘરમાં હાથે કાંતવા માંડશે અને એ જ રીતે પુરુષો હાથે વણતા થશે, તો આ દેશમાં મૂંગી પણ અસરકારક ક્રાન્તિ આવ્યા વિના રહેશે નહીં. અત્યારે કરોડો રૂપિયા દર વર્ષે દેશની બહાર ચાલ્યા જાય છે. ખરું જોતાં એ કદી બહાર જવા જોઈતા ન હતા. જે બચત થાય તે થોડાક મૂડીપતિઓના હાથમાં એકઠી થવા દેવાને બદલે કરોડો ગરીબોની વચ્ચે વહેંચવી જોઈએ. કહેવાની મતલબ એ નથી કે આપણે હિંદુસ્તાનમાં મૂડીપતિઓની જરૂર નથી. તેઓ પહેલેથી જ આ દેશમાં છે. તેઓ પોતાની સંભાળ લઈ શકે તેમ છે. જરૂર છે પેલા ગરીબાઈની ચક્કીમાં પિસાઈ રહેલા અને પરિણામે પતિત બનેલા કરોડો ગરીબોનો ઉદ્ધાર કરવાની. હાથે કાંતવાના અને હાથે વણવાના ઉદ્યોગનો પૂરેપૂરો પુનરુદ્ધાર થશે ત્યારે જ એ લોકોની અસરકારક અને ઝડપી ઉન્નતિ થશે. ખાદીની ખપત છે એ તો હવે સાબિત થઈ ચૂક્યું છે, એટલે આપણે આશા રાખીશું કે હિંદુસ્તાનના એકેએક ખૂણામાં એના ઉત્પાદનને વેગ આપવામાં આવશે.

પરંતુ સ્વદેશીની લોકપ્રિયતાનો સૌથી આશ્ચર્યકારક અનુભવ તો સરલાદેવી ચોધરાણીને અને પેલા નેકદિલ અને ખડતલ કાર્યકર્તા મૌલાના હજરત મોહાનીનાં પત્ની શ્રીમતી મોહાનીને થયો છે. શ્રીમતી ચોધરીને ખિલાફત પરિષદ[3] અંગે બરેલી જવાનું હતું. તેને માટે તૈયારી કરતાં તેઓ લાહોરથી લખે છે :

> [4]હું મારો સામાન બાંધી રહી છું. પણ મારા કર્તવ્યનો વિચાર કરતાં મારું મગજ ખવાઈ રહ્યું હતું. મારે શું સાથે લઈ જવું — શું ન લઈ જવું, મારે ખાદીનો પોશાક પહેરવો કે મારે રેશમની સ્વદેશી સાડી જે હમણાં જ લીધી છે તે પહેરવી !— જો રેશમની સાડી પહેરીશ તો તે સ્વદેશી છે એમ તો કોઈ નહીં સમજી શકે — મારે પેટી લઈ જવી કે

૧. આ લેખનો ગાંધીજીએ જાતે લખેલો મુસદ્દો ગાંધી સ્મારક નિધિમાં રાખવામાં આવ્યો છે. તે ઉપરથી એને ગાંધીજીએ લખેલો માનવામાં આવ્યો છે.

૨. જુઓ "ખાદીના ઉપયોગ", ૨૮–૪–૧૯૨૦.

૩. આ પરિષદ ૩જી મે, ૧૯૨૦ને રોજ ભરાઈ હતી.

૪. નીચેના બે પૅરેગ્રાફનું લખાણ તા. ૨૩–૫–૧૯૨૦ના નવજીવનમાંથી લીધું છે.

Gandhi Heritage Portal

ભીડાની અંદર કપડાં નાખવાં ? મારે અસલની રીત મુજબ ભભકાદાર દેખાવું કે સાદા અને સામાન્ય દેખાવું ? છેવટે સાદાઈના નિશ્ચય પર હું આવી. પણ આ બધું વિચારી લેતાં હાલ તો વખત પણ જાય છે ને તકલીફ પણ પડે છે.

બરેલી પહોંચ્યા પછી અને અનુભવ લીધા પછી લખે છે :

હું હમણાં જ મુસલમાની કુટુંબોની મુલાકાતેથી આવી છું. પહેલા કુટુંબમાં ભોજાઈ અને નણંદ હતાં. તેઓએ રેંટિયો ચલાવવાનું અને સ્વદેશીનું વ્રત લીધું. આ બાઈઓ કચ્છી વહોરા કુટુંબની છે. બહુ ધનાઢ્ય છે અને ખાનદાન છે ને બળવાના સમયથી આ ભાગમાં આવી વસેલાં છે. વળી હજરત મોહાનીનાં બીબીસાહેબાએ એક સભા બોલાવી હતી તેમાં હું ગઈ હતી. ત્યાં પંદર મુસલમાન બાઈઓએ વ્રત લીધું.

બરેલીમાં ભરાયેલી વિભાગીય પરિષદમાં સ્વદેશી વિષેના એક ઠરાવ ઉપર હિંદુસ્તાનીમાં બોલતાં તેમણે હિંદુસ્તાનની ભયંકર ગરીબાઈ ઉપર તથા તેની બે મુખ્ય જરૂરિયાતો એટલે અન્ન અને વસ્ત્ર ઉપર ભાર મૂકયો. અને કહ્યું કે જો આપણને આપણું ઘર ચલાવતાં નહીં આવડતું હોય અને જો આપણે આપણી આવકજાવકનાં બે પાસાં સરખાં નહીં રાખતા હોઈએ, તો દેશનો કારભાર ચલાવવાની જવાબદારી ઉપાડવાની લાયકાત આપણામાં આવશે નહીં. એમણે એ પણ કહ્યું કે આ એક ધ્યાનમાં લેવા જેવી વાત છે કે જે ભાષણોમાં કંઈ કામ કરવાનું કે ત્યાગ કરવાનું કહેવામાં આવતું ન હોય એવાં ભાષણો સાંભળવા લોકો તૈયાર હોય છે, પરંતુ જ્યાં એમને સીધાં-સાદાં સત્યો સમજાવવામાં આવે છે અને કોઈ પણ ભોગે સ્વદેશી અપનાવવાની પ્રાથમિક ફરજ પ્રત્યે એમનું ધ્યાન દોરવામાં આવે છે એવી સભાઓમાં જતાં તેઓ અચકાય છે. એમણે લોકોને કહ્યું કે તમે સદ્‌ગત વિદ્યાસાગરની[1] ભાવનાથી કામ કરો. વિદ્યાસાગરે જીવનભર ખાદી પહેરી હતી. એમાં એમને શરમ તો આવતી જ નહોતી, પરંતુ ગૌરવનો અનુભવ થતો હતો. એમણે એ વાત સ્વીકારી કે ખાદી તરફ વળવાનું મુશ્કેલ છે, પરંતુ બધાં મહાન કાર્યો આવાં જ હોય છે. જ્યાં સુધી હિંદુસ્તાનના લોકો દૃઢ નિશ્ચય કરીને ચીન, જાપાન, ફ્રાન્સ અને બીજા દેશોમાંથી મંગાવેલું રેશમી કાપડ વાપરવાનો ઇનકાર નહીં કરે, તથા હિંદુસ્તાનની બહેનો અત્યારે જે જાડું સૂતર પેદા કરે છે તેમાંથી બનેલાં કપડાં પહેરીને સંતોષ નહીં માને, ત્યાં સુધી આપણો દેશ કદી પણ પહેલાંના જેવું સુંદર કાપડ પેદા કરવા શક્તિમાન થશે નહીં. દેશની વાસ્તવિક સ્થિતિ સમજનારા લોકો માટે, એની ગરીબાઈ અને ચીંથરેહાલ દશા જોતાં બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. એમણે વ્યાસપીઠ પર બેઠેલા મહાનુભાવોને આગ્રહભરી વિનંતી કરી કે તમે આ બાબતમાં ચીલો પાડો, કેમ કે ગીતામાં કહ્યું છે કે :

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते[2] ।।

ઉપરના શ્લોકમાં રહેલા સત્યની કસોટી પોતાના જ ઘરમાં કરવી પડે એવો સમય ચોધરી દંપતીને[3] માટે આવતાં વાર લાગી નહીં. કેમ કે ૧૪મી તારીખે તેમના સૌથી મોટા પુત્રનું

૧. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (૧૮૨૦–૧૮૯૧); સંસ્કૃતના વિદ્વાન અને બંગાળના સમાજસુધારક.

૨. જે જે આચરણ ઉત્તમ પુરુષો કરે છે તેનું અનુકરણ સામાન્ય લોકો કરે છે. જે (આદર્શ)ને તેઓ પ્રમાણ બનાવે છે તેને લોકો અનુસરે છે. ભગવદ્‌ગીતા, અધ્યાય ૩, ૨૧.

૩. સરલાદેવી અને તેમના પતિ.

Gandhi Heritage Portal

લગ્ન હતું. તેને માટે તેમને કપડાં તૈયાર કરવાનાં હતાં. આ સંબંધમાં પંડિત રામભજદત્ત ચોધરી લખે છે:

> લગ્ન માટેનાં તમામ કપડાં બનારસમાં બનેલા દેશી રેશમી કાપડમાંથી તૈયાર કરવામાં આવ્યાં છે. જરા મોંઘાં પડયાં, પણ છે સુંદર. પરદેશી રેશમી કાપડનો ઉપયોગ નહીં જ કરવાનો અમે આગ્રહ રાખ્યો છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९–५–१९२०

## ૧૮૧. કેટલીક ગૂંચવણોનો ઉકેલ

તમારા સાતમીના પત્રનો આભાર માનવા માટે હું આ લખું છું. અને ખાસ કરીને यंग इन्डियाમાં તમારા અસહકાર ઉપરનાં લખાણો વાંચીને તે ઉપર તમે જે સંપૂર્ણ અને નિખાલસ અભિપ્રાય આપવા મને વિનંતી કરી હતી એટલા માટે જ આ લખું છું.[1] હું જાણું છું કે તમારો ઈરાદો સત્ય શોધવાનો અને તે પ્રમાણે વર્તન કરવાનો છે. અને તેથી હું નીચેની ટીકા કરવાની હિંમત ધરું છું. તમે કહો છો કે અસહકાર એ "સરકારની સામેની પ્રવૃત્તિ નથી"[2] પણ જો સરકારને મદદ ન કરવી, વળી કર પણ ન આપવા એ વિચાર રૂપે સરકારની સામેની પ્રવૃત્તિ ન ગણાય, તોયે હકીકતમાં તો સામે છે એમ જ ગણાવું જોઈએ કેમ કે એવી પ્રવૃત્તિથી તો બધી રાજ્યસત્તાનો અંત આણી શકાય. વળી તમે કહો છો કે "પ્રજાપોકારને કાંઈ સરકાર ન સાંભળે ત્યારે તેને સહાય ન દેવાનો પ્રજાને હક્ક છે."[3] આ સિદ્ધાન્તની સિદ્ધાન્ત રૂપે યોગ્યતાનો સવાલ છોડી દઈને હું પૂછીશ, કઈ સરકારને વિષે તમે આમ કહો છો? શું હિંદી સરકારે તેનાથી બને તેટલું આ બાબતમાં નથી કર્યું? પછી જો તેનો પ્રયત્ન નિષ્ફળ જાય તો શું તેનો બહિષ્કાર કરવો એ યોગ્ય છે? જો અસહકાર એ બરોબર પગલું હોય તો મિત્રરાજ્યોના મહામંડળની સામે અસહકાર કરવો એ બરોબર નહીં ગણાય? ભલે તેમાં ઈંગ્લંડ પણ આવી જાય. તમારાં બધાં લખાણોમાં તમે એ વાત ભૂલી જતા જણાઓ છો કે, આ સવાલને વિષે સરકાર અને લોકોની વચ્ચે એકમત છે. અને જો સરકાર ન્યાય મેળવવાને અશક્ત થઈ પડે તો તેની સામે અસહકાર કેમ કરી શકાય? આ ટાણે તો હિંદુ, અંગ્રેજ અને સરકાર બધા "મુસલમાનોનો બોજો પૂરા દિલથી ઉઠાવી રહ્યા છે."[4] હવે ધારો કે આપણી ઇચ્છા પરિપૂર્ણ ન થાય, તો શું આપણે બધાએ અસહકાર કરવો? અને તે કોની સાથે? નીચેની સૂચનાઓ કરવાની હું રજા લઉં છું:

૧. સુલેહની શરતો બહાર પડવાની રાહ જુઓ.

૨. અને જો તે હિંદુસ્તાનના લોકોની ભલામણ અને આશાઓ પ્રમાણે ન હોય તો તેમાં સુધારો કરાવવાની ખૂબ યોગ્ય મહેનત કરો.

૧. અહીં સુધીનો ભાગ ૨૩–૫–૧૯૨૦ના નવજીવનમાં આપ્યો નથી. અંગ્રેજી પ્રમાણે તે ઉમેર્યો છે
૨. ૩, અને ૪. જુઓ "અસહકારનો અમલ કેવી રીતે કરવો", ૫–૫–૧૯૨૦.

Gandhi Heritage Portal

૩. જે સરકાર આપણી સાથે મળે તેનો અંત લગી સહકાર કરો અને પછી જો તે આપણી સાથે મળવાનો ઇનકાર કરે તો જ અસહકાર કરવો.

હજી સુધી તો હું હિંદી સરકાર સામે અસહકાર કરવાને કંઈ કારણ જોતો નથી. અને જ્યાં સુધી એ સરકાર લોકોની હાજતો અને માગણીઓ વિષે પોકાર કરવામાં પછાત ન રહે ત્યાં સુધી કંઈ કારણ ન હોય. હિંદી સરકાર કેટલીક વખત ભૂલો કરે છે. પણ ખિલાફતની બાબતમાં એ ઠેકાણેસર છે અને તેથી પ્રજાના દરેક જણે તેનો દિલોજાનીથી સહકાર કરવો ઘટે છે. હું ઉમેદ રાખું છું કે તમે આ ઉપર ખૂબ ધ્યાન આપશો અને કદાચ यंग इन्डियामां તેનો જવાબ પણ દેશો.

ઉપર પ્રમાણે એક અંગ્રેજ મિત્રનો પત્ર મળ્યો છે. જે મુશ્કેલીઓ તે અનુભવે છે એવી બીજાઓને પણ આવતી હશે. ઘણે ભાગે મહાન કાર્યોમાં નિષ્ફળતા આવે છે તેનું કારણ જેઓ અન્યાયની જ સ્થાપના કરવાને ઇચ્છે છે તેઓના વિરોધને લીધે નથી હોતું પણ આવા અન્યાયી માણસો, દરેક બાબત સમજીને કરવા ઇચ્છતા હોય એવા ઠરેલ સ્વભાવના માણસોની સહાય મેળવી શકે છે એ હોય છે. અને આવા પ્રામાણિક માણસોની સાથે ધીરજપૂર્વક દલીલ કરવાથી આપણે આપણી પોતાની ઉપર અંકુશ રાખી શકીએ છીએ. ભૂલો કરી હોય તો સુધારી શકીએ છીએ અને કોઈ કોઈ વખત તેઓની ભૂલો પણ સુધારી શકીએ છીએ.

આ ખિલાફતનો સવાલ વિશેષ મુશ્કેલીનો છે, કેમ કે તેમાં ઘણા પેટાપ્રશ્નો રહેલા છે. તેથી ઘણા ઝટ નિશ્ચય ઉપર નથી આવી શકતા તેમાં કંઈ આશ્ચર્ય નથી. વળી આમાં વધારે ગૂંચવણી એથી આવેલી છે કે કંઈ અમલી કામ કરવાનો—પ્રજાનું કૌવત બતાવવાનો સમય નજીક આવ્યો છે. પણ ગમે તેટલી મુશ્કેલીઓ હોય તે છતાં મારી તો ખાતરી છે કે હિંદુસ્તાનમાં એકતા અને શાંતિ મેળવવાની દૃષ્ટિએ બીજો કોઈ સવાલ આટલો અગત્યનો નથી.

અંગ્રેજ મિત્ર સૂચવે છે કે અસહકાર એ સરકારની વિરુદ્ધની હિલચાલ નથી એવી મારી દલીલ બરોબર નથી. કારણ કે તે એમ માને છે કે સરકારની નોકરી ન કરવાનો અને તેને કર ન આપવાનો અધિકાર એ ખરું જોતાં તો વિરોધી પ્રવૃત્તિ જ ગણાય. હું નમ્રતાપૂર્વક એથી જુદો વિચાર ધરાવું છું. જો મને મારા સગા ભાઈની સાથે મતભેદ હોય અને જો તેની સાથે એકમત થવાનું પરિણામ એવું આવતું હોય કે તેના અન્યાયમાં મારે ભાગ લેવો પડે તો હું ભાઈ તરીકેની મારી એવી ફરજ સમજું છું કે મારે તેને સહાય કરવાનું છોડી દેવું અને મારી કમાણીમાંથી તેને હિસ્સો આપતો હોઉં તો તે બંધ કરવો. આમ હમેશાં બન્યા જ કરે છે. જ્યારે હિરણ્યકશિપુની પરમેશ્વરની સામેની ગાળો પ્રહ્‌લાદ નહીં સાંખી શક્યા અને તેનો ત્યાગ કર્યો ત્યારે કંઈ એ પોતાના પિતાના દુશ્મન નહોતા થયા. વળી જ્યારે જિસસે ફેરિસીની સામે અવાજ ઉઠાવ્યો ત્યારે એ કંઈ યહૂદીઓના વિરોધી નહીં બન્યા. એટલે શું આનો અર્થ એવો નથી કે અમુક કૃત્ય કેવું છે તેના નિર્ણયનો આધાર કર્તાના ઇરાદા ઉપર રહે?

અસહકાર કરવાથી રાજ્યસત્તા અશક્ય થઈ પડે છે એવી આ મિત્રની સૂચના ભાગ્યે જ વાજબી ગણાય. પણ એટલું ખરું છે કે એવા અસહકારથી અન્યાય અશક્ય થઈ પડે છે.

વળી આ મિત્ર માને છે કે હિંદી સરકારે તો મુસલમાનોને બધી જોઈતી સહાય આપી છે, તેથી હિંદુસ્તાનની સરકારનો અસહકાર વાજબી નહીં ગણાય. મારી અલ્પ મતિ પ્રમાણે જોકે હિંદી સરકારે ઘણું કર્યું છે તોપણ જેટલું કરી શકત અને હજુ પણ કરી શકે તેનું તો તેણે અરધું પણ નથી કર્યું. કોઈ પણ સરકાર મુસલમાનોને જેવી લાગણી છે તેવા પ્રકારની લાગણીને


Gandhi Heritage Portal

સમયે માત્ર પોકાર ઉઠાવ્યા ઉપરાંત કંઈ પણ કાર્ય ન કરીને પોતાની મુક્તિ મેળવી શકતી નથી. જે માણસ ભૂખે મરે છે તેના પ્રત્યે મુખનાં વચનોથી બતાવેલી લાગણી ગમે તેટલી તીવ્ર હોય તોપણ [તેની] કંઈ કિંમત નથી. ભૂખે મરતા માણસને અનાજ જોઈએ, નહીં તો તેને મરવું જ પડે. એવે આણીને ટાંકણે જે આવશ્યક છે તે તો એ છે કે ભૂખે મરતાની ભૂખ મટાડવાને સારુ જે સાધનો એકઠાં કરવાં જોઈએ તે સાધનો લાવવામાં રોકાઈ જવું. જો હિંદની સરકાર ઇચ્છે તો આ હિલચાલનું સેનાપતિપણું કરી શકે છે અને એક બ્રિટિશ પ્રધાને આપેલા વચનને પળાવી શકે છે. શું હિંદી સરકારે મિ. લૉઈડ જૉર્જે પોતાના વચનનો ભંગ કર્યો છે તેનો અણગમો બતાવવાની નિશાની દાખલ રાજીનામું મોકલ્યું છે ? હિંદની સરકારે પોતાનાં છૂપાં લખાણોની પાછળ છૂપી જઈને પોતાનો બચાવ કેમ કર્યો ? આથી પણ ઓછે કટોકટીને વખતે લૉર્ડ હાર્ડિંગે ચાલુ પદ્ધતિનો ત્યાગ કરી[1] દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહીઓનો ખુલ્લી રીતે પક્ષ ખેંચ્યો હતો. અને તેથી તેઓ હિંદમાં તે વખતે ઊભરાઈ ગયેલા ગુસ્સાને રોકી શક્યા. જોકે તેથી દક્ષિણ આફ્રિકામાં ત્યાંનું પ્રધાનમંડળ અને બ્રિટનમાં કેટલાક જાહેર માણસો ગુસ્સામાં આવી ગયા તેની તેણે દરકાર ન કરી. હિંદુસ્તાનની હાલની સરકારે શું કર્યું ? વધારેમાં વધારે તો એ જ કે તેમણે મુસલમાનોની લાગણી યોગ્ય સ્થળે રજૂ કરી છે અને તેને ટેકો આપ્યો છે. એ તો એ સરકારે પોતાની ઓછામાં ઓછી ફરજ બજાવી ગણાય. નામોશી વહોરી લીધા સિવાય એથી પણ કાંઈ ઓછું હિંદી સરકાર કરી શકત. હિંદના મુસલમાનો અને બીજા બધા આવે સમયે હિંદુસ્તાનની સરકારની જે આશા રાખે છે તે એ નહીં કે એ સરકાર ઓછામાં ઓછું કરે પણ તેણે વધારેમાં વધારે કરવું જોઈએ. આથી પણ નાનકડા સવાલોને સારુ વાઇસરૉયોએ રાજીનામાં મોકલાવ્યાં છે. થોડાં વર્ષ પહેલાં એક લેફ્ટનન્ટ ગવર્નરે પોતાનો મરતબો ઓછો થયેલો જોયો તેથી રાજીનામું આપેલું. ખિલાફતના સવાલમાં તો લાખો મુસલમાનોનાં દિલને ભારે જખમ પહોંચે એવી વાત છે. તેથી હિંદી સરકાર અને તેની મારફતે વડી સરકારને પોતાની ફરજ અદા કરવાની ફરજ પાડવાને ખાતર હું મુસલમાનોને સંપૂર્ણ મદદ દેવા આ અંગ્રેજ મિત્રને, હિંદુસ્તાનમાં વસતા દરેક અંગ્રેજને અને દરેક મૉડરેટ કે એક્સ્ટ્રીમિસ્ટ હિંદુને નોતરું છું.

અસહકારની પ્રવૃત્તિથી ખૂનખરાબો થશે એવી વાત ચાલી રહેલી છે. હું એમ કહેવાને ઇચ્છું છું કે જો મુસલમાનોને અસહકારનો આધાર ન હોત તો તેઓ ખૂનખરાબાના પંથમાં ક્યારનાયે ઊતર્યા હોત. હું કબૂલ કરું છું કે અસહકારમાં પણ જોખમ તો રહેલ છે. પણ અસહકાર વિના તો ખૂનખરાબો થયા વિના રહે જ નહીં અને અસહકાર હોવાથી એટલું જ કહી શકાય કે, તેમાંયે ખૂનખરાબાનો સંભવ ખરો. અને જો અંગ્રેજ, હિંદુ અને બીજાઓ આ બાબતમાં મુસલમાનોને ઉત્તેજન ન આપે તો ખૂનખરાબો થવાનો વધારે સંભવ રહે.

હું માનું છું કે મારા અંગ્રેજ મિત્રે જે ભલામણ કરી છે તે પ્રમાણે જ મુસલમાનો શબ્દશ: વર્તી રહ્યા છે. જોકે ભવિષ્ય શું આવશે તે તેઓ ખરી રીતે તો જાણે છે જ છતાં તુર્કી સાથેની સુલેહની પૂરેપૂરી શરતો બહાર પડે ત્યાં સુધી તેઓ રાહ જોઈ રહ્યા છે. અસહકાર શરૂ કર્યા પહેલાં તે શરતો ફેરવવાને બીજા બની શકે તેટલા ઉપાયો લીધા વિના તેઓ રહેવાના જ નથી. અને જ્યાં સુધી હિંદી સરકાર તરફથી મુસલમાનો સાથે ખરો સહકાર—એટલે કે બ્રિટિશ રાજદ્વારી પુરુષોનાં વચનોથી સુલેહની શરતો જુદી હોય તો તે બદલાવી શકે એટલો જબરો સહકાર

૧. જુઓ પુસ્તક ૧૨, પરિશિષ્ટ ૧૯.

Gandhi Heritage Portal

—મળવાની જરા પણ આશા હશે ત્યાં સુધી અસહકાર બિલકુલ શરૂ કરવામાં નહીં આવે. પણ આ સહુ ઉપાયો નિષ્ફળ નીવડે તો પછી જે મુસલમાનો પોતાના ધર્મને પોતાના પ્રાણ કરતાં પ્યારો ગણે છે, તેઓ બ્રિટિશ પ્રધાનો અને હિંદની સરકાર સાથે સહકાર કરવાની ના પાડીને તેમના પાપમાંથી પોતાના હાથ ધોઈ નાખ્યા સિવાય પોતાની આબરૂ જાળવી શકે ખરા? અને હિંદુઓ તથા અંગ્રેજો જો તેમને મુસલમાનોની મૈત્રીની કિંમત હોય અને મુસલમાનોની માગણી પૂરેપૂરી ન્યાયી છે એમ તેઓ માનતા હોય તો વાણી અને કર્મથી તેમને અંત:કરણપૂર્વક ટેકો આપ્યા સિવાય તેઓ બીજું કાંઈ કરી શકે ખરા?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९–५–१९२०

ભાષાંતર[1]: नवजीवन, २३–५–१९२०

## ૧૮૨. વચનોનો ભંગ

જેની બહુ વખતથી રાહ જોવાતી હતી તે તુર્કસ્તાન સંબંધી સુલેહની શરતો,[2] આ પહેલાંનો લેખ[3] છપાયા પછી મળી છે. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે આ શરતો સુપ્રીમ કાઉન્સિલને[4] તથા બ્રિટિશ પ્રધાનોને નામોશી આપે એવી છે અને ખ્રિસ્તી ધર્મ પ્રત્યે ઊંડી આસ્થા ધરાવતા એક હિંદુ તરીકે જો મને બોલવાનો અધિકાર હોય તો હું કહીશ કે એનાથી ક્રાઇસ્ટના આદેશોનો ભંગ થાય છે. તુર્કસ્તાન ગૃહક્લેશથી છિન્નભિન્ન થઈ ગયું છે ને હતાશ થયું છે. પોતાને વિષે થયેલા આ ઉદ્ધતાઈભર્યા નિર્ણયનો એ ભલે સ્વીકાર કરે, અને હિંદુસ્તાનના મુસલમાનો પણ ડરના માર્યા ભલે એમની આગળ નમી પડે. હિંદુઓ પણ બીકને લીધે, ઉદાસીનતાને લીધે કે પરિસ્થિતિની પૂરી સમજના અભાવે પોતાના મુસલમાન ભાઈઓને એમના આ સંકટને સમયે મદદ કરવાની ભલે કદાચ ના પાડે. પરંતુ ઇંગ્લંડના વડા પ્રધાને આપેલા એક ગંભીર વચનનો જાણીબૂજીને ભંગ કરવામાં આવ્યો છે એ હકીકતની ના પાડી શકાય તેમ નથી. પ્રેસિડન્ટ વિલ્સનના ચૌદ મુદ્દાઓ[5] વિષે તો હું કંઈ જ નહીં કહું, કેમ કે એ મુદ્દાઓ તો એક દિવસના ચમત્કારની માફક અત્યારે બિલકુલ ભુલાઈ ગયેલા જણાય છે. ઘણા જ ખેદની વાત છે કે હિંદુસ્તાનની સરકારે પોતાની અખબારી યાદીમાં આ શરતોનો બચાવ કર્યો છે, એને ૫મી જાન્યુઆરી, ૧૯૧૮ના મિ. લૉઈડ જૉર્જના વચનના પાલન તરીકે ઓળખાવી છે, અને છતાં એમાં દોષો છે એમ કહી માફી માગી છે, તથા હિંદુસ્તાનના મુસલમાનોની જાણે હાંસી ઉડાવતા હોય તેમ તેમને આગ્રહભરી વિનંતી કરી છે કે આ શરતો તેઓ મૂંગે મોંએ સ્વીકારી લે. આમાં રહેલા દંભનો બુરખો એટલો બારીક છે કે એનાથી કોઈ પણ છેતરાય તેમ નથી. જો સરકારી યાદીએ હિંમતપૂર્વક એમ સ્વીકાર્યું હોત કે વચન આપવામાં મિ. લૉઈડ જૉર્જે ભૂલ કરી હતી, તો તે

૧. આ લેખ નવજીવનમાં ગાંધીજીની સહીથી પ્રગટ થયો છે. એટલે ભાષાંતર ગાંધીજીએ જાતે કર્યું હોવા સંભવ છે.

૨. જુઓ પરિશિષ્ટ ૧.

૩. જુઓ આ પહેલાંનો લેખ.

૪. મિત્રરાજ્યોની સુપ્રીમ કાઉન્સિલ.

૫. મિત્રરાજ્યોએ ૧૯૧૮ના જાન્યુઆરીની ૪થી તારીખે આ મુદ્દાએ સુલેહના આધાર રૂપે માન્ય રાખ્યા હતા.

Gandhi Heritage Portal

સારુ દેખાત. વચનનો સ્પષ્ટ ભંગ કર્યા પછી પણ એનું પાલન થયાનો દાવો કરવાનું તો માત્ર ઘા ઉપર મીઠું ભભરાવવા જેવું છે. એક બાજુ વાઇસરૉય એમ કહે છે કે: "ખિલાફતનો પ્રશ્ન કેવળ મુસલમાનો માટેનો અને મુસલમાનો માટેનો જ પ્રશ્ન છે, અને એ બાબતમાં સ્વતંત્ર રીતે નિર્ણય કરવાના એમના અધિકારમાં સરકાર માથું મારવા માગતી નથી." અને બીજી બાજુ, ખલીફનાં રાજ્યોના તાબાના મુલકોને નિર્દય રીતે છિન્નભિન્ન કરી દેવામાં આવ્યા છે, ઇસ્લામનાં તીર્થસ્થાનો ઉપરનો એમનો કાબૂ નિર્લજ્જ રીતે એમની પાસેથી લઈ લેવામાં આવ્યો છે, અને એમને પોતાને, એમના જ મહેલમાં, જેને હવે મહેલ નહીં પણ કેદખાનું કહેવું વધારે ઉચિત ગણાય તેમાં બિલકુલ નિ:સહાય અને નિર્માલ્ય બનાવી દેવામાં આવ્યા છે. આવી પરસ્પર વિરોધી વાતો કરવાથી શો લાભ? એટલે સુલેહની આ શરતોમાં "તમામ મુસલમાનો અવશ્ય દુભાય એવી પણ શરતો છે" એવો નામદાર વાઇસરૉયને ભય છે એમાં કંઈ નવાઈ જેવું નથી. તો પછી હિંદુસ્તાનના મુસલમાનો ઉપર પ્રોત્સાહન અને સહાનુભૂતિનો સંદેશો[1] મોકલીને તેઓ સાહેબે મુસલમાનોની બુદ્ધિનું અપમાન શા માટે કરવું જોઈએ? શું તેમની પાસે એવી અપેક્ષા રાખવી જોઈએ કે સરકાર સુલેહની ઉદ્ધત શરતોનું નિષ્ઠુર ઉચ્ચારણ કરશે તેથી, અથવા "સામ્રાજ્યની ખરી ભીડ વખતે" રાજાની હાકલનો તેમણે "અદ્‌ભુત જવાબ" વાળ્યો હતો તેનું સ્મરણ કરવાથી તેઓ પ્રોત્સાહન મેળવી શકશે? ન્યાય અને માનવતાના જે આદર્શો માટે મિત્રરાજ્યો લડ્યાં હતાં તેના વિજયની હવે તેઓ નામદાર વાતો કરે છે તે તેમને જરા પણ શોભતું નથી. ખરી વાત એ છે કે તુર્કસ્તાન સાથે થયેલી કહેવાતી સુલેહની આ શરતો જો કાયમ થવાની હશે, તો તે માનવજાતિની ઉદ્ધતાઈ અને એણે પોતે જ સર્જેલા અન્યાયનું પ્રતીક બની રહેશે. યુદ્ધમાં હાર થઈ હોવાને કારણે એક બહાદુર અને હિંમતવાન પ્રજાના જુસ્સાને કચડી નાખવા પ્રયત્ન કરવો એમાં માનવતાનો વિજય નથી પરંતુ જંગલીપણાનું પ્રદર્શન છે. અને જો યુદ્ધ પહેલાં તુર્કસ્તાને ગ્રેટ બ્રિટન સાથે નિકટની મૈત્રીના સંબંધનો લાભ ઉઠાવ્યો હોય, તો એની નાલેશી કરવામાં સૌથી વધારે ફાળો આપીને ગ્રેટ બ્રિટને પોતાની એ ભૂલનો પૂરતો બદલો લઈ લીધો છે એમાં શંકા નથી. એટલે જ્યારે વાઇસરૉય એવો વિશ્વાસ જાહેર કરતા દેખાય છે કે સુલેહના આ નવા કરારો થવાથી યુદ્ધ પહેલાંની એ મૈત્રી વહેલી તકે ફરીથી સજીવન થશે અને આશા તથા તાકાતથી ભરેલું નવું જન્મેલું તુર્કસ્તાન ભૂતકાળની માફક ભવિષ્યમાં પણ ઇસ્લામ ધર્મનો એક સ્તંભ બની રહેશે, ત્યારે એ સાંભળવું અકારું થઈ પડે છે. વાઇસરૉયના સંદેશાનો અંત આવા ધૃષ્ટતાભર્યા શબ્દોમાં આવે છે: "મને વિશ્વાસ છે કે આ વિચાર તમને બળ આપશે અને તેને આધારે તમે સુલેહની આ શરતો કશા કચવાટ વિના હિંમત અને ધૈર્યપૂર્વક સ્વીકારી લેશો અને રાજા પ્રત્યેની તમારી વફાદારી જમાનાઓથી જેવી ચાલી આવી છે તેવી જ ઉજ્જવળ અને નિષ્કલંક રાખશો." જો મુસલમાનોની વફાદારી નિષ્કલંક રહી હશે તો બેશક તેનું કારણ એને સખત રીતે તંગ કરવાના હિંદુસ્તાન સરકારના પ્રયત્નોની ઊણપ નહીં હોય, પરંતુ એ નિષ્કલંક રહેવાનું કારણ મુસલમાનોને પોતાની તાકાતનું ભાન છે એ જ હશે. આ તાકાત અમારા પક્ષમાં ન્યાય છે એવી સમજમાંથી આવે છે. અને તે એવી સમજમાંથી પણ આવે છે કે ગ્રેટ બ્રિટનના આજના વડા પ્રધાન લાંબો સમય સત્તા પર રહેવાને કારણે ગમે તેવાં વચનો આપી ભલે બેપરવાઈથી તોડતા હોય, અને એની

૧. આ સંદેશો ૧૪મી મે, ૧૯૨૦ને રોજ પ્રસિદ્ધ થયો હતો. જુઓ પરિશિષ્ટ ૨.

Gandhi Heritage Portal

સત્તા હેઠળ ગ્રેટ બ્રિટનની બુદ્ધિ ભલે બહેર મારી ગઈ હોય છતાં મુસલમાનો પાસે એ ન્યાય મેળવવાની શક્તિ છે.

એટલે હું કબૂલ કરું છું કે સુલેહની આ શરતોમાં કે વાઇસરૉયના તે અંગેના સંદેશામાં મુસલમાનોના તથા બાકીના હિંદવાસીઓના દિલમાં આશા કે વિશ્વાસ પ્રકટે એવું કશું નથી. છતાં હું હિંમતપૂર્વક કહું છું કે નિરાશ કે ગુસ્સે થવાનું કોઈ કારણ નથી. મુસલમાનોએ હવે જ પૂરેપૂરો આત્મસંયમ જાળવીને પોતાનાં બળોનું સંગઠન કરવાનું છે અને પોતે નિર્બળ હોવા છતાં ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધા રાખીને ન્યાય મળતાં સુધી આ સંગ્રામ બેવડા જોરથી ચાલુ રાખવાનો છે. જો હિંદુસ્તાન, એટલે હિંદુઓ અને મુસલમાનો બંને, એક બનીને કામ કરી શકશે અને સુલેહની શરતોમાં વ્યક્ત થયેલા માનવતા પ્રત્યેના આ અપરાધમાં ભાગીદાર થવાની ના પાડી શકશે, તો સુલેહની શરતોમાં તે ઝટ સુધારો કરાવી શકશે અને આખી દુનિયાને નહીં તો ઓછામાં ઓછું પોતાની જાતને તથા સામ્રાજ્યને તો કાયમની શાંતિ આપી શકશે. આ સંગ્રામ કડવાશભર્યો હશે, ઘોર હશે અને કદાચ લાંબો પણ ચાલશે, એ વિષે શંકા નથી, પરંતુ એ જેટલો પણ ભોગ માગે તે બધો આપવા જેવો છે. અત્યારે મુસલમાનો અને હિંદુઓ બંનેની કસોટી થઈ રહી છે. ખિલાફતનું જે અપમાન થયું છે એનાથી મુસલમાનોને ચિંતા થાય છે ખરી? જો થતી હોય તો તેઓ સંયમ જાળવવા તૈયાર છે? હિંસાનો સદંતર ત્યાગ કરવા તૈયાર છે? અને અસહકારથી પોતાની કોમને થતા આર્થિક નુકસાનની પરવા કર્યા વિના તેઓ અસહકારનો અમલ કરવા તૈયાર છે? હિંદુઓમાં પણ પોતાના મુસલમાન ભાઈઓનાં દુઃખોમાં પૂરેપૂરો ભાગ લેવા જેટલી ખરા દિલની લાગણી છે? સુલેહની જાહેર થયેલી શરતો નહીં પરંતુ આ પ્રશ્નોના જવાબ ઉપરથી ખિલાફતના ભાવિનો આખરી નિર્ણય થવાનો છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९–५–१९२०

## ૧૮૩. દેવદાસ ગાંધીને પત્ર

[મુંબઈ,]

જેઠ સુદ ૨ [મે ૨૦, ૧૯૨૦][1]

ચિ. દેવદાસ,

તમારા કાગળ હવે નિયમસર ચાલ્યા આવે છે. મારે ત્યાં આવવાનું છે[2] એટલે તમે આલ-મોડા જાઓ એમ કહેતાં અચકાઉં છું. છતાં જવું હોય તો જજો. રહેવાની ઇચ્છા થાય તો તો હું ત્યાં આવીશ ત્યારે જ પ્રોગ્રામ બનાવશું.

આજે ખિલાફત સારુ એક દિવસને સારુ આવ્યો છું.[3] यंग इन्डिया ને नवजीवनમાંથી બધું વાંચશો.

૧. એસ્થર ફેરિંગ ૧૯મી મે, ૧૯૨૦ને રોજ ડેનમાર્ક જવા નીકળી હતી; પત્રનું છેલ્લું વાક્ય સ્પષ્ટ જણાવે છે કે આ પત્ર એને બીજે દિવસે લખાયો હતો.

૨. દેવદાસ આ વખતે બનારસમાં હતા. ગાંધીજી ૧૯૨૦ના મે માસના છેલ્લા અઠવાડિયામાં ત્યાં જવાના હતા. તેનો આ ઉલ્લેખ જણાય છે.

૩. મુંબઈ; જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

મારી તબિયતમાં નબળાઈ સિવાય બીજું કંઈ જ નથી. નબળાઈ એટલી છે કે મારાથી મુદ્દલ ચલાતું જ નથી. પગમાંથી તાકાત ગઈ છે. કારણ સમજાતું નથી. મારું લખવા વગેરેનું કામ બરોબર કરી શકું છું.

સિંહગઢમાં પરભુદાસ, બાલકૃષ્ણ, દાક્તર, મહાદેવ અને રેવાશંકરભાઈ રહ્યા. મિસ ફેરિંગ કાલે રવાના થયાં.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૧૭૫

## ૧૮૪. મગનલાલ ગાંધીને પત્ર

મુંબઈ,
ગુરુવાર [મે ૨૦, ૧૯૨૦][1]

ચિ. મગનલાલ,

આજે એક દિવસને સારુ અહીં આવ્યો છું. તમે ગયા ત્યારથી જ સવાર સાંજની પ્રાર્થનાનો સમય મેં ખૂબ વાતોમાં ગાળ્યો છે. આપણી વચ્ચે થયેલી વાતોની ચર્ચા કરી છે. આશ્રમની સાથેનો મારો સંબંધ, ખિલાફત, સ્વદેશી, હોમરૂલ લીગની પ્રવૃત્તિ, શાંતિ મેં કેમ મેળવી, બધા કેમ મેળવી શકે, ખૂબ વાતો થઈ છે. હજુ કરવાનો છું. બીજાઓ પાસેથી તમે સાંભળશો.

જયસુખલાલ આવી ગયા. કાલે જ. તેનું શરીર નંખાઈ ગયું છે. વ્રજલાલને હજુ તાવ છે. પણ ચહેરો ઠીક છે. તમે પુષ્કળ અનુભવ લઈને આવજો. ૨૬મીએ મારે કાશી જવા અમદાવાદ છોડવું પડશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીએ હાથે લખેલા મૂળ પત્ર પરથી : સી. ડબ્લ્યુ. ૫૮૯૫
શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

૧. દેખીતું છે કે જેઠ સુદ ૨ને દિવસે દેવદાસ ઉપર પત્ર (આ પહેલાંનો લેખ) લખાયો તે જ દિવસે આ પત્ર પણ લખાયો હતો. આ પત્રની છેલ્લી લીટીમાં જણાવ્યા પ્રમાણે ગાંધીજી ૨૬મી મે, ૧૯૨૦ને દિવસે જ બનારસ જવા અમદાવાદથી નીકળ્યા હતા. તે તારીખે બુધવાર હતો.

Gandhi Heritage Portal

## ૧૮૫. શાહ હાફિજ આલમને પત્ર

[મે ૨૧, ૧૯૨૦][1]

પ્રિય શાહ સાહેબ,

આપનો ચાલુ માસની ૧૪મી તારીખનો પત્ર મળ્યો છે. હું ખિલાફતના કામે[2] મુંબઈ ગયો હતો. ત્યાંથી આજે જ આવ્યો અને આપનો પત્ર વાંચ્યો.

હું ઇચ્છું છું કે આપણા મિત્રો આટલું સમજશે કે આ આખી લડતમાં એ વાતનો સમાવેશ થાય છે કે આપણે જેલમાં જવું પડશે અને સરકાર આપણે માથે જે કંઈ બીજી મુસીબતો નાખવા વિચારે તે બધી સહન કરવી પડશે. એક બાજુ આપણે અસહકારનું જોરદાર આંદોલન ચલાવીએ અને બીજી બાજુ એવી આશા રાખીએ કે સરકાર આપણને પકડે નહીં, અટકાયતમાં રાખે નહીં, જેલમાં પૂરે નહીં કે દેશનિકાલ કરે નહીં, એ બનવાજોગ નથી. સહેજ પણ થડકાટ વિના આ બધી વસ્તુઓમાંથી આપણે પસાર થઈ શકીએ એમાં જ આ આખા સંગ્રામનું રહસ્ય રહેલું છે. એટલે હું પોતે તો સરકારની તાકાત સામે માત્ર લડીશ જ નહીં પણ આપણી કોમને એથીયે મોટી તાકાતનો સામનો કરવા માટે તૈયાર કરીશ. ૩૦મી તારીખે હું બનારસમાં[3] હોઈશ એમ માનું છું. ત્યાં અલ્લાહાબાદના મિત્રોને મળતાં મને આનંદ થશે. હવે આપણે મોટી મોટી સભાઓની જરૂર નથી, પરંતુ આ આંદોલનનું સુકાન સંભાળનારા લોકો પરિસ્થિતિ બરાબર સમજી લે એ જરૂરનું છે.

[મૂળ અંગ્રેજી]

બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રૅક્ટ્સ, ૧૯૨૦, પા. ૯૩૩

## ૧૮૬. એસ્થર ફેરિંગને પત્ર

આશ્રમ,

મે ૨૧, ૧૯૨૦

મારી વહાલી દીકરી,

બુધવારે તારી પાસે પહોંચી જવા મેં પ્રયત્ન કર્યો પણ એ બન્યું નહીં. મારે મજૂરોના ઝઘડાનું સમાધાન કરવાનું હતું. એટલે મેં આવવાનું મુલતવી રાખ્યું. બધાં કહેતાં હતાં કે તું મને મળવા ખૂબ આતુર હતી. અલબત્ત, તું આતુર હતી જ. એક ભાઈ ટપાલ લઈ જવા ઊભા છે એટલે મારે ટૂંકમાં જ પતાવવું પડશે. તારો છેલ્લો કીમતી પત્ર મને મળ્યો છે. મને ખાતરી છે

૧. મૂળ સાધન (બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રૅક્ટ્સ) જણાવે છે કે આ પત્ર ૧૯૨૦ના જૂનની ૫મી તારીખે સરકારી અધિકારીઓના ધ્યાનમાં આવ્યો હતો. અને ગાંધીજી તે પહેલાં એટલે ૨૧મી મેએ, મુંબઈની પોતાની છેલ્લી મુલાકાતેથી પાછા ફર્યા હતા.

૨. મિત્રરાજ્યોએ તુર્કસ્તાન સમક્ષ સુલેહની જે શરતો રજૂ કરી હતી, તેના કામે તેઓ ગયા હશે.

૩. ત્યાં અખિલ હિંદ કોંગ્રેસ સમિતિની સભા હતી. આ સભામાં ગાંધીજીએ એવો ઠરાવ મૂક્યો હતો કે કોંગ્રેસે વધુ વખત ગુમાવ્યા વિના દેશ સમક્ષ અસહકારનો કાર્યક્રમ રજૂ કરવો જોઈએ.

Gandhi Heritage Portal

કે એમાં લખ્યા પ્રમાણે તું વર્તીશ જ. ઈશ્વરને મારી પ્રાર્થના છે કે તું શરીર, મન અને આત્માથી સ્વસ્થ અને સશક્ત બનીને ક્ષેમકુશળ પાછી આવી જાય.

આશા છે કે બર્લિન[1] જહાજ પર તને મારો ટૂંકો પત્ર[2] મળ્યો હશે.

તારો

બાપુ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા મૂળ પત્રની છબી પરથી : તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૭૧

## ૧૮૭. શૌકતઅલીને તાર[3]

મે ૨૨, ૧૯૨૦

હા. અલ્લાહાબાદ. ૧લી કે ૨જી જૂન અનુકૂળ છે.

[મૂળ અંગ્રેજી]

બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રૅક્ટ્સ, ૧૯૨૦, પા. ૮૨૫

## ૧૮૮. ગણેશ વાસુદેવ માવળંકરને પત્ર

આશ્રમ,

જેઠ સુદ ૫ [મે ૨૨, ૧૯૨૦][4]

ભાઈશ્રી માવળંકર,

તમારો કાગળ મળ્યો. વાંચ્યો તેવો જ ફાડી નાખ્યો છે. તમારું ધર્મસંકટ[5] હું સમજી શકયો છું. મારા લખવાનો તમે ખોટો અર્થ ન કરો એટલું જ મારે સારુ બસ હોવું જોઈએ. મારી સલાહ પ્રમાણેના વર્તનની હમેશાં આશા હું રાખી જ ન શકું. મારો ધર્મ મેં બજાવ્યો. હવે હું નિશ્ચિંત થયો. તમારા પ્રત્યેનો મારો ભાવ જરા પણ ઓછો નથી થવાનો એ ખચીત માનજો.

મોહનદાસ ગાંધીના

વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

છબી પરથી : જી. એન. ૧૨૨૨

૧. એસ્થર આ જહાજમાં ડેનમાર્ક ગઈ હતી.
૨. આ પત્ર મળતો નથી.
૩. અલ્લાહાબાદમાં ખિલાફતના પ્રશ્ન માટે મળનારી પરિષદ સંબંધમાં આ તાર મોકલાયો હતો.
૪. માવળંકરકૃત સંસ્મરણોમાં આ તારીખ આપી છે.
૫. જુઓ "ગણેશ વાસુદેવ માવળંકરને પત્ર", ૧૧-૫-૧૯૨૦.

Gandhi Heritage Portal

# ૧૮૯. હવે શું કરીશું?

"સુલેહ"ની શરતો બહાર પડી ચૂકી છે. અંગ્રેજી "પીસ" શબ્દનો અર્થ આપણે સુલેહ કરીએ છીએ. "પીસ"નો અર્થ શાંતિ પણ થાય. જે શરતો બહાર પડેલી છે એને લડાઈની શરતોને નામે ઓળખાવી હોત તો એ ખરી વસ્તુ સૂચવનારો શબ્દ ગણાત. પણ મરહૂમ ગ્લૅડસ્ટનની મશ્કરી કરતાં તેના જેવા જ મહાન પુરુષ મરહૂમ ડિઝરેલીએ એક વેળા કહેલું કે ભાષા એ માણસોના વિચાર બતાવવાને નહીં પણ છુપાવવાને શોધાયેલી છે. એ વાક્ય આ સુલેહની શરતોને બરોબર લાગુ પડે છે. જ્યાં એક પક્ષ બીજા પક્ષની પાસે કંઈ પરાણે કબૂલ કરાવે, બીજા પક્ષને પોતાના પશુબળથી નિચોવી નાખે ત્યારે સુલેહ થઈ એમ કહેવું એ તો સત્ય-નારાયણનો મહા ગુનો કર્યા બરોબર છે.

છતાં મહામંડળે એટલે સુપ્રીમ કાઉન્સિલે એવી શરતો ઘડીને તુર્કીને મોકલાવી આપી. અને તેમ કરીને પોતે ધારણ કરેલાં વિશેષણો વગોવેલ છે. જે મંડળે ન્યાયને કોરાણે મૂક્યો, જે મંડળ પોતાના બળથી અંધ થઈને અન્યાયને ન્યાયને નામે ઓળખાવવા ઇચ્છે, તે મંડળ પોતાને મહાન કહેવડાવે એ તો પડ્યાને પાટુ મારવા બરોબર છે. તુર્કીની સુલેહથી બ્રિટિશ પ્રધાનોના વચનનો સંપૂર્ણ ભંગ થયો છે એમ કહી શકાય. જ્યાં જ્યાં તુર્કીની કોમ છે ત્યાં ત્યાં એશિયામાં અને યુરોપમાં તુર્કીની સલ્તનત જાળવવાનું વચન હતું. એમ છતાં તુર્કીની સલ્તનત નામની જ રાખવામાં આવી છે. ખરું જોતાં સુલતાનને પોતાના મહેલમાં કેદ કર્યા જેવું મહામંડળે કર્યું છે. એટલે તુર્કીને પોતાની અસલી જાહોજલાલીનું નિરંતર સ્મરણ કરાવીને રિબાવવા જેવું થયું. મુસલમાનોનાં પવિત્ર સ્થાનનો કબજો ખલીફના હાથમાં જ રહેવાની આશા હતી તેને બદલે એ પવિત્ર સ્થળો અને જે દ્વીપકલ્પને મુસલમાનો જઝીરત-ઉલ-અરબને નામે ઓળખે છે તેની હકૂમત તુર્કીની પાસેથી છીનવી લેવામાં આવી છે. આ બધામાં ન્યાયની કે સત્યની ગંધ જેવુંયે જોવામાં નથી આવતું. છતાં તેને ન્યાયને નામે ઓળખાવવામાં આવે છે એ મનુષ્યના અભિમાનની, ઉદ્ધતાઈની અને પશુબળની સીમા આવી ગણાય. જો આવી એકપક્ષી શરતોને ન્યાયી શરતો ગણી શકાય તો દુનિયામાં ઘણી વસ્તુઓ, જેને આપણે અન્યાયને નામે જાણતા થઈ ગયા છીએ તેને પણ ન્યાયી ગણવી પડશે.

છતાં ના. વાઇસરૉય સાહેબ મુસલમાનોને ઉદ્દેશીને કહે છે[૧] કે તેઓએ શાંતિ જાળવવી. જે રહ્યું છે તે આશાજનક છે અને તેથી તેઓએ નિરુત્સાહી થવાને બદલે ઉત્સાહિત થવું. તેઓએ ઇંગ્લંડ અને તુર્કી વચ્ચેની અસલી મિત્રતા યાદ રાખવી અને હવે આ સુલેહથી ફરી મેળાપ થયો છે તેની ઉપર નવી મિત્રતાનું ચણતર કરી નવું અને તેજસ્વી તુર્કી પેદા કરવામાં તેઓએ ભાગ લેવો. વાઇસરૉય સાહેબના આ ઉદ્‌ગારો દાઝ્યા પર ડામ દેવા સમાન છે. આવે કઠિન સમયે શું કરવું? મુસલમાનો શાંત થઈ બેસે તો તેઓની ગયાં ચાર વર્ષની પ્રવૃત્તિ ખોટી ઠરે. અને મુસલમાનની અશાંતિએ હિંદુ અશાંત, હિંદુની અશાંતિએ મુસલમાન અશાંત એવો મિત્રતાનો કાયદો છે. એમ આપણાં મન અશાંત થતાં જો આપણે ગુસ્સામાં આવી જઈએ, આવેશમાં

૧. ૧૪મી મે, ૧૯૨૦ના એમના સંદેશામાં; જુઓ પરિશિષ્ટ ૨.

Gandhi Heritage Portal

ખૂનખરાબો કરીએ તો બાજી હાથથી ગયેલી છે. પણ જો આપણે ખૂનખરાબો ન કરીએ, આપણામાં આપભોગ કરવાની શક્તિ છે એમ બતાવીએ તો બાજી હાથથી ગઈ છે એમ કહેવાય જ નહીં.

આ સુલેહની શરતો લખાઈ ગઈ તેથી મુસલમાનોએ ને સમસ્ત હિંદી પ્રજાએ હેબતાઈ જવાનું મુદ્દલ કારણ નથી. જો હિંદુસ્તાન પોતાનું કર્તવ્ય કરશે તો આ શરતો ખરે જ ફરશે. તેને વિષે જરાયે શંકા લાવવાનું કારણ નથી. એ ફેરવવા હિંદુસ્તાનને સારુ માત્ર એક જ વસ્તુ છે, અને તે અસહકાર છે. અસહકાર એ ફરજ છે, કેમ કે તેમ ન કરવામાં આવે તો હિંદુસ્તાન અધર્મમાં સહાયક થયું ગણાય. આ બ્રિટિશ સલ્તનત પ્રત્યેક રૈયતની સહાયથી જ ટકી રહેલી છે. સલ્તનતનાં બધાં કાર્યો સલ્તનત નીચે રહેનારી રૈયતની સહાયથી જ થાય, પછી ભલે એ સહાય રૈયતની ઇચ્છાએ આપવામાં આવેલી હોય કે બળાત્કારે. બળાત્કારને વશ ન થવું એ સત્યાગ્રહનું મુખ્ય ચિહ્ન છે. એટલે જ્યાં પ્રજામાં સત્યાગ્રહનો કંઈ પણ અંશ હોય ત્યાં પ્રજા બળાત્કારને વશ થતી નથી અને સત્યાગ્રહી પ્રજાની પાસેથી, રાજ્યકર્તા કળેથી, એટલે પ્રજાને રીઝવીને કામ લઈ શકે છે. આ ખિલાફતના મામલામાં પ્રજા નથી કળને કે નથી બળને વશ થઈ શકતી. તેથી જો મુસલમાનોની લાગણી ખરેખરી દુભાઈ હોય તો તેઓ સલ્તનતને સહાય તો ન જ દઈ શકે અને જો તેઓ સહાય ન દે તો હિંદુથી સહાય કેમ દઈ શકાય?

અસહકાર ક્યારે કરવો, કઈ રીતે કરવો તે વિચાર કરવાને સારુ અગ્રેસર હિંદુઓ અને મુસલમાનોની સભા[1] થોડા સમયમાં થનારી છે. તે સભા જે નિશ્ચયો બહાર પાડે તેને પ્રજા વધાવી લેશે તો અત્યારે જે અકુશળ જણાય છે તેમાંથી આપણે કુશળને ઉત્પન્ન કરી શકીશું. દરમ્યાન પ્રજાએ મહા ધીરજ રાખી બેસી રહેવાનું. તેમાં પ્રજાની તપશ્ચર્યા છે.

પણ આ મહાન પ્રશ્નને વિષે ઘણા પેટા પ્રશ્નો ઉત્પન્ન થાય છે. તેમાંના કેટલાક વિચારવા લાયક છે. અનેક જગ્યાએથી અસહકારની અયોગ્યતા વિષે અથવા તેમાં રહેલાં જોખમો વિષે મને ઘણી સલાહ આપવામાં આવેલી છે. તેથી કેટલાક સલાહકારોને મેં જે જવાબ આપેલા છે એ નવજીવનના વાંચનારે પણ જોઈ જવા યોગ્ય છે, એમ ધારીને મારી ઉપર એક અંગ્રેજ મિત્રનો પત્ર આવેલો છે તેનો મેં જે જવાબ આપેલો છે તેનો અને પત્રનો સાર નીચે આપું છું.[2]

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૩–૫–૧૯૨૦

૧. હિંદુઓ અને મુસલમાનોની આ સંયુક્ત સભા અલ્લાહાબાદમાં ૧લી અને ૨જી જૂન, ૧૯૨૦ને રોજ મળી હતી. ૩૦૦ આગેવાન પ્રતિનિધિઓ એમાં આવ્યા હતા. એમાં એની બેસંટ, મદનમોહન માલવિયા, તેજ બહાદુર સપ્રુ અને મોતીલાલ નેહરુ પણ હાજર હતા.

૨. જુઓ "કેટલીક ગૂંચવણોનો ઉકેલ", ૧૯–૫–૧૯૨૦. એ લેખનો અનુવાદ આના અનુસંધાનમાં આપવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

# ૧૯૦. ખાદીનો મહિમા

વાંચનાર જાણીને રાજી થશે કે ખાદીની માગણી હિંદુસ્તાનમાં ચોમેરથી આવી રહેલી છે. જેટલી ખાદી હતી તેટલી બધી ઊપડી ગઈ છે. અને બીજી માગણીઓ આવ્યા કરે છે તેથી ખાદી હવે કોઈએ મંગાવવાપણું નથી એવુંયે સમજવાનું નથી. લોકોને અવિશ્વાસ આવી જવાથી ખાદી બનતી બંધ થઈ છે, નહીં તો ખાદી ઢગલામોઢે પેદા કરી શકાય એવી આપણી સુંદર સ્થિતિ છે. અને જોકે ખાદીનો ઉપાડ હું ઇચ્છું છું તોપણ ખાદીની ઉપર હું એટલો બધો મોહિત છું કે જ્યાં ખાદીનો ઉપયોગ ન હોય ત્યાં કેવળ ખાદીનો ભંડાર ખુટાડવાની જ ખાતર કોઈ ખાદી મંગાવે એવું હું ઇચ્છતો નથી. જેમાં હાથે કાંતેલા સૂતરનો પ્રયોગ થયો છે તે ખાદી હું પવિત્ર ગણું છું એટલે એ નાખી દેવાની વસ્તુ નથી. અને જ્યાં જરૂરિયાત જ નથી ત્યાં ખાદી વપરાય તો દેશને નુકસાન થાય. ખાદીનો સદુપયોગ તો ત્યારે જ થયો ગણાય કે જ્યારે આપણે જ્યાં જ્યાં ઝીણાં વસ્ત્રનો, પરદેશી વસ્ત્રનો કે દેશી મિલનાં વસ્ત્રનો ઉપયોગ કરતા હોઈએ ત્યાં ત્યાં ખાદીનો ઉપયોગ કરતા થઈ જઈએ. તો જ હિંદુસ્તાનમાં કપડાંની તૂટ છે તેને આપણે પહોંચી વળવાના. એટલે નિયમ તો એ છે કે જેઓ અનેક પ્રકારનાં જુદાં જુદાં કપડાં પહેરે છે તેઓએ કપડાંની હાજત ઘટાડવી, એટલે કપડાં ઉપરનો બોજો ઓછો થાય અને જોઈતાં કપડાંમાં પણ જ્યાં જ્યાં બની શકે ત્યાં ખાદીનો જ ઉપયોગ કરવો. આથી ગરીબ લોકોને કપડું મળી શકશે અને કપડાંમાં વપરાતા પૈસાનો વધારે સારો ઉપયોગ થશે, કેમ કે તે પૈસો બેચાર જણાને મળવાને બદલે હજારોમાં વહેંચાશે. ઉત્પન્ન કરવું એટલું જ બસ નથી, ઉપયોગ કરવો એટલું જ બસ નથી, પણ બન્નેમાં વિવેકબુદ્ધિ હોવી જોઈએ. ઉત્પન્ન એવી રીતે કરવું, જેથી તેનો લાભ વધારેમાં વધારે સંખ્યાને મળે. અને ઉપયોગ પણ એવી રીતે કરવો કે જેથી તેનો પણ લાભ વધારેમાં વધારે સંખ્યાને મળી શકે. આ અર્થશાસ્ત્રનો સરળ નિયમ છે. તેનો જ્યાં ભંગ થાય છે ત્યાં જ ભૂખમરો હોઈ શકે. એટલે ખાદીની માગણીથી જ હું છેક મુગ્ધ બની શકું તેમ નથી. પણ ખાદી મંગાવનારાઓ ઉપરથી હું જોઈ શકું છું કે તેઓ ખાદીનો સદુપયોગ કરવા ધારે છે. વળી ખાદીનો ઉપાડ સ્વદેશી ભાવનાની ઉપર પ્રીતિની નિશાની છે. તેથી આપણે હર્ષ પામવા જેવું છે. ખાદીની માગણી બલૂચિસ્તાનથી, નીલગિરિ પહાડો ઉપરથી અને છેક એડનથી આવેલી છે.

પણ કદાચ એથીયે વિશેષ સંતોષ તો સરલાદેવી ચોધરાણી અને બાહોશ અને અત્યંત સુસ્વભાવવાળા મૌલાના હજરત મોહાનીનાં બીબીસાહેબના અનુભવ વિષે માની શકાશે. સરલાદેવીને બરેલીની ખિલાફત કૉન્ફરન્સમાં જવાનું નિમંત્રણ હતું. ત્યાં તેઓ ત્રીજી તારીખે ગયાં. તેમણે ખાદીની સાડીનો રસ સત્યાગ્રહ સપ્તાહમાં લીધેલો હતો, તેથી પોતાના કર્તવ્ય વિષે વિમાસણ થયું અને પોતાના આત્માની સાથે વિચારવા લાગ્યાં. એ બાઈ પોતાના એક કાગળમાં લખે છે:[1] બરેલી પહોંચ્યા પછી અને અનુભવ લીધા પછી લખે છે:[2]

બરેલીની પ્રાંતિક પરિષદમાં તેમના હાથમાં સ્વદેશીનો ઠરાવ હતો. તે વખતે તેમણે હિંદીમાં ભાષણ કરતાં જે ઉદ્‌ગારો કાઢ્યા તેમાંથી કેટલાક ફકરા અહીં આપું છું.[3]

૧. ૨. અને ૩. આ લખાણ અહીં આપ્યું નથી. તેને માટે જુઓ "સ્વદેશી આગળ વધે છે", ૧૯–૫–૧૯૨૦માં હાંસિયો છોડીને આપેલું લખાણ.

Gandhi Heritage Portal

ઉપર પ્રમાણે ભાષણ કર્યા પછી ચોધરાણી અને ચોધરીજીની કસોટી તો તુરત જ થવાની હતી. કેમ કે તેઓના મોટા પુત્રનાં લગ્ન ગયે બુધવારે થયાં. વરવહુને સારુ કપડાં કેવાં બનાવવાં એ પ્રશ્ન તેઓની પાસે આવી પડયો. પંડિત રામભજદત્ત ચોધરી આ વિષે કાગળ લખતાં લખે છે:[1]

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૩–૫–૧૯૨૦

## ૧૯૧. અમદાવાદમાં મિલમાલેકો અને કામદારો

અંગ્રેજીમાં કહેવત છે કે જેનો અંત સારો છે એ બધું સારું જ ગણાય. એ ન્યાયે માલેકો અને મજૂરો વચ્ચે ક્ષણભર ભેદ ઉત્પન્ન થયો અને કામદારોએ હડતાળ પાડી એ વાત તેઓ અને પ્રજા થોડા સમયમાં ભૂલી જશે. એ હડતાળનાં શુભ સ્મરણો રહી જશે. કામદારોએ ધીરજ, દૃઢતા, વિવેક વગેરે ગુણો સારી રીતે ખીલવ્યા, એમ નિર્ભયતાથી કહી શકાય. તેઓએ દારૂ છોડવાનો પણ સારો પ્રયત્ન કર્યો ગણાય.[2]

બેય પ્રસંગો શાંતિના વિરોધી હતા. એક તો એ કે બાર મિલો ચાલતી હતી. અને બીજો એ કે ત્રાંસલ ખાતાના કામદારોએ જ હડતાળ પાડેલી. બીજાઓ પોતાના વાંક વિના કામધંધા વગર થઈ બેઠા છતાં તેઓ તરફથી કંઈ દબાણ થયું નથી અને આખો સમય શાંતિ જળવાઈ રહી. એને સારુ કામદારોને જેટલો ધન્યવાદ અપાય તેટલો ઓછો છે.

પણ મિલના માલેકોનો પણ એ શાંતિ જાળવવામાં ભાગ હતો એમ કબૂલ કરવું જ જોઈએ. તેઓ ધારત તો શાંતિનો ભંગ કરી શકત અથવા કરાવી શકત. કામદારો અડગ રહ્યા હોત તોયે માલેકો શાંતિ જાળવવાનું કામ ઘણું મુશ્કેલ કરી શકત એ ચોક્કસ છે. તેને બદલે માલેકો પણ આ હડતાળનો અંત કેમ જલદી આવી શકે એવા વિચારમાં હતા તેથી જ આ હડતાળનો અંત દશ દહાડાની અંદર આવી શકયો. મારી ઉમેદ છે કે કામદારો બરોબર વગર સંકોચે કામ ઉપર ચડી જશે[3] અને પોતાના શેઠોને પૂરેપૂરો સંતોષ આપશે. જે વધારો પગારમાં તેઓને પંચે અપાવ્યો છે એ વધારાનો તેઓ સદુપયોગ કરે. ઘણા માલેકોને તે વિષે રહેલો ભય દૂર કરશે. જેમ પગાર વધ્યો છે તેમ કામ કરવાના કલાક ઘટયા છે. આ બચેલા વખતનો મજૂરોએ સારામાં સારો ઉપયોગ કરવો ઘટે છે અને આગળના કરતાં વધારે કાળજી વાપરી જેટલું કામ તેઓ બાર કલાકમાં કરી શકતા તેટલું જ લગભગ દશ કલાકમાં આપી તેઓ પોતાની લાયકાત સિદ્ધ કરશે.

માલેકોને હું વિનંતી કરું છું કે તેઓ મજૂરો તરફ વધારે ઉદાર બની તેઓને પોતાના કરી લેશે. જો આ પ્રમાણે બંને પક્ષ તરફથી એક જ દિશામાં ગતિ થાય તો મતભેદ કે કડવાશ

૧. આ લખાણ માટે જુઓ "સ્વદેશી આગળ વધે છે", ૧૯–૫–૧૯૨૦.

૨. ગાંધીજીએ મિલમજૂરોમાં નશાબંધીનો પ્રચાર શરૂ કર્યો હતો અને ૧૧મી મે સુધીમાં એક સો મજૂરો પ્રતિજ્ઞાપત્ર ઉપર સહીઓ કરી ચૂકયા હતા.

૩. ૨૦મી મે સુધીમાં ૬૧ મિલોમાંથી ૧૯માં મજૂરો પાછા કામે ચડી ગયા હતા.

Gandhi Heritage Portal

થવાનું જરાયે કારણ નહીં રહે. આ હડતાળમાંથી એક સુંદર તત્ત્વ પેદા થયું છે તે પંચનું છે. મજૂરો હવે પછી જરાયે હડતાળ નહીં પાડે પણ જ્યારે જ્યારે તેમની વચ્ચે અને માલેકોની વચ્ચે મતભેદ થાય ત્યારે ત્યારે તેઓ અને માલેકો પંચની જ મારફત ફેંસલો કરાવશે. આ તત્ત્વ જો ઘર કરી જાય તો આપણે કોઈ કાળે અમદાવાદમાં મિલોમાં અશાંતિનો કે હડતાળનો ભય રાખવાપણું રહેશે નહીં.

એવી જાતના ઠરાવ તો બંને પક્ષે કર્યા છે પણ ઠરાવની કિંમત ઠરાવ કરનારાઓના ભવિષ્યના વર્તન ઉપર જ આધાર રાખે છે તેમાં કયાંય કાયદો તેઓને ફરજ પાડી શકતો નથી. આમાં બંને પક્ષની પ્રામાણિકતા ઉપર અને ખાનદાની ઉપર જ આધાર રહેલો છે. તેથી પંચના તત્ત્વ કરતાં પણ મજૂરપક્ષે વિનય અને અદબ જાળવવી. માલેકપક્ષે મજૂરો ઉપર પિતાનો ભાવ રાખવો એટલે હડતાળનો અથવા તો પંચ નીમવાનો પણ અવસર નહીં આવે. મજૂરોએ સમજી લેવું જોઈએ કે તેઓની માગણીઓમાં જ્યાં સુધી વાજબીપણું રહેલું છે ત્યાં સુધી જ તેઓ પૂજ્ય અનસૂયાબહેન અથવા તો ભાઈ શંકરલાલ બેંકરની સેવા લઈ શકે છે. પણ એઓનોયે અંતિમ ઉદ્દેશ તો એ જ છે કે તેઓની સેવા લેવાનો પણ મજૂરપક્ષને વખત ન રહે. આવું શુભ પરિણામ આવી શકે તો કામદારોની આંતરિક સ્થિતિ સુધારવા તરફ સર્વનું ધ્યાન દોરાય, તે તરફ વધારે મહેનત કરી શકાય. હિંદુસ્તાનમાં ચોમેર અત્યારે આવા પ્રકારનાં કામ થવાની પૂરેપૂરી જરૂર છે. જાગૃતિ આવી છે. જુસ્સો વધ્યો છે, બળ વધ્યું છે, પણ જો આ બધી શક્તિનો વિવેકપૂર્વક સદુપયોગ ન થાય તો ઘણાયે ધોધ જેમ કંઈ પણ ઉપયોગ વિના વેરાઈ જાય છે તેમ આ શક્તિ પણ વેરાઈ જવાની અને કેટલીક વેળા જેમ ધોધ આડા ફાટે ત્યારે નુકસાન કરે તેમ આ શક્તિ પણ નુકસાનકારક નીવડી શકે છે. મજૂરોએ પોતાની આંતરિક સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કરવો ઘટે છે એ તો કહેવાપણું હોય જ નહીં, પણ તેમાં માલેકો પૂરો રસ લેશે અને મજૂરોને મદદ કરશે એવી મારી ઉમેદ છે. તેમાં તેઓનો સ્વાર્થ પણ સમાયેલો છે અને જ્યાં સ્વાર્થ અને પરમાર્થ સાથે રહી શકે છે ત્યાં સુંદરમાં સુંદર પરિણામો આવ્યાં છે એવો જગતનો અનુભવ ભલે માલેકોનો અને મજૂરોનો થાઓ.

[મૂળ ગુજરાતી]

नवजीवन, २३–५–१९२०

Gandhi Heritage Portal

# ૧૯૨. લગ્નના વરઘોડા

આ વિષે એક વિદુષી બહેને કાગળ લખ્યો છે તેમાંથી નીચેનો ભાગ અગત્યનો સમજી નવજીવનના વાંચનારની આગળ મૂકું છું :[1]

આ કાગળ આપવાનો હેતુ એ છે કે જે વિષય ચર્ચવાની મેં હિંમત કરી છે તે વિષય ઉપર લોકો વિચાર કરતા થઈ જાય અને કંઈક પણ તેનો અમલ કરે. આવા લોકોપયોગી સુધારાની બાબતમાં આપણે કેવળ સારા વિચારો ધરાવીને સંતુષ્ટ નથી રહી શકતા. પણ જે રિવાજ હાનિકારક લાગે તેનો આપણે તુરત નિકાલ કરવાની ટેવ પાડવી ઘટે છે. વડોદરા તરફથી મારી પાસે ઘણા માણસો આવી ગયા. અને પાટીદારોમાં આ વર્ષ વિવાહનું હોવાથી બાળકો અને બાળકીઓને પણ પરણાવવાની જે કુટેવ છે તેની બાંધી ગાયકવાડ સરકાર તરફથી થયેલી હોવાથી મજકૂર ભાઈઓ એ મનાઈ ખેંચી લેવાય એવી સલાહ માગવા આવ્યા. જ્યારે તેઓને કહ્યું કે જો મારા હાથમાં ગાયકવાડ સરકારની સત્તા હોય તો તે નાજુક બાળક કે બાળકીને પરણાવનારની સામે હું તો એવો સત્યાગ્રહ કરું કે તેઓ ગાયકવાડી રાજ્યમાં રહી પણ ન શકે. મારો આ વિનોદ આ ભાઈઓ સમજી શક્યા અને મારી મદદનો વિચાર તો છોડી દીધો એટલું જ નહીં પણ બાળલગ્ન જે ઘર ઘાલી રહ્યાં છે તે કઈ રીતે નીકળી શકે એ ચર્ચા કરવા લાગી ગયા. મેં તેમને કહ્યું કે બીજી નાતોને દરેક વર્ષે લગ્નની વેળા આવી શકે અને પાટીદારને જ ન આવે એવું ઊંધું શાસ્ત્ર હોય નહીં. આવી બાબતમાં સલાહની પણ જરૂર ન હોય. જેની ઇચ્છા થાય તે પોતાની છોકરીના લગ્નને રોકી શકે છે. અને દરેક વર્ષ જેમ બીજાઓને સારુ લગ્ન કરવા છૂટું હોય છે તેમ તેઓએ પણ સમજી જવું જોઈએ. ત્યારે તેઓએ કહ્યું કે જો અમે અમારી દીકરીને આ વેળા પરણાવ્યા વિના રાખીએ તો અમને યોગ્ય વર ન મળી શકે. એમ કેટલાક રિવાજો ખબર હોય છતાં તેની સામે થવું મુશ્કેલ પડે છે. મેં તેઓને જવાબ આપ્યો કે આવા દુષ્ટ રિવાજોની સામે થનાર એક માણસ નીકળે તો તેને બીજો સાથી મળ્યા વિના તો રહેતો નથી અને કેટલાક પાટીદારો જેઓએ પોતાની દીકરીને મોટી થવા દીધેલી છે તેઓનું દૃષ્ટાંત મેં આ ભાઈઓને આપ્યું અને છેવટે કહ્યું કે જેને અમુક વસ્તુની યોગ્યતા વિષે ખાતરી થઈ છે એ માણસ ગમે તેવું જોખમ માથે ઉઠાવે. દીકરીના સંબંધમાં તો ભારેમાં ભારે જોખમ એ જ ઉઠાવવાનું રહ્યું કે દીકરી મોટી ઉંમરની થતાં સુધી પણ પરણ્યા વિનાની રહી જાય. આમાં હું તો કોઈ મુશ્કેલી જોઈ જ શકું નહીં. જે કન્યાએ વિવેકી કેળવણી લીધી છે તેને સંયમ પાળવામાં કશીયે મુશ્કેલી નથી હોતી એવું મેં અનુભવ્યું છે. તે અનુભવ આ ભાઈઓની પાસે મેં રજૂ કર્યો. તેઓ વિદાય થયા. છેવટે શું કર્યું એની મને ખબર નથી. પણ આ દૃષ્ટાંત, રિવાજનું કેટલું બળ છે એ આપણને બતાવે છે. એવું છતાં જ્યાં સુધી આપણે એ બળની સામે પુરુષાર્થ ન કરીએ ત્યાં સુધી પ્રજાનું હનન કરનારા દુષ્ટ રિવાજો આપણે દૂર નથી કરી શકવાના.

૧. આ પત્ર અહીં ઉતાર્યો નથી. ગાંધીજીએ પોતાના લેખમાં લગ્નના રીતરિવાજોની ટીકા કરી હતી, તે પત્ર લખનાર બહેનને ગમી હતી. જુઓ "ત્રણ પ્રસંગો", ૯-૫-૧૯૨૦.

Gandhi Heritage Portal

પણ હું તો વરઘોડા ઉપરથી કજોડાની વાત ઉપર ચડી ગયો. બાળકીઓને બચાવવામાં પાટીદારોને જેટલી મુશ્કેલી આવે તેટલી સામાન્ય માણસને જૂઠા આડંબરવાળા વરઘોડામાંથી છૂટતાં તો ન આવી શકે. કોઈની પણ રાહ જોયા વિના જેને વરઘોડાનો કંટાળો આવે તે પોતે તો તુરત સુધારા કરી નાખશે તો આપણે આ અને એવા અનેક પ્રાણઘાતક પ્રપંચોમાંથી અલ્પ પ્રયાસથી છૂટી જઈશું.

[મૂળ ગુજરાતી]

*નવજીવન*, ૨૩–૫–૧૯૨૦

## ૧૯૩. અખબારો જોગ નિવેદન

હું જોઉં છું કે કેટલાક માણસોએ[1] સુલેહની શરતોને પરિણામે પોતાના ઑનરરી હોદ્દાઓ અને ખિતાબો પોતાની જોખમદારી ઉપર પાછા વાળવાનું શરૂ કર્યું છે. મારા મત પ્રમાણે આ પગલું ઉતાવળિયું છે. અસહકારનું જોખમભર્યું પગલું ભરતાં પહેલાં એ શરતો વિષે ફરીથી વિચાર કરી જોવાની અરજો અને હિંદની પ્રજાની તેને લગતી લાગણીનો આવિર્ભાવ કરવાની ખાસ જરૂર છે. આથી મને આશા છે કે જેઓ આવું પગલું ભરવા ઇચ્છતા હોય તેઓ કેન્દ્રસ્થ સંસ્થાની સૂચના વિના આવું એકાંકી પગલું નહીં ભરે.[2]

[મૂળ ગુજરાતી]

*ગુજરાતી*, ૨૩–૫–૧૯૨૦

## ૧૯૪. અમદાવાદની મિલ હડતાળના સમાધાન વિષે ભાષણ[3]

મે ૨૩, ૧૯૨૦

રા. મંગળદાસ શેઠ, બહેનો અને સહુ ભાઈઓ,

આજે આપણે સહુ અહીં ભેળા થયા છીએ તેનું કારણ એ છે કે જે હડતાળની જંજાળમાં આપણે પડ્યા હતા તેમાંથી હવે આપણે છૂટી ગયા છીએ. વળી પાછો શેઠ અને નોકરની વચ્ચેનો સીધો સંબંધ બંધાઈ ગયો છે. આજના કામનો આરંભ આપણે બે ઈશ્વરભજનથી કરેલો છે. મને ઉમેદ છે કે એ ભજનોની ઉપર દરેક ભાઈએ અને બહેને વિચાર કર્યો હશે. ન કર્યો હોય તો હું એ ભજનો તરફ સહુનું ધ્યાન ખેંચવા ઇચ્છું છું. એ ભજનોનો સૂર તો સરસ છે જ પણ એ સૂર ઉપર હું તમારું ધ્યાન નથી ખેંચતો. એ સૂરની પાછળ જે મીઠાશ રહેલી છે, જે અર્થ રહેલો છે તેની તરફ હું તમારું ધ્યાન ખેંચવાને ઇચ્છું છું. બંનેમાંથી આપણે જોઈશું તો એ દેખાય છે કે એક તરફથી જીવ અને બીજી તરફથી શિવ એ બેની વચ્ચે

૧. દાખલા તરીકે, યાકુબહુસેને ૨૦મી મે, ૧૯૨૦ને રોજ મદ્રાસની ધારાસભામાંથી રાજીનામું આપ્યું હતું.

૨. મધ્યસ્થ ખિલાફત સમિતિ.

૩. બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રૅક્ટ્સના હેવાલ પ્રમાણે આ ભાષણ ૨૩મી મે, ૧૯૨૦ને રોજ મિલમાલિકો અને મિલમજૂરોના પ્રતિનિધિઓની એક સભા સમક્ષ અપાયું હતું.

Gandhi Heritage Portal

એક તરફથી મનુષ્ય પ્રાણી પામર સ્ત્રી અને પુરુષ, અને બીજી તરફ મહાન ઈશ્વર એ બે વચ્ચે મોટો તફાવત રહેલો છે. એક પણ વસ્તુ ઈશ્વરની ઇચ્છા વિના કરી શકાતી નથી. ઈશ્વર એ એવું પરમ મહાન તત્ત્વ છે, કે જેને આધીન રહીને આપણે વર્તવું જ પડે છે, જેની સામે આપણો સત્યાગ્રહ કે દુરાગ્રહ કંઈ જ ચાલતો નથી. જે સર્વવ્યાપી છે, સર્વજ્ઞ છે, બધું જાણે છે. તેથી ભજનમાં કહ્યું કે હે ઈશ્વર, તું કેવો મહાન અને હું કેવો પામર-ગમાર? મારા જેવા પામરને અહંકાર શું, અભિમાન શું? આપણું એક જ કર્તવ્ય હોઈ શકે, પ્રભુનું નામ લેવું. સૂતાં બેસતાં જમતાં પ્રત્યેક ક્રિયા કરતાં કરતાં પ્રભુનું જ નામ લેવું. આપણાં શાસ્ત્રોમાં અને ભજનોમાં એમ જ લખેલું છે. બધા માણસોનો અનુભવ પણ એ જ વાત કહે છે. એથી જ આપણે આજની આ મહાન સભાનું કાર્ય ઈશ્વરની પ્રાર્થનાથી શરૂ કરીએ છીએ.

અહીં હાજર રહેલા ભાઈઓ અને બહેનોને હું કહીશ કે દુનિયામાં તમારું આવ્યું સાર્થક કરી તમે ચાલ્યા જવા ઇચ્છતા હો તો તમારા દરેક કાર્યની અંદર ઈશ્વરને સાક્ષી રાખજો. દરેક કાર્ય કરતાં પહેલાં તમારી જાતને પૂછજો કે આ કાર્ય ઈશ્વરને ગમે એવું છે કે નહીં? જો એને ગમે એવું એ કાર્ય નથી એવો તમને જવાબ મળે તો તેનો તમે ત્યાગ કરજો.

મજૂરોની ફરજ શું તેને વિષે વાત કરતાં મેં એ ફરજને નીચે પ્રમાણે સમજાવી હતી. જો મજૂરોએ પોતાની સ્થિતિમાં સારા બનવું હોય, પોતાના શેઠની પ્રીતિ સંપાદન કરવી હોય તો તેમણે પ્રામાણિક બનવું જોઈએ, પોતાનાં વ્યસનોને છોડવાં જોઈએ, ઉદ્યોગી બનવું જોઈએ એટલે કે મહેનતુ થવું જોઈએ, આવડત રાખવી જોઈએ અને વિવેક વાપરવો જોઈએ. વિવેક એટલે હુકમ ઉઠાવતાં આવડવું જોઈએ, અદબથી બોલતાં આવડવું જોઈએ. અદબ રાખવી એટલે શેઠની સાથે રાખવી એટલું જ નહીં, પણ દરેકની જોડે બોલતાં અદબ રાખવી જોઈએ. શેઠને પોતાને નમીએ, સલામ કરીએ અને એ જ શેઠે નીમેલા ઉપરીનું અપમાન કરીએ એ વિનય ન કહેવાય. એક શેઠિયાએ મને કહ્યું હતું કે અમારી મિલમાં સ્પિનરો એવો વાદ લઈને બેઠા છે કે અમુક હેડ જૉબરને કાઢી નાખો તે પછી જ અમે કામે ચઢી શકીએ. એવા કામે નહીં ચઢનાર મજૂરોને હું પૂછવા ઇચ્છું છું કે, એવો વિચાર જ્યારે તમે કર્યો ત્યારે તમે પરમેશ્વરને તમારો સાક્ષી રાખ્યો હતો કે?

હવે તો એવો ઠરાવ થઈ ચૂકેલો છે કે હવે પછી કોઈ પણ કારણસર આપણે હડતાળ પાડીને નથી બેસવું. તેને બદલે હવે આપણને બીજું હથિયાર, હડતાળથી ઘણું જ સુંદર હથિયાર હાથ લાગ્યું છે. આપણે કંઈ કારણથી કચવાયા હોઈએ, અને શેઠની પાસે વિવેકથી વાત કરતાં પણ કંઈ દાદ ન મળે, આપણને સંતોષ ન થાય ત્યારે આપણે ઍસોસિયેશન[1] પાસે જવું જોઈએ અને ત્યાંથી પણ સંતોષ ન મળે ત્યારે પંચ પાસેથી દાદ મેળવવી જોઈએ. એ પંચ અત્યારે તમારી સમક્ષ બેઠા છે. માલિકોની તરફથી મંગળદાસ શેઠ નિમાયા છે અને મજૂરોની તરફથી પૂ. અનસૂયાબહેન, ભાઈ શંકરલાલની ઇચ્છાથી અને મારી પોતાની કબૂલાતથી હું નિમાયો છું. એક વર્ષ સુધીમાં જે કંઈ તકરાર થવા પામે તેના કારણનો ફેંસલો આ પંચે કરવાનો છે. એ પંચ જ્યાં સુધી છે ત્યાં સુધી હડતાળ પાડી જ ન શકાય. કેટલેક ઠેકાણેથી હજી તકરાર આવે છે કે કેટલીક મિલના મજૂરો હજુ કામે નથી ચડ્યા.[2] એ વાત સાંભળી

૧. ઘણું કરીને અહીં મિલ ઓનર્સ ઍસોસિયેશન (મિલમાલિક મંડળ)નો ઉલ્લેખ છે.

૨. મજૂરોનો એવો આગ્રહ હતો કે એમના શેઠિયાઓએ સમાધાનની શરતો સ્વીકાર્યાનું લેખી પ્રમાણ આપવું જોઈએ.

Gandhi Heritage Portal

ત્યારે મને શરમ થઈ અને આ સભાનું શું પ્રયોજન એમ મને લાગ્યું. પરંતુ ઘણા મજૂરો કામે ચડી ગયેલા છે અને એ ઘણાઓને ખાતર હું આજે અહીં આવેલો છું. જેઓ કામે ચડી ગયેલા છે તેમને હું વીનવું છું કે જેઓ કામે નથી ચડયા તેમને ચડી જવા તેઓ મનાવશે. પણ તેમાં કોઈની ઉપર બળાત્કાર કરવાનો નથી, કોઈને ગાળ કે ટુંકારો સરખો કહેવાનો નથી, લાકડી વાપરવાની નથી. માત્ર તમારે તેમને વીનવવું, તેમને પગે પડવું, પાઘડી ઉતારવી, દલીલ કરવી અને કહેવું કે આ તમારો ધર્મ છે. મહાજનના સભાસદો હોય એવા માણસો જો તોછડાઈ — ઉદ્ધતાઈ વાપરે, મિલમાં ન જતા હોય, તો તેમને મહાજનમાં રહેવાનો અધિકાર જ નથી. એટલે મારી સહુ ભાઈઓને વિનંતી છે કે જેઓ કામે નથી ચડયા તેમણે કાલે જ કામ ઉપર હાજર થઈ જવું. તેમ થાય તો જ આ મોટી સભા શોભે.

મંગળદાસ શેઠની સમક્ષ હું શેઠિયાઓને કહું છું, વિનંતી કરું છું, મજૂરોના પ્રતિનિધિ તરીકે હું હાથ જોડીને તેમને વીનવી જ શકું, કે તમે મજૂરોની સાથે ઉદારતાથી વરતજો, તમે મજૂરોની ઉપર મીઠી નજર રાખજો. મેં તો મજૂરોની વતી કબૂલી લીધું છે કે મજૂરો જો ગેર-વર્તણૂક કરે, તમારો કંઈ ગુનો કરે તો તમે એમને કાઢી મૂકજો. તેમાં હું વચ્ચે નથી પડવાનો. પણ તમને મારી એટલી વિનંતી છે કે માણસો ઉપર તમે રહેમ રાખજો, કોઈ મોટો હોય, જરા અગ્રેસર હોય માટે એને કાઢી નહીં મૂકજો. મંગળદાસ શેઠે મને કહ્યું છે કે મારે મજૂરોનો એક પૈસો પણ નથી જોઈતો. મજૂરોનો પૈસો લઈને અમે કરોડ (નિસાસા) નથી લેવાના. તેમને રૂપિયો આપીને અમે રાજી થઈશું, તેમનો પૈસો લઈને નહીં. તેમણે મને આમ અનેક વાર કહેલું છે. મજૂરો અને માલિકોની વચ્ચે હવે પગારમાં તકરાર નહીં રહે. મંગળદાસ શેઠે કહ્યું છે કે મજૂરો જો મારી ઉપર સવાર થઈ આવે તો કેમ કંઈ આપી શકાય? તેઓ ભાઈબંધીથી — નોકર થઈને આવે તો રૂપિયો આપી શકાય. મેં કહ્યું કે શિરજોરીથી જો કોઈ તમારી પાસે લેવા આવે તો જરૂર તેને કંઈ પણ નહીં આપજો. વિનયપૂર્વક પણ મજૂરનાથી પોતાના અધિકારથી વધારે માગી ન શકાય. જો મજૂરો તરફથી વિનય અને ન્યાયનો ઉપયોગ થાય અને શેઠિયાઓ તરફથી ઉદારતા અને ન્યાયનો ઉપયોગ થાય તો તમારે પૂ. અનસૂયાબહેનનું પણ કંઈ કામ નથી પડવાનું, ભાઈ શંકરલાલનું પણ કંઈ કામ નથી પડવાનું અને મારું પણ કશું કામ નથી પડવાનું.

આજે ઍસોસિયેશનમાં દરેક મિલના શેઠિયાઓ બેઠા હતા અને બીજાં ખાતાંના ભાવો તપાસતા હતા. બધી મિલોના પ્રતિનિધિઓ હાજર હતા. તેમણે ભાવો ઉદારતાથી મૂકયા છે. હું એમ નથી કહેતો કે એ પંચનો ઠરાવ છે. તેમ હોય તો કેવળ ઈન્સાફ જ મળ્યો એમ કહેવાય. આની કિંમત પંચના ઠરાવ કરતાં પણ વધારે છે. શેઠિયાઓને લાગ્યું કે ત્રાંસલ ખાતાના મજૂરોને જો વધારો આપીએ તો બીજાં ખાતાંના મજૂરોનો શો વાંક? તેઓ પણ માગવા આવે અને પછી આપીએ એના કરતાં પહેલેથી જ આપીએ એમાં મોટાઈ રહેલી છે, ઉદારતા રહેલી છે. આ ભાવો પંચે નથી માંડેલા પણ જે ભાવો માંડયા હતા તેનાથીયે વધારે છે અને તે શેઠિયાઓએ પોતાની રાજીખુશીથી માંડેલા છે. તેને આપણે રાજીખુશીથી સ્વીકારવા જોઈએ એટલું જ નહીં પણ ઉપકારની સાથે સ્વીકારવા જોઈએ.

બ્લોરૂમ, કાર્ડરૂમ, ટોપલાવાળા, લારીવાળા, તેલવાળા, સાઈઝર્સ, ફોલ્ડર્સ, વગેરે ખાતાંમાં તે કાયમ વધારો નથી અપાયેલો પણ તેમને જે પ્રથમ વધારો મળેલો, ભાઈ અંબાલાલની[૧] સહીવાળો છે, એટલે કે એમને ૨૫ ટકાનો વધારો છે. દરેકને માટે ૧૦ કલાકનો રોજ તો છે જ.

૧. અંબાલાલ સારાભાઈ.



Gandhi Heritage Portal

ફ્રેમર્સના ૩૫ ટકાના વધારીને ૪૦ ટકા કરી આપવામાં આવ્યા છે ને તેમને બોનસ પણ જેવી રીતે ત્રાંસલ ખાતાના કામદારોને બોનસ અપાય છે તેવી જ રીતે આપવામાં આવશે. આ બાબતમાં ફ્રેમર્સને છાંટાભાર વાત કરવાપણું રહેતું નથી. ઉદારતાથી શેઠિયાએ તેમને આપેલું છે.

વીવર્સ, વૉર્પર્સને માટે ૨૦ને બદલે ૨૫ ટકા લખ્યું હતું તે વધારીને ૩૩⅓ ટકા કરી આપવામાં આવ્યા છે.

વાઇન્ડર્સને આજના ભાવ ઉપર ૪૦ ટકાનો વધારો મળશે — એટલે રૂ. ૧)થી વધારે થવા જશે.

બધા ભાવો સરસ છે. આજ છે તેના કરતાં વધારે છે એ તો સહુ કબૂલ કરશે જ. દરેકને ૨૫થી ૪૦ ટકા સુધીમાં મળે છે. આ ભાવોને દરેક જણ વધાવી લેશે, ઈશ્વરનો પાડ માનશે અને શેઠિયાઓનો ઉપકાર માનશે એવી મને ઉમેદ છે.

મેં સાંભળેલું કે સાળખાતાના મજૂર ભાઈઓના મનમાં હજુ અસંતોષ રહી ગયો છે. એ બાબતમાં હું ઊંડો ઊતરી નથી શક્યો — મને વખત નથી મળ્યો. શેઠિયાઓએ એ વિષે વિચાર ખૂબ કર્યો છે. તેમનો વિચાર એમ થયો છે કે હડતાળના દિવસોનું માગવું ન જોઈએ.

સાળખાતાવાળાઓની વાત મેં એમની પાસે મૂકી છે. શેઠિયાઓનું કહેવું છે કે મજૂરોને આટલો વધારો અમારી મેળે જ આપ્યો છે, તો પછી જે ધારો અમે હમેશને માટે દાખલ કરવા ઇચ્છીએ છીએ તેમાં સાળખાતાના કામદારોએ વચ્ચે ન પડવું જોઈએ. હું સાળખાતાના મજૂરોને વિનંતી કરું છું કે, મને તમારા શેઠનોકર વચ્ચેના ન્યાયની ખબર નથી, તોપણ જ્યારે શેઠિયાઓએ આટલું કર્યું છે ત્યારે તમે હવે તેમને તાબે રહેવા માગો છો કે નહીં? તમારી કસોટી લેવા શેઠિયાઓ એમ કરતા હોય તોપણ તમારે તો તાબામાં રહેવું એ જ સારું છે. તમે કહ્યું હતું તેમ મિલના મૅનેજરોએ હાજરી પૂરતાં કહેલું હોય કે પગાર મળશે તોપણ હું કહું છું કે એ વાતમાં આપણાથી હઠ પકડી ન શકાય.

મારી બીજી સલાહ એ છે કે એ બાબતમાં પણ આપણે ન્યાય માગી શકીએ. પણ એનો રસ્તો હડતાળ નથી. કેટલાક હજુ કામે નથી ચઢતા એ મજૂરોને શોભતું નથી. આપણી વચ્ચે મોટો ન્યાય — ચુકાદો — થઈ ગયો છે. હડતાળ કદાપિ નહીં પાડવી. કંઈ તકરાર હોય તો તે પ્રથમ ઍસોસિયેશન પાસે લઈ જવી, ત્યાં કામ ન થાય તો પછી પંચ પાસે તકરાર મૂકવી. કાયદો હાથમાં લઈને આપણાથી એમ કહી ન શકાય કે અમે કામે નથી ચડતા.

જેઓ હજુ હડતાળ પાડી રહ્યા હોય તેઓ કાલથી જ કામે ચડી જજો. તમે શેઠિયાઓ પાસે અરજીઓ કરો, તેમનો ગેરઇન્સાફ લાગે તો પંચ માગો પણ તમારાથી એક કલાક પણ કામ રોકી નહીં શકાય. આ વસ્તુને તમે બધા વળગી જ રહેશો એવી મારી ઉમેદ છે.

હડતાળ શેઠિયાઓ નથી પાડી શકતા. હડતાળ પાડવી પડે છે ત્યારે તમારે મજૂરોને જ પાડવી પડે છે. એટલે તમને નકામો ગેરફાયદો ન થાય, મીઠાશ રહ્યા કરે માટે જ શેઠિયાઓએ પંચનું તત્ત્વ કબૂલ્યું છે. એ તત્ત્વને તેઓ એકલા જ જો કબૂલ કરે તો પછી મજૂરોએ શું કર્યું? હું સાળખાતાના મજૂરોને વીનવું છું કે તમારી જે માગણી હોય તે વિનયપૂર્વક તમે રજૂ કરજો અને તેમ કરીને કામે ચડી જજો. તેમ કરશો તો શેઠિયાઓને થશે કે જો મજૂરો આટલી બધી સારમાણસાઈ બતાવે છે તો તે આપીએ જ. આપણાથી શિરજોરી — દબાણ ન થઈ શકે,

Gandhi Heritage Portal

દબાણ કરીને મેળવી શકાય એવું જો કોઈ માનતું હોય તો તેની ભારે ભૂલ છે. હું માલિકો સમક્ષ કહેવાને ઇચ્છું છું કે જે વખતે મજૂરોનો અન્યાય હું જોઉં તે વખતે મજૂરોને તો હું મદદ ન જ કરું, પણ ઊલટો શેઠિયાઓને જ મદદ કરું. મારો પોતાનો જ ધર્મ એ છે કે જ્યાં જ્યાં અન્યાય જોઉં ત્યાં તેની સામે થવું. જો મજૂરો શેઠિયાઓ સામે અન્યાય કરશે, તો જેમ હું સરકારની સામે થઈ શકું છું, શેઠિયાઓની સામે થઈ શકું છું, તેમ મજૂરોની સામે પણ થઈ શકીશ.

આજ જો હું તમારી પાસેથી લાંચ લઉં, તમે મારાં વખાણ કરો, હારતોરા ચઢાવો એ પણ એક જાતની લાંચ જ છે, તેમ છેતરાઈને ફુલાઈ જઉં તો કાલે મંગળદાસ શેઠ પાસેથીયે લાંચ લેતાં શીખીશ. મારી કિંમત હું ન્યાય જોખાવી શકું ત્યાં સુધી જ રહેશે. જો તમે અન્યાય કરો તો મારે તમારી સામે થઈને ન્યાય જોખાવવો પડે. હું આ દુનિયામાં કોઈની સામે થતો નથી. હું નથી શેઠિયાઓની સામે થતો, નથી મજૂરોની સામે કદી થવાનો. પણ એ બંનેના અન્યાયની સામે હું જરૂર થાઉં. આપણે ઈશ્વરનું નામ લઈને આ શુભ કાર્ય શરૂ કર્યું છે તે પણ કેવળ ન્યાયને સારુ.

ફરી પાછો હું મંગળદાસ શેઠને મિલમાલિકોના અગ્રેસર તરીકે, ઍસોસિયેશનના પ્રમુખ તરીકે, વૈષ્ણવ ધર્મના એક મોટા માણસ તરીકે કહેવા ઇચ્છું છું કે, તમે જો મજૂરોને પૂરેપૂરા તાબામાં લેવા ઇચ્છતા હો તો હમેશાં ઈશ્વરને દરમ્યાન રાખીને ન્યાય આપજો. તેમની ઉપર મીઠી નજરે જોજો. પોતાનાં છોકરાંઓ પ્રત્યે જેટલી પ્રીતિ રાખો છો તેટલી જ મજૂરો પ્રત્યે પણ પ્રીતિ રાખજો. એમ કરશો તો હું ખાતરી દેવા ઇચ્છું છું કે તેઓ બેવફાદાર નહીં થાય.

આ ઝાડની નીચે બેસીને આપણે ઘણાં કામો કર્યાં છે.[૧] આ ઝાડની નીચે આપણે પરમેશ્વરને દરમ્યાન રાખીને કાર્ય શરૂ કર્યું છે તે કામ હવે તમે પૂરું કરજો. એ જ ઝાડની નીચે હું તમને કહેવા ઇચ્છું કે આપણું કામ પૂરું નથી થયું. હજુ તો એ શરૂ થયું છે. જ્યાં સુધી તમોએ શેઠિયાઓનું પ્રમાણપત્ર—સર્ટિફિકેટ—મેળવ્યું નથી ત્યાં સુધી તમારું કામ પૂરું નથી થયું, મારું કામ પૂરું નથી થયું, પૂ. બહેન[૨] કે ભાઈ શંકરલાલનું કામ પૂરું નથી થયું. તમે જે ફૂલોના હાર અમને ચઢાવ્યા તે ફૂલોની કિંમત નથી. તમારા કામની કિંમત છે.

જે પ્રભુનું આજના કાર્યની શરૂઆતમાં સ્મરણ કર્યું તે જ પ્રભુનું સ્મરણ કરીને હું મારું બોલવું બંધ કરીશ. ત્રાંસલ ખાતાના કામદારોએ થોડા પૈસા ઉઘરાણું કરીને એકઠા કર્યા છે અને કોઈ પણ સારા કામમાં વાપરવા મને આપે છે. પૈસા તો હું બધેથી લેતો રહ્યો છું, પણ બીજાં સારાં કાર્યોને માટે તો હું મંગળદાસ શેઠ જેવાની પાસે મારો હાથ લંબાવું છું અને હજી પણ લંબાવીશ, પણ આટલા ભાવની સાથે જે પૈસા તમે આપો છો એનો હું ઇનકાર નહીં જ કરું. તમારા પૈસા હું પૂ. બહેનને આપવાનો છું. તેનો તેઓ મજૂરોની ઉન્નતિને અર્થે ઉપયોગ કરશે—મુખ્યત્વે કરીને તેમને દારૂના વ્યસનમાંથી છોડાવવામાં તેનો ઉપયોગ થશે. બીજો ઉપયોગ મજૂરોનાં બાળકોને ભણાવવામાં, બાળકોને દૂધ મળતું ન હોય તો તેમને દૂધ આપવામાં થશે.

૧. સાબરમતી નદીને કિનારે. ૧૯૧૮ના ફેબ્રુઆરી—માર્ચમાં તાળાબંધી થઈ ત્યારે મજૂરોની રોજિંદી સભાઓ આ સ્થળે ભરાતી હતી. જુઓ પુસ્તક ૧૪, પા. ૧૮૭.

૨. અનસૂયાબહેન સારાભાઈ.

Gandhi Heritage Portal

તમે કેટલા પૈસા લાવ્યા છો એ મને ખબર નથી, પણ તમારા પ્રેમભાવની નિશાની તરીકે એને સ્વીકારી લઉં છું અને મારા પ્રેમભાવની નિશાની તરીકે મેં કહ્યો તેવો તેનો ઉપયોગ હું કરીશ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩૦–૫–૧૯૨૦

## ૧૯૫. દેવદાસ ગાંધીને પત્ર

મંગળવાર [મે ૨૫, ૧૯૨૦][1]

ચિ. દેવદાસ,

તમારો કલકત્તાનો કાગળ એક મળ્યો છે. તમને તો મેં બહુયે કાગળ લખ્યા છે. તે કેમ ન મળે? હું ભાઈ શંકરલાલ અને જુગતરામ[2] સાથે ત્યાં શનિવારે પહોંચીશ. જબલપુર મેલથી આવવાનો. ક્યારે પહોંચે છે એ જોયું નથી. પણ સવારના પહોરમાં જ પહોંચે છે એમ ભાન છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૭૧૭૬

## ૧૯૫ (૧). સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

આશ્રમ,
મે ૨૫, ૧૯૨૦

તમે મને ઘણો ગહન પ્રશ્ન પૂછ્યો છે. હું હમેશાં સ્વીકારતો આવ્યો છું કે લગ્ન અને જ્ઞાતિપ્રથાના પ્રશ્ન વિષે તમારી અને મારી વચ્ચે પાયાના મતભેદો છે. લગ્ન દરેક વ્યક્તિને માટે આવશ્યક છે એમ હું માનતો નથી. ઊંચામાં ઊંચા દૃષ્ટિબિંદુથી જોતાં લગ્નનો દરજ્જો બ્રહ્મચર્યના દરજ્જા કરતાં નીચો છે, પરંતુ મોટા ભાગના લોકો માટે લગ્ન બિલકુલ આવશ્યક છે એમ હું સ્વીકારું છું. સાથે સાથે લગ્ન બાબતમાં પુરુષ અને સ્ત્રીની પસંદગી ઉપર સંયમની દૃષ્ટિએ બંધનો પણ મૂકવામાં હું માનું છું. એટલે જેમ કોઈ ભાઈ પોતાની બહેનને પરણે એ અનુચિત ગણાય, તેવી જ રીતે કોઈ વ્યક્તિ જેને આપણે જ્ઞાતિ કહીએ તેવા પોતાના સમુદાયની બહાર પરણે એને હું અનુચિત ગણું. આમ કરવાથી જ્ઞાતિબહારના પુરુષોને કે સ્ત્રીઓને પેલી વ્યક્તિ સામે લગ્નની દૃષ્ટિથી જોતી અટકાવી દઈ શકાય. એટલે જો કોઈ વ્યક્તિને તેને માટે નિયત થયેલા ક્ષેત્રમાંથી યોગ્ય પાત્ર ન મળી શકે તો તેણે અપરિણીત રહીને સંતોષ માનવો જોઈએ.

૧. દેવદાસ તે વખતે બનારસમાં હતા. ગાંધીજી શનિવાર, ૨૯મી મે, ૧૯૨૦ને રોજ ત્યાં પહોંચ્યા હતા. પત્ર ઉપરથી જણાય છે કે આ પત્ર મે માસની ૨૫મી તારીખે લખાયો હતો.

૨. જુગતરામ દવે; લેખક અને કેળવણીકાર; પછાત જાતિઓના કલ્યાણ અર્થે સેવા આપનાર પૂરા સમયના રચનાત્મક કાર્યકર.

Gandhi Heritage Portal

બીજા શબ્દોમાં કહું તો લગ્ન બાબતમાં હું નિરંકુશ સ્વેચ્છાચારમાં માનતો નથી. મોટા ભાગના લગ્નસંબંધો કેવળ શારીરિક આકર્ષણને લીધે જ થતા હોય છે. આકર્ષણના આ ક્ષેત્રને હું મર્યાદિત કરી નાખવા માગું છું. આ ઉપરથી તમે જોશો કે લગ્ન માટે કન્યા પસંદ કરવા કોઈ બ્રાહ્મણ જો પોતાની જ્ઞાતિની બહાર જાય તો મને તે નહીં રુચે. અહીં અસ્પૃશ્યતાનો પ્રશ્ન નથી. હું માનું છું કે યોગ્ય રીતે નિયમન કરવામાં આવે તો જ્ઞાતિ એક ઉપયોગી સંસ્થા છે. અસ્પૃશ્યતા એ ઈશ્વર અને માનવજાતિ પ્રત્યેનો મહા અપરાધ છે. જ્ઞાતિને તો હું સુધારી લઈશ, પણ અસ્પૃશ્યતાનો તો નાશ જ કરવો રહ્યો. જો મણિલાલ કોઈ ઢેડની છોકરીના પ્રેમમાં પડે તો તેની પસંદગી સામે હું વાંધો ન લઉં, પરંતુ મને એટલું તો લાગે જ કે તે મારું શિક્ષણ પચાવી શક્યો નથી. આ બાબતમાં તે પોતાની પેટાજ્ઞાતિથી સંતોષ માને એમ હું ઇચ્છું. એનું કારણ તેને બીજી જ્ઞાતિના લોકો પ્રત્યે ઘૃણા કે અરુચિ હોય એ નથી, પરંતુ આ બાબતમાં તે આત્મસંયમથી વર્તે એવી મારી ઇચ્છા ખરી. આ જ દલીલ જ્ઞાતિરૂપી સંસ્થાને પણ લાગુ પડે છે. આશ્રમમાં અમે કોઈ જાતનાં જ્ઞાતિનાં બંધનો પાળતા નથી કેમ કે અમે એક નવો પ્રયોગ કરી રહ્યા છીએ. પરંતુ એક બ્રાહ્મણ પોતાની જ્ઞાતિની બહાર જઈ ગમે ત્યાં અને ગમે તેની સાથે ખાતો ફરે એ મને જરા પણ ન ગમે. એટલે જ તો મારી સાથે નહીં જમવાની વાત હું કોઈ . . . .[૧] ભાવનાથી પ્રેરાઈને નહીં, પણ સંયમની દૃષ્ટિથી કરું છું. જ્ઞાતિપ્રથામાં પેસી ગયેલી અશુદ્ધિઓ કાઢી નાખો તો તમને ખ્યાલ આવશે કે એ તો હિંદુ ધર્મની રક્ષા કરનારો મજબૂત કિલ્લો છે, અને એ સંસ્થાનાં મૂળ માનવ સ્વભાવમાં ઊંડે સુધી નંખાયેલાં છે.

હવે ખિલાફતનો પ્રશ્ન લઈએ. આર્મિનિયા વિષે હું કશું નથી બોલ્યો તેનું કારણ એ છે કે તેને વિષે હું કશું જાણતો નથી. બીજું, સુલતાન[૨] અગર બીજી કોઈ સત્તા એનું સ્વતંત્ર અસ્તિત્વ મિટાવી દે એમ હું ઇચ્છતો નથી. બીજી કોઈ સત્તાના હાથ નીચે રહીને જેમ તે સ્વાયત્ત શાસન ભોગવી શકે છે તેવી જ રીતે તુર્કસ્તાનના હાથ નીચે રહીને પણ તે ભોગવી શકે.[૩] હું હમેશાં કહેતો આવ્યો છું કે આર્મિનિયાના આંતરિક વહીવટમાં કશી દખલ ન કરે એવી પાકી બાંયધરી સુલતાન પાસેથી લઈ શકાય. એવી જ બાંયધરી અરબસ્તાન સંબંધમાં પણ લઈ શકાય. સુલેહના કરારથી ઊભી થયેલી સ્થિતિ અત્યંત અસહ્ય છે.[૪] સુલતાનના રાજ્યમાં આરબોને થોડી પણ સ્વતંત્રતા હતી, કેમ કે તેઓ સુલતાનને પહોંચી વળતા હતા. હવે તો તેઓ એ સ્વતંત્રતા પણ ગુમાવી બેઠા છે. અને હવે હેજાજના રાજા અને અમીર ફેઝલનું ચાલે તો અરબસ્તાન અને મૅસોપોટેમિયા ચુસાઈ જશે, કેમ કે આ બંને જણા બ્રિટિશ અમલદારોના હાથમાં કઠપૂતળી જેવા બની જશે. આ અમલદારોનો એકમાત્ર હેતુ તો યુરોપિયન મૂડીપતિઓને આ દેશમાંથી બને તેટલા પૈસા કમાવી આપવાનો રહેશે.

[મૂળ અંગ્રેજી]

પત્રની છબી પરથી: એસ. એન. ૭૧૯૪

૧. આ શબ્દ વંચાતો નથી.

૨. તુર્કસ્તાનના સુલતાન.

૩. આર્મિનિયા ૧૯૨૦માં રશિયા અને તુર્કસ્તાનનાં લશ્કરોના સંયુક્ત કબજામાં હતું.

૪. તુર્કસ્તાન સાથેના સુલેહના કરારનો કાગળ પૅરિસમાં તુર્કસ્તાનના પ્રતિનિધિઓને ૧૧મી મે, ૧૯૨૦ને રોજ આપવામાં આવ્યો હતો. ૧૮મી મે, ૧૯૨૦ને રોજ અખબારો જોગ આપેલા એક નિવેદનમાં ગાંધીજીએ એમાં સુધારા કરવાની માગણી કરી હતી.

Gandhi Heritage Portal

# ૧૯૬. ગાંડપણ

અસહકાર વિષેના મારા વિચારોનું વિવેચન કરતાં અલ્લાહાબાદના લીડર પત્રે મને એ જણાવવા વિનંતી કરી છે કે ખિલાફત આંદોલન સાથે કામ લેતી વખતે સરકારે "શાણપણ અને સંયમપૂર્વક વર્તવું જોઈએ" એમ મેં જે કહ્યું છે તેનો શો અર્થ થાય. સંયુક્ત પ્રાંતની સરકારે મને અવિચારી અને અસંયમી વર્તનનું એક સુંદર ઉદાહરણ પૂરું પાડયું છે. એ વર્તનને પૂરેપૂરું નહીં તો લગભગ ગાંડપણ કહી શકાય. અહીં હું માનનીય પંડિત મોતીલાલ નેહરુના પુત્ર પંડિત જવાહરલાલ નેહરુને મસૂરીમાંથી હદપાર કરવામાં આવ્યા છે તે બનાવની વાત કરી રહ્યો છું.

શ્રી જવાહરલાલ નેહરુએ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને જે ગૌરવભર્યો પત્ર લખ્યો છે તે જનતાને તેમના ઉપર બજાવાયેલા હુકમ અંગેની તમામ હકીકતો પૂરી પાડે છે. જો એક પ્રતિષ્ઠિત વ્યક્તિના કૃત્ય માટે સાક્ષીઓની જરૂર હોય, તો અલ્લાહાબાદની સમસ્ત જનતા એ વાતની સાક્ષી પૂરી શકશે કે શ્રી જવાહરલાલ નેહરુ પોતાનાં માતુશ્રી, પોતાની બહેનો અને પોતાની બીમાર પત્નીને લઈને કેવળ શરીરસ્વાસ્થ્યને નિમિત્તે જ મસૂરી તરફ જઈ રહ્યા હતા. સત્તાવાળાઓએ શ્રી નેહરુની પૂછપરછ કરી. એમણે તેમને સ્પષ્ટ અને પ્રામાણિક શબ્દોમાં જવાબ આપ્યો, તથા મસૂરીમાં આવવાનું પૂરેપૂરું કારણ સમજાવ્યું. તેઓ એ પણ જાણતા હતા કે શ્રી નેહરુનાં કુટુંબીજનો મસૂરીમાં એમની સાથે હતાં. આટલું થયા પછી એમણે શ્રી નેહરુના કહેવામાં વિશ્વાસ રાખીને આગળ કોઈ પગલું ભરવું જોઈતું નહોતું. શ્રી નેહરુએ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને લખેલા પોતાના પત્રમાં શું લખ્યું હતું તે યાદ રાખવા જેવું છે. તેમણે જણાવ્યું હતું:

> અફઘાન પ્રતિનિધિમંડળ[1] સાથે મારે કશી લેવાદેવા નથી. તેઓ તથા અમે એક જ હોટલમાં હતા તે તો એક અકસ્માત હતો. હકીકત તો એ છે કે તેઓ અહીં રહે છે તે કારણે જ મને કેટલીક મુશ્કેલી ઊભી થઈ છે, કેમ કે જે ઓરડાઓમાં તેઓ અત્યારે રહે છે તે ઓરડાઓ રાખવાનો મારો વિચાર હતો. એ વાત સાચી છે કે કોઈ પણ બુદ્ધિશાળી માણસની માફક હું પણ આ પ્રતિનિધિમંડળમાં રસ લઈ રહ્યો છું. પરંતુ સામે ચાલીને તેમને મળવાનો મારો સહેજ પણ ઇરાદો નહોતો અને નથી. અહીં અમે છેલ્લા સત્તર દિવસથી રહીએ છીએ. આ સમય દરમ્યાન આ પ્રતિનિધિમંડળના એક પણ સભ્યને દૂરથી પણ મેં જોયો નથી. આજે સવારે આપ મને કહેતા હતા તે પ્રમાણે આપ પોતે પણ આ વાત જાણો છો.

સત્તાવાળાઓને આટલાથી સંતોષ થયો નહીં. તેઓ પોતાના મનનું સમતોલપણું ગુમાવી બેઠા હતા. એમને તો એવી ખોળાધરી જોઈતી હતી કે શ્રી જવાહરલાલ નેહરુ એ પ્રતિનિધિમંડળ સાથે કશો વ્યવહાર રાખશે નહીં. કેમ કે એ જ પત્રમાંથી આપણને જાણવા મળે છે:

> અફઘાનોને મળવાનો કે તેમની સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર રાખવાનો મારો સહેજ પણ ઇરાદો નથી, છતાં સરકારના કહેવાથી કોઈ પણ કાર્યપદ્ધતિ અનુસરવા હું બંધાઈ

૧. આ પ્રતિનિધિમંડળ મૈત્રીના કોલકરારની ભૂમિકા તૈયાર કરવાના હેતુથી હિંદુસ્તાન આવ્યું હતું અને ૧૯૨૦ના એપ્રિલમાં મસૂરીમાં રહ્યું હતું.

Gandhi Heritage Portal

જાઉં એ વિચાર મને બિલકુલ પસંદ નથી, પછી ભલે એનાથી મને કશી અગવડ ન થતી હોય. ખરું જોતાં આ સવાલ સિદ્ધાન્તનો કે અંતરાત્માના અવાજનો છે. મને ખાતરી છે કે મારી સ્થિતિ આપ સમજી શકશો.

અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. ઓકસ જેના પ્રતિનિધિ હતા તે સરકાર, આ સ્થિતિ એવી રીતે સમજી કે એ પત્ર મળ્યા પછી બે જ દિવસમાં શ્રી નેહરુ ઉપર તેણે હદપારીનો હુકમ[1] બજાવ્યો. શ્રી નેહરુ ખાસ ઇચ્છતા હતા કે સરકાર પાસે બધી હકીકતો હોવી જોઈએ, એટલે એ જ પત્રમાં એમણે જણાવ્યું:

જો સરકાર મારા ઉપર કોઈ હુકમ બજાવવા માગતી હોય, તો હાલ તુરત તેને તાબે થવા હું તૈયાર છું. પરંતુ મારા કુટુંબને એકલું મૂકીને અહીંથી એકાએક ચાલ્યા જવાનું મારે માટે બહુ અગવડભર્યું થઈ પડશે. મારી પત્નીની તબિયત બહુ કાળજીપૂર્વકની સંભાળ માગી લે છે, અને મારાં માતુશ્રી કાયમનાં માંદાં અને પથારીવશ છે. એટલે એ બંનેને કોઈની સંભાળ વિના મૂકીને જવું ઘણું જ મુશ્કેલ છે. મારે અહીંથી એકાએક જવું પડે તો મારા પિતાનો અને મારો આખો કાર્યક્રમ એકદમ ઊંધો વળે અને તેને કારણે અમને ભારે ત્રાસ અને ચિંતા થાય. પરંતુ હું ધારું છું કે રાજકાજની ગંભીર બાબતોમાં વ્યક્તિની સગવડ અગવડનો વિચાર નહીં થઈ શકતો હોય.

એક સારી રીતે ચાલતા રાજ્યમાં સામૂહિક હિત ખાતર વ્યક્તિના હિતનું બલિદાન આપવાની દેખીતી જરૂર બાદ કરતાં વ્યક્તિની અગવડ, બીજી કોઈ બાબત જેટલી જ "રાજકાજની ગંભીર બાબત" ગણાય છે. આ દાખલામાં લોકો જાણે છે તેમ એક પતિને તેની બીમાર પત્નીથી અને એક વૃદ્ધ માતાને તેના એકના એક પુત્ર અને પાલકથી જુદાં પાડવાની અમાનુષતા દાખવવાની જરૂર હોય એવું કશું જ નહોતું. ખાસ કરીને તેઓ પોતાના ઘરથી દૂર હોય અને તેમની સંભાળ લેનાર બીજું કોઈ હાજર ન હોય ત્યારે તો નહીં જ. આને હું બહુ જ ગંભીર પ્રકારનું ગાંડપણ કહું છું અને જેના પેટમાં પાપ હોય એવી જ વ્યક્તિ એ ગાંડપણ આચરી શકે. સરકાર જાણે છે કે સુલેહની શરતો[2] અપમાનજનક છે અને પ્રધાનોએ આપેલાં વચનોનો ભંગ કરનારી છે. સરકાર એ પણ જાણે છે કે એનાથી મુસલમાનોની લાગણીને ઊંડો આઘાત પહોંચ્યો છે. તેને ખબર છે કે મુસલમાનો તરફ હિંદુઓની પૂરેપૂરી સહાનુભૂતિ છે અને એ વાતથી પણ સરકાર વાકેફ છે કે અફઘાનોનું પ્રતિનિધિમંડળ પણ હિંદુસ્તાનના મુસલમાનોની લાગણી સાથે પૂરી સહાનુભૂતિ ધરાવે છે. એટલે અફઘાન પ્રતિનિધિમંડળ વિષે કે એની પાસેથી કંઈ પણ જાણી શકે એવી સ્થિતિમાં મુકાતા કોઈ પણ આગેવાન હિંદીથી આ સરકાર ભડકતી રહે છે અને તેથી આ સરકાર ખૂબ જ વહેમીલી બની છે.

પરંતુ આ ગાંડપણનો જવાબ આપણે ગાંડપણ વડે આપવાનો નથી. પોતે પંજાબના હત્યાકાંડની પુનરાવૃત્તિ કરી શકે અને લોકોને મૂગા બનાવી નમાવી શકે એટલા ખાતર લોકોને હિંસા કરવા ઉશ્કેરવાની સર હારકોર્ટ બટલરની[3] સરકારની ઇચ્છા હોય એવું માનવા હું તૈયાર

૧. મસૂરીમાંથી હદપાર થવાનો જે હુકમ જવાહરલાલ નેહરુ ઉપર બજાવાયો હતો તે ૧૯મી જૂન, ૧૯૨૦ને રોજ પાછો ખેંચવામાં આવ્યો હતો.

૨. તુર્કસ્તાન અંગેની શરતો; જુઓ પરિશિષ્ટ ૧.

૩. તે વખતના સંયુક્ત પ્રાંત (હાલના ઉત્તર પ્રદેશ)ના લેફ્ટનન્ટ ગવર્નર.

Gandhi Heritage Portal

નથી. પરંતુ એ સરકારનો એવો ઈરાદો હોય કે ન હોય, ખિલાફત આંદોલનના નેતાઓએ મસૂરીમાં બન્યા છતાં તેવા પ્રકારના વધુ બનાવો માટે પોતાની જાતને તૈયાર કરી રાખવી જોઈશે. અને સફળતા પ્રાપ્ત કરવાનો માર્ગ આપણે ગુસ્સે થઈ જવામાં નહીં પરંતુ દમનનાં આવાં કૃત્યોને આવકારવામાં રહેલો છે. જેવી રીતે કોઈ દાક્તર દરદીને આપેલી દવાની અસર નથી થતી એવું જુએ છે ત્યારે એ દવા આપવાનું બંધ કરી દે છે, તેવી રીતે જેમની સામે આવાં દમનનાં કૃત્યો તાકવામાં આવ્યાં હોય તેમના ઉપર એની કશી અસર નહીં થતાં એ કૃત્યોનો અમલ કરવાનું સદંતર અટકી જવા સંભવ છે.

પરંતુ ગાંડપણનું સૌથી વધારે આઘાતજનક ઉદાહરણ તો સિંધમાંથી જાણવા મળે છે. કરાંચીમાં અલવહીદ નામનું એક પત્ર સિંધી ભાષામાં નીકળે છે. એક જવાબદાર વેપારી એના માલિક છે. એના ૧૩મી તારીખના અંકમાં જેકોબાબાદની ખિલાફત સમિતિના મંત્રીનો એક પત્ર છપાયો છે. ખિલાફત આંદોલન સાથે સંબંધ ધરાવતા કેટલાક પ્રતિષ્ઠિત માણસોને જેલમાં પૂરવામાં આવ્યાનું શરૂઆતમાં જણાવ્યા પછી આ પત્રમાં લખ્યું છે કે ડેપ્યુટી કમિશનરે એક જાણીતા જમીનદારને બંધબારણે ચાબુકથી ફટકાર્યો અને એણે જ્યારે બૂમો પાડી ત્યારે પોલીસે ઓરડીમાં દાખલ થઈ એને વધારે માર માર્યો. મસૂરીમાં, કંઈ નહીં તો કાયદાની મર્યાદા જેવી છે તેવી જાળવવામાં આવી હતી. શ્રી જવાહરલાલ નેહરુના શરીરને કોઈએ હાથ અડકાડયો નહોતો. પરંતુ ખિલાફત સમિતિના મંત્રીનો આક્ષેપ સાચો હોય તો, સિંધમાં તો, લોકો જાણે છે ત્યાં સુધી એક ડેપ્યુટી કમિશનરે, કોઈ પણ જાતના કારણ વિના એક આબરૂદાર માણસને ચાબુકના ફટકા લગાવ્યા છે. મુંબઈના ગવર્નર[1] બધા ગવર્નરો કરતાં વધારે શાણા હોવાની ખ્યાતિ ધરાવે છે, એટલે એવો વિશ્વાસ રાખી શકાય કે તેઓ આ બનાવ તથા બીજા આક્ષેપો અંગે પૂરેપૂરી તપાસ કરાવશે અને એનું પરિણામ જાહેર કરશે. શ્રી શૌકતઅલીને મળેલું આ જ બનાવનું બયાન છાપીને बॉम्बे क्रॉनिकले અલવહીદના બયાનનું સમર્થન કર્યું છે. જે હકીકતો રજૂ થઈ છે તે જો સાચી હોય તો ગુનો કરનાર ડેપ્યુટી કમિશનરને નોકરીમાંથી છૂટો કરવો જોઈએ. પરંતુ એને છૂટો કરવામાં આવે કે ન આવે, ખિલાફત આંદોલનના સંચાલકોનું કર્તવ્ય બિલકુલ સ્પષ્ટ છે. શું તેઓ આકરામાં આકરી અગ્નિપરીક્ષા-માંથી પસાર થવા તૈયાર છે? આ અપમાનકારક સુલેહના કરારની જેમના પર અસર થવાની છે તે લોકો જો કોઈ પણ રીતે એનો સામનો કરશે, તો તેનું સમર્થન પણ તાકાતના એટલા જ અપમાનકારક પ્રદર્શન વડે કરી શકાય. એટલે જો હિંદુસ્તાનના મુસલમાનો અને બાકીના હિંદવાસીઓ પણ રીસ અને ગુસ્સો પ્રકટ કરવા કરતાં સુલેહની શરતોમાં ફેરફાર કરાવવાની વધારે ચિંતા રાખતા હશે, તો તેમના પ્રત્યે ગમે તેટલો ગેરવર્તાવ કરવામાં આવે છતાં તે સહી લઈને, સુલેહને તાબે નહીં થવાની નીતિને આગળ ધપાવશે. સરકારની હિંસા સામે જો સહેજ પણ હિંસા આચરવામાં આવશે, તો તેથી ખિલાફત આંદોલન ખતમ થયા વિના રહેવાનું નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૨૬–૫–૧૯૨૦

૧. સર જ્યૉર્જ લૉઇડ.

Gandhi Heritage Portal

# ૧૯૭. ખિલાફત: મિ. કૅન્ડલરનો ખુલ્લો પત્ર

ખિલાફતના આ મહાન પ્રશ્ન વિષે મારા ઉપર એક ખુલ્લો પત્ર લખવાની મિ. કૅન્ડલરે કૃપા કરી છે. આ પત્ર અખબારોમાં પ્રસિદ્ધ થઈ ચૂકયો છે. મિ. કૅન્ડલરની સ્થિતિની હું કદર કરી શકું છું અને એ જ રીતે મારી તથા મારા જેવા વિચારવાળા સેંકડો હિંદુઓની સ્થિતિની તેઓ તથા બીજા અંગ્રેજો કદર કરે એમ હું ઇચ્છું છું. મિ. કૅન્ડલરનો પત્ર, સુલેહની શરતોથી મિ. લૉઈડ જૉર્જના વચનનો[1] કોઈ પણ રીતે ભંગ થયો નથી એવું બતાવવાનો પ્રયત્ન કરે છે. તેમની એ વાત સાથે હું બિલકુલ સંમત થાઉં છું કે મુસલમાનોની માગણીનું સમર્થન કરવા માટે મિ. લૉઈડ જૉર્જના શબ્દોને એમના સંદર્ભમાંથી છૂટા નહીં પાડવા જોઈએ. વાઇસરૉયના તાજેતરના સંદેશામાં મિ. લૉઈડ જૉર્જના શબ્દો ટાંકવામાં આવ્યા છે તે આ પ્રમાણે છે:

> વળી ઑસ્ટ્રિયા અને હંગેરીનો નાશ કરવા, અથવા તુર્કસ્તાન પાસેથી એની રાજધાની છીનવી લેવા, અગર એશિયા માઇનોર અને થ્રેસના સમૃદ્ધ તથા પ્રસિદ્ધ પ્રદેશો જ્યાં મોટે ભાગે તુર્ક જાતિના લોકો વસે છે, તે પડાવી લેવા આપણે લડત ચલાવી રહ્યા નથી.

મૂળ અંગ્રેજી લખાણમાં વપરાયેલા "which" (જે) શબ્દનો અર્થ મિ. કૅન્ડલર "if they" (જો તેઓ) એવો કરતા જણાય છે,[2] જ્યારે હું એ સર્વનામનો સ્વાભાવિક અર્થ કરું છું, એટલે કે હું એમાંથી આવો અર્થ કાઢું છું: ૧૯૧૮માં વડા પ્રધાન જાણતા હતા કે જે પ્રદેશોનો એમણે ઉલ્લેખ કર્યો છે ત્યાં "મોટે ભાગે તુર્ક જાતિના જ લોકો વસતા હતા." અને જો આ અર્થ સાચો હોય તો હું કહેવાની હિંમત કરું છું કે એ વચનનો બહુ જ નિર્લજ્જ રીતે ભંગ થયો છે, કેમ કે "એશિયા માઇનોર અને થ્રેસના સમૃદ્ધ તથા પ્રસિદ્ધ પ્રદેશોમાંથી" તુર્કસ્તાનના હાથમાં લગભગ કશું જ રહ્યું નથી. સુલતાનને કૉન્સ્ટૅન્ટિનોપલમાં રહેવા દેવામાં આવે એ બાબતમાં મારો મત હું અગાઉ જાહેર કરી ચૂકયો છું. "તુર્કસ્તાનનું સામ્રાજ્ય તુર્ક જાતિના વતનમાં જ એની રાજધાની કૉન્સ્ટૅન્ટિનોપલ સહિત કાયમ રહે" એ મુદ્દાનો શાંતિના કરારને લીધે ભંગ નથી થયો એમ કહેવામાં માણસની બુદ્ધિનું અપમાન છે. એ જ ભાષણમાંથી હવે બીજો ઉતારો આપું છું. આ ઉતારો ઉપર ટાંકેલા ઉતારાની સાથે સાથે મારે વાંચવો, એવી, હું ધારું છું, મિ. કૅન્ડલરની ઇચ્છા છે:

> તુર્કસ્તાનનું સામ્રાજ્ય તુર્ક જાતિના વતનમાં જ એની રાજધાની કૉન્સ્ટૅન્ટિનોપલ સહિત કાયમ રહે એમાં આપણને કશો વાંધો નથી. પરંતુ ભૂમધ્ય સમુદ્ર અને કાળા સમુદ્ર વચ્ચેના માર્ગને આંતરરાષ્ટ્રીય બનાવી દીધો હોવાથી, આર્મિનિયા, મૅસોપોટેમિયા, સીરિયા અને પૅલેસ્ટાઈનને અલગ રાષ્ટ્રીય અસ્તિત્વ માગવાનો હક્ક છે એ વાત માન્ય રખાવી જોઈએ એમ અમને લાગે છે.

૧. ૫મી જાન્યુઆરી, ૧૯૧૮ના વચનની આ વાત છે.

૨. મિ. કૅન્ડલરના અર્થ પ્રમાણે ઉપરનું વાક્ય આમ વંચાશે: "...કે પછી એશિયા માઇનોર અને ગ્રેસ જો ત્યાં મોટે ભાગે તુર્ક જાતિના જ લોકો વસતા હોય તો ત્યાંના સમૃદ્ધ અને પ્રસિદ્ધ પ્રદેશો લઈ લેવામાં આવે."

Gandhi Heritage Portal

શું આનો અર્થ એવો હતો કે તુર્કસ્તાનને એ પ્રદેશોમાંથી સમૂળગું કાઢી મૂકવું, એના આધિપત્યનો નાશ કરવો, અને “મૅન્ડેટ્સ”ના ઓઠા તળે યુરોપિયન-ક્રિશ્ચિયન સત્તાઓનો પગપેસારો થવા દેવો? શું અરબસ્તાન, આર્મિનિયા, મૅસોપોટેમિયા, સીરિયા અને પૅલેસ્ટાઈનના મુસલમાનોએ આ નવી વ્યવસ્થા પોતાની મેળે સ્વીકારી લીધી છે કે પોતાના કૃત્યની ન્યાયપરાયણતામાં નહીં પણ પોતાના પશુબળમાં વિશ્વાસ છે એવાં રાષ્ટ્રો એ વ્યવસ્થા તેમના ઉપર બળજબરીથી લાદી રહ્યાં છે? બહાદુર આરબોના હૃદયમાં સ્વતંત્રતાની ભાવના પોષાય એમ હું પોતે તો જરૂર ઈચ્છું અને તે માટે વાજબી હોય તેવા બધા ઉપાયો પણ કરું. પરંતુ મેન્ડેટરી (સંરક્ષક) સત્તાઓના રક્ષણ નીચે રહી લોભિયા મૂડીવાદીઓ આરબોના દેશનું શોષણ કરે એવી જે યોજનાઓ થઈ છે તેમાં એ લોકોની શી દશા થશે, એનો વિચાર કરતાં જ મને કંપારી છૂટે છે. જો વચન પાળવું જ હોય તો टाइम्स ऑफ इन्डियाએ સૂચવ્યું છે તેમ આ પ્રદેશોને પૂરેપૂરું સ્વશાસન આપો અને તેમના ઉપર તુર્કસ્તાનનું આધિપત્ય ચાલુ રાખો. આરબોની આંતરિક સ્વાધીનતાનું રક્ષણ થાય તે માટે તુર્કસ્તાન પાસેથી તમામ પ્રકારની જરૂરી બાંયધરીઓ મેળવો. પરંતુ એ આધિપત્ય લઈ લેવું અને તીર્થસ્થાનોની દેખરેખ ખલીફ પાસેથી છીનવી લેવી, એ ખિલાફતની હાંસી ઉડાવવા બરાબર છે. કોઈ પણ મુસલમાન ઠંડે પેટે આ બધું જોઈ રહી શકે નહીં. વડા પ્રધાનના વચનનો મેં જે અર્થ ઘટાવ્યો છે તે મેં એકલાએ જ ઘટાવ્યો નથી. પરમ માનનીય અમીરઅલી[1] તો સુલેહની આ શરતોને એક વિશ્વાસઘાત જ કહે છે. મિ. ચાર્લ્સ રૉબર્ટ્સ બ્રિટિશ જનતાને યાદ આપે છે કે તુર્કસ્તાન સાથેની સંધિ અંગે હિંદુસ્તાનના મુસલમાનો જે લાગણી અનુભવે છે તેનો આધાર “થ્રેસ, કૉન્સ્ટૅન્ટિનોપલ, અને એશિયા માઈનોરમાં આવેલા તુર્કસ્તાનના પ્રદેશો વિષે વડા પ્રધાને આપેલાં વચન ઉપર રહેલો છે. આ વચન મિ. લૉઈડ જૉર્જે ૨૬મી ફેબ્રુઆરીને રોજ ગંભીર વિચાર કરીને ફરી વાર ઉચ્ચાર્યું હતું.”[2] મિ. રૉબર્ટ્સ કહે છે કે આ વચનનો અમલ સમગ્ર રીતે થવો જોઈએ. માત્ર કૉન્સ્ટૅન્ટિનોપલના સંબંધમાં જ એ બંધનકર્તા ગણાય તે ન ચાલે. થ્રેસ અને એશિયા માઈનોર સંબંધમાં પણ એ બંધનકર્તા ગણાવું જોઈએ. તેઓ માને છે કે આ વચન આખા રાષ્ટ્રને બંધનકર્તા છે, એટલે એના કોઈ પણ ભાગનો ભંગ થાય એને તેઓ બ્રિટિશ સામ્રાજ્યે કરેલો હડહડતો વિશ્વાસઘાત ગણે છે. તેઓ કહે છે કે વિશ્વાસઘાતના આરોપનો જો કોઈ જડબાંતોડ જવાબ હોય તો તે આપવો જોઈએ, અને ઉમેરે છે કે વડા પ્રધાનને પોતાના શબ્દની ભલે કોઈ કિંમત ન હોય, પરંતુ આખા રાષ્ટ્ર વતી અપાયેલા વચનનો ભંગ કરવાનો એમને કશો અધિકાર નથી. અંતમાં તેઓ લખે છે કે આવા વચનનું શબ્દાર્થમાં અને ભાવ સહિત પાલન ન કરવામાં આવ્યું હોય એ વાત માની શકાય એવી નથી. તેઓ ઉમેરે છે:

> હું સકારણ એમ માનું છું કે પ્રધાનમંડળના આગેવાન સભ્યો આ વિચારો સાથે પૂરેપૂરા સંમત છે.

૧. સૈયદ અમીરઅલી (૧૮૪૯–૧૯૨૮); ૧૮૯૦થી ૧૯૦૪ સુધી કલકત્તા હાઈકોર્ટના ન્યાયાધીશ; અને પ્રિવી કાઉન્સિલની ન્યાયસમિતિના સભ્ય.

૨. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ હાઉસ ઑફ કૉમન્સમાં લૉઈડ જ્યૉર્જે જાહેર કર્યું હતું: “૧૯૧૮ના જાન્યુઆરીમાં અપાયેલું વચન બધા પક્ષો સાથે પૂરી મસલત કર્યા પછી અપાયું હતું. . . . તે સ્પષ્ટ, બિનશરતી અને વિચારપૂર્વકનું હતું. . . . આ નિવેદનની અસર હિંદુસ્તાનમાં એ થઈ કે તે જ ક્ષણથી લશ્કરની ભરતીમાં સારી પેઠે ઉછાળો આવ્યો.”

Gandhi Heritage Portal

ઇંગ્લંડમાં અત્યારે શું ચાલી રહ્યું છે તે મિ. કેન્ડલર જાણતા હશે કે કેમ તેની મને શંકા છે. ન્યૂ એજમાં મિ. પિકથૉલ[૧] લખે છે:

તુર્કસ્તાન સાથે યુદ્ધવિરામની સંધિ થયાને ઘણો સમય વીતી ગયો છે. પરંતુ તે દરમ્યાન આર્મિનિયાના લોકોની કતલોના આખા પ્રશ્નની તટસ્થ આંતરરાષ્ટ્રીય તપાસ કરાવવાનો કોઈ પ્રબંધ થયો નથી. તુર્કસ્તાનની સરકારે આવી તપાસ માટે માગણી કરી છે. પરંતુ આર્મિનિયાનાં સંગઠનો અને પક્ષકારો આવી કોઈ વાત સાંભળવાની ના પાડે છે. તેઓ તો કહે છે કે બ્રાઇસ અને લેપસન્સના રિપોર્ટો તુર્કસ્તાનને દોષિત ઠરાવવા માટે બિલકુલ પૂરતા છે.[૨] બીજા શબ્દોમાં કહીએ તો તેઓ એમ માને છે કે ફરિયાદીના કહેવા ઉપરથી જ ચુકાદો અપાઈ જવો જોઈએ. ગયે વર્ષે સ્મર્નામાં બનેલા કમનસીબ બનાવોની[૩] તપાસ કરનાર મિત્રરાજ્યોના પંચે આપેલો રિપોર્ટ[૪] ગ્રીક લોકોના દાવાઓની વિરુદ્ધમાં હતો. એટલે એ રિપોર્ટ ઇંગ્લંડમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો નથી, છતાં બીજા દેશોમાં તો તે ક્યારનોયે લોકોના હાથમાં પહોંચી ગયો છે.

પછી તેઓ આર્મિનિયા અને ગ્રીસના જાસૂસો પોતાના મતનો પ્રચાર કરવા કેવી રીતે પૈસા વેરી રહ્યા છે તે બતાવી ઉમેરે છે:

ઘોર અજ્ઞાન અને લુચ્ચાઈભર્યા જૂઠાણાનું આ જોડાણ બ્રિટિશ રાજ્ય માટે તાત્કાલિક ભયથી ભરેલું છે.

અંતમાં તેઓ કહે છે:

જે સરકાર અને પ્રજા પોતાની નીતિની ભૂમિકા માટે અને તે પણ વિદેશ નીતિની ભૂમિકા માટે, હકીકતને બદલે પ્રચારનો આધાર લેવાનું પસંદ કરે છે તે પોતે જ પોતાને વગોવે છે.

ઉપરનું અવતરણ મેં એ બતાવવા ઉતાર્યું છે કે હાલની બ્રિટિશ નીતિ બેધડક જૂઠા પ્રચાર વડે દૂષિત થયેલી છે. લંડન ક્રૉનિકલ લખે છે કે ૧૭મી સદીમાં જે તુર્કસ્તાન એશિયા, આફ્રિકા અને યુરોપના વીસ લાખ ચોરસ માઈલના વિસ્તાર ઉપર આધિપત્ય ભોગવતું હતું, તે આજે સુલેહની શરતોને પરિણામે સંકોચાઈને ૧૦૦૦ ચોરસ માઈલથી સહેજસાજ જ મોટું રહ્યું છે. એ પત્ર લખે છે:

યુરોપમાં આવેલો તુર્કસ્તાનનો બધો પ્રદેશ હવે લૅન્ડ્ઝ એન્ડ અને તામારની વચ્ચે સમાવી શકાય એવડો છે. એકલું કૉર્નવોલ એકંદર ક્ષેત્રફળમાં એનાથી મોટું છે. અને જો એ જર્મનીના પક્ષમાં ન ગયું હોત તો પૂર્વ બાલ્કન પ્રદેશોની ઓછામાં ઓછી સાઠ હજાર ચોરસ માઈલ ભૂમિ આજે એના હાથમાં રહી શકી હોત.

૧. માર્માડ્યૂક પિકથૉલ: પત્રકાર અને નવલકથાકાર; બૉમ્બે ક્રૉનિકલના તંત્રી; નજીકના પૂર્વના દેશોનું એમને નિકટનું અને ઊંડું જ્ઞાન હતું.

૨. આખરે મિત્રરાજ્યોએ આર્મિનિયાનો ત્યાગ કર્યો, એટલે ૨૫મી નવેમ્બર, ૧૯૨૦ને રોજ તે એક સોવિયેટ પ્રજાસત્તાક રાજ્ય બની ગયું.

૩. ૧૫મી મે, ૧૯૧૯ને રોજ ગ્રીક લશ્કર સ્મર્નામાં મોકલવામાં આવ્યું હતું, અને સેંકડો તુર્ક નાગરિકોની કતલ કરવામાં આવી હતી.

૪. આ રિપોર્ટ મિત્રરાજ્યોના નૌકા સેનાપતિઓએ ઑક્ટોબર, ૧૯૧૯માં તૈયાર કર્યો હતો; સરકારે તે દબાવી દીધો હતો. એમાં ગ્રીક લશ્કર સ્મર્નામાં ઊતર્યું તે બનાવને ખૂબ જ વખોડી કાઢવામાં આવ્યો હતો અને ગ્રીક લોકોને લૂંટ, આગ અને ખૂનનાં કૃત્યો માટે જવાબદાર ગણ્યા હતા.

Gandhi Heritage Portal

ક્રૉનિકલે રજૂ કરેલા અભિપ્રાય સાથે બીજા લોકો પણ સંમત થાય છે કે નહીં તેની મને ખબર નથી. તુર્કસ્તાનનો આ રીતનો અંગવિચ્છેદ તેને શિક્ષા કરવા માટે થયો છે કે ન્યાય-દૃષ્ટિએ એ જરૂરી બન્યો છે? જો તુર્કસ્તાને જર્મનીનો પક્ષ લેવાની ભૂલ ન કરી હોત, તોપણ શું રાષ્ટ્રીયતાનો સિદ્ધાન્ત આર્મિનિયા, અરબસ્તાન, મૅસોપોટેમિયા અને પૅલેસ્ટાઈનને લાગુ પાડવામાં આવ્યો હોત?

જે લોકો મિ. કૅન્ડલરના મતના છે તેમને હવે મને એટલું યાદ દેવડાવવા દો કે મિ. લૉઈડ જૉર્જે હિંદુસ્તાનના લોકોને જે વચન આપ્યું હતું તે રંગરૂટોનો પુરવઠો ચાલુ રહેશે એવી આશાએ નહોતું આપ્યું. પોતાના જ નિવેદનના બચાવમાં મિ. લૉઈડ જૉર્જ નીચે પ્રમાણે બોલ્યા હોવાનો[1] અહેવાલ છે:

> આ નિવેદનની અસર હિંદુસ્તાનમાં એવી થઈ કે તે જ ક્ષણથી લશ્કરભરતીમાં સારી પેઠે ઉછાળો આવ્યો. ભરતી થનાર બધા મુસલમાનો નહોતા, પરંતુ તેમનામાં મુસલમાનો ઘણા હતા. હવે આપણને એમ કહેવામાં આવે છે કે એ વચન તુર્કસ્તાનને અપાયું હતું. પરંતુ તે તેમણે સ્વીકાર્યું નહીં, અને તેથી આપણે એમાંથી પૂરેપૂરા મુક્ત છીએ. પરંતુ વાત એમ નથી. દુનિયામાં આપણે મોટામાં મોટી મુસલમાન સત્તા છીએ અને બ્રિટિશ સામ્રાજ્યની વસ્તીનો ચોથો ભાગ મુસલમાનોનો છે એ હકીકત ઘણી વાર ભૂલી જવાય છે. સંકટને સમયે એમના જેટલી રાજભક્તિ કોઈએ બતાવી નથી અને એમના જેટલી તત્પરતા અને વફાદારીપૂર્વક બીજા કોઈ લોકોએ સામ્રાજ્યને મદદ કરી નથી. આ લોકોને આપણે ગંભીર વચન આપ્યું અને તે તેમણે સ્વીકાર્યું. આપણે હવે એ વચન પાળવાના નથી એ કલ્પનાથી તેઓ મૂંઝાયા છે.

એ વચનનો અર્થ કોણ કરશે અને કેવી રીતે કરશે? ખુદ હિંદુસ્તાનની સરકારે એનો કેવો અર્થ કર્યો? ઇસ્લામનાં તીર્થસ્થાનો પર ખલીફનું નિયંત્રણ રહેવું જોઈએ, એ દાવાને આ સરકારે ઊલટભેર ટેકો આપ્યો હતો કે નહીં? શું હિંદુસ્તાનની સરકારે એમ કહ્યું હતું કે એ વચન પાળવા છતાં જઝીરત-ઉલ-અરબનો આખો પ્રદેશ ખલીફના સત્તાક્ષેત્રમાંથી ઉપાડી લઈ મિત્રરાજ્યોને આપી દઈ શકાશે? જો સુલેહની શરતો જેવી હોવી જોઈએ તેવી જ રહી હોય, તો પછી હિંદુસ્તાનની સરકાર આ દેશના મુસલમાનો પ્રત્યે હમદર્દી શા માટે દાખવે છે? વચન બાબતમાં આટલું પૂરતું થશે. મારા તરવા બૂડવાનો આધાર કેવળ મિ. લૉઈડ જૉર્જે કરેલી જાહેરાત ઉપર જ છે એવા ભ્રમમાં કોઈ ન રહે એ વિષે હું સાવચેત થવા માગું છું. આ સંબંધમાં મેં "લગભગ" શબ્દ ઇરાદાપૂર્વક વાપર્યો છે. એ વિશેષણ બહુ મહત્ત્વનું છે.

મિ. કૅન્ડલર એમ સૂચવતા જણાય છે કે ખિલાફતના પ્રશ્નમાં મારું ધ્યેય કેવળ ન્યાય મેળવવા કરતાં કંઈક વિશેષ છે. એમ હોય તો તેમનું કહેવું સાચું છે. ન્યાય મેળવવો એ અવશ્ય મારી ચળવળનું મુખ્ય ધ્યેય છે. અને જો મને એવું લાગે કે આ અંગેની મારી ન્યાયની કલ્પના ખોટી હતી, તો તરત લડત પાછી ખેંચી લેવા જેટલી હિંમત મારામાં હશે જ એવી હું આશા રાખું છું. પરંતુ હિંદુસ્તાનના મુસલમાનોના ઇતિહાસની કટોકટીની આ પળે, હું એમને મદદ કરીને બદલામાં એમની મૈત્રી માગું છું. બીજું, જો મુસલમાનોને મારી વાતમાં

૧. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૨૦ને રોજ, હાઉસ ઑફ કૉમન્સમાં.

Gandhi Heritage Portal

સંમત કરી શકું તો મને આશા છે કે હું ગ્રેટ બ્રિટનને એના વડા પ્રધાન અત્યારે જે પતનના માર્ગે લઈ જતા જણાય છે તેમાંથી પાછું વાળી શકું. ત્રીજું, હિંદુસ્તાન અને સમસ્ત બ્રિટિશ સામ્રાજ્યને હું એ બતાવી આપવાની આશા રાખું છું કે જો લોકોમાં આત્મભોગની અમુક શક્તિ હોય, તો અંગ્રેજો અને હિંદીઓ વચ્ચે કડવાશનાં બીજ રોપ્યા વિના કે કડવાશ વધાર્યા વિના, પૂરેપૂરાં શાંતિમય અને શુદ્ધ સાધનો વડે જ ન્યાય મેળવી શકાય. કારણ કે મારી કાર્યપદ્ધતિઓની હંગામી અસર ભલે ગમે તે હશે, છતાં એ કાર્યપદ્ધતિઓના મારા લાંબા સમયના અનુભવ પરથી મને ખાતરીપૂર્વક લાગે છે કે માત્ર આ પદ્ધતિઓ જ કાયમી કડવાશમાંથી મુક્ત છે. તે બધી દ્વેષ, તાત્કાલિક લાભની ગણતરી અને અસત્યાચરણના દોષો વડે દૂષિત થયેલી નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६-५-१९२०

# ૧૯૮. સાવરકર ભાઈઓ

આજની ઘડીએ અમારી એવી ઉત્કટ અભિલાષા છે કે અમારી પ્રજા અને અમારું રાજ્ય ચલાવવાની જવાબદારી ઉપાડનારા લોકો વચ્ચે જે કંઈ થોડીઘણી કડવાશ હોય તે બને ત્યાં સુધી ભૂંસાઈ જવી જોઈએ. રાજકીય પ્રગતિ સાધવાના ઉત્સાહમાં જે લોકોએ ભૂતકાળમાં કાયદાનો ભંગ કર્યો હોય તેઓ ભવિષ્યમાં એનું પાલન કરો. તથા જે લોકોને માથે શાંત અને સુવ્યવસ્થિત સરકાર ટકાવી રાખવાની જવાબદારી છે તેમને માટે એવી પરિસ્થિતિ ઊભી થાઓ કે તેમને દાબી દેવાં પડેલાં તોફાનોને તેઓ ભૂલી જાય. એક નવો યુગ આવી રહ્યો છે, અને તેનો પ્રારંભ એક સમાન ઉદ્દેશ માટે સાથે મળીને કામ કરવાના અમારી પ્રજા અને અમારા અમલદારો વચ્ચેના સહિયારા સંકલ્પથી થાઓ. આ કારણે હું અમારા વાઇસરૉયને આદેશ આપું છું કે તેઓ અમારે નામે અને અમારા તરફથી રાજકીય ગુનેગારોને, જાહેર સલામતી સાથે સુસંગત રહીને સંપૂર્ણ રીતે શાહી માફી બક્ષે. અમે ઇચ્છીએ છીએ કે આ જ શરતે વાઇસરૉય આ શાહી માફીનો લાભ એવા માણસોને પણ આપે જેઓ રાજ્ય વિરુદ્ધ કરેલા ગુના બદલ અથવા કોઈ ખાસ કાયદાનો ભંગ કરવાના ગુના બદલ કારાવાસ ભોગવતા હોય અથવા નિયંત્રણ નીચે મુકાયા હોય. અમને વિશ્વાસ છે કે જે લોકોને આ ઉદારતાનો લાભ મળવાનો છે તેઓ પોતાના ભવિષ્યના આચરણ દ્વારા એને વાજબી ઠરાવશે અને અમારા બધા પ્રજાજનો આવા ગુનાઓ માટેના કાયદાઓનો અમલ કરવાની હવે પછી જરૂર નહીં પડે એવી રીતે વર્તશે.—શાહી ઢંઢેરો.

જે ઢંઢેરામાંથી ઉપરનો ઉતારો લેવામાં આવ્યો છે તે ગયા ડિસેમ્બર માસમાં પ્રસિદ્ધ થયો હતો. હિંદ સરકાર અને પ્રાંતીય સરકારોને ધન્યવાદ ઘટે છે કે તેમણે લીધેલાં પગલાંને પરિણામે તે વખતે કેદ ભોગવી રહેલા અનેક લોકોને આ શાહી માફીનો લાભ મળ્યો છે. છતાં કેટલાક જાણીતા "રાજદ્વારી ગુનેગારો"ને હજી છોડવામાં આવ્યા નથી. આવા ગુનેગારોમાં હું સાવરકર ભાઈઓની ગણતરી કરું છું. ઉદાહરણ તરીકે, તેઓ પંજાબની સરકારે છોડેલા લોકોના જેવા જ

Gandhi Heritage Portal

રાજદ્વારી ગુનેગારો છે. અને ઢંઢેરો પ્રસિદ્ધ થયે આજે પાંચ માસ વીતી ગયા હોવા છતાં હજી એ બે ભાઈઓને એમની સ્વતંત્રતા પાછી મળી નથી.

આ બે ભાઈઓ પૈકી મોટા શ્રી ગણેશ દામોદર સાવરકરનો જન્મ ૧૮૭૯માં થયો હતો. એમને સાધારણ શિક્ષણ જ મળ્યું હતું. ૧૯૦૮માં નાસિકમાં ચાલેલી સ્વદેશીની ચળવળમાં એમણે આગેવાનીભર્યો ભાગ લીધો હતો. એમને કલમ ૧૨૧, ૧૨૧(એ), ૧૨૪(એ) અને ૧૫૩(એ) હેઠળ ૯મી જૂન, ૧૯૦૯ને રોજ મિલકત જપ્ત કરવા સાથે જીવનભરની દેશનિકાલની સજા કરવામાં આવી હતી અને આજે તેઓ આંદામાન ટાપુઓમાં આ સજા ભોગવી રહ્યા છે. આમ એમણે અગિયાર વરસની કારાવાસની સજા ભોગવી છે.

૧૨૧ની પ્રખ્યાત કલમનો ઉપયોગ પંજાબના મુકદ્દમાઓ દરમ્યાન કરવામાં આવ્યો હતો. એ કલમ "રાજા સામે લડાઈ ઉપાડવા" સંબંધમાં છે. એમાં ઓછામાં ઓછી સજા મિલકત જપ્ત કરવા સાથે આજીવન દેશનિકાલની છે. ૧૨૧(એ) પણ એના જેવી જ કલમ છે. ૧૨૪(એ)માં રાજદ્રોહની વાત આવે છે. "બોલેલા કે લખેલા શબ્દો દ્વારા" અથવા "બીજી રીતે" જુદા જુદા વર્ગો વચ્ચે દુશ્મનાવટ ઊભી કરવા સાથે ૧૫૩(એ)નો સંબંધ છે. એટલે આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે શ્રી સાવરકર (મોટા) સામે મૂકવામાં આવેલા આરોપો બધા જાહેર સ્વરૂપના હતા. એમણે કોઈ જાતની હિંસા કરી નહોતી. તેઓ પરણેલા હતા. એમને બે દીકરીઓ હતી તે મરણ પામી છે. એમનાં પત્ની પણ લગભગ અઢાર માસ પહેલાં ગુજરી ગયાં છે.

બીજા ભાઈનો[1] જન્મ ૧૮૮૪માં થયો હતો અને તેમની લંડનની[2] કારકિર્દીને લીધે તેઓ વધારે જાણીતા થયા છે. પોલીસના કબજામાંથી છટકવાનો એમનો સનસનાટીભર્યો પ્રયાસ અને સ્ટીમરના બાકોરામાંથી ફ્રેંચ સમુદ્રમાં[3] મારેલો ભૂસકો એ બે બનાવો લોકમાનસમાં હજી તાજા છે. તેઓ ફર્ગ્યુસન કૉલેજમાં ભણ્યા હતા અને લંડનમાં અભ્યાસ પૂરો કરી બૅરિસ્ટર થયા હતા. તેમણે ૧૮૫૭ના સિપાઈના બળવાનો ઇતિહાસ લખ્યો છે. આ પુસ્તક સરકારે જપ્ત કર્યું છે. એમના ઉપર ૧૯૧૦માં કામ ચલાવવામાં આવ્યું હતું અને ૨૪મી ડિસેમ્બર, ૧૯૧૦ને રોજ એમના ભાઈના જેવી જ સજા એમને કરવામાં આવી હતી. ૧૯૧૧માં એમના પર ખૂનમાં[4] ઉત્તેજન આપવાનો આરોપ પણ મૂકવામાં આવ્યો હતો. એમની સામે પણ હિંસા કરવાનો કોઈ આરોપ સાબિત થયો નહોતો. એ ભાઈ પણ પરણેલા છે. ૧૯૦૯માં એમને એક પુત્ર થયો હતો. એમનાં પત્ની હજી હયાત છે.

આ બંને ભાઈઓએ પોતાના રાજદ્વારી વિચારો જાહેર કરી દીધા છે. અને બંનેએ કહ્યું છે કે અમે કોઈ પણ પ્રકારના ક્રાંતિકારી વિચારો ધરાવતા નથી. અને જો અમને છોડી મૂકવામાં

૧. વિનાયક દામોદર સાવરકર, એક આગેવાન ક્રાંતિકારી; પાછળથી તેઓ અખિલ હિંદ હિંદુ મહાસભાના મુખ્ય નેતા બન્યા.

૨. ત્યાં રહીને તેઓ હિંદુસ્તાનની સ્વતંત્રતા માટે આંદોલન ચલાવતા હતા. આ આંદોલન એક વખતે એવી સ્થિતિએ પહોંચ્યું હતું કે તેઓ પૅરિસથી હિંદુસ્તાનમાં શસ્ત્રસરંજામ મોકલતા હતા.

૩. આ બનાવ ૧૯૧૦ના જુલાઈમાં માર્સેલ્સ નજીક બન્યો હતો. તે વખતે તેમને ૧૮૮૧ના ભાગેડુ ગુનેગારો અંગેના ધારા હેઠળ પકડીને ઇંગ્લંડથી હિંદુસ્તાન લાવવામાં આવતા હતા.

૪. ૧૯૦૯ના ડિસેમ્બરમાં નાસિકના કલેક્ટર એ. એમ. ટી. જૅક્સનના ખૂનની આ વાત છે. આરોપ એવો હતો કે જે પિસ્તોલ વડે જૅક્સનનું ખૂન કરવામાં આવ્યું હતું તે સાવરકરે લંડનથી મોકલેલી અનેક પિસ્તોલોમાંની એક હતી.

Gandhi Heritage Portal

આવશે તો અમે રિફૉર્મ્સ ઍક્ટ[1] (સુધારા ધારો) નીચે કામ કરવાનું પસંદ કરીશું, કેમ કે અમે માનીએ છીએ કે હિંદુસ્તાન માટે રાજકીય જવાબદારી હાંસલ કરવા માટે કામ કરવાનું આ ધારા હેઠળ શક્ય બન્યું છે. એ બંને સ્પષ્ટ ભાષામાં જણાવે છે કે હિંદુસ્તાન બ્રિટિશ સંબંધ છોડી દે એમ પોતે ઇચ્છતા નથી. ઊલટું તેમને એમ લાગે છે કે બ્રિટિશ લોકો સાથેની મિત્રાચારી દ્વારા જ હિંદુસ્તાનનું ભાવિ સૌથી સારી રીતે ખીલવી શકાય તેમ છે. એમની સચ્ચાઈ કે પ્રામાણિકતા વિષે કોઈએ શંકા ઉઠાવી નથી, એટલે હું માનું છું કે એમણે જાહેર કરેલા વિચારોને શંકા લાવ્યા વિના સાચા માનવા જોઈએ. એનાથી આગળ જઈને મને લાગે છે કે હિંદુસ્તાનમાં અત્યારે હિંસાવાદને અનુસરનારા લોકો રહ્યા નથી એટલું બેધડક રીતે કહી શકાય તેમ છે. એટલે હવે આ બે ભાઈઓની સ્વતંત્રતા ઉપર પ્રતિબંધ ચાલુ રાખવાનું "જાહેર સલામતીને ખતરો" એકમાત્ર કારણ હોઈ શકે; કેમ કે નામદાર સમ્રાટે વાઇસરૉયને જે આદેશ આપ્યો છે તેમાં લખ્યું છે કે તેઓ રાજદ્વારી ગુનેગારોને, જાહેર સલામતી સાથે સુસંગત રહીને સંપૂર્ણ શાહી માફી બક્ષે. એટલે મારો અભિપ્રાય એવો છે કે આ બે ભાઈઓનો છુટકારો રાજ્યને માટે ખતરનાક સાબિત થઈ શકે એવો ચોખ્ખો પુરાવો જો મળતો ન હોય તો વાઇસરૉય એમને છોડી મૂકવા બંધાયેલા છે. વળી બંને ભાઈઓ પૂરતા લાંબા સમયની સજા ભોગવી ચૂક્યા છે. એમનાં શરીર સારી પેઠે દૂબળાં થઈ ગયાં છે અને એમણે પોતાના રાજકીય વિચારો જાહેર કરી દીધા છે. ન્યાય કરનારની હેસિયતથી એ બે ભાઈઓને કાયદાથી ઠરેલી ઓછામાં ઓછી સજા ફરમાવવાનું જેમ ન્યાયાધીશો માટે બંધનકારક હતું તેવી જ રીતે જાહેર સલામતીની એક જ શરતનું પાલન થતું હોય તો વાઇસરૉય માટે પોતાની રાજકીય હેસિયતથી, તેમને છોડી મૂકવાનું બંધનકારક છે. હવે પછી થોડા સમય માટે પણ જો એમને અટકાયતમાં રાખવાના હોય તો જનતા સમક્ષ તેનું કારણ સમજાવતું વિગતવાર નિવેદન રજૂ કરવાની વાઇસરૉયની ફરજ છે.

ભાઈ પરમાનંદના કેસ કરતાં આ કેસ નથી સારો કે નથી ખરાબ. ભાઈ પરમાનંદને લાંબા સમયના કારાવાસ પછી પંજાબ સરકારે છોડી મૂક્યા એ બદલ તે ધન્યવાદને પાત્ર છે. ભાઈ પરમાનંદે જે એવી દલીલ કરી હતી કે પોતે સાવ નિર્દોષ છે, એ વાતનો ખ્યાલ કરતાં પણ એમનો કેસ સાવરકર ભાઈઓના કેસ કરતાં જુદો છે એમ ગણવાની જરૂર નથી. સરકારને લાગેવળગે છે ત્યાં સુધી બધા એકસરખા ગુનેગાર હતા, કેમ કે બધાને સજાઓ થઈ હતી. વળી શાહી માફીનો લાભ એકલા શંકાસ્પદ કેસોને જ મળવો જોઈએ એવું નથી. જે કેસોમાં ગુનો પૂરેપૂરો સાબિત થયો હોય તેવા બધા જ કેસોને આ માફીનો લાભ મળવો જોઈએ. શરતો એ છે કે ગુનો રાજદ્વારી હોવો જોઈએ અને વાઇસરૉયના અભિપ્રાય પ્રમાણે શાહી માફીનો લાભ આપવાથી જાહેર સલામતી જોખમમાં નહીં મુકાવી જોઈએ. આ ભાઈઓ રાજદ્વારી ગુનેગારો છે એ વિષે કોઈ પ્રશ્ન જ નથી. અને જાહેર જનતા જાણે છે ત્યાં સુધી જાહેર સલામતીને પણ કશું જોખમ નથી. વાઇસરૉયની કાઉન્સિલમાં આવા કેસો સંબંધમાં જે એક પ્રશ્ન પુછાયો હતો તેના જવાબમાં એમ કહેવાયું હતું કે તેના ઉપર વિચારણા થઈ રહી છે. પરંતુ એમના ભાઈને મુંબઈ સરકાર તરફથી એવી મતલબનો જવાબ મળી ગયો છે કે એ બે ભાઈઓ સંબંધમાં હવે વધારે અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. અને હાઉસ ઑફ કૉમન્સમાં

૧. ૧૯૧૯નો ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ.

Gandhi Heritage Portal

મિ. મૉન્ટેગ્યુએ જણાવ્યું છે કે હિંદુસ્તાન સરકારના અભિપ્રાય પ્રમાણે એ બે ભાઈઓને છોડી શકાય તેમ નથી. પરંતુ આ કેસને આટલી સહેલાઈથી અભરાઈએ નહીં ચઢાવી શકાય. શાહી ઢંઢેરો બહાર પડ્યો હોવા છતાં આ બે ભાઈઓની સ્વતંત્રતા ઉપર હજી પ્રતિબંધ શા માટે ચાલુ રાખવામાં આવ્યો છે તેનાં ચોક્કસ કારણો જાણવાનો જનતાને હક છે, કેમ કે જનતાની નજરમાં શાહી ઢંઢેરો તો કાનૂનનું બળ ધરાવતા બાદશાહે આપેલા હક્કપત્ર જેટલો જ અસરકારક છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६-५-१९२०

## ૧૯૯. એક કઠણ કેસ

સર્વશ્રી બુગ્ગા અને રતનચંદનાં કુટુંબો તરફથી મને નીચેનો તાર મળ્યો છે:

> બુગ્ગા અને રત્તોને આંદામાન ખસેડવાના હુકમો થયા છે. બુગ્ગા દસ વર્ષથી સારણગાંઠ અને હરસથી પીડાય છે. એમને ઑપરેશન કરવામાં આવ્યું હતું. રત્તોની ઉંમર ચાળીસ વર્ષ ઉપર છે, તેથી તેમને જેલ મેન્યુઅલના નિયમ ૭૨૧ મુજબ આંદામાન નહીં મોકલવા જોઈએ.

વાચકોને યાદ હશે કે જે આરોપીઓ વતી પ્રિવી કાઉન્સિલમાં અપીલ કરવામાં આવી હતી અને જેમની અપીલો કાયદાની બારીકીને કારણે કાઢી નાખવામાં આવી હતી તેમાં બીજાઓ સાથે આ બે જણ પણ હતા.[1] માનનીય પંડિત મોતીલાલ નેહરુએ એમના કેસોનું પૃથક્કરણ કરીને બતાવી આપ્યું છે કે જે બીજા લોકોને છોડવામાં આવ્યા છે તેમના કરતાં આ બે જણ વધારે ગુનેગાર નથી. પરંતુ જે કેટલાક આરોપીઓને પહેલાં દેહાંતદંડની સજા કરવામાં આવી હતી અને પાછળથી તે ઘટાડીને કેદની સજામાં ફેરવવામાં આવી હતી, તેમને પણ અત્યારે છોડી મૂકવામાં આવ્યા છે. તો પછી બીજા કેસો કરતાં આ બે કેસો કઈ રીતે જુદા પડે છે? ખુદ અપીલની હકીકતને કારણે એ જુદા છે? જો એમણે અપીલ ન કરી હોત, અથવા કહો કે, એક સેવાભાવી વકીલે દયા લાવીને એમનો કેસ હાથમાં ન લીધો હોત અને અસાધારણ મુશ્કેલીઓ છતાં જો તે એમની વતી લડ્યા ન હોત તો તેઓ ક્યારનાયે ફાંસીને માંચડે ચઢી ગયા હોત. ગયા વર્ષના એપ્રિલ અને જૂન માસની વચ્ચે જે લોકોને સહન કરવું પડ્યું હતું તેમાંના ઘણા લોકોને છોડી મૂકીને પંજાબના માનનીય લેફ્ટનન્ટ ગવર્નર ઉદારતાભરી વિવેકબુદ્ધિ દાખવી રહ્યા છે. પ્રિવી કાઉન્સિલમાંથી અપીલ નીકળી ગયા પછી નામદાર વાઇસરૉય, સર્વશ્રી બુગ્ગા અને રતનચંદને ફાંસીએ ચઢાવી શકતા હતા. તેમ છતાં તેમણે તેમની મોતની સજા ઘટાડીને કાળાપાણીની કરી છે એ પણ એટલું જ સાચું છે. પરંતુ હું એમ કહેવાની હિંમત કરું છું કે જો શાહી ઢંઢેરાનો પૂરેપૂરો અમલ કરવો હોય તો સર્વશ્રી બુગ્ગા અને રતનચંદ મુક્તિના હકદાર છે. લાલા હરકિશનલાલ, પંડિત રામભજદત્ત ચોધરી અને એમના પ્રતિષ્ઠિત જૂથના બીજા લોકો કરતાં આ બે જણા રાજ્યને માટે વધારે જોખમકારક નથી. છુટકારાની દૃષ્ટિએ એમનો કેસ મજબૂત છે તેમ છતાં હાલ તુરતને માટે હું એમને તદ્દન મુક્ત કરવાની તરફેણ કરતો નથી. હું એટલી જ

૧. જુઓ "અમૃતસરની અપીલો", ૩-૩-૧૯૨૦.

Gandhi Heritage Portal

વિનંતી કરું છું કે એમને અત્યારે પંજાબમાં રાખવા અને જો એમને પંજાબની બહાર મોકલ્યા હોય તો, બીજા કશાની ખાતર નહીં પણ છેવટે એ બિચારાઓની પત્નીઓ ઉપર દયા લાવીને તેમને ત્યાંથી પાછા લાવવા. લોકોને એવું વિચારવા નહીં દેવાય કે આ સરકારનાં કામો તર્કશાસ્ત્ર અને ન્યાયના ઉચ્ચ સિદ્ધાન્તોથી પ્રેરાઈને નહીં પરંતુ કેવળ ભય અને સ્વાર્થબુદ્ધિથી પ્રેરાઈને થાય છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६-५-१९२०

## ૨૦૦. મંગળદાસ ગિરધરદાસ પારેખને પત્ર

મે ૨૬, ૧૯૨૦

સુજ્ઞ ભાઈશ્રી મંગળદાસ,

ગઈ કાલે આપણે નિર્ણય[1] ન કરી શક્યા એનું મને દુઃખ થયું. મારી આશા તો કાલે પૂરી જ હતી. મેં તમને કહ્યું કે અંબાલાલભાઈ સાથે તો મેં મસલત કરી લીધી છે. તેનો સાર આ છે કે તેમની સાથે રહેલ મિલો વૉર્પ-પીસર્સને રૂ. ૧૩ હપતાના આપશે ને આઠ આના બોનસ દર અઠવાડિયે. આ ભાવ ૩૪૦થી ૩૮૦ સુધીની સ્પિન્ડલનો છે. ૩૪૦ની અંદર હોય તો રૂ. ૧૨-૧૨ને ૩૮૦થી ઉપર હોય તો રૂ. ૧૩-૪-૦ છે. વેફ્ટ-પીસર્સનો રૂ. ૧૩-૮-૦ ઠરાવ્યો છે. ડૉફર્સના રૂ. ૯-૪-૦ અને બોનસ ચાર આના. અરધા વખતવાળાના રૂ. ૫ ઠરાવ્યા છે.

કામ કરવાના દસ કલાક ઠરાવ્યા છે. ઉપરના દર પણ દસ કલાકને હિસાબે છે. અને જો મિલોના ૭૫ ટકા સામેલ નહીં થાય તો હાલ દસ કલાકની વાત અમલમાં નહીં આવે.

કૉશન મની દસ દિવસ કરતાં વધારેના નહીં રખાય. આટલી મુખ્ય બાબતો છે. હજુ પણ મારી તમને વિનંતી છે કે આ ધોરણ તમે કબૂલ રાખો ને બીજાઓ પાસે રખાવો. આટલું તદ્દન વાજબી છે એમ માનું છું.

શ્રી મંગળદાસ ગિરધરદાસ પારેખ

અમદાવાદ

[મૂળ ગુજરાતી]

છબી પરથી : એસ. એન. ૭૦૪૪

૧. મિલમજૂરો અને મિલમાલિકો વચ્ચે જે ઝઘડો ચાલતો હતો તેના સમાધાનની શરતોની વિગતો નક્કી કરવા સંબંધમાં.



Gandhi Heritage Portal

## ૨૦૧. સ્વદેશી ધર્મ[1]ની પ્રસ્તાવના

મુંબઈ,
ભીમ અગિયારસ [મે ૨૮, ૧૯૨૦][1]

આ સાથેના લેખની પ્રસ્તાવના મારાથી લખી જાય એમ નથી. કેમ કે લેખક[2] મારા સાથી છે. હું એ લેખને વિષે એટલું જ કહી શકું કે એમાં આવેલા વિચારો સ્વદેશી ધર્મને શોભાવનારા છે; ને તેનો ઉપયોગ હિંદુસ્તાન પૂર્ણતાએ કરો એમ હું ઇચ્છું છું.

**મોહનદાસ કરમચંદ ગાંધી**

[મૂળ ગુજરાતી]

**સ્વદેશી ધર્મ**

## ૨૦૨. ગાંડપણ

હું કહી ગયો છું કે અસહકાર વગેરે ઉગ્ર શસ્ત્રો વાપરતાં આપણે ધીરજ વાપરતાં શીખવું જ જોઈએ. જો ગુસ્સામાં આવી જવાય તો ભારે હાનિ થઈ જાય. સરકાર ગુસ્સામાં આવી જાય એ પણ સહન કર્યે જ છૂટકો. જ્યારે જ્યારે રાજ્યસત્તાથી અન્યાય થઈ જાય છે, ત્યારે ત્યારે લગભગ દરેક વખતે સત્તાવાળા પ્રજા મર્યાદા છોડી દે, અને ખૂનખરાબી કરે એવું ઇચ્છે છે. અને જો પ્રજા એ દાવમાં આવી જાય તો પેલા અન્યાય ઉપરથી પ્રજાનું ધ્યાન પલટીને અશાંતિ તરફ દોરાય છે. ખૂનખરાબી કરનારાને દબાવવામાં રાજાપ્રજા એકત્ર થાય છે, અને અંતે પેલો અન્યાય ભુલાઈ જવાય છે. અથવા અન્યાયની સામે પ્રજા હિલચાલ કરતી હોય છે ત્યારે તે હિલચાલને દબાવવા રાજ્યસત્તા ભારે પ્રયત્ન કરે છે, અને થયેલા અન્યાયને ઢાંકવામાં વિવેકની મર્યાદા ચૂકી જવાય છે. પરિણામ એવું આવે છે કે અન્યાયની સામે થતી હિલચાલને દબાવવામાં રાજ્યસત્તાને ગાંડપણ આવી જાય છે.

એવું ગાંડપણ આપણી સરકારને આવી ગયેલું મને જોવામાં આવે છે. પંડિત મોતીલાલ નેહરુને સંયુક્ત પ્રાંતમાં[3] બધા જાણે છે. ત્યાંના ગવર્નર તેમને ત્રીસ વરસ થયાં ઓળખે છે. તેમનો એક જ પુત્ર જવાહરલાલ બૅરિસ્ટર છે અને એ પણ સારી રીતે જાણીતા થયેલ છે. પોતાના પિતાજીને તેના ધંધામાં અને તેના જાહેર કામમાં સંપૂર્ણ મદદ કરે છે. સંયુક્ત પ્રાંતમાં સહુ કોઈને ખબર છે કે એમનાં માતુશ્રીની તબિયત હમેશાં નાજુક રહે છે. રા. જવાહરલાલ નેહરુની પત્નીની તબિયત હાલ ઘણી ખરાબ છે. નેહરુ કુટુંબ વખતોવખત ઉનાળામાં હવાફેર કરવા મસૂરી જાય છે. આ વખતે ઉપર જણાવેલી માંદગીને લીધે મસૂરી જવાની વિશેષ જરૂર

૧. આ પુસ્તિકા ૧૯૨૦માં સત્યાગ્રહ આશ્રમમાંથી સ્વામી આનંદે પ્રસિદ્ધ કરી હતી.

૨. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર (૧૮૮૫ – ); તેઓ કાકાસાહેબ કાલેલકરના નામથી જાણીતા છે; ૧૯૧૫થી ગાંધીજી સાથે હતા.

૩. હવે ઉત્તર પ્રદેશ.

Gandhi Heritage Portal

હતી. જ્યારે એ નિશ્ચય થયો ત્યારે અફઘાનિસ્તાનના એલચીઓ મસૂરી જવાના છે એ તેમના ખ્યાલમાં પણ ન હતું. જ્યાં તેઓ ઊતરવાના હતા ત્યાં જ આ એલચીઓ પણ ઊતરશે એ પણ તેમને ખ્યાલ ન હતો. છતાં મસૂરીમાં ઊતરવાની ઘણી સગવડો ન હોવાથી નેહરુ કુટુંબ અને અફઘાનિસ્તાનના એલચીઓ ભટકાયા. બન્ને એક જ મકાનમાં રહે એ સરકારી અમલદારોથી સહન ન થઈ શક્યું. છતાં રા. જવાહરલાલ નેહરુની ઉપર એકદમ દાબ મૂકવાનું પણ ન બની શકે એમ હતું, તેથી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે તેમને બોલાવીને કહ્યું કે જો તેઓ એવી કબૂલાત આપે કે પેલા એલચીઓની સાથે બોલાચાલીનો પણ વહેવાર નહીં રાખે તો તેમને મસૂરીમાં રહેવા દેવામાં આવશે. જેને પોતાનું માન વહાલું છે તે માણસ આવી ખોળાધરી કેમ આપે? ભલે એલચીઓની સાથે મુદ્દલ વહેવાર ન હોય. રા. જવાહરલાલ પંદર દિવસ તો મસૂરીમાં રહ્યા છતાં એક શબ્દ સરખો પણ એ એલચીઓની સાથે નહોતા બોલ્યા. પણ સ્વેચ્છાએ વગર પ્રસંગે કોઈની સાથે ન બોલવું એ એક વાત છે અને કોઈના દબાણથી અમુક માણસની સાથે નહીં બોલવાની પ્રતિજ્ઞા કરવી એ જુદી જ વાત છે. તેથી રા. જવાહરલાલે તેવી બંધણી કરી આપવાની ના પાડી. તેથી તેમને તુરત જ મસૂરી છોડવાનો હુકમ કરવામાં આવ્યો. અમલદારને રા. જવાહરલાલે બધી હકીકત જણાવી હતી. પોતાની મુશ્કેલીઓ પણ કહી હતી. પણ મુશ્કેલીઓની સાથે અમલદારને શું લેવાદેવા હોય?

જો પ્રજાના નબળામાં નબળા અંગની મુશ્કેલી પણ રાજા જોતો હોય તો એ તો રામરાજ્ય કહેવાય. એ પ્રજાસત્તાક રાજ્ય કહેવાય. એવી આશા આધુનિક જમાનામાં કોઈ પણ રાજાની — પછી તે ભલે અંગ્રેજ હોય કે હિંદી હોય, ખ્રિસ્તી, મુસલમાન કે હિંદુ હોય — રાખી શકાય જ નહીં. જે યુરોપની આપણે નકલ કરવા અધીરા થઈ ગયેલા દેખાઈએ છીએ તે યુરોપ પણ પશુબળને અથવા પશુબળને મુકાબલે વધુમતને પૂજે છે. અને વધુમતવાળા કંઈ નબળાની હમેશાં રક્ષા જ કરે છે એવું બનતું નથી. વધુમતનો ન્યાય એ સામાન્ય વિષયોમાં સામાન્ય રીતે લૌકિક ન્યાય છે એમ કહી શકાય. પણ શુદ્ધ ન્યાય તો સર્વના કલ્યાણમાં જ હોઈ શકે. એટલે જ્યાં નબળામાં નબળા માણસની પણ પૂરેપૂરી રક્ષા કરવામાં આવતી હોય અને તેના હક્ક પણ પૂરેપૂરા જાળવવામાં આવતા હોય ત્યાં જ શુદ્ધ પ્રજાસત્તાક રાજ્ય ગણાય. પ્રજાની સત્તાથી ચાલતા રાજ્યનો અર્થ ઘણા મતને ન્યાયે ન્યાય એ નથી, પણ પ્રજામાંના નાનામાં નાના અંગનું પણ પોષણ થાય એ છે. આવા પોષણ અને આવા ન્યાયની આશા આપણે અત્યારે આપણી સરકાર પાસેથી નથી રાખી શકતા. પણ જે પગલું સરકારે ભર્યું છે એ તો ચોખ્ખું ગાંડપણ છે, કારણ કે એ પગલાને સારુ તેમની પાસે કંઈ પણ સબળ કારણ હોય એવી કલ્પના થઈ શકતી નથી.

આ તો ગાંડપણની એક નિશાની. સિંધથી જે ખબર આવી છે તે બરોબર હોય તો ત્યાં તો એક ડેપ્યુટી કમિશનર ગાંડપણની સીડીને છેક છેલ્લે પગથિયે પહોંચી ગયા જણાય છે. ખિલાફતની હિલચાલને બંધ કરવાના ઈરાદાથી આબરૂદાર માણસોની ઉપર દાબ મૂક્યા કરે છે એટલું જ નહીં પણ એક આબરૂદાર ગૃહસ્થને પોતે માર માર્યાનું[1] કહેવામાં આવ્યું છે. આપણે આશા રાખીશું કે મુંબઈના ગવર્નર સાહેબ આની પૂરી તપાસ કરશે. પણ અત્યારે તો આપણે આપણી ફરજ તપાસવાની વિશેષ જરૂર છે. હજુ તો અસહકાર શરૂ થયો ગણાય નહીં. પણ

૧. જુઓ "ગાંડપણ", ૨૯–૫–૧૯૨૦.

Gandhi Heritage Portal

જ્યારે એ શરૂ થશે ત્યારે તેને દાબવાને સારુ સરકાર પોતાનાથી અજમાવી શકાય તેટલું બધું જોર અજમાવશે તેમાં કંઈ શક નથી. તે વખતે કેટલું ગાંડપણ આવશે એ કોણ કળી શકશે? એવે સમયે જો પ્રજા નિશ્ચળ રહી શકે, શાંત રહી શકે, અને પોતા તરફથી જરાયે ખૂનરેજી ન થાય તો પ્રજા ઘણી ઊંચી પાયરીએ ચઢેલી ગણાશે, અને ખિલાફતના પ્રશ્નનો છેવટનો નિકાલ આપણા પક્ષમાં આવશે એ વિષે મને મુદ્દલ શંકા નથી.

અસહકાર વગેરે વિષે છેવટના ઠરાવ કરવાને સારુ ખિલાફત કમિટીની મીટિંગ તુરતમાં ભરાવાની છે. ઘણે ભાગે ઑલ ઈન્ડિયા કૉંગ્રેસ કમિટીની સભા[1] ૩૦મી મેએ થવાની છે તે જ અરસામાં કાશી અથવા તો પ્રયાગમાં આ કમિટી પણ મળવાનો સંભવ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩૦–૫–૧૯૨૦

## ૨૦૩. અસહકારમાં કેમ ઢીલ થાય છે?

એક નવજીવન વાંચનાર લખે છે:[2]

ઉપલા લખાણમાંથી કોઈક જગ્યાએથી મેં વિશેષણ ખસેડયું છે. હજુ બીજા પ્રહારો તો ઘણાયે છે, પણ એ આપતાં મારી હિંમત ચાલતી નથી. આ લખનારે પોતાનું નામ પણ આપેલું છે; તે પણ આપવા ઇચ્છતો નથી. કદાચ તેણે પોતે પણ મજકૂર પત્ર મને એકાંતે સલાહ તરીકે જ લખ્યો હોય. છતાં જે આપવા જેવો ભાગ હતો એમ મને લાગ્યું તે ભાગ આપી ગયો છું.

જ્યાં સુધી આટલા બધા ગુસ્સાથી ભરેલા અને વહેમાયેલા માણસો છૂટાછવાયા પણ પ્રજામાં પડયા છે, ત્યાં સુધી જ અસહકાર વગેરે અમૂલ્ય શસ્ત્રોનો ઉપયોગ કરતાં મુશ્કેલીઓ આવ્યા કરે છે. અસહકાર જેવા શસ્ત્રના ઉપયોગમાં જે તત્ત્વ સમાયેલું છે એ તો આ લખનાર સમજેલ જ નથી. અને તેનામાં મુસલમાન ભાઈઓના જેટલી ધીરજ પણ નથી. મારી કલ્પનામાં અસહકાર એ કેવળ નિ:શસ્ત્ર પ્રજાનું હથિયાર છે એવું છે જ નહીં. નબળા સબળા બધા તેનો ઉપયોગ કરી શકે. અમુક પ્રસંગોમાં અસહકાર એ ધર્મ છે એ હું સમજાવી ગયો છું.

ઇંગ્લંડના પ્રધાનો પર જે ભારે આક્ષેપો મૂકવામાં આવેલા છે એ અયોગ્ય છે. વડા પ્રધાને આ સવાલમાં વિશ્વાસઘાત કર્યો છે એમ હું માનું છું, પણ અંગ્રેજી પ્રધાનમંડળ બેઈમાન અને વિશ્વાસઘાતી છે અથવા હિંદના અધિકારીઓ માત્ર આપખુદ છે, એવું હું માનતો જ નથી. અંગ્રેજી પ્રજા અથવા તો અંગ્રેજી પ્રધાનમંડળ આપણા કરતાં ભારે ઊતરતા છે અને આપણે ગુણોનો ભંડાર છીએ એવી મારી માન્યતા નથી. અંગ્રેજી પ્રજાની ઉપર હું પોતે તો આશક છું. એ પ્રજા શૂરવીર, ભોળા દિલની અને કાંઈક ઈશ્વરનો ડર રાખનારી છે, એકાએક ધર્મથી વિમુખ નથી. એ પ્રજા જેમ પશુબળને પૂજનારી છે તેમ જ નીતિબળને ઓળખનારી છે. એ

૧. આ સભા ૩૦મી મેને રોજ બનારસમાં મળી હતી. અને તેણે ગાંધીજીના અસહકારના કાર્યક્રમનો વિચાર કરવા એ જ વર્ષના પાછલા ભાગમાં કૉંગ્રેસનું ખાસ અધિવેશન કલકત્તામાં ભરવાનો ઠરાવ કર્યો હતો.

૨. આ પત્ર અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

પ્રજાથી અનેક દોષો થયા છે, તેમ અનેક પુણ્ય કર્મો પણ થયાં છે. એ પ્રજામાં ખરેખર કેટલાક યોગીજનો પેદા થયા છે અને તે ઉપાસવા લાયક છે. તેનામાં જે યોજનાશક્તિ છે, જે ધૈર્ય છે, જે કળા છે એ અનુકરણ કરવા લાયક છે. તેનામાં દોષ જોવાથી, હિંદુસ્તાન પ્રત્યેના તેના અન્યાયોથી હું મારી ન્યાયવૃત્તિને ખોઈ દેવા કે ઢાંકવા તૈયાર નથી. જેટલું અંગ્રેજોના ગેરઇન્સાફની સામે હું ઝૂઝયો છું તેટલે દરજજે બીજા કોઈ ભાગ્યે જ ઝૂઝયા હશે. પણ એ ઝૂઝવાની પાછળ ઊંડે ઊંડે એ પ્રજાની પ્રત્યે મારો ભાવ અથવા મોહ કહો તો મોહ પણ રહેલ છે. નીતિબળને જેટલી ત્વરાથી અંગ્રેજો પારખી લે છે, તેટલી જ ત્વરાથી હિંદુસ્તાનની પ્રજાને છોડીને બીજી પ્રજા નહીં જ પારખતી હોય એવી મારી માન્યતા છે. અને તે પાયાની ઉપર મેં મારી ઘણી લડતો ચણેલી છે. પણ કદાચ મારી ગણતરીમાં ભૂલ હશે તો એ મને પશ્ચાત્તાપનું જરાયે કારણ નહીં રહે. કેમ કે કોઈ લડતનો મારો આધાર બાહ્ય વસ્તુ ઉપર નથી, પણ પ્રત્યેક લડત અને તેને વિષે લેવાયેલાં સાધનોની કેવળ નિર્મળતા ઉપર રહેલો છે. સત્યને કાળની બાધા આવતી જ નથી. સત્યમાં ધીરજને પુષ્કળ અવકાશ છે. રાહ જોવામાં જરાયે ભય સત્યને આચરનાર માને જ નહીં.

વળી મૉડરેટો ઉપર કેવા આક્ષેપો? મૉડરેટો માત્ર દેશદ્રોહી અને ખુશામતિયા છે, એમ પ્રજાનો ઘણો ભાગ માનતો હોય તો હું જરૂર નિરાશ થાઉં, અને દુઃખ પામું. હું તો બન્ને[1] પક્ષને દેશનું હિત ચાહનારા માનું છું. જે વખતે આપણે બધા સૂતા હતા, તે વખતે સુરેન્દ્રનાથનો[2] અવાજ આખા હિંદુસ્તાનને ગજવી રહ્યો હતો. એક સમય એવો હતો કે જ્યારે સર દીનશા વાચ્છાના[3] શબ્દોને મુંબઈ ઇલાકો ઝીલી લેતો હતો. આવા દેશના નાયકોને દેશદ્રોહી અથવા ખુશામતિયા કહેવા એને હું પાપ માનું છું. તેઓના ઘણા વિચારો મને અત્યારે પસંદ નથી પડતા. મારો નવો અનુભવ મને અવશ્ય નવું શીખવે છે. સુરેન્દ્રનાથ બેનરજીનો ઇંગ્રેજી ઉપરનો મોહ હું સાંખી શકતો નથી. સર દીનશા વાચ્છાના અર્થશાસ્ત્રના કેટલાક નિયમો હું ગ્રહણ કરી શકતો નથી. પણ તેથી તેઓના પ્રત્યે રહેલો મારો પૂજ્યભાવ લવલેશ પણ ઓછો થઈ શકતો નથી. તેઓએ કરેલી દેશસેવા હું ભૂલી શકતો નથી, અને જે ઉંમરે તેઓ પહોંચ્યા છે એટલી ઉંમરે હું પહોંચી શકું અને ત્યારે પણ મારામાં દેશની સેવા કરવાનો ઉત્સાહ તેઓના જેટલો રહી શકે તો હું મને ભાગ્યશાળી સમજું. તુલસીદાસે ગાયું છે કે, જડ ચેતન ઉભય ગુણદોષમય છે. પણ આપણું કામ, જેમ હંસ વારિરૂપી વિકારને ત્યજીને કેવળ પયનું જ ગ્રહણ કરે છે, તેમ ગુણદોષનું પૃથક્કરણ કરી, બધાના દોષનો ત્યાગ કરી ગુણને જ ગ્રહણ કરવાનું છે. કેમ કે જો આપણા જ દોષોને આપણાં સગાંવહાલાં અને સંસાર જોયા કરશે તો આપણી શી વલે થશે?

ગુજરાતની પ્રજાને હું અવશ્ય વીનવવા ઇચ્છું છું કે તેણે અત્યારે ચાલતો ઝેરી પવન ત્યજવો જોઈએ. ઉપરનો લેખ એ પવનની નિશાની છે અને તેથી જ મેં તેને અહીં સ્થાન આપ્યું છે. મારી પોતાની માતૃભાષા ગુજરાતી હોવાથી, વિશેષ જન્મભૂમિ ગુજરાત હોવાથી,

૧. રાષ્ટ્રવાદીઓ અને મૉડરેટો.

૨. સુરેન્દ્રનાથ બેનરજી (૧૮૪૮–૧૯૨૫); ૧૮૯૫માં તથા ૧૯૦૨માં કૉંગ્રેસના પ્રમુખ; પાછળથી મૉડરેટ પક્ષના નેતાઓ પૈકીના એક.

૩. દીનશા એદલજી વાચ્છા (૧૮૪૪–૧૯૩૬); ૧૮૯૬થી ૧૯૦૦ સુધી કૉંગ્રેસના જૉઇન્ટ સેક્રેટરી; ૧૯૦૧માં કૉંગ્રેસના પ્રમુખ અને પાછળથી મૉડરેટ પક્ષના નેતાઓ પૈકીના એક.

Gandhi Heritage Portal

હું મારા સારામાં સારા ઉદ્‌ગારો વહેલામાં વહેલો ગુજરાતને જ આપી શકું એમ મારી માન્યતા છે. અને ગુજરાતની મારફતે તેનો પ્રચાર હિંદુસ્તાનમાં થઈ શકે એમ હું જાણું છું. જે ઝેરી વાયુ અત્યારે પ્રવર્તી રહ્યો છે તેમાંથી ગુજરાત અને હિંદુસ્તાન મુક્ત રહો એવી મારી તીવ્ર ઇચ્છા છે. મુક્ત રહી શકે એમ હું જીવતાં સુધી માન્યા કરીશ. અને સત્યરૂપી સુગંધમય વાયુને ઝપાટાબંધ ફેલાવવામાં વખત જાય છે તેનું કારણ માત્ર હું વર્ણવી ગયો એ ઝેરી વાયુ જ છે. આપણે અંગ્રેજો પ્રત્યે ક્રોધ કરીને, માનવજાતનો અવિશ્વાસ રાખીને, એકબીજા પક્ષો ઉપર આક્ષેપો ઢોળીને, અરસપરસ તિરસ્કાર રાખીને દેશનો ઉદય નથી જોવાના. તિરસ્કાર, દોષદર્શન એ બધાં રોગનાં — નબળાઈનાં લક્ષણ છે. નબળો બધે નબળાઈ જ જુએ છે. દુષ્ટ બધાને દુષ્ટ જ માને છે. સર્પ કે વીંછી સહુથી ડરે છે. આ જગતનો કાયદો છે તેને આપણે કેમ ભૂલીશું? "આપ ભલા તો જગ ભલા".

રૉલેટ ઍક્ટ વિષે પણ બે શબ્દ કહી લઉં. એ કાયદો તેની મુદત પહેલાં રદ થવાનો જ છે એવો મારો વિશ્વાસ છે, અને તે કાયદાના સવિનયભંગરૂપી સત્યાગ્રહની ફરી જરૂર જણાયા વિના થશે એમ હું માનું છું. પણ કદાચ તેમ ન થયું તો સત્યાગ્રહ અવશ્ય ફરી થશે એ વિષે મને શંકા નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩૦–૫–૧૯૨૦

## ૨૦૪. વિવિધ ચર્ચા

મને, હું જ્યારે સ્વદેશીને અર્થે કાઠિયાવાડમાં પ્રવાસ કરતો હતો તે વખતે કેટલાક પત્રો મળેલા અને નવજીવન ઑફિસમાં પણ કેટલાક પરભારા ગયેલા. એ બધાનો જવાબ હું તે જ વખતે નવજીવનમાં નહીં આપી શકેલો. કોઈને મેં ખાનગી ચિઠ્ઠીઓ પણ લખેલી કે અવકાશ મળ્યે જવાબ આપીશ. બધા કાગળો મેં કાળજીથી સંઘરી રાખ્યા છે. તેની ઉપર આંખ ફેરવી જવાનો આ અઠવાડિયે મને પ્રસંગ આવ્યો. તેમાં કેટલાક કાગળો હમેશાં તાજા જ જોવા લાગે છે. તેનો પ્રસંગોપાત્ત ઉપયોગ કરવા ધારું છું, તેવો એક કાગળ કાઠિયાવાડનાં એક પ્રખ્યાત અને ધર્મપરાયણ બહેનનો છે. તેમાંનો ભાગ હું નીચે ઉતારી લઉં છું.[1]

આ પ્રમાણે સાર મજકૂર બહેનના કાગળનો છે. એવા જ સવાલો મુસાફરી દરમ્યાન બીજાઓએ પણ પૂછેલા તેથી એનો જવાબ આપવાનો પ્રયત્ન કરીશ.

પ્રથમ સ્વદેશી વિષે: મારી સ્વદેશીની કલ્પનામાં માત્ર કાપડનો જ સમાવેશ છે. કેમ કે પરદેશી કાપડનો ઉપયોગ થવાથી હિંદુસ્તાનમાંથી લગભગ ૫૦ કરોડ રૂપિયા પ્રતિવર્ષ ચાલ્યા જાય છે. જોકે એ બધા રૂપિયા આપણે આપણા કારીગરોમાં જ વાપરી શકીએ છીએ. તેટલા કે તેથી ઓછા આપણે આગળ વાપરતા હતા. તે ધંધાની અવેજીમાં આપણા કારીગરોએ બીજો ધંધો ગ્રહણ કર્યો નથી. અને અસંખ્ય ઓરતો જે પોતાના ઘરમાં નિરંતર થોડુંઘણું સૂતર કાંતી

૧. આ કાગળ અહીં આપ્યો નથી. કાગળ લખનાર બહેને ગાંધીજીને પૂછ્યું હતું કે તમે સ્વદેશીની ચળવળ કાપડ ઉપરાંત બીજી બાબતોમાં વિસ્તારવા માગો છો કે કેમ? અને અસ્પૃશ્ય કોમો માટે તમે ખાસ કાળજી દાખવતા જણાઓ છો, એ શાથી?

Gandhi Heritage Portal

હિંદુસ્તાનને ઢાંકતી હતી તે ઓરતોની દીકરીઓ અત્યારે પોતાની માનો પવિત્ર ધંધો ભૂલી ગઈ છે અને તેને બદલે બીજો ધંધો કશોયે કરતી નથી. તેથી જ દેશમાં અત્યંત ભૂખમરો વધ્યો છે. અને ગમે તેવા બીજા પ્રયત્ન થાય તોપણ જ્યાં સુધી આ કારીગરો અને ઓરતો પોતાનો અસલી ધંધો ફરી ગ્રહણ નહીં કરે ત્યાં સુધી કદાચ હિંદુસ્તાનમાં ચારગણી મિલો થઈ જાય તોપણ કરોડોની ગરીબાઈ કદી ઘટવાની જ નથી એવા કારણથી મેં સ્વદેશીને ઉત્તમ ધર્મ માન્યો છે અને હજુ માનું છું. સોય, હોલ્ડર ઇત્યાદિ દેશમાં પેદા થાય એ ઇચ્છવા જેવું છે. આપણે છેવટે એ સ્થિતિએ પણ પહોંચવું રહ્યું છે. પણ એની સરખામણી કાપડની સાથે થઈ જ નહીં શકે. આ ઉદ્યોગો આપણે નવા દાખલ કરવાના રહ્યા. તેમાં કરોડો જે કંગાલ થઈ ગયા છે તેઓને આપણે નહીં રોકી શકીએ. અને તે શક્તિ વડે આપણે ૬૦ કરોડનું નવું કાપડ અસંખ્ય સ્ત્રીઓ અને કારીગરોની મારફતે કઢાવી શકીશું. કેમ કે ૬૦ કરોડ રૂપિયાની વાર્ષિક આવકનો ઉદ્યોગ હિંદુસ્તાનમાં દાખલ કરવામાં ઘણો આત્મભોગ, યોજનાશક્તિ, બુદ્ધિ, પ્રામાણિકતા, દૃઢતા ઇત્યાદિ ગુણોને ખૂબ કેળવવા પડશે. તે ગુણો જ્યારે ઘણા કેળવાશે ત્યારે જ આપણે, મેં કલ્પેલી સંકુચિત લાગતી સ્વદેશીને મજબૂત પાયા ઉપર મૂકી શકીશું.

હવે અંત્યજો વિષે: હિંદુસ્તાનના મંદભાગ્યનો પ્રશ્ન આમાં સમાઈ ગયો છે. અંત્યજનો પ્રશ્ન કરીને આ બહેન શંકા ઉઠાવે છે કે શું અંત્યજને અંત્યજતામાંથી મુક્ત કરીને હિંદુસ્તાનને આપણે ઉગ્રભાગી કરી શકીશું? મને લાગે છે જરૂર એવું પરિણામ લાવી શકાય કેમ કે જે શક્તિ વડે આપણે મહાપાપમાંથી મુક્તિ મેળવશું તે શક્તિ વડે બીજાં પાપોમાંથી આપણે નીકળી શકશું, અને મારી દૃઢ માન્યતા છે કે જ્યાં સુધી આપણે કેટલાંક પાપકર્મોમાં પડેલા છીએ ત્યાં સુધી હિંદુસ્તાન મંદભાગી રહેશે જ. હું અંત્યજની સેવા કરીને આખી કોમની સેવા કરું છું એવી મારી માન્યતા છે. જેમ અંત્યજ દુ:ખી છે તેમ બીજાઓ પણ છે, છતાં અંત્યજની ઉપર આપણે ધર્મને નામે ધાડ પાડીએ છીએ તેથી એ અધર્મમાંથી નીકળી જવા અને નીકળવાને બીજાને સૂચવવા ચુસ્ત હિંદુ તરીકે મારી વિશેષ ફરજ માનું છું. અંત્યજના દુ:ખનો મુકાબલો પ્રજાના બીજા કોઈ પણ વિભાગના દુ:ખની સાથે આપણે નહીં કરી શકીએ. અંત્યજ અસ્પૃશ્ય છે એવો ધર્મ આપણે કેમ માનીએ છીએ એ મારી બુદ્ધિ ગ્રહણ કરી શકતી નથી. અને એનો વિચાર કરું છું ત્યારે મારું હૃદય કંપે છે. આ અસ્પૃશ્યતા હિંદુ ધર્મનું અંગ કદીયે ન હોઈ શકે એવી સાક્ષી મારો આત્મા પૂરે છે. આટલાં વર્ષો સુધી તેમને અજ્ઞાનપણે અસ્પૃશ્ય ગણીને હિંદુ સંસારે પાપનો થર જમાવેલો છે તે દૂર કરવા આખું જીવન અર્પણ કરવું એ મને જરાયે વધારે પડતું નથી લાગતું. અને હું કેવળ એ જ કાર્યની અંદર નથી રોકાઈ શકતો, એટલું મને દુ:ખ રહ્યા કરે છે.

આમાં અંત્યજની સાથે જમણવ્યવહાર કે બેટીવ્યવહાર રાખવાનો સવાલ જરાયે ઉત્પન્ન થતો નથી. કેવળ અડકવા નહીં અડકવાનો જ પ્રશ્ન છે. અંત્યજ મુસલમાન થાય તો હું અડું, ખ્રિસ્તી થાય તો હું એને સલામ કરું, જે ખ્રિસ્તી અથવા મુસલમાનને તે અડે તેને અડતાં પાપ ન માનું, પણ તે અંત્યજને અડતાં મને સંકોચ થાય! એ વિચાર મને તો અન્યાયભર્યો, વિવેકરહિત અને અધર્મી જ લાગે છે. તેથી જ હું અંત્યજને અડકીને મને પોતાને પવિત્ર થયેલો માનું છું અને અનેક રીતે મર્યાદામાં રહીને હિંદુ સંસારને આ આરોપમાંથી નીકળી જવા વીનવ્યા જ કરું છું. આ બહેન જેણે સરળ ભાવથી ઉપરનો કાગળ લખ્યો છે તેને પણ હું તો વીનવું કે એ પોતાની સરસ શક્તિ અને પોતાની વગનો સંપૂર્ણ ઉપયોગ કરીને હિંદુ સંસારને

Gandhi Heritage Portal

અસ્પૃશ્યતાના પાપના બોજામાંથી છોડાવવામાં ભાગીદાર થાય, અને પોતે થોડા વખતને સારુ પણ પવિત્ર રેંટિયો પોતાના ઘરની અંદર દાખલ કરીને થોડા સમયનું દાન હિંદુસ્તાનને કરે, અને પોતાની અજ્ઞાની બહેનોને સારુ સરસ દાખલો બેસાડે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩૦–૫–૧૯૨૦

# ૨૦૫. નોંધ

## એક સુંદર નમૂનો

ઓરિસ્સા દુષ્કાળ ફંડમાં અનેક જગ્યાએથી કંઈ પ્રયત્ન વિના પૈસા આવ્યા કરે છે. એ દયાની અને પ્રજાભાવનાની શુભ નિશાની છે. પણ મુંબઈની એસ્પ્લેનેડ હાઈસ્કૂલની ગરીબની પેટીમાંથી જે ફાળો આવ્યો છે તે ધ્યાન ખેંચવા લાયક છે. આ હાઈસ્કૂલમાં એક પેટી રાખવામાં આવે છે. તેમાં વિદ્યાર્થીઓને અને શિક્ષકોને પૈસા નાખવાનું ઉત્તેજન આપવામાં આવે છે, અને તે પૈસાનો ઉપયોગ ગમે તે ઠેકાણે નાતજાતનાં બંધન વિના દુ:ખનિવારણ અર્થે કરવામાં આવે છે. એ પેટીમાં માત્ર એ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નોકરો જ પૈસા નાખી શકે છે. તેને સારુ યોગ્ય નિયમો ઘડી મેલવામાં આવ્યા છે, કે જેથી કંઈ ઘાલમેલ થઈ ન શકે. ઓછામાં ઓછી રકમ નાખવાની બે આના ઠરાવવામાં આવેલી છે. અને વધારે રકમોને સારુ જુદાં જુદાં પ્રમાણપત્રો વગેરે કાઢી લાલચો આપવામાં આવી છે. એ ધારાઓની ભાંજગડમાં અહીં ઊતરવાની જરૂર નથી, પણ આ પ્રમાણે પેટી કાઢવાનો રિવાજ અનુકરણીય છે. એ તરફ જ અમે ધ્યાન ખેંચીએ છીએ, અને દરેક સુવ્યવસ્થિત નિશાળમાં બાળકોને અને મહેતાજીઓને યથાશક્તિ દાન કરવાનું ઉત્તેજન આપવામાં આવે અને તેનો સદુપયોગ થાય તો દેશમાં દુ:ખનિવારણને સારુ સહેજ પ્રયત્ને મોટી રકમ પેદા થઈ શકે અને તેનો દરેક નિશાળ પોતાને જોખમે સદુપયોગ કરી શકે.

## નોકરોની સ્થિતિ કેમ સુધરે?

નવજીવન નિયમસર વાંચનારને યાદ હશે કે તા. ૨૧મી સપ્ટેમ્બરના અંકમાં "સર્વોદય" નામે એક ચર્ચાપત્રીએ મજૂરોના કામના કલાકો ઘટાડવાની સૂચના કરેલી[૧] તે ઉપર "વિરાગી" ઉપનામથી લખનાર એક શિક્ષિત વેપારીએ પોતાના વિચારો જણાવ્યા છે. તેમાં તે લખે છે કે:[૨]

આ વિચારો સ્તુત્ય છે એમાં તો કંઈ શંકા જ નથી. પણ એક વેળાએ ઉંદરોની સભામાં બિલાડીથી ચેતતા રહેવાને સારુ એક ઉંદરે સૂચના કરી કે બિલાડીને ગળે એક ઘંટ બાંધવો જોઈએ અને એમ થાય તો અવાજ થતાં સહુ પોતપોતાના દરમાં ભાગી જાય. એ વખતે પ્રશ્ન એ ઊઠ્યો કે ઘંટ કોણ બાંધશે? તે પ્રમાણે આવાં મહત્કાર્ય નોકરોમાંથી કોણ કરશે? એ સવાલ ઊઠે

૧. જુઓ પુસ્તક ૧૬, પા. ૧૫૧.

૨. આ પત્ર અહીં આપ્યો નથી. એમાં લેખકે "સર્વોદય"ની સામાન્ય દલીલ માન્ય રાખી હતી, પરંતુ એવો અભિપ્રાય આપ્યો હતો કે નોકરી કરનાર લોકોની મુસીબતો દૂર કરવાનો સારામાં સારો માર્ગ એ છે કે એમને સહકારી મંડળીઓ કાઢવામાં મદદ કરવી.

Gandhi Heritage Portal

છે. મુંબઈના નોકરોની આટલી મોટી સંખ્યા જો એકત્ર થાય અને તેઓ એકમતના થઈ શકે તો કામ જરાયે કઠણ નથી. જે માણસને સારો વિચાર સૂઝે તે પોતે તેનો અમલ કરવાનું શરૂ કરે એના જેવી બીજી એકે એ વિચારનો પ્રચાર કરવાની સારી યોજના ન હોઈ શકે. "વિરાગી" પોતે જ પોતાનો વિચાર અમલમાં કેમ ન મૂકે?

### માતર તાલુકામાં[1] લૂંટ

એક ખબરપત્રી પોતાનું નામ આપ્યા વિના લખી જણાવે છે કે માતર તાલુકામાં આજકાલ બહારવટિયા ખૂબ લૂંટ ચલાવી રહ્યા છે. તે જણાવે છે કે વૈશાખ સુદ ૫થી[2] બે વખત લૂંટ થઈ ચૂકી. આ બાબત જેઓ ઈલાજ ઈચ્છતા હોય તેઓએ વધારે વિગત આપવી જોઈએ. નામઠામ આપતાં ડરી જવાની જરાયે જરૂર નથી. હવે આવા પ્રકારના ભય પ્રજાએ છોડી દેવા જોઈએ. અમુક જગ્યાએ લૂંટ થઈ છે એટલી ખબર આપવામાં જોખમ તો છે જ નહીં, છતાં જોખમ હોય તેની પણ ખરી ખબર આપતાં ડરવાનું ભુલાઈ જવું જોઈએ. ઉપરની બાબતમાં કોઈ પણ વાંચનારને વધારે ખબર હોય તો તે અમને પહોંચાડવામાં આવશે તો અમે તેનો ઘટતો ઉપયોગ કરી દાદ મેળવવાની ઉમેદ રાખીએ છીએ.

સાથે એટલું પણ કહેવાની જરૂર છે કે લોકોએ આવા ઉપદ્રવોની સામે પોતાની મેળે પોતાનું રક્ષણ કરતાં પણ શીખી લેવું જોઈએ. ગામના બધા માણસો સંપીને ઈલાજ લે તો બહારવટિયાઓ સામાન્ય રીતે લોકોને લૂંટી શકે નહીં એવી અમારી માન્યતા છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩૦–૫–૧૯૨૦

## ૨૦૬. ખિલાફત

### કેટલાક વધારે પ્રશ્નોના ઉત્તર

ખિલાફત વિષે મારે શું કરવું જોઈએ તે સંબંધમાં જાહેર ચર્ચા, ખાનગી સલાહ અને નનામા કાગળોનો મારા પર વરસાદ વરસે છે. હું જલદી મોટા પાયા પર અસહકારની હિલચાલ શરૂ કરવા સલાહ નથી આપતો તેથી ઘણા તો અધીરા થઈ ગયા છે. દેશને બંને બાજુએથી તોફાનના દરિયામાં દોરી નુકસાન કરવાનો આરોપ પણ કોઈક મૂકે છે. બધી ટીકાઓનો જવાબ આપવો અશકય છે. છતાં મુખ્ય શંકાઓ રજૂ કરી તેનો બને તેટલો સંતોષકારક જવાબ આપવા પ્રયત્ન કરું છું. વધારાની શંકાઓ નીચે મુજબ છે:[3]

(૧) તુર્કીની માગણી અનીતિમય વા ગેરવાજબી છે તો સત્ય અને ન્યાયના મારા જેવા હિમાયતી તેને કેમ ટેકો આપે?

(૨) દલીલ ખાતર માનો કે તેમની માગણી વાજબી છે તોપણ તુર્કો અશક્ત, બાયલા અને નિર્દય છે. તેઓ મદદને પાત્ર નથી.

(૩) વળી ભલે તુર્કી જે માગે છે તેને માટે લાયક હોય, તોપણ હિંદુસ્તાનને આ આંતરરાષ્ટ્રીય તકરારમાં શા માટે નાખવો જોઈએ?

૧. ગુજરાતના ખેડા જિલ્લામાં આ તાલુકો આવેલો છે.
૨. એપ્રિલ ૨૦, ૧૯૨૦.
૩. જુઓ "કેટલીક ગૂંચવણોનો ઉકેલ", ૧૯–૫–૧૯૨૦.

Gandhi Heritage Portal

(૪) હિંદુસ્તાનના મુસલમાનોએ આ વિષયમાં માથું મારવું જોઈએ નહીં. હજી તેઓને રાજકીય મહત્ત્વાકાંક્ષા હોય તોપણ તેઓ હવે પ્રયત્ન કરી ચૂક્યા છે અને તેઓ નિષ્ફળ થયા છે. તેથી હવે તેઓએ હાથ જોડીને બેસવું જોઈએ. જો આ લડતને તેઓ ધાર્મિક લેખતા હોય તો અત્યારની પરિસ્થિતિ પ્રમાણે હિંદુઓને તેમાં કશું લાગતુંવળગતું નથી. ખાસ કરી મુસલમાનો અને ખ્રિસ્તીઓ વચ્ચેનો ધાર્મિક કજિયો તેમણે ઉછીનો લેવો જોઈએ નહીં.

(૫) કોઈ પણ સંયોગમાં મારે અસહકારની હિમાયત કરવી જોઈએ નહીં; કેમ કે સાચું કહું તો ભલે તે શાંત હોય તોપણ હુલ્લડ સમાન છે.

(૬) ઉપરાંત આગલા વર્ષના અનુભવ[૧] પ્રમાણે આવી ચળવળ વખતે દેશમાં ઢંકાયેલાં તોફાની તત્ત્વને અંકુશમાં રાખવાં એ મનુષ્યશક્તિની બહાર છે.

(૭) અસહકાર નિષ્ફળ જશે, કેમ કે તેમાં પૂરા ઉત્સાહથી લોકો જોડાશે નહીં; અને પછી જે પ્રત્યાઘાત થશે તેથી હાલ કંઈક આશામય સ્થિતિ છે તે પણ નષ્ટ થશે.

(૮) અસહકારથી બીજી બધી ચળવળો — સુધારાનું કાર્ય પણ — બંધ થશે તેથી પ્રગતિનો કાંટો પાછો ફરશે.

(૯) તમારો હેતુ ગમે તેવો નિર્દોષ હોય પરંતુ મુસલમાનો તો વેર વાળવાને જ તત્પર જણાય છે.

હવે હું દરેક વાંધાનો ક્રમવાર ઉત્તર આપું છું:

(૧) મારા મત પ્રમાણે તુર્કીની માગણી કેવળ નૈતિક અને વાજબી છે. ખાસ કરીને એટલા માટે કે તુર્કી જે પોતાનું છે તે જ જાળવી રાખવા માગે છે અને મુસલમાનોએ ચોખ્ખું જણાવ્યું છે કે મુસલમાન સિવાયની પ્રજાના રક્ષણ માટે તુર્કી પાસેથી જે ખાતરીઓ લેવી હોય તે લઈને ખ્રિસ્તીઓને તેમ જ આરબોને પણ તુર્કીના છત્ર નીચે સ્વરાજ આપવું.

(૨) તુર્કોને હું અશક્ત, બાયલા કે નિર્દય માનતો નથી. તેમનામાં અવ્યવસ્થા તો છે જ અને સારા સરદારો ન હોય એવો સંભવ છે. તેમને ભારે લશ્કર સામે લડવું પડ્યું હતું. જેમની સત્તા છીનવી લેવી હોય, તેઓ અશક્ત, બાયલા કે ક્રૂર છે એવી દલીલ આપણે હમેશાં સાંભળીએ છીએ. આર્મિનિયનોની કતલના સંબંધમાં નિષ્પક્ષપાત કમિશન નીમવાની માગણી કરવામાં આવી છે, પણ તે હજી સ્વીકારાઈ નથી. અને વળી ભવિષ્યમાં જુલમ ન થવા પામે તેવી શરત પણ તુર્કી સાથે કરી શકાય તેમ છે.

(૩) હું કહી ગયો છું કે હિંદના મુસલમાનોની ખાતર જ હું તુર્કીના સવાલમાં પડ્યો છું. બાકી તો ઑસ્ટ્રિયાના કે પોલંડના લોકો જેટલી જ મારે તુર્કોની પણ પડી હોય પણ એક હિંદી તરીકે મારે મારા દેશી ભાઈઓના દુઃખમાં ભાગ લેવો જ જોઈએ. તેથી જો હું મુસલમાનોને મારા ભાઈ સમાન ગણું તો તેમની માગણી મને વાજબી જણાય એટલે તેમના દુઃખમાં મારે સહાય કરવી જ જોઈએ.

(૪) આ ચોથા વાંધામાં હિંદુઓ મુસલમાન સાથે કેટલે અંશે જોડાઈ શકે તે પ્રશ્ન છે. આ એક લાગણી અને માન્યતાનો વિષય છે. એક વાજબી લડતમાં — જો તેનાં સાધનો તેના હેતુ જેવાં શુદ્ધ હોય તો — મારે મારા મુસલમાન ભાઈઓ સાથે અંત સુધી લડવું જોઈએ. મુસલમાનોની લાગણી હું રોકી નથી શકતો. ખિલાફતનો સવાલ એ તેઓનો ધાર્મિક સવાલ છે

૧. રોલેટ બિલોના વિરોધમાં ચલાવાયેલા આંદોલન સંબંધી.

Gandhi Heritage Portal

અને તેને માટે તેઓએ પોતાના પ્રાણના ભોગે પણ ન્યાય મેળવવો જોઈએ એવું મુસલમાન ભાઈઓનું કથન મારે સ્વીકારવું જોઈએ.

(૫) અસહકારને હું બળવો માનતો નથી, કેમ કે તેમાં ખૂનખરાબો નથી. વિશાળ અર્થમાં તો સરકાર સામેની બધી હિલચાલનો બળવામાં સમાવેશ થઈ શકે. આ અર્થમાં તો વાજબી કારણોને માટે બળવો એ ફરજ થઈ પડે છે, અન્યાય પ્રમાણે ઉપાયનો નિર્ણય થઈ શકે છે.

(૬) મારા ગયા વર્ષના અનુભવ પ્રમાણે હિંદુસ્તાનમાં છૂટાંછવાયાં તોફાનો થયાં છતાં પણ સમગ્ર દેશમાં તો શાંતિ જ હતી. સત્યાગ્રહની અસર ઘણી સારી થઈ હતી. જે તોફાનો થયાં હતાં, તેમાં ઘણે ભાગે સ્થાનિક કારણો જવાબદાર હતાં. સાથે સાથે એટલું પણ કહીશ કે જે તોફાન થયાં, તે પણ ન જ થવાં જોઈએ. મારી ભૂલભરેલી ગણતરી માટે મેં પુષ્કળ પ્રાયશ્ચિત્ત કર્યું છે. આ કડવા અનુભવ છતાં પણ સત્યાગ્રહમાં અથવા તો એ અનુપમ શસ્ત્ર હિંદુસ્તાનમાં વાપરવાની શકયતા વિષે મારી શ્રદ્ધા જરા પણ ઓછી નથી થઈ. થયેલી ભૂલો ફરી ન થવા પામે તે માટે આ વખતે પૂરી કાળજી રખાઈ છે. શાંતિ જાળવવા અસાધારણ પ્રયત્ન કર્યા છતાં પણ અણધાર્યું તોફાન થઈ જાય, તેટલા ખાતર જ આપણું કાર્ય અટકાવી શકાય નહીં. વળી મારી સ્થિતિ પણ સ્પષ્ટ કરી દઉં. અધિકારીના ભયથી સત્યાગ્રહી પોતાનો ધર્મ ચૂકતો નથી. જરૂર પડે તો ભલે સ્વેચ્છાથી લાખો નિર્દોષ અને નિષ્કલંક જીવોનો ભોગ અપાય. સત્યાગ્રહની લડતમાં લોકોની જ ભૂલો નડે છે. બળવાન અને સત્તાધીશ ભૂલો કરે અને ગાંડા પણ થાય. જે સમયે સત્તાના મદની સામે થયા સિવાય સ્વેચ્છાથી માનપૂર્વક અને શાંતિથી તેના હુકમને તાબે થઈએ છીએ — અન્યાયમાં સામેલ થયેલ અધિકારીની ઇચ્છાને નહીં — તે સમયે આપણો વિજય થયો જ સમજવો. માટે દરેક અંગ્રેજની — સરકારના દરેક અમલદારની — પોતાનાં વહાલાંની પેઠે પ્રાણરક્ષા કરવી એ આપણી ફતેહની ચાવી છે. મારા ચાળીશ વર્ષના અનુભવથી હું કહી શકું કે જીવન-દાન જેવું બીજું કોઈ દાન નથી. અંગ્રેજોની નાની સંખ્યા જે પોતાને શસ્ત્રબળથી નિર્ભય સમજે છે, તે અન્યાય કરે છતાં પણ હિંદીઓ તેમને કદી પણ હણનાર નથી, એવી જે ઘડીએ અંગ્રેજોને ખાતરી થશે, તે ઘડીએ તેમનો સ્વભાવ ફરી જશે અને જીવલેણ અસ્ત્રશસ્ત્રો કટાવા માંડશે એ હું છાતી ઠોકીને કહું છું. આ સ્વપ્ન પ્રત્યક્ષ થતાં ઘણો કાળ જશે પણ તેથી શું? મારું કામ તો એ છે કે સત્ય જાણવું અને તે પ્રમાણે ચાલવું. આ સત્યમાર્ગમાં મને સોબતી મળી જાય તો બીજું શું જોઈએ? અંગ્રેજ મિત્રો સાથેની ખાનગી વાતચીતમાં મેં જણાવ્યું છે કે શાંતિના ચાલુ ઉપદેશથી તેમ જ તેની — શાંતિની — વ્યાવહારિક ઉપયોગિતા સિદ્ધ કરી આપવાથી ખિલા-ફતની હિલચાલમાં તોફાની અંશો સંપૂર્ણ કાબૂમાં આવી ગયા છે.

(૭) ધાર્મિક દૃષ્ટિથી જોતાં આ વાંધામાં કંઈ પણ વિચારવા જેવું નથી. અસહકારની હિલ-ચાલને લોકો ન વધાવી લે એ શોચનીય છે, પરંતુ તેથી કંઈ સારું કામ ન કરવું એમ નથી. હાલની આશામય સ્થિતિ આત્મબળ તેમ જ જ્ઞાનને આભારી નથી. પણ તે અજ્ઞાન અને વહેમથી જ કલ્પાયેલી છે એમ મને જણાશે.

(૮) જો ખરા સ્વરૂપમાં અસહકાર શરૂ થાય તો સુધારા આદિ સર્વ હિલચાલ બંધ થઈ જાય ખરી, પણ તેથી પ્રગતિ જ અટકી પડે એવું અનુમાન તો નથી નીકળતું. હું તો ઊલટું અસહકારને એવું નિર્દોષ પણ બળવાન શસ્ત્ર માનું છું કે તેના યથાર્થ ઉપયોગથી ઈશ્વરનું સામ્રાજ્ય કે જેમાં બધાં સુખ આવી જાય છે, તે પણ મળી શકે છે. લોકોને ત્યારે પોતાની સત્ય શક્તિનો ખરો ખ્યાલ આવ્યો હશે. ત્યાંયે તેમને મર્યાદાની, મનોનિગ્રહની, સહકાર્યની,

Gandhi Heritage Portal

શાંતિની, વ્યવસ્થાની અને પ્રજાને કેવળ મહાન નહીં પરંતુ મહાન અને ઉદાત્ત બનાવે તેવા ગુણની કિંમત સમજાઈ હશે.

(૯) મુસલમાનો કરતાં મારો હેતુ વધારે પવિત્ર હોય એ માનવાનો મને હક છે તેવું હુ માનતો નથી. પણ તેઓને શાંતિના સૂત્રમાં મારા જેટલી શ્રદ્ધા નથી, એ હું કબૂલ કરું છું. અસહકારને તેઓ નબળાનું ઉપયોગી શસ્ત્ર માને છે. કંઈ પણ વ્યાવહારિક કાર્ય કરી બતાવવું હોય તો શાંતિપૂર્વક અસહકારથી જ થઈ શકે છે એમ તેઓ સમજે છે. હું જાણું છું કે તોફાનથી તેઓને કોઈ જિતાડનાર હોય તો તત્ક્ષણ તેમ કરે. પણ તેઓને ખાતરી છે કે આમ થવું તદ્દન અશક્ય જ છે. તેથી તેઓને અસહકાર માત્ર ધર્મ છે એટલું જ નહીં પરંતુ વેરરૂપ પણ છે. મેં સરકાર સામે જે અસહકાર ઉઠાવ્યો છે તે મારા કુટુંબીઓની સામેના અસહકારથી કંઈ વધારે નથી. બ્રિટિશ મહારાજ્ય માટે મને માન છે. અંગ્રેજ તરફ મને દ્વેષ તો મુદ્દલ નથી જ, પરંતુ તેમના કેટલાક અનુકરણીય ગુણોની તારીફ કરું છું. ઘણાઓને મારા મિત્ર તરીકે ગણાવી શકું. કોઈને પણ દુશ્મન ગણવાની મારો ધર્મ સાફ ના પાડે છે. મુસલમાનો તરફ પણ મારી આ જ ભાવનાઓ છે. મને તેમનો હક પવિત્ર અને ન્યાયી જણાય છે. આથી જોકે તેમનું દૃષ્ટિબિંદુ મારાથી જુદું છે છતાં હું તેમની સાથે મળતાં અને મારા પ્રયોગનો અખતરો કરવાનું કહેતાં અચકાતો નથી, કેમ કે ખોટા હેતુથી પણ નિર્દોષ શસ્ત્રનો ઉપયોગ સારું પરિણામ લાવી શકે છે. દૃષ્ટાંત તરીકે અમુક સંયોગમાં કવશે પણ સત્ય બોલવું જ ઇષ્ટ હોય ત્યારે સત્ય તેટલે અંશે પણ સારું પરિણામ લાવી શકે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २–६–१९२०

ભાષાંતર: नवजीवन, ६–६–१९२०

## ૨૦૭. અલ્લાહાબાદમાં મળેલી ખિલાફત સમિતિની સભામાં ભાષણ

[જૂન ૩, ૧૯૨૦][1]

મહાત્મા ગાંધીએ એક ગંભીર ભાષણ કર્યું જે લોકોએ સંપૂર્ણ શાંતિથી સાંભળ્યું. એમણે કહ્યું કે હું સારી રીતે જાણું છું કે ચાર તબક્કામાં અસહકાર કરવા સિવાય હિંદુસ્તાન પાસે હવે બીજો કોઈ ઉપાય બાકી રહ્યો નથી એની મુસલમાનોને ખાતરી થઈ ચૂકી છે.[2] એમની આ લાગણી પ્રત્યે મારી પૂરેપૂરી સહાનુભૂતિ છે, એટલે સુલેહની શરતો બદલાવવા માટે એમને સહકાર આપવા હું તૈયાર છું. મારો અભિપ્રાય એવો છે કે હાલનો ઝઘડો કૃત્રિમ ખ્રિસ્તી ધર્મ અને ઇસ્લામ વચ્ચેનો છે. એક બાજુ શસ્ત્રાસ્ત્રોનું બળ છે અને બીજી બાજુ નૈતિક બળ છે. આપણે આ લડાઈ નૈતિક બળ વડે જીતવી છે. અસહકારની ચળવળના પ્રવાહને ચાર તબક્કામાં

૧. હિંદુઓ અને મુસલમાનોની એક સંયુક્ત પરિષદ અલ્લાહાબાદમાં જૂનની ૧લી અને ૨જી તારીખોએ ભરાઈ હતી. અને અખિલ હિંદ મધ્યસ્થ ખિલાફત સમિતિની સભા, જ્યાં આ ભાષણ અપાયું હતું તે, ૩જી જૂને મળી હતી. (જુઓ "અસહકાર સમિતિ", ૨૩–૬–૧૯૨૦). આ સભામાં પસાર થયેલા ઠરાવો માટે જુઓ પરિશિષ્ટ ૩.

૨. ગાંધીજીના અસહકારના કાર્યક્રમ ઉપર વિચાર કરવા મુંબઈમાં અખિલ હિંદ ખિલાફત સમિતિ મળી હતી. તેણે મુસલમાનો માટે બાકી રહેલા એકમાત્ર ઉપાય તરીકે આ કાર્યક્રમ ૨૮મી મેને રોજ માન્ય રાખ્યો હતો.

Gandhi Heritage Portal

વહેંચી નાખવામાં આવશે. પરંતુ પહેલો તબક્કો શરૂ કરતાં પહેલાં નામદાર વાઇસરૉયને આપણે મળવું જોઈએ અને કહેવું જોઈએ કે આપને અમે એક મહિનાની મહેતલ આપીએ છીએ. આ મુદત દરમ્યાન આપ તુર્કસ્તાનને આપેલી સુલેહની શરતો મુસલમાનોની માગણીઓ પ્રમાણે સુધારાવો. અને જો તેમ ન કરાવી શકો તો આપના હોદ્દાનું રાજીનામું આપી અમારી સાથે અસહકારની ચળવળમાં જોડાઈ જાઓ. આ રીતે એક મહિના પછી પહેલા તબક્કાનો અમલ કરવામાં આવશે. આ બાબતમાં હું એમ સૂચવું છું કે જે લોકો મારી સાથે રહીને કામ કરવા તૈયાર હોય તેમને પૂરેપૂરી સત્તા આપીને એક સમિતિ નીમવી જોઈએ. આ સમિતિ અસહકારના કાર્યક્રમને અમલમાં મૂકે અને તેના નિર્ણયો સૌ કોઈને બંધનકર્તા ગણાય. લોકો બહિષ્કારની વાત કરે છે, પરંતુ એ વાત અવ્યવહારુ છે એટલે હું એને મંજૂર કરતો નથી. એને બદલે મારી સલાહ સ્વદેશીને અપનાવવાની છે. લોકોને હું આગ્રહપૂર્વક વીનવું છું કે મહેરબાની કરીને કોઈ પણ પ્રકારની હિંસા કરશો નહીં.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ७–६–१९२०

## ૨૦૮. મુંબઈમાં સ્વદેશી વિષે ભાષણ[1]

જૂન ૪, ૧૯૨૦

ઉદ્ઘાટન સમારંભમાં શ્રી ગાંધી સાથે સરલાદેવી ચોધરાણી પણ હતાં. એમણે ખાદીનાં સાડી કબજો પહેર્યાં હતાં.

સમારંભમાં ભાષણ કરતાં શ્રી ગાંધીએ ડચેસ ઑફ સધરલૅન્ડનો દાખલો આપ્યો. એમણે કહ્યું કે આ સન્નારીએ અથાક પરિશ્રમ કરીને ઘરમાં કાંતેલા અને ઘરમાં વણેલા સ્કૉટલૅન્ડના ટ્વીડને લોકપ્રિય બનાવ્યું હતું, કેમ કે એનાથી સ્કૉટલૅન્ડની સેંકડો સ્ત્રીઓને માનભર્યો અને નફાકારક ધંધો મળતો હતો. એ બહેન લોકોને સમજાવી શક્યાં હતાં કે સ્કૉટલૅન્ડના ગરીબ હાઈલૅન્ડર (પર્વતવાસી) કારીગરે તૈયાર કરેલા ખરબચડા દેખાતા ટ્વીડમાં મોટી મોટી ફૅક્ટરીઓમાં બનેલા ઊનના કાપડ કરતાં વધારે કળા છે. આ દૃષ્ટાંત આપ્યા પછી શ્રી ગાંધીએ કહ્યું કે જ્યાં સુધી હિંદુસ્તાન હાથે કાંતેલા ને હાથે વણેલા કાપડમાં રહેલી સાચી કળાને માન આપતું નહીં થાય ત્યાં સુધી મને સંતોષ થવાનો નથી. જ્યારે આ કાપડ સ્કૉટલૅન્ડના ટ્વીડની માફક ફૅશનેબલ બનશે ત્યારે મિલના કાપડ કરતાં પણ એના વધુ ભાવ ઊપજશે અને ત્યારે ઘેર કાંતેલા સૂતરના જે ભાવ હું આજે આપું છું તેના કરતાં બમણા ભાવ આપી શકાશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ९–६–१९२०

૧. આ ભાષણ નારણદાસ પુરશોત્તમદાસ અને વિઠ્ઠલદાસ જેરાજાણીના ખાદી ભંડાર ખુલ્લો મૂકતી વખતે આપ્યું હતું.

Gandhi Heritage Portal

# ૨૦૯. નડિયાદમાં સ્વદેશી વિષે ભાષણ[1]

જૂન ૫, ૧૯૨૦

મેં ખેડા જિલ્લા પર તો મોટી આશા બાંધી છે. જે સ્ટોર હું હમણાં ખુલ્લો મૂકવાનો છું તે માત્ર સ્વદેશી કાપડનો પ્રચાર કરે એટલું જ નહીં, પરંતુ ખેડા જિલ્લાનાં બધાં ગામડાંમાં બનતું કાપડ રાખી લે, અને તે સ્વદેશી કાપડનું મથક બને ત્યારે જ મને સંતોષ થાય. અહીંના સ્ટોર માટે કાપડ ખરીદવા મુંબઈ શા માટે જવું પડે? મને ખાતરી છે કે ખેડા જિલ્લાની સ્ત્રીઓ ખેડા જિલ્લાને જોઈતું કાપડ વણી શકે તેમ છે, અને તે પણ વળી પોતાના ફુરસદના સમયમાં. મને આશા છે કે ઉત્સાહી માણસો સ્ત્રીઓને રેંટિયા તથા કાંતવાને રૂ પૂરાં પાડશે. કાપડ માટે દર વર્ષે આપણે માથાદીઠ બે રૂપિયા દેશાવર મોકલી દેતા. આ હિસાબે, જો આપણે ઘેર કાપડ વણીએ તો ખેડા જિલ્લાના સાત લાખ માણસોના કાપડ માટેના ચૌદ લાખ રૂપિયા બહાર જતા અટકશે, અને તે રૂપિયા પણ થોડા પૈસાદારોમાં નહીં પણ આપણાં ઘણાં ગરીબ ભાંડુઓમાં જ વહેંચાઈ જશે. આમ સ્વદેશી હિલચાલ એક જાતની વીમા કંપનીની ગરજ સારે છે. વળી હું ભાર દઈને જણાવું છું કે સ્વદેશી હિલચાલને આગળ વધારવી હોય તો નવા ઊઘડતા સ્ટોરોએ આ મુખ્ય વાત ખાસ ધ્યાનમાં રાખવી કે સ્ટોરોએ (વેચાણમાં) પરસ્પર સ્પર્ધા કરવાની નથી પરંતુ સ્વદેશી કાપડ બનાવવા પર ખાસ લક્ષ આપવું જોઈએ. આ હેતુ માટે ઘેર ઘેર સ્વયંસેવક મોકલી લોકોને રૂ પૂરું પાડો અને તેનું સૂતર અને કાપડ રોકડથી લેવા માંડો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ આ જ રીતથી હિંદુસ્તાનમાં પગપેસારો કર્યો હતો. આપણા દેશી ઉદ્યોગોનો પુનરુદ્ધાર કરવાને ઈસ્ટ ઇન્ડિયા કંપની કરતાં પણ વધારે વ્યવસ્થાપક શક્તિ, ખંત અને કરકસર—વાણિયા-બુદ્ધિ—વાપરવી જોઈશે. મને આશા છે કે આ નવા સાહસથી દેશોદયના આધારરૂપ સ્વદેશીનો વિજય થશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૩–૬–૧૯૨૦

૧. એક સ્વદેશી ભંડાર ખુલ્લો મૂકતાં આ ભાષણ અપાયું હતું. એ સમારંભમાં સરલાદેવી ચૌધરાણી અને ચક્રવર્તી રાજગોપાલાચારીએ હાજરી આપી હતી.

Gandhi Heritage Portal

# ૨૧૦. રાજકીય-ગુપ્ત મંડળ

ફ્રીમેસન્રી એ એક ગુપ્ત મિત્રમંડળ છે. તેણે મનુષ્યજાતની સેવાના કરતાં પણ ગુપ્ત અને સખત નિયમોને લીધે, કેટલાક સરસમાં સરસ માણસોનાં મન હરણ કર્યાં છે. આ જ પ્રમાણે હિંદી સરકારના અમલદારો માટે પણ આચારનો કંઈક ગુપ્ત નિયમ હોય તેમ જણાય છે. તેના હુકમ આગળ ભલભલી વ્યક્તિઓ પણ લાચાર બની જાય છે, અને જે અન્યાય કરતાં, ખાનગી વ્યક્તિ તરીકે તેઓ શરમાય, તેવો અન્યાય કરવામાં તેઓ જાણ્યેઅજાણ્યે પણ સાધન-ભૂત થાય છે. હંટર કમિટીનો બહુમતીનો રિપોર્ટ, હિંદી સરકારનો ખરીતો[1] અને હિંદી વજીરના તેના જવાબનો[2] ભેદ બીજી કોઈ રીતે સમજવો મુશ્કેલ છે. કમિટીના સભ્યોની પસંદગી સામે કેટલાંક છાપાંએ પ્રબળ વિરોધ દાખવ્યો હતો છતાં તેમાં કોઈથી પણ ન દોરવાઈ જાય એવા ત્રણ હિંદી સભાસદો[3] હતા તેથી પ્રજા તેનામાં વિશ્વાસ મૂકવા તૈયાર હતી. પંજાબના કેદ થયેલા નેતાઓને પોતાની હકીકત વકીલને જણાવવાની રજા આપવાની કૉંગ્રેસ કમિટીની નમ્ર અને વાજબી માગણીનો પણ જ્યારે હંટર કમિટીએ ઇનકાર કર્યો ત્યારે આ વિશ્વાસને સખત ધોકો પહોંચ્યો. અને હવે હંટર કમિટીના બહુમતીના રિપોર્ટથી તો, જરા જેટલો વિશ્વાસ હતો તે પણ રહ્યો નથી. કૉંગ્રેસ કમિટીએ આ કમિટીથી અલગ રહીને કામ કર્યું તે હવે વાજબી હતું એમ જણાય છે. હંટર કમિટીએ જાણી જોઈને જે પુરાવાને ન સ્વીકાર્યા તે કૉંગ્રેસ કમિટીએ લીધેલ પુરાવામાં જોઈ શકાય છે.

હિંદી સભ્યોનો રિપોર્ટ[4] મરુભૂમિમાં લીલોતરીની જેમ તરી આવે છે. હિંદી સભ્યોએ ભારે વિરોધ છતાં પણ પોતાનું કર્તવ્ય બજાવ્યું તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. સત્યાગ્રહના સવિનય નિરાદરના અંશને નમ્ર શબ્દોથી પણ વખોડવામાં હિંદી સભ્યો સામેલ ન થયા હોત તો સારું થાત. ૩૦મી માર્ચના[5] દિલ્હીના તોફાન પરથી જ આવી આધ્યાત્મિક – પવિત્ર – હિલચાલને વખોડી શકાય નહીં. તેનો સ્પષ્ટ હેતુ લોકોના ટોળાને ખુનામરકી કરતાં અટકાવવાનો અને સત્તાધારીઓ હાથે કરીને માન ગુમાવી બેસે તેવાં કામ કરે, ત્યારે રાજદ્રોહી બળવાને બદલે સવિનય નિરાદર કરવાનો છે. વળી ૩૦મી માર્ચે તો સવિનય નિરાદર શરૂ પણ નહોતો થયો. આજ સુધીમાં જ્યારે જ્યારે પ્રજા સરકારની સામે થઈ છે, ત્યારે ત્યારે થોડેઘણે અંશે પણ અંધાધૂંધી થઈ જ છે. ૩૦મી માર્ચ તથા ૬ઠ્ઠી એપ્રિલે જે દેખાવો થયા તે જેમ સત્યાગ્રહને પ્રસંગે થયા તેમ બીજે પ્રસંગે પણ થાત. સવિનય નિરાદર વેળાએ શાંતિ અને સભ્યતાનો અવતાર થયો ન હોત તો દિલ્હીમાં જે તોફાનો થયાં તેથી પણ વધારે થાત. સત્યાગ્રહનો મંત્ર લોકોએ જલદી ગ્રહણ

૧. ૩જી મે, ૧૯૨૦નો ખરીતો. એમાં હંટર કમિટીના રિપોર્ટનો સાર આપ્યો છે. એના મૂળ લખાણ માટે જુઓ, પરિશિષ્ટ ૪.

૨. આ જવાબ ૨૬મી મે, ૧૯૨૦ને રોજ મોકલવામાં આવ્યો હતો. એના મૂળ લખાણ માટે જુઓ, પરિશિષ્ટ ૫.

૩. પંડિત જગતનારાયણ, સર ચિમનલાલ સેતલવાડ અને સરદાર સુલતાન અહમદખાન.

૪. હંટર કમિટીના હિંદી સભ્યોએ એક અલગ લઘુમતી રિપોર્ટ રજૂ કર્યો હતો; જેનો સાર હિંદ સરકારના ખરીતામાં જોવા મળે છે. જુઓ પરિશિષ્ટ ૪.

૫. ૧૯૧૯માં દિલ્હીના સત્યાગ્રહીઓએ રવિવાર, ૩૦મી માર્ચનો દિવસ, રૉલેટ ખરડાની સામે પોતાનો વિરોધ પ્રદર્શિત કરવા, અપમાન અને પ્રાર્થનાના દિવસ તરીકે ઊજવ્યો હતો. પરંતુ લોકોનાં ટોળાંએ થોડાં તોફાનો કર્યાં હતાં.

Gandhi Heritage Portal

કર્યો તેથી આખા હિંદમાં તોફાન થતાં અટકયાં છે. આજ પણ જનરલ ડાયરના કાળા કેરની યાદગીરી લોકોને તોફાન કરતાં નથી અટકાવતી. લોકોમાં સત્યાગ્રહ વ્યાપક થયો છે — પછી ભલે તે ખુશીથી ન હોય — તેથી બખેડાઓ અને અશાંતિ નાબૂદ થઈ જશે. પણ હું સત્યાગ્રહ સામેના અણઘટતા હુમલાના બચાવમાં જ વાચકને રોકવા ઇચ્છતો નથી. હવે જ્યારે હિંદમાં સત્યાગ્રહનું તત્ત્વ લોકોમાં કાયમને માટે દાખલ થયું છે, ત્યારે હંટર કમિટીના ગોરા સભ્યોએ તેમ જ કંઈક અંશે હિંદી સભ્યોએ પણ તેના ઉપર આક્ષેપ કર્યો છે, તેથી પણ વધારે ગંભીર આક્ષેપો કરવામાં આવે તોપણ સત્યાગ્રહના વિજય વિષે કંઈ શંકા હોઈ શકે નહીં. રાજકીય બાબતોમાં સત્યાગ્રહનો પ્રયોગ તો નવો જ છે; અને ઉતાવળમાં તેને ખુનામરકીનું કારણ ગણવામાં આવે તો તે માફ થઈ શકે.

કમિટીના રિપોર્ટ તથા તે સંબંધી ઠરાવો સામે જે વિરોધ એકી અવાજે દર્શાવવામાં આવે છે, તે તો આથી પણ વધારે દુ:ખદાયક લખાણ ઉપરથી બંધાયો છે. અમલદારોએ જે રાક્ષસી કૃત્યો કર્યાં છે તેનો કેવો લૂલો બચાવ કર્યો છે? જ્યારે તેઓએ પોતાની જીભે જ ગુનાઓ કબૂલ કર્યા છે ત્યારે જ તેમને ન છૂટકે વખોડયા છે. જનરલ ડાયરની સામે જતી દલીલથી પણ તેનો કેવો બચાવ કર્યો છે? નીચલા અમલદારોએ જે સિતમ ગુજાર્યો તે વિષે સર માઇકલ ઓડવાયરની સંમતિ હતી છતાં પણ તેની મિથ્યા તારીફ કરી છે! એપ્રિલના બનાવો[1] પહેલાં તો તેની ક્રૂર કારકિર્દી તપાસવાની કમિટીએ ચોખ્ખી ના પાડી. તેનાં પ્રગટ થયેલાં કામોનો કમિટીએ તોલ કરવો જોઈતો હતો. અમલદારો જે કહે તે માની લેવા કરતાં કમિટીએ જાતે જ તોફાનનું કારણ શોધી કાઢવાની તસ્દી લેવી જોઈતી હતી. બધા બનાવોનું આંતરિક કારણ શોધવું જોઈતું હતું. નિરાંતે સરકારી દફતરોનાં કાગળિયાં ન ઉકેલતાં આ સમયે આળસ કરીને માત્ર અમલદારોના કહેવા પર જ કમિટીએ ચાલવું જોઈતું ન હતું. મારા નમ્ર મત પ્રમાણે રિપોર્ટમાં અને ઠરાવોમાં અમલદારોના અત્યાચાર પર ઢાંકપિછોડો જ કરવામાં આવ્યો છે. આ અમલદારી ઢાંકપિછોડાનાં ત્રીસ પાનાં એક પછી એક ઉકેલીએ છીએ, ત્યારે ડાયરે શાંતિ સ્થાપવાને બહાને ચલાવેલી રાક્ષસી કતલને કમિટીએ બીતાં બીતાં વખોડી છે, તેથી તો દાઝયા પર ડામ દીધા જેવું થયું છે. વિનીત તેમ જ ઉદ્દામ — તમામ પક્ષોએ જે લખાણને વખોડી કાઢયું છે તેનું બારીક અવલોકન કરવાની હવે ભાગ્યે જ જરૂર છે. પણ આ અમલદારી અત્યાચારોને અનુમોદન આપનાર છૂપા કાવતરાને — પછી તે ઇરાદાપૂર્વક હોય કે નહીં — તેને કેમ તોડી પાડવું એ જ મુખ્ય પ્રશ્ન છે. જે પ્રજા સ્વમાન જાળવવા ઇચ્છતી હોય તથા સામ્રાજ્યની સ્વતંત્ર ભાગીદાર થવા ઇચ્છતી હોય, તે આવું અપમાન સાંખી શકે નહીં. બીજી કેટલીક બાબતો ઉપરાંત આ રિપોર્ટ પર પણ વિચાર કરવા કૉંગ્રેસની એક ખાસ સભા[2] ભરવાનો ઠરાવ કૉંગ્રેસ કમિટીએ કર્યો છે. મારા મત પ્રમાણે હવે એવો વખત આવ્યો છે કે, કંઈ પણ વાસ્તવિક કાર્ય માટે પાર્લમેન્ટને અરજી કરવી ફોકટ છે. જ્યારે પ્રજા અરજીનો અમલ કરાવવાની સત્તા ધરાવતી હોય, ત્યારે જ તે અરજીની કંઈક કિંમત છે. આપણી પાસે તેવી સત્તા શી છે? આપણને ગંભીર નુકસાન થયું છે એમ જ્યારે આપણે ચોક્કસ માનતા હોઈએ, અને પાર્લમેન્ટને અરજી કર્યા છતાં પણ દાદ ન મેળવી શકીએ, ત્યારે આપણું દુ:ખ દૂર કરવાનો કંઈક ઇલાજ આપણા હાથમાં અવશ્ય હોવો જોઈએ. જ્યારે પોતાના મૂળ હક્કને નુકસાન ન પહોંચતું હોય ત્યારે ઉપરી સત્તાને અરજી કર્યા છતાં પણ દાદ ન મળે

૧. ૧૯૧૯ના બનાવો.
૨. કલકત્તામાં, સપ્ટેમ્બર ૧૯૨૦માં.

Gandhi Heritage Portal

તો સહન કરી લેવું એ રયતની ફરજ છે, પરંતુ અસહ્ય દુ:ખની સામે થવાનો દરેક પ્રજા તેમ જ વ્યક્તિનો હક્ક તેમ જ ધર્મ છે. હથિયાર લઈ બળવો કરવામાં મને શ્રદ્ધા નથી. તેથી તો દરદ કરતાં દવા વધારે ભયંકર થાય તેમ છે. તે વેર વાળવાની અધીરાઈ તેમ જ ગુસ્સાની નિશાની છે. વળી આનું પરિણામ પણ સારું નથી આવતું. જર્મની સામે મિત્રરાજ્યોએ તરવાર ખેંચી તેનું પરિણામ જુઓ! મિત્રરાજ્યોએ જેવા જર્મનોને પહેલાં ચીતર્યા હતા, તેવા જ પોતે પણ નથી થઈ ગયા શું?

આપણી પાસે તો એથી સારો ઈલાજ છે. આ ઈલાજમાં સંયમની તેમ જ ધૈર્યની જેમ જરૂર છે તેમ જ દૃઢ નિશ્ચય — ઇચ્છાશક્તિની — પણ અપેક્ષા છે. આ ઈલાજ એ કે અન્યાય કરનારને મદદ ન કરવી. કોઈ પણ જુલમગાર કેવળ બળથી જ કોઈને જીતી શક્યો નથી. સામે થઈ માઠાં પરિણામ ભોગવવા કરતાં ઘણા લોકો જુલમીની ઇચ્છાને આધીન થાય છે. દમ દેવો તે જુલમીની ખરી મૂડી છે. પણ ઈતિહાસમાં એવા દાખલા છે કે જેમાં જુલમી પોતાની ઇચ્છાનો સ્વીકાર સામાવાળા પાસેથી નથી કરાવી શક્યો. હિંદને હવે બેમાંથી એક માર્ગ લેવાનો રહ્યો છે. જો પંજાબની સરકારે અસહ્ય અન્યાય કર્યો હોય, અને હંટર કમિટીનો રિપોર્ટ તથા તે વિષેના બે ખરીતાઓથી મૂળ અન્યાયરૂપ પાપ ઢાંકીને ઓછું કરાયું હોવાથી વધારે થયું હોય, તો આપણે આ સરકારી અત્યાચાર—અન્યાયને વશ થવાની સાફ ના પાડવી જોઈએ. જરૂર પડે તો હું પાર્લમેન્ટને અરજી કરું, પણ પાર્લમેન્ટ આપણને સંતોષ ન આપે અને જો આપણે એક રાષ્ટ્ર તરીકે ઓળખાવવા માટે લાયક હોઈએ, તો આપણે સહકાર પાછો ખેંચીને સરકારને વળગી રહેવાની સાફ ના પાડવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૯-૬-૧૯૨૦

ભાષાંતર: નવજીવન, ૧૩-૬-૧૯૨૦

## ૨૧૧. મુસલમાનોનો નિર્ણય

અલ્લાહાબાદની ખિલાફત સભાએ[1] સર્વાનુમતે અસહકારના સિદ્ધાંતને મંજૂર રાખ્યો છે, અને તે સંબંધી વિશાળ યોજના ઘડવાને તેમ જ તે અમલમાં મૂકવાને એક કાર્યવાહક મંડળી નીમી છે. આ સભામાં પહેલાં હિંદુમુસલમાનોની એક એકત્ર સભા ભરાઈ હતી. તેમાં હિંદુ નેતાઓને પોતાના અભિપ્રાય જણાવવાને આમંત્રણ કરવામાં આવ્યું હતું.[2] તેમાં મિસિસ બેસંટ, ઑ. પંડિત માલવિયાજી, ઑ. ડૉ. સપ્રુ,[3] પંડિત મોતીલાલ નેહરુ, શ્રી ચિંતામણિ[4] અને બીજાઓ હાજર હતા. બધા પક્ષના હિંદુ નેતાની સલાહનો લાભ લેવાને તેમને આમંત્રણ આપવામાં

૧. આ સભા ખિલાફત સમિતિએ ૯મી જૂન, ૧૯૨૦ને રોજ ભરી હતી.

૨. જુઓ "અલ્લાહાબાદમાં મળેલી ખિલાફત સમિતિની સભામાં ભાષણ", ૩-૬-૧૯૨૦, પાદટીપ ૧.

૩. સર તેજબહાદુર અંબિકાપ્રસાદ સપ્રુ (૧૮૭૫-૧૯૪૯); પ્રસિદ્ધ વકીલ, બંધારણવિદ અને રાજકારણી; ૧૯૨૦-૨૨માં વાઇસરૉયની કાઉન્સિલના કાયદા સભ્ય; ૧૯૨૩ અને ૧૯૨૭માં લિબરલ ફેડરેશનના પ્રમુખ.

૪. સર ચિ. ચ. ચિંતામણિ (૧૮૮૦-૧૯૪૧); પત્રકાર, લેખક અને રાજકારણી; ૧૯૨૦ અને ૧૯૩૧માં લિબરલ ફેડરેશનના પ્રમુખ; અલ્લાહાબાદના લીડર પત્ર સાથે ૩૨ વર્ષ સુધી સંકળાયેલા હતા.



Gandhi Heritage Portal

ખિલાફત કમિટીએ ડહાપણ દેખાડયું હતું. મિસિસ બેસંટ તેમ જ ડૉ. સપ્રુએ હાજર રહેલા મુસલમાનોને અસહકારથી દૂર રહેવા ખૂબ સમજાવ્યું. બીજા નેતાઓએ પણ અસહકાર વિષે ભાષણો કર્યાં. કેટલાકે અસહકારના સિદ્ધાંતને પસંદ કર્યો પણ તેની વ્યાવહારિક મુશ્કેલીઓ જણાવી અને અફઘાનો હિંદ પર ચડી આવે[1] તો મુસલમાનો તેને વધાવી લે તેથી બહુ ગૂંચવાડો ઊભો થાય એવી દહેશત બતાવી. મુસલમાન વક્તાઓએ સ્પષ્ટ રીતે પૂરેપૂરી અને સ્પષ્ટ ખાતરી આપી કે હિંદુસ્તાનને જીતવા કદી કોઈ ચડી આવે તો એક એક મુસલમાન સામે થશે. પણ તેની સાથે એમ પણ ચોખ્ખું જણાવી દીધું કે ઇસ્લામનું માન જાળવવા તથા ન્યાય મેળવવા ખાતર કદી કોઈ ચડી આવે તો તેમાં અમે ટેકો આપીએ નહીં. પણ તેમની સાથે સહાનુભૂતિ જરૂર દેખાડીશું. હિંદુઓની ચેતવણી સમજવી અને તે વાજબી માનવી એ સહેલ છે. તેમ મુસલમાનોના વિચારનો અનાદર કરવો કઠણ છે. મારા મત પ્રમાણે હિંદને, ઇસ્લામ અને ખ્રિસ્તી પ્રજાનું યુદ્ધક્ષેત્ર બનતું અટકાવવાનો સરસ રસ્તો એ જ છે કે, અસહકારની હિલચાલને સંપૂર્ણ અને ફતેહમંદ બનાવવી. જો મુસલમાનો પોતે જણાવેલા હેતુને ચુસ્તપણે વળગી રહે, સંયમ રાખે અને આત્મભોગ આપે તો મને ખાતરી છે કે હિંદુઓ પણ અસહકારની લડતમાં જોડાશે. વળી મને એવી પણ ખાતરી છે કે અફઘાનિસ્તાન તથા તેના સોબતીઓને બ્રિટિશ સરકાર સાથે લડવાને મુસલમાનો ઉશ્કેરશે તો હિંદુઓ તેમાં મદદ નહીં કરે. બ્રિટિશ લશ્કર એવું ગોઠવાયેલું છે કે કોઈ સરહદ પર ચડી આવે તેવો સંભવ જ નથી. ઇસ્લામનું માન જાળવવાનો મુસલમાનો પાસે એક જ અસરકારક ઇલાજ એ સાચો અસહકાર છે. સમસ્ત પ્રજા તેનો અમલ કરે તો તેની સંપૂર્ણ અસર થશે એટલું જ નહીં પણ માણસના અંતઃકરણને પણ તેમાં પૂરેપૂરો સંતોષ મળી શકશે. વ્યક્તિ કે સંસ્થા તરફથી થયેલ અન્યાય જો હું સહન ન કરી શકું, અને તે અન્યાય કરનાર વ્યક્તિ કે સંસ્થાને હું સીધી કે આડકતરી રીતે ટકાવી રાખું તો મારે સરજનહાર પાસે તે વિષે જવાબ આપવો પડશે. પણ જો હું ઉપર જણાવ્યા પ્રમાણે અન્યાયમાં ભાગ લેતો બંધ થાઉં તો અન્યાય કરનારને ઈજા કર્યા વગર નીતિસર નમ્રભાવે મારે જે કરવું જોઈએ તે બધું હું કરી છૂટયો ગણાઉં. આ પ્રમાણે બધી બાબતનો આધાર માત્ર મુસલમાનો પર જ છે. જો તેઓ પોતે જ પોતાને મદદ કરશે તો હિંદીઓની પણ મદદ મળશે, અને પછી સરકાર ગમે તેવી મહાન અને સત્તાવાળી છે, તોપણ તેને પ્રજાની એકત્ર અનિવાર્ય માગણીને તાબે થવું જ પડશે. આખા રાષ્ટ્રના શાંત વિરોધ સામે કોઈ પણ સરકાર ટકી શકે નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૯–૬–૧૯૨૦

ભાષાંતર: नवजीवन, ૧૩–૬–૧૯૨૦

૧. ત્રીજું અફઘાન યુદ્ધ પૂરું થયા પછી ઑગસ્ટ ૧૯૧૯માં સુલેહની સંધિ થઈ, તે પછી પણ હિંદુસ્તાન અને અફઘાનિસ્તાનની સરકારો વચ્ચેના સંબંધો ઘણા અનિશ્ચિત રહ્યા હતા. ૧૯૨૦ના એપ્રિલ માસમાં આ બે સરકારો વચ્ચે મસૂરીમાં ચાલતી વાટાઘાટો સરહદ ઉપર સતત અનિચ્છનીય બનાવો બનવાને કારણે એક માસ સુધી મુલતવી રાખવી પડી હતી.

Gandhi Heritage Portal

## ૨૧૨. હિંદીઓને દક્ષિણ આફ્રિકામાંથી સ્વદેશ પાછા મોકલવાની યોજના વિષે અખબારી નિવેદન[1]

જૂન ૧૩, ૧૯૨૦

દક્ષિણ આફ્રિકાના કમિશને હિંદી પ્રવાસીઓને સ્વદેશ પાછા મોકલવાની જે યોજનાની ભલામણ[2] કરી હોવાનું કહેવાય છે અને જેને ત્યાંની સંઘ સરકારે સ્વીકારી લાગે છે, તે યોજનાને [હિંદ સરકાર તરફથી] મંજૂર રાખવામાં આવી હોવાનું જણાય છે. આ સંબંધમાં હું સૌ લોકોને નમ્રભાવે ચેતવણી આપવા માગું છું કે સૂચિત યોજના સ્વીકારતાં પહેલાં વિચાર કરજો.[3]

આ કમિશનનો વચગાળાનો રિપોર્ટ જનતાને હજી મળ્યો નથી. હિંદીઓને સ્વદેશ પાછા મોકલવા માટેની શરતો આપણે જાણતા નથી. એટલે જે યોજના વિષે આપણને ખૂબ જ અધૂરી માહિતી મળી છે તેના ઉપર કોઈ પણ જાતનો અભિપ્રાય જાહેર કરવાનું સાહસ કરવું ઘણું જોખમભર્યું છે એમ મને લાગે છે. સામાન્ય રીતે આટલું તો કહેવું જ જોઈએ કે હિંદીઓને સ્વદેશ મોકલવાની રાજ્ય તરફથી થતી કોઈ પણ યોજના પ્રત્યે ગંભીર શંકાની નજરે જોવું જોઈએ, અને ખાસ કરીને જ્યારે એ યોજના હિંદીઓની અભિલાષાઓના કટ્ટર વિરોધી લોકોએ બનાવી હોય ત્યારે વિશેષ શંકા કરવી જોઈએ. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ ત્યાંના ડોમિસાઈલ હોવાથી તેઓ એ દેશમાં રહી શકે છે. મને તો પૂરેપૂરી શંકા છે કે આ રજૂ કરવામાં આવેલી યોજનામાં એવું કંઈક હશે જેને પરિણામે સ્વદેશ જવા માટેના ખર્ચના બદલામાં એટલે હિંદુસ્તાન પહોંચતાં સુધીનું સ્ટીમરનું ભાડું અને થોડીક ખિસ્સાખર્ચીના બદલામાં કાયમી નિવાસના હકની જપ્તી કરવામાં આવશે. હું તો એમ માનું છું કે બીજી બધી વાત જવા દઈએ તોપણ એક મહત્ત્વનો હક્ક છોડવાના બદલામાં આવો નજીવો લાભ મળે એ બિલકુલ અપૂરતો છે. લોકોને આવી રીતે સ્વદેશ મોકલવાની વાતને હું સંપૂર્ણ રીતે ઐચ્છિક ભાગ્યે જ કહી શકું.

પરંતુ દરખાસ્ત નીચેની હિંદીઓને સ્વદેશ મોકલવાની યોજના સામે જે અનેક વાંધા ઉઠાવી શકાય તેમ છે તેમાંનો આ તો એક વાંધો છે. બેશક, સૌથી સારી વાત તો એ છે કે જ્યાં સુધી આખી યોજના આપણી સમક્ષ ચકાસણી માટે આવે નહીં ત્યાં સુધી એને વિષે અભિપ્રાય આપવાનું મુલતવી રાખવું જોઈએ. આપણે આશા રાખીશું કે હિંદુસ્તાનની સરકાર આ યોજના વિષે પોતાનો નિર્ણય જાહેર કરતાં પહેલાં જનતાને સંપૂર્ણ રીતે વિશ્વાસમાં લેશે.

[મૂળ અંગ્રેજી]

*हिंदु*, ૧૪-૬-૧૯૨૦

૧. દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની સ્થિતિની તપાસ કરવા માટે એક કમિશન નીમવામાં આવ્યું હતું. તેનું કામકાજ ૧૯૨૦ના માર્ચ માસથી શરૂ થયું હતું. એ કમિશને સૂચવેલી યોજના સંબંધમાં આ નિવેદન મુંબઈથી અખબારો ઉપર મોકલવામાં આવ્યું હતું.

૨. આ ભલામણ કમિશનના વચગાળાના રિપોર્ટમાં છે.

૩. *इन्डिया इन १९२०* નામના પુસ્તકમાં આ પ્રમાણે લખ્યું છે: "વચગાળાના રિપોર્ટમાં એવી ભલામણ કરવામાં આવી હતી કે જે હિંદીઓને સ્વદેશ પાછા ફરવું હોય તેમને હિંદુસ્તાન પાછા ફરવા સારુ પ્રોત્સાહન આપવા માટે સંઘ સરકારે બધી સગવડો કરી આપવી જોઈએ. આમાં વહાણમાં બેસવાની વ્યવસ્થા કરવાનો તથા બચત અને ઘરેણાંના રૂપમાં સોનાની નિકાસ ઉપરનાં નિયંત્રણો હળવાં કરવાનો પણ સમાવેશ થાય છે."

Gandhi Heritage Portal

# ૨૧૩. ઍન. સી. કેળકર વગેરેને પત્ર[1]

[જૂન ૧૫, ૧૯૨૦ની આસપાસ][2]

પ્રિય ભાઈ કેળકર,

દિલગીર છું કે . . . હું કૉંગ્રેસ બંધારણ . . . માં હાજર રહી શકયો નથી. હવે હું તમને મેં તૈયાર કરેલો મુસદ્દો[3] મોકલું છું. તમે જોશો કે મેં આમાં સરળતા અને સંગીનતા લાવવા તથા બધા પક્ષોને અને જુદા જુદા બધા વિચારપ્રવાહોને પ્રતિનિધિત્વ આપવા કોશિશ કરી છે, જેથી દેશને સૌથી વધારે સ્વીકાર્ય હોય એવા વિચારને મહત્ત્વ મળે. તમે એ પણ જોશો કે આ . . . નીચે કૉંગ્રેસનું એક મોટું . . . સ્વરૂપ . . . અને એની પ્રદર્શનાત્મક અસર અકબંધ રહે છે. કૃપા કરીને આખો મુસદ્દો વિવેચકની દૃષ્ટિથી વાંચી જજો અને મતભેદ જણાય ત્યાં તમારો મતભેદ બેધડક જણાવજો.

મેં પોતે જ જ્યારે આટલો બધો સમય લીધો છે ત્યારે તમને ઉતાવળ કરવાનું કહેવાનો મને અધિકાર નથી. છતાં મને ખાતરી છે કે તમે આના ઉપર વહેલામાં વહેલી તકે ધ્યાન આપશો. જો આ બાબતમાં . . . હશે, તો તો આપણે મળવું પડશે. હાલમાં હું સામાન્ય રીતે મુંબઈમાં જ રહું છું. એટલે જો આપણે મુંબઈમાં જ મળી શકીએ તો . . . એનાથી ઘણો સમય બચશે. કોઈ પણ તારીખ મને ફાવશે.

તમારો સહૃદયી

એન. સી. કેળકર, પૂના
રંગાસ્વામી આયંગર
હિંદુ ઑફિસ, મદ્રાસ
શ્રી આઈ. બી. સેન,
શ્રી સી. આર. દાસને ત્યાં
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી : એસ. એન. ૭૪૨૦

૧. જે લખાણ ઉપરથી આ લેખ તૈયાર કરવામાં આવ્યો છે તે ગાંધીજીના હાથે પેન્સિલથી લખાયેલું છે. તેને ઊધઈ લાગી હોવાથી ઘણી જગ્યાએ તે ફાટી ગયું છે. એટલું સ્પષ્ટ છે કે આ પત્રની નકલો બીજા ગૃહસ્થોને પણ મોકલાઈ હતી.

૨. ૧૯૧૯ના ડિસેમ્બર માસમાં ભરાયેલા કૉંગ્રેસ અધિવેશન વખતે ગાંધીજીને કૉંગ્રેસનું બંધારણ સુધારવાનું કહેવામાં આવ્યું હતું. સુધારેલો મુસદ્દો કલકત્તામાં ૧૯૨૦ના સપ્ટેમ્બરમાં ભરાયેલા કૉંગ્રેસ અધિવેશન દરમ્યાન સભ્યોમાં ફેરવવામાં આવ્યો હતો. ૨૭ જુલાઈ, ૧૯૨૦ના કેળકર ઉપરના પોતાના પત્રમાં ગાંધીજીએ પોતાના મુસદ્દા ઉપરની કેળકરની ટીકાની પહોંચ સ્વીકારી છે. બંધારણના મુસદ્દા સાથે કેળકરને મોકલાયેલો આ પત્ર આ તારીખ પહેલાં પંદરેક દિવસ અગાઉ લખાયો હોવો જોઈએ. બીજું, ૧૯૨૦ના જૂન માસમાં ગાંધીજી મોટે ભાગે મુંબઈમાં જ હતા એવું પોતે આ પત્રના બીજા ફેરામાં લખ્યું છે. આ ઉપરથી જણાય છે કે આ પત્ર ૧૯૨૦ના જૂન માસની અધવચ આસપાસ લખાયો હતો.

૩. આ મુસદ્દો મળતો નથી.

Gandhi Heritage Portal

# ૨૧૪. કષ્ટસહનનો કાયદો

કષ્ટસહનની અગ્નિપરીક્ષામાંથી પસાર થયા વિના કોઈ પણ દેશની કદી પણ ઉન્નતિ થઈ નથી. બાળક જીવતું રહે તે માટે તેની માતા કષ્ટ સહન કરે છે. બીજનો નાશ થાય ત્યારે જ ઘઉં ઊગે છે. મૃત્યુમાંથી જ જીવનનો ઉદ્‌ભવ થાય છે. તો શું કષ્ટસહન દ્વારા શુદ્ધીકરણના આ શાશ્વત નિયમનું પાલન કર્યા વિના જ હિંદુસ્તાન ગુલામીમાંથી બેઠું થઈ શકશે?

મારા સલાહકારો જો સાચા હોય તો દેખીતી રીતે જ હિંદુસ્તાન કશી પીડા ભોગવ્યા વિના પોતાનું અંતિમ ધ્યેય સિદ્ધ કરી લેશે. કારણ કે એ લોકોને મુખ્ય ચિંતા એટલી જ છે કે એપ્રિલ ૧૯૧૯ના બનાવોનું પુનરાવર્તન ન થવું જોઈએ. તેઓ અસહકારથી ડરે છે. કારણ એમાં ઘણા લોકોને કષ્ટ સહન કરવાનું આવશે. જો હેમ્પ્ડને આવી દલીલ કરી હોત તો તે નૌકાકર ભરવાનો ઇનકાર કરી શક્યો ન હોત, અને વૉટ ટાઇલર વિપ્લવનો ઝંડો ફરકાવી શક્યો ન હોત. ઇંગ્લંડ અને ફ્રાન્સના ઇતિહાસમાં એવા પુષ્કળ દાખલા મળી આવે છે જેમાં યાતનાઓની પરવા કર્યા વિના લોકોએ સત્યને માર્ગે જવાનું ચાલુ રાખ્યું છે. પોતાને કારણે અજ્ઞાન લોકોને તેમની મરજી વિરુદ્ધ કષ્ટો સહન કરવાં પડશે કે કેમ તેનો વિચાર કરવા આ કાર્યકરો થોભ્યા નથી. તો આપણો ઇતિહાસ જુદી રીતે લખાય એવી અપેક્ષા આપણે શા માટે રાખવી જોઈએ? આપણે ધારીએ તો આપણા પુરોગામીઓની ભૂલોમાંથી પાઠ શીખીને એમના કરતાં સારું કામ આપણે કરી બતાવી શકીએ છીએ, પરંતુ કષ્ટસહનના કાયદાનો જ આપણે છેદ ઉડાવી દઈએ એ તો બને એવું જ નથી, કેમ કે આપણા અસ્તિત્વની એ અનિવાર્ય શરત છે. બને ત્યાં સુધી આપણે પક્ષે હિંસાથી વેગળા રહવું, અને એ રીતે પ્રગતિનો વેગ વધારવો, તેમ જ કષ્ટ સહન કરવાની પદ્ધતિઓમાં વધારે શુદ્ધિ દાખલ કરવી એ જ વધારે સારું કામ કરી બતાવવાનો માર્ગ છે. જો આપણે ધારીએ તો આજે શિન ફેન પક્ષના લોકો કરી રહ્યા છે તેમ અન્યાય કરનારને નમાવવા માટે આકળા બનીને શરીરબળનો ઉપયોગ આપણે ન કરીએ; અથવા ગયે વર્ષે હડતાળ પડાવવા આપણામાંના કેટલાકે કર્યું હતું તેમ આપણી પદ્ધતિ અખત્યાર કરવા આપણા પડોશીઓ ઉપર આપણે દબાણ ન લાવીએ. સહન કરનાર કેટલું કષ્ટ સહન કરે છે તે ઉપરથી પ્રગતિનું માપ નીકળવાનું છે. કષ્ટસહન જેમ વધારે શુદ્ધ હશે તેમ પ્રગતિ વધારે થશે. તેથી જ જિસસનું બલિદાન દુઃખથી પીડાતી દુનિયાને મુક્ત કરવા સમર્થ નીવડયું હતું. પ્રગતિની એમની કૂચમાં તેઓ એવી ગણતરી કરવા નહોતા બેઠા કે મારે લીધે મારા પડોશીઓને રાજીખુશીથી કે એમની મરજી વિરુદ્ધ કેટલું દુઃખ સહન કરવું પડયું. એ જ રીતે, હરિશ્ચંદ્ર જેવાએ કષ્ટ સહન કર્યું, તો સત્યનું સામ્રાજ્ય ફરીથી સ્થાપી શકાયું. તેઓ જાણતા જ હોવા જોઈએ કે જો હું રાજગાદીનો ત્યાગ કરીશ તો મારી પ્રજાને એની મરજી વિરુદ્ધ કષ્ટ સહન કરવું પડશે. એની તેમણે પરવા ન કરી, કારણ કે સત્યને અનુસરવા સિવાય તેઓ બીજું કંઈ કરી શકે એમ નહોતું.

આ પહેલાં હું કહી ચૂકયો છું કે આપણે પોતે અંગ્રેજોનાં ખૂન કર્યાં અને માલમિલકતનો નાશ કર્યો તેનાથી મને જે દુઃખ થયું છે તેટલું દુઃખ જલિયાંવાલા બાગમાં થયેલી કતલથી નથી થયું.[1] અમૃતસર કરતાં લાહોરમાં જે બની રહ્યું હતું તે વધારે ભયંકર હતું. આ ભયંકરતા

૧. જુઓ "પંજાબનાં રમખાણોની તપાસનો કૉંગ્રેસનો રિપોર્ટ", ૨૫-૩-૧૯૨૦.

Gandhi Heritage Portal

ભારે હોવા છતાં વધારે ધીમી હતી, કેમ કે ત્યાં ધીમી પ્રક્રિયા દ્વારા લોકોને નિર્વીર્ય બનાવવાનો પ્રયત્ન થઈ રહ્યો હતો. એટલે અમૃતસરની ભયંકરતા તરફ લોકો વધારે આકર્ષાયા. પરંતુ અત્યારના કરતાં આપણે વધુ ઉન્નત સ્થિતિએ પહોંચીએ તે પહેલાં આપણે રાજીખુશીથી કષ્ટ સહન કરતાં શીખીએ અને તેમાં સુખ માનતા થઈએ ત્યાં સુધીમાં આવા અનેક અનુભવોમાંથી પસાર થવું પડશે. મને ખાતરી થઈ ચૂકી છે કે લાહોરના લોકો તેમના ઉપર થયેલા ક્રૂર અત્યાચારો માટે કદી લાયક નહોતા[1] એમણે એક પણ અંગ્રેજને ઈજા પહોંચાડી નહોતી, તેમ કોઈ પણ મિલકતનો નાશ કર્યો નહોતો. પરંતુ એક મનસ્વી શાસક, તેની દુ:ખદાયક ધૂંસરી ફગાવી દેવા મથતા લોકોનો જુસ્સો કચડી નાખવાનો નિશ્ચય કરીને બેઠો હતો. જો મને એમ કહેવામાં આવે કે આ બધું તમારા સત્યાગ્રહના ઉપદેશને લીધે થયું હતું, તો મારો જવાબ એ છે કે મારા છેલ્લામાં છેલ્લા શ્વાસ સુધી હું એ જ કારણે સત્યાગ્રહનો વધારે જોરશોરથી ઉપદેશ આપીશ અને લોકોને કહીશ કે બીજી વાર જ્યારે ઓડવાયરશાહી તુમાખીનો જવાબ આપવાનો આવે ત્યારે તમે પરાણે માલ વેચવાની ધમકીને વશ થઈને દુકાનો ખોલશો નહીં, પણ જુલમગારને જે કરવું હોય તે કરવા દેજો અને તમારા અજેય આત્મા સિવાય સર્વસ્વ એને હાથે વેચાઈ જવા દેજો. પ્રાચીન સમયના ઋષિઓ પોતાના શરીરનું દમન એટલા માટે કરતા કે એ શરીરમાં રહેલો આત્મા મુક્ત બને અને જુલમગારો પોતાનું ધાર્યું કરાવવા માટે એમના શરીર પર ગમે તેટલા પ્રહારો કરે તોપણ એ કસાયેલાં શરીરોને એની કશી અસર નહીં થાય. એટલે જો હિંદુસ્તાનને પોતાના પ્રાચીન જ્ઞાનનો પુનરુદ્ધાર કરવો હોય અને યુરોપની ભૂલોથી બચવું હોય, જો એને અત્યારે યુરોપને ભરખી રહેલા સેતાનના રાજ્યને બદલે આ દુનિયા ઉપર ઈશ્વરનું રાજ્ય સ્થપાયેલું જોવું હોય, તો હું એનાં સંતાનોને કહીશ કે તમે સુંદર શબ્દોથી, અને આપણને ઘેરી બેઠેલા ભયંકર બૌદ્ધિક વિતંડાવાદથી કે હિંદુસ્તાનને કદાચ ભોગવવાં પડે એવાં કષ્ટોના ડરથી ભોળવાશો નહીં. પરંતુ અત્યારે યુરોપમાં શું બની રહ્યું છે તેનો તમે વિચાર કરજો અને તેના ઉપરથી પાઠ શીખજો કે યુરોપની માફક આપણે બીજાને કષ્ટ આપવાની પ્રક્રિયામાંથી નહીં પરંતુ કષ્ટસહનની અગ્નિપરીક્ષામાંથી અવશ્ય પસાર થવું પડશે. જર્મનીને યુરોપ ઉપર આધિપત્ય મેળવવું હતું અને મિત્રરાજ્યો પણ જર્મનીને હરાવીને એ જ ધ્યેય હાંસલ કરવા માગતાં હતાં. ભલે જર્મનીનું પતન થયું, પણ તેથી યુરોપની દશા સુધરી નથી. જર્મની જેવું દગાબાજ, ઘાતકી, લોભી અને સ્વાર્થી હતું અથવા નીવડયું હોત, તેવાં જ મિત્રરાજ્યો પણ નીવડયાં છે. મિત્રરાજ્યો આજે પોતાના અનેક વ્યવહારોમાં ધાર્મિકતાનો જે ડોળ કરતાં જણાય છે તે જર્મનીએ ન કર્યો હોત.

મારી ગણતરીમાં ભૂલ થઈ હતી એવું ગયે વર્ષે મેં જે કહેલું તે લોકોને વેઠવાં પડેલાં કષ્ટો સંબંધમાં નહોતું, પરંતુ એમણે કરેલી ભૂલો સંબંધમાં, તેમ જ સત્યાગ્રહનો સંદેશ બરાબર નહીં સમજવાને કારણે એમણે કરેલી હિંસા સંબંધમાં હતું. તો પછી કષ્ટસહનના કાયદાની ભાષામાં અસહકારનો શો અર્થ થાય ? આપણી ઇચ્છા વિરુદ્ધ આપણા ઉપર રાજ્ય કરી રહેલી સરકાર સાથેના આપણા અસહકારમાંથી જે અગવડો અને નુકસાન વેઠવાં પડે તે આપણે રાજીખુશીથી સહન કરવાં જોઈએ. થૉરોએ કહ્યું છે કે અન્યાયી રાજ્યમાં સત્તા અને સંપત્તિ ધરાવવી એ પાપ છે; એવા રાજ્યમાં તો ગરીબ રહેવામાં જ ગૌરવ છે. સંભવ છે કે સંક્રાંતિકાળમાં

૧. જુઓ "પંજાબનાં રમખાણોની તપાસનો કૉંગ્રેસનો રિપોર્ટ", ૨૫–૩–૧૯૨૦.

Gandhi Heritage Portal

આપણે હાથે ભૂલો થાય. ટાળી શકાય એવાં કષ્ટો આપણે ભોગવવાં પડે. પરંતુ દેશ નામર્દ બની જાય તે કરતાં આવું બને તે વધારે હિતાવહ છે.

અન્યાય કરનારને પોતાના અન્યાયનું ભાન થશે ત્યારે અન્યાય દૂર થશે એમ માનીને રાહ જોઈને બેસી રહેવાનો આપણે ઇનકાર કરવો જોઈએ. આપણે અથવા બીજાઓએ કષ્ટ સહન કરવું પડશે એવા ડરથી એ અન્યાયમાં ભાગ લેવાનું આપણે ચાલુ નહીં રાખવું જોઈએ. પરંતુ આપણે અન્યાય કરનારને સીધી કે આડકતરી મદદ આપવાનું બંધ કરીને એ અન્યાયનો સામનો કરવો જોઈએ.

જો પિતા અન્યાય કરતો હોય તો એનાં સંતાનોનો ધર્મ છે કે તેઓ પિતાના ઘરનો ત્યાગ કરે. જો કોઈ શાળાનો આચાર્ય પોતાની સંસ્થા અનીતિના પાયા પર ચલાવતો હોય તો વિદ્યાર્થીઓએ એ શાળા છોડી દેવી જોઈએ. જો કોઈ સંસ્થાનો અધ્યક્ષ ભ્રષ્ટાચાર ચલાવતો હોય, તો તેના સભ્યોએ એ સંસ્થામાંથી છૂટા થઈ એ ભ્રષ્ટાચારમાંથી પોતાના હાથ ધોઈ નાખવા જોઈએ. એ જ રીતે જો કોઈ સરકાર ગંભીર અન્યાય કરતી હોય તો તેને દુષ્ટતા આચરવામાંથી અસરકારક રીતે અટકાવવા માટે પ્રજાજનોએ જરૂર પ્રમાણે તેની જોડે થોડે અંશે અગર પૂરેપૂરો અસહકાર કરવો જોઈએ. મેં જે પ્રસંગોની કલ્પના કરી છે તે દરેકમાં કષ્ટસહનનું તત્ત્વ રહેલું છે, પછી તે કષ્ટ માનસિક હોય કે શારીરિક હોય. આવા કષ્ટસહન વિના સ્વતંત્રતા મળવી સંભવિત નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–६–१९२०

## ૨૧૫. મદ્રાસમાં હિંદી

કોક દહાડો દ્રવિડ ભાઈબહેનો હિંદીનો અભ્યાસ ગંભીરપણે કરવા લાગી જશે એવો મને ભારે વિશ્વાસ છે. અંગ્રેજી પર કાબૂ મેળવવા જે મહેનત તેઓ કરે છે તેનો આઠમો ભાગ પણ હિંદી શીખવામાં તેઓ કરે, તો બાકીના હિંદનાં દ્વાર તેમને માટે બંધ ન રહેતાં તેઓ આપણી જોડે પૂર્વે કદી નહોતા એવા એક બનશે. કોક કહેશે કે આ દલીલ તો બેઉ બાજુ લાગે છે. એ હું જાણું છું. દ્રવિડ લોકો સંખ્યામાં ઓછા છે; એટલે રાષ્ટ્રની શક્તિની કરકસર એમ સૂચવે છે કે, હિંદના બાકીના બધા લોકો દ્રવિડી હિંદ સાથે વાત કરી શકવા માટે તામિલ, તેલુગુ, કન્નડ ને મલયાલમ શીખે તેના કરતાં, તેઓએ બાકીના હિંદની સામાન્ય ભાષા શીખવી જોઈએ. તેથી જ કરીને, ગયા અઢાર માસથી, અલ્લાહાબાદના હિંદી સાહિત્ય સંમેલનના આશરા તળે, મદ્રાસ ઇલાકામાં હિંદી પ્રચારનું કામ જોરથી ચાલે છે. ગયે અઠવાડિયે મુંબઈમાં અગરવાલ મારવાડી સંમેલન મળેલું. તેને મેં અપીલ કરી તેના જવાબમાં તેણે ત્યાં ને ત્યાં રૂ. ૫૦,૦૦૦ મદ્રાસ ઇલાકામાં પાંચ વર્ષ હિંદી પ્રચારકામને માટે ઉઘરાવી આપ્યા. આ રીતે એમણે ફરી એક વાર સાબિત કરી આપ્યું કે હિંદી પ્રચારનું કામ એ હિંદુસ્તાનના આ બાદશાહી વેપારીવર્ગની એક વિશિષ્ટતા છે.[૧] આ ઉદારતાથી અલ્લાહાબાદના સંમેલનની તથા જે દ્રવિડ લોકો મારા મતના છે કે, પૂર્ણ રાષ્ટ્રીય વિકાસને ખાતર મદ્રાસે હિંદી શીખી લેવું જોઈએ, તે બધાની જવાબદારી વધી જાય છે. કોઈ

૧. આ વાક્યનું ભાષાંતર રાષ્ટ્રભાષા વિષે વિચારમાં આપ્યું નથી. અંગ્રેજી પ્રમાણે તે આપ્યું છે.

Gandhi Heritage Portal

દ્રવિડ એમ ન વિચારે કે હિંદી શીખવું જરાય અઘરું છે. રોજના મનોરંજનના સમયમાંથી જો પદ્ધતિસર થોડો વખત કાઢવામાં આવે, તો એક વર્ષમાં સામાન્ય માણસ હિંદી શીખી લઈ શકે. હું એમ પણ સૂચવવાની હામ ભીડું છું કે, હવે મોટી મ્યુનિસિપાલિટીઓ પોતાની શાળાઓમાં હિંદીનો વૈકલ્પિક અભ્યાસ દાખલ કરે. અનુભવ પરથી હું કહી શકું છું કે દ્રવિડ બાળકો અજબ સરળતાથી હિંદી શીખી લે છે. દક્ષિણ આફ્રિકામાં વસતા લગભગ બધા તામિલ-તેલુગુભાષીઓ સમજપૂર્વક હિંદીમાં વાતચીત કરી શકે છે, એ તો કોકને જ ખબર હશે. તેથી હું હિંમતભેર આશા સેવું છું કે, મદ્રાસના યુવાનો મફત હિંદી શીખવાની જે સવડ ઉદાર મારવાડીઓએ આપી છે તેની કદર કરશે — એટલે કે, તે સવડનો લાભ ઉઠાવશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–६–१९२०

ભાષાંતર : राष्ट्रभाषा विषे विचार

## ૨૧૬. ખંભાતાને પત્ર

મુંબઈ,

જૂન ૧૮, ૧૯૨૦

પ્રિય ભાઈ ખંભાતા,

ઓરિસ્સા સંકટ ફંડ માટે તમે મોકલેલા રૂ. ૧૦૦/- તથા તેની સાથેનો તમારો કૃપાપત્ર મળ્યો. તે બન્ને માટે તમારો આભાર માનું છું. તમારું નામ પ્રસિદ્ધ નહીં કરવાની તમારી ઈચ્છાને હું માન આપીશ.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૭૫૩૩

Gandhi Heritage Portal

## ૨૧૭. સાકરલાલને પત્ર

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ,
શુક્રવાર [જૂન ૧૮, ૧૯૨૦][1]

ભાઈશ્રી ૫ સાકરલાલ,

હમણાં જ ભાઈ વ્રજલાલ[2] વિષે તાર મળ્યો. તમે જ એક મણિ સમાન ભાઈ નથી ખોયો, અમે બધાએ ભાઈ સમાન અમૂલ્ય સાથીને ખોયો છે. તેનો પવિત્ર આત્મા તો અત્યારે ઊંચે સ્થાને બિરાજે છે. પારમાર્થિક જીવનનો અર્થ ભાઈ વ્રજલાલે ઘણી સુંદર રીતે બતાવી આપ્યો હતો. તમને ખેદ તો થશે જ. પણ તેનું જીવન સુંદર હતું. અને તમારા દુ:ખમાં અમે બધા સાથી છીએ એમ સમજી બોજો હળવો કરજો.

મોહનદાસ ગાંધીના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

નકલ પરથી: સી. ડબ્લ્યુ. ૮૪૩

## ૨૧૮. છગનલાલ ગાંધીને પત્ર

[જૂન ૧૮, ૧૯૨૦][3]

ચિ. છગનલાલ,

તમારો તાર મળ્યો. ભાઈ વ્રજલાલને વિષે તાર વાંચીને હું તો હેબતાઈ જ ગયો છું. સાવ સમજી જ નથી શકતો કે તેનું મૃત્યુ આકસ્મિક થાય. તે તો સંપૂર્ણ સુખમાં ચાલ્યા ગયા. કોઈની સેવા જ ન લીધી. આપણી ઉપર હમણાં ઠીક કોપ થયા કરે છે. તેના ભાઈને બધાની સહીનો કાગળ લખજો ને સાથેનો કાગળ[4] મોકલી દેજો. હમણાં તો વધારે નથી લખી શકતો. તમારા વિગતવાર કાગળની આશા રાખીશ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

નકલ પરથી: સી. ડબ્લ્યુ. ૮૪૨

૧. વ્રજલાલના મરણ પછીના શુક્રવારની તારીખ જૂન ૧૮, ૧૯૨૦ હતી.

૨. વ્રજલાલનું મૃત્યુ કેવા સંજોગોમાં થયું તે જાણવા માટે જુઓ "સ્મરણાંજલિ", ૨૬-૬-૧૯૨૦.

૩. પત્રમાં લખેલી બિના ઉપરથી સ્પષ્ટ જણાય છે કે આ પત્ર એના પહેલાંના પત્ર પછી તરત લખાયો હતો.

૪. જુઓ આ પહેલાંનો લેખ.

Gandhi Heritage Portal

# ૨૧૯. આપભોગનો ધર્મ

यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ।।[1] ગીતાજી ૪, ૩૧

करहिं जाइ तप शैलकुमारी । नारद कहा सो सत्य विचारी ।
मातु पितहिं पुनि यह मत भावा । तपसुखप्रद दुःखदोष नसावा ।
तप अधार सब सृष्टि भवानी । करहिं जाइ तप अस जिय जानी ।।

તુલસીરામાયણ

યજ્ઞના ઘણાયે અર્થ કરી શકાય છે, પણ સ્વધર્મને સામાન્ય એવો યજ્ઞનો એક જ અર્થ છે, અને તે એ કે ખરેખરી ઉન્નતિને સારુ પ્રાણાર્પણ કરવા લગી તૈયાર રહેવું. પાર્વતીને શિવજી જેવા પતિ જોઈતા હતા તેથી તેને તપ કરવાનો હુકમ થયો. તેણે કેવા પ્રકારનું તપ કર્યું એ જાણવાની જેને ઇચ્છા થાય તેણે તુલસીદાસનો અપૂર્વ ગ્રંથ જોઈ લેવો. મા પોતાના ભોગે પોતાનાં છોકરાંને જન્મ આપે છે અને ઉછેરે છે. મૃત્યુમાંથી જ જન્મ સંભવે છે. અનાજનાં બીજ ભોંયમાં દટાઈ સડે છે, મરે છે, તો જ પાક ઉત્પન્ન થાય છે. હરિશ્ચંદ્રે પોતાનું સત્ય પ્રગટ કરવાને સારુ પારાવાર દુઃખ સહન કર્યું, પોતાનાંને ઉગારવા સારુ જિસસે કાંટાનો મુગટ પહેર્યો, પોતાના હાથપગમાં ખીલા ભોંકાવા દીધા અને રિબાઈને પ્રાણત્યાગ કર્યો. એવો યજ્ઞ કરવાનો અનાદિ કાળથી ચાલતો આવેલો વિધિ છે. યજ્ઞ વિના પૃથ્વી એક ઘડી પણ ન નભી શકે. તુર્કોએ ઈસ્તંબૂલ સર કર્યું[2] તેના પહેલાં અસંખ્ય સિપાઈઓનો હોમ કર્યો અને તેનાં મુડદાંઓનો પુલ બનાવ્યો. હિંદુસ્તાનમાં આપણે આ અચલિત આપભોગનો ધર્મ છે તેનો ત્યાગ કરીને આપણા દેશને આગળ ચઢાવવા ઇચ્છતા હોઈએ એવો આભાસ મને આવ્યા જ કરે છે.

આપણે સંપૂર્ણ સ્વરાજ્ય ઇચ્છીએ છીએ પણ એકે જાન ખોવા ઇચ્છતા નથી. પૈસાનો ભોગ પણ આપ્યા વિના ચાલે તો ચલાવી લેવા ઇચ્છીએ છીએ. અસહકારની ઘણી ધાસ્તી ઘણાઓને લાગી છે તેનું કારણ શું હશે? એ વિચારું છું ત્યાં બે જ કારણ જોવામાં આવે છે. એક તો એ કે લોકો નોકરી છોડીને બેસે તો ભૂખે મરે; અને બીજું જો કદાચ કોઈની ભૂલ થઈ જાય અને સરકારનો દારૂગોળો ચાલે તો હજારોના જાન જાય. એટલે કે ખિલાફતના જેવા અઘરા અને મહાન પ્રશ્નના ઉકેલ આપણે જરાયે દુઃખ ભોગવ્યા વિના કરવાને ઇચ્છીએ છીએ. અસહકાર એ એક પ્રકારનો સહેલામાં સહેલો યજ્ઞ છે, એક નાનકડું તપ છે, તેમાં થોડો આપભોગ રહ્યો છે. વીસપચીસ હજાર કે લાખ દોઢ લાખ માણસ ન્યાય મેળવવા ખાતર, અન્યાયમાં ભાગ લેતા બંધ થવાને ખાતર પોતાની નોકરી છોડે એમાં હું કશુંયે દુઃખ ન માનું. એટલું જ

૧. હે કુરુસત્તમ! યજ્ઞમાંથી શેષ રહેલું અમૃત જમનારા લોકો સનાતન બ્રહ્મને પામે છે. —યજ્ઞ નહીં કરનારને સારુ આ લોક નથી તો પરલોક ક્યાંથી જ હોય?

૨. ૧૪૮૭માં.

Gandhi Heritage Portal

નહીં, પણ સુવ્યવસ્થિત સંસ્થા જ્યાં ચાલતી હોય ત્યાં એવા દુ:ખને હું સ્વાભાવિક માનું અને લોકો એવા દુ:ખથી નાસે નહીં પણ હર્ષપૂર્વક તેની ભેટ કરે. ખિલાફત જેવા પ્રશ્નનો સીધો ફડચો કરવાને હજારો માણસો પાયમાલ થઈ જાય તેની મને જરાયે ચિંતા નહીં થાય. તેને તો હું ધર્મભાવનાની કસોટી સમજું. એવું દુ:ખ ભોગવ્યા વિના જીત ન જ મળે એમ હું માનું અને એવું દુ:ખ ઘણા માણસો ભોગવે તો જીત મળ્યા વિના ન જ રહે એમ પણ હું માનું.

અસહકાર કરવાને લીધે સરકાર તરફથી ગમે તે દુ:ખ પડે તેથી મને ક્ષોભ કે ભય થાય જ નહીં. જેમ સરકાર તરફથી વધારે દુ:ખ પડે તેમ આ પ્રશ્નનો ઉકેલ વહેલો થાય એવી મારી દૃઢ માન્યતા છે.

ભય માત્ર એક જ રહે છે. રખેને લોકો તરફથી કાંઈ ભૂલ થાય, રખેને લોકો વાંકમાં આવે અને સજાપાત્ર થાય. રખેને કોઈ ગુસ્સામાં આવીને કોઈ અમલદારને ઈજા દે કે તેનું ખૂન કરે. એમ થાય તો આપભોગના યજ્ઞના શુદ્ધ ધર્મને હાનિ પહોંચે અને તેટલે દરજ્જે ઇચ્છેલું પરિણામ મળવામાં ઢીલ થાય. આહુતિ વિશુદ્ધ વસ્તુની જ અપાય. હરિશ્ચંદ્રમાં જરા પણ અપવિત્રતા હોત અને તેણે રાજપાટનો ત્યાગ કર્યો હોત તો આપણે તેનો મહિમા આજે ન ગાતા હોત. જિસસમાં સંપૂર્ણ નિર્દોષતા કલ્પીને જ ખ્રિસ્તી મત માનનારાઓ તેને તારનારની ઉપમા આપી. એ પ્રમાણે વિચારતાં જો ખિલાફતના કે બીજા કોઈ પણ પ્રશ્નમાં આપણા તરફથી કંઈ પણ દોષ થવાનો જરા પણ [ભય] ન હોય તો અસહકારને સંપૂર્ણ વેગે આપણે તુરત ચલાવી શકીએ. તેનાં પગથિયાં રાખ્યાં છે એ પણ આપણી નિર્દોષતાને વિષે શંકા રહેલી છે તેથી. આમ વિચાર કરતાં અને આપભોગ એ એક હિંદુસ્તાનની ઉન્નતિને સારુ આવશ્યક ધર્મ છે એમ માનતાં અસહકારને વિષે આપણને જરાયે ભય ન રહેવો જોઈએ એટલું જ નહીં પણ આપણે સમજવું જોઈએ કે અસહકાર અથવા તો એવા પ્રકારના કાંઈ પણ યજ્ઞ અથવા તપ વિના આપણે નથી ખિલાફતનો ઉકેલ કરી શકવાના, નથી પંજાબને વિષે ન્યાય મેળવી શકવાના કે નથી સ્વરાજ્ય ભોગવી શકવાના.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૦-૬-૧૯૨૦

Gandhi Heritage Portal

## ૨૨૦. હું શું કરું?

મિસિસ પોલાકે મને એક ચિત્ર મોકલ્યું છે. તેમાં એક એંસી વરસનો અંગ્રેજ નામે મિ. ગ્લૅડિંગ રેંટિયા વતી ઊન કાંતે છે. આ ધંધો તેણે વિનોદને ખાતર આટલી મોટી ઉંમરે શરૂ કર્યો છે. આખો દહાડો તે બુઢ્ઢો વાતોમાં ન ગાળી શકે, આખો દહાડો બાઈબલ પણ ન વાંચી શકે, આટલી ઉંમરે ઘરમાં રમાતી રમતો પણ શું રમે? વળી રમતમાં કોઈ સાથીને રોકવો જોઈએ. બધાને સાથી મળી નથી શકતા. ત્યારે જો કંઈક ઉપયોગી વિનોદ મળે તો સારું એમ વિચારી આ બુઢ્ઢાએ રેંટિયો પસંદ કર્યો હોવો જોઈએ.

આ ચિત્ર મારે હાથ આવ્યું તે પહેલાં એક ગૃહસ્થ જે પ્રથમ કોઈ ઠેકાણે મોટો હોદ્દો ભોગવતા હતા તે આવ્યા. તેમનો વખત કેમે જતો ન હતો. આખો દહાડો માળા ફેરવવામાં તે નહોતા રોકી શકતા. કંઈક પણ પરોપકારી ધંધો જોઈતો હતો. હું ઘણી પ્રવૃત્તિવાળો ગણાયો તેથી મારી સલાહ માગવા આવ્યા. મને તો વિચાર કરતાં તેમના શરીરને યોગ્ય એવો રેંટિયા વિનાનો બીજો ધંધો સૂઝયો નહીં. મેં તેમની પાસે વિનયપૂર્વક સૂતર કાંતવાની વાત કરી. મને ધાસ્તી છે કે હું તેમની ઉપર કંઈ અસર ન પાડી શક્યો. મેં કદાચ મારી આબરૂ પણ તેમની પાસે ગુમાવી હોય.

કેટલાક એમ માને છે કે રેંટિયો એ કેવળ સ્ત્રીઓની પ્રવૃત્તિ છે. પુરુષો આગળ રેંટિયાની વાત કરવી એ તેઓનું અપમાન કર્યા બરોબર છે. હું તેવું માનતો નથી એટલું જ નહીં પણ એમ માનું છું કે જનસમાજને પોષનારી બધી પ્રવૃત્તિ બન્નેને માટે છે. રેંટિયાની પ્રવૃત્તિ મુખ્યત્વે સ્ત્રીઓને સારુ મનાઈ છે કેમ કે સ્ત્રીઓથી પુરુષના જેટલી શારીરિક મજૂરી ન થાય ને સ્ત્રીઓ પુરુષના જેટલી છૂટથી બહાર જઈ કામ ન કરે એ યોગ્ય છે.

પણ જેમ રસોઈ મુખ્યત્વે કરીને સ્ત્રીઓ કરે છે, તોપણ ઘણાની રસોઈ તો પુરુષો જ કરે છે તેમ જોકે રેંટિયો સામાન્ય રીતે સ્ત્રીઓ ચલાવે તોપણ પ્રસંગવશાત્ તે યંત્રનો ઉપયોગ પુરુષ પણ કરી શકે. આજે રેંટિયામાં સુધારો કરવાનો પ્રયત્ન ઘણા પુરુષો કરી રહ્યા છે. એટલે ઉપર જણાવેલા મિત્ર જેવાને હું જરૂર રેંટિયો ચલાવવાની સલાહ આપું.

વકીલ દાક્તરો કલબોમાં જઈ પાનાં રમે છે, કે બિલિયર્ડ રમે છે તેથી પોતાનાં મગજ તાજાં કરતા હશે કે નહીં એ વિષે મને શક છે. પણ તેઓ ઘેર જઈ સ્વચ્છ કોટડીમાં બેસી રેંટિયો ચલાવે તો તેમાંથી જેટલો નિર્દોષ આનંદ ભોગવાય તેટલો પાનાંમાંથી નહીં જ મળે એમ મારી ખાતરી છે. સર જૉન લબકનો[1] આરામ એક ઉપયોગી કામમાંથી બીજામાં પ્રવેશ કરવો એ હતો. તેનો વિનોદ કીડીઓની પ્રવૃત્તિનું અવલોકન કરવામાં હતો. લૉર્ડ સૉલ્સબરી રસાયણના પ્રયોગો કરીને વિનોદ મેળવતા. ગ્લૅડસ્ટન લાકડાં કાપી આમની સભાનો બોજો હળવો કરતો. આવા ઉપયોગી આનંદોની જેટલી આપણને જરૂર છે તેટલી અંગ્રેજ પ્રજાને નથી.

દેશમાં અનાજ નથી, વસ્ત્ર નથી અથવા બન્ને બહુ મોંઘાં છે. દૂધઘીનો તો ઘણાને ત્યાગ કરવો પડે છે. તે અવસરે મુખ્ય ધર્મ આ બે વસ્તુ પેદા કરવામાં ને પૂરી પાડવામાં સમાઈ

૧. સર જૉન વિલિયમ લબક (૧૮૦૩-૧૮૬૫); અંગ્રેજ ખગોળવેત્તા અને ગણિતજ્ઞ.

Gandhi Heritage Portal

જાય છે. ભૂખ્યાનું પેટ ભરવું ને નાગાને ઢાંકવા પછી જ આપણે ખાઈએ-પહેરીએ તેમાં દયા-ધર્મનો સમાવેશ થઈ જાય છે. તેથી પેલા મિત્ર જેવા જેટલા માણસો હોય તેઓને હું નમ્રતા-પૂર્વક સલાહ આપું છું કે તમારો બચતો વખત જો તમે ખેતર આદિમાં રોકાઈ શારીરિક બળ ન કરી શકો તો ખચીત રેંટિયો મેળવી સૂતર કાંતવામાં રોકજો તેથી ધર્મ અને અર્થ બન્ને સચવાશે.

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।।[1]

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૦-૬-૧૯૨૦

## ૨૨૧. જૂની મૂડી

છાપાંઓમાં ઘણી વેળા ખાલી જગ્યા ભરવાને સારુ કાંઈ કાંઈ વસ્તુ સંપાદકો તૈયાર કરી રાખે છે. એને અંગ્રેજીમાં Ever green કહે છે, એટલે "સદાય તાજું". જ્યારે મૂકો ત્યારે એ વસ્તુ મૂકી શકાય. એવું અનાયાસે હું क्रॉनिकलમાં જોઈ ગયો. તેમાં નીચેની હકીકતો આપેલી છે.

> હિંદુઓએ દશાંશ શોધી કાઢ્યા છે. ભૂમિતિ અને બીજગણિતની શોધ પણ પ્રથમ હિંદુસ્તાનમાં થઈ હતી. તેમ જ ત્રિકોણમિતિ. પહેલી પાંચ ઇસ્પિતાલો હિંદુસ્તાનમાં બંધાઈ. યુરોપના પ્રાચીન ધન્વંતરિઓએ હિંદુસ્તાનનાં ઔષધોનો ઉપયોગ કર્યો. ઈસવી સન પૂર્વે છઠ્ઠા સૈકામાં હિંદુઓએ શરીરના અવયવોની તપાસ કરી અને તે જ અરસામાં વાઢકાપની વિદ્યા પણ ગ્રહણ કરી. જે લોખંડના સ્તંભ આજે બની શકે છે તેવા સ્તંભ બનાવવાની કળા હિંદુસ્તાન પ્રાચીન કાળમાં જાણતું હતું. ગુફાઓ ખોદવાનો ધંધો તો હિંદુસ્તાનનો જ હતો. જ્યારે સિકંદર હિંદુસ્તાનમાં ચઢી આવ્યો તે વખતે તેણે પંજાબમાં અને સિંધમાં પ્રજાસત્તાક રાજ્યો જોયાં. પ્રાચીન હિંદુસ્તાનમાં જે હક્કોને સારુ યુરોપમાં આજ સ્ત્રીઓ મથી રહેલી છે તે બધા હક્કો આપણી સ્ત્રીઓ ભોગવતી. ચંદ્રગુપ્તના વખતમાં મ્યુનિસિપાલિટીઓ હયાતીમાં હતી. વ્યાકરણવિદ્યાને તો હિંદુઓ જ સંપૂર્ણતાએ પહોંચાડી શક્યા. રામાયણ મહાભારતની હરીફાઈ કરી શકે એવા ગ્રંથો આજ લગી નથી થયા.

આ બધી હકીકતો કેટલે દરજ્જે ખરી છે એ હું નથી જાણતો, પણ એટલું જાણું છું કે જો મરહૂમ ન્યાયમૂર્તિ રાનડે આજે જીવતા હોય અને હિંદુસ્તાનની પ્રાચીન જાહોજલાલીની આ બધી વાતો સાંભળે અથવા જુએ તો અવશ્ય બોલી ઊઠે, "આથી શું?" તેઓ કહેતા કે કોઈ પ્રજા પોતાની ભૂતકાળની શોભાને યાદ કરીને આગળ વધી શકતી નથી. ભૂતકાળની શોભા જો યાદ કરીએ તો તે એટલા જ અર્થે કરવી જોઈએ કે જેથી આપણે એ શોભામાં વધારો કરી શકીએ. આજે રામાયણના લખનાર ક્યાં છે? આજે પ્રાચીન સમયની નીતિ ક્યાં છે? તે વેળાની

૧. આ નિષ્ઠાથી થયેલા આરંભનો નાશ નથી, એમાં વિપરીત પરિણામ પણ આવતું નથી. આ ધર્મનું યત્કિંચિત્ પાલન પણ મહાભયમાંથી ઉગારી લે છે. જુઓ ભગવદ્ગીતા, અધ્યાય ૨, ૪૦.

Gandhi Heritage Portal

કાર્યદક્ષતા ક્યાં છે? કર્તવ્યપરાયણતા ક્યાં છે? જે દવાઓની શોધ હજારો વર્ષ પહેલાં થઈ ગઈ તેમાં આપણે કાંઈ વધારો કરી શક્યા નથી. અને જે દવાઓ વિષે પ્રાચીન ગ્રંથો લખાયા છે તે દવાઓની આપણને પૂરી માહિતી પણ નથી. એમ જ બીજી બધી ઉપર વર્ણવેલી વિભૂતિઓને વિષે આપણી કંગાલ હાલત આપણે જોઈ રહ્યા છીએ, અને દરેક વસ્તુ યુરોપમાંથી આપણે ઉછીની લઈ રહ્યા છીએ. મને તો લાગે છે કે જ્યાં સુધી આપણે ભૂતકાળની શોભાનો વર્તમાનકાળમાં પુનરુદ્ધાર નથી કરી શક્યા ત્યાં સુધી આપણે જૂની મૂડીને સાંતી રાખવી એમાં જ ડહાપણ છે. જે દ્રવ્યને આપણે વટાવી શકતા નથી, જેને દુનિયા પારખી શકતી નથી તે દ્રવ્ય આપણને શોભાવતું નથી પણ લજાવે છે અને બોજારૂપ થઈ પડે છે. જો પ્રાચીન સમયમાં ઉપર વર્ણવેલી વિભૂતિઓ આપણામાં હતી એમ આપણે માનીએ, તો તે જ વિભૂતિઓ ફરી પાછી બતાવવાની આપણામાં શક્તિ હોવી જોઈએ. આપણે બહાદુર પ્રજાના વારસ છીએ પણ એ વારસાને શોભાવવાની આપણામાં અત્યારે તાકાત નથી એ પણ કબૂલ કરીએ તો આપણે કશોયે શુક્રવાર વાળવાના નથી. એ પ્રાચીન વારસો આપણે કેમ શોભાવી શકીએ એ હવે પછી જોઈશું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૦–૬–૧૯૨૦

## ૨૨૨. નોંધ

### ઓરિસ્સામાં દુષ્કાળ

ઓરિસ્સા વિષે રા. અમૃતલાલ ઠક્કર જણાવે છે કે તેમણે બીજાં ગામોમાં મુસાફરી કરી છે ને તે પરથી જણાય છે કે ધાર્યા કરતાં વધારે સ્થળોમાં ભૂખમરો છે.[૧] આનું કારણ એમ જોવામાં આવે છે કે ત્યાં આવવા-જવાનાં સાધન ઓછાં હોવાથી ને લોકો પ્રમાણમાં વધારે કંગાલ હોવાથી તેઓ તરફથી તો રાવ આવે જ નહીં. જે સ્થિતિ હોય તે ભોગવતા ચાલ્યા જાય છે એટલે કોઈ માણસ તેઓ મધ્યે જઈને તેઓની હાલત તપાસે તે દયા ખાય ત્યારે જ તેની ખબર પડે. આવી કફોડી દશા તો હિંદુસ્તાનમાં ક્યાં ક્યાં હશે તેની આપણને ખબર પણ શી પડે? ત્યાંના એક છાપામાં જણાવે છે કે એ પ્રદેશ નીચો હોવાથી મધ્ય હિંદુસ્તાન તરફના પાણીનું પૂર ત્યાં આવ્યા જ કરે છે. આને વાળવા સારુ કેટલાક બંધો બાંધેલા છે તે નબળા પડ્યા છે. કેટલીક જગ્યાએ નવા બંધો બાંધવાની જરૂર છે. આમ ન થાય ત્યાં સુધી પૂરથી તો દર વર્ષે નુકસાન થયા જ કરવાનું. આના ઉપાયો લેવા સારુ એ છાપામાં એવી સૂચના છે કે એન્જિનિયરોને એકઠા કરી તેઓનો અભિપ્રાય સરકારે લેવો જોઈએ ને ઘટતા ઈલાજો લેવા જોઈએ. અમે ઉમેદ રાખીએ છીએ કે દુષ્કાળ અટકાવવાને સારુ પણ શું કરવું જોઈએ તેની તપાસ પણ રા. અમૃતલાલ ઠક્કર અવકાશ મળ્યે કરશે ને આ દુર્ભાગી લોકોની સ્થાયી કંગાલિયતનાં કારણો શોધશે.

૧. જુઓ "ઓરિસ્સાનું સંકટ", ૧૨–૫–૧૯૨૦.

Gandhi Heritage Portal

વાંચનાર જાણીને રાજી થશે કે રા. અમૃતલાલ ઠક્કરના પ્રયાસથી ને કલકત્તાના જાણીતા ગુજરાતી વેપારી રા. કરસનદાસની સહાયથી કલકત્તામાં પણ રૂ. ૧૮,૦૦૦ની રકમ દુષ્કાળને સારુ એકઠી થયેલ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૦-૬-૧૯૨૦

## ૨૨૩. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

જૂન ૨૦, ૧૯૨૦

ખિલાફતના અને બીજા પ્રશ્નો ઉપર[1] તમે તમારું હૃદય ઠાલવતા કાગળો મને લખી રહ્યા છો, જ્યારે હું તમને જવાબ નથી લખી શકયો. તેનું કારણ એ છે કે હમણાં હમણાં મને કામની ભારે ખેંચ રહે છે. છતાં તમે એ તો જાણો છો જ કે તમારું સ્મરણ મને હમેશાં રહેલું જ હોય છે. આધ્યાત્મિક મંથનોથી તમને શું થાય છે તે હું જાણું છું. હું આશા રાખું છું કે તમારી તબિયત સારી રહેતી હશે. કલકત્તાથી પાછા આવ્યા પછી તબિયત બહુ કથળેલી એમ તમે મને લખ્યું હતું.

હું ઇચ્છું કે તુર્કસ્તાનના પ્રશ્ન વિષે મારી જે સ્થિતિ છે તેની તમે ચિંતા ન કરો. એટલે કે હું કશું આંધળું નહીં કરું એટલો મારી ઉપર વિશ્વાસ રાખો. તુર્કસ્તાનના પ્રશ્ન ઉપર હું એવો જરાયે બંધાઈ ગયો નથી કે એમાં સ્થિતિ અનીતિમય છે એવી સાબિતી મળે છતાં હું પાછો ન ફરી શકું. મારી દશા કફોડી એ રીતે છે કે લૉઈડ જૉર્જ ઉપર મને જરાયે વિશ્વાસ રહ્યો નથી. એક યા બીજા કારણે જેમ અરબસ્તાનના કેસ વિષે હું અવિશ્વાસ ધરાવું છું તેમ જ આર્મિનિયાના કેસ વિષે પણ હું અવિશ્વાસ ધરાવું છું. અત્યારની બ્રિટિશ રાજનીતિ વિરુદ્ધ મારો મત એવો બંધાઈ ગયો છે કે આર્મિનિયા, અરબસ્તાન, મૅસોપોટેમિયા, પૅલેસ્ટાઈન અને સીરિયાની બાબતમાં કોઈ કુટિલ રાજ્યકારણીનો મેલો હાથ હોવાની મને બૂ આવે છે. એટલે અત્યારે મારી સ્થિતિ એ છે કે મારો આ બંધાઈ ગયેલો મત ફેરવી શકાય તો હું મારી વાત છોડી દઉં અને તેમાંથી પાછો ફરું. આર્મિનિયા, મૅસોપોટેમિયા, પૅલેસ્ટાઈન અને સીરિયા ઉપર તુર્કસ્તાનનું ઉપરીપણું[2] અમુક સલામતીઓ સાથે રહે એમ હું કહું છું. તમે કહેશો કે સલામતી-ઓની શી કિંમત? એમાં હું તમારી સાથે સંમત થતો નથી. મિત્રરાજ્યોના મનમાં મેલ હોય અને તેઓ જ એકબીજાની ઈર્ષા કરતાં હોય તો તેની કશી કિંમત નથી. પણ જો તેમનાં દિલ ચોખ્ખાં હોય તો જરૂર સલામતીઓ અસરકારક કરી શકાય. બ્રિટન ટ્રાન્સવાલ ઉપર ઉપરીપણું રાખે છે, પરંતુ પોતાના આંતરિક વ્યવહારમાં ટ્રાન્સવાલને કશી દખલ નડતી નથી. જો આર્મિ-નિયાને પણ, એને ત્યાં તુર્કસ્તાનનો રેસિડેન્ટ હોવા છતાં પૂર્ણ આંતરિક સ્વાતંત્ર્ય મળતું હોય તો એણે શા માટે ફરિયાદ કરવી જોઈએ? જો બ્રિટન તુર્કસ્તાનનું ભલું ચાહતું હોય તો બધુંયે સંતોષકારક રીતે ગોઠવી શકાય. તુર્કસ્તાન જો મિત્રરાજ્યો સાથે ભળેલું હોત તો એની પાસેથીયે

૧. જુઓ "સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર", ૨૫-૫-૧૯૨૦.

૨. ખલીફનું.

Gandhi Heritage Portal

(બ્રિટન) આર્મિનિયા, અરબસ્તાન અને મૅસોપોટેમિયા છીનવી લઈ શકત? તો તો બ્રિટને મૈત્રીની રાહે દબાણ લાવીને, નહીં કે વિજેતાના દોરદમામથી, તુર્કસ્તાનમાં સુધારા કરાવ્યા હોત. બ્રિટિશ પ્રધાનમંડળની ઉદ્ધતાઈ અને દંભ અને એટલી જ ઉદ્ધતાઈ અને દંભથી ભરેલી વાઇસરૉયની યાદી ખરેખર અસહ્ય છે.

તમને મહમદઅલીની અરજી પેલી સંધિના જેટલી જ અસ્વચ્છ લાગે છે. એમાં સંધિને વખોડી કાઢી છે તેની સામેના તમારા વિરોધમાં હું સંમત થતો નથી. હું ધારું છું કે લગભગ આખું હિંદુસ્તાન મહમદઅલીની સાથે છે. તમે જો એમ કહો કે સંધિને વખોડી કાઢવાનું બુદ્ધિયુક્ત નથી તથા તેની પાછળ જ્ઞાન નથી, પણ બ્રિટન પ્રત્યેના અત્યંત અવિશ્વાસને કારણે છે, તો હું તમારી સાથે એમાં સંમત થાઉં. છતાં સંધિ વખોડી કાઢવામાં આવે છે એ હકીકત તો રહે જ છે. સામાન્ય રીતે હું છાપાં વાંચતો નથી, પણ લીડરમાંની કાપલી મોકલું છું તે જોશો. મહમદઅલી જરૂર માને છે કે સંધિને વખોડી કાઢવામાં આખો દેશ એને પડખે છે. તુર્કસ્તાનના ઉપરીપણાનો એનો દાવો પણ અસ્વચ્છ નથી, કારણ પોતાની માગણીની સચ્ચાઈમાં એને પૂરો વિશ્વાસ છે. એણે કોઈ પણ જાતનો વચનભંગ કર્યો નથી. કારણ એનો દાવો તો આજે એણે કર્યો છે તે કરતાં ઘણો વધારે હતો. જ્યારે સંધિ તો નિંદ્ય છે, ઈશ્વર અને માણસ પ્રત્યે દ્રોહ છે. બીજી વસ્તુ યાદ રાખવાની કે મિત્રરાજ્યો, એટલે ચોખ્ખેચોખ્ખું કહીએ તો ઇંગ્લંડ, પોતાના પાશવી બળ ઉપર મુસ્તાક રહીને વાતો કરે છે. બિચારા મહમદઅલી તો, એ પોતે જ કહે છે તેમ, એક નબળી પ્રજાના પ્રતિનિધિ છે અને એવા રાજ્યની વકીલાત કરી રહ્યા છે જેને સારી પેઠે નીચે પાડવામાં અને અપમાનિત કરવામાં આવ્યું છે. એના લખાણમાં કાંઈ અતિશયોક્તિ હોય તો હું તો એ દરગુજર કરું. પણ સામેથી પાશવી બળનું જે બેશરમ પ્રદર્શન કરવામાં આવે છે તે સાંખી લેવા હું રજ પણ તૈયાર નથી. અમિશ્રિત કષ્ટસહન અથવા આપભોગનાં સાધનો ઉપર મારી જે શ્રદ્ધા છે તે હિંદુસ્તાનમાં હું પ્રગટાવી શકું તો આ ગુમાનીને એક ક્ષણમાં ઉતારી હું ભોંયભેગી કરી નાખું અને યુરોપના દારૂગોળાના ભંડારોને નકામા કરી મેલું.

આ સંધિની શરતોથી હું ધ્રૂજી ઊઠેલો તો હતો જ, તેમાં વળી હંટર કમિટીનો રિપોર્ટ આવ્યો એટલે બ્રિટિશ પ્રધાનમંડળ અને વાઇસરૉયની કાઉન્સિલ પ્રત્યેનો મારો જે કાંઈ વિશ્વાસ હતો તે બધો ઊડી ગયો છે. આ પ્રકરણમાં મિ. મૉન્ટેગ્યુએ પણ સારો ભાગ ભજવ્યો નથી. એમણે ઈશ્વર અને શયતાન બંનેને સાથે ભજવાનો પ્રયત્ન કર્યો અને બાવાનાં બેઉ બગાડ્યાં. આ આઘાતમાંથી બ્રિટિશ રાજ્યબંધારણ બચવા પામે તો તેના અંતરમાં રહેલી કાંઈક જીવનશક્તિને લીધે એ બચી જશે. બાકી જેમના હાથમાં રાજ્યની લગામ છે તેમણે તો બંધારણને ધૂળમાં મેળવવામાં કશી કચાશ રાખી નથી. મહાદેવ હમણાં જ મને યાદ આપે છે કે તમારા જે કાગળનો હું જવાબ આપી રહ્યો છું એ કાગળ તો તમે તાર કરીને રદ કર્યો છે. પરંતુ તેથી પરિસ્થિતિમાં ફરક પડતો નથી. હું ઇચ્છું છું કે મારી જેમ બ્રિટિશ તંત્રના બેવડા ગુનાની ગંભીરતા તમે સ્વીકારો અથવા તો મારી ભૂલ થતી હોય તો તે મને બતાવીને મારી પાસે તે સુધરાવો.

જ્ઞાતિવ્યવસ્થા વિષેના મારા વિચારોથી તમારે ગભરાવાની જરૂર નથી. મારા વિચારો નીતિ ઉપર બંધાયેલા હોઈ, તેથી તમને ચિંતા થવી જોઈએ નહીં. મારા દૃષ્ટિબિંદુની બાબતમાં તમારી સમજફેર થઈ છે. કોઈ પણ માણસ સાથે તેની પ્રત્યેના અણગમાને કારણે ન જમવું એ પાપ

Gandhi Heritage Portal

છે. પણ આત્મસંયમને કારણે કોઈની સાથે ન જમવું એમાં ગુણ રહેલો છે. તમને એ ખબર છે કે હિંદુસ્તાનમાં કેટલીયે માતાઓ કુટુંબના સામાન્ય રસોડાનો ખોરાક નહીં લેવાનો સંયમ પાળે છે. હું ધારું છું નરોત્તમ શેઠનાં મા કુટુંબને સામાન્ય રસોડે જમતાં નથી. મને લાગે છે કે એમનો આત્મસંયમ બિનજરૂરી છે. છતાં સંભવિત છે કે તેમાં કાંઈ ગુણ હોય, તેમાં પાપ તો નથી જ. તે જ પ્રમાણે પત્નીની પસંદગીનું ક્ષેત્ર મર્યાદિત કરવામાં ગુણ રહેલો છે, જેમ અનેકને બદલે એક સ્ત્રીની મર્યાદા રાખવામાં ગુણ છે તેમ. ભોગ ભોગવવા મર્યાદા બાંધવાની આવશ્યકતા તથા તેમાં રહેલા ગુણ તમે અવશ્ય સ્વીકારશો. પાપ ત્યારે આવે છે જ્યારે હું મારા સેવાના ક્ષેત્રની, ત્યાગના ક્ષેત્રની મર્યાદા બાંધી દઉં. મને ઘણી વાર થઈ આવે છે કે હિંદુ ધર્મ, ભલે અત્યારે વ્યવહારમાં તે અધમતાને પામ્યો હોય, છતાં તેનાં ખરાં રહસ્યોની પૂર્ણ ભવ્યતા તમારા સમજવામાં હજી બરાબર નથી આવી.

મારી તબિયત ઠીક કહેવાય. પણ હજી મારે શાંતિ, આરામ અને એકાંતની જરૂર છે. મેં હમણાં જ સાંભળ્યું કે તુર્કસ્તાન સાથેની સુલેહની શરતો આખી ફરી વિચારાવાની છે. એમ થાય તો થોડા દિવસ ક્યાંક સરકી જઈ શાંતિ ભોગવવાની હું આશા રાખું.

સર જૉર્જ બાર્ન્ઝે[1] મને બ્રિટિશ ગિયાના જવાનું આમંત્રણ આપ્યું છે. મેં એમને લખ્યું છે કે ખિલાફત આંદોલન ચાલે છે ત્યાં સુધી હું કશે બહાર જઈ શકું નહીં. તમે જવાના છો?

ઇમ્પીરિયલ સિટિઝનશિપ ઍસોસિયેશન ઉપરનો પૂર્વ આફ્રિકા વિષેનો તમારો કાગળ વાંચ્યો.[2] ચોખ્ખું દેખાય છે કે તમે ભારે કામની વચ્ચે એ લખેલો છે. તેઓએ એની વિરુદ્ધ ટીકા કરી છે. હું મૌન રહ્યો, પણ તેમની ટીકા સાથે મનમાં સહાનુભૂતિ બતાવ્યા વિના રહી શક્યો નહીં. તમારો કાગળ ઘસડી કાઢેલો હતો. તેમાં માહિતી બહુ જ થોડી હતી. દક્ષિણ આફ્રિકાની બાબતમાં તમારો રિપોર્ટ હજી મોકલ્યો નથી.[3] એની પણ તેઓ ફરિયાદ કરતા હતા. મને લાગે છે કે તેમના નીમેલા એજન્ટ તરીકે તમે ત્યાં ગયા હતા એટલે તેમને પૂરો રિપોર્ટ આપવાની તમારી ફરજ હતી. વિનયની ખાતર પણ સૌથી પ્રથમ તમારે તેમને લખવું જોઈતું હતું. હું ઇચ્છું છું કે આ ભૂલ હજી પણ તમે શક્ય તેટલી સુધારી લો.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક પાંચમું.

૧. સર જૉર્જ સ્ટેપલ્ટન બાર્ન્ઝ; વાઇસરૉયની કારોબારી સમિતિના સભ્ય, ૧૯૧૬–૨૧.

૨. આ ઍસોસિયેશનની સભા જૂન ૧૧, ૧૯૨૦ને રોજ મુંબઈમાં મળી હતી. તેમાં ગાંધીજી હાજર હતા.

૩. ડિસેમ્બર ૧૯૧૯થી માર્ચ ૧૯૨૦ સુધી ઍન્ડ્રૂઝ આફ્રિકામાં હતા.



Gandhi Heritage Portal

## ૨૨૪. વાઇસરૉયના ખાનગી સેક્રેટરીને પત્ર

લેબર્નમ રોડ,
મુંબઈ,
જૂન ૨૨, ૧૯૨૦

પ્રિય મિ. હિગનેલ,

આ પત્ર સાથે હું બે નિવેદનપત્રો મોકલું છું. એક[1] ઉપર મુસલમાન પ્રતિનિધિઓની સહીઓ છે અને બીજા[2] ઉપર મારી સહી છે. બંને નિવેદનપત્રો નામદાર વાઇસરૉયને આપવાનાં છે. મુસલમાનોના નિવેદનપત્ર ઉપર અસલ સહીઓ નથી, કેમ કે એ લખાણ હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં સંમતિ માટે મોકલવામાં આવ્યું હોવાથી, તાર દ્વારા સંમતિ મળી છે. કેટલીક સહીઓ ખરાબ કાગળ ઉપર છે, પરંતુ દરેક સહી કરનાર વતી મધ્યસ્થ ખિલાફત સમિતિને અધિકારપત્ર મળ્યો છે.

આ નિવેદનપત્રો વિષે હું કંઈ પણ કહેવા માગતો નથી, પણ માત્ર એટલી જ આશા વ્યક્ત કરીશ કે નામદાર વાઇસરૉય એ બંનેને યોગ્ય મહત્ત્વ આપવાની કૃપા કરશે. આ નિવેદન-પત્રોની નકલો ગુરુવારે સાંજે વર્તમાનપત્રોને આપવાનો મારો વિચાર છે.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા: હોમ, પોલિટિકલ (એ), નવેમ્બર ૧૯૨૦, નં. ૧૯–૩૧

## ૨૨૫. વાઇસરાયને પત્ર[3]

જૂન ૨૨, ૧૯૨૦

**હજુ રસ્તો છે**

(ખિલાફતના મામલામાં અસહકાર કરવાના મુસલમાનોના નિશ્ચય પછી ગાંધીજીએ નીચેનો પત્ર ના. વાઇસરૉય[4] ઉપર મોકલ્યો છે. અ. ન. જી.)

શ્રીમાન,

આપના કેટલાક વિશ્વાસને પાત્ર બનેલ વ્યક્તિ તરીકે તેમ જ બ્રિટિશ સામ્રાજ્યના એક અનન્ય શુભેચ્છક તરીકે આપની અને આપની મારફત નામદાર શહેનશાહના પ્રધાનમંડળની

૧. જુઓ પરિશિષ્ટ ૬.

૨. જુઓ આ પછીનો લેખ.

૩. તુર્કસ્તાન સાથે સુલેહ કરવા માટેની શરતોનો સંધિપત્ર ૧૧મી મે, ૧૯૨૦ને રોજ પૅરિસમાં તુર્કસ્તાનની સરકારના પ્રતિનિધિમંડળને સોંપવામાં આવ્યો હતો. આ શરતો ૧૪મી મે, ૧૯૨૦ને રોજ હિંદુસ્તાનમાં પ્રસિદ્ધ થઈ હતી. અને તેની સાથે વાઇસરૉયે હિંદુસ્તાનના મુસલમાનો જોગ એક સંદેશો બહાર પાડચો હતો. આ પત્ર એ સંદેશાને પરિણામે લખાયો હતો.

૪. લૉર્ડ ચેમ્સફર્ડ.

Gandhi Heritage Portal

સમક્ષ ખિલાફતના સવાલની જોડેનો મારો સંબંધ તેમ જ તેને વિષે મારી વર્તણૂક બાબત ખુલાસો કરવો એ હું મારો ધર્મ સમજું છું.

લડાઈના છેક આરંભથી જ્યારે લંડનમાં હું ઇન્ડિયન ઍમ્બુલન્સ ટુકડી ઊભી કરવામાં ગૂંથાયો હતો[1] ત્યારથી જ ખિલાફતના સવાલમાં હું રસ લેતો થયો હતો. અને જ્યારે તુર્કીએ જર્મનીની બાજુ લેવાનું નક્કી કર્યું[2] ત્યારે લંડનમાંની નાની સરખી મુસલમાન કોમ કેવી બેચેન થઈ ઊઠી હતી તે મેં જોયું હતું. ૧૯૧૫ના જાન્યુઆરીમાં હિંદુસ્તાન આવ્યા પછી પણ જે જે મુસલમાનોના પ્રસંગમાં હું આવ્યો તેમને એ જ ચિંતા અને આતુરતાથી ઘેરાયેલા મેં જોયા. છૂપી સંધિઓની[3] વાત જ્યારે ફૂટી ત્યારે તેમની એ ચિંતા ઘણી જ વધી. બ્રિટનના ઇરાદાઓ પ્રત્યે તેમને ગેરવિશ્વાસનો પાર રહ્યો નહીં અને તેઓ હતાશ થઈ ગયા. તે વખતે પણ મેં મારા મુસલમાન ભાઈબંધોને નિરાશ ન થવાની અને તેમની બીક તેમ જ તેમની ઉમેદોને વ્યવસ્થિત રૂપમાં જાહેર કરવાની સલાહ આપી. અને સૌ કોઈ કબૂલ કરશે કે છેલ્લાં પાંચ વરસ સુધી સમસ્ત હિંદી મુસલમાનો વખાણવા જોગ સંયમથી વર્ત્યા છે અને તેમના આગેવાનો કોમના તોફાની વર્ગો ઉપર સંપૂર્ણ કાબૂ જાળવી શક્યા છે.

સુલેહના કોલકરારથી[4] અને આપ નામદારે એ કરારોના કરેલા બચાવથી[5] હિંદી મુસલમાનોના મનને જે ધક્કો લાગ્યો છે તેમાંથી ટટાર થવું તેમને કઠણ થઈ પડશે. આ કોલકરાર પ્રધાનોનાં વચનોનો ચોખ્ખો ભંગ કરનારા અને મુસલમાન લાગણીને સાફ તરછોડનારા છે. મને લાગે છે કે મારા મુસલમાન દેશબંધુઓની જોડે પૂરેપૂરા ભાઈચારાના નાતાથી રહેવા ઇચ્છનાર હિંદુ તરીકે તેમના સંકટને સમયે જો હું તેમની પડખે ન ઊભો રહું તો મેં હિંદમાતાની કૂખ લજવી કહેવાય. મારી નમ્ર સમજણ મુજબ તેમનો પક્ષ સાચો છે. તેઓ કહે છે કે જો તેમની લાગણીને માન આપવું હોય તો તુર્કીને સજા કરવાની વાત જતી કરવી જોઈએ. મુસલમાન સિપાહી કંઈ પોતાના જ ખલીફાને સજા કરાવવા અગર તેનો મુલક છીનવી લેવડાવવા ખાતર નથી લડ્યા. મુસલમાનોનું આ ધોરણ છેલ્લાં પાંચે વરસમાં એકસરખું રહ્યું છે.

જે સામ્રાજ્યને વફાદાર રહેવાને હું બંધાયેલો છું તે જ સામ્રાજ્ય પ્રત્યેનો મારો ધર્મ મને અત્યારે મુસલમાન લાગણીને થયેલા નિર્દય આઘાતની સામે થવાની ફરજ પાડે છે.

મારા ધારવા પ્રમાણે હિંદુમુસલમાન બન્નેના અંતરમાંથી બ્રિટિશ ન્યાય અને બ્રિટિશ પ્રતિષ્ઠા પ્રત્યેનો વિશ્વાસ ઊઠી ગયો છે. હંટર કમિટીનો બહુમતીનો રિપોર્ટ, તે ઉપરનો આપ નામદારનો ખરીતો[6] અને મિ. મૉન્ટેગ્યુએ તેનો આપેલો જવાબ[7] આ બધાએ એ અણવિશ્વાસમાં વધારો માત્ર કર્યો છે.

આવી સ્થિતિ વચ્ચે મારા જેવાને માટે એક જ રસ્તો ખુલ્લો રહે છે. તે એ કે કાં તો નિરાશ થઈને બ્રિટિશ રાજ્યની જોડેનો બધો સંબંધ તોડી નાખવો અને નહીં તો જો હાલનાં

૧. ઑગસ્ટ, ૧૯૧૪માં.
૨. નવેમ્બર, ૧૯૧૪માં.
૩. જુઓ પાદટીપ ૨, પા. ૩૯૫.
૪. જુઓ પરિશિષ્ટ ૧.
૫. જુઓ પરિશિષ્ટ ૨.
૬. જુઓ પરિશિષ્ટ ૪.
૭. જુઓ પરિશિષ્ટ ૫.

Gandhi Heritage Portal

બધાં રાજ્યબંધારણોમાં બ્રિટિશ રાજ્યબંધારણના ચડિયાતાપણા વિષે મને હજુયે શ્રદ્ધા હોય તો એવો કોઈ માર્ગ ગ્રહણ કરવો કે જેથી થયેલા અન્યાયનું પરિમાર્જન થાય અને ઊઠી ગયેલો વિશ્વાસ પાછો આવે. બ્રિટિશ રાજ્યબંધારણની ઉત્તમતા વિષેની મારી શ્રદ્ધા હજુયે મેં નથી ગુમાવી. અને જાતે દુઃખ સહન કરવાની પૂરતી શક્તિ પ્રજા બતાવી શકશે તો હજુયે કોઈ ને કોઈ રીતે પણ ન્યાયનું પલ્લું નીચું નમશે એ આશાને હું ત્યાગી શકતો નથી. અલબત્ત, બ્રિટિશ રાજ્યબંધારણ વિષેની મારી કલ્પના જ એવી છે કે માથું ઊંચું રાખનારને જ એ મદદ કરે છે. નબળાનું એ રક્ષણ કરી શકે છે એમ હું નથી માનતો. માત્ર જોરાવર જ એના આશરા હેઠળ ફૂલેફાલે છે. દૂબળાં રખડી મરે છે.

આમ બ્રિટિશ રાજ્યબંધારણને વિષે મને શ્રદ્ધા છે એ જ કારણથી સુલેહના કોલકરારોમાં બ્રિટિશ પ્રધાનોનાં વચનો અને મુસલમાન લાગણી ધ્યાનમાં લેવાઈને ઘટતા ફેરફાર ન થાય તો મારા મુસલમાન ભાઈઓને આપની સરકાર જોડેનો સહકાર બંધ કરવાની અને હિંદુઓને તેમાં ભળવાની મેં સલાહ આપી છે.

જે મહા અન્યાય બ્રિટિશ પ્રધાનોને હાથે મુખ્યત્વે કરીને થયો, અગર જે કરવામાં ઓછામાં ઓછું બ્રિટિશ પ્રધાનો ભાગીદાર બન્યા, તેને વિષે પોતાનો જોરભર્યો નિષેધ દર્શાવવાને ત્રણ માર્ગ મુસલમાનો સન્મુખ ખુલ્લા હતા.

(૧) ખુનામરકી ચલાવવી.

(૨) આખી કોમે એકી વારે હિજરત અથવા દેશત્યાગ કરવો.

(૩) સરકારની જોડેનો સહકાર બંધ કરી અન્યાયની ભાગીદારીમાંથી નીકળી જવું.

આપની જાણમાં હશે જ કે એક એવો પણ વખત હતો કે જ્યારે મુસલમાનોમાંનો સૌથી સાહસિકમાં સાહસિક — અવિચારી તો ખરો જ — વર્ગ ખુનામરકીની તરફેણમાં હતો. તેમ હિજરતની બૂમ પણ હજુ છેક નથી શમી.[૧] હું કહીશ કે અસાધારણ ધીરજપૂર્વક દલીલો કરી કરીને આ ખુનામરકીની હિમાયત કરનારા વર્ગને તેમના વિચારોથી પાછા વાળ્યાનો હું દાવો કરી શકું. હું કબૂલ કરું છું કે માત્ર ઉપયોગિતાની દૃષ્ટિએ જ હું આમ કરાવી શક્યો છું; નીતિની દૃષ્ટિએ હું તેમની પાસે ખુનામરકીને અગ્રાહ્ય નથી મનાવી શક્યો, — તેમ કરવાનો મેં પ્રયત્ન પણ નથી કર્યો. પરિણામે હાલ તુરતને માટે ખુનામરકીના વિચારો છોડી દેવાયા છે. હિજરતની હિમાયત પણ તદ્દન ન અટકી હોય તોપણ મોળી તો જરૂર પડી ગઈ છે. હું માનું છું કે જેમાં મોટા પ્રમાણમાં આપભોગની જરૂર પડે છે અને પ્રજા મોટા પ્રમાણમાં અમલમાં મૂકી શકે તો જે વડે કાર્યસિદ્ધિ થવાની પ્રજાને ખાતરી લાગે એવો કોઈ સ્વાવલંબનભર્યો કાર્યક્રમ પ્રજાની સમક્ષ મૂકવામાં ન આવ્યો હોત તો સરકાર તરફનું ચાહે તેટલું દબાણ કે સખતાઈ પણ ખુનામરકીને ફાટી નીકળતાં અટકાવી શકત નહીં. અસહકાર એ એક જ આવો ખાનદાનીભર્યો ને કાયદેસર સ્વાવલંબનભર્યો કાર્યક્રમ હતો કારણ જે રાજ્યકર્તા પોતાનો રાજધર્મ ચૂકી કુરાજ્ય ચલાવે તેને મદદ આપવાની ના પાડવી એ પ્રજાનો સનાતન કાળથી સ્વીકારાયેલો હક છે.

આની સાથે સાથે જ હું એ પણ કબૂલ કરી લેવા ઇચ્છું છું કે આજે પ્રજાની મોટી સંખ્યાને હાથે અસહકાર અમલમાં મુકાય તેમાં ગંભીર જોખમો તો રહેલાં છે જ. પણ આજે આ દેશના મુસલમાનોની સામે જે ગંભીર સવાલ ઊભો થયેલો છે તે બિનજોખમી ઇલાજોથી

૧. જુઓ પાદટીપ ૧, "સ્વામી શ્રદ્ધાનંદને પત્ર", ૨–૫–૧૯૨૦.

Gandhi Heritage Portal

સુધરી શકે એવી આશા ઓછી છે. આજ થોડુંઘણુંયે જોખમ ખેડવા તૈયાર ન થવું એ ઘણાં જ મોટાં જોખમ નોતરવા જેવું અથવા કદાચ સુલેહશાંતિનો સંપૂર્ણ નાશ માથે ઓઢી લેવા જેવું છે.

પણ આવા અસહકારમાંથી બચવાનો હજુ પણ રસ્તો છે. મુસલમાન ભાઈઓએ તેમની અરજીમાં દક્ષિણ આફ્રિકાના મામલામાં આપની પહેલાંના નામાંકિત વાઇસરૉયે કર્યું હતું તેમ આપને પણ આ મામલામાં આગેવાની લેવા વિનંતી કરેલી છે.[1] પણ તેમ કરી શકવાને જો આપ આપની જાતને અસમર્થ ગણો અને અમારે અસહકાર કરવો જ પડે તો મને આશા છે કે જેમણે મારી સલાહ સ્વીકારી છે તેઓ તેમ જ હું આ મામલામાં પોતાની એકમાત્ર ચોખ્ખી ફરજના વિચાર સિવાય બીજા કોઈ પણ જાતના હેતુથી સામેલ થયા નથી એમ માનવાનું શ્રેય આપ અમને આપશો.

હું છું,
આપનો સદાનો વફાદાર સેવક,
**મોહનદાસ કરમચંદ ગાંધી**

લેબર્નમ રોડ,
ગામદેવી,
મુંબઈ

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા : હોમ, પોલિટિકલ (એ), નવેમ્બર, ૧૯૨૦, નં. ૧૯–૩૧
ભાષાંતર : નવજીવન, ૨૭–૬–૧૯૨૦

## ૨૨૯. અસહકાર સમિતિ

ત્રીજી જૂનને રોજ અલ્લાહાબાદમાં ખિલાફત સમિતિએ નીમેલી અસહકાર સમિતિ વિષે ભારે ગેરસમજ થયેલી જણાય છે અને ખોટા ખ્યાલો બંધાયેલા જણાય છે. એ સભામાં હાજર રહેલા એક મિત્ર લખે છે કે અસહકારનો પૂરેપૂરો અમલ કરવાના હેતુથી આ સમિતિ રચવામાં આવી છે અને કેમ જાણે સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત કરવાની બાબતમાં પણ હિંદુસ્તાનની આખી મુસલમાન વસ્તીની તે પ્રતિનિધિ ન હોય એમ તે અંગેની બધી બાબતોમાં જે કરવું હોય તે કરવાની એને સત્તા આપવામાં આવી છે. સમિતિનું આ અધિકારક્ષેત્ર નથી એ બતાવવાનો આ લેખનો ઉદ્દેશ છે.

આ સમિતિની[2] રચના કરવાનું મેં સૂચન કર્યું ત્યારે મેં કહ્યું હતું કે એનો ઉદ્દેશ અસહકાર સંબંધમાં દેશની ઇચ્છા જાણી લઈને તેનો અમલ કરવાનો છે. આ સમિતિ એક પ્રતિનિધિ સંસ્થા છે અને જે ઠીક લાગે તે કરવાનો તેને પૂરેપૂરો અધિકાર છે એ વાત સાચી છે, છતાં એમાં મુસલમાનોના બધા શ્રેષ્ઠ અને સૌથી વધારે પ્રભાવશાળી આગેવાનોનું પ્રતિનિધિત્વ આવી જાય છે એમ કહી શકાય નહીં, એવો ઇરાદો પણ રખાયો નથી. દાખલા

૧. લૉર્ડ હાર્ડિંગ.
૨. જુઓ "અલ્લાહાબાદમાં મળેલી ખિલાફત સમિતિની સભામાં ભાષણ", જૂન ૩, ૧૯૨૦.

Gandhi Heritage Portal

તરીકે એમાં ઈસ્લામના ખિતાબધારી ઉમરાવોનું પ્રતિનિધિત્વ નથી. પરંતુ એ કંઈ સમિતિની ઊણપ નથી. એમાં ઈરાદાપૂર્વક એવા માણસો લેવામાં આવ્યા છે જેઓ વ્યવસ્થિત અસહકારના કામ માટે પોતાનો બધો સમય અને ધ્યાન આપી શકે અને સમિતિ આપે તે સૂચનાઓ પળાય છે કે નહીં તેની તકેદારી રાખવા સાથે અન્ય પ્રકારની શિસ્ત અને અહિંસા ઉપર પણ નજર રાખી શકે. એટલે આ સમિતિ સક્રિય કાર્યકર્તાઓની બનેલી છે. હિંદુસ્તાનના બધા મુસલમાનો અસહકાર કરવા એકસરખી તત્પરતા દાખવશે એવી અપેક્ષા રાખવામાં આવી નથી. કેટલાકને એની કાર્યસાધકતામાં શંકા છે, તો બીજાઓ એને બહુ જ ભેળસેળિયો ઈલાજ માને છે. કેટલાક એનાથી બીએ છે, કેમ કે તેઓ માને છે કે હિંદુસ્તાનના હાલના સંજોગોમાં આ ઈલાજ એને માટે અતિ જલદ છે. તેઓ કહે છે કે આ કાર્યક્રમની સફળતાની ખાતરી થાય એટલી બલિદાનની ભાવના હજી હિંદુસ્તાનમાં વિકસી નથી. સંભવ છે કે આવી શંકાઓ ઉઠાવનાર લોકો આ સમિતિમાં લેવાયેલા મુસલમાનો કરતાં બીજી રીતે વધારે પ્રભાવશાળી હશે, પરંતુ સમિતિમાં એવાં તત્ત્વોનું પ્રતિનિધિત્વ નથી અથવા એવા લોકો એમાં લેવામાં આવ્યા નથી. આ સમિતિમાં કેવળ એવા લોકોને લેવામાં આવ્યા છે જેમને અસહકારમાં વધારેમાં વધારે શ્રદ્ધા છે અને જેઓ અસહકારમાં પોતાની પૂરી નિષ્ઠા જાહેર કરવા છતાં એની ગતિ એવી ઉતાવળી કરવા માગતા નથી જેથી એનો આખો કાર્યક્રમ ભાંગી પડે. એથી ઊલટું શક્ય હશે ત્યાં સુધી તેઓ આખા દેશને સાથે રાખીને આ કાર્યક્રમનો અમલ કરવા પ્રયત્ન કરશે. આ પ્રમાણે કરતાં આ કાર્યકર્તાઓ જાતે નીડરમાં નીડર પગલાં ભરતાં અચકાશે નહીં એટલું જ નહીં, પણ જેઓ એમને પગલે ચાલવા તૈયાર હશે તેમને શોધી કાઢશે. આ સમિતિને આજે તો કોઈ પ્રતિષ્ઠા નથી, પરંતુ પોતાના કામ વડે અને તે જે પરિણામો લાવે તે વડે તેણે પોતાની પ્રતિષ્ઠા જમાવવાની છે. એટલે જો તે કંઈ કામ નહીં કરી બતાવે અથવા કામ કરવા છતાં એનાં કંઈ પરિણામો નહીં દેખાય તો એનું અસ્તિત્વ જ મટી જશે. બહારના લોકોની દૃષ્ટિએ સમિતિ પ્રતિનિધિત્વ બાબતમાં બહુ ઓછી શક્તિ ધરાવે છે. દાખલા તરીકે શૌકતઅલી પ્રેમાળ માણસ છે, પરંતુ પૂરા ધર્માંધ છે અને એમનો કોઈના ઉપર પ્રભાવ નથી. હજરત મોહાની નિરુપયોગી માણસ છે. એમને કેવળ સ્વદેશીની ધૂન લાગી છે. ડૉ. કિચલુ તો આજકાલના કહેવાય. એમને અમૃતસરની બહારની દુનિયાનો કશો અનુભવ નથી. બીજાઓ વિરુદ્ધ પણ એવું ઘણું કહી શકાય તેમ છે. બેશક એ બધામાં હું ચઢિયાતો છું, છતાં આખરે તો હું પણ ધૂની છું અને આ મામલામાં મારે કશી લેવાદેવા ન હોવા છતાં એમાં પેઠો છું. આવી સમિતિ પોતાના સભ્યોની સહીથી જે કંઈ રજૂઆત કરે તે સહીઓ કરનારાઓની પ્રતિષ્ઠા ઉપર નિર્ભર હોવાથી બહારની દુનિયામાં તેનું કશું વજન નહીં પડે. આ ઉપરથી એમ નથી સમજવાનું કે સમિતિ કદી રજૂઆતો નહીં કરે. જ્યારે કોઈ કામ ઉતાવળથી કરવાનું હશે અથવા જ્યારે બીજા લોકો ઔચિત્યભંગનાં કે બીજાં કારણોને લીધે નિવેદનપત્રો ઉપર સહીઓ કરવા તૈયાર નહીં હોય ત્યારે સમિતિ પોતાના સભ્યોની સહીથી નિવેદનપત્રો જરૂર મોકલશે. અલબત્ત, અગત્યનાં નિવેદનો ઉપર સહીઓ મેળવવાનો પ્રચાર કરવો એ પણ લોકોના અભિપ્રાયનું માપ કાઢવાની અને દેશના પ્રતિષ્ઠિત લોકોમાં બલિદાનની ભાવના કેટલી છે તે જાણવાની એક રીત હશે. પરંતુ આમજનતા માટે અને આંતરિક કામકાજ માટે તો આ સમિતિ સંપૂર્ણ રીતે પ્રતિનિધિ ધરાવતી સંસ્થા છે. શૌકતઅલી અને હજરત મોહાની કરતાં મુસ્લિમ લોકમતનું વધારે પ્રતિનિધિત્વ કરી શકે એવા

Gandhi Heritage Portal

બે માણસો મેળવવાનું કદાચ મુશ્કેલ છે. બીજા સભ્યો ઓછા જાણીતા છે, પરંતુ એમ મનાય છે કે એમનામાં તાકાત છે, ખંત છે, ધીરજ છે, સ્વસ્થતા છે, સત્યનિષ્ઠા છે, સંકટ સમયે દાખવવા જેટલી હિંમત છે અને બલિદાનની ભાવના છે. એમના આ ગુણોને લીધે એમને પસંદ કરવામાં આવ્યા છે.

એમ કહેવામાં આવ્યું છે કે આ આંદોલનનું સંચાલન હું કરવાનો છું. આ વિધાન થોડે અંશે જ સાચું છે. કેવળ નમ્રતાને લીધે હું આમ કહેતો નથી, પણ એ અક્ષરશઃ સાચું છે. આ આંદોલન હું ચલાવી રહ્યો છું એવી માન્યતા જો ઘર કરી બેસે તો આંદોલનને માટે એ ઘાતક નીવડવા સંભવ છે. આ આંદોલન હું ચલાવી રહ્યો છું, તેનો અર્થ એ થાય છે કે હું એક એવો સલાહકાર છું, જેની સલાહ આજે સૌથી વધુ સ્વીકાર્ય થઈ પડી છે અને અસહકારનો કાર્યક્રમ પાર પાડવા બાબતમાં મારા નિરધારને કોઈ ટપી જઈ શકે તેમ નથી. પરંતુ હું મુસ્લિમ લોકમતનો પ્રતિનિધિ હોવાનો જૂઠો દાવો કરતો નથી. હું તો માત્ર એ લોકમતનો અર્થ સમજાવવા પ્રયત્ન કરી શકું. હું એકલો ઊભો રહીને મુસલમાન જનતાને મારી સાથે લઈ જવાની અપેક્ષા નહીં રાખી શકું. વિવિધ મતવાળા મુસલમાન શ્રોતાઓની સભામાં શ્રેષ્ઠ મુસલમાનોના વિચાર વિરુદ્ધ ધર્મ બાબતમાં હું કંઈક બોલવા જાઉં તો વાજબી રીતે જ લોકો મારો હુરિયો બોલાવી મને કાઢી મૂકે. પરંતુ જો હું મુસલમાન હોઉં તો મુસલમાનોની કોઈ પણ સભામાં ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ વિવાદ કરતાં અચકાઉં નહીં. હું મારી જાતને એક કાર્યકર્તા માનું છું. અને મારી ચતુરાઈનો જરાયે વધારે નહીં કે જરાયે ઓછો નહીં, એવો અર્થ એટલો જ થાય, કે મને મારી મર્યાદાઓનું પૂરેપૂરું ભાન છે. હું માનું છું કે હું મારી મર્યાદાઓ કદી ઓળંગતો નથી. જાણીબૂજીને એ મર્યાદાઓ મેં કદી ઓળંગી નથી એટલું ચોક્કસ છે. દરેક સમજુ મુસલમાન મારી અંગત મર્યાદાઓ તેમ જ મારી સેવાની મર્યાદાઓ ધ્યાનમાં રાખે એ જરૂરી છે. આ બાબતમાં જો લોકોમાં અજ્ઞાન હશે તો આંદોલનની સફળતાને તે ઘાતક નીવડવા સંભવ છે. આ આંદોલન સાથેના મારા સંબંધને કારણે કાર્યકર્તાઓમાં આળસ કે ઉદાસીનતા નહીં આવવી જોઈએ. મારા સંબંધથી જો કોઈ સારાં પરિણામ આવવાનાં હોય તો તેથી કાર્યકર્તાઓમાં વધારે જાગૃતિ, જવાબદારીનું વધારે ભાન, કામ કરવાની વધારે શક્તિ અને તત્પરતા તથા વધારે કાર્યકુશળતા આવવાં જોઈએ. હું યોજનાઓ આપી શકું, પરંતુ એનો અમલ કરવાની જવાબદારી તો હમેશાં મુસલમાન કાર્યકર્તાઓની જ ગણાવી જોઈએ. આ આંદોલન મારા જેવા મિત્રોની મદદ લઈને અગર જરૂર પડ્યે એના વિના પણ એમણે જ ચલાવવાનું છે અને એનું નેતૃત્વ એમણે જ લેવાનું છે. અસહકાર કરનારા લોકો તૈયાર કરી આપવાની અપેક્ષા મારી પાસેથી નહીં રાખવી જોઈએ. એ કામ તો મુસલમાન નેતાઓ જ કરી શકે. હું ગમે તેટલો ભોગ આપું તેમ છતાં મુસલમાન જગતમાં અસહકારની ભાવના, એટલે કે ધર્મની ખાતર બલિદાન આપવાની ભાવના પેદા નહીં થાય. આમજનતામાં એનો વિકાસ થાય તે પહેલાં મુસલમાન નેતાઓએ તે પોતાના આચરણમાં દેખાડી આપવી પડશે.

આ સમિતિમાં હિંદુ નેતાઓ કેમ નથી એ પ્રશ્નનો જવાબ હવે સહેલાઈથી આપી શકાશે. સર્વોચ્ચ સમિતિ તો એકલા મુસલમાનોની જ બનેલી હોવી જોઈએ. મારી હાજરીને પણ હું એક દૂષણ ગણું છું. પરંતુ મારી લાયકાત જોતાં એટલા દૂષણ વિના ચાલે એમ નથી. હું અસહકારના શાસ્ત્રનો નિષ્ણાત છું. મેં એના સફળ પ્રયોગો કર્યા છે. અસહકાર વિષેના ઠરાવની

Gandhi Heritage Portal

કલ્પના પણ દિલ્હીની પરિષદમાં[1] મેં જ મૂકી હતી. એટલે આ સમિતિમાં એક નિષ્ણાત તરીકે હું લેવાયો છું, હિંદુ તરીકે નહીં. એટલે મારે તો માત્ર સલાહકાર તરીકે કામ કરવાનું છે. હું એક ધર્મનિષ્ઠ હિંદુ છું અને મારી દૃઢ માન્યતા છે કે દરેક હિંદુએ અસહકાર બાબતમાં મુસલમાન ભાઈઓને પૂરેપૂરો સાથ આપવાનું પોતાનું કર્તવ્ય સમજવું જોઈએ. આ હકીકત સમિતિના લાભમાં છે એમાં સંદેહ નથી. પરંતુ હું સમિતિમાં હોઉં કે ન હોઉં તોપણ એ લાભ તો એને મળવાનો જ હતો.

અત્યારે હું ખિલાફત આંદોલન સાથેના હિંદુઓના સંબંધની ચર્ચા કરી રહ્યો છું, ત્યારે પુનરુક્તિનું જોખમ ખેડીને પણ હું મારી પોતાની પરિસ્થિતિ વિષે ચોખવટ કરી લેવા માગું છું. હું માનું છું કે મુસલમાનોની માગણી (ધાર્મિક દૃષ્ટિ બાજુએ રાખીએ તોપણ) તત્ત્વમાં ન્યાયી છે, એટલે પૂરેપૂરો અસહકાર કરવાની હદ સુધી હું એમને સાથ આપવા માગું છું. અને એને આપણા દેશના બ્રિટિશો સાથેના સંબંધ પ્રત્યેની મારી વફાદારી સાથે બિલકુલ સુસંગત માનું છું. પરંતુ હિંસાની કોઈ પણ લડતમાં મુસલમાનોને મારો સાથ નહીં મળે. દાખલા તરીકે, સુલેહની શરતો સુધરાવવા માટે જો મુસલમાનો અફઘાનિસ્તાન મારફતે અથવા બીજી રીતે હિંદુસ્તાન ઉપર આક્રમણ લાવવા પ્રયત્ન કરે તો મારાથી તેમને મદદ નહીં થઈ શકે.[2] હું માનું છું કે જેવી રીતે હિંદુસ્તાનની સ્વતંત્રતાને આંચ આવવા દીધા સિવાય અથવા કોઈ પણ વ્યક્તિને ઈજા પહોંચાડ્યા સિવાય, અસહકાર મારફતે અથવા બીજું ગમે તેવું મોટું કષ્ટ સહન કરીને પોતાના મુસલમાન ભાઈઓને તેમની ન્યાયી માગણીઓ મેળવવામાં મદદ કરવાની દરેક હિંદુની ફરજ છે તેમ જ ઉપર જણાવેલા હેતુ માટે હિંદુસ્તાન ઉપર થનાર કોઈ પણ આક્રમણનો સામનો કરવાની પણ પ્રત્યેક હિંદુની ફરજ છે. વળી આ અસહકારના આંદોલનમાં મેં મારા ખરા જિગરથી ઝંપલાવ્યું છે, તેનું કારણ એટલું જ છે કે એ રીતે હું આવી કોઈ પણ સશસ્ત્ર લડાઈને રોકવા માગું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–६–१९२०

૧. આ પરિષદ ૧૯૨૦ના જાન્યુઆરી માસના ત્રીજા અઠવાડિયામાં મળી હતી. હિંદી ખિલાફત પ્રતિનિધિમંડળ ૧૯મી જાન્યુઆરીએ વાઇસરૉયને મળ્યું હતું; તેના સભ્યોની આ પરિષદ હતી. ઠરાવના મૂળ લખાણ માટે જુઓ પરિશિષ્ટ ૩.

૨. ૧૯૨૦ના જૂનની ૧લી અને ૨૭ તારીખે અલ્લાહાબાદમાં ભરાયેલી હિંદુમુસ્લિમ સંયુક્ત પરિષદમાં હિંદુ પ્રતિનિધિઓએ એવી શંકા વ્યક્ત કરી હતી કે જો હિંદુસ્તાનના મુસલમાનો હિંદુસ્તાન ઉપર અફઘાનિસ્તાનના આક્રમણને ટેકો આપશે તો મુશ્કેલી ઊભી થવા સંભવ છે. આના જવાબમાં મુસ્લિમ વક્તાઓએ કહ્યું કે કેવળ હિંદુસ્તાનને જીતવાના હેતુથી જો કોઈ પરદેશીનું આક્રમણ થશે તો અમે તેનો સામનો કરીશું એની ખાતરી રાખજો, પરંતુ એમણે એમ પણ કહ્યું કે ઇસ્લામની ઇજ્જત ખાતર અને ન્યાયનો પક્ષ સાબિત કરવા ખાતર જો કોઈ આક્રમણ થશે, તો તેના પ્રત્યે અમારી પૂરી સહાનુભૂતિ રહેશે, પછી ભલે અમે એમાં સક્રિય મદદ નહીં આપીએ.

Gandhi Heritage Portal

# ૨૨૭. પંજાબીઓનું કર્તવ્ય

અલ્લાહાબાદના લીડર પત્રે મિ. બૉઝવર્થ સ્મિથ અંગેનો પત્રવ્યવહાર પ્રસિદ્ધ કર્યો છે તે માટે તેને ધન્યવાદ ઘટે છે. તેઓ માર્શલ લૉ વખતે કામ કરી ગયેલા અધિકારીઓ પૈકીના એક હતા, અને એકધારો તથા દુરાગ્રહભર્યો ગેરવર્તાવ[1] કર્યાની સૌથી આકરી ફરિયાદો એમની વિરુદ્ધ થઈ હતી. આ પત્રવ્યવહાર ઉપરથી એમ દેખાય છે કે મિ. બૉઝવર્થ સ્મિથને બરતરફ કરવાને બદલે એને બઢતી આપવામાં આવી છે. માર્શલ લૉ શરૂ થયો તે પહેલાં થોડા સમય અગાઉ તો મિ. સ્મિથને નીચી પાયરીએ ઉતારવામાં આવ્યાનું જણાયું છે. લીડરનો પત્રલેખક લખે છે :

> પહેલાં એમને બીજા ગ્રેડના ડેપ્યુટી કમિશનરના હોદ્દા પરથી નીચે ઉતારવામાં આવ્યા હતા, પરંતુ હવે તેમને એ હોદ્દા પર પાછા મૂકવામાં આવ્યા છે, અને તે સાથે જ ફોજદારી કાયદાની કલમ ૩૦ હેઠળ મળતી બધી જ સત્તા એમને આપવામાં આવી છે. જ્યારથી તેઓ આવ્યા છે ત્યારથી અંબાલા કેન્ટોનમેન્ટ (છાવણી)ની ગરીબડી હિંદી પ્રજા ત્રાસ અને જુલમના અમલ નીચે જીવી રહી છે.

પત્રલેખક ઉમેરે છે :

> આ બંને શબ્દો હું ઇરાદાપૂર્વક વાપરું છું. એમાંથી જે અર્થ નીકળે છે તે જ અર્થ હું સૂચવવા માગું છું.

ત્રાસ અને જુલમનો શો અર્થ થાય છે તેનો ખ્યાલ આપવા આ માહિતીપૂર્ણ પત્રમાંથી થોડાંક વાક્યો એકઠાં કરીને હું અહીં ઉતારું છું :

> અંગત ફરિયાદ આવે ત્યારે આ અમલદાર ફરિયાદીની કેફિયત કદી લખી લેતો નથી. કોર્ટ ઊઠે ત્યારે "રીડર" (ફરિયાદ રજૂ કરનાર કોર્ટનો માણસ) આ કેફિયત લખી લે છે અને પછી બીજે દિવસે મૅજિસ્ટ્રેટની એના ઉપર સહી લે છે. (આવી ફરિયાદો વિષે મળેલો) રિપોર્ટ ફરિયાદીની તરફેણમાં હોય કે વિરુદ્ધમાં હોય, પણ મૅજિસ્ટ્રેટ તે કદી વાંચતા નથી, અને રીતસરનું કામ ચલાવ્યા વિના જ એ ફરિયાદો કાઢી નાખવામાં આવે છે. વ્યક્તિગત ફરિયાદોની આવી દશા થાય છે. હવે પોલીસ જે ફરિયાદો લાવે તેવા કિસ્સામાં આરોપીઓના વકીલોને પોલીસ કસ્ટડીમાં રાખેલા અંડર-ટ્રાયલ કેદીઓની મુલાકાત લેવા દેવામાં આવતી નથી. એમને ફરિયાદી પક્ષના સાક્ષીઓની ઊલટતપાસ કરવા દેવામાં આવતી નથી. . . . ફરિયાદી પક્ષના સાક્ષીઓની તપાસ, એવા સૂચક પ્રશ્નો પૂછીને કરવામાં આવે છે કે પૂછનાર માગે તેવો જ જવાબ મળે . . . આ રીતે ફરિયાદી પક્ષને જે કહેવાનું હોય તે બધું પોલીસના સાક્ષીઓ દ્વારા કહેવડાવવામાં આવે છે. બચાવપક્ષના સાક્ષીઓને અદાલતમાં બોલાવવામાં આવે છે ખરા, પરંતુ એમના વકીલને પ્રશ્નો પૂછીને એમની તપાસ કરવા દેવામાં આવતી નથી, . . . જો આરોપી હિંમત કરીને પોતાના બચાવમાં કંઈ કહેવા જાય તો તેને ચૂપ કરી દેવામાં આવે છે. . . . કેન્ટોનમેન્ટનો કોઈ

૧. જુઓ "પંજાબનાં રમખાણોની તપાસનો કૉંગ્રેસ રિપોર્ટ", ૨૫-૩-૧૯૨૦.

Gandhi Heritage Portal

> પણ સરકારી નોકર ત્યાંના કોઈ પણ નાગરિકનું નામ એક ચબરખી ઉપર લખી લઈને બીજે દિવસે તેને કોર્ટમાં હાજર થવાની ફરજ પાડી શકે છે. આને સમન્સ કહેવામાં આવે છે. . . . જો કોઈ વ્યક્તિને આ રીતનો હુકમ મળ્યો હોય અને જો તે કોર્ટમાં હાજર ન થાય તો તેને પકડવા માટે ફોજદારી વૉરંટ કાઢવામાં આવે છે.

આ પત્રમાં આ પ્રકારની અહીં ઉતારવા જેવી બીજી ઘણી વાતો લખી છે. પરંતુ ઉપર મેં ઉતાર્યું છે તેટલું લેખકનો આશય સ્પષ્ટ કરવા માટે પૂરતું છે. હવે આપણે માર્શલ લૉ દરમ્યાન આ અમલદારનાં કરતૂકો કેવાં હતાં તેનો જરા વિચાર કરીએ. આ જ અમલદારે લોકોને એકએક નહીં પણ સમૂહમાં બોલાવીને કામ ચલાવ્યું હતું અને મુકદ્દમાનું નાટક ભજવીને તેમને સજાઓ ઠોકી હતી. સાક્ષીઓએ એવી જુબાની આપી છે કે આ અમલદારે લોકોને એકઠા કરીને એમને જૂઠી જુબાની આપવા કહ્યું હતું, સ્ત્રીઓના ઘૂમટા ઉઘડાવી એમને "મખ્ખીઓ, કૂતરીઓ, ગધેડીઓ" જેવી ગાળો ભાંડી હતી અને એમના ઉપર તે થૂંક્યો હતો. આ અમલદારે શેખુપુરાના નિર્દોષ વકીલો ઉપર અવર્ણનીય જુલમ ગુજાર્યો હતો. આ અમલદારની વિરુદ્ધ થયેલી ફરિયાદોની મિ. ઍન્ડ્રૂઝે[1] જાતે તપાસ કરી હતી અને એવું તારણ કાઢયું હતું કે મિ. સ્મિથ કરતાં વધારે ખરાબ વર્તાવ બીજા કોઈ અમલદારે કર્યો નહોતો. એણે શેખુપુરાના લોકોને એકઠા કરીને એમનું અનેક રીતે અપમાન કર્યું હતું અને તેમને "સુવરલોક", "ગંદી મખ્ખી" કહી સંબોધ્યા હતા. હંટર કમિશન સમક્ષ એણે આપેલી જુબાની બતાવે છે કે આ માણસને સત્યની બિલકુલ પરવા નથી. અને જો ઉપર ટાંકેલા પત્રના લેખકનું કહેવું સાચું હોય તો એ જ અમલદારને બઢતી આપવામાં આવી છે. પરંતુ પ્રશ્ન તો એ છે કે આવા માણસને સરકારી નોકરીમાં હજી સુધી ચાલુ જ શા માટે રાખ્યો છે? અને નિર્દોષ સ્ત્રીપુરુષોને મારપીટ કરવા બદલ તથા ગાળો દેવા બદલ એના ઉપર કામ શા માટે ચલાવવામાં આવ્યું નથી?

હું જોઉં છું કે જનરલ ડાયર અને સર માઈકલ ઓડવાયર ઉપર તહોમત મૂકી એમના ઉપર કામ ચલાવવાની લોકોની ઇચ્છા છે. આ વાત વ્યવહારુ છે કે નહીં તેનો વિચાર કરવા હું અહીં થોભીશ નહીં. જનરલ ડાયર ઉપર કામ ચલાવવું જોઈએ એવી માગણીમાં શ્રી શાસ્ત્રિયાર[2] પણ સામેલ થયા છે એ જાણીને મને ખેદ થયો છે. જો અંગ્રેજ લોકો પોતે પોતાની મેળે આવી કંઈ ફરિયાદ નોંધાવે તો હું એને વધાવી લઈશ, કેમ કે એનાથી જલિયાંવાલા બાગમાં થયેલા હત્યાકાંડ પ્રત્યે એમને સખત નફરત છે એ વાત સાબિત થાય. પરંતુ આ માણસોને શિક્ષા કરાવવાના નિરર્થક પ્રયત્ન પાછળ એક ફૂટી બદામ પણ ખર્ચવા હું તૈયાર નથી. અંગ્રેજો આ બાબતમાં શું માને છે તેનો જનતાને સારી પેઠે અનુભવ થઈ ગયો છે. માનવતા પ્રત્યે ઘોર અપરાધ કરનાર આ અમલદારોને છાવરવાના કાવતરામાં લગભગ તમામ અંગ્રેજ અખબારો સામેલ થઈ ગયાં છે. સરકારી કે ખાનગી રાહે એમના ઉપર કામ ચલાવવાની બુમરાણમાં સામેલ

૧. સી. એફ. ઍન્ડ્રૂઝ, એમણે ૧૯૧૯ના જુલાઈ અને નવેમ્બર વચ્ચે પંજાબનાં સંખ્યાબંધ સ્થળોની મુલાકાત લીધી હતી.

૨. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી. ૩૭ એપ્રિલ, ૧૯૨૦ને રોજ ભરાયેલી મુંબઈ પ્રાંતિક પરિષદમાં એવી માગણી થઈ હતી કે ઓડવાયર અને બીજા અધિકારીઓ ઉપર આરોપ મૂકીને ન્યાયની અદાલત સમક્ષ એમની સામે કામ ચલાવવું તથા એમને સજા કરવી.

Gandhi Heritage Portal

થઈને હું એમને વીરપુરુષોની કોટીમાં મૂકવા માગતો નથી.[1] એ લોકોને સંપૂર્ણ રીતે બરતરફ કરવાનો આગ્રહ રાખવા હું જો હિંદુસ્તાનને માત્ર સમજાવી શકું, તોપણ મને સંતોષ થશે. પરંતુ સર માઇકલ ઓડવાયર અને જનરલ ડાયરની બરતરફી કરતાં પણ વધારે જરૂરી તો કર્નલ ઓબ્રાયન, મિ. બૉઝવર્થ સ્મિથ, રાય[સાહેબ], શ્રી રામ અને કૉંગ્રેસ પેટા સમિતિના રિપોર્ટમાં જેમનાં નામો છે તેવા બીજાઓને મુકદ્દમો ચલાવ્યા સિવાય પણ તાબડતોબ બરતરફ કરી દેવાનું વધારે જરૂરી છે. જનરલ ડાયર તો ખરાબ છે જ, પરંતુ મિ. સ્મિથને હું એના કરતાં અનેકગણો વધારે ખરાબ માનું છું અને એના અપરાધો જલિયાંવાલા બાગની કતલ કરતાં અનેક ઘણા ગંભીર છે એમ સમજું છું. જનરલ ડાયર નિખાલસપણે એમ માનતા હતા કે ગોળી ચલાવીને લોકોને ભયભીત કરવા એ લશ્કરના સિપાઈને શોભે એવું કામ હતું. પરંતુ મિ. સ્મિથે તો જાણીબૂજીને ક્રૂરતા દાખવી હતી, અને બીભત્સ તથા નીચ વર્તન કર્યું હતું. એની વિરુદ્ધ જે કંઈ કહેવામાં આવ્યું છે તે બધું જો સાચું હોય તો તો એનામાં માણસાઈનો છાંટોય નથી એમ કહેવું પડે. જનરલ ડાયરની માફક પોતાનાં કરતૂકો કબૂલ કરવાની એનામાં હિંમત નથી અને જ્યારે એને પડકારવામાં આવે છે ત્યારે એ એક કીડાની માફક છટકબારી શોધે છે. આ જ અમલદાર જેમણે એનું કશું બગાડયું નથી એવા લોકો ઉપર જુલમ કરવા આજે છૂટો છે અને જે શાસનનો એ થોડા સમય માટે પ્રતિનિધિ છે એને એબ પહોંચાડવાની એને સંમતિ મળી ગઈ છે.

આ સંજોગોમાં પંજાબના લોકો શું કરી રહ્યા છે? જ્યાં સુધી મિ. સ્મિથ અને એમના જેવાઓની બરતરફી હાંસલ નહીં થાય ત્યાં સુધી જંપીને નહીં બેસવાની પંજાબીઓની શું ચોખ્ખી ફરજ નથી ? જો પંજાબના નેતાઓ[2] એમને મળેલી સ્વતંત્રતાનો ઉપયોગ મેસર્સ બૉઝવર્થ સ્મિથ અને એમના સાગરીતોના જુલમમાંથી પંજાબના રાજ્યવહીવટને મુક્ત કરવામાં નહીં કરે તો એમનું જેલમાંથી છૂટવું વ્યર્થ છે. જો તેઓ દૃઢ નિરધાર કરીને આંદોલનની માત્ર શરૂઆત જ કરશે તો મને ખાતરી છે કે આખું હિંદુસ્તાન એમને પડખે ઊભું રહેશે. હું એમને એવી સલાહ આપવાની હિંમત કરું છું કે જનરલ ડાયરને ફાંસીએ ચઢાવવાનો અધિકાર મેળવવાનો સૌથી સારો રસ્તો એ છે કે જે અમલદારોની વિરુદ્ધ આટલા બધા પુરાવા એકઠા કરવામાં તમે મદદ કરી છે તે અમલદારોનો હજી પણ ચાલી રહેલો સેતાની અમલ અટકાવવો. આ કામ પ્રમાણમાં સહેલું અને વધારે તાકીદનું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–६–१९२०

૧. ઇંગ્લંડમાં કેટલેક સ્થળે ડાયરનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને એમને મદદ કરવા માટે એક સાર્વજનિક ફાળો પણ શરૂ કરવામાં આવ્યો હતો.

૨. આ નેતાઓને માર્શલ લૉ હેઠળ પકડવામાં આવ્યા હતા અને પાછળથી ૨૩મી ડિસેમ્બર, ૧૯૧૯ના શાહી ઢંઢેરામાં જાહેર થયેલી સાર્વત્રિક માફી મુજબ છોડવામાં આવ્યા હતા.

Gandhi Heritage Portal

# ૨૨૮. મુંબઈમાં બનારસ હિંદુ યુનિવર્સિટી વિષે ભાષણ

જૂન ૨૩, ૧૯૨૦

ગઈ કાલે મુંબઈમાં માધવબાગમાં એક જાહેર સભા ભરાઈ હતી. તેમાં માનનીય પંડિત મદનમોહન માલવિયાએ બનારસ હિંદુ યુનિવર્સિટી વિષે ભાષણ આપ્યું હતું. ગ્વાલિયર નરેશ મહારાજા સિંધિયા પ્રમુખ હતા અને સભામાં ઘણી મોટી હાજરી હતી. હાજર રહેલાઓમાં બિકાનેરના મહારાજા, શ્રી મો. ક. ગાંધી અને મૌલાના શૌકતઅલી હતા. . . .

શ્રી મો. ક. ગાંધીએ પોતાના ભાષણમાં કહ્યું કે આપણા મિત્ર પંડિત માલવિયા[1] કરતાં વધારે ઉત્સાહથી અને પરિશ્રમપૂર્વક કોઈએ આ યુનિવર્સિટી માટે કામ કર્યું નથી. જ્યારે જ્યારે આ વિષય ઉપર પંડિતજી સાથે વાત કરવાનો મને મોકો મળ્યો છે ત્યારે ત્યારે તેમણે મને કહ્યું છે કે આ યુનિવર્સિટીને આગળ ધપાવવાના કાર્યને હું મારા જીવનનું મુખ્ય કાર્ય માનું છું. વધારામાં એમણે એમ પણ કહ્યું કે બનશે તો રાજકીય ક્ષેત્ર બિલકુલ છોડી દઈને હું યુનિવર્સિટીના કામને જ મારો બધો સમય આપવા માગું છું.[2] દરેક યોગ્ય કાર્યને મદદ કરવા મુંબઈ હમેશાં આગળ આવે છે અને આવાં કાર્યોને મદદ કરવાની એની તત્પરતા માટે એ પ્રસિદ્ધ છે. એટલે મને જરા પણ શંકા નથી કે મુંબઈ પોતાની હમેશની ઉદારતાથી આ યુનિવર્સિટીને મદદ કરવા હાથ લંબાવશે. આ મદદ માગવા એકલા પંડિત માલવિયાજી જ આવ્યા નથી, પરંતુ બે મહારાજાઓ પણ આજે નમ્ર યાચકો બનીને તમારી સમક્ષ આવ્યા છે. માટે આ યુનિવર્સિટીના ફાળામાં તમારાથી અપાય તેટલો ફાળો આપવો એ તમારી ફરજ છે, અને તે વિના વિલંબે આ સ્થળે જ જાહેર કરવો જોઈએ. અંતે શ્રી ગાંધીએ સભાનું પ્રમુખસ્થાન શોભાવવા બદલ મહારાજા સિંધિયાનો હાર્દિક આભાર માનીને પોતાનું વક્તવ્ય પૂરું કર્યું.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, २४-६-१९२०

૧. માલવિયાજીએ ૧૯૧૬માં આ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી, એની યોજના પાર પાડવા માટે વર્ષો સુધી કામ કર્યું હતું અને તેના સંચાલન માટે એક કરોડ રૂપિયાનું ફંડ એકઠું કર્યું હતું.

૨. માલવિયાજી ૧૮૮૬માં કોંગ્રેસમાં જોડાયા હતા અને ૧૯૪૬માં એમનું અવસાન થયું ત્યાં સુધી એમાં રહ્યા હતા. કોંગ્રેસના એક પણ અધિવેશનમાં હાજરી આપવાનું એ ચૂક્યા નથી અને એક યા બીજા ઠરાવો પસાર કરતી વખતે શ્રોતાઓ હમેશાં એમને બોલવાનો આગ્રહ કરતા.

Gandhi Heritage Portal

## ૨૨૯. એસ્થર ફેરિંગને પત્ર

મુંબઈ,
જૂન ૨૫, ૧૯૨૦

મારી વહાલી દીકરી,

ધાર્યા પ્રમાણે હું તને નિયમિત પત્ર લખી શકયો નથી. આજકાલ મારો બધો સમય ખિલાફતના પ્રશ્નમાં જાય છે. તેમ છતાં મારી વતી તને પત્ર લખવાનું મેં મહાદેવને અવશ્ય કહ્યું હતું. યંગ ઇન્ડિયા પણ તને નિયમિત મળતું હોવું જોઈએ.

સ્ટીમર ઉપરથી તારા સમાચાર મળવાની મેં આશા રાખી હતી. પરંતુ હજી સુધી તારા તરફથી કંઈ સમાચાર નથી. તને સ્ટીમર પર મળે એ રીતે એક પત્ર[1] મેં લખ્યો હતો અને બીજો[2] ટૉમસ કૂક મારફતે તને લંડનમાં મળે એ રીતે લખ્યો હતો. આ બંને પત્રો તને મળ્યા જ હશે એવી આશા છે.

હાલ તુરત મારે મુંબઈમાં જ રહેવાનું છે. આ સાથે મેં વાઇસરૉયને લખેલા પત્રોની[3] નકલો બીડું છું. એ ઉપરથી મારી અત્યારની પ્રવૃત્તિનો તને ખ્યાલ આવશે. દેવદાસ મારી સાથે છે.

તારા પિતાને તું મળી તે વિષે તથા તારી તબિયત વિષે જાણવા હું ઇંતેજાર છું. તારા તરફથી નિયમિત પત્રો મળવાની અપેક્ષા તો રહે જ છે.

પ્યાર સહિત,

તારો
**બાપુ**

[મૂળ અંગ્રેજી]

નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલી મૂળ પત્રની છબી પરથી : તથા માય ડિયર ચાઇલ્ડ, પા. ૭૨

૧. ૨૧–૫–૧૯૨૦ના "એસ્થર ફેરિંગને પત્ર"માં જેનો ઉલ્લેખ છે તે "ટૂંકો પત્ર" આ હશે.

૨. આ પત્ર મળતો નથી.

૩. અહીં ગાંધીજી ૨૨મી જૂન, ૧૯૨૦ના પોતાના પત્રનો તથા તેની સાથે મોકલાયેલા મુસલમાનોના નિવેદનનો ઉલ્લેખ કરતા જણાય છે.

Gandhi Heritage Portal

## ૨૩૦. વ્રજલાલના મૃત્યુ પર સ્મરણાંજલિ

આષાઢ સુદ ૧૧, ૧૯૭૬ [જૂન ૨૬, ૧૯૨૦]

સ્વ. ભાઈ વ્રજલાલના મૃત્યુ વિષે લખવું એ મને મુશ્કેલ લાગે છે. હજી હું તેની આકૃતિને ભૂલી નથી શક્યો. મારો મોહ હજુ ગયો નથી એટલે તટસ્થપણે લખવું એ સહેલું નથી. તેના મૃત્યુનો મને દ્વેષ થાય છે. તે ભાઈને તો હું સદ્‌ભાગી જ સમજું છું. જેને એક ઘડીની પણ સેવા નથી લેવી પડી અને જે સેવા કરતાં જ મરી ગયા તેના જેવું સરસ મૃત્યુ કેવું કલ્પી શકાય? જે પ્રભુનું નામ લેતાં લેતાં સ્વસ્થચિત્ત રહી મરી શકે છે તેને આપણે પુણ્યાત્મા માનીએ છીએ. ભાઈ વ્રજલાલ પ્રભુનું કામ કરતાં મરી ગયા છે.[1] આમાં કંઈક અતિશયોક્તિ છે એવું મને ભાન છે. પણ ભાઈ વ્રજલાલને હું એટલો સારી રીતે ઓળખતો હતો કે મને ખબર છે કે તેને કોઈ પસંદગી કરવાનું કહે તો જે કલાકે તેનું મૃત્યુ થયું તે જ તે પસંદ કરત.

તે ધર્માત્મા હતા. તેના ઊંડામાં ઊંડા વિચારો તેણે મને બતાવ્યા હતા. મને યાદ છે તે પ્રમાણે તેણે એક જ દિવસ મારી પાસે એકાંત માગી હતી. તે વેળા પોતાના અંતર ઉદ્‌ગારો તેણે મને જણાવ્યા હતા અને તેને જે ધર્મસંકટો હતાં તે પણ તેણે મને જણાવ્યાં હતાં. તેને આશ્રમ અતિપ્રિય હતું એ તો તેણે પોતાની વર્તણૂક ઉપરથી જ બતાવ્યું હતું. તેને હું મુનિ માનતો. વાતો કરવાનું ભાગ્યે જ પસંદ કરતા. તે છતાં તેનો ચહેરો હમેશાં પ્રફુલ્લિત હતો. કોઈ પણ કામ તેણે કોઈ દિવસ હલકું ગણ્યું નથી ને શરીરની પાસેથી તેણે પૂરેપૂરું કામ લીધું છે.

આ શાંત મૂર્તિને ભૂલી જવું કઠિન છે. ભૂલવું પાપ પણ હોય. તેનું સ્મરણ હમેશાંને સારુ આપણે કેમ રાખી શકીએ? મને તો લાગે છે કે આપણે સારુ એક જ રસ્તો છે. તેના અનેક ગુણોનું અનુકરણ કરવું. મૌન રહી, આનંદિત ચિત્ત રાખી સેવા જ કર્યા કરવી એ તેણે ધર્મ માન્યો હતો. તેના ધર્મને આપણે વધારે દૃઢતાપૂર્વક સ્વીકારી તેનું જીવન આપણા જીવનમાં રેડી તેને આપણે અમર કરીએ.

[મૂળ ગુજરાતી]

મધપૂડો, વર્ષ ૧, ખાસ અંક

૧. કોઈકનો ઘડો કૂવામાં પડી ગયો હતો. તે કાઢવા વ્રજલાલ કૂવામાં ઊતરેલા. તેમાંથી ઉપર ચડતાં એ બેભાન બની ગયા અને કૂવામાં પાછા પડ્યા.

Gandhi Heritage Portal

# ૨૩૧. હંટર કમિટીના રિપોર્ટ વિષે ભાષણ[1]

મુંબઈ,

જૂન ૨૬, ૧૯૨૦

આ ઠરાવમાંની માગણીઓ કૉંગ્રેસ કમિટીના રિપોર્ટમાંની માગણીઓના કરતાં આગળ જાય છે. કારણ તેમાં ઓડવાયર અને તેના મળતિયાઓ પર કામ ચલાવવાનું કહેવામાં આવ્યું છે. કૉંગ્રેસ સબ કમિટી આટલે સુધી નથી ગઈ છતાં ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીએ આ માગણીઓ કરેલી છે. મારો અંગત મત હજુ સબ કમિટીના રિપોર્ટને મળતો છે પણ બહુમતીને માન આપીને હું આ ઠરાવ રજૂ કરું છું. હું માનું છું કે હંટર રિપોર્ટ ચોખ્ખો ઇરાદાપૂર્વક અને જાણીબૂજીને કરેલો ઢાંકપિછોડો છે. તેણે જાણીબૂજીને પંજાબના અમલદારોને ઢાંક્યા છે. મારું ચાલે તો તો આની સામે હું અસહકાર અને સત્યાગ્રહનો જ ઠરાવ લાવું કારણ એ રસ્તે જ આપણે પાર ઊતરી શકીએ તેમ છે. હું અહીંયાં ભાષણ સંભળાવવા આવ્યો નથી. મારી ઊંડામાં ઊંડી લાગણીઓ કહું છું. હું તમારી પાસે ઠરાવો કરાવવા અહીં નથી આવ્યો એથી ઘણું વધારે કરવાનું કહેવા આવ્યો છું. જો તમે લૉર્ડ ચેમ્સફર્ડને વિલાયત પાછા મોકલી શકો તો એ ઓડવાયર કે ડાયરને લટકાવવા કરતાં વધુ ભારે કાર્ય કર્યું કહેવાશે. જે માણસે લોકલાગણીનો સૌથી વિશેષ અનાદર કર્યો તે સૌથી પહેલો ખસેડાવો જોઈએ. માર્શલ લૉનો વીર બૉઝવર્થ સ્મિથ હજુ પોતાના હોદ્દા ઉપર જ છે. પ્રજાની નેમ ડાયર ઓડવાયર લૉર્ડ ચેમ્સફર્ડને હોદ્દા વગરના કરી મૂકવાની હોવી જોઈએ. આ ઠરાવમાં લોકોને થયેલાં દંડનુકસાન વગેરેની પણ આપણે ભરપાઈ માગીએ છીએ. આ દંડોની ભયંકરતાની તમને ખબર પણ નહીં હોય. આ ઢગલાબંધ દંડો લોકોને પાછા ન મળે ત્યાં સુધી અમલદારોને સજા કરવાનું કહેવું નકામું છે. જ્યાં સુધી રૉલેટ ઍક્ટ ધારાપોથીમાં છે ત્યાં સુધી સત્યાગ્રહ તો થવાનો જ છે અને પ્રજા એ શસ્ત્ર વાપરતાં શીખી જાય તો બધાં દુ:ખો ટળી જાય. મારો તો સત્યાગ્રહને વિષે અચળ વિશ્વાસ છે. પંજાબનો અન્યાય હજુ ઊભો છે તે માટે અમલદાર વર્ગના જેટલા જ આપણે પણ જવાબદાર છીએ. આપણી ઓછામાં ઓછી માગણી ત્રણ છે. લૉર્ડ ચેમ્સફર્ડની વિદાય, દંડોની ભરપાઈ, રૉલેટ ઍક્ટનું દફન.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ४-७-१९२०

૧. આ સભા હંટર કમિટીના રિપોર્ટ પ્રત્યે વિરોધ જાહેર કરવા મુંબઈના હોમરૂલ લીગ અને નેશનલ યુનિયનના આશ્રયે ભરાઈ હતી. એમ. એ. ઝીણા પ્રમુખ હતા. આ સભામાં મુખ્ય ઠરાવ ગાંધીજીએ રજૂ કર્યો હતો. તેમાં હંટર કમિટીના બહુમતી રિપોર્ટનો તથા હિંદ સરકારે અને હિંદી વજીરે કરેલા એના સ્વીકારનો વિરોધ કરવામાં આવ્યો હતો અને પંજાબનાં તોફાનો વિષે કૉંગ્રેસના રિપોર્ટમાં કરેલી ભલામણોનો અમલ કરવા એમને અનુરોધ કરવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

# ૨૩૨. ખિલાફત

આ પ્રશ્ન વિષે એક પગલું આગળ વધ્યા. તે પગલું પણ જેવુંતેવું નથી. વાઇસરૉય સાહેબને નોટિસ[1] અપાઈ કે આપ સાહેબ અમારો પક્ષ ખેંચો અથવા અમે આપને રાજ્યતંત્ર ચલાવવામાં મદદ નહીં કરી શકીએ. વાઇસરૉય સાહેબમાં એટલી સન્મતિ આવે કે તેઓ પોતે લોકલડત ચલાવે એવો ઉજ્જ્વળ દહાડો બ્રિટિશ સલ્તનતનો આવ્યો નથી. એટલે આપણે પહેલી ઑગસ્ટે અસહકાર કરવાની તૈયારી જ કરવી જોઈએ. જે અસહકારની બૂમ ચાલી રહી છે, જેને વિષે દેશમાં ઘણા કાગળ-શાહીનો ઉપયોગ થયો છે તે અસહકાર આપણી નજીક આવી રહેલ છે.

એક માસની અંદર અસહકારની તૈયારી કરવી રહી. મુસલમાનોની અને હિંદુની પરીક્ષા થઈ રહેશે. પણ આ સમયે હું માત્ર હિંદુઓ પ્રત્યે જ બે બોલ કહેવા ઇચ્છું છું. મુસલમાનો કંઈ ન કરે ત્યાં લગી ખિલાફતના વિષયમાં હિંદુએ કંઈ કરવાપણું નથી રહેતું. પણ જ્યારે મુસલમાન ભાઈઓ અસહકાર શરૂ કરે ત્યારે હિંદુ શું કરે? અલ્લાહાબાદમાં એક આગેવાન હિંદુ ગૃહસ્થે કહેલું કે જો એક મુસલમાન પોતાના જે. પી.પણાનું રાજીનામું આપશે તો ત્રણ હિંદુ જે. પી. તૈયાર હશે. જો એક મુસલમાન નોકરી છોડશે તો ત્રણ હિંદુ તૈયાર હશે. આમ બને તો કંઈ હિંદુએ વધારે કર્યું નહીં ગણાય. મુસલમાન સાત કરોડ ઉપરાંત છે, હિંદુ વસ્તી બાવીસ કરોડ ઉપરાંત છે, એટલે ત્રણગણા કરતાં વધારે હિંદુ આ દેશમાં વસે છે. જ્યાં સુધી ત્રણ હિંદુ એક મુસલમાન સાથે ઊભા રહે ત્યાં લગી બન્નેએ સરખો ભોગ આપ્યો ગણાય અને એ મિત્રતાની નિશાની છે. ખરું જોતાં મિત્રતામાં હિસાબને અવકાશ જ નથી. પણ તેનો અર્થ એવો નથી કે પોતાને હિસાબે આવે તેના કરતાં એક મિત્ર ઓછો ફાળો આપે. તેનાથી ઘણો વધારે આપે તોપણ કંઈ જ નથી આપ્યું એમ લાગવું જોઈએ એવો મિત્રતાનો સંબંધ હોય છે અથવા હોવો જોઈએ. ત્યારે હિંદુ મુસલમાનની જોડે ઊભશે કે નહીં એ સવાલ આપણે આપણને પૂછવાનો રહે છે એટલું જ નહીં પણ આખું જગત હિંદુ ભણી ટમટમી જોઈ રહેશે; કેમ કે હિંદુની સ્થિતિ ઉપર મુસલમાનોની જીતનો કેટલોક આધાર રહેશે. જો હિંદુ તેઓને સાથ દેશે તો તેઓના દુઃખનો અંત વહેલો આવશે એમાં તો શક જ નથી.

હિંદુ બે પ્રકારે લાભ લઈ શકે છે. એક તો મુસલમાનના જેટલા પ્રમાણમાં ત્યાગ કરીને અને બીજું જ્યાં મુસલમાનો ત્યાગ કરે ત્યાં પોતે ન કૂદી પડીને. એક મુસલમાન નોકરી છોડે ત્યારે એક અથવા ત્રણ હિંદુ નોકરી છોડે એ એક વાત. જો હિંદુ તેમ કરે તો તેણે સરસ કામ કર્યું ગણાય. મુસલમાન નોકરી છોડે ત્યાં હિંદુ પોતે જઈને ન બેસી જાય એ બીજી વાત. ને એ પણ ભારે વાત ગણાય. જે હિંદુ મુસલમાને ખાલી કરેલી નોકરી પૂરવા જાય તે તો તેના મુસલમાન ભાઈની દુશ્મનાવટ કરે એમ કહેવાય, ને અસહકારનું કામ જોકે તોયે અશક્ય ન થાય તોપણ કઠિન થઈ પડે. એટલે જે હિંદુ બીજું વધારે નહીં કરી શકે તે પણ

૧. આ નોટિસ ખિલાફત સમિતિએ આપી હતી. તેની બેઠક ૯મી જૂને અલ્લાહાબાદમાં મળી હતી.

Gandhi Heritage Portal

મુસલમાનોની સભામાં જઈને તેઓને લાગણી બતાવીને અને તેઓના કાર્યમાં પથ્થર નહીં ફેંકીને પોતે દુશ્મન નથી એટલું તો સિદ્ધ કરી આપી શકે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૭-૬-૧૯૨૦

## ૨૩૩. જૂની મૂડી

બાપની આબરૂ ઉપર દીકરો જેમ લાંબો વખત સુધી ઝૂઝી નથી શકતો, તેમ પ્રજા એકલા પ્રાચીન હિંદના ગૌરવ ઉપર હમેશાં પોતાની જાહોજલાલી જાળવી ન શકે અને અત્યારે જાહોજલાલીને બદલે કંગાલપણું આવી ગયું છે, એ આપણે ગયે અઠવાડિયે જોઈ ગયા.

તેનાં કારણ અને ઉપાયો આપણે વિચારવાં રહ્યાં છે.

અકબરના વખતમાં જે મુગલાઈનું તેજ હતું તે તેના વારસો ખોઈ બેઠા, કેમ કે અકબરના ગુણો એક પછી એક તેના વારસોમાં લોપ થતા ગયા. જહાંગીરે એક, શાહજહાંએ બીજો, ઔરંગઝેબે તેથી વિશેષ અને ત્યાર પછીનાએ લગભગ બધા ખોયા. એટલે બાદશાહત મોગલના હાથમાંથી ગઈ ને અંગ્રેજને વરી. તેવું જ હિંદની આધુનિક પ્રજાએ કર્યું છે.

આમ આપણે કબૂલ કરવા નથી માગતા તેથી કહીએ છીએ કે વાંક માત્ર અંગ્રેજનો છે. તેની લુચ્ચાઈ-દોંગાઈથી આપણે પડયા છીએ. તે આપણો પૈસો હરી ગયા છે તેથી ભિખારી થયા છીએ. તેની પરવાનગી વિના આપણે શ્વાસોચ્છ્વાસ પણ નથી લઈ શકતા. તેમાં પછી આપણો વાંક કયાં આવ્યો?

આ આરોપમાં અતિશયોક્તિ તો ઘણી છે, છતાં તેમાં કેટલુંક સત્ય પણ છે. અંગ્રેજોએ એટલો કબજો આપણી ઉપર મેળવ્યો તેનું કારણ શું? તેમાં પણ વાંક આપણો જ નહીં હોય? ઈસ્ટ ઇન્ડિયા કંપનીના રૂપિયાથી કોણ લલચાયા? એ કંપનીએ પોતાના સ્વભાવ પ્રમાણે વેપાર કર્યો તેમાં તેનો દોષ? દારૂવાળો દારૂ વેચે તેથી પીનાર તેની ઉપર દોષ ઢોળી શકે? હું વ્યાજખોરોને દામ જેટલું જ વ્યાજ આપું તેમાં વ્યાજ લેનારનો શો દોષ? તેને મારાથી તો ન જ વગોવાય. એક લેખકે કહ્યું છે કે જ્યાં સુધી છેતરાનારા પડયા છે ત્યાં સુધી છેતરનારા મળ્યા જ કરશે.

અંગ્રેજોનો દ્વેષ કરી તેઓનો દોષ કાઢી આપણે આગળ વધવાના જ નથી. જે દોષ આપણામાં હતા ને જેને લીધે તેઓએ ઘરવાસ કર્યો તે દોષોને આપણે દૂર નહીં કરીએ, ત્યાં લગી આપણે ગુલામીમાં જ રહેશું.

છતાં અંગ્રેજોને તેમના દોષો વિષે આપણે કહેતા આવ્યા છીએ ને હજુ કહીશું. કૉંગ્રેસે મુખ્યત્વે એ જ કાર્ય કર્યું છે. તેઓના દોષ બતાવનારા વક્તાઓ તો ઝાડનાં પાતરાં જેટલા મળી આવે છે. તેથી તેમના દોષો ઉપર ભાર મૂકવાને બદલે આપણા દોષોનું દર્શન કરવાનું વધારે ફળદાયી માનું છું. "આપ ભલા તો જગ ભલા" એ કહેવત કંઈ ફેંકી દેવાની નથી. તેમાં ઘણું જોર ભર્યું છે. આપણે નિર્દોષ રહીશું તો આપણને કોઈ અભડાવી નહીં શકે. વૈદકશાસ્ત્રનો નિયમ છે કે જ્યાં સુધી લોહીમાં બગાડ ન હોય ત્યાં સુધી બહારની ઝેરી હવા તેની ઉપર અસર કરી



Gandhi Heritage Portal

શકતી નથી. અને તેથી જ રોગચાળાને સમયે કેટલાકને ચેપ કે હવા લાગે છે ને કેટલાકને તેની અસર થતી નથી; તેમ જ જો આપણામાં લેપાવાપણું ન હોત તો ઈસ્ટ ઈન્ડિયા કંપની કંઈ ન કરી શકત, ને અત્યારે પણ સર માઈકલ ઓડવાયર જેવા અધિકારી પોતાના ધંધા વિનાના થઈ રહે.

ત્યારે એવા આપણા કયા દોષ છે કે જેથી આપણે અપંગ થઈ ગયા છીએ ને આપણા દેશમાંથી અઢળક પૈસા ચાલ્યો જાય છે તેને રોકી શકતા નથી, આપણાં બચ્ચાંને દૂધ મળી શકતું નથી, આપણા દેશના ત્રણ કરોડ માણસોને એક જ વખત ખાવાનું મળે છે, ધોળે દહાડે ખેડા જિલ્લામાં[1] લૂંટફાટ થઈ શકે છે, મરકી કૉલેરા ઇ. રોગો જ્યારે બીજા દેશોમાંથી નાબૂદ થઈ શકે છે ત્યારે આપણા દેશમાંથી નથી થઈ શકતા? એવું ક્યું કારણ છે કે જેથી આપણને મદાંધ સર માઈકલ ઓડવાયર અને ઉદ્ધત જનરલ ડાયર માંકડની જેમ ચગદી શકે છે અને સિમલાના પાદરી સાહેબ આપણે વિષે નહીં છાજતાં લખાણો કરી શકે છે? એવું ક્યું કારણ છે કે જેથી આપણને પંજાબમાં અસહ્ય અન્યાય થયો, ખિલાફતના સવાલમાં બ્રિટનના મુખ્ય પ્રધાને પોતાના વચનનો ભંગ કર્યો છે છતાં આપણે તે બન્ને બાબતમાં નિરુપાય જેવા લાગીએ છીએ?

આનું કારણ આપણી સ્વાર્થી દૃષ્ટિ, આપણામાં દેશને ખાતર આપભોગ દેવાની અશક્તિ, આપણી અપ્રામાણિકતા, આપણું ડરપોકપણું, આપણો દંભ અને આપણું અજ્ઞાન છે. સ્વાર્થ તો સહુમાં ઓછોવત્તો હોય પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. કૌટુંબિક કામોમાં સ્વાર્થત્યાગ થોડોઘણો રહેલો છે પણ રાષ્ટ્રીય કામોમાં થોડામાં જ થોડા પ્રમાણમાં જોવામાં આવે છે. જુઓ આપણી શેરીઓ, આપણાં શહેરો, આપણી આગગાડીઓ! આ બધામાં દેશની દશાનું દર્શન થઈ શકે છે. શેરીમાં, શહેરમાં કે ટ્રેનમાં બીજાની સગવડનો કેટલો ઓછો ખ્યાલ રહે છે? મારા ઘરના આંગણામાંથી હું શેરીમાં કચરો નાખતાં અચકાતો નથી, મારા કઠેરામાંથી રસ્તામાં જતા માણસોને અગવડ થાય કે નહીં તેનો વિચાર કર્યા વિના હું કચરો ફેંકું છું, ને થૂંકું છું. મારું ઘર બાંધવામાં મારા પડોશીની અગવડનો વિચાર હું ઓછો કરું છું. શહેરનો નળ છોડી તેમાંથી પાણી વહ્યું જાય તે મારું નથી એમ માની બેદરકાર રહું છું. રેલગાડીમાં એ જ દેખાવ નજરે પડે છે. મારી જગ્યા ગમે તેમ કરી મેળવી બીજાને બને તો અટકાવું. બીજાને અગવડ પડો કે નહીં પણ મારી બીડી હું શરૂ કરું છું, કેળાંની ને શેલડીની છાલ મારા પડોશીની સામે જ નાખતાં અચકાતો નથી. નળ ઉપર પાણી ભરવા જાઉં છું તો બીજાની દરકાર નથી રાખતો. આમ સ્વાર્થનાં દૃષ્ટાંતો ઘણાંયે ટાંકી શકાય એમ છે.

જ્યાં આટલી બધી સ્વાર્થી દૃષ્ટિ રહી છે ત્યાં આપભોગની આશા જ ક્યાંથી હોય? દેશને ખાતર વેપારી પોતાના વેપારને શુદ્ધ કરે છે? પોતાને થતા લાભને જતો કરે છે? દેશને ખાતર રૂના સટ્ટા બંધ કરે છે? દેશને ખાતર દૂધની બહાર નિકાસ કરી મળતો નફો જતો કરી દૂધની કિંમત ઓછી રાખવા પ્રયત્ન થાય છે? દેશને ખાતર નોકરી જતી કરવી હોય તો કેટલા કરે છે? દેશને ખાતર ભોગો ઓછા કરી, સાદાઈ ગ્રહણ કરી બચતા પૈસાનો ઉપયોગ કોણ કરે છે? દેશને ખાતર જેલ જવું હોય તો જવા કેટલા તૈયાર છે?

૧. જુઓ "નોંધ", ૩૦–૫–૧૯૨૦.

Gandhi Heritage Portal

આપણી અપ્રામાણિકતા તો આપણી નજર આગળ તરી રહી છે. વેપાર તો પ્રામાણિકપણે ન જ થઈ શકે એવું આપણે માનીએ છીએ. જેઓને તક મળે છે તેઓ લાંચ લેતાં ચૂકતા નથી. અપ્રામાણિકતાનો મોટામાં મોટો અનુભવ રેલવેમાં થઈ રહ્યો છે. રેલવેના સિપાઈને, ટિકિટ માસ્તરને, ગાર્ડને, લાંચ આપીએ ત્યારે કામ થાય. ટિકિટ સુધ્ધાં મેળવવામાં અપ્રામાણિકતા કરવી જોઈએ અથવા તેને સારુ આંખ આડા કાન કરવા જોઈએ. રેલવે પારસલો આખાં નહીં તો તે જરા પણ ઉઘાડી શકાય તેમ હોય તો જરૂર તેમાંથી માલ ચોરાયો જ હોય.

આપણો દંભ તો માત્ર અંગ્રેજોના દંભ કરતાં સહેજ જ ઘટે. અને તેનો અનુભવ પ્રતિક્ષણ કર્યા કરીએ છીએ. આપણી સભાઓમાં, આપણાં બધાં કાર્યોમાં, આપણે જેવા નથી તેવા દેખાવાનો પ્રયત્ન કરીએ છીએ.

આપણું ડરપોકપણું તો આપણું ખાસ ક્ષેત્ર જણાય છે. અસહકારને અંગે કોઈ ખુનામરકી કરવા નથી ઇચ્છતું. છતાં આપણે તેની જ ધાસ્તીથી કંઈ કરવા નથી ઇચ્છતા. સરકારના શસ્ત્રબળના ત્રાસથી આપણે એટલા ભયગ્રસ્ત છીએ કે કંઈ પગલાં ભરવાની આપણી હિંમત જ નથી ચાલતી. તેથી આપણે જ્યાં ત્યાં જુલમની બરદાસ કરી રહ્યા છીએ ને આપણને ધોળે દહાડે બહારવટિયાને લૂંટવા દઈએ છીએ.

આપણા દંભનું તો હું શું લખું? દરેક ક્ષેત્રમાં દંભ વધી પડયો છે. નબળાઈની સાથે દંભ હમેશાં રહેલો જ છે. વળી જ્યાં લોકો નીતિવાન થવા ઇચ્છતા હોય છતાં ન થઈ શકે ત્યાં દંભ વધે જ; કેમ કે નીતિવાન ન હોઈએ તો દેખાવાની લાલચે તણાઈ એક અનીતિમાં બીજીનો ઉમેરો કરીએ છીએ. આપણા ધર્મમાં પણ દંભે સંપૂર્ણતાએ પ્રવેશ કર્યો છે; તે એટલે લગી કે આપણાં ટીલાં, માળા ઇ. આપણી પવિત્રતાની નિશાની હોવાને બદલે તે અપવિત્રતાની સંજ્ઞા થઈ પડયાં છે.

આ બધાનું મૂળ અજ્ઞાન તો છે જ. આપણે આપણા બળને વિષે અજ્ઞાત છીએ તેથી તો બીજા દોષો આવી જાય છે. આપણામાં રહેલા આત્માને વિષે જ શંકા છે, તેના ગુણોને વિષે આપણને શ્રાદ્ધા નથી. આ અજ્ઞાન કેવળ અક્ષરજ્ઞાનથી નથી જવાનું. માત્ર વિચારના પરિવર્તનથી જ જઈ શકે છે. અક્ષરજ્ઞાન એટલે જ દરજજે જરૂરનું છે જેટલે દરજજે તે આપણી વિચારશક્તિને ખીલવે અને આપણને સારાસારનો નિર્ણય કરતાં આવડે.

એટલે જ્યાં લગી આપણે સ્વાર્થ છોડી પરમાર્થ ગ્રહણ નથી કર્યો, આપભોગ કરતાં નથી આવડયો, સાચનો જ આશ્રય નથી લીધો, બીક છોડી હિંમત ગ્રહણ નથી કરી, દંભ નથી છોડયો ને અજ્ઞાનનો ત્યાગ નથી કર્યો, ત્યાં લગી દેશની ખરી ઉન્નતિ થવાની જ નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૭–૬–૧૯૨૦

Gandhi Heritage Portal

## ૨૩૪. નોંધ

### શિક્ષિત અંત્યજો

બીજી કાઠિયાવાડ અંત્યજ પરિષદનો અહેવાલ ગયા અંકમાં આવ્યો છે. તેમાં મુંબઈના સુશિક્ષિત અંત્યજો વિષે કેટલીક ટીકા છે. તે ઉપરાંત અમે એમ પણ સાંભળ્યું છે કે તેઓ સહેજે વાતચીતમાં "તમારા હિંદુ ધર્મમાં આમ છે", "તમારાં શાસ્ત્રો આમ કહે છે", "ટ્રેનમાં કેટલાક હિંદુઓ હતા", આવી ભાષા વાપરે છે. અંત્યજોએ કદી પોતે હિંદુ નથી એવો આભાસ મનમાં લાવવો જ ન જોઈએ. હિંદુ ધર્મનો દાવો કરનારા તેઓને દુઃખ દે છે, તેથી તેઓ હિંદુ ધર્મ તરફ કેમ તિરસ્કાર બતાવી શકે? એક કુટુંબમાં રહેનારને બીજા કુટુંબીઓ દુઃખ દે તેથી તે કુટુંબનો ત્યાગ નથી કરતો પણ કુટુંબને સુધારવા મથે છે તેમ શિક્ષિત અંત્યજે કરવું જોઈએ. મુંબઈમાં રહી જેઓ કેળવણી પામ્યા છે અને જેઓ અંત્યજોના આગેવાન હોવાનો દાવો કરે છે તેઓ શિક્ષિતની પંક્તિમાં ખપે. વળી આપણો ધર્મ આપણા ધંધાને વખોડવાનો નથી. જેમાં અપ્રામાણિકતા નથી એવો એક પણ ધંધો નીચ ન ગણાય. અંત્યજો વણાટકામમાં, ખેતીના કામમાં અને મેલું સાફ કરવાના કામમાં રોકાયેલા હોય છે. પ્રથમના બે ધંધાથી પ્રજાને અન્ન અને વસ્ત્ર મળે છે, અને બીજા ધંધાથી લોકોની શરીર સુખાકારી જળવાય છે. આ ત્રણે ધંધા વિના પ્રજા નભી જ ન શકે. એ ધંધાને નીચ અથવા હલકા કહેવામાં કેવળ અજ્ઞાન જ દેખાઈ આવે. કેળવણી પામીને આપણે આપણા ધંધાનો ત્યાગ કરવા નથી ઇચ્છતા, પણ તે ધંધાને પવિત્ર બનાવવા તરફ આપણો પ્રયત્ન હોવો જોઈએ. એટલે કે આપણે સહુ પોતપોતાના ધંધા કરતા છતાં નીતિવાળા, કેળવાયેલા અને સ્વચ્છ થઈએ અને દેખાઈએ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૭–૬–૧૯૨૦

## ૨૩૫. મુસલમાનોનું નિવેદનપત્ર[1]

પોતાની સમક્ષ આવી રહેલી લડત માટે મુસલમાનો ધીરે ધીરે પરંતુ મક્કમતાપૂર્વક તૈયાર થઈ રહ્યા છે. તેમને જે કઠણાઈઓ સામે લડવાનું છે તે બેશક ગંભીર છે, પરંતુ પેગંબર સાહેબ સામેની મુશ્કેલીઓ કરતાં આ મુશ્કેલીઓ અડધી પણ ગંભીર નથી. શું તેમણે પોતાની જિંદગી અનેક વાર જોખમમાં મૂકી નહોતી? પરંતુ ઈશ્વરમાં એમની શ્રદ્ધા અચળ હતી. તેઓ બેધડક આગળ વધ્યા હતા, કેમ કે તેઓ સત્યના પ્રતિનિધિ હતા અને ઈશ્વર એમને પડખે હતો. પેગંબર સાહેબના હૃદયમાં હતી તેના કરતાં જો અડધી પણ ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને બલિદાનની ભાવના તેમના અનુયાયીઓમાં હશે, તો અત્યારના પ્રતિકૂળ સંજોગો જોતજોતામાં અનુકૂળ બની જશે અને થોડા જ વખતમાં તે તુર્કસ્તાનને બરબાદ કરનારાઓની વિરુદ્ધ થઈ જશે. મિત્રરાજ્યોએ ચલાવેલી લૂંટ ક્યારનીયે એમને હાનિ પહોંચાડનારી બની ગઈ

૧. આ નિવેદનપત્ર સુન્ની મુસલમાનોએ ૨૨મી જૂન, ૧૯૨૦ને રોજ વાઇસરૉયને મોકલી આપ્યું હતું. એના મૂળ લખાણ માટે જુઓ પરિશિષ્ટ ૬.

Gandhi Heritage Portal

છે. ફ્રાન્સને પોતાનું કામ મુશ્કેલ લાગવા માંડયું છે.[1] અનીતિથી મેળવેલા[2] પ્રદેશો ગ્રીસ પચાવી શકે તેમ નથી. અને ઇંગ્લંડને માટે મૅસોપોટેમિયા[3] વસમું થઈ પડયું દેખાય છે. બ્રિટને સ્વચ્છંદી બનીને જે હોળી સળગાવી છે તેમાં મોસલમાંથી નીકળતું તેલ ઘી રેડવાનું કામ કરે એવો સંભવ છે અને પરિણામે બ્રિટનના હાથ સારી પેઠે દાઝવાના છે. વર્તમાનપત્રો કહે છે કે હિંદી ફોજો પોતાના પ્રદેશમાં આવી છે તે આરબ લોકોને ગમતું નથી.[4] આ જાણીને મને નવાઈ લાગતી નથી. તેઓ ઉગ્ર સ્વભાવના અને બહાદુર લોકો છે. એટલે હિંદુસ્તાનની ફોજો મૅસોપોટેમિયામાં શા માટે હોવી જોઈએ તે તેમને સમજાતું નથી. અસહકારનું ગમે તે થાય, હું ઇચ્છું છું કે એક પણ હિંદીએ મૅસોપોટેમિયામાં મુલકી કે લશ્કરી ખાતાની કોઈ પણ જાતની નોકરી કરવાની ના પાડવી જોઈએ. આપણે જાતે વિચાર કરતાં શીખવું જોઈએ અને કોઈ પણ નોકરીમાં દાખલ થતાં પહેલાં જાણી લેવું જોઈએ કે આ નોકરી દ્વારા આપણે અન્યાયનું સાધન તો નથી બની રહ્યા ને ? ખિલાફતનો પ્રશ્ન જવા દઈએ, પરંતુ શુદ્ધ ન્યાયની દૃષ્ટિએ જોતાં અંગ્રેજોને મૅસોપોટેમિયા ઉપર કબજો રાખવાનો કશો હક્ક નથી. જેને સ્પષ્ટ શબ્દોમાં ધોળા દિવસની લૂંટ કહી શકાય એવા કામમાં સામ્રાજ્યની સરકારને મદદ કરવી એ કાંઈ આપણી રાજભક્તિ અંગેની ફરજ નથી. એનો અર્થ એવો કે આપણે જો મૅસોપોટેમિયામાં મુલકી કે લશ્કરી નોકરી કરવા માગતા હોઈએ તો તે કેવળ રોટલો રળવા માટે જ હોઈ શકે. આપણી કમાણીનું આ સાધન દૂષિત નથી એ જોવાની આપણી ફરજ છે.

અસહકારનું માત્ર નામ સાંભળતાં જ ઘણા લોકો દૂર નાસે છે એ જોઈને મને આશ્ચર્ય થાય છે. પરંતુ અસહકારના જેવું શુદ્ધ, બિનહાનિકારક અને છતાં અસરકારક સાધન બીજું એકે નથી. જો એને વિવેકપૂર્વક વાપરવામાં આવે તો એનાથી કોઈ જાતનાં બૂરાં પરિણામો આવવા સંભવ નથી. અને એની ઉત્કટતાનો આધાર લોકોની ભોગ આપવાની શક્તિ ઉપર જ રહેશે.

મુખ્ય વાત અસહકારનું વાતાવરણ તૈયાર કરવાની છે. દરેક સમજદાર પ્રજાજનને એમ કહેવાનો બેશક હક છે અને એમ કહેવાની એની ફરજ પણ છે કે "તમારા અન્યાયમાં અમે તમને સહકાર આપવાના નથી." જો આપણામાં નરી ગુલામી, લાચારી અને આત્મવિશ્વાસનો અભાવ ન હોત, તો જરૂર આપણે આ શુદ્ધ હથિયાર પકડી લેત અને તેનો અત્યંત અસરકારક ઉપયોગ કરી બતાવત. ભલભલી આપખુદ સરકાર પણ શાસિતોની સંમતિ વિના ટકી નહીં રહી શકે. આવી સંમતિ ઘણી વાર તો સરકાર જબરજસ્તીથી હાંસલ કરતી હોય છે. જે ક્ષણે પ્રજા આપખુદ સત્તાથી ડરતી બંધ થઈ જાય છે તે જ ક્ષણે એ સત્તાની તાકાત ખતમ થઈ જાય છે. પરંતુ બ્રિટિશ સરકાર કદી પણ અને કોઈ પણ સ્થળે સંપૂર્ણ રીતે અથવા મુખ્યત્વે કરીને તાકાત ઉપર નભતી નથી. શાસિતોની શુભેચ્છા મેળવવા તે પ્રામાણિક પ્રયત્ન કરે જ છે. છતાં તે શાસિતોની બળજબરીથી સંમતિ મેળવવા અણઘટતાં સાધનો વાપરતાં અચકાતી નથી. "પ્રામાણિકપણું એ જ ઉત્તમ નીતિ છે," એ વિચારની મર્યાદાથી તે આગળ વધી નથી. એટલે

૧–૨–૩. તુર્કસ્તાન સાથેની સુલેહની શરતો મુજબ આ દેશોના રક્ષણ નીચે મૂકવામાં આવેલા પ્રદેશોનો આ ઉલ્લેખ છે. જુઓ પરિશિષ્ટ ૧.

૪. આ ફોજો મૅસોપોટેમિયામાં ગઈ હતી. તુર્કસ્તાન સાથે થયેલી સુલેહની શરતો અનુસાર આ પ્રદેશ બ્રિટિશ રક્ષણ નીચે ગયો હતો.

Gandhi Heritage Portal

ખિતાબો, ચંદ્રકો અને પટ્ટીઓ આપીને, નોકરીઓ આપીને તથા પોતાનાં ચઢિયાતાં આર્થિક સાધનો વડે પોતાના નોકરોને સમૃદ્ધ કરવા નવા નવા માર્ગો ખોલીને તે તેમને પોતાની ઇચ્છા સાથે સંમત થવા લલચાવે છે, અને આ બધા ઉપાયો નિષ્ફળ જાય છે ત્યારે તે બળનો આશ્રય લે છે. સર માઇકલ ઓડવાયરે આમ જ કર્યું હતું અને મોટે ભાગે દરેક બ્રિટિશ વહીવટકર્તા તો તેને જરૂર જણાતાં અવશ્ય એમ જ કરવાનો. એટલે જો આપણે લોભી નહીં બનીએ, અને જે ખિતાબો, ચંદ્રકો અને માનદ પદવીઓથી દેશનું કશું ભલું થતું નથી તેની પાછળ નહીં દોડીએ, તો અડધી લડત જિતાઈ જાણો.

મારા સલાહકારો મને કહેતાં કદી થાકતા નથી કે તુર્કસ્તાનની સુલેહની શરતો બદલાશે[1] તો પણ તે અસહકારને કારણે તો નહીં જ બદલાય. હું એમને હિંમતપૂર્વક જણાવીશ કે અસહકારનો ઉદ્દેશ કેવળ શરતો બદલાવવાનો નથી. એ ઉદ્દેશ એનાથી ખૂબ જ ઊંચો છે. હું શરતો બદલાવી ન શકું તોપણ જે સરકાર બીજાની મિલકત પડાવી લેવામાં ભાગીદાર બને છે તેને મદદ કરવાનું તો છેવટે મારે બંધ કરવું જ જોઈએ. અને જો હું અસહકારને એની અંતિમ કક્ષા સુધી પહોંચાડી શકું તો હું સરકારને એક બાજુ હિંદુસ્તાન અને બીજી બાજુ [તુર્કસ્તાનની] તકરાર વચ્ચે પસંદગી કરવાની ફરજ પાડું. અને ઇંગ્લંડ ઉપરના મારા વિશ્વાસને લઈને હું એટલું જાણું છું કે જો એવો વખત આવશે તો ઇંગ્લંડ એના અત્યારના ભ્રમિત થઈ ગયેલા પ્રધાનોને બરતરફ કરીને એમની જગાએ નવા પ્રધાનો મૂકશે, જેઓ જાગ્રત થયેલા હિંદુસ્તાનની સલાહ લઈને અત્યારની શરતોને સંપૂર્ણ રીતે નાબૂદ કરશે તથા ઇંગ્લંડ તેમ જ તુર્કસ્તાન બંનેને માટે માનભરી હોય અને હિંદુસ્તાનને માટે સ્વીકાર્ય હોય એવી શરતો નવેસરથી ઘડી કાઢશે.

પરંતુ મારા ટીકાકારો એમ કહેતા સંભળાય છે કે, "હિંદુસ્તાન પાસે એટલું નિશ્ચયબળ નથી અને આવો ઉદાત્ત હેતુ સિદ્ધ કરવા માટે બલિદાન આપવાની જે શક્તિ જોઈએ તે પણ નથી." એમનું કહેવું કેટલેક અંશે સાચું છે. હિંદુસ્તાનમાં અત્યારે આ ગુણો નથી એ વાત સાચી નથી, પરંતુ તેથી શું આપણે એ ગુણો કેળવવા ન જોઈએ અને આખા દેશના લોહીમાં તેને ઉતારી દેવા ન જોઈએ? શું આવો પ્રયત્ન કરવા જેવો નથી? આવો મહાન ઉદ્દેશ સિદ્ધ કરવા માટે ગમે તે ભોગ આપવો પડે તે શું વધારેપડતો છે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩૦–૬–૧૯૨૦

૧. જૂન ૨૭, ૧૯૨૦ને રોજ તુર્કસ્તાને સંધિ માટે પોતાના તરફથી વળતી દરખાસ્તો રજૂ કરી હતી.

Gandhi Heritage Portal

# ૨૩૬. નવી ધારાસભાઓના બહિષ્કાર વિષે અખબારો જોગ નિવેદન

એમ કહેવાની જરૂર ન હોય કે નવી ધારાસભાઓનો[1] બહિષ્કાર કરવા બાબતમાં હું લાલા લજપતરાય સાથે પૂરેપૂરો સંમત છું. મારે માટે તો બહિષ્કારનો આ વિચાર અસહકારની લડતમાં માત્ર એક પગથિયું છે. અને ખિલાફતના પ્રશ્ન વિષે મારી લાગણી જેટલી ઉગ્ર છે તેટલી જ પંજાબના પ્રશ્ન વિષે છે, એટલે લાલા લજપતરાયનો વિચાર મારે મન બમણો આવકારપાત્ર છે. એક કરતાં વધારે દિશાઓમાંથી એવું સૂચન થયેલું મેં જોયું છે કે ચૂંટણીનો કાર્યક્રમ પતી ગયા પછી જ રાજકીય સુધારા સામેનો અસહકાર શરૂ કરવો જોઈએ. જો આ ધારાસભાઓના કામ-કાજમાં આપણે ભાગ લેવા માગતા નથી એ વાત સ્પષ્ટ છે, તો ચૂંટણીના ફારસમાં ઊતરવું અને એનો ખર્ચો ઉઠાવવો એ ભૂલ છે એમ કહ્યા વિના હું રહી શકતો નથી. વળી લોક-કેળવણીનું કેટલુંયે .કામ આપણે કરવાનું છે. એટલે જો મારું ચાલે તો હું દેશના ઉત્તમ લોકોની શક્તિ ચૂંટણીના કામમાં વેડફાઈ જવા નહીં દઉં. જો આપણે ચૂંટણીઓ લડયા પછી રાજીનામાં આપીશું તો લોકોને અસહકારની ખૂબી સમજાશે નહીં. પરંતુ જો આપણે મતદારોને એમ સમ-જાવી દઈએ કે તમારે કોઈને મત આપવો નહીં અને જે કોઈ મત માગવા આવે તેને એકે અવાજે કહી દેવું કે જ્યાં સુધી પંજાબ અને ખિલાફતના પ્રશ્નોનો સંતોષકારક ઉકેલ આવ્યો નથી ત્યાં સુધી તમે ચૂંટણીમાં ઊભા રહેશો તોપણ તમે અમારા પ્રતિનિધિ નહીં ગણાઓ,[2] તો એ રીતે મતદારોની સરસ કેળવણી થશે. પરંતુ હું માનું છું કે લાલા લજપતરાય નવી ધારાસભાઓનો[3] બહિષ્કાર કરીને જ અટકી જવા માગતા નથી. જો આપણે આપણી જાતને સ્વમાનવાળી પ્રજા કહેવડાવવા માગતા હોઈએ તો, જરૂર પડયે અસહકારના ચારેય તબક્કામાંથી આપણે પસાર થવું પડશે. કારણ સ્પષ્ટ છે. ખિલાફત અંગેની સંધિની કલમો તથા પંજાબનો મામલો, એ બંને પ્રશ્નો ઉપરથી સ્પષ્ટ થાય છે કે સામ્રાજ્યની ધારાસભાઓમાં હિંદી પ્રજાના અભિ-પ્રાયની કશી કિંમત નથી. આ સ્થિતિ નીચું જોવડાવનારી છે. જો આ અપમાન આપણે મૂંગા મૂંગા ગળી જઈશું તો સુધારાનો કશો લાભ ઉઠાવી શકીશું નહીં. એટલે મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે વાસ્તવિક પ્રગતિની પહેલી શરત એ છે કે આપણા માર્ગમાંથી આ બે વિઘ્નો દૂર થવાં જોઈએ. અને આને માટે જો બીજો કોઈ વધારે સારો કાર્યક્રમ યોજી ન શકાતો હોય, તો મને .ક્રમને આપણે અસહકારનો ઉપાય અવશ્ય હાથ ધરવો જોઈએ.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ३०-६-१९२०

૧. ૧૯૧૯ના સુધારા ધારા નીચેની ધારાસભાઓ. આ નવી ધારાસભાઓની ચૂંટણી માટે ઉમેદવારી ઑક્ટોબર, ૧૯૨૦ સુધીમાં જાહેર કરવામાં આવનાર હતી. લાલા લજપતરાયે પોતાના ઉર્દૂ વર્તમાનપત્ર વંદે માતરમ્‌માં જાહેર કર્યું હતું કે હું આ ચૂંટણીમાં ઊભો રહેવાનો નથી.

૨. ૧૯૨૦ના નવેમ્બરમાં જ્યારે ચૂંટણીઓ થઈ ત્યારે ૬૩૭ મથકો પૈકી ૭ મથકોએ ઉમેદવારના અભાવે ચૂંટણી થઈ શકી નહોતી.

૩. પહેલાં લાલા લજપતરાય ગાંધીજીના અસહકારના કાર્યક્રમની તરફેણ કરતા નહોતા; પરંતુ ૧૯૨૦ના ડિસેમ્બરમાં નાગપુરમાં કૉંગ્રેસ ભરાઈ ત્યારે બીજા અનેક લોકોની માફક તેમણે પણ ગાંધીજીના કાર્ય-ક્રમમાં પૂરેપૂરું ઝંપલાવ્યું.

Gandhi Heritage Portal

# ૨૩૬(૧). અમદાવાદના સત્યાગ્રહ આશ્રમના વિદ્યાર્થીઓ સમક્ષ આપેલું ભાષણ

[જુલાઈ ૧૯૨૦ પહેલાં][1]

આપણે અહીં એક નવો જ અખતરો ચલાવવા માગીએ છીએ. એ અખતરો એવો છે કે હું જો વચ્ચે ન હોઉં તો રાષ્ટ્રીય શાળાના શિક્ષકો પોતાની મેળે એ ચલાવવાની હિંમત ન ધરે.

આપણે અહીં છોકરાઓ અને છોકરીઓનું શિક્ષણ એકસાથે ચલાવવા માગીએ છીએ. એક વાર મને શિક્ષકોએ પૂછ્યું કે, "હવે શાળામાં છોકરીઓની સંખ્યા વધતી ચાલી છે, અને એમાં મોટી છોકરીઓ પણ છે. તો થોડા વખત પછી છોકરીઓનો જુદો વર્ગ કાઢવો કે શું?" મેં એ વખતે તો તુરત ના પાડી દીધી અને કહી દીધું કે છોકરીઓનો વર્ગ અલગ કરવાની કશી જરૂર નથી.

પણ પછી તુરત મને એની ગંભીરતા સમજાઈ અને તેમાં કેટલું જોખમ રહેલું છે તેનો મને ખ્યાલ આવ્યો. મને થયું કે એ વિષે હું તમને બધા છોકરાઓને તેમ જ શિક્ષકોને, બધાં બૈરાંઓને તેમ જ આશ્રમમાં રહેનાર દરેક જણને કેટલાક નિયમો જણાવી દઉં તો ઠીક. હું અહીં જે કહું તે બધું કાયદો જ છે એમ નથી સમજવાનું. હું તો ફક્ત મારા વિચારો જ જણાવવાનો છું. શિક્ષકો પાછળથી તેના ઉપર ચર્ચા કરીને ફેરફાર કરી શકે છે.

છોકરાઓ અને છોકરીઓ એક વર્ગમાં બેસે, પણ ત્યાં તેઓએ બરાબર મર્યાદામાં બેસવું જોઈએ. છોકરાઓ બીજી બાજુ બેસી જાય. મોટા છોકરાઓ અને મોટી છોકરીઓ સેળભેળ થઈને ન બેસે, કારણ એમાં સ્પર્શદોષ આવી જવાનો સંભવ રહે છે. અત્યારે આમાંની કેટલીક છોકરીઓ મોટી થઈ રહી છે અને કેટલીક ટૂંકી મુદતમાં થઈ રહેશે. આમ છોકરીઓ મોટી થતી આવે છે અને છોકરાઓ તો આપણી પાસે મોટા છે જ. એ લોકોએ એકબીજા સાથે સ્પર્શદોષમાં ન આવવું જોઈએ. સ્પર્શદોષમાં આવવાથી બ્રહ્મચર્યને હાનિ પહોંચે છે. વર્ગમાંથી બહાર નીકળ્યા બાદ છોકરાઓ આપસઆપસમાં ભળી જાય, એકબીજા સાથે વાતો કરે, એકબીજાની ઠઠ્ઠામશ્કરી કરે, રમેકૂદે; અને છોકરીઓ પણ આપસઆપસમાં તે જ પ્રમાણે વર્તે. પણ છોકરાઓ અને છોકરીઓ એકબીજા સાથે તેમ ન વર્તી શકે, તેઓ એકબીજા સાથે વાતો ન કરી શકે, એકબીજાની ઠઠ્ઠામશ્કરી ન કરી શકે. વળી તેઓ એકબીજા વચ્ચે ખાનગી પત્રવ્યવહાર તો ન જ ચલાવી શકે. બાળકોને તો ખાનગી જેવું કંઈ હોવું જ ન જોઈએ. જે માણસ સત્ય બરાબર પાળે છે એ માણસની પાસે ખાનગી રાખવાનું શું હોય? મોટેરાંઓમાં સુધ્ધાં કાંઈ પણ પ્રકારનો પત્રવ્યવહાર હોવો એ એક પ્રકારની દુર્બળતા જ ગણાય. તમારે વડીલોની આ દુર્બળતાનું અનુકરણ નથી કરવાનું, પણ વડીલો કહે તે પ્રમાણે તમારે તમારી દુર્બળતા કાઢી નાખવાની છે. સામાન્ય રીતે માબાપો પોતાની દુર્બળતા પોતાનાં છોકરાંને જણાવતાં નથી અને

૧. મૂળ પુસ્તકમાં આ લેખની પ્રાસ્તાવિક નોંધમાં લખ્યું છે કે આશ્રમની શાળા તરફથી નીકળતા મધપૂડો નામના હસ્તલિખિત માસિકના ઘણુંખરું જુલાઈ ૧૯૨૦ના અંકમાં આ ભાષણનો હેવાલ પહેલી વાર આપવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

આવી બાબતોમાં તો એક શબ્દ પણ ઉચ્ચારતાં નથી. પણ એ એમની ગંભીર ભૂલ છે. તેમ કરવામાં તેઓ પોતાનાં છોકરાંને વિનાશના ઊંડા ખાડામાં ઉતારે છે. પોતે કરેલી ભૂલ ફરીને પોતાનાં છોકરાં ન કરે એવો ખ્યાલ જો પ્રત્યેક માબાપ રાખે તો છોકરાંઓનો કેટલો ઉદ્ધાર થાય એ કલ્પી નથી શકાતું. હું કહું છું કે કોઈએ કાંઈ ખાનગી ન રાખવું જોઈએ; એનો અર્થ એ નથી કે તમારે બીજાનું ખાનગી જાણવાનો પણ પ્રયત્ન કરવો. તમારું એ કામ નથી. અમે મોટેરાંઓ કોઈ જગ્યાએ બેઠાં બેઠાં વાતો કરતાં હોઈએ અને તમને ત્યાંથી ચાલ્યા જવાનું કહીએ તો તમારે ત્યાંથી ચાલ્યા જ જવું જોઈએ. અમારી વાતો જાણીને તમે અમારી દુર્બળતાનો નાશ ન કરી શકો. પરંતુ તમારો તો કોઈ પણ કાગળ કે વાત એવાં ન હોવાં જોઈએ કે જે તમે બેધડકપણે વડીલોની સમક્ષ રજૂ ન કરી શકો. સારામાં સારું તો એ છે કે છોકરાઓ અને છોકરીઓ વચ્ચે વર્ગમાં કે વર્ગની બહાર કોઈ પણ જગ્યાએ વડીલોની ગેરહાજરીમાં વાત જ ન થાય. છોકરાઓના ખાનગી ઓરડામાં જેમ કોઈ બીજો છોકરો જઈને બેસે, અભ્યાસ કરે, ચર્ચા કરે, વાતો કરે, એમ છોકરી જઈને વાતો, ચર્ચા, અભ્યાસ ન કરી શકે. વડીલોની હાજરીમાં — જેમ કે પ્રાર્થનામાં — છોકરીઓ છોકરાઓને પાણી પાય, વાતો કરે એમાં કોઈ પણ જાતની અડચણ હોય નહીં. ત્યાં તો છોકરીઓએ બધાંને પાણી પાવું એ તેમની ફરજ છે. છતાં ત્યાં પણ મર્યાદા રહેવી જ જોઈએ. ત્યાં સ્પર્શદોષ ન થાય એવી સંભાળ રાખવી જોઈએ. મોટા છોકરાઓ સાથે મોટી છોકરીઓનો સ્પર્શ થાય તો વિષયવાસના જાગ્રત થઈ જવાનો ઘણો સંભવ રહે છે. તેથી એવો સ્પર્શદોષ કદી પણ ન થાય એવી સંભાળ રાખવાની બહુ જરૂર છે.

આપણે જો દેશસેવા કરવી જ હશે તો હું દિવસે દિવસે જોતો જાઉં છું કે વીર્યસંરક્ષણની બહુ જ જરૂર છે. આવાં બધાં રેંજીપેંજી શરીરથી હું તમારી પાસેથી શું કામ લઈ શકું એમ છું? આમાં કોઈના શરીર ઉપર માંસ તો જાણે છે જ નહીં. આ બધાં શરીર એ વીર્યનું સંરક્ષણ ન કરવાથી આવેલાં પરિણામરૂપ છે. તમે બધા તમારા વીર્યનું સંરક્ષણ કરી તમારું શરીર તૈયાર કરો. શરીર જ્યાં સુધી નબળું છે ત્યાં સુધી જ્ઞાન ગ્રહણ નથી કરી શકાતું, તો પછી તેનો ઉપયોગ તો શો જ થઈ શકવાનો હતો? ક્રોધી માણસ જ્ઞાન મેળવી શકે, જૂઠો માણસ જ્ઞાન મેળવી શકે, પણ જે બ્રહ્મચર્યનું પાલન નથી કરતો તે કદી જ્ઞાન નથી મેળવી શકતો. મોટા મોટા રાક્ષસો કે જેઓ પાછળથી તો કામનાં પૂતળાં જ હતા તેઓને પણ જ્ઞાનપ્રાપ્તિ માટે બ્રહ્મચર્ય પાળવાની જરૂર પડી છે એમ આપણે પુરાણો પરથી જાણી શકીએ છીએ. જ્ઞાન મેળવવા માટે શરીર ઉત્તમ જોઈએ એમાં સિદ્ધ કરવાપણું કંઈ નથી માટે તમારાં શરીર તો હું રાક્ષસ જેવાં જ કરવા માગું છું. આ તમારાં શરીર સુધારવાનો સબળ પ્રયત્ન કરવા છતાં પણ હું તમારાં શરીર શૌકતઅલીના જેવાં નથી જોઈ શકવાનો. કારણ કે એમાં અમારો પૂર્વજોનો દોષ છે. પરંતુ હજી વીર્યસંરક્ષણ થાય તો હિંદુસ્તાનમાં ફરીને એક વાર હનુમાનનો ઉદ્‌ભવ થઈ શકે. જેનું શરીર લાકડી જેવું છે એ ક્ષમાનો ગુણ શો ધારણ કરી શકવાનો હતો? એવો માણસ તો બીકનો માર્યો દબાઈ જાય. મને જો અત્યારે શૌકતઅલી તમાચો મારે તો હું એમને શું માફી આપું? એમને હું કંઈ ન કરું તો તો હું દબાઈ ગયો કહેવાઉં. હું માફી તો રસિકને આપી શકું. માટે હું તમને કહું છું કે જો તમારે ક્ષમાવાન અને સત્યવાદી વીર થવું હોય તો તમે વીર્યનું બરાબર રક્ષણ કરજો. હું જે અત્યારે એકાવન વર્ષનો ડોસો હોવા છતાં આટલું જોર બતાવી રહ્યો છું, એ ફક્ત વીર્યરક્ષણ કરવાથી જ. જો હું પહેલેથી જ વીર્યસંરક્ષણ કરી શક્યો હોત તો અત્યારે હું ક્યાં ઊડતો હોત એ મારી કલ્પનામાં પણ નથી આવી શકતું. હું અહીં બેઠેલાં બધાં માબાપો અને

Gandhi Heritage Portal

વાલીઓને કહું છું કે તમે તમારાં છોકરાંઓને વીર્યરક્ષણ કરવાની પૂરતી સગવડ કરી આપજો. તેમનાથી ન રહેવાય, અને તે આવીને કહે કે, “હવે અમારાથી નથી રહેવાતું, તમે અમને પરણાવો” ત્યારે જ તમે એને પરણાવજો. માણસો બ્રહ્મચારી પહેલાં જ રહી શકતા એવું નથી. લૉર્ડ કિચનર એ બ્રહ્મચારી હતો,—અપરિણીત હતો. હું એમ નથી માનતો કે એ બીજે ક્યાંય પોતાની વિષયવાસનાને તૃપ્ત કરી આવતો હશે. તેણે એવો ઠરાવ કર્યો હતો કે લશ્કરમાં બધા બ્રહ્મચારી અને અપરિણીત માણસો જ આવે—એટલે કે મજબૂત બાંધાના આવે; અપરિણીત પણ વ્યભિચારી નહીં. માટે હું તમને બધા વડીલોને વીનવું છું કે તમે તમારાં છોકરાંઓને, પાછળથી એની જોડી નહીં મળે એવી અધીરાઈ રાખીને પરણાવી નહીં દેતા. છોકરાંઓ પોતાની મેળે કહેવા આવે ત્યાં સુધી રાહ જોજો. મારી ખાતરી છે કે એ વખતે ઈશ્વર બેઠો હશે, અને એ કન્યાને યોગ્ય વર અને વરને યોગ્ય કન્યાનો ભેટો કરાવી દેશે.

છોકરાંઓને એક બીજું હું કહી દેવા માગું છું, અને તે એ કે જે છોકરાઓ અને છોકરીએ એક જ ગુરુને સ્વીકાર્યા છે, એક જ ગુરુ પાસે વિદ્યાભ્યાસ કર્યો છે, એ બન્ને ભાઈ-બહેન છે. એ બન્નેએ ભાઈબહેન થઈને જ રહેવું જોઈએ. એ બન્ને વચ્ચે ભાઈબહેન સિવાયનો બીજો કોઈ પણ જાતનો વ્યવહાર કે સંબંધ સંભવી જ ન શકે. આ શાળા અને આશ્રમમાં રહેનારાં તમે બધાં ભાઈ અને બહેન છો. જે દિવસે એ સંબંધ તૂટશે તે દિવસે મને આશ્રમ કે શાળા સંકેલી લેવામાં એક ઘડીની પણ વાર નથી લાગવાની. એ વખતે હું લોકલજ્જા સામું પણ નથી જોવાનો. તમે મને ખાતરી કરી આપો કે તમારામાં ભાઈબહેનનો સંબંધ જળવાઈ રહેશે તો જ હું આ અખતરો નિર્ભય થઈને ચલાવું; અને તો જ બીજી છોકરીઓને અહીં લાવું. અત્યારે એક સદ્‌ગૃહસ્થ અહીં આવવા માગે છે. એમને એક બાર વર્ષની દીકરી છે. એવડી છોકરી તો આપણામાં યોગ્ય વયની ગણાય છે અને તેને પરણાવી દેવામાં આવે છે. માટે તમે મને નિર્ભય કરો તો જ હું એ સદ્‌ગૃહસ્થને નિર્ભય કરી શકું અને કહી શકું કે તમારી છોકરીનું શિયળ અહીં જળવાશે; અને તમે તેને જેમ કેળવવા માગશો તેમ તેને કેળવી શકશો. આ અખતરો એવો છે કે મેં જે નિયમો કહ્યા તે અક્ષરશઃ પળાય તો જ છોકરીઓનાં માતાપિતા કે વાલી નિઃશંક રહે અને આશ્રમમાં રહેનારા મોટા માણસો અને શિક્ષકો નિર્ભય થઈને એ અખતરો ચલાવે. એ લોકો શંકિત રહીને છોકરીઓની પાછળ પાછળ ફર્યા કરે તો તો બન્નેનું અનિષ્ટ થાય.

જેને એમ લાગે કે હવે તો મારાથી રહેવાય એમ નથી, મારી વિષયવાસના એટલી બધી જાગ્રત થઈ ગઈ છે કે એને હું મારા કાબૂમાં નહીં જ રાખી શકું, તેણે તુરત અહીંથી ચાલતા થવું, પણ આશ્રમને કલંક ન લગાડવું તથા આવા પવિત્ર અખતરાને ભાંગી ન પાડવો. બાઇબલમાં તો એમ કહ્યું છે કે તમારી આંખ જો તમારા કાબૂમાં ન રહે તો તમે તેમાં સોય ખોસી ઘાલજો. મારી એવી સ્થિતિ આવે એમ મને ભાસતું નથી, પણ જો મારી એવી સ્થિતિ આવે તો હું છું અને આ સાબરમતી છે.

જેની વિષયવાસના જાગ્રત થઈ હોય કે ન થઈ હોય તેમણે બધાએ મેં કહ્યું તેનું બરાબર મનન કરીને તેનું પાલન કરવું. ઈશ્વરે જે ભેદ પાડ્યો છે એ ભેદને આપણે ફેંકી દઈ નથી શકતા. એ ભેદ સાચવવાથી જ જેની વિષયવાસના જાગ્રત થઈ હોય એની—અને જેની ન થઈ હોય એની તો સહેલાઈથી—વિષયવૃત્તિ કાબૂમાં રહી શકશે. મેં ઘણી વાર કહ્યું છે, છતાં ફરી એક વાર હું અહીં કહી જાઉં છું કે મારે બ્રહ્મચર્ય પાળવામાં બહુ શ્રમ વેઠવો પડ્યો છે.

Gandhi Heritage Portal

એટલો શ્રમ વેઠીને બ્રહ્મચર્ય પાળવાનો પ્રયત્ન કરનારો માણસ મારા જોવામાં હજુ કોઈ નથી આવ્યો. જેણે એક વાર પણ વિષયભોગ કર્યો છે તેને ફરીને વીર્યસંરક્ષણ કરવું એ અતિવિકટ કાર્ય થઈ પડે છે. તેથી તમે પ્રથમથી જ વિષયભોગમાં નહીં પડતા. જેમને લાગે કે પોતાની ઇન્દ્રિયો જાગ્રત થઈ છે તેમણે તેને એટલેથી જ દાબી દેવી અને જેમની જાગ્રત નથી થઈ એમને તો કંઈ વિશેષ શ્રમ લેવાપણું જ રહેતું નથી. તેમણે તો પોતાની ઇન્દ્રિયો જાગ્રત ન થાય એટલા માટે ચેતતા રહેવાનું જ રહ્યું. જેઓ વીર્યરક્ષણ કરશે તેઓ જ દેશસેવક બની શકશે. વળી છોકરીઓ પણ ઉત્તમમાં ઉત્તમ ગૃહિણી તો બ્રહ્મચર્ય પાળીને જ બની શકે છે. જે એક પતિની નહીં પણ સમસ્ત દેશની, ગરીબ લોકોની અને દુ:ખી લોકોની સેવા કરે એને કોણ ઉત્તમમાં ઉત્તમ ગૃહિણી નહીં કહે?

બીજું એક એ પણ તમને કહી દેવા ઇચ્છું છું કે સાદો પોશાક બ્રહ્મચર્ય પાળવામાં મદદગાર થઈ પડે છે; જોકે એની મદદ બહુ જ ઓછી ગણાય. ખાદીનાં કપડાં પહેરીને પણ કોઈ માણસ ખૂબ પાપ કરનારો હોય; અને એવું પણ બને કે અત્યંત ભભકાદાર પોશાક પહેરનારો માણસ શુદ્ધમાં શુદ્ધ બ્રહ્મચારી હોય. હું એવા માણસને પૂજું, પણ ખાદીનાં કપડાં પહેરીને જે માણસ પાપ કરનારો હોય તે મારી પાસે આવે તો હું તેને તરછોડીને કાઢી મૂકું. પણ આપણે ભભકાદાર પોશાક પહેરીને રૂપાળા દેખાવાનો પ્રયત્ન તો ન જ કરી શકીએ. બ્રહ્મચારીએ જો પોતાનું બાહ્યરૂપ બતાવવું હોય તો તેણે ઈશ્વર સિવાય બીજા કોઈને તે બતાવવાનું હોય જ નહીં; અને ઈશ્વર તો આપણને નગ્નાવસ્થામાં પણ જુએ છે. તો પછી સારાં કપડાં પહેરીને આપણે રૂપ શા માટે કાઢવું જોઈએ? ખરું રૂપ તો પોતાના ગુણોથી જ ઝળકશે. પોતાની છાપ ગુણવાન થઈને પાડવી, રૂપવાન થઈને નહીં. કપડાં ફક્ત અંગ ઢાંકવાને માટે જ પહેરવાનાં હોય. અને અંગ તો જાડી ખાદીથી ઉત્તમમાં ઉત્તમ રીતે ઢંકાય. મોટેરાંઓ જો પોતે જાડાં ખાદીનાં કપડાં વાપરી શકતાં ન હોય તોપણ તેઓએ બાળકો પાસે તો ખાદીનાં કપડાં જ પહેરવાની ટેવ પડાવવી. જે મા પોતાનાં છોકરાંને સારાં સારાં કપડાં પહેરાવી, તે રૂપાળું લાગે છે એમ માની રાજી થતી હોય તે મૂર્ખ છે. સારાં કપડાંથી એટલું બધું રૂપ શું નીકળ્યું? અને નીકળે તોપણ એ કાઢવામાં લાભ શો? મારી છોકરીને કોઈ એના રૂપ માટે જ વરવા આવે તો હું તેને ધિક્કારીને કાઢી મૂકું. જે એને એના ગુણ માટે વરવા આવે તેને જ હું મારી છોકરી વરાવું. જો સુંદર દેખાવું હોય તો તમે ભભકાદાર પોશાક નહીં પહેરતા, પણ તમારા ગુણો કેળવજો. જો તમે સદ્‌ગુણી બનશો તો જરૂર તમે સુંદર દેખાશો, અને જ્યાં જશો ત્યાં માન મેળવશો.

હવે મારે કંઈ કહેવા જેવું રહી ગયું હોય એમ મને નથી લાગતું. મારે જેટલું કહેવાનું હતું તેટલું મેં તમને કહ્યું છે. જે કહ્યું છે તે અમૂલ્ય છે. મેં તમને જે કહ્યું એ તમે સમજ્યા ન હો તો મોટેરાંઓ કે શિક્ષકો પાસેથી સમજી લેજો; કારણ કે નાના છોકરાઓએ પણ મેં કહ્યું તે સમજીને બરાબર ધ્યાનમાં રાખવાનું છે. તમે બધા તેના ઉપર વિચાર કરો, વિચાર કરીને એ જેટલું બને એટલું તમારા આચરણમાં ઉતારો; અને હું નિર્ભય થઈને છોકરાઓ અને છોકરીઓ બન્નેને સાથે ભણાવવાનો અખતરો સફળ કરી શકું એવી મને સગવડ કરી આપો.

[મૂળ ગુજરાતી]

साबरमती, શરદ અંક, ૧૯૨૨ : એસ. એન. ૭૧૯૫

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૧

## તુર્કી સાથેની સુલેહની શરતો[1]

તુર્કી સાથેની સુલેહની શરતોની વિગત ગઈ તા. ૧૪મીના અસાધારણ સરકારી ગૅઝેટમાં પ્રસિદ્ધ થઈ છે. તેમાંની મુખ્ય શરતો નીચે મુજબ છે:

(૧) તુર્કસ્તાનની સરહદ, જે પ્રમાણે અત્યાર આગમચ નક્કી કરવામાં આવેલી છે તે પ્રમાણેની રહેશે અને જ્યાં જરૂર જણાશે ત્યાં, સરહદ બાબતનું જે કમિશન નીમવામાં આવશે તે તેમાં ફેરફાર કરશે. સરહદની આ આંકણી પ્રમાણે ગ્રેસનો કૉન્સ્ટૅન્ટિનોપલનો ભાગ અને એશિયા માઇનોરના લગભગ બધા જ મુખ્ય તુર્કી ભાગોનો તુર્કસ્તાનમાં સમાવેશ થશે.

(૨) કૉન્સ્ટૅન્ટિનોપલમાં તુર્કી સરકારના હકદાવા તેમના તેમ રહેશે, પણ તુર્કસ્તાન પ્રામાણિકપણે સુલેહના કરાર ન પાળે તો આ ઠરાવમાં ફેરફાર કરવાના હક સ્વાધીન રાખવામાં આવ્યા છે.

(૩) ડાર્ડનલ્સના ભૂમધ્ય સમુદ્રવાળા મુખ અને બૉસ્ફરસના કાળા સમુદ્રવાળા મુખ વચ્ચેના સઘળા દરિયા ઉપર તથા દરેક મુખથી ત્રણ માઈલ સુધીના દરિયા ઉપર, તેમ જ જરૂર પડે તેટલા કિનારા ઉપર સામુદ્રધુનીને લગતા એક કમિશનની સત્તા રહેશે. શાંતિના અને યુદ્ધના સમયમાં આ પાણીમાં વહાણવટાની સ્વતંત્રતા સહીસલામત બનાવવાની ફરજ આ કમિશનની રહેશે.

(૪) કુર્દિસ્તાન માટે સ્થાનિક સ્વરાજ્યની એક યોજના તૈયાર કરવામાં આવશે અને તેમાં અસિરો-ખાલ્ડિયન અને બીજી નાની પ્રજાઓના રક્ષણ માટે ગોઠવણ રાખવામાં આવશે. કુર્દિશ લોકોની બહુમતી અલગ થવા ઇચ્છે છે એમ પુરવાર થશે તો કુર્દિસ્તાનને તુર્કીથી સ્વતંત્ર કરવા વિષે લીગ ઑફ નેશન્સ પાછળથી નિર્ણય લેશે.

(૫) સ્મર્નાના કેટલાક ભાગોનો એક જુદો પ્રદેશ બનાવવામાં આવ્યો છે અને તેનો વહીવટ ગ્રીસ કરશે. અને સ્મર્નાનું સ્વતંત્ર રાજ્ય પોતાના ભાવિનો નિશ્ચય કરે ત્યાં સુધી પાંચ વરસને માટે તેના ઉપર તુર્કસ્તાનની સર્વોપરી સત્તા રહેશે.

(૬) કૉન્સ્ટૅન્ટિનોપલવાળા ભાગ સિવાય ગ્રેસનો પૂર્વનો પ્રદેશ ગ્રીસને આપવામાં આવ્યો છે, અને આડ્રિયાનોપલના શહેર માટે સ્થાનિક સ્વરાજ્યની ગોઠવણ કરવામાં આવી છે.

(૭) તુર્કસ્તાનના આર્મિનિયન જિલ્લાના કેટલાક ભાગો હાલના આર્મિનિયન રીપબ્લિકમાં ઉમેરી દેવામાં આવ્યા છે. તુર્કસ્તાન અને આર્મિનિયાના કેટલાક જિલ્લાઓની હદની લવાદી યુનાઇટેડ સ્ટેટ્સના પ્રેસિડન્ટને સોંપવામાં આવી છે. એ બાબતનો તથા આર્મિનિયાના સમુદ્રપ્રવેશ બાબતની શરતોનો એમનો નિર્ણય આખરી ગણાશે.

(૮) સીરિયા, મેસોપોટેમિયા અને પૅલેસ્ટાઈનને, તેઓ સ્વતંત્ર રીતે પોતપોતાનો વહીવટ કરવાને શક્તિમાન થાય નહીં ત્યાં સુધી, રાજવહીવટ વિષે પોતાના "મૅન્ડેટરી" રાજ્યની સલાહ અને મદદ લેવાની શરતે સ્વતંત્ર રાજ્યો તરીકે સ્વીકારવામાં આવ્યાં છે. સીરિયાનો મૅન્ડેટ ફ્રાન્સને આપવામાં આવ્યો છે અને મેસોપોટેમિયા તથા પૅલેસ્ટાઈનનો મૅન્ડેટ ગ્રેટ બ્રિટનને આપવામાં આવ્યો છે. પૅલેસ્ટાઈનના મૅન્ડેટમાં યહૂદી લોકો માટે રાષ્ટ્રીય વતન સ્થાપવા અંગેની નવેમ્બર ૮, ૧૯૧૮ની જાહેરાતનો અમલ કરવાની જોગવાઈ રાખવામાં આવશે.

૧. આ શરતો મિત્રરાજ્યોએ તુર્કસ્તાનને મોકલી આપી હતી અને હિંદુસ્તાનમાં ૧૪મી મે, ૧૯૨૦ના સરકારી અસાધારણ ગૅઝેટમાં પ્રસિદ્ધ થઈ હતી. નવજીવનમાં નહીં આપેલો કેટલોક ભાગ અંગ્રેજી પરથી લીધો છે.

Gandhi Heritage Portal

(૯) હિજાઝને સ્વતંત્ર અને સ્વાધીન રાજ્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે. હિજાઝના રાજા, સઘળા દેશોના મુસલમાન હાજીઓને મક્કા મદીના છૂટથી અને બિનમુશ્કેલીએ જવાઆવવા દેવાની ખાતરી આપવા માથે લે છે.

(૧૦) ઈજિપ્ત, સુદાન અને સાઇપ્રસ ઉપરના સઘળા હકદાવા તુર્કસ્તાન છોડી દે છે.

(૧૧) મોરક્કો અને ટ્યુનિસ ઉપરની ફ્રેન્ચ પ્રોટેક્ટરેટ તુર્કસ્તાન સ્વીકારે છે.

(૧૨) ઈજિયન સમુદ્રમાંના કેટલાક ટાપુઓ ઉપરના પોતાના હક તુર્કસ્તાન છોડી દે છે.

(૧૩) તુર્કસ્તાનના ઉપયોગ માટે લશ્કર, કાફલો અને હવાઈ ફોજ નીચે પ્રમાણે રહેશે :

(ક) કૉન્સ્ટૅન્ટિનોપલ ખાતે સુલતાનનું એક "બૉડીગાર્ડ" લશ્કર;

(ખ) દેશની અંદરનો બંદોબસ્ત અને સલામતી જાળવવા માટે તથા નાની પ્રજાઓના રક્ષણ માટે એક "જેન્ડાર્મરી" લશ્કર;

(ગ) "જેન્ડાર્મરી"માં ઉમેરો કરવા માટે અને સરહદનો આયંદા બંદોબસ્ત રાખવા માટે ખાસ લશ્કરી ગોઠવણ.

બૉડીગાર્ડ લશ્કરમાં વધુમાં વધુ ૭૦૦ માણસ રહેશે, અને જેન્ડાર્મરી તથા ખાસ ગોઠવણનું લશ્કર બન્ને મળી વધુમાં વધુ ૫૦,૦૦૦ માણસ રહેશે. તુર્કસ્તાનનાં બંદરોમાં કેદ રાખેલાં સઘળાં લડાઈનાં બારકસો છેવટે આપી દીધેલાં જાહેર કરવામાં આવે છે.

તુર્કીનો કાફલો વધુમાં વધુ છ ટૉર્પીડો બોટ અને સાત સ્લૂપ વહાણનો રાખવો જોઈશે. કોઈ પણ લશ્કરી, દરિયાઈ કે હવાઈ ફોજ અથવા દોરી શકાય એવાં બલૂનો રાખી શકાશે નહીં.

(૧૪) તુર્કસ્તાનનાં દેશપરદેશનાં દેવાં અદા કરવામાં આવશે એવી ખાતરી મળે નહીં ત્યાં સુધી તુર્કસ્તાનનાં આવકનાં સાધનો ઉપર નિર્બંધ રાખવામાં આવશે.

(૧૫) વહાણોને આવવા-જવાની છૂટ અને માલ લાવવા લઈ જવાની છૂટની ખાતરી મેળવવામાં આવી છે. નીચેનાં બંદરો દેશપરદેશ માટે ખુલ્લાં બંદરો તરીકે જાહેર કરવામાં આવ્યાં છે, અને દરેક બંદરમાં ખુલ્લા પ્રદેશની ગોઠવણ કરવામાં આવશે :– ઍલેક્ઝાન્ડ્રેટા, બસરા, બાટુમ, કૉન્સ્ટૅન્ટિનોપલ, ડેડીઆગચ, હૈફા, હૈદાર પાશા, સ્મર્ના અને ટ્રેબિઝોન્ડ.

(૧૬) ઉપર જણાવી છે તે ઉપરાંત બીજી અનેક બાબતો વિષે જોગવાઈઓ છે, જેવી કે : (અ) લીગ ઑફ નેશન્સ, (બ) લઘુમતીઓનું રક્ષણ, (क) છોડી દેવામાં આવેલી મિલકતના હક પાછા આપવા, (ड) યુદ્ધના કેદીઓ, (च) મિત્રરાજ્યોના સૈનિકોની કબરો, (छ) યુદ્ધગુનેગારોની સજા, (ज) આર્થિક પ્રશ્નો અને છૂટછાટો (ए) મજૂરીની પ્રણાલિકાઓ અને (फ) પ્રાચીન અવશેષો. પરંતુ આ નિવેદનમાં આ બધાની વિગતો આપવી જરૂરી નથી.

[ મૂળ અંગ્રેજી ]

ऑल एबाउट ध खिलाफत, पा. ३२९–९

ભાષાંતર : નવજીવન, ૨૩–૫–૧૯૨૦

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૨

## નામદાર વાઇસરૉયનો હિંદના મુસ્લિમોને સંદેશો[1]

તુર્કી સાથેની સુલેહની શરતો સાથે એ જ સરકારી ગૅઝેટમાં ના. વાઇસરૉયે હિંદના મુસલમાનો પ્રત્યે નીચેનો સંદેશો બહાર પાડયો છે:

તુર્કસ્તાન સાથે સુલેહ કરવા બાબતના મિત્રરાજ્યોની સુપ્રીમ કાઉન્સિલના ઠરાવો આજરોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. આ ઠરાવો સઘળા દેશોના મુસલમાનોએ રજૂ કરેલી અરજીઓનો ઘણી જ સંભાળથી અને કાળજીપૂર્વક વિચાર કર્યા પછી કરવામાં આવ્યા છે અને હું તમને ખાતરીથી જણાવું છું કે આ નિર્ણય ઉપર આવતાં પહેલાં હિંદમાંની નામદાર શહેનશાહની મુસલમાન રૈયત તરફથી આવેલી અરજી ઉપર સુપ્રીમ કાઉન્સિલે બની શકે તેટલું લક્ષ આપેલું છે. મારી સરકારે સુલેહની શરતોના ટૂંક સારાંશની સાથે, મુખ્ય ઠરાવો તથા તે માટેનાં કારણો સમજાવનારી યાદી પ્રસિદ્ધ કરી છે. બ્રિટન અને તેનાં મિત્ર-રાજ્યો સાથે થોડા વખત અગાઉ લડાઈમાં ઊતરેલાં બીજાં સઘળાં રાજ્યો સાથેના સુલેહના કરાર નક્કી કરવામાં જે ઉચ્ચ નિયમો લાગુ પાડવામાં આવ્યા હતા તે જ નિયમો આ ઠરાવોમાં સંપૂર્ણ રીતે અનુસરવામાં આવ્યા છે છતાં પણ મને ધાસ્તી છે કે સઘળા મુસલમાનોને દુઃખકર થઈ પડે એવી કેટલીક શરતો તેમાં છે. જે લાંબી ઢીલથી એક વર્ષ કરતાં વધારે મુદ્દત સુધી તમારી ચિંતાઓ ચાલુ રહી છે તે જોકે અનિવાર્ય હતી તોપણ તેથી કરીને તમારી ખાતર મને બહુ ખેદ થયો છે. અને હવે તમારી કસોટીના પ્રસંગે હું તમોને આશ્વાસન અને સહાનુભૂતિનો સંદેશો મોકલું છું, કે જેથી મને આશા છે કે તમે હિંમત ધરશો. બ્રિટિશ સામ્રાજ્યની જરૂરને પ્રસંગે, તમારા બાદશાહ અને દેશના આવાહનનો તમે ઉત્તમ રીતે જવાબ આપ્યો અને તેમ કરીને ઇન્સાફ અને ઇન્સાનિયતના જે ઉચ્ચ આશયોને માટે મિત્રરાજ્યો લડયાં તેની ફતેહમાં તમે મોટો હિસ્સો આપ્યો છે. જે શહેનશાહતના તમે એક ભાગ છો તે આ ઉચ્ચ આશયો ઉપર મક્કમપણે સ્થપાયેલી છે; અને હિંદના મુસલમાનો કે જેમણે બ્રિટિશ રાજ્ય નીચે સંપૂર્ણ ધાર્મિક સ્વતંત્રતા હમેશ ભોગવી છે તેમની સામે રાજકીય પ્રગતિ અને આર્થિક આબાદીવાળું ઝળકતું ભવિષ્ય આવી ઊભું છે. છેલ્લી આફતભરેલી લડાઈ અગાઉ ગ્રેટ બ્રિટને તુર્કસ્તાન સાથે મિત્રાચારીનો અત્યંત નિકટ સંબંધ હમેશ જાળવી રાખ્યો હતો, અને મને ભરોસો છે કે આ નવા કોલકરાર સંપૂર્ણ થયેથી એ મિત્રતા ફરીથી જલદી જ સજીવન થશે; અને ફરીથી તાજું થયેલું તથા આશા અને સામર્થ્યથી ભરેલું તુર્કસ્તાન ભૂતકાળની માફક ભવિષ્યમાં પણ ઇસ્લામી ધર્મના સ્તંભ તરીકે ખડું રહેશે. મને ભરોસો છે કે, આ વિચાર તમને સુલેહના કોલકરારો સબૂરી, હિંમત અને ધીરજથી સ્વીકારવાની શક્તિ આપશે, અને શહેનશાહ પ્રત્યેની તમારી રાજ્યનિષ્ઠા આટલી બધી પેઢીઓ સુધી જેવી ઉજ્જ્વળ અને નિષ્કલંક રહી છે તેવી જ રાખવાનું બળ પણ તે આપશે. ઈશ્વર શહેનશાહનું રક્ષણ કરો!

(સહી) ચેમ્સફર્ડ

[મૂળ અંગ્રેજી]

ઑલ એબાઉટ ધ ખિલાફત, પા. ૩૨૯–૩૧
ભાષાંતર: નવજીવન, ૨૩–૫–૧૯૨૦

૧. આ સંદેશો ૧૪મી મે, ૧૯૨૦ના સરકારી અસાધારણ ગૅઝેટમાં પ્રસિદ્ધ થયો હતો.

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૩

## ખિલાફત કમિટીમાં પસાર થયેલા ઠરાવો

અલ્લાહાબાદ, જૂન ૩, ૧૯૨૦

**ઠરાવ ૧**

આ સભા મધ્યસ્થ ખિલાફત કમિટીએ અગાઉ મંજૂર કરેલા ચાર તબક્કા અનુસારના અસહકારના આંદોલનને ફરીથી બહાલી આપે છે અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે નીચેના સજ્જનોની એક સબ-કમિટી નીમે છે: મહાત્મા ગાંધી, મૌલાના અબુલ કલામ આઝાદ, મૌલાના મહમદઅલી, શ્રી અહમદ, હાજી સિદ્દિક ખતરી, મૌલાના શૌકતઅલી, ડૉ. કિચલુ અને મૌલાના હજરત મોહાની. આ સબ-કમિટીને પોતાની સંખ્યામાં વધારો કરવાનો અધિકાર રહેશે.

**ઠરાવ ૨**

આ સભા ઠરાવે છે કે સ્વદેશીની ચળવળ પૂરેપૂરી ધગશ સાથે ઉપાડી લેવી જોઈએ અને તેને અમલી બનાવવા એક યોજના ઘડી કાઢવા માટે નીચેના સજ્જનોની એક સબ-કમિટી નીમવી જોઈએ: શ્રી. છોટાણી, મહાત્મા ગાંધી, મૌલાના હજરત મોહાની, ડૉ. કિચલુ, મૌલવી જાફરઅલીખાન, સર્વશ્રી આગા સફદર, સૈયદ અબદુર રઉફ, મહમદ યુસુફ, શરીફ, તાજુદ્દીન મુશીન–ઉલ–મુલ્ક, લાલા શંકરલાલ, મૌલાના શાહ સુલેમાન, મૌલાના શૌકતઅલી, સર્વશ્રી ઉમર સોબાની, અબદુલ વહૃદ, અહમદ, હાજી સિદ્દિક ખતરી, જહૂર અહમદ, નૂરમહમદ શેખ, અબુલ કલામ આઝાદ, મૌલવી અકરામ ખાન, મૌલવી મુનીરુઝમાન, શ્રી. યાકુબ હુસેન.

[મૂળ અંગ્રેજી]

अमृत बझार पत्रिका, ७–६–१९२०

# પરિશિષ્ટ ૪

## હંટર કમિટીના રિપોર્ટ વિષે હિંદ સરકારનો ખરીતો

**હિંદ સરકાર**

**ગૃહ ખાતું**

રાજકીય

પરમ માનનીય એડવિન મૉન્ટેગ્યુ
નામદાર સમ્રાટના હિંદી વજીર
સિમલા

મે ૩, ૧૯૨૦

સાહેબ,

રમખાણ તપાસ કમિટીએ ૮મી માર્ચ, ૧૯૨૦ને રોજ રજૂ કરેલો રિપોર્ટ આપની જાણ માટે તથા નામદાર સમ્રાટની સરકાર તે અંગે જે હુકમો બહાર પાડવા માગતી હોય તે બહાર પાડી શકે તે માટે, અમે આ સાથે સાદર કરીએ છીએ. સાથે આ રિપોર્ટનું અમારું અવલોકન તથા તે ઉપરથી અમે બાંધેલા નિર્ણયો પણ રજૂ કરીએ છીએ. સામાન્ય રીતે આ રિપોર્ટ હિંદ સરકારના ગૃહખાતાના એક ઠરાવ

Gandhi Heritage Portal

સાથે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હોત; પરંતુ આ વિષયને અમે એટલો અગત્યનો માનીએ છીએ કે આપની સાથે વિચારવિનિમય કર્યા પછી અમે એમ નક્કી કર્યું છે કે આ રિપોર્ટ વિષેના અમારા અભિપ્રાયો અને નિર્ણયો નામદાર સમ્રાટની સરકારની માહિતી માટે આપને જ મોકલી આપવા એ ઉત્તમ માર્ગ છે. અમે એટલું ઉમેરવા માગીએ છીએ કે અમે રજૂ કરેલા વિચારો અને નિર્ણયો એકમતે થયેલા છે; માત્ર કેટલાક મુદ્દાઓ બાબત અમારા માનવંતા સાથીદાર મિ. શફીને મતભેદ હતો તેનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. અમે એ પણ જણાવીએ છીએ કે અમારા માનવંતા સાથીદારો સર જ્યૉર્જ લાઉન્ડ્ઝ, જેઓ હાલમાં રજા ઉપર છે તેઓ, તેમના જતાં સુધી અમે બાંધેલા તમામ નિર્ણયો સાથે સંમત હતા.

૨. મુંબઈ, દિલ્હી અને પંજાબમાં થયેલાં રમખાણો, તેમનાં કારણો અને તે રમખાણોને દાબી દેવા માટે લેવાયેલાં પગલાંની તપાસ કરવા, ગવર્નર જનરલ સમેત કાઉન્સિલે હિંદી વજીરની મંજૂરીથી, તા. ૧૪મી ઑક્ટોબર, ૧૯૧૯ના ઠરાવ નં. ૨૧૬૮થી એક કમિટી નીમી હતી. માનનીય લૉર્ડ હંટર, જેઓ પહેલાં સ્કૉટલૅન્ડના સૉલિસિટર જનરલ હતા અને અત્યારે ત્યાંની કૉલેજ ઑફ જસ્ટિસના સેનેટર છે તેમને, આ કમિટીના પ્રમુખ નીમવામાં આવ્યા હતા. કમિટી નીચેના સભ્યોની બની હતી:

(૧) માનનીય ન્યાયમૂર્તિ જી. સી. રૅંકિન, કલકત્તા હાઈકોર્ટના ન્યાયાધીશ.

(૨) માનનીય મિ. ડબ્લ્યુ. એફ. રાઈસ, સી. એસ. આઈ., આઈ. સી. એસ., હિંદ સરકારના ગૃહખાતાના વધારાના સેક્રેટરી.

(૩) મેજર-જનરલ સર જ્યૉર્જ બૅરો, કે. સી. બી., કે. સી. એમ. જી., આઈ. એ., પેશાવર ડિવિઝનના કમાન્ડર.

(૪) માનનીય પંડિત જગત નારાયણ, બી. એ., સંયુક્ત પ્રાંતોના લેફ્ટનન્ટ ગવર્નરની ધારાસભાના સભ્ય.

(૫) માનનીય મિ. ટૉમસ સ્મિથ, સંયુક્ત પ્રાંતોના લેફ્ટનન્ટ ગવર્નરની ધારાસભાના સભ્ય.

(૬) સર ચિમનલાલ હરિલાલ સેતલવાડ, નાઈટ, મુંબઈ હાઈકોર્ટના ઍડવોકેટ.

(૭) સરદાર સાહેબજાદા સુલતાન અહમદ ખાન, મુન્તઝીમ-ઉદ્-દૌલા, એમ. એ., એલએલ. એમ., (કૅન્ટાબ), બાર-ઍટ-લૉ, ગ્વાલિયર રાજ્યના અપીલો માટેના સભ્ય.

આ કમિટીએ ૨૯મી ઑક્ટોબર, ૧૯૧૯ને રોજ પોતાના કામનો આરંભ કર્યો, અને દિલ્હી, લાહોર, અમદાવાદ અને મુંબઈમાં જુબાનીઓ લીધા પછી ૧૯૨૦ના માર્ચ માસના પહેલા અઠવાડિયામાં પોતાનું કામ પૂરું કરી, તે જ અરસામાં પોતાનો રિપોર્ટ હિંદ સરકારને સુપરત કર્યો.

આ કમિટીએ તારવેલા નિર્ણયોનું અવલોકન કરતાં પહેલાં, તપાસનું ક્ષેત્ર, જુબાનીઓ લેવામાં કમિટીએ અખત્યાર કરેલી કાર્યપદ્ધતિ અને કમિટીના નિર્ણયોના સામાન્ય સ્વરૂપ વિષે કેટલીક પ્રાસ્તાવિક બાબતો કહી દેવા માગીએ છીએ.

૩. રમખાણોના તથા તપાસક્ષેત્રના સ્વરૂપનો સામાન્ય ખ્યાલ મેળવવા માટે, તોફાનોનાં મુખ્ય મથકોનાં ભૌગોલિક સ્થાનનો સંબંધ ટૂંકમાં સમજાવવો અને બનેલી ઘટનાઓનો કાળાનુક્રમ સૂચવે એવી થોડીક મહત્ત્વની તારીખોનો ઉલ્લેખ કરી લેવો ઉપયોગી થઈ પડશે. દિલ્હી હિંદુસ્તાનનું પાટનગર છે અને એનું ઐતિહાસિક અને વેપારી મહત્ત્વ જોતાં, બાકીના ઉત્તર હિંદુસ્તાનનું વલણ નક્કી કરવામાં એક મહત્ત્વનું નિર્ણાયક અંગ છે. ૩૦મી માર્ચને રોજ ત્યાં પહેલવહેલાં રમખાણો ફાટી નીકળ્યાં. આ રમખાણો એવા સ્વરૂપનાં હતાં કે તેને શાંત પાડી ફરી વ્યવસ્થા સ્થાપવા માટે લશ્કરનો ઉપયોગ કરવાની જરૂર પડી હતી, અને વ્યવસ્થા ફરી સ્થપાતાં પહેલાં લોકોના ટોળા ઉપર બે વાર ગોળીબાર કરવો પડ્યો હતો. ૧૦મી એપ્રિલને રોજ પંજાબમાં આવેલા અમૃતસર અને લાહોરમાં તથા મુંબઈ ઇલાકામાં આવેલા અમદાવાદમાં હિંસક તોફાનો થયાં, અને કલકત્તા તથા મુંબઈ જેવાં દૂરનાં સ્થળોએ પણ થોડા પ્રમાણમાં સ્પષ્ટરૂપે અશાંતિ જોવામાં આવી. લાહોર ૨,૩૦,૦૦૦ની વસ્તીનું શહેર છે અને પંજાબની રાજધાની છે. અમૃતસર લાહોરથી ૨૦ માઈલ પૂર્વમાં આવેલું છે; એની વસ્તી ૧,૫૦,૦૦૦થી વધારે છે અને વેપારી દૃષ્ટિએ તે એક ઘણું મહત્ત્વનું શહેર છે. અમદાવાદની વસ્તી આશરે ૨,૮૦,૦૦૦ છે. તે એક

Gandhi Heritage Portal

ઔદ્યોગિક શહેર છે અને તેમાં ૭૮ મિલો આવેલી છે. દિલ્હીથી લાહોર, અમૃતસર અને અમદાવાદનું અંતર અનુક્રમે આશરે ૩૦૦, ૨૮૦ અને ૫૪૦ માઈલ છે. ૧૦મી એપ્રિલ પછી પંજાબમાં પરિસ્થિતિ ઝડપથી વણસી ગઈ, એટલે ૧૫મી એપ્રિલે લાહોર અને અમૃતસર જિલ્લાઓમાં અને તે પછી થોડા જ વખતમાં બીજા ત્રણ જિલ્લાઓમાં પણ લશ્કરી કાયદો જાહેર કરવામાં આવ્યો. ત્યાર બાદ લગભગ બે અઠવાડિયાં પછી સરહદ પ્રાંતમાં ધડાકો થયો અને ૪થી મેના રોજ અફઘાન યુદ્ધ માટે લશ્કર મોકલવાનું શરૂ થયું. પંજાબની એકંદર સ્થિતિ ઉપર આની ગંભીર અસર થઈ, એટલે સંબંધ ધરાવતા તમામ જિલ્લાઓમાંથી ૧૨મી જૂન પહેલાં અને રેલવે વિસ્તારોમાંથી તે પછીના થોડા દિવસ સુધી લશ્કરી કાયદો ઉઠાવી લેવાનું શક્ય બન્યું નહીં. તેમનાં કારણો અને પરિણામો સહિત કમિટીએ જે બનાવોને પોતાની તપાસના વિષય બનાવ્યા તે ટૂંકમાં આટલા હતા.

૪. હિંદ સરકાર એ પછી જે બીજા મુદ્દાનો ઉલ્લેખ કરવા માગે છે તે અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિએ તપાસ કમિટી સમક્ષ જુબાની નહીં આપવાનો કરેલો નિર્ણય છે. સરકારને કમિટીનો રિપોર્ટ મોકલતી વખતે લૉર્ડ હંટરે તા. ૮મી માર્ચના પોતાના પત્રમાં જણાવ્યું છે તે પ્રમાણે, જે લોકો જુબાની આપવા માગતા હોય તે બધાએ પોતાનાં નામ અને સરનામાં તથા જે મુદ્દા વિષે પોતે જુબાની આપવા ઇચ્છતા હોય તેની એક ટૂંકી નોંધ મોકલી આપવી એવી જાહેરાત કરી હતી. કોની કોની જુબાની કયા મુદ્દા ઉપર લેવી તે કમિટીએ પોતે નક્કી કરવાનું હતું. ૧૨મી નવેમ્બર પછી કૉંગ્રેસ સમિતિએ તપાસ કમિટી સમક્ષ હાજર થઈ જુબાની આપીને કમિટીને વધારે મદદ કરવાનો કયા સંજોગોમાં ઇનકાર કર્યો તે, તથા એ જ સંસ્થાએ ૩૦મી ડિસેમ્બરે પોતાની જુબાની આપવાની તથા તપાસ ફરીથી આદરવાની જે માગણી રજૂ કરી તે, અને એ માગણી સ્વીકારવાની કયાં કારણોને લીધે લૉર્ડ હંટરને ના પાડવી પડી તે બધાનું વર્ણન લૉર્ડ હંટરે આપ્યું છે. અમે માનીએ છીએ કે આ બાબતનો લૉર્ડ હંટરે આપેલો હેવાલ વાંચ્યા પછી એમનો નિર્ણય બિલકુલ વાજબી હતો એ વિષે સૌ કોઈ સમજદાર લોકોની ખાતરી થશે. પરંતુ જે મુદ્દા ઉપર અમે ભાર મૂકવા માગીએ છીએ, અને જે મુદ્દો લૉર્ડ હંટરના પણ ધ્યાનમાં હતો જ, તે એ છે કે કમિટી સમક્ષ રજૂ કરવામાં આવેલી સામગ્રી તથા તેની આગળ પડેલી જુબાનીઓ તપાસના આખા ક્ષેત્રને આવરી લેતી હતી. સરકારી સાક્ષીઓએ પોતે જે ઘટનાઓમાં ભાગ લીધો હતો તે સંબંધી જે કંઈ માહિતી તેમની પાસે હતી તે કમિટી સમક્ષ સંપૂર્ણ રીતે ખુલ્લી કરી દીધી હતી; તેમ જ તોફાનો કેવી રીતે શરૂ થયાં, કેવી રીતે દાબી દેવાયાં અને લશ્કરી કાયદાનો અમલ કેવી રીતે કરવામાં આવ્યો તે વિષે જે કંઈ પત્રવ્યવહાર અને બીજા દસ્તાવેજી પુરાવા તેમની પાસે હતા તે બધા એમણે કમિટી સમક્ષ રજૂ કર્યા હતા. સરકારને એ વાતનું દુ:ખ છે કે આ બધી સામગ્રીમાં કૉંગ્રેસ સમિતિએ એકઠા કરેલા વધારાના પુરાવા ઉમેરી શકાયા નથી અને તેથી એ સંસ્થાએ પાછળથી પ્રસિદ્ધ કરેલા પુરાવાની તટસ્થ ટ્રિબ્યુનલ મારફતે ચકાસણી થઈ શકી નથી. જોકે એ પુરાવાઓએ અમુક ઘટનાઓ ઉપર વિશેષ પ્રકાશ પાડ્યો હોત, છતાં કમિટી સમક્ષ જે સમગ્ર ચિત્ર રજૂ થયું છે તેમાં એનાથી ખાસ ફરક પડ્યો હોત કે કેમ તેની સરકારને શંકા છે. જલિયાંવાલા બાગમાં થયેલા ગોળીબાર સંબંધમાં ગયા ડિસેમ્બર માસથી ઇંગ્લંડમાં તેમ જ હિંદુસ્તાનમાં લોકોનું બહુ મોટા પ્રમાણમાં ધ્યાન ખેંચાયું છે. તે અંગે અભિપ્રાય બાંધવા માટે કમિટી પાસે પુષ્કળ સામગ્રી આવી હતી. એટલે એથી વિશેષ પુરાવાઓ મળ્યા હોત તો પણ હકીકતોની માહિતી બાબતમાં કોઈ વધારે મદદ થઈ શકત નહીં.

૫. કમિટીએ હવે પોતાની ભલામણો બહુમતી અને લઘુમતી રિપોર્ટના રૂપમાં રજૂ કરી છે. બહુમતી રિપોર્ટ પર કમિટીના પ્રમુખ અને ચાર સભ્યો ન્યાયમૂર્તિ રૅંકિન, જનરલ બૅરો, અને મેસર્સ રાઈસ તથા સ્મિથે હસ્તાક્ષર કરેલા છે; લઘુમતી રિપોર્ટ પર સર ચિ. હ. સેતલવાડ, પંડિત જગત નારાયણ અને સાહેબજાદા સુલતાન અહમદખાનની સહીઓ છે. બે રિપોર્ટો રજૂ થયા છે, છતાં હિંદુસ્તાનની સરકારને એટલો સંતોષ છે કે જે હકીકતો તારવવામાં આવી છે તે બાબતમાં મોટે ભાગે બધા સભ્યો એકમત છે; અને એમાંથી તારવવાના નિર્ણયોમાં મતભેદ હોવા છતાં એ બાબતમાં પણ સારી પેઠે સમાન ભૂમિકા પ્રવર્તે છે. આ સમાન ભૂમિકા દિલ્હી અને મુંબઈ ઇલાકામાં બનેલા તમામ બનાવોને આવરી લે છે. પંજાબમાં બનેલા બનાવો અને રમખાણોનાં કારણોના બયાનમાં પણ એ મોટા પ્રમાણમાં જોઈ શકાય છે.



Gandhi Heritage Portal

વળી પંજાબના નિર્ણયો વિષેનો તફાવત છેક પાયાનો નથી. આ તફાવત કંઈક અંશે પ્રમાણનો છે અને કંઈક અંશે પાયાના મતભેદનો છે. રમખાણોને દાબી દેવા માટે અને લશ્કરી કાયદાનો અમલ કરવા માટે લેવાયેલાં કેટલાંક પગલાંને બંને રિપોર્ટોમાં વખોડી કાઢવામાં આવ્યાં છે, પરંતુ બંનેની કડકાઈના પ્રમાણમાં ફરક છે. આ ટીકા ખાસ કરીને જલિયાંવાલા બાગના ગોળીબારની બંને રિપોર્ટોની સંયુક્ત નિંદાને લાગુ પડે છે. પાયાના મતભેદવાળો સૌથી વધારે મહત્ત્વનો મુદ્દો પંજાબમાં લશ્કરી કાયદો લાગુ પાડવા સંબંધી છે. બહુમતી એમ કહે છે કે તે વખતે બળવાની પરિસ્થિતિ પ્રવર્તતી હતી, એટલે લશ્કરી કાયદો લાગુ કરવાની જરૂર ઊભી થઈ હતી અથવા એ કાયદો લાગુ પાડયો તે વાજબી હતું. જ્યારે લઘુમતી એમ માને છે કે જે તોફાનો થયાં તેણે બળવાનું સ્વરૂપ ધારણ કર્યું નહોતું, એટલે એ તોફાનોને મુલકી સત્તાનું નિયંત્રણ ઉઠાવી લીધા વિના જ અથવા લશ્કર બોલાવ્યા વિના જ દાબી દઈ શકાયાં હોત અને મામલો શાંત પાડી શકાયો હોત. મુલકી સત્તાને મદદ કરવા લશ્કરને બોલાવી શકાતું હતું, તેનું સ્થાન લેવા માટે નહીં.

૬. આ તબક્કે, બંને રિપોર્ટોમાં વિષયોનો જે ક્રમ રાખવામાં આવ્યો છે તેની સમજૂતી આપવી સગવડભર્યું થશે. બહુમતી રિપોર્ટમાં પહેલાં સાત પ્રકરણોમાં દિલ્હી, મુંબઈ ઇલાકો અને પંજાબના અમૃતસર, લાહોર, ગુજરાનવાલા, ગુજરાત અને લાયલપુર જિલ્લાઓમાં થયેલાં તોફાનોનું બયાન આપવામાં આવ્યું છે. દરેક કિસ્સામાં બહુમતીએ રમખાણોની ટૂંકી સમીક્ષા કરી છે અને તેમને રોકવા તથા શાંતિ સ્થાપવા લેવાયેલાં પગલાંના ઔચિત્ય વિષે પોતાના અભિપ્રાયો નોંધ્યા છે. આઠમા પ્રકરણમાં માર્ગવ્યવહાર ઉપર થયેલા વ્યાપક હુમલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે, કેમ કે તોફાનોના સામાન્ય સ્વરૂપ સાથે આ હુમલાઓને અગત્યનો સંબંધ છે. પ્રકરણ નવમામાં આ રમખાણોનાં કારણોની ચર્ચા કરવામાં આવી છે. એમાં પંજાબનાં રમખાણોનો વધારે વિગતથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રકરણ દસમામાં લશ્કરી કાયદો દાખલ કર્યાના જુદા જુદા તબક્કાઓનું ટૂંકું વર્ણન છે. પ્રકરણ અગિયારમામાં લશ્કરી કાયદો દાખલ કરવાનાં તથા તે ચાલુ રાખવાનાં કારણો સમજાવવામાં આવ્યાં છે અને પ્રકરણ બારમામાં લશ્કરી કાયદાના અમલની ટીકા કરવામાં આવી છે.

લઘુમતીના રિપોર્ટમાં વિષયોની ગોઠવણી કંઈક જુદી રીતે કરી છે. પ્રકરણ પહેલામાં બહુમતીના અભિપ્રાયો સાથે લઘુમતી કેટલે અંશે સંમત છે અગર નથી, તેનો એકંદર ખ્યાલ આપ્યો છે. તોફાનોના સ્વરૂપની અને કારણોની ચર્ચા બીજા પ્રકરણમાં કરી છે. પંજાબમાં લશ્કરી કાયદો દાખલ કરવામાં આવ્યો અને તે ચાલુ રખાયો, તેના ઔચિત્યની સમીક્ષા ત્રીજા પ્રકરણમાં છે. પ્રકરણ ચોથામાં જલિયાંવાલા બાગના ગોળીબારનું વિવરણ છે. લશ્કરી કાયદાના અમલની ચર્ચા પાંચમા પ્રકરણમાં કરવામાં આવી છે, સશસ્ત્ર ટ્રેનો અને ઍરોપ્લેનોના ઉપયોગની ચર્ચા પ્રકરણ છઠ્ઠામાં છે અને લશ્કરી કાયદાની અદાલતોની કામગીરીની ચર્ચા પ્રકરણ સાતમામાં છે.

રમખાણોનાં કારણો અને સ્વરૂપ વિષેની કમિટીની તપાસની ચર્ચા શરૂઆતમાં જ કરવાનું વધારે સગવડભર્યું થાત, છતાં બહુમતી રિપોર્ટની સામાન્ય યોજના છોડીને ચર્ચા કરવાનું અમને ઉચિત લાગ્યું નથી, કેમ કે એમ કરવાથી બહુમતીના નિર્ણયોને લઘુમતીના નિર્ણયો સાથે સરખાવવાનું કામ વધારે મુશ્કેલ બને. એટલે અમે આ રિપોર્ટની પ્રકરણવાર છણાવટ કરીશું, બહુમતી અને લઘુમતીના નિર્ણયો વિષે અમારા અભિપ્રાયો, ખાસ કરીને જે બાબતોમાં એ બંને વચ્ચે મતભેદ છે તે સંબંધમાં અમારા અભિપ્રાયો જણાવતા જઈશું, અને છેવટે અમારા અભિપ્રાય અનુસાર આ રિપોર્ટ ઉપરથી શાં પગલાં લેવાં જોઈએ તેની રજૂઆત કરીશું.

૭. પ્રકરણ પહેલામાં દિલ્હીનાં રમખાણોનું વિવરણ છે. કમિટીનો નિર્ણય આટલી બાબતોમાં સર્વસંમત છે કે સત્તાવાળાઓએ પરિસ્થિતિને પૂરતા પ્રમાણમાં અને વાજબી રીતે સંભાળી લીધી હતી, લશ્કરી તાકાતનું કોઈ ઉશ્કેરણીજનક કે બિનજરૂરી પ્રદર્શન કરવામાં આવ્યું નહોતું, અને ત્રણ પ્રસંગોએ ગોળી ચલાવવાનું પગલું વાજબી હતું, કેમ કે તે વખતે આ આખરી ઉપાયનો આશ્રય લેવાનું આવશ્યક લાગ્યું હતું. પોલીસ અને લોકોનાં ટોળાં વચ્ચે જે સીધી અથડામણો થઈ તે તો સત્યાગ્રહ

Gandhi Heritage Portal

આંદોલનમાંથી જ નીપજી હોવાનું જણાયું છે. બહુમતી સભ્યોનો અભિપ્રાય એવો છે કે પહેલું તોફાન ફાટી નીકળ્યા પછી જો શ્રી ગાંધીને દિલ્હી જતા અટકાવવામાં આવ્યા ન હોત, તો તેમની હાજરીથી ત્યાંના કારોબારી અમલદારોને ભારે મૂંઝવણ અનુભવવી પડત અને એ હાજરી એક ભારે ખતરાનું કારણ સાબિત થાત. લઘુમતી એમ માને છે કે શ્રી ગાંધીને ન આવવા દીધા એમાં ડહાપણ હતું કે કેમ તે વિષે અમને શંકા છે; ને કદાચ એમની હાજરીથી પરિણામ સારું પણ આવત, છતાં જાહેર શાંતિ જોખમાય એવી ઘટનાઓ બનવાનો પણ સંભવ હતો એની અમે ના પાડતા નથી. સ્થાનિક સત્તાવાળાઓએ લીધેલાં પગલાં સંબંધમાં કમિટીએ કરેલી એકમાત્ર ટીકા એ છે કે ડેપ્યુટી કમિશનરે કેટલાક આગેવાન નાગરિકોની ખાસ પોલીસ તરીકે ભરતી કરી એ ભૂલ હતી, જોકે તેઓ કહે છે તે પ્રમાણે આ નાગરિકો પાસેથી કોઈ પણ પ્રકારની સેવા લેવામાં આવી નહોતી.

આ બધાં અનુમાનો અમે માન્ય રાખીએ છીએ અને સ્થાનિક અધિકારીઓએ પરિસ્થિતિ સમાલી લીધી તેની કમિટીએ કરેલી પ્રશંસા વાંચીને અમને સંતોષ થયો છે. ડેપ્યુટી કમિશનરે ખાસ પોલીસની ભરતી કરી તેમાં તેમનો કોઈ દોષ હતો એમ અમે માનતા નથી, કેમ કે એમણે તો પ્રચલિત પ્રથા અનુસાર એ પ્રમાણે કર્યું હતું. તેમ છતાં અમે આ વિષયમાં સ્થાનિક સરકારોને એ પૂછવા નક્કી કર્યું છે કે જુદા જુદા પ્રાંતોમાં આ બાબતમાં જે હુકમો અમલમાં છે તેમાં સુધારો કે ફેરફાર કરવાની જરૂર છે કે કેમ. દિલ્હી ઉપરાંત અન્ય તોફાનગ્રસ્ત મથકોએ પણ આગેવાન નાગરિકોની ખાસ પોલીસ તરીકે ભરતી કરવામાં આવ્યાનું જણાયું છે, એટલે આવી પૂછપરછ કરી લેવી વધારે જરૂરી છે.

હિંદુસ્તાનની સરકાર માને છે કે આ પ્રકરણમાં વર્ણવેલા બનાવોને બાકીના રિપોર્ટ સાથે મહત્ત્વનો સંબંધ છે, કેમ કે એ બનાવો સત્યાગ્રહ આંદોલનનાં પ્રથમ પરિણામો હતાં, એટલે કે શાંતિ અને વ્યવસ્થા જાળવનારાઓ તથા સત્યાગ્રહ અથવા સવિનય કાનૂનભંગની ચળવળના અનુયાયીઓ વચ્ચેની એ પહેલી અથડામણ હતી. ૩૦મી માર્ચે લોકોએ જે વર્તાવ કર્યો અને જેને લીધે મિલિટરી અને પોલીસને બે વાર ગોળીબાર કરવો પડ્યો, તેને શ્રી ગાંધી અથવા સ્થાનિક રાજકારણીઓ સામે લેવાયેલાં કોઈ પગલાંનાં પરિણામ તરીકે ગણી શકાશે નહીં. લોકોએ પાછળથી કરેલા અત્યાચારોને આવા ગોળીબારનું બહાનું બનાવવામાં આવ્યું છે, પરંતુ શ્રી ગાંધીને હદપાર કરવાનો હુકમ તો દિલ્હીમાં તોફાનો પહેલી વાર ફાટી નીકળ્યાં તે પછી દસ દિવસ સુધી નીકળ્યો નહોતો.

૮. પ્રકરણ બીજામાં મુંબઈ ઇલાકામાં થયેલાં રમખાણોનો હેવાલ આપવામાં આવ્યો છે. આ તોફાનો અમદાવાદ શહેર, અમદાવાદ જિલ્લામાં આવેલું વીરમગામ, ખેડા જિલ્લામાં આવેલું નડિયાદ અને મુંબઈ શહેર પૂરતાં મર્યાદિત હતાં. વીરમગામ અમદાવાદથી ૪૦ માઈલ દૂર આવેલું ૨૦,૦૦૦ની વસ્તીવાળું નગર છે, અને ૩૦,૦૦૦ની વસ્તીવાળું નડિયાદ અમદાવાદથી ૨૯ માઈલ દૂર આવેલું છે. સૌથી વધારે ગંભીર તોફાનો અમદાવાદમાં ફાટી નીકળ્યાં હતાં. શ્રી ગાંધી અમદાવાદમાં વસે છે અને એ શહેરને સત્યાગ્રહ આંદોલનનું જન્મસ્થાન કહી શકાય એમ છે. ૧૦મી એપ્રિલને દિવસે શ્રી ગાંધી સામે લેવાયેલાં પગલાં વિષે અમદાવાદના લોકોએ સાંભળ્યું કે તરત જ તોફાનો શરૂ થઈ ગયાં હતાં. ૧૦મીની બપોર પછી લશ્કરની મદદ મંગાવવામાં આવી હતી, છતાં ૧૪મી સુધી એના ઉપર પૂરેપૂરો કાબૂ મેળવી શકાયો નહોતો. આ રમખાણો અને તેમને શમાવવા માટે લેવાયેલાં પગલાં વિષે કમિટીના રિપોર્ટમાં થયેલા વિગતવાર વર્ણનમાં અહીં ઊતરવાની આવશ્યકતા નથી. પરંતુ એટલું નોંધવાની ખાસ જરૂર છે કે બે દિવસ સુધી અમદાવાદ શહેરમાં લોકોનાં ટોળાં મન ફાવે તેમ વર્તી શક્યાં હતાં, તથા તેમણે કરેલા અત્યાચારોમાં બે કરપીણ ખૂનો, યુરોપિયનો અને સરકારી અધિકારીઓ ઉપર પાશવી હુમલાઓ અને અદાલતો તથા બીજી સરકારી ઇમારતોનો વાળેલો કચ્ચરઘાણ, એટલી બાબતોનો સમાવેશ થતો હતો. ૧૨મી એપ્રિલે લશ્કરના કમાન્ડરે જિલ્લા મૅજિસ્ટ્રેટની સંમતિથી એક ઢંઢેરો બહાર પાડ્યો. તેમાં તમામ લોકોને ચેતવણી આપવામાં આવી કે જો કોઈ પણ એક સ્થળે દશ કરતાં વધારે માણસો એકઠા થશે તો તેમની ઉપર ગોળીબાર કરવામાં આવશે, અને જો કોઈ પણ એક વ્યક્તિ સાંજના ૭ થી સવારના ૬ વાગ્યા દરમ્યાન કોઈ પણ ઘરની બહાર નીકળેલી જોવામાં આવશે અને પડકારવા છતાં રોકાઈ નહીં જાય તો તેને ઠાર કરવામાં આવશે. લશ્કરી અધિકારીનો આ ઢંઢેરો બહાર પડ્યો નહોતો ત્યાં સુધી શહેરનું રક્ષણ કરવાના અને શાંતિ

Gandhi Heritage Portal

સ્થાપવાના પોલીસ તથા મિલિટરીના પ્રયાસો કામિયાબ નીવડયા નહોતા. લશ્કરના માણસોએ છેલ્લો ગોળીબાર ૧૩મી એપ્રિલની બપોરે કર્યો હતો અને કમિટીએ નોંધ્યું છે કે હકીકતમાં કોઈ પણ ગોળીબાર ચેતવણી આપ્યા વિના કરવામાં આવ્યો નહોતો, તેમ જે કોઈ માણસ તોફાન કરતો ન હોય કે બીજાને તે માટે ઉશ્કેરતો ન હોય, તેવા કોઈ પણ માણસ પર ગોળી છોડવામાં આવી નહોતી. આ તોફાન ૧૪મી એપ્રિલે એકાએક બંધ થઈ ગયું. એનું કારણ કેટલેક અંશે આ ઢંઢેરાની અસર અને કેટલેક અંશે શ્રી ગાંધી અમદાવાદ પાછા આવ્યા એ હતું. શાંતિ સ્થાપવામાં સત્તાવાળાઓને મદદ કરવામાં શ્રી ગાંધીએ લોકો ઉપર પોતાની લાગવગનો ઉપયોગ કર્યો હતો, એટલો યશ એમને આ બાબતમાં આપવો જોઈએ. આ રમખાણો દરમ્યાન અમદાવાદમાં આઠ જગાએ અને અમદાવાદની બહાર ચૌદ જગાએ તારનાં દોરડાં કપાયાં હતાં અને રૂપિયા નવ લાખની કિંમતની મિલકતોનો નાશ કરવામાં આવ્યો હતો. સશસ્ત્ર પોલીસ અને લશ્કરે છોડેલી ગોળીઓની સંખ્યા ૭૪૮ હતી, અને રમખાણમાં મરાયેલા અને ઘવાયેલાની નક્કી થયેલી સંખ્યા અનુક્રમે ૨૮ અને ૧૨૩ હતી. ફાટી નીકળેલાં આ તોફાનોને દબાવી દેવા માટે લેવાયેલાં પગલાં અંગે બહુમતી રિપોર્ટમાં આ પ્રમાણે ટિપ્પણ લખેલું છે: "અમારો અભિપ્રાય એવો છે કે તોફાનોને શમાવવા માટે સત્તાવાળાઓએ લીધેલાં પગલાં પ્રસંગને અનુરૂપ હતાં. લશ્કરી બળનો ઉપયોગ કરવાનું અનિવાર્ય હતું અને જે લોકો મરાયા તથા ઘાયલ થયા તેમને માટે કેવળ તોફાનીઓ જ જવાબદાર હતા. શહેરનો કાબૂ બે દિવસ કરતાં ઓછા સમય માટે લશ્કરના હાથમાં રહ્યો હતો; આ સમયને લશ્કરી કાયદાનો સમય એવું નામ આપવામાં આવ્યું છે. પરંતુ શાંતિ જાળવવા અને ૧૨મી એપ્રિલે ઢંઢેરો બહાર પાડવા ઉપરાંત લશ્કરી અધિકારીઓએ વહીવટી બાબતોમાં માથું માર્યું નથી. કહેવાતા લશ્કરી કાયદાના હુકમો ઘણા આકરા હતા, પરંતુ પરિસ્થિતિ પણ અત્યંત ગંભીર હતી. લોકો સમજી ગયા હતા કે જો દશ કરતાં વધારે માણસો કોઈ પણ સ્થળે એકઠા થયેલા જોવામાં આવશે તો ચેતવણી આપ્યા વિના જ તેમને ગોળીએ દેવામાં આવશે. આને લીધે શાંતિ સ્થાપવામાં ઘણી મદદ થઈ હતી અને એમ જણાય છે કે હકીકતમાં આ સૂચનાનો અક્ષરશઃ અમલ કરવામાં આવ્યો નહોતો. અમે માનીએ છીએ કે અત્યંત કટોકટીના સંજોગોમાં પણ લશ્કરી સિપાઈઓએ પ્રશંસનીય સંયમથી કામ લીધું હતું, તથા જે લશ્કરી કારવાઈ કરવામાં આવી હતી તે વધારેપડતી નહોતી. મુંબઈની સરકારે અમને જણાવ્યું છે કે લશ્કર જેટલો સમય અમદાવાદમાં રહ્યું તે દરમ્યાનનું તેનું વર્તન નમૂનેદાર હતું. અમારી તપાસમાંથી પણ આ જ સાર નીકળે છે."

૯. વીરમગામનાં તોફાનો પણ અમદાવાદનાં તોફાનો જેવાં જ ક્રૂરતાભર્યાં હતાં. ત્યાં પણ આગ લગાડવામાં આવી હતી, ખૂનો થયાં હતાં, સરકારી મિલકતોનો નાશ કરવામાં આવ્યો હતો, અને રેલવે તથા તારવ્યવહાર ઉપર હુમલા થયા હતા. લોકોનો રોષ એક અદાલતી અધિકારી શ્રી માધવલાલની કરપીણ હત્યામાં પરમ સીમાએ પહોંચ્યો હતો. લોકો નિર્દય રીતે માધવલાલની પાછળ પડયા હતા. તેઓ જે ઘરમાં સંતાયા હતા ત્યાંથી તેમને બહાર રસ્તા ઉપર ખેંચી લાવવામાં આવ્યા હતા. પછી તેમના શરીર ઉપર કેરોસીન છાંટી, સરકારી ફાઈલોના ઢગલા નીચે એમને જીવતા સળગાવી મૂકવામાં આવ્યા હતા. એમનું શરીર પૂરેપૂરું બળીને રાખ થઈ ગયું હતું. આ ઉપદ્રવની શરૂઆત ૧૨મી એપ્રિલની સવારે થઈ હતી અને તે જ દિવસે મોડી સાંજે અમદાવાદથી લશ્કર આવ્યું ત્યાં સુધી તેને પૂરેપૂરો દાબી શકાયો નહોતો. કમિટીએ નોંધ્યું છે કે મરાયેલા અને ઘવાયેલા તોફાનીઓની એકંદર નિશ્ચિત સંખ્યા અનુક્રમે ૬ અને ૧૧ હતી, અને ટોળાએ નાશ કરેલી મિલકત રૂપિયા બે લાખ કરતાં વધારે કિંમતની હતી. સશસ્ત્ર પોલીસની કામગીરીની પ્રશંસા કરતાં કમિટી લખે છે કે આ પોલીસે જુસ્સાભેર કામ કર્યું હતું અને છ કલાક સુધી ટોળાને સરકારી કચેરીઓથી દૂર રાખ્યું હતું. કમિટી માને છે કે સશસ્ત્ર પોલીસ અને મિ. કોલ્ડિકટના હાથ નીચેના મીઠા ખાતાના સશસ્ત્ર ચપરાસીઓએ તોફાનીઓની સામે વાપરેલું બળ વધારેપડતું તો નહોતું જ. બેશક, તેઓ તો એમ કહે છે કે જો શરૂઆતમાં વધારે બળ વાપરી શકાયું હોત, તો કદાચ એક કરપીણ હત્યા અને ઘણી મિલકતોનો નાશ અટકાવી શકાયો હોત. શ્રી માધવલાલના હત્યારાઓને બરાબર ઓળખી શકાયા ન હોવાથી તેમને ન્યાયની અદાલત સમક્ષ ખડા કરી શકાયા નથી, એ બાબતમાં કમિટી ખેદ વ્યક્ત કરે છે.

Gandhi Heritage Portal

૧૦. નડિયાદમાં જે ટ્રેન બ્રિટિશ લશ્કરને અમદાવાદ લઈ જઈ રહી હતી તેને ઉથલાવી પાડવાનો પ્રયત્ન એ મુખ્ય બનાવ હતો. આ ગાડી પાટા ઉપરથી ઊતરી ગઈ હોવા છતાં આબાદ રીતે બચી ગઈ હતી. કેમ કે અતિ ઢાળવાળા બંધ ઉપરથી તે નીચે ગબડી પડે તે પહેલાં જ તેને થંભાવી દેવામાં આવી હતી. રેલવે અને તારવહેવાર ઉપર અનેક હુમલાઓ થયા હતા, પરંતુ લોકો અને સાવચેતીના પગલા તરીકે ત્યાં મોકલાયેલા લશ્કર વચ્ચે કોઈ અથડામણ થઈ નહોતી.

૧૧. શ્રી ગાંધીને પંજાબ અને દિલ્હીમાં પ્રવેશવા નહીં દીધાના સમાચાર જ્યારે મુંબઈમાં પહોંચ્યા ત્યારે શહેરમાં રમખાણો ઊભાં કરવા પ્રયત્નો થયા હતા. પરંતુ પોલીસ અને મિલિટરીએ રમખાણો સારી રીતે કાબૂમાં લીધાં હતાં, અને શ્રી ગાંધી આવતાં જ મામલો શાંત પડ્યો હતો. મુંબઈ સરકારે કમિટીને જણાવ્યા પ્રમાણે, "રમખાણોને પરિણામે કોઈના જાન ગયા નથી, તેમ સરકારી કે ખાનગી મિલકતનો મોટા પ્રમાણમાં નાશ થયો નથી. રોજબરોજનો રાજ્યવહીવટ અથવા કાયદો અને વ્યવસ્થા ઉપરનું મુલકી નિયંત્રણ અટકી પડ્યું નહોતું. રમખાણો દરમ્યાન થયેલા ગુનાનો નિકાલ મૅજિસ્ટ્રેટોની કાયમી અદાલતોમાં કરવામાં આવ્યો હતો. શહેરનો સામાન્ય જીવનવ્યવહાર લાંબા સમય સુધી ગંભીર રીતે અટકી ગયો નહોતો."

૧૨. મુંબઈ ઇલાકામાં થયેલાં તમામ રમખાણો સંબંધમાં બહુમતીના રિપોર્ટને લઘુમતી માન્ય રાખે છે, છતાં તેઓ લગભગ ચોક્કસપણે માને છે કે જો શ્રી ગાંધી સામે હુકમો ન નીકળ્યા હોત તો અમદાવાદ અને બીજે જે કમનસીબ બનાવો બન્યા તે બન્યા ન હોત. લઘુમતી ઉમેરે છે કે સરકારી પુરાવા અનુસાર શ્રી ગાંધી અમદાવાદ આવ્યા કે તરત એમણે પોતાની બધી લાગવગ, કાયદો અને વ્યવસ્થાનું રાજ્ય સ્થાપવામાં વાપરી હતી. અમદાવાદના કલેક્ટર મિ. ચૅટફીલ્ડે એકાએક અને ગંભીર રીતે ફાટી નીકળેલા લોકોના ગુસ્સા સાથે કામ લેવામાં જે ડહાપણ અને નિર્ણયશક્તિ દાખવ્યાં તેની તારીફ કરીને સ્થાનિક સરકારને લઘુમતી નીચેના શબ્દોમાં શાબાશી આપે છે: "મુંબઈ સરકારે મુંબઈ અને અમદાવાદ શહેરોમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે દૃઢતાપૂર્વક જરૂરી પગલાં લીધાં છતાં લોકો ઉશ્કેરાય અને પાછળ કડવાશ રહી જાય એવાં પગલાં લેવાનું એમણે જે રીતે ટાળ્યું તેમાં અમને લાગે છે કે એમણે પ્રશંસનીય મુત્સદ્દીગીરી દાખવી હતી."

૧૩. મુંબઈ ઇલાકામાં થયેલાં રમખાણો સંબંધમાં કમિટીના સર્વસંમત નિર્ણયોને અમે માન્ય રાખીએ છીએ. સ્થાનિક અધિકારીઓએ બજાવેલી કીમતી સેવાઓ વિષે તથા રમખાણોને દાબી દેવામાં રોકાયેલી ફોજોની પ્રશંસનીય વર્તણૂક વિષે વ્યક્ત થયેલા અભિપ્રાયોને પણ અમે બહાલી આપીએ છીએ. રિપોર્ટમાં વિવિધ અત્યાચારોની જે નોંધ લેવામાં આવી છે તેની આ ખરીતામાં વિગતે ચર્ચા કરવાનું અશક્ય છે. લોકોના ટોળાની ક્રૂરતાનું સીધું નિશાન યુરોપિયનો અને સરકારી નોકરો બન્યા હતા. આ ક્રૂરતાનું ખરું સ્વરૂપ સમજવા માટે આખો રિપોર્ટ વાંચી જવો પડે તેમ છે. જે લોકોને ટોળાના જુલમનો ભોગ થવું પડ્યું છે તે બધા પ્રત્યે અને ખાસ કરીને અત્યંત ઘૃણાસ્પદ રીતે હણાયેલા મૅજિસ્ટ્રેટ અને બે પોલીસ અધિકારીઓનાં સગાં પ્રત્યે અમે આ સ્થળે અમારી ઊંડી હમદર્દી દર્શાવવા માગીએ છીએ. આ ત્રણ જણનાં કુટુંબીઓના ભરણપોષણની વ્યવસ્થા માટે તથા જે અધિકારીઓ અને બીજાઓએ આ ગંભીર મામલામાં કીમતી મદદ આપી છે તેમની સેવાઓની યોગ્ય કદર થાય તે માટે અમે જરૂરી પગલાં ક્યારનાંયે લઈ લીધાં છે.

૧૪. પ્રકરણ ત્રીજામાં કમિટી પંજાબનો પ્રશ્ન હાથમાં લે છે અને શરૂઆતમાં અમૃતસર જિલ્લામાં થયેલાં રમખાણો વિષે વિચારે છે. અમૃતસર શહેરમાં પહેલી વારનાં રમખાણો ૧૦મી એપ્રિલે ફાટી નીકળ્યાં હતાં; પરંતુ તે પહેલાં પણ એ શહેરમાં જે ક્ષોભ અને ઉત્તેજના ફેલાયેલાં હતાં તેના વર્ણનથી આ પ્રકરણની શરૂઆત થાય છે. નવમી તારીખે ડેપ્યુટી કમિશનરને સ્થાનિક સરકારના હુકમો મળ્યા તેમાં ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલને ધર્મશાળા મુકામે ખસેડવાનું જણાવવામાં આવ્યું હતું. ડેપ્યુટી કમિશનરે આ હુકમોનો તાબડતોબ અને ચુપચાપ અમલ કર્યો, એને કમિટી બહાલ રાખે છે, અને સાવચેતી તરીકે કોટવાલીમાં (પોલીસ થાણામાં) પંચોતેર સશસ્ત્ર પોલીસ મૂકી દીધી એને કમિટી ડહાપણનું કામ ગણે છે. પાછળથી આ વ્યવસ્થા પડી ભાંગી એને કમિટી સ્થાનિક અધિકારીઓમાં દૂરંદેશીપણાના કોઈ

Gandhi Heritage Portal

અભાવનું પરિણામ માનતી નથી. તેમ છતાં એક બાજુ સ્ત્રીઓ અને બાળકોને ખસેડવા સાવચેતીનાં પગલાં લીધાં પણ બીજી બાજુ શહેરમાં વસતા યુરોપિયનોને તેમને માથે ઝઝૂમી રહેલા ભયની ચેતવણી ન આપી, એ બે બાબતોને કમિટી અસંગત ગણે છે અને આવી ભૂલ કરવા બદલ અધિકારીઓની ટીકા કરે છે. સાથોસાથ યુરોપિયનો પ્રત્યે વેરભાવના ખરેખર આટલી ઘાતકી રીતે ફાટી નીકળી તેની આગાહી કરવાનું શકય જ નહોતું, એ વાતનો કમિટી સ્વીકાર કરે છે.

ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલની હદપારીના સમાચાર જ્યારે જાણવામાં આવ્યા ત્યારે ઉશ્કેરાયેલા અને ક્રોધે ભરાયેલા એક ટોળાએ સિવિલ લાઇન્સ તરફ ધસી જવાનો પ્રયત્ન કર્યો હતો. કમિટીને લાગે છે કે ડેપ્યુટી કમિશનરે એ ટોળાને એ દિશામાં આગળ વધતું રોક્યું એ વાજબી હતું, એ હેતુ સિદ્ધ કરવા માટે ગોળીબાર કરવાનો જે હુકમ અપાયો હતો તે સંપૂર્ણ રીતે યોગ્ય હતો તથા એમાં જરૂર કરતાં વિશેષ કશું કરવામાં આવ્યું નહોતું. એ જ રીતે બીજે પ્રસંગે હૉલબ્રિજ આગળ ગોળી છોડવાનો હુકમ અપાયો હતો તેને કમિટી વાજબી ઠરાવે છે અને એમાં પણ જરૂર કરતાં વિશેષ કરવામાં આવ્યું નહોતું એ વાત તે સ્વીકારે છે.

૧૫. આ પછી શહેરમાં ટોળાએ આચરેલા હિંસક અત્યાચારોનું કમિટી વર્ણન કરે છે. નૅશનલ બૅંકના મૅનેજર અને મદદનીશ મૅનેજરને એટલો ઢોર માર મારવામાં આવ્યો કે તે બંને જણ મરણ પામ્યા, અને તેમનાં શબોને ફર્નિચરના ઢગલા તળે સળગાવી મૂકવામાં આવ્યાં. બૅંકને લૂંટીને તેના મકાનને આગ ચાંપવામાં આવી, એટલે તે બળીને ભસ્મ થઈ ગયું. બૅંકનાં ગોડાઉનોમાંથી પણ બધો સામાન લૂંટી લેવામાં આવ્યો. તે પછી એલાયન્સ બૅંક ઉપર હુમલો કરવામાં આવ્યો, તેના મૅનેજરને નિર્દય રીતે મારી નાખવામાં આવ્યો, અને તેના શબને છજામાંથી રસ્તા ઉપર ફેંકી દઈ ફર્નિચરના એક ઢગલા નીચે રાખી ઘાસતેલ છાંટી સળગાવી દેવામાં આવ્યું. બૅંકની ઇમારતને આ લોકોએ કશું નુકસાન કર્યું નહીં, તેનું કારણ કદાચ એની માલિકી હિંદીની હતી એ હોઈ શકે. કોટવાલીમાં રાખેલી પોલીસ આ અત્યાચારો રોકવા કશાં પગલાં લઈ શકી નહીં તે માટે કમિટીએ તેની ટીકા કરી છે, અને તે એમ માને છે કે જવાબદાર અધિકારી આ અત્યાચારો અટકાવી શક્યો હોત; પરંતુ કાં તો તે પોતાની જવાબદારી સમજી શક્યો નહીં, અથવા તેણે જવાબદારી અદા કરવા પ્રયત્ન કર્યો નહીં. ચાર્ટર્ડ બૅંક ઉપર પણ હુમલો થયેલો, પરંતુ પોલીસ વચ્ચે પડવાથી તે બચી ગઈ. ટાઉન હૉલ અને પોસ્ટ ઑફિસ બાળી મૂકવામાં આવ્યાં હતાં; તાર કચેરી ઉપર પણ હુમલો તો થયેલો, પરંતુ સ્ટેશનના ચોકિયાતોના જમાદારે ટોળા ઉપર ગોળી છોડી એને બચાવી લીધી હતી. તાર કચેરી આગળ કરેલા ગોળીબારને કમિટી વાજબી માને છે. આ પછી કમિટીએ રેલવે ગોડાઉનની લૂંટ, ગાર્ડ રૉબિન્સન અને સાર્જન્ટ રોલૅન્ડ્ઝની હત્યાઓ, મિ. બેનેટ અને મિસ શેરવૂડ પર થયેલા ખૂની હુમલાઓ, મિસિસ ઈસ્ડન માટે કરવામાં આવેલી નિશ્ચયપૂર્વકની શોધ, ઇન્ડિયન ક્રિશ્ચિયન ચર્ચ સહિત અનેક ઇમારતોને આગ ચાંપવી, તથા સંદેશાવ્યવહારનાં સાધનો કાપી નાખી અમૃતસરનો બીજાં સ્થળો સાથેનો સંબંધ તોડી નાખવા ફરી ફરીને થયેલા પ્રયાસો એ બધાનું બયાન કરેલું છે. ટોળાની હિંસાને સરકાર વિરોધી અને યુરોપિયન વિરોધી તરીકે વર્ણવવામાં આવી છે અને પરિસ્થિતિની ગંભીરતા પૂરતા પ્રમાણમાં સ્પષ્ટ કરવામાં આવી છે. એક જ દિવસની અંદર સત્તર લાખ રૂપિયાની કિંમતની મિલકતનો નાશ કરવામાં આવ્યો હતો.

૧૬. તે દિવસે પાછળથી લશ્કરી ટુકડીના ૩૫માં વિશેષ કુમક આવી પહોંચી, એટલે સાંજે એ વિભાગના કમિશનરે કમાન્ડિંગ ઑફિસરને મૌખિક સૂચના આપી કે પરિસ્થિતિ મુલકી કાબૂની બહાર ગઈ છે એટલે વરિષ્ઠ મિલિટરી અધિકારી તરીકે લશ્કરી દૃષ્ટિએ જે પગલાં લેવાની આપને જરૂર લાગે તે આપે લેવાં જોઈએ. ૧૧મી તારીખની સાંજે કમિશનર લાહોર ગયા અને જનરલ ડાયરે અમૃતસર આવી લશ્કરનો હવાલો સંભાળી લીધો. ડેપ્યુટી કમિશનરે તે જ દિવસે મધરાતે પોતાના હોદ્દાનો ચાર્જ વિધિસર એમને સોંપી દીધો. એકંદરે જોતાં ૧૩મી ઍપ્રિલ પહેલાં લેવાયેલાં પગલાં સંબંધમાં કમિટીને ટીકા કરવાનું કોઈ ગંભીર કારણ જણાયું નથી. એનો એકંદર અભિપ્રાય એવો છે કે ૧૦મી અને ૧૨મી તારીખો વચ્ચે મુલકી અધિકારીઓ લાચાર બની ગયા હતા, અને ૧૧મી તારીખે અનિવાર્ય રીતે સ્થિતિ ખરેખરો માર્શલ લૉ ચાલતો હોય એવી થઈ ગઈ હતી. આથી રમખાણો શમાવવા માટે સત્તાવાળાઓએ વીજળી અને

Gandhi Heritage Portal

પાણીનો પુરવઠો કાપી નાખવાનાં અને બીજાં જે કોઈ પગલાં લીધાં તે વાજબી હતાં; અને ૧૧મી તથા ૧૨મી તારીખોએ શહેરની અંદર કાબૂ પાછો મેળવવા માટે એમણે વધારે સખત અને વધારે મક્કમ પગલાં ભરવાનો પ્રયાસ ન કર્યો એ ડહાપણનું કામ હતું.

૧૭. લઘુમતી કહે છે કે જે બાબતોમાં પોતે સ્પષ્ટ મતભેદ ધરાવે છે તે બાદ કરતાં, બહુમતી રિપોર્ટના ત્રીજા પ્રકરણમાં રજૂ કરવામાં આવેલી હકીકતો એકંદરે તેમને માન્ય છે. ૧૦મી એપ્રિલે થયેલા બધા જ ગોળીબારો વાજબી હતા એમ તેઓ કબૂલ રાખે છે. એમાં માત્ર એક જ મુદ્દા વિષે એમને મતભેદ છે. બહુમતી એમ માને છે કે ૧૦મી તારીખે ટોળાએ જે અત્યાચારો કર્યા તે કોઈ પણ અર્થમાં પુલ પર થયેલા ગોળીબારને લીધે નહોતા થયા, ત્યારે લઘુમતીનો અભિપ્રાય એવો છે કે જે અત્યાચારો થયા તે બિલકુલ અક્ષમ્ય અને ગેરવાજબી હોવા છતાં ટોળાનો એવા અત્યાચારો કરવાનો પહેલેથી કોઈ નિશ્ચિત ઇરાદો નહોતો; ગોળીબાર થયા પછી જ એમણે મગજ પરનો કાબૂ ગુમાવ્યો અને તેઓ ઘાતકી કૃત્યો કરવાની ધૂનમાં આવી ગયા.

૧૮. ૧૨મી એપ્રિલને દિવસે અને તે પહેલાં અમૃતસરમાં જે સ્થિતિ હતી અને જે પગલાં લેવાયેલાં તેની ચર્ચા અમે આ સ્થળે કરી લેવા માગીએ છીએ. સ્થિતિ ઘણી વસમી હતી એવા કમિટીના તારણને અમે બહાલ રાખીએ છીએ તેમ જ સત્તાવાળાઓએ લીધેલાં પગલાં એકંદરે વાજબી હતાં એ પણ સ્વીકારીએ છીએ. તેમ છતાં મુલકી સત્તાવાળાઓએ લશ્કરી કાયદો જાહેર કરતાં પહેલાં પોતાની જે એવી ફરજ માની કે પરિસ્થિતિનો તમામ દોર લશ્કરને સોંપી દેવો, અને તે પણ એવી ભાષામાં કે લશ્કરી કમાન્ડરનાં કૃત્યો પર દેખરેખ રાખવાનો કે માર્ગદર્શન કરાવવાનો પોતાનો ઇરાદો નથી એમ સમજાય, એ વાતને અમે ખેદકારક ગણીએ છીએ. આને પરિણામે મિલિટરી કમાન્ડર બહુ જ મુશ્કેલ સ્થિતિમાં મુકાઈ ગયા. તેમના ઉપર એક ગંભીર જવાબદારી આવી પડી. હિંદ સરકાર એમ માને છે કે આ જવાબદારીમાં ભાગ લેવાનું મુલકી અધિકારીઓએ થોડા વધુ સમય સુધી ચાલુ રાખવું જોઈતું હતું. મુલકી સત્તાનો સદંતર ત્યાગ કરવા માટે હકીકતમાં કોણ જવાબદાર હતું તેની સ્પષ્ટતા થઈ નથી. પરંતુ આ બાબતમાં વધુ તપાસ કરી જરૂરી હુકમો કાઢવા હિંદ સરકાર ઇરાદો રાખે છે.

૧૯. આ પછી કમિટીએ ૧૩મી તારીખે જલિયાંવાલા બાગમાં બનેલા બનાવોની ચર્ચા કરી છે. એમણે એ સ્થળનું વર્ણન કરી ગોળીબાર વિષેની તમામ હકીકતો અને સંજોગોનું સંપૂર્ણ બયાન આપ્યું છે. આમાં ગોળીબારની સંખ્યા ૧૬૫૦, મરનારની અંદાજી સંખ્યા ૩૭૯ અને ઘવાયેલાઓની સંખ્યા એનાથી ત્રણગણી બતાવવામાં આવી છે. એમણે બે મુદ્દાઓ ઉપર જનરલ ડાયરની સખત ટીકા કરી છે: (૧) એમણે ચેતવણી આપ્યા વગર ગોળીબાર શરૂ કર્યો; (૨) ટોળું વીખરાવા માંડ્યું તે પછી પણ એમણે ગોળીબાર ચાલુ રાખ્યો. પહેલા મુદ્દા વિષે કમિટીનું કહેવું એવું છે કે આવે પ્રસંગે યોગ્ય રીતે ચેતવણી આપવી કે નહીં તે નક્કી કરી શકે તેવી એકમાત્ર વ્યક્તિ સ્થળ ઉપરનો મિલિટરી અધિકારી છે. તેમ છતાં કમિટી એવો નિર્દેશ કરે છે કે જનરલ ડાયર એવું કહેતા નથી કે ચેતવણી આપ્યા વિના ટોળા ઉપર ગોળી છોડવાનો પોતાનો નિર્ણય વાજબી હોવાનું ઠરાવવા જેવી કટોકટી અસ્તિત્વમાં હતી. કમિટી સમક્ષ એમણે એવું કહ્યું હતું કે હું જ્યારે આવ્યો ત્યારે એવો નિશ્ચય કરીને આવ્યો હતો કે જો મારા હુકમોની અવગણના કરવામાં આવશે તો તરત જ હું ગોળીબાર કરીશ. કમિટી એમ માને છે કે ગોળીબાર કર્યા વિના લોકો વીખરાયા હોત એ વાત બિલકુલ અસંભવિત છે, કેમ કે ત્યાં હાજર રહેલામાંનો મોટો ભાગ જાહેર ઢંઢેરાનું સીધું ઉલ્લંઘન કરીને આવ્યો હતો. તેમ છતાં તેમનું કહેવું છે કે જો ચેતવણી અપાઈ હોત તો જે લોકો ઢંઢેરાથી અજાણ હતા તેવાઓને તથા બીજાઓને સભા છોડી ચાલ્યા જવાનો મોકો મળ્યો હોત. ટોળું વીખરાવા માંડ્યું તે પછી પણ જનરલ ડાયરે લાંબા વખત સુધી ગોળી ચલાવવાનું ચાલુ રાખ્યું એ એમની ગંભીર ભૂલ હતી એમ કમિટી માને છે. તેમ છતાં એ માને છે કે જનરલ ડાયર પાસે તે વખતે જે માહિતી હતી અને તે સમયની લશ્કરી પરિસ્થિતિનો એમણે જે ક્યાસ કાઢ્યો હતો તે ઉપરથી પોતાની ફરજ બજાવવા માટે આ પગલું લેવું આવશ્યક હતું એવો તેમનો પ્રામાણિક અભિપ્રાય હતો. વધારામાં કમિટીએ એવું પણ તારણ કાઢ્યું છે કે આખા પંજાબમાં એક નૈતિક અસર ઊભી કરવાનો જનરલ ડાયરનો ઇરાદો હતો. પરંતુ કમિટી એ ઇરાદાને પોતાની ફરજ વિષેનો ખોટો ખ્યાલ ગણી વખોડી કાઢે છે.

Gandhi Heritage Portal

એક ફરિયાદ એવી છે કે જનરલ ડાયરે ઘવાયેલા લોકોને મદદ કરી નહોતી. આ બાબતમાં કમિટી એમ કહે છે કે જનરલ ડાયર પાસે બહુ થોડું લશ્કર હોવા ઉપરાંત એમના કહેવા મુજબ ઇસ્પિતાલો ખુલ્લી હતી, તેમ જ મદદ માટે એમની પાસે માગણી કરવામાં આવી નહોતી. અંતમાં, જનરલ ડાયરના કૃત્યથી પંજાબનો મામલો બીચકતો રહી ગયો અને ૧૮૫૭ના બળવા જેવો મોટો બળવો થતો અટકી ગયો, એ વિચારને કમિટી માન્ય રાખતી નથી.

૨૦. જલિયાંવાલા બાગના બનાવો અંગે વિચારતાં લઘુમતીને એમ જણાયું છે કે સભાની મનાઈ કરતા જાહેરનામાને પૂરતી પ્રસિદ્ધિ આપવામાં આવી નહોતી. તે નીચેના કારણે જનરલ ડાયરની સખત ટીકા કરે છે: (૧) મશીનગનો ચલાવી શકાય તેવું હોત તો જરૂર તેનો ઉપયોગ કર્યો હોત એવું સૂચવવા માટે; (૨) ચેતવણી આપ્યા વિના ગોળીબાર શરૂ કરવા અને દારૂગોળો ખલાસ થતાં સુધી તે ચાલુ રાખવા; (૩) ટોળાને વિખેરવા માટે જ નહીં પરંતુ આખા પંજાબમાં એ દ્વારા એક જાતની અસર ઉપજાવવા ગોળીબાર કરવા માટે; (૪) તેમની સામે હાજર રહેલું ટોળું ૧૦મી તારીખના અત્યાચારોના ગુનેગારોનું હતું એમ માની લેવા માટે. લઘુમતી એમ કહે છે કે જનરલ ડાયર પોતે ખરું કરી રહ્યા હતા એમ માનતા હતા કે નહીં એ વાત મહત્ત્વની નથી. તેમ જ લશ્કરી દૃષ્ટિએ એમ કરવું આવશ્યક હતું, એ દલીલ પણ એમનો બચાવ કરી શકે તેમ નથી, કેમ કે જુલમગારોના અત્યાચારોનો બચાવ કરવા આવી દલીલ તો હમેશાં થતી આવી છે. બહુમતીએ જે એવો અભિપ્રાય આપ્યો છે કે ગોળીબાર કર્યા વિના ટોળાને ઘણું કરીને વિખેરી શકાયું ન હોત તેની સાથે લઘુમતી સંમત નથી. પોતાના અભિપ્રાયના સમર્થનમાં એમણે જનરલ ડાયરના પોતાના જ કથનનો હવાલો આપ્યો છે. લઘુમતી જનરલ ડાયરના આ કૃત્યને અમાનુષી અને બ્રિટિશ પ્રજાને ન છાજે એવું હોવાનું ગણાવે છે તથા માને છે કે એનાથી હિંદુસ્તાનમાં બ્રિટિશ શાસનની ભારે ફજેતી થઈ છે. એમનું માનવું એવું છે કે જનરલ ડાયરનું આ વર્તન હિંદુસ્તાન ઉપર તો તલવારથી જ રાજ્ય કરવું જોઈએ એવા પાકા ખ્યાલનું પરિણામ છે. વળી જનરલ ડાયરે મરેલા માણસોને ખસેડવા તથા ઘવાયેલાઓની સંભાળ લેવા કશી ગોઠવણી ન કરી તે કૃત્યને પણ એમણે સખત શબ્દોમાં વખોડી કાઢ્યું છે. અંતમાં, ગોળીબારથી મરાયેલા અને ઘવાયેલા લોકોની સંખ્યા પંજાબ સરકાર તાબડતોબ નક્કી ન કરી શકી, તેની પણ તેમણે ટીકા કરી છે. અહીં એટલું કહી દેવું જોઈએ કે સરકારે આની તપાસ કરાવી હતી અને તેમાં સેવા સમિતિએ એકઠી કરેલી માહિતીની પણ કાળજીપૂર્વક ચકાસણી કરવામાં આવી હતી. એ ઉપરથી માલૂમ પડ્યું છે કે મરનારની સંખ્યા ૩૭૯ હતી અને ઘવાયેલાઓની ૧૯૨ હતી. એટલું લગભગ નક્કી છે કે ઘવાયેલાઓના આંકડામાં માત્ર થોડી જ ઈજા પામેલા ઘણા લોકોની ગણતરી થઈ નથી. પરંતુ વધારે ગંભીર રીતે ઘવાયેલા અને મરાયેલા લોકોની જે એકંદર સંખ્યા ઉપર બતાવી તે કેવળ પ્રમાણના ધોરણે બાંધેલા કોઈ પણ અંદાજ કરતાં સત્યની વધારે નજીક હોવા સંભવ છે, જેમ કે કમિટી સમક્ષ પોતાની જુબાનીમાં જનરલ ડાયરે જે અંદાજ બતાવ્યો છે તે સંભવિત અંદાજની મર્યાદા બહારનો જણાતો નથી.

૨૧. બહુમતી અને લઘુમતીની જનરલ ડાયરને વખોડી કાઢવાની માત્રામાં તફાવત છે તે જોતાં, અને ઇંગ્લંડ તથા હિંદુસ્તાન બંને દેશોમાં જલિયાંવાલા બાગની ઘટનાઓ પ્રત્યે જે ધ્યાન ખેંચાયું છે તે જોતાં, જનરલ ડાયરને કેટલે અંશે દોષિત માનવા એ બાબતની કાળજીભરી પરીક્ષા કરવી સરકાર માટે આવશ્યક થઈ પડી છે. જે ખાસ તારણોને આધારે એમના કૃત્યને વખોડી કાઢવામાં આવ્યું છે તેનો વિચાર કરતાં અમને એમ લાગે છે કે સભાઓની મનાઈ કરતા હુકમોનો વધારે વ્યાપક પ્રમાણમાં પ્રચાર થવો જોઈતો હતો અને ખાસ કરીને એ જાહેરનામાં જલિયાંવાલા બાગમાં ચોંટાડવાં જોઈતાં હતાં, કેમ કે રાજદ્વારી સભાઓ ભરવા માટેનું એ માનીતું મિલન સ્થાન બન્યું છે. અમે એમ પણ માનીએ છીએ કે આ જાહેરનામું વૈશાખી મેળામાં પણ પ્રગટ થવું જોઈતું હતું, કેમ કે ત્યાં આજુબાજુનાં ગામડાંઓમાંથી ઘણા લોકો એકઠા થયા હતા. તેમ છતાં એ વાત પણ સાચી છે કે ઢંઢેરો જનરલ ડાયરની પોતાની હાજરીમાં ઢોલ પીટીને જાહેર કરવામાં આવ્યો હતો, ઉપરાંત શહેરમાં ઓગણીસ જગાએ જાહેરનામાં ચોંટાડવામાં આવ્યાં હતાં. એટલે સભામાં હાજર રહેલા અમૃતસરના ઘણાખરા રહેવાસીઓ આ હુકમોથી વાકેફ હતા અને તેનો અનાદર કરીને તેઓ સભામાં આવ્યા હતા એ બાબતમાં કશી શંકા નથી.

Gandhi Heritage Portal

કમિટીનો અભિપ્રાય એવો છે કે ગોળીબાર શરૂ કરતાં પહેલાં જનરલ ડાયરે ટોળાને ચેતવણી આપવી જોઈતી હતી. કમિટીના આ અભિપ્રાય સાથે હિંદ સરકાર સંમત છે. એ વાત સાચી છે કે જનરલ ડાયર પાસે બહુ જ થોડું લશ્કર હતું. આ સંજોગો અને તોફાનીઓ તોફાન કરવામાં અગાઉ સફળ થયા હતા એ હકીકત ધ્યાનમાં લઈએ તો કેવળ ચેતવણી આપવાથી જ એક ઉશ્કેરાયેલું અને સામું થયેલું ટોળું વીખરાઈ ગયું હોત એ વાત ઘણી જ અસંભવિત લાગે છે. પરંતુ જો સમયસર ચેતવણી આપવામાં આવી હોત, તો વૈશાખી મેળો જોવા આવેલા ગ્રામજનો જેવા સરકારી હુકમથી અજાણ લોકોને તથા બીજાઓને પણ સભા છોડી ચાલ્યા જવાનો મોકો મળી જાત. હિંદ સરકાર એ વાત કબૂલ રાખે છે કે આવી સાવધાની રાખવાનું અશક્ય બને એવી કોઈ કટોકટી તે વખતે અસ્તિત્વમાં નહોતી.

હિંદ સરકારના અભિપ્રાય પ્રમાણે ટોળું વીખરાવા માંડયા પછી પણ જનરલ ડાયરે તેના ઉપર ગોળીબાર ચાલુ રાખ્યો, એ કૃત્યનો બચાવ થઈ શકે તેમ નથી. એમણે સતત દશ મિનિટ સુધી ગોળીઓ છોડયા કરી. એટલા સમયમાં ૧૬૫૦ ગોળીઓ વપરાઈ ગઈ. સંભવ છે કે જનરલ ડાયરના કૃત્યથી અમૃતસર અને તેની નજીકના મધ્ય પંજાબના જિલ્લાઓના લોકો પૈકી કાનૂનભંગ કરવામાં માનનારા લોકો એવા ડરી ગયા કે બીજી વાર તોફાનો કરવાની તેમની હિંમત ચાલી નહીં. તેમ છતાં હિંદ સરકાર ગોળીબાર સતત ચાલુ રાખવાનાં યોગ્ય કારણ તરીકે આ હકીકતને સ્વીકારી શકે તેમ નથી, કેમ કે આ ગોળીબાર પ્રસંગની જરૂરિયાત કરતાં ઘણો વધારેપડતો હતો. તે વખતે અમૃતસરમાં પ્રવર્તતી પરિસ્થિતિ જોતાં ટોળું વીખરાઈ જાય એ ખરેખર અત્યંત મહત્ત્વની વાત હતી. અને તે માટે કડક પગલાં લેવાની જરૂર હતી એ પણ સાચું. તેમ છતાં અમારો અભિપ્રાય એવો છે કે જે લશ્કરી બળ વપરાયું તેના કરતાં ઘણા ઓછા બળથી આ હેતુ સાધી શકાયો હોત. વળી જનરલ ડાયરના કૃત્યથી પેદા થયેલી કડવાશને શમી જતાં ઘણો વખત લાગશે એમાં પણ શંકા નથી. જનરલ ડાયર સમક્ષ એક અત્યંત મુશ્કેલ પરિસ્થિતિ ખડી થઈ હતી એની ના નથી. એમને બીજાં સ્થળોથી અમૃતસર અલગ પડી જવાનો ડર હતો. વળી ૧૦મી તારીખના ભયાનક બનાવો પછી ટોળાનું રાજ્ય ચાલુ રહે એમાં જોખમ છે એ વાત પણ એમણે વિચારવાની હતી. આ મુદ્દાઓને પૂરતું વજન આપ્યા પછી, અમે વિચારપૂર્વકનો અભિપ્રાય બાંધ્યો છે કે પ્રસંગને માટે જે જરૂરી હતું તે કરતાં વધારે બળ જનરલ ડાયર વાપરી બેઠા હતા અને પોતાના કર્તવ્યનો ખોટો ખ્યાલ રાખીને વર્ત્યા હતા. આને પરિણામે બિનજરૂરી અને શોચનીય જાનહાનિ થઈ. સંજોગો જોતાં આ નિર્ણય ઉપર આવવાની જોકે અમને ફરજ પડી છે, તેમ છતાં અમને ખાતરી થઈ છે કે જનરલ ડાયર પ્રામાણિકપણે એમ માનતા હતા કે જે સાચું છે તે જ પોતે કરી રહ્યા હતા. વળી અમને એમ પણ લાગે છે કે એને પરિણામે એમના કૃત્યથી તે વખતે તોફાનો કેટલા પ્રમાણમાં ફેલાતાં અટકી ગયાં એનો અંદાજ કાઢવો અત્યારે મુશ્કેલ છે. પંજાબમાં અનેક બુદ્ધિશાળી નિરીક્ષકોનો પણ આ જ અભિપ્રાય હતો. હવે જલિયાંવાલા બાગમાં ગોળીબાર થયા પછી દાક્તરી મદદ માટે કોઈ પ્રબંધ કેમ થયો નહીં એ મુદ્દો બાકી રહે છે. અહીં પણ મરેલા લોકોને ખસેડવા કે ઘવાયેલાઓની સારવાર કરવા મુલકી કે લશ્કરી સત્તાવાળાઓએ કશાં પગલાં લીધાં નહોતાં તે વિષે અમારે ઘણો ઊંડો ખેદ જાહેર કરવો પડે છે. જલિયાંવાલા બાગમાં લેવાયેલા પગલાને સર માઇકલ ઓડવાયરે મંજૂર રાખ્યું હતું, તે માટે લઘુમતીએ તેમની ટીકા કરી છે. જે સંજોગોમાં આ મંજૂરી અપાઈ હતી તેનો જે હેવાલ ભૂતપૂર્વ લેફ્ટનન્ટ ગવર્નરે આપ્યો છે, તેમાં હિંદ સરકારને કશું ઉમેરવાનું નથી. સર માઇકલ ઓડવાયર જે મુશ્કેલ સ્થિતિમાં મુકાયા હતા તેનો પૂરતો ખ્યાલ રાખીએ તોપણ હિંદ સરકારને એટલું તો લાગે છે કે આ પ્રસંગે જનરલ ડાયરના કૃત્યને કોઈ પણ પ્રકારની મંજૂરી આપતાં પહેલાં જો તેમણે ગોળીબારના સંજોગો અને બીજી હકીકતો વધારે વિગતથી જાણવા પગલાં લીધાં હોત, તો તેમના વર્તનમાં વધારે ડહાપણ દેખાત.

અહીં અમે એટલું ઉમેરવા માગીએ છીએ કે અમૃતસર વિષેની હકીકતો અને તેમાંથી નીકળતાં અનુમાનો સંબંધમાં, જે બાબતોમાં લઘુમતીને બહુમતીના અભિપ્રાયો અને નિર્ણયો સાથે મતભેદ છે તે બાબતમાં, અમારા માનવંતા સાથીદાર શ્રી શફી લઘુમતી સાથે એકંદરે સંમત છે. જલિયાંવાલા બાગમાં જનરલ ડાયરે કરેલા કૃત્યથી પંજાબનો મામલો બચી જવા પામ્યો છે અને ૧૮૫૭ના બળવા જેવો મોટો બળવો થતો અટકી ગયો છે, એ માન્યતા તેઓ સ્વીકારતા નથી. તેઓ માને છે કે ૧૪મી એપ્રિલ અને તે પછી

Gandhi Heritage Portal

ગુજરાનવાલા, ગુજરાત અને લાયલપુર જિલ્લાઓમાં જે રમખાણો થયાં તે જલિયાંવાલા બાગમાં બનેલા બનાવે ઉત્પન્ન કરેલા ક્ષોભનાં પરિણામો હતાં.

૨૨. આ કરુણ ઘટનાનો વિષય પૂરો કરતાં પહેલાં એક આક્ષેપનો ઉલ્લેખ કર્યા વિના ચાલે તેમ નથી. આક્ષેપ એવો છે કે આ ઘટના ઉપર જાણીબૂજીને ગુપ્તતાનો અંચળો નાખી દેવામાં આવ્યો હતો. એને લીધે જનતાને એમ માની લેવાનો વારો આવ્યો કે ગયા ડિસેમ્બરમાં તપાસ કમિટી સમક્ષ હકીકતો ખુલ્લી થઈ તેથી જ સત્ય છુપાવવાની આ કુટિલ નીતિ નિષ્ફળ ગઈ છે. આ આક્ષેપ પાયા વગરનો છે. રમખાણો જ્યારે ફાટી નીકળ્યાં ત્યારે તાત્કાલિક જરૂર તેમને શમાવી દેવાની અને વ્યવસ્થાની પુનઃ સ્થાપના કરવાની હતી. શરૂઆતથી જ નામદાર વાઇસરૉયે નક્કી કર્યું હતું કે રમખાણો અને લશ્કરી કાયદાના અમલની તપાસ કરવી એ સરકારની ફરજ છે. આ અભિપ્રાય સાથે આપ સંમત થયા હતા અને મે માસના ત્રીજા અઠવાડિયામાં હાઉસ ઑફ કૉમન્સમાં આપના એક ભાષણમાં આપે નીચે પ્રમાણે જાહેરાત કરી હતી:

> હું જેનું વર્ણન કરી રહ્યો છું એવા આ ઉપદ્રવો વિષે વખતોવખત પ્રશ્નો પુછાયા છે અને તપાસની માગણી કરતા ઠરાવો રજૂ થયા છે. એટલા માટે હું જણાવું છું કે વાઇસરૉયે પહેલેથી જ તપાસ કરાવવાનો ઇરાદો રાખ્યો છે. આટલા મોટા પ્રમાણમાં રમખાણો થાય અને તેનાં કારણો તથા તેમને દબાવી દેવા માટે લેવાયેલાં પગલાંની આપણે તપાસ ન કરીએ એ તો બને જ નહીં. પરંતુ આજ સુધી તપાસની જાહેરાત નથી થઈ તેનું કારણ એ માન્યતા છે કે પહેલાં આગને બુઝાવી દો, પછી તપાસની વાત કરો.

આ જાહેરાત હિંદ સરકારે અથવા તો હિંદી વજીરે બનેલા બનાવની વિગતો દબાવી દેવા કે સંતાડી રાખવા કોઈ કાવતરું રચ્યું છે, એવા ખ્યાલ સાથે બિલકુલ અસંગત છે.

આ પછી આપણી વચ્ચે વધુ પત્રવ્યવહાર થયો, જેને પરિણામે હાલની કમિટીની નિમણૂક થઈ. કમિટીના સભ્યોના પ્રશ્ન ઉપર પણ બહુ જ કાળજીપૂર્વક વિચાર કરવામાં આવ્યો હતો, કેમ કે સરકારે નિશ્ચય કર્યો હતો કે આ મંડળ અત્યંત પ્રભાવશાળી હોવું જોઈએ. અને તેમાં ઉચ્ચ કોટીના ન્યાયના કામના અનુભવી સભ્યો હોવા જોઈએ કે જેથી ઇંગ્લંડ તથા હિંદુસ્તાન બંને દેશોની જનતા તેનામાં પૂરેપૂરો વિશ્વાસ મૂકી શકે. ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ (વડી ધારાસભા)ની ગયા સપ્ટેમ્બર માસની શરદ ઋતુની બેઠકમાં જાહેર કરવામાં આવ્યું હતું કે આ કમિટી થોડા વખતમાં નિમાશે. આ પ્રકારની સામાન્ય તપાસ થાય તે ઉપરાંત, કમિટી મળતાં સુધી અમુક વિશિષ્ટ બનાવોની તપાસ મુલતવી રાખવી કે પ્રારંભિક કારવાઈમાં એનો સમાવેશ કરવો, એ પ્રશ્ન ઉપર પણ કાળજીપૂર્વક વિચાર કરવામાં આવ્યો હતો. પરંતુ આપની સંમતિથી આખરે અમે એમ ઠરાવ્યું કે આવી પ્રારંભિક તપાસ કરવી હિતાવહ નથી.

પ્રારંભિક તપાસ કરવી કે નહીં તેનો વિચાર કરતી વખતે જલિયાંવાલા બાગના કિસ્સા ઉપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું, અને નિર્ણય થઈ ગયા પછી માહિતી એકઠી કરવાનું ચાલુ રહ્યું હતું. જલિયાંવાલા બાગમાં લોકો ઉપર થયેલા ગોળીબાર વિષેનો પહેલો રિપોર્ટ હિંદ સરકારને ૧૪મી એપ્રિલે મળ્યો. તેમાં મરેલા અને ઘવાયેલાની સંખ્યા ૨૦૦ બતાવવામાં આવી હતી. બે દિવસ પછી બીજો રિપોર્ટ મળ્યો. તેમાં એમ કહેવામાં આવ્યું હતું કે એ આંકડો એકલા મરેલા લોકોનો હતો. આ બંને રિપોર્ટો તરત જ હિંદી વજીરને મોકલી આપવામાં આવ્યા હતા. એથી વધારે વિગતવાર રિપોર્ટો એ પછી લાંબા સમય સુધી મળ્યા નહોતા. એપ્રિલના બીજા પખવાડિયામાં જનરલ ડાયર સમસ્ત તોફાનગ્રસ્ત વિસ્તારમાં લશ્કર સાથે ફરવામાં પૂરેપૂરા રોકાયેલા રહ્યા હતા. મે માસની બહુ જ શરૂઆતમાં અફઘાન વિગ્રહ ફાટી નીકળ્યો ત્યારે તેમને કોહાટ બ્રિગેડના કમાન્ડર તરીકે પસંદ કરવામાં આવ્યા. તે તારીખથી જુલાઈના અંત સુધી તેઓ સતત યુદ્ધક્ષેત્રમાં રોકાયેલા રહ્યા હતા; એટલે અમૃતસરમાં લશ્કરી કાયદાના અમલ વિષેનો તથા જલિયાંવાલા બાગમાં થયેલા ગોળીબાર વિષેનો એમનો વિગતવાર રિપોર્ટ ઑગસ્ટ માસ સુધી મળ્યો નહોતો. દરમ્યાન સ્થાનિક સરકાર મરનારા અને ઘવાયેલાઓની સંખ્યા સંબંધી ચોક્કસ આંકડા મેળવવા તપાસ ચલાવી રહી હતી. ઑગસ્ટના અંત સુધીમાં મળેલી માહિતી ઉપરથી માલૂમ પડ્યું કે મરનારનો તે વખતે નક્કી થયેલો આંકડો ૨૯૧ હતો. સેવા સમિતિએ ખાનગી રાહે કરેલી તપાસનાં પરિણામો તપાસતાં આ આંકડાને સમર્થન મળતું હતું. અને આ જ આંકડો ૧૧મી

Gandhi Heritage Portal

સપ્ટેમ્બરે સિમલામાં મળેલી વડી ધારાસભાની બેઠકમાં રજૂ કરવામાં આવ્યો હતો. ધારાસભાની એ જ બેઠક દરમ્યાન પંજાબમાં બનેલા બનાવોનો વિસ્તૃત હેવાલ આપવામાં આવ્યો હતો અને જલિયાંવાલા બાગની વીતકકથાની બહુ જ વિગતથી ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચાની કાર્યવાહીનો સંપૂર્ણ અહેવાલ તૈયાર કરી રાબેતા મુજબ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. એણે હિંદુસ્તાનમાં ખરેખર ભારે જબરું આકર્ષણ જમાવ્યું હતું. આમ છતાં સરકારી તપાસનું કામ ચાલુ રહ્યું, અને ચાર માસ પછી જ્યારે પંજાબ સરકારના ચીફ સેક્રેટરીએ કમિટી સમક્ષ જુબાની આપી ત્યારે તેમણે જણાવ્યું કે ત્યાર સુધીમાં મરણનો નક્કી થયેલો આંકડો ૩૭૯ હતો; અને સેવાસમિતિએ એકઠી કરેલી માહિતીની ચકાસણી પછી તેને આધારે તૈયાર કરેલા તે પછીના સ્થાનિક સરકારના તાજેતરના રિપોર્ટમાં ઘવાયેલાની સંખ્યા ૧૯૨ બતાવવામાં આવી છે.

કમિટી નીમવાનું નક્કી થયું ત્યારથી સરકારે એ મુનાસીબ માન્યું હતું કે જે કામોની તપાસ કરવાની કમિટીની ફરજ છે તે કામો વિષે બનતા સુધી જાહેરમાં કોઈ ટીકા કરવી નહીં અને કમિટીનો રિપોર્ટ મળતાં સુધી વ્યક્તિગત અધિકારીઓના વર્તન વિષે પણ કોઈ અભિપ્રાય આપવો નહીં. એટલે આ બનાવો બન્યા ત્યારથી માંડી કમિટી સમક્ષ જનરલ ડાયરે આપેલી જુબાની પ્રસિદ્ધ થઈ ત્યાં સુધી, હિંદ સરકારે જાણીબૂજીને સત્યને દાબી રાખવાની નીતિ અનુસરવાનો ગુનો કર્યો હતો, એવા આરોપમાં કશું તથ્ય નથી. ઉપર જણાવેલી હકીકતો આ આરોપનું સ્પષ્ટ રીતે ખંડન કરે છે.

અલબત્ત, દિલગીરીની વાત છે કે જે કંઈ ખરેખર બની ગયું તેની સપૂર્ણ માહિતી વિધિસરની તપાસ કર્યા વિના અત્યાર પહેલાં પ્રસિદ્ધ થઈ શકી નથી. પરંતુ આ પ્રકરણ હવે પૂરું થયું છે. અને ઇંગ્લંડ તથા હિંદુસ્તાન બંને દેશોની સરકાર તેમ જ જનતાને હવે બધી હકીકતો મળી ગઈ હોવાથી, દોષારોપણ કરવાથી અને દિલગીરી પ્રદર્શિત કરવાથી કોઈ ઉપયોગી હેતુ સરતો નથી.

૨૩. ચોથા પ્રકરણમાં લાહોર જિલ્લામાં થયેલાં રમખાણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ખુદ રાજધાનીમાં રૉલેટ બિલોની વિરુદ્ધ ચાલેલી ચળવળ અને ૬ઠ્ઠી એપ્રિલે પડેલી સંપૂર્ણ હડતાળ, આ બે બનાવોને લીધે લોકો ખૂબ જ ઉશ્કેરાઈ ગયા હતા. આ પછી શ્રી ગાંધીની ધરપકડના તથા અમૃતસરમાં થયેલાં રમખાણોના સમાચાર આવ્યા. તેને લીધે ૧૦મી તારીખની બપોર પછી લોકોનો ઉશ્કેરાટ પરાકાષ્ઠાએ પહોંચ્યો. લોકોનાં ટોળાં શહેરમાં એકઠાં થયાં અને જ્યારે પોલીસે તેમને સિવિલ લાઇન્સ તરફ જતા અટકાવ્યા ત્યારે તેમણે પોલીસને હંફાવવા પ્રયત્ન કર્યો. જે સંજોગોમાં જિલ્લા ન્યાયાધીશ મિ. ફાયસન અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. બ્રૉડવેના હુકમથી તે દિવસે સાંજે ત્રણ વખત એ ટોળા ઉપર ગોળીઓ છોડવામાં આવી તે ઉપર કમિટીએ ઝીણવટથી વિચાર કર્યો છે અને આ બંને અધિકારીઓએ લીધેલા પગલાને એમણે પૂરેપૂરું બહાલ રાખ્યું છે. આથી બીજો કોઈ નિર્ણય લઈ શકાય એમ હિંદ સરકારના માનવામાં આવતું નથી. જ્યારે ટોળું સિવિલ લાઇન્સ તરફ ધસી રહ્યું હતું ત્યારે અમૃતસરના અત્યાચારોની તેને જાણ હતી; એટલે જો એના પ્રયાસોને સફળ થવા દીધા હોત તો પરિણામ ઘાતક આવત. સિવિલ લાઇન્સમાં ઘૂસવાના ટોળાના આ પ્રયાસોને પાછા પાડ્યા પછી લાહોરમાં કેવી સ્થિતિ હતી તેનું વર્ણન કમિટીએ આ પ્રમાણે કર્યું છે:

> ૧૦મી એપ્રિલની રાત અને તે પછીના થોડા દિવસો સુધી લાહોર શહેર ભયંકર ઉશ્કેરાટની સ્થિતિમાં હતું. તે રાત્રે સિવિલ સ્ટેશન અને તેની આસપાસના લત્તાઓનું રક્ષણ કરવા માટે લશ્કરી પગલાં લેવામાં આવ્યાં હતાં. શહેરમાંથી પોલીસને થોડા સમય માટે ઉઠાવી લેવામાં આવી હતી, એટલે કોઈ પણ યુરોપિયન શહેરમાં નિર્ભય રીતે પ્રવેશી શકતો નહોતો. લગભગ બે દિવસ સુધી શહેર ઉપર ટોળાનો કાબૂ રહ્યો હતો.

આ પછી કમિટીએ ૧૧મી તારીખના બનાવોનું વર્ણન કર્યું છે. એમાં આટલી બિના આવે છે: બાદશાહી મસ્જિદમાં હિંદુઓ અને મુસલમાનોનાં રોષે ભરાયેલાં ટોળાં સમક્ષ ઉશ્કેરાટભર્યાં ભાષણો થયાં; ડંડાફોજના નામથી ગુંડાઓની એક ટોળીનું સંગઠન કરવામાં આવ્યું; આ લોકો લાઠીઓ લઈને "રાજા જોર્જ મુર્દાબાદ" એવા નારા લગાવતા શહેરમાં ઘૂસ્યા અને એમણે નામદાર શહેનશાહ તથા મહારાણીની

Gandhi Heritage Portal

તસવીરોનો નાશ કર્યો. ૧૧મી તારીખની સવારે કિલ્લા ફરતી તેની સળિયાની વાડ તોડી પાડવાના પ્રયત્નો થયા. આ સ્થળે કેટલાક તોફાનીઓ ત્યાં ચોકી કરવા ઊભેલા બ્રિટિશ સિપાઈઓ ઉપર થૂંક્યા અને તેમને "સફેદ સૂવર" કહી ગાળો દીધી. તે જ દિવસે રેલવે વર્કશૉપ ઉપર હુમલો કરવામાં આવ્યો અને ત્યાંના મજૂરો હડતાળ પાડે તે માટેના નિશ્ચયપૂર્વકના પ્રયત્નો કરવામાં આવ્યા. ૧૨મી તારીખે બાદશાહી મસ્જિદમાં બીજી સભા ભરવામાં આવી. તે વખતે સી. આઈ. ડી. ખાતાના એક અધિકારીને લોકોએ સખત માર માર્યો. તે જ દિવસે પરિસ્થિતિ ઉપર ફરીથી કાબૂ મેળવવાના હેતુથી પોલીસ અને લશ્કરની એક સંયુક્ત ટુકડીને આખા શહેરમાં ફેરવવામાં આવી. હીરામંડીમાં મોટાં ટોળાં જમા થયાં હતાં. તેમણે આ ટુકડીની કૂચને અટકાવી. જ્યારે જિલ્લા ન્યાયાધીશે તેમને વીખરાઈ જવા કહ્યું ત્યારે તેમણે તેમ કરવાનો ઇનકાર કર્યો અને જિલ્લા ન્યાયાધીશ સાથે જે નાની પોલીસ ટુકડી આગળ ઊભી હતી તેના ઉપર પથ્થરો મારવા માંડ્યા. આને લીધે મિ. ફાયસનને ગોળીબાર કરવો પડ્યો, જેમાં એક માણસ મરાયો અને વીસ જણા ઘવાયા. કમિટી માને છે કે આ દિવસે ટોળાને વિખેરી નાખવાની જરૂર હતી. એટલે જો પોલીસ અને લશ્કર એને વિખેર્યા વિના ત્યાંથી ચાલ્યાં ગયાં હોત, તો લાહોરમાં શાંતિ સ્થપાવાની શક્યતાનો અંત આવી જાત. તમામ ગોળીબાર પોલીસે જ કર્યો હતો. લશ્કર દારૂગોળાથી સજ્જ હતું તેમ છતાં ટોળાની સાથેની અથડામણનો ભાર લશ્કરને બદલે બંદૂકોથી સજ્જ એવા પોલીસને ઉપાડવા દેવામાં આવ્યો. પોલીસે બહુ જ થોડી ગોળીઓ છોડી. વળી ગોળીઓ છોડતાં પહેલાં ટોળાને ચેતવણી આપવામાં આવી. કમિટીના અભિપ્રાય મુજબ આ બધી હકીકતો સૂચવે છે કે આ મામલામાં પૂરેપૂરી સાવધાની રાખવામાં આવી હતી અને ઓછામાં ઓછું બળ વાપરવામાં આવ્યું હતું.

લાહોરમાં લોકોને ઉશ્કેરે અને રાજદ્રોહ ફેલાવે એવાં ભીંતપત્રો ઉપયોગમાં લેવાયાં હતાં, તે તરફ કમિટી ખાસ ધ્યાન આપવા જણાવે છે. આ ભીંતપત્રોમાં મહાત્મા ગાંધીને નામે પંજાબના બહાદુર લોકોને આદેશ આપવામાં આવ્યો હતો કે તમારે ડંડાફોજમાં જોડાઈ જવું અને આ સૂવર, વાંદર અને કાફિર અંગ્રેજોને મારી નાખવા. ૧૩મી એપ્રિલે જિલ્લામાં સિડિશિયસ મીટિંગ્ઝ ઍક્ટ [રાજદ્રોહાત્મક સભા ધારો] લાગુ પાડ્યાનું જાહેર કરવામાં આવ્યું. તે જ દિવસે લગભગ ૧૪ માઈલ પર આવેલા વાઘા સ્ટેશનને બાળવામાં આવ્યું. તેને લૂંટવામાં આવ્યું, તારનાં દોરડાં કાપી નાખવામાં આવ્યાં, અને લશ્કરને લઈ જતી એક ટ્રેનને પાટા ઉપરથી ઉતારી પાડવામાં આવી. સદ્ભાગ્યે એમાં કોઈ જાનહાનિ થઈ નહીં. ૧૪મી તારીખે પંજાબ સરકારે સ્થાનિક નેતાઓ રામભજદત્ત, હરકિશનલાલ અને દુનીચંદ, જેઓ આ ચળવળમાં સક્રિય ભાગ લેતા હતા અને હજી પણ હડતાળ ટકાવી રહ્યા હતા તેમને હદપાર કર્યા. આ બધા માણસો ઉપર પાછળથી [રાજા સામે] યુદ્ધ ચડ્યાનો આરોપ મૂકી કામ ચલાવવામાં આવ્યું અને તેમને સજાઓ કરવામાં આવી. ૧૫મી એપ્રિલે લાહોરમાં લશ્કરી કાયદો લાગુ પાડ્યાનું જાહેર કરવામાં આવ્યું.

૨૪. ચોથા પ્રકરણના બીજા ભાગમાં ૧૨મી એપ્રિલે લાહોરની દક્ષિણપૂર્વે ૩૭ માઈલ દૂર આવેલા કસુર નામના નાના કસબામાં થયેલાં ભારે ગંભીર રમખાણોનું વર્ણન છે. તે દિવસે સવારે એક હિંસક ટોળાએ રેલવે સ્ટેશન ઉપર હુમલો કર્યો, અને સારા એવા પ્રમાણમાં ત્યાંની કીમતી મિલકતનો નાશ કરી બાળી મૂક્યા પછી, પોતાનું ધ્યાન સ્ટેશન નજીક રોકાઈ ગયેલી ત્રણ ટ્રેનો તરફ દોડાવ્યું. અહીં સંખ્યાબંધ યુરોપિયનો પર ખૂની હુમલા થયા. તેમાં એક સ્ત્રી અને ત્રણ બાળકો પણ હતાં. આ લોકો આ ટ્રેનોમાં મુસાફરી કરી રહ્યાં હતાં. એમાંનાં કેટલાંક ચમત્કારિક રીતે બચી ગયાં, પરંતુ ત્રણ માણસો સખત રીતે ઘવાયા અને બે કમનસીબ વૉરંટ અધિકારીઓના માર મારીને જાન લીધા. પોતાની સફળતાથી ઉત્સાહમાં આવી જઈને પછીથી ટોળાએ ટપાલ કચેરી અને દીવાની કોર્ટ સળગાવી મૂકી અને પ્રાંતની કચેરીઓ ઉપર હુમલો કર્યો. આ સ્થળે સરકારી મિલકતના બચાવમાં પોલીસને ગોળીબાર કરવો પડ્યો. એમાં ચાર માણસો મરાયા અને અનેકને ઈજા થઈ. ટોળા ઉપર ગોળી છોડવાના નિર્ણયને કમિટી બહાલ રાખે છે, એટલું જ નહીં પણ આ ગોળીબાર વહેલો થવો જોઈતો હતો એમ માને છે. ૧૨મીની બપોર પછી ફીરોજપુરથી લશ્કર આવી પહોંચ્યું, એટલે રમખાણ આગળ વધતું અટકી ગયું. આ સિવાય લાહોર જિલ્લામાં બીજી બે જગ્યાઓએ રમખાણો થયાં હતાં. એક રમખાણ ૧૨મી તારીખે ખેમકરણમાં થયું હતું. ત્યાં રેલવે સ્ટેશન ઉપર હુમલો થયો હતો અને પરિણામે થોડું નુકસાન થયું હતું. બીજું રમખાણ પટ્ટીમાં

Gandhi Heritage Portal

થયું હતું. ત્યાં ૧૧મી તારીખની રાત્રે તારનાં દોરડાં કાપી નાખવામાં આવ્યાં હતાં અને ૧૨મીએ ટપાલ કચેરી તથા રેલવે સ્ટેશન ઉપર હુમલા કરવામાં આવ્યા હતા.

લાહોર જિલ્લામાં થયેલાં રમખાણો અને તેમને દાબી દેવાને માટે લેવાયેલાં પગલાં સંબંધી બહુમતીએ જે જે હકીકતો તારવી બતાવી છે તે બધીને અમે કબૂલ રાખીએ છીએ. લઘુમતી પણ એ બાબતમાં સંમત છે. અમે માનીએ છીએ કે લાહોર શહેરમાં મેસર્સ ફાયસન અને બ્રોડવેએ મુશ્કેલ પરિસ્થિતિને જે રીતે સંભાળી લીધી તેને માટે તેઓ પ્રશંસાને પાત્ર છે.

૨૫. પાંચમા પ્રકરણમાં ગુજરાનવાલામાં ફાટી નીકળેલા ગંભીર રમખાણનું વર્ણન છે. આ શહેર લાહોરની ઉત્તરે ૩૬ માઈલ દૂર આવેલું છે અને તેની વસ્તી ૩૦,૦૦૦ની છે. અહીં પણ અન્ય સ્થળોની માફક રૉલેટ બિલની વિરુદ્ધમાં રાબેતા મુજબની ચળવળ ઊપડી હતી અને ૬ઠ્ઠી એપ્રિલે સંપૂર્ણ હડતાળ પાડવામાં આવી હતી. પરંતુ ૧૩મી તારીખ સુધી કશી હિંસા થઈ નહોતી, તેમ તે થવાની કોઈ ધારણા પણ નહોતી. ૧૦મી તારીખે અમૃતસર અને લાહોરમાં બનેલા બનાવોના સમાચાર અહીં ૧૩મી તારીખે આવ્યા ત્યારે સ્થાનિક જનતા ઉશ્કેરાઈ ગઈ. તે દિવસે સાંજે જ્યારે સત્તાવાળાઓને ખબર પડી કે લોકોનો ઇરાદો બીજે દિવસે વધારે દેખાવો કરવાનો છે, ત્યારે હંગામી ડેપ્યુટી કમિશનરે સાવચેતી તરીકે પોતાને જરૂરી લાગ્યાં તેવાં પોલીસ પગલાં લીધાં. ૧૪મી તારીખે આ શહેરમાં કરવામાં આવેલા અત્યાચારોનું કમિટીએ વિગતથી વર્ણન કર્યું છે. એમાં આટલા બનાવોનો સમાવેશ થાય છે: એક ટ્રેન ઉપર હુમલો, ગુરુકુળ પુલને આગ લગાડવી, અનેક ઇમારતોને સળગાવી મૂકવી અને રેલવે તથા તારનાં સાધનોને અનેક પ્રકારે નુકસાન કરવું. ટોળું સંપૂર્ણ રીતે સર્વસત્તાધીશ બની ગયું હતું, અને મિલકતોનો જે નાદાનીથી નાશ થઈ રહ્યો હતો તે રોકવા અથવા યુરોપિયનો અને વફાદાર નાગરિકોનું રક્ષણ કરવા પોલીસ અસમર્થ બની ગઈ હતી. ટપાલ કચેરી, મહેસૂલ કચેરી, ખ્રિસ્તીઓનું દેવળ અને જિલ્લા અદાલત—આ બધાં મકાનોને બાળી મૂકવામાં આવ્યાં હતાં. જેલ અને પોલીસ લાઇન ઉપર હુમલો કરવામાં આવ્યો હતો, પરંતુ પોલીસે ગોળી છોડવાથી એ સ્થળો બચી ગયાં હતાં. તે પછી ટોળું રેલવે સ્ટેશને પાછું ફર્યું. ત્યાં તેણે મકાનો અને ગોદામને આગ ચાંપી તથા તેની અંદરનો માલ લૂંટી લીધો. જે યુરોપિયન કુટુંબોને સાવચેતીના પગલા તરીકે આગલી સાંજે દૂર ખસેડવામાં આવ્યાં નહોતાં તેમને સલામતી ખાતર ટ્રેઝરીના મકાનમાં એકઠાં કરવામાં આવ્યાં હતાં અને તે મકાન ઉપર પોલીસનો નાનકડો પહેરો મૂકવામાં આવ્યો હતો. દરમ્યાન દરેક બાજુથી સંદેશા-વ્યવહાર થંભાવી દેવામાં આવ્યો હતો, તથા દિવસ પૂરો થતાં સુધીમાં શહેરની સામેના રેલવેના પાટા આગળનાં લગભગ તમામ તારનાં દોરડાં માઈલો સુધી કાપી નાખવામાં આવ્યાં હતાં. આ રીતે સંદેશા-વ્યવહારમાં અવરોધ ઊભો થવાને કારણે ગુજરાનવાલાને સામાન્ય લશ્કરી મદદ મોકલવાનું અશક્ય થઈ પડ્યું હતું. આ રીતે સંદેશાવ્યવહારને ખોરવી નાખવામાં આવ્યો હોવાથી ગુજરાનવાલામાં લશ્કરી મદદ મોકલવાનું અશક્ય બન્યું હતું, એટલે એવા સંજોગોમાં જ શહેરને રાહત પહોંચાડવા માટે એરોપ્લેનોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. પોલીસ જ્યારે લગભગ થાકી ગઈ, ત્યારે બપોર પછી લગભગ ત્રણ વાગ્યે લાહોરથી ત્રણ વિમાનો શહેર ઉપર આવી પહોંચ્યાં. લશ્કરની પહેલી ટુકડી આવી પહોંચી ત્યારે રાત્રીના નવ વાગી ગયા હતા.

ગુજરાનવાલામાં બનેલા બનાવો અંગે બહુમતીએ તારવેલા મહત્ત્વના નિર્ણયો આ પ્રમાણે છે: (૧) મિ. હેરને ટોળા ઉપર ગોળીબાર કર્યો એને પૂરેપૂરો બહાલ રાખવામાં આવે છે; (૨) જ્યારે ટોળાએ ટપાલ કચેરી ઉપર હુમલો કર્યો ત્યારે ગોળી છોડવાની પરવાનગી આપવાની કામચલાઉ ડેપ્યુટી કમિશનરે ના પાડી, એ વર્તન ટીકાને પાત્ર છે; (૩) અમૃતસરમાં જે બન્યું હતું તેનું અહીંના લોકો અનુકરણ કરવા માગતા હતા; (૪) એ સંજોગોમાં બૉમ્બવાહક વિમાનોનો ઉપયોગ કરવાનો નિર્ણય વાજબી હતો; તેમ છતાં મુલકી રમખાણો થયાં હોય ત્યારે વિમાનોનો ઉપયોગ કરવાનો નિર્ણય અત્યંત કટોકટીના સંજોગો સિવાય વાજબી ગણી શકાય નહીં; અને (૫) એકંદરે જોતાં વિમાની અધિકારી મેજર કારબરીએ લીધેલું પગલું વાજબી હતું, પરંતુ એમને મળેલી સૂચનાઓ ખામીવાળી હતી. આ બધા મુદ્દાઓ ઉપર હિંદ સરકાર કમિટી સાથે પૂરેપૂરી સંમત છે અને અત્યંત મુશ્કેલ સંજોગોમાં સારી કામગીરી બજાવ્યા બદલ સરકાર મિ. હેરનની પ્રશંસા કરવા માગે છે. કમિટી માને છે કે નજીકનાં બે ગામો ઉપર અને ખાલસા હાઈસ્કૂલ ઉપર બૉમ્બ ફેંકવામાં આવ્યા

Gandhi Heritage Portal

તેનો બચાવ થઈ શકે તેમ નથી; પરંતુ એમાં વાંક મુખ્યત્વે મેજર કારબરીને અપાયેલી સૂચનાઓનો છે. આકાશમાં જ તાત્કાલિક નિર્ણય લેવા બદલ એમને દોષ દઈ શકાય નહીં. કમિટી માને છે કે ગુજરાનવાલા શહેરની અંદર તોફાની ટોળાં ઉપર બૉમ્બ ફેંકાયા તે યોગ્ય હતું, એટલું જ નહીં પણ એમના અભિપ્રાય પ્રમાણે બહુ ઉપયોગી પણ હતું; કેમ કે લશ્કર આવી પહોંચ્યું તેના ઘણા સમય પહેલાં જ તોફાનો બંધ થઈ ગયાં હતાં તે મોટે ભાગે આ પગલાંને આભારી ગણી શકાય. કમિટી કહે છે કે ૧૫મી એપ્રિલે આક્રમક હેતુથી ઍરોપ્લેનનો ઉપયોગ કરવામાં આવ્યો, તેને વાજબી ઠરાવવા માટે પૂરતો ખુલાસો આપવામાં આવ્યો નથી; અને પછી આવે પ્રસંગે ઍરફોર્સના અધિકારીઓએ કેવી કાર્યપદ્ધતિ અનુસરવી તે સંબંધમાં તેમને જે સૂચનાઓ આપવામાં આવે તે ઍરફોર્સની મુખ્ય કચેરીએ પૂરતી તપાસ કર્યા પછી જ આપવી જોઈએ, એવી ભલામણ સાથે કમિટી પોતાનું કથન પૂરું કરે છે.

લઘુમતીના રિપોર્ટના ચોથા પ્રકરણને "સશસ્ત્ર ટ્રેનો અને ઍરોપ્લેનો" એવું નામ આપવામાં આવ્યું છે અને તેમાં ઍરોપ્લેનોના ઉપયોગ વિષે ચર્ચા કરવામાં આવી છે. મુલકી રમખાણોને શાંત પાડવા માટે ઍરોપ્લેનોના ઉપયોગ પ્રત્યે બનતા સુધી નાપસંદગી દાખવવી જોઈએ એવા બહુમતીના કથન સાથે તેઓ સંમત છે. મેજર કારબરીએ ખાલસા હાઈસ્કૂલ અને નજીકનાં બે ગામો ઉપર બૉમ્બ ફેંક્યા તે માટે તેમણે તેમને વખોડ્યા છે. તેઓ કહે છે કે મેજર કારબરીને મળેલા હુકમોની ભાષા પૂરતી કાળજીથી લખાયેલી નહોતી એ વાત સાચી હોવા છતાં એ હુકમનો અમલ કરવામાં એમણે ડહાપણભર્યો વિવેક દાખવ્યો નહોતો. તેઓ એમ પણ માને છે કે મેજર કારબરીએ ટોળા ઉપર મશીનગન વડે ગોળીઓ છોડી તે વધારેપડતું હતું.

૨૬. ગુજરાનવાલામાં ઍરોપ્લેનોના ઉપયોગના સામાન્ય પ્રશ્નનો વિચાર કરતાં હિંદ સરકાર બહુમતીનો અભિપ્રાય સ્વીકારે છે. આ અભિપ્રાય નીચેના શબ્દોમાં યોગ્ય રીતે રજૂ થયો છે : "હુલ્લડ મચાવનારાઓ તેમને દબાવવા માટેનાં સરકારનાં સામાન્ય સાધનોને વપરાતાં અટકાવવામાં સફળ થાય, તોપણ બાકી રહેલાં સાધનોનો ઉપયોગ તેમની સામે કરવામાં ન આવે એવો પરવાનો એમને લખી આપવા અમે તૈયાર નથી." જે અધિકારીઓનો ઉલ્લેખ છૂટક છૂટક બનાવોના સંબંધમાં થયો છે તેમને ઠપકો આપવાનું અમે વાજબી માનતા નથી. કેમ કે જે કામોને માટે એમની નિંદા થઈ છે તે કામો મોટે ભાગે એમને અપાયેલી સૂચનાઓની અસ્પષ્ટતાને લીધે થયાં છે, એમના નિર્ણયની ખામીને લીધે નહીં. ૧૫મી તારીખે ઍરોપ્લેનો મોકલવામાં આવ્યાં તે અને એમનો આક્રમક હેતુઓ માટે ઉપયોગ કરવાની સૂચનાઓ અપાઈ તે વાજબી નહોતું એમ અમને લાગે છે; પરંતુ જે અધિકારીએ આ સૂચનાઓનો અમલ કર્યો એના ઉપર ગંભીર દોષારોપણ કરવું અમને ઉચિત લાગતું નથી. પરંતુ અમારી જાણ પ્રમાણે આ તારીખે લેવાયેલા પગલાથી કોઈને ઈજા થઈ નથી એથી અમને સંતોષ થાય છે. અંતમાં, આવે પ્રસંગે કેમ વર્તવું તે સંબંધમાં ઍરફોર્સના અધિકારીઓને આપવાની સૂચનાઓ પૂરતો વિચાર કર્યા પછી નક્કી કરવી જોઈએ એવી બહુમતીએ જે ભલામણ કરી છે તેનો અમલ કરવા પગલાં લેવાનો અમે ઇરાદો રાખીએ છીએ.

૨૭. ગુજરાનવાલા જિલ્લામાં બીજાં ચૌદ સ્થળોએ રમખાણો ફાટી નીકળ્યાં હતાં. પરંતુ કમિટી કેવળ ગુજરાનવાલાની ઉત્તરે ૨૦ માઈલ પર આવેલા ૨૦,૦૦૦ની વસ્તીવાળા વઝીરાબાદમાં, અકાલગઢમાં, હાફિઝાબાદમાં અને શેખુપુરા પેટામહાલમાં થયેલાં રમખાણોની જ ચર્ચા કરે છે. વઝીરાબાદમાં એક હુલ્લડખોર ટોળાને રેલવેનાં મકાનો આગળથી હાંકી કાઢવામાં આવ્યું હતું, પરંતુ તેણે તારનાં સાધનોને ઘણું નુકસાન પહોંચાડ્યું હતું. તેણે રેલવેના પુલોને પણ આગ લગાડી હતી, ઉપરાંત એક સ્કૉચ પાદરીનો બંગલો લૂંટી તેને સળગાવી મૂક્યો હતો અને મેલ ટ્રેનને ઉથલાવી પાડવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. અકાલગઢ અને હાફિઝાબાદમાં તારનાં દોરડાંને મોટા પ્રમાણમાં નુકસાન કરવામાં આવ્યું હતું અને હાફિઝાબાદમાં તો મિલિટરી ફાર્મ ખાતાનો એક અધિકારી સદ્ભાગ્યે ખૂની ટોળાના ઘાતક ઇરાદાઓથી બચી ગયો હતો. શેખુપુરા પ્રાંતમાં ચુહારખાના, શેખુપુરા, સાંગલા અને અન્ય સ્થળોએ તાર અને રેલવેનાં સાધનો ઉપર ફરી ફરીને નિશ્ચયપૂર્વક હુમલા કરવામાં આવ્યા હતા. તેને પરિણામે ઓછામાં ઓછાં ત્રણ રેલવે સ્ટેશનોનો નાશ થયો હતો. તે ઉપરાંત કેટલાક રેલવેના તથા સરકારી નોકરો ઉપર જંગલી હુમલા કરવામાં આવ્યા હતા. લાહોરથી એક શસ્ત્રસજ્જ ટ્રેન બચાવ માટે મોકલવામાં આવી હતી, અને એ ટ્રેનમાંથી શરકપુરના વધારાના મદદનીશ કમિશનર રાયસાહેબ લાલા શ્રીરામ સુદના હુકમથી ચુહારખાના પર

Gandhi Heritage Portal

ગોળીબાર શરૂ કરવામાં આવ્યો હતો. કમિટી માને છે કે આ અધિકારીએ મુશ્કેલ પરિસ્થિતિમાં ઝડપથી અને મક્કમતાથી કામ લીધું હતું. લઘુમતીનો અભિપ્રાય જુદો છે. તેઓ કહે છે કે એનો ઇરાદો સજા કરવાનો હતો, તેથી એનું કૃત્ય નિંદાને પાત્ર છે અને તે જ કારણે ગોળીબાર વાજબી ઠરતો નથી. આ સ્થળોએ થયેલાં રમખાણોમાંથી ઉદ્ભવતી તમામ બાબતોમાં હિંદ સરકાર બહુમતીના અભિપ્રાયોને માન્ય રાખે છે અને લાલા શ્રીરામ સુદે પોતાની ફરજ બજાવવામાં તત્પરતા અને મક્કમતા દાખવી હતી એ અભિપ્રાય સાથે સંમત થાય છે.

૨૮. પ્રકરણ છ અને સાતમાં અનુક્રમે ગુજરાત અને લાયલપુર જિલ્લાઓમાં બનેલી ઘટનાઓનું વર્ણન છે. આ વિસ્તારોમાં થયેલાં રમખાણોનાં મુખ્ય લક્ષણો રેલવેવ્યવહાર અને તારનાં દોરડાં ઉપર થયેલા હુમલા હતા. ગુજરાતમાં ૧૫મી એપ્રિલે એક હુમલાખોર ટોળા ઉપર ગોળીબાર કરવો પડ્યો હતો. એને પરિણામે ટોળું વિખેરાઈ ગયું હતું અને કોઈને ઈજા થઈ નહોતી. મલકવાલમાં ૧૭મી એપ્રિલે એક ટ્રેનને ઉથલાવી પાડવામાં આવી હતી અને બે માણસોનાં મરણ થયાં હતાં. લાયલપુરમાં એક અત્યંત મૂંઝવનારી અને ધ્યાન ખેંચે તેવી બિના એ હતી કે ત્યાં ઉશ્કેરણીજનક અને ગુનાહિત પ્રકારનાં ભીંતપત્રો સતત ચોડવામાં આવતાં હતાં. એમાં મહાત્મા ગાંધીના પવિત્ર નામે અંગ્રેજ ધોળાબાજો સામે મરતાં સુધી લડવાનું અને તેમની સ્ત્રીઓની લાજ લૂંટવાનું હિંદીઓને એલાન કરવામાં આવ્યું હતું. કેટલાયે દિવસો સુધી ભારે તંગદિલી પ્રવર્તી હતી, અને અગાઉ ૧૯૦૭માં થયેલાં રમખાણોની સ્મૃતિને લીધે લાયલપુરની સ્થિતિ સરકારને માટે ચિંતાનો વિષય બની ગઈ હતી. પરિસ્થિતિ એવી ગંભીર હતી કે એ સ્થળે વસતા યુરોપિયનોને સલામતી ખાતર સિવિલ લાઇન્સમાં આવેલાં બે ઘરોમાં એકઠા કરવામાં આવ્યા હતા. પરંતુ જિલ્લામાં કેટલેક સ્થળે તારનાં દોરડાં કપાયા સિવાય કોઈ જાતની પ્રત્યક્ષ હિંસા થઈ નહોતી. ૧૭મી એપ્રિલે લશ્કર આવી પહોંચ્યું, એટલે વધારે રમખાણો થતાં અટકી ગયાં.

પંજાબમાં બીજાં અનેક શહેરો અને ગામોમાં જે હિંસક કૃત્યો અને રમખાણો થયાં હતાં તેનું કમિટીએ વિગતથી વર્ણન કર્યું નથી, પરંતુ આ બનાવો રિપોર્ટને છેડે આપેલા તારીખવાર વૃત્તાંતમાં નોંધેલા છે. એટલે માર્શલ લૉ જાહેર કરવાનું જ્યારે સૂચવાયું ત્યારે સ્થાનિક સરકારને પરિસ્થિતિ કેવી લાગી હતી તેની વિચારણામાં આ બનાવો પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

૨૯. પ્રકરણ આઠમાં રેલવે તથા તારનાં સાધનો ઉપર કરવામાં આવેલા એકધારા અને વ્યાપક હુમલાઓનું વર્ણન છે. આ હુમલા ૧૦મી એપ્રિલથી માંડી લગભગ મહિના આખર સુધી ચાલુ રહ્યા હતા. તારખાતાના એક રિપોર્ટમાં જણાવ્યું છે કે પંચાવન વખત તાર કપાયા હતા અથવા તેને કંઈક નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. પરંતુ તે ઉપરાંત રેલવેના તારો ઉપર સંખ્યાબંધ હુમલા થયા હતા; અને પંજાબ સરકારના એક નિવેદન અનુસાર ગયા સપ્ટેમ્બરમાં કાઉન્સિલની એક બેઠકમાં હોમ મેમ્બરે આ પ્રકારના હુમલાઓની એકંદર સંખ્યા ૧૩૨ની ગણાવી હતી. કમિટી એમ માને છે કે સંદેશા અને રેલવેવ્યવહારનાં સાધનો ઉપર હુમલા થવાનું કારણ કેટલેક અંશે સરકાર વિરોધી લાગણી હતું તો કેટલેક અંશે લશ્કરની અવરજવર રોકવાની ઇચ્છા હતું. આ ઉપરાંત રેલવેના નોકરોને હડતાળ પાડવા માટે ઉશ્કેરવાના થયેલા સતત પ્રયત્નોનો પણ કમિટીએ ઉલ્લેખ કર્યો છે. આ કટોકટી વખતે રેલવેના નોકરોના અમુક વર્ગમાં વ્યાપેલા અસંતોષને કારણે સરકારને ઘણી જ ચિંતા રહ્યા કરતી હતી.

લશ્કરી કાયદો લાગુ કરાયો અને ચાલુ રખાયો તે કેટલે અંશે વાજબી હતું, એ પ્રશ્ન સાથે આ પ્રકરણને ગાઢ સંબંધ હોવાથી, એનું વિશેષ મહત્ત્વ છે. રિપોર્ટ સાથે નકશાઓ જોડ્યા છે તે ઉપરથી રેલવે અને તારનાં સાધનોને થયેલા અવરોધો અંગેના આંકડાનું તાત્પર્ય એકદમ જણાઈ આવે છે. જે વિશાળ વિસ્તારોમાં આ પ્રકારના ગુના થયા હતા તે વિસ્તારો આ નકશામાં બતાવ્યા છે. તે ઉપરથી શંકા જાય છે કે આ કાર્ય પૂર્વયોજિત હતું.

૩૦. પ્રકરણ નવમાં કમિટીએ રમખાણોનાં કારણોની ચર્ચા કરી છે. તેમનું કહેવું એવું છે કે પંજાબમાં સ્થળે સ્થળે અને વ્યાપક પ્રમાણમાં જે તોફાનો ફાટી નીકળ્યાં તેનો ખરો ખુલાસો લોકોમાં અને ખાસ કરીને મોટાં શહેરોના રહેવાસીઓમાં વ્યાપેલી સાર્વત્રિક અશાંતિ અને અસંતોષની એકંદર પરિસ્થિતિના કારણોમાં શોધવો જોઈએ. હોમરૂલની ચળવળે તાજેતરનાં વર્ષોમાં રાજકીય આંદોલન માટે જે વિશેષ રસ ઉત્પન્ન કર્યો

Gandhi Heritage Portal

હતો તેમાં આત્મનિર્ણયના નવા સિદ્ધાન્તથી ઘણો વેગ મળ્યો. પરંતુ તે દરમ્યાન યુદ્ધ એની પરાકાષ્ઠાએ પહોંચ્યું હોવાથી, હિંદ સંરક્ષણ ધારા અનુસાર મુકાયેલાં નિયંત્રણો વધારે આવશ્યક બનતાં જતાં હતાં. આ નિયંત્રણો યુરોપ કરતાં હિંદુસ્તાનમાં સામાન્ય નાગરિકના રોજિંદા જીવન ઉપર ઘણી ઓછી અસર કરતાં હતાં, છતાં ખાસ કરીને જ્યારે તે રાજકીય આંદોલનને લાગુ પાડવામાં આવ્યાં, ત્યારે તે ગમે તેટલાં આવશ્યક હોવા છતાં, હિંદુસ્તાનના રાજકીય ભાવિ અંગે તે વખતે વિચારણા ચાલી રહી હોવાથી શિક્ષિત વર્ગને વધારે ખૂંચ્યાં. આ વખતે સામ્રાજ્ય તરફથી લશ્કરમાં ભરતી થવા માટે હાકલ પડી હતી જેનો જવાબ પંજાબ પોતાના હિસ્સા કરતાં પણ વધારે આપી રહ્યું હતું. આ ભરતીનો ભાર મુખ્યત્વે ગ્રામવિસ્તારો પર પડતો હતો, એટલે ભરતીના કામમાં રુકાવટ થવાનો સંભવ હોય તેવા સરકારવિરોધી કોઈ પણ આંદોલનથી આ વિસ્તારોનું રક્ષણ કરવું સ્થાનિક સરકારને આવશ્યક લાગતું હતું. ૧૯૧૮ના નવેમ્બરમાં યુદ્ધવિરામના કરારો થયા પછી શિક્ષિત વર્ગોમાં એવી જોરદાર આશા બંધાઈ કે યુદ્ધમાં હિંદુસ્તાને બજાવેલી સેવાઓની તાબડતોબ કદર થશે. પરંતુ આ આશાઓ ઝટ ફળી નહીં; અને ઊંચા ભાવો, અછત, ખાદ્ય પદાર્થો ઉપરનાં નિયંત્રણો અને સુલેહની શરતો વિષેની ચિંતા, અને ખાસ કરીને એનાથી તુર્કસ્તાન ઉપર થનારી અસર, આ બધા સંજોગો ભેગા થતાં તેમનામાં ઊંડી નિરાશા પ્રગટી.

આ પછી કમિટીએ રૉલેટ બિલો વિરુદ્ધ ચાલેલા આંદોલનની ચર્ચા કરી છે. કમિટી માને છે કે આવાં ગંભીર રમખાણો થવાનું કારણ સરકારવિરોધી લાગણી છે; અને આવી લાગણી ઉત્પન્ન કરવામાં મુખ્યત્વે નહીં તોપણ મોટે ભાગે આ આંદોલન જ જવાબદાર છે. આના સમર્થનમાં તેમણે ઉક્ત બિલોની જોગવાઈઓ સંબંધી લોકલાગણી ઉશ્કેરનારી અનેક જૂઠી અફવાઓનો હવાલો આપ્યો છે. આ પછી શ્રી ગાંધીએ ૨૪મી ફેબ્રુઆરીને રોજ કમિટીએ આરંભેલા સત્યાગ્રહ આંદોલનના ઇતિહાસ અને પ્રગતિની ચર્ચા કરી છે. આ આંદોલનની બધી બાજુઓનો કાળજીપૂર્વક વિચાર કર્યા પછી કમિટી એવા નિર્ણય પર આવી છે કે આ આંદોલનને લીધે ઘણી જ મોટી સંખ્યાના લોકોમાં કાયદાના ઉલ્લંઘન પ્રત્યે આકર્ષણ તથા સહાનુભૂતિ પેદા થયાં હતાં અને સમાજને હિંસા કરતાં અટકાવનારી કાયદાના પાલન પ્રત્યેની માનવીમાં રહેલી સ્વાભાવિક વૃત્તિઓ જે કાળે વધારે સુદૃઢ થવાની જરૂર હતી, તે કાળે જ એ વૃત્તિઓના મૂળમાં સુરંગ ચંપાઈ હતી. સત્યાગ્રહની ચળવળ શરૂ થઈ ત્યારથી જ હિંદુસ્તાનમાં આગળ પડતા મૉડરેટ નેતાઓએ તેને વખોડી કાઢી હતી, કેમ કે તેમની માન્યતા મુજબ તેનાથી ગેરવ્યવસ્થા ફેલાવાનો અને શાંતિનો ભંગ થવાનો સંભવ હતો; અને પાછળથી તો એના સંયોજકે પોતે પણ કબૂલ કર્યું હતું કે આ ચળવળને વ્યાપક સ્વરૂપ આપવામાં પોતે અનિષ્ટ બળોનું મૂલ્ય ઓછું આંક્યું હતું. કમિટીનો સ્પષ્ટ અભિપ્રાય છે કે પંજાબમાં લશ્કર ભરતી માટે જે ઝુંબેશ ચલાવાઈ હતી તે અને વૉર-લોન (યુદ્ધ-કરજ) માટે નાણાં ઊભાં કરવા જે પગલાં લેવામાં આવ્યાં હતાં તે આ અશાંતિ ઊભી કરવા માટે જવાબદાર નહોતાં. અંતમાં તેઓ જણાવે છે કે પંજાબમાં જે રમખાણો થયાં તે હિંદુસ્તાનમાંથી બ્રિટિશ સરકારને બળ વાપરીને ઉથલાવી પાડવાના કોઈ પૂર્વયોજિત કાવતરાનું પરિણામ હતું એવું માનવાને કોઈ પુરાવો મળતો નથી; પરંતુ ફાટી નીકળેલાં રમખાણો એક નિશ્ચિત સંગઠનનું પરિણામ નથી એમ માની લેવું સરકાર માટે મુશ્કેલ અને કદાચ બિનસલામત હતું. બ્રિટિશોને ઉથલાવી પાડવા માટે કોઈ ઊંડી યોજના અસ્તિત્વમાં હતી કે કેમ એ વાત બાજુએ રાખીએ, તોપણ એટલું તો ખરુ જ કે જે ચળવળની શરૂઆત હુલ્લડોથી થઈ હતી અને જેણે બળવાનું સ્વરૂપ લીધું હતું તે જોતજોતામાં ક્રાન્તિનું સ્વરૂપ લઈ લે એવો પૂરેપૂરો સંભવ હતો.

૩૧. લઘુમતી પોતાના રિપોર્ટના પ્રાસ્તાવિક પ્રકરણમાં જણાવે છે કે રમખાણોનાં કારણો અંગે પોતે બહુમતીના નિર્ણયો સાથે મોટે ભાગે સંમત છે, છતાં ફાટી નીકળેલાં આ રમખાણો એક ચોક્કસ સંગઠનનું પરિણામ હોવાની પંજાબના સત્તાવાળાઓની માન્યતા વાજબી છે એમ જે બહુમતી માને છે, તેની સાથે પોતે સંમત નથી. રમખાણો બળવાના સ્વરૂપનાં હતાં એવા બહુમતીના કથનને તેઓ સ્વીકારી શકતા નથી. એટલે લઘુમતી કહે છે કે આ બનાવોએ ક્રાંતિનું સ્વરૂપ પકડ્યું હોત એમ કહેવું એ પાયા વગરની અતિશયોક્તિ છે. સત્યાગ્રહના આંદોલનનું અને તેમાંથી ઉદ્ભવતા કાયદાના સવિનયભંગનું બહુમતીએ જે મૂલ્યાંકન કર્યું છે એને લઘુમતી સંપૂર્ણ અનુમોદન આપે છે. રમખાણોનું ખરુ સ્વરૂપ અને તેનાં કારણો વિષે પોતાના વિચારો લઘુમતીએ પોતાના રિપોર્ટના બીજા પ્રકરણમાં વધારે વિસ્તારથી દર્શાવ્યા છે. તેમાં તેમણે આટલી

Gandhi Heritage Portal

બાબતોનો ઉલ્લેખ કર્યો છે: ૧૯૧૯ની શરૂઆતમાં પ્રવર્તતી એકંદર પરિસ્થિતિ, યુદ્ધપ્રયાસોને લીધે હિંદુસ્તાન પર પડેલો બોજો, મોંઘવારીની હાડમારીઓ, યુદ્ધને કારણે લેવાયેલાં પગલાંથી ઊભી થયેલી અગવડો અને લાગુ પાડવામાં આવેલા પ્રતિબંધો, યુદ્ધવિરામને કારણે જાગેલી કષ્ટોમાંથી છૂટવાની આશા, અને પાછળથી દુકાળ, રોગચાળો અને વધારે કડક આવકવેરાનો કાયદો આવવાથી વ્યાપેલી નિરાશા, રાજકીય સુધારાની યોજના સંબંધી હિંદ સરકારની દરખાસ્તો સંકુચિત હોઈ એ યોજનાને વધુ સંકુચિત બનાવી દેવાની દાનત હોવાની માન્યતા, અને તુર્કસ્તાન સાથેની સંધિનો થતો વિલંબ. એમની દલીલ એવી છે કે ઉપર ગણાવેલાં-માંનાં ઘણાં કારણોએ બીજા પ્રાંતો કરતાં પંજાબ ઉપર વધારે અસર કરી હતી. આ ઉપરાંત તેમણે બીજાં વિશિષ્ટ કારણો પણ ગણાવ્યાં છે. દા. ત. યુદ્ધથી ઉદ્ભવેલો થાક અને ત્રાસ, ખાદ્ય પદાર્થો અને માલની હેરફેર ઉપર પ્રતિબંધ, સર માઇકલ ઓડવાયરનાં ભાષણો, વર્તમાનપત્રો ઉપર મુકાયેલા પ્રતિબંધો, બહારના રાજકારણીઓને પંજાબમાં પ્રવેશવાની મનાઈ કરતા હુકમો, આ બધી બાબતોને કારણે શિક્ષિત વર્ગમાં એકંદરે ઉશ્કેરાટ પેદા થવાનો સંભવ હતો. રૉલેટ ઍક્ટના ગુણદોષની ચર્ચામાં લઘુમતી ઊતરતી નથી, છતાં તે માને છે કે હિંદુસ્તાનનો લોકમત વિરુદ્ધ હોવા છતાં એ કાયદો ચર્ચા માટે રજૂ થયો અને પસાર થયો એ અનેક અસંતોષ માટેનું જન્મસ્થાન હતું, અને પંજાબમાં એને વિષે ગેરરજૂઆતો થવાથી એ અસંતોષ વધી ગયો હતો. આ ગેરરજૂઆતો માટે હિંદી નેતાઓ જવાબદાર નહોતા એવું તેઓ ભાર દઈને કહે છે, અને ૬ઠ્ઠી એપ્રિલ પહેલાં આ ગેરરજૂઆતો પ્રચલિત હોવા છતાં, એ તારીખે હડતાળ પડી ત્યાં સુધી સરકારે આમજનતાને આ કાયદા વિષે સમજ આપી નહીં તે માટે તેઓ સરકારને વખોડી કાઢે છે. સત્યાગ્રહ આંદોલનનું જે મૂલ્યાંકન બહુમતીએ કર્યું છે તેને લઘુમતી સ્વીકારે છે, પરંતુ એ પ્રાંતમાં કામ કરી રહેલી સંસ્થાઓએ કરેલા સત્યાગ્રહ સિદ્ધાન્તના કોઈ સક્રિય પ્રતિપાદનને લીધે પંજાબનાં રમખાણો થયાં હતાં એવા એમના મતને તેઓ નકારી કાઢે છે. તેઓ તો માને છે કે રમખાણો કરાવવા માટે કોઈ પણ વ્યવસ્થિત સંગઠન અસ્તિત્વમાં હતું નહીં. પોતાના આવા નિર્ણયના સમર્થનમાં એમણે જુદા જુદા સરકારી સાક્ષીઓની જુબાનીઓનો હવાલો આપ્યો છે. એમના અભિપ્રાય પ્રમાણે, બ્રિટિશ વિરોધી અને સરકાર વિરોધી જે રમખાણો ફાટી નીકળ્યાં તે કેવળ લોકોમાં એકાએક પેદા થયેલા ગાંડપણનું પરિણામ હતાં. અંતમાં લઘુમતી એવા નિર્ણય પર આવે છે કે આ રીતે પંજાબમાં વ્યવસ્થિત કાવતરું હોવાનો કોઈ પુરાવો નહોતો, છતાં મુલકી અને લશ્કરી સત્તાવાળાઓએ એને ખુલ્લો બળવો માની લીધો અને એ માન્યતાને આધારે પગલાં લીધાં.

૩૨. રમખાણો થવાનાં કારણો અંગે કમિટીએ તારવેલા નિર્ણયોને હિંદ સરકાર માન્ય રાખે છે. ઉપર કહ્યું તેમ આ બાબતમાં બહુમતી સાથે લઘુમતી મોટે ભાગે સંમત છે. લઘુમતીએ બતાવેલાં વિશિષ્ટ કારણો પૈકી સરકાર આટલું સ્વીકારે છે કે રોગચાળો અને નવો આવકવેરાનો કાયદો એ અશાંતિનાં કારણો હતાં; અને આ આંદોલન પ્રત્યે વેપારીવર્ગે બતાવેલી સહાનુભૂતિ થોડે અંશે આવકવેરાના આ નવા કાયદાને લીધે હશે એમ માની શકાય. રાજકીય સુધારાની દરખાસ્તો વિષેના હિંદ સરકારના વિચારો રજૂ કરતા ખરીતા, રમખાણો થયા પછી લાંબા સમય સુધી પ્રસિદ્ધ થયા નહોતા, એટલે લઘુમતીએ કહ્યા પ્રમાણે, જો લોકોએ માની લીધેલી સરકારની દાનત અશાંતિનું એક કારણ હતું, તો તે આ બાબતમાં ઇરાદાપૂર્વક થયેલી ગેરરજૂઆતને લીધે હોવું જોઈએ. વળી, જાણવા મળ્યા પ્રમાણે રમખાણો ખરેખર શરૂ થયાં તે પહેલાં વર્તમાનપત્રોમાં કે જાહેર ભાષણોમાં આવી કોઈ ફરિયાદો કરવામાં આવી નહોતી. લઘુમતી કહે છે કે પંજાબમાં રમખાણો ફાટી નીકળ્યાં તે પહેલાં જે અશાંતિ ફેલાઈ હતી તેનું એક કારણ સર માઇકલ ઓડવાયરનું શિક્ષિત વર્ગ પ્રત્યેનું વલણ અને તેને લીધે એ વર્ગમાં ઉદ્ભવેલો રોષ હતું. યુદ્ધ દરમ્યાન લશ્કર-ભરતીના કામમાં ઉત્તેજન આપવા માટે ગામડાંઓમાં મોટા જમીનદારોએ અને આગેવાનોએ જે પ્રયત્નો કર્યા હતા તેને લીધે તેઓ આગળ આવ્યા હતા અને સ્થાનિક સરકારે એ વર્ગના લોકો પ્રત્યે ઉદાર અને માનભર્યું વલણ દાખવ્યું હતું. આ અને બીજાં કારણોને લીધે ગ્રામજનતા અને વેપારી તથા ધંધાદારી વર્ગો વચ્ચે અંતર પેદા થાય એવું માનસિક વલણ ઉદ્ભવ્યું હતું. વળી બુદ્ધિજીવી વર્ગ મુખ્યત્વે આ વેપારી અને ધંધાદારી વર્ગમાંથી આવતો હોય છે. એટલે એ વર્ગમાં એવો ખ્યાલ ઊભો થયો હોય કે સરકાર એની રાજકીય લાગવગ ઘટાડી રહી છે. રૉલેટ ઍક્ટ વિષે ફેલાયેલી ગેરસમજો રમખાણોનું એક મહત્ત્વનું

Gandhi Heritage Portal

કારણ હતી, એવા કમિટીના અભિપ્રાય સાથે હિંદ સરકાર સંમત છે. આવી ગેરરજૂઆતો ઠેર ઠેર કરવામાં આવી હતી, અને એની હાનિકારક અસરો પાર વિનાની થઈ હતી. આ પ્રકારે બદઇરાદાથી જે અસત્યનો પ્રચાર થઈ રહ્યો છે એની એપ્રિલના આરંભ સુધી સરકારને માહિતી નહોતી. સરકારને ખબર પડતાં તરત જ એને રદિયો આપવા તેણે પગલાં લીધાં. એ એક કમનસીબ બિના છે કે આ ધારાને વગોવનારા લોકોએ આ ખોટા પ્રચારની માઠી અસરો દૂર કરવા વર્તમાનપત્રોમાં કે જાહેર ભાષણોમાં કશો પ્રયત્ન કર્યો નહીં. પંજાબનાં રમખાણો એ પ્રાંતમાં થયેલા સત્યાગ્રહના સિદ્ધાન્તના સક્રિય પ્રચારને લીધે થયાં નહોતાં એમ લઘુમતી કહે છે. એ કથન ખરુ હોય કે ન હોય, છતાં અમારે અમારી એ માન્યતા અહીં નોંધવી જ જોઈએ કે જે લોકો સત્યાગ્રહ આંદોલનમાં જોડાયા હતા તેમાંના ઘણા તો અવ્યવસ્થા ફેલાવવાના હેતુથી એ આંદોલનનો ઉપયોગ કરવા માટે જ જોડાયા હતા. છેવટમાં અમે એમ કહેવા માગીએ છીએ કે રમખાણોના સ્વરૂપ વિષેનો લઘુમતીનો અભિપ્રાય એમણે પોતે જ મેળવેલી હકીકતોથી ખોટો ઠરે છે. બહુમતીનો અભિપ્રાય એવો છે કે હુલ્લડોથી શરૂ થયેલું આંદોલન બળવામાં પરિણમ્યું હતું. એમનો એ અભિપ્રાય રાજા સામે યુદ્ધે ચઢવાના આરોપસર મોટી સંખ્યાના લોકો પર વિવિધ અદાલતો સમક્ષ ચાલેલા મુકદ્દમા અને તેમાં થયેલી સજાઓથી સાચો ઠરે છે. રમખાણોનું સાચું સ્વરૂપ નક્કી કરવા માટે આ મુકદ્દમા બહુ મહત્ત્વના છે એમ હિંદ સરકાર માને છે.

આ રમખાણો જાગવાનાં કારણો સંબંધમાં સાચી વાત ગમે તે હોય અને ફાટી નીકળેલાં રમખાણો એનું સ્વરૂપ અને એની અસરની દૃષ્ટિએ ખૂબ જ ગંભીર હતાં, તેમ છતાં એ ભૂલવું ન જોઈએ કે એકંદરે જોતાં હિંદુસ્તાનની રાજનિષ્ઠા અચળ રહી હતી અને પંજાબમાં પણ જનતાના મોટા ભાગે પોતાની આબરૂ ટકાવી રાખી હતી, અને એના એક ભાગને આટલી ભયાનક રીતે લાગેલા ચેપને તે વશ થઈ નહોતી.

૩૩. રમખાણોનાં કારણોની ચર્ચામાંના એક મુદ્દા વિષે હિંદ સરકાર વધારે વિસ્તારથી ઉલ્લેખ કરવા માગે છે. એમ કહેવામાં આવ્યું છે કે સરકારે શ્રી ગાંધી, ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલ જેવા આગેવાન રાજકારણીઓ સામે જે પગલાં લીધાં તે રમખાણો માટેનો માત્ર આકસ્મિક પ્રસંગ નહીં, પરંતુ એ રમખાણોનું મૂળ કારણ હતું. આવાં કોઈ પગલાં લેવાયાં તેના ઘણા સમય અગાઉ દિલ્હીમાં સત્યાગ્રહ આંદોલનને લીધે ગંભીર રમખાણો થઈ ચૂક્યાં હતાં, એ અગાઉ કહેવાઈ ગયેલી હકીકતથી આ અભિપ્રાયને પૂરેપૂરો રદિયો મળે છે. પરંતુ જે સંજોગોમાં શ્રી ગાંધીને દિલ્હી અને પંજાબની બહાર રાખવા પડ્યા તેની વધારે વિગતે તપાસ કરવાની જરૂર છે.

માર્ચ આખરની પરિસ્થિતિનું વર્ણન આ પહેલાં થઈ ગયું છે. ૩૦મી માર્ચે ફાટી નીકળેલાં રમખાણો પછી દિલ્હીમાં દિવસો સુધી તીવ્ર તંગદિલી ચાલુ રહી હતી. આ તંગદિલીએ હિંદુસ્તાનના બીજા ભાગોમાં સત્યાગ્રહ આંદોલનમાં રહેલા જોખમની સંભાવનાઓ ઘણી જ વધારી મૂકી, કેમ કે એ ભાગોમાં દિલ્હીનાં રમખાણોના સમાચારોએ ઘણો જ ઉશ્કેરાટ પેદા કર્યો હતો. ખરુ જોતાં એ દિવસના બનાવોએ આ આંદોલન ઉપાડનારાઓને એમના પ્રચારમાં રહેલાં જોખમો અંગે સારી પેઠે ચેતવી દેવા જોઈતા હતા, પરંતુ હકીકતમાં એમણે એમાંથી કશો બોધપાઠ લીધો નહીં. આંદોલન કશી રોકટોક વિના વધતી જતી ઉત્તેજના સાથે દેશભરમાં ફેલાતું રહ્યું.

આ કટોકટીના સમયે જ અમને માહિતી મળી કે શ્રી ગાંધીએ કાયદાના સવિનયભંગની પોતાની ઝુંબેશ નવેસરથી જોશભેર શરૂ કરી દીધી છે, અને ૯મી તારીખે અમે સાંભળ્યું કે આગલી સાંજે જ તેઓ મુંબઈથી દિલ્હી જવા નીકળી ગયા છે. આ સમાચાર મળ્યા કે તરત જ અમે પંજાબના લેફ્ટનન્ટ ગવર્નર અને દિલ્હીના ચીફ કમિશનર સાથે મસલત કરી. આ બંને અધિકારીઓએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો કે પરિસ્થિતિ ગંભીર થઈ ચૂકી છે, એટલે શ્રી ગાંધીને અમારા અધિકારક્ષેત્રમાં દાખલ થવા દેવાનું ઘણું જોખમકારક થઈ પડશે. શ્રી ગાંધીનો ખુલ્લો ઇરાદો દેશનો કાયદો તોડવાનો અને સત્યાગ્રહ આંદોલન માટે અનુયાયીઓ મેળવવાનો છે. આ ઉપરથી જોઈ શકાશે કે જો શ્રી ગાંધીને પંજાબમાં પકડીને તેમના ઉપર કામ ચલાવવામાં આવ્યું હોત, તો એ ઘણું કરીને રમખાણ ફાટી નીકળવા માટેનો સંકેત બની જાત. અને એ પ્રાંતમાં એમના આંદોલન માટે જો અનુયાયીઓની મોટી સંખ્યામાં ભરતી થઈ હોત તો તે ચોક્કસપણે સક્રિય પ્રતિકાર અને રમખાણોની ઝડપી ઝુંબેશમાં પરિણમી હોત. ચીફ કમિશનરે વિચાર્યું કે શ્રી ગાંધીને દિલ્હીમાં

Gandhi Heritage Portal

પ્રવેશ કરવાની કેવળ મનાઈ ફરમાવતો હુકમ ઘણો જ ખતરનાક નીવડશે, કેમ કે એનો અમલ કરવાની એક-માત્ર રીત એમને એ શહેરમાં પકડીને અટકમાં રાખી એમના પર કામ ચલાવવાની રહેશે. બીજી બાજુથી, જો તેમને દિલ્હીમાં પ્રવેશવા દેવામાં આવે, તો તદ્દન સંભવિત છે કે તેઓ ત્યાં કાયદાનો ભંગ કરે એટલે તેમને પકડવા પડે અને ગુનો કર્યા બદલ તેમના ઉપર મુકદ્દમો ચલાવવો પડે. પરિણામે તાજેતરમાં થયાં હતાં તેવાં જ ગંભીર રમખાણો ફરીથી થવા પામે. આ સંજોગોમાં હિંદ સરકારે પંજાબ અને દિલ્હીની સ્થાનિક સરકારોને એવો આદેશ આપ્યો કે તમે હિંદ સંરક્ષણ ધારાની કલમ ૩(બી) હેઠળ હુકમો કાઢી શ્રી ગાંધીને જણાવો કે તમારે મુંબઈ ઇલાકામાં જ રહેવાનું છે. હિંદ સરકાર તે વખતે માનતી હતી અને હજી પણ માને છે કે આ માર્ગ લેવાનું જ વાજબી હતું, કેમ કે જે આંદોલનનો હેતુ સરકારને થંભાવી દેવાનો હતો એના મુખ્ય સંચાલક શ્રી ગાંધી હતા.

૩૪. એ જ રીતે એમ કહેવાયું છે કે પંજાબ સરકારે ૧૦મી એપ્રિલે ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલને હદપાર કરવાનો હુકમ કાઢ્યો એ ઉશ્કેરનારું પગલું હતું અને એને લીધે જ તે પછીનાં રમખાણો થયાં હતાં. આ પહેલાં એમને જાહેરમાં બોલવાની મનાઈ કરતા હુકમો અપાઈ ચૂક્યા હતા અને એ વાત સાચી છે કે ૬ઠ્ઠી એપ્રિલે હડતાળ પડી તે પહેલાંના દિવસોએ તેમણે સભાઓમાં જાહેર રીતે ભાગ લીધો નહોતો. પરંતુ તે પછી માર્શલ લૉ કમિશન સમક્ષ લેવાયેલી જુબાનીઓમાં દેખાઈ આવ્યું હતું કે, તેમણે હડતાળ પછી ગુપ્ત સભાઓ ભરી હતી અને જે આંદોલન પાછળથી ગુનાહિત કાવતરાના સ્વરૂપનું માલૂમ પડ્યું હતું તેનું સંચાલન કરવાનું ચાલુ રાખ્યું હતું. આ સંજોગોમાં જ એમને અમૃતસરમાંથી ધર્મશાળા મુકામે ખસેડવાનો સ્થાનિક સરકારે નિર્ણય કર્યો હતો. આ હદપારીના સમાચાર બહાર પડ્યા કે તરત જ રમખાણો ફાટી નીકળ્યાં એ વાત અલબત્ત સાચી છે. પરંતુ જ્યારે લોકોમાં ભારે ઉશ્કેરાટ વ્યાપેલો હોય ત્યારે સાવચેતી માટે જે પગલાં લેવાયાં હતાં તેથી એકંદર વાતાવરણ શાંત પડશે કે રમખાણો વધુ જોર પકડશે એ નક્કી કરવું હમેશાં અત્યંત મુશ્કેલ હોય છે. સંભવ એવો દેખાતો હતો કે એનાથી વાતાવરણ શાંત થશે.

૩૫. ૧૦મા પ્રકરણમાં લશ્કરી કાયદાના અમલના એક પછી એક આવતા તબક્કાઓ સંબંધી હકીકતોનું બયાન આપ્યું છે. અગિયારમા પ્રકરણમાં એ કાયદો લાગુ પાડવાની અને ચાલુ રાખવાની યોગ્યતા અંગે ચર્ચા કરવામાં આવી છે. અગાઉ કહેવાઈ ગયું છે તે પ્રમાણે કમિટીના બહુમતી સભ્યો ચોક્કસપણે જણાવે છે કે સરકાર સામે બળવાની સ્થિતિ અસ્તિત્વમાં હતી. તેઓ વિવિધ બનાવોનું વિવરણ કરે છે, રમખાણોનાં મુખ્ય લક્ષણો અને તેમની મહત્તા સૂચવે છે, અને છૂટીછવાઈ ઘટનાઓની ટીકા કરવામાં રહેલું જોખમ સમજાવી પંજાબ સરકાર અને હિંદ સરકાર સમક્ષ આખી પરિસ્થિતિ કેવે સ્વરૂપે ખડી હતી તેની છણાવટ કરે છે. અંતે તેઓ એવા નિર્ણય પર આવે છે કે પંજાબમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર હતી અને જે વિસ્તારોમાં લશ્કરી કાયદો જાહેર કરવામાં આવ્યો હતો, ત્યાંને માટે, સત્તાવાળાઓએ લીધેલું એ પગલું વાજબી હતું.

લશ્કરી કાયદાનો અમલ ચાલુ રાખવાના ડહાપણભર્યા પગલાની ચર્ચા કંઈક વિસ્તારથી કરવામાં આવી છે, તેમ જ રેલવે ઉપર વધારે સમય સુધી તેનો અમલ લંબાવવામાં આવ્યો તેની વિચારણા અફઘાન યુદ્ધના ખાસ સંજોગો ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. બહુમતીએ એવો અભિપ્રાય આપ્યો છે કે લશ્કરી કાયદો ચાલુ રાખવા માટે જે અધિકારીઓ જવાબદાર હતા તેમણે આ પ્રશ્ન ઉપર કાળજીપૂર્વક પૂરેપૂરો વિચાર કર્યા પછી નિર્ણય બાંધ્યો હતો, અને પ્રાંતમાં શાંતિ સ્થાપવા અને તે ટકાવી રાખવા એમના મત પ્રમાણે જેટલો સમય એ કાયદો લંબાવવાની જરૂર હતી તેથી વધારે સમય માટે એમણે એ લંબાવ્યો નહોતો. સરકાર સમક્ષ જે વિકટ પ્રશ્ન ઊભો થયો હતો તે જોતાં આ નિર્ણય અંગે વિરુદ્ધમાં ટીકા કરવાનું કમિટીને ઉચિત લાગતું નથી. લશ્કરી કાયદો લાગુ પાડ્યો તેમ જ તે ચાલુ રાખ્યો તે બાબતમાં લઘુમતીનો અભિપ્રાય બહુમતીના અભિપ્રાય કરતાં ખૂબ જુદો છે. તેમને એમ લાગ્યું કે લશ્કરી કાયદો જારી રાખવાની જરૂર જ નહોતી. કેમ કે તેમના અભિપ્રાય પ્રમાણે લશ્કરી કાયદો લાગુ પડ્યો તે પહેલાં બધી જગ્યાએ શાંતિ સ્થપાઈ ચૂકી હતી અને સરકારની સત્તા ચાલુ છે એમ સાબિત થઈ ગયું હતું. એમને લાગે છે કે લશ્કરની મદદ લઈને મુલકી સત્તાવાળાઓ શાંતિ સ્થાપી શક્યા હોત, એટલે પંજાબ સરકારે ઝાઝો વિચાર કર્યા વિના જ માની લીધું હતું કે લશ્કરી કાયદો જરૂરી હતો. એનો અમલ ચાલુ રાખવાનાં કારણોની પણ લઘુમતીએ ચર્ચા કરી છે અને એને નામંજૂર કર્યાં છે. તેઓ કહે છે કે લશ્કરી કાયદો દાખલ કરવાનું

Gandhi Heritage Portal

જરૂરી હતું એમ માની લઈએ તોપણ એને થોડા દિવસથી વધારે સમય માટે ચાલુ રાખવો જોઈતો નહોતો. તેમનું માનવું એમ છે કે પંજાબ સરકારે આ પ્રશ્ન ખોટી રીતે વિચાર્યો હતો અને હિંદ સરકાર સ્થાનિક સરકારથી દોરવાઈ ગઈ હતી.

૩૬. લશ્કરી કાયદો જાહેર કરવાની જરૂર હતી કે કેમ એ વાતનો વિચાર કરતી વખતે હિંદ સરકાર માટે તદ્દન તટસ્થ વલણ ધારણ કરવું મુશ્કેલ છે. સ્થાનિક સરકાર અમને જે માહિતી મોકલતી હતી તેનાથી દોરવાયા વિના અમારે ચાલે તેમ નહોતું. વિવિધ જગાએએ ગંભીર રમખાણો થઈ રહ્યાના હેવાલો અમને મળી ચૂકયા હતા. એટલે એક બાજુ અમને ઉપર પ્રમાણે સમાચાર મળ્યા હતા, ત્યારે ૧૩મી એપ્રિલની સાંજે લાહોરથી નીચે પ્રમાણે એક વાયરલેસ સંદેશો મળ્યો. તે પછી અમે જે પ્રત્યક્ષ પગલાં લીધાં તેનાથી જુદો માર્ગ અમે ન જ લઈ શકયા હોત, એ અમારી માન્યતાને અમે વળગી રહીએ છીએ. એ સંદેશો આ પ્રમાણે હતો:

> કસુર અને અમૃતસરની વચ્ચેનાં રેલવે સ્ટેશનો લૂંટવામાં આવ્યાં છે. કસુરમાં એક બ્રિટિશ સોલ્જરને મારી નાખવામાં આવ્યો છે અને બે બ્રિટિશ અફસરો ઘાયલ થયા છે. બંડખોરોનાં ટોળાં ઘૂમી રહ્યાના ખબર મળ્યા છે. કસુર અને તરણતારણની સરકારી ટ્રેઝરીઓ ઉપર હુમલા કરવામાં આવ્યા છે. લાહોર અને અમૃતસર જિલ્લાના કેટલાક ભાગોમાં ખુલ્લા બળવાની સ્થિતિ પ્રવર્તે છે. [તેથી] ૧૬મી ડિવિઝનના જનરલ કમાન્ડિંગ ઑફિસર તથા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની સલાહથી લેફ્ટનન્ટ ગવર્નર, ગવર્નર જનરલ સમેત કાઉન્સિલને વિનંતી કરે છે કે અમૃતસર અને લાહોર જિલ્લાઓમાં સામાન્ય ફોજદારી અદાલતોનું કામકાજ થંભાવી દઈ ત્યાં લશ્કરી કાયદો લાગુ પાડવો, અને ૧૮૦૪ના રેગ્યુલેશન ૧૦ની કલમ ૨૨ હેઠળ ગુનેગારો ઉપર કામ ચલાવવા સૂચના આપવી. આ બાબતમાં કલમ ૪ ધ્યાનમાં રાખવી પડશે. પરિસ્થિતિ નાજુક છે. એક પાયદળ ટુકડી આવતી કાલે બંદૂકો લઈને સૌથી ખરાબ રસ્તે થઈ ફિરોજપુરથી અમૃતસર જવા કૂચ આરંભશે.

હિંદ સરકારે લીધેલાં પગલાં કમિટીના બહુમતી સભ્યોના અભિપ્રાય પ્રમાણે હવે વાજબી ઠર્યાં છે. આ સભ્યો સ્થાનિક સરકારને પણ બધા આક્ષેપોમાંથી મુક્ત કરે છે. તારવેલી હકીકતોમાંની આટલી બાબતો લઘુમતી માન્ય રાખે છે: થયેલા અત્યાચારોની સંખ્યા, રમખાણો કરનારાઓના દિલમાં રહેલો વેરભાવ, હિંસાનો ઉપયોગ અને કેટલી વાર ગોળીબાર કરવાની જરૂર પડી તે સંખ્યા. તેઓ એ પણ કબૂલ રાખે છે કે જે લોકોએ રમખાણોમાં ભાગ લીધો હતો તેમાંનાં કેટલાકનાં કૃત્યો કાયદાની નજરે રાજા સામે યુદ્ધે ચડયા બરાબરનાં માની શકાય. તેમ છતાં જે અર્થમાં બળવો શબ્દ સામાન્ય રીતે વપરાય છે તે અર્થમાં એ બળવો નહોતો. હિંદ સરકાર માને છે કે આ તારણો, લશ્કરી કાયદો દાખલ કરવાની જરૂર નહોતી એવા લઘુમતીના અભિપ્રાયનું જોર મોટા પ્રમાણમાં નબળું પાડી દે છે. લશ્કરી કાયદો જારી રાખવા સંબંધમાં હિંદ સરકારને બહુમતીના અભિપ્રાયમાં વિશેષ કંઈ ઉમેરવાનું રહેતું નથી. તે માત્ર એટલું જ જણાવવા માગે છે કે અફઘાન યુદ્ધ ફાટી નીકળવાને કારણે રેલવે લાઇનો ઉપર લશ્કરી કાયદો લાંબા સમય સુધી ચાલુ રાખવામાં આવ્યો હતો એ વાત સાચી છે, છતાં જિલ્લાઓમાંથી ઉઠાવી લીધા પછી જ તેને ત્યાં લાગુ પાડવામાં આવ્યો હતો, અને તેનો હેતુ રેલગાડીઓની અવરજવર ઉપર નિયંત્રણ રાખવાનો તથા રેલવે લાઇનોનું રક્ષણ કરવાનો હતો.

આ ઉપરાંત હિંદ સરકાર માને છે કે ૧૯૧૯ના એપ્રિલ માસમાં જે પરિસ્થિતિ પ્રવર્તતી હતી તેમાંની એક હકીકતની ઉપેક્ષા સાચા નિર્ણયને હાનિ પહોંચાડયા વિના થઈ શકે નહીં. તે વખતે બ્રિટિશ સામ્રાજ્ય જર્મની સામે યુદ્ધે ચડેલું હતું. અત્યારે પણ જો આપણે આપણા બધા દુશ્મનો સાથે હજી સુલેહની દશામાં નથી, તો પછી એક વર્ષ પહેલાં જ્યારે જર્મની સાથેની સુલેહના કરાર ઉપર સહીઓ પણ થઈ નહોતી ત્યારે યુદ્ધની સ્થિતિનું અસ્તિત્વ એ કેવળ મોઢાની વાતો નહોતી એ નક્કી છે. આ દરમિયાન અફઘાનો સાથેના વિગ્રહ રૂપે જે નવી ઉપાધિ આવી પડી હતી તેનો ઉલ્લેખ અમે કરી ચૂકયા છીએ. વળી સરહદ ઉપરની જાતિઓના વલણથી આને લીધે ઊભી થયેલી મુસીબતોમાં ઉમેરો થયો હતો. પરંતુ આ સ્થાનિક મુસીબતોની પાછળ અને તેને વધારી મૂકે એવી એક બીજી બિના પણ હતી. અને એ હતી સામ્રાજ્યની હાકલ અનુસાર નામદાર સમ્રાટનાં હિંદી સંસ્થાનોનાં સાધનસામગ્રી જાળવી રાખવાની સર્વોપરી

Gandhi Heritage Portal

આવશ્યકતા. એનું કારણ એ હતું કે યુદ્ધવિરામને લીધે તે વખતે સામ્રાજ્યની જરૂરિયાતો ઘટી ગઈ હતી, પરંતુ છેક બંધ થઈ ગઈ નહોતી. આ આવશ્યકતા ઊભી હોય ત્યારે સામાન્ય સ્થિતિ પાછી લાવવામાં વિલંબ થાય અથવા તો જે રમખાણો દબાઈ ગયેલાં જણાતાં હતાં તે પાછાં ફાટી નીકળવાનું જોખમ રહે એવી કોઈ નીતિ વિચારવાનું અશક્ય હતું.

લશ્કરી કાયદો જાહેર કરવાનું જરૂરી હતું એવો કમિટીના બહુમતી સભ્યોનો અભિપ્રાય અમે સ્વીકાર્યો છે, છતાં અહીં અમે એટલું ઉમેરવા માગીએ છીએ કે અમારા માનવંતા સાથીદાર શ્રી શફીને એ બાબતમાં મતભેદ છે. તેઓ માને છે કે આ રમખાણો પાછળ બ્રિટિશ રાજ્યને ઉથલાવી પાડવાનું વ્યવસ્થિત સ્વરૂપનું કે પહેલેથી વિચારેલું કોઈ કાવતરું નહોતું, લાગતાવળગતા પાંચ જિલ્લાઓની અંદર આવેલો વિશાળ ગ્રામવિસ્તાર શાંત અને રાજ્યને વફાદાર રહ્યો હતો, રમખાણો શહેરી વિસ્તારોમાં માત્ર થોડાંક જ સ્થળોએ થયાં હતાં અને એ થોડાં સ્થળોએ પણ મોટાભાગના નાગરિકોએ રમખાણોમાં કશો ભાગ લીધો નહોતો. આ બધું જોતાં બહુમતી કહે છે તે પ્રમાણે ખુલ્લો બળવો થયો નહોતો, એટલે લશ્કરી કાયદો જાહેર કરવા માટે કશું વાજબી કારણ નહોતું. ઉપરાંત આ જિલ્લાઓમાં જે તારીખે લશ્કરી કાયદો ખરેખર અમલમાં આવ્યો તે પહેલાં જ લશ્કરે કરેલી મદદને લીધે રમખાણો શાંત થઈ ગયાં હતાં, તેથી એ દિવસોએ અને તે પછી લશ્કરી કાયદો લાગુ પાડવાની કે તેને ચાલુ રાખવાની કશી જરૂર નહોતી. હકીકત આ પ્રમાણે હોવાથી, શ્રી શફીનો અભિપ્રાય એવો છે કે લશ્કરી કાયદો આટલા લાંબા સમય સુધી ચાલુ રાખવાનું તદ્દન બિનજરૂરી હતું.

૩૭. પ્રકરણ બારમાં લશ્કરી કાયદાના અમલની ચર્ચા છે. એમાં સમરી અદાલતોની કામગીરી અને કાર્યપદ્ધતિની ચર્ચા પણ આવી જાય છે. કમિટીના બહુમતી સભ્યોનો અભિપ્રાય એવો છે કે મુકદ્દમા લંબાણથી, વિગતવાર અને કાળજીપૂર્વક ચલાવવામાં આવ્યા છે એમ જે કહેવાયું છે તે સાચું છે, અને લશ્કરી અદાલતોને બદલે, હિંદ સંરક્ષણ ધારા હેઠળ જેવી અદાલતો નિમાય છે તેવી અદાલતો સ્થાપવામાં આવી હતી તેની તેમણે પ્રશંસા કરી છે. પરંતુ તેમને જણાયું છે કે ધરપકડો સામાન્ય પદ્ધતિએ થઈ હોવા છતાં એવા પણ કિસ્સા બન્યા હશે, જેમાં અમુક પોલીસ અધિકારીઓએ પકડેલી વ્યક્તિઓ સાથે બિનજરૂરી સખતાઈ વાપરી હોય. તેઓ જણાવે છે કે પકડાયેલા અને અદાલત સમક્ષ નહીં રજૂ થયેલા શખસોની સંખ્યા જોકે દુ:ખદ રીતે મોટી હતી અને એમને અટકાયતમાં રાખવાનો સમય અસાધારણ રીતે લાંબો હતો, છતાં આ મુશ્કેલ કાર્ય ખરાબ અથવા જુલમી રીતે થયું નહોતું. અવ્યવસ્થા એટલી વ્યાપક અને ગંભીર હતી કે એને પરિણામે કોઈ પણ કામચલાઉ વહીવટી તંત્ર ઉપર તાણ પહોંચે એ અનિવાર્ય હતું. લશ્કરી કાયદાની અદાલતોએ ફરમાવેલી સજાઓ બાબતમાં કમિટીને માલૂમ પડ્યું છે કે એ સજાઓ વિના કારણે આકરી હતી એવી લોકલાગણી હતી, પરંતુ સ્થાનિક સરકારે એ સજાઓ ઘટાડી દીધી હોવાથી એ લાગણી દૂર થઈ હતી. તેઓ સૂચવે છે કે સગીર વયના ગુનેગારો પર ગંભીર ગુનાઓના આરોપો મૂકવા જોઈતા નહોતા. એમ થયું હોત તો સજાઓમાં મોટા ઘટાડા કરવાની જરૂર ઊભી થાત નહીં. કમિટી એમ પણ કહે છે કે કેટલાક કેસોમાં દા. ત. ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલના કેસોમાં આરોપીઓ ઉપર સામાન્ય અદાલતોમાં કામ ન ચલાવાયું એ દિલગીરીની વાત છે. હિંદ સરકારે આ અભિપ્રાયો સ્વીકારી લીધા છે. પંજાબની બહારથી વકીલ બોલાવવાની મનાઈ કરતો લશ્કરી હુકમ ગેરવાજબી હતો એવી ટીકા કરવામાં આવી છે અને હિંદ સરકારે એ હુકમ નામંજૂર કર્યો તે બદલ તેની પ્રશંસા કરવામાં આવી છે.

૩૮. પંજાબમાં મિલિટરી કમાન્ડરોએ બહાર પાડેલા લશ્કરી કાયદાના હુકમોના સ્વરૂપની કમિટીએ ઘણા વિસ્તારથી ચર્ચા કરી છે. બહુમતી માને છે કે બહાર પડેલા કેટલાક હુકમો અન્યાયી હતા અને એનાથી કશો ઉપયોગી હેતુ સધાયો નહોતો. જનરલ ડાયરે કાઢેલો "પેટે ચાલવાનો" હુકમ (જે લેફ્ટનન્ટ ગવર્નર જનરલે તેમને ખબર પડતાં જ નામંજૂર કર્યો હતો), જનરલ કૅમ્પબેલનો "સલામ કરવાનો" હુકમ અને કર્નલ જૉનસને કાઢેલો લાહોરના વિદ્યાર્થીઓની "હાજરી લેવાનો" હુકમ, આ ત્રણે હુકમોની કમિટીએ સખત ઝાટકણી કાઢી છે. હિંદ સરકાર કબૂલ રાખે છે કે કમિટીએ જે દાખલા નામંજૂર કરેલા તરીકે ટાંક્યા છે તેમાં ઉપર જણાવેલા અધિકારીઓએ લીધેલું ગેરવાજબી પગલું અને કેટલાક કિસ્સાઓમાં તો એથી વિના કારણ થયેલા લોકોના અપમાનનો સમાવેશ થાય છે. કમિટી માને છે કે આ પગલાથી સરકાર માટે ગંભીર મૂંઝવણનું કારણ થઈ પડે એવી કડવાશ પેદા થઈ હતી. જે સ્થળે મિસ શેરવૂડ ઉપર હુમલો થયો

Gandhi Heritage Portal

હતો ત્યાં કિલ્લાની શિસ્ત (ફોર્ટ ડિસિપ્લિન)નો ભંગ કરવા બદલ છ માણસોને, એ બાઈ ઉપર હુમલો કર્યાની શંકાને કારણે ફટકા મારવામાં આવ્યા એની સખત ટીકા કરવામાં આવી છે અને હિંદ સરકાર કબૂલ કરે છે કે આ કિસ્સામાં લેવાયેલું પગલું અત્યંત અનુચિત હતું. જાહેરમાં ફટકા મારવાની સજાઓની સમાલોચના કરતાં કમિટીએ એવો અભિપ્રાય આપ્યો છે કે લશ્કરી કાયદાના અમલ દરમિયાન જાહેરમાં ફટકા મારવાની સજા નહીં થવી જોઈએ. વધારામાં કમિટી કહે છે કે ફટકા મારવાની સજાઓની સંખ્યા ઘણી મોટી હતી, અને આ પદ્ધતિ લશ્કરી કાયદાના નિયમનોનાં નાનાં ઉલ્લંઘનોનો તાત્કાલિક નિવેડો લાવવામાં ભલે સૌથી વધારે અસરકારક અને સગવડભરી લાગી હશે, છતાં આ પ્રકારની સજાઓ ફરમાવવા માટે વિભાગીય અધિકારીઓને તેમની વિવેકબુદ્ધિ વાપરવાની જે છૂટ અપાય તે ઉપર નિયંત્રણો હોવાં જોઈએ. છતાં તેઓ જણાવે છે કે ફટકા નિર્દય રીતે મારવામાં આવ્યા હતા અને તેને લીધે ઘણા માણસો લગભગ મરણતોલ થઈ ગયા હતા એવા આરોપ માટે કશો આધાર નથી. કમિટીના આ અભિપ્રાયોને હિંદ સરકાર પૂરેપૂરા સ્વીકારે છે. આ પછી કમિટી સમરી અદાલતોએ ફરમાવેલી કેટલીક ગેરકાયદેસરની સજાઓની વાત કરે છે. આ સજાઓ જોકે અયોગ્ય ગણાય એવી હતી તોપણ સામાન્ય રીતે તે ગંભીર પ્રકારની નહોતી અને ઘણા કિસ્સાઓમાં તો વધારે આકરી કાનૂની સજાઓને બદલે તે ફરમાવાઈ હતી. તેમ છતાં હિંદ સરકાર આવી તરંગી સજાઓ પ્રત્યે પોતાની નારાજી દાખવે છે, અને ભવિષ્યમાં એવી સજાઓ ફરમાવવાનું અટકે તે માટે તેણે પગલાં લીધાં છે.

૩૯. લશ્કરી કાયદાના અમલને વખોડવામાં લઘુમતીએ વધારે આકરી ભાષા વાપરી છે. એમણે કરેલી કેટલીક ટીકાઓનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે. તે ઉપરાંત તેમનું કહેવું એ છે કે ઘણા હુકમો કેવળ શિક્ષા કરવાના હેતુથી જ બહાર પાડવામાં આવ્યા હતા. દાખલા તરીકે એક હુકમ એવો હતો કે લાહોરના પ્રત્યેક લત્તાના પ્રતિનિધિઓએ દરરોજ કમાન્ડિંગ ઑફિસર પાસે જવું અને તે દિવસ માટે એ ઑફિસરના હુકમો શા છે તે જાણી લેવું. કર્ફ્યું ઑર્ડર, ભાવોનાં નિયંત્રણો અને હિંદીઓ પાસેથી મોટરો, વીજળીના દીવા અને પંખાઓ લઈ લેવાના કૃત્યની પણ ટીકા કરવામાં આવી છે. આ બધા હુકમો કાઢવા માટે કોઈ કારણો નહોતાં એમ કહેવા અમે તૈયાર નથી. પરંતુ અમને લાગે છે કે લાહોરમાં લશ્કરી કાયદાનો અમલ કેટલીક બાબતોમાં વધારેપડતો કડક હતો અને તે લશ્કરી સંજોગો અને કાયદો તથા વ્યવસ્થા જાળવવાની જરૂરિયાતો જેવી વાજબી મર્યાદાઓને ઓળંગી ગયો હતો. મકાનો ઉપર ચોડવામાં આવેલી લશ્કરી કાયદાની જાહેરાતો સાચવી રાખવાની જવાબદારી મકાનમાલિકો ઉપર નંખાઈ હતી તે હુકમને પણ લઘુમતીએ વખોડ્યો છે. તે વખતના સંજોગોમાં આ હુકમ ગેરવાજબી હતો એમ કહેવા હિંદ સરકાર તૈયાર નથી. લશ્કરી કાયદાની કેટલીક જાહેરાતો ફાડી નાખવામાં આવી હતી તેથી સનાતન ધર્મ કૉલેજના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓને અટકમાં લેવામાં આવ્યા હતા તેને લઘુમતી સખત શબ્દોમાં વખોડે છે. હિંદ સરકાર કબૂલ કરે છે કે આ હુકમ જરૂર કરતાં વધારે સખત હતો. આ પછી લઘુમતી કેટલાક અધિકારીઓ ખાસ કરીને કર્નલ ઓબ્રાયન, મિ. બૉઝવર્થ સ્મિથ અને મિ. જેકબના વર્તનની ટીકા કરે છે અને લશ્કરી કાયદાના અમલ દરમ્યાન તેમણે કાઢેલા વિવિધ હુકમો બદલ તેમને વખોડી કાઢે છે. હિંદ સરકાર કબૂલ રાખે છે કે જે દાખલા ટાંકવામાં આવ્યા છે તે બાબતમાં આ અધિકારીઓનું વર્તન અન્યાયી હતું અને કેટલેક પ્રસંગે તે અનુચિત પણ હતું. આ બધા મુદ્દાઓ સંબંધમાં લઘુમતીના રિપોર્ટમાં આપેલા અભિપ્રાયો એકદમ ગળે ઊતરી જાય તેવા અને કેટલીક બાબતોમાં પૂરેપૂરા વાજબી છે. છતાં એટલું યાદ રાખવું જોઈએ કે સામાન્ય સંજોગોમાં જે ગંભીરતા અને સાવધાનીપૂર્વક વર્તવાનું શક્ય હોય છે તે રીતે અસાધારણ સંજોગોમાં લશ્કરી કાયદાના અમલની જવાબદારી ઉઠાવતા અધિકારીઓ વર્તશે એવી તેમની પાસેથી આશા રાખી શકાય નહીં. તેમ શાંતિ સ્થપાયા પછી સલામતીના શાંત વાતાવરણમાં એમનાં કાર્યોની પાછળથી સમાલોચના કરતી વખતે એમને આવું ધોરણ સખત રીતે લાગુ પાડી શકાય નહીં.

૪૦. લઘુમતીએ લશ્કરી કાયદા અનુસાર સ્થપાયેલી અદાલતોની કામગીરીની એક અલગ પ્રકરણમાં ચર્ચા કરી છે. લાહોરમાં એક વધારાના મદદનીશ કમિશનરે લગ્નની એક જાનના કેટલાક માણસોને ફટકા માર્યા હતા એની આ પ્રકરણમાં ઝાટકણી કાઢવામાં આવી છે તે વાજબી છે. સત્તાના આ દુરુપયોગ માટે જવાબદાર અધિકારી સામે પંજાબ સરકારે તરત જ પગલાં લીધાં હતાં. સમરી અદાલતોની કાર્યવાહીને

Gandhi Heritage Portal

અસંતોષકારક જણાવી તેના પર પ્રહાર કરવામાં આવ્યા છે. હિંદ સરકાર માને છે કે સામાન્ય સંજોગોમાં કામકાજ અંગે જે બાહ્ય વિવેક જળવાય તે લશ્કરી કાયદો અમલમાં હોય ત્યારે સમરી અદાલતો પણ જાળવે એવી તેમની પાસેથી આશા રાખી શકાય નહીં. મોટી સંખ્યાના લોકોને પકડીને કામ ચલાવ્યા વિના છોડી મૂકવામાં આવ્યા હતા એ હકીકત ઉપર લઘુમતીએ બહુમતી કરતાં વધારે આકરી ટીકા કરી છે. હિંદ સરકાર માને છે કે લશ્કરી કાયદો ચાલુ હોય ત્યારે શાંતિ જાળવવા તકેદારીનાં પગલાં તરીકે લોકોને પકડવા અને થોડા સમય માટે અટકમાં રાખવા એમાં કશું ખોટું નથી. બીજું, જેમને પકડવામાં આવ્યા હતા તેમાંના ઘણા ઉપર પાછળથી કામ ચલાવવામાં આવ્યું નહોતું, કારણ કે એમની સામે પુરાવા મળી શકે તેમ હતા છતાં એવા પ્રકારના ગુના માટે મોટી સંખ્યાના લોકોને સજાઓ થઈ હોવાથી જે ધાક બેસવી જોઈએ તે બેસી ચૂકી હતી. આમ છતાં હિંદ સરકારને લાગે છે કે આટલા બધા લોકોને, ખાસ કરીને ડૉ. કેદારનાથ, શ્રી ગુરુદયાળસિંહ, ડૉ. મનોહરલાલ અને ગુરદાસપુરના છ વકીલોને લાંબા સમય સુધી અટકમાં રાખવામાં આવ્યા એ ગંભીર ભૂલ હતી, અને પરિસ્થિતિની મુશ્કેલીઓ ધ્યાનમાં રાખી હોવા છતાં આ કિસ્સાઓમાં જે પગલાં લેવાયાં છે તેના પ્રત્યે સરકાર નારાજગી વ્યક્ત કર્યા વિના રહી શકતી નથી.

આ બાબતમાં પોલીસ અને બીજા ખાતાના નીચલી પાયરીના અધિકારીઓએ કેદીઓ અને સાક્ષીઓ સાથે લાંચરુશવત અને દુરાચાર આચર્યો છે એવા આરોપો થયા છે અને તેમનો વ્યાપક પ્રચાર પણ થયો છે. એટલે એ સંબંધમાં અમે મૌન રાખી શકીએ તેમ નથી. બનાવ બની ગયા પછી આટલા લાંબા વખતે મૂકવામાં આવેલા આરોપોની તપાસ કરવામાં રહેલી મુશ્કેલી અમે સમજીએ છીએ, છતાં તપાસ હાથ ધરવા અને જે કિસ્સાઓમાં ચોક્કસ ફરિયાદો થઈ છે અને અત્યાર સુધી કશાં પગલાં લેવાયાં નથી તે અંગે યોગ્ય કારવાઈ કરવા અમે સ્થાનિક સરકારને સૂચના આપીશું.

૪૧. અમે કમિટીનો એ અભિપ્રાય માન્ય રાખીએ છીએ કે, અમુક કિસ્સાઓમાં પંજાબમાં લશ્કરી કાયદાનો અમલ, સત્તાનો દુરુપયોગ, અનિયમિતતા અને અન્યાયી તથા બેજવાબદાર કૃત્યોથી દૂષિત થયો હતો. વળી કમિટી માને છે કે આવા સંજોગોમાં આખરે તો લશ્કરી અધિકારીઓની સત્તાને જ સર્વોપરી ગણવાનો સિદ્ધાંત ધ્યાનમાં રખાવો જોઈએ એ ખરું, પરંતુ વ્યવહારમાં જે અધિકારીઓને એ કાયદાનો અમલ કરવાનું કહેવામાં આવે તે બધાને પોતાની ફરજ બજાવવામાં માર્ગદર્શક થઈ પડે એવી સૂચનાઓ અપાવી જોઈએ. કમિટીના આ વિચાર સાથે અમે સંમત છીએ. સાથે સાથે અમને લાગે છે કે આવી સૂચનાઓનો અભાવ જ પંજાબમાં લશ્કરી કાયદાના અમલમાં દેખાઈ આવેલી ઘણીખરી ખામીઓને માટે જવાબદાર હતો. જે ભૂલો થઈ છે તેમાંની મોટા ભાગની ભૂલો અનુભવનો અભાવ, સ્થાનિક સંજોગોનું અજ્ઞાન, અને અસાધારણ પરિસ્થિતિ વેળા યોગ્ય માર્ગદર્શનના અભાવને કારણે થઈ હતી, સત્તાના ઇરાદાપૂર્વકના દુરુપયોગને કારણે થઈ નહોતી એમ માનવું જોઈએ. હિંદ સરકાર માને છે કે ભવિષ્યમાં જે કોઈ પ્રદેશમાં લશ્કરી કાયદો લાગુ પાડવાની જરૂર પડે ત્યાં વિવિધ લશ્કરી અધિકારીઓના સલાહકારો તરીકે અનુભવી મુલકી અધિકારીઓની નિમણૂક કરવી જોઈએ. પોતાના મુલકી સલાહકારની સલાહ માનવા લશ્કરી અધિકારી બંધાયેલો નહીં હોય, આખરી નિર્ણય તો એણે જ લેવાનો રહેશે, પરંતુ જો તે સલાહકારની સલાહ વિરુદ્ધ નિર્ણય કરશે તો તે તેની પોતાની જવાબદારી ઉપર જ કરશે. રિપોર્ટના આ ભાગમાંથી અમારે જે સૌથી મહત્ત્વનો પાઠ શીખવા જેવો છે તે ભવિષ્યમાં આવી કોઈ ભૂલો અને અનિયમિતતાનું પુનરાવર્તન થતું અટકાવવાનો છે. આ વિચારને અનુસરીને આ ઉદ્દેશ સાધવા અમે સૂચનાઓ બહાર પાડવાનું નક્કી કર્યું છે. આ સૂચનાઓ ખાસ કરીને લશ્કરી અધિકારીઓને સામાન્ય રાજ્યવહીવટમાં સંજોગોની જરૂરિયાત કરતાં વધારે પ્રમાણમાં દખલ કરતા અટકાવશે.

૪૨. લશ્કરી કાયદા હેઠળ સ્થપાયેલી અદાલતોની કામગીરીની ચર્ચાનો વિષય સમેટી લેતાં પહેલાં, હિંદ સરકાર, શાંતિ સ્થપાયા પછી અને લશ્કરી કાયદો પાછો ખેંચાયા પછી એ અદાલતોએ ફરમાવેલી સજાઓની અસર ઓછી કરવા સ્થાનિક સરકારે જે પગલાં લીધાં હતાં તેનો ઉલ્લેખ કરી લેવા માગે છે. જૂન અને નવેમ્બર મહિનાઓ વચ્ચે ૬૩૪ કેસોમાં સજાઓ ઘટાડવામાં આવી હતી, ૪૫ કેસોમાં ફાંસીની સજા ઘટાડીને કેદની કરવામાં આવી હતી અને ૪૩ માણસોને જેલમાંથી છોડી દેવામાં આવ્યા હતા. નવેમ્બર માસમાં સમરી અદાલતોએ ફરમાવેલી જે સજાઓ પૂરી થઈ નહોતી તે તપાસી જવા તથા લશ્કરી કાયદાનાં

Gandhi Heritage Portal

કમિશનોએ ચલાવેલા બીજા જે કેસો સરકાર સોંપે તે તપાસી જવા, હાઈકોર્ટના બે ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી હતી. ડિસેમ્બર માસમાં આ ન્યાયાધીશોની ભલામણોને પરિણામે સમરી અદાલતો દ્વારા સજા પામેલા ૯૨ માણસોને છોડી મૂકવામાં આવ્યા હતા. આ જ પ્રકારનાં વધુ પગલાં લેવાયાં હોત, પરંતુ એ જ મહિનાની ૨૩મી તારીખે સાર્વત્રિક માફીના સંદેશા સાથે રાજાનો ઢંઢેરો બહાર પડ્યો, એટલે એ માફીની રાહે ૬૫૭ કેદીઓ ઉપર દયા દાખવીને એમને છોડી મૂકવામાં આવ્યા. ફેબ્રુઆરી સુધીમાં રમખાણો અંગે સજા પામેલા કુલ ૧,૭૭૯ માણસોમાંથી, જેમણે ગંભીર પ્રકારના હિંસક ગુનાઓમાં ભાગ લીધો હતો એવા સૌથી ખરાબ ૯૬ ગુનેગારો જેલમાં રહી ગયા હતા અને આ સંખ્યા પણ તે પછી ઘટીને ૮૮ થઈ ગઈ છે. પંજાબમાં રાજદ્વારી કેદીઓને શાહી માફીનો લાભ આપવામાં પહેલેથી છેલ્લે સુધી લેફ્ટનન્ટ ગવર્નરની ઉદાર અને સહાનુભૂતિભરી ભલામણો ધ્યાનમાં લેવાઈ છે અને એ પ્રાંતમાં શાંતિમય વાતાવરણ સ્થાપવા એમણે કરેલા પ્રયત્નોની હિંદ સરકારે સાભાર નોંધ લીધી છે.

૪૩. રાજાના મુલકી કે લશ્કરી જે અધિકારીઓને આ રમખાણોવાળા વિસ્તારોમાં ફરજ પર મૂકવામાં આવ્યા હતા તેમના આચરણનું યોગ્ય મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કરવાનું હવે હિંદ સરકારને માટે બાકી રહે છે. તે ઉપરાંત કમિટીના રિપોર્ટનું અવલોકન પૂરું કરતાં પહેલાં કેટલીક સામાન્ય વાતો પણ કહી લેવાનું આવશ્યક જણાય છે. જે લોકોને માથે ગંભીર કટોકટી આવી પડી હતી અને જેમને અત્યંત મહત્ત્વના નિર્ણયો તાબડતોબ લેવાની ફરજ પડી હતી, તેમના વર્તનનું શાંતિ અને વ્યવસ્થા સ્થપાયા પછી શાંત વાતાવરણમાં સાચું મૂલ્યાંકન કરવાનું કામ અસાધારણ મુશ્કેલીવાળું છે. હિંમત અને પહેલ કરવાના ગુણો કોઈ પણ રમખાણની શરૂઆતના તબક્કામાં અત્યંત કીમતી નીવડે છે; પરંતુ એ જ ગુણો પછીના તબક્કાઓમાં જો વિવેકપૂર્વક ન વપરાય તો હાનિકારક નીવડવા સંભવ હોય છે. બીજું, જો આવું મૂલ્યાંકન સાચી રીતે કરવું હોય તો કટોકટીના સંજોગોમાં ક્યારે પગલું ભરવું અને ક્યારે ન ભરવું એ નક્કી કરવામાં રહેલી મુશ્કેલી ધ્યાનબહાર નહીં રહેવી જોઈએ, અને તેથી આ મૂલ્યાંકન કરતી વખતે આખી પરિસ્થિતિને સાચા દૃષ્ટિબિંદુથી નિહાળવા પ્રયત્ન થવો જોઈએ.

૧૯૧૯ના એપ્રિલ માસમાં રમખાણો ફાટી નીકળ્યાં ત્યારે પંજાબ એક અત્યંત અનુભવી અને હિંમતવાળા લેફ્ટનન્ટ ગવર્નરની હકૂમત તળે હતું, એ એક શુભ સંયોગ હતો. હિંદ સરકાર માને છે કે સર માઇકલ ઓડવાયરે એક મહાન સંકટ સમયે દૃઢતાં અને બાહોશીથી કામ લીધું હતું, અને જે ખતરનાક બંડની અસર બાકીના હિંદુસ્તાન ઉપર વ્યાપક અને ઘાતક નીવડી હોત તેને શાંત પાડવાનું શ્રેય મોટે ભાગે એમને આભારી હતું.

આખી પરિસ્થિતિનો એકંદર વિચાર કરતાં, જે સૈનિકોને આ રમખાણો દાબી દેવા ફરજ પર મૂકવામાં આવ્યા હતા તેમની પ્રશંસનીય કામગીરી પ્રત્યે અમે ઘણો જ અહોભાવ વ્યક્ત કરવા ઇચ્છીએ છીએ. જે છૂટાછવાયા બનાવોની ચર્ચા અગાઉ થઈ ગઈ છે તે બાદ કરતાં, અધિકારીઓ અને સૈનિકો બંનેએ અત્યંત કપરા સંજોગોમાં પ્રશંસનીય સંયમથી કામ લીધું છે. એટલે રમખાણો શમાવવામાં અને દેશમાં શાંતિ સ્થાપવામાં એમણે જે સેવાઓ બજાવી છે તે બદલ હિંદ સરકારને તેમની પ્રશંસા કરવા સિવાય અને તેમનો આભાર માનવા સિવાય બીજું કંઈ કહેવાનું નથી.

રમખાણગ્રસ્ત વિસ્તારોમાં મુલકી શાસનના તમામ વર્ગો તથા પાયરીઓના અધિકારીઓએ, વર્તન અને કર્તવ્યનિષ્ઠાના જે ઉચ્ચ ધોરણની હિંદ સરકારે તેમની પાસેથી અપેક્ષા રાખી હતી, તેવું જ ઉચ્ચ ધોરણ એકંદરે જાળવી રાખ્યું હતું. જેમને શાંતિ સ્થાપવાના કામ સાથે સીધો સંબંધ હતો તેઓ એકલા જ ધન્યવાદને પાત્ર છે એવું નથી, પરંતુ જેમણે ધાંધલના સમયમાં પણ સ્વસ્થતા અને દૃઢતાપૂર્વક પોતાની રોજિંદી ફરજો બજાવીને લોકોનો વિશ્વાસ પાછો મેળવવામાં જે મોટો ફાળો આપ્યો છે તેઓ પણ ધન્યવાદના અધિકારી છે. જેમની ખાસ પ્રશંસા કરવામાં આવી છે એવા કેટલાક અધિકારીઓનાં નામનો ઉલ્લેખ અગાઉ થઈ ગયો છે, પરંતુ જો સ્થાનિક સરકારોને એમ લાગતું હોય કે બીજા પણ અધિકારીઓનાં કામોની ખાસ પ્રશંસા થવાની જરૂર છે, તો તેમનાં નામો વહેલી તકે અમારા ધ્યાન પર લાવવાં જોઈએ.

જે બિનસરકારી વ્યક્તિઓએ રમખાણો સાથે બૂરી રીતે સંકળાયેલા આ આંદોલનને અટકાવવા પોતાનાથી બનતું કર્યું હતું અથવા જેમણે પોતાની લાગવગ વાપરીને તથા મદદ આપીને સત્તાવાળાઓને શાંતિ સ્થાપવામાં

Gandhi Heritage Portal

સહાય કરી હતી તેમનો હિંદ સરકાર પૂરેપૂરો આભાર માને છે. અને આ પ્રકારની વ્યક્તિગત મદદની તારીફ કરવાનું કે તેનો બદલો આપવાનું રહી ન જાય તે જોવા સ્થાનિક સરકારોને સૂચના આપવામાં આવશે.

હિંદ સરકારને એ હકીકતની નોંધ લેતાં ઘણો સંતોષ થાય છે કે તમામ વર્ગો અને સંપ્રદાયોના લોકોમાં એવી ઘણી વ્યક્તિઓ હતી જેમણે ઉશ્કેરાયેલાં ટોળાંની સામે પોતાના જીવને જોખમે પણ રમખાણોના ભોગ બનેલા નિર્દોષ લોકોને મદદ કરી હતી અથવા તેમના પ્રત્યે દયા દાખવી હતી. અહીં અમે ફરીથી એવી ઇચ્છા વ્યક્ત કરીએ છીએ કે આવાં તમામ કામોની બહુ જ સ્પષ્ટ તારીફ કરીને કદર કરવી જોઈએ અથવા યોગ્ય હોય ત્યાં એવા લોકોને આર્થિક પુરસ્કારથી નવાજવા જોઈએ.

૪૪. જે અધિકારીઓનાં કામોની વાજબી રીતે ટીકા કે નિંદા કરવામાં આવી છે તેમનાં નામો આ ખરીતામાં આવી ગયાં છે; અને એમની બાબતમાં સરકારની નારાજગી જાહેર કરવા જરૂરી હોય તેવાં પગલાં લેવા સ્થાનિક સરકારોને જણાવવામાં આવશે.

જનરલ ડાયરના કિસ્સાનો સ્વતંત્ર ઉલ્લેખ કરવાની જરૂર છે. જલિયાંવાલા બાગમાં આ અધિકારીએ કરેલા કૃત્ય ઉપર અમે બહુ જ ગંભીરતાથી વિચાર કર્યો છે. અમને ખાતરી થઈ છે કે એ કૃત્ય સાફ દાનતથી થયું હતું અને તેની પાછળ ખોટી પરંતુ કડક કર્તવ્યભાવનાની પ્રેરણા રહેલી હતી. હકીકત બિલકુલ સ્પષ્ટ છે. જનરલ ડાયરે આ દુઃખદ ઘટના સંબંધમાં પોતાની જવાબદારી ઓછી આંકવા અથવા પોતાના કૃત્ય કે હેતુ ઉપર પોતાને ફાવતો રંગ ચઢાવવા પણ કશો પ્રયત્ન કર્યો નથી. એમના આચરણનું વાજબીપણું ઠરાવવા માત્ર એટલું જ કહી શકાય કે એમની સમક્ષ અને એમના તાબાના પ્રદેશમાં જે પ્રત્યક્ષ પરિસ્થિતિ હતી તેને લીધે લશ્કરી પગલાં ભરવાની જરૂર ઊભી થઈ હતી. જનરલ ડાયર સમક્ષ જે સંજોગો હતા તેમાં કોઈ પણ અધિકારીએ અવશ્ય પ્રામાણિકપણે અને બાહોશીથી કામ કરવું જોઈએ, પરંતુ એમાં શકય તેટલી માનવતા પણ રાખવી જોઈએ. અમે જોઈ શકીએ છીએ કે સંકટ જ્યારે મોટું હોય ત્યારે કોઈ પણ અધિકારી તે ક્ષણ પૂરતો પોતાના મગજનું સમતોલપણું ગુમાવી બેસે અને તેથી તેટલા પૂરતું એને વિષે અભિપ્રાય બાંધવામાં આપણે ઉદાર રહેવું જોઈએ. અમે એ પણ સ્વીકારીએ છીએ કે જનરલ ડાયરના કૃત્યનું આખરી પરિણામ ગમે તેટલું હાનિકારક નીવડયું હોય તોપણ એના તાત્કાલિક પરિણામ તરીકે તોફાની તત્ત્વો તરત જ નરમ પડી ગયાં હતાં. આ ઉપરાંત અમારા જે ઠરાવમાં અમે રમખાણો શમાવવાના ત્રાસદાયક કર્તવ્યમાં રોકાયેલા અધિકારીઓને પૂરેપૂરી સંમતિ અને ટેકો આપવાનું વચન આપ્યું હતું તેને પણ અમે ભૂલ્યા નથી. તેમ છતાં, આ બધા સંજોગોનો કાળજીપૂર્વક વિચાર કર્યા પછી પણ, જલિયાંવાલા બાગમાં જનરલ ડાયરે જરૂર કરતાં વધારે, કોઈ પણ સમજદાર માણસને આવશ્યક લાગે તેના કરતાં વધારે અધિકાર વાપર્યો હતો અને જેટલી દયા દાખવવી જોઈતી હતી તેટલી દાખવી નહોતી એમ કહ્યા સિવાય બીજા કોઈ નિર્ણય પર આવી શકાય તેમ નથી. આ નિર્ણય ઉપર આવતાં અમને દુઃખ થાય છે, કેમ કે એક સોલ્જર તરીકે જનરલ ડાયરે બજાવેલી વિશિષ્ટ સેવાઓ અગર તાજેતરના અફઘાન વિગ્રહ દરમ્યાન થાલ મથકે રાખેલા લશ્કરને એમણે પહોંચાડેલી બહાદુરીભરી રાહતને અમે ભૂલી શકતા નથી. તેમ છતાં અમારે લખવું પડે છે કે ઉપર જણાવેલો અમારો અભિપ્રાય નામદાર વડા સેનાપતિને મોકલી આપવો અને તેમને જણાવવું કે આ બાબતમાં યોગ્ય લાગે તે કાર્યવાહી તેમણે કરવી.

૪૫. આ રમખાણો દરમ્યાન યુરોપિયનો અને હિંદીઓની જે જાનહાનિ થઈ છે તે બદલ અમે અનેક પ્રસંગોએ ઊંડો ખેદ વ્યક્ત કર્યો છે અને આ કમનસીબ બનાવોનો ભોગ બનેલા લોકોની પાછળ રહેલા એમનાં શોકમગ્ન કુટુંબીઓ પ્રત્યે અમારી સહાનુભૂતિ જાહેર કરી છે. જે લોકોએ આ રીતે સહન કર્યું છે તે બધા પ્રત્યે અમે ફરી એક વાર અમારો ખેદ અને સહાનુભૂતિ વ્યક્ત કરવા ઇચ્છીએ છીએ. જો થયેલા નુકસાનનો બદલો વળતરથી મળી શકતો હોય તો જે લોકો કાયદાથી વળતરના હક્કદાર હતા તેમને વળતર આપવામાં આવ્યું છે અને જે સરકારી નોકરોએ આ રમખાણોમાં પોતાના જાન ગુમાવ્યા છે તેમના આશ્રિતોના ભરણપોષણ માટે કાં તો પૂરતી જોગવાઈ કરવામાં આવી છે અથવા કરવામાં આવશે. પંજાબ સરકારને પણ એમ કહેવામાં આવશે કે જે લોકોની આવક તેમનું ભરણપોષણ કરનારા માણસો જલિયાંવાલા બાગમાં માર્યા જવાને કારણે અથવા તેમને કાયમની ઈજા થવાને કારણે બંધ થઈ ગઈ હોય તેવાઓને કેવી રીતે

Gandhi Heritage Portal

મદદ કરવી તે વિચારવું અને એવા માણસોને સ્થાનિક ધર્માદા સંસ્થાઓએ જે કંઈ મદદ પહોંચાડી હોય તે ઉપરાંત જરૂર જણાયે વધારે મદદ કરવી.

૪૬. હવે અમે કમિટીના તમામ નિર્ણયોનું અવલોકન પૂરું કર્યું છે. અમારા અભિપ્રાય પ્રમાણે, ૧૯૧૯ના એપ્રિલ માસના બનાવોમાંથી સૌથી વધારે મહત્ત્વનો એક જ બોધપાઠ તારવવાનો બાકી રહે છે. આ રમખાણોની સ્મૃતિને એમનાં મુખ્ય અને તાત્કાલિક કારણરૂપ સવિનય કાનૂનભંગની ચળવળથી અલગ પાડવાનું અશક્ય બનશે. જ્યારે આ ચળવળ શરૂ કરવામાં આવી ત્યારે દેખીતી રીતે જ એના પ્રવર્તકોને એટલું જણાયું નહોતું (જોકે તમામ વિચારશીલ માણસો એ જાણતા હતા) કે અત્યારે હિંદુસ્તાન પ્રગતિની અવસ્થાએ પહોંચેલું છે તે વેળા (બીજા દેશોમાં સ્થિતિ ગમે તે હોવા છતાં) પસંદ કરેલા કાયદા તોડવાની આમજનતાને સલાહ આપવાનું પરિણામ એ જ આવે કે લોકો સમતોલપણું ગુમાવી બેસે અને પછી સ્થિતિ એવી થઈ જાય કે તમામ કાયદા તૂટી જાય અને અવ્યવસ્થા ઊભી થાય. ગયા વર્ષના કડવા અનુભવો ઉપરથી આ બાબતમાં હવે કોઈ શંકા રહેતી નથી. એટલે જે લોકો હવે પછી ગમે તે હેતુસર આવી ચળવળો શરૂ કરે તેમણે, જે બળોનું સંચાલન કે નિયંત્રણ પોતે કરી શકે તેમ નથી તેમને ઉશ્કેરવાથી શું પરિણામ આવે તે બાબતમાં કશી શંકા નહીં સેવવી જોઈએ. અમે તો એટલી જ આશા રાખી શકીએ કે આ પાઠ કાયમને માટે શિખાઈ ગયો છે, એટલે ભવિષ્યમાં આવી ચળવળો દ્વારા ઇરાદાપૂર્વક અગન-ખેલ માંડનારા લોકોનો, તમામ સાચા વિચારશીલ માણસો દૃઢતાપૂર્વક વિરોધ કરશે.

અહીં, આ સ્થળે અમે અમારી એવી હાર્દિક આશા વ્યક્ત કરવા માગીએ છીએ કે આ બનાવોમાંથી ગ્રહણ કરવાનો પાઠ કેવળ નકારાત્મક નથી. આ કમિટી દ્વારા જ્યારથી બનાવોની તપાસ કરવામાં આવી છે ત્યારથી હિંદુસ્તાનમાં એક નવા યુગનો આરંભ થયો છે અને આ યુગપરિવર્તને નામદાર શહેનશાહને એક રહેમદિલ ઢંઢેરો બહાર પાડવાનો પ્રસંગ આપ્યો છે. આ ઢંઢેરો હિંદુસ્તાનમાં શહેનશાહની સમસ્ત પ્રજાના હૃદયને સ્પર્શી ગયો છે. આ પ્રસંગે આ રહેમદિલ સંદેશાનાં મુખ્ય લક્ષણોની સૌ કોઈને અમે યાદ દેવડાવીએ છીએ અને અમને ખાતરી છે કે નામદાર શહેનશાહે પોતાની પ્રજા અને એમનું રાજ્ય ચલાવનાર અધિકારીઓ વચ્ચે કડવાશની કોઈ નિશાનીઓ બાકી રહી ગઈ હોય તો તે ભૂંસી નાખવાની જે હાર્દિક ઇચ્છા વ્યક્ત કરી છે તે કોઈના ધ્યાન બહાર જશે નહીં.

૪૭. અંતમાં અમે લૉર્ડ હંટર અને એમની કમિટીના સભ્યોનો, એમણે શરૂઆતથી જ અત્યંત મુશ્કેલ અને કશો બદલો કે પ્રશંસા મળવાની આશા વિનાના જણાતા તપાસના આ કાર્યને અત્યંત કુશળતાપૂર્વક અને ભારે પરિશ્રમ લઈને પાર પાર પાડ્યું તે બદલ, અને ઘણી શંકાઓ તથા વિવાદો મિટાવી દેનારા અને અમારે જેનો નિર્ણય કરવાનો હતો એવા અનેક પ્રશ્નો સંબંધમાં સાચા નિર્ણયો બાંધવામાં મોટામાં મોટી મદદ કરનારા એમના રિપોર્ટ બદલ આભાર માનવા ઇચ્છીએ છીએ.

અમે છીએ આપના, ઇત્યાદિ

(સહી) **ચેમ્સફર્ડ**

**સી. સી. મનરો**

**જી. એસ. બાર્ન્ઝ**

**ડબ્લ્યુ. એચ. વિન્સન્ટ**

**એમ. શફી**

**ડબ્લ્યુ. એમ. હેલી**

**ટી. એચ. હૉલેન્ડ**

**એ. પી. મુડિમન**

[મૂળ અંગ્રેજી]

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૫

## હિંદ સરકારના ખરીતાનો મૉન્ટેગ્યુએ આપેલો જવાબ

ઇન્ડિયા ઑફિસ,
લંડન,
મે ૨૬, ૧૯૨૦

नं. १८८ पब्लिक

નામદાર પરમ માનનીય
હિંદના ગવર્નર જનરલ સમેત કાઉન્સિલ જોગ

મહાનુભાવ,

ગયા વર્ષની શરૂઆતમાં પંજાબ અને હિંદુસ્તાનના બીજા ભાગોમાં થયેલાં રમખાણો વિષેના લૉર્ડ હંટરની કમિટીના રિપોર્ટ ઉપર નામદાર સમ્રાટની સરકારે વિચાર કરી લીધો છે. બીજું, આપ નામદારના તા. ૩જી મેના પત્રમાં આપે આ રિપોર્ટનું અવલોકન કરી, તે ઉપરથી આપ નામદારની સરકારે તારવેલા નિર્ણયો મને જણાવ્યા છે, તે મેં નામદાર સમ્રાટની સરકારને પહોંચાડી દીધા છે. આ પત્રનું મૂળ લખાણ પણ આપે મને તારથી મોકલી આપ્યું છે. આ રિપોર્ટમાં અને આપના પત્રમાં સ્વભાવિક રીતે જ અનેક બાબતો હાથ ધરવામાં આવી છે. એ બધી બાબતોની વિગતવાર ચર્ચા કરવાનું નામદાર સમ્રાટની સરકારને જરૂરી લાગતું નથી. પરંતુ આ વિષય ઉપર વિચાર કર્યા પછી, આ રિપોર્ટ ઉપરથી ઉપસ્થિત થતા કેટલાક વધારે અગત્યના પ્રશ્નો વિષે એમણે ચોક્કસ નિર્ણયો બાંધ્યા છે, અને તેમણે મારી પાસેથી એવી આશા રાખી છે કે આપના પત્રના મારા જવાબમાં આ નિર્ણયોનું એમણે વિચારપૂર્વક તૈયાર કરેલું નિવેદન આપને મોકલી આપવું. આ ખરીતાના પૅરેગ્રાફ નંબર ૨થી ૮માં આ નિવેદન તે પ્રમાણે સામેલ કર્યું છે.

२. सामान्य: લૉર્ડ હંટરની કમિટીનો રિપોર્ટ લાંબા સમય સુધી ચાલેલી ધીરજપૂર્વકની તપાસનાં પરિણામો રજૂ કરે છે. આ કમિટીએ કાળજીપૂર્વક તારવેલા તમામ પ્રશ્નોને આવરી લેતા નિર્ણયોનો જો અમલ કરવામાં નહીં આવે તો તેમનો બધો શ્રમ નકામો જશે. આ ખરીતામાં જે નિર્ણયોની નોંધ કરવામાં આવી છે તેની પ્રેરણા મુખ્યત્વે એવી માન્યતાને આધારે મળી છે કે આ રિપોર્ટનો ઉપયોગ કરતી વખતે નામદાર સમ્રાટની સરકાર અને હિંદ સરકારને માથે જે મુખ્ય કર્તવ્ય છે તે થયેલી ભૂલો માટેનો દોષ વ્યક્તિઓમાં વહેંચી આપવો અથવા તેમને શિક્ષા કરવી એટલું જ નથી, પરંતુ ૧૯૧૯ના વર્ષની વસંત ઋતુમાં હિંદુસ્તાનમાં ઊભી થયેલી પરિસ્થિતિ કમનસીબ સંજોગોને લીધે જો કદી ફરીથી પણ ઊભી થાય, તો આવા દોષારોપણ કે પશ્ચાત્તાપનો પ્રસંગ ભવિષ્યમાં ફરીથી ઊભો થવા દેવો નહીં.

३. १३मी एप्रिलने दिवसे अमृतसरमां ब्रिगेडियर जनरल डायरनुं वर्तन: ૧૯૧૯ના એપ્રિલ માસની ૧૩મી તારીખની બપોર પછી અમૃતસર શહેરમાં જલિયાંવાલા બાગમાં બનેલા બનાવની મુખ્ય હકીકતો ખૂબ જાણીતી છે. આ હકીકતોનું લૉર્ડ હંટરના રિપોર્ટમાં લંબાણથી વર્ણન કરવામાં આવ્યું છે અને જનરલ ડાયરે પોતે કમિટી સમક્ષ આપેલી લેખિત તેમ જ મૌખિક બંને પ્રકારની જુબાનીમાં એની ઝીણામાં ઝીણી વિગતો આવી જાય છે. આ જુબાનીનો સંપૂર્ણ અને અધિકૃત પાઠ જાહેરમાં મુકાયો નથી. આ હકીકતોની બાબતોમાં કશી શંકા અગર કશો વિવાદ નથી. એટલે જરૂર માત્ર એટલી જ કે આ સ્થળે એ હકીકતો બહુ જ ટૂંકાણમાં અને સ્પષ્ટ સ્વરૂપમાં ગણાવી જવી. બ્રિગેડિયર જનરલ ડાયર, જેઓ ૧૧મીની રાત્રે અમૃતસરમાં આવ્યા હતા તેમણે, ૧૩મી એપ્રિલની સવારે એક ઢંઢેરો બહાર પાડ્યો. એમાં બીજી બાબતોની સાથે શહેરની અંદર કે બહાર સરઘસો કાઢવાની મનાઈ કરવામાં આવી હતી અને જાહેર કરવામાં આવ્યું હતું કે, "જો આવું કોઈ સરઘસ કાઢવામાં આવશે અથવા ચાર માણસો એકઠા થશે તો તેને ગેરકાયદે ટોળું માનીને તેની

Gandhi Heritage Portal

ઉપર કામ ચલાવવામાં આવશે અને જરૂર જણાયે હથિયારો વાપરીને એ ટોળાને વિખેરી નાખવામાં આવશે.” આ ઢંઢેરાની જાહેરાત માટે બ્રિગેડિયર જનરલ ડાયર પોતે લશ્કરની એક ટુકડીને મોખરે રહીને શહેરમાં ફર્યા હતા અને જ્યારે લશ્કર રસ્તાઓ ઉપર થઈને જતું હતું ત્યારે ઢંઢેરો અનેક સ્થળે વાંચી સંભળાવવામાં આવ્યો હતો. આ કામ માટે જનરલ ડાયર સવારે લગભગ નવ વાગ્યે પોતાને મુકામેથી નીકળ્યા હતા અને બપોર પછી આશરે દોઢ વાગ્યે પાછા ફર્યા હતા. બ્રિગેડિયર જનરલ ડાયરે રામબાગમાં આવેલા પોતાના મુકામે પહોંચવાના લગભગ એક કલાક પહેલાં સાંભળ્યું હતું કે એમના ઢંઢેરાની અવગણના કરીને તે દિવસે સાંજના ૪–૩૦ વાગ્યે જલિયાંવાલા બાગમાં એક મોટી સભા ભરાવાની છે, અને ૪ વાગ્યે એમને સંદેશો મળ્યો હતો કે લગભગ ૧૦૦૦ માણસોનું એક ટોળું ત્યાં એકઠું થઈ ગયું છે. સાંજના ચાર પછી તરત જ બ્રિગેડિયર જનરલ ડાયર પિકેટિંગ કરવા માટે સૈનિકોને લઈને રામબાગથી કૂચ કરી ગયા (કેમ કે શહેરના મુખ્ય દરવાજા ઉપર પિકેટિંગ કરવાનો એમણે આ પહેલાં નિશ્ચય કરી લીધો હતો). તેમની સાથે રાઇફલોથી સજ્જ ૫૦ અને એકલી કૂકરીઓ (ગુરખાઓ રાખે છે તેવી નાનકડી તલવાર)થી સજ્જ ૪૦ હિંદી પાયદળ સૈનિકોનું એક ખાસ લશ્કર હતું અને બે બખતરિયા ગાડીઓ પણ હતી. પિકેટિંગ માટે આણેલા સૈનિકોને રસ્તામાં ગોઠવીને તેઓ સીધા જલિયાંવાલા બાગ તરફ ગયા અને ત્યાં પહોંચ્યા પછી પોતાના પાયદળ લશ્કરને એક સાંકડી ગલીમાં થઈને બાગમાં લઈ જઈ, તરત જ તેને પ્રવેશદ્વારની જમણી અને ડાબી બાજુએ ગોઠવી દીધું. ગલી બહુ સાંકડી હોવાથી બખતરિયા ગાડીઓ એમાં દાખલ થઈ શકે તેમ નહોતું એટલે એને બહાર છોડી દીધી હતી. લશ્કર ગોઠવી દીધા પછી બ્રિગેડિયર જનરલ ડાયરે તરત જ ગોળી છોડવાના હુકમો આપ્યા અને ચોગાનમાં એમની સમક્ષ એકઠા થયેલા ગીચ ટોળા ઉપર (એ સંખ્યા એમના અંદાજ પ્રમાણે પાંચેક હજારની હતી) દસેક મિનિટ, ગોળીઓનો પુરવઠો ખૂટી જવા આવ્યો ત્યાં સુધી નિયમિત ગોળીબાર ચાલુ રાખ્યો. આ ગોળીબારમાં ·૩૦૩ VI (૬)માર્ક વાળી ગોળીઓના ૧૬૫૦ રાઉન્ડ છોડવામાં આવ્યા હતા. આ કાર્યવાહીને પરિણામે માર્યા ગયેલાઓની સંખ્યા ૩૭૯ હતી એમ મનાય છે. કેટલા માણસો ઘવાયા તે ચોક્કસ નક્કી કરવામાં આવ્યું નથી, પરંતુ લૉર્ડ હંટરની કમિટીએ અંદાજ કાઢ્યો છે કે આ સંખ્યા મરનારની સંખ્યા કરતાં ત્રણગણી હશે. ગોળીબાર બંધ કરવાનો હુકમ આપ્યા પછી તરત જ બ્રિગેડિયર જનરલ ડાયર પોતાની ફોજને લઈને રામબાગ તરફ પાછા કૂચ કરી ગયા હતા. ગોળીબાર આટલી સખત રીતે અને આટલી લાંબી મુદત સુધી કરવામાં આવ્યો તેનાં કારણો જનરલ ડાયરે (૧૬મી હિંદી ડિવિઝનના) જનરલ સ્ટાફને આપેલાં અને પાછળથી લૉર્ડ હંટરની કમિટી સમક્ષ રજૂ થયેલા પોતાના લેખી નિવેદનમાં આ પ્રમાણે દર્શાવ્યાં છે: “આપણને ઘણો મોટો ભય લાગે ત્યારે જ આપણામાં બહાદુરીની ભાવના પ્રગટે છે. આ બાબતમાં મેં બધી દૃષ્ટિથી વિચાર કર્યો હતો. મારું કર્તવ્ય અને મારી સૈનિકવૃત્તિએ મને ગોળીબાર કરવાની પ્રેરણા આપી હતી. મારા મનમાં પણ આ વિષે કોઈ દ્વિધા નહોતી. મારી નજર સામે બીજા દિવસનું “ડંડા ફોજનું” ટોળું દેખાતું હતું. (લાહોરમાં હુલ્લડખોરોએ પોતાને ડંડા ફોજનું નામ આપ્યું હતું.) એટલે મેં ગોળી ચલાવી અને ટોળું વિખેરાયું ત્યાં સુધી તે ચાલુ રાખી. જો મારા કૃત્યની યથાર્થતા સાબિત કરવી હોય તો હું કહીશ કે મારે જે એક નૈતિક અને વ્યાપક અસર ઊભી કરવી જોઈએ એમ હું માનતો હતો, અને જે અસર ઊભી કરવાની જરૂર હતી તેને માટે મેં ઓછામાં ઓછો ગોળીબાર કર્યો હતો. જો વધારે ફોજ મારી પાસે હોત તો મરનાર અને ઘાયલ થનારની સંખ્યા પ્રમાણમાં વધી ગઈ હોત. પ્રશ્ન કેવળ ટોળાને વિખેરી નાખવાનો નહોતો, પરંતુ લશ્કરી દૃષ્ટિએ કેવળ ત્યાં હાજર રહેલા લોકો ઉપર જ નહીં પણ ખાસ કરીને આખા પંજાબમાં પૂરતી નૈતિક અસર ઊભી કરવાનો એ પ્રશ્ન હતો. એટલે જરૂર કરતાં વધારે સખ્તાઈ કર્યાનો પ્રશ્ન જ નથી.”

મુલકી સત્તાને મદદ કરવા જ્યારે લશ્કરી પગલાં લેવાં પડે ત્યારે કેવી રીતે કામ કરવું તે સંબંધમાં સૂચનાઓ આપતી વખતે, નામદાર સમ્રાટની સરકારની નીતિ હમેશાં જરૂર જણાયે ઓછામાં ઓછું બળ વાપરવું એ સિદ્ધાંતને અનુસરતી આવી છે. કમનસીબે બ્રિટિશ સામ્રાજ્યમાં લોકોના બળવાને લશ્કરી તાકાત વડે દાબી દેવાની ફરજ પાડે એવા સંજોગો જ્યારે પણ ઉપસ્થિત થાય ત્યારે નામદાર સમ્રાટની સરકારની નીતિનું મુખ્ય અંગ આ સિદ્ધાંત જ રહેશે એવો એણે નિશ્ચય કર્યો છે.

Gandhi Heritage Portal

અમારે ઘણા જ ખેદપૂર્વક પરંતુ કશા સંદેહનો અવકાશ રાખ્યા વિના એવા નિર્ણય ઉપર આવવું પડે છે કે જલિયાંવાલા બાગમાં બ્રિગેડિયર જનરલ ડાયરે જે કૃત્ય કર્યું તેનાથી આ સિદ્ધાંતનો પૂરેપૂરો ભંગ થયો હતો. એમની સમક્ષ તો એ જ કર્તવ્ય હતું કે તેમના હુકમોનો અનાદર કરીને એકઠી થયેલી એક વિશાળ પરંતુ દેખીતી રીતે જ નિઃશસ્ત્ર એવી સભાને જરૂર લાગે તો બળ વાપરીને પણ વિખેરી નાખવી. બનવાજોગ છે કે એમની પાસેનું લશ્કર, એકઠા થયેલા લોકોની સંખ્યા અને શહેરના લોકોનો સામાન્ય મિજાજ તથા માનસિક વલણ જોતાં થોડોક ગોળીબાર કર્યા વિના અને થોડીક જાનહાનિ કર્યા વિના, આ કર્તવ્ય અસરકારક રીતે અને સંપૂર્ણ રીતે સિદ્ધ કરવાનું એમને અશક્ય જણાયું હોય. પરંતુ એટલું નક્કી છે કે ઓછામાં ઓછું કેટલું બળ વાપરવાની જરૂર હતી તે નક્કી કરવાનો એમણે કશો પ્રયત્ન કર્યો નહોતો. હકીકતમાં એમણે જે બળ વાપર્યું હતું તે ટોળાને વિખેરી નાખવાનો હેતુ સિદ્ધ કરવા માટે જરૂરી હોય તેના કરતાં ઘણું વધારે હતું અને તેને લીધે લોકોની શોચનીય અને બિનજરૂરી જાનહાનિ થઈ તથા તેમને દુઃખ સહન કરવું પડ્યું. પરંતુ બ્રિગેડિયર જનરલ ડાયરે જે ભૂલ કરી હતી તેનું આ સંપૂર્ણ બયાન નથી. એ વાતમાં કશો શક નથી કે સભામાંના મોટી સંખ્યામાંના લોકો જેમાંના ઘણા તો નજીકનાં ગામોમાંથી થોડા જ વખત માટે શહેરમાં આવેલા હતા તેમને એમના ઢંઢેરાની તથા સભામાં હાજર રહેવામાં રહેલા જોખમની કશી ખબર નહોતી. ઢંઢેરો શહેરના માત્ર એક જ ભાગમાં જાહેર કરવામાં આવ્યો હતો, જે સભાના સ્થળથી થોડે દૂર હતો. અને ગોળીબાર શરૂ કરતાં પહેલાં કોઈ પણ પ્રકારની ચેતવણી આપવામાં આવી નહોતી. શહેરની હાલત, મોસમની ગરમી અને શહેરમાં આવ્યા પછી જનરલ ડાયરના હાથ નીચેની સેનાને પડેલો શ્રમ જોતાં પહેલા મુદ્દા ઉપર વધારેપડતો ભાર મૂકવો અનુચિત ગણાશે; પરંતુ ગોળીબાર શરૂ કરતાં પહેલાં ચેતવણી અપાઈ નથી એ વાત અક્ષમ્ય છે. બીજું, બ્રિગેડિયર જનરલ ડાયરે મરવા પડેલા અને ઘાયલ થયેલા લોકોને દાક્તરી મદદ આપવા થોડો પણ પ્રયત્ન થાય તે વિષે કશાં પગલાં લીધાં નથી, એ એમના દેખીતા કર્તવ્યપાલનની ખામી હતી. પરંતુ બ્રિગેડિયર જનરલ ડાયર વિરુદ્ધની સૌથી વધારે ગંભીર બાબત તો એમની સમક્ષ ઊભા થયેલા સંજોગોમાં એમના કર્તવ્ય વિષેનો એમણે પોતે ખુલ્લો કરેલો ખ્યાલ છે.

જે સિદ્ધાંતને આધારે બ્રિગેડિયર જનરલ ડાયરે પોતાનું કૃત્ય કર્યું હતું તેને નામદાર સમ્રાટની સરકાર ભારપૂર્વક નામંજૂર કરે છે. તેમના પોતાના જ શબ્દો પરથી જોઈએ તો જો એમની પાસે વધારે મોટું લશ્કર હોત અને ઘટનાસ્થળ પર સશસ્ત્ર ગાડીઓનો ઉપયોગ થઈ શક્યો હોત, તો એમના આ કૃત્યે હજી પણ વધારે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હોત. ૧૩મી એપ્રિલે હિંદુસ્તાનમાં સામાન્ય રીતે સત્તાવાળાઓ સમક્ષ અને ખાસ કરીને બ્રિગેડિયર જનરલ ડાયર સમક્ષ જે પરિસ્થિતિ આવી પડી હતી તેની અસાધારણ ગંભીરતા સમ્રાટની સરકારના ધ્યાન બહાર નથી; તેમ આ પરિસ્થિતિને કારણે બ્રિગેડિયર જનરલ ડાયરને પોતાના ઉપર જે જવાબદારી લદાયાનું લાગ્યું, અને વાજબી રીતે લાગ્યું, તે ઘણી મોટી હતી એનો પણ સમ્રાટની સરકારને ખ્યાલ છે. યુરોપિયનોના જાન અને બ્રિટિશ તેમ જ હિંદી ફોજોની સલામતી માટે જે ખતરો ઊભો થયો હતો તે કમિટીના રિપોર્ટમાં દેખાય છે તેના કરતાં ઘણો મોટો હોવાનું સમ્રાટની સરકાર સંભવિત માને છે. ખુદ અમૃતસરમાં ત્રણ જ દિવસ પહેલાં અત્યંત જંગલી પ્રકારનાં કરપીણ ખૂનો થયાં હતાં અને આગ લગાડવાના બનાવો બન્યા હતા તથા શહેર હજી પણ લગભગ ટોળાના કબજામાં હતું. આજુબાજુનાં ગામડાંમાંથી કલાકે કલાકે આ પ્રકારના હિંસક બનાવોના અને સંદેશાવ્યવહારનાં સાધનો ઉપર હુમલા થયાના સમાચારો આવી રહ્યા હતા અને (સંદેશાવ્યવહારનાં સાધનો ઉપરના હુમલા સફળ થવાને કારણે) આ સમાચારોમાં જે ઊણપો હતી તેની અફવાઓથી પૂર્તિ થઈ રહી હતી. આ અફવાઓની ખાતરી કરવા માટે કોઈ સાધન નહોતું. તેમ તેને નહીં માનવા માટે કોઈ કારણ નહોતું. પોતાની પાસે જે થોડું લશ્કર હતું તેની મદદ વડે આ જવાબદારી અદા કરતી વખતે બ્રિગેડિયર જનરલ ડાયર પંજાબની એકંદર હાલતનો ખ્યાલ પોતાના મનમાંથી કાઢી નાખી શકે નહીં એ સ્વાભાવિક હતું, અને એ હાલત ધ્યાનમાં રાખીને પોતાની યોજનાઓ ઘડવાનો એમને હક્ક હતો. પરંતુ યોગ્ય શિક્ષા કરવા માટે એક નિઃશસ્ત્ર ટોળાને પસંદ કરવાનો એમને કશો અધિકાર નહોતો. કેમ કે જ્યારે એમણે એ ટોળા ઉપર એ શિક્ષા લાદી ત્યારે એ ટોળાએ હિંસાનું કોઈ પણ કૃત્ય કર્યું નહોતું, બળ વાપરીને એમનો સામનો કરવા કોઈ પ્રયત્ન

Gandhi Heritage Portal

કર્યો નહોતો, અને એમાંના ઘણા લોકોને ખ્યાલ પણ નહોતો કે પોતે જનરલ સાહેબના હુકમોનું ઉલ્લંઘન કરી રહ્યા હતા.

૧૩મી એપ્રિલે બ્રિગેડિયર જનરલ ડાયરે જે કૃત્ય કર્યું તેનો ન્યાય તોળતી વખતે, છએક દિવસ પછી એમણે કાઢેલા એક હુકમનો વિચાર કર્યા વિના ચાલે તેમ નથી. આ હુકમ "પેટે ચાલવાના હુકમ"ના નામથી જાણીતો થયો છે. આ હુકમ કેવા પ્રકારનો હતો અથવા કેવા સંજોગોમાંથી ઉદ્‌ભવ્યો હતો એનું ફરી વાર બયાન કરવાની જરૂર નથી. જે ગુનાને દૂષિત ઠરાવવાના હેતુથી આ હુકમ કરવામાં આવ્યો હતો તેનું પાલન જો તે ગુનો ખરેખર કરનાર લોકોને શિક્ષા કરવા માટે કરાયું હોત, તોપણ તેનો બચાવ કરવાનું મુશ્કેલ થઈ પડત. જ્યારે આ હુકમ તો જેમને એ ગુના સાથે કશો સંબંધ નહોતો એવા લોકો ઉપર લાદવામાં આવ્યો હતો. વળી એનો હેતુ આ લોકોનું અપમાન કરીને તેની મારફતે અમૃતસરની જનતા ઉપર એના કેટલાક સભ્યોએ કરેલા ગુનાની ગંભીરતાની છાપ બેસાડવાનો હતો. એટલે આવા હુકમથી તો સુધરેલી સરકારનાં તમામ ધારાધોરણોનો ભંગ થતો હતો.

જ્યારે એક લશ્કરી અધિકારી કોઈ દુશ્મન દેશમાં લશ્કરી કાયદાનો અમલ કરતો હોય ત્યારે તેની જવાબદારી ઘણી ગંભીર હોય છે; પરંતુ જ્યારે એને આ જવાબદારી પોતાની જ ઉપરી સરકારને વફાદાર હોય અને એની પાસેથી જ રક્ષણની અપેક્ષા રાખનારા લોકો તરફ અદા કરવાની આવે છે, ત્યારે એનો બોજો અસાધારણ પ્રમાણમાં વધી જાય છે. બનાવ બનતાં પહેલાં કડક નિયમો બનાવીને અથવા સંકટ પતી ગયા પછી એ અધિકારીના કાર્યની વધારેપડતી આકરી ટીકા કરીને, જો એના સ્વતંત્ર નિર્ણયને કે એની કામગીરીને મર્યાદિત કરવામાં આવે, તો જે જાહેર સલામતીનું રક્ષણ કરવાનું એને સોંપવામાં આવ્યું હોય તેને ધોકો પહોંચે. જે પરિસ્થિતિ ખાસ કરીને લશ્કરી અમલની હોય તેનો નિવેડો લશ્કરી ધોરણે જ લાવવો જોઈએ. પરંતુ તે વિશાળ દૃષ્ટિ અને બધી આકસ્મિક સંભાવનાઓની યોગ્ય સમજ માગી લે છે. વર્તાવનાં કેટલાંક ધોરણો એવાં છે કે જેની ઉપેક્ષા કોઈ પણ સુધરેલી સરકાર ગુનાહિત ગણાયા વિના કરી શકે નહીં. નામદાર સમ્રાટની સરકારે આ ધોરણો સાચવી રાખવાનો નિશ્ચય કર્યો છે. આ ધોરણોનું યથાર્થ પાલન કરવાની શરતને આધીન રહીને, લશ્કરી કાયદાનો અમલ કરનાર અધિકારી તેને સોંપવામાં આવેલું કામ પોતાની વિવેકબુદ્ધિને શ્રેષ્ઠ અને સૌથી વધારે અસરકારક લાગે તે રીતે પાર પાડવા સ્વતંત્ર રહેવો જોઈએ અને રહેશે. કામ પૂરું થયા પછી આ અધિકારી પોતાના ઉપરી અધિકારીઓનું તેને પૂરેપૂરું સમર્થન છે એવો ભરોસો રાખી શકશે.

બ્રિગેડિયર જનરલ ડાયરનો હેતુ પ્રામાણિક હતો અને પોતાની ફરજના ખ્યાલને તેઓ અડગ રીતે વળગી રહ્યા હતા, એ બાબતમાં કશી શંકા ઉઠાવી શકાય તેમ નથી. પરંતુ તેઓ મુકાયા હતા તે સંજોગોમાં પોતાના કર્તવ્ય વિષેનો તેમનો ખ્યાલ નામદાર સમ્રાટની સરકારને પોતાના લશ્કરનો હવાલો સંભાળનાર અધિકારીઓ પાસે જે ખ્યાલની અપેક્ષા રાખવાનો હક છે અને જેને અમલમાં મુકાવવાનું તે પોતાનું કર્તવ્ય સમજે છે તેના કરતાં મૂળભૂત રીતે જ તદ્દન જુદો છે. એટલે બ્રિગેડિયર જનરલ ડાયરનો દરજ્જો અને તેમની પદવીને કારણે જે જવાબદારીઓ એમને માથે આવે તે માટે તેઓ લાયક છે એમ માનવું હવે અશક્ય છે. આપે મને જણાવ્યું છે કે વડા સેનાપતિએ બ્રિગેડિયર જનરલ ડાયરને જણાવી દીધું છે કે તેમણે બ્રિગેડ કમાન્ડરના હોદ્દાનું રાજીનામું આપવું અને હવેથી હિંદુસ્તાનમાં બીજા કોઈ હોદ્દા પર તેમને નીમવામાં નહીં આવે. આ હુકમને આપે બહાલી આપી છે. આપનો આ નિર્ણય મને માન્ય છે અને તે કેવા સંજોગોમાં લેવાયો છે તેની હકીકત આર્મી કાઉન્સિલ (લશ્કરી સમિતિ)ને મોકલી આપવામાં આવી છે.

૪. લશ્કરી કાયદાની જાહેરાતનું તથા તેને ચાલુ રાખવાનું સમર્થન: હંટર કમિટીની બહુમતીએ એમ ઠરાવ્યું છે કે લશ્કરી કાયદાની જાહેરાત અને પંજાબના જે જિલ્લાઓમાં એ લાગુ પાડવામાં આવ્યો હતો ત્યાં સામાન્ય અદાલતોને થોડે અંશે બંધ રાખવાનું પગલું વાજબી હતું (પ્રકરણ ૧૧, પૅરેગ્રાફ ૧૭). આ નિર્ણય સામે વાંધો લેવાનું કોઈ કારણ નથી. લશ્કરી કાયદાના અમલની મુદત વધારવામાં આવી તે સંબંધમાં એટલું દેખીતું છે કે એ કાયદો લાગુ પાડવાનાં પગલાંમાં એને ક્યારે પાછો ખેંચવો એ નક્કી કરવાની જવાબદારી પણ આવી જાય છે. એ સામાન્ય સિદ્ધાંત સ્પષ્ટ છે કે જાહેર સલામતી માટે જરૂર હોય તે કરતાં વધારે મુદત માટે લશ્કરી કાયદો ચાલુ નહીં રહેવો જોઈએ. પરંતુ આ સિદ્ધાંત સિવાય આ નિર્ણય પર

Gandhi Heritage Portal

અસર કરી શકે એવાં બીજાં કોઈ નિયત ધોરણો અસ્તિત્વમાં નથી, અને બની ગયેલા બનાવો નજરમાં રાખીને પાછળથી અભિપ્રાય આપી શકાય નહીં. લશ્કરી કાયદો પાછો ખેંચાયો તે પહેલાં ખુલ્લાં રમખાણો બંધ થઈ ગયાં હતાં. તેનું કારણ એ હોવાનો સંભવ છે કે લશ્કરી કાયદાનો અમલ તે વખતે ચાલુ હતો, અને જો એ કાયદો વહેલો ઉઠાવી લેવાયો હોત તો રમખાણો ફરીથી ફાટી નીકળ્યાં હોત. બની ગયેલા બનાવો ધ્યાનમાં લઈ અત્યારે વિચાર કરીએ તો એમ કહી શકાય કે લશ્કરી કાયદો વહેલો ઉઠાવી લેવાનું શક્ય હતું. પરંતુ કેટલાક કિસ્સાઓમાં એ કાયદાનો જે રીતે અમલ કરવામાં આવ્યો હતો તેની સામે ફરિયાદ કરવાને જો કારણ ન હોત તો આ દલીલ માટે જેટલો આગ્રહ રાખવામાં આવ્યો છે તેટલો રખાયો ન હોત, એ વિષે નામદાર સમ્રાટની સરકારને જરા પણ શંકા નથી. પરંતુ જે નિર્ણયો લેવાયા છે તેને માટે જવાબદાર અધિકારીઓને દોષ દેવો વાજબી નથી, કેમ કે ભવિષ્યમાં શું થવાનું છે તે વિષેની પોતાની ધારણા ઉપર જ આધાર રાખ્યા સિવાય તેમનો છૂટકો ન હતો.

૫. **૩૦મી માર્ચ કે તે પછી થયેલા કોઈ પણ ગુના માટે મુકદ્દમો ચલાવવાનો લશ્કરી કાયદાનાં કમિશનોને અધિકાર આપતા ૧૯૧૯ના વટહુકમ ૪નું સમર્થન:** અહીં વટહુકમની કાયદેસરતા વિવાદનો મુદ્દો નથી. એ પ્રશ્ન પ્રિવી કાઉન્સિલની ન્યાયસમિતિએ હમણાં જ ઉકેલી નાખ્યો છે. બીજું, લશ્કરી કાયદો જાહેર કરવાનું તાત્કાલિક કારણ અને એનું સમર્થન એ હતું કે ખુલ્લેખુલ્લાં હિંસાનાં કૃત્યો થયાં હતાં. એટલે આ કૃત્યો કરવાનો જેમના ઉપર આરોપ હતો તેવા લોકો ખાસ લશ્કરી કાયદાની અદાલતો અને તેમની કાર્યવાહીના અધિકાર-ક્ષેત્રમાં આવી જાય એ હેતુથી એ અદાલતો સ્થાપવા અંગેનો કાયદો, એ કાયદાની તારીખ પહેલાંના બનાવોને લાગુ પડે એવું ઠરાવવામાં આવ્યું એની યોગ્યતા વિષે શંકા ઉઠાવવા માટે કશું વાજબી કારણ નથી, કેમ કે (આ બાબતમાં થયું છે તેમ) આવી વ્યવસ્થા કરવાની કાયદામાં છૂટ હતી. લાહોર અને અમૃતસર જિલ્લાઓમાં લશ્કરી કાયદાનાં કમિશનો સ્થાપનારા મૂળ વટહુકમમાં ૧૩મી એપ્રિલ કે તે પછી બનેલા ગુના સામે કામ ચલાવવાનો કમિશનોને અધિકાર અપાયો હતો. જો આ તારીખ ફેરવાઈ ન હોત, તો અમૃતસરમાં ૧૦મી એપ્રિલે ખૂનના, આગ લગાડવાના અને મિલકતો નાશ કરવાના જે બનાવો બન્યા તેમાં સક્રિય ભાગ લીધાના આરોપવાળા અથવા એપ્રિલની ૧૦મી, ૧૧મી અને ૧૨મી તારીખોએ લાહોરમાં થયેલાં રમખાણોમાં તથા ૧૨મી તારીખે કસુરમાં થયેલાં ખૂનમાં ભાગ લીધાના આરોપવાળા લોકો ઉપર, કમિશન દ્વારા કામ ચલાવવું અશક્ય થઈ પડ્યું હોત. અને હિંદ સરકારે પોતાની પાસે કાનૂની સત્તા હોવા છતાં, આ વિસંગતિ આટલા પ્રમાણમાં ન સુધારી લીધી હોત, તો સામાન્ય સ્થિતિ ઝડપથી પાછી લાવવા માટે જે પગલું લેવાની દેખીતી જરૂર હતી તે તેણે ન લીધું એમ કહેવાયું હોત. પરંતુ જે લોકોનો ગુનો માત્ર એટલો જ હતો કે તેમણે ખુલ્લાં રમખાણો ફાટી નીકળવાનાં પ્રત્યક્ષ અને તાત્કાલિક નિમિત્ત ન હોય એવા જે લેખો અખબારોમાં લખ્યા હતા અને ભાષણો કર્યાં હતાં તે સંબંધમાં મુકદ્દમો ચલાવવાની ખાસ લશ્કરી કાયદાની પદ્ધતિ લાગુ પાડવા માટે વટહુકમથી મળતી સત્તાનો ઉપયોગ થયો, એ તદ્દન જુદી બાબત છે. એટલે લૉર્ડ હંટરની કમિટીના બહુમતી સભ્યોએ આ નીતિ માટે "કમનસીબ" અને "ગેરડહાપણવાળી" એવા શબ્દો વાપર્યા છે તે કોઈ પણ દૃષ્ટિથી જોતાં વધારેપડતા નથી.

૧૯૧૯ના વટહુકમ ૪ હેઠળ જે કામો થયાં, અને જે નથી થયાં એવું કહી શકાય તેમ નથી, તેનો વિચાર કરતાં ખુદ વટહુકમની કલમો જ વધારેપડતી ઉદાર હતી એમ કહેતાં સમ્રાટની સરકારને સહેજ પણ સંકોચ થતો નથી. એટલે ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ પણ વટહુકમ તૈયાર કરતી વખતે એના અમલની વાજબી મર્યાદાઓનો નિર્દેશ કરવાની તકેદારી રાખવી જોઈએ.

૬. **લશ્કરી કાયદાનો અમલ:** જે એક મુદ્દા સંબંધમાં અભિપ્રાય આપ્યા વિના ચાલે તેમ નથી, એ મુદ્દો છે લૉર્ડ હંટરની કમિટીના બહુમતી સભ્યોએ આપેલા અભિપ્રાયની ભાષાનો. હકીકતો જોતાં, કમનસીબે, માત્ર વાજબી જ નહીં પણ એને આવશ્યક હોય એવા શબ્દોમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવામાં આ બહુમતી સભ્યો નિષ્ફળ નીવડ્યા છે. પોતાના રિપોર્ટના પ્રકરણ ૧૨ના પૅરેગ્રાફ ૧૯થી ૨૫માં બહુમતીએ લશ્કરી કાયદાએ ધારણ કરેલા "ઉગ્ર" સ્વરૂપની તેમ જ વધારેપડતી સખતાઈ તથા અયોગ્ય સજાઓ કે હુકમોના કેટલાક દાખલાઓની ચર્ચા કરી છે. કમિટીએ પોતાના બંને રિપોર્ટમાં જે દાખલાઓ વિગતવાર રજૂ

Gandhi Heritage Portal

કર્યાં છે તે ફરીથી ગણાવી જવાની જરૂર નથી. તેમ જે અધિકારીઓ આ હુકમો માટે જવાબદાર હતા પરંતુ બીજી રીતે જેમની ચાલચલગત નિષ્કલંક હોવાનો અથવા ખરી રીતે પ્રશંસનીય હોવાનો સંભવ છે, તેમને સજાઓ કરવાની દૃષ્ટિએ અંગત દોષ કેટલો છે એ નક્કી કરવાનો પ્રયત્ન કરીશું તો તેથી કશો ઉપયોગી હેતુ સધાવાનો નથી. તેમ છતાં આ હુકમો અને સજાઓ પ્રત્યે સમ્રાટની સરકારે પોતાની સખત નાપસંદગી તો વ્યક્ત કરવી જ જોઈએ. અને જે અધિકારીઓ આને માટે જવાબદાર હતા તેમને ઠપકો આપીને અથવા આવશ્યક જણાય તેવાં બીજાં પગલાં લઈને આ નાપસંદગીને ન ભૂંસાય એવી મહોર મારવી જોઈએ. આ કામ કરવાની ફરજ આપની છે અને તે આપના ઉપર છોડવા મને કહેવામાં આવ્યું છે. કમિટીએ આપેલા દાખલા ઉપરથી વાજબી રીતે અને સકારણ એમ કહી શકાય કે પંજાબમાં લશ્કરી કાયદાના અમલ દરમિયાન જે જાતની સજાઓ અને હુકમો ફરમાવવામાં આવ્યા હતા તેની પાછળની પ્રેરણા દોષભરી હતી. સંભવ છે કે એ પગલાં લેવાનો ઇરાદો જુદો હોય, પરંતુ એનું પરિણામ એ આવ્યું કે હિંદીઓનું એક જાતિ તરીકે અપમાન થયું હતું, એમને વિના કારણ અન્યાયી ગણાય એવી તકલીફો વેઠવી પડી હતી. અને આમ કરવામાં નીતિધર્મ તથા માનવતાનાં જે ધોરણોની, એકલા હિંદુસ્તાનના રહેવાસીઓને જ નહીં પરંતુ સામાન્ય રીતે આખી સુધરેલી દુનિયાના રહેવાસીઓને પોતાના શાસકો પાસેથી માગણી કરવાનો હક્ક છે તેને નેવે મૂકવામાં આવ્યાં હતાં. ખેદની વાત છે કે પંજાબના મોટા ભાગના લોકો શાંત રહ્યા હોવા છતાં, ત્યાં કેટલાક અધિકારીઓ એવા પણ નીકળ્યા હતા જેઓ એ હકીકત ભૂલી ગયા જણાય છે કે તેઓ લશ્કરી કાયદાનો અમલ, યુદ્ધને પરિણામે થોડા વખત માટે પોતાના કબજામાં આવેલી કોઈ દુશ્મન દેશની પ્રજાને કચડી નાખવા માટે નહીં, પરંતુ શહેનશાહ પ્રત્યે વફાદારીની ભાવના રાખનારી અને મુખ્યત્વે એ ભાવનાને સંપૂર્ણ વફાદારીથી વળગી રહેનારી પ્રજાની શાંતિનો જેમણે ભંગ કર્યો હતો તેમને તાબડતોબ દાબી દેવા માટે કરી રહ્યા હતા. લશ્કરી કાયદો ચલાવનારાઓ સાથે જો મુલકી સત્તા વધારે પ્રમાણમાં સંપર્ક રાખી શકી હોત તો આવું બન્યું હોત એમ માનવું મુશ્કેલ છે. અને સૌથી મહત્ત્વની વાત તો એ છે કે જો ભવિષ્યમાં કમનસીબે લશ્કરી કાયદાનો આશરો લેવાની જરૂર પડે તો કોઈક એવી પદ્ધતિ શોધી કાઢવી જોઈએ જેથી આવો સંપર્ક અસરકારક રીતે સ્થાપી શકાય.

લશ્કરી કાયદા હેઠળ નિમાયેલી અદાલતોએ સમરી પદ્ધતિએ ચલાવેલા મુકદ્દમાઓની નીતિરીતિ અને પરિણામોનું અવલોકન કરવાની જરૂર નથી. તેમ છતાં આટલું કહેવામાં વાંધો નથી કે આ પદ્ધતિના ગેરલાભો પ્રત્યે, તથા આ અદાલતો સમક્ષ જે આરોપો રજૂ થયા હતા તે ઉપરથી ફરમાવાયેલી સજાઓ, અને એના ઉપર ફરીથી વિચાર કરવા નિમાયેલા અધિકારીઓને ન્યાયની દૃષ્ટિથી યોગ્ય લાગી તે સજાઓ વચ્ચે ઘણું અંતર હોવા પ્રત્યે લોકોનું ખાસ ધ્યાન ખેંચાયું છે. એટલે આશા રાખવામાં આવે છે કે જો લશ્કરી કાયદાની અદાલતો ફરીથી નીમવી પડે તો આ રીતે મળેલા અનુભવ ઉપરથી આવી અદાલતોમાં સુધારો થાય એવા માર્ગો યોજવામાં આવશે.

૭. ગુજરાનવાલામાં બૉમ્બ ફેંકનારાં વિમાનોનો ઉપયોગ: ૧૪મી એપ્રિલે ગુજરાનવાલામાં બૉમ્બ ફેંકનારાં વિમાનોનો જે ઉપયોગ થયો, તે સંબંધમાં લૉર્ડ હંટરની કમિટીના બહુમતી સભ્યોએ પોતાના વિચારો આ રીતે વ્યક્ત કર્યા છે: “વિમાનોમાંથી બૉમ્બ ફેંકવા બાબતમાં અમને નથી લાગતું કે કોઈ પણ વ્યક્તિ એનો બચાવ કરે, સિવાય કે એમ કરવાની તાકીદે જરૂર હોય, બીજાં સાધનો ન મળી શકતાં હોય; અને આવા સંજોગો હોય તોપણ બૉમ્બનો ઉપયોગ ઓછામાં ઓછો કરવો જોઈએ. અમે માનીએ છીએ કે આ ત્રણ પૈકી પહેલી બે શરતો પૂરેપૂરી પળાઈ હતી . . .” “હુલ્લડ મચાવનારાઓ તેમને દબાવવા માટેના સામાન્ય સરકારી સાધનોને વપરાતાં અટકાવવામાં સફળ થાય, તોપણ બાકી રહેલાં સાધનોનો ઉપયોગ તેમની સામે કરવામાં નહીં આવે એવો પરવાનો તેમને લખી આપવા અમે તૈયાર નથી.” આ પછી આગળ ચાલતાં તેઓ જણાવે છે કે સંબંધ ધરાવતા વિમાની અધિકારીઓએ એમને અપાયેલી સૂચનાઓનો અમલ કર્યો તે માટે તેમને દોષ દઈ શકાય નહીં. પરંતુ એ સૂચનાઓને અનુસરીને જે પગલું લેવાયું તેમાં સૂચનાઓની ખામી પ્રકટ થાય છે. એટલે વિષય પૂરો કરતી વખતે તેઓ એવી ભલામણ કરે છે કે ભવિષ્યમાં આવા સંજોગો ઊભા થાય ત્યારે વિમાની અધિકારીઓને આપવાની સૂચનાઓ તૈયાર કરવા અંગે કાળજીપૂર્વકની તપાસ કરી લેવી જોઈએ.

Gandhi Heritage Portal

આ નિર્ણયોને વ્યવસ્થિત સ્વરૂપે મૂકતી વખતે સમ્રાટની સરકાર સાફ સાફ કહી દેવા માગે છે કે સામાન્ય રીતે શાંતિ રહેતી હોય તે દેશોમાં જો અશાંતિ જોવામાં આવે તો હવાઈ જહાજોનો ઉપયોગ સાધારણ રીતે આટલી બાબતોમાં વાજબી ગણાય: સંજોગોની પ્રાથમિક તપાસ, ખબરો લઈ જવી અને લાવવી, પ્રચારને માટે પત્રિકાઓ ફેંકવી અને નૈતિક અસર ઊભી કરવી. પરંતુ અંતર વધારે હોય તથા સંદેશા-વ્યવહારનાં સાધનોને નુકસાન થયું હોય અથવા બંને કારણો હોય, અને ટોળાંની ખૂનખાર હિંસાના અને આગ લગાડવાના પ્રસંગો વધી રહ્યા હોય તથા તેને રોકવાનું બીજું કોઈ સાધન ન હોય એવા કટોકટીના પ્રસંગો ઊભા થવાનો સંભવ હોય તો આ સામાન્ય નિયમમાં અપવાદ કરવાનું કેવળ વાજબી જ નહીં પણ આવશ્યક છે. જો જમીન ઉપર લશ્કર મળી શકે તેમ હોય અને તે જે ટોળા ઉપર વાજબી રીતે ગોળીબાર કરી શકે એવાં જ ટોળાં ઉપર મશીનગનો અથવા બૉમ્બ હુમલો કરશે એવી બાંયધરી સામાન્ય અથવા વિશિષ્ટ સૂચનાઓ દ્વારા આપવી અશક્ય છે. પરંતુ ભવિષ્યમાં આવી કટોકટીના પ્રસંગોએ સશસ્ત્ર વિમાનો વાપરવા સ્પષ્ટ હુકમોની માગણી કરવી જોઈએ. આ હુકમો કોઈક મુલકી અધિકારીએ લેખિત રૂપમાં આપવા જોઈએ, અને તેમાં જે ટોળાં વિમાનમાં બેઠેલા અધિકારીના ખ્યાલ મુજબ ખરેખર હિંસક ગુના કરતાં દેખાય તેમને ડરાવવા માટે કેવળ મર્યાદિત પ્રમાણમાં બૉમ્બ ફેંકવાની અને મશીનગનમાંથી ગોળી છોડવાની છૂટ આપવી જોઈએ. આ પ્રકારની સૂચના બને તેટલી જલદી બહાર પાડવામાં આવે તેની સરકાર તકેદારી રાખશે. સમ્રાટની સરકાર લૉર્ડ હંટરની કમિટીના એ અભિપ્રાય સાથે ખેદપૂર્વક પોતાની સંમતિ વ્યક્ત કરે છે કે આ પ્રસંગે જે વિમાનીઓ ગુજરાનવાલા ગયા હતા તેમને અપાયેલી સૂચનાઓ ચોકસાઈ બાબતમાં ખૂબ જ ખામીભરેલી હતી.

૮. સર માઇકલ ઓડવાયર — આ પહેલાંના પૅરેગ્રાફોમાં કહેવાયેલી વાત ઉપરથી એટલું ફલિત થાય છે કે આ તપાસમાંથી ઉદ્ભવતા કેટલાક મુદ્દાઓ બાબતમાં સમ્રાટની સરકાર સર માઇકલ ઓડવાયરને ટીકાથી પર માનતી નથી. દાખલા તરીકે પોતાને પૂરતી માહિતી નહીં હોવા છતાં એમણે જલિયાંવાલા બાગમાં બ્રિગેડિયર જનરલ ડાયરે કરેલી કામગીરીને ચોકસાઈ કર્યા વિના જે સંમતિ આપી દીધી એના ઉપર સમ્રાટની સરકાર મહોર મારી શકે નહીં. અને તેમને લાગે છે કે જે બાબત વિષે એક મુલકી અધિકારી તરીકે સંજોગાનુસાર તેમને સીધો સંબંધ નહોતો તેની પ્રશંસા કે નિંદા ન કરવાના તેમને આવેલા પ્રથમ વિચારને જ તે વખતે તેઓ વળગી રહ્યા નહીં એ એક કમનસીબ બિના હતી. એમને પાછળથી બીજું વલણ ધારણ કરવા અને દેખીતી રીતે વધારે માહિતી મળ્યા પછી એ વલણને વળગી રહેવા જે હેતુઓને કારણે પ્રેરણા મળી તે હેતુઓ નહીં જેવી ટીકાને પાત્ર છે.

બીજી વાત એ છે કે કેટલાક મુકદ્દમાઓમાં લાગુ પાડવામાં આવેલી લશ્કરી કાયદાની કાર્યપદ્ધતિ વિષે આ પહેલાં વ્યક્ત કરવામાં આવેલો અભિપ્રાય સર માઇકલ ઓડવાયર જેટલે અંશે આ કાર્ય માટે અંગત રીતે જવાબદાર હતા તેટલે અંશે તેમને પણ લાગુ પડે છે એમ સમજવું જોઈએ. લશ્કરી કાયદાના સામાન્ય વહીવટ સંબંધમાં એ જોઈ શકાય છે કે સર માઇકલ ઓડવાયરે એવી વ્યવસ્થા વિચારી હતી કે મુલકી અધિકારીઓને તેઓ લશ્કરી શાસનમાં સલાહ આપી શકે એવો માન્ય હોદ્દો આપવો. એટલે આપની સરકાર લશ્કરી કાયદા અંગે જે નિયમાવલી બહાર પાડવાનો વિચાર કરી રહી છે એમાં ભવિષ્યમાં આ યોજના અમલમાં આવે એ વાત ધ્યાનમાં રહે એમ થવું જોઈએ.

સર માઇકલ ઓડવાયરના પંજાબના શાસનના સામાન્ય પ્રશ્ન સાથે હવે સમ્રાટની સરકારને કશો પ્રત્યક્ષ સંબંધ રહ્યો નથી. એમને પ્રતીતિ થઈ છે કે આ શાસન હિંદુસ્તાનમાં ભારે વિવાદનો વિષય બની ગયું છે. જાણી જોઈને એક એવી વ્યાપક છાપ ઊભી કરવામાં આવી છે કે સર માઇકલ ઓડવાયરના નેતૃત્વવાળી પંજાબની સરકાર શિક્ષિત વર્ગની વિરોધી હતી અને તેણે કેવળ ગેરકાયદેસરની જ નહીં પરંતુ કાયદેસરની અને બંધારણપૂર્વકની રાજકીય ચળવળને પણ દાબી દેવાનો નિશ્ચય કર્યો હતો. સમ્રાટની સરકાર ખરા દિલથી માને છે કે આ વાતાવરણ તો દૂર કરી શકાશે, પરંતુ જે ઉકેલ એમને લાવવાનો હતો તેની મુશ્કેલીઓ સરકાર બરાબર સમજે છે. કાવતરાં, દુશ્મનના એજન્ટોની પ્રવૃત્તિઓ, જીવનનિર્વાહના ખર્ચમાં થયેલો વધારો અને સામ્રાજ્યની જરૂરિયાતો જોતાં હિંદી લશ્કર માટે બહુ મોટી સંખ્યામાં રંગરૂટો જોઈએ તે મેળવી આપવાની આવશ્યકતા — આ બધી બાબતો જોકે સદ્ભાગ્યે આખા પ્રાંતની વફાદારી ડગાવવાને


Gandhi Heritage Portal

શક્તિમાન નહોતી, તેમ છતાં એનાથી એમના શાસનકાળ દરમ્યાન કાયમની ચિંતા રહી હતી. આ શાસનકાળ હવે પૂરો થઈ ગયો છે. હિંદુસ્તાન સાથેનો એક લાંબો અને માનભર્યો સંબંધ સમાપ્ત થયો છે. એટલે એક અસાધારણ મુશ્કેલીના સમય દરમ્યાન સર માઇકલ ઓડવાયરે પોતાના કર્તવ્યમાં જે અદ્ભુત કાર્યશક્તિ, નિર્ણયબુદ્ધિ અને હિંમત દાખવ્યાં છે તેની સમ્રાટની સરકાર અહીં પ્રશંસા કરવા માગે છે અને એમની સેવાઓની કદર કરવા ઇચ્છે છે.

૯. આ રિપોર્ટમાંથી ઉદ્ભવતી બીજી બાબતો વિષે આપ નામદારની સરકારે તારવેલા નિર્ણયો સંબંધમાં, ઉપરના પૅરેગ્રાફોમાં દર્શાવેલા મતભેદો બાદ કરતાં હું એકંદરે આપના વિચારો સાથે સંમત થઈ શક્યો છું એથી મને આનંદ થાય છે. એમાં અત્યારની પળે મારે વિશેષ કશું ઉમેરવાનું નથી. છતાં આપ નામદારની સરકાર સમજી શકશે કે જે પ્રમાણભૂત દસ્તાવેજોમાં હિંદુસ્તાન તેમ જ આ દેશની જનતાને ઊંડો રસ છે તેના પ્રકાશન માત્રથી જ આ બનાવમાં સંડોવાયેલા બધા મોટા પ્રશ્નોનો આખરી ઉકેલ આવી જવાનો નથી. ખાસ કરીને હું એવી આશા રાખીશ કે લશ્કરી કાયદા અંગે જે નિયમાવલી તૈયાર કરવાનું આપ વિચારી રહ્યા છો તેનો મુસદ્દો આપ મારી મંજૂરી માટે વહેલી તકે મને મોકલી આપશો. આ બાબતને હું સૌથી વધારે મહત્ત્વની ગણું છું. એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે મારી હાર્દિક ઇચ્છા તો એવી છે કે આવા નિયમોનો અમલ કરવાનો પ્રસંગ જ કદી ઊભો નહીં થાય પરંતુ જો આ તપાસ પછી અનુભવે એ માટેના પેટાનિયમો રચાય અને એને કાયદાનું સ્વરૂપ આપવામાં આવે તો એ એક કીમતી કામ થયું ગણાશે. આ નિયમો માનવીની દીર્ઘદૃષ્ટિ પહોંચી શકે તેટલે અંશે તોફાનોને દબાવવા અને તોફાન કરનારાઓને ઝડપથી, ન્યાયપુરઃસર અને યોગ્ય પ્રમાણમાં શિક્ષા કરવા સારુ પૂરતા થઈ પડવા જોઈએ. સાથેસાથે તે અસાધારણ સંજોગોને પહોંચી વળવા આવશ્યક હોય તે કરતાં આમજનતાના સામાન્ય હક્કો અને જીવનક્રમમાં વધારે વિક્ષેપો ન નાખે એવા અને મુલકી ન્યાય તથા શાસનપ્રણાલીને બંધબેસતા થાય એવા પણ હોવા જોઈએ. કારણ કે ખુદ રાજ્યના અસ્તિત્વને જોખમમાં મૂકતા સંજોગો જોતાં લશ્કરી કાયદો એક અનિવાર્ય ઉપાય છે; પરંતુ આ ઉપાયનો અમલ જો બુદ્ધિપૂર્વક અને શુભ દાનતથી ન થાય તો તેની કશી કિંમત રહેતી નથી. સાથેસાથે એના દુરુપયોગને લીધે એનું મહત્ત્વ ઘટે નહીં તે માટે બનતું બધું કરી છૂટવાની આપણી ફરજ છે. આ જ વિચારો મારા ખ્યાલ પ્રમાણે હદપાર કરવાની વાતને પણ લાગુ પડે છે. એના હાલના સ્વરૂપે આ ઉપાય લાગુ પાડવાનું નાલેશી થવાની હદે પહોંચે એટલું મુશ્કેલ છે, અને એનાં પરિણામોનું ચોક્કસ માપ કાઢી જ શકાય એમ નથી.

૧૦. લશ્કરી કાયદાનો અમલ કરવાનું કામ જે અધિકારીઓને સોંપવામાં આવ્યું હતું તેમનાં પગલાંની આકરા શબ્દોમાં ટીકા કરવાની સમ્રાટની સરકારને જરૂર લાગી હતી. આપ નામદારની સરકારે પણ અમને જણાવ્યું છે કે પોલીસ અને બીજાં ખાતાંમાં કામ કરતા નીચલી પાયરીના અધિકારીઓએ પોતાની સત્તાનો દુરુપયોગ કર્યાના જે કિસ્સા સાબિત થયા છે તે બધા ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવશે. પરંતુ આ અપવાદો બાદ કરતાં હિંદુસ્તાનના લોકો રાજ્ય પ્રત્યેની તેમની વફાદારી અને વ્યવસ્થાપ્રિયતા માટે સારી પ્રતિષ્ઠા ધરાવે છે. તેમની એ પ્રતિષ્ઠા પાછી મેળવવાના કામમાં મદદ કરવાની ભારે જવાબદારી જે મુલકી અને લશ્કરી, બ્રિટિશ અને હિંદી એમ બંને પ્રકારના અધિકારીઓ અને વ્યક્તિઓને માથે આવી પડી હતી, તેમની એ વેળાની વર્તણૂકની આપે જે પ્રશંસા કરી છે તેને સમ્રાટની સરકારનો સંપૂર્ણ ટેકો છે એમ સ્પષ્ટ શબ્દોમાં મારે આપને જણાવવું એવી સમ્રાટ સરકારની ઇચ્છા છે. આ રીતે સમ્રાટની બ્રિટિશ તેમ જ હિંદી ફોજોના, પોલીસદળના તથા મુલકી સેવાઓના અધિકારીઓ અને કર્મચારીઓ, જેઓ લાંબા સમય સુધી ચાલેલા યુદ્ધમાંથી ઉદ્ભવતી કડણાઈઓ અને દબાણ હિંમત અને ધીરજપૂર્વક વેઠીને થાકી ગયા હતા તેમના ઉપર લદાયેલો બોજો ઘણો જ ભારે હતો. તેમ છતાં એ બધા પોતાની ફરજો બજાવવામાં પોતપોતાના ખાતાની સેવાઓની મહાન પરંપરાઓને વફાદાર રહ્યા હતા.

આ ઉપરાંત આ રમખાણોને પરિણામે જે જાનહાનિ થઈ છે તેને માટે આપ નામદારની સરકારની માફક જ સમ્રાટની સરકારને જે ઊંડું દુઃખ થાય છે તે તેઓ અત્રે વ્યક્ત કરવા માગે છે; અને જે લોકોને આ બનાવોને લીધે પોતાનાં સગાંસંબંધીઓનો વિયોગ સહન કરવો પડ્યો છે તેમના પ્રત્યે તેઓ ઊંડી હમદર્દી વ્યક્ત કરે છે.

Gandhi Heritage Portal

૧૧. અંતમાં આપે આપની મહાન જવાબદારી જે રીતે અદા કરી છે તે બદલ સમ્રાટની સરકાર આપના પ્રત્યે અંગત રીતે આભારની લાગણી અનુભવે છે એની ખાતરી આપવાની તક મળતાં મને આનંદ થાય છે. હિંદુસ્તાનના ગવર્નર જનરલે ઉઠાવવાનો બોજો હમેશાં ભારે હોય છે, છતાં વિશ્વવ્યાપી સંજોગો એકત્ર થતાં આપના પુરોગામી ગવર્નર જનરલો ઉપર માત્ર કોઈક વખત જ પડયો હોય એવો ચિંતાનો બોજો આપને માથે પડયો છે. સમ્રાટની સરકાર ઇચ્છે છે કે આપની વિવેકબુદ્ધિમાં પૂરેપૂરો વિશ્વાસ મૂકવાનું એ સરકારે ચાલુ રાખ્યું છે એ જાણીને આપ નામદારને હૈયાધારણ રહેવી જોઈએ. સમ્રાટ સરકારને ખાતરી છે કે આપની વિવેકબુદ્ધિ પાછળ હમેશાં એક જ ધ્યેયની પ્રેરણા રહેલી છે કે આપના અધિકાર નીચે મુકવામાં આવેલી પ્રજાનું કલ્યાણ થાય.

આપનો, વગેરે

(સહી) **એડવિન એસ. મૉન્ટેગ્યુ**

[મૂળ અંગ્રેજી]

# પરિશિષ્ટ ૬

## વાઇસરૉય જોગ મુસ્લિમ નેતાઓનું નિવેદનપત્ર[1]

મુંબઈ,

જૂન ૨૨, ૧૯૨૦

નામદાર સાહેબ,

અમો નીચે સહી કરનારાઓ, સુન્ની મુસલમાનોની સૌથી મોટી સંખ્યાનો અભિપ્રાય દર્શાવવાનો દાવો કરીએ છીએ. તુર્કી જોડેના સુલેહના કોલકરાર અમે ઘણી જ કાળજીપૂર્વક વાંચ્યા છે અને તે મુસલમાનોની ધાર્મિક ભાવનાઓની ચોખ્ખી હિંસા કરનારા છે એવો અમારો મત છે. આ કોલકરાર સુન્નીઓની ધાર્મિક ફરજોની આડે આવનારા અને સમસ્ત મુસલમાન કોમની લાગણી દુખાવનારા છે એટલું જ નહીં પણ બ્રિટિશ પ્રધાનોનાં જે વચનોની હૂંફે લડાઈ દરમ્યાન મુસલમાનોની લશ્કરમાં ભરતી થઈ શકી એવું કબૂલ કરવામાં આવ્યું છે તે વચનોનો ભંગ કરનારા છે.

અમે માનીએ છીએ કે જે બ્રિટિશ સલ્તનત આજ દુનિયામાં મોટામાં મોટી મુસલમાન પ્રજાની સંખ્યાવાળી છે તે ખિલાફતના પ્રતિનિધિ એવા તુર્કીની જોડે કેવળ હારેલા શત્રુની જોડે વર્તે તેમ ન જ વર્તી શકે. આમ છતાં અમને તો લાગે છે કે કેટલીક બાબતોમાં તુર્કીની દશા બીજાં હારેલાં રાજ્યોના કરતાં પણ વધારે ખરાબ કરી મૂકવામાં આવી છે. અમે માનપૂર્વક જણાવવાની રજા લઈએ છીએ કે તુર્કી જોડેના વહેવારમાં બ્રિટિશ સરકાર હિંદી મુસલમાનોની ન્યાયી અને યોગ્ય માગણીને માન આપવાને બંધાયેલી છે. હિંદી મુસલમાનોની માગણી સરળ છે. ચોક્કસ સંજોગોમાં તુર્કીના સુલતાને લડાઈમાં જર્મનીની બાજુ લીધી તે કૃત્યની સજા તરીકે તેની દુન્યવી સત્તાને ધક્કો પહોંચે એ વિચાર મુસલમાનોને અસહ્ય છે. આનો અર્થ એવો નથી કે સ્વયંનિર્ણયનો સિદ્ધાંત લાગુ થવામાં અમે આડે આવવા ઇચ્છીએ છીએ. તુર્કીની ઉપર જે રાજશાસનના અંધેરના આરોપ મૂકવામાં આવ્યા છે તેનો બચાવ કરવા પણ અમે નથી ઇચ્છતા. તુર્કી સિપાહીઓએ આર્મેનિયામાં ગુજારેલા કહેવાતા સિતમોની તપાસ ચલાવવા એક સ્વતંત્ર કમિશનની માગણી યુરોપમાંના અમારા પ્રતિનિધિઓ કરી ચૂકયા છે. અમે માત્ર એટલું જ સ્પષ્ટ કરવા માગીએ છીએ કે વળી

૧. ૧૯૨૦ના જૂનની ૩જી તારીખે અલ્લાહાબાદમાં ભરાયેલી મધ્યસ્થ ખિલાફત કમિટીની સભામાં અસહકાર વિષે લેવાયેલા નિર્ણયને અનુસરીને આ નિવેદનપત્ર મોકલવામાં આવ્યું હતું. તેના ઉપર ચાકુબ હસન, મજહરુલ હક, મૌલાના અબ્દુલ બારી, હજરત મોહાની, શૌકતઅલી, ડૉ. કિચલુ અને મિયાં મહમદ છોટાણી સહિત હિંદભરમાંથી ૯૦ સુન્ની મુસલમાનોએ સહીઓ કરી હતી.

Gandhi Heritage Portal

કરવાની ખાતર અગર માનહાનિ કરવાની ખાતર તુર્કીની તેમ જ તુર્કી સામ્રાજ્યની વહેંચણી થાય ત્યાં અમારાથી ઉદાસીન કે મૂંગા બેસી શકાય નહીં.

આટલા માટે અમે આપને તેમ જ આપની સરકારને વિનંતી કરીએ છીએ કે સદરહુ સુલેહના કોલ-કરાર ફેરવાવવા આપે ના. શાહેનશાહના પ્રધાનમંડળ પાસે માગણી કરવી અને તેમને કહી દેવું કે જો તેઓ તેમ નહીં કરાવી શકે તો આપ નામદાર હિંદી પ્રજાના પક્ષમાં ભળશો. આ સૂચના અમે કરી શકીએ છીએ કારણ કે હિંદી મુસલમાનોની જોડે ઊંડી નિસબત ધરાવનારી આ બાબત બ્રિટિશ પ્રધાનમંડળ સન્મુખ વારંવાર અને આગ્રહપૂર્વક રજૂ કર્યાનું આપે અનેક વેળા જાહેર કર્યું છે. આવી સ્થિતિમાં અમને લાગે છે કે આપને એવી વિનંતી કરવાનો અમને હક છે કે આપ હિંદી મુસલમાનોને ફરી એક વાર ખાતરી આપશો કે તેમનો પક્ષ લેવા અને તેમની માગણીઓ પાર પાડવાના કામમાં તેની આગ્રહભરી હિમાયત કરવા આપ જેવા ને તેવા તૈયાર છો; એટલું જ નહીં પણ જો બ્રિટિશ પ્રધાનમંડળ પોતે વખતોવખત આપેલાં વચનો તેમ જ ઉપર દર્શાવેલા વિચારો મુજબ સદરહુ કોલકરાર ફેરવાવવામાં અસમર્થ નીવડે તો આપ આપના મોટા હોદ્દાનું રાજીનામું આપવાની હદ સુધી જતાં પણ અચકાશો નહીં. અમે માનપૂર્વક જણાવીશું કે જો હિંદ આજ સંપૂર્ણ સ્વરાજ્ય ભોગવતો કોઈ મુલક હોત તો આવા ગંભીર વચનભંગ અને ધાર્મિક લાગણીની અવગણના સામેનો પોતાનો વાંધો રજૂ કરવાની ખાતર તેના જવાબદાર પ્રધાનોએ એક શિરસ્તાની રાહે જ પોતાના હોદ્દાઓનાં રાજીનામાં આપ્યાં હોત.

પણ જો કમનસીબે અમારી આ નમ્ર સૂચનાનો અમલ આપ નામદારથી નહીં થઈ શકે તો આવતી તા. ૧લી ઑગસ્ટથી સરકાર જોડેનો સહકાર ખેંચી લેવાની અને અમારા ધર્મબંધુઓ તેમ જ હિંદુ ભાઈઓને પણ તેમ જ કરવા કહેવાની ન છૂટકે અમારી ફરજ થઈ પડશે.

અમારી વિનંતી છે કે આપ આ બાબતને માત્ર ધમકી તરીકે અગર અપમાનની નિશાની તરીકે ગણતા ના. અમે અમારી જાતને આ દેશના કોઈ પણ વફાદાર પ્રજાજનના જેટલી જ વફાદાર માનવાનો દાવો કરીએ છીએ, પણ દુન્યવી રાજા પ્રત્યેની અમારી વફાદારીને ઇસ્લામ પ્રત્યેની અમારી વફાદારી આગળ અમે ઊતરતી માનીએ છીએ. ઇસ્લામનું ફરમાન છે કે જે કોઈ ખલીફાના મોભાને જાણીબૂજીને ધક્કો પહોંચાડે છે તે ખુદ ઇસ્લામના દુશ્મન છે, અને જરૂર પડયે જેહાદ પોકારીને પણ તેમનો પ્રતિકાર કરવો. અમે એ પણ જોઈ શકીએ છીએ કે હથિયાર ઉઠાવવાને અમે શક્તિવાન હોઈએ તોપણ જ્યાં લગી બીજા કોઈ પણ સાધનથી દાદ મેળવી શકાય ત્યાં લગી અમારે હથિયારનો આશ્રય ન લેવો જોઈએ. આવી સ્થિતિમાં મુસલમાન તરીકે દરેક જણે જે ઓછામાં ઓછી કરવી જ જોઈએ એવી વસ્તુ માત્ર એ જ રહી કે ખિલાફતને નાચીજ બનાવી મૂકવાનો પ્રયત્ન કરવાનો જેમની ઉપર આરોપ છે તેમને મદદ કરવાનું તે બંધ કરે. આ પ્રમાણે જે સરકાર હાલના કોલકરારો કબૂલ રાખે છે, અને અમને કબૂલ રાખવાની સલાહ આપે છે તેમની જોડે સહકાર કરવાનો ઇનકાર કરવાની દુઃખદાયી ફરજ અમારે માટે ઊભી થાય.

અમને હજી ઉમેદ છે કે અસહકાર જેવું ગંભીર પગલું ભરવાની જરૂર નહીં જ ઊભી થાય. છતાં કમનસીબે તેમ થાય તો અમે આપ નામદારને ખાતરી આપવા માગીએ છીએ કે આ મામલામાં ખુના-મરકી ન થવા દેવાનો એકે પ્રયત્ન કરવો અમે બાકી નહીં રાખીએ. અમે જે જોખમદારી ઉઠાવી રહ્યા છીએ તેનું અમને પૂરેપૂરું ભાન છે. અમે જાણીએ છીએ કે ખુનામરકીનો તણખો સરખો અમે ધારેલી શાંતિભરી હિલચાલને નુકસાન કરશે અને અમારા પગ બાંધશે. એટલું જ નહીં પણ જે પવિત્ર ધર્મકાર્ય અમને અમારા જાનથી પણ વધુ વહાલું છે તેને બગાડશે. આટલા માટે અમે એક પછી એક ચઢિયાતે પગલે જ અસહકારને અમલમાં મૂકીશું કે જેથી સરકારને ન છૂટકે થનારી અગવડ અને ગૂંચવણ બને તેટલી ઓછી થાય અને લોકલાગણીને કાબૂમાં રાખી અમે તેને ઘટતી તાલીમ આપી શકીએ.

[મૂળ અંગ્રેજી]

ऑल एबाउट ध खिलाफत, પા. ૩૩૧–૪

ભાષાંતર: नवजीवन, ૨૭–૬–૧૯૨૦

Gandhi Heritage Portal

# આધારરૂપ સાહિત્ય


**अमृतबज़ार पत्रिका**: કલકત્તાથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક. તે ૧૮૬૮માં પહેલી વાર બંગાળી સાપ્તાહિક તરીકે નીકળ્યું. હતું. ૧૮૯૧થી તે દૈનિક બન્યું છે.

**ऑल एबाउट द खिलाफत**: એમ. એચ. અબ્બાસ; રાય ઍન્ડ રાયચોધરી, કલકત્તા.

**इन्डिया इन १९२०**: એલ. એફ. રશબ્રુક વિલિયમ્સ, સુપરિન્ટેન્ડેન્ટ, ગવર્નમેન્ટ પ્રિન્ટિંગ, ઇન્ડિયા, કલકત્તા, ૧૯૨૧.

**ગાંધી સ્મારક સંગ્રહાલય, નવી દિલ્હી**: ગાંધી સાહિત્ય તથા તે સંબંધી દસ્તાવેજોનું કેન્દ્રસ્થ સંગ્રહસ્થાન તથા પુસ્તકાલય. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

**गुजराती**: મુંબઈથી પ્રસિદ્ધ થતું ગુજરાતી અઠવાડિક.

**टाइम्स ऑफ इन्डिया**: મુંબઈથી ૧૮૮૩ની સાલથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક; પાછળથી તે દિલ્હીથી અને હાલમાં અમદાવાદથી પણ પ્રસિદ્ધ થાય છે.

**ट्रिब्यून**: લાહોરથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**नवजीवन (१९१९–३१)**: ગાંધીજીના તંત્રીપદે અમદાવાદથી નીકળતું ગુજરાતી સાપ્તાહિક, (જે કોઈ કોઈ વાર અઠવાડિયામાં બે વખત પણ નીકળતું.) તે नवजीवन अने सत्य (૧૯૧૫-૯) નામના ગુજરાતી માસિકનું રૂપાંતર હતું અને તેનો પહેલો અંક ૧૯૧૯ના સપ્ટેમ્બરની ૭મી તારીખે બહાર પડયો હતો. ૧૯૨૧ના ઑગસ્ટની ૧૯મી તારીખથી એની હિંદી આવૃત્તિ પણ નીકળવા માંડી હતી.

**નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા**: નવી દિલ્હીમાં નેશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયામાં રાખેલા કાગળો.

**बापुनी प्रसादी** (ગુજરાતી): મથુરાદાસ ત્રિકમજી; નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૪૮.

**बॉम्बे क्रॉनिकल**: મુંબઈથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**બૉમ્બે સિક્રેટ ઍબ્સ્ટ્રેક્ટ્સ**: મુંબઈ સરકારની અધિકૃત દફતર નોંધો.

**मधपूडो**: સાબરમતી આશ્રમની શાળાનું હસ્તલિખિત સામયિક.

**મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરી**: સ્વરાજ્ય આશ્રમ, બારડોલીમાં રાખેલી છે.

**महादेवभाईनी डायरी**, પુસ્તક પાંચમું (ગુજરાતી): નરહરિ દ્વા. પરીખ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૧.

**माय डियर चाइल्ड**: ઍલિસ એમ. બાર્ન્ઝ; નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૬.

**यंग इन्डिया**: (૧૯૧૮–૩૧); મુંબઈમાં જમનાદાસ દ્વારકાદાસે શરૂ કરેલું અંગ્રેજી અઠવાડિક; મે ૭, ૧૯૧૯થી એ અર્ધસાપ્તાહિક બન્યું; એના ઉપર ગાંધીજીની દેખરેખ રહેતી. ઑક્ટોબર ૮, ૧૯૧૯થી એ અમદાવાદથી; ગાંધીજીના તંત્રીપદેથી અઠવાડિક તરીકે પ્રસિદ્ધ થવા લાગ્યું.

**रिपोर्ट ऑफ द कमिशनर्स एपोइन्टेड बाय द पंजाब सब-कमिटी ऑफ द इन्डियन नेशनल कॉंग्रेस**: પ્રકાશક કે. સંતાનમ્, ૧૯૨૦.


Gandhi Heritage Portal

**लीडर :** અલ્લાહાબાદથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**लेटर्स ऑफ वी० एस० श्रीनिवास शास्त्री :** ટી. એન. જગદીશન, રૉકહાઉસ ઍન્ડ સન્સ લિમિટેડ, મદ્રાસ.

**સાબરમતી સંગ્રહાલય :** પુસ્તકાલય તથા લેખોનો સંગ્રહ, જેમાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સમયના તથા ૧૯૩૩ સુધીના ભારતીય સમયના કાગળો રાખવામાં આવ્યા છે. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

**ध स्टोरी ऑफ माय लाइफ :** પુસ્તક ૧ : એમ. આર. જયકર; એશિયા પબ્લિશિંગ હાઉસ, મુંબઈ, ૧૯૫૮.

**स्वदेशी धर्म** (ગુજરાતી) : દ. બા. કાલેલકર; પ્રકાશક : સ્વામી આનંદ, સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી, ૧૯૨૦.

**हिन्दु :** મદ્રાસથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક; પ્રથમ ૧૮૭૮માં અઠવાડિક તરીકે નીકળ્યું, ૧૮૮૩માં સપ્તાહમાં ત્રણ વાર નીકળતું સાપ્તાહિક થયું અને ૧૮૮૯માં દૈનિક થયું.

Gandhi Heritage Portal

# તારીખવાર વૃત્તાંત

## (ફેબ્રુઆરી – જૂન ૧૯૨૦)

ફેબ્રુઆરી ૧ : લાહોરમાં ગાંધીજી ડૉ. જોસેફ ન્યૂનનને મળ્યા. ડૉ. ન્યૂનન હિંદુસ્તાનમાંથી વસાહતીઓની ભરતી કરવા આ દેશમાં આવેલા બ્રિટિશ ગિયાનાના પ્રતિનિધિમંડળના નેતા હતા.

ફેબ્રુઆરી ૩ : રાજદ્વારી અને લશ્કરી કાયદા અંગેના કેદીઓને છોડી મૂકવા સંબંધમાં ગાંધીજીએ પંજાબ સરકારના મુખ્ય મંત્રીને લખ્યું.

ફેબ્રુઆરી ૯ : લાહોરમાં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકન કમિશન વિષે વર્તમાનપત્રોને મુલાકાત આપી. ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલમાં બ્રિટિશ ગિયાનાના પ્રતિનિધિમંડળે પોતાનો રિપોર્ટ રજૂ કર્યો.

ફેબ્રુઆરી ૧૩ : સરગોધામાં ગાંધીજીએ પંજાબના અત્યાચારો અને હિંદુમુસલમાન ઐક્ય વિષે ભાષણ આપ્યું.

ફેબ્રુઆરી ૧૪ : જલિયાંવાલા બાગ સ્મારક નિધિ માટે અપીલ બહાર પાડી.

ફેબ્રુઆરી ૧૫ : સરગોધામાં ભરતી ઝુંબેશ દરમ્યાન સરકારી અધિકારીઓએ કરેલા અત્યાચારોની તપાસ માટે માગણી કરતો પત્ર પંજાબ સરકારના મુખ્ય મંત્રીને લખ્યો.

પંજાબનાં તોફાનોની તપાસ કરવા નિમાયેલી કૉંગ્રેસ તપાસ સમિતિના કામ અંગે ૨૩મી જાન્યુઆરીથી શરૂ થયેલો ગાંધીજીનો પંજાબનો પ્રવાસ પૂરો થયો.

ફેબ્રુઆરી ૧૮ : ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલમાં રાજધાનીનું સ્થળ બદલવા વિષે ચર્ચા થઈ.

ફેબ્રુઆરી ૨૦ : પંજાબનાં તોફાનો વિષે કૉંગ્રેસના રિપોર્ટનો મુસદ્દો કૉંગ્રેસ પ્રમુખ મોતીલાલ નેહરુને મોકલવામાં આવ્યો.

ફેબ્રુઆરી ૨૧ : બનારસમાં ગાંધીજીએ બનારસ હિંદુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ આપ્યું.

ફેબ્રુઆરી ૨૫ : અમદાવાદમાં મજૂર મહાજનની સ્થાપનાનો વિચાર કરવા ભરાયેલી મિલ મજૂરોની સભામાં ગાંધીજીએ ભાષણ આપ્યું.

ઇવનિંગ સ્ટૅન્ડર્ડને આપેલી મુલાકાતમાં મૉન્ટેગ્યુએ કૉન્સ્ટૅન્ટિનોપલ તુર્કીના હાથમાં રહે એની જોરદાર હિમાયત કરી.

જમશેદપુરના તાતા આયર્ન વર્ક્સમાં હડતાળ પડ્યાના સમાચાર આવ્યા.

ફેબ્રુઆરી ૨૬ : અમદાવાદમાં મારવાડી યુવક મંડળના આશ્રયે નીકળેલી રાત્રીશાળાના ઉદ્‌ઘાટન સમારંભમાં ગાંધીજીએ પ્રમુખસ્થાન લીધું.

હાઉસ ઑફ કૉમન્સમાં તુર્કીના ભાવિ વિષે ચર્ચા થઈ.

પ્રથમ હિંદી ખિલાફત પ્રતિનિધિમંડળ લંડન પહોંચ્યું.

Gandhi Heritage Portal

**ફેબ્રુઆરી ૨૭ :** અદાલતના તિરસ્કાર સંબંધમાં પોતાનું તથા મહાદેવ દેસાઈનું નિવેદન ગાંધીજીએ મુંબઈ હાઈકોર્ટને મોકલી આપ્યું.

**ફેબ્રુઆરી ૨૮ :** બંગાળ પ્રાંતિક ખિલાફત પરિષદ કલકત્તામાં ભરાઈ.

**ફેબ્રુઆરી ૨૯ :** ગાંધીજીએ ખિલાફત પરિષદમાં હાજરી આપી.

**માર્ચ ૨ :** લંડનમાં મૉન્ટેગ્યુ વતી ફિશરે હિંદી ખિલાફત પ્રતિનિધિમંડળનું સ્વાગત કર્યું.

**માર્ચ ૩ :** પોતાની સામેના અદાલતના તિરસ્કારના મુકદ્દમા અંગે ગાંધીજી મુંબઈ હાઈકોર્ટમાં હાજર થયા; ફેંસલો મુલતવી રહ્યો.

ખિલાફત સભામાં ભાષણ આપ્યું.

**માર્ચ ૫ :** મુંબઈમાં એક જાહેર સભામાં પ્રેસ ઍક્ટ નાબૂદ કરવા વિષે ભાષણ આપ્યું.

**માર્ચ ૬ :** લીગ ઑફ નેશન્સ (રાષ્ટ્રસંઘ)ની કાઉન્સિલે કૉન્સ્ટૅન્ટિનોપલ અને તેની નજીકની ખાડીઓ લીગ ઑફ નેશન્સના તાબામાં આવે એની હિમાયત કરતો ઠરાવ પસાર કર્યો.

**માર્ચ ૭ :** કૉન્સ્ટૅન્ટિનોપલનો કબજો લેવાના બ્રિટિશ સરકારના નિર્ણયના સમાચાર ડેલી ટેલિગ્રાફમાં પ્રસિદ્ધ થયા.

ગાંધીજીએ ખિલાફત વિષે વર્તમાનપત્રોમાં નિવેદન પ્રસિદ્ધ કર્યું.

**માર્ચ ૧૨ :** અદાલતના તિરસ્કારના મુકદ્દમામાં મુંબઈ હાઈકોર્ટે ગાંધીજી અને મહાદેવ દેસાઈને ઠપકો આપ્યો.

**માર્ચ ૧૪ :** બંગાળ પ્રાંતિક ખિલાફત સમિતિની ઑફિસો ઉપર પોલીસે દરોડો પાડ્યો.

**માર્ચ ૧૫ :** જમશેદપુરમાં તાતા આયર્ન વર્ક્સના હડતાળ પર ઊતરેલા મજૂરો ઉપર પોલીસ અને લશ્કરે ગોળીબાર કર્યો.

**માર્ચ ૧૭ :** લંડનમાં લૉઈડ જૉર્જે હિંદી ખિલાફત પ્રતિનિધિમંડળને મુલાકાત આપી.

**માર્ચ ૧૯ :** ખિલાફત દિન. મુંબઈમાં ગાંધીજીએ ખિલાફત દિનની સભામાં ભાષણ આપ્યું.

**માર્ચ ૨૧ :** સોલાપુર મિલમાં મજૂરોએ હડતાળ પાડી.

**માર્ચ ૨૫ :** પંજાબનાં તોફાનો વિષેનો કૉંગ્રેસ પેટાસમિતિનો રિપોર્ટ પ્રસિદ્ધ થયો.

હાઉસ ઑફ કૉમન્સમાં ઍસ્કિવથે કૉન્સ્ટૅન્ટિનોપલ ઉપર તુર્કોનો અધિકાર કાયમ રહે તેનો વિરોધ કર્યો અને ત્યાં સુલતાનનું ધર્મશાસન સ્થાપવાની ભલામણ કરી.

**માર્ચ ૨૯ :** હિંદ સરકારે એ વાત કબૂલ રાખી કે હેજાજનાં તીર્થસ્થાનો મુસલમાનોના સ્વતંત્ર નિયંત્રણ નીચે રહેશે.

**માર્ચ ૩૧ :** મિત્રરાજ્યોની સર્વોચ્ચ કાઉન્સિલે રાષ્ટ્રસંઘ (લીગ ઑફ નેશન્સ)ને આર્મિનિયા પર શાસનનો અધિકાર (મૅન્ડેટ) આપવાની દરખાસ્ત કરી.

અમદાવાદમાં ચરખા પુરસ્કાર માટે યોજાયેલી હરીફાઈમાં ગાંધીજીએ હાજરી આપી.

**એપ્રિલ ૨ :** અમદાવાદમાં ગાંધીજી અને રવીન્દ્રનાથ ટાગોરે છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદમાં હાજરી આપી; ટાગોરે ભાષણ આપ્યું.

સાંજે ગાંધીજીએ “સમાજની દૃષ્ટિથી સાહિત્ય” એ વિષય ઉપર એક સભામાં ભાષણ આપ્યું.

મુંબઈ પ્રાંતિક પરિષદે સોલાપુરમાં એન. સી. કેળકરને પ્રમુખપદે પોતાના કામનો આરંભ કર્યો.

રવીન્દ્રનાથ ટાગોર ગાંધીજી સાથે સાબરમતી આશ્રમમાં રહ્યા.

Gandhi Heritage Portal

**એપ્રિલ ૩ :** મુંબઈ પ્રાંતિક પરિષદે માગણી કરી કે સર માઇકલ ઓડવાયર અને બીજાઓ ઉપર આરોપ મૂકી ન્યાયની અદાલતમાં તેમના ઉપર કામ ચલાવવું અને તેમને શિક્ષા કરવી.

અમદાવાદમાં ગાંધીજીએ ગુજરાતી સાહિત્ય પરિષદમાં "લોકોની દૃષ્ટિથી ગુજરાતી સાહિત્ય" એ વિષય ઉપર ભાષણ આપ્યું.

સાંજે રવીન્દ્રનાથ ટાગોરે જાહેર સભામાં અંગ્રેજીમાં ભાષણ આપ્યું; ગાંધીજીએ એ ભાષણનો અનુવાદ કર્યો.

**એપ્રિલ ૪ :** રાજકીય સુધારાના ઠરાવ ઉપર મુંબઈ અને બંગાળ પ્રાંતિક પરિષદોમાં વિવાદ થયો. એક બાજુ ટિળક હતા અને સામી બાજુ એની બેસંટ હતાં; એની બેસંટે નરમ પક્ષનું વલણ અપનાવ્યું હતું.

**એપ્રિલ ૬ :** નિકોલસ્ક અને હેબરોવસ્કમાં જાપાનીઓ અને રશિયનો વચ્ચે લડાઈ શરૂ થઈ.

ગાંધીજીએ મુંબઈમાં રાષ્ટ્રીય સપ્તાહની સભામાં ભાષણ આપ્યું.

જલિયાંવાલા બાગ સ્મારક નિધિ માટે બીજી અપીલ બહાર પાડી.

**એપ્રિલ ૭ :** તુર્કસ્તાનમાં નવું પ્રધાનમંડળ રચાયું. તેમાં આટલા સભ્યો હતા: દામદ ફરીદ, વડા પ્રધાન; રેસોહિબ બે, ગૃહપ્રધાન; અને મહમદ વીદ, નૌકા અને યુદ્ધના પ્રધાન.

ત્રાવણકોરની સુધારા પછીની કાઉન્સિલની પહેલી બેઠક મળી.

**એપ્રિલ ૯ :** મુંબઈમાં રાષ્ટ્રીય સપ્તાહ નિમિત્તે મધ્યસ્થ ખિલાફત સમિતિએ યોજેલી જાહેર સભામાં ગાંધીજીએ ભાષણ આપ્યું.

**એપ્રિલ ૧૧ :** ગાંધીજીએ *બૉમ્બે ક્રૉનિકલ*માં એક પત્ર લખ્યો. તેમાં જલિયાંવાલા બાગ સ્મારક નિધિ માટે ફાળો આપવા ફરીથી અપીલ કરી.

**એપ્રિલ ૧૩ :** મુંબઈમાં રાષ્ટ્રીય સપ્તાહ અંગે હોમરૂલ લીગ અને નેશનલ યુનિયને યોજેલી સભામાં ગાંધીજીએ ભાષણ આપ્યું. રવીન્દ્રનાથ ટાગોરે આ સભા માટે સંદેશો મોકલ્યો.

ગાંધીજીએ વાઇસરૉયના અંગત મંત્રીને તાર કરી ખિલાફતના પ્રશ્ન ઉપર મુસ્લિમોની લાગણીથી પ્રધાનોને વાકેફ કરવાના હેતુથી ઇંગ્લંડ જવાની વાઇસરૉય પાસે પરવાનગી માગી.

**એપ્રિલ ૧૩ (પછી):** ખિલાફતના પ્રશ્ન માટે ઇંગ્લંડ જવાની સરકારની મંજૂરી માગતો ગાંધીજીએ હિંદી વજીરને તાર કર્યો.

**એપ્રિલ ૧૫ :** રાજકીય સુધારા માટેની સમિતિએ સિમલામાં પોતાની બેઠક ભરી.

**એપ્રિલ ૧૭ :** મદ્રાસ ખિલાફત પરિષદે શૌકતઅલીના પ્રમુખપદે પોતાનું કામકાજ શરૂ કર્યું.

**એપ્રિલ ૧૮ :** અમદાવાદમાં ગાંધીજીએ મિલમજૂરોના બીજા વાર્ષિક સંમેલનનું પ્રમુખપદ લીધું.

**એપ્રિલ ૨૨ :** લંડનમાં ખિલાફતના પ્રશ્ન ઉપર જૉર્જ લૅન્સબરીના અધ્યક્ષપદે જાહેર સભા ભરવામાં આવી.

**એપ્રિલ ૨૪ :** યુનાઇટેડ સ્ટેટ્સે આર્મિનિયાના પ્રજાસત્તાકની સ્વતંત્રતાને વિધિપૂર્વક માન્યતા આપી.

**એપ્રિલ ૨૫ :** સાન રેમોમાં ભરાયેલી મિત્રરાજ્યોની પરિષદે બ્રિટનને મૅસોપોટેમિયા અને પૅલેસ્ટાઇન ઉપર તથા ફ્રાન્સને સિરિયા ઉપર શાસનનો અધિકાર (મૅન્ડેટ) સોંપ્યો.

Gandhi Heritage Portal

**એપ્રિલ ૨૬ :** બી. જી. હૉર્નિમૅનના દેશનિકાલનો વિરોધ કરવા હોમરૂલ લીગની સભા અમદાવાદમાં ભરાઈ; ગાંધીજી પ્રમુખ હતા.

**એપ્રિલ ૨૮ :** ગાંધીજી હોમરૂલ લીગમાં જોડાયા અને તેના પ્રમુખ બન્યા.

એક નિવેદનમાં ગાંધીજીએ તુર્કસ્તાન સંબંધી સાન રેમોમાં લેવાયેલા નિર્ણયો સામે હિંદુસ્તાનની લાગણી વ્યક્ત કરવા અસહકારની હિમાયત કરી.

**મે ૧ :** મદ્રાસ લિબરલ લીગે પોતાનું પ્રથમ વાર્ષિક સંમેલન ભર્યું.

**મે ૨ :** અનવર પાશાએ તુર્કસ્તાનના રાષ્ટ્રીય આંદોલનને પોતાના હાથમાં લીધું, એવા સમાચાર પ્રકટ થયા.

**મે ૬ :** હાઉસ ઑફ કૉમન્સમાં મૉન્ટેગ્યુએ જનરલ ડાયરના ફરજિયાત રાજીનામા વિષે નિવેદન કર્યું.

**મે ૭ :** અમદાવાદમાં મિલમજૂરો અને મિલમાલિકો વચ્ચેના ઝઘડાઓ ઉકેલવા માટે લવાદ પદ્ધતિ સ્વીકારવા વિષે ગાંધીજીએ ચર્ચાઓ યોજી.

**મે ૯ :** ઓરિસ્સામાં દુષ્કાળ રાહત માટે નાણાં આપવા ગાંધીજીએ નવજીવનમાં લેખ લખી અપીલ કરી.

**મે ૧૧ :** પૅરિસમાં તુર્કસ્તાન સાથેનો સંધિપત્ર તુર્કસ્તાનના પ્રતિનિધિઓને આપવામાં આવ્યો.

**મે ૧૨ :** ઓરિસ્સામાં દુષ્કાળ રાહત માટે નાણાં આપવા ગાંધીજીએ યંગ ઇન્ડિયામાં ફરીથી અપીલ કરી.

મુંબઈમાં ગાંધીજીએ ખિલાફત સમિતિની સભામાં હાજરી આપી.

**મે ૧૪ :** હિંદુસ્તાનના મુસલમાનો જોગ વાઇસરૉયના સંદેશા સાથે, તુર્કસ્તાન સાથેની સુલેહની શરતો હિંદુસ્તાનમાં પ્રસિદ્ધ કરવામાં આવી.

**મે ૧૫ :** તુર્કસ્તાનમાં અસાધારણ લશ્કરી અદાલતે મુસ્તફા કમાલ અને તેમના સાથીઓને મોતની સજા ફરમાવી.

**મે ૧૬ :** અમદાવાદમાં મિલમજૂરો અને મિલમાલિકોના ઝઘડા ઉકેલવા લવાદ પદ્ધતિ અપનાવવા સંબંધમાં ગાંધીજીએ વધુ ચર્ચાઓ યોજી.

**મે ૧૭ :** ઉપરની ચર્ચાઓ ચાલુ રહી.

**મે ૧૮ :** ઉપરની ચર્ચાઓ ચાલુ રહી.

વર્તમાનપત્રોને આપેલા એક નિવેદનમાં ગાંધીજીએ મિત્રરાજ્યો દ્વારા તુર્કસ્તાનને મોકલવામાં આવેલી સુલેહની શરતો બદલવાની માગણી કરી.

**મે ૧૯ :** અમદાવાદમાં લવાદ પદ્ધતિ વિષે ગાંધીજીએ ચર્ચા ચાલુ રાખી.

**મે ૨૦ :** તુર્કસ્તાન સાથેની સુલેહની શરતોના વિરોધમાં યાકુબ હસને મદ્રાસની ધારાસભા અને અન્ય સરકારી સંસ્થાઓમાંથી પોતાના સભ્યપદનું રાજીનામું આપ્યું.

**મે ૨૧ :** હૈદરાબાદના નિઝામે ખિલાફત આંદોલનમાં ભાગ લેવાની મનાઈ કરતું ફરમાન બહાર પાડ્યું.

**મે ૨૩ :** અમદાવાદમાં ગાંધીજીએ મિલમજૂરોની સભામાં તેમની હડતાળના સમાધાન વિષે ભાષણ આપ્યું.

તૌફિક નસીમ પાશાએ તુર્કસ્તાનમાં નવું પ્રધાનમંડળ રચ્યું.

Gandhi Heritage Portal

મે ૨૮ : હંટર કમિટીનો રિપોર્ટ, હિંદ સરકારનો ખરીતો અને મૉન્ટેગ્યુનો જવાબ પ્રસિદ્ધ થયાં.

મે ૩૦ : અસહકારના કાર્યક્રમ ઉપર વિચાર કરવા અખિલ હિંદ મહાસભા સમિતિ બનારસમાં મળી; ગાંધીજી હાજર હતા.

જૂન ૧ : અલ્લાહાબાદમાં સંયુક્ત હિંદુમુસલમાન પરિષદ શરૂ થઈ; ગાંધીજીએ હાજરી આપી.

જૂન ૨ : પ્રોવિન્શિયલ કાઉન્સિલ્સ (પ્રાંતિક પરિષદો), ઇન્ડિયન લેજિસ્લેટિવ ઍસેમ્બ્લી (હિંદુસ્તાનની વડી ધારાસભા), અને કાઉન્સિલ ઑફ સ્ટેટ (રાજસભા) માટેના સુધારેલા નિયમોનો ખરડો હિંદ સરકારના અસાધારણ ગૅઝેટમાં પ્રસિદ્ધ થયો.

અલ્લાહાબાદમાં સંયુક્ત હિંદુમુસલમાન પરિષદ ચાલુ રહી.

જૂન ૩ : અખિલ હિંદ મધ્યસ્થ ખિલાફત સમિતિની સભા અલ્લાહાબાદમાં મળી; ગાંધીજીએ અસહકાર વિષે ભાષણ આપ્યું.

જૂન ૪ : મુંબઈમાં ગાંધીજીએ શુદ્ધ ખાદી ભંડારનો ઉદ્‌ઘાટન વિધિ કર્યો.

જૂન ૫ : નડિયાદમાં ગાંધીજીએ સ્વદેશી ભંડાર ખુલ્લો મૂક્યો.

જૂન ૧૧ : મુંબઈમાં ગાંધીજીએ ઇમ્પીરિયલ ઇન્ડિયન સિટિઝનશિપ ઍસોસિયેશનની બેઠકમાં હાજરી આપી.

જૂન ૧૩ : દક્ષિણ આફ્રિકી તપાસપંચે એ દેશમાં ગયેલા હિંદીઓને પાછા મોકલવાની યોજનાની કરેલી ભલામણનો ગાંધીજીએ એક અખબારી નિવેદનમાં વિરોધ કર્યો.

જૂન ૧૯ : મસૂરીમાંથી ચાલ્યા જવાનો જવાહરલાલ નેહરુ પર બજાવાયેલો હુકમ પાછો ખેંચાયો.

જૂન ૨૧ : તિનેવેલીમાં મદ્રાસ પ્રાંતિક પરિષદ, એસ. શ્રીનિવાસ આયંગરને અધ્યક્ષપદે ભરાઈ.

જૂન ૨૨ : હાઉસ ઑફ કૉમન્સમાં પંજાબનાં તોફાનો વિષે પ્રશ્નો પુછાયા; મૉન્ટેગ્યુ ઉપર પ્રશ્નોની ઝડી વરસી.

મિત્રરાજ્યોએ તુર્કસ્તાનને મોકલેલી સુલેહની અન્યાયી શરતોના વિરોધમાં સરકાર સાથે અસહકાર કરવાની ગાંધીજીએ વાઇસરૉયને એક પત્રમાં નોટિસ આપી અને તે સાથે એ જ વિષય ઉપર મુસ્લિમોનું નિવેદનપત્ર વાઇસરૉયને મોકલી આપ્યું.

જૂન ૨૫ : મુંબઈમાં ગાંધીજીએ ખિલાફત સમિતિની સભામાં હાજરી આપી.

જૂન ૨૬ : મુંબઈમાં હંટર કમિટીના રિપોર્ટનો વિરોધ કરવા ભરાયેલી જાહેર સભામાં ગાંધીજીએ ભાષણ આપ્યું.

જૂન ૨૭ : મિત્રરાજ્યોએ મોકલેલી સુલેહની શરતો સામે તુર્કસ્તાને નવી શરતો રજૂ કરી.

જૂન ૨૮ : હૈદરાબાદના નિઝામે "મોહી-ઉલ-મિલ્લત વદ્ દીન"નો ખિતાબ છોડી દીધો.

જૂન ૩૦ : એક અખબારી નિવેદનમાં ગાંધીજીએ ૧૯૧૯ના રિફૉર્મ્સ ઍક્ટ (સુધારાનો કાયદો) હેઠળ ધારાસભાઓની ચૂંટણીમાં ભાગ નહીં લેવા લોકોને હાકલ કરી.

Gandhi Heritage Portal

# સૂચિ


અકબર ૪૯૭

અકાલગઢ ૪૨, ૨૩૫–૯, ૨૭૮

અક્રામ મહમ્મદ ૧૮૫

અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ ૪૦૧ પા. ટી., ૪૨૩ પા. ટી.

અખિલ હિંદ ખિલાફત પરિષદ ૨૮૦ પા. ટી.

અખિલ હિંદ ખિલાફત સમિતિ ૩૪૪ પા. ટી., ૩૭૨, ૩૯૭

અખિલ હિંદ ખિલાફત સંઘ ૩૮૬ પા. ટી.

અખિલ હિંદ હિંદુ મહાસભા ૮ પા. ટી., ૪૪૬ પા. ટી.

અખિલ હિંદ હોમરૂલ લીગ ૯૮, ૩૩૩, ૩૩૪; –ના સભ્યો ૩૬૨ પા. ટી.

અખો ૨૮૮

અગરવાલ મારવાડી સંમેલન ૪૭૧

અઝીઝ, અબદુલ ૧૮૭

અઢારસો સત્તાવન (૧૮૫૭)ના સિપાઈના બળવાનો ઇતિહાસ ૪૪૬

અઢારસો સત્તાવન (૧૮૫૭)નો બળવો ૩૯ પા. ટી.

અનસારી, ડૉ. મુખ્તાર અહમદ ૨૮૦

અનારકલી ૧૯૪, ૨૬૮ પા. ટી.

અનુભવાનંદ, સ્વામી ૧૬૨

અપવાસ ૭૮, ૨૮૫

અફઘાન પ્રતિનિધિમંડળ ૪૩૮, ૪૩૯

અફઘાન યુદ્ધ ૦ત્રીજું ૪૬૬ પા. ટી.

અફઘાનિસ્તાન ૩૬૫ પા. ટી., ૪૬૬, ૪૮૮; –ના એલચીઓ ૪૫૧

અફઘાનો ૪૩૮, ૪૬૬

અબદુલ રહીમ, સર ન્યાયમૂર્તિ ૩૨૩

અબદુલ્લા ૧૭૯, ૨૩૮

અબુલ કલામ આઝાદ, મૌલાના ૧ પા. ટી., ૧૬, ૪૪, ૬૮ પા. ટી., ૧૦૨ પા. ટી., ૩૪૪, ૩૭૨ પા. ટી., ૩૯૭

અમદાવાદ ૧૩, ૨૭, ૩૪ પા. ટી., ૪૯, ૫૧ પા. ટી., ૫૫, ૬૨, ૬૪, ૬૫ પા. ટી., ૭૧, ૭૨, ૭૩ પા. ટી., ૭૪ પા. ટી., ૮૦, ૮૭, ૮૮, ૯૧, ૯૮, ૧૦૫, ૧૫૫, ૨૮૭, ૨૮૯ પા. ટી., ૨૯૪ પા. ટી., ૨૯૯, ૩૦૯, ૩૧૪, ૩૨૯, ૩૩૧, ૩૪૧ પા. ટી., ૩૫૦, ૩૫૧ પા. ટી., ૩૮૩, ૪૦૦ પા. ટી., ૪૦૬, ૪૨૬, ૪૨૮, ૪૨૯, ૪૪૯, ૫૦૪; ૦જિલ્લો ૭૩, ૭૯, ૮૧; –ના ઉદ્યોગની ઊંચી પાયરી ૩૪૯; –ના મજૂરોની હડતાળ ૪૧૩ પા. ટી.; –ના મિલમજૂરો ૩૦૯; –ના મિલમજૂરોની સભા ૪૦૭ પા. ટી.; –ની જિલ્લા અદાલત ૮૧; –ની સૂતરની મિલો ૩૮૪ પા. ટી.; –માં ઓડવાયરશાહી ૮૦

અમરસિંહ ૨૯૩ પા. ટી., ૨૯૪

અમરાવતી ૩૬૩ પા. ટી.

અમીન, મહમદ ૧૮૫, ૧૮૬

અમીરઅલી ૪૪૨

અમીરખાન ૧૮૮

અમીરચંદ, લાલા ૨૬૮

અમીર ફૈઝલ ૪૩૭

अमृतबझार पत्रिका ૧૦૧ પા. ટી., ૧૨૫

અમૃતસર ૨૪, ૩૦, ૪૨, ૫૭, ૬૫, ૧૦૧, ૧૨૨, ૧૫૯, ૧૬૧, ૧૬૪, ૧૬૬, ૧૬૭, ૧૬૯, ૧૭૨, ૧૭૪–૮, ૧૮૧, ૧૮૨, ૧૮૯–૯૧, ૧૯૩, ૨૩૦, ૨૩૧, ૨૩૫, ૨૩૯, ૨૪૭, ૨૫૧, ૨૫૪, ૨૫૯, ૨૬૬, ૨૭૩, ૨૭૪, ૨૭૬, ૨૭૭, ૨૮૭, ૨૯૩, ૩૦૧, ૩૧૭, ૪૬૯, ૪૭૦, ૪૮૬; ૦કાવતરા કેસ ૧૬૭; ૦કૉંગ્રેસ ૪૦; ૦જિલ્લો ૧૬૧; –ની અપીલો ૨૯૩ પા. ટી., ૪૪૮ પા. ટી.; –ની મ્યુનિસિપાલિટી ૧૬૨; ૦સ્ટેશન ૨૭૬ પા. ટી.

અમેરિકા ૩૯૩

અરબસ્તાન ૨, ૨૯૭, ૩૯૨–૪, ૪૩૭, ૪૪૨, ૪૪૪, ૪૭૯, ૪૮૦; –નો દ્વીપ ૨ પા. ટી., ૧૪૨

અર્જુન ૨૮૪

અર્થશાસ્ત્ર –નો સરળ નિયમ ૪૨૭

અર્વિંગ માઇલ્સ ૧૬૭, ૧૭૫

अलवहीद ૪૪૦

અલીગઢ ૧૬૧

અલીમદીન, મૌલવી ૨૬૨

અલ્લાહાબાદ ૯૩, ૪૨૩, ૪૨૪, ૪૨૬ પા. ટી., ૪૩૮, ૪૬૫, ૪૭૧, ૪૮૫, ૪૮૮ પા. ટી., ૪૮૯, ૪૯૬

અલ્લાહાબાદ બૅંક ૩૦

“અવર ડે ફંડ” ૧૩૩

અષ્ટાવક્ર ૩૫૨ પા. ટી., ૩૬૬

અષ્ટાવક્ર ગીતા ૩૫૨–૫૩, ૩૫૮

અસદઅલીખાન, બહાદુર મીર ૧૪૫


Gandhi Heritage Portal

અસહકાર ૯૩, ૨૯૦, ૩૩૧, ૩૩૭, ૩૩૮, ૩૪૨, ૩૫૩, ૩૫૪, ૩૫૬, ૩૫૭, ૩૬૨, ૩૬૫, ૩૭૦, ૩૭૩, ૩૭૪, ૩૭૬, ૩૭૭, ૩૮૫, ૩૮૬, ૩૯૭, ૪૦૨, ૪૦૩, ૪૧૩, ૪૧૬, ૪૧૭, ૪૧૯, ૪૨૧, ૪૨૩, ૪૨૬, ૪૩૧, ૪૩૮, ૪૫૦–૫૨, ૪૫૮, ૪૫૯, ૪૬૧, ૪૬૬, ૪૬૯, ૪૭૦, ૪૭૪, ૪૭૫, ૪૮૨, ૪૮૪–૮, ૪૯૫, ૪૯૬, ૪૯૯, ૫૦૧–૩; ૦આપભોગનો ધર્મ ૪૭૪–૭૫; ૦આંદોલન ૩૯૭; –ના સિદ્ધાંત ૪૯૫–૬; –ની પ્રવૃત્તિ ૪૧૮; –ની ભાવના ૪૮૭; –ની લડત ૪૫૭, ૪૬૬; –નું હથિયાર ૩૭૬; –નો કાર્યક્રમ ૧૦૨ પા. ટી.; ૦સમિતિ ૪૮૫
અસ્પૃશ્ય કોમો ૪૫૪ પા. ટી.
અસ્પૃશ્યતા ૩૩૨, ૪૫૬
અહિંસા ૩૭૦
અહિંસાત્મક પ્રતિકાર ૩૯૧
અંગ્રેજી ૩૨૧; ૦ભાષાનો ઉપયોગ ક્યાં અને શા માટે? ૯૯; ૦માધ્યમ ૩૨૨; ૦વાધો ૩૨૧
અંગ્રેજો ૪૪, ૪૮
અંતરાત્માનો અવાજ ૪, ૧૫૩, ૧૬૧, ૪૩૯
અંત્યજ પરિષદ ૩૩૨
અંત્યજ સ્તોત્ર ૩૩૨, ૩૩૩
અંત્યજતા ૪૫૫
અંત્યજો ૪૫૫, ૫૦૦
અંબાલા ૧૧૯; ૦જિલ્લો ૧૩૨, ૧૩૬
આત્મકથા ૧૧૬ પા. ટી.
આત્મનિરીક્ષણ ૫૪ પા. ટી.
આત્મબળ ૧૫૨, ૧૫૪, ૪૫૯
આત્માસિંહ ૨૯૩ પા. ટી.
આનંદાનંદ, સ્વામી ૯૫, ૩૫૦, ૪૦૦, ૪૦૧, ૪૫૦ પા. ટી.
આફ્રિકા ૨૪૯ પા. ટી., ૪૪૩, ૪૮૧ પા. ટી.
આયર, મિ. ૪૧૩
આયર્નસાઇડ, મિ. ડબ્લ્યુ. એ. ૧૪૫
આયંગર, એ. રંગાસ્વામી ૪૬૮
આરગોસી ૧૫
આરબ દ્વીપકલ્પ ૨ પા. ટી.
આરબો ૨, ૧૦૯, ૨૯૭, ૩૯૨, ૪૩૭, ૪૪૨, ૪૫૮, ૫૦૧
આર્મિનિયનો –ની કતલ ૪૫૮
આર્મિનિયા ૩૦૬, ૩૩૫, ૩૩૬, ૪૩૭, ૪૪૧–૪, ૪૭૯, ૪૮૦
આર્યસમાજ ૨૪ પા. ટી., ૨૮, ૨૩૨
આર્યાવર્ત ૧૧૭; –ની ભૂમિ ૧૧૬
આર્યો ૦વેદકાળના ૧૧૬
આલમોડા ૪૨૧
આશ્રમ ૫, ૧૩, ૨૦, ૨૩, ૪૫, ૪૬, ૫૬, ૫૯, ૮૭, ૯૦, ૯૬, ૩૦૩, ૩૦૪, ૩૧૪, ૩૩૯, ૩૪૮, ૩૫૦, ૩૫૨, ૩૬૧, ૩૬૪, ૩૬૯, ૩૭૦, ૩૮૩–૫, ૩૯૮, ૩૯૯, ૪૧૧, ૪૧૨, ૪૨૨, ૪૨૩, ૪૩૬, ૪૯૪, ૫૦૬; ૦ભૂમિ ૩૫૦; ૦શાળા ૨૮ પા. ટી.
આંદામાન ૪૪૮; ૦ટાપુઓ ૪૪૬

ઇજિપ્ત ૭૫, ૧૧૬, ૧૬૪
ઇઝડન, મિસિસ ૧૬૬, ૧૮૪–૬
ઇટાલી ૩૯૫ પા. ટી.; –ના લોકો ૩૯૨
इनर श्राइन २३
इन्डिपेन्डन्ट १२५
इन्डियन एन्ड ईस्टर्न न्यूसपेपर्स सोसायटी २३ પા. ટી.
ઇન્ડિયન ઍમ્બ્યુલન્સ ટુકડી ૪૮૩
ઇન્ડિયન ઍસોસિયેશન ૧૨૬
इन्डियन ओपीनियन ૩૦૩, ૩૩૫ પા. ટી., ૩૪૭ પા. ટી., ૩૮૨
ઇન્ડિયન ડિફેન્સ ફોર્સ ૧૧૯
इन्डियन पेट्रियट इन साउथ आफ्रिका ૩૭૦ પા. ટી.
ઇન્ડિયન પ્રેસ ઍસોસિયેશન ૬૯ પા. ટી.
ઇન્ડિયન મુસ્લિમ લીગ ૨૮૦ પા. ટી.
ઇન્ડિયન હોમરૂલ લીગ ૬૨
इन्डिया इन १९२० २० પા. ટી., ૪૪૭ પા. ટી.
ઇન્ડેમ્નિટી ઍક્ટ ૨૨૫
ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ ૯૪, ૯૯, ૧૨૭ પા. ટી., ૧૪૧ પા. ટી., ૨૬૯ પા. ટી., ૨૭૬ પા. ટી., ૩૨૨
ઇમ્પીરિયલ વૉર રિલીફ ફંડ ૧૩૮
ઇમ્પીરિયલ સિટિઝનશિપ ઍસોસિયેશન ૪૮૧
ઇલિયડ ૨૮૯
ઇસ્તંબૂલ (તુર્કસ્તાન) ૩૩૫, ૪૭૪; ૦સરકાર ૩૩૬
ઇસ્લામ ૧૦૪, ૩૪૨, ૩૬૫, ૩૯૨, ૪૬૬, ૪૮૬, ૪૮૮ પા. ટી.; –નાં તીર્થસ્થાનો ૪૨૦, ૪૪૪; –ની પવિત્ર જગ્યાઓ ૭૪
ઇસ્લામી ભાઈઓ ૭૬
ઇંગ્લંડ ૭૪–૬, ૮૩, ૧૦૨, ૨૮૨, ૩૦૦, ૩૦૪, ૩૧૧, ૩૩૫, ૩૩૬, ૩૩૭, ૩૪૪, ૩૬૦, ૩૬૨, ૩૭૭ પા. ટી., ૩૭૯, ૩૯૩, ૩૯૫, ૪૧૦, ૪૧૬, ૪૨૫, ૪૪૩, ૪૪૬ પા. ટી., ૪૫૨, ૪૬૯, ૪૮૦,

Gandhi Heritage Portal

૪૯૧, ૫૦૧, ૫૦૨; –ના વડા પ્રધાન ૪૧૯; –ની સરકાર ૩૫૩
ઇંદ્રસિંહ ૨૪૭

ઈમર્સન, મિ. ટી. ૧૪૫
ઈશુ ખ્રિસ્ત ૯૭, ૩૮૮, ૩૯૧, ૪૧૭, ૪૧૯, ૪૭૪, ૪૭૫; –નું બલિદાન ૪૬૯
ઈશ્વર ૦એ પરમ મહાન તત્ત્વ છે ૪૩૨; –નું રાજ્ય૪ ૭૦
ઈશ્વરચંદ્ર, વિદ્યાસાગર ૪૧૫
ઈશ્વરદાસ, લાલા ૧૭૮
ઈશ્વરસિંહ ૨૫૦
ઈસ્ટ ઇન્ડિયા કંપની ૪૬૨, ૪૯૭, ૪૯૮
ઈસ્ટ ઍન્ડ વેસ્ટ ૩૫૨, ૩૮૮, ૩૯૧

ઉત્કલ ૩૮, ૩૮૦; –નો પોકાર ૧૪ પા. ટી.
ઉત્કલ પીપલ્સ ઍસોસિયેશન ૩૮
ઉત્તમસિંહ ૧૩૮
ઉત્તર પ્રદેશ ૪૩૯ પા. ટી., ૪૫૦ પા. ટી.
ઉત્તર હિંદ ૩૩૮
ઉપવાસ ૦અને પ્રાર્થના ૧૦૬, ૨૯૨; –નું અઠવાડિયું ૩૦૨
ઉપાધ્યાય, હરિભાઉ ૪૦૧
ઉમરેકસિંહ, ડૉ. ૨૪૧
ઉરેઝી, સૈયદ હુસેનમિયાં ૩૧૫, ૩૮૨
ઉશનકરાય, લાલા ૨૬૧

ઊડિયા ૩૮; ૦ચળવળ ૧૪, ૩૮; ૦લોકો ૩૮૧
ઊડિયા પીપલ્સ ઍસોસિયેશન ૧૪

ઋગ્વેદની ઋચાઓ ૧૧૬

એડન ૧૬૧, ૪૧૪, ૪૨૭
એડવર્ડ્સ, ડબ્લ્યુ. આર. ૧૪૫
ઍથેન્સ ૧૫૩
ઍન્ડ્રૂઝ, સી. એફ. ૬, ૧૧, ૨૩, ૭૩, ૧૭૪, ૨૪૦, ૨૪૯, ૨૭૬, ૩૦૧ પા. ટી., ૩૦૩, ૩૭૪ પા. ટી., ૪૩૬, ૪૭૯, ૪૯૦ પા. ટી.
ઍલાયન્સ બૅંક ઑફ સિમલા ૧૯૪
एलीसीझ एडवेन्चर्स इन वन्डरलैन्ड २८९ पा. टी.
ઍલેક્ઝાન્ડ્રા, રાણી ૧૦૩ પા. ટી.
ઍલ્ફિન્સ્ટન કૉલેજ ૨૮૯ પા. ટી.
એશિયા ૪૨૫, ૪૪૩
એશિયા માઇનોર ૭૪ પા. ટી., ૩૯૩, ૩૯૬, ૪૪૧, ૪૪૨
ઍસોસિયેટેડ પ્રેસ ૧૨૧, ૩૪૨ પા. ટી.
ઍસ્ક્વિથ, મિ. ૧, ૬૦ પા. ટી., ૩૯૫, ૩૯૬
ઍસ્પ્લેનેડ હાઈસ્કૂલ ૪૫૬
ઍંગ્લો-ઇન્ડિયન અખબારો ૧૦૩
ઍંગ્લો-સંસ્કૃત શાળા ૨૪૨
ઑક્સફર્ડ યુનિવર્સિટી ૨૪૦

ઓક્સ, મિ. ૪૩૯
ઓગણીસસો ઓગણીસ (૧૯૧૯)નો ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ ૪૪૭ પા. ટી.
ઓગણીસસો દસ (૧૯૧૦)નો પ્રેસ ઍક્ટ ૬૯ પા. ટી.
ઑટોમન ૧૦૯; ૦સરકાર ૩૯૫; ૦સામ્રાજ્ય ૩૩૬, ૩૯૩
ઓડવાયર, સર માઇકલ ૧૧૭, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૩, ૧૨૬–૮, ૧૩૦, ૧૩૧, ૧૩૪, ૧૩૬–૯, ૧૫૮–૬૧, ૧૬૩, ૧૭૪, ૧૯૨–૪, ૨૨૮, ૨૭૩, ૨૭૫, ૨૭૭–૯, ૩૦૧, ૪૬૪, ૪૯૦, ૪૯૧, ૪૯૫, ૪૯૮, ૫૦૨
ઓડવાયરશાહી ૩૭૨, ૪૭૦
ઓડીસા ૪૦૧
ઓબ્રાયન, કર્નલ ૧૩૭, ૨૨૫, ૨૨૬, ૨૨૮–૩૨, ૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૩૯, ૨૪૦, ૨૪૨, ૨૪૩, ૨૪૬, ૨૬૫, ૨૭૮, ૨૭૯, ૪૯૧
ઓરપાડ ૩૫૮ પા. ટી.
ઓરિસ્સા ૩૮ પા. ટી., ૧૧૬, ૩૮૦, ૩૮૧, ૩૮૬–૮, ૪૭૬, ૪૭૮; ૦દુષ્કાળ ફંડ ૪૫૬; ૦સંકટનિવારણ ફંડ ૪૦૧ પા. ટી.; ૦સંકટ ફંડ ૪૭૨
ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી ૪૧, ૪૫૨, ૪૯૫
ઑલ ઇન્ડિયા મુસ્લિમ લીગ ૧૨૯
ઑસ્ટ્રિયા ૪૪૧, ૪૫૮
ઑસ્ટ્રીચ પક્ષી ૮૯
ઑસ્ટ્રેલિયા ૬
ઓસ્માનિયા વિદ્યાપીઠ ૩૨૩

ઔરંગઝેબ ૪૯૭

કટક ૧૪, ૩૮
કનિકા –ના રાજા ૧૪૫
કનૈયાલાલ, લાલા ૧૬૭, ૧૬૯, ૧૮૧
કન્નડ ૪૭૧
કપૂર, બિહારીલાલ ૨૩૯
કપૂર, લાલા બેલિરામ ૨૪૧
કબીરવડ ૪૦૦, ૪૦૧

Gandhi Heritage Portal

કબીરવાલા તહસીલ ૧૩૬
કમરુદ્દીનખાન, મિયાં ૧૮૮
કમિશન ઑફ ઇન્ક્વાયરી (તપાસપંચ) ૩૨૦ પા. ટી.
કરતારપુર ૩૭૮
કરતારસિંહ ૨૫૫, ૨૫૭
કરનાલ —જિલ્લો ૧૩૬
કરમચંદ, લાલા ૨૩૭, ૨૩૮
કરસનદાસ ૪૭૯
કરાંચી ૧૧૯, ૧૯૨, ૨૯૯, ૩૫૩ પા. ટી., ૪૪૦
કર્ઝન, લૉર્ડ ૧૦૩
કલકત્તા ૬૪, ૬૮, ૭૦ પા. ટી., ૧૦૨ પા. ટી., ૧૧૯, ૧૩૯ પા. ટી., ૨૩૮, ૨૮૭, ૨૮૮, ૨૯૪, ૩૨૧, ૩૨૩, ૩૩૪ પા. ટી., ૩૩૭, ૩૮૦, ૩૮૭, ૪૩૬, ૪૫૨ પા. ટી., ૪૬૪ પા. ટી., ૪૬૮ પા. ટી., ૪૭૯; —યુનિવર્સિટી કમિશન ૩૨૧
કષ્ટસહન ૪૬૯, ૪૭૧
કસુર ૪૨, ૮૮
કહાનચંદ ૧૭૯
કહાનસિંહ ૨૫૩, ૨૫૭, ૨૫૮
કંબો, ઉજાગરસિંહ ૨૫૭
કંબો, માયાસિંહ ૨૫૦, ૨૫૭
કાજીજી, ન્યાયમૂર્તિ ૭૯
કાઠિયાવાડ ૩૦૮, ૪૫૪
કાઠિયાવાડ અંત્યજ પરિષદ ૫૦૦
કાઠિયાવાડ હિતવર્ધક સભા ૬૯
કાઠિયાવાડી ૩૨૮, ૩૨૯; —વિવેક ૩૨૮
કાદંબરી ૨૮૯
કાનપુર ૧૬૭, ૧૮૨; —નું સ્મારક ૩૯
કામદારો ૪૨૮
કાયદા —કિલ્લાના ૧૮૦
કારબરી, કૅપ્ટન ૨૨૬
કાલેલકર, દત્તાત્રેય બાલકૃષ્ણ (કાકા, કાકાસાહેબ) ૫, ૪૫૦ પા. ટી.
કાશી ૨૬, ૩૦, ૫૭, ૫૯, ૪૦૧, ૪૧૨; —વિશ્વનાથ મંદિર ૫૮; —વિશ્વવિદ્યાલય ૫૮
કાશ્મીર ૧૧૭
કાળો સમુદ્ર ૪૪૧
કાંગડી ૩૬૬ પા. ટી.
કાંટાવાળા, હરગોવિંદદાસ ૨૮૭ પા. ટી.
કિચનર, લૉર્ડ ૫૦૬
કિચલુ, ડૉ. ૩૧, ૧૩૮, ૧૫૯, ૧૬૦–૩, ૧૮૬, ૧૯૧, ૨૬૬, ૨૭૪
કિચિન, મિ. ૧૭૫, ૧૯૦
કિન્કેડ સિ. એ. ૧૪૫
કિશનચંદ ૨૫૩
किंग्ज़ ब्रान्च ०१ ८२; ०२ ८२
કુન્દનલાલ ૨૪૭
કુરાન ૬૮
ફૂક, ટૉમસ ૪૯૩
કૃપાલાણી, ગિરધારી ૮૭, ૩૬૧
કૃપાલાની, જે. બી. ૮૭ પા. ટી.
કૃપાલાની બી. ૩૬૧
કૃષ્ણ ૨૮૪ પા. ટી., ૩૦૫
કૃષ્ણસહાય, રાજા બહાદુર ૧૪૫
કેદારનાથ, ડૉ. ૧૬૪
કૅનેડા ૧૩૯
કૅનેડી, બી. સી. ૫૩ પા. ટી., ૫૪, ૭૯, ૮૦–૩
કૅન્ડલર, મિ. ૪૪, ૪૭, ૪૪૧, ૪૪૩, ૪૪૪
કૅમ્પબેલ, એમ. ડબ્લ્યુ. વાય. ૨૩૦
કેમ્બ્રિજ ૧૬૧
કૅલનબૅક, મિ. ૩૫૦, ૪૦૦
કૅલીફૉર્નિયા ૧૨૬ પા. ટી.
કેશીરામ ૨૫૭
કૅસ્ટીવન, સી. એચ. ૧૪૫
કેળકર, એન. સી. ૪૬૮
કેળવણી ૧૯, ૫૧
કૅંટરબરી ૬૮
કોચરબ ૨૮૯
કોટ ઇનોમાન ૬૪
કોટ રાંઝા ૬૪
કોટવાલ ૩૫૧
કૉન્સ્ટૅન્ટિનોપલ ૧૦૮ પા. ટી., ૨૯૭, ૩૩૫, ૩૯૩, ૩૯૬, ૪૪૧, ૪૪૨
કોમાગાટા મારુ ૧૩૯
કૉર્નવૉલ ૪૪૩
કોલાબા ૩૪૬
કૉલોનિસ્ટ ૭
કૉલ્ડસ્ટ્રીક, મિ. ૧૩૩
કૉંગ્રેસ ૨૪, ૨૫, ૩૦, ૬૨, ૬૩, ૮૪, ૯૮, ૯૯, ૨૯૩, ૩૩૪, ૩૭૭, ૩૯૮ પા. ટી., ૪૨૩ પા. ટી., ૪૫૩ પા. ટી., ૪૬૩, ૪૬૪, ૪૬૮, ૪૯૨ પા. ટી., ૪૯૫, ૪૯૭, ૫૦૩ પા. ટી.; —કમિટીનો રિપૉર્ટ ૩૫૮; —ના રિપૉર્ટ ૪૯૫ પા. ટી.; —ની પંજાબની સબકમિટી ૧૬ પા. ટી., ૩૭ પા. ટી., ૫૭ પા. ટી., ૮૬ પા. ટી., ૧૨૬ પા. ટી., ૩૦૪ પા. ટી.; —ની હિલચાલ ૧૮૨; —નું અધિવેશન, અમૃત-

Gandhi Heritage Portal

સરની ૨૪ પા. ટી., ૨૬૩, ૨૯૨ પા. ટી., ૩૫૪ પા. ટી.; –નું ધ્યેય સ્વરાજ્ય છે ૬૧ પા. ટી.; –નું પ્રતિનિધિમંડળ ૩૬૧; ૦પેટાસમિતિના રિપોર્ટ ૪૯૧; ૦લીગની યોજના ૧૨૬
કૌટુંબિક ૦ભાવના ૨૦
કૌરવો ૪૮
કયુમ ૧૮૫
ક્રિશ્ચિયન કૉલેજ ૧૯૪
क्रॉनिकल ૪૪૪, ૪૭૭
ક્લાર્ક, જી. આર. ૧૪૫
क्वीन्स ब्रान्च ૦૨, ૮૧

ખદ્દર, જુઓ ખાદી
ખન્ના, લાલા હરગોપાલ ૧૭૯
ખલીફ (ફા) ૨, ૭૪, ૪૨૦, ૪૨૫, ૪૪૨, ૪૪૪, ૪૭૯; –નું નિયંત્રણ ૩૯૪
ખંભાતા ૪૭૨
ખંભાતા, ઇબ્રાહીમ નવરોજી ૪૬
ખંભાતા, નવરોજી ૪૬
ખંભાતા, બેરામ નવરોજી ૪૬
ખંભાતા, શ્રીમતી તેહમીના ૪૬
ખાદી ૧૭, ૧૮, ૩૨૬, ૩૨૭, ૩૩૮–૪૦, ૩૪૨, ૪૧૪, ૪૬૧; –નાં કપડાં ૫૦૭; –ની સાડી ૩૩૯; –ની વપરાશ એ સ્વદેશીનો પાયો છે ૧૭; ૦ભંડાર ૪૬૧ પા. ટી.
ખાન, અહમદખાન ૧૩૫
ખાન, અહમદ હુસેનખાન ૧૩૪
ખાન, ઝુલફિકાર અલીખાન ૧૪૫
ખાન, મલિક સાહેબ ૨૭૮, ૨૭૯
ખાપર્ડે, ગણેશ સદાશિવ ૧૪૫, ૩૬૦
ખાલસા કૉલેજ (અમૃતસર) ૨૫૧, ૨૫૨
ખાલસા બોર્ડિંગ હાઉસ ૨૨૬
ખાંગા ડોગ્રાંના તહસીલ ૨૪૯, ૨૫૧
ખાંડવાળા, કંચનલાલ ૩૮૧
ખિલાફત ૧, ૨, ૪૯, ૫૯–૬૧, ૬૪, ૭૪, ૭૫, ૭૯, ૯૩, ૯૯, ૧૦૧, ૧૦૭, ૧૦૯, ૧૧૨, ૧૫૮, ૨૮૦, ૨૮૧, ૨૯૦, ૩૦૦, ૩૦૬, ૩૦૭, ૩૩૩, ૩૪૨, ૩૪૪ પા. ટી., ૩૪૫, ૩૫૭, ૩૭૦, ૩૭૩, ૩૭૬, ૩૯૨, ૩૯૫, ૪૦૨, ૪૦૩, ૪૧૭, ૪૨૧–૪ પા. ટી., ૪૨૬, ૪૨૭, ૪૪૧, ૪૪૨, ૪૫૭, ૪૭૪, ૪૭૫, ૪૭૯, ૪૯૬; ૦આંદોલન ૯૩ પા. ટી., ૨૮૦ પા. ટી., ૩૩૫, ૩૩૭, ૩૭૪, ૩૯૬, ૪૪૦, ૪૮૧, ૪૮૮; ૦ચળવળ ૧ પા. ટી., ૩૦૯ પા. ટી., ૩૭૬, ૪૫૧, ૪૫૯; ૦દિન ૭૦ પા. ટી., ૭૫ પા. ટી., ૭૭ પા. ટી., ૯૧ પા. ટી., ૯૮ પા. ટી., ૧૦૧, ૧૧૨, ૧૧૩; ૦પરિષદ ૧૬ પા. ટી., ૬૪ પા. ટી., ૬૮, ૭૬ પા. ટી., ૧૦૨ પા. ટી., ૩૫૪ પા. ટી., ૪૧૪, ૪૨૭; ૦પ્રતિનિધિમંડળ ૨૯૬, ૩૧૪ પા. ટી., ૩૩૦ પા. ટી., ૩૭૭ પા. ટી.; ૦પ્રશ્ન ૯૪, ૨૮૭, ૨૯૬, ૩૦૪, ૩૧૫, ૩૩૦, ૩૩૫, ૩૩૬, ૩૬૩, ૩૯૪, ૩૯૯ પા. ટી., ૪૦૪, ૪૧૮, ૪૨૦, ૪૩૭, ૪૪૪, ૪૫૮, ૪૮૨, ૪૮૩, ૪૯૩, ૫૦૧, ૫૦૩; ૦સભા ૪૪, ૬૮, ૪૬૫; ૦સમિતિ ૭૭, ૧૦૨, ૧૧૩, ૨૯૬, ૩૩૦, ૩૭૩, ૩૯૯, ૪૧૩, ૪૩૧, ૪૪૦, ૪૫૨, ૪૬૫ પા. ટી., ૪૬૬, ૪૮૨, ૪૮૫, ૪૯૬ પા. ટી.
ખીજી ૦લોકો ૧૩૬
ખુશાલસિંહ ૨૪૯, ૨૫૦, ૨૫૩, ૨૫૯
ખેડા ૩૦૭, ૪૫૭ પા. ટી., ૪૬૨, ૪૯૮
ખેમકરણ ૨૭૩
ખેર, એસ. બી. ૧૭૯ પા. ટી.
ખેરદીન ૧૮૮, ૧૮૯
ખ્રિસ્તી ધર્મમાં પ્રાર્થના ૩૪૬

ગણપતમલ ૨૫૫–૭, ૨૫૮
ગણપતરાય, લાલા ૧૭૯
ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ ૧૫૨ પા. ટી.
ગંગા (નદી) ૫૭, ૫૮, ૨૮૮
ગંગાજળ ૫૮
ગંગાસિંહજી, સર ૩૭૫ પા. ટી.
ગંડાસિંહ ૨૨૬
ગામા ૧૮૫
ગાયત્રી ૧૧૧
ગાંધી, કરસનદાસ ૩૭૪ પા. ટી.
ગાંધી, કસ્તૂરબા ૫, ૧૩, ૩૫૦, ૩૫૧
ગાંધી, કાશીબહેન ૩૫૧
ગાંધી, કૃષ્ણદાસ ૩૫૧
ગાંધી, ખુશાલચંદ ૪ પા. ટી.
ગાંધી, છગનલાલ ૩૧૩, ૩૫૦ પા. ટી., ૩૫૧, ૪૭૩
ગાંધી, દેવદાસ ૨૩, ૩૭, ૫૪, ૨૯૫, ૩૧૪, ૩૧૫, ૩૫૧, ૩૫૯, ૩૬૦, ૩૬૫, ૪૧૨, ૪૧૩, ૪૨૧, ૪૨૨ પા. ટી., ૪૩૬
ગાંધી, નિર્મળા ૩૦૩
ગાંધી, પ્રભુદાસ ૩૦૩, ૩૧૪, ૩૪૫, ૩૫૦, ૩૫૧, ૪૨૨
ગાંધી, મગનલાલ ૪, ૯૬, ૩૪૧, ૩૪૩, ૩૪૮, ૩૫૧, ૩૬૩, ૩૬૪, ૩૬૯, ૪૦૧, ૪૨૨

Gandhi Heritage Portal

ગાંધી, મણિલાલ ૩૦૩, ૩૪૭ પા. ટી.
ગાંધી, મોહનદાસ કરમચંદ (ગાંધી, ગાંધીજી, બાપુ, મો. ક. ગાંધી, મોહન, હું) ૨, ૩, ૪, ૬, ૭, ૯, ૧૦, ૧૨–૬, ૧૮, ૨૦–૪, ૨૭–૩૧, ૩૪–૭, ૪૦, ૪૧, ૪૩–૬, ૪૯–૫૧, ૫૩–૭, ૫૯, ૬૦, ૬૪, ૬૬–૯, ૭૧–૩, ૭૫–૬, ૭૯–૮૮, ૯૦–૧૦૩, ૧૦૫–૭, ૧૦૯, ૧૧૦, ૧૧૩, ૧૧૫, ૧૧૬, ૧૧૯, ૧૨૩, ૧૩૫, ૧૩૮, ૧૪૦, ૧૪૪, ૧૪૬ પા. ટી., ૧૫૨, ૧૫૬, ૧૫૭, ૧૬૦–૨, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૨૪૩, ૨૬૬, ૨૭૪, ૨૭૬, ૨૮૯–૯૧, ૨૯૬, ૩૦૦–૫, ૩૦૭, ૩૧૩, ૩૧૫, ૩૨૪, ૩૨૬, ૩૩૦, ૩૫૩–૬, ૩૬૦–૭, ૩૬૯–૭૧, ૩૭૩–૫, ૩૭૮, ૩૭૯, ૩૮૧, ૩૮૩, ૩૮૫–૯૨, ૩૯૫–૮, ૪૦૦, ૪૦૩, ૪૦૬ પા. ટી., ૪૧૧–૪, ૪૧૬–૯, ૪૨૧–૪, ૪૨૭, ૪૪૧, ૪૪૫, ૪૪૮, ૪૫૦, ૪૫૨–૪, ૪૫૭–૯, ૪૬૧, ૪૬૪, ૪૬૭–૯, ૪૭૨–૫, ૪૭૭, ૪૭૯–૮૮, ૪૯૦, ૪૯૧, ૪૯૨, ૪૯૩–૫, ૪૯૮, ૫૦૨–૭
ગિરધારીલાલ, લાલા ૩૦, ૩૧, ૫૭, ૯૧, ૧૬૭, ૧૭૨, ૧૭૩, ૧૮૨, ૩૧૭, ૩૪૬
ગિરમીટ ૭; ૦પ્રથા ૬
ગિરમીટિયા ૦પ્રથા ૧૨; ૦મજૂરો ૧૫૫, ૩૧૯; ૦મજૂરોનો કેસ ૬૧ પા. ટી.
ગિલેસ્પી ૩૪૬
ગીતાંજલિ ૭૩
ગુજરાત ૩૨, ૪૧ પા. ટી., ૫૭ પા. ટી., ૫૯, ૭૩, ૯૮ પા. ટી., ૧૩૪ પા. ટી., ૨૭૧, ૨૭૮, ૨૮૧, ૨૯૦, ૨૯૪, ૩૦૪, ૪૫૪, ૪૫૭ પા. ટી.
ગુજરાત (પંજાબ) ૨૪ પા. ટી., ૩૨, ૩૩, ૪૨, ૫૭, ૨૦૧, ૨૭૦, ૨૭૨; –નો રણસંગ્રામ ૨૭૦
ગુજરાત કૉલેજ ૪૫
ગુજરાતી ૫૯, ૩૪૭, ૪૫૩
ગુજરાતી સભા ૪૦૬
ગુજરાતી સાહિત્ય પરિષદ ૭૩, ૮૭ પા. ટી., ૮૮ પા. ટી., ૨૮૭
ગુજરાનવાલા ૪૨, ૨૨૫, ૨૨૭, ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૩, ૨૩૬, ૨૩૯ પા. ટી., ૨૪૩ પા. ટી., ૨૪૭, ૨૫૧, ૨૫૬, ૨૫૯, ૨૬૮, ૨૭૩, ૨૭૪
ગુજરાનવાલા જેલ ૨૪૧, ૨૪૨
ગુરુકુલ ૨૨૫, ૨૨૯, ૩૬૬
ગુરુદેવ જુઓ ટાગોર રવીન્દ્રનાથ
ગુરુમુખી ૬૩
ગુણી ૧૩૪, ૧૩૫
ગુલામ મહમદ ૧૩૫
गॅझेट ऑफ इन्डिया एक्स्ट्रा ऑर्डिनरी (હિંદી સરકારનું અસાધારણ ગૅઝેટ) ૩૭૭ પા. ટી.
ગૅબ્રિયલ, લૅંઝરસ ૩૪૭
ગોકરણનાથ ૮૮, ૯૧
ગોખલે, ગોપાળ કૃષ્ણ ૬૧
ગોધરા ૩૦૩, ૩૩૨
ગોપાળદાસ, દીવાન ૨૩૫, ૨૩૬
ગોવધ ૬૧ પા. ટી.
ગોવિંદબાબુ ૩૦૩
ગોવિંદસહાય, લાલા ૨૩૮
ગોસાંઈ, મયારામ ૨૬૧, ૨૬૨, ૨૬૫
ગૌહરસિંહ, સરદાર ૨૬૦ પા. ટી., ૨૬૧, ૨૬૩, ૨૬૪, ૨૬૫
ગ્રીક લશ્કર ૪૪૩ પા. ટી.
ગ્રીસ ૪૪૩, ૫૦૧
ગ્રેટ બ્રિટન ૩૯૩, ૩૯૪, ૪૨૦, ૪૨૧, ૪૪૫
ગ્લૅડસ્ટન ૪૨૫, ૪૭૬
ગ્લૅંકો ૧૭૪
ગ્વાલિયર નરેશ મહારાજા સિંધિયા ૪૯૨

ઘદર ૧૨૬ પા. ટી.; ૦પાર્ટીની હિલચાલ ૧૨૬–૭
ઘારજક ૨૨૬ પા. ટી.
ઘોષ, અરવિંદ બાબુ ૩૧૫
ઘોષળ, શ્રી ૬૨

ચરખો ૩૫
ચંદા, કે. કે. ૧૪૫
ચંદાવરકર, સર નારાયણ ૬૯ પા. ટી., ૮૯
ચંદ્રગુપ્ત ૪૭૭
ચંપારણ ૨૩ પા. ટી., ૩૦૭, ૩૧૭, ૩૯૦; –નો સત્યાગ્રહ ૩૯૦ પા. ટી.
ચિટનવીસ, સર ગંગાધર રાવ ૧૪૫
ચિંતામણિ, શ્રી ૪૬૫
ચિનાબ ૧૧૭
ચીન ૭, ૯, ૪૧૫
ચુહારખાના ૪૨, ૧૩૭, ૨૫૩, ૨૫૫, ૨૫૯, ૨૬૧, ૨૭૩
ચેટરજી, બાબુ રામાનંદ ૩૨૩
ચેમ્સફર્ડ, લૉર્ડ ૨૯૩, ૪૮૨ પા. ટી., ૪૯૫
ચૌધરાણી, સરલાદેવી ૨૮ પા. ટી., ૨૯, ૩૨, ૫૫, ૫૬, ૫૯, ૬૨, ૬૩, ૭૧, ૮૭, ૯૬, ૨૮૩, ૨૮૪, ૨૯૫, ૩૦૩, ૩૦૪, ૩૦૮, ૩૧૫, ૩૨૪ પા. ટી.,



Gandhi Heritage Portal

૩૨૫-૬, ૩૩૮, ૩૩૯, ૩૪૨, ૩૪૫, ૩૫૧, ૩૫૨, ૩૫૮, ૩૬૬, ૩૬૯, ૩૭૦, ૪૧૪, ૪૧૫ પા. ટી., ૪૨૭, ૪૨૮, ૪૬૧, ૪૬૨ પા. ટી.
ચોધરી, ગુલામકાદર ૨૩૬
ચોધરી, જગદીશ ૩૪૫
ચોધરી, દીપક ૨૮, ૨૯, ૩૨ પા. ટી., ૮૭, ૩૪૨, ૩૪૫, ૩૪૬, ૩૫૦, ૩૫૧, ૩૫૯
ચોધરી, ફઝલદાદ ૨૩૬
ચોધરી, પંડિત રામભજદત્ત ૩૨ પા. ટી., ૫૫, ૬૨, ૧૫૯, ૧૯૨, ૧૯૪, ૧૯૫, ૩૨૪ પા. ટી., ૩૪૫, ૩૫૧, ૩૫૯, ૪૧૨, ૪૧૩, ૪૧૬, ૪૨૮, ૪૪૮
ચોપરા, રામદાસ ૨૭૦

છાણી રેહાન (ગામડું) ૧૩૫
છાપખાનાનો કાયદો ૬૯
છોટાણી, મિયાં મહમદ હાજી જાન મહમદ ૬૮ પા. ટી., ૧૦૧, ૨૯૬, ૩૦૯ પા. ટી., ૩૬૭

જગતનારાયણ, પંડિત ૨૫૪, ૪૬૩ પા. ટી.
જગતસિંહ ૨૫૧, ૨૫૨
જગન્નાથપુરી ૩૮૦, ૩૮૬
જઝીરત-ઉલ-અરબ ૨, ૨૯૭, ૪૨૫, ૪૪૪
જનક ૩૫૨ પા. ટી., ૩૫૮, ૩૬૭
જબલપુર ૩૩૬
જમનાજી ૧૧૭
જમશેદપુર ૧૦૨ પા. ટી., ૩૮૦, ૩૮૭
જમિયતસિંહ, સરદાર ૨૩૩, ૨૩૪, ૨૬૨
જમ્મુ ૨૩૯
જયકર, એમ. આર. ૨૬, ૪૧ પા. ટી., ૪૨-૩, ૬૯ પા. ટી., ૮૪-૬ પા. ટી., ૮૮, ૧૧૬ પા. ટી., ૨૮૨
જયાકુંવર ૩૧૯ પા. ટી.
જર્મન પૂર્વ આફ્રિકાના હિંદીઓ ૩૨૦
જર્મની ૧, ૧૭૫, ૩૯૨, ૪૪૩, ૪૪૪, ૪૬૫, ૪૭૦, ૪૮૩
જર્મનો ૪૪, ૪૮, ૩૯૦ પા. ટી., ૪૬૫
જલંધર ૧૧૯, ૧૬૦
જલાલપુર જટાં ૩૨, ૨૭૧, ૨૭૮
જલિયાંવાલા બાગ ૨૪, ૨૫, ૩૦, ૩૯, ૪૦, ૮૬ પા. ટી., ૧૦૬, ૧૬૭, ૧૬૯, ૧૭૦, ૧૯૦, ૨૭૫, ૨૭૬, ૨૭૮, ૨૮૬, ૨૮૭, ૩૦૧, ૩૦૮, ૩૪૬, ૩૫૮, ૩૮૮, ૩૯૧, ૪૬૯, ૪૯૦; -ની કતલ ૭૮, ૧૭૪; -ની કતલનો દિવસ (એપ્રિલ ૧૩) ૭૭ પા. ટી.
જલિયાંવાલા સ્મારક ૩૧૭, ૩૫૭
જલિયાંવાલા સ્મારક ફંડ ૨૯૧, ૨૯૯, ૩૦૩ પા. ટી., ૩૦૮ પા. ટી.
જવાહરલાલ, ઇન્સ્પેક્ટર ૧૮૬, ૧૮૯
જહાંગીર, શહેનશાહ ૨૫૯, ૪૯૭
જાપાન ૩૧૫, ૩૨૫, ૪૧૫
જાલ, મિ. ૪૬
જિલાની, ગુલામ ૧૮૮, ૧૮૯
જિસસ ક્રાઇસ્ટ જુઓ ઈશુ ખ્રિસ્ત
જીવનસિંહ ૨૫૧
જેકોબાબાદ ૪૪૦
જેક્સન, એ. એમ. ટી. ૪૪૬ પા. ટી.
જેરાજાણી, વિઠ્ઠલદાસ ૧૭, ૪૦૫, ૪૬૧ પા. ટી.
જેરૂસલેમ ૩૯૧
જેલ ૪૨૩, ૪૪૦; ૦મેન્યુઅલ ૪૪૮
જૉન્સન, કર્નલ ૨૭૮, ૨૭૯
જૉર્જ, લૉઈડ ૬૦ પા. ટી., ૭૪, ૭૫, ૧૦૩, ૩૭૫ પા. ટી., ૩૯૪, ૩૯૬, ૪૧૨, ૪૧૮, ૪૧૯, ૪૪૧, ૪૪૨ પા. ટી., ૪૪૪
જૉર્જ, હર્બર્ટ ૯૫
જૉર્જ પાંચમો, સમ્રાટ ૨૯૭ પા. ટી.
જોહાનિસબર્ગ ૩૧૪ પા. ટી.; -નું બેપ્ટિસ્ટ ચર્ચ ૩૩૫ પા. ટી.
જ્ઞાનચંદ, ડૉ. ૨૪૪
જ્વાલાસિંહ ૨૫૦-૨
જ્વાલી ૨૫૩

ઝવેરી, કાલિદાસ જસકરણ ૮૦
ઝવેરી, રેવાશંકરભાઈ ૩૦૩, ૩૪૫, ૪૨૨
ઝીણા, મહમદઅલી ૧૨૯, ૧૪૪, ૧૪૬, ૨૯૧, ૪૯૫ પા. ટી.
ઝીણા, મિસિસ ૩૪૭, ૩૯૧

ટર્કીનો ઇતિહાસ ૩૯૩
ટંડન, લાલા રામચંદ ૨૭૧
टाइम्स ऑफ़ इन्डिया ૮૫, ૧૦૩, ૨૯૦, ૨૯૬ પા. ટી., ૩૩૫-૭, ૩૪૧ પા. ટી., ૩૫૬, ૩૫૯, ૩૯૫, ૪૪૨
ટાગોર, રવીન્દ્રનાથ ૩૨ પા. ટી., ૩૮ પા. ટી., ૬૨, ૭૩, ૮૭, ૮૮ પા. ટી., ૯૧, ૯૪, ૨૪૮, ૨૮૧, ૨૮૭ પા. ટી., ૨૯૪, ૩૦૧, ૩૦૩ પા. ટી., ૩૦૫, ૩૦૮, ૩૨૬ પા. ટી., ૩૩૯, ૩૬૯, ૩૭૦, ૩૮૦

Gandhi Heritage Portal

ટિળક, લોકમાન્ય બાળ ગંગાધર ૧૨૫, ૧૨૬, ૧૨૯, ૩૪૫, ૩૫૧, ૩૫૯
ટીકટીકી ૧૭૬, ૧૮૦
ટૅટમ, લેફ્ટનન્ટ ૨૩૯
ટૅનિસન, કવિ ૯૨, ૨૮૫
ટૅાડરમલ ૨૫૭
ટૅામસન ૧૬૪, ૨૭૬
ટ્રાન્સવાલ ૪૭૯; –ની ધારાસભા ૩૯૦; –નો એશિયાઈઓની નોંધણીનો ધારો ૩૯૦ પા. ટી.
ટ્રિબ્યૂન ૨૨ પા. ટી., ૨૩, ૨૯, ૨૬૫
ટ્રૅન્ચ, મિ. ૧૧૦, ૩૮૪

ઠક્કર, અમૃતલાલ ૧૨, ૩૮૦, ૩૮૧, ૩૮૭, ૩૮૮, ૪૦૬, ૪૭૮, ૪૭૯
ઠાકરદાસ, લાલા ૨૬૫

ડચેસ ઑફ સધરલૅન્ડ ૪૬૧
ડભાનસિંહ ૨૪૯
ડવટન, કૅપ્ટન ૨૭૯
ડાયર, જનરલ રેજિનાલ્ડ એડવર્ડ હૅરી ૨૫, ૩૯ પા. ટી., ૪૦, ૮૯ પા. ટી., ૧૬૭–૭૧, ૧૭૪, ૧૭૫, ૧૭૭, ૧૭૮, ૧૮૦, ૨૭૮, ૨૭૯, ૨૮૭, ૩૦૧, ૩૦૮, ૪૬૪, ૪૯૦, ૪૯૧, ૪૯૮
ડિઝરેલી ૪૨૫
ડિફેન્સ ઑફ ઇન્ડિયા ઍક્ટ ૧૨૫, ૧૩૬, ૧૩૯–૪૧, ૧૫૦, ૨૨૮, ૨૬૮
ડુબોલે, સર જેમ્સ ૧૪૫
ડૅનિયલ ૧૫૩
ડૅનિશ મિશન ૩ પા. ટી.
ડૅન્માર્ક ૨ પા. ટી., ૨૩, ૩૭, ૪૬, ૨૮૦ પા. ટી., ૨૮૫, ૨૯૯ પા. ટી., ૪૧૨, ૪૨૪ પા. ટી.
ડેલી આરગોસી ૧૫
ડૅાક, જે. જે. રૅવરન્ડ ૩૩૫, ૩૭૦
ડૅાનાલ્ડ, સર જૉન ૧૪૫
ડૅામિસાઈલ ૪૬૭

ઢંઢેરો ૦સમ્રાટનો (બાદશાહનો, રાજાનો) ૮ પા. ટી., ૨૧, ૪૧, ૬૬, ૭૪ પા. ટી., ૧૯૧, ૨૯૩, ૪૪૫, ૪૪૬, ૪૪૮, ૪૯૧ પા. ટી.
ઢાકાની મલમલ ૩૩૯
ઢૅાલણદાસ, લાલા ૧૭૩

તક્ષશિલાનું વિશ્વવિદ્યાલય ૧૧૬
તામિલ ૦ભાષા ૨૮૯, ૪૭૧; ૦અને તેલુગુ ભાષીઓ ૪૭૨
તારણતરણ ૪૨, ૧૯૧
તાર્તાર ૧૧૭
તુપગર, ગુલામ કાદર ૧૮૮
તુર્ક ૦જાતિ ૪૪૧
તુર્કસ્તાન ૧ પા. ટી., ૭૪ પા. ટી., ૧૦૬ પા. ટી., ૨૯૬, ૨૯૭, ૩૩૫, ૩૩૬, ૩૪૧, ૩૭૭ પા. ટી., ૩૮૫, ૩૯૩, ૩૯૫, ૩૯૬, ૪૧૧ પા. ટી., ૪૧૨, ૪૧૯, ૪૨૦, ૪૨૩ પા. ટી., ૪૩૭, ૪૩૯ પા. ટી., ૪૪૧–૪, ૪૬૧, ૪૭૯–૮૨ પા. ટી., ૫૦૦–૨
તુર્કી ૧, ૨, ૬૦, ૩૦૬, ૩૯૨, ૪૫૭
તુર્કો ૭૪, ૧૦૨ પા. ટી., ૧૦૮ પા. ટી., ૨૯૭, ૩૯૨–૬, ૪૧૮, ૪૨૫, ૪૭૪, ૪૮૩
તુલસીદાસ ૪૫, ૫૬, ૨૮૮, ૨૮૯, ૪૫૩, ૪૭૪
તુલસીરામાયણ ૪૭૪
તેલુગુ ૪૭૧
તૈયબજી, અબ્બાસ ૨૬ પા. ટી., ૪૧, ૪૩, ૧૧૬ પા. ટી., ૩૦૪, ૩૦૫ પા. ટી., ૩૬૮
તૈયબજી કુટુંબ (પરિવાર) ૩૦૫, ૩૬૮
તૈયબજી, ફૈઝ ૩૬૮ પા. ટી.
તૈયબજી, બદરુદ્દીન ૩૬૮ પા. ટી.
તોબા ટૅકસિંહ ૨૬૭

થાપર, લાલા ચિંતરામ ૨૬૮
થિયૉસૉફિકલ સોસાયટી ૬૨ પા. ટી.
થૉમ્સન, મિ. ૧૭૩
થૉરો ૪૭૦
થ્રેસ ૭૪ પા. ટી., ૩૯૬, ૪૪૧, ૪૪૨

દક્ષિણ અમેરિકા ૬
દક્ષિણ આફ્રિકા ૯–૧૨, ૧૫ પા. ટી., ૨૨, ૨૩, ૭૪, ૧૫૨, ૨૮૮, ૩૦૬, ૩૧૩, ૩૧૪, ૩૨૦, ૩૩૫, ૩૩૭, ૩૪૭, ૩૫૦, ૩૬૦, ૪૧૮, ૪૬૭, ૪૭૨, ૪૮૧, ૪૮૫
દક્ષિણ પ્રાંત ૨૮૯
દરબાર સાહેબ (સુવર્ણમંદિર) ૧૬૦, ૧૬૮, ૨૫૮, ૨૬૬
દવે, જુગતરામ ૪૩૬
દાદુમલ, લાલા ૧૮૭
દાવા (ગામડું) ૩૮૦
દાસ, ચિત્તરંજન (સી. આર.) ૧૬, ૨૬ પા. ટી., ૪૧, ૪૩, ૫૭, ૮૬, ૧૧૬ પા. ટી., ૨૮૨, ૪૯૮
દિલ્હી ૨૪ પા. ટી., ૨૬ પા. ટી., ૫૯, ૯૬ પા. ટી., ૧૧૦, ૧૧૭, ૧૧૯, ૧૪૬ પા. ટી., ૧૯૨, ૧૯૩,

Gandhi Heritage Portal

૧૯૪ પા. ટી., ૨૭૬, ૨૭૯, ૨૮૫, ૩૩૭, ૩૭૨, ૩૭૬, ૪૦૨, ૪૬૩; –ના સત્યાગ્રહીઓ ૪૬૩ પા. ટી; –ની પરિષદ ૪૮૮; –ની યુદ્ધ પરિષદ ૧૩૦
દ્વિવેદિયા, નરસિંહરાવ ભોળાનાથ ૮૦, ૨૮૯
દીના ૧૮૭
દીવાનચંદ, લાલા ૩૦
દીવાનસિંહ સરદાર ૨૪૦
દુનીચંદ, લાલા ૧૨૬, ૧૫૯, ૧૯૩
દુરાગ્રહ ૪૩૨
દુર્યોધન ૧૮, ૨૫૫, ૨૮૪
દુલાસિંહ ૨૫૫
દેવશંકરભાઈ ૩૫૨
દેવી ૩૫૦ પા. ટી.
દેવીદાસ, લાલા ૧૭૯
દેસાઈ, દુર્ગા ૨૯૫, ૩૦૩, ૪૦૧
દેસાઈ, પરાગજી ૩૫૧
દેસાઈ, મહાદેવભાઈ ૨૨, ૨૭, ૨૮, ૩૦, ૪૩, ૫૩, ૫૪, ૫૬, ૬૪, ૭૯, ૮૧, ૮૩–૫, ૯૧ પા. ટી., ૧૧૬, ૧૫૬ પા. ટી., ૨૯૫, ૩૦૩, ૩૧૩, ૩૧૪, ૩૪૫, ૩૪૬, ૩૫૦, ૩૫૭, ૩૫૮, ૩૬૪, ૩૬૯, ૩૯૯, ૪૦૦, ૪૨૨
દોલતરામ, ડૉ. ૨૪૧
દોલતસિંહ, ડૉ. ૨૩૨
દ્રવિડ ૪૭૨; ૦બાળકો ૪૭૨; ૦લોકો ૪૭૧

ધનપતરાય, ડૉ. ૧૬૪
ધનીરામ ૧૮૮
ધર્મ ૦ત્યાં જ જય ૧૮; ૦ભાવના ૪૭૫
ધોરણ ૦પશ્ચિમનું ૧૮; ૦પૂર્વનું ૧૮
ધ્રુવ, આનંદશંકર ૫૭–૯, ૨૮૯ પા. ટી.

નંકાઈન (રાણી) ૨૫૯
નટરાજન, કે. ૬૯, ૮૯ પા. ટી.
નટેસન ૯૮ પા. ટી.
નડિયાદ ૬૩, ૩૩૨, ૪૬૨
"નમો હિંદુસ્તાન" (એક ગીત) ૬૩
નરેન્દ્રમંડળ ૩૭૫ પા. ટી.
નવજીવન ૬ પા. ટી., ૨૦, ૨૬, ૫૧ પા. ટી., ૭૧, ૯૬ પા. ટી., ૨૮૩, ૨૯૮, ૩૦૮, ૩૩૧–૨, ૩૪૮, ૩૫૪, ૩૮૭ પા. ટી., ૪૦૧ પા. ટી., ૪૧૪ પા. ટી., ૪૨૧, ૪૨૬, ૪૩૦, ૪૫૨, ૪૫૬
નવજીવન પ્રેસ ૯૫ પા. ટી.
નવરોજી, દાદાભાઈ ૬૧
નવસારી ૮૫
નવાબદીન, મુનશી ૨૪૮
નવાં પિંડ ૨૪૯, ૨૫૦, ૨૫૩
નશાબંધી ૪૨૮ પા. ટી.
નંદા, ડૉ. કરમસિંહ ૨૪૬
નાગપુર ૩૩૪ પા. ટી., ૫૦૩ પા. ટી.
નાથીબાઈ દામોદરદાસ ઠાકરસી વિદ્યાપીઠ ૩૨૩ પા. ટી.
નાનકચંદ ૨૩૬
નાયડુ, સરોજિની ૮૦ પા. ટી.
નાયર, સર શંકરન ૧૪૪ પા. ટી., ૧૪૫
નારંગ, ડૉ. ગોકુલચંદ ૧૫૯, ૧૯૩
નાસિક ૪૪૬
નિઝામાબાદ ૪૨, ૨૩૧, ૨૩૪, ૨૭૩
નિર્મળા ૩૪૮
નિહાલચંદ ૨૪૬
નીતિબળ ૪૫૩
નીલકંઠ, રમણભાઈ મહીપતરામ ૫૫ પા. ટી., ૫૬
નીલગિરિ ૪૧૪, ૪૨૭
નેપાળ ૧૧૮
નેશન ૩૬૩
નેહરુ, પં. જવાહરલાલ ૪૩૮, ૪૫૧
નેહરુ, પં. મોતીલાલ ૩૧, ૪૧, ૪૪, ૫૭, ૮૬ પા. ટી., ૧૧૬ પા. ટી., ૨૮૨, ૨૯૯, ૪૧૩ પા. ટી., ૪૩૮, ૪૩૯, ૪૪૮, ૪૬૫
નેહરુ કુટુંબ ૪૫૦, ૪૫૧
નોકરશાહી ૧૪૨
નૉર્મન રાજાઓ ૩૬૨
ન્યૂ ઇન્ડિયા ૧૨૫
ન્યૂ એજ ૩૬૩, ૪૪૩
ન્યૂટન, ડૉ. જોસફ ૭ પા. ટી., ૮, ૧૧, ૧૨, ૧૫
ન્યૂમૅન ૧૮૧

પટણા ૩૦૩
પટવર્ધન ૩૬૩
પટેલ, વલ્લભભાઈ ૮૦ પા. ટી.
પટેલ, વિઠ્ઠલભાઈ ૧૪૪ પા. ટી., ૨૯૧, ૨૯૨
પટોળી, જાનમહમદ ૨૪૬
પટ્ટી (ગામડું) ૨૭૩
પઢિયાર, અમૃતલાલ ૩૩૨
પત્નીવ્રત ૪૦૯, ૪૧૦
પન્નાલાલ ૧૭૮
પરમાનંદ ૮, ૪૪૭

Gandhi Heritage Portal

પરશરામ, ડૉ. ૮૮
પરીખ, નરહરિ દ્વારકાદાસ ૫, ૨૨, ૨૮, ૨૯, ૯૬, ૩૪૩
પર્શિયનો ૧૧૭
પશુબળ ૪૪૨, ૪૫૧, ૪૫૨
પંચ ૪૨૯, ૪૩૨; –નું તત્ત્વ ૨૦, ૩૧૧, ૪૩૦
પંજાબ ૬, ૧૪ પા. ટી., ૧૮, ૨૨, ૨૪, ૨૯ પા. ટી., ૩૨, ૩૬, ૪૧, ૪૪, ૪૫, ૫૪ પા. ટી., ૫૬–૮, ૬૨–૫, ૭૧ પા. ટી., ૭૭, ૮૦, ૧૧૧, ૧૧૭, ૧૧૯, ૧૨૩, ૧૨૫, ૧૨૬, ૧૨૯, ૧૩૧, ૧૩૮, ૧૩૯, ૧૫૧, ૧૫૭–૬૦, ૧૬૫ પા. ટી., ૧૭૩, ૧૭૪, ૧૮૯, ૧૯૨, ૧૯૪, ૨૫૧, ૨૭૧, ૨૭૪, ૨૭૬, ૨૭૭, ૨૯૯, ૩૦૫, ૪૦૫, ૪૪૮, ૪૪૯, ૪૬૩, ૪૭૫, ૪૭૭, ૪૯૧, ૪૯૮, ૫૦૩; –ના પ્રશ્નો ૫૦૩; –ના બનાવો ૧૪૭; –ના મિત્રો ૯૬; –ના મુકદ્દમાઓ ૪૪૬; –ના લોકો ૨૨૮; –ના હત્યાકાંડ ૪૩૯; –નાં રમખાણો ૧૯, ૧૧૬; –ની કરુણ કથા ૨૭૩; –ની કરુણ ઘટના ૩૧૭; –ની તપાસસમિતિ ૧૧૬–૨૭૯; –ની યાતનાઓ ૪૦; –ની સબકમિટી ૨૮૭, ૨૯૩; –ની સ્તુત્ય યુદ્ધસેવા ૧૨૮; –ની સ્ત્રીઓ(ઓરતો) ૧૮, ૩૪; ૦પેટાસમિતિ ૩૦૧; ૦સરકાર ૮ પા. ટી., ૬૬, ૧૩૨, ૧૩૫, ૧૬૧, ૧૬૩, ૨૭૫, ૨૭૬, ૪૪૫; ૦સ્મારક ૨૯૧
પંજાબ ઍન્ડ સિંધ બૅંક ૩૦
પંજાબ ચેમ્બર ઑફ કૉમર્સ ૩૦ પા. ટી., ૧૬૭
પંજાબ યુનિવર્સિટી ૧૬૧, ૧૬૨
પંજાબી લશ્કર ૧૨૭
પંજાબીઓ ૧૨૫, ૧૩૮, ૧૩૯, ૪૯૧
પંડિત, કોટુમલ ૧૬૨
પંડિત, દીનાનાથ ૧૬૨
પાઈસ, ડબ્લ્યુ. એફ. ૧૪૫
પાકિસ્તાન ૩૪૭ પા. ટી.
પાથ ફાઈન્ડર ૩૭૦
પાદશાહ, બરજોરજી ૬, ૩૫૨
પારેખ, જી. કે. ૯૯
પારેખ, શેઠ મંગળદાસ ગિરધરદાસ ૩૪૮, ૩૯૯, ૪૦૮, ૪૩૧–૩, ૪૩૫, ૪૪૯
પાર્લમેન્ટ ૩૭૯, ૪૬૪, ૪૬૫
પાર્વતી ૪૭૪
પાલ, બિપિનચંદ્ર ૧૨૫, ૧૨૯
પાંડવો ૪૮
પિકથૉલ, મિ. માર્માડ્યૂક ૪૪૩
પિટીટ, મિસિસ ૩૨૬
પિટીટ, સર દિનશા એમ. ૨૯૧
પીંજરત (ગામ) ૩૫૮ પા. ટી.
પૂર્વ આફ્રિકા ૭, ૯, ૩૯૦, ૪૮૧
પૂર્વ બાલ્કન પ્રદેશો ૪૪૩
પેગંબર સાહેબનું જીવનચરિત્ર ૩૮૨
પેની, મિ. ૨૫૩, ૨૬૪
પૅરિસ ૪૩૭ પા. ટી., ૪૪૬ પા. ટી.
પૅલેસ્ટાઈન ૨ પા. ટી., ૩૪૧ પા. ટી., ૪૪૧, ૪૪૨, ૪૪૪, ૪૭૯
પૅસિવ રિઝિસ્ટન્સ ૧૫૨, ૩૩૭, ૩૫૬, ૩૯૦
પોપ (કવિ) ૧૨૫
પોપ, ડૉ. જી. યુ. ૨૮૯ પા. ટી.
પોરસ ૧૧૭
પોલંડ ૪૫૮
પોલાક, મિ. ૧૫, ૧૬, ૩૩૫ પા. ટી., ૩૭૦, ૪૦૧
પોલાક, મિસિસ ૪૦૧, ૪૭૬
પોલિનેશિયા ૮
પોલીસ ઍક્ટ ૨૬૭
પોંડિચેરી ૩૧૫ પા. ટી., ૪૧૩
પ્રહ્લાદ ૧૫૩, ૪૧૭
પ્રાચીન હિંદનું ગૌરવ ૪૯૭
પ્રાર્થના ૨૮૫; ૦અને અપવાસ ૭૯, ૧૧૧, ૨૮૬; –નું મહત્ત્વ ૧૧૧, ૧૧૨
પ્રાંતીય ભાષા ૪૩
પ્રાંતોની પુનર્રચના ૦ભાષાના ધોરણે ૯૯
પ્રિવી કાઉન્સિલ ૬૫, ૨૯૩, ૪૪૮
પ્રીતમસિંહ, સરદાર ૨૬૨
પ્રેમબળ ૧૫૨
પ્રેસ ઍક્ટ ૮૯, ૯૦, ૧૨૪
પ્રેસિડન્ટ વિલ્સનના ચૌદ મુદ્દાઓ ૪૧૯
પ્રેસિડેન્સી ઍસોસિયેશન ૨૯૧, ૨૯૨
પ્લૂમર, મિ. ૧૬૪, ૧૭૫, ૧૭૮–૮૦, ૧૮૪, ૧૮૯

ફડકે, મામાસાહેબ ૩૩૨ પા. ટી.
ફત્તેખાન ૧૩૮
ફર્ગ્યુસન કૉલેજ ૪૪૬
ફાઈસન, મિ. ૧૯૪
ફાજલભાઈ કરીમભાઈ, સર ૧૪૫
ફાતિમા ૩૧૪, ૩૬૯, ૩૭૦, ૩૮૩, ૩૮૪, ૪૧૪
ફિનિક્સ ૩૪૭ પા. ટી., ૩૮૨; ૦આશ્રમ ૪ પા. ટી.
ફિરોજદીન, મિયાં ૧૮૦, ૧૮૩, ૧૮૮

Gandhi Heritage Portal

ફીજી ૬-૯, ૧૧, ૧૨, ૩૨૦; -ના મજૂરોની હડતાળ ૩૧૯; ૦સરકાર ૩૧૯; ૦સરકાર અને ત્યાંના બગીચામાલિકો ૯
ફૂલકારી ૩૨
ફેગન, પી. જે. ૧૪૫
ફેમિન કોડ ૩૮૭
ફેરિસી ૪૧૭
ફેરિંગ, મિ. ૪૧૨
ફેરિંગ, એસ્થર ૨, ૩, ૪, ૫, ૧૩, ૧૪, ૨૦, ૨૩, ૨૭, ૨૮, ૩૭, ૪૫, ૬૭, ૯૦, ૯૨, ૯૫, ૯૭, ૧૦૦, ૧૦૯, ૧૧૦, ૨૯૫, ૩૦૨, ૩૦૪, ૩૬૦, ૩૮૪, ૩૯૯, ૪૦૦, ૪૧૧, ૪૨૧ પા. ટી., ૪૨૨, ૪૨૩, ૪૨૪ પા. ટી., ૪૯૩
ફ્રેલ, સર ગૉડફ્રે ૧૪૫
ફૈઝાબાદ ૩૪૪
ફૉરમન ક્રિશ્ચિયન કૉલેજ ૧૯૪
ફ્રાન્સ ૧૪૦, ૧૭૫, ૪૧૫, ૪૬૯, ૫૦૧
ફ્રીમેસન્ની ૪૯૩
ફ્રેંચ, એલ. ૮, ૨૧, ૩૫, ૬૪, ૧૦૫
ફ્રેંચ ૦મેન્ડેટો ૩૪૧ પા. ટી; ૦સરકાર ૩૩૭

બગદાદી લોકો ૩૪૫
બગ્ગા, જમિયતસિંહ ૨૩૨
બજાજ, પ્રેમસિંહ ૨૪૬
બટલર, સર હારકોર્ટ ૪૩૯
બદરુલ ઇસ્લામ અલીખાન ૧૯૨, ૧૯૫, ૧૯૯
બનારસ ૨૨ પા. ટી., ૩૦ પા. ટી., ૩૬, ૩૭, ૪૧, ૪૪, ૪૫, ૬૩, ૮૭, ૨૯૫, ૩૯૧, ૪૦૧ પા. ટી., ૪૧૩ પા. ટી., ૪૧૬, ૪૨૧ પા. ટી., ૪૨૩, ૪૩૬ પા. ટી., ૪૫૨ પા. ટી.
બનારસ હિંદુ યુનિવર્સિટી ૫૭ પા. ટી., ૨૮૯, ૪૯૨
બનિયન, જૉન ૧૧૧, ૩૯૯
બરબરી, એફ. ડબ્લ્યુ. ૨૨૯
બરેલી ૪૧૪, ૪૧૫, ૪૨૭
બર્ક ૧૨૯
બર્લિન ૪૨૪
બલૂચિસ્તાન ૪૧૪
બશી, ડૉ. ૧૮૫
બહાદુરજી, શ્રી ૭૯
બહિષ્કાર ૯૩, ૩૩૭, ૪૬૧, ૫૦૩
બંગભંગ ૧૩૯
બંગાળ ૩૮, ૪૧ પા. ટી., ૬૩, ૭૭, ૧૨૫ પા. ટી., ૧૩૯, ૧૭૫, ૩૨૦ પા. ટી., ૪૧૫ પા. ટી.
બંગાળ કાઉન્સિલ ૩૧૬
બંગાળ ચેમ્બર ઑફ કૉમર્સ ૧૦૩
બંગાળ પ્રાંતિક ખિલાફત પરિષદ ૭૦ પા. ટી.
બંગાળી ૦બાળાશ્રમ ૩૮૦; ૦ભાષા ૩૨૨
બાઇબલ ૪૭૬
બાગઝાદા, ખતીમસાહેબ અબ્દુલ મુનીમ ૩૮૨
બાણભટ ૨૮૯
બારી, મૌલાના અબ્દુલ ૧ પા. ટી., ૬૧, ૩૪૪, ૩૫૪
બાર્ન્સ, સર જૉર્જ સ્ટેપલ્ટન ૪૮૧
બાલમુકુંદ, ડૉ. ૧૭૪, ૨૪૪
બાલાસોર ૩૮૭
બાવાઝીર, ઇમામ સાહેબ અબ્દુલ કાદિર ૩૧૪, ૩૬૯ પા. ટી., ૩૭૦, ૩૮૨
બાળલગ્ન ૪૩૦
બાંટસિંહ ૨૫૦
બિકાનેરના મહારાજા ૩૭૫, ૪૯૨
બિસનસિંહ ૨૫૨
બિહાર ૩૮, ૩૮૦; ૦અને ઓરિસ્સા ૧૨૭
બિંગલી, મેજર જનરલ ઍલફ્રેડ ૧૪૫
બુગ્ગા ૪૪૮
બુટાસિંહ, સરદાર ૨૬૦, ૨૬૫
બુદ્ધ ૩૯૧
બેઈલી, રેવ. ૨૩૧, ૨૩૪
બૅકસ્ટર, રિચર્ડ ૯૭
બેગ, ઇસ્લામ ૨૩૫
બેનરજી, સુરેન્દ્રનાથ ૧૪૫, ૪૫૩
બેન્જામિન, મિસિસ ૧૬૪, ૧૮૬
બૅરન, સી. એ. ૧૪૫
બેલગામ ૪૦૧
બેસંટ, મિસિસ એની ૬૨, ૧૨૬, ૧૨૯, ૧૪૦, ૨૯૧, ૩૩૭, ૩૫૬, ૪૬૬
બૅંકર, શંકરલાલ ૫૧, ૬૭, ૨૮૦, ૩૪૬, ૩૪૯, ૪૨૯, ૪૩૨, ૪૩૩, ૪૩૫, ૪૩૬
બૅંગાલ સ્ટેટ પ્રિઝનર્સ રેગ્યુલેશન ૧૫૦
બોઅર યુદ્ધ ૩૭૪
બોધરાજ, લાલા ૨૬૮
બૉમ્બે ક્રૉનિકલ ૨૯૯, ૪૦૧ પા. ટી., ૪૪૦, ૪૪૩ પા. ટી.
બૉયકૉટ ૬૮, ૭૫, ૩૨૫, ૪૦૨

Gandhi Heritage Portal

બોલપુર ૨૮૩
બોલ્શેવિઝમ ૮૦, ૮૨
બ્રહ્મદેશ ૨૬૩; ૦કાઉન્સિલ ૩૧૬; –ના હિંદીઓ ૩૧૬; ૦વાસીઓ ૩૧૬
બ્રાઇસ ૪૪૩
બ્રિજલાલ ૧૮૭
બ્રિટન ૪૧૮, ૪૭૯, ૪૮૦, ૪૯૮, ૫૦૧; –ના ઇરાદાઓ ૪૮૩; –ના લોકો ૧૦૧ પા. ટી., ૧૦૨; –ના વડા પ્રધાન ૧૦૩; –ની નીતિ ૩૯૩
બ્રિટિશ ૨૭૭, ૩૦૬; ૦અમલ ૧૭૪, ૨૩૧, ૨૭૮; ૦અમલદારો ૧૪૦, ૧૪૨ પા. ટી., ૪૩૭; ૦તાજ ૩૯૩; ૦નીતિ ૪૪૩; ૦ન્યાય ૪૮૩; ૦પાર્લમેન્ટ ૩૩૪; ૦પ્રજાજન ૩૦૦, ૩૧૬, ૩૮૫, ૩૯૫, ૪૪૨, ૪૪૭; ૦પ્રતિષ્ઠા ૧૪૩, ૪૮૩; ૦પ્રધાન ૯૦; ૦પ્રધાનમંડળ ૪૮૦; ૦પ્રધાનો ૩૯૫, ૪૧૮, ૪૧૯, ૪૨૫, ૪૮૪; ૦માલનો બહિષ્કાર ૬૮ પા. ટી., ૭૫, ૨૮૦ પા. ટી., ૩૬૪, ૩૮૫; ૦મેન્ડેટો ૩૪૧ પા. ટી.; ૦રાજનીતિ ૪૭૯; ૦રાજ્ય ૧૨૪, ૧૫૯, ૨૩૧, ૨૭૪, ૨૭૮, ૩૬૪, ૪૪૩, ૪૮૩; ૦રાજ્યબંધારણ ૬૫, ૩૭૪, ૩૭૫, ૪૮૦, ૪૮૪; ૦લશ્કર ૪૬૬; ૦વડા પ્રધાન ૨૯૬, ૩૭૫; ૦વહીવટકર્તા ૫૦૨; –વિરોધી પ્રવૃત્તિઓ ૧૨૬ પા. ટી; ૦સત્તા ૧૧૭; ૦સરકાર ૧૧૩ પા. ટી., ૧૨૦, ૧૨૨, ૧૫૮, ૩૮૬, ૪૬૬, ૫૦૧; ૦સલ્તનત ૪૨૬, ૪૯૬; ૦સંબંધ ૧૨૬, ૪૪૭; ૦સામ્રાજ્ય ૩૦૧, ૪૪૨, ૪૪૪, ૪૪૫, ૪૮૨; ૦સામ્રાજ્યવાદ ૩૯૩; ૦સોલ્જર ૧૮૭, ૨૩૪, ૨૫૫, ૨૬૮; ૦હિંદ ૧૧૭; ૦હિંદી લશ્કર ૧૧૭
બ્રિટિશ ગિયાના ૬–૯, ૧૧, ૧૨, ૧૫, ૪૮૧
બ્રિટિશ પૂર્વ આફ્રિકા ૩૨૦
બ્રિટિશો ૩૭૫, ૩૯૫, ૪૪૮; –ની હાર ૩૭૪
બ્રે, ડી. દ. એસ. ૧૪૫
બ્રૅડલો હૉલ ૧૨૬, ૧૬૩
બ્રેલવી, એ. એસ. ૪૦૧
બ્રૉડવે, મિ. ૧૯૪

ભગતનવાળા (રેલવે સ્ટેશન) ૧૬૪, ૧૮૮
ભગતસિંહ ૨૫૨
ભગવદ્‌ગીતા ૨૮૪, ૩૦૭, ૩૪૧ પા. ટી., ૩૫૩, ૪૭૭ પા. ટી.
ભગવાનદાસ ૨૩૯
ભગવાનપુરા ૨૨૬ પા. ટી.
ભગવાનસિંહ ૨૫૧, ૨૫૩
ભટ્ટ, શામળ ૩૦૭
ભંડારી, ડૉ. કેદારનાથ ૧૮૪
ભાટિયા, લાલા બાલમુકુંદ ૧૮૧
ભારતવર્ષ ૫૮, ૬૨, ૩૦૭
ભારતી ૬૨
ભાવે, બાલકૃષ્ણ ૩૦૩, ૩૧૪, ૩૪૨, ૩૪૫, ૩૫૦, ૪૨૨
ભાંડુત (ગામડું) ૩૫૮ પા. ટી.
ભોપાલ ૧૨૯

મક્કા ૩૯૫ પા. ટી.
મથુરસિંહ ૨૫૧, ૨૫૨
મજૂર ૦વર્ગ ૧૮, ૫૦
મજૂરો ૧૬, ૧૮, ૨૦, ૫૧, ૫૨, ૧૫૬, ૧૯૪ પા. ટી., ૨૫૧, ૩૦૯, ૩૧૧, ૩૯૦ પા. ટી., ૩૯૯, ૪૦૭, ૪૦૮, ૪૨૩, ૪૩૩, ૪૩૫, ૪૫૬; ૦અને માલિકો ૪૦૮, ૪૩૩; ૦કાંતણખાતાના ૪૯ પા. ટી.; ૦ગિરમીટિયા ૮, ૯, ૧૧; ૦ત્રાંસલખાતાના ૪૩૩, ૪૩૪; –ના ઝઘડા ૩૧૩; –ની હડતાળ ૩૦૯, ૪૧૩, ૪૩૧; ૦મિલના ૪૯, ૭૫, ૯૮, ૩૧૩ પા. ટી., ૪૩૧ પા. ટી.; ૦મુક્ત ૧૧; ૦મેળવવાના ઉદ્દેશવાળી યોજના ૧૫; ૦સ્વતંત્ર ૯; ૦હિંદી ૬, ૭, ૯
મણિલાલ, ડૉક્ટર ૩૧૯, ૪૩૭
મણીંદ્ર ૨૯, ૮૭
મથુરાદાસ ત્રિકમજી ૫૪, ૧૦૭, ૪૦૦
મદ્રાસ ૨૩, ૨૭, ૩૮, ૫૫, ૬૭, ૧૫૬, ૨૮૧, ૩૫૪ પા. ટી., ૪૬૮, ૪૭૧; ૦ઇલાકો ૩૨૧; –ના યુવાનો ૪૭૨; –ની ધારાસભા ૪૩૧ પા. ટી.
મધપૂડો ૪૯૪, ૫૦૪ પા. ટી.
મધ્યપ્રાંત ૩૮
મનિયાંવાલા ૨૪૮, ૨૪૯
મન્સ્ટર (યુનિવર્સિટી) ૧૬૧
મરુભૂમિ ૪૬૩
મલકવાલ ૩૩, ૪૨, ૨૭૨, ૨૭૩
મલેક, અબદુલહાઈ ૧૮૯
મસૂરી ૪૩૮, ૪૫૦, ૪૫૧
મહમદઅલી, મૌલાના ૧ પા. ટી., ૪૪ પા. ટી., ૩૩૬, ૩૭૭, ૪૮૦
મહમૂદ, મકબૂલ ૧૬૪, ૧૬૫, ૧૮૩, ૧૮૪
મહમૂદાબાદના રાજાસાહેબ ૧૨૯, ૧૪૫
મહમ્મદ ઇસ્માઈલ ૧૮૭
મહમ્મદ સાહિબખાં ૨૩૬

Gandhi Heritage Portal

મહાજન ૪૯, ૫૦, ૫૧; –ના સભાસદો ૪૩૩; ૦મંડળો ૩૧૧
મહાભારત ૬૦, ૧૧૬, ૪૭૭
મહેતા, જમશેદજી ૩૫૩ પા. ટી., ૩૫૪ પા. ટી.
મહેતા, ડૉ. જીવરાજ ૨૨, ૨૮ પા. ટી., ૫૭, ૬૪, ૩૫૦
મહેતા, ડૉ. પ્રાણજીવન ૩૧૯ પા. ટી.
મહેતા, સર લલ્લુભાઈ શામળદાસ ૪૦૦ પા. ટી., ૪૦૧ પા. ટી.
મહેરસિંહ દોલતસિંહ ૧૩૩
મંગળ જાટ ૨૪૮
મંગળસિંહ ૨૫૧, ૨૫૨, ૨૫૯
મંગળસેન, દીવાન ૨૩૦–૩૧
મંડીવાલા ૨૫૭
માથેરાન ૮૫
માધ્યમ ૦અંગ્રેજી ૩૨૩; ૦દેશી ભાષા ૩૨૨, ૩૨૩; ૦સામાન્ય ૩૨૧
માયાસિંહ ૨૫૭
માર્ટિન, ન્યાયમૂર્તિ ૭૯, ૮૧, ૮૩, ૮૪, ૧૧૫, ૧૪૫, ૨૫૯
માર્શલ લૉ ૮, ૨૧, ૩૨, ૩૩, ૪૨, ૪૩, ૪૫, ૧૪૦, ૧૫૦, ૧૫૧, ૧૬૫, ૧૭૧, ૧૭૪, ૧૭૬, ૧૭૭, ૧૮૨, ૧૮૪, ૧૮૭, ૧૮૯, ૨૨૯, ૨૩૦, ૨૩૨, ૨૪૨ પા. ટી., ૨૫૫, ૨૫૬, ૨૬૦, ૨૬૬ પા. ટી., ૨૭૦, ૨૭૧, ૨૭૫–૮, ૨૯૩, ૩૦૧, ૪૮૯, ૪૯૦, ૪૯૫
માર્શલ લૉ કમિશન ૧૮૯–૯૧, ૨૫૭, ૨૭૨
માર્શલ લૉ ટ્રિબ્યુનલ ૨૩૦, ૨૭૫
માર્સેલ્સ ૪૪૬ પા. ટી.
માલવિયા, પં. મદનમોહન ૨૪, ૩૧, ૩૬, ૩૯, ૪૪, ૫૭, ૫૯, ૬૪, ૧૨૭, ૧૨૯, ૧૪૫, ૧૪૬, ૨૬૯, ૨૭૬, ૨૮૨, ૨૯૯, ૩૧૩, ૩૨૪, ૩૬૦, ૪૧૨ પા. ટી., ૪૨૬ પા. ટી., ૪૬૫, ૪૯૨
માલિક ૧૮; ૦અને મજૂર ૨૦; ૦અને મજૂરના ઝઘડા ૧૯
માલિકો ૧૯, ૩૧૧, ૪૦૭, ૪૦૮, ૪૩૫
માવળંકર, ગણેશ વાસુદેવ ૩૮૫, ૪૨૪
મિત્ર રાજ્યો ૩૪૨, ૩૯૫ પા. ટી., ૪૧૧ પા. ટી., ૪૨૩ પા. ટી., ૪૪૩, ૪૬૫, ૪૭૦, ૪૭૯, ૪૮૦, ૫૦૦; –ની પરિષદ ૩૪૧ પા. ટી.; –ની સુપ્રીમ કાઉન્સિલ ૪૧૯ પા. ટી.
મિરજદીન, હજામ ૧૮૮
મિલ (લેખક) ૧૨૭
મિલઉદ્યોગ ૩૧૭
મિલ ઓનર્સ ઍસોસિયેશન ૪૩૨ પા. ટી.
મિલમાલિકો ૫૦, ૫૧, ૫૨, ૩૧૦, ૩૪૯ પા. ટી., ૩૮૪, ૪૨૮, ૪૩૧ પા. ટી.
મિલો ૪૯ પા. ટી., ૩૧૭, ૩૨૫, ૪૨૮ પા. ટી., ૪૨૯, ૪૩૪, ૪૪૯, ૪૫૫
મિશ્ર, પં. રાજેન્દ્ર ૧૮૧
મીઠા સત્યાગ્રહ ૨૩ પા. ટી.
મીઠ રાંઝા ૧૩૫
મીરાંબાઈ ૧૫૩
મુગલાઈ ૪૯૭
મુઝફ્ફરગઢ જિલ્લો ૧૩૩
મુડિમૅન, એ. પી. ૧૪૫
મુનશીરામ નાનકચંદ ૨૪ પા. ટી.
મુલતાન ૧૧૯, ૧૨૨; ૦જિલ્લો ૧૩૬; ૦વિભાગ ૧૩૬
મુસ્લિમ ૦ધર્મ ૩૯૨
મુહમ્મદખાન ૧૩૪
મુહમ્મદ રમઝાન ૨૩૪
મુહમ્મદ વકીલ ૨૨૫
મુંબઈ ૧૭, ૨૬ પા. ટી., ૫૧ પા. ટી., ૫૩–૫, ૬૨, ૬૭–૯, ૭૨, ૮૪ પા. ટી., ૮૮ પા. ટી., ૮૯, ૯૧, ૯૨, ૯૫–૮, ૧૦૦–૨, ૧૧૦ પા. ટી., ૧૧૩, ૧૨૨, ૧૨૯, ૧૯૨, ૧૯૩, ૨૮૦–૨, ૨૮૯ પા. ટી., ૨૯૧, ૨૯૨, ૨૯૫, ૨૯૬, ૨૯૯–૩૦૩, ૩૦૮ પા. ટી., ૩૧૪–૭, ૩૨૧, ૩૨૬ પા. ટી., ૩૨૯–૩૧, ૩૪૧, ૩૪૮, ૩૬૦, ૩૮૨, ૩૮૩, ૩૮૬ પા. ટી., ૩૯૭, ૩૯૯, ૪૦૦, ૪૧૩, ૪૨૧, ૪૨૨, ૪૪૦, ૪૫૦, ૪૫૬, ૪૫૭, ૪૬૧, ૪૬૨, ૪૬૭ પા. ટી., ૪૭૧–૩, ૪૮૨, ૪૮૫, ૪૯૨, ૪૯૩, ૪૯૫, ૫૦૦; ૦ઇલાકો ૩૨, ૧૯૪, ૨૯૯, ૩૩૩, ૩૩૮, ૩૫૫, ૪૫૩; –ના ગવર્નર ૪૫૧; –ના વેપારીઓ ૧૮; –ની કૉંગ્રેસ સમિતિ ૫૪ પા. ટી.
મુંબઈ પ્રાંતિક પરિષદ ૪૯૦ પા. ટી.
મુંબઈ સરકાર ૬૯ પા. ટી., ૮૯, ૯૦ પા. ટી., ૩૨૯
મુંબઈ હાઈકોર્ટ ૮૧
મૂર, પી. એલ. ૧૪૫
મૂસા, લાલા ૨૭૨
મૂળરાજ, દીવાન ૨૩૫
મૂળસિંહ ૨૪૮
મૅકડોનલ્ડ, મેજર ૧૬૬

Gandhi Heritage Portal

મૅકરી, કર્નલ ૨૯૭
મેઠ, સુરેન્દ્રરાય ૩૫૧ પા. ટી.
મેઘામલ, લાલા ૧૭૮
મેનન, ડૉ. ઈ. કે. ૯૦, ૨૮૦, ૩૦૨
મૅનલી, મિ. ૯૮
મૅનલી, મિસિસ ૯૮
મૅનિફેસ્ટો ૭૪ પા. ટી., ૭૭ પા. ટી; ૦બાદશાહનો ૩૨૯
મૅન્ટ, આર. એ. ૧૪૫
મૅન્ડેટરી ૪૪૨
મૅન્ડેટ્સ ૪૪૨
મૅબ્રિક, મિસિસ ૮૩
મેરઠ ૧૦૨ પા. ટી.
મેલારામ ૧૭૮
મેવાસિંહ, સરદાર ૨૪૧
મૅસોપોટેમિયા ૨ પા. ટી., ૧૪૦, ૩૪૧ પા. ટી., ૪૩૭, ૪૪૧, ૪૪૨, ૪૪૪, ૪૭૯, ૪૮૦, ૫૦૧
મેસ્ટન, સર જેમ્સ ૧૪૫
મૉડર્ન રિવ્યૂ ૩૨૩
મૉન્ટ ગોમરી હૉલ ૧૨૧
મૉન્ટેગ્યુ, મિ. ૬૫, ૭૫, ૧૦૩, ૧૪૦ પા. ટી., ૩૪૪, ૩૯૪, ૪૧૩, ૪૪૮, ૪૮૦, ૪૮૩
મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા ૭૪ પા. ટી., ૭૮ પા. ટી.
મોમન સ્ટેશન ૨૪૬, ૨૪૭, ૨૭૩
મોરારજી ગોકળદાસ હૉલ ૬૯ પા. ટી.
મૉર્લી, લૉર્ડ ૩૯૦
મોલુદ શરીફ ૩૧૫, ૩૮૨
મૉસ્લેમ હેરલ્ડ ૨૬૫
મોહનલાલ ૨૫૬
મોહાની, મૌલાના હજરત ૨૮૦, ૨૮૧, ૩૬૪ પા. ટી., ૪૧૪, ૪૨૭, ૪૮૬
મોહાની, શ્રીમતી ૪૧૪, ૪૧૫
મૉંગ બાહ ટૂ ૧૪૫
મૌલાબક્ષ ૨૫૫

યજ્ઞ ૦આપભોગનો ૪૭૫
યસીન ગુલામ ૧૯૮
યંગ ઇન્ડિયા ૧૨, ૧૪, ૧૫, ૫૧ પા. ટી., ૫૪, ૭૭ પા. ટી., ૭૯-૮૧, ૯૩, ૧૧૫, ૩૩૯, ૩૪૧ પા. ટી., ૩૪૨, ૩૬૧-૩, ૪૧૪, ૪૧૬, ૪૧૭, ૪૨૧, ૪૯૩
યંગ, કર્નલ પોફામ ૧૩૧
યાકુબહુસેન ૪૩૧ પા. ટી.
યાદવડકર, પટવર્ધન ૪૬૩ પા. ટી.
યારા (ગામ) ૧૩૬
યુનિવર્સિટીનું શિક્ષણ ૩૨૨
યુરોપ ૧૮, ૫૧, ૭૩, ૭૪, ૨૯૭, ૩૨૫, ૩૨૭, ૪૨૫, ૪૪૩, ૪૫૧, ૪૭૦; ૦અને એશિયામાં ઑટોમન સામ્રાજ્યનો મૃત્યુઘંટ ૩૯૫; –ના પ્રાચીન ધન્વંતરિઓ ૪૭૭; –ની પ્રજા ૧૮
યુરોપિયન ૦જમીનદારો ૩૯૦ પા. ટી.; ૦મૂડીપતિઓ ૪૩૭; ૦વસાહતો ૯; ૦સત્તાઓ ૪૪૨
યુરોપિયનો ૩૯૨; –નાં ખૂન ૨૭૩
યુરોપી રાજ્યો ૫૦
યુર્વિંગે, કપ્તાન ૨૪૪
યૉર્ક ૬૮

રખારામ, લાલા ૧૮૮
રજપૂતાના ૧૧૭
રણજિતસિંહ, મહારાજા ૨૫૯
રણજિતસિંહ, લાલા ૨૩૭
રતનચંદ ૪૪૮
રતાલી (ગામ) ૧૩૭
રત્તો ૪૪૮
રલિયારામ, લાલા ૧૮૭
રશિયા ૩૬૩, ૩૯૫ પા. ટી., ૪૩૭ પા. ટી.
રંગરૂટો ૧૧૯, ૧૨૭, ૧૨૯, ૧૩૩, ૧૩૪, ૧૩૭, ૧૩૮; –નો પુરવઠો ૪૪૪
રંગીલાલ, લાલા ૧૩૩
રંગૂનના હિંદીઓ ૩૧૬
રાજગોપાલાચારી, ચક્રવર્તી ૩૯૭, ૪૬૨ પા. ટી.
રાજ્ય, પ્રજાસત્તાક ૪૫૧, ૪૭૭
રાધા ૩૬૪
રાધાકિશન રામકૃષ્ણની પેઢી ૩૦
રાનડે, મહાદેવ ગોવિંદ ૪૦૯, ૪૭૭
રાનડે, રમાબાઈ ૪૦૯
રામચરિતમાનસ ૪૫ પા. ટી.
રામચંદ, લાલા ૨૩૮
રામનગર ૪૨, ૨૩૭-૯, ૨૭૮
રામપાલસિંહ, રાજા સર ૧૪૫
રામબાગ ૧૭૯
રામરાજ્ય ૪૫૧
રામસહાય, લાલા ૨૪૨
રામાયણ ૪૭૭; ૦તુલસીદાસનું ૨૮૯
રાય, રાજા રામમોહન ૩૨૦
રાય, રાયબહાદુર સીતાનાથ ૧૪૫

Gandhi Heritage Portal

રાયજાદા, ભગતરામ ૧૬૦
રાવલપિંડી ૧૧૯
રાવી (નદી) ૧૧૭
રાષ્ટ્રગીત ૩૮૦ પા. ટી.
રાષ્ટ્રભાષા ૯૯, ૩૨૦, ૩૩૩
राष्ट्रभाषा विषे विचार ૩૨૧ પા. ટી., ૪૭૧ પા. ટી., ૪૭૨
રાષ્ટ્રીય ૦અસ્મિતા ૧૬૩; ૦જાગૃતિ ૩૨૧; ૦જીવન ૪૦, ૩૮૬, ૪૦૫; ૦પ્રશ્ન ૩૨૧; ૦ભાષા ૩૨૧, ૩૫૫, ૪૦૧, ૪૦૪; ૦વિકાસ ૪૭૧; ૦સપ્તાહ (અઠવાડિયું, હપતો) ૧૧૧, ૧૧૨, ૨૯૧, ૨૯૬, ૩૦૧–૩, ૩૧૭, ૩૨૬, ૩૩૮; ૦હિત ૧૬૧
રાષ્ટ્રીય મહાસભા ૪૧
રાષ્ટ્રીયતાનો સિદ્ધાંત ૪૪૪
રિક્રૂટોની ભરતી ૩૩
रिपोर्ट ऑफ ध कमिशनर्स अपोइन्टेड बाय ध पंजाब सबकमिटी ऑफ ध इन्डियन नेशनल कॉंग्रेस ૧૧૬ પા. ટી.
રિફૉર્મ્સ ઍક્ટ ૨૯૨ પા. ટી., ૪૦૩ પા. ટી., ૪૪૭
રીડ, ડબ્લ્યુ. જે. ૧૪૫
રુલ્દુરામ ૨૪૦
રૂપચંદ, લાલા ૨૪૦
રૅન્કિન, ન્યાયાધીશ ૧૭૩
રેલૈયારામ, લાલા ૧૭૮, ૨૨૯
રેહિલ, મિ. ૧૭૫
રેંટિયો ૯૬, ૪૫૬, ૪૬૨, ૪૭૬, ૪૭૭
રૈકવા (એક ફિલસૂફ) ૩૫૮ પા. ટી.
રૉઝ, એફ. સી. ૧૪૫
રૉબર્ટ્સ, ચાર્લ્સ ૪૪૨
રૉબર્ટ્સન, સર બેન્જામિન ૨૨
રૉબિન્સન, મિ. ૧૬૪, ૧૮૩
રોમ ૩૯૨
રોમન કૅથલિકો ૩૯૨
રોમન સામ્રાજ્ય ૩૯૩
રૉલેટ ઍક્ટ (કાયદો, ધારો, બિલ) ૭૮, ૮૦ પા. ટી., ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૩૦, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૩, ૧૪૪, ૧૪૬, ૧૪૮, ૧૫૨, ૧૫૪, ૧૫૮, ૧૫૯, ૧૬૧, ૧૬૨, ૧૯૧, ૧૯૩, ૨૩૮, ૨૭૧, ૨૭૪, ૨૭૭, ૨૭૮, ૨૯૧, ૨૯૨, ૩૦૭, ૩૧૭, ૩૫૪, ૪૫૮ પા. ટી., ૪૬૩ પા. ટી., ૪૯૫
રૉલેટ, મિ. ૧૪૧
રોલૅન્ડ, સાર્જન્ટ ૧૬૪, ૧૮૩
લક્ષ્મીદાસ ૨૪૫, ૨૪૬
લખનૌ ૯૧
લગ્ન ૦અને જ્ઞાતિપ્રથા ૪૩૬; ૦આંતરકોમી ૪૭; –ના વરઘોડા ૪૩૦
લજપતરાય, લાલા ૬૨, ૬૫, ૫૦૩
લબક, સર જૉન વિલિયમ ૪૭૬
લશ્કરભરતી ૩૫, ૬૪, ૧૩૦, ૧૩૧, ૧૩૪–૮, ૧૫૮, ૨૬૦, ૨૭૨, ૪૪૪
લહનાસિંહ ૨૪૮, ૨૪૯
લંગડાસાહેબ ૨૫૭
લંડન ૨૪૧, ૩૦૨, ૪૪૬, ૪૮૩
लंडन क्रॉनिकल ૪૪૩
लंडन टाइम्स ૮૩
લાઉન્ડ્ઝ, સર જ્યૉર્જ ૧૪૩, ૧૪૫
લાક તહસીલ ૬૪
લાધામલ ૨૫૮
લાધાસિંહ ૨૫૭
લાભચંદ, લાલા ૧૭૮, ૩૬૧
લાભસિંહ ૪૨, ૧૩૭, ૨૨૪, ૨૪૮
લાયલપુર ૪૨, ૧૩૮, ૨૩૫, ૨૩૯, ૨૪૩, ૨૬૬–૮, ૨૭૦, ૨૭૩, ૨૭૮
લાલા જંગલીમલ ફકીરચંદની પેઢી ૨૫૯
લાલામુસા (ગામ) ૩૩
લાહોર ૨–૪, ૬, ૮, ૧૪, ૧૬, ૨૦ પા. ટી., ૨૧, ૨૨, ૨૩, ૨૮, ૩૨, ૩૫, ૩૭ પા. ટી., ૪૧, ૪૨, ૫૭, ૬૪, ૮૦ પા. ટી., ૮૪, ૧૦૫, ૧૧૯–૨૨, ૧૨૬, ૧૪૧, ૧૬૦, ૧૬૬, ૧૬૭, ૧૮૩, ૧૮૫, ૧૮૬, ૧૮૯, ૧૯૧–૪, ૨૨૫, ૨૨૯, ૨૩૧, ૨૩૪, ૨૩૯, ૨૪૧, ૨૪૩, ૨૪૭, ૨૫૪, ૨૫૮, ૨૫૯, ૨૬૧, ૨૬૪, ૨૬૬, ૨૬૮, ૨૭૧, ૨૭૩, ૨૭૬ પા. ટી., ૨૭૮, ૩૯૮, ૪૧૪, ૪૬૯, ૪૭૦
લાહોર કાવતરા કેસ ૮ પા. ટી.
લિબરલ ૦પક્ષ ૮૯ પા. ટી.; ૦ફેડરેશન ૪૬૫ પા. ટી.; ૦લીગ ૧૧૪
લી, એ. એચ. ૧૪૫
લીડર ૯૩, ૪૩૮, ૪૬૫ પા. ટી., ૪૮૦, ૪૮૯
લુઈ, કૅરલ ૨૮૯
લેપન્સ ૪૪૩
લેહિયા (ગામ) ૧૩૩
लॉ ॲन्ड ध लॉयर्स ૭૯ પા. ટી.
લોકશાહી ૧૪૨
લોવેલ (કવિ) ૯૦


Gandhi Heritage Portal

વકીલો, સત્યાગ્રહી ૭૯, ૮૦, ૧૧૫
વક્ત ૧૬૨ પા. ટી.
વઝીરાબાદ ૪૨, ૨૩૧–૩, ૨૩૫, ૨૩૬, ૨૩૯, ૨૭૦, ૨૭૧, ૨૭૩
વઝીરાબાદીઓની હડતાળ ૨૩૧
વડી ધારાસભા ૧૨૭, ૧૨૮, ૧૪૬
વડોદરા ૩૦૪ પા. ટી., ૪૩૦
વર્તમાનપત્રો ૭૨, ૧૨૪, ૧૪૦, ૧૭૬, ૩૭૨, ૪૮૨, ૫૦૧
વસંતરામ ૨૪૫
वंदे मातरम् ૫૦૩ પા. ટી.
વાઈ. એમ. સી. એ. ૧૯૪
વાચ્છા, સર દીનશા ૪૫૩
વાજીદઅલી, મીર ૨૩૫
વાડિયા, શ્રી ૧૪૦ પા. ટી.
વાયવ્ય સરહદ પ્રાંત ૧૧૭
વિક્રમસિંહ ૧૬૮
વિદુર ૧૮
વિદ્યાર્થીજીવન ૨૯૮
વિધવાવિવાહ ૩૮૧, ૪૧૦
વિનીત પક્ષ ૧૪૪
વિન્સન્ટ, સર વિલિયમ ૧૪૩–૫, ૧૪૮ પા. ટી.
'વિરાગી' ૪૫૬, ૪૫૭
વિલાયત ૩૨, ૨૪૧, ૨૯૭, ૩૧૪, ૩૧૫, ૩૩૦, ૩૬૧, ૪૦૧, ૪૧૨, ૪૯૫; –નો મજૂર પક્ષ ૧૦૯
વિલિયમ અને મેરીનો શાસનકાળ ૧૭૪ પા. ટી.
વિલિયમસન, મિ. ૨૭૧
વિલ્સન, પ્રેસિડન્ટ ૬૦, ૧૨૧
વિશ્વભારતી ૨૮૧ પા. ટી.
વિશ્વયુદ્ધ ૦પ્રથમ ૧, ૪૧ પા. ટી., ૧૧૭ પા. ટી., ૩૯૦
વીરા ગુજર ૧૮૮
વેઇસ, મિ. ૨૪૧, ૨૪૨
વેલ્સ, મિ. ૨૪૩, ૨૪૪
વેસ્ટ, એડા ૩૫૦
વેસ્ટ, મિ. ૩૫૦
વૈશાખી ઉત્સવ ૨૭૧
વૉથન, જી. એ. ૨૫૨
વૉર ફંડ ૧૩૩
વૉર લોન ૧૩૩, ૧૩૮
વૉલેટ, સર વર્ની ૧૪૫
વૉલ્શ, ઇ. એચ. સી. ૧૪૫
વ્રજલાલ ૪૨૨, ૪૭૩, ૪૯૪
વ્રજસુંદરદાસ ૧૪, ૩૮
વ્રત (સ્વદેશી) ૦શુદ્ધ અને મિશ્ર ૬૩

શફી, મિયાં મહમદ ૧૨૭
શરીરબળ ૪૬૯
શર્મા, બી. એન. ૧૪૫
શસ્ત્રબળ ૧૦૮, ૪૫૯, ૪૯૯
શહેનશાહી કમિશન ૧૬૧
શાનસિંહ ૨૫૬, ૨૫૮
શાર્પ, એચ. ૧૪૫
શાસ્ત્રી, વી. એસ. શ્રીનિવાસ (શાસ્ત્રિયાર) ૮, ૧૨, ૧૬, ૫૯, ૯૮, ૧૦૬, ૧૪૧, ૧૪૨, ૧૪૪, ૧૪૫
શાહજહાં ૪૯૭
શાહ, નાદિરહુસેન ૩૫
શાહ, હફીજઆલમ ૪૨૩
શાહપુર જિલ્લો ૩૨, ૩૩, ૬૪, ૧૩૪
શાંતિ-આંદોલન ૩૭૪ પા. ટી.
શાંતિનિકેતન આશ્રમ ૨૮૧, ૨૮૩ પા. ટી.
શિક્ષણનું માધ્યમ, દેશી ભાષાઓ ૩૨૪
શિક્ષણપ્રથા ૩૨૧
શિક્ષાત્મક પોલીસ ૩૬, ૬૪
શિવાજી ૪૭૪
શિસ્ત ૦એ સફળતાનો ધ્યાનમંત્ર છે ૩૭૨
શીખ પ્રજા ૨૬૬
શીખ વિગ્રહ ૨૭૦
શુક્લ, બિશનદત્ત ૧૪૫
શેખુપુરા ૪૨, ૨૫૬, ૨૫૯–૬૧, ૨૬૪–૬, ૨૭૮, ૪૯૦
શેઠ, ગુલમહમદ ૧૮૬
શેઠ, ચિરાગદીન ૨૭૧
શેઠ, નરોત્તમ ૪૮૧
શેરઅલી ૧૩૫
શેરવુડ, મિસ ૧૬૪, ૧૬૬, ૧૭૬–૮, ૧૮૦, ૧૮૭
શેરસિંહ ૨૫૬
શૌકતઅલી, મૌલાના ૧ પા. ટી., ૪૪, ૭૦, ૩૫૪, ૩૭૨ પા. ટી., ૩૯૭, ૩૯૯–૪૦૧, ૪૨૪, ૪૮૬, ૪૯૨, ૫૦૫
શ્યામદાસ ૨૪૬
શ્રદ્ધાનંદ, સ્વામી ૨૪, ૩૧, ૩૯, ૨૩૨, ૨૯૯, ૩૦૯, ૩૬૧, ૩૬૬ પા. ટી.
શ્રીરામ, લાલા ૨૫૮

સચ્ચાસિંહ ૨૫૬
સતરૂ (ગામ) ૨૫૩

Gandhi Heritage Portal

સતલજ (નદી) ૧૧૭
સત્ય ૩૫૬, ૩૮૩, ૩૮૯, ૪૫૯, ૪૬૯, ૪૭૪; ૦અને અહિંસા ૭૭, ૧૧૪, ૨૮૬, ૩૩૪; ૦અને સ્વદેશી ૩૪; –નાં દર્શન ૩૯૬; –નો શુદ્ધ પ્રચાર ૩૧૦; –નો સિદ્ધાંત રાજકીય જીવનમાં ૯૯; ૦વિના પ્રેમ હોઈ શકે નહીં ૧૫૩
સત્યપાલ, ડૉ. ૧૩૮, ૧૫૯–૬૩, ૧૮૬, ૧૯૧, ૧૯૩, ૨૬૬, ૨૭૪, ૨૭૬, ૨૭૭
સત્યાગ્રહ ૩૫, ૭૪, ૭૭, ૭૯, ૧૧૩, ૧૧૪, ૧૨૨, ૧૪૦, ૧૫૨–૪, ૧૫૬, ૧૫૮, ૧૬૧, ૨૭૫, ૨૯૨, ૩૧૦, ૩૫૬, ૩૬૫, ૪૨૬, ૪૩૦, ૪૩૨, ૪૫૪, ૪૬૩, ૪૬૪, ૪૭૦, ૪૯૫; ૦આંદોલન ૧૩૧, ૨૭૭, ૨૯૧; –ની અસર ૪૫૯; –ની પ્રતિજ્ઞા ૭૮, ૮૦; –નું તત્ત્વ ૭૮; –નો અંકુશ ૧૫૭; –નો ઉપદેશ ૧૫૫; –નો પ્રવેશ ૭૭; –નો મંત્ર ૪૬૩; –નો માર્ગ ૧૦૬; –નો સંદેશ ૪૭૦; –નો સિદ્ધાંત ૧૫૬, ૧૯૩; ૦પ્રતિજ્ઞા ૧૪૦, ૧૯૨; ૦શુદ્ધ ૯૪, ૧૧૬; ૦સંપૂર્ણ ૩૪
સત્યાગ્રહ આશ્રમ ૪ પા. ટી., ૫૩, ૧૦૫, ૩૧૪, ૩૨૮, ૩૩૯, ૩૪૦, ૩૮૨, ૪૦૫, ૪૫૦ પા. ટી., ૫૦૪
સત્યાગ્રહ સપ્તાહ (અઠવાડિયું) ૧૦૬, ૧૧૨, ૨૮૫, ૨૮૬, ૨૯૦, ૨૯૨, ૩૦૮, ૩૨૫, ૪૨૭
સત્યાગ્રહ સભા ૫૧ પા. ટી.
સત્યાગ્રહ સંસ્થાઓ ૧૫૬
સત્યાગ્રહી ૧૦૯, ૧૧૫, ૧૫૪, ૧૫૫, ૪૫૯; ૦પ્રજા ૪૨૬; ૦વકીલો ૭૯, ૮૦, ૧૧૫
સત્યાગ્રહીઓ ૬૩, ૧૫૬, ૪૧૮; –ને ડરાવવાનો પ્રયાસ ૮૦
સનાતન ધર્મસભા ૨૭૧
સપ્રુ, ડૉ. તેજબહાદુર ૧૪૫, ૪૨૬ પા. ટી., ૪૬૫, ૪૬૬
સભ્યતા ૦અર્વાચીન ૫૮; ૦પ્રાચીન ૫૮
સમરી કોર્ટો ૨૩૦
સરગોધા ૨૮–૩૦, ૩૨, ૩૫, ૪૨, ૬૪, ૧૦૫
સરદારખાન ૧૩૭, ૨૩૬
સરદારસિંહ ૨૪૫
સલેરિયા, ગુરુદયાલસિંહ ૧૬૪, ૧૬૫, ૧૯૦, ૨૪૨
સવિનય કાનૂનભંગ (નિરાદર, ભંગ, પ્રતિકાર) ૯૪, ૯૯, ૧૫૬, ૧૫૭, ૨૮૬, ૨૯૨, ૩૧૦, ૩૫૬, ૩૭૨, ૩૭૬, ૪૬૩; –નો ઠરાવ ૩૮૬ પા. ટી.; ૦રૂપી સત્યાગ્રહ ૪૫૪
સહકાર ૩૫૪, ૪૧૭, ૪૮૪
સહકારી મંડળીઓ ૪૫૬ પા. ટી.
સંઘ ૨૦
સંતસિંહ, સરદાર ૧૩૮, ૨૬૬
સંતાનમ્ કે. ૪૧, ૫૭, ૭૧, ૮૪ પા. ટી.
સંતોક ૩૬૪
સંધિ ૪૮૦; ૦ગુપ્ત ૩૯૫; –ની શરતો ૪૧૨; ૦યુદ્ધવિરામની ૪૪૩
સંબલપુર ૩૮૭
સંયુક્ત પરિષદ ૪૮૮ પા. ટી.
સંયુક્ત પ્રાંત ૪૩૮, ૪૫૦
સંસ્મરણો ૩૮૫ પા. ટી., ૪૨૪ પા. ટી.
સાઈમન, સર ૬૫
સાકરલાલ ૪૭૩
સાધના ૭૩
સાધુસિંહ ૨૫૦
સાબરમતી ૩૬, ૪૬, ૫૩, ૬૪ પા. ટી., ૮૭, ૧૦૫, ૨૮૦ પા. ટી., ૩૦૨, ૩૧૪, ૩૪૦
સાબરમતી આશ્રમ ૨ પા. ટી., ૩ પા. ટી., ૧૪ પા. ટી., ૨૦ પા. ટી., ૭૪, ૮૪, ૯૬ પા. ટી., ૩૧૩
સાબરમતી નદી ૪ પા. ટી., ૮૭, ૪૩૫ પા. ટી.
સામ્રાજ્ય ૧૦૧ પા. ટી., ૧૧૭, ૧૩૦, ૩૭૪, ૩૯૧, ૩૯૬, ૪૨૧, ૪૮૩; –ની ધારાસભાઓ ૫૦૩; –ની સરકાર ૫૦૧
સારાભાઈ, અનસૂયાબહેન ૪૯, ૫૧, ૯૮, ૩૦૯, ૩૭૦, ૪૨૯, ૪૩૨, ૪૩૩, ૪૩૫
સારાભાઈ, અંબાલાલ ૩૪૮, ૪૦૮, ૪૩૩ પા. ટી., ૪૪૯
સાવનમલ, દીવાન ૨૩૫
સાવરકર, ગણેશ દામોદર ૪૪૫–૮
સાવરકર, વિનાયક દામોદર ૪૪૫–૮
સાહિત્ય પરિષદ ૨૮૯, ૨૯૪
સાહિત્ય સંમેલનો ૩૨૦
સાંગલા હિલ ૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૬, ૨૪૭, ૨૫૬
સિકંદર ૧૧૭, ૪૭૭
સિડિશન (રાજદ્રોહ) કમિટી ૧૪૧; –નો રિપોર્ટ ૧૨૫
સિદ્દીક, મહમદ ૧૭૪
સિન ફેન ૪૬૯
સિમલા ૧૧૯, ૪૯૮
સિલેક્ટ કમિટી ૧૪૬
સિવિલ ઍન્ડ મિલિટરી ગૅઝેટ ૧૯૪

Gandhi Heritage Portal

સિંગાપોર ૭
સિંધ ૧૧૭, ૪૦૫, ૪૪૦, ૪૫૧, ૪૭૭
સિંધી ભાષા ૪૪૦
સિંધુ ૧૧૭
સિંહગઢ ૬૫, ૯૬ પા. ટી., ૧૧૦ પા. ટી., ૨૭૯, ૨૮૦ પા. ટી., ૨૮૩, ૨૯૫, ૩૦૩, ૩૧૪, ૩૪૩–૫૦, ૩૫૩, ૩૬૦, ૩૬૨, ૩૬૬ પા. ટી., ૩૬૯, ૩૮૪, ૩૯૯ પા. ટી., ૪૦૧, ૪૨૨
સિંહા, લૉર્ડ ૩૭૫
"સીધા પ્રતિકાર" ૩૯૦–૯૧
સીમૂર, મિ. ૧૬૫, ૧૭૩
સીરિયા ૨ પા. ટી., ૩૩૫, ૩૩૬, ૩૪૧ પા. ટી., ૩૯૩, ૪૪૧, ૪૪૨, ૪૭૯
સુખાસિંહ, સરદાર ૧૮૪
સુદ, રાયબહાદુર શ્રી રામ ૨૫૪, ૨૫૯, ૨૬૨, ૨૬૪, ૨૬૫, ૨૭૮, ૨૭૯
સુદામા ૧૮
સુધારાના કાયદા જુઓ રિફૉર્મ્સ ઍક્ટ
સુપ્રીમ કાઉન્સિલ ૪૧૯
સુરેનસિંહ ૨૫૨
સુલતાન, અહમદખાન સરદાર ૪૬૩ પા. ટી.
સુલેહની શરતો ૪૧૯, ૪૩૯–૪૧, ૪૪૩
સુંદરદાસ, લાલા ૨૩૮
સુંદરસિંહ ૧૮૦
સૂરી, ધરમદાસ ૧૫૯
સૅડલર કમિશન ૩૨૨
સૅડલર, ડૉ. ૩૨૩
સેતલવાડ, સર ચિમનલાલ ૨૨૫, ૨૨૭, ૨૫૪, ૪૬૩ પા. ટી.
સેતાન ૪૭૦
સેન, આઈ. બી. ૪૬૮
સેન્ટ પૉલ્સ કૅથીડ્રલ કૉલેજ ૩૨૩
સૅન્ટ્રલ શુગર કંપની ૬
સેમિરેમિસ (રાણી) ૧૧૬
સૅલ્સબરી ૪૭૬
સેવાધર્મ ૫૭
સેન્ટ્રલ બૅંક ઑફ ઇન્ડિયા ૩૦
સૈયદ, ૩૧૪
સૈયદ, અમીરઅલી ૪૪૨ પા. ટી.
સૈયદ, નાદિર હુસેન ૧૩૪
સૈયદ, ફઝલુર રહેમાન ૩૬૪, ૩૮૫
સૈયદ, હકીમશાહ ૨૩૮
સૉક્રેટીસ ૧૫૩
સોલ્જર્સ કલબ ૧૯૪
સોવિયેટ પ્રજાસત્તાક રાજ્ય ૪૪૩ પા. ટી.
સોહનમલ ૨૪૫
સોહનલાલ ૨૪૬
સોહનસિંહ ૨૫૨
સ્કૅફિંગ્ટન ૧૪૨
સ્કૉટલૅન્ડ ૧૭૪ પા. ટી., ૩૨૭, ૪૬૧; –નું ટ્વીડ ૪૬૧
સ્ટુઅર્ટ, મિ. ૧૬૪
સ્ટૅડ, વિલિયમ થૉમસ ૩૭૪
સ્ટોરી ઑફ માય લાઇફ ૧૧૬ પા. ટી., ૨૮૨ પા. ટી.
સ્ટ્રૅંગમૅન, સર ટૉમસ ૭૯
સ્મટ્સ, જનરલ ૩૯૦
સ્મર્ના ૪૪૩
સ્મિથ, મિ. ૪૯૦, ૪૯૧
સ્મિથ, એચ. મૉંક્રીફ ૧૪૫
સ્મિથ, બી. ડબ્લ્યુ. ૨૬૮
સ્મિથ, બૉઝવર્થ ૨૪૩, ૨૪૪, ૨૪૬, ૨૪૮–૫૩, ૨૫૬–૬૦, ૨૬૩, ૨૬૫, ૨૭૮, ૨૭૯, ૪૮૯, ૪૯૧
સ્મિથ, સિડની ૨૮૭
સ્વદેશી ૩૫, ૭૮, ૯૯, ૨૯૬, ૩૦૩, ૩૧૭, ૩૨૭, ૩૩૩, ૩૫૫, ૩૬૨, ૩૮૩, ૪૧૪, ૪૧૫, ૪૨૨, ૪૨૭ પા. ટી., ૪૨૮ પા. ટી., ૪૫૪, ૪૬૧, ૪૬૨, ૪૮૬; ૦એ આપણી સાક્ષાત્ કામધેનુ છે ૩૧૮; ૦કાપડ ૪૬૨; ૦ચળવળ ૩૨૫, ૩૨૬, ૩૩૯, ૪૦૩ પા. ટી., ૪૪૬, ૪૫૪ પા. ટી., ૪૬૨; –ની લોકપ્રિયતા ૪૧૪; –ની શુદ્ધ ભાવના ૧૮; –નું ધામ ૧૮; –નું વ્રત ૪૧૫; –નો ઉત્તમ ધર્મ ૪૫૫; –નો ઠરાવ ૪૨૭; –નો પ્રચાર ૬૩; ૦ભંડાર ૬૩, ૪૦૫, ૪૬૨ પા. ટી.; ૦ભંડારો ૧૮; ૦ભાવના ૪૨૭; ૦માલ, હાથવણાટનો ૧૮; –માં ઈશ્વરભક્તિ ૩૪; –માં સ્ત્રીઓનાં શિયળની રક્ષા ૩૪; ૦રંગ ૩૪૦; ૦વ્રત ૩૧૮
સ્વદેશીધર્મ ૪૫૦
સ્વયંસેવક ૧૦૧, ૩૦૮
સ્વરાજ્ય (જ) ૩૫, ૧૨૭, ૧૨૯, ૩૩૨, ૩૩૩, ૩૫૫, ૪૭૫; ૦ગ્રામીય ૩૫૮; ૦સંપૂર્ણ ૪૭૪; ૦સાચું ૩૧૮; ૦સાંસ્થાનિક ૧૨૬ પા. ટી.
સ્વરાજ સભા ૩૩૪ પા. ટી.

હક, ફઝલુલ ૪૧, ૪૨
હક, મઝહરુલ ૧૪૫, ૧૪૬

Gandhi Heritage Portal

હકીમ, અજમલખાન ૧ પા. ટી., ૨૮૦ પા. ટી.
હકીમ, મહમદ હુસેનખાન ૪૪
હડતાળ ૯ પા. ટી., ૨૦, ૭૫, ૭૯, ૯૧, ૯૩, ૯૮ પા. ટી., ૧૦૨, ૧૧૪, ૧૨૦, ૧૩૦, ૧૫૬, ૧૫૮–૬૧, ૧૯૧–૩, ૨૩૧, ૨૩૨, ૨૩૭, ૨૩૮, ૨૪૩, ૨૪૪, ૨૪૬, ૨૫૩, ૨૫૯, ૨૬૦, ૨૬૨, ૨૬૫, ૨૬૬, ૨૭૧, ૨૭૨, ૨૭૭, ૩૧૧, ૩૧૯, ૩૮૪, ૩૯૦, ૩૯૮, ૪૦૭, ૪૦૮, ૪૨૮, ૪૨૯, ૪૩૧, ૪૩૨, ૪૩૪, ૪૯૯
હડતાળિયાઓ ૩૧૯
હથિયારબળ ૧૮
હમાશી, હામી ૩૧૫
હમિદિયા ઇસ્લામિક સોસાયટી ૩૧૪ પા. ટી.
હરકિશનલાલ, લાલા ૩૧, ૪૪, ૫૭, ૧૯૯, ૨૧૦, ૨૧૧, ૨૧૩, ૪૪૮
હરગોપાલ, શ્રી ૨૭૧
હરદયાળ ૧૨૬ પા. ટી.
હરદ્વાર ૫૫, ૨૩૮, ૩૬૬ પા. ટી.
હરનામસિંહ ૨૪૦
હરિજનો ૩૦૮ પા. ટી.
હરિદ્વાર જુઓ હરદ્વાર
હરિશ્ચંદ્ર ૨૪૫, ૪૬૯, ૪૭૪, ૪૭૫
હવેલીરામ ૨૩૦, ૨૫૬, ૨૫૭
હસન, મિ. ૧૮૯
હંગેરી ૪૪૧
હંટર કમિટી ૩૨, ૩૪, ૪૩, ૧૬૬, ૧૬૮, ૧૭૪, ૨૨૬, ૨૨૮, ૨૪૪, ૨૫૪, ૨૬૧, ૨૬૩, ૨૬૮, ૨૭૪, ૨૭૫, ૨૯૧, ૪૬૩, ૪૬૫; –નો રિપોર્ટ ૨૬, ૪૬૩ પા. ટી., ૪૮૦
હંટર, લૉર્ડ ૧૬૫ પા. ટી., ૧૬૬, ૧૬૮–૭૦, ૧૭૫, ૧૭૭, ૨૨૯, ૨૩૦
હંસરાજ, લાલા ૧૬૭, ૧૭૦, ૧૮૬, ૨૩૮
હાઉસ ઑફ કૉમન્સ ૮૯ પા. ટી., ૧૦૩ પા. ટી., ૪૪૨ પા. ટી., ૪૪૪ પા. ટી.
હાજી, શમસુદ્દીન ૧૯૮
હાફિઝાબાદ ૪૨, ૧૩૭, ૨૩૯–૪૧, ૨૭૩
હાર્ડિંગ, લૉર્ડ ૭૪, ૭૫, ૮૧, ૪૮૫ પા. ટી.
હિગનેલ, મિ. ૪૮૨
હિજરત ૩૬૫
હિમાલય ૩૩૨
હિરણ્યકશિપુ ૪૧૭
હિલ, સર ક્લૉડ ૧૪૫
હિલ્ડા ૩૫૦
હિંદ ૧૦, ૭૦, ૧૧૯, ૧૨૦, ૧૩૦, ૨૮૬, ૩૧૬, ૩૧૯, ૩૨૦, ૩૫૬, ૩૫૭, ૩૫૯, ૩૭૭, ૩૯૬, ૪૫૨, ૪૫૮, ૪૬૪–૬, ૪૭૧; –ની આધુનિક પ્રજા ૪૯૭; –ની પ્રજા ૬૯, ૪૩૧; –ની બહેનો ૫૫; –ની રાષ્ટ્રભાષા ૩૨૧; –નું સામ્રાજ્ય ૩૨૧; ૦માતા ૪૮૩; ૦વાસીઓ ૧૪૦, ૪૨૧, ૪૪૦; ૦સરકાર ૧૨ પા. ટી., ૨૨, ૬૫, ૭૪ પા. ટી., ૧૦૩, ૧૬૫ પા. ટી., ૩૦૧, ૩૧૬ પા. ટી., ૪૪૫, ૪૯૫ પા. ટી.
હિંદ સંરક્ષણ ધારો ૧૨૧ પા. ટી.
હિંદ સેવક સમાજ ૧૨ પા. ટી., ૬૧ પા. ટી., ૩૮૭
હિંદી ૧, ૭, ૬૧, ૩૨૧, ૩૫૧, ૪૨૭, ૪૭૧, ૪૭૨; ૦પ્રજા ૬૫, ૨૯૪, ૪૨૬, ૫૦૩; ૦પ્રજાજન ૨૯૬; ૦પ્રવાસીઓ ૪૬૭; ૦વસાહતીઓ ૩૧૬; ૦સભ્યોનો રિપોર્ટ ૪૬૩; ૦ફોજ્તે ૫૦૧; ૦રાષ્ટ્રીય પક્ષ ૧૯૨; ૦લશ્કર ૧૦૩ પા. ટી., ૧૨૭; ૦સરકાર ૭, ૯, ૨૬ પા. ટી., ૩૧૯, ૩૨૦, ૪૧૬–૮, ૪૬૩; ૦સામ્રાજ્ય ૧૧૮
હિંદી (ભાષા) ૪૫; ૦અને પ્રાદેશિક ભાષાઓ, ૩૬૨; ૦અને ઉર્દૂ ૪૦૪; ૦પ્રચાર ૪૭૧
હિંદીઓ ૬, ૯, ૧૧, ૧૨૬ પા. ટી., ૧૨૭, ૧૪૧, ૧૫૨, ૧૬૫, ૧૭૭, ૩૧૯, ૩૮૫, ૩૯૦, ૪૪૫, ૪૫૯, ૪૬૬, ૪૬૮
હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ (મહાસભા) ૬૧ પા. ટી., ૮૮, ૨૮૦ પા. ટી., ૨૮૭, ૩૦૧, ૩૩૪ પા. ટી.; –ની પંજાબ સબકમિટી ૨૬ પા. ટી., ૪૧ પા. ટી., ૪૩; –ની પંજાબ સબકમિટીએ નીમેલા કમિશનરોનો રિપોર્ટ ૧૧૬ પા. ટી.
હિંદી વજીર ૭૬, ૮૯ પા. ટી., ૧૪૦ પા. ટી., ૪૯૫ પા. ટી.; –ને તાર ૩૪૪ પા. ટી.
હિંદી સાહિત્ય સંમેલન ૪૭૧
હિંદુ ૪૬૭
હિંદુ, ૦એક્સ્ટ્રીમિસ્ટ ૪૧૮; ૦પ્રાર્થનાવિધિ ૩૪૬; ૦મૉડરેટ ૪૧૮
હિંદુ યુનિવર્સિટી ૪૫
હિંદુ ધર્મ ૩૩૨
હિંદુમુસલમાન (મુસ્લિમ) ૨૫, ૧૦૮, ૩૩૫, ૩૭૦, ૪૬૫, ૪૮૮ પા. ટી.; ૦એકતા ૩૧, ૪૦, ૪૧, ૪૪, ૪૭, ૪૮, ૫૯–૬૧, ૯૯, ૧૫૯–૬૨, ૨૮૬, ૨૯૬, ૩૦૬, ૩૦૮, ૩૩૩, ૩૫૫, ૩૬૩; ૦બખેડા ૧૪૭; ૦બિરાદરી ૧૯૩; ૦ભાઈચારો ૨૭૪

Gandhi Heritage Portal

હિંદુસ્તાન ૧, ૨ પા. ટી., ૮–૧૧, ૧૮, ૨૦ પા. ટી., ૨૫, ૨૯, ૩૨, ૩૪, ૩૫, ૩૭, ૩૮, ૪૧, ૪૪, ૫૯, ૬૧, ૬૨, ૬૬, ૭૩, ૭૭, ૭૮, ૮૯ પા. ટી., ૯૩, ૧૦૧ પા. ટી., ૧૦૨, ૧૦૩, ૧૦૫, ૧૧૨, ૧૧૪, ૧૧૭, ૧૧૯, ૧૨૧, ૧૨૬ પા. ટી., ૧૨૯, ૧૩૧, ૧૩૮–૪૦, ૧૪૬, ૧૪૭, ૧૫૧, ૧૫૨, ૧૫૫, ૧૫૭–૯, ૧૭૪, ૧૭૭, ૧૭૯, ૧૮૭ પા. ટી., ૨૩૦, ૨૬૩, ૨૬૫, ૨૬૮, ૨૭૭, ૨૮૧, ૨૮૨, ૨૮૬, ૨૮૮, ૨૮૯, ૨૯૧, ૨૯૬, ૨૯૭, ૩૦૧, ૩૦૫, ૩૦૭, ૩૧૦, ૩૧૭, ૩૨૦, ૩૨૨, ૩૨૩, ૩૨૫–૭, ૩૨૯, ૩૩૧, ૩૩૬, ૩૩૭, ૩૩૯, ૩૪૨, ૩૪૫, ૩૫૯, ૩૬૯–૭૧, ૩૭૩, ૩૭૫, ૩૭૬, ૩૭૮, ૩૮૦, ૩૮૧, ૩૮૬, ૩૮૯, ૩૯૦, ૩૯૨–૬, ૪૦૨, ૪૦૪, ૪૦૯–૨૧, ૪૨૬, ૪૨૭, ૪૨૯, ૪૩૮ પા. ટી., ૪૩૯, ૪૪૦, ૪૪૨, ૪૪૪–૮, ૪૫૦, ૪૫૩–૯, ૪૬૨, ૪૬૬ પા. ટી., ૪૬૭, ૪૬૯, ૪૭૦, ૪૭૪, ૪૭૭, ૪૭૮, ૪૮૦–૨, ૪૮૫, ૪૮૬, ૪૯૧, ૪૯૪, ૫૦૫; –ના ઉદ્યોગ ૩૫૫; –ના ભાષાવાર વિભાગો ૩૫૫; –ની સ્ત્રીઓ ૩૫; –નું સ્વરૂપ ૩૦૯; –માં આત્મનિર્ણય ૩૯૩

હિંદુસ્તાન ટાઇમ્સ ૨૩ પા. ટી.

હિંદુસ્તાનનો ફોજદારી કાયદો ૨૫૧

હિંદુસ્તાન સરકાર ૧૦૯, ૧૪૧, ૩૫૩, ૪૨૦

હિંદુસ્તાની (ભાષા) ૩૩, ૩૩૩, ૩૪૭, ૩૫૫, ૪૫૫

હિંસા ૯૩, ૯૪, ૩૩૭, ૩૩૮, ૩૪૨, ૩૫૩, ૩૭૨, ૩૭૪, ૩૯૭, ૪૧૨, ૪૧૩, ૪૪૦, ૪૪૬, ૪૪૭, ૪૬૯, ૪૭૦

હીરણ (ગામ) ૩૫૮ પા. ટી.

હીરાસિંહ ૨૫૩

હુકમદેવી ૨૪૦

હેજાઝ ૪૩૭; –નાં તીર્થસ્થાનો ૨૯૭ પા. ટી.

હેમિલ્ટન ૧૩૭

હેમ્પ્ડન ૪૬૯

હેરન, મિ. ૨૨૫

હેવર્ડ, ન્યાયમૂર્તિ ૭૯, ૧૧૫

હૈદરાબાદ ૩૨૩

હોગ, એમ. એન. ૧૪૫

હોમરૂલની હિલચાલ ૧૨૬

હોમરૂલ લીગ ૫૧ પા. ટી., ૬૯ પા. ટી., ૯૯, ૧૯૧, ૩૫૫, ૩૫૬, ૪૪૨; –માં કેમ જોડાયો? ૩૫૪–૫૬

હૉર્નિમૅન ૬૯, ૮૦ પા. ટી., ૮૯, ૩૧૬, ૩૧૭, ૩૨૯, ૩૩૦

હૉલૅન્ડ, આર. ઈ. ૧૪૫

હૉલૅન્ડ, ડબ્લ્યુ. ઈ. એસ. ૩૨૩

હોવર્ડ, એચ. એફ. ૧૪૫

## શુદ્ધિપત્ર

| પાન | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૮૧ | ૨૨ | બૅન્ચ | બ્રાન્ચ |
| ૮૨ | ૩ | બૅન્ચ | બ્રાન્ચ |
| ૯૫ | ૧૬ | હર્બટ | હર્બર્ટ |
| ૧૭૩ | ૩૧ | સીસુર | સીમૂર |
| ૩૧૫ | ૧૫ | હમામી હયારી | હ્યામી હમાશી |
| ૩૬૯ | ૯ | ગુરુદેવે ફાતિમા | ગુરુદેવ અને ફાતિમા |

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

રૂ. ૧૬/૫૦

Gandhi Heritage Portal